


ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું બૃહદ્ જીવનચરિત્ર

ભાગ - ૧

છપૈયામાં પ્રગટીને માતા-પિતાને દિવ્ય
સુખ આપતા શ્રી ઘનશ્યામ મહારાજ



સર્વાવતારી પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ
આ વસુંધરા પર કરુણા કરીને પ્રગટ થયા,
'શ્રી ઘનશ્યામ' નામાભિધાન ધારણ કરી
પૃથ્વી ઉપર સર્વ જીવોને નયનગોચર થયા,
બાળલીલાઓથી લઈને અનેક દિવ્ય ચરિત્રો કરી
તેઓ ભગવાન સ્વામિનારાયણ તરીકે અસંખ્ય
લોકોના ઉપાસ્યમૂર્તિ બન્યા.
એમના આ દિવ્ય પ્રાગટ્યનો
હેતુ શો હતો ?
કારિયાણી પ્રકરણના ૫મા વચનામૃતમાં
પોતાના પ્રાગટ્યનું પ્રયોજન
દર્શાવતાં શ્રીહરિ કહે છે :
'પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ
પૂરા કરવા એ જ ભગવાનને
અવતાર ધર્યાનું પ્રયોજન છે.
અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે
ને ધર્મનું સ્થાપન પણ કરે છે.'
પ્રસ્તુત ગ્રંથ એમનાં અલૌકિક ચરિત્રોને
આલેખીને પ્રાગટ્યના એ દિવ્ય હેતુનાં
દર્શન કરાવે છે.



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વિસ્તૃત જીવન અને કાર્ય

(આ.સં. ૧૭૯૬ થી ૧૮૬૦, સને ૧૭૪૦ થી ૧૮૦૩)

ભાગ ૧

: પ્રેરક :

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

: લેખક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BHAGWAN SHRI SWAMINARAYAN - PART I

(Biography of Purna Purushottam Bhagwan Shri Swaminarayan)

By Harshadrai T. Dave

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:

Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

4th Edition:

2004. Copies: 7,000

ISBN: 81-7526-211-7

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : હર્ષદરાય ત્રિ. દવે

ચતુર્થ આવૃત્તિ : ૨૦૦૪

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૫૦૦/- (સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી પાંચ ભાગની સંયુક્ત મૂળ કિંમત રૂા. ૫૫૦/-માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ

૩૧/૩/૯૮


[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

৬

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

તા. ૩-૬-૭૯

આશીર્વાદ પત્ર

સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ તરીકે માનતા એવા શ્રીજીના સમકાલિન સંતોએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષામાં ગદ્ય કે પદ્યમાં શ્રીજીનાં લીલાચરિત્રો યુક્ત વિપુલ સાહિત્ય સંપ્રદાયને ચરણે ધર્યું છે.

સંપ્રદાયની પુષ્ટિ પણ ઇષ્ટદેવનાં લીલાચરિત્રોના ગ્રંથોથી જ થાય છે.

પરમહંસો પછી પણ આ સાહિત્ય-પ્રવૃત્તિ ચાલુ રહી છે.

શ્રીજીમહારાજ વિષે તો જેટલું લખાય તેટલું ઓછું છે. આકાશના તારા ગણાય, ભૂમિકણ કદાચ ગણાય પણ હરિગુણ ગણી શકાય તેવા નથી.

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીના અવસરે સ્વામિનારાયણ સાહિત્ય ગ્રંથમાળામાં શ્રી હર્ષદભાઈ દવેએ લખેલું **અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ** પુસ્તક સુમેરુ સમાન છે.

શ્રી હર્ષદભાઈ દવેએ જૂના જૂના ગ્રંથો જોઈ તપાસીને તેમાંથી પ્રમાણિત પ્રસંગો મેળવ્યા છે. વળી, તે વખતનો ભૌગોલિક પરિસ્થિતિ અને રાજકીય ઈતિહાસને શોધીને અને આ કાર્ય માટે ગામોગામ ફરી સત્સંગના જૂના જૂના અનુભવીઓ પાસેથી અપ્રકાશિત સાહિત્ય એકત્રિત કરીને આ ગ્રંથરત્ન તૈયાર કર્યો છે. આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો મૂલ્યવાન બનાવ્યો છે.

શ્રીજીની દિવ્ય અને માનુષી લીલાઓ, સર્વજીવ હિતાવહ ઉપદેશો, તેમના સમયના સંત-હરિભક્તોનાં આખ્યાનો અને તેમણે પ્રબોધેલ તત્ત્વજ્ઞાન – આ સર્વેનો ભક્તિભાવે સુગમ સમન્વય કર્યો છે.

ગુજરાત તેમજ ભારત તથા તેથી બહાર વિદેશોના સર્વ મનુષ્યોને માટે સ્વામિનારાયણ ભગવાનનું અંગ્રેજીમાં જીવનચરિત્ર હર્ષદભાઈએ (લખી) મુમુક્ષુઓ માટે મોટો ઉપકાર કર્યો છે.

તેમણે સંપ્રદાયના ઘણા દળદાર ગ્રંથો ગુજરાતી અને અંગ્રેજીમાં લખ્યા છે. તો સ્વામી, મહારાજ ને શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની તેઓના ઉપર દૃષ્ટિ છે જેથી આ સેવા-કાર્ય થાય છે. તે વધુ થાય તે સ્વામી-મહારાજને પ્રાર્થના.

એ જ.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના

જય સ્વામિનારાયણ.

નિવેદન

દ્વિશતાબ્દી મહોત્સવ પર્વના પ્રસંગે ભગવાન સ્વામિનારાયણનું વિસ્તૃત જીવનચરિત્ર બહાર પડે તેવી સંસ્થાના કાર્યકરોની ઇચ્છા હતી. આ ઇચ્છા તેમણે પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ પ્રદર્શિત કરી. તેઓએ તરત જ સંમતિ આપી અને આ સેવા કરવાની મને આજ્ઞા કરી. આ આજ્ઞા ઝીલવાની તો તત્પરતા મને હતી પરંતુ મનમાં સંકોચ થતો હતો કે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, ભગવાન સ્વામિનારાયણ સ્વરૂપે પ્રકટ્યા; તેમનાં અતિ દિવ્ય ચરિત્રો, કાર્ય, જે સઘળું ઇંદ્રિયાતીત છે તેને કેમ કરી આલેખવાં ? બુદ્ધિ જ્યાં વામણી લાગે ત્યાં શબ્દો શી રીતે સૂઝે ?

મહારાજના સમકાલીન સંતોએ મહારાજનાં ચરિત્રોના સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથો રચ્યા છે. તેઓ તેમનાં ચરિત્રોના દ્રષ્ટા હતા. મહારાજના સંબંધે, મહારાજને તેમના યથાર્થ સ્વરૂપમાં ઓળખવા તેમને બુદ્ધિયોગ પણ પ્રાપ્ત થયો હતો. તેથી તેમણે આલેખેલાં મહારાજનાં ચરિત્રોમાં દિવ્યતાની ફોરમ સહેજે જ જણાય, મહારાજના સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો નિર્દેશ પણ દેખાય. છતાં મહારાજના સ્વરૂપનું યથાર્થ આલેખન તો તેઓ પણ કરી શક્યા નથી. સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ તેથી લખ્યું છે :

જે જે નયણે નીરખિયું, વળી જે જે સૂણિયું કાન;
તે તે ચરિત્ર હવે કહું, સહુ સુણો થઈ સાવધાન.

– ભક્તચિંતામણિ; પ્રક. ૩-૪૧

મહારાજની સાથે વર્ષો સુધી રહી તેમણે મહારાજનાં ચરિત્રો નિહાળ્યાં હતાં, તેમના સંબંધે દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી તે ચરિત્રોનો અનુભવ પણ કર્યો હતો. છતાં જ્યારે હાથમાં કલમ પકડી ત્યારે તેમને લખવું પડ્યું :

સાંગોપાંગ સૂચવતાં, મન કહેવા કાયર થાય છે.

– ભક્તચિંતામણિ; પ્રક. ૩-૪૨

તેનું કારણ એ હતું કે મહારાજના પ્રકાંડ વિદ્વાન સંતો સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. નિત્યાનંદ સ્વામી, સદ્. શુકાનંદ સ્વામી, સદ્. શતાનંદ મુનિ વગેરેએ તેમણે રચેલા સંસ્કૃતભાષી ગ્રંથોમાં પોતાની બુદ્ધિનો નિચોડ ઠાલવી દીધો હતો. તેવા જ ગ્રંથો પ્રાકૃત ભાષામાં, વ્રજ ભાષામાં બીજા સંતોએ પણ રચ્યા હતા. તેમાં પણ તેમના અંતરનો ભાવ તેમણે રેડી દીધો હતો. છતાં જાણે મહારાજનાં ચરિત્રોનું યથાર્થ આલેખન તેમનાથી થઈ શક્યું નથી તેવો ભાવ તેમના મનમાં રહી ગયો

હતો. કારણ કે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ કે જેમનું ધામ અધોર્ધ્વ ને પ્રમાણે રહિત છે, તે ધામનો જ જો પાર ન આવી શકે તો તેથી પર અને તે ધામના અધિપતિ શ્રીજીમહારાજના મહિમાનો, તેમના કાર્યનો, શી રીતે પાર આવી શકે ? માનવ-બુદ્ધિ તેમના કાર્યને શી રીતે મૂલવી શકે ?

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ તેથી યથાર્થ લખ્યું છે :

આકાશના ઉડુગણ ગણવા, પામવો ઉત્તરનો પાર;
સરુ લેવું શૂન્યનું, એ વાતનો થાય વિચાર.
જેમ છે તેમ યશ હરિના કહેવા, સામર્થી મારી નથી.

– ભક્તચિંતામણિ; પ્રક. ૩, ૪૩-૪૪

પ્રકાંડ વિદ્વાન સદ્. નિત્યાનંદ સ્વામીને પણ શ્રીજીમહારાજના સ્વરૂપને આલેખતો તેમનો ગ્રંથ 'શ્રીહરિદિગ્વિજય' શરૂ કરતાં પહેલાં લખવું પડ્યું :

प्रोक्तो योऽक्षरतः पराच्च परतः सच्चित्सुखात्मा स्वयम्
ज्योतिः प्राकृतिकैर्गुणैश्च रहितः स्वेच्छामनुष्याकृतिः।
नृत्ये दिव्यतयैव दिव्यचरितैरालक्षितः सज्जनैः
सोऽयं श्रीपुरुषोत्तमो वितनुतान्मद्बुद्धिशक्तिं दृढाम् ॥[1]

– શ્રીહરિદિગ્વિજય; પ્રથમ ઉલ્લાસ : શ્લોક-૧૩

મહારાજના સમકાલીન આ સંતો જે વિદ્વાનોમાં શ્રેષ્ઠ હતા, ભક્તોમાં પણ શ્રેષ્ઠ હતા, મહારાજની સાથે જ જેઓ અક્ષરધામમાંથી પધાર્યા હતા, છતાં મહારાજનાં ચરિત્રો લખવામાં તેમની હામ હારી જતી. બુદ્ધિમાં એવી પ્રેરણા મળે તેવા આશીર્વાદની યાચના કરતા, ત્યારે મારા જેવાનું આ કાર્યમાં શું ગજું ? આવું મનોમંથન મને થવા લાગ્યું. પરંતુ સાથે સાથે પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા હતી. તે આજ્ઞામાં પ્રેરણા હતી, આશીર્વાદ હતા. તેથી મનમાં હિંમત આવી ગઈ. મહારાજને પ્રાર્થના કરી : આપનાં ચરિત્રો આલેખવાનું બળ આપજો, બુદ્ધિ આપજો.

શ્રીજીમહારાજના સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપને કેટલાક સંતો ઓળખી શક્યા. પરંતુ તે સમયના સમાજને લક્ષ્યમાં રાખી તેનું યથાર્થ આલેખન કરતાં તેમને

1. "સર્વથી પર એવા અક્ષરબ્રહ્મથી પણ જે પર છે એમ વેદાદિક શાસ્ત્રોએ ગાન કર્યું છે; સત્, ચિત્ અને આનંદમય જેમનું સ્વરૂપ છે; જે સ્વયં પ્રકાશ છે, પ્રકૃતિના ગુણોથી રહિત છે અને પોતાની ઇચ્છાથી જે મનુષ્યાકૃતિ ધારી રહેલા છે અને તેવા મનુષ્યભાવમાં પણ જેમને સત્પુરુષોએ સદા દિવ્ય સ્વરૂપે જાણ્યા છે, એવા પ્રગટ પુરુષોત્તમ ભગવાન ! આ ગ્રંથ રચવાની મારી બુદ્ધિ શક્તિને દૃઢ બનાવો."

સંકોચ થયો. મહારાજે પોતે પણ પોતાના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપને પ્રચ્છન્ન રાખ્યું. જીવો તેમના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન જીરવી ન શકે તે માટે તે વાર્તા કહેતાં પણ તેમણે બીક રાખી : "નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે માટે કહેતાં બીક લાગે છે."

પરંતુ આગળ કહે છે : "અને વાત કર્યા વિના પણ ચાલતું નથી. અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે. અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહે."[ii]

તેથી મહારાજ પોતાના સ્વરૂપની વાત આગળ પહેલાં અસંદિગ્ધપણે કહે છે : "જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો." એટલું કહીને મહારાજને કદાચ લાગ્યું હશે કે આવી અક્ષરાતીત વાત કદાચ કોઈને અવળી પડે તે માટે તે વાતને વાળી લેતાં તેમણે કહ્યું : "જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, અક્ષરરૂપ જે તેજ તેને વિશે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે."[iii]

મહારાજને જીવો ઉપર કેટલી કરુણા છે ! તેમનું કલ્યાણ કરવાની કેવી ભાવના છે ! તેથી જ તેમણે કહ્યું કે તે મૂર્તિને હું દેખું છું, એટલે તે મૂર્તિનો હું ભક્ત છું એટલું જો જાણશો તોપણ તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે. છતાં આગળ કહ્યું તે પ્રમાણે પોતાના સ્વરૂપના નિશ્ચયમાં કાચ્યપ ન રહી જાય અને દૂષણ ન રહે તે માટે પોતાનું પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ યથાર્થ સમજાવવાની જરૂર પણ હતી. તેથી તેમણે તે વાત સમજાવતાં કહ્યું : "માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."[iv]

વળી વધુ સ્પષ્ટતા કરતાં મહારાજ કહે છે : "અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી. એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે."[v]

---

ii. વચ. લોયા ૧૮.

iii. વચ. ગ. મ. ૧૩.

iv. વચ. ગ. મ. ૯.

v. વચ. ગ. અં. ૩૮.

પોતાના સર્વોપરી સ્વરૂપની સમજણ માટે મહારાજના આ શબ્દો સ્પષ્ટ છે. આત્યંતિક કલ્યાણ માટે મહારાજનું સ્વરૂપ ઉપાસ્ય છે, ધ્યેય છે. આ રહસ્ય અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં સમજાવ્યું છે. તેમણે મહારાજના સર્વોપરી સ્વરૂપનો ઉદ્‌ઘોષ કર્યો, કારણ કે પોતે મહારાજનું ધામ હતા, મહારાજના અનાદિ ઉત્તમ ભક્ત હતા અને મહારાજ સાથે સદા સંલગ્ન હતા. તેથી તેમના અનુભવના શબ્દોથી જ્યાં જ્યાં તેમણે વિચરણ કર્યું ત્યાં લોકોના અંતરમાં મહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. મહારાજ તો અનાદિ પુરુષોત્તમ છે, જે, તે તેમના કાર્યથી, તેમણે સ્થાપેલ એકાંતિક ધર્મથી, તેમણે દીક્ષા આપેલા પરમહંસોના શુદ્ધ વર્તનથી, મુમુક્ષુઓને બ્રહ્મરૂપ કરવાના તેમના ઐશ્વર્યથી સહેજે જ જણાઈ આવે છે.

સદ્. નિત્યાનંદ સ્વામીએ પણ મહારાજના સર્વોપરી સ્વરૂપનું પ્રવર્તન થાય, તેમની જ ઉપાસનામાં સૌ જોડાય તે માટે જ્યારે 'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો ત્યારે એવો સદાગ્રહ રાખ્યો હતો કે, "મહારાજને બીજા અવતાર જેવા લખાય જ કેમ ? એ તો સર્વ અવતારના અવતારી પરાત્પર સાક્ષાત્ સ્વયં પુરુષોત્તમ જ છે."

સ્વયં શ્રીજી પણ સ્વામીના મતથી વિરુદ્ધ પડ્યા. પરંતુ સ્વામી તો તેમના નિશ્ચયમાં અતિ દૃઢ પર્વતપ્રાય રહ્યા પણ બિલકુલ ડગ્યા નહિ. પછી આઠમે દિવસે સર્વાન્તરાત્મા પ્રભુ શ્રીહરિએ પોતે જ સ્વામીને સભામાં બોલાવીને સ્વામીની પૂજા કરી ગુલાબનો હાર પહેરાવ્યો, અને સર્વને કહ્યું કે, "હે પરમહંસો ! આ નિત્યાનંદ સ્વામીનો અમે આટલો અનાદર કરીને અપમાન કર્યું અને અમે પોતે સમજાવ્યા છતાં તે પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. માટે આ નિત્યાનંદ સ્વામીની સમજણ સર્વોપરી છે. અને ઉપાસક તો આવા જ જોઈએ. માટે તમારે સર્વેએ સ્વામી સમજે છે તેમ સમજવુ."[vi]

આ ઉપરાંત સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી, સદ્. આધારાનંદ સ્વામી, બ્ર. અચિંત્યાનંદજી તથા અન્ય સદ્‌ગુરુઓના ગ્રંથોમાં પણ મહારાજના સર્વોપરી સ્વરૂપનું અતિ સ્પષ્ટ પ્રતિપાદન થયેલું જોવામાં આવે છે. સંપ્રદાયમાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની ઉપાસનાનું જ્ઞાન ધીરે ધીરે પ્રવર્તતું ગયું. છેવટે આ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી-શાસ્ત્રીજી મહારાજે, મહારાજના સર્વોપરી સ્વરૂપની શુદ્ધ ઉપાસના દિગંતમાં પ્રવર્તે તે માટે ભવ્ય મંદિરો કરી મધ્ય મંદિરમાં મહારાજની તથા તેમના

vi. 'શ્રીહરિદિગ્વિજય'માં નિત્યાનંદ સ્વામીના જીવનના પ્રસંગોમાંથી.
— લેખક : શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી, વડતાલ

ઉત્તમ ભક્ત અનાદિ અક્ષરબ્રહ્મની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી જેથી પૃથ્વીનું પડ રહે ત્યાં સુધી આ શુદ્ધ સનાતન ઉપાસનાની મુમુક્ષુઓને સદા પ્રેરણા મળ્યા જ કરે.

આ ગ્રંથની ગૂંથણીમાં મહારાજના આ સર્વોપરી સ્વરૂપનું આલેખન કરવું એ આવશ્યક હતું. કારણ કે કલ્યાણનું અસાધારણ સાધન બતાવતાં પણ મહારાજ કહે છે, "પુરુષોતમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિશે અનાદિ સાકારમૂર્તિ સમજવા ને તેના જ સર્વે અવતાર છે, એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે તે ભાવે કરીને આશ્રય કરવો; ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો. એ કલ્યાણનું અસાધારણ સાધન છે."[vii]

બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની સેવામાં રહેવું તેને આત્યંતિક કલ્યાણ અથવા અંતિમ મુક્તિ કહે છે. શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની ઉપાસનાથી જ મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ થઈ શકે. તેથી જ શ્રીજીમહારાજના સ્વરૂપની સ્વરૂપનિષ્ઠાના આવા પ્રસંગો, તેમનો એવો ઉપદેશ વગેરે આ ગ્રંથમાં જેટલું શક્ય હતું તેટલું ગૂંથવા પ્રયત્ન કર્યો છે. કારણ મહારાજના પૃથ્વી પરના પ્રાકટ્યનો આ મુખ્ય હેતુ હતો. તેમનું સમગ્ર કાર્ય આ સિદ્ધાંતને અનુલક્ષીને હતું. તે કાર્ય સિદ્ધ કરવા તેમણે સૌરાષ્ટ્ર અને ગુજરાતની ધરતી ઉપર અંધાધૂંધી પ્રવર્તતી હતી તે ટાળી શાંતિ સ્થાપી, પ્રજાને બાહ્યશુદ્ધિ અને આંતરશુદ્ધિનાં વ્રતો આપી શુદ્ધ કરી, જેથી મુક્તિને પંથે તેઓ મજલ કરી શકે. વામ અને કૌલ પંથમાં ફસાયેલા બ્રાહ્મણોને સાચું બ્રાહ્મણત્વ આપ્યું અને તેમનું ગૌરવ વધાર્યું. સામાજિક કુરિવાજો – બાળકીને દૂધ પીતી કરી મારી નાખવાના, સતી થવાના, ભૂત-પ્રેતની ઉપાધિથી ભૂવાઓનો ત્રાસ, અજ્ઞાનતા, અનેકોપાસના વગેરે બદીમાં ફસાયેલી અજ્ઞાન અને ભોળી પ્રજાને તેમણે જ્ઞાન આપ્યું, શુદ્ધ કર્યા અને સાચા સત્સંગી બનાવ્યા.

તેમના આ પ્રકારના કાર્યથી કેટલાકે તેમને સુધારક કહ્યા. પરંતુ તેમનું દરેક કાર્ય અધ્યાત્મલક્ષી હતું. જેને આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવી છે, શુદ્ધ આત્માનો ભાવ પામવો છે, તેમને બાહ્ય અને આંતરશુદ્ધિ કેળવવી જ પડે. કુરિવાજોની બદીનો નાતો તોડવો જ પડે. અનેકોપાસનામાંથી એકોપાસનાનું લક્ષ્ય સિદ્ધ કરવું જ પડે. આ રીતે આધ્યાત્મિક ઉત્કર્ષ સાથે સામાજિક ઉત્કર્ષ સંકળાયેલો જ હોય છે. તેને માટે કોઈ જુદું કાર્યક્ષેત્ર ઊભું કરવાની જરૂર હોતી નથી. તેથી તેઓ સમાજોદ્ધારક સાચા, સુધારક પણ સાચા, પરંતુ અવતારી પહેલા ! કારણ કે જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાનું પોતાનું જે કાર્ય તે કાર્ય કરવામાં જીવોને શુદ્ધ કરવા માટે, તેમની દૃષ્ટિ એકલક્ષી કરવા માટે જેટલું આવશ્યક હતું એટલું તેમણે કર્યું જ.

vii. વચ. ગ. અં. ૩૬.

તેથી તેમના કાર્યને જેમની જેવી દૃષ્ટિ હતી તે પ્રમાણે તેમણે મૂલવ્યું – તેમને સુધારક કહ્યા, સમાજ ઉદ્ધારક કહ્યા, કોઈકે સંત પણ કહ્યા અને જેમની આર્ષદૃષ્ટિ થઈ હતી તેમણે તેમને અવતારી પણ કહ્યા. તેમના અવતારી સ્વરૂપના કાર્યની મૂલવણી માનવબુદ્ધિથી તો થઈ શકે તેમ નથી.

પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા જીવોનાં અંતરમાં દૃઢ કરાવવા તેમણે પોતાના પરમહંસો દ્વારા ઉપદેશ આપ્યો. પોતે પણ સંદિગ્ધપણે અને સ્પષ્ટપણે વાતો કરી, છતાં જેમને ન સમજાયું તેમને સમાધિ દ્વારા પોતાના સર્વોપરી સ્વરૂપનાં દર્શન કરાવ્યાં, અને તેમના અંતરમાં એ નિષ્ઠા દૃઢ કરાવી. કેટલાકને તેમના જે જે ઇષ્ટદેવ હતા તેમનાં પણ દર્શન કરાવ્યાં. કેટલાકને પોતાના સ્વરૂપમાંથી અવતારો પ્રગટ કરી તે અવતારોને પાછા પોતાના સ્વરૂપમાં લીન કર્યા તેવાં દર્શન પણ કરાવ્યાં. તેનું મૂળ કારણ એ હતું કે તેમનું સર્વોપરી સ્વરૂપ જો કોઈને પણ સમજાઈ જાય તો તેનું અતિ રૂડું થાય.

પોતાના આ દિવ્ય સ્વરૂપનું જીવોને જ્ઞાન કરાવવા પોતે પોતાની સાથે પોતાનું દિવ્ય ધામ – અક્ષરબ્રહ્મ – તેને સાથે લાવ્યા, મુક્તોને લાવ્યા, ઐશ્વર્ય પણ લાવ્યા. આ દરેકનો ઉપયોગ તેમણે ભાગવત ધર્મના સંસ્થાપન માટે કર્યો. અક્ષરધામના મુક્તો લાવી તેમના શુદ્ધ વર્તનથી સંત-અસંતને ઓળખવાની દૃષ્ટિ આપી અને શુદ્ધ જીવન જીવવાની પ્રેરણા આપી. પોતાના ઐશ્વર્યથી જીવોમાં જે મુમુક્ષુતા સુષુપ્ત હતી તે તેમણે જાગ્રત કરી. અનાદિ અક્ષરબ્રહ્મના સંબંધે મૂળ અજ્ઞાનદેહ સાથે જીવની અવિભાજ્ય એકતા છે તે ટાળી, જીવોને બ્રહ્મરૂપ બનાવી, પોતાના પુરુષોત્તમ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપ્યું. તેમણે બ્રહ્મ અને પરબ્રહ્મનાં અનાદિ સ્વરૂપો ઓળખાવી, કલ્યાણના માર્ગમાં તેમની આવશ્યકતા સમજાવી, ભારતીય તત્ત્વજ્ઞાનમાં એક નવીન દર્શન આપ્યું.

તેમના કાર્યમાં, તેમના સ્વરૂપમાં માનવીની ઇંદ્રિયો કે બુદ્ધિ પહોંચી શકે નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, બુદ્ધિ દ્વારા શરીરમાં નખ-શિખાપર્યંત વ્યાપીને રહ્યો છે, પરંતુ બુદ્ધિ જ્યાં સુધી ત્રણ ગુણના ભાવોથી મિશ્રિત છે ત્યાં સુધી તે બુદ્ધિમાં ગુણના ભાવ હોય. તેથી તે બુદ્ધિના સંગથી ત્રિગુણાતીત સ્વરૂપમાં શંકા-આશંકાનાં અનેક વમળો ઊપડે. તેમાં અટવાઈ જઈએ તો અંતે કલ્યાણના માર્ગમાંથી ભ્રષ્ટ થઈ જવાય. સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય ત્યારે બુદ્ધિ સ્થિર થાય અને ત્યારે જ સ્થિતપ્રજ્ઞ થવાય. આ સ્થિતિમાં પરમાત્માનાં મનુષ્ય ચરિત્રો અને દિવ્ય ચરિત્રોમાં સમભાવ આવે.

જેવાં મહારાજનાં ચરિત્રો અને તેમનું કાર્ય હતું તેવું જ તેમના સમકાલીન સંતોનું કાર્ય હતું. તેમનું જીવન પણ ભક્તિસભર હતું. સત્સંગના વિકાસમાં સાહિત્ય

દ્વારા, વિચરણ કરીને, તેમજ પોતાના શુદ્ધ ચારિત્ર્યથી તેમણે મોટો ફાળો આપ્યો છે. તે નોંધ પણ જ્યાં આવશ્યક હતી ત્યાં મૂળ ગ્રંથમાં મૂકી છે. પરિશિષ્ટમાં પણ ટૂંકમાં અથવા વિસ્તૃત રીતે જે પ્રમાણે તેમનાં ચરિત્રો મળ્યાં તે પ્રમાણે મૂક્યાં છે.

સંપ્રદાયમાં મહારાજ વિષે ઘણું સાહિત્ય લખાયું છે. તેમના સમકાલીન સંતોએ જે લખ્યું છે તે તો મહારાજના સ્વરૂપના તેમના અનુભવોથી પરિપકવ થયેલી દૃષ્ટિથી લખ્યું છે. એટલે મહારાજનું સ્વરૂપ, તેમનું કાર્ય, ઐશ્વર્ય વગેરે માટે અન્ય કોઈ પ્રમાણો શોધવા જવાની જરૂર કે બીજા કોઈ સંશોધનને અવકાશ રહેતો નથી. તેમના પછીના સંતોએ પણ પોતાના ગુરુ પાસેથી સાંભળેલી પરંપરાગત વાતો ગ્રંથબદ્ધ કરી છે. તેમાં કેટલુંક પ્રગટ થયું છે અને કેટલુંક અપ્રગટ પણ રહ્યું છે. આ બધું સાહિત્ય એક મહાસાગર સમાન છે. તેમાં ચાંચ બોળી જેટલું મેળવી શક્યો તેટલું મારી શક્તિ પ્રમાણે આ ગ્રંથમાં આલેખન કર્યું છે. કેટલાક અસંબદ્ધ કે વિરોધાભાસક પ્રસંગો જોવામાં આવ્યા ત્યાં અન્ય ગ્રંથોમાંથી વિગતો મેળવવા પૂરતું સંશોધન કર્યું છે અને સમાધાન થયા પછી જ તેવા પ્રસંગો લખ્યા છે. શ્રીજીમહારાજના વનવિચરણમાં સદ્. આધારાનંદ સ્વામી રચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર'(વ્રજ ભાષામાં લખાયેલો)માંથી તથા આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ રચિત 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાંથી વિશેષ વિગતો મળી. તે બંને ગ્રંથો પ્રમાણભૂત જ છે તેથી તેટલી વિગતો તેમાંથી લઈ વનવિચરણનો ઇતિહાસ લખ્યો છે.

કેટલાક મિત્રોનું એવું પણ સૂચન હતું કે ઇતિહાસકારની દૃષ્ટિથી ચમત્કારિક (legendary) વાતોને બાજુએ મૂકીને મહારાજના ચરિત્રનું આલેખન કરવું જેથી ગ્રંથ બુદ્ધિગમ્ય (rational) બને. પરંતુ શ્રીજીમહારાજનું કાર્ય યુગો કે સૈકાઓ જૂનું નથી. તેમના સમકાલીન સંતો જે પરમહંસ કોટિના આર્ષદ્રષ્ટાઓ હતા, તેમણે મહારાજના સ્વરૂપનો, કાર્યનો, જીવનનો, અનુભવ કરીને તેમના વિષેનું સાહિત્ય બહાર પાડ્યું છે. તેમના જ આલેખનોમાં તેમને બુદ્ધિયોગ ભગવાન સ્વામિનારાયણે જ આપ્યો હતો. તેથી જ તે તે ગ્રંથો आप्तवाक्यं प्रमाणम् પ્રમાણે પ્રમાણભૂત જ ગણી શકાય. મહારાજની ભક્તિના રંગે રંગાયેલા આ પરમહંસોના અંતરમાંથી આ સાહિત્ય સહેજે જ સ્ફુરીને આવ્યું છે. આંતરિક અનુભવનું જ્ઞાન એ ગ્રંથોના જ્ઞાન કરતાં વધુ પ્રમાણભૂત હોય છે.[viii]

આ સંબંધમાં મને યોગી કૃષ્ણપ્રેમે શ્રી દિલીપકુમાર રોય ઉપર લખેલા એક પત્રના શબ્દો યાદ આવી ગયા : "તત્ત્વજ્ઞાનના મંત્રશક્તિ કે ઇષ્ટ દેવતા કે

viii. Mystical knowledge is the only knowledge because it is the only direct knowledge. – Yogi Krishna Prem. p. 157 By. D. K. Roay.

પરમતત્ત્વ ઉપર ગંભીર ગ્રંથો જેવા વુડ્રોફે લખ્યા છે તેવા હું લખી શકતો નથી. તેમજ ભાંડારકરે ઇતિહાસની શંકા ભરેલી અચોક્કસ વિગતો લખી છે તેવું પણ હું લખી શકતો નથી. ખાસ કરીને પશ્ચિમની પ્રજા માટે તો નહિ જ. કારણ કે શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત તેમની ટચલી આંગળી ઉપર કેવી રીતે ઉપાડ્યો હશે તેવી બુદ્ધિગમ્ય સમજણ તેમને આપવાની રહે છે. તેનો શું શબ્દાર્થ થાય છે કે તે રૂપક છે તેવું જાણવાની મને દરકાર નથી. હું તો એટલું જ માનું છું કે એ શ્રીકૃષ્ણનું જ કાર્ય છે, કૃષ્ણ ફક્ત કૃષ્ણ જ !"ix

એવું જ શ્રીજીમહારાજના જીવનનું અને કાર્યનું છે. તેમનું બાળપણ ચમત્કારી હતું. તેમનું વનવિચરણ, તેમની તપશ્ચર્યા વગેરે તો માનવબુદ્ધિને અગમ્ય જ રહે તેવાં હતાં. વીસ વર્ષની કિશોર વયે રામાનંદ સ્વામીએ તેમના ઉપર કળશ ઢોળી તેમને ધર્મધુરા સોંપી તે પ્રસંગ પણ એટલો જ ચમત્કારી હતો. પોતાનાથી ઉંમરે મોટા એવા મઠાધિપતિઓ, વિદ્વાનો, સિદ્ધો વગેરે તેમના સંબંધમાં આવતાં જ તેમના શિષ્યો બની ગયા તે પણ જેવો તેવો ચમત્કાર ન ગણાય. તે સમયમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વ્યાપેલી અરાજકતા, કાઠીઓની લૂંટથી ત્રાસેલી પ્રજા, મદ્ય-માંસ અને મૈથુનમાં પ્રવૃત્ત રહેતા બ્રાહ્મણો, તેમની બધાની સાન ઠેકાણે લાવી, તેમના અંતરશત્રુ ટાળી તેમને સાચા માનવ બનાવ્યા તે પણ ચમત્કાર હતો. અજ્ઞાન પ્રજાને વહેમોનાં જાળાંમાંથી બહાર લાવી તેમને પ્રભુપંથે વાળ્યા તે કાર્ય પણ અદ્‌ભુત હતું. નાગા બાવાઓનાં ઝુંડના ત્રાસને પોતે સહન કર્યો અને પોતાના પરમહંસો પાસે પણ સહન કરાવ્યો તેમાં તેમની સહિષ્ણુતા અને અહિંસાની અવધિ હતી. તેમાંના ઘણાનું રૂપાંતર કરી તેમને સન્માર્ગે વાળ્યા, તે કાર્ય પણ ચમત્કારી જ કહેવાય. એ ઉપરાંત કેવળ પોતાની કૃપાથી હજારો મનુષ્યોને, પ્રાણીઓને, પક્ષીઓને, માછલાંઓને સમાધિ કરાવી તેમને પરમાત્માના દિવ્ય ધામના સુખનો અનુભવ કરાવ્યો તે તો અદ્‌ભુત ચમત્કાર હતો !

તેમણે આવું પ્રભુપણું બતાવ્યું છતાં તેમણે તેમના પરમહંસોને પૂછ્યું : "આગળ જે જે અવતારો થઈ ગયા અને તેમણે જે કાર્ય કર્યું તેવું અમે કર્યું નથી.

---

ix. I can't write grave philosophy like woodroffe about Mantra Shakti and Ishta Devta and absolute being, nor delve into the dubious uncertainties of history like Bhandarker, and I can't to a Western public at any rate simply recount how Krishna held Mount Goverdhan on his little finger. They would want to know what it all meant. I am weary of all meanings. It means just Krishna!

– Yogi Krishna Prem. p. 144.

અમે શંખાસુરને મારી વેદ શોધી લાવ્યા નથી, કૂર્મ ભગવાનની જેમ પીઠ ઉપર મંદરાચળ પર્વત ધારણ કર્યો નથી, વારાહ પ્રભુની જેમ હિરણ્યાક્ષને મારી પૃથ્વી લાવ્યા નથી, તેમજ વામન, પરશુરામ, શ્રીરામચંદ્ર તથા શ્રીકૃષ્ણની જેમ અસુરોનો સંહાર કર્યો નથી. છતાં તમે અમને ભગવાન શાથી કહો છો ?''

ત્યારે સંતોએ કહ્યું : ''મહારાજ ! તેમણે જે અસુરોને માર્યા હતા તે બધા તો કામ, ક્રોધાદિ દોષોથી હણાયેલા જ હતા. તેમાં કાંઈ મોટું પરાક્રમ ન હતું પરંતુ આપે તો અમારા એ દોષો હણી નાખ્યા છે.

એવા કામ ક્રોધાદિક કોટા, જેને આગે હાર્યા છોટા મોટા.
એવા દુષ્ટ જે થકી હણાય, તે તો સર્વથી મોટા ગણાય;
કામ ક્રોધ લોભ જે ચંડાળ, એથી ભૂંડું થાય તતકાળ.
જે જે પ્રાપતિ માંહીથી પડ્યા, તેહ સર્વને એ શત્રુ નડ્યા;
માટે એને દિયે જે વિદારી, તે તો અવતારના અવતારી,
સૂક્ષ્મ દૃષ્ટિવાળાને તે સૂઝે, સ્થૂળ દૃષ્ટિવાળા તે ન બૂજે;
માટે આજ છે વાત અલેખે, જાડી બુદ્ધિવાળા તે ન દેખે.
વળી સહુ અવતાર સ્વરૂપ, એનાં ઐશ્વર્ય જે જે અનૂપ;
તે તમમાં દેખે ધ્યાનવાન, માટે સહુના કારણ ભગવાન.

– ભક્તચિંતામણિ; પ્રક. ૧૦૫

તેમનું આ કાર્ય કેવળ શ્રદ્ધા અને ભક્તિથી જ સમજી શકાય તેવું છે. તેનાથી જ અંતરનો અંતર્યામી જાગે અને તેમના કાર્યની પ્રતીતિ કરાવે. શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે : ''જેમ વટપત્રશાયી ભગવાન એક વડના પત્રમાં નાના બાળક થઈને પોઢ્યા હતા અને તે જ ભગવાનના ઉદરને વિષે માર્કંડેય ઋષિએ સમગ્ર બ્રહ્માંડ દીઠું. એવી રીતે ભગવાનનું ધ્યાન કરતા થકા જેટલાં કાંઈ શાસ્ત્રમાં પદાર્થ કહ્યા છે તે સર્વે એની દૃષ્ટિમાં આવે છે. ત્યારે જીવાત્માને વિષે જે કાંઈક નાસ્તિક ભાવ રહ્યો હોય તે મટી જાય છે અને તેનો જીવ અતિ બળિયો થાય છે. અને જે જે શાસ્ત્રમાં કહ્યું છે તે સર્વે સત્ય છે એવી દૃઢ પ્રતીતિ આવે છે.''x

આધ્યાત્મિક અનુભવથી જ શ્રીજીમહારાજનાં સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન થાય. તે આધ્યાત્મિક અનુભવ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપમાં શ્રદ્ધા, તેમનાં વચનોનું યથાર્થ પાલન, તેમણે ચીંધેલાં સત્પુરુષનો સમાગમ આટલાથી જ થાય છે. બાકી કલ્પના કે બુદ્ધિથી માયા પરનું મહારાજનું સ્વરૂપ ઓળખી શકાય જ નહિ. કેવળ આત્મજ્ઞાનથી પણ ન ઓળખી શકાય. તે જ્ઞાન સાત્ત્વિકજ્ઞાન છે જેમાં

x. વચ. અમ. ૧.

પ્રકૃતિના સત્ત્વગુણનો ભાવ છે. જ્યારે પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન નિર્ગુણ છે.[xi]

આ ગ્રંથ લખવામાં મને ઘણાએ પ્રેરણા આપી છે, પ્રોત્સાહન આપ્યું છે, સહકાર આપ્યો છે તે સૌનો હું ઋણી છું. પૂ. સત્યપ્રિય સ્વામીએ આ ગ્રંથના સુંદર મુદ્રણ માટે તથા કલાત્મક શણગાર માટે ખૂબ મહેનત લીધી છે. આ ગ્રંથની હસ્તલિખિત પ્રત પૂ. સિદ્ધેશ્વર સ્વામી, પૂ. ભક્તિપ્રિયદાસ સ્વામી (કોઠારી), પૂ. નારાયણ ભગત વગેરેએ જોઈ લીધી હતી. તેમનાં સૂચનોને આ ગ્રંથમાં સમાવી લીધાં છે. તેમનું ઋણ પણ જાહેર કરવું જ રહ્યું. શ્રી યોગી પ્રિન્ટરીના માલિક શ્રી જિતુભાઈ શેઠે પણ ખૂબ જ ઉત્સાહથી આ ગ્રંથનું મુદ્રણ હાથમાં લીધું છે. તેમના ઉત્સાહથી આ ગ્રંથ સુંદર રીતે પરિપૂર્ણ થશે એવી મને શ્રદ્ધા છે. દ્વિશતાબ્દી મહોત્સવની પ્રકાશન સમિતિનો પણ ઉપકાર ભુલાય તેવો નથી. સાથે સાથે મારી સાથે કચ્છમાં ખાસ પોતાની ગાડી લઈને મને કચ્છના સત્સંગની વિગતો મેળવવામાં મદદ કરનાર લંડનથી આવેલા શ્રી ગુણવંતભાઈ એસ. પટેલ તથા મુંબઈના શ્રી નારણજીભાઈ ઠક્કર તથા ભુજના શ્રી પીતાંબરભાઈ ચેવડાવાળાને પણ ન ભૂલી શકાય.

આ ગ્રંથના પ્રકરણોને 'ઉદ્‌ગીથ' એવું નામ આપ્યું છે. ઉદ્‌ગીથનો અર્થ સામવેદનું ગાન એવો થાય. આ ગ્રંથના વિષયમાં એ જ ગાન છે કારણ કે શ્રીજીમહારાજ આ લોકની દૃષ્ટિએ સામવેદી હતા !

આ ગ્રંથમાં સંપ્રદાયમાં છપાયેલા ગ્રંથોના આધારે જ હકીકતો લખી છે. છતાં કોઈ ક્ષતિ હોય તો વાચકો ઉદાર હૃદયે ક્ષમા કરે તેવી યાચના !

અંતમા પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજે મને આ અપૂર્વ સેવા સોંપી તે જ પ્રમાણે જીવનમાં જે શેષ આયુષ્ય રહ્યું હોય તેમાં આવી સેવા કરવાનો લાભ મળ્યા કરે, તેમની દૃષ્ટિ અને આશીર્વાદ સદૈવ મારા ઉપર રહે તેવી પ્રાર્થના !

– હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

આષાઢી પૂર્ણિમા, સં. ૨૦૩૫

તા. ૯-૭-૭૯

શ્રી અક્ષરપુરુષોત્તમ (સ્વામિનારાયણ) મંદિર

સ્વામી જ્ઞાનજીવનદાસ માર્ગ,

સ્વામિનારાયણ ચોક,

દાદર, મુંબઈ - ૪૦૦ ૦૧૪

---

xi. कैवल्यं सात्त्विकं ज्ञानं रजो वैकल्पिकं च यत् ।
प्राकृतं तामसं ज्ञानं मन्निष्ठं निर्गुणं स्मृतम् ॥
– શ્રીમદ્‌ભાગવત; સ્કંધ ૧૧, અ. ૨૫/૨૪

ચતુર્થ નવસંસ્કરણ આવૃત્તિ વેળાએ...

પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનગ્રંથની આ ચતુર્થ આવૃત્તિ આપના હાથમાં મૂકતાં હર્ષ અનુભવીએ છીએ. સતત ચાર આવૃત્તિ થઈ હોવા છતાં ખૂબ ટૂંકા સમયમાં ફરીથી આ ગ્રંથ માટે હરિભક્તોની સતત રહેલી માંગ ગ્રંથની લોકપ્રિયતા સૂચવે છે.

ગ્રંથની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અનુજ્ઞાથી વિદ્વાન સંતોના સહયોગથી આ ગ્રંથમાં ઐતિહાસિક નજરે ક્યાંક ક્યાંક અનિવાર્ય ફેરફારો કરવામાં આવ્યા છે. અને જરૂરી પાદટીપ-સંદર્ભો પણ ઊમેર્યા છે. ઈતિહાસ તો સતત સંશોધનનો વિષય છે. આથી દ્વિતીય આવૃત્તિમાં કરેલા ફેરફારો પછી પણ, સંશોધક સંતોને નવી નવી વિગતો મળતી રહેવાથી પુનઃ આ ચતુર્થ આવૃત્તિમાં પણ કેટલાક અનિવાર્ય ફેરફારો કરવામાં આવ્યા છે અને ગ્રંથને ઐતિહાસિક દૃષ્ટિએ વધુ શુદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રંથમાં વાચકોની સરળતા માટે આષાઢી સંવતની સાથે સાથે આધુનિક વ્યવહારમાં વપરાતી ઈસવીસનનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

પૂર્વ આવૃત્તિઓની જેમ આ આવૃત્તિમાં પણ, ભગવાન સ્વામિનારાયણની ભારતયાત્રાનાં મહત્ત્વનાં તમામ તીર્થોની દુર્લભ બહુરંગી છબીઓ, અન્ય ઐતિહાસિક સ્થળોની બહુરંગી છબીઓ તથા મહત્ત્વનાં પ્રાસંગિક બહુરંગી ચિત્રો મૂકીને ગ્રંથનું વિશેષ ગૌરવ કરવામાં આવ્યું છે. કુલ ૨૨૫ જેટલી બહુરંગી છબીઓ મૂકવામાં આવી છે. આધુનિકતમ કમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટીંગ અને ઉત્તમ કાગળ ઉપર ઑફસેટ મુદ્રણ તથા કલાત્મક મુખપૃષ્ઠથી સજાવીને પાંચેય ભાગોને એક સંપુટ તરીકે સુવિધા માટે બોક્સમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

આ સંશોધિત આવૃત્તિના પ્રકાશનમાં સુધારાઓ માટે વિવેકસાગર સ્વામી તેમજ ઐતિહાસિક સંદર્ભોને ચકાસી પ્રસંગોને સમુચિત ઓપ આપવામાં અક્ષરવત્સલ સ્વામીનો સહયોગ સવિશેષ રહ્યો છે. તેમનો હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

અંતે, ગ્રંથલેખક અક્ષરનિવાસી પરમ ભગવદીય શ્રી હર્ષદભાઈ દવે પ્રત્યે અંતઃકરણ પૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરીને આ ચતુર્થ સંશોધિત આવૃત્તિ આપના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

– પ્રકાશન સમિતિ

સ્વામિનારાયણ અક્ષરપીઠ

સંદર્ભ ગ્રંથસૂચિ

આ ગ્રંથમાં સંપ્રદાયના તેમજ ઇતર જે જે ગ્રંથોનો આધાર લીધો છે તેની સૂચિ નીચે પ્રમાણે છે :

૧. હિસ્ટરી ઓફ કાઠિયાવાડ; લેખક : વિલ્બર ફોર્સ બેલ.
૨. હિસ્ટરી ઓફ ગુજરાત (મરાઠા પિરિયડ); લેખક : જે. એ. બેઈન્સ.
૩. ધી સન્યાસિન્સ ઓફ મૈમનસિંહ; લેખક : જામિનીમોહન ઘોષ.
૪. સ્વામિનારાયણ સંપ્રદાયની ઐતિહાસિક સમાલોચના; લેખક : ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.
૫. ભક્તચિંતામણિ; લેખક : સદ્. નિષ્કુળાનંદ સ્વામી.
૬. ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર ઓફ યુ. પી., પુસ્તક XLIII. ફૈઝાબાદ, પુસ્તક XLIV. ગોંડા જિલ્લો; સંપાદક : એચ. આર. નેવીસ.
૭. શ્રીહરિદિગ્વિજય; લેખક : સદ્. નિત્યાનંદ સ્વામી.
૮. શ્રીહરિલીલામૃત, ભાગ : ૧-૨; લેખક : આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ.
૯. કીર્તનરત્નમાલા; પ્રકાશક : કોઠારી રણછોડ ભગત, મુંબઈ : સં. ૧૯૯૦.
૧૦. શ્રીસત્સંગિજીવન; લેખક : સદ્. શતાનંદ મુનિ.
૧૧. શ્રીહરિલીલાકલ્પતરુ; લેખક : બ્ર. અચિંત્યાનંદજી.
૧૨. શ્રીહરિચરિત્રામૃતસાગર (વ્રજ ભાષા); લેખક : સદ્. આધારાનંદ સ્વામી.
૧૩. સ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર; સંશોધક : સ્વામી ઘનશ્યામસ્વરૂપ દાસજી, અમદાવાદ સં. ૨૦૨૫.
૧૪. ધી હિમાલયાઝ – એ જર્ની ટુ નેપાલ; લેખક : ટાકેહીરે કામાચી (જાપાનીઝ), એલાઈડ પબ્લિશર્સ, મુંબઈ : સં. ૧૯૬૮.
૧૫. શ્રીહરિચરિત્રચિંતામણિ; લેખક : સદ્. રૂઘનાથચરણદાસ, જૂનાગઢ : સં. ૧૯૮૪.
૧૬. શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર; લેખક : સદ્. માધવદાસ સ્વામી, સંપાદક અને પ્રકાશક : રમણલાલ અંબાલાલ ભટ્ટ, અમદાવાદ : સં. ૨૦૧૩.
૧૭. નેપાલ એન્ડ ઈસ્ટ ઇંડિયા કંપની; લેખક : સન્યાલ.
૧૮. ધી રાઈઝ ઓફ ધી હાઉસ ઓફ ગોરખા; લેખક : પ્રો. લુડવીગ એફ. સ્ટીલર, પ્રકાશક : રત્ન પુસ્તક ભંડાર, ભોટાહિલ કાઠમંડુ, નેપાલ.
૧૯. ઢાકા; લેખક : અહમદ હસન દાણી, પ્રકાશક : પ્રાણવલ્લભ ચક્રવર્તી, ઢાકા, ૧૯૨૩.
૨૦. હિસ્ટરી ઓફ ઓરીસા; લેખક : આર. ડી. બેનરજી, પ્રકાશક : આર. બેનરજી, કલકત્તા, ૧૯૩૧.

૨૧. ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર ઑફ બેંગલોર, પુરી.
૨૨. સંન્યાસિન્સ એન્ડ ફકીર રેઈડર્સ ઈન બેંગાલ; લેખક : જામિની મોહન ઘોષ; પ્રકાશક : બેંગાલ સેક્રેટરિયેટ બુક ડિપો, કલકત્તા.
૨૩. શ્રીહરિવનવિચરણ; લેખક : શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસજી (નવ્ય ન્યાયશાસ્ત્રી), સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ; સંશોધક : શિવશંકર ગોપાળભાઈ દવે, લૂણાવાડાવાળા, સં. ૨૦૩૧.
૨૪. પ્રસાદીના પત્રો; પ્રકાશક : માધવલાલ દલસુખભાઈ કોઠારી, અમદાવાદ.
૨૫. તીર્થજ્યોતિ; લેખક : હર્ષદરાય દવે, પ્રકાશક : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સસ્થા.
૨૬. બાપુ ગોખલે યાંચે ચરિત્ર (મરાઠી); લેખક : શંકર તુકારામ શાલિગ્રામ, ઈ.સ. ૧૮૮૨.
૨૭. 'સંત નિર્વાણ સાહેબ' ગ્રંથ.
૨૮. સ્મરણિકા - ધી અખિલ ભારતીય બાજ ખેડાવળ હિતવર્ધક સભા, અધિવેશન ૧૧મું; તા. ૧૮-૧-૧૯૭૬.
૨૯. અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો; સંપાદક : સંશોધક : પ્રકાશક : શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ, સને ૧૯૭૩.
૩૦. શ્રી સ્વામિનારાયણ : જેતલપુર યજ્ઞ મહોત્સવ વિશેષાંક; લેખક : મહંત શાસ્ત્રી નરનારાયણદાસજી, જેતલપુર.
૩૧. શિક્ષાપત્રી ભાષ્ય-અર્થદીપિકા; લેખક : સદ્. શતાનંદ મુનિ.
૩૨. ધર્માખ્યાન; લેખક : સદ્. મુક્તાનંદ સ્વામી.
૩૩. શ્રીહરિનું સચિત્ર જીવનચરિત્ર; લેખક : પુરાણી નારાયણપ્રિયદાસ, ગઢડા; પ્રકાશક : પંચોળી બચુભાઈ નારણભાઈ, ચીખલી
૩૪. શ્રીહરિ સ્વરૂપનિર્ણય; લેખક : સદ્. ગોપાળાનંદ સ્વામી, ભાષ્યકાર : શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય.
૩૫. સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ; લેખક : વૈદ્ય મૂળજીભાઈ રામનાથ, વડોદરા, સને ૧૯૨૯; પ્રકાશક : વૈદ્ય શાસ્ત્રી રામકૃષ્ણ કેશવરાવ, વડોદરા.
૩૬. તદ્રૂપાનંદ સ્વામીની વાતું; પ્રસિદ્ધકર્તા : સત્સંગમંડળ, ધ્રાંગધ્રા
૩૭. સત્સંગિભૂષણ; લેખક : બ્ર. વાસુદેવાનંદજી; અનુવાદક અને પ્રકાશક : માધવલાલ દલસુખભાઈ, કોઠારી, અમદાવાદ. સં. ૧૯૯૪.
૩૮. સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતું; પ્રકાશક અને સંશોધક : સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ.

૩૯. દુર્ગપુર માહાત્મ્ય (મૂળ સંસ્કૃત); લેખક : આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, સંપાદક : મૂળજીભાઈ છ. પંજવાણી, પ્રકાશક : બાઢડા સત્સંગ મંડળ.

૪૦. સદ્. પૂર્ણાનંદ કાવ્ય; લેખકો : સાગરદાન શિવદાન સ્વામિનારાયણ તથા કવિ અક્ષરદાન પ્રભુદાસ ટાપરિયા; પ્રકાશક : કવિશ્રી અક્ષરદાન પ્રભુદાસ ટાપરિયા, હેબતપુર, તા. દસાડા, સં. ૨૦૨૫.

૪૧. સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય; લેખક : શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા; પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, સને ૧૯૪૦.

૪૨. ભક્તશિરોમણિ ઠાકોર શ્રી ઝીણાભાઈ; સંપાદક : શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી, જૂનાગઢ; પ્રકાશક : સ્વામિનારાયણ સત્સંગમંડળ, જૂનાગઢ. સં. ૨૦૧૮.

૪૩. અનાદિ મહામુક્તરાજ શ્રી ભગા દોશીનું જીવનવૃત્તાંત; લેખક અને સંપાદક : રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નુ, કાલાવડ, જિ. જામનગર; પ્રકાશક : શ્રી રમણિકલાલ મોહનલાલ દોશી, મુંબઈ, સં. ૨૦૨૮.

૪૪. ખાનબહાદુર અરદેશરજી શેઠ (કોટવાલ સુરત); સંપાદક, લેખક, પ્રકાશક : રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નુ, કાલાવડ, સં. ૨૦૨૧.

૪૫. શ્રી બ્રહ્મસંહિતા – સદ્. બ્રહ્માનંદ સ્વામીનું જીવન અને કવન; સંપાદક અને પ્રકાશક : રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નુ, કાલાવડ; સંગ્રાહક : પાર્ષદવર્ય શ્રી કેસર ભક્ત, અમદાવાદ, સં. ૨૦૧૭.

૪૬. શ્રી પુરુષોત્તમલીલામૃત સુખસાગર; શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી વિરચિત, છપાવી પ્રસિદ્ધ કરનાર : મહેતા ભોગીલાલ પુરુષોત્તમભાઈ, ભુજ સં. ૧૯૯૧.

૪૭. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો; છપાવી પ્રસિદ્ધ કરનાર બ્ર. કૃષ્ણાનંદ, મુ. ગઢપુર.

૪૮. શ્રી પુરુષોત્તમલીલામૃત સુખસાગર; લેખક : સ્વામી અચ્યુતદાસજી; સંશોધક : શાસ્ત્રી ધર્મજીવનદાસજી, ભુજ, સં. ૨૦૩૦.

૪૯. ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી અક્ષરબ્રહ્મ શ્રીગુણાતીતાનંદ સ્વામી; લેખક : હર્ષદરાય ત્રિ. દવે, પ્રકાશક : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સં. ૨૦૩૩.

૫૦. શ્રીહરિકૃષ્ણલીલામૃત (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ); લેખક : સદ્ મહાનુભાવાનંદ સ્વામી અનુવાદક અને સંશોધક : શા. દેવચરણદાસજી; પ્રકાશક : શાસ્ત્રી સ્વયંપ્રકાશ-દાસજી, અમદાવાદ, સં. ૨૦૧૭.

૫૧. વહેલાલ ઐતિહાસિક રૂપરેખા; લેખક : ભાઈલાલભાઈ આશાભાઈ પટેલ, ઑક્ટોબર ૧૯૭૭.

૫૨. સ્વામિનારાયણ સંહિતા; લેખક : પુરાણી સ્વામી દેવચરણદાસ, મૂળી; પ્રસિદ્ધકર્તા : સાધુ પુરુષોત્તમચરણદાસ, મૂળી, સં. ૨૦૨૦.

૫૩. શ્રી મરાઠા સુપ્રીમસી; મુખ્ય સંકલનકાર : શ્રી આર. સી. મજુમદાર; મદદનીશ સંકલનકાર : શ્રી વી. જી. ડીઘે; પ્રકાશક : ભારતીય વિદ્યા ભવન, મુંબઈ.

૫૪. કચ્છ કલાધર; લેખક : શ્રી દુલેરાય કારાણી; પ્રકાશક : યતિશ્રી કેસરીચંદ્ર, ચારિત્ર રત્નાશ્રમ-સોનગઢ (સૌરાષ્ટ્ર).

૫૫. લાઈફ એન્ડ કોરસપોન્ડન્સ ઓફ મેજર જનરલ સર જોન માલ્કમ; લેખક : જોન વિલીયમ કે; પ્રકાશક : મે. સ્મીથ એલ્ડર એન્ડ કું. લંડન.

૫૬. એન એકાઉન્ટ ઓફ ધી કિંગડમ ઓફ નેપાલ; લેખક : કર્નલ કર્કપેટ્રિક-લંડન

૫૭. મોડર્ન નેપાલ; લેખક : ડી. આર. રેગ્મી

૫૮. દેશવિભાગનો લેખ; છપાવી પ્રસિદ્ધ કરનાર મહંત શાસ્ત્રી ચૈતન્યદાસજી, સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ, સં. ૧૯૯૭

૫૯. ઉમરેઠમાં હરિલીલા ચિન્તવની; સંપાદક તથા પ્રકાશક : દવે પુરુષોત્તમ દામોદર, મુ. ઉમરેઠ, સં. ૧૯૭૭.

૬૦. ઇમ્પીરિયલ ગેઝેટિયર ઓફ ઇંડિયા; પ્રકાશક : સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા, સને ૧૯૦૮.

૬૧. સહજાનંદ ચરિત્ર; સંપાદક : પ્રૉ. રમેશ મ. દવે; પ્રકાશક : શ્રી અક્ષરપુરુષોત્તમ (સ્વામિનારાયણ) યુવક મંડળ, દાદર, મુંબઈ, સને ૧૯૭૪.

આ ઉપરાંત સત્સંગમાં પ્રગટ થતાં બીજાં સામયિકોનો પણ આધાર જ્યાં જરૂર પડી ત્યાં લીધો છે. બહુ વિસ્તારના ભયથી એ સૂચિ અત્રે આપી શકાઈ નથી.

પ્રથમ ભાગ પ્રગટ થતો હોવાથી તમામ ગ્રંથોની સૂચિ આ ભાગમાં જ આપી દીધી છે.

આ ઉપરાંત શ્રીજીમહારાજનાં પ્રસાદી-સ્થાનોમાં જ્યાં જ્યાં શિલાલેખો મળ્યા તે ઉપરથી પણ માહિતી લીધી છે અને વિગતો પૂરી રીતે પ્રમાણભૂત છે તે સમજાવવા ઉપરના ગ્રંથોના પ્રમાણોના આધારે પ્રયત્ન કર્યો છે.

અનુક્રમણિકા

ઉદ્‌ગીથ ૧ : ભારતની દુર્દશાનું કરુણ ચિત્ર

ઉદ્‌ગીથ ૨ : પ્રાગટ્યનો પૂર્વ ઇતિહાસ

ઉદ્‌ગીથ ૩ : પુરુષોત્તમનું પ્રાગટ્ય અને બાળલીલા

ઉદ્‌ગીથ ૭ : દિવ્ય વનવિચરણ

ઉદ્‌ગીથ ૮ : નરનારાયણના આશ્રમમાં

ઉદ્‌ગીથ ૯ : પાછા અયોધ્યામાં અને ત્યાંથી ઉત્તર તરફ

ઉદ્‌ગીથ ૧૦ : નેપાળમાં

- **આ.સં. ૧૮૫૧-૧૮૫૨ (સને ૧૭૯૪-૧૭૯૬)**

ઉદ્‌ગીથ ૧૧ : પૂર્વ બંગાળમાં

- **આ.સં. ૧૮૫૩ (સને ૧૭૯૬-૧૭૯૭)**

ઉદ્‌ગીથ ૧૨ : જગન્નાથપુરીમાં

- **આ.સં. ૧૮૫૪ (સને ૧૭૯૭-૧૭૯૮)**

ઉદ્‌ગીથ ૧૩ : દક્ષિણની યાત્રા

ઉદ્‌ગીથ ૧૬ : તીર્થરાજ લોજપુરમાં

ઉદ્‌ગીથ ૧૭ : રામાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણીનું મિલન

ઉદ્‌ગીથ ૧૮ : ધર્મધુરાની સોંપણી

- આ.સં. ૧૮૫૮ (સને ૧૮૦૧-૧૮૦૨)

ઉદ્‌ગીથ ૧૯ : રામાનંદ સ્વામીનું તિરોધાન

ઉદ્‌ગીથ ૨૦ : સોરઠમાં વિચરણ

ઉદ્‌ગીથ ૨૧ : સમાધિ દ્વારા શ્રીહરિનાં ઐશ્વર્યનું દર્શન

- આ.સં. ૧૮૫૯ (સને ૧૮૦૨-૧૮૦૩)

गीर्वाणेन्द्र-किरीट-कोटि-पटलव्याघट्टनाङ्घ्र्यासनं
कारुण्यार्णव-पुण्य-सद्गुणमणि-श्रेणि-श्रियं कारणम्।
नैकाण्डोद्भव-पालनादिकलनालीलं ललामं सतां
श्रीधार्मिं पुरुषोत्तमं च सहजानन्दं हरिं तं भजे।

બ્રહ્માદિક દેવતાઓના નિયંતા,
તેમના કોટિ કોટિ મુગટો જેમના ચરણકમળમાં પ્રણિપાત કરે છે,
ત્યાં સ્થિર થઈને આસન કરે છે,
એવા કરુણાસાગર, પવિત્ર,
સત્યશૌચાદિક ગુણરૂપી મણિઓની પંક્તિની શોભાવાળા,
પુરુષ, કાળ, માયા આદિના કારણ,
અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની રચનારૂપી લીલા કરનારા,
સત્પુરુષોના ભૂષણરૂપ,
શ્રી ધર્મપુત્ર પુરુષોત્તમ સહજાનંદ સ્વામી શ્રીહરિને હું ભજું છું.


– શ્રીહરિલીલાકલ્પતરુ : સ્કંધ ૧, અ. ૧-૩



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય-મુક્તો લઈ;
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી;
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ.

ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



બ્રહ્મસ્વરૂપ
ભગતજી મહારાજ




બ્રહ્મસ્વરૂપ
શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ



સમગ્ર ભૂમંડલમાં સ્વામિનારાયણીય ધર્મરથને પ્રસરાવનાર,
માનવમાત્રના ઉત્કર્ષ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર,
પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણની ગુણાતીત સંતપરંપરાના
પાંચમા આધ્યાત્મિક અનુગામી,
વિશ્વવંદનીય સંતવિભૂતિ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં ચરણારવિંદ

પોતાનાં દિવ્ય ચરણારવિંદથી વસુંધરાને પાવન કરનાર
પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણે
કૃપા કરીને આપેલાં પોતાનાં
ચરણારવિંદની કુમકુમ છાપ

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

મંગલાચરણ



વૈરાટ બ્રહ્માના પારને વેદો પણ પામી શક્યા નથી.
એમ વૈરાટની મહત્તા 'નેતિ' 'નેતિ' વર્ણવી છે.
ત્યારે જેના રોમકૂપના અગ્રભાગમાં જેટલું જળ રહ્યું છે
તેમાં અનંત ક્ષુદ્ર વૈરાટ બુદબુદા તરંગની પેઠે ઊપજે છે અને
પાછા તેમાં લય થાય છે તેવા
અક્ષરબ્રહ્મ – પરમાત્મા શ્રીહરિનું પરમધામ – તેમનો
અને તેથી પર શ્રી પુરુષોત્તમ નારાયણ
તેમના મહિમાનો પાર તો શી રીતે પામી શકાય ?
અર્થાત્ તેમનો મહિમા કલ્પનાતીત છે અને
તેથી શબ્દાતીત છે. છતાં
તેમનો મહિમા ગાવાનો, તેમનાં અનંત કલ્યાણકારી ચરિત્રો
આલેખવાનો આ અલ્પ પ્રયાસ
તેમના દિવ્યસ્વરૂપની ભક્તિ કરવાને અર્થે જ કર્યો છે.
તે ભક્તિમાં અશુભ દેશકાળાદિક વિઘ્ન ન કરે
તેવી શ્રી પુરુષોત્તમ નારાયણનાં ચરણકમળમાં પ્રાર્થના કરીને
આ ગ્રંથ પુલકિત હૃદયે તેમની જ પ્રેરણાના બળથી હું રચું છું.



ઉદ્‌ગીથના પ્રારંભે...

પુરુષોત્તમ નારાયણના પ્રાગટ્યનો દિવ્ય હેતુ

સર્વાવતારી પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આ વસુંધરા પર કરુણા કરીને પ્રગટ થયા, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' તરીકે દિવ્ય નામાભિધાન ધારણ કરી પૃથ્વી ઉપર સર્વ જીવોને નયનગોચર થયા, અનેક દિવ્ય ચરિત્રો કરી તેમણે પોતાની મનુષ્ય લીલાને પોતામાં જ સમાવી લીધી.

આ પૃથ્વી પર એમનું દિવ્ય પ્રાગટ્ય એ શું કોઈ આકસ્મિક ઘટના હતી ? કે એમના પ્રાગટ્યને કોઈ પૌરાણિક ઘટના સાથે સંબંધ હતો ? એમના આ દિવ્ય પ્રાગટ્યનો હેતુ શો હતો ?

ભગવાન સ્વામિનારાયણના સમકાલીન પરમહંસ શિષ્યોએ ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યનું નિમિત્ત અને તેનો હેતુ દર્શાવતાં જુદા જુદા ગ્રંથોમાં પોતાની મતિ અનુસાર વિવિધ વર્ણનો કર્યાં છે. પરંતુ ભગવાન સ્વામિનારાયણે સ્વમુખે પોતાના પ્રાગટ્યનો હેતુ દર્શાવ્યો છે, તે સૌથી વધુ સ્મરણીય છે.

આ વસુંધરા પર તેમના પ્રાગટ્યનું નિમિત્ત, એ તેઓની અનંત જીવો પર માત્ર અકારણ કરુણા જ છે. તેઓ વચનામૃત ગઢડા પ્રથમના ૭૮મા કહે છે : "અક્ષરાતીત ને મન-વાણી થકી અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, 'જ્ઞાની-અજ્ઞાની એવા જે મૃત્યુલોકના મનુષ્ય તે સર્વે મને દેખો', એમ ધારીને સત્ય સંકલ્પ એવા, જે **ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે.**" આ અહૈતુકી કરુણા જ આ બ્રહ્માંડમાં તેમના પ્રાગટ્યનું નિમિત્ત બની છે.

પરંતુ આ કૃપા કરવાનો હેતુ શો છે ? ભગવાન સ્વામિનારાયણ પોતાના પ્રાગટ્યનો હેતુ દર્શાવતાં જૂના ખરડામાં લખાવ્યું છે કે "દૂસરા અવતાર હૈ સો

કાર્ય-કારણ અવતાર હુઆ હૈ ઔર **મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હૂં."**

અનંત જીવો પર કેવળ દયાએ કરીને અવતાર ધારણ કરતા ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃતમાં કહ્યું છે : "અને તે અક્ષરધામને વિષે રહ્યા જે એ ભગવાન તે જે તે તે મુક્ત પુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્ત પુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે. અને એવા સર્વોપરિ જે પુરુષોત્તમ ભગવાન **તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે** ને તમારા ઇષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી એ બે એક જ છે. અને **એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરિ વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે** અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે."

આ ઉપરાંત વચનામૃત ગઢડા પ્રથમ ૬૩, ૭૧, ૭૨ વગેરે અનેક વચનામૃતોમાં પોતાના પ્રાગટ્યનો હેતુ દર્શાવતાં શ્રીહરિએ સ્વમુખે કહ્યું છે કે અક્ષરાતીત પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે કૃપા કરીને જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે મનુષ્યરૂપે પ્રગટ થાય છે.

પ્રાગટ્યનો એક વિશેષ હેતુ દર્શાવતાં તેઓ વચનામૃત ગઢડા મધ્ય ૪૬માં કહે છે કે ભગવાન "ધર્મના સ્થાપનને અર્થે" પ્રગટ થાય છે. પરંતુ એ ધર્મ એટલે વર્ણાશ્રમ ધર્મ નહીં, પરંતુ "પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તે પ્રવર્તાવવાને અર્થે" પ્રગટ થાય છે.

તો વળી, કારિયાણી પ્રકરણના ૫મા વચનામૃતમાં શ્રીહરિ પોતાના પ્રાગટ્યનું પ્રયોજન દર્શાવતાં કહે છે કે **'પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે.** અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે ને ધર્મનું સ્થાપન પણ કરે છે.'

શ્રીહરિના પ્રાગટ્યનું નિમિત્ત દર્શાવતાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં શ્રીહરિના જ વાર્તાલાપને ટાંકતા કહે છે : "મહારાજે વરતાલમાં સર્વે હરિજન આગળ સભામાં કહ્યું જે, આ (પોતાના) ચરણારવિંદની વિરાટ પુરુષે પચાસ વરસ ને દોઢ પહોર દિવસ સુધી સ્તુતિ કરી હતી ત્યારે આ બ્રહ્માંડમાં પધાર્યા છે."

આમ, કરુણા કરીને આ બ્રહ્માંડે અવતરીને તેમણે અનંત જીવોનાં કલ્યાણ માટે કરેલી દિવ્ય લીલાઓનું આચમન એટલે આ દિવ્ય ચરિત્રગ્રંથ. આ દિવ્ય ચરિત્રગ્રંથનો આરંભ કરતાં પહેલાં તેમના પ્રાગટ્યના આ હેતુને લક્ષ્યમાં રાખીશું તો તેમની પ્રત્યેક ક્રિયામાં, તેમના પ્રત્યેક લીલાચરિત્રમાં તેમની અકારણ કરુણા જ પ્રતીત થશે. અને એ કરુણામય દિવ્યતાના મહાસાગરમાં વિહાર કરવા માટે આ ચરિત્રગ્રંથ પુણ્ય ભૂમિકા પૂરી પાડશે.

આવો, ઇતિહાસનાં અજોડ પૃષ્ઠો પર અંકાયેલાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય કરુણામય ચરિત્રોમાં અવગાહન કરીએ...



ઉદ્‌ગીથ ૧

ભારતની દુર્દશાનું કરુણ ચિત્ર

૧૮મી સદીના પહેલાંના કાળનું અવલોકન આપણે અહીં નહીં કરીએ, તે પછીનો કાલવિસ્તાર જોઈએ. મોગલ સલ્તનત ભાંગી ગઈ હતી. અહમદશાહ પછી આલમગીર બીજાનો કેવળ પાંચ વર્ષનો સમય મોગલ શહેનશાહની પૂરી દુર્દશાનો હતો. તે સમયમાં ઇંગ્લેન્ડની ઈસ્ટ ઇંડિયા કંપની સરકારે ભારતમાં વેપારના નેજા નીચે સત્તાની જમાવટ કરવાની શરૂઆત કરી હતી. મુસલમાન, મરાઠા અને રાજપૂતોનાં બળો એકબીજાને ભાંગતાં હતાં. જેનો લાભ કંપની સરકારને મળતો હતો. ભારતને ખૂણે ખૂણે અસ્થિરતાનું અને ભયનું વાતાવરણ વ્યાપ્યું હતું. સત્તાની સાઠમારીમાં લોકોના જીવ અદ્ધર રહેતા અને 'સૂંડલે ઉચાળા' જેવી તેમની સ્થિતિ હતી. રાજકીય, આર્થિક કે સામાજિક ક્ષેત્રે સમગ્ર ભારતનું ચિત્ર ધૂંધળું હતું.

ગુજરાત અને સૌરાષ્ટ્રની ભૂમિમાં તો કેર વર્તી રહ્યો હતો. કર્નલ વૉકર ઈ.સ. ૧૮૦૭માં સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે સારાયે સૌરાષ્ટ્રમાં અંધાધૂંધી અને અરાજકતા વ્યાપેલાં હતાં. દર વર્ષે ખંડણી ઉઘરાવવા આવતાં મરાઠા લશ્કરો ખુલ્લેઆમ લૂંટ ચલાવતા. તેથી ગામડાંઓ અને શહેરો ઉજ્જડ બની ગયાં હતાં. લોકો પોતાની સલામતી માટે કિલ્લાબંધ શહેરો પસંદ કરતા. કંડોરણાથી રાજકોટ સુધીના ત્રીસ ગામડાંઓનો પ્રદેશ તો તદ્દન ઉજ્જડ થઈ ગયો હતો અને ત્યાં વિનાશની આંધી વરસી ગઈ હતી. આ અરાજકતાના વાતાવરણમાં લોકોને ખાવાના સાંસા પડી ગયા હતા. લૂંટફાટની ઝંઝાવાતમાં દરેક પોતાના પડોશીને જ લૂંટવા પ્રેરાતા.[૧]

અઢારમી સદીમાં મુસલમાન રાજ્યની પડતી થતાં સૌરાષ્ટ્રની ભૂમિને

૧. 'હિસ્ટરી ઑફ કાઠિયાવાડ'; લેખક : વિલ્બર ફોર્સ બેન, પાના નં. ૧૭૯.

મરાઠાના લશ્કરે ખૂંદી નાખી હતી અને બહારથી આવતાં આ ધાડાં તેમજ અંદરઅંદરની લડાઈઓથી સૌરાષ્ટ્રની રસાળ ધરતી લોહિયાળ બની ગઈ હતી. અંદર અંદરની લડાયક કોમોએ પણ શાંતિને ફગાવી દઈ સૌરાષ્ટ્રમાં અશાંતિના ઓળા પાથરી દીધા હતા. છતાં એ ધરતીની ફળદ્રૂપતા વધતી જતી હતી, તેથી દખ્ખણની પથરાળ ભૂમિનાં ધાડાં પોતાના દેશમાં જે ન મળતું તે અહીં લૂંટવા આવતાં.[૨]

ગુજરાતમાં પણ ગાયકવાડ અને પેશ્વાના અંદર અંદરના ઝઘડાના કારણે અરાજકતા વ્યાપી ગઈ હતી. મરાઠાઓની સત્તાનો દોર ઢીલો પડતો હતો. બાજીરાવ પેશ્વાના પતન પહેલાં ગુજરાતની હકૂમત કંપની સરકાર સર કરતી જતી હતી. સને ૧૮૧૯માં પેશ્વાનું પતન થયું અને બ્રિટિશ હકૂમત ગુજરાત ઉપર શરૂ થઈ. ગાયકવાડે આ જ અરસામાં સૌરાષ્ટ્રનાં રાજ્યો પાસેથી ખંડણી ઉઘરાવવાનું કામ બ્રિટિશ સલ્તનતને સોપ્યું, તેથી મરાઠા હકૂમતનો ગુજરાતમાંથી અંત આવી ગયો.[૩]

ધાર્મિક ક્ષેત્રે પણ ભારતની દુર્ગતિ ઓછી ન હતી. આ જ સમયમાં ઘણા ખરા સંન્યાસીઓ પ્રજાને માર્ગદર્શન આપવાને બદલે પ્રજા ઉપર આફતોનો વરસાદ વરસાવતા હતા. ભારતની ભોળી, અજ્ઞાની અને વહેમી પ્રજા તેમનામાં ગુરુભાવ રાખી, તેમની પાસેથી અર્થ અને કામની આશા સેવી, તેમની જંગાલિયતને પોષતી હતી.

આ જમાતનો ઈતિહાસ વિચિત્ર છે. ઠેઠ કાબૂલથી માંડીને તિબ્બતના દક્ષિણ ભાગ સુધીના પ્રદેશ ઉપર જાણે તેમણે સત્તા જમાવી હોય તેવું લાગતું હતું. આ જમાતના બાવાઓમાં ઘણા ખરા નાગા બાવાઓ હતા. તેમને ઘરબાર કે કુટુંબ ન હતાં. નદીના પ્રચંડ પૂરની જેમ જ્યાં તેમનાં ધાડાં પડતાં, ત્યાં તેમનો ત્રાસ કમકમાં ઉપજાવે તેવો બની રહેતો. જે ગામમાં કે શહેરમાં તેમનો મુકામ થયો હોય ત્યાંથી તે પ્રદેશના તંદુરસ્ત છોકરાઓનું તેમની જમાતમાં ભેળવવા તેઓ અપહરણ કરી જતા. શરીરે તગડા અને કાર્યમાં ચપળ તેઓમાંના કેટલાક તો વેપાર પણ કરતા. જાત્રા કરવાને બહાને તેઓ નીકળતા એટલે લોકો તેમના પ્રત્યે માનથી જોતા. તેથી તેમનાં કાળાં કામોની બાતમી લોકો તરફથી તે તે

૨. 'હિસ્ટરી ઑફ કાઠિયાવાડ'; પાના નં. ૧૨૧.

૩. 'હિસ્ટરી ઑફ ગુજરાત'; મરાઠા પિરિયડ ૧૭૫૭-૧૮૧૭, લેખક જે.એ. બેઈન્સ, પાના નં. ૧-૨.

પ્રાંતની રાજ્ય સત્તાને મળી શકતી નહિ. ઘણી વખત તો એવું બનતું કે ગમે તે પ્રદેશમાં જાણે આકાશમાંથી ટપકી પડતાં હોય તેમ તીડનાં ટોળાંની માફક તેઓ ઊભરાતા અને તે પ્રદેશને સારી રીતે ધમરોળીને બીજે ચાલ્યા જતા. આવી હતી સંન્યાસીઓની – હિન્દુસ્તાનના જિપ્સીઓની – આ જમાત ![૪]

ધાર્મિક ક્ષેત્રે હિન્દુસ્તાનમાં આવા બાવાઓની જમાતોએ અરાજકતા આણી હતી. તાંત્રિકો અને માંત્રિકોનું જોર ઘણું હતું. માંસભક્ષણ, મદ્યપાન અને વ્યભિચારમાં પંડિતોનું પોષણ થતું. વૈદિક ધર્મને નામે જે કાંઈ આચરવામાં આવતું, તે ધર્મને નામે ધૂર્તવાદને અનુકૂળ થાય તેવું હતું. ભગવાન વેદવ્યાસના યુગમાં તો ભક્તિના પુત્રો જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધત્વને પામ્યા હતા, જ્યારે આ યુગમાં તો જ્ઞાન, વૈરાગ્ય કે ભક્તિનું અસ્તિત્વ જ નામશેષ રહેવા પામ્યું હતું. 'ઇન્સાન મીટા દુંગા'ની ભાવનાનો અતિ વિપરીત કાળ આ સમયમાં પ્રવર્તતો હતો. સર્વત્ર જાણે પોપાબાઈનું રાજ્ય હોય તેવી દુર્દશા ફેલાઈ હતી. દોંગાઈએ માઝા મૂકી હતી !

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આ જમાતનું જોર ઓછું ન હતું. વૈદિક ધર્મના તમામ નિયમોને અવગણીને મદ્ય, માંસ અને મૈથુનમાં સૌ આસક્ત બની ગયા હતા. વામ માર્ગ, ચોળિયો માર્ગ, શક્તિપંથ વગેરે પંથો વ્યભિચારની પ્રવૃત્તિમાં જ મોક્ષ માનતા અને મનાવતા. ગુજરાતમાં મુખ્યત્વે શૈવ, વૈષ્ણવ, જૈન અને શાક્ત એ સંપ્રદાયો જોરમાં પ્રચલિત હતા. પરંતુ સમય અને સંયોગને બળે શાક્ત મત વધારે પ્રસરતો હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે સમાજની નૈતિક અધોગતિ આગળ જણાવ્યા પ્રમાણે બહુ જ હતી. વળી, ગુજરાતમાં પેશ્વાના સૂબા જેવા પણ શાક્ત હતા. આથી એ મતને નામે દુરાચરણોને ખૂબ વેગ મળતો હતો. તે એટલે સુધી કે મોટે ભાગે ઉપરથી શૈવ, વૈષ્ણવ કે જૈન જણાતા છતાં અંદરથી લોકો શાક્ત આચારોને અનુસરતા થઈ ગયા હતા. આ અરસામાં, મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાંથી મહાજને ૬૦ મણ માંસ કઢાવ્યું હતું, જે તેણે પ્રીતિ ભોજન માટે તૈયાર કરાવ્યું હતું ! આ એક જ દૃષ્ટાંત વસ્તુસ્થિતિનું સ્વરૂપ સમજવાને બસ થશે.[૫]

---

૪. 'ધી સન્યાસિન્સ ઑફ મૈમનસિંહ'; લેખક : જામિની મોહન ઘોષ, પાના નં. ૨૨-૨૩.

૫. 'સ્વામિનારાયણ સંપ્રદાયની ઐતિહાસિક સમાલોચના'; લેખક : ત્રિ.ગૌ. વ્યાસ, 'ગુજરાતી સાહિત્ય સંમેલન' અધિવેશન ૧૨મું. ધર્મ અને તત્ત્વજ્ઞાન વિભાગ. પાના નં. ૩૬.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તે સમયના ભારતના ધાર્મિક અને નૈતિક અધઃપતનનું વર્ણન કરતાં લખે છે :

ચારે વર્ણ ને ચારે આશ્રમ, તેણે ત્યાગી દીધા નિજ ધર્મ.
અસત્ય ગુરુએ અવળું બતાવી, દીધો અધર્મ ધર્મ ઠરાવી;
રાજા ઉન્મત્ત થઈ અપાર, કર્યો સત્ય ધર્મનો સંહાર.
આપે પાપ કરે અણલેખે, તેમ પ્રજા કરે દેખાદેખે;
નરનારી નિયમમાં નથી, કહીએ તેની ભૂંડાઈ શું કથી.[૬]
રાજા પ્રજા તજી સત્ય રીતિ, આપ સ્વાર્થે કરે છે અનીતિ;
ત્યાગી ગૃહી તજી નિજ ધર્મ, વિષય સારુ કરે છે વિકર્મ.
નરનારી અપાર છે કામી, કરે ગોત્રમાં ગમન હરામી;[૭]

આવા રાજકીય અને ધાર્મિક અંધાધૂંધીના સમયમાં ગુજરાત અને સૌરાષ્ટ્રનું નવનિર્માણ કરવાનું કામ કેટલું દુષ્કર હતું તેનો સહેજે ખ્યાલ આવી જાય છે. શ્રી સહજાનંદ સ્વામીનું મુખ્ય કાર્યક્ષેત્ર આ કપરો પ્રદેશ હતું.

✧

ઉત્તર પ્રદેશમાં ગોંડા જિલ્લો એ શ્રી સહજાનંદ સ્વામી મહારાજનું જન્મથી પૌગંડાવસ્થા સુધીનું કાર્યક્ષેત્ર હતું. તેથી તે પ્રદેશનું આછું ચિત્ર પણ સમજવું જરૂરી છે.

ઉત્તર પ્રદેશમાં ગોરખપુર જિલ્લા સિવાય ગોંડા જિલ્લામાં બ્રાહ્મણોની વસતી વધારે હતી. તેમાંની મુખ્ય શાખા સરવરિયા બ્રાહ્મણોની હતી. તે સિવાય કનૌજી, સકલદીપી અને સંધની શાખાઓ પણ હતી. ગોંડા જિલ્લાના બ્રાહ્મણો શૂરવીરતા અને લડાયક ખમીર માટે જાણીતા હતા. તેથી ત્યાંના બિષન વંશના રાજાના લશ્કરમાં આ બ્રાહ્મણો મુખ્ય હરોળમાં હતા. આ બ્રાહ્મણો તેમના ખાનગી વ્યવસાયમાં જમીનદારો હતા અને બીજી કોઈ પણ કોમ કરતાં તેમની પાસે જમીન વિશેષ પ્રમાણમાં હતી. અયોધ્યાના મહારાજા (તાલુકદાર) જે સકલદીપી બ્રાહ્મણ હતા તેમની પાસે અયોધ્યા જિલ્લામાં સૌથી વધુ જમીન હતી. તિવારી અને પાંડે બ્રાહ્મણો પાસે પણ પુષ્કળ જમીનો હતી.[૮] આ જમીનોના

૬. 'ભક્તચિંતામણિ'; પ્રકરણ : ૬, ૪૨-૪૪.

૭. એજન; પ્રકરણ : ૭, ૨૪-૨૫.

૮. 'ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર ઓફ યુ.પી.'; પુસ્તક XLiii સંપાદક : એચ.આર. નેવીસ (ફૈઝાબાદ) અને પુસ્તક XLiv ગોંડા જિલ્લો.

વહીવટ માટે અને એકબીજાની જમીનોનો કબજો લઈ લેવા માટે તેમનામાં અંદર અંદર પ્રપંચો થતા, ખૂનો થતાં, લડાઈઓ થતી. બ્રાહ્મણોના આ લડાયક ખમીરે પરશુરામની ગાથાને વાચા આપી હતી. તે ઈતિહાસનું પુનરાવર્તન કરવા માટે જ જાણે તેઓ જન્મ્યા હોય તેમ તેમના વ્યવસાય ઉપરથી લાગતું.

આ રીતે મોટામાં મોટા તાલુકદાર જો થયા હોય તો તે ગોંડાનું પાંડે કુટુંબ હતું, જેમની સમૃદ્ધિ અને સત્તા સાથે તે જિલ્લામાં કોઈ મુકાબલો કરી શકતા નહિ.[૯]

---

૯. ડિસ્ટ્રિક્ટ ગેઝેટીયર, પાના નં. ૧૫૧.

ઉદ્ગીથ ૨



પ્રાગટ્યનો પૂર્વ ઈતિહાસ

(આ.સં. ૧૭૯૬-૧૮૩૬, ઈ.સ. ૧૭૪૦-૧૭૮૦)

ધર્મનો જન્મ

ભારતના ઉત્તર પ્રદેશના કોસલ દેશમાં સરવાર પ્રદેશ છે. આ પુણ્ય ભૂમિમાં પવિત્ર સરયૂ સરિતા તટે એક સુંદર વન આવેલું છે. ફળ અને ફૂલોનાં વૃક્ષોથી સમૃદ્ધ દેવભૂમિ સમા આ વનની નજીક ઈટારપુર ગામ છે. જ્યાં બ્રાહ્મણો પ્રાતઃકાળમાં વેદની ઋચાઓનું ગાન કરે છે; યજ્ઞની વેદિમાં અગ્નિ અખંડ જ્વલિત રહે છે; જ્યાં ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો પોતપોતાના ધર્મમાં પ્રવૃત્ત રહે છે. એવા આ પવિત્ર ગામમાં ભક્તિમાર્ગમાં પ્રવર્તેલા, સ્વધર્મનિષ્ઠ સરવરિયા વિપ્રોમાં બાંસી શહેરના શિરનેત્ર[10] રાજાના પરમ આદરણીય પાંડે કન્હિરામ વિપ્ર રહેતા હતા. તેમના પિતા વેદમાન શર્મા અને પિતામહ વંશીધર શર્મા વિદ્વત્તામાં ખૂબ વિખ્યાત હતા. કન્હિરામ કેટલોક સમય પૂરતા મેહદાવપુરના નગરપતિના નિમંત્રણથી ત્યાં રહેવા આવ્યા હતા.[11] તેઓ ઈટારના પાંડે પણ કહેવાતા હતા.[12] તેમનો વેદ સામ, શાખા કૌથુમી, ગોત્ર સાવર્ણિ અને પ્રવર ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ એ ત્રણ હતા. વેદ અને અન્ય શાસ્ત્રોમાં પ્રવીણ પાંડે કન્હિરામથી ગામનું ગૌરવ વધ્યું હતું.

તેમના પુત્ર બાલશર્મા અને પુત્રવધૂ ભાગ્યવતીને ઘેર પ્રભુકૃપાએ વિ.સં. ૧૭૯૬ના[13] કાર્તિક સુદ એકાદશીને બુધવારના મધ્યાહ્ને પુત્રજન્મ થયો. પુત્રની

---

૧૦. સુરનેતા અને સૂરનેત્ર એવા પણ નામ-પાઠફેર જોવા મળે છે.

– પ્રસાદીના પત્રો; પાના નં. ૨૨૫, સંપાદક : માધવલાલ દલસુખરામ કોઠારી.

૧૧. સત્સંગિજીવન; ૧/૧૧/૫.

૧૨. શિરનેત્ર રાજાએ તેમના પુત્રને તેમની વિદ્યાથી પ્રભાવિત થઈ ઈટારગામ આપ્યું હતું.

૧૩. શ્રીહરિલીલામૃત; કળશ ૨, વિશ્રામ ૧.

દેવ સમાન કાંતિ હોવાથી તેમનું નામ દેવશર્મા પાડ્યું.

ધર્મના અંકુરોથી અંકિત આ બાળકના જન્મથી ઈટાર ગામમાં આનંદ-મંગળ વર્તવા લાગ્યા. ધીરગંભીર પ્રકૃતિના આ બાળકની સ્વસ્થતા સૌને મુગ્ધ કરી દેતી. ભૂખનું દુઃખ સહન કરતા, શીત અને ઉષ્ણ પણ સહેતા. આવી સાહજિક સહનશીલતાથી બાલશર્માને લાગ્યું કે કોઈ મોટા યોગી તેને ઘેર પધાર્યા છે. દેવશર્મામાં ધર્મનો અંશ ખૂબ જ પ્રધાન હોવાથી લોકો તેમને ધર્મદેવના નામે ઓળખવા લાગ્યા.

ધર્મદેવને આઠમે વર્ષે ઉપવીત સંસ્કાર કર્યો. તેમણે બ્રહ્મચર્ય આશ્રમમાં પ્રવેશ કર્યો. આ આશ્રમને અનુરૂપ થવા તેમણે પંચકેશ વધાર્યા. વેદ-વેદાંતનો અભ્યાસ શરૂ કર્યો. બ્રહ્મચર્ય પાલનમાં સજાગ રહેવા લાગ્યા. પાંચ વર્ષમાં સમગ્ર અભ્યાસ પૂરો થયો ત્યારે પિતા બાલશર્માએ પુત્રને પરણાવવા ઇચ્છા કરી. તે માટે તેમણે પુત્રની સંમતિ લીધી. તેમને પોતાના ગુણવાન પુત્રને અનુરૂપ પુત્રવધૂ જોઈતી હતી. પરમાત્માએ તો આ નક્કી જ કરી રાખ્યું હતું.

ભક્તિનો જન્મ

સરવાર દેશમાં મનોરમા નદી પાસે મખોડા તીર્થ છે. આ તીર્થની ઉત્તર કોરે છપૈયાપુર આવેલું છે. છપૈયાપુરની આજુબાજુ પ્રકૃતિએ સુંદરતા પાથરી દીધી છે. પુરની દક્ષિણ કોરે ફળ અને ફૂલોથી સમૃદ્ધ બગિહા અને ચૂડવા વન છે. પુરની વચ્ચે નારાયણ સરોવર આવેલું છે. મંદ અને શીતળ વાયુ ફળ અને ફૂલોની માદક સુગંધ પ્રસરાવી રહ્યો છે. કિલકિલ કરતાં પક્ષીઓ વાતાવરણમાં જામેલા મધુર સંગીતને વાચા આપતાં હતાં. પૂર્ણ પુરુષોત્તમ નારાયણની લીલા-ભૂમિનું પ્રાંગણ બનવા સર્જાયેલું આ નાનકડું પુર તેમની વિભૂતિ સમ શોભતું હતું.

આ પવિત્ર પુરમાં વિપ્ર કૃષ્ણશર્મા રહેતા હતા. આ કૃષ્ણશર્મામાં બ્રાહ્મણત્વનું ગૌરવ હતું. તેમનાં પત્ની ભવાનીદેવી કૃષ્ણભક્તિમાં અખંડ રત રહેતાં. તેમના ઘરે ઉત્સવોની પરંપરા સતત ચાલતી. તેથી ગામલોકોને પણ ભક્તિનો રંગ ચડી જતો. તેમના પ્રાંગણમાં વ્રજભૂમિની પવિત્રતા સદા અનુભવાતી. પ્રસંગે પ્રસંગે ઉજવાતા ઉત્સવોથી ભગવાનને પણ અહીં પ્રગટ થઈ જવાનું જાણે મન થઈ જતું હોય તેમ સૌ કોઈને લાગતું.

વિ.સં. ૧૭૯૮ના[૧૪] કાર્તિક સુદ પૂનમ અને બુધવારના શુભ દિવસે

૧૪. શ્રીહરિલીલામૃત; કળશ ૨, વિશ્રામ ૧.

ચંદ્રોદયના સમયે કૃષ્ણશર્મા અને ભવાનીદેવીને ઘેર પુત્રીએ જન્મ લીધો. દેવાંગના સમી બાળકીની કાંતિ જોઈ માતા-પિતાને અતિ હર્ષ થયો. ત્યારબાદ જ્યોતિષીને તેડાવી શુભ ગ્રહો જોવડાવી નામસંસ્કરણ કર્યું. બાળકીનું શુભ નામ 'બાલા' પાડ્યું. માતા-પિતાના ભક્તિના સંસ્કારો બાળકીમાં ઊતરી આવ્યા હતા. 'બાલાદેવી' બાલ્યકાળથી જ ભક્તિમાં રત રહેવા લાગ્યાં, તેથી તેમને લોકો 'ભક્તિ' પણ કહેતા. કૃષ્ણભક્તિના પ્રવાહમાં પ્રેમાસક્ત બનેલી 'બાલા'ને વળી લોકો 'પ્રેમવતી' પણ કહેતા.

ધર્મ-ભક્તિનો લગ્નોત્સવ

બાલાદેવી કિશોર અવસ્થામાં આવ્યાં ત્યારે માતા-પિતાએ તેમનો સંબંધ ઈટારપુરમાં બાલશર્માના પુત્ર દેવશર્મા સાથે કર્યો. વિવાહના દિવસો નજીક આવ્યા અને બાલાદેવીમાં પણ મુગ્ધાના ભાવો જણાવા લાગ્યા. કૃષ્ણશર્માએ વિવાહપત્રિકા લઈને વિપ્રને ઈટારપુર મોકલ્યો.

ઈટારપુરથી જાન આવી, વર પોંખાયા અને લગ્નનાં મંગલ ગીત ગવાયાં. ધર્મ અને ભક્તિ લગ્નગ્રંથિથી જોડાયાં. આજનો દિવસ ધન્ય બની ગયો ! ધર્મ અને ભક્તિ માટે કે છપૈયાપુર માટે કે સમગ્ર વિશ્વ માટે, તે તો ભવિષ્યનો ઈતિહાસ કહેશે !

જાન વળાવવાનો સમય થયો અને કૃષ્ણશર્મા ભારે હૈયે બાલશર્મા પાસે આવ્યા. પુત્રીના પરિયાણથી સહેજે અનુભવાતા વિરહના દુઃખને બાલશર્મા સમજી ગયા. તેમણે તેમને ધીરજ આપી.

કૃષ્ણશર્માએ ભારે હૈયે કહ્યું : "બાલશર્મા ! એક વચન માગું ?"

આ પ્રસંગે બાલશર્માથી ના કહેવાય એવું હતું જ નહિ.

તેમણે કહ્યું : "જરૂર."

કૃષ્ણશર્માએ કહ્યું : "શર્માજી ! તમારો પુત્ર અને મારો જમાઈ અહીં મારી પાસે જ રહે."

આ સાંભળી બાલશર્માને વજ્રપાત થયો. તેમણે આવું નહોતું ધાર્યું. તેઓ ઊંડા ઊતરી ગયા. થોડી વારે સ્વસ્થ થયા ત્યારે તેમણે વિચાર્યું, 'છપૈયાપુરમાં કૃષ્ણશર્માને સાથ આપે એવા પુરુષની તેમને જરૂર છે જ. જામાતા એ પુત્ર સમાન જ કહેવાય. તેમના સાથથી કૃષ્ણશર્માને ઓથ મળશે. છપૈયાપુરમાં તેમની જોડ સામે કોઈ ચેડા કરી શકશે નહિ.' બાલશર્માએ તરત જ કહ્યું :

"ભલે, કૃષ્ણશર્મા ! દેવ અહીં જ રહેશે. પુત્રની જેમ તેને પાળજો. છપૈયાપુરમાં તમારી જોડ અજોડ રહેશે."

આ રીતે દેવશર્મા અર્થાત્ ધર્મદેવ છપૈયાપુરમાં જ રહ્યા. છપૈયાપુર ધન્ય બની ગયું ! પુત્ર અને પુત્રવધૂને બાલશર્માએ આશીર્વાદ દીધા : "સદા સુખી રહો. કુળના ધર્મનું પાલન કરો."

એમ કહીને ભક્તિદેવીને કહ્યું : "આગળ અરુંધતી, અનસૂયા, સાવિત્રી, દ્રૌપદી, લોપામુદ્રા, અહલ્યા, શતરૂપા, મેના વગેરે સતીસ્ત્રીઓ થઈ ગઈ. તેમના જેવો પતિ વિષે તમોને પ્રેમ થાઓ. પતિવ્રતાના ધર્મોનું દઢ પાલન કરજો. સ્ત્રી ધર્મનું આચરણ યથાર્થ કરજો. વિપત્તિમાં આપણા કુળદેવતા મરુત્સુત હનુમાનજીને સંભારજો, તે તમારી સર્વ સંકટ થકી રક્ષા કરશે."

એ પ્રમાણે આશીર્વાદ આપી પુત્ર તરફ ફર્યા. પુત્રથી છૂટા પડવાનું મન થતું ન હતું. તેમના પગ સ્થિર થઈ ગયા. છેવટે પુત્રને છાતી સરસા ચાંપીને કહ્યું : "બેટા, બ્રહ્મકર્મ સદાય રાખજો. ભક્તિદેવીનું પાલન કરજો. વિકટ સંજોગોમાં પણ તેમનો કદી ત્યાગ કરશો નહિ." એટલી છેલ્લી શીખ આપીને પોતે તરત જ જાનના માણસો સાથે ત્યાંથી ઈટારપુર જવા ચાલી નીકળ્યા.

✧

ધર્મ અને ભક્તિ છપૈયાપુરમાં ગૃહસ્થ જીવન આશ્રમધર્મ પ્રમાણે વ્યતીત કરવા લાગ્યાં. થોડા સમય બાદ કૃષ્ણશર્મા ધામમાં ગયા અને ઈટારપુરથી બાલશર્મા ધામમાં ગયાના સમાચાર આવ્યા. કુટુંબમાં હવે કોઈ સહારો ન હતો. પરંતુ ભગવાનનો સહારો હતો એટલે દંપતીના દિવસો ભક્તિભાવમાં પસાર થતા હતા.

રામપ્રતાપભાઈનો જન્મ

વિ.સં. ૧૮૧૮ ને શ્રાવણ સુદ આઠમના દિવસે તેમને પ્રથમ પુત્રનો જન્મ થયો. આજાનબાહુ, પુષ્ટ અને તેજસ્વી કાયા જોઈ રામજીના પ્રતાપથી આ પુત્રની પ્રાપ્તિ થઈ છે તેથી પુત્રનું નામ 'રામપ્રતાપ' પાડ્યું. જેમ જેમ બાળક મોટો થતો ગયો, તેમ તેની કાયાનું જોર જણાવા લાગ્યું. ધરતી ધ્રુજાવતી તેમની ચાલ, આકાશ આંબવા બાથોડિયા મારતી તેમની રમતો, સાધારણ માનવીમાં લાગતું તેમનું આવું અસાધારણ વ્યક્તિત્વ અને સૌને આકર્ષવાની કળા જોઈ લોકો તેમને સંકર્ષણની ઉપમા આપવા લાગ્યા. એ સાચું પણ હતું. જ્યારે ભગવાન પ્રગટ

થવાના હોય, ત્યારે ભગવાનની વિભૂતિઓ પણ ભગવાનની લીલાનાં દર્શન કરવા, તેમની સેવા અને પરિચર્યા કરવા, સાથે જન્મ ધરે જ; પરંતુ જ્ઞાનવાનને જ તેમની ઓળખાણ થાય.

આ દૈવી સત્ત્વો પૃથ્વી ઉપર અવતરવા લાગ્યા, તેમ અસુરો પણ તેમને ત્રાસ દેવા પૃથ્વી ઉપર જન્મ લેવા લાગ્યા. દૈવી અને આસુરી સંપત્તિનો સંઘર્ષ અનાદિ કાળથી છે જ, પરંતુ ભગવાન પ્રગટે ત્યારે તે વધુ પ્રબળ બને.

ધર્મ અને ભક્તિનું નિર્મળ અને ભક્તિમય જીવન જોઈ અસુર ભાવવાળાઓએ તેમને પરેશાન કરવા પ્રયત્નો આદર્યા. ધર્મ અને ભક્તિ ગુણવાન હતાં, ભક્તિભાવવાળાં હતાં, શીલ અને સંતોષે યુક્ત હતાં પરંતુ લોકોમાં આસુરી ભાવનાનો પ્રવેશ થયો હતો તેથી તેમનામાં તેમને દોષ દેખાવા લાગ્યા. તેમનું નિર્મળ દાંપત્ય જીવન લોકોની ઈર્ષ્યાનું કારણ બન્યું. તેમને હેરાન કરવાની ભાવના રોજ ને રોજ વધતી ગઈ. વાતાવરણ કલુષિત બની ગયું. આવા આસુરી તત્ત્વોનો પ્રતિકાર કરવાનો ધર્મ અને ભક્તિનો સ્વભાવ ન હતો. ધર્મદેવની આજીવિકા તૂટી. છપૈયામાં રહેવું મુશ્કેલ બની ગયું. દંપતી પોતાના પુત્રને લઈને અયોધ્યા આવ્યાં. અહીં અયોધ્યાના શાખાનગર બરહટ્ટાપુરમાં આવીને તેઓ રહ્યાં.

કાશીપુરીમાં આગમન

પરંતુ અસુરોના હાથ લાંબા હતા. તેમણે તે અહીં સુધી પ્રસાર્યા. આ ત્રાસથી કંટાળી રામપ્રતાપને પોતાના સંબંધીને ત્યાં મૂકીને ધર્મ અને ભક્તિ અયોધ્યામાંથી નીકળી ભગવાન શિવની નગરી કાશીપુરીમાં આવ્યાં. અહીં શિવભક્તોએ તેમને તેમનાં દુઃખનું નિવારણ કરવા મહારુદ્ર કરવાનું કહ્યું. તેમણે મહારુદ્ર કરાવ્યો છતાં તેમના ઉપદ્રવની વિષમતા ઓછી થઈ નહિ. થોડા માસ કાશીપુરીમાં રહી તેઓ પ્રયાગ ગયાં. અહીં ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું. વ્રતનો ઉપવાસ કર્યો. તપથી શરીર તો ક્ષીણ થયું જ હતું, છતાં ભગવાનને પ્રસન્ન કરવાનું તપ એ એક જ સાધન છે. તેથી દેહનો અનાદર રાખી વ્રત-ઉપવાસ કરવા લાગ્યાં. આ શુભ કાર્યના ફળરૂપે તેમને વૈષ્ણવાચાર્યનો યોગ થયો.

રામાનંદ સ્વામીનો મેળાપ

ધર્મ અને ભક્તિ પોતાના ઉતારે ભગવાનનાં લીલાચરિત્રો ગાવામાં

તલ્લીન હતાં. એટલામાં એક બહુ જ તેજસ્વી અને સૌમ્ય સ્વરૂપધારી વૈષ્ણવ આચાર્યનાં તેમને દર્શન થયાં. તેમની પ્રતિભાથી સહેજે તેઓ આકર્ષાયાં. તરત તેમનાં દર્શન કરવા દોડ્યાં. દંપતીનો મુમુક્ષુભાવ નિહાળી વૈષ્ણવાચાર્યે તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું : "અમારા આશ્રમમાં કૃષ્ણકીર્તન થાય છે. આપ જરૂર પધારજો."

વૈષ્ણવાચાર્યના કપાળમાં ઊર્ધ્વતિલક હતું. તે મધ્યે કંકુનો ગોળ ચાંદલો શોભતો હતો. શરીર ગૌર હતું, આજાનબાહુ હતા. ચંદ્રની શીતળતા જેવી શરીરની સૌમ્ય કાંતિ હતી.

ધર્મદેવે તેમને પૂછ્યું : "મહારાજ ! આપનું શુભ નામ ?"

તરત જ તેમણે હસીને ઉત્તર આપ્યો : "મારું નામ રામાનંદ છે. અમે અહીં નજીકમાં જ સૌ ભેગા મળીને કૃષ્ણકથા કરીએ છીએ. તમે પણ જરૂર આવજો." એટલું કહી ફરી આશીર્વાદ આપી રામાનંદ સ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા.

ધર્મ અને ભક્તિના અંતરમાં આશીર્વાદથી શાંતિ થઈ ગઈ. અસુરોના ઉપદ્રવનું દુઃખ ઓસરી ગયું. સત્પુરુષના સંબંધની આ અસર છે. ભક્તિદેવીએ ધર્મદેવને કહ્યું : "કેવા સૌમ્ય અને કેવા સ્થિરવૃત્તિવાળા હતા ! તેમણે મારા તરફ દૃષ્ટિ માંડીને જોયું પણ નહિ."

ધર્મદેવે કહ્યું : "બ્રહ્મચારીનો એ જ ધર્મ છે. સ્ત્રીઓ તરફ દૃષ્ટિ કરીને કદી ન જુએ, સંભાષણ પણ ન કરે. જ્યાં બ્રહ્મચર્ય હોય, ત્યાં ભગવાન હોય જ. દેવી ! આજ આપણું મંગળ થયું, આપણો દિનમાન હવે સુધરશે."

પછી તેઓ પોતાને સ્થાને ગયાં.

શ્રીકૃષ્ણનાં દર્શન

રામાનંદ સ્વામીના સમાગમ માટે તેઓ રોજ જવા લાગ્યાં. અંતરમાં જે ઉપદ્રવનું દુઃખ હતું તે દૂર થયું. સત્પુરુષના સમાગમનું આ ફળ છે. અંતર શાંત બને અને વૃત્તિઓ અંતર સન્મુખ રહેવા લાગે.

એક દિવસ રામાનંદ સ્વામી વાત કરતા હતા, ધર્મદેવ તેમના પગ દાબતા હતા. એટલામાં રામાનંદ સ્વામી સૂઈ ગયા. ધર્મદેવ પણ થાકને લઈને તેમનાં ચરણમાં ઢળી પડ્યા. ભક્તિદેવી પણ એ જ સ્થિતિમાં નિદ્રાવશ થઈ ગયાં. સત્સમાગમના ફળરૂપે પ્રેરેલું સ્વપ્નદર્શન તે દંપતીને થયું. તેમને ગોલોકવિહારી શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. ધર્મ-ભક્તિને અત્યંત આનંદ થયો. તેઓ જાગ્યાં. બંનેએ

એકબીજાંને પોતાનાં સ્વપ્નની વાત કરી. રામાનંદ સ્વામીની કૃપાથી આ દિવ્ય દર્શન તેમને થયું. તેથી તેમણે રામાનંદ સ્વામીને મનોમન ગુરુ તરીકે સ્વીકારી લીધા. એટલામાં સ્વામી જાગ્રત થયા. દંપતીએ તેમને સ્વપ્નની હકીકત કહી. પછી પ્રાર્થના કરી : ''સ્વામી ! આપ હવે અમને ગુરુમંત્ર આપો.''

રામાનંદ સ્વામીએ તેમને તુળસીની બેવડી માળા પહેરાવી અને ગુરુમંત્ર આપ્યો. નવદીક્ષિત દંપતીને હવે ખરો આધાર મળ્યો. ભજન તો તેઓ કૃષ્ણનું જ કરતાં હતાં; પરંતુ ગુરુના આશ્રયથી તેમની ભક્તિને વેગ મળ્યો.

પછી ધર્મદેવે રામાનંદ સ્વામીને કહ્યું : ''આપની જ કૃપાથી અમને શ્રીકૃષ્ણનું દર્શન થયું છે. આપ અમારા ગુરુ છો. આપનું વૃત્તાંત જાણવાની અમને ઈચ્છા થઈ છે, તો આપ કૃપા કરીને કહો.''

રામાનંદ સ્વામીએ કહ્યું : ''જુઓ, ત્યાગીને પોતાના પૂર્વાશ્રમની વાતની સ્મૃતિ કરવાનો નિષેધ છે. છતાં તમારી શુદ્ધ બુદ્ધિ જાણીને અને ગુરુનું શુદ્ધ વૃત્તાંત જાણ્યા પછી જ તેને ગુરુ તરીકે સ્વીકારવા એવો શાસ્ત્રનો નિયમ હોઈ, તમને મારું વૃત્તાંત હું કહું છું.'' એટલું કહી અંતર્દૃષ્ટિ કરીને રામાનંદ સ્વામી બોલવા લાગ્યા :

રામાનંદ સ્વામીનું આખ્યાન

''અમે અયોધ્યાના ઋગ્વેદી વિપ્ર, અમારું કશ્યપ ગોત્ર, આશ્વલાયન શાખા. પિતાનું નામ અજયદેવ અને માતાનું નામ સુમતિદેવી. વિ. સં. ૧૭૯૫માં શ્રાવણ વદિ અષ્ટમીને દિવસે અમારો જન્મ થયો. બ્રાહ્મણો પાસે જાતકર્મ કરાવી અમારું નામ રામશર્મા પાડ્યું. આઠમે વર્ષે અમને ઉપવીત ધારણ કરાવ્યું. ત્યારપછી તીવ્ર વૈરાગ્યના યોગે અમે તીર્થયાત્રા કરવાનું બહાનું કાઢીને ઘેરથી નીકળી ગયા. તીર્થમાં ફરતાં ફરતાં અમે દ્વારિકા આવ્યા. દ્વારિકામાં રણછોડજીનાં દર્શન કરીને ગોપનાથની છાયામાં તળાજા ગામે આવ્યા. ત્યાં કાશીરામ વિપ્રની જગ્યામાં સંત ભેગા રહ્યા. વેદ-વેદાંતનો અભ્યાસ કરીને ત્યાંથી અમે નીકળ્યા. રૈવતાચળની તળેટીમાં ત્રંબા ગામે ગોપનાથના ગોપાળયોગીના શિષ્ય આત્માનંદ સ્વામીનાં અમને દર્શન થયાં. તેમને બ્રહ્મનિષ્ઠ જાણી અમે ગુરુ કર્યા. અમે યોગની પ્રક્રિયાઓ શીખ્યા. તેમણે અમને દીક્ષા આપી અમારું 'રામાનંદ' નામ પાડ્યું. યોગનું છેલ્લું અંગ સમાધિ છે. ત્યાં સુધી તેમણે અમને ગતિ કરાવી. તે સમાધિમાં બ્રહ્મતેજનાં અમને દર્શન કરાવ્યાં. પછી અમે તેમને કહ્યું : 'મારે તો

શ્રીકૃષ્ણનાં દર્શન કરવાં છે. આ તેજનાં દર્શનથી તૃપ્તિ થતી નથી.'

"ત્યારે તેમણે કહ્યું : 'આ બ્રહ્મતેજ તે જ શ્રીકૃષ્ણ-સચ્ચિદાનંદ બ્રહ્મ. આ લોકમાં ભગવાન સગુણ સાકાર સ્વરૂપ ધારણ કરે પણ તેમના મૂળ સ્વરૂપે તો ભગવાન તેજ સ્વરૂપ નિરાકાર જ છે.'

"ભગવાનના દિવ્ય આકારનો આવો નિષેધ સાંભળીને અમને મૂર્છા આવી ગઈ. જાગ્રત થયા પછી અમે તેમનો ત્યાગ કરીને ત્યાંથી નીકળી ગયા. પછી ફરતાં ફરતાં અમે દક્ષિણ દેશમાં રામાનુજાચાર્યની ગાદીના સ્થાન તોતાદ્રિમાં આવ્યા. અહીં થોડો સમય રહીને પછી અમો શ્રીરંગક્ષેત્રમાં આવ્યા. અહીં શ્રી રામાનુજાચાર્યના ગ્રંથો પ્રપન્નામૃત તથા શ્રીગીતાભાષ્ય વગેરેનો અભ્યાસ કર્યો. ભગવાનના સદા સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરતા શ્રી રામાનુજાચાર્યના સ્વરૂપમાં અમારી વૃત્તિ જોડાઈ ગઈ. તેમને શ્રીકૃષ્ણના મોટા ભક્ત જાણી તેમનું અંતરમાં સ્મરણ થવા લાગ્યું. અંતરમાં પ્રતીતિ થઈ કે જરૂર શ્રી રામાનુજાચાર્ય આ સ્થાનમાં પ્રગટ હોવા જ જોઈએ.

"આ દૃઢતાથી અમને ચૈત્ર પંચમીના શુભ દિવસે શ્રી રામાનુજાચાર્યનાં સ્વપ્નમાં દર્શન થયાં. તેમને અમે પ્રણિપાત કર્યા અને કૃષ્ણ-દર્શનની ઇચ્છા દર્શાવી. ત્યારે તેમણે અમને ભાગવતી દીક્ષા આપી અને 'श्रीमन्नारायणचरणौ शरणं प्रपद्ये' તથા 'ॐ नमो नारायणाय' આ બે મંત્રો અમને આપ્યા અને કહ્યું : 'આ બે મંત્રોનો જાપ કરશો અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત થશો એટલે તમને શ્રીમન્નારાયણ સાક્ષાત્ દર્શન દેશે.' એ પ્રમાણે કહીને આ બે મંત્રોનો ઉપદેશ શિષ્યોને આપવાની તેમણે આજ્ઞા કરી અને કહ્યું : 'અહીં સાનુકૂળતા રહે તો અહીં રહેજો, નહિ તો જ્યાં દેશકાળ શુભ હોય ત્યાં જઈને રહેજો અને સંપ્રદાયનો વિસ્તાર કરજો.' એ પ્રમાણે કહીને શ્રી રામાનુજાચાર્ય અદૃશ્ય થઈ ગયા.

"સ્વપ્નમાંથી અમે જાગ્રત થયા ત્યારે શરીર ઉપર પંચ સંસ્કાર થયેલા દીઠા, ઊર્ધ્વપુંડ્ર તિલક અને દ્વાદશ છાપનાં ચિહ્નો શરીર ઉપર દીઠાં. તેથી રામાનુજાચાર્યે સ્વપ્નમાં આપેલી દીક્ષાની સત્યતાની પ્રતીતિ થઈ."

આ પ્રમાણે વાત કરીને રામાનંદ સ્વામીએ તે દંપતીને કહ્યું : "આજે રાત બહુ થઈ ગઈ છે માટે હવે તમે તમારા સ્થાનકે જાઓ. કાલે આવજો એટલે અધૂરી કથા પૂરી કરીશું."

ધર્મ અને ભક્તિ કૃષ્ણદર્શનની આ દિવ્ય વાત સાંભળી આનંદવિભોર

બની ગયાં. ઊઠવાનું મન થતું ન હતું પરંતુ આજ્ઞા થઈ એટલે મોડી રાત્રે તેમને ઉતારે ગયાં. બીજે દિવસે સવારે નિત્યકર્મથી પરવારી બંને શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યાં. નમસ્કાર કરી સમીપે બેઠાં.

ત્યારે સ્વામીએ હસીને કહ્યું : ''તમારી દૃઢ શ્રદ્ધા જોઈ મને પણ વાત કર્યા વિના રહેવાતું નથી. આજે હવે અધૂરી કથા પૂરી કરીએ...

''પછી તો શ્રી રામાનુજાચાર્યની કૃપાથી અમારી પાસે મુમુક્ષુઓ આવવા લાગ્યા. તેમને અમો ઉપદેશ આપતા અને કૃષ્ણમહિમાની વાતો કરતા. ત્યારે તેમને પણ અમારી વાતો સાંભળી શ્રીકૃષ્ણનાં દર્શન થવા લાગ્યાં. આથી ધીરે ધીરે મુમુક્ષુઓ અમારી પાસે વધુ ને વધુ પ્રમાણમાં આવવા લાગ્યા. અમારા સ્વરૂપનો આવો ઉત્કર્ષ જોઈ મહંતને ઈર્ષ્યા થવા લાગી. તેમણે ઉપદ્રવ શરૂ કર્યો. ઉપદ્રવનો પ્રતિકાર કરવો તે સાધુનો ધર્મ ન કહેવાય. તેથી શ્રી રામાનુજાચાર્યના વચન અનુસાર અમો ત્યાંથી નીકળી ગયા અને વૃંદાવનમાં આવ્યા.

''વૃંદાવનમાં ભક્તિપ્રચુર વાતાવરણ જોઈ અમારું મન સ્થિર થઈ ગયું. ગોવિંદજીનાં દર્શન કરી અંતરમાં શાંતિ થઈ અને ત્યાં જ આસન કર્યું. શ્રીકૃષ્ણના મંત્રનો જાપ શરૂ કર્યો. અખંડ જાપના ફળરૂપે શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. ભક્તિ જોઈને ભક્તવત્સલ પ્રભુ પ્રસન્ન થયા. અમને કહ્યું : 'માગો માગો.' અમે શું માગીએ ? અમે તો કહ્યું : 'હું આપને જ્યારે જ્યારે સંભારું ત્યારે દર્શન આપજો અને પૂજાની સામગ્રી પ્રત્યક્ષ ગ્રહણ કરજો.' પ્રભુ પ્રસન્ન થયા. 'તથાસ્તુ' કહ્યું. અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. ત્યારથી ત્યાં પણ મુમુક્ષુઓ અમારી પાસે આવવા લાગ્યા. આ રીતે કૃષ્ણદર્શનનો સંકલ્પ પૂરો થયો. પછી એક માસ અમો વૃંદાવનમાં રહ્યા અને પછી ત્યાંથી નીકળી અહીં આવ્યા અને અહીં તમારો યોગ થયો.''

અનિમિષ દૃષ્ટિએ રામાનંદ સ્વામી સામું જોઈને તેમનું આ ચમત્કારી ચરિત્ર સાંભળતાં ધર્મ અને ભક્તિ જાણે વૃંદાવનના કૃષ્ણમય વાતાવરણમાં જ શ્રીકૃષ્ણની સાથે વિહાર કરતાં હોય તેવા દિવ્ય આનંદમાં મગ્ન બની ગયાં. રામાનંદ સ્વામીએ આ કથા પૂરી કરી ત્યારે જાણે સમાધિમાંથી જાગ્રત થયાં હોય તેમ ધર્મ અને ભક્તિ ભાનમાં આવ્યાં.

ધર્મ અને ભક્તિ આ તીર્થસ્થાનમાં જગતનું ભાન ભૂલી ગયાં. પરંતુ જ્યારે પોતાને સ્થાનકે આવ્યાં ત્યારે અયોધ્યા યાદ આવ્યું. રામપ્રતાપની સ્મૃતિ થઈ. રામાનંદ સ્વામીનાં દર્શનથી અંતરમાં શાંતિ થઈ એટલે હવે ઘેર જઈ

કૃષ્ણભજનમાં જ જીવન વ્યતીત કરવાનો તેમણે નિર્ણય કર્યો.

છપૈયામાં ધર્મદેવને ઉપાધિ

છપૈયા આવ્યા પછી પ્રભુ-ભક્તિમાં રત બનેલા ધર્મદેવની સ્થિતિ જોઈ મુમુક્ષુઓ તેમની પાસે આવવા લાગ્યા. કૃષ્ણકથા સૌને સંભળાવી ધર્મદેવ તૃપ્ત થતા. મુમુક્ષુઓ ધર્મદેવની ધન અને પદાર્થ અર્પણ કરી સેવાનો લહાવો લેતા. ધર્મદેવને આ રીતે સર્વ પ્રકારે સાનુકૂળતા થવા લાગી. પછી ધર્મદેવે પુત્ર રામપ્રતાપને યજ્ઞોપવીત આપવાનું નક્કી કર્યું. પોતાના સગાં-સંબંધીને તેડાવીને ધામધૂમથી આ પ્રસંગ તેમણે ઊજવ્યો. બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન દીધાં.

ધર્મદેવની સુખદ પરિસ્થિતિ જોઈ આસુરી ભાવવાળાને મનમાં બળતરા થવા લાગી. ઈર્ષ્યાના અગ્નિથી અંતરમાં બળતા દુર્જનોને દૈવી સંપત્તિવાળા સજ્જનો સાથે હંમેશાં વેર બંધાય છે. ધર્મદેવની સંપત્તિનો કઈ રીતે નાશ થાય તેવા અનેક પ્રપંચો કરતા આ દુર્જનો તેમને ત્યાં રોજ બ્રાહ્મણોને ભિક્ષા માટે મોકલવા લાગ્યા. બ્રાહ્મણો આંગણે પધારે તે સદ્‌ભાગ્ય સમજી ધર્મદેવ તેમને મિષ્ટ ભોજન જમાડતા અને દક્ષિણા પણ આપતા. આથી તેમને ત્યાં રોજ રોજ બ્રાહ્મણોની, ભિક્ષાર્થીઓની, અન્નાર્થીઓની કતાર લાગવા લાગી. ઈર્ષ્યાળુઓ પણ કહેતા : "જાઓ ભાઈ, જાઓ, ધર્મદેવને ત્યાં તમને માખણ-મીસરી અને મીઠાઈ મળશે; દક્ષિણા પણ મળશે."

આ અણધાર્યા ધસારાથી તેમની સંપત્તિ ખૂટવા લાગી. બ્રાહ્મણોને જમાડવા ઘરની વસ્તુઓ વેચવા લાગ્યા. તે પણ ખલાસ થઈ. પોતાને જ ખાવા માટે ઘરમાં અનાજનો દાણો રહ્યો નહિ. ભક્તિદેવીના દુઃખનો અવધિ રહ્યો નહિ. ધર્મદેવની ઉદારતા અને ભક્તિભાવનાથી અસુરોની યુક્તિ કામયાબ નીવડી ! તેથી છપૈયાથી નીકળી અયોધ્યા ગયાં.

અયોધ્યામાં અસુરોનો ત્રાસ

અહીં પણ અસુરોના ત્રાસથી ત્રસ્ત થયેલા ધર્મદેવે પોતાના કુળદેવ સમીરસુતનું સ્મરણ કર્યું. હનુમાનગઢીએ જઈ હનુમાનજીનું સ્તવન અને જાપ કરવા લાગ્યા. ધર્મદેવની શુદ્ધ ભક્તિ જોઈ અંજનીસુતે તેમને સ્વપ્નમાં દર્શન દીધું. કુળદેવતાનાં દર્શનથી ધર્મદેવને અંતરમાં શાંતિ થઈ.

અંજનીસુતનું સ્તવન કરતાં તેમણે કહ્યું : "હવે અસુરોનો ત્રાસ સહન

થઈ શકતો નથી. ઘરમાં કાંઈ સંપત્તિ રહી નથી; અન્નને ને દાંતને વેર થયું છે. હવે તો તમો સહાય કરો તો જ ઉગરાય તેવું છે.''

હનુમાનજીએ આ સ્તુતિ સાંભળીને કહ્યું : ''મને અત્યાર સુધી કેમ સંભાર્યો નહિ ? તમારું આ દુઃખ હવે ટળી જશે. તમો દંપતી અહીંથી વૃંદાવન જાઓ.''

ધર્મદેવ વિમાસણમાં પડ્યા. ''વૃંદાવન જઈને શું કરવું ?''

મરુત્સુતે તરત જ કહ્યું : ''ત્યાં વિષ્ણુયાગ કરજો, પ્રભુ સહાય કરશે.''

આ પ્રમાણે પવનસુત આજ્ઞા આપી અંતર્ધાન થઈ ગયા. ધર્મદેવ જાગ્યા. ભક્તિદેવીને જગાડ્યાં અને કહ્યું : ''ચાલો તૈયારી કરો, આપણે આજે જ વૃંદાવન જઈએ. રામપ્રતાપને મોસાળ મૂકી વૃંદાવનની વાટ જલદી લઈએ.''

દંપતીએ નિત્યવિધિ પૂરો કર્યો. રામપ્રતાપને મોસાળમાં મૂક્યા. મામા-મામીને ભલામણ કરી. પછી ધર્મ અને ભક્તિ વૃંદાવનની વાટે ચાલ્યાં. કેટલાક દિવસની મજલ પછી નૈમિષારણ્ય પહોંચ્યાં. અહીં થોડા દિવસો રહી આગળ ચાલ્યાં. એક માસે તેઓ વૃંદાવન પહોંચ્યાં. રામાનંદ સ્વામીને અહીં કૃષ્ણદર્શન થયાં હતાં, તે સ્મૃતિ તેમને થઈ આવી. ફૂલદોલમાં ઝૂલતાં ભગવાનનાં દર્શન કર્યાં. દોલોત્સવમાં ભાગ લીધો. સર્વ ઉપાધિ જાણે ઓસરી ગઈ હોય એવી અપૂર્વ શાંતિ ધર્મ-ભક્તિને થઈ ગઈ !

વૃંદાવનમાં વિષ્ણુયાગ અને કૃષ્ણદર્શન

વૃંદાવનમાં એક પછી એક સ્વજનો મળવા લાગ્યા. જાણે પૂર્વનું હેત હોય, ઓળખાણ હોય તેમ તેમની સાથે અંતર મળતાં તેમનું દુઃખ સાંભળ્યું, પોતાનું દુઃખ પણ તેમની આગળ કહ્યું ! અસુરોના ત્રાસથી ત્રસ્ત થયેલું અંતર હળવું થયું. અહીં વિષ્ણુયાગ કરવાનો સૌએ નિર્ણય કર્યો. यज्ञानां जपयज्ञोऽस्मि । એ ગીતાસૂત્રને અનુસરીને કોઈએ ગીતાપાઠ શરૂ કર્યો તો કોઈએ વિષ્ણુસહસ્ર જાપ શરૂ કર્યો, કોઈએ વાસુદેવ માહાત્મ્યની કથા શરૂ કરી તો વળી કોઈએ વિષ્ણુ-ગાયત્રીનો પાઠ શરૂ કર્યો. આમ, કૃષ્ણકથામાં દિવસો નિર્ગમન થવા લાગ્યા. અત્યંત શ્રદ્ધા અને એકાગ્રતાથી જપયજ્ઞ ચાલવા લાગ્યો.

સમૂહગાન, કીર્તન, જપથી અને ભક્તોની શ્રદ્ધા ને ભક્તિથી વૈશાખની શુક્લ એકાદશી – મોહિની એકાદશીના જાગરણ પછી બ્રાહ્મમુહૂર્તમાં સૌનાં અંતરમાં બ્રહ્મતેજ દેખાયું. તે તેજમાં રાધિકા, રમા, સત્યભામા, રુક્મિણી વગેરે અષ્ટ પટરાણી અને નંદ, યશોદા સાથે મુરલીમનોહર શ્રીકૃષ્ણનાં દર્શન થયાં !

આવા દિવ્ય ગોલોકધામમાં શ્યામસુંદરની સખા સાથે મૂર્તિ જોઈ સૌ દિવ્યાનંદમાં મસ્ત બની ગયા. બે હાથ જોડી સૌ સ્તુતિ કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણે તેમને પ્રસન્ન થઈને કહ્યું : "તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમને અસુરો તરફથી જે દુઃખ પડ્યું છે તેનું નિવારણ કરવા અને પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવા સ્વયં સર્વાવતારી પરબ્રહ્મ પરમાત્મા પૃથ્વી ઉપર ધર્મ અને ભક્તિને ઘેર અવતાર ધારણ કરશે અને તમને સૌને પોતાના દિવ્ય ધામમાં ગતિ કરાવશે. માટે કોઈ પ્રકારે તમે હવે ચિંતા ન કરશો. તમારું વ્રત હવે પૂરું થયું છે !"

આ પ્રમાણે દર્શન દઈ શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ ગયા. ધર્મ, ભક્તિ અને ઋષિમુનિઓ જાણે દુઃખનો અંચળો સરી ગયો હોય એવા હળવાં થઈને પૂર્વવત્ વિષ્ણુયાગ જપયજ્ઞની સમાપ્તિ કરવા લાગ્યાં.

છપૈયા પાછા ફરતાં વિઘ્ન

જપયજ્ઞની સમાપ્તિ કરી સૌએ સવારે પારણાં કર્યાં. કૃષ્ણદર્શનથી અંતરમાં આનંદ સમાતો ન હતો, છતાં આ વાત પ્રકટ પણ કરવાની ન હતી. તેથી અંતરમાં ઊભરાતા આનંદને અંતરમાં જ સમાવી, પારણાં કરી, સૌ પોત-પોતાના સ્થળે જવા તૈયારી કરવા લાગ્યા. ધર્મ-ભક્તિને પણ હવે અયોધ્યા જવા ઉતાવળ હતી. તેઓ વૃંદાવનથી નીકળ્યાં.

કેટલાક દિવસે નૈમિષારણ્ય પહોંચ્યાં. અહીંથી અયોધ્યા જવાની વાટ પકડવાની હતી. સંધ્યા સમય થઈ ગયો હતો, છતાં હમણાં જ બીજે ગામ પહોંચી જઈશું એવી આશાથી સંધ્યા ટાણે જ તેઓ ત્યાંથી નીકળી ગયાં. પણ માર્ગમાં ભૂલાં પડ્યાં. સઘન વનની ઝાડીમાં અંધારું થવાથી અટવાતાં, પડતાં, અથડાતાં ધર્મ અને ભક્તિ એકબીજાનો હાથ પકડી ચાલતાં હતાં, પણ કાંઈ સૂઝતું ન હતું. કાળા ડીબાંગ ઝાડના થડને જોઈ કોઈ પિશાચની આકૃતિ હશે તેમ ધારી બંને અંતરમાં બીવા લાગ્યાં. વન ઘાટું હતું, અંધારું પણ ઘોર હતું. રસ્તો હતો જ નહિ એટલે જવું પણ ક્યાં ? વિકરાળ હિંસક પશુઓના અવાજ સાંભળી અંતર ધ્રૂજતું હતું. પરંતુ હિંમત રાખી પવનસુતનું સ્મરણ કરતાં કરતાં બંને ધીરે ધીરે ડગ દેવાં લાગ્યાં.

એટલામાં ભયંકર હાસ્યની કિકિયારી સાંભળી ભક્તિદેવી બે ડગલાં પાછાં હઠી ગયાં. ધર્મદેવે તેમનો હાથ જોરથી પકડ્યો હતો. પવનસુતનું સ્મરણ

તેમનાં અંતરમાં ચાલતું જ હતું, એટલે થોડી હિંમત રાખી ધર્મદેવ ત્યાં જ ઊભા રહ્યા. એક સ્ત્રી ધીરે ધીરે તેમની પાસે આવી. વીજળીના પ્રકાશમાં સ્ત્રીની બિહામણી આકૃતિ જોઈ ભક્તિદેવીને અત્યંત બીક લાગવા માંડી. ધર્મદેવ પણ સ્થિર ઊભા હતા. થોડી હિંમત રાખી તેમણે તે સ્ત્રીને પૂછ્યું : "બહેન ! તમે કોણ છો ? અહીં આવી બિહામણી રાતે ભૂલાં પડ્યાં છો ?"

પ્રશ્નનો ઉત્તર જાણે ભયંકર હાસ્યથી કરતી હોય તેમ તે સ્ત્રીએ ધર્મ તરફ જોયું. તેમનું સમગ્ર લોહી જાણે હમણાં જ ચૂસી લેશે એવી ચેષ્ટા કરતી તે બોલી : "તારે પૂછવાનું શું કારણ છે ? સીધો તારે રસ્તે જ ચાલવા માંડ ને !"

ધર્મને લાગ્યું કે આ સ્ત્રી કોઈ ડાકિની કે પિશાચણી હશે ! ભક્તિદેવી તેનું સ્વરૂપ જાણી ડરી જશે તે બીકથી ધર્મે તેને બતાવી નહિ. પણ તરત જ સ્ત્રીએ ધર્મ તરફ ફરી કહ્યું : "જાણવું છે મારું નામ, મારું કુળ, મારી જાત, મારો પરિવાર ?" અને એટલું કહીને તેણે ભયંકર અટ્ટહાસ્ય કર્યું. તેના આ હાસ્યમાં ધર્મને ડરાવવાની તાકાત હતી. તેમને લાગ્યું કે અધર્મનો સમૂહ આ સ્વરૂપ ધારીને તેમની સામે ઊભો છે.

તે સ્ત્રી ધર્મદેવની પાસે આવી. તેમનો હાથ પકડવા આગળ ધસી એટલે તરત જ ધર્મદેવ બે ડગલાં ખસી ગયા. પુરુષને પોતાથી બીતો જોઈ ફરી તેણે ભયંકર અટ્ટહાસ્ય કર્યું. આકાશમાં જાણે વીજળીનો ગડગડાટ થયો હોય તેમ પડઘા પડવા લાગ્યા. ધર્મદેવના અંતરમાં સમીરસુતનું ભજન જોરથી થવા લાગ્યું. સમીરસુત પણ ભજનનો દોર હજુ જાણે વધુ જોર પકડે તેવી વાટ જોવડાવતા અંતરીક્ષમાં ક્યાંક ઊભા હતા. ધર્મદેવ ભક્તિદેવીનો હાથ જોરથી પકડીને ત્યાંથી પાછાં ડગલાં ભરવા લાગ્યા. ત્યાં તો તે સ્ત્રી વધુ નજીક આવી, પણ ધર્મદેવ હિંમત રાખી ત્યાં જ ઊભા રહ્યા. તે સ્ત્રી બોલવા લાગી : "તું જાણે છે ? મારો વાસ તો સર્વત્ર છે. ભેખ ને પંડિતમાં મારું પિયર છે. યોગી, યતિ અને સંન્યાસીમાં હું સદા વસું છું. ચરાચરમાં વસતા નાના-મોટા તમામ જીવ મેં પકડ્યા છે. કોની મજાલ છે કે મોક્ષના માર્ગે કોઈ જઈ શકે ?" એટલું બોલી ફરી અટ્ટહાસ્ય કર્યું.

સમીરસુતના સ્મરણથી ધર્મમાં હિંમત આવી. આ આસુરી સંપત્તિના નાશ માટે જ હવે ભગવાન પ્રગટ થવાના છે, તો પછી આ લંપટ સ્ત્રીની છાયામાં શા માટે દબાવું ? એમ વિચાર કરી ધર્મદેવ તેને કહેવા લાગ્યા : "અરે લંપટ સ્ત્રી ! તારી મોટપ તેં કહી પણ પરમાત્માની મોટપ તું જાણે છે ? તારો અને તારા

કુળનો તે સંહાર કરશે અને હજારો જીવને મોક્ષને માર્ગે લઈ જશે.''

ધર્મ આગળ કહેવા જતા હતા પણ ભક્તિદેવીએ તેમને વાર્યા. આવી લંપટ સ્ત્રી સાથે નાહક શા માટે જીભાજોડી કરવી. ધર્મદેવ ત્યાંથી આગળ ચાલવા લાગ્યા. તે માયા-અવિદ્યારૂપ સ્ત્રી પણ જાણે ડરી ગઈ હોય તેમ તરત પાછી ફરી ગઈ.

મહાભયંકર આ અંધારા વનમાં હિંસક પશુઓની ત્રાડ, ઘવાયેલાં પશુઓની હૃદયદ્રાવક કિકિયારી, ગીધ અને ઘુવડના ભયંકર શબ્દો સાંભળતાં, અથડાતાં, કુટાતાં ધર્મ-ભક્તિ ત્યાંથી આગળ ચાલ્યાં. પગમાં કાંટા વાગ્યા. ભૂખ અને તૃષાથી શરીર લથડિયાં લેવા લાગ્યું. આગળ ડગ ભરવાની પણ શક્તિ રહી નહિ. છતાં બંને અંતરમાં અખંડ ભજન કરતાં કરતાં આગળ ચાલવા લાગ્યાં.

એટલામાં એક અઘોરી – બ્રહ્મચારીના વેશવાળો, રુદ્ર જેવી ભયંકર બિહામણી આંખોથી ડારતો, માથાની ટાલમાંથી ખોપરી જાણે કોઈએ ખેંચી કાઢી નાખી હોય તેવા વિકૃત માથાવાળો માનવી – ધર્મની આગળ આવીને ઊભો રહ્યો. ધર્મે તેને જોઈને નમસ્કાર કર્યા. પોતાની નજરે તે જાણે મહાપુરુષ જ હોય એવી દૃષ્ટિવાળા ધર્મદેવને લાગ્યું કે સંકટમાંથી ઉગારવા ભગવાને જ આ સિદ્ધ-પુરુષને અહીં મોકલ્યા છે.

તે સિદ્ધે ધર્મની સામું જોઈ પૂછ્યું : ''તમે સ્ત્રી પુરુષ કોણ છો ?''

પવિત્ર અને સરળ હૃદયી ધર્મદેવે તેને પોતાની તમામ વીતક કહી. ફાગણ માસથી વૃંદાવનમાં જઈ વિષ્ણુ-આરાધના કરી અને ભગવાન શ્રીકૃષ્ણે દર્શન દઈ પોતાને ત્યાં પૂર્ણ પુરુષોત્તમ સ્વયં પુત્રરૂપે અવતરશે એવાં એંધાણ આપ્યાં છે – તે તમામ હકીકત ધર્મદેવે ભોળા ભાવે કહી.

ધર્મદેવની આ હકીકત સાંભળી ગર્જના કરતો તે બોલ્યો : ''કૃષ્ણના કપટની વાત અજાણી નથી. પાંડવોનો પક્ષ રાખી મારા મિત્ર દુર્યોધનને મરાવ્યો અને મારી સાથે ઘણું જ વેર બાંધ્યું. હું દ્રોણપુત્ર અશ્વત્થામા છું.'' એમ કહી હાથની મુઠીઓ વાળી તે ફરી બોલ્યો : ''તારો પુત્ર કદાપિ શસ્ત્ર હાથમાં લેશે નહિ અને જો શસ્ત્ર લેશે તો શત્રુને જીતી શકશે નહિ. આ મારો તેને શાપ છે.'' એમ કહી ભયંકર હાસ્ય કરીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

આ શાપવાણી સાંભળી ધર્મ અને ભક્તિ ત્યાં જ ઢગલો થઈ બેસી ગયાં. આટલી તપસ્યા, જાપ, વ્રત અને ભક્તિનાં બળથી પ્રાપ્ત થયેલો વર દુષ્ટ અશ્વત્થામાના શાપથી હવે નિરર્થક થઈ જશે ? તેમનું મન ચગડોળે ચડી ગયું.

દુ:ખના અવધિનો અણસાર પણ તેમને દેખાયો નહિ. છેવટે વિચારનાં વમળોમાંથી મુક્ત થઈ તરત જ વિઘ્નવિનાયકનું સ્મરણ કર્યું તો સમીરસુત આવ્યા. હનુમાનજીને જોઈને દંપતીને આનંદ થયો. પરંતુ શાપના દુ:ખથી ચિંતાનો ભાર ઓછો થયો નહિ.

હનુમાનજીએ તેમને પૂછ્યું : "શ્રીકૃષ્ણે સાક્ષાત્ દર્શન દીધાં છતાં શોકમગ્ન કેમ છો ?"

ત્યારે ધર્મદેવે કહ્યું : "દર્શન દીધાં પણ અમારાં ભાગ્ય ફૂટેલાં એટલે અશ્વત્થામાએ શાપ આપ્યો કે તારો પુત્ર હાથમાં શસ્ત્ર લેશે નહિ અને જો લેશે તો શત્રુને તે જીતી શકશે નહિ."

આ સાંભળી હનુમાનજી હસવા લાગ્યા. તેમણે કહ્યું : "ભગવાન તો શસ્ત્ર લે કે ન લે પણ પોતાના સંકલ્પોથી બીજામાં પ્રવેશ કરીને પણ અસુરોનો સંહાર કરશે. તમારે ત્યાં તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પધારશે. તે તો પોતાની શક્તિથી શત્રુનો નાશ કરશે. માટે ચિંતા ન કરશો." એટલું કહી હનુમાનજી અંતર્ધાન થઈ ગયા.

નૈષ્ઠિક બ્રહ્મચારીની સન્નિધિથી છુપાતી ઉષા ક્ષિતિજમાં પ્રગટ થઈ. ઉષાને આ દર્શન ગમ્યું. ધર્મ-ભક્તિએ પછી ઉષાના અજવાળાના આધારે વનમાંથી બહાર નીકળી અયોધ્યાની વાટ પકડી અને થોડા દિવસ તેઓ અયોધ્યા થઈને છપૈયાપુર પહોંચી ગયાં. મામાને ત્યાં રહેતા રામપ્રતાપને છાતી સરસા ચાંપીને ભક્તિમાતાએ તેમને પોતાની ગોદમાં લઈ લીધા. સર્વેના કુશળ પૂછ્યા. ભગવાનની ઇચ્છાથી વાતાવરણ સાનુકૂળ થઈ ગયું. શત્રુ હતા તે મિત્ર બની ગયા !



ઉદ્ગીથ ૩

પુરુષોત્તમનું પ્રાગટ્ય અને બાળલીલા

(આ.સં. ૧૮૩૭-૧૮૪૦, ઈ.સ. ૧૭૮૦-૧૭૮૩)

છપૈયામાં ધર્મ-ભક્તિનાં સંબંધીઓ સર્વેમાં પરિવર્તન થઈ ગયું. સૌ પ્રેમની ભાષા બોલવા લાગ્યા. ધર્મ-ભક્તિના સહવાસથી દરેકના અંતરમાં દૈવી તત્ત્વો જાગ્રત થયાં. વૃંદાવનમાં શ્રીકૃષ્ણે આપેલા વચનનું અખંડ અનુસંધાન રાખી ધર્મ-ભક્તિ અહીં કૃષ્ણભક્તિમાં રત રહેવા લાગ્યાં. સંબંધીઓને પણ કૃષ્ણભક્તિનો મહિમા સમજાવવા કૃષ્ણકથા સભળાવતા. ધર્મ-ભક્તિનું ભક્તિમય જીવન જોઈ છપૈયાપુરનાં વાસીઓમાં ભક્તિના ભાવથી રંગાવાના ભાવ જાગ્યા. છપૈયાપુરની દિવ્યતા બ્રહ્મધામ સમી બની ગઈ !

ધર્મ અને ભક્તિનું દાંપત્ય જીવન ગૃહસ્થાશ્રમના નિયમ અનુસાર વ્યતીત થવા લાગ્યું. પૃથ્વી ઉપર શુદ્ધ એકાંતિક ધર્મની સ્થાપનાનો સમય નજીક આવવા લાગ્યો. અસુરોના નિધનની ઘડીઓ પણ ગણાવા લાગી. અસુરોનાં મન વ્યગ્ર થવા લાગ્યાં. તેમનાં ડાબાં અંગ ફરકવા લાગ્યાં. સ્વપ્નમાં પણ જાણે ભયંકર વિનાશનો સમય આવી પહોંચ્યો હોય તેમ દેખાવા લાગ્યું. પળે પળે અપશુકનોની પરંપરા તેઓ અનુભવવા લાગ્યા.

ભક્તિદેવીની કાંતિમાં વૃદ્ધિ થવા લાગી. મનુષ્ય-સ્વરૂપે સાક્ષાત્ ભક્તિદેવી પ્રગટ થયાં હતાં પણ તે સત્યનું અનુસંધાન દેહભાવના ભાવથી કોઈને રહેતું ન હતું. છતાં ભક્તિદેવીને જોતાં જ સૌ કલ્પના કરતા કે આ શચિદેવી છે કે અનસૂયા છે કે સાવિત્રી છે ! ધર્મદેવના ઓજસપૂર્ણ વ્યક્તિત્વથી પણ સૌ અંજાવા લાગ્યા. સૌ આશ્ચર્યવત્ બની કહેતા કે મનુષ્યમાં આ કેવા પ્રકારનું પરિવર્તન !

પરમાત્માના પ્રાદુર્ભાવનો સમય નજીક આવતો હતો અને તેનાં આ બધાં શુભ ચિહ્નો હતાં. ધર્મ ને ભક્તિ તે પ્રાગટ્યમાં નિમિત્ત બનવાનાં હતાં. ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં એક નવું સુવર્ણ પૃષ્ઠ ઉમેરાવાનું હતું.

ભારતમાં અનેક અવતારો પ્રગટ થયા છે. જે કાર્ય માટે તેમનું પ્રાગટ્ય હતું તે કાર્ય તેમણે કર્યું પણ આજ તો સ્વયં પૂર્ણ પુરુષોત્તમ પ્રગટ થવાના હતા. તેથી તેઓ પોતાના ઐશ્વર્ય સહિત ધર્મદેવના ઘેર અંતરીક્ષમાં પધાર્યા. ધર્મદેવ પ્રત્યે દૃષ્ટિ કરી તેમના અંતરમાં વાસ કર્યો. તે જ સમયે ધર્મદેવને પોતાના અંતરમાં કોઈ દિવ્ય વિભૂતિના આવિર્ભાવનો અનુભવ થયો. તે દિવ્યાતિદિવ્ય અનુભવના ઉલ્લાસમાં તેમણે ભક્તિદેવી પ્રત્યે સ્નેહપૂર્ણ દૃષ્ટિએ જોયું. તત્ક્ષણ જ ભક્તિ-દેવીના ઉદરમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનો વાસ થયો.[૧૫] પૃથ્વી ઉપર પુરાણ-પુરુષના આવિર્ભાવનાં સૂચક ચિહ્નો દેખાવા લાગ્યાં.

પૃથ્વી ઉપર વસંતની વધાઈ લાવતી ઋતુ આવી. પૃથ્વી ફળવતી બની ગઈ. કુસુમાકરના આગમનથી પૃથ્વીના નૈસર્ગિક સૌંદર્યનાં સૌને દર્શન થયાં. પૃથ્વીનું આવું આહ્‌લાદ પ્રેરક સૌંદર્ય પરમાત્માની વિભૂતિ સમું, પરમાત્માના પ્રાગટ્યના સમયનો નિર્દેશ કરતું હતું.

અયોધ્યા પ્રાંતનો ઉત્તર કોશલનો પ્રદેશ પૂર્ણ પુરુષોત્તમની લીલાભૂમિ બનવાના કોડ સેવતો હતો; પોતાના અંગમાંથી વનસ્પતિ અને વૃક્ષોનાં પુષ્પ, ફળોનો ઉપહાર લઈને આ બાળપ્રભુનાં દર્શનની આતુરતાથી થનગનતો હતો. વેદો પણ પોતે કરેલ સ્તુતિ સાંભળી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ મૂળ અવિદ્યાનો નાશ કરવા પ્રગટ થવાના છે તે જાણી, બ્રાહ્મણોના મુખમાંથી પ્રગટ થઈ પોતાનો આનંદ વ્યક્ત કરતા હતા. સર્વત્ર આનંદમંગળ વર્તી રહ્યાં હતાં.

પ્રાગટ્ય

આજે પ્રેમવતીના અંગમાંથી જાણે પ્રકાશના પુંજ નીકળતા હતા. તેમનું અતિ કાંતિમય સ્વરૂપ જોઈ સૌને લાગ્યું કે પ્રેમવતીને હવે પ્રસવ થશે.

આષાઢી સંવત[૧૬] ૧૮૩૭ના ચૈત્રની શુક્લ નવમીને[૧૭] સોમવારની રાત્રે દસ વાગ્યે શ્રી પૂર્ણ પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ થયો.

પૃથ્વી મંગલમય બની ગઈ. ચંદ્રની કાંતિ વધુ દિવ્ય દેખાવા લાગી. પુત્રનો જન્મ થયો એવો શબ્દ સાંભળી ધર્મદેવના આનંદનો અવધિ ન રહ્યો. સારા છપૈયાપુરમાં આ સમાચાર વિદ્યુત્‌વેગે પ્રસરી ગયા. દિશાઓ પ્રકાશમય

૧૫. સદ્‌ગુરુ નિત્યાનંદ મુનિકૃત 'શ્રીહરિદિગ્વિજય'; ઉલ્લાસ ૪, શ્લોક ૪૭.

૧૬. આષાઢ માસથી જેઠ માસ પર્યંત ગણાતું વરસ.

૧૭. તા. ૩-૪-૧૭૮૧.

બની ગઈ. આકાશમાં ચંદ્ર અને તારા કંઈક વિશેષ પ્રકાશથી ચમકવા લાગ્યા. સૌનાં અંતરમાં સત્ત્વગુણનો ભાવ વર્તવા લાગ્યો. ગાયો પૂંછડાં ઊંચાં કરતી ભાંભરતી પારસો મૂકી તેનાં લચી પડતાં આઉમાંથી દૂધનો સ્રાવ કરતી ધર્મદેવના ઘર તરફ દોડતી હતી. પક્ષીઓ કલરવ કરતાં હતાં. વાયુ પણ આ સમયે સુગંધીમાન વહેવા લાગ્યો. આકાશમાં ગંધર્વોના દિવ્ય સંગીતના થયેલા સૂરો આજે પ્રગટ થઈ સૌનાં અંતર ઉજાળવા લાગ્યા. દેવોના નૃત્યથી તેમના ઝાંઝરના ઝંકાર અને શંકરના ડમરુના તાલ આજે વિશેષ ઘોષથી અંતરીક્ષમાંથી બહાર નીકળતા હતા. સૌને આજના વાતાવરણમાં આહ્‌લાદનો અનુભવ થયો. પૃથ્વી ઉપરનું મંગળ આજે પ્રગટ થયું હતું તેનાં આ સર્વે શુભ ચિહ્‌ન હતાં.

છપૈયામાં આનંદની હેલી છવાઈ ગઈ. પુત્રજન્મ તો ઘેર ઘેર થતા હશે, છતાં ભક્તિદેવીના આ પુત્રજન્મના સમાચારથી આ આહ્‌લાદ શાથી ? કારણ કે સૌનાં અંતરનો અંતર્યામી આજે ભક્તિમાતાનો જાયો બની પ્રગટ થયો હતો. તેથી જ એ અંતર્યામીની આ પ્રેરણા હતી. શુભ શુકનોની તેમાં સાક્ષી હતી. અધર્મના રાહુથી ગ્રસ્ત થયેલી પૃથ્વી જાણે ભૂરા આકાશની ઓઢણી ઉપર શુક્લ નવમીનું ભાતીગળ પીળું પટોળું ઓઢીને, આજે આહ્‌લાદની ઊર્મિઓ વેરતી હતી. પૃથ્વીનો રસકસ પીને ફળેલાં વૃક્ષો પૂર્ણ પુરુષોત્તમના પ્રાદુર્ભાવથી તેમને નીચાં નમીને નમસ્કાર કરતાં હતાં. આવા દિવ્ય આનંદનો અનુભવ જો દર્શન પહેલાં જ અંતરમાં થવા લાગ્યો, તો દર્શનથી તો કેવો આનંદ થશે, તેવા વિચારમાં છપૈયાનાં પુરવાસીઓ – સ્ત્રીઓ અને પુરુષો, બાળકો અને વૃદ્ધો – કાંઈક કાંઈક ભેટ-સામગ્રીઓ લઈને જ ધર્મદેવને ઘેર દોડતાં જવા લાગ્યાં.

ધર્મદેવને ઘેર બ્રાહ્મણો સામવેદના મંત્રો ભણી રહ્યા હતા. કેટલાક ભગવદ્‌ગીતાનો પાઠ કરતા હતા. શરણાઈઓના સૂર પણ સંભળાતા હતા. તેને દબાવીને ગીતાપાઠી બ્રાહ્મણો ઘોષ કરતા હતા :

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ॥ ११/१८॥

ગીતાધ્વનિનો આ ઘોષ પણ ગંધર્વોના સૂરમાં દબાઈ ગયો :

પ્રેમવતી સુત જાયો અનુપમ, બાજત આનંત બધાઈ હો;
પ્રગટ ભયે પૂરણ પુરુષોત્તમ, સુર સજ્જન સુખદાઈ હો.

ધર્મદેવના વિશાળ પ્રાંગણમાં ભક્તોની ભીડ જામી. ચંદનનાં છાંટણાં અને અબીર-ગુલાલના પોંખણાથી સૌ ભાવિકો રંગાયા. તેમને દર્શન કરવાં હતાં

ધર્મના 'લાલ'નાં. એટલામાં તો ત્યાં પ્રકાશનો પુંજ વેરાયો. ભક્તિમાતા સમક્ષ આ નવજાત 'લાલ' અક્ષરધામમાં રહેલા પોતાના દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા. ભક્તિમાતાએ બે હાથ જોડી તેમણે સ્તુતિ કરી. પરંતુ માતા એ દિવ્યભાવના પ્રવાહમાં વધુ ન ખેંચાઈ જાય તેથી 'લાલે' ખડખડાટ હાસ્ય કર્યું. એ હાસ્યનો મધુર ધ્વનિ પ્રકાશના શીતળ પુંજ સાથે બહાર નીકળ્યો અને સૌ અવાક્ બની ગયા ! માતા પ્રેમવતી પુત્રને ગોદમાં લઈ સ્તનપાન કરાવી રહ્યાં હતાં.

ધર્મદેવ પાસે બેઠેલા વિદ્વાન બ્રાહ્મણોએ પુત્રજન્મનો સમય જોઈ તરત જ તે પુત્રની કુંડળી તૈયાર કરી દીધી. તે સમયે બૃહસ્પતિ પુષ્ય નક્ષત્રમાં સુકર્મ નામે યોગમાં અને કૌલવ નામે ત્રીજા કરણમાં વૃશ્ચિક લગ્નમાં રહેલો હતો. સૂર્ય સુત નામે પાંચમા ભુવનમાં રહેલો હતો. ચંદ્ર ભાગ્ય નામે નવમા ભુવનમાં રહેલો હતો. મંગળ ધન નામે બીજા ભુવનમાં રહેલો હતો. બુધ સુત નામે પાંચમા ભુવનમાં રહેલો હતો. શનિ સહિત ગુરુ તનુ નામે પ્રથમ ભુવનમાં રહેલો હતો. મીન રાશિમાં રહેલો શુક્ર બુદ્ધિ નામે પાંચમા ભુવનમાં વર્તતો હતો. રાહુ રિપુ નામે છઠ્ઠા ભુવનમાં રહેલો હતો. કેતુ વ્યય નામે બારમા ભુવનમાં રહેલો હતો. આ પ્રમાણે સર્વ ગ્રહોના સુયોગમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન બાળપ્રભુ ધર્મદેવને ઘેર પ્રગટ થયા.[૧૮]

ધર્મદેવે તરત જ ઠંડાં જળથી સ્નાન કરી, પુત્રના જિહ્વામાર્જન અને મેધાજનન નામનાં જાતકર્મ કર્યાં. બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન દીધાં. પુત્રજન્મની વધાઈ લઈને આવનાર સ્ત્રીઓને પણ દ્રવ્ય તથા અનેક પ્રકારની ભેટો આપી પ્રસન્ન કરી દીધી.

સ્વયં વૈરાટ બ્રહ્માએ પોતાનાં પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી સ્તુતિ કરી ત્યારે ભગવાન સ્વયં, ધર્મદેવના આ પુત્રરૂપે પૃથ્વી ઉપર પધાર્યા હતા. ભગવાનના અંશ અને કળાઅવતારો પૃથ્વી ઉપર આવ્યા હતા, પરંતુ સ્વયં પુરુષોત્તમ પોતે વેદોની સ્તુતિ સાંભળી આ બ્રહ્માંડમાં અવિદ્યાનો નાશ કરવા અને એકાંતિક ધર્મનું સ્થાપન કરવા પ્રથમ વાર જ પધાર્યા હતા. ધર્મદેવને એ દિવ્યતાનું ભાન ન રહ્યું અને પુત્રજન્મનો લૌકિક આનંદ અંતરમાં અનુભવવા લાગ્યા. એ સમયે ધર્મકુળના ઈષ્ટદેવ હનુમાનજી અંતરીક્ષમાં ત્યાં આવી ગયા. અનંત દેવો અને અવતારો પણ પોતપોતાના સ્થાનકમાંથી પૂર્ણ પુરુષોત્તમની મોક્ષપ્રદ ભક્તિનો લહાવો લેવા અને તેમની સેવા કરવા આવી ગયા.

---

૧૮. 'શ્રીહરિદિગ્વિજય'; ઉલ્લાસ ૫.

ભક્તિમાતાની સખીઓ પ્રસૂતિગૃહમાં આવી ગઈ. ભક્તિમાતાની ગોદમાં બિરાજેલા બાળપ્રભુને જોઈ તેમની વૃત્તિઓ હાથ ન રહી. જન્મ-સૂતકના નિયમો ભૂલી સૌ એક પછી એક બાળપ્રભુને તેડી રમાડવા લાગી. પરમ આશ્ચર્ય ઉપજાવતા ભક્તિના બાળે તો જાણે કામણ કર્યું હોય તેમ તે સ્ત્રીઓની વૃત્તિઓ રુંધી લીધી. સૌને તેમાં દિવ્યતાનાં દર્શન થયાં. અંતર્વૃત્તિથી બાહ્ય જગતનું ભાન ભૂલેલી આ સખીઓ બાળ ભગવાનના દિવ્ય સ્વરૂપમાં જાણે ખોવાઈ ગઈ હોય તેમ સૌને લાગ્યું. એક પછી એક સ્ત્રીઓ બાળકને રમાડવામાં મગ્ન બની ગઈ. તે જોઈ ભક્તિમાતા મૂંઝાયાં. તેમની મૂંઝવણ પારખી બાળપ્રભુએ રુદન આદર્યું અને ભાન ભૂલેલી સ્ત્રીઓ ભાનમાં આવી. ભક્તિદેવીના પુત્રને રમાડતાં રમાડતાં દિવ્ય સમાધિના આનંદનો અનુભવ તેમને થયો. તે આશ્ચર્યનો ઉકેલ ન હતો. ભક્તિદેવીને પુત્ર સોંપી દીધો. ભક્તિમાતાની ગોદમાં સૂતેલો પુત્ર હજી પણ તેના કટાક્ષથી તેમનાં હૈયાં વીંધતો હતો.

કાલીદત્તનું કૃત્ય

શ્રીહરિના જન્મથી છપૈયાપુર આનંદવિભોર બની ગયું. સરવાર દેશમાં આનંદમંગળ વર્તવા લાગ્યાં. પરંતુ ભગવાનના સ્વરૂપના અસ્તિત્વનો જ નાશ કરવા ઇચ્છનારા, એ દિવ્ય સ્વરૂપના વિરોધીઓ, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા એવું શી રીતે માની શકે ? આવાં જડ તત્ત્વો ભગવાનનું જ્ઞાન જગતમાં ન પ્રસરે અને આસુરી સંપત્તિનો નાશ ન થાય તેવું વિચારનારા આ બાળ શ્રીહરિનો નાશ કરવા તૈયાર થયા.

આસુરભાવનો કાલીદત્ત[૧૯] આ બીડું ઝડપવા તત્પર થયો. દેવીની સમક્ષ જ માંસ ને મદિરાનું ભક્ષણ કરનાર, પોતાના જ ગોત્રની સ્ત્રીઓ સાથે દેવી સન્મુખ વ્યભિચાર કરી તેને બ્રહ્મનો આનંદ માનનાર આ અસુરને શ્રીહરિનો નાશ કરવાના કોડ જાગ્યા. પોતે સાધેલી મલિનવિદ્યાના બળે તેણે કોટરા આદિ કૃત્યાઓ ઉત્પન્ન કરી અને તેને આજ્ઞા કરી : "છપૈયાપુરમાં વિપ્ર હરિપ્રસાદને ઘેર જન્મેલા બાળકનો નાશ કરો."

ચૈત્ર સુદ ચૌદશ, શ્રીહરિની છઠ્ઠીની રાત્રીએ છપૈયાપુરમાં આ કૃત્યાઓને લઈને કોટરા આવી. તેમનો અર્ધનગ્ન વેશ જોઈને સદાચારી લોકો લાજી મર્યા.

૧૯. સંપ્રદાયના ગ્રંથોમાં એવું પણ સૂચવાયું છે કે કાલીદત્ત શ્રીકૃષ્ણના સમયના કાળ-યવનનો અવતાર હતો. — શ્રીહરિલીલામૃત; કળશ ૨, વિશ્રામ ૪.

હરિપ્રસાદને ઘેર તેમના પુત્રને રમાડવાના ભાવથી તે દાખલ થઈ. પ્રેમવતી માતાએ બાળકને ગોદમાં સુવાડ્યા હતા. કોઈ ન જુએ તેમ ધીરે રહીને બાળકને ગોદમાંથી ઉઠાવી ઘર બહાર નીકળી તરત જ કૃત્યાઓ નાઠી. અચાનક માતા પ્રેમવતીની આંખો ખુલી અને પુત્રને ગોદમાં ન દીઠા. માતાને હૈયામાં ફાળ પડી. પુત્ર વિના વિહ્‌વળ બની ગયાં. "આ શું થયું ? પુત્ર ક્યાં ગયો ? કોણ મારા લાલને ઉપાડી ગયું ?" આ શબ્દો બોલતાં જ તેમનું હૈયું ભાંગી પડ્યું.

તેમનું રુદન સાંભળી ધર્મદેવ તેમજ બીજા પુરુષો આજુબાજુ હતા તે આવ્યા. ભક્તિમાતાને તેમણે પૂછ્યું : "શું થયું ?"

ત્યારે તેમણે કહ્યું : "મારા લાલને કોઈ ઉપાડી ગયું."

ધર્મદેવને ધ્રાસ્કો પડ્યો. આજુબાજુ માણસો દોડાવ્યા પણ કૃત્યાઓને કોઈ આંબી શક્યું નહિ. ભક્તિમાતાનું છાતીફાટ રુદન સાંભળી પવનસુત હનુમાનજી ત્યાં આવ્યા. માતાને રડતાં જોઈ તેમણે પૂછ્યું : "માતા ! કેમ રડો છો ?"

પરંતુ માતાને ઉત્તર દેવાની પણ સૂધ ન હતી. અંજનીસુત તરત જ સમજી ગયા. તેમણે માતાને ધીરજ આપી. પછી ત્યાંથી ઊપડ્યા.

પવનવેગે દોડતી કૃત્યાઓને હર્ષ સમાતો ન હતો. છ વાસરના ફૂલને કચડી નાખવામાં શું કઠણ પડશે ? છતાં કાલીદત્તને તેની કેમ ખબર પડશે ? તેથી તે બાળને કાલીદત્ત પાસે જ લઈ જવા તેઓ દોડતી હતી. ત્યાં પાછળથી હનુમાનને આવતા તેમણે જોયા. બાળકના સુકુમાર મુખ તરફ જોયું અને દિલમાં ધ્રૂજી ઊઠી.

શ્રીહરિએ કૃત્યા તરફ એક દૃષ્ટિ જ કરી. એમાં એમનો પરાભવ કરવાની શક્તિ હતી. કૃત્યાઓ આ દૃષ્ટિ ઝીલી શકી નહિ. આથી તેમણે બાળપ્રભુને પૃથ્વી ઉપર મૂકી દીધા. ત્યાં તો અંજનીસુત આવ્યા. પવનવેગે દોડતી કૃત્યાને પવનસુતે પકડી લીધી. કાલીદત્તની મંત્રપુત્રીઓ પવનસુતના સ્પર્શથી જ ત્રાસી ગઈ. તે સ્પર્શમાં જ તેમના રુધિરનો શોષ હતો. "ફરી કોઈ વખત નહિ આવીએ," એવી તેમણે કાકલૂદી કરી. એટલે હનુમાનજીએ તેમને છોડી. હનુમાનજી ત્યાંથી પાછા ફર્યા. બાળપ્રભુને હાથમાં સંભાળપૂર્વક તેડી તેઓ માતા પાસે આવ્યા. પુત્રને હેમખેમ જોઈ રુદન કરતી માતાના હૈયામાં જીવ આવ્યો. હનુમાનજીને નમસ્કાર કર્યા અને કહ્યું : "તમે આજ મને જીવતદાન આપ્યું. મારા લાલને પાછો લાવ્યા. હે પ્રભુ ! તમારા ઉપકારનો બદલો કેમ વાળું ?"

હનુમાનજી હસ્યા. તેમણે કહ્યું : "માતા ! તમારા બાળકને હજુ તમે

ઓળખતાં નથી. વૃંદાવનમાં કૃષ્ણદર્શન તમે ભૂલી ગયાં છો. વનમાં મેં તમને કહ્યું હતું કે તમારો પુત્ર શસ્ત્રથી નહિ પણ બુદ્ધિથી તેમના શત્રુઓનો નાશ કરશે. એ પણ તમોને યાદ નથી રહ્યું.''

પુત્રવિરહી માતાને આ કથનની વિસ્મૃતિ થઈ ગઈ હતી. બાળપ્રભુની પણ એવી જ ઇચ્છા હતી. પ્રભુ પ્રત્યે જો સતત દિવ્યભાવ રહે, તો પુત્રસુખ કેમ આવે ? ભક્તિમાતાએ ફરી વાયુપુત્રને નમસ્કાર કર્યા. હનુમાનજી ત્યાંથી અંતર્ધાન થઈ ગયા !

બાદ બાળપ્રભુનો આ.સં. ૧૮૩૭ વૈશાખ સુદ દશમ, ગુરુવારે પયઃપાન સંસ્કાર કર્યો તથા વૈશાખ સુદ એકાદશી, શુક્રવારે બાળપ્રભુને પારણે પોઢાડ્યા.

નામકરણવિધિ

બાળ શ્રીહરિના નામકરણની વિધિનો સમય આવ્યો છે. આ.સં. ૧૮૩૮ અષાઢ વદ સાતમ ને ગુરુવાર છે. શ્રીહરિ ત્રણ માસ અને બાર દિવસના થયા અને નામકરણની વિધિની સૌ તૈયારી કરવા લાગ્યા.

એટલામાં ત્યાં માર્કન્ડેય ઋષિ પધાર્યા. ઋષિને બરાબર સમયસર આવેલા જોઈ ધર્મદેવ ખૂબ રાજી થયા. અતિથિનું યોગ્ય સન્માન કર્યા પછી બે હાથ જોડીને તેમને કહ્યું : ''મહારાજ ! મારા પુત્રનો આજે નામકરણવિધિ છે. એટલે હું માનું છું કે આપ હરિ-ઇચ્છાથી જ અહીં પધાર્યા છો. હું આપની શી સેવા કરું ?''

ત્રિકાળજ્ઞાની માર્કન્ડેય ઋષિ તો જાણતા જ હતા કે શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો છે. મારે તેમનું કાર્ય, શક્તિ ને મહિમાનો નિર્દેશ કરવાનો છે. તેથી તેમણે શાંત મુખમુદ્રા રાખી કહ્યું : ''અમો તો તીર્થાટન કરતાં કરતાં તમારું નામ સાંભળી અહીં ભિક્ષાર્થે આવ્યા છીએ. ચાર વેદ અને તમામ સત્શાસ્ત્રનો મેં અભ્યાસ કર્યો છે. જ્યોતિર્વિદ્યા પણ જાણું છું. આપના બાળકની કુંડળી હોય તો લાવો હું નામકરણવિધિ કરીશ.'' આટલું કહી તેમણે ધર્મદેવ સામું જોયું.

આ અતિથિના આગમનને હરિ-ઇચ્છા સમજી ધર્મદેવે કહ્યું : ''મારા અહોભાગ્ય છે કે આ પ્રસંગે જ મારા ઘેર આપ જેવા પવિત્ર મહાત્મા પધાર્યા.''

ધર્મદેવે બાળપ્રભુની કુંડળી ઋષિવર્યના હાથમાં સોંપી. કુંડળી જોતાં જ ઋષિવર્ય હાથના વેઢે રાશિનાં નામ ગણવા લાગ્યા. તેમની અતિ પ્રસન્ન મુખમુદ્રા જોઈ ધર્મદેવે તેમને પૂછ્યું : ''બાળકના ગ્રહ તો અતિ શુભ છે ને ?''

માર્કન્ડેય ઋષિએ કહ્યું : ''ધર્મદેવ ! સાંભળો, તમારા પુત્રના ગ્રહ તો

અતિ શુભ છે. કર્કનો ચંદ્ર છે તેથી કર્કરાશિ ઉપરથી તેમનું નામ 'હરિ' એવું પડશે. તેમના આશ્રયે જે જે આવશે તેમની જન્મ-મરણની આપદા તે હરશે. વળી, ચૈત્રમાં જન્મ છે અને કાંતિ શ્યામ છે તેથી 'કૃષ્ણ' નામે પણ ઓળખાશે. તેમનાં દર્શન જે જે કરશે તેમની વૃત્તિઓ પોતાના સ્વરૂપમાં તે ખેંચી લેશે, જેથી તેમનું 'કૃષ્ણ' નામ પણ સાર્થક છે. આ બંને 'હરિ' અને 'કૃષ્ણ' મળીને 'હરિકૃષ્ણ' એવે શુભ નામે પણ લોકો તેમને ઓળખશે. તપ, ત્યાગ, યોગ, ધર્મ અને જ્ઞાનમાં શિવજી જેવા સંપૂર્ણ થશે. એટલે 'નીલકંઠ' પણ કહેવાશે.''

ધર્મદેવ તો મહાત્માના મુખમાંથી જાણે અમી ઝરતું હોય તેમ એક એક શબ્દને પી રહ્યા હતા. બાળપ્રભુના પ્રાકટ્યનો ઉદ્‌ઘોષ કરવાનો પ્રથમ યશ પોતાને મળ્યો હતો તેથી ઋષિ અતિ આનંદમગ્ન થઈને બોલ્યે જ જતા હતા : ''ધર્મદેવ ! હું તમારું ભાગ્ય શું વર્ણવું ? આગળ થયેલ તમામ ભક્તો, ઋષિઓ કે મહાત્માઓથી પણ આ બાળક શ્રેષ્ઠ થશે. તેમને કોઈની ઉપમા દેવાય તેમજ નથી. લાખો મનુષ્યો તેમનો આશ્રય કરશે, તેમને સન્માનશે. આ તમારો પુત્ર તેઓનું કલ્યાણ કરશે. પૃથ્વી ઉપર શુદ્ધ એકાંતિક ધર્મનું સ્થાપન કરશે.

''પૃથ્વીની ઉત્પત્તિ પછી હજુ સુધી આ ધર્મ ફક્ત શાસ્ત્રોમાં જ સચવાયેલો રહ્યો છે પણ તેનું પ્રસ્થાપન થયું ન હતું. વધુ તો શું કહું, પણ આ પુત્ર તમારું જ નહિ પરંતુ સમગ્ર વિશ્વનું મંગલ કરશે !'' એટલું કહી ઋષિ અટક્યા. પછી ધીરે રહી તેમણે ધર્મદેવ પ્રત્યે સૂચક દૃષ્ટિથી જોઈને કહ્યું : ''મેં કુંડળી તો જોઈ પણ કુંડળીના કર્તાનાં તો મને દર્શન કરાવો, જેને આધીન રહીને ગ્રહો આ પ્રમાણે પોતપોતાના સ્થાનમાં ગોઠવાઈ ગયા છે !''

મહાત્માની આ ગૂઢ ભાષા ધર્મદેવ ન સમજી શક્યા ! માર્કન્ડેય ઋષિ હસ્યા. તેમણે કહ્યું : ''ધર્મદેવ ! મને તમારા બાળકનાં દર્શન તો કરાવો !''

''હા રે હા, પ્રભુ ! આપના આશીર્વાદ માટે તો બાળકને આપને પગે લગાડવો જ રહ્યો !'' એમ કહી અંદરથી બાળપ્રભુને લઈ ઋષિનાં ચરણ પાસે મૂક્યા. ઋષિએ એકદમ ચરણ ખેંચી લઈને બાળપ્રભુની સામે જોયું. બાળપ્રભુએ પણ તેમની સામે નિર્નિમેષ દૃષ્ટિથી જોયા કર્યું. ઋષિ તે ભાવ સમજી ગયા. પ્રભુ કહે છે કે આટલી ઉતાવળ ઓળખાણ પાડવામાં નહોતી કરવી. ઋષિએ મૂક ભાષામાં કહી દીધું : ''તમને ઉતાવળ ન હોય પણ મારે તો ઉતાવળ હોય જ ને ! આવી ભક્તિ કરવાનો પ્રથમ લાભ તો મેં જ લઈ લીધો !''

ધર્મદેવ ધીરે રહીને બાળક પ્રત્યે એકીનજરે જોઈ રહેલા મહાત્માને કહ્યું :

"આ બાળકના માથે હાથ મૂકો." ઋષિએ હાથ મૂક્યો.

ધર્મદેવે મહાત્માને સારી રીતે મિષ્ટ ભોજન જમાડ્યું. બહુ દ્રવ્યનું દાન પણ આપ્યું, પણ મહાત્માએ કહ્યું : "અમારે ત્યાગીઓએ હવે ધનનું દાન લેવાનું બંધ કરવું પડશે. શાસ્ત્રમાં તો તેનો નિષેધ છે જ. અમે તે નિષેધને આજ સુધી અવગણ્યો હતો, પણ હવેથી આ તમારા પુત્રના પ્રાકટ્યથી તે નિયમ અમારે પાળવો પડશે. નહિ તો લોકો અમને ભેખ કહેશે !" એટલું બોલીને મહાત્મા ત્યાંથી ચાલી નીકળ્યા.

ધર્મદેવ ક્યાંય સુધી મહાત્માને જતા જોઈ રહ્યા. તેમની ભાષામાં તેમને એટલું જ સમજાયું કે પોતાનો બાળક મહાન થશે. બીજી અગમ ભાષામાં તેમને ગમ પડી નહિ. તેમના પુત્ર બાળપ્રભુએ પણ તેમને તે ગમ પડવા દીધી નહિ. અત્યંત હર્ષયુક્ત થઈ બાળકને લઈને તેઓ ઘરમાં ગયા.

બાળપ્રભુને ભૂમિ ઉપર બેસાડ્યા

બાળપ્રભુને પાંચમો માસ બેઠો. આ.સં. ૧૮૩૮ શ્રાવણ સુદ એકાદશીના વારાહજીની મૂર્તિ પધરાવી ભૂમિપૂજન કર્યું. બાળપ્રભુને ભૂમિ ઉપર પધરાવ્યા. આ પ્રસંગે બ્રાહ્મણોને તેડાવ્યા અને મહાન ઉત્સવ કર્યો. સગાં-સંબંધીઓ તથા બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કર્યા.

અન્નપ્રાશનવિધિ

છઠ્ઠો માસ બેઠો. આસો સુદ બીજનું શુભમુહૂર્ત જોઈ શ્રી બાળપ્રભુને અન્નપ્રાશનવિધિ કરાવ્યો. આ પ્રસંગે બાળપ્રભુની અંતર્ગત રુચિ શી છે તે જાણવા માટે ધર્મદેવે તેમની પાસે સોનામહોર, તલવાર અને શાસ્ત્રનો ગ્રંથ – ત્રણે મૂક્યાં. બાળપ્રભુએ મહોર અને તલવાર છોડી શાસ્ત્ર ઉપર પોતાનો હાથ મૂક્યો. ધર્મદેવને પ્રતીતિ થઈ કે બાળક જરૂર મહાન શાસ્ત્રવેત્તા થશે. બાળકની આવી રુચિથી પ્રસન્ન થઈ ધર્મદેવે તરત જ તેમને તેડી લીધા અને વહાલથી ગોદમાં સમાવ્યા. તરત જ તેમણે બે હાથ માતા સન્મુખ લાંબા કર્યા અને માતાએ તેમને તેડી લીધા. ભક્તિમાતાની સખીઓ પણ એ લહાવો લેવા આવી. પ્રભુએ એ લહાવો સૌને લેવા દીધો. ભક્તિમાતાને અનેક આપત્તિઓનો અનુભવ કરાવી તેમની પ્રાર્થનાથી પોતે પ્રાદુર્ભાવ પામ્યા હતા. તેથી છેવટે તો તેઓ માતાની - ભક્તિની ગોદમાં જ સમાયા. માતાએ પણ પ્રેમનાં ચુંબનોનો વરસાદ વરસાવ્યો !

કર્ણવેધ-સંસ્કાર

આ.સં. ૧૮૩૮ની શરદપૂર્ણિમાએ[૨૦] બાળપ્રભુના કર્ણવેધનો સંસ્કાર નક્કી કર્યો. આ પ્રસંગે પણ ધર્મદેવે સહુ સગાં-સંબંધીઓને તેડાવી મહાન ઉત્સવ કર્યો. ભક્તોની અત્યંત કસોટી કરવામાં ભાન ભૂલેલા ભગવાનને ભાનમાં લાવવા તેમના કાન પકડવાનો અધિકાર ભક્તોનો છે. તેની મીઠી સ્મૃતિ ભગવાનને કરાવવા, ભગવાન ઉપર આ સંસ્કાર કરવાનો વિધિ શાસ્ત્રકારોએ ડહાપણપૂર્વક યોજ્યો છે. બાળપ્રભુએ એ સ્મૃતિ કાયમ રહે તે માટે તે વિધિ કરવા દીધો. ભક્તિદેવી બાળપ્રભુનો કાન પકડી આ વિધિ થતો હોંશે હોંશે જોઈ રહ્યાં. ભલભલાનો કાન પકડનાર બાળપ્રભુનો કાન આજે ભક્તિમાતાના હાથમાં હતો. ભક્તિમાતા કહેતાં હતાં : "જો જો, તમારો કાન મારા હાથમાં છે, માટે ભક્તોથી ડરજો."

"તેથી જ એવા ભક્તને દુઃખવતાં મનમાં બીએ છીએ"[૨૧] – એવા શબ્દો પોતે વચનામૃતમાં કહ્યા છે.

✧

ધીરે ધીરે બાળપ્રભુ કાલુ કાલુ બોલતાં શીખ્યાં. ભક્તિમાતાની સખીઓ તેમને બોલતાં શિખવાડવા લાગી, તેમની તોતડી વાણી સાંભળી સૌ હસતાં. ન સમજાય તેવું બોલતા ત્યારે સૌ સામું જોઈ રહેતાં. તેમને જોઈ બાળપ્રભુ હસતા અને ઘણી વાર તો ગંભીર મુખમુદ્રા કરી જાણે કહેતા હોય કે મારી વાણી તો કોઈને પણ સમજાય તેવી નથી !

વર્ષ લગભગ પૂરું થવા આવ્યું તે અરસામાં બાળપ્રભુ ઘૂંટણભેર ચાલતાં શીખી ગયા. ઘણી વાર તો એ રીતે ચાલતાં ચાલતાં ઘરની બહાર પણ નીકળી જતા અને કોઈ કોઈ વાર ઉંબરો ઓળંગતા પડી પણ જતા. ત્યારે માતા તરત દોડીને તેડી લેતાં. એ વખતે માતા સામું જોઈને હસતા અને પછી તરત જ નીચે ઊતરી ઘૂંટણીએ ચાલવા લાગતા. માતા રસોઈ કરતાં હોય ત્યારે ઘણી વાર પાછળથી જઈ વાંસા ઉપર ચડી જતા અને બે હાથ માતાને ગળે ભરાવી વાંસામાં હિલોળા લેતા. ત્યારે માતા પ્રેમભર્યો કંટાળો બતાવતાં. ગળા ઉપર વીંટાળેલા હાથ ધીરેથી છોડાવતાં. પણ બાળપ્રભુ તે વધુ ને વધુ મજબૂત કરતા. ભગવાનને

૨૦. આસો સુદ દશમ એવો પણ ઉલ્લેખ છે. – સત્સંગિજીવન : ૧-૨૫-૩.

૨૧. વચ. ગ.પ્ર. ૩૭.

ભક્તિ વહાલી છે, ભક્તિને ભગવાન વહાલા છે – એમ અરસપરસનો સંબંધ તો ભક્તિરસનો આસ્વાદ જેણે ચાખ્યો હોય તેને જ જણાય.

રામપ્રતાપભાઈનો વિવાહ અને લગ્ન : આ.સં. ૧૮૩૮

આ જ અરસામાં રામપ્રતાપભાઈનો વિવાહ છપૈયાથી પશ્ચિમમાં તરગામના સરવરિયા જ્ઞાતિના જમીનદાર વિપ્ર બળદેવ દૂબેની પુત્રી સુવાસિની સાથે કર્યો. લગ્નકંકોત્રી આવી, એથી ધર્મદેવ જાન જોડી તરગામ આવ્યા. ખૂબ જ ધામધૂમથી લગ્ન થઈ ગયાં. જાન ઘેર આવી. કુળદેવતાને પગે લગાડવાનો સર્વ વિધિ કર્યો. સુવાસિની વધૂને જોઈ સૌ કહેવા લાગ્યાં : "ધર્મદેવ તો અતિ ભાગ્યશાળી છે કે બળરામની પત્ની રેવતીજી જેવી ધર્મનિષ્ઠ અને પતિવ્રતા વધૂ તેમને મળી." રામપ્રતાપભાઈનાં ભાગ્યનાં સૌ વખાણ કરવા લાગ્યાં.

દ્વિતીય જયંતી-મહોત્સવ

બાળપ્રભુને એક વર્ષ પૂરું થયું. બીજા વર્ષનો જન્મોત્સવ ધર્મદેવે ખૂબ જ ભવ્યતાથી ઊજવવાનું નક્કી કર્યું. બ્રાહ્મણો તથા પોતાના સંબંધીઓને તેડાવ્યા. કુળદેવતા હનુમાનજીનું પૂજન કર્યું. પછી દેવ અને ઋષિનું સ્થાપન કર્યું. વ્યાસ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિભીષણ, માર્કન્ડેય, પરશુરામ વગેરે બ્રાહ્મણ પૂર્વજનોનું પણ સ્થાપન કરી તેમનું વિધિપૂર્વક પૂજન કર્યું. બ્રહ્મભોજન કરાવ્યું અને દક્ષિણા આપી બ્રાહ્મણોને રાજી કર્યા. સંબંધીઓ પણ બાળપ્રભુ માટે અનેક પ્રકારની ભેટો લાવ્યા હતા. તેમને સૌને જમાડ્યા.

આ રીતે બાળપ્રભુનો દ્વિતીય જન્મજયંતી મહોત્સવ અત્યંત ધામધૂમથી ઊજવ્યો. છપૈયાપુરમાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. પુત્રવધૂ સુવાસિનીની કાર્યદક્ષતા અને કુટુંબવત્સલતા આ પ્રસંગે સૌના કળ્યામાં આવી.

સુવાસિનીના આવ્યા પછી ભક્તિમાતાને બાળપ્રભુની ચિંતા જરા ઓછી રહેવા લાગી. સુવાસિની ભાભી બાળપ્રભુની અત્યંત સંભાળ રાખતાં. તેમનો શ્યામવર્ણ હોઈ તેમને ઘનશ્યામ કહીને જ બોલાવતાં. મિસરી, માખણ, દૂધ, પેંડા, પતાસાં ઘનશ્યામને રુચે તે પ્રમાણે જમાડતાં. ઘનશ્યામ ક્યારેક જમતા, ક્યારેક પાત્ર ઠેલી પણ દેતા. ત્યારે સુવાસિની ભાભી લાડ કરી ઘનશ્યામને મનાવતાં : "ભૈયા ! થોડું તો જમો !"

ત્યારે ઘનશ્યામ તો તે બધું ભાભીના મોંમાં મૂકી દેતા. પોતાને તો સારાં

અન્ન, વસ્ત્ર કે અલંકારની ઇચ્છા રહેતી જ ન હતી અને શીત, ઉષ્ણ પણ સહેજે સહેજે સહન કરતા. બાળસુલભ ભોગ અને આનંદની અરુચિ ઘનશ્યામમાં બાળપણમાંથી જ સૌને દેખાવા લાગી.

ચૌલ સંસ્કાર : આ.સં. ૧૮૩૯

ઘનશ્યામને ત્રીજું વર્ષ બેઠું. એટલે હવે બાલ-મોવાળા ઉતરાવી ચૌલ સંસ્કારનો વિધિ કરવાનો સમય આવી ગયો હતો. જેઠ વદ પંચમીનું શુભમુહૂર્ત જ્યોતિષીએ કાઢી આપ્યું. આ પ્રસંગ ઉપર સંબંધીઓને તેડાવવા માટે ધર્મદેવે પત્રો લખ્યા. ધર્મદેવના ઘરમાં ઉત્સવનો ઉત્સાહ વ્યાપી ગયો. સવારે શુભ-મુહૂર્તમાં ઘનશ્યામ પ્રભુના વાળ ઉતરાવી ચૌલ સંસ્કાર કર્યો. તે પછી તેમને પંચામૃતથી સ્નાન કરાવી કુળદેવતા તથા ઋષિ અને બ્રાહ્મણોનું જ્યાં સ્થાપન કર્યું હતું ત્યાં લાવી પગે લગાડ્યા. ત્યારપછી નવાં વસ્ત્ર પહેરાવી ઘનશ્યામ પ્રભુને બાળકો સાથે આંગણામાં રમવા મોકલ્યા. સુવાસિની તથા ભક્તિમાતા બંને રસોઈના કામકાજમાં ગૂંથાયાં.

કાલીદત્તનો કોપ

છપૈયામાં જેમ જેમ ઘનશ્યામનો પ્રતાપ વધતો ગયો, ધર્મદેવની પ્રતિષ્ઠા વધતી ગઈ, તેમ તેમ તેમના પ્રત્યે અસુરો તરફથી ત્રાસ પણ વધવા લાગ્યો. ધર્મદેવને ત્યાં આવો ચમત્કારી પુત્ર અને લોકો એને ભગવાન માને ! આ કળિકાળમાં તે વળી ભગવાન હોતા હશે ? કોઈ પણ પ્રકારે ધર્મદેવને હાનિ થાય, તેમની પ્રતિષ્ઠા ઘટે તેવું સૌ વિચારવા લાગ્યા.

પરંતુ પ્રેમ અને કરુણાના ભાવથી ભરેલા ઘનશ્યામ બાળપ્રભુ આ લોકના જીવોની આ રીતની સદા ઉપેક્ષા જ કરતા. તેમનું અંતર તો આ જીવોનો જન્મ-મરણનો ત્રાસ જોઈ દ્રવી જતું. છતાં આશ્ચર્ય તો એ હતું કે તેમાંથી નિવૃત્ત થવાનો વિચાર સુધ્ધાં કોઈ જીવો કરતા નહિ. ઊલટું, એ પાશમાં વિશેષ બંધાવા માટે, રાગ અને દ્વેષના વમળમાં ગૂંચવાઈ લોકો જીવનનિર્વાહના પંથે હાંકોહાંક મંડી જ પડ્યા હતા. પાપનો વિચાર કરતા ન હતા. બીજા જીવોને ત્રાસ થાય તેવી પ્રવૃત્તિ કરતા પણ ડરતા નહિ.

આવા આસુરી ભાવથી આ જ સમયે કાલીદત્તને પણ વેરવૃત્તિ જાગી હતી. તે ભક્તિમાતાનો સંબંધી હતો. ભક્તિમાતાને બહેન કહેતો અને ઘનશ્યામ પ્રભુને

ભાણાભાઈ કહેતો. છતાં પૂર્વજન્મના દ્વેષને કારણે તેને બહેનના પુત્ર સાથે વેર બંધાયું હતું. આગળ મંત્રવિદ્યાના બળે તેણે ઘનશ્યામ પ્રભુને મારી નાખવા કૃત્યાઓ મોકલી હતી. તે વખતે તે ન ફાવ્યો. આ સમયે તેણે ફરી પ્રપંચ રચ્યો. બાળકો સાથે આંગણામાં રમતા ઘનશ્યામ પ્રભુ સૌ બાળકો સાથે ઘરની બહાર નીકળી ગયા અને દૂર દૂર એક સુંદર વાડીમાં મિષ્ટ ફળ ખાવા ગયા. નાનાં બાળકો ઝાડ ઉપરથી ફળ પાડે અને આમ તેમ દોડે. પણ ઘનશ્યામ નાના હોવાથી તેમને તેમણે એક ઝાડ નીચે બેસાડ્યા. સુંદર સઘન વાડીમાં જામફળ, સીતાફળ, આંબા, જાંબુ, રાયણ, નારિયેળી વગેરે અનેક વૃક્ષો હતાં. તેનાં ફળ તોડી તોડીને બાળકોએ ખૂબ ખાધાં. ઘનશ્યામને પણ ખૂબ ખવડાવ્યાં. રમતમાં સૂર્યાસ્ત થઈ ગયો તેનો કોઈને ખ્યાલ ન રહ્યો. ઘેર પણ મહેમાનોની સરભરામાં, તેમને જમાડવામાં કોઈને ઘનશ્યામ ક્યાં ગયા છે તેની ખબર રહી નહિ.

આ સમયે કાલીદત્ત ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યો. તેમને ઉપાડીને ભોંય ઉપર પછાડવાની તેની વૃત્તિ હતી. પરંતુ બાળ ઘનશ્યામની આંખોમાંથી નીકળતા તેજથી તે ડરવા લાગ્યો. આ બીકથી તેના શરીરમાં બળતરા ઊપડી. તેને થયું કે હમણાં તે પડી જશે. એટલે તેણે પોતાની તમોમય માયા પ્રસારી. વાવાઝોડાને ભુલાવે તેવો પવન ફૂંકાવા લાગ્યો. આકાશ કાળાં વાદળોની ઘેરી ઘટાથી આચ્છાદિત થઈ ગયું. વૃષ્ટિ થવા માંડી. ઘનશ્યામને લઈને રમવા આવેલા બાળકોના હોંશકોશ હાથ ન રહ્યા. પરંતુ આંબાના વૃક્ષ હેઠળ બેઠેલા બાળપ્રભુ સ્વસ્થ હતા. કાલીદત્તે હવે પેંતરો બદલ્યો. જે વૃક્ષ નીચે ઘનશ્યામ બેઠેલા એ જ વૃક્ષને ઘનશ્યામ પર પાડી એમને મારી નાખવાના આશયથી એણે માયાને વધુ પ્રસરાવી. થોડી જ ક્ષણોમાં એ આંબાનું વૃક્ષ જડમૂળથી ઊખડીને ઘનશ્યામ પર પડ્યું. કાલીદત્તે નિરાંતનો શ્વાસ ખેંચ્યો. પણ આશ્ચર્ય ! અનંત બ્રહ્માંડોના આ અધીશ્વર બાળપ્રભુની સેવા કરવાનો મોકો પ્રાપ્ત થયો ન હોય - એમ ઘનશ્યામ પર એ વૃક્ષ છત્રની જેમ ગોઠવાઈ ગયું !

આથી કાલીદત્ત વધુ ઉશ્કેરાયો અને ઘનશ્યામને પકડવા એણે એના લોખંડના પાટા જેવા બે હાથ લાંબા કર્યા. ત્યાં જ બાળપ્રભુએ એક ક્રોધભરી દૃષ્ટિ કરી ને કાલીદત્ત ગાંડાની પેઠે આ ઝાડથી પેલે ઝાડ એમ અથડાતો અથડાતો મરણને શરણ થયો.

બાળકો અત્યંત ગભરાવા લાગ્યા. મુશળધાર વરસાદ શરૂ થયો. વીજળીનો ગડગડાટ થવા લાગ્યો અને સઘન વાડીનાં વૃક્ષો પડવા લાગ્યાં. બાળકો ઘનશ્યામને

શોધતાં બાવરાં બની ગયાં પણ ઘનશ્યામ તેમને જડ્યા નહિ. હવે ધર્મદાદા શું કહેશે તેવી બીકમાં તેઓ અથડાતાં-પછડાતાં ગામ તરફ દોડવા લાગ્યા.

અહીં ધર્મદેવને ઘનશ્યામ સાંભર્યા. ભક્તિદેવીને પણ વહાલસોયો બાળ યાદ આવ્યો. ઘનશ્યામ ક્યાં ? ઘનશ્યામ ક્યાં ? એમ સૌ એકબીજાંને પૂછવા લાગ્યાં. તેમાંય અચાનક આવો ઉત્પાત જોઈ બધાને ચિંતા થવા લાગી. જેઠ માસનો આ અણધાર્યો વરસાદ, વીજળીનો ગડગડાટ અને ઘનઘોર આકાશ. એમાં હવે ઘનશ્યામને ક્યાં ગોતવા ? બધાં સૂધબૂધ ભૂલી ગયાં. ભક્તિમાતા આક્રંદ કરવા લાગ્યાં. થોડી વારે વરસાદ ધીમો પડ્યો ત્યારે સૌ હાથમાં ફાનસ, મશાલો, લાકડિયો વગેરે લઈને નીકળી પડ્યાં. અંધારામાં કાંઈ સૂઝતું ન હતું. વરસાદના પાણીથી ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં અને કાદવ થયો હતો. તેમાં માર્ગ કાપતાં સૌ નીકળ્યાં.

એટલામાં દીવાના ઝાંખા પ્રકાશમાં સામેથી દોડતા આવતા છોકરાઓને તેમણે દીઠા. તેથી સૌનાં મનમાં હિંમત આવી. તેમને બોલાવીને પૂછ્યું : ''ઘનશ્યામ ક્યાં છે ?''

ત્યારે તે બધા બીકના માર્યા બોલ્યા : ''અમને ખબર નથી. પાછળ આવતા હશે !''

''ત્રણ વર્ષનું બાળક આવા અંધારામાં પાછળ ક્યાં હશે ?'' આ વિચારથી સૌ ધ્રૂજી ગયાં. હિંમત રાખી, ''હે ઘનશ્યામ ! હે ઘનશ્યામ !'' એમ પોકારતાં સૌ આગળ ચાલ્યાં. પણ ઘનશ્યામને ક્યાંય દીઠા નહિ. છેવટે વાડીમાં આવ્યાં. અહીં પણ ખૂબ શોધ્યા. અંતે થાકીને સૌ એક ઠેકાણે ઊભા રહ્યા.

ત્યાં દીવાના ઝાંખા પ્રકાશમાં સુંદરીબાઈએ ઝાડ નીચે કાંઈક જોયું. તરત જ તેઓ દોડ્યાં. હાથમાં ફાનસ હતું. જઈને જોયું તો ઘનશ્યામ બાળસુલભ સહજતાથી ઝાડની ડાળી સાથે રમતા હતા. વસ્ત્રો બધાં પલળી ગયાં હતાં. શરીર ભીંજાઈ ગયું હતું. છતાં ઘનશ્યામ તે ઉપાધિથી અલિપ્ત અને નિર્ભય દેખાતા હતા. મામીએ તેમને ઉપાડી લીધા. ત્યાં સામેથી ભક્તિમાતાનો અવાજ આવ્યો : ''મારો ઘનશ્યામ મળ્યો ?'' અને ભાન ભૂલી માતા દોડ્યાં. મામીના હાથમાંથી ઘનશ્યામને તેમણે લઈ લીધા અને છાતી સરસા દબાવ્યા. પોતાના ભીના વસ્ત્રથી તેનું શરીર લૂછ્યું ! ખોવાયેલું રત્ન પ્રાપ્ત થયું તેના આનંદમાં ભક્તિદેવી ત્યાં જ બેસી ઘનશ્યામને સ્તનપાન કરાવવા લાગ્યાં. સૌ ઝાડ પાસે આવ્યાં. ત્યાં તો ઝાડ તળે ચગદાયેલો કાલીદત્ત સૌએ જોયો. ભયંકર કામોના

કરનારા આ અસુરને જોઈ સૌને કંપારી વછૂટી ! આજે કુળદેવતા હનુમાનજીની કૃપાથી જ આ બાળકની રક્ષા થઈ છે એવું સૌ કહેવા લાગ્યાં !

તે રાત્રે ઘનશ્યામને તાવ આવ્યો. માતાએ કપાળે હાથ મૂક્યો ત્યાં તો જાણે લોઢી ધગી હોય તેવું કપાળ ગરમ લાગ્યું. તેમને લાગ્યું કે અસુરનો પ્રકોપ હજુ શમ્યો નથી. માતાને કાંઈ સૂઝ્યું નહિ. તરત જ તેમનાં બહેનને બોલાવ્યાં. ચંદનમાસીએ ઘનશ્યામનું શરીર જોઈને કહ્યું : "આને બળિયા નીકળશે."

બીજે દિવસે ઘનશ્યામના શરીરે બળિયા નીકળ્યા. થોડા દિવસ આ બળિયાની ઉપાધિ રહી. સાતમે દિવસે ઠંડા પાણીએ નાહતાં શમી ગયા. ફક્ત નિશાની રૂપે થોડા ડાઘ નાસિકા ઉપર રહ્યા.

ચંદનમાસી તથા તેમનો દીકરો બસ્તી અને વસંતામાસી તથા તેમના પુત્ર માણેકધર આ પ્રસંગ ઉપર જ તરગામથી આવ્યાં હતાં. આજે તેઓ ઘેર જવાનો વિચાર કરતાં હતાં. પરંતુ ભક્તિમાતાએ કહ્યું : "ઘનશ્યામને આજે જ બળિયા નમાવ્યા છે, તો હવે એક દિવસ રોકાઈ કાલે જમીને જજો."

બંને રોકાઈ ગયાં.

માછીમારને અહિંસાનો બોધ

એક દિવસ સવારે ઘનશ્યામ પોતાના બાળમિત્રો સાથે મીન સરોવરે નાહવા પધાર્યા. આ સરોવરમાં પુષ્કળ માછલાં હતાં તેથી લોકો તેને મીન સરોવર કહેતા. ઘનશ્યામ મિત્રો સાથે અહીં આવ્યા. સરોવરની પાસે જ વડનું એક વૃક્ષ હતું. તેની નીચે સૌએ કપડાં કાઢ્યાં. ઘનશ્યામ સરોવરને કાંઠે આવ્યા. તેમણે અહીં એક કાળા રંગના કદાવર માછીમારને માછલાં પકડતો જોયો. સરોવરમાંથી માછલાં કાઢી તે ટોપલામાં નાખતો હતો. બીચારા અસહાય જીવોની આ ક્રૂર માછીમાર હિંસા કરતો હતો. તેથી ઘનશ્યામનું અંતર ધ્રૂજી ઊઠ્યું. તેમને લાગ્યું કે મનુષ્યના હૃદયમાંથી પાપ-પુણ્યની ભાવના જ અલોપ થઈ ગઈ હતી. ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરતી તેમની આ ભાવના પાછળ કેવળ ભોગવૃત્તિ જ દેખાતી હતી. સાર અને અસાર, સત્ય અને અસત્ય, હિંસા અને અહિંસા – આ દ્વન્દ્વોને છૂટા પાડનાર જ્ઞાનમય વિવેકનો તેમણે સર્વત્ર અભાવ જોયો. આ વિવેક મનુષ્યમાં જાગ્રત થાય, ઈશ્વરના અસ્તિત્વનો અંતરમાં ભાવ પ્રગટે, તે કામ તેમને કરવાનું હતું.

આ વિચારના વમળમાં પડેલા ઘનશ્યામ એકાએક જાગ્યા. તેમને થયું કે

આ જ્ઞાન પ્રવર્તતાં તો હજુ સમય લાગશે પણ આ માછલાંનું શું ? તેમણે તરત જ સંકલ્પ કર્યો. તેમના સંકલ્પમાં અમોઘ શક્તિ હતી. યોગીઓને પોતાના સંકલ્પની સિદ્ધિ માટે તેની પાછળ યોગનું બળ મૂકવું પડે છે, જ્યારે આ બાળપ્રભુના સંકલ્પમાત્રથી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થતાં હતાં. તેમના આ સંકલ્પે માછલાં સજીવન થઈ માછીમારના ટોપલામાંથી કૂદીને પાણીમાં પડ્યાં.

માછલાંઓને સજીવન થઈને પાણીમાં કૂદતાં જોઈને માછીમારને આશ્ચર્ય થયું. માછલાં ફરી પકડવા તે પાછો પાણીમાં કૂદી પડ્યો. ઘનશ્યામ કિનારે ઊભા ઊભા કરુણાસભર સ્મિત રેલાવી રહ્યા હતા.

માછીમારને થયું : "મારી મહેનતને પાણીમાં મેળવી દેનાર, આ ઘનશ્યામ જ છે." એણે બહાર આવી ઘનશ્યામને મારવાનો વિચાર કર્યો. ત્યાં તો ઘનશ્યામે એને વિના કારણ નિર્દોષ જીવોની હિંસા કરવાના ફળરૂપે યમપુરી દેખાડી. માછીમારને ઘનશ્યામને બદલે વિકરાળ યમરાજ દેખાયા. યમદૂતો માછીમારને મારવા લાગ્યા. માછીમાર ત્રાહિ ત્રાહિ પોકારી ઊઠ્યો. એણે ઘનશ્યામ પ્રભુને પ્રાર્થના કરવા માંડી : "પ્રભો ! આમાંથી બચાવો ! હવે ફરી કદી આવું અઘટિત કાર્ય નહિ કરું !"

ઘનશ્યામે સંકલ્પ કર્યો. માછીમાર ફરીથી ઘનશ્યામનું સૌમ્ય સ્વરૂપ નિહાળી રહ્યો. ઘનશ્યામે માછીમારને કહ્યું : "ભાઈ ! તને જીવવાનો અધિકાર છે તેમ આ જીવોને પણ છે !"

માછીમારને આ ભાષા ન સમજાણી. પરંતુ ઘનશ્યામની આંખોમાંથી વરસતી કરુણાની પરખ તેના અંતરે કરી. તેણે ઘનશ્યામને બે હાથ જોડી દીધા.

ઘનશ્યામની દરેક ક્રિયાથી જીવોનું એક જ સાથે નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન થતું હતું. તેઓ બાળક છે એવો ખ્યાલ છોડી તેમની આધ્યાત્મિક મહાનતા સમજવાથી જ તેમની સંકલ્પશક્તિનો ખ્યાલ આવી શકે.

આંબલીનાં વૃક્ષને બદલે તુલસી

ઘનશ્યામ ઘેર આવતા હતા ત્યારે નારાયણ સરોવર ઉપર ભક્તિમાતા, સુવાસિની ભાભી, ઇન્દિરાણી વગેરે નાહતાં હતાં. માતાએ ઘનશ્યામને જોયા એટલે તરત જ બોલાવીને કહ્યું : "બેટા ! જલદી ઘેર જાઓ. દાદાની પૂજાની સામગ્રી તૈયાર કરવાની છે. તમે તૈયાર કરી આપજો." ઘનશ્યામ દોડતાં દોડતાં ઘેર પહોંચી ગયા.

ઘેર ધર્મદેવ પૂજા કરવાની તૈયારી કરતા હતા. ઘનશ્યામે તેમને પૂજાની તમામ સામગ્રી તૈયાર કરી આપી. પછી પોતે ઓસરીમાં રમવા લાગ્યા. એટલી વારમાં અંદરથી ધર્મદેવે બૂમ મારી : "ઘનશ્યામ !"

"જી, દાદા !" કહી ઘનશ્યામ અંદર ગયા.

ધર્મપિતાએ કહ્યું : "બેટા, તુલસીપત્ર જલદી લઈ આવો."

ઘનશ્યામ તુલસીપત્ર લઈને તરત જ દાદાને આપવા ગયા ત્યારે દાદાએ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું : "બેટા, આટલી વારમાં ઠેઠ નારાયણ સરોવર પરથી તુલસીપત્ર લઈ આવ્યા ?"

ઘનશ્યામે હસીને કહ્યું : "દાદા ! તુલસીપત્ર તો આપણા આંગણામાં જ છે !"

દાદાને આ વળી નવી વાત લાગી. તેમણે કહ્યું : "આપણા આંગણામાં તો આંબલીનાં ઝાડ છે. તુલસીપત્ર તો નારાયણ સરોવર ઉપર છે !"

ઘનશ્યામે તરત જ કહ્યું : "દાદા ! આપ જરા બહાર આવીને જુઓ !"

ધર્મદેવ બહાર આવ્યા તો આંગણામાં જ આંબલીને બદલે તુલસીપત્રના છોડ તેમણે જોયા ! વળી ચંદન, અબીલ-ગુલાલ, કંકુ અને ફૂલની વૃષ્ટિ પણ તેમણે ફળિયામાં જોઈ ! ઘનશ્યામની લીલા તેમને અકળ લાગી.

એટલામાં ભક્તિમાતા અને સુવાસિની ભાભી નાહીને આવ્યાં. આ અલૌકિક લીલા જોઈ તેમને પણ આશ્ચર્ય થયું. ધર્મદેવને તેમણે પૂછ્યું : "આંગણામાં આટલું બધું કંકુ કોણે વેર્યું ? અને વળી આટલા તુલસીના છોડ ક્યાંથી ?"

ધર્મદેવે ઘનશ્યામ તરફ આંગળી ચીંધી. ઘનશ્યામ હસતા હતા. અંતરીક્ષમાંથી દેવો આવીને ઘનશ્યામની પૂજા કરી ગયા હતા. કંકુ બધું ભક્તિમાતાએ તથા સુવાસિની ભાભીએ એકઠું કરી લીધું. તેનું વજન કર્યું ત્યારે ત્રણ મણ થયું ![૨૨]

કડવાં ચીભડાં મીઠાં થયાં

સાંજે વશરામ તિવારી ધર્મદેવ પાસે બેસવા આવ્યા. ધર્મદેવે તેમને પૂછ્યું : "તિવારીજી ! આપ ઉદાસ કેમ છો ?"

તિવારીજીએ પોતાનાં બહેન ભક્તિમાતા બાજુમાં બેઠાં હતાં તેમની સામું

૨૨. આ પ્રસંગનું વર્ણન કરતો શિલાલેખ છપૈયામાં - જન્મસ્થાનમાં છે.

જોઈને કહ્યું : "બહેન ! પ્રારબ્ધ અવળાં થયાં. આપણા ખેતરમાં ચીભડી વાવી હતી પણ બધાં જ ચીભડાં કડવાં ઝેર પાક્યાં. ફસલ બગડી !"

ધર્મદેવ તથા ભક્તિમાતાને આ સાંભળી દુ:ખ થયું. એટલામાં ત્યાં ઘનશ્યામ આવ્યા. તેમના હાથમાં ચીભડાં હતાં અને મુખમાં પણ ચીભડાં હતાં. દોડતાં આવી મામાને કહ્યું : "મામા ! મામા ! આ ચીભડાં બહુ મીઠાં છે. હું હમણાં જ ખેતરમાંથી લઈ આવ્યો."

મામાને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : "કોના ખેતરમાંથી ?"

ઘનશ્યામે કહ્યું : "આપણા ત્રિખૂણિયા ખેતરમાંથી વળી, બીજે ક્યાંથી ? બીજાના ખેતરનાં ચીભડાં આપણાથી લેવાય ?"

તેની આવી ડાહી ડાહી વાતો સાંભળી મામાને આશ્ચર્ય થયું !

ઘનશ્યામ જે ચીભડાં લાવ્યા હતા તે સુધારીને ભક્તિમાતાએ સૌને વહેંચી આપ્યાં. સૌને બહુ જ મીઠાં લાગ્યાં. એટલે વશરામ તિવારી બોલ્યા : "ઘનશ્યામ ! તું મારી સાથે ચાલ !" એમ કહી તેઓ ઊઠ્યા અને ધર્મદેવ તથા ભક્તિમાતાને પણ સાથે લીધાં. રામપ્રતાપ અને સુવાસિની ભાભી પણ તૈયાર થયાં. ત્રિખૂણિયા ખેતરમાં સૌ ગયાં અને જુદે જુદે શેઢેથી ચીભડાં ઉતારી ચાખ્યાં તો બધાં જ મીઠાં લાગ્યાં. વશરામ તિવારીને નિશ્ચય થયો કે નક્કી ઘનશ્યામે જ કડવી ચીભડી મીઠી કરી છે ! ઘનશ્યામનો આ ચમત્કાર જોઈ તેઓ ઘનશ્યામને નમસ્કાર કરવા પાસે આવ્યા ત્યારે ઘનશ્યામ એકદમ દોડીને માતાનો છેડો પકડી પાછળ સંતાઈ ગયા ! હરખાતાં હરખાતાં સૌ ઘેર ગયાં. કડવાંને મીઠાં કરવા માટે જ ઘનશ્યામનું પ્રાગટ્ય હતું !

ચકલાંને સમાધિ

બીજે દિવસે સવારે ધર્મદેવ નાહીને પૂજા આદિ નિત્યકર્મના વિધિમાં પ્રથમ ધ્યાન કરવા બેઠા. હંમેશાં પોતાના કુળદેવતા હનુમાનજીની મૂર્તિ તેમને ધ્યાનમાં પ્રથમ દેખાતી પછી પોતાના ઇષ્ટદેવ દેખાતા. આજે તે બંને મૂર્તિઓ અલોપ થઈ ગઈ ! તેમને તેમના પુત્ર ઘનશ્યામ દેખાવા લાગ્યા. દહીંના રેલાથી ખરડાયેલી ઘનશ્યામની હસતી બાળમૂર્તિનાં તેમને દર્શન થયાં. તે મૂર્તિમાં તેમને અતિ અપાર તેજ દેખાયું. ધર્મદેવ મૂંઝાયા. તેમને લાગ્યું કે પુત્રમાં આસક્તિ છે એટલે પુત્ર દેખાય છે. ઘનશ્યામની મૂર્તિ ભૂલવા તેમણે ઘણા પ્રયત્ન કર્યા. ઇષ્ટદેવને પ્રાર્થના કરી પણ તે રમણીય હસતી મૂર્તિ તેમના અંતરમાંથી ખસતી

જ ન હતી. છેવટે ધ્યાન છોડી તેમણે ભાગવતનો પાઠ શરૂ કર્યો. મનુષ્યભાવમાં દિવ્યભાવ લાવવો તે ખૂબ જ કઠણ છે. પિતાની મૂંઝવણ જોઈ બાજુમાં બેઠેલા ઘનશ્યામ હસતા હતા.

થોડી વાર પછી ધર્મદેવે કહ્યું : "આપણે તરગામના પાદરના ખેતરમાં ડાંગર વાવી છે, તેનું ધ્યાન રાખવા તમે જાવ. બપોરે હું ત્યાં આવીશ."

ઘનશ્યામે પિતૃઆજ્ઞા માથે ચડાવી. ધર્મદેવે ઘનશ્યામને જમાડી હાથમાં સોટી આપી. ઘનશ્યામ મોજડી પહેરી, જમણા હાથે અદાથી સોટી ફેરવતા ખેતરમાં ગયા. ધર્મદેવ કોઈક કાર્ય પ્રસંગે મુંડાડીહા ગામ ગયા.

ખેતરમાં આવીને ઘનશ્યામે જોયું તો નિર્દોષ ચકલાં પુરુષોત્તમ નારાયણના ખેતરમાં નિર્ભય થઈને ચણતાં હતાં. ઘનશ્યામને થયું કે આ ચકલાંને હું ક્યાં કાઢું ? આ ચર-અચર બધું જ મારું છે – 'ईशावास्यमिदं सर्वम् ।' પરંતુ મોટાભાઈ ને પિતાજી આવશે તો રોષે ભરાશે. એટલે ઘનશ્યામે વચલો માર્ગ કાઢ્યો. એમણે એક હોંકારો કર્યો અને બધાં ચકલાંને સમાધિ થઈ ગઈ ! કેટલાંક ડૂંડાં પર બેઠાં હતાં. કેટલાંકનાં મોંમાં પણ દાણા હતા અને કેટલાંક જમીન પર હતાં. તે બધાંને સમાધિ થઈ. પછી ઘનશ્યામ નિશ્ચિંત થઈને ત્યાંથી ભમૈચા ગયા અને ત્યાં સખા સાથે રમવા લાગ્યા.

આ બાજુ મોડું થતા ધર્મદેવને ઘનશ્યામની ચિંતા થઈ, એટલે રામપ્રતાપને તપાસ કરવા ખેતરમાં મોકલ્યા. ત્યાં ઘનશ્યામ ન દેખાયા. તપાસ કરતાં કરતાં ભમૈચામાં માધવરામ શુક્લને ત્યાં આવ્યા. ઘનશ્યામને અહીં રમતા જોઈ રામપ્રતાપ ગુસ્સે થયા.

ત્યારે ઘનશ્યામે કહ્યું : "મોટાભાઈ ! ચિંતા ન કરો. બધું બરાબર છે."

પછી ઘનશ્યામ રામપ્રતાપભાઈને લઈને ખેતરમાં ગયા. રામપ્રતાપભાઈએ નિશ્ચેષ્ટ ચકલાંઓને જોયાં. ચકલાં જીવે છે કે મરી ગયાં છે એ જોવા તેઓ ચકલાંને પકડવા ગયા, ત્યાં તો ઘનશ્યામની ઇચ્છાથી બધાં ચકલાં ફરરર કરતાં આકાશમાં ઊડી ગયાં. રામપ્રતાપભાઈને બહુ આશ્ચર્ય થયું.



ઉદ્‌ગીથ ૪

અયોધ્યાની પુણ્યભૂમિમાં

(આ.સં. ૧૮૪૦-૧૮૪૫, ઈ.સ. ૧૭૮૪-૧૭૮૮)

થોડા દિવસ પછી ભક્તિમાતાએ ઘનશ્યામ માટે લીધેલી માનતા પૂરી કરવાનું વિચાર્યું. ધર્મદેવે તરત જ તૈયારી કરવાનું જણાવ્યું. વશરામ મામા, મોતીરામભાઈ તથા અન્ય સ્વજનોને લઈને ધર્મદેવ, ભક્તિમાતા, રામપ્રતાપભાઈ, સુવાસિની ભાભી વગેરે સૌ છપૈયાથી ગાડામાં નીકળ્યાં. સરયૂતટે સૌ આવ્યાં. નાવ ભાડે કરી સૌ અયોધ્યા પહોંચ્યાં.

રાત પડી ગઈ હતી. શ્રીરામનાં પુનિત ચરણોથી પાવન થયેલ સરયૂગંગાની શોભા જોઈ સૌ સ્થિર થઈ ગયાં. ઘનશ્યામ પણ થોડા દૂર જઈ ઊભા રહ્યા. કિનારાની આજુબાજુની મહોલાતોમાંથી પડતા દીવાના પ્રકાશમાંથી સરયૂગંગા વૈકુંઠની જ્યોત સમી દીપતી હતી. પ્રવાહમાં તરતા દીવા જાણે વૈકુંઠના મુક્તો હોય તેમ તે જ્યોતિસ્વરૂપે સરયૂગંગામાં મહાલતા હતા. અયોધ્યા નગરીનાં મંદિરોમાં થતા આરતીના ઘંટારવ અને રામનામના જાપથી પૃથ્વી ઉપર વૈકુંઠ નગરી વસી હોય તેવું દર્શન થતું હતું. ધર્મદેવ તથા સાથે આવેલાં સ્વજનોને દર્શનની ઉત્સુકતા હતી. પરંતુ રાત્રિ થઈ ગઈ હોવાથી અને મુસાફરીના થાકથી સૌ અયોધ્યાના શાખાનગર બરહટ્ટાપુરમાં ધર્મદેવના અહીંના નિવાસમાં આવ્યા.

બીજે દિવસે સવારે સ્નાનાદિ નિત્યકર્મથી પરવારી, ઘનશ્યામને નવીન વસ્ત્રો પહેરાવી, પહેલાં કનકભવનમાં દર્શન માટે સૌ આવ્યાં. અહીં રામ-સીતાનાં દર્શન કર્યાં. ઘનશ્યામને પગે લગાડી માનતા માની હતી તે પૂરી કરી. આ સ્થાને શ્રી રામચંદ્રજીનું અંતઃપુર હતું તે સ્મૃતિ કરી. ત્યાંથી જન્મસ્થાનનાં દર્શન કર્યાં. ત્યારપછી લક્ષ્મણઘાટ, કૌશલ્યાઘાટ, રામઘાટ, ગોપ્તારઘાટ, મોક્ષઘાટ અને હનુમાનગઢી વગેરે સ્થળોએ દર્શન કર્યાં. પછી સરયૂગંગામાં સ્નાન કર્યું. આ પ્રમાણે અયોધ્યામાં પાંચ દિવસ સુધી ધર્મદેવનો નિત્યક્રમ ચાલ્યો. પછી

પોતાનાં સ્વજનો સાથે પાછા છપૈયાપુર પધાર્યા.

પુનઃ છપૈયાપુરમાં

છપૈયાપુરમાં આવ્યા છતાં ઘનશ્યામને અયોધ્યાની લગની વિશેષ લાગી. અયોધ્યામાં હનુમાનગઢી, કનકભવન, જન્મસ્થાન વગેરે સ્થાનોનાં નિત્ય દર્શન, સરયૂગંગામાં સ્નાન – આ બધું ઘનશ્યામને વિશેષ ગમ્યું. તેથી છપૈયા આવ્યા પછી પણ અયોધ્યાની સ્મૃતિ તેઓ ભૂલી શક્યા નહિ. ફરી અયોધ્યા જવા માટે પ્રસંગ ઊભો થાય તેવું તેઓ ઇચ્છવા લાગ્યા.

છપૈયાપુરમાં અસુરોનો ત્રાસ ઘણો વધી ગયો હતો. સ્વજનો સિવાયના બીજા સંબંધીઓ ધર્મદેવની ઈર્ષ્યા કરતા હતા. વળી, ધર્મદેવને ઘનશ્યામ જેવો ચમત્કારી પુત્ર - જેમની મૂર્તિનું દરેકને આકર્ષણ હતું તે કોઈને ગમતું નહિ. આથી છપૈયામાં ફરી ઉપાધિની શરૂઆત થઈ.

અયોધ્યામાં વસવાટ

અન્ય સંબંધીઓએ ધર્મદેવને હવે છપૈયા છોડી અયોધ્યા જવાની ભલામણ કરી. ધર્મદેવને પણ લાગ્યું કે અહીં રહીને અસુરોનો ત્રાસ ભોગવવો તે કરતાં અયોધ્યા જવું સારું. ત્યાં દેવમંદિરે દર્શન કરીશું અને ભજન-ભક્તિમાં જીવન વ્યતીત કરીશું. આમ વિચાર કરી ધર્મદેવ પોતાનાં બંને પુત્રો તથા ભક્તિમાતા અને સુવાસિનીને લઈને છપૈયાથી ગાડામાં નીકળ્યા. બધાં સરયૂકિનારે આવ્યાં. સરયૂ પાર કરવા ધર્મદેવે હોડી ભાડે કરી લીધી.

હોડીમાં સૌ બેઠાં. નાવિકે ઘનશ્યામને જોયા એટલે તેને લઈને ખોળામાં બેસાર્યા. ઘનશ્યામને રમાડ્યા. આ રીતે નાવમાં નાવિકના મનોરથ પૂરા કરી પોતાના સંબંધે તેને અક્ષરધામની પ્રાપ્તિ કરાવવાનો સંકલ્પ કરી ઘનશ્યામ માતા પાસે આવ્યા. રામઘાટ પણ આવી ગયો અને સૌ ત્યાં ઊતરી ગયાં.

અયોધ્યા નગરીની શોભા નિહાળતાં ધર્મદેવને કાંઈક શાંતિ વળી. શ્રીરામ-સીતાનાં અનેક મંદિરો, હનુમાનગઢી, કનકભવન, જન્મસ્થાન વગેરેનાં દર્શન, સરયૂસ્નાન, વેદવેદાંતનો અભ્યાસ – એમ સમગ્ર જીવન ભક્તિમય બનાવી અન્ય પ્રવૃત્તિનો અંચળો હવે ઉતારી નાખવાનો તેમણે સંકલ્પ કર્યો. સમગ્ર નગરી નિહાળતાં અને મંદિરમાં દર્શન કરતાં ધર્મદેવ અયોધ્યાપુરીના શાખાનગર બરહટ્ટાપુરમાં પોતાના નિવાસે આવ્યા.

અયોધ્યામાં ઘનશ્યામનું આકર્ષણ

ઘનશ્યામને ચોથું વર્ષ બેઠું તે દિવસે રામજયંતીના ઉત્સવમાં આખી અયોધ્યા ઘેલી બની ગઈ. ઘનશ્યામે પણ પિતાની સાથે વહેલી સવારે સરયૂ-સ્નાન કર્યું. ઘનશ્યામે ઉપવાસ કર્યો હતો એટલે હનુમાનગઢીએ દર્શન કરવા જવાની તેમને ઇચ્છા થઈ. ધર્મદેવ જાણતા જ હતા કે ઘનશ્યામ રોજ હનુમાનગઢીએ દર્શને જતા. તેથી ફક્ત વહેલા ઘેર આવી જજો એટલું ઘનશ્યામને કહ્યું. ઘનશ્યામ હનુમાનગઢીએ દર્શને ગયા. અહીં પુષ્કળ ગિરદી હતી. ઘનશ્યામ 'રામ-સીતા-લછુમન જતિ' એમ બોલતાં બોલતાં પગથિયાં ચડવા લાગ્યા. નાનકડા ઘનશ્યામનો આ નિત્યક્રમ હતો. રોજ હનુમાનગઢીએ દર્શને આવનારા ભક્તો ઘનશ્યામને ઓળખતા એટલે તેમને તરત માગ દેતા. નવીન યાત્રિકો 'રામ-સીતા લછુમન જતિ'નો મંત્ર સાંભળી ઘનશ્યામ સામું જોઈ રહેતા. તેમને તેમની આકૃતિમાં કાંઈક નવીનતા દેખાતી. તેમનું અંતર જાણે ઘનશ્યામને જોઈ સ્થિર થઈ જતું હોય, ઘનશ્યામ તરફ ખેંચાતું હોય તેમ લાગતું. સૌ યાત્રિકો હનુમાનજીનાં દર્શન કરવાનું ભૂલી જતા અને ઘનશ્યામ તરફ જોઈ રહેતા.

ઘનશ્યામ ભક્તિભાવથી હનુમાનજીનાં દર્શન કરતા. રૂંવાડે રૂંવાડે રામનું ભજન કરતા હનુમાનજી પાસે પોતાને એવી ભક્તિ સિદ્ધ થાય તેવું માગતા. પૂર્ણ પુરુષોત્તમના બાળસ્વરૂપની આ લીલાનો પાર ન પામતા હનુમાનજી તેમનાં દર્શન કરીને કૃતાર્થતા અનુભવતા. રોજ ઘનશ્યામ દર્શન દેવા આવે એવું ઇચ્છતા અને ઘનશ્યામને એવી અગમ્ય ભાષામાં કહેતા પણ ખરા. ઘનશ્યામની ભાષા હનુમાનજી સમજતા અને હનુમાનજીની ભાષા ઘનશ્યામ સમજતા. બીજા તો આ બાળકની ચેષ્ટાને સામાન્ય ગણી 'જે જે' કરીને ઉતાવળથી દર્શન કરી બીજે મંદિરે દર્શન કરવા દોટ મૂકતા. જેમનાં દર્શન આજે સુલભ છે તે બાળસ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમને અવગણીને, તેમનામાં સામાન્યતઃ મનુષ્યભાવ જોઈ આ અજ્ઞાત યાત્રિકો મંદિરે મંદિરે ફરતા પણ રામ મળ્યાનો આનંદ અનુભવતા નહિ !

પશ્ચિમમાં મુક્તોએ જન્મ લીધો છે

થોડાક સમય પછી કામકાજ પ્રસંગે ધર્મદેવ અયોધ્યાથી છપૈયા આવ્યા ત્યારે ઘનશ્યામ પ્રભુ પણ સાથે આવ્યા. એક દિવસ ઘનશ્યામ છપૈયાથી દક્ષિણ

તરફ મનોરમા નદી છે ત્યાં મખોડા તીર્થમાં બાળસખાઓ સાથે ફરતાં ફરતાં ગયા.[૨૩] કહેવાય છે કે અહીં વસિષ્ઠ મુનિએ રાજા દશરથ પાસે પુત્રેષ્ટિયજ્ઞ કરાવ્યો હતો. તેના ફળરૂપે રામચંદ્ર ભગવાન પ્રગટ થયા હતા. આ સ્થાને રામચંદ્રજીનાં મંદિરો છે. એક મહાદેવનું પણ મંદિર છે. અહીં એક પીપળાનું વૃક્ષ છે.[૨૪] ઘનશ્યામ રમતાં રમતાં આ વૃક્ષ ઉપર ચડી ગયા અને પશ્ચિમ તરફ જોવા લાગ્યા. મિત્રોએ તેમને પૂછ્યું : "ઘનશ્યામ ! ત્યાં શું જુએ છે ?"

ઘનશ્યામે કહ્યું : "પશ્ચિમમાં મુક્તો પ્રગટ થયા છે. આજે ત્યાં અમારું અક્ષરધામ અવતાર લઈ પ્રગટ થશે."

તે દિવસે સં. ૧૮૪૧ના આસોની પૂનમ હતી !

આજે પશ્ચિમમાં સૂર્ય ઊગ્યો છે

તે રાતે ઘનશ્યામે ઘરનાં સૌ તથા મિત્રો સાથે શરદોત્સવ ઊજવ્યો. બાર વાગે આરતી કરી ઠાકોરજી ઝુલાવ્યા અને બોલ્યા : "આજે પશ્ચિમમાં સૂર્ય ઊગ્યો છે ?"

સૌને આશ્ચર્ય થયું. સૂર્ય પશ્ચિમમાં ઊગે ? પણ બાળકની વાણીમાં શો મેળ હોય એવું સમજી જિજ્ઞાસા ટાળી. પછી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. મોડી રાતે સૌ સૂતા. ફળિયામાં ખાટલામાં ઘનશ્યામ પોઢ્યા હતા. શરદપૂનમનો ચંદ્ર ખીલ્યો હતો. માતા એકાએક ઘનશ્યામને વસ્ત્ર ઓઢાડવા માટે જાગી ગયાં. ઘનશ્યામના મુખ ઉપર સ્મિત હતું. તે સ્મિતના આહ્‌લાદે ચંદ્રની કાન્તિ વધુ શીતળ બની ગઈ.

બીજે દિવસે ઘનશ્યામ તેમના મિત્રો સાથે આથમણી દિશામાં પીરોજપુર

---

૨૩. અયોધ્યામાં સ્થાયી થયા બાદ ઘનશ્યામ પ્રભુ વારંવાર ધર્મપિતા સાથે છપૈયા આવતા. તેથી હવે પછી જ્યારે જ્યારે અયોધ્યા સિવાયનાં બીજાં ગામના પ્રસંગો આવે તે વખતે ઘનશ્યામ પ્રભુ અયોધ્યાથી ત્યાં ગયા હતા એમ સમજવું.

૨૪. સંપ્રદાયના ઇતિહાસમાં આ 'મોક્ષ પીપળો' કહેવાય છે. આ પ્રસાદીનો પીપળો જર્જરિત સ્થિતિમાં થઈ ગયો હતો અને ફક્ત એક થડ જ રહ્યું હતું. બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ છપૈયાની યાત્રાએ પધાર્યા ત્યારે આ જર્જરિત થડ તેમણે લેવરાવી લીધું. તે થડના ટુકડા કર્યા. તે પ્રસાદીના ટુકડા ગાંધીનગરમાં અક્ષરધામ તેમજ બોચાસણ, સારંગપુર, ગોંડલ, ગઢપુર, અટલાદરા તથા મુંબઈ મંદિરોમાં મુમુક્ષુઓનાં દર્શનાર્થે મૂકવામાં આવ્યા છે.

ગામે જાંબુ[૨૫] ખાવા ગયા. રખેવાળે ઘનશ્યામનો હાથ જોરથી પકડ્યો પણ ઘનશ્યામે તે એટલા જ જોરથી ખેંચ્યો અને રખેવાળનો હાથ ખડી ગયો. ઘનશ્યામ તરત જ તેમના સખાઓ સાથે ત્યાંથી નાઠા અને શ્વાસભેર દોડતાં દોડતાં ઘેર પહોંચી ગયા.

પરમાત્માના પરોક્ષ સ્વરૂપના પ્યાસા રહેવું તેમાં પણ એક પ્રકારનો આનંદ જ છે. એની ઝંખનામાં, એને માટે ઝૂરવામાં અંતરમાં પ્રચ્છન્ન વિયોગનું સાતત્ય જાળવવામાં, વિષાદમાં પણ આનંદ માણવાની ભક્તની જે અનોખી રીત છે તે નરસિંહ, મીરાં, ચૈતન્યનાં જીવનમાંથી સાંપડે છે. ધર્મ અને ભક્તિની પણ આ જ દશા હતી. જે રામ માટેની તેમની તીવ્ર ઝંખના હતી, તે રામ જો પોતાનો ઘનશ્યામ જ હોય તો તે ઝંખનાનો જુવાળ બેસી જાય. પ્રાપ્તિમાં જે આનંદ નથી તે ઝંખનામાં છે. એક કવિએ ગાયું છે :

મિલનમાં નવ વસે મીઠડી જે મજા, અનુભવે હૃદય તે રાહ જોતું;[૨૬]
સ્મરણનો સ્વાદ નહિ સ્વલ્પ સહવાસમાં, સુખ થકી સુખ તણું સ્વપ્ન ઊંચું!

છતાં જેને પરમાત્માના પ્રગટ સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે, જેનો સહવાસ સેવ્યો છે તેવા ભક્તના આનંદનો પણ કોઈ અવધિ નથી.

નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે :

જેમ ઉપવાસી જનને આવે અમૃતનું નોતરું,
તે પીવા પળ ખમે નહિ જાણે કે વારે પાન કરું.[૨૭]

આ દિવ્ય આનંદ છે. એટલે જેને ભગવાનના પ્રગટ સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે તેને એ આનંદનો લય થઈ જશે એવી કાંઈ બીક રહેતી નથી. પોતાને પુત્રભાવે લાડ લડાવવાના ધર્મ-ભક્તિના મનોરથ પૂરા કરવા માટે જ ઘનશ્યામ મનુષ્યભાવના ભાવો બતાવતા હતા.

અધ્યયનનો આરંભ : આ.સં. ૧૮૪૨

ચૈત્ર સુદ બીજ[૨૮] શુક્રવારના મંગળ પ્રભાતે શ્રી ઘનશ્યામને અધ્યયનનો

૨૫. આ જાંબુનું વૃક્ષ અદ્યાપિ સચવાઈ રહ્યું છે. અહીં બાહિરી કૂવો અને પીપળો પણ પ્રસાદીના છે.

૨૬. 'શૈવાલિની', કવિ બોટાદકર.

૨૭. ભક્તચિંતામણિ; પ્ર. ૩.

૨૮. અમુક ગ્રંથોમાં વૈશાખ સુદ ૧૨(આ.સં. ૧૮૪૩)નો પણ ઉલ્લેખ છે.

આરંભ કરાવવાનું મુહૂર્ત નક્કી કર્યું. ધર્મદેવે ઘનશ્યામને નિત્યકર્મથી જલદી પરવારી લેવા કહ્યું. પિતાની આજ્ઞાનુસાર ઘનશ્યામ પરવારી ગયા. પછી લક્ષ્મીનારાયણ દેવને પગે લગાડીને તેમની પાસે સરસ્વતી તથા ગણપતિનું પૂજન કરાવ્યું. ત્યારપછી ધર્મદેવ તથા રામપ્રતાપ બંનેએ ગોળ-ધાણા વહેંચ્યા. સ્વજનો માટે મીઠાઈ બનાવી હતી તે સૌને વહેંચી. સુવાસિની ભાભીએ પણ આજે કંસારનાં આંધણ મૂક્યાં. તેમના હર્ષનો પાર ન હતો. ઘનશ્યામમાં તેમને ઘણું ઘણું દેખાતું પણ તે અનુભવોને પ્રકટ કરવાની તેમની વાણી ન હતી.

ઘનશ્યામે તેમના વિદ્યાગુરુ અયોધ્યાના વિદ્વાન અને ભક્તરાજ શ્રી હૃદયરામનું પૂજન કર્યું અને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ઘનશ્યામ પોતાને દંડવત્ કરતા હતા તેથી હૃદયરામ એકદમ ઊભા થઈ ગયા અને કહ્યું : "ઘનશ્યામ ! મને દંડવત્ ન હોય !"

તરત જ ધર્મદેવે કહ્યું : "તમે તો ગુરુ કહેવાઓ. आचार्यदेवो भव ની આપણી સનાતન પ્રણાલિકા અનુસાર તમને પ્રણામ કરવા જ જોઈએ. તો જ વિદ્યા સિદ્ધ થાય." પછી ધર્મદેવ અને રામપ્રતાપ બંને ત્યાંથી બહાર ગયા અને હૃદયરામે ઘનશ્યામને વિદ્યા પ્રદાન કરવાનો આરંભ કર્યો.

ધર્મદેવે તે દિવસે હોમ કરાવ્યો. આ વિદ્યાપ્રારંભના શુભ પ્રસંગે બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવ્યું. તે સમયમાં વિદ્યાની મહત્તા ખૂબ જ હતી અને ભારતીય-વિદ્યાનાં અનેક અંગો ભૂગોળ, ખગોળ, ગણિતશાસ્ત્ર, જ્યોતિષ, ઇતિહાસ તથા પુરાણોનો અભ્યાસ બ્રાહ્મણ બાળક માટે અનિવાર્ય ગણાતો. ધર્મદેવની પણ ઇચ્છા એવી હતી કે વિદ્યાગુરુ પહેલાં પ્રારંભ કરાવે અને તે પછી પોતે જ તેમને વેદો તથા શાસ્ત્રોનો અભ્યાસ કરાવશે. પ્રથમ દિવસે આંકથી શરૂઆત કરી. ઘનશ્યામની ગ્રહણશક્તિ તીવ્ર હતી. હૃદયરામને ઘનશ્યામ માટે નક્કી કરેલો પોતાનો અભિપ્રાય સત્ય થતો હોય તેવું લાગ્યું.

ઘનશ્યામનો નિત્યક્રમ

ઘનશ્યામે હવે વિદ્યાભ્યાસની સાથે સાથે બ્રહ્મચર્ય આશ્રમને અનુકૂળ જીવન જીવવાનું નક્કી કરી લીધું. વહેલી સવારે સરયૂસ્નાન કરી, દેવમંદિરોએ દર્શન કરી, ઘનશ્યામ ઘેર આવતા. પછી પોતાની પૂજા કરી વિદ્યાભ્યાસ શરૂ કરી દેતા. માતા અને ભાભી જમવાનું પૂછે તો ના જ કહેતા. જમવાના સમયે સ્નાન કરી પછી ઠાકોરજીની આગળ સર્વ સામગ્રીનું પોતે જ નૈવેદ્ય ધરતા અને

પ્રેમથી થાળ બોલી ઠાકોરજીને જમાડતા. પછી થાળમાંની પ્રસાદી અલ્પ જેટલી પોતે જુદા પાત્રમાં લઈ, બધું મેળવી, અંદર પાણી નાખી, ભગવાનની સ્તુતિ કરીને જમી લેતા. ઘનશ્યામ હવે અલ્પાહારી બની ગયા હતા. જમતી વખતે ઊંચું પણ જોતા નહિ. ભાભી ઘણી વખત આગ્રહ કરતી કે "ભૈયા ! આ બરફી લ્યો ને આ જાંબુ જમો." પણ ઘનશ્યામ કાંઈ જ ન લેતા. જે વસ્તુ ઠાકોરજીને ધરાવી ન હોય તે તેમને ખપતી ન હતી.

જમ્યા પછી થોડી વાર ભોંય ઉપર આરામ કરતા. ધર્મદેવ ઘણી વખત તેમને ઠપકો આપતા, પણ તેઓ હસીને કહેતા કે "આ તો બ્રહ્મચર્ય આશ્રમ છે. ત્યાગીનો આશ્રમ કહેવાય. આ આશ્રમમાં દેહનો અનાદર કેળવવો જોઈએ. ભગવાનને પણ તપ વહાલું છે."

ઘનશ્યામની નિશ્ચયાત્મક દૃઢતા જોઈ ધર્મદેવ કાંઈ બોલી શકતા નહિ.

ઘનશ્યામ નિત્યક્રમ પ્રમાણે સાંજે સરયૂસ્નાન કરવા જતા. ત્યાંથી પાછા ફરતાં તમામ મંદિરોમાં દર્શન કરતાં તેમને થાક લાગતો જ નહિ. એકના એક મંદિરે અનેક વાર દર્શન કર્યાં છતાં, જાણે નિત્ય નવીન દર્શન થતાં હોય એવો ઉત્સાહ રહેતો. એક પગે ઊભા રહીને સ્તુતિ કરતા. સંધ્યા-આરતી કરી પછી ઘેર જતા. સવારે આપેલા પાઠ ત્યારે તૈયાર કરી લેતા. પછી ભગવત્સ્મરણ કરતાં કરતાં ઘનશ્યામ મોડી રાત્રે સૂઈ જતા. સ્વજનો સાથે કદી બેસતા નહિ અને ઘરની કોઈ વાતમાં લેશમાત્ર પણ રસ લેતા નહિ. તેમની આવી રુચિ જોઈ ધર્મદેવ તથા ભક્તિમાતાને ચિંતા થવા લાગી.

માતા-પિતાને પોતાની ઉદાસીનતાની ચિંતા કરતાં જોઈ ઘનશ્યામે વિચાર કર્યો કે તેમને જે સુખ દેવાનું મેં વિચાર્યું છે તે તો આ રીતની મારી ઉદાસીનતાથી તેઓ નહિ લઈ શકે. તેમનાં જીવનમાં એટલું અધૂરું રહેશે. તેમનાં લાડકોડ પૂરા કરવા ઘનશ્યામે ઉદાસીનતા ટાળી દીધી. કરોળિયાની લાળની જેમ મમતા પ્રસારવામાં અને તેના સંકોચમાં સદા સિદ્ધ એવા ઘનશ્યામ મહાપ્રભુને નટશ્રેષ્ઠની લીલાના તમામ અભિનય સુલભ હતા. મમતા, સ્નેહ વગેરે દુન્યવી ભાવો સંપૂર્ણપણે પાંગરતા રાખીને પણ અંતરમાં રહેલો જગત પ્રત્યેનો શૂન્યભાવ તેઓ કોઈને પણ કળાવા દેતા નહિ.

ઈચ્છારામનો જન્મ

ઘનશ્યામને પાંચમું વર્ષ પૂરું થયું. છઠ્ઠું બેઠું. કુમાર અવસ્થામાંથી હવે

પૌગંડાવસ્થામાં પ્રવેશ કર્યો. અવસ્થાના ભાવથી સદા પર હોવા છતાં ઘનશ્યામ એ ભાવો બતાવતા અને એ રીતે માતા-પિતા ને સ્વજનોને પોતાનું સુખ લેવા દેતા. તેમને તેમના દિવ્ય સ્વરૂપમાં દેખવાની દૃષ્ટિ તો તેઓ કૃપા કરીને આપે તો જ પ્રાપ્ત થાય એવું હતું. પરંતુ પોતાને અવતાર ધર્યાનું પ્રયોજન તો પોતાના ભક્તોના મનોરથ પૂરા કરવા પૂરતું જ હતું. દિવ્યતાના ભાવ બતાવવાથી ભક્તોને સદા દૂરપણું રહે તો એ હેતુ સિદ્ધ ન થાય. તેથી ઘનશ્યામ ગુપ્ત જ રહેતા. ક્યારેક ક્યારેક પ્રયોજન અનુસાર દિવ્યતા પ્રકટ કરવાની હોય ત્યારે પ્રકટ પણ કરતા. અસુરોનો નાશ અને એકાંતિક ધર્મનું સ્થાપન એ તેમનું કાર્ય હતું. એ કાર્ય કરવામાં પણ કોઈને કોઈ ચમત્કાર કે દિવ્યતા ન દેખાય, સામાન્ય મનુષ્યસુલભ કાર્ય જ દેખાય તેવી રીતે તેઓ સદા વર્તતા.

આ જ અરસામાં, સં. ૧૮૪૨ના વૈશાખ શુક્લ પક્ષની બીજને દિવસે ભક્તિમાતાએ ત્રીજા પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્રના મુખની આકૃતિ સૌમ્ય હતી. બાળકનું નામ ઇચ્છારામ પાડ્યું.

એક સાથે અનેક તીર્થોમાં ઘનશ્યામ

ઘનશ્યામ પોતાના નિયમ પ્રમાણે હનુમાનજીનાં દર્શન કરી સભામાં રામાયણની કથા સાંભળવા બેસતા. એક વાર લગભગ સંધ્યા સમય થઈ ગયો હતો. ઘેર માતા ઘનશ્યામની રાહ જોતાં હતાં. ખૂબ મોડું થયું તેથી તેમણે રામપ્રતાપને કહ્યું : "ઘનશ્યામ હજુ આવ્યા નથી. ઘણું મોડું થઈ ગયું છે, તો તમે જાઓ, તેમને ખોળી જલદી ઘેર લઈ આવો."

રામપ્રતાપ તરત જ માથે પાઘ મૂકી નીકળી પડ્યા. હનુમાનગઢી – ઘનશ્યામનું પ્રિય સ્થાન – ત્યાં આવ્યા. અહીં ઘનશ્યામ કથા સાંભળતા હતા. રામપ્રતાપભાઈએ કહ્યું : "ઘનશ્યામ ! ઘેર ચાલો, માતાજી બોલાવે છે."

ઘનશ્યામે તેમને કહ્યું : "તમે બીજા મંદિરે દર્શન કરવા જાઓ. હું આ કથા પૂરી થાય એટલે આવું છું."

શ્રદ્ધાપૂર્વક રામકથા સાંભળતા ઘનશ્યામને રોજ સ્થિર આસન લગાવી કથા સાંભળતા જોઈ સૌને આશ્ચર્ય થતું. તેમાં વળી 'કથા પૂરી થયા પછી આવું છું' એમ કહેતા આ નાનકડા ઘનશ્યામ કથામાં શું સમજતા હશે ? એમ પણ ઘણાને થતું.

રામપ્રતાપ હનુમાનગઢીએથી નીકળી કનકભવનમાં દર્શને ગયા. અહીં ભાગવતની કથા વંચાતી હતી. તેમણે ઘનશ્યામને અહીં કથા સાંભળતા જોયા.

આંખો ચોળી વિચાર કરવા લાગ્યા કે આ સ્વપ્ન તો નથી ને ? ત્યાં બેઠેલા સભાજનોને પૂછ્યું : "આ ઘનશ્યામ અહીં ક્યારે આવ્યા ?"

ત્યારે તેમણે કહ્યું : "એ તો કથા શરૂ થઈ ત્યારના બેઠા છે."

માળા ફેરવતા ઘનશ્યામ ભાઈની મૂંઝવણ જોઈ મલકાતા હતા. રામપ્રતાપે તેમને કહ્યું : "ઘનશ્યામ ! ઘેર ચાલો."

ઘનશ્યામે તરત જ કહ્યું : "ભૈયા ! હમણાં આ કથા પૂરી થાય એટલે હું આવું. તમો જાઓ."

રામપ્રતાપ જાણતા હતા કે ઘનશ્યામે જે નિશ્ચય એક વખત કર્યો હોય તેમાંથી તે કદી ચલિત થતા ન હતા. રામપ્રતાપ કનકભવનમાંથી નીકળ્યા અને કોપભવનમાં આવ્યા. અહીં દર્શન કરતાં તેમણે નિજ મંદિરમાં ઘનશ્યામને એક પગે ઊભા રહી માળા ફેરવતા જોયા. તેમના આશ્ચર્યનો અવધિ ન રહ્યો. તેમણે ફરી ત્યાં દર્શન કરતા હરિભક્તોને પૂછ્યું : "આ ઘનશ્યામ અહીં ક્યારે આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું : "સંધ્યા સમયના અહીં એક પગે ઊભા રહી માળા ફેરવે છે !"

ફરી રામપ્રતાપે તેમને કહ્યું : "ચાલો, ઘરે માતા બોલાવે છે."

પણ ઘનશ્યામ ન માન્યા. રામપ્રતાપભાઈએ આ પ્રમાણે વીસ મંદિરે દર્શન કર્યાં અને તેમણે દરેક સ્થળે ઘનશ્યામને જોયા. તેમણે વિચાર કર્યો : "ફરી હનુમાનગઢીએ જાઉં. જોઉં તો ખરો કે ઘનશ્યામ ત્યાં છે કે નહિ ?"

અક્રૂરજીને શ્રીકૃષ્ણે યમુનાના ધરામાં દર્શન દીધાં ત્યારે તેમને થયું કે શ્રીકૃષ્ણ તો રથમાં બેઠા છે. તેથી રથમાં જોયું તો ત્યાં પણ તેમને બેઠેલા જોયા. છતાં એ દિવ્યતાની ઝાંખી લાંબો સમય તેમના સ્મૃતિપટ પર રહી નહિ. રામપ્રતાપભાઈની પણ એ સ્થિતિ હતી. તેઓ હનુમાનગઢીએ આવ્યા. અહીં ઘનશ્યામને તેમણે કથા સાંભળતા જોયા. રામપ્રતાપભાઈને જોઈ ઘનશ્યામે જ કહ્યું : "ભૈયા ! ચાલો હવે ઘેર. કથા પૂરી થઈ ગઈ." પછી બંને ભાઈ ઘેર ગયા.

ઘેર આવી રામપ્રતાપભાઈએ તમામ વાત ભક્તિમાતા તથા ધર્મપિતાને કહી. તેમને લાગ્યું કે ઘનશ્યામ આ લોકના નથી. ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવ ટાળીને બ્રહ્મભાવને પામી દિવ્યતાનો સાક્ષાત્કાર જ્યાં સુધી થતો નથી, ત્યાં સુધી ભગવાનના સ્વરૂપમાં તેમને ભગવાન જાણ્યા હોય છતાં દિવ્યભાવ અને મનુષ્યભાવની દ્વિધા રહી જ જાય છે. આ દ્વિધા ટળે ત્યારે સાધનદશાનો અંત આવે. રામપ્રતાપભાઈ હજુ એ સાધનદશામાં જ હતા. ધર્મ અને ભક્તિને તો

ઘનશ્યામે પુત્રભાવે સુખ આપવાનું નક્કી કર્યું હતું, તેથી તેમનો સ્મૃતિભ્રંશ એ તેમની ઇચ્છા અનુસાર હતો.

ઘનશ્યામે અંગૂઠી ચોરી

બીજે દિવસે સવારે ઘનશ્યામ સરયૂસ્નાન કરી, નિત્યકર્મથી પરવારી ભાભી પાસે આવ્યા. ભાભી રસોઈ કરતાં હતાં. ભક્તિમાતા દર્શને ગયાં હતાં. ઘનશ્યામે ભાભીને કહ્યું : "ભાભી ! ભાભી ! ભૂખ બહુ લાગી છે. માટે જલદી કાંઈ ખાવાનું આપો."

ભાભીએ કહ્યું : "રસોઈને હવે થોડી જ વાર છે. પણ બહુ ભૂખ લાગી હોય તો ચણા, મમરા, સુખડી કે મગદળ આપું."

ઘનશ્યામે કહ્યું : "ના, મારે તો પેંડા જ ખાવા છે."

ભાભીને આ સાંભળી આશ્ચર્ય થયું. ભૂખ લાગી હોય તોપણ કોઈ દિવસ જે કાંઈ ન બોલે, પરાણે જેમને જમવા બેસાડવા પડે, મિષ્ટ ભોજનમાં જેમને કોઈ દિવસ રુચિ જ ન હતી, તે ઘનશ્યામ આજે પેંડા માગે છે !

ભાભીએ ઘનશ્યામને વહાલથી કહ્યું : "પેંડા તો ભૈયા ! ઘરમાં નથી. જુઓ, દાદા આવશે ને ત્યારે મગાવી દઈશ."

પણ આજે ઘનશ્યામ હઠે ચડ્યા હતા. તેમણે રઢ લીધી : "ના, ના, ના, મારે તો પેંડા જ જોઈએ અને અબઘડી જ."

ભાભી પૂરીનો લોટ બાંધતાં હતાં, એથી તેમણે આંગળીએ પહેરેલી વીંટી કાઢીને બાજુએ મૂકી હતી. ઘનશ્યામની હઠ જોઈ તે હસવા લાગ્યાં. હસતાં હસતાં તેમણે કહ્યું : "તો તો ભૈયા, તમને એવે ઠેકાણે પરણાવીશ કે રોજ પેંડા જ ખાવા મળે !"

ઘનશ્યામને આજે આવી વાત સાંભળવી ન હતી. તેમણે તરત કહ્યું : "ભાભી ! હું તો વગર પરણે રોજ પેંડા, મગદળ, બરફી ખાઈશ. પણ આજ તો તારે મને પેડા આપવા જ પડશે."

ભાભી જાણતાં હતાં કે દિયરજી આજે ગમ્મતે ચડ્યા છે એટલે લોટ બાંધતાં બાંધતાં તેમણે કહ્યું : "તો જાઓ, સામે હલવાઈની દુકાને. ત્યાં પુષ્કળ પેંડા છે."

ઘનશ્યામે તરત જ કહ્યું : "હા, ભાભી ! હલવાઈની દુકાને જ જાઉં છું." એટલું કહીને દોડીને તેમણે ભાભીની વીંટી લઈ લીધી. ભાભી એકદમ હાથ ધોઈ ઘનશ્યામને પકડવા દોડ્યાં પણ ઘનશ્યામ કાંઈ એમ પકડાય ? એક

ઓરડામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજા ઓરડામાં ઘનશ્યામે સુવાસિની ભાભીને દોડાવ્યાં. હાથમાં વીંટી બતાવે અને કહે : "ભાભી ! હલવાઈની દુકાને જ જાઉં છું. ખૂબ પેંડા આ વીંટીના આવશે. બધા દોસ્તો જમશું."

ભાભીએ હવે જાણ્યું કે ઘનશ્યામ જરૂર વીંટી હલવાઈને આપી દેશે. તેથી તેમને સમજાવતાં કહ્યું : "ભૈયા ! દાદા આવશે તો તમને વઢશે. મોટાભાઈ પણ મારશે. માટે આમ ચોરી કરીને પેંડા ન ખવાય."

"ચોરી શાની ? તમારાં દેખતાં તો વીંટી લીધી છે !" એટલું કહી ભાભીને ફરી વીંટી બતાવી.

ભાભી વીલી પડી ગઈ. તેણે કહ્યું : "પણ ભૈયા ! લોકો જાણશે તો તમારી શી આબરૂ રહેશે ? કહેશે કે ભાભીની વીંટી વેચીને ઘનશ્યામ પેંડા ખાઈ ગયા. કોઈ કન્યા પણ નહિ દે."

ઘનશ્યામને આ સાંભળી હસવું આવ્યું : "હું તો જાતનો ચોર જ છું. સૌનાં ચિત્ત ચોરી લઉં છું. કન્યા તો મારે ક્યાં જોઈએ છે ? મારી વાંસે તો પદમણી જેવી લાખો કન્યા ફરશે તો ય હું તેમની સામું પણ નહિ જોઉં !"

ઘનશ્યામની આ વાત ભાભીને કેમ કરી સમજાય ? તેને તો કુટુંબની આબરૂની પડી હતી. ઘનશ્યામ ન્યાતમાં ગવાઈ જશે. ધર્મકુળ વગોવાશે. આવા આવા અનેક વિચારો ભાભીના અંતરમાં આવવા લાગ્યા.

છેવટે તેણે બહાર જઈ ઓરડાનું બારણું બંધ કરી દીધું. ઘનશ્યામને પૂરી દીધા. ત્યાં તો તેમણે ઘનશ્યામને ચોકમાં ઊભેલા જોયા ! આ શું ?! ઘનશ્યામને મેં ઓરડામાં પૂરી દીધા અને તે બહાર ક્યાંથી ?! ઓરડામાં તેમણે જોયું તો જાળિયામાંથી ભાભીને વીંટી બતાવતા ઘનશ્યામ હસતા હતા. ભાભી મૂંઝાયાં. એટલામાં ઘનશ્યામ દોડીને બહાર હલવાઈની દુકાને ગયા અને વીંટી આપીને તેની દુકાનમાં જેટલા પેંડા, મીઠાઈ વગેરે હતું તે બધું જ લઈ મિત્રો સાથે વાડીએ ગયા. હલવાઈની દુકાન ખાલી થઈ ગઈ !

થોડી વારે ધર્મદેવ તથા રામપ્રતાપ આવ્યા. તેમણે પૂછ્યું : "ઘનશ્યામ ક્યાં ?" પણ ભાભી કાંઈ બોલ્યાં નહિ. વહાલસોયા દિયરને ઠપકો મળે તેથી મૌન રહ્યાં. ભક્તિમાતા જ્યારે આવ્યાં ત્યારે તેમને બધી હકીકત કહી. ભક્તિમાતા મૂંઝાયા. કોઈ દિવસ ઘનશ્યામ આવું ન કરે અને આજે તેને આ શું સૂઝ્યું ? તેમણે તરત જ ધર્મદેવને વાત કરી. આ વાત સાંભળી ધર્મદેવને ધ્રાસ્કો પડ્યો. રામપ્રતાપે પણ વાત જાણી. તે તો ગુસ્સે જ થઈ ગયા.

એટલામાં ઘનશ્યામ દોડતાં દોડતાં આવ્યા. સીધા મા પાસે ગયા. ત્યાં રામપ્રતાપ આવ્યા. તરત જ તેમણે પૂછ્યું : "ઘનશ્યામ ! વીંટી ક્યાં છે ?"

ઘનશ્યામ ધ્રૂજવા લાગ્યા. તેમણે કહ્યું : "મને વીંટીની કાંઈ ખબર નથી."

એટલે એક તમાચો ગાલ ઉપર પડ્યો. ઘનશ્યામ રડવા લાગ્યા. એટલામાં તેમના મિત્રો આવ્યા. તેમને રામપ્રતાપે પૂછ્યું. તેમણે કહ્યું : "અમે ઘનશ્યામ સાથે વાડીએ ગયા હતા. સામેના હલવાઈની દુકાનેથી ઘનશ્યામે પેંડા, બરફી, મીઠાઈ લીધાં અને અમે સૌ વાડીમાં જમ્યા."

ફરી રામપ્રતાપ ઘનશ્યામ તરફ ફર્યા. ત્યાં તો સુવાસિની ભાભી એકદમ દોડ્યાં અને ઘનશ્યામને તેડી લીધા. રામપ્રતાપે ગુસ્સે થઈને તેમને કહ્યું : "મૂકી દે હેઠો. આજ તો તેને મારવો જ પડશે !" ભક્તિમાતા પણ આડાં પડ્યાં.

છેવટે બધાં હલવાઈની દુકાને ગયાં. ઘનશ્યામ પણ સાથે ગયા. હલવાઈને રામપ્રતાપે તથા ધર્મદેવે પૂછ્યું : "આ ઘનશ્યામ વીંટી આપી ગયા છે ?"

હલવાઈએ તરત જ વીંટી બતાવી પણ કહ્યું : "મારી દુકાનની બધી મીઠાઈ મેં તેને આ વીંટીના બદલામાં આપી દીધી છે. અંદર જુઓ, બધું જ ખાલી છે. બધા પૈસા ચૂકવી દ્યો તો વીંટી આપું."

ઘનશ્યામે રડતાં રડતાં કહ્યું : "દાદા ! એ જૂઠું બોલે છે. મેં તેની મીઠાઈ લીધી જ નથી. ચાલો તેની દુકાનમાં." એમ કહી દાદાને અને રામપ્રતાપને ઘનશ્યામ દુકાનમાં લઈ ગયા. દુકાનમાં જઈ ઘનશ્યામે કહ્યું : "જુઓ, મીઠાઈ તો બધી અહીં જ છે, આ બધા ટોપલા ભરેલા છે."

રામપ્રતાપ અને ધર્મદેવે જોયું તો મીઠાઈ બધી અકબંધ ટોપલામાં જ હતી ! હલવાઈએ પણ આ જોયું. તેને આશ્ચર્ય થયું ! તો પછી ઘનશ્યામ અને તેમના મિત્રોને બધી મીઠાઈ આપી તેનું શું ? તે મનમાં વિચારવા લાગ્યો. તેણે હાથ જોડીને કહ્યું : "ધર્મદેવ ! આપના આ બાળક મહાન છે. લો, આ તમારી અંગૂઠી." એમ કહી અંગૂઠી પાછી આપી.

પછી ઘનશ્યામ તરફ જોઈને તેણે કહ્યું : "ભૈયા ઘનશ્યામ ! રોજ મીઠાઈ ખાવા આવજો." વીંટી લઈને સૌ ઘેર ગયાં.[૨૯]

---

૨૯. આ પ્રસંગ સંપ્રદાયના જુદા જુદા ગ્રંથોમાં જુદી જુદી રીતે વર્ણવ્યો છે. હલવાઈની દુકાન ઘનશ્યામ મહારાજના (જ્યાં હાલ મંદિર છે) ઘરની સામે બતાવવામાં આવે છે. ઘનશ્યામ મહારાજ મિત્રોની સાથે જ સદા ફરતા એટલે મિત્રોની સાથે જ મીઠાઈ જમ્યા હોય તે સહજ છે.

ધર્મદેવે ભક્તિમાતાને આ બધી વાત કરી. ભાભીએ પણ ઘનશ્યામનાં બે સ્વરૂપ જોયાં હતાં તે વાત કરી. રામપ્રતાપ વિચારમાં પડી ગયા. આ ઘનશ્યામને ગમે ત્યારે વઢું છું, કોઈ વખત મારી પણ લઉં છું તેથી મને અપરાધ તો થતો નથી ને ? પરંતુ મોટાભાઈના સ્થાનના માનથી તે આ વાત કોઈને કહી શક્યા નહિ. ઘનશ્યામે તેમને મૂંઝવણમાં જ રહેવા દીધા. પારસને પારસ જાણ્યા પછી જ તેનો મહિમા સમજાય છે. ત્યાં સુધી તો તે પથરો જ દેખાય છે. તેમ બાળ-સ્વરૂપ ઘનશ્યામમાં પણ એવો જ મનુષ્યભાવ રામપ્રતાપને આવતો. ઘનશ્યામના સ્વરૂપમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનાં તેમને દર્શન નહોતાં થતાં.

તે સાંજે નિત્યક્રમ પ્રમાણે ઘનશ્યામ સરયૂસ્નાન કરવા ગયા. માતાએ તરત જ કહ્યું : "બેટા ! ઘેર જલદી આવજો. રાત્રે મોડું કરશો તો બારણાં નહિ ઉઘાડું !"

પણ ઘનશ્યામને એવાં આવરણ હતાં જ નહિ. તેમણે કહ્યું : "કથામાં મોડું થાય તો ?"

માતા હસવા લાગ્યાં. ઘનશ્યામને એક ટપલી મારી ને કહ્યું : "હવે જોયા મોટા કથા સાંભળવાવાળા !" ઘનશ્યામ તો તરત જ ઊપડી ગયા.

તે રાતે પણ ઘનશ્યામને ઘેર આવતાં ઘણું જ મોડું થયું. સૌ ચિંતા કરવા લાગ્યા. બારણા બંધ કર્યાં પણ જીવ તો સૌનો બહાર ઘનશ્યામમાં જ હતો. એટલામાં ઘનશ્યામ આવ્યા અને બારણું ખખડાવ્યું. ત્યારે માતાએ પૂછ્યું : "કોણ એ આટલી મોડી રાતે ?"

ઘનશ્યામે કહ્યું : "હું છું."

પણ માતાને આજે ગમ્મત કરવી હતી. તેમણે ફરી પૂછ્યું : "હું કોણ ? અત્યારે મોડી રાતે ઘણા ચોર ભમે છે માટે નામ કહો."

ત્યારે ઘનશ્યામે કહ્યું : "મા ! હું ઘનશ્યામ."

એટલે દીદીએ હસતાં હસતાં કહ્યું : "ઘનશ્યામ હો તો જંગલમાં જઈને વરસો."

ત્યારે ઘનશ્યામે વળી કહ્યું : "મા ! હું નીલકંઠ."

આજ ભક્તિમાતા ગમ્મતે ચડ્યાં હતાં. તરત જ તેમણે કહ્યું : "તો ગિરિ ઉપર જઈને ગહેંકો."

ઘનશ્યામ હસ્યા. માએ આજે ગમ્મત કરવાનું ધાર્યું છે તો ભલે થઈ જાય. તેમણે ફરી કહ્યું : "હું હરિકૃષ્ણ."

માએ તરત ઉત્તર આપ્યો : "સિંહ કદી કાળા ભાળ્યા નથી."

"મા ! હું વૃષપુત્ર !"

ભક્તિમાતાએ કહ્યું : "તો જોતરે જોડાવ."

ઘનશ્યામ હસવા લાગ્યા. આજે માએ ખરી પરીક્ષા કરવા ધાર્યું છે. તેમણે ફરી કહ્યું : "ઓ મા ! હું ધર્મપુત્ર."

ત્યારે માતાએ કહ્યું : "ભીમના ભાઈને ક્યાં પુત્ર હતો ?"

"હું હરિ."

"તો સ્વર્ગમાં જઈને વસો."

"મા ! હું ભક્તિપુત્ર."

ત્યારે માએ કહ્યું : "ભક્તિના પુત્ર તો જ્ઞાન અને વૈરાગ્ય છે."

ત્યારે ઘનશ્યામે બૂમ મારી કહ્યું : "મા ! હું તો તારો લાડલો ! ઓ મા !" એમ કહ્યું કે તરત ભક્તિમાતાએ કમાડ ખોલી દીધાં અને ઘનશ્યામને તેડી તેમના ગાલ ઉપર પ્રેમથી ચૂમી લીધી. પોતાની ગોદમાં દાબી કહ્યું : "બેટા ! આટલું મોડું અવાય ? બહાર કેટલાય અસુરો ભમે છે !"

ઘનશ્યામ હસવા લાગ્યા. એમને થયું કે માને ક્યાં ખબર છે કે અસુરો તો તેમના માટે જ ભમતા હતા પણ તેમની કોઈ કારી ફાવતી ન હતી !

રામપ્રતાપ સાથે તરગામમાં

રામપ્રતાપનાં લગ્નને છ વરસ વીતી ગયાં. ઘનશ્યામને સાત વરસ પૂરાં થયાં. સુવાસિનીના ભાઈ લક્ષ્મીપ્રસાદ તેમને તથા આખા વૃષ કુટુંબને તરગામ લઈ જવા માટે તેડવા આવ્યા. તેમને જોઈને સૌને ખૂબ આનંદ થયો. ધીરે રહીને તેમણે પોતાના પિતા બળદેવ દૂબેએ તેમને સૌને તરગામ આવવા આમંત્રણ આપ્યું છે તે વાત કરી. ધર્મદેવ તેમનો ભાવ જોઈ હસ્યા. પછી કહ્યું : "રામપ્રતાપ અને સુવાસિની બે આવશે."

ત્યારે રામપ્રતાપે કહ્યું : "ઘનશ્યામને સાથે લઈ જાઉં ?"

ભક્તિમાતાની ઈચ્છા ન હતી, પણ સુવાસિની તેને સાચવશે અને વળી ઘનશ્યામને પણ તરગામ જવાની બહુ ઈચ્છા હતી તેથી રજા આપી. સુખપાલમાં સુવાસિની, તેમના પુત્ર નંદરામ તથા ઘનશ્યામ બેઠા; રામપ્રતાપ અને લક્ષ્મી-પ્રસાદ અશ્વ ઉપર બેઠા. ચાલતાં ચાલતાં સ્વર્ગદ્વાર આવ્યા. અહીંથી સૌ નાવમાં બેઠા. સરયૂ નદી ઊતરીને રળિયામણા નવાબગંજ ગામે આવ્યા.

નવાબગંજમાં થોડો વિશ્રામ લઈ કૈડેલગંજે જઈને રાત રહ્યાં. ત્યાંથી

સવારે નીકળી તરગામ પહોંચી ગયાં. રામપ્રતાપને તથા સુવાસિનીને ઘણા વખતે જોયાં તેથી બળદેવ દૂબે તથા તેમનાં પત્ની અતિ રાજી થયાં. વળી, સાથે નાનકડા ઘનશ્યામને પણ તેઓ લાવ્યાં હતાં તેથી તો તેમને અધિક આનંદ થયો. ઘનશ્યામની છપૈયાની દિવ્ય લીલાની તેમણે ઘણી વાતો સાંભળી હતી. ઘનશ્યામ એ અલૌકિક બાળક છે, સાક્ષાત્ ભગવાન છે એવી કંઈક વહેતી થયેલી વાતોથી ઘનશ્યામ પ્રત્યે ખૂબ જ હેત થયું હતું.

ઘનશ્યામને અહીં ખૂબ ગમી ગયું. પોતાના બાળમિત્રોનો સહવાસ અને સ્વજનોનો સાથ એટલે ઘનશ્યામને ઘણો આનંદ થયો. ઘનશ્યામે અહીં સંસ્કારી જીવોને પોતાની ઘણી દિવ્યતા બતાવી. સવારથી સાંજ સમગ્ર ભૂમિમાં મિત્રો સાથે ફરે, વાડીએ જાય, તળાવે નાહવા જાય – એમ તરગામની સમગ્ર ભૂમિ ઘનશ્યામના પાદસ્પર્શથી પુનિત બની ગઈ.

ઘનશ્યામ રામપ્રતાપભાઈ સાથે તરગામ રહ્યા. તે દરમ્યાન બળદેવ દૂબેના સંબંધીઓ તેમને આમંત્રણ આપવા આંવવા લાગ્યા. રામપ્રતાપ તેમનો ભાવ જોઈ તેમનું આમંત્રણ સ્વીકારતા. આ રીતે મુંડાડીહા, બેશહુ, રણિયાપુર, ફર્શરામપુર, સુહેલવા, વેણીપુર, ચૌરી, અકમા, ભમૈચા, ભેટવરા અને કીનકી વગેરે ગામોમાં ઘનશ્યામે રામપ્રતાપ સાથે તેમનાં સંબંધીઓને ત્યાં જઈ તે ભૂમિને પાવન કરી.

ઘનશ્યામને આનંદ હતો પરંતુ ફરવાનો ને જમવાનો નહિ પણ મુમુક્ષુઓને પોતાનો સંબંધ પમાડવાનો. પૂર્ણ પુરુષોત્તમને તેમના આ અતિ દિવ્ય છતાં માનુષી બાળસ્વરૂપમાં કોઈ યથાર્થ તો નહોતા ઓળખી શકતા, છતાં ઘનશ્યામ કોઈ દૈવી બાળ છે એવું તો સૌ કહેતા. ઘનશ્યામને મનમાં થતું કે પારસને અજાણે લોઢું અડે તોપણ તે સોનું થઈ જ જાય, તેમ પોતાના નિર્ગુણ સ્વરૂપનો જાણે-અજાણે જેને સંબંધ થશે તે સૌ નિર્ગુણ થઈ જશે. તેમના વિચરણમાં આ ભાવના હતી. છતાં બાળસુલભ કુતૂહલતા, રમવું, ફરવું, જમવું વગેરે ક્રિયાના ભાવો કુશળ નટશ્રેષ્ઠની અદાથી તેઓ બતાવતા, પણ પોતાનું પ્રચ્છન્ન સ્વરૂપ પ્રકટ ન કરતા.

ઘનશ્યામનો દિવ્ય પ્રભાવ

તરગામની દક્ષિણે આંબલિયા ગામ છે. ત્યાં બળદેવ દૂબેના મિત્ર મંછા મિશ્ર રહેતા હતા. તેમણે તેમના બે પુત્રો – શિવદીન અને સુરૂપને તરગામ

રામપ્રતાપને આમંત્રણ દેવા મોકલ્યા. તેમનું આમંત્રણ સ્વીકારી રામપ્રતાપ, ઘનશ્યામ અને સુવાસિની ભાભી તેમની સાથે આંબલિયા જવા નીકળ્યાં.

રામપ્રતાપ અને શિવદીન આગળ ચાલતાં, પાછળ સુવાસિની આંગળીએ ઘનશ્યામને લઈને ચાલતાં. તેમની પાછળ સુરૂપ ચાલતો. રસ્તામાં ભમૈચા અને કીનકી આવ્યું. આગળ ચાલ્યાં એટલે સંધ્યાટાણું થયું. તેથી શિવદીનને મનમાં થયું કે કીનકી રાત રોકાઈ જઈએ. પણ રામપ્રતાપે ના કહી. અંધારું વધતું હતું.

એવામાં સુરૂપે ઘનશ્યામના શરીરમાંથી શીતળ પ્રકાશ નીકળતો જોયો. ઘનશ્યામ તો ધીમી હલકે 'રામ-સીતા-લછુમન જતિ'ની ધૂન બોલતાં ચાલતા હતા. આ પ્રકાશ ક્યાંથી ? રાત તો અજવાળી નથી ! રામપ્રતાપે આજુબાજુ જોયું. ઘનશ્યામ નતમસ્તકે ચાલી રહ્યા હતા. સુવાસિનીએ ઘનશ્યામના દેહમાંથી પ્રકાશ નીકળતો જોયો. તેને આશ્ચર્ય થયું. તરત જ તેણે ઘનશ્યામને તેડી લીધા અને પ્રકાશ તો પથરાયા જ કર્યો. સૂર્ય અને ચંદ્રનો પ્રકાશ ક્યાંથી આવે છે તેની કોઈને કુતૂહલતા થતી નથી, પરંતુ સર્વને પ્રકાશના દાતા પૂર્ણ પુરુષોત્તમના બાળ-સ્વરૂપમાંથી પ્રકાશ નીકળતો જોઈ કેવું આશ્ચર્ય થાય છે ! રસ્તે ચાલનારા પણ આ પ્રકાશ જોઈ ઘનશ્યામ તરફ જોવા લાગ્યા. ઘનશ્યામ મંદમંદ હસતા હતા. એમ કરતાં મોડી રાત્રે તેઓ આંબલિયા પહોંચી ગયાં. મંછા મિશ્ર રાજી થયા. બે દિવસ ખૂબ ભાવથી રાખ્યા. ત્રીજે દિવસે ત્યાંથી પાછા તરગામ આવી ગયા.

ઘનશ્યામની મનોહર મૂર્તિ જોઈ લોકો ઊભા રહી જતા. તેમની સામું જોઈ જ રહેતા. આટલી નાની ઉંમરે પણ 'રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ' તથા 'રામ-સીતા-લછુમન જતિ'નો અખંડ જાપ કરતા. ઘનશ્યામનાં ચરિત્રો આ લોકનાં બાળક જેવાં ન હતાં. તેમનામાં કાંઈક અનોખાપણું લોકોને દેખાતું. તેમને જોઈ તેમનાં અંતર શાંત થઈ જતાં. જગતના તમામ સંકલ્પો શમી જતા. ઘનશ્યામ કોઈ અલૌકિકતા બતાવતા નહિ, છતાં તેમનું સ્વરૂપ જ અલૌકિક હતું. તેથી સહેજે સૌનાં મન તેમના તરફ ખેંચાતાં. સૌ ઘનશ્યામને પોતાને ઘેર તેડી જવા તત્પર બની રહેતા પરંતુ સુવાસિની ભાભી ઘનશ્યામને એક પળ માટે પણ છૂટા પડવા દેતાં નહિ. ઘનશ્યામને જોઈ તેમની આંખોમાંથી, તેમનાં સમગ્ર અંગમાંથી માતાનું વાત્સલ્ય ઝરતું. ઘણી વખત સંબંધીઓ ઘનશ્યામને તેમને ગામ મોકલવા આગ્રહ કરતાં, ત્યારે સુવાસિની કહેતાં : "ના હોં, એ તો ભક્તિનો લાલ છે. તેને રેઢો ન મુકાય."

ત્યારે ઘનશ્યામ તેનો પાલવ ખેંચીને કહેતા : "ભાભી ! હું તારો લાલ

નહિ ?''

''ઓ મા !'' કહી સુવાસિની ભાભી તેમને તેડી લેતાં અને ગાલે ચૂમીનો વરસાદ વરસાવતા.

ભક્તિમાતાના ભાઈ ગેલહીએ તેમના બે પુત્રો – ગવરી અને બદરીને તરગામ રામપ્રતાપને તેડવા માટે મોકલ્યા. તેમનું આમંત્રણ તો સ્વીકારવું પડે તેમ હતું. એટલે તેમને કહ્યું : ''તમે જાઓ, અમે એક-બે દિવસમાં આવીશું.'' પછી રામપ્રતાપ તરગામથી નીકળી પડરીએ આવ્યા. ત્યાં રાત રહ્યા અને સવારે ત્યાંથી નીકળી લોહસીર્સ આવ્યા. અહીં મામા તેમને જોઈ બહુ જ રાજી થયા.

માતાદીનને ઘનશ્યામનો પ્રતાપ

ઘનશ્યામ મોસાળમાં આ અગાઉ ભક્તિમાતા સાથે આવ્યા હતા. તેથી તેમના બાળમિત્રો તેમને મળવા આવ્યા. ઘનશ્યામને જોઈ તેમને આનંદ થયો. સાંજે ઘનશ્યામ તેમની સાથે ફરવા નીકળ્યા અને થોડે દૂર નીકળી ગયા. ઘનશ્યામ તેમની અલૌકિક બાળચેષ્ટામાં મસ્ત બની ચાલતા હતા. એટલામાં સામેથી ધર્મદેવનો દ્વેષી માતાદીન આવતો હતો. તે અહીં જ રહેતો હતો પરંતુ ધર્મદેવ પ્રત્યે તેને અકારણ દ્વેષભાવ હતો. તેમાં વળી, ઘનશ્યામનાં અલૌકિક ચરિત્રોથી આ દ્વેષમાં વધારો થયો હતો. તેથી તે જાણી જોઈને ઘનશ્યામ સાથે અથડાયો. ઘનશ્યામ તરત જ પડી ગયા. પછી ઊભા થઈ ઘનશ્યામે તેનું કાંડું પકડ્યું. આ નાના બાળકને આમ પોતાનું કાંડું પકડતો જોઈ માતાદીનને ગુસ્સો આવ્યો. તેણે પોતાનો હાથ છોડાવવા આચકો માર્યો. ઘનશ્યામે પણ તેનો હાથ પકડીને જોરથી આંચકો માર્યો. આ આંચકાથી તેનું કાંડું ખડી ગયું ! બળહીન બનેલા માતાદીનને ઘનશ્યામ ઉપર ખૂબ ગુસ્સો આવ્યો પણ હવે ઝાઝું જોર કરતાં બીજું કાંડું ખડી જવાની તેને બીક લાગી. તે ત્યાંથી તરત ચાલતો થયો.

ઘનશ્યામ ફરીને રાત્રે ઘેર આવ્યા ત્યારે માતાદીન ત્યાં આવ્યો અને રામપ્રતાપને તથા મામાને પોતાનો હાથ બતાવી કહેવા લાગ્યો : ''જુઓ, ઘનશ્યામે મારું કાંડું ખેડવી દીધું.''

રામપ્રતાપ આ સાંભળી હસ્યા. રામપ્રતાપે તેને કહ્યું : ''જોજે કોઈને કહેતો નહિ, લોકો તને મૂરખ કહેશે.''

બીજે દિવસે ઘનશ્યામ રામપ્રતાપ સાથે નીકળી પડરી ગયા અને ત્યાં એક દિવસ રહી ટેડી નદીને પાર ગોંડે ગયા. રામપ્રતાપ અહીં બે-ત્રણ દિવસ

રહ્યા. પછી મામાની રજા લઈ તરગામ જવા નીકળ્યા. તેમને મનમાં થતું હતું કે તરગામથી પણ જલદી નીકળવા દેશે નહિ અને અયોધ્યામાં માતા-પિતા ચિંતા કરતાં હશે, તેથી જલદી પહોંચી જવું. તેઓ તરગામ બીજે દિવસે આવી ગયા.

તરગામથી રામપ્રતાપભાઈએ બીજે દિવસે નીકળવાની તૈયારી કરી તેથી તેમને બળદેવ દૂબેએ કહ્યું : "તમે તો જવાની તૈયારી કરો છો પણ આપણી વાડીએ આપણે હજુ ઉજાણી કરવાની છે. ત્યાં આંબા, કેળાં, ફણસ, અંજીર, અનાર ખૂબ થાય છે. વળી, જાંબુ પણ ઘણાં થયાં છે. ચીભડાં પણ પુષ્કળ થયાં છે. માટે કાલે ત્યાં જવાનું રાખીએ."

વાડીમાં જવા માટેની બધી તૈયારી કરવાની સૂચના આપી દીધી. બીજે દિવસે વહેલી સવારે સૌ તરગામની નૈર્ઋત્યે બળદેવ દૂબેની વાડીએ ગયા.

ઘનશ્યામે ચીભડાંના વેલા ખેંચી કાઢ્યા

અહીં આવી સૌ ખૂબ ફર્યા. આંબા ઉપરથી કેરીઓ ઉતારી, જાંબુ પડાવ્યાં, ફણસ ને અનાર પણ લાવ્યા. ઘરેથી પણ મીઠાઈ કરીને લાવ્યા હતા. તે કૂંડાળે વળી બેસીને સૌ સાથે જમ્યા. પરંતુ ઘનશ્યામ આ ટોળામાં ન હતા તેનો ખ્યાલ કોઈનેય ન રહ્યો. બાળકો સાથે રમતા ઘનશ્યામ ત્યાં ખેતરમાં ચીભડાંના વેલા પાસે પહોંચી ગયા હતા. ત્યાં બધા મજૂરો ચીભડાંના વેલા પાસે ઘાસ નીંદતા હતા. ઘનશ્યામ તેમની સાથે કામ કરવા લાગ્યા અને ચીભડાંના વેલા ખેંચવા લાગ્યા. મજૂરો તેમને કહેવા લાગ્યા : "ઘનશ્યામ ! આ શું કરો છો ?"

ત્યારે પોતે હસતાં હસતાં કહેવા લાગ્યા : "ચીભડાંના વેલા થોડા છે અને ઘાસ ઝાઝું છે, તેથી ચીભડાંના વેલા ખેંચી કાઢું છું."

મજૂરોએ તેમને ખૂબ વાર્યા પણ તેમણે તો લગભગ ચીભડાંના બધા જ વેલા ખેંચી કાઢ્યા. આથી મજૂરો મૂંઝાયા. તેઓ તરત જ રામપ્રતાપ પાસે આવ્યા. તેમને પાસે બોલાવીને કહ્યું : "ભૈયા ! ઘનશ્યામે ચીભડાંના બધા વેલા ખેંચી કાઢ્યા છે. અમે તેમને ઘણા વાર્યા પણ તે માન્યા જ નહિ."

રામપ્રતાપને આ સાંભળીને ઘનશ્યામ ઉપર ખૂબ ગુસ્સો ચડ્યો. એટલામાં ઘનશ્યામ સામેથી દોડતા આવ્યા. તેમને જોઈ રામપ્રતાપના ગુસ્સાએ માઝા મૂકી. તેમને ખ્યાલ પણ ન રહ્યો કે ઘનશ્યામને જમવામાં પણ સૌ ભૂલી ગયા હતા. તેમણે તરત જ ઘનશ્યામને ઊધડા લીધા : "કેમ ચીભડાંના વેલા બધા ખેંચી કાઢ્યા ? આવી ધમાલ કરવા અહીં આવ્યા છો ?"

તેમની લાલ આંખો જોઈ ઘનશ્યામ ધ્રૂજવા લાગ્યા. જેના ભ્રૂભંગથી અનંત બ્રહ્માંડોના દિગ્પાલો ડોલી જતા તે પૂર્ણ પુરુષોત્તમના બાળસ્વરૂપ ઘનશ્યામને આજે રામપ્રતાપની બીક લાગી ! સ્યમંતક મણિ ચોરાયો ત્યારે શ્રીકૃષ્ણ ઉપર આળ આવ્યું. બળદેવજીને પણ શંકા થઈ હતી. તેથી ગુસ્સાના આવેશમાં આવી શ્રીકૃષ્ણને છોડીને તેઓ જનકના રાજ્યમાં ચાલ્યા ગયા હતા. શેષ તો ભગવાનનું ધામ છે, છતાં સર્પનું સ્વરૂપ છે. તેથી ક્રોધનું મૂળ કહેવાય. રામપ્રતાપને ઘનશ્યામનાં અનેક દિવ્ય ચરિત્રોનું વિસ્મરણ થયું. ઘનશ્યામે અકારણ અહીં બળદેવ દૂબેનું નુકસાન કર્યું તેથી આવેશમાં જ ઘનશ્યામને બે તમાચા લગાવી દીધા. ઘનશ્યામ રડવા લાગ્યા. તેમનું આખું અંગ ધ્રૂજવા લાગ્યું.

સુવાસિનીએ દૂરથી આ જોયું. તે તરત જ દોડ્યાં. ઘનશ્યામને તેડી લઈને રામપ્રતાપને કહ્યું : "આ શું કરો છો ? ઘનશ્યામને કેમ મારો છો ?"

એટલામાં બળદેવ દૂબે તથા તેમનાં પત્ની, પુત્રો તથા સંબંધીઓ ત્યાં આવ્યાં. તેમને સૌને જોઈને ઘનશ્યામ વધારે જોરથી રડવા લાગ્યા. બળદેવે પૂછ્યું : "રામપ્રતાપ ! કેમ ઘનશ્યામને મારો છો ?"

રામપ્રતાપ હજુ આવેશમાં હતા. તેમણે કહ્યું : "કાંઈ તોફાનની પણ હદ હોય ને ? ચીભડાંના બધા વેલા એણે ખેંચી નાખ્યા."

તરત જ ઘનશ્યામ ભાભીની કેડ ઉપરથી નીચે ઊતરી ગયા અને બોલ્યા : "મેં એકેય વેલો ખેંચ્યો નથી. ભૈયા જૂઠું બોલે છે."

રામપ્રતાપે તરત જ મજૂરો સામે જોયું. તેમણે કહ્યું : "ભૈયા ! બધા વેલા ખેંચી કાઢેલા છે, આવો તમને બતાવીએ."

એટલામાં બળદેવે કહ્યું : "અરે રામપ્રતાપ ! પણ કદાચ ઘનશ્યામે વેલા ખેંચ્યા હોય તોપણ શું ? તેમને આમ મરાય ? અમને ધર્મદેવ કેટલો ઠપકો આપે ! એ તો બાળક છે."

પણ ઘનશ્યામે તેમની પાસે જઈ તેમને કહ્યું : "દાદા ! તમે ચાલો, બધા વેલા એમ ને એમ ઊભા છે. ભૈયા તો ક્રોધી છે."

ઘનશ્યામ સૌને ચીભડીના ખેતરે લઈ ગયા. ત્યાં સૌએ જોયું તો વેલા એમના એમ ઊભા હતા અને આજુબાજુનું ઘાસ જે ખેંચી કાઢ્યું હતું તે ત્યાં પડ્યું હતું. આ જોઈ મજૂરોને આશ્ચર્ય થયું ! તેમને થયું કે આ કેવું કહેવાય ! આખું ખેતર ઘનશ્યામે ખલાસ કરી દીધું હતું ને આ શું થયું ? તેઓ ભોંઠા પડી ગયા.

બળદેવે તેમને બહુ જ ઠપકો આપ્યો : "આ વેલા તો એમના એમ ઊભા

છે અને જૂઠું કેમ બોલ્યા ? વળી, ફરિયાદ કરવી હોય તો મારી પાસે આવવું હતું પણ રામપ્રતાપને કેમ કહ્યું ?"

મજૂરો કાંઈ બોલી શક્યા નહિ, નીચું જોઈ રહ્યા. તેમણે જાણ્યું કે ઘનશ્યામ કોઈ અલૌકિક બાળક છે. રામપ્રતાપભાઈ આ તમાશો જોઈ અવાક્ બની ગયા. ઘનશ્યામને વગર વાંકે મારવાથી તેમને અંતરમાં બળતરા થઈ. સુવાસિનીએ તેમને તરત જ કહી દીધું : "મારે હવે એક દિવસ પણ અહીં રહેવું નથી. કાલે જ અયોધ્યા જવું છે. અહીં તો તમે ઘનશ્યામને વગર વાંકે પીટી નાખશો."

રામપ્રતાપભાઈ કાંઈ બોલી શક્યા નહિ. ઘનશ્યામ આંખમાં આંસુ સાથે રામપ્રતાપ સામું જોઈને કોઈ ન જુએ તેમ મંદમંદ હસતા હતા. ઉજાણીનો આનંદ સૌનાં અંતરમાંથી ઊતરી ગયો. સૌ ઘેર ગયા. ઘેર જઈ ભાભીએ કહ્યું : "ઘનશ્યામ ! ભૈયા ! તમે જમ્યા નથી, થોડું જમી લ્યો."

"મારે જમવું નથી. મારે તો મા પાસે જવું છે !" સુવાસિની ભાભીના પ્રેમને અશ્રુ દ્વારા બહાર જોવાની ઘનશ્યામની ઇચ્છા હતી. ભાભીને ઘનશ્યામના શબ્દોથી લાગ્યું કે ઘનશ્યામે તેનામાં માનો પ્રેમ ન જોયો. તે વિહ્‌વળ બની એકદમ ઘનશ્યામને ગોદમાં લઈ રડી પડ્યાં.

"ઘનશ્યામ ! ભૈયા ! હું મા નહિ ને ? પણ મેં તમને ક્યાં સાચવ્યા છે ? તમારા ભૈયાએ આટલું માર્યા તોપણ હું આવી નહિ. ઓ મા." એમ બોલતાં સુવાસિની ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં.

ઘનશ્યામ તેમનાં આંસુ લૂછવા લાગ્યા. પછી થોડી વાર રહીને કહ્યું : "ભાભી ! ભૂખ લાગી છે."

આ સાંભળતા જ ભાભી એકદમ ઊભાં થઈ ગયાં અને ઘનશ્યામને લઈને રસોડામાં ગયાં : "ભૈયા ! શું આપું ?"

"મને તો મીઠાઈ જોઈએ." ઘનશ્યામે કહ્યું. તરત જ ભાભીએ ઉજાણી માટે મીઠાઈ બનાવી હતી તે ઘનશ્યામને આપી. ઘનશ્યામ ધીરે ધીરે ખાવા લાગ્યા. થોડું ખાઈને હાથ ધોઈ નાખ્યા. પછી ભાભી પાસે જઈને કહ્યું : "ભાભી ! તું હવે રડતી નહિ હોં, આપણે અયોધ્યા નથી જવું."

સુવાસિનીને આ સાંભળી શાતા વળી.

બીજે દિવસે ઘનશ્યામને તેમના મિત્રો બોલાવવા આવ્યા. તેથી કપડાં પહેરીને બહાર નીકળ્યા. ત્યાં ભાભીએ બૂમ મારી કહ્યું : "વહેલા આવજો."

"હોં" એટલું કહીને ઘનશ્યામ ઘરની બહાર દોડી ગયા. છપૈયાથી

આવેલા તેમના મિત્રો તેમની રાહ જોતા હતા. મિત્રો સાથે ઉત્તર તરફ ચાલ્યા. એક તળાવની પાળ ઉપર પર્ણકુટિ બાંધીને હરિદાસ બાવાજી રહેતા હતા. તે રોજ રામાયણની કથા વાંચતા.

હરિદાસની રામકથામાં

ઘનશ્યામ સખા સાથે પર્ણકુટિમાં ગયા. હરિદાસ ઘનશ્યામને જોઈ રાજી થયા. તેમણે ઘનશ્યામ માટે ઘણું ઘણું સાંભળ્યું હતું. ઘનશ્યામે હરિદાસની કથા સાંભળી. કથા પૂરી થઈ એટલે ઘનશ્યામ અને સખાઓ બધા સ્નાન કરવા તળાવમાં પડ્યા. સ્નાન કરતાં કરતાં ઘનશ્યામે એક વૃક્ષ સામે જોઈ પૂછ્યું : "સુખનંદન ! આ સામેનું ઝાડ શેનું છે ? તેમાંથી બહુ જ સુગંધ આવે છે."

સુખનંદને કહ્યું : "ઘનશ્યામ ! એ તો કદંબનું ઝાડ છે."

પછી નાહીને બહાર નીકળ્યા એટલે ઘનશ્યામ સખા સાથે કદંબના ઝાડ પાસે આવ્યા. ત્યાં બાજુમાં કેવડો દીઠો. એટલે ઘનશ્યામે કેવડો લીધો. પછી તેના સખાઓએ કદંબનાં પુષ્પો લીધાં. ઘનશ્યામ કહે : "આ ફૂલોની માળા બનાવી આપણે પહેરીએ." એટલે સૌ ત્યાં બેઠા અને કદંબનાં પુષ્પો વીણવા લાગ્યા. ઘડીએ ઘડીએ ઘનશ્યામ બોલે : "અહો ! બહુ મીઠી સુગંધ !" મિત્રોએ તેમની રુચિ જાણી. મોટો હાર બનાવ્યો અને ઘનશ્યામને પહેરાવ્યો. ગળાથી નાભિ સુધીનો હાર ઘનશ્યામે પહેરી રાખ્યો. મિત્રોએ ફૂલની ટોપી તથા બાજુબંધ બનાવ્યા. તે પણ ઘનશ્યામને પહેરાવ્યા. તેના ઉપર કેવડો મૂક્યો. ઘનશ્યામ મહાપ્રભુને ફૂલના શણગારથી શણગારી સૌ તેમની શોભા જોઈ આનંદમાં આવી ગયા.

એટલામાં પર્ણકુટિમાંથી હરિદાસ બાવાજી બહાર આવ્યા. વૃક્ષ નીચે ઘનશ્યામને સખા સાથે રમતા જોઈને ત્યાં આવ્યા. ઘનશ્યામને જોઈને બાવાજી એમ ને એમ ઘનશ્યામ તરફ સ્થિર થઈ ગયા. તેમને ઘનશ્યામમાં રઘુનંદન દેખાયા. તે અવાક્ બની ગયા.

ઘનશ્યામને ખાંપો વાગે છે

એટલામાં ત્યાં ગાયોનો ગોવાળ ગાયો લઈને આવ્યો. ઘનશ્યામે ગોવાળને જોઈને પૂછ્યું : "આટલી બધી ગાયો તમે એકલા શી રીતે સાચવો છો ?"

ત્યારે ગોવાળે હસીને કહ્યું : "એ તો અમારા કબજામાં રહે જ !"

ઘનશ્યામ હસ્યા. પછી કહ્યું : "કોઈ ભાગે તો ?"

"અરે ભાર છે ? ભાગે જ નહિ. મારો અવાજ સાંભળે અને પૂંછડાં ઊંચાં કરી મારી પાસે આવીને ઊભી રહે !"

ઘનશ્યામને તેની વાતથી આનંદ થયો. પછી દૂરથી આવતી ગાયોના ધણને ઘનશ્યામે પોતાના ઘેરા શબ્દથી બોલાવી. એ શબ્દ સાંભળીને એ ગાયો ઊંચાં પૂછડાં અને ઊંચું મોં કરી ઘનશ્યામ તરફ દોડી. ઘનશ્યામના સખા ચમક્યા. ત્યાંથી દોડ્યા. ઘનશ્યામ પણ દોડ્યા. તળાવ પાસે આમલીના વૃક્ષ ઉપર સૌ ચડી ગયા. ગાયો પણ ત્યાં આવી. ઘનશ્યામને આંબલીના વૃક્ષ ઉપર ચડેલા જોઈ ગાયો તે આમલીની આજુબાજુ ઊંચાં પૂંછડાં અને ઊંચાં મોં કરી ભાંભરવા લાગી. પાછળ તેનો ગોવાળ ખભે ડાંગ લઈ દોડતો આવ્યો. ગાયોને ડાંગ મારવા લાગ્યો પણ ગાયો ત્યાંથી શાની ખસે ? છેવટે ઘનશ્યામે જાણ્યું કે ગોવાળ ગાયોને વાળવા તેને મારશે. તેથી તેમણે આંબલીના વૃક્ષ ઉપરથી જ બે હાથ ગાયો તરફ કર્યા અને ગાયો તરત જ ત્યાંથી વળી ગઈ.

ઘનશ્યામ નીચે ઊતરે તે રાહ જોતો ગોવાળ ત્યાં ઊભો જ રહ્યો. ધીરે ધીરે ઘનશ્યામ નીચે ઊતરવા લાગ્યા. ત્યાં એક સુકાયેલ ડાળનું ઠૂંઠું ઘનશ્યામની જમણી સાથળમાં વાગ્યું અને લોહીની ધારા વછૂટી. ઘનશ્યામ તેને ન ગણકારતા નીચે ઊતરી ગયા. ગોવાળે તેમને નમસ્કાર કર્યા : "તમે કાનુડા છો ! નહિ તો ગાયો મારાથી છૂટી પડે જ નહિ !" ઘનશ્યામ તેના તરફ હસ્યા.

સૌ સખા નીચે ઊતર્યા પણ ઘનશ્યામની સાથળમાંથી લોહી નીકળતું જોઈ સૌ ગભરાયા. ઘનશ્યામને તળાવને કાંઠે લઈ ગયા. ઘા ધોઈ લોહી કેમ બંધ કરવું તેનો તેઓ વિચાર કરતા હતા. ત્યાં સામેથી એક પુરુષ આવતો તેમણે જોયો. સફેદ વસ્ત્ર, માથે સફેદ પાઘ અને ખંભે ખડિયો ભરાવેલો હતો. તેને જોઈને સખાઓને આશ્ચર્ય થયું. સરવાર દેશમાં તો આવા વેશધારી કોઈ રહેતા જ નથી. જ્યારે તે તેમની પાસે આવ્યો ત્યારે તેણે સૌને જોઈ પૂછ્યું : "આ તરગામ ને ? અહીં બળદેવ દૂબેનું ઘર ક્યાં આવ્યું ?"

સખાઓએ તરત જ કહ્યું : "અહીં જ છે, પાસે જ છે. આ તેમના સંબંધી ઘનશ્યામ છે. તેને વાગ્યું છે. એટલે અમે તેમને તેને ઘેર તેડી જઈએ છીએ."

તરત જ તે પુરુષ પાસે આવ્યો અને કહ્યું : "લાવો, હું લોહી બંધ કરી ઘા ઉપર પાટો બાંધી દઉં." એમ કહી તેના ખડિયામાંથી ઔષધિ કાઢી, ઘા સાફ કરી પોતાની સફેદ પાઘને ચીરી પાટો બાંધી દીધો. ઘનશ્યામ તેમની સામું જોઈ જ રહ્યા હતા. તે પણ ઘનશ્યામને જરા પણ દુઃખ ન થાય એ રીતે સંભાળ

રાખી સારવાર કરતા હતા. પાટો બંધાઈ રહ્યો એટલે ઘનશ્યામ અને સૌ સખા ઊઠ્યા. તેમણે કહ્યું : "ચાલો, બળદેવ દૂબેને ઘેર !"

"તમે સૌ જાઓ, હું સંધ્યાવંદન કરીને આવું છું" - એમ કહી તે ત્યાં રોકાયા. ઘનશ્યામ અને સખા સર્વે ત્યાંથી ઘર તરફ વળ્યા.

સુખનંદને ઘનશ્યામને પૂછ્યું : "તને તે ઓળખે છે ?"

ઘનશ્યામે હસીને કહ્યું : "હા, અમારા તે જૂના વૈદ્ય છે. તેમનું નામ અશ્વિનીકુમાર છે." સખાઓ આમાં શું સમજે ? કોઈ દિવસ પણ આ દેશમાં નહિ જોયેલા આ પુરુષ ઘનશ્યામના વૈદ્ય છે ! તેમને આશ્ચર્ય થયું. પણ દેવોના વૈદ્ય 'અશ્વિનીકુમાર' આ સેવા કરી ગયા તેની તેમને કેમ ગમ પડે ?

ઘનશ્યામ ઘેર આવ્યા ત્યારે ભાભી ઘનશ્યામની સાથળમાં પાટો જોઈ એકદમ ગભરાયાં. ઘનશ્યામને તેડી લઈને પૂછ્યું : "આ શું થયું ? આ પાટો કોણે બાંધ્યો ?"

ત્યારે ઘનશ્યામે હસીને કહ્યું : "તળાવ પાસેના ઝાડનો ખાંપો વાગ્યો."

તે સાંભળી ભાભી રડવા લાગ્યાં. તેણે ઘનશ્યામનો પગ જોવા તેમના પગે હાથ અડકાડ્યો. એટલે ઘનશ્યામે તરત જ પગ લઈ લીધો. તેથી તેને થયું કે ભૈયાને પગે બહુ પીડા થતી હશે. તેણે તરત જ ઘનશ્યામને ખોળામાં લઈ લીધા. ખોળામાં સૂતાં સૂતાં ઘનશ્યામે કહ્યું : "ભાભી ! પાટો ખોલ જોઉં."

એટલે ભાભીએ હળવે રહીને પાટો ઉકેલ્યો. જોયું તો ઘાની ફક્ત નિશાની જ હતી. એકદમ ભાભીએ છણકો કર્યો. ઘનશ્યામને ગાલે ટપલી મારતાં કહ્યું : "જુઠ્ઠા ! ભાભીને ગભરાવવા માટે પાટો બાંધ્યો હતો ?"

ઘનશ્યામ હસ્યા. એટલામાં સુખનંદન આવ્યો. તેણે ઘનશ્યામની ઉઘાડી સાથળ જોઈ પૂછ્યું : "ઘનશ્યામ ! ઘા રુઝાઈ ગયો ?"

તરત જ ભાભી બોલ્યાં : "વાગ્યું છે જ ક્યાં ? ભાભીને ગભરાવવા માટે અમસ્થો ઢોંગ કરે છે."

સુખનંદને તરત જ કહ્યું : "ના, ના, ભાભી ! ઘનશ્યામને બહુ વાગ્યું હતું. ઘણું લોહી નીકળ્યું હતું. પણ તમારા વૈદ્ય છે તે આવીને પાટો બાંધી ગયા હતા !"

ભાભીને આ કાંઈ ન સમજાયું. પછી સુખનંદને કહ્યું : "તમારા વૈદ્ય અહીં નથી આવ્યા ?" ઘનશ્યામની અકળ લીલા ભાભી ન કળી શક્યાં.[૩૦]

---

૩૦. ચીભડીના વેલા ઉખેડવાનો પ્રસંગ તથા ખાંપા તળાવડીનો પ્રસંગ 'શ્રીહરિલીલામૃત', કળશ ૨, વિશ્રામ ૧૩-૧૪માં તરગામની લીલામાં વર્ણવ્યો છે. કેટલાક ➤

બીજી તરફ અયોધ્યામાં ભક્તિમાતાને ઘનશ્યામ વિના અકળામણ થવા લાગી. તેમણે ધર્મદેવને કહ્યું : "કેટલા દિવસ થઈ ગયા ? હવે તો રામપ્રતાપ ને ઘનશ્યામને બોલાવી લ્યો."

ધર્મદેવ વિચારમાંથી એકદમ જાગ્યા : "હા, ખરું છે. તમારો ભાઈ વિશ્રામ અહીં આપણને મળવા આવ્યો છે. તેને કાલે તરગામ મોકલીએ."

ભક્તિમાતાએ તરત જ વિશ્રામને બોલાવ્યો અને કહ્યું : "વિશ્રામ ભૈયા ! કાલે તમે તરગામ જઈને રામપ્રતાપને, સુવાસિનીને, નંદરામને ને ઘનશ્યામને તેડી લાવો."

વિશ્રામને ઘનશ્યામને મળવાની ઇચ્છા હતી. અહીં તે ઘનશ્યામને જોવા માટે જ આવ્યા હતા. બહેનની વાત સાંભળી તેના મનમાં વિચારો આવવા લાગ્યા. ઘનશ્યામ મળશે, કેટલા મોટા થઈ ગયા હશે ! – એ વિચારમાં ને વિચારમાં રાત્રે ઊંઘ પણ ન આવી. ઘનશ્યામ જ તેને દેખાયા કર્યા.

બીજે દિવસે વિશ્રામ ત્રવાડી અયોધ્યાથી નીકળી સરયૂ નદી પાર કરીને તરગામ પહોંચ્યા. અહીં રામપ્રતાપ તથા ઘનશ્યામને જોઈ તેમને ખૂબ આનંદ થયો. ઘનશ્યામ દોડીને તેમને વળગી પડ્યા અને પૂછ્યું : "મામા ! મામા ! મારા માટે શું લાવ્યા ?"

ઘનશ્યામની કાલી કાલી વાણી સાંભળી વિશ્રામ ત્રવાડીનું મન દ્રવી ગયું. ભક્તિમાતાએ ઘનશ્યામ માટે સુખડી મોકલી હતી તે ઘનશ્યામને તેમણે આપી. ઘનશ્યામ અંદર દોડીને ભાભી પાસે ગયા. ભાભીને સુખડી આપીને કહ્યું : "ભાભી ! દીદીએ સુખડી મોકલી છે, ઠાકોરજીને જલદી ધરાવો !"

ભાભીના આનંદનો પાર ન રહ્યો. ઘનશ્યામને આનંદમાં જોઈ ભાભીની છાતી ઠરી જતી. ભાભીએ ઠાકોરજીને સુખડી ધરાવી ઘનશ્યામને આપી. ઘનશ્યામ થોડી જમ્યા અને બાકીની ભાભીના મોઢામાં મૂકી દીધી.

વિશ્રામ ત્રવાડીએ અયોધ્યાના સર્વ સમાચાર આપ્યા : "ધર્મદેવ તથા ભક્તિમાતાએ હવે તેડાવ્યા છે માટે કાલે જ નીકળવાની તૈયારી કરો. ભક્તિમાતાને ઘનશ્યામને જોવાની અધીરાઈ બહુ જ આવી ગઈ છે."

પરંતુ બળદેવ દૂબેએ કહ્યું : "એકાદ દિવસ રોકાઈને પછી જજો."

તેને છપૈયાનો પ્રસંગ પણ કહે છે. જે સ્થળે ખાંપા તળાવડી હાલ બતાવવામાં આવે છે તે જોતાં તરગામ છપૈયાથી દૂર ન હોવું જોઈએ. એટલે કદાચ તેને છપૈયાની લીલામાં પણ ઘટાવી શકાય. – લેખક

સુવાસિનીને હવે રોકાવાની ઇચ્છા ન હતી. ઘનશ્યામ પણ અયોધ્યા જવા ઇચ્છતા હતા. તરગામની આજુબાજુ બધે વિશ્રામ ત્રવાડી આવ્યાની ખબર પડી ગઈ. એટલે સૌ તેમને મળવા આવવા લાગ્યા. આ મિષે ઘનશ્યામનાં પણ દર્શન થઈ જાય એવી ઇચ્છા પણ તેમને રહેતી.

આ અરસામાં આંબલિયાના મંછા મિશ્ર તરગામ આવ્યા. તેમનો વિચાર પોતાની પુત્રીનો ધર્મકુળમાં વિવાહ કરવાનો હતો. તેમણે તેમનો આ વિચાર બળદેવ દૂબે અને રામપ્રતાપ પાસે મૂક્યો. બળદેવે રામપ્રતાપને કહ્યું : "આ સંબંધ કરવા જેવો છે. મિશ્રાજી ઘણા સમયથી આપના પવિત્ર કુળમાં પોતાની પુત્રીનો વિવાહ કરવા માટે મને કહી ગયા હતા. આજે તમે આવ્યા તો હવે આ અંગે ધર્મદેવને વાત કરજો."

રામપ્રતાપે કહ્યું : "મારા નાના ભાઈ ઇચ્છારામ હજુ દોઢ વર્ષના જ છે."

એ સાંભળી બળદેવ અને મંછારામ હસ્યા. મિશ્રાજીએ કહ્યું : "અમારી પુત્રી પણ એક વર્ષની જ છે. આ તો અત્યારથી તમારા જેવા સારા સગા ગોતી રાખ્યા હોય તો ભવિષ્યમાં ચિંતા ન રહે. ઇચ્છારામજી માટે જ અમે વિચાર કર્યો છે."

રામપ્રતાપે કહ્યું : "તમે અયોધ્યા આવજો. હું પિતાજીને વાત કરીશ."

રામપ્રતાપના જવાબથી મંછા મિશ્રને આશા બંધાણી. તે આશાના આનંદમાં તેઓ ઘેર ગયા, પણ જતાં પહેલાં ખાનગીમાં બળદેવ દૂબેને ફરી રામપ્રતાપને ભલામણ કરવા કહેતા ગયા.

બે દિવસ રોકાઈને રામપ્રતાપ, સુવાસિની, નંદરામ અને ઘનશ્યામ વિશ્રામ ત્રવાડી સાથે આંબલિયા થઈને અયોધ્યા જવા નીકળ્યાં.

થોડા દિવસ પછી મંછા મિશ્ર તરગામ આવ્યા અને બળદેવ દૂબેને સાથે લઈને ધર્મદેવ પાસે અયોધ્યા આવ્યા. બળદેવ દૂબેએ તમામ વાત કરી. ધર્મદેવે કહ્યું : "આ તમારા ભાણા નંદરામની સગાઈ તો બેશહુપુરમાં કરી છે. ઘનશ્યામને તો સંસારમાં કાંઈ વૃત્તિ જ નથી. એટલે તેને માટે તો કાંઈ કહી શકાય નહિ. અને ઇચ્છારામ તો હજુ દોઢ વર્ષના જ થયા છે."

મિશ્રાજીએ કહ્યું : "મારી પુત્રી વરિયાળી પણ એક વર્ષની જ છે. ઇચ્છારામ સાથે વિવાહ કરીએ."

ધર્મદેવે મંછા મિશ્રને ઓળખતા હતા. વળી, બળદેવ દૂબેની પણ ભલામણ હતી. તેથી વાગ્દાન દઈ દીધું.

હનુમાનગઢીમાં બાવા મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો

અયોધ્યા આવ્યા પછી ઘનશ્યામ નિત્યક્રમ પ્રમાણે સરયૂસ્નાન કરી હનુમાનગઢીએ દર્શન કરવા ગયા. હનુમાન જતિનાં દર્શન કર્યાં. પછી હનુમાનજીની ગાદી પાસે બાવા મોહનદાસ રામાયણની કથા વાંચતા હતા ત્યાં ઘનશ્યામ આવ્યા. કથાના અધ્યાયમાં, એકાદશી વ્રતનો મહિમા આવ્યો : 'સો રાજસૂય યજ્ઞ કરે કે હજાર અશ્વમેધ યજ્ઞ, પણ તેનું પુણ્ય એકાદશી વ્રતના સોળમા ભાગ જેટલું પણ ન થાય.' આ સાંભળી ઘનશ્યામ ઘણા રાજી થયા અને બાવા મોહનદાસને તેમણે પ્રશ્ન પૂછ્યો : "એકાદશી વ્રતનો આટલો મહિમા શાસ્ત્રમાં કહ્યો છે તોપણ ઘણા લોકો તે વ્રત કેમ કરતા નથી ?"

બાવાજીને આ પ્રશ્ન જરા આકરો પડ્યો. પોતે એકાદશી વ્રત કરતા નહિ અને તેનો ઉપદેશ પણ કોઈને આપતા નહિ. તેથી તેમને ઘનશ્યામના પ્રશ્નથી કળ વળી ગઈ. તેમણે તરત જ વ્યંગમાં ઉત્તર આપ્યો : "અરે ઘનશ્યામ ! તું શું જાણે ? આ મનુષ્યદેહ પ્રભુએ આપ્યો છે તે કાંઈ ભૂખ્યા રહીને દુ:ખ ભોગવવા આપ્યો છે ? અંદર આત્મારૂપી ભગવાન છે. તેને જે આવી રીતે ભૂખ્યા રહીને દુ:ખ આપે છે તે તો પાપી છે. આ મનુષ્યદેહે તો ખાવું, પીવું, વિષય ભોગવવા. એ રીતે મહામોંઘો મનુષ્યદેહ મળ્યો છે તે સાર્થક કરી લેવો. જેને ખાવા અન્ન ન મળે, તેને તો સદા એકાદશી છે જ ને ?" એટલું કહીને પોતાના કથનની સત્યતા માટે શ્રોતા તરફ જોઈને તેણે હસીને કહ્યું : "જુઓને, આ છોકરું ! તેને છે કાંઈ ખબર ? એકાદશીને તો જગન્નાથપુરીમાં ઊંચે બાંધી દીધી છે."

શ્રોતાજનો તો બાવાજીની રહસ્યમય વાતોમાં ડોકું ધુણાવ્યે જ જતા હતા. પંચવિષયના આદરમાં જ્યાં રુચિ હોય, ત્યાં તેના અનાદરની વાત કોને ગમે ?

ઘનશ્યામ ત્યાંથી તરત જ ઊઠી ગયા અને હનુમાનજીના મંદિરમાં જઈ પરિક્રમા કરવા લાગ્યા. આવા વિષયી અને લંપટ ગુરુ પોતાના શિષ્યોનું કેટલું અધ:પતન કરે છે તે વિચારથી તે ખિન્ન થઈ ગયા. ઘનશ્યામને આ પ્રસંગથી ઘણા ઘણા વિચારો આવવા લાગ્યા. પંચવિષયના પ્રહારોથી જીવ ઘાયલ થઈ જાય છે. આ ઘા યમના દંડ જેવા છે. પરંતુ જીવને તેની ગમ પડતી નથી. ઘનશ્યામને લાગ્યું કે બાવાજી યમનો આવો માર ખાઈ રહ્યા છે.

ઘનશ્યામ બાવાજીના આવા ઉત્તરથી ખિન્ન થઈને ઊભા થઈ ગયા તે શ્રોતાઓને ગમ્યું નહિ. તેમના પ્રશ્નનો ઉડાઉ જવાબ બાવાજીએ આપ્યો તેથી

સૌને તેમના ઉપર રોષ થયો. તેમણે બાવાજીને કહ્યું : "ધર્મની ગાદી ઉપર ચડી બેઠા છો અને નિયમ, ધર્મ, વ્રત, ઉપવાસની કેમ ઠેકડી ઉડાવો છો ?"

બાવાજીને આ પ્રહારથી અંતર્દષ્ટિ થઈ. તે ઊઠીને ઘનશ્યામ પાસે ગયા. તેમને પગે પડ્યા. ઘનશ્યામે તેમને કહ્યું : "ધર્મની ગાદી ઉપર બેસી ધર્મનો ઉપદેશ કરશો તો ભગવાન રાજી થશે."

બાવાજીને ઘનશ્યામના આ શબ્દોની ઊંડી અસર થઈ. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમને થયું આવડા નાના બાળકને ધર્મ, વ્રત, ઉપવાસ માટે આવી ભાવના છે અને હું અત્યારે કાંઠે બેઠો છું તોપણ વિષય ભોગવવાની આસક્તિથી અધર્મ કરું છું અને અધર્મનું આચરણ કરાવું છું ! પશ્ચાત્તાપના ભાવથી તેમણે ઘનશ્યામના પગ પકડી લીધા. ઘનશ્યામે તેમને માથે બે હાથ મૂક્યા. બાવાજીનું અંતર નિર્મળ થઈ ગયું.

✧

જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. ઘનશ્યામને તો દરરોજ ઉત્સવ જ હતો. તે માનતા કે જીવનમાં પ્રભુભક્તિ કરવી એ જ સાચો ઉત્સવ ઊજવ્યો કહેવાય. તેઓ અયોધ્યામાં દરરોજ મંદિરે દર્શને જતા. ત્યાં ભક્તિભાવથી કથા સાંભળતા, માળા ફેરવતા અને ભગવાનની સ્તુતિ કરતા. રોજ હનુમાનગઢી, બ્રહ્મકુંડ, સ્વર્ગદ્વાર, જાનકીઘાટ, કનકસિંહાસન, રામસિંહાસન, સુગ્રીવટીલા, જગન્નાથ કાવડિયાની જગ્યા, સીતાકુંડ, સૂર્યકુંડ વગેરે તમામ સ્થળે દર્શને જતા. આખો દિવસ દર્શન કરવામાં જ વ્યતીત કરતા. ઠાકોરજીનાં દર્શનમાં જ તેમને ઉત્સવનો આનંદ હતો. આજે જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો એટલે ઉત્સવપ્રિય શ્રી ઘનશ્યામ મહાપ્રભુએ માતાને કહ્યું : "આજે આપણે બધાં જ મંદિરે દર્શને જઈશું. સરયૂસ્નાન કરીશું અને રાત્રે કૃષ્ણજન્મનો ઉત્સવ કરી ઘેર આવીશું."

ત્યારે માતાએ હસતાં હસતાં કહ્યું : "પણ આખો દિવસ દર્શનમાં ફરશો, ત્યારે જમશો ક્યારે ?"

"આજે શ્રીકૃષ્ણજન્મના દિવસે જમવાનું હોય ? આજે તો ઉપવાસ નિર્જળા ! આજે તો કૃષ્ણજન્મ થયા પછી જ પ્રસાદ લેવાય."

નાનકડા ઘનશ્યામનાં આવાં ભક્તિભરપૂર મીઠાં વેણ સાંભળીને માતાની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં. રાત્રે કૃષ્ણજન્મનાં દર્શન કરી ઘનશ્યામ માતા સાથે ઘેર આવ્યા. માતાએ કહ્યું : "ઘનશ્યામ ! હવે કંઈક જમો !" પણ ઘનશ્યામ તો કૃષ્ણલીલા કહેવામાં જ મગ્ન બની ગયા હતા. માતા તથા ભાભી

તેમની વાતો સાંભળતાં હતાં, છતાં તેમને મનમાં એમ થતું હતું કે "ઘનશ્યામ કંઈક જમે તો સારું." પરંતુ ઘનશ્યામ કાંઈ જમ્યા જ નહિ અને કૃષ્ણલીલાની વાતો કરતાં કરતાં સૂઈ ગયા.

સવારે ઘનશ્યામે ઘેર જ સ્નાન કરી નિત્યકર્મ કર્યું. પછી માતાએ તેમને પારણાં કરાવ્યાં. પારણાં કરી ઘનશ્યામ ફરી મંદિરોમાં દર્શન કરવા નીકળી પડ્યા.

આ જ અરસામાં, છપૈયામાં મોતી તિવારીના ભાઈ માધવચરણનાં લગ્ન હતાં તેની કંકોત્રી ધર્મદેવને મળી. તેમણે વિચાર્યું કે મોતી તિવારીને ત્યાં જવું પડશે. વળી, છપૈયા ઘણા વખતથી ગયા નથી તેથી આ પ્રસંગે જઈએ તો અન્ય સ્વજનોને પણ મળાશે. આ પ્રમાણે નક્કી કરી તેઓ રામપ્રતાપ અને ઘનશ્યામને લઈને છપૈયા જવા નીકળ્યા. ઇચ્છારામ નાના હતા તેથી ભક્તિમાતા સાથે ઘેર રહ્યા. સુવાસિની ભાભીએ પણ પુત્રને જન્મ આપ્યો હતો, એટલે તેઓ પણ ઘેર જ રહ્યાં.

ધર્મદેવ રામપ્રતાપ અને ઘનશ્યામ સાથે છપૈયા પહોંચ્યા તેથી તિવારીને ખૂબ આનંદ થયો. ઘનશ્યામને તેના જૂના મિત્રો વેણી માધવ, સુખનંદન, પ્રાગ વગેરે મળ્યા. પીરોજપુરથી બૈજુ તિવારી પણ આ લગ્ન પ્રસંગે આવ્યા હતા.

બીજે દિવસે સવારે ઘનશ્યામ, રામપ્રતાપ અને ધર્મદેવ રામસાગર સરોવરે નાહવા ગયા. બૈજુ તિવારી પણ સાથે હતા. રામસાગરમાં[૩૧] સ્નાન કરી તેને નવું તીર્થત્વ આપી ત્રણે જણા ઘરે આવ્યા.

માધવચરણનાં લગ્ન ધામધૂમથી પતાવી ધર્મદેવ, રામપ્રતાપ અને ઘનશ્યામ પાછા અયોધ્યા જવા નીકળ્યા. મોતી તિવારીએ દિલગીર થઈને પૂછ્યું : "હવે ફરી ક્યારે ભેગા થવાશે ?"

ત્યારે ધર્મદેવે કહ્યું : "એવો પ્રસંગ આવશે ત્યારે જરૂર ભેગા થઈશું. કાં અહીં કાં અયોધ્યામાં." એટલું કહીને હસ્યા. પછી બોલ્યા : "તિવારીજી ! ઘનશ્યામને પણ હવે જનોઈ દેવાનો પ્રસંગ નજીક આવ્યો છે. વશરામ મામાએ આજે જ ટકોર કરી છે. તો તમારે અયોધ્યા આવવું પડશે."

તિવારીજીને આ સાંભળી આનંદ થયો.

પછી ત્યાંથી નીકળી સરયૂકાંઠે રાત રોકાઈ બીજે દિવસે સવારે ધર્મદેવ અયોધ્યા પહોંચી ગયા.

---

૩૧. પુરાણની કથા એવી છે કે ત્રેતાયુગમાં ભગવાન રામચંદ્રે આ તળાવ બંધાવ્યું હતું. તેથી તે 'રામસાગર' તરીકે ઓળખાય છે.



ઉદ્‌ગીથ ૫

ઘનશ્યામને ઉપવીત-સંસ્કાર

(આ.સં. ૧૮૪૫-૧૮૪૮, ઈ.સ. ૧૭૮૯-૧૭૯૧)

ઘનશ્યામ પ્રભુને આઠમું વરસ ચાલતું હતું. ધર્મદેવ છપૈયા ગયા ત્યારે જ વશરામ તિવારીએ તેમને કહ્યું હતું : ''ઘનશ્યામને હવે ઉપવીત સંસ્કાર કરવાનો સમય આવી ગયો છે. માટે તે ધર્મનું કામ તત્કાળ કરવું જોઈએ.''

ધર્મદેવે ભક્તિમાતાને તથા રામપ્રતાપને પોતાનો આ વિચાર જણાવ્યો. તેમણે કહ્યું : ''છપૈયાથી વશરામ મામાને તેડાવો. તેમને પૂછી મુહૂર્ત નક્કી કરીએ.''

બીજે દિવસે વશરામ મામાને છપૈયાથી તેડી લાવવા માણસ મોકલ્યો. અયોધ્યામાં રહેતાં પોતાનાં અન્ય સ્વજનોને પણ બોલાવ્યાં. વશરામ મામા આવ્યા એટલે સૌ ભેગા થઈ ગયા. વિદ્વાન જ્યોતિષી હરિકૃષ્ણજીને બોલાવીને મુહૂર્ત પૂછ્યું. તેમણે આ.સં. ૧૮૪૫ ને ફાગણ સુદ ૧૦નું મુહૂર્ત આપ્યું.[૩૨] હવે ફક્ત થોડા જ દિવસો બાકી રહ્યા હતા. ઘનશ્યામ મહાપ્રભુ આ સમયે તરગામ ગયા હતા. વશરામ મામાએ કહ્યું : ''હું છપૈયા જાઉં છું અને ઘનશ્યામને લઈને મુહૂર્ત ટાણે વહેલો આવી જઈશ.''

તે સાંભળી ભક્તિમાતાએ તરત જ કહ્યું : ''ના ભાઈ ! દાદાને સાથે લઈ જાઓ એટલે ઘનશ્યામને અહીં જલદી લઈ આવે. તમે તો જનોઈના મુહૂર્ત ટાણે જ આવો. ઘનશ્યામને પણ આ પ્રસંગનો લહાવો તો લેવો જોઈએ ને ! એટલે વહેલા આવે તો સારું.''

વશરામ મામા બહેનનો ભાવ સમજી ગયા એટલે તરત જ કહ્યું : ''તો ચાલો, દેવ શર્મા ! આજે આપણે નીકળીએ.''

ત્યારે ભક્તિમાતાએ કહ્યું : ''મારે પણ આવવું જોઈએ. ત્યાં બધાને મારે

૩૨. 'શ્રીહરિદિગ્વિજય', 'ભક્તચિંતામણિ' વગેરે અમુક ગ્રંથોમાં મહા સુદ ૧૦નો પણ ઉલ્લેખ છે.

આમંત્રણ આપવાનું ખરું ને !"

ધર્મદેવ હસ્યા. તેમને થયું : 'સ્ત્રીઓને પિયરની પ્રીત તૂટતી નથી. ગમે તે બહાનું મળે એટલે પિયર જવા તે તૈયાર થઈ જ જાય.' ધર્મદેવે કહ્યું : "ભલે, તમે પણ આવો." ત્રણે તૈયાર થયા. વશરામ મામાને આનદ થયો, બહેન ને બનેવી આ બહાને પણ છપૈયા આવે છે.

ધર્મદેવ સીધા તરગામ ગયા. ભક્તિદેવી અને વશરામ મામા છપૈયા ગયાં. ઘનશ્યામ અહીં રામપ્રતાપને સાસરે સુવાસિની ભાભી પાસે આવ્યા હતા. સુવાસિની ભાભી તેમના નાના પુત્ર નંદરામને લઈને અહીં થોડા દિવસ રહેવા આવ્યાં હતાં. અહીં આવ્યાં પછી તેમને મનમાં થયું કે ઘનશ્યામ આવે તો સારું. તેથી તેમણે ઘનશ્યામને તેડવા માટે તરગામથી માણસ મોકલ્યો. ઘનશ્યામ અહીં ચાર-પાંચ દિવસ પહેલા જ આવ્યા હતા. ધર્મદેવને જોઈ બળદેવ દૂબે ખૂબ રાજી થયા. પછી ધર્મદેવે તેમને કહ્યું : "હું ઘનશ્યામને તથા તેની ભાભીને તેડવા આવ્યો છું. ઘનશ્યામની જનોઈનું મુહૂર્ત ફાગણ સુદ દશમનું રાખ્યું છે એટલે તૈયારીઓ કરવી પડે ને ! તમારે પણ આ પ્રસંગે અયોધ્યા આવવું પડશે."

બળદેવ દૂબે આ સમાચાર સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : "બહુ સારું ! બે દિવસ પછી મુહૂર્ત સારું આવે છે ત્યારે જવાનું રાખશો."

બીજે દિવસે વશરામ મામા, મોતી તિવારી વગેરે ધર્મદેવને મળવા તરગામ આવ્યા. ઘનશ્યામને મોતી મામાએ કહ્યું : "વેણીરામને ચાર-પાંચ દિવસથી તાવ આવે છે, પણ તમને રોજ સંભારે છે."

આ સાંભળી ઘનશ્યામને થયું કે વેણીરામને જોવા છપૈયા જવું જોઈએ. સાંજે ધર્મદેવ તથા ઘનશ્યામ છપૈયા વેણીની તબિયત જોવા મોતી મામાને ઘેર આવ્યા. ત્યાં તો વેણીરામ પથારીમાં પડ્યા હતા. તાવ ખૂબ હતો. ઘનશ્યામને જોઈ તેને ખૂબ આનંદ થયો. ઘનશ્યામે તેને માથે હાથ ફેરવ્યો. ઘનશ્યામનો હાથ તેને ખૂબ શીતળ લાગ્યો. મોતી મામા ત્યાં આવ્યા. ઘનશ્યામે વેણીની સામું જોઈ તેને કહ્યું : "વેણી ! આપણે સાથે રમ્યાં અને કેવો આનંદ કરતાં હતાં ? તે બધું યાદ આવે છે ? હું તો તને ભૂલી શકતો જ નથી."

વેણીની આંખમાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું : "ઘનશ્યામ ! તારો સ્વભાવ જ પ્રેમાળ છે. તારામાં આ લોકનો ભાવ નથી. તારી અલૌકિક લીલા મેં ક્યાં નથી જોઈ ?"

મોતી મામાએ પાછળ ઊભા રહી આ બધી વાત સાંભળી. તેમને ખૂબ

આનંદ થયો. એટલામાં ઘનશ્યામ મામી તરફ ફર્યા અને કહ્યું : "મામી ! વેણી જે ખાવા માગે તે તેને દેજ્યો. તેને સારું થઈ જશે."

પછી ઘનશ્યામ ધર્મદેવ સાથે વશરામ મામાને ઘેર ગયા. ઘનશ્યામ મામાને જોઈ એકદમ આનંદમાં આવી ગયા. માતાએ રસોઈ તૈયાર રાખી હતી. તરત જ તેમને જમાડ્યા. વેણી હવે ઘનશ્યામને જ યાદ કરવા લાગ્યો. મનમાં જાણે તેનો જાપ જપતો હોય તેમ તેના હોઠ હાલતા હતા.

થોડી વારે તેનો તાવ ઊતરી ગયો. પછી તેને શીરો ખાવાની ઇચ્છા થઈ. એટલે તેણે માતાને કહ્યું : "મા ! મને શીરો કરી આપ." માને ઘનશ્યામનું વચન યાદ આવ્યું. તેણે તરત જ શીરો કરી આપ્યો. વેણી શીરો જમીને વશરામ મામાને ઘેર ઘનશ્યામ પાસે ગયો. વેણીને જોઈ સૌને આશ્ચર્ય થયું.

બીજે દિવસે ધર્મદેવ, ભક્તિમાતા અને ઘનશ્યામ તરગામ ગયાં. ત્યાં એક દિવસ રોકાઈને સુવાસિની ભાભી તથા નંદરામ સાથે ત્યાંથી નીકળી અયોધ્યા પહોંચી ગયાં.

જનોઈવિધિનો મંગલ ઉત્સવ

આ.સં. ૧૮૪૫ના ફાગણ સુદ નોમની સવારે મંડપનું મુહૂર્ત હતું. ભક્તિ-માતા તથા સુવાસિની ભાભીનો ઉત્સાહ સમાતો ન હતો. ઘનશ્યામના ઉપવીત સંસ્કારનો ઉત્સવ કરવાનો હતો. બધાં તૈયારીમાં મંડી પડ્યાં હતાં. અયોધ્યાનું શાખાનગર બરહટ્ટાપુર રંગબેરંગી ધજાપતાકાથી શોભવા લાગ્યું. બરહટ્ટાપુરના સમગ્ર વાસીઓને ધર્મદેવ સાથે કૌટુંબિક સંબંધ જેવું થઈ ગયું હતું. તેથી ઘનશ્યામના ઉપવીત સંસ્કારના ઉત્સવ પ્રસંગમાં સૌ એ રીતે ભાગ લેતા હતા.

ઘનશ્યામનો સૌ પ્રત્યેનો પ્રેમ, કરુણા અને તેમનું ભક્તિમય જીવન જોઈ ઘનશ્યામ માટે દરેકને અસાધારણ પ્રેમ હતો. એટલે સૌ પોતપોતાનાં આંગણાં, ઘર શોભાયમાન કરવામાં મંડી પડ્યાં હતાં. ધર્મદેવના ઘરને આંગણે મોટો મંડપ બંધાયો. નાના-મોટા છ દરવાજા વટાવીને મંડપમાં પહોંચાય એવી રચના કરી હતી. દરવાજે દરવાજે કેળના સ્તંભો ખોડ્યા હતા. ઉપર આસોપાલવનાં તોરણો લટકતાં હતા. ફાનસ અને દીવાથી દરેક દરવાજા શોભતા હતા. મુખ્ય મંડપ ફૂલોનાં તોરણો, ઝૂમ્મર, હાંડી વગેરેથી શોભતો હતો.

મંડપની વચ્ચે હરિકૃષ્ણ પંડિતે હોમ માટે વેદી બનાવી હતી. માંડવો નાખીને માણેકસ્તંભ રોપી દીધો હતો. સ્ત્રીઓ મંગળગીતો ગાતી હતી. બ્રાહ્મણો

હવન કરતાં વેદમંત્રો બોલતા હતા. સૌ મહેમાનો અતિ ઉત્સાહ અને આનંદમાં નવીન વસ્ત્રો ધારણ કરી આમતેમ ફરતા હતા. વશરામ મામા પણ કામમાં ગૂંચવાઈ ગયા હતા. રામપ્રતાપ મહેમાનોની સરભરામાં રોકાયા હતા. મોતી તિવારી, વિશ્રામ તિવારી વગેરે રસોઈ પર ધ્યાન રાખતા હતા. વેણી, પ્રાગ અને માધવ ઘનશ્યામની સાથે ફરતા હતા.

એટલામાં હરિકૃષ્ણ પંડિતે ગણપતિનું સ્થાપન કરવા માટે ધર્મદેવ તથા ભક્તિમાતાને બોલાવ્યાં. ધર્મદેવે રેશમી કિનારના ધોતિયા ઉપર સુંદર રેશમી વસ્ત્ર ઓઢ્યું હતું. ભક્તિમાતાએ પણ સુંદર વસ્ત્ર-આભૂષણો સજ્યાં હતાં. તેઓ બંને મંડપમાં આવ્યાં. તેમની પાસે હરિકૃષ્ણ પંડિતે સંકલ્પ કરાવ્યો અને પછી બટુક બ્રહ્મચારી શ્રી ઘનશ્યામ મહાપ્રભુને માતા-પિતાની વચ્ચે બેસાડ્યા. દેહશુદ્ધિનો તમામ વિધિ કરાવ્યો. ઘનશ્યામ મહાપ્રભુ આ લીલા જોઈને મંદમંદ હસતા હતા. જેની દૃષ્ટિમાત્રથી અનેકનાં દેહ, મન અને આત્મા શુદ્ધ થઈ જતાં હતાં તે બટુક બ્રહ્મચારી બાળ ઘનશ્યામ પ્રભુને દેહની શુદ્ધિનો વિધિ આ લોકના વિધિનિષેધના નિયમ પ્રમાણે કરવાનો હતો. આ વખતે મંડપમાં સ્ત્રીઓ ગાતી હતી :

ગણપતિને સ્થાપિયા પૂજી પ્રેમે લાગ્યા પાય,
વૃદ્ધિ શ્રાદ્ધ વૃષે કર્યું, અતિ આનદે ઉરમાંય.
વરુણ કર્યા ઘણાં વિપ્રનાં, કર્યો હોમ વિધિ તતખેવ,
સારી ગ્રહશાંતિ કરી, પૂજિયા સ્થાપિત દેવ.[33]

ત્યાં તો ગોર મહારાજે ઉદ્‌ઘોષ કર્યો કે "બટુકને હવે કેશ ઉતરાવીને સ્નાન કરાવવા લઈ જાઓ."

ધર્મદેવે નાપિત રામબલિને બોલાવી લીધો હતો. ઘનશ્યામને રામબલિ પાસે બેસાર્યા. તેણે તરત જ શિખાવર્જિત મુંડન કરવાનું શરૂ કર્યું. સુવાસિની ભાભી, ભક્તિમાતા તથા ઘનશ્યામ મહાપ્રભુની મામીઓ વગેરે આજુબાજુ ગોઠવાઈ ગયાં. ઘનશ્યામને વાગે નહિ અને કોમળતાથી મુંડન થાય તેવી સૂચના સૌ રામબલિને આપવા લાગ્યાં. રામબલિ પણ ઘનશ્યામને મસ્તકે વારંવાર પાણી ઘસી ધીમેથી અસ્ત્રો ફેરવતો હતો. થોડી વારે મુંડન પૂરું થયું એટલે ભાભી ગરમ પાણી લેવા ગયાં. ભાભીએ ગરમ પાણીમાં કેસૂડો, ચંદન વગેરે નાખીને પાણીને સુગંધીદાર બનાવ્યું હતું. પાંણી લાવીને ઘનશ્યામને સૌ નવરાવવા લાગ્યાં. હોંશીલી ભાભીએ તરત જ ગીત ઉપાડ્યું :

૩૩. જનોઈનાં કીર્તનો : અખંડાનંદ બ્રહ્મચારી; પૃ. ૩, પદ-૫.

વનિતા વૃંદ ભરી લાવિયા કોરે કુંભે નિર્મળ નીર,
વિધિ સહિત નવરાવિયા વનિતાએ શ્યામ શરીર.[૩૪]

ભાભી ઘનશ્યામને માથે હાથ ફેરવે, મૂંડામાં ટકોરા પણ મારે અને હસે, એમ કરતાં માથામાં એક ટકોરો જરા જોરથી વાગ્યો એટલે ઘનશ્યામે ભાભીના બંને હાથ તરત જ પકડી લીધા : "હવે તો છોડીશ જ નહિ. તને જ હમણાં નવરાવી દઉં."

ભાભીએ હાથ ખેંચતાં કહ્યું : "અરે, મૂકો મૂકો, હાથ છોડો. બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય !" અને તરત જ ઘનશ્યામે ભાભીનો હાથ છોડી દીધો. એકાંતિક ધર્મના સ્થાપન માટેનું પ્રથમ સોપાન હવે શરૂ કરવું જ રહ્યું. જગતમાં કહેવાતા ભેખમાં ચાલતો આવતો સ્ત્રી-પુરુષનો ભેળીસારો હવે બંધ કરવો જ રહ્યો. ઘનશ્યામ વિચારમગ્ન થઈ ગયા.

ભાભીએ તરત જ કહ્યું : "હવે ઊભા થાઓ. ડિલ લૂછી નાખું." પણ ઘનશ્યામે ભાભી પાસેથી ડિલ લૂછવાનું વસ્ત્ર લઈ લીધું. ભાભીએ તરત જ ઘનશ્યામ પાસેથી તે આંચકી લીધું અને કહ્યું : "હજુ ત્રણ તાગડા તો ગળામાં પડ્યા નથી ને બ્રહ્મચારી શાના ? અત્યારથી ઢોંગ કરવા લાગ્યા !"

ઘનશ્યામ તરત જ હસી પડ્યા. ભાભી ઘનશ્યામનું શરીર લૂછવા લાગ્યાં. ઘનશ્યામે ભાભીને આ સુખ લેવા દીધું.

પછી બટુક બ્રહ્મચારીને સુંદર ધોતિયું પહેરાવ્યું. પીઠીભર સ્નાન કરેલા ઘનશ્યામ મહાપ્રભુનું શરીર પીઠીના રંગથી ઓપતું હતું. ઘનશ્યામને કપાળે ભાભીએ ચંદનની આડ્ય કરી. વચ્ચે ઊર્ધ્વપુંડ્ર તિલક, મધ્યે ગોળ ચાંદલો કર્યો. માથે સુંદર રેશમી પાઘ પહેરાવી. રેશમી કેડિયું પહેરાવ્યું. પછી હેમના શણગાર લાવ્યા, ત્યારે ઘનશ્યામ તરત જ દૂર ખસી ગયા : "મારે એ નથી પહેરવાં."

ભાભીને, માતાને અને મામીઓને ઘણી હોંશ હતી, પણ ધર્મદેવે કહ્યું : "ઘનશ્યામને રાજી કરો. આગ્રહ ન કરશો." પછી ફૂલના શણગાર પહેરાવ્યા.

હવે ઘનશ્યામને પસ ભરવા માટે સ્વજનોને ઘેર લઈ જવાના હતા. બે હાથમાં શ્રીફળ આપ્યું હતું. તે લઈને ઘનશ્યામ ધીરે ડગલે ચાલવા લાગ્યા. પાછળ સ્ત્રીઓ ગાતી ગાતી ચાલતી હતી. બરહટ્ટાપુરનાં નગરજનો ઘનશ્યામના આ અતિ મનોહર સ્વરૂપનાં દર્શન કરવા આંગણામાં આવવા લાગ્યાં. સૌ ઘનશ્યામને ચાંદલો કરી પસના રૂપિયા આપતા હતા. ઘનશ્યામ સાથે વેણીરામ હતા તે બધા

૩૪. જનોઈનાં કીર્તનો : અખંડાનંદ બ્રહ્મચારી; પૃ. ૨૦, પદ ૨૫.

રૂપિયા લઈ લેતા હતા. ભાભી તો ગાવામાં જ તલ્લીન બની ગયાં હતાં :

વરણાવી જોઈ વા'લા તણી, ઘરોઘર થયા છે સનાથ,
મોતીએ વધાવે માનની, આપે શ્રીફળ મુદ્રા હાથ;
અનેક જીવ ઉદ્ધારવા, આવિયા ધર્મકુમાર,
ફરી અવધપુર સર્વમાં, પાવન કર્યાં નરનાર.[૩૫]

આ રીતે અવધપુરમાં ફરીને બાળપ્રભુ ઘનશ્યામ ઘેર પાછા ફર્યા.

ફાગણ સુદ દશમીની સવારે ઘનશ્યામ મહાપ્રભુની જનોઈનો વિધિ શરૂ થયો. માતા-પિતાની વચ્ચે ગોઠવાઈ ગયેલ બટુક બ્રહ્મચારી અજન્મા હોવા છતાં દ્વિજનાં સંસ્કાર કરાવતા હતા. થોડી વાર વિધિ ચાલ્યો પછી ભિક્ષા પીરસવાનો સમય આવ્યો. બટુક કાશીએ જવા તૈયાર થઈ ગયા હતા. કૌપીન ઉપર ધોતિયું પહેર્યું હતું. શરીર ઉપવસ્ત્રથી ઢાંક્યું હતું. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો શોભી રહ્યાં હતાં. હાથમાં પલાશનો દંડ હતો. ભિક્ષા લઈને હવે કાશીએ ભણવા જવા બટુક બ્રહ્મચારી તૈયાર થયા હતા. માતાએ પોશે પોશે પૂરી, દહીંથરાં, સુખડી, લાડુ વગેરે ભિક્ષામાં પીરસ્યાં. ભાભીએ પણ ભિક્ષા સારી રીતે આપી અને કહ્યું : "આ બધું જ ખાવું પડશે."

સર્વાત્મા બ્રહ્મ તો અનંત કોટિ બ્રહ્માંડના ભોગના ભોક્તા છે. તો તેમને આ શા હિસાબમાં ? ભિક્ષા લીધા પછી હરિકૃષ્ણ પંડિતે બ્રહ્મચારીને પાળવાના તમામ નિયમો સમજાવ્યા. ઘનશ્યામ પ્રભુ હસતા જાય અને 'બાઢમ્' 'બાઢમ્' બોલતા જાય. પછી ગાયત્રીનો મંત્ર બોલાવ્યો.

કાશીએ જવાનો સમય થયો. બરહટ્ટાપુરના ચોકમાં સૌ આવ્યા. અહીંથી બટુકને વિદાય આપવાની હતી. હરિકૃષ્ણ પંડિતે પાણીના સાત લીટા કરી સાત સમુદ્ર બનાવ્યા અને કહ્યું : "આ સાત સમુદ્ર ઓળંગવાના છે, માર્ગ કઠણ છે, માટે સંભાળીને જજો." સૌ આ બધું જોવામાં અને સાંભળવામાં મગ્ન થઈ ગયા હતા. ત્યાં બટુકને કાને એક સુરીલા સ્વરનો અવાજ પડ્યો :

'કાશીએ ભણવા કારણે ચાલિયા ધર્મકુમાર,
પુસ્તક ખભે ધરિયું, કર દંડ ગ્રહ્યો તે વાર.
વાજંત્ર વાજે સખા રાજે, માનની મંગળ ગાય,
સંબંધી વેદ ઉચ્ચારતા, આવ્યા માણેકચોકને માંય.[૩૬]

---

૩૫. જનોઈનાં કીર્તનો : અખંડાનંદ બ્રહ્મચારી; પૃ. ૧૩, પદ-૧૪.
૩૬. જનોઈનાં કીર્તનો : અખંડાનંદ બ્રહ્મચારી; પૃ. ૨૧, પદ-૨૬.

ઘનશ્યામ બાજોઠ ઉપર બેઠા હતા. ત્યાંથી ફરીને એકદમ પાછળ જોયું : "મા ! આ કોણ ગાય છે ?"

માને તો કાંઈ ગાવાનો અવાજ સંભળાતો ન હતો. હરિકૃષ્ણ પંડિતના મંત્રો જ સંભળાતા હતા. તેણે કહ્યું : "બેટા ! અહીં તો કોઈ ગાતું નથી."

"ના ! મને અવાજ આવ્યો. પશ્ચિમ દેશમાંથી મારા અક્ષરબ્રહ્મની માતા આજે જનોઈનાં ગીત ગાઈ રહ્યાં છે !"

માને આ ન સમજાયું. તેમણે કહ્યું : "ઘનશ્યામ ! જુઓ, પંડિત શું સમજાવે છે ?" પરંતુ ઘનશ્યામને એ બધું ક્યાં સમજવું હતું ?

શાસ્ત્રમાત્રના મૂળ સમા, જ્ઞાનનું મૂર્તસ્વરૂપ, પોતાનું અક્ષરબ્રહ્મ આજે આ જનોઈનો વિધિ પશ્ચિમમાં પોતાને ઘેર બેઠા નિહાળી રહ્યા છે. તેથી તેમણે તેમની માતાને કહ્યું : "મા ! જનોઈનાં ગીત ગાઓ. આજે અયોધ્યામાં પૂર્ણ પુરુષોત્તમને જનોઈ દેવાય છે. હમણાં કાશીએ પધારશે." તેમનાં મા અત્યારે ગાય છે. પ્રેમની ભાષા તો ભગવાનને અષ્ટ આવરણ પાર સંભળાય છે, તો આ તો કાંઈ ઓછું એટલું અંતર છે ? ઘનશ્યામનું મન તેમના અક્ષરબ્રહ્મના સ્વરૂપમાં ચોંટી ગયું.

એટલામાં વશરામ મામાએ ઘનશ્યામને કહ્યું : "ઘનશ્યામ ! આપણે કાશીએ ભણવા નથી જવું. અહીં જ રહીને ભણો અને મા-બાપની સેવા કરો."

ઘનશ્યામ જાણે તંદ્રામાંથી જાગ્યા હોય તેમ સચેત થઈ ગયા. પરંતુ વિચારના વમળમાંથી બહાર ન નીકળી શક્યા. આજે પોતાનું ધામ અક્ષરબ્રહ્મ તેમને હવે સાદ કરીને બોલાવે છે કે હવે કાશી નહિ પશ્ચિમમાં અધર્મના ઓઘથી ભ્રષ્ટ થયેલી પૃથ્વીને શુદ્ધ કરવા, એકાંતિક ધર્મનું સ્થાપન કરવા પધારો. તે જ સમયે ઘનશ્યામે નિશ્ચય કરી લીધો.

બડવો દોડ્યો અને મામા પાછળ દોડ્યા. ઘનશ્યામના હાથમા પલાશનો દંડ શોભી રહ્યો છે. શ્વેત વસ્ત્રોથી દિવ્ય-તનુ પણ ઉજ્જ્વળ દેખાય છે. એવા ઘનશ્યામ મહાપ્રભુ, હવે ઘરે પાછા ફરવું જ નથી એવા કૃતનિશ્ચયી બની દોડવા લાગ્યા. વશરામ મામા પાછળ દોડ્યા, પણ ઘનશ્યામને કેવી રીતે તે આંબી શકે ? છેટેથી તેમણે બૂમ મારી : "ઘનશ્યામ ! પાછા વળો, માતા-પિતા બોલાવે છે. અમારી વિનંતી સાંભળો."

તેમનો આ સાદ સાંભળી ઘનશ્યામને વિચાર આવ્યો કે માતા-પિતાને દિવ્ય ગતિ આપીને પછી જ હું ગૃહત્યાગ કરું. તરત જ તેઓ પાછા વળી ગયા.

મામાએ ખંધોલે બેસાર્યા અને બડવો કાશીએ ભણીને ઘેર આવ્યો. મામાએ બડવાને ખંધોલેથી ઊતરવાની શીખ આપી. ઘનશ્યામ દોડીને માતા પાસે પહોંચી ગયા. જનોઈનો વિધિ પૂરો થયો.[૩૭]

આ પ્રસંગે ધર્મદેવે વરુણમાં બેઠેલા બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી, ભાતભાતનાં મિષ્ટ ભોજન જમાડી તેમને તૃપ્ત કર્યા. સગાં-સંબંધીમાં પણ વ્યવહાર અનુસાર જેમને જેમ ઘટે તેમ વસ્ત્ર, વાસણ, રૂપિયા વગેરે આપ્યાં. સૌ ખૂબ રાજી થયા. ધર્મદેવે સૌને બે દિવસ વધુ રોક્યા. તે વીત્યા બાદ તો ધર્મદેવનો આગ્રહ હોવા છતાં સૌ પોતપોતાને ઘેર ગયા.

વિદ્યાવ્યાસંગી ઘનશ્યામ

ઘનશ્યામ બાળપ્રભુએ ધર્મદેવ પાસે વેદવેદાંગ વગેરે ભણવાનું ચાલુ રાખ્યું. ધર્મદેવે પ્રથમ તેમને ઋગ્વેદ સાથે સામવેદ ભણાવ્યો. પછી બીજા બે વેદ ભણાવ્યા. ષડ્‌દર્શન પણ ભણાવ્યાં. સાથે સાથે શ્રીમદ્‌ભાગવત અને મહાભારતનો અભ્યાસ પણ ઘનશ્યામે કરવા માંડ્યો. ભાગવતમાંથી ગોપિકાગીત, વેણુગીત, ભ્રમરગીત તેમણે કંઠસ્થ કરી લીધાં. પુરંજનનું આખ્યાન તથા જડભરતનું ચમત્કારી આખ્યાન તેમને અત્યંત પ્રિય લાગ્યું. તે તેઓ સદા વિચારતા. ઘનશ્યામની વિદ્યાસિદ્ધિ જોઈ ધર્મદેવને આશ્ચર્ય થતું પરંતુ ઘનશ્યામને તો આ સહજ જ હતું.

---

૩૭. એવો પણ ઉલ્લેખ હોવાનું મળી આવે છે કે શ્રીજીમહારાજ જનોઈ પછી પાંચ દિવસ બાદ ઘરેથી તીર્થ કરવાને નીકળી ગયા હતા.

"અમે યજ્ઞોપવીત ધારણ કરીને પાંચ દિવસ પછે ઘર થકી તીર્થ કરવા સારુ ચાલી નીકળ્યા છે." (પ્રસાદીના પત્રો; પાનું : ૨૨૫)

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી વળી લખે છે :

આઠ વર્ષે તે પામ્યા ઉપવીતને રે, તજ્યું ભુવન આણીને વૈરાગ્ય,
ગુણચરિત્ર મનોહર ગાવવા રે, મળ્યો બ્રહ્માનંદને માત્ર...
ગુણ ગાયે પવિત્ર ધર્મવંશ રે.

(કીર્તન રત્નમાલા : પાન-૪૩૬. પ્રકાશક : કોઠારી રણછોડ ભગત. મુંબઈ)
સંવત ૧૯૯૦ - સને ૧૯૩૪

પરંતુ સંપ્રદાયના અન્ય આધારભૂત ગ્રંથોમાં આ વાત પ્રચલિત નથી, તેથી તેને પ્રમાણભૂત ગણાય કે નહિ તે વિચારવાનું રહે છે. – લેખક

સૌને ઘનશ્યામનું ઘેલું લાગ્યું હતું

ઘનશ્યામ રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જતા. પછી સરયૂસ્નાન કરવા જતા. ત્યાં સંધ્યાવંદન કરી, ઘેર આવી રાધા-કૃષ્ણની ચિત્રપ્રતિમાનું પૂજન કરતા. તેમને થાળ ધરતા. આરતી કરતા, પ્રદક્ષિણા ફરતા અને દંડવત્ કરતા. આટલો વિધિ કર્યા પછી ગાયનું દૂધ પીને પિતા પાસે ભણવા બેસી જતા. તેમણે વૃત્તિનો સંકોચ કરી બ્રહ્મચર્ય આશ્રમના તમામ ધર્મો દૃઢપણે પાળવાનું શરૂ કરી દીધું હતું. બપોરે પિતાશ્રી સાથે જમીને થોડો આરામ લઈ અભ્યાસ કરતા. ત્રણ વાગ્યે ફરી સરયૂસ્નાન કરવા જતા. ત્યાંથી દરેક મંદિરમાં દર્શન કરી, સંધ્યા આરતી કરી ઘેર આવતા. રસ્તામાં વેણુગીત અથવા ગીતગોવિંદ કંઠસ્થ હતાં તે ગાતા. નાસિકાગ્ર દૃષ્ટિ રાખતા. સ્ત્રીને અડી ન જવાય તેની સાવચેતી રાખતા. આમ છતાંય ઘનશ્યામનાં દર્શન કરવા, તેમની દૃષ્ટિ ઝીલવા નગરની ભાવિક સ્ત્રીઓ તથા નગરજનો તત્પર બની મંદિરોમાં જતાં ઘનશ્યામની રાહ જોતાં માર્ગે ઊભાં રહેતાં. ઘનશ્યામની એક દૃષ્ટિથી જ જાણે ધન્યતા અનુભવાતી હોય, કૃતકૃત્ય થઈ જવાતું હોય એવું તેમને સદા લાગતું. ઘનશ્યામ તેમના આવા ભાવથી ક્વચિત્ તેમના પ્રત્યે દૃષ્ટિ ફેંકતા. હવે ગૃહત્યાગનો સમય નજીક આવે છે. એટલે થોડાકમાં આ ભાવિકોનું કલ્યાણ કરવાની ભાવના ઘનશ્યામને સદા રહેતી. પરંતુ આવા થોડા સુખથી તૃપ્ત ન થતાં ઘનશ્યામને ઘેર કોઈક ને કોઈક બહાને, ભક્તિમાતા કે સુવાસિની ભાભી પાસે સ્ત્રીઓ આવતી અને ઘનશ્યામનાં દર્શન કરી તૃપ્ત થતી. નગરજનો પણ એવાં જ કાંઈક બહાનાં શોધી ઘનશ્યામના પ્રસંગમા આવવાનો અવકાશ શોધતા. આમ સૌને ઘનશ્યામનું ઘેલું લાગ્યું હતું.

ઘનશ્યામે ત્વરિત ગતિથી અભ્યાસ પૂરો કર્યો. वेदैश्च सर्वैरहमेव वेद्यः। સર્વ વેદોથી જે જાણવાનું સ્વરૂપ છે તે સ્વયં પોતે જ છે; સર્વ વેદો જેમની સ્તુતિ કરે છે, જેમની દૃષ્ટિમાંથી પ્રેરણા પામે છે, સર્વ વેદો જે અક્ષરબ્રહ્માત્મક નાદમાંથી ઉત્પન્ન થયા છે, તે અક્ષરબ્રહ્મના આધાર અને આત્મા, સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણને આ લોકની દૃષ્ટિએ કદાચ વિદ્યાભ્યાસ કરવા જેવું લાગે. તેથી જ તેમણે વિદ્યાભ્યાસ પૂરો કરી લીધો. શ્રીમદ્ભાગવતમાંથી દશમ સ્કંધ અને પંચમ સ્કંધ, સ્કંદ પુરાણમાંથી શ્રી વાસુદેવ માહાત્મ્ય, મહાભારતમાંથી શ્રીમદ્ભગવદ્ગીતા, વિષ્ણુસહસ્રનામ તથા વિદુરનીતિ, ધર્મશાસ્ત્રમાંથી યાજ્ઞ-

વલ્ક્ય સ્મૃતિ - મિતાક્ષરી ટીકા – એ પ્રમાણે એ આઠ શાસ્ત્રોનાં રહસ્યનો એક ગુટકો તેમણે બનાવ્યો. તે તેમણે ધર્મદેવને બતાવ્યો. ધર્મદેવ તે વાંચી ખૂબ રાજી થયા. સાક્ષાત્ પરમાત્મા જ શાસ્ત્રોરૂપી સમુદ્રમાંથી આવાં રત્નો શોધી શકે. એ ગુટકો તેમના નિત્ય અધ્યયનનો ગ્રંથ બની ગયો.

ઘનશ્યામની વિદ્વત્તાની પ્રતિભા અયોધ્યાના છાત્રો ઉપર પડી. શાસ્ત્રોના કઠણ શબ્દોના અર્થના ઉકેલ માટે તેઓ ઘનશ્યામ પાસે આવવા લાગ્યા. ઘનશ્યામ તેમને શુદ્ધ વેદાંતનું રહસ્ય સમજાવતા. ઘનશ્યામની રહસ્યમય વાતો સાંભળી આ છાત્રોને વિશિષ્ટાદ્વૈત મત સત્ય લાગ્યો. ભગવાન એક અને અદ્વિતીય છે; સદા સાકાર છે અને સર્વકર્તા છે. એ રહસ્ય તેમના જીવમાં દૃઢ થઈ ગયું.

ઘનશ્યામને તેમનો સ્વાધ્યાય, તેમનું તપ વગેરે ઉગ્ર બની ગયાં હતાં. ભક્તિમાતાને ચિંતા થઈ કે ઘનશ્યામ આ પ્રમાણે જો અભ્યાસ કરશે, સતત વહેલા ઊઠવાનું રાખશે, તો તેની તબિયત બગડશે. તેથી કાંઈક બહાનું કાઢી અયોધ્યાથી ગોંડા જવાનું વિચાર્યું. તેમણે ધર્મદેવને આ વાત કરી એટલે ધર્મદેવે રાજી થઈને સંમતિ આપી. બીજે દિવસે બધાં તૈયાર થઈને ગોંડા ગયાં.

ધર્મદેવ થોડો વખત ગોંડા રહ્યા. ત્યાંથી તરગામ, તીનવા, પીરોજપુર અને છપૈયા થઈને પાછા અયોધ્યા આવી ગયા. હવે ઘનશ્યામને પણ અયોધ્યાથી દૂર રહેવું ગમતું નહિ. અયોધ્યામાં દેવદર્શન, સરયૂસ્નાન અને વિદ્યાધ્યયન થાય તેમજ પોતાના સંગે બીજા છાત્રોને પણ આ બ્રહ્મવિદ્યાનો લાભ મળે એવા અનેક વિચારો ઘનશ્યામને આવતા.

અયોધ્યા આવ્યા પછી પોતાનાં સગાં-સંબંધીને પોતાને વિષેની મમતા ઓછી થાય તે માટે ઘનશ્યામ ઘણુંખરું ઘરબહાર જ રહેવા લાગ્યા. સવારનો પૂજાપાઠ, અધ્યયન વગેરે કરી, જમીને બપોરે પોતાના ઘરની પૂર્વ દિશામાં એકાંત સ્થાનમાં ચંદ્રશેખર મહાદેવનું સુંદર મંદિર છે ત્યાં જઈને તેઓ આરામ કરતા.

કાયસ્થે કરેલી શ્રી શંકરની સ્તુતિ

એક દિવસ બપોરને સમયે આ મંદિરમાં દેવીબક્ષ નામનો એક કાયસ્થ આવ્યો. તે ચંદ્રશેખરનો ભક્ત હતો અને રોજ સવારે શંકરની પૂજા કરવા આવતો. આજે આ સમયે તે આવ્યો. શંકર તો તપસ્વી એટલે પોઢે જ નહિ. ઘનશ્યામ અહીં યોગનિદ્રાને આધીન રહી સ્વસ્વરૂપમાં લીન થઈ જતા. તેમણે

આ કાયસ્થને ગાલ વગાડીને શંકરને પ્રાર્થના કરતા સાંભળ્યો. કાયસ્થ તેની ઉતાવળી વાણીમાં બોલ્યે જતો હતો : "હે શંભુ ! હે ભોળાનાથ ! તમો મને જન્મોજન્મ લબકરણનો જ અવતાર આપજો."

ઘનશ્યામ આ સાંભળી ચમક્યા. તેમણે કાન સરવા કર્યા. કાયસ્થે આગળ ચલાવ્યું : "હે ચંદ્રશેખર ! મનુષ્યદેહમાં તો તાંબું ખાઈ ખાઈને મરી ગયા પણ લાજ મેલીને વિષય ન ભોગવાયા. માટે હવે તો લંબકરણનો અવતાર આપજો, જેથી નિર્લજ્જ થઈને વિષય તો સારી પેઠે ભોગવાય."

ઘનશ્યામ આ સાંભળી આભા બની ગયા. આવો દુર્લભ મનુષ્યદેહ, તે છોડીને પંચવિષય ભોગવવા લંબકરણનો અવતાર આ માગે છે ! તેમના અંતરમાં અરેરાટી થઈ. શું વિષયલંપટ માણસો આવા હશે ? જગતના જીવની આવી પશુ જેવી મનોદશા ! મનુષ્યની આવી અધોગતિ જોઈ ઘનશ્યામે અહીં સંકલ્પ કર્યો કે હવે ગૃહત્યાગ જલદી કરવો અને મનુષ્યોને વિષયના ફાંસલામાંથી છોડાવી મોક્ષને માર્ગે વાળવા. કાયસ્થ વારંવાર પોતાની માગણી નિર્લજ્જપણે કર્યે જ જતો હતો. એકાએક શંકરના લિંગ ઉપરથી કરેણનું એક ફૂલ નીચે પડ્યું ત્યારે દેવીબક્ષે જાણ્યું : 'ભગવાન ચંદ્રેશેખરે મારી પ્રાર્થના સ્વીકારી ખરી.' તે ફૂલ લઈને ચાલતો થયો.

ઘનશ્યામ સીધા સરયૂસ્નાન કરવા ગયા. પણ તેમને ક્યાંય ચેન પડ્યું નહિ. તેમણે વિચાર્યું : ભગવાને જીવના ભોગ માટે પંચવિષય કર્યા છે, પણ તે શાસ્ત્રના નિયમ અનુસાર રહીને ભોગવવા માટે. આમ પશુવત્ બની સર્વ મર્યાદાનો ત્યાગ કરી કેવળ પંચવિષયના કીડા થવા માટે નહિ. પરંતુ જીવને આ જ્ઞાન ક્યારે થાય ? કોણે પૃથ્વી ઉપર આ જ્ઞાન પ્રવર્તાવ્યું છે ? બીજાએ તો વિષયના કૂવા જ ખોદ્યા છે. તેમને લાગ્યું કે પ્રકૃતિમાં ઉત્પન્ન થયેલા આકારમાત્રની કેવળ આ જ પ્રવૃત્તિ હોય છે. આ જ વિચારમાં સરયૂસ્નાન કરી તેઓ મંદિરમાં દર્શન કરવા જવા લાગ્યા. રાત્રે ઘેર આવ્યા પરંતુ એ જ વિચારમાં મગ્ન હતા.

કાશીની યાત્રાએ

ઘનશ્યામને અગિયારમું વર્ષ બેઠું. ચંદ્રગ્રહણ આવ્યું એટલે ધર્મદેવે કહ્યું : "આ ગ્રહણના દિવસે આપણે કાશી જઈને ગંગાસ્નાન કરી આવીએ."

ઘનશ્યામને આ વિચાર ગમ્યો. આ વખતે ઇચ્છારામને સાથે લેવાનો

વિચાર કર્યો. છપૈયાથી મોતી ત્રવાડી પણ આવી ગયા હતા તેમજ રત્ન પાંડે તથા અન્ય સંબંધીઓ પણ ધર્મદેવ કાશી જવાના છે તે સાંભળી તેમની સાથે કાશી જવા તૈયાર થઈ ગયા. આ પ્રમાણે સંઘ કાશીએ ઊપડ્યો.

કાશીમાં બંગાળીના વાડામાં એક મોટી ધર્મશાળા હતી ત્યાં સૌએ ઉતારો કર્યો. રાત્રિ વિતાવી સવારે ગંગામાં સ્નાન કરવા સૌ ગયા. ગ્રહણનો વેધ લાગે તે પહેલાં સૌએ પરવારી જવું એમ નક્કી કરી ધર્મશાળામાં આવી, પૂજાપાઠથી પરવારી સૌએ જમી લીધું. પછી પાછા મણિકર્ણિકાના ઘાટે આવી સૌ ત્યાં ગ્રહણની રાહ જોતાં ભજન કરવા લાગ્યા. ચંદ્રગ્રહણ થયું એટલે ચંદ્રની મુક્તિ માટે ધર્મદેવે સૌને ધૂન્ય કરવાની આજ્ઞા કરી. સૌએ ગ્રહણ ચાલ્યું ત્યાં સુધી ભજન કર્યું. ગ્રહણ મુકાયું એટલે સૌએ સ્નાન કર્યું. ધર્મદેવે બ્રાહ્મણોને નાના પ્રકારનાં દાન આપ્યાં. મૂળશંકર ગોરના પુત્રને સાથે લઈને કાશીવિશ્વનાથના મંદિરે સૌ દર્શને આવ્યા. અહીં દર્શન કરી બ્રાહ્મણોને દાન આપ્યાં. પછી પોતાને ઉતારે ધર્મશાળામાં સૌ આવ્યા.

ગંગામાં વિદ્વત્સભામાં વાદ

ધર્મદેવની એક વિદ્વાન તરીકેની પ્રતિષ્ઠા ખૂબ જ પ્રસરી હતી. કાશીના વિદ્વાનોએ જ્યારે જાણ્યું કે ધર્મદેવ ગ્રહણ કરવા માટે કાશીપુરી પધાર્યા છે, ત્યારે સર્વે વિદ્વાનો તેમને મળવા માટે આવવા લાગ્યા. ધર્મદેવને અહીં દસ દિવસ રહેવાની ઇચ્છા હતી. તેથી તેમણે વિચાર કર્યો કે ગંગાકાંઠે ગોમઠમાં જ ઉતારો રાખવો. ત્યાંના મહંતનો પણ ખૂબ આગ્રહ હતો. વળી, વિદ્વાનોને પણ ત્યાં સારી રીતે મળી શકાય અને ગંગાસ્નાનનો પણ લાભ મળે. આ હેતુથી ધર્મદેવે ઉતારો ફેરવી નાખ્યો અને ગોમઠમાં આવી ગયા.

અહીં વિદ્વાનોનાં મંડળો તેમની પાસે આવવા લાગ્યાં. ધર્મદેવની પાસે ઘનશ્યામ હંમેશાં હોય. તેમને જોઈ વિદ્વાનો વિચારમગ્ન બની જતા. તેઓ વિચારમાં પડી જતા કે ધર્મદેવને ઘેર બૃહસ્પતિ સાક્ષાત્ પધાર્યા છે કે દશરથકુમાર રઘુનંદન સ્વયં છે ! ગોમઠમાં આવતા વિદ્વાનોએ એક ધર્મસભા યોજવાનું નક્કી કર્યું. ધર્મદેવને તેમણે આ વાત કરી. ધર્મદેવે સંમતિ આપી અને બીજા દિવસના પ્રભાતે ગોમઠમાં જ આ સભા થઈ.

આ સભામાં અદ્વૈતવાદીઓ પણ આવ્યા અને રામાનુજ મતના પંડિતો પણ આવ્યા. બીજા પણ ઘણા પંડિતો હતા. મધ્વ, વલ્લભ, નિંબાર્ક અને ચૈતન્ય

મતના દરેકને ઘનશ્યામના મુખની વાણી સાંભળવાની ઇચ્છા હતી. વળી, આવા દિવ્ય વિભૂતિ સમ આ બાળક કયા મતનું પ્રતિપાદન કરે છે તે પણ તેમને જાણવું હતું. કારણ તેઓ માનતા હતા કે તત્ત્વજ્ઞાન એ કેવળ બુદ્ધિનો વિષય નથી પરંતુ અનુભવનો પણ વિષય છે. એટલે આવા અનુભવી બાળકનાં વચનો સૌને વિશેષ પ્રમાણભૂત મનાય.

અદ્વૈતવાદી પંડિતોએ ચર્ચાની શરૂઆત કરતાં સભામાં પૂછ્યું : "सर्वं खल्विदं ब्रह्म । नेह नानास्ति किञ्चन । આ સર્વ બ્રહ્મ છે. બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ નથી. ब्रह्म सत्यं जगन्मिथ्या । બ્રહ્મ એક જ સત્ય છે અને સર્વ નામ, રૂપ, આકારમય જગત મિથ્યા છે."

અદ્વૈત મતવાદી પંડિતોએ કહેલી આ શ્રુતિઓને યથાર્થ સમજાવતાં શ્રી ઘનશ્યામ બાળપ્રભુએ કહ્યું : "હે પંડિતો ! તમે સમજો છો તે પ્રમાણે આ શ્રુતિઓનો અર્થ નથી. પણ જડચેદાત્મક આ સઘળું જગત એ પરમાત્માનું શરીર છે અને પરમાત્મા તેના શરીરી છે. એટલે બ્રહ્મ શબ્દ શરીરીવાચક હોવાથી કેવળ પરમાત્માને જ અનુલક્ષીને વપરાયો છે. એટલે જડચિદાત્મક જગત બ્રહ્મ છે એ સિદ્ધાંત ખોટો છે.

"વળી, જેમ બ્રહ્મ સત્ય છે, તેમ જીવ અને માયા પણ સત્ય છે. જો બધું જ મિથ્યા હોય, તો ઉપદેશક અને ઉપદેષ્ય બંને મિથ્યા સમજાય. શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને ઉપદેશ આપ્યો તેમાં ઉપદેશક બ્રહ્મ અને ઉપદેષ્ય જીવ એ બંને સત્ય ઠરે છે. દ્વૈતદર્શન વિના ઉપદેશ ન સંભવે. તેથી શ્રીકૃષ્ણને દ્વૈતદર્શન થયું તેવું કહેવામાં તમારે શ્રીકૃષ્ણમાં અજ્ઞાનદશાનું આરોપણ કરવું પડશે અથવા બાધિતાનુવૃત્તિનો યોગ કહેવો પડશે. જો બ્રહ્મના સ્વરૂપમાં પણ ઉપદેશક-ઉપદેષ્ય ભેદને મિથ્યા ઠરાવવા અજ્ઞાનદશા કલ્પવી પડે તો પછી બ્રહ્મનું વર્ણન કરતી શ્રુતિઓ निरवद्यं निरञ्जनम् । यद् ब्रह्म बृहत्त्वान्नित्यं शुद्धं बुद्धं मुक्तं सत्यमिति स शुद्धः सर्वशुद्धेभ्यः । तमेव भान्तमनुभाति सर्वम् । વગેરેમાં બ્રહ્મને શુદ્ધ, માયારહિત, પ્રકાશમય વર્ણવ્યા છે. તો તેમાં અજ્ઞાનનો આરોપ કેમ થાય ?"

ઘનશ્યામ બાળપ્રભુની ગંગાના અસ્ખલિત પ્રવાહની જેમ શ્રુતિપ્રમાણોથી ભરપૂર વાણી સાંભળી અદ્વૈતવાદીઓ અને અન્ય પંડિતો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. ઘનશ્યામની જ્ઞાનપ્રચુર વાતોથી, તેમની દિવ્યતાથી પંડિતોના અજ્ઞાનની નિવૃત્તિ થવા લાગી. તેમને લાગ્યું કે વિવાદ કે તર્કમાં તો અહંભાવરૂપી માયા જ છે. જેનું અસ્તિત્વ અદ્વૈતવાદીઓ ન સ્વીકારતા હોવા છતાં એ માયા વિવાદીઓમાં અને

તાર્કિકોમાં રહી છે જ. એટલે ભગવાનના અપરોક્ષાનુભૂતિવાળા જ્ઞાની પુરુષો પાસે જ બ્રહ્મના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન હોય છે. તે જ્ઞાન વિવાદ અને તર્કથી અતિરિક્ત છે. ઘનશ્યામે મોરલી વગાડી અને પંડિતો મણિધરની જેમ ડોલવા લાગ્યા. છતાં હજુ કેટલાકને ઘનશ્યામની વિદ્યાનો તાગ કાઢવાનો વિચાર હતો. તેમણે કહ્યું : "જેમ અજ્ઞાનથી રજ્જુમાં સર્પની ભ્રાંતિ થાય છે અને છીપમાં રજતની ભ્રાંતિ થાય છે, તેમ એવી અજ્ઞાનમૂલક ભ્રાંતિથી જ જગત દેખાય છે, પણ જગત સત્ય નથી."

આ સાંભળી ઘનશ્યામ હસ્યા. ધર્મદેવ તેમના તરફ જ જોઈ રહ્યા હતા. અન્ય પંડિતો, જેમણે ઘનશ્યામમાં દિવ્યતા નિહાળી હતી, તે પણ હસ્યા. ઘનશ્યામે કહ્યું : "સાંભળો વિદ્વાનો ! સર્પ અને રજતની સત્યતાની પ્રતીતિ થઈ છે તેથી તે બંનેની ભ્રાંતિ રજ્જુમાં અને છીપમાં થાય છે. એટલે સર્પ અને રજત બંને છે જ, સત્ય છે. તે ન હોય તો તેમની ભ્રાંતિ શી રીતે રજ્જુમાં અને છીપમાં થાય ! અને તેને પણ જો તમે મિથ્યા કહેશો તો બધું જ મિથ્યા થશે. બ્રહ્મને જાણનારો અને સમજનારો પણ મિથ્યા થશે. એકલું નિર્વિશેષ બ્રહ્મ રહેશે. એ બ્રહ્મને આશરે અજ્ઞાન રહ્યું છે. અને તેને આધારે જગત ભાસે છે, એમ કહેશો તો બ્રહ્મમાં અજ્ઞાનનું આરોપણ થશે તે સંભવે નહિ. બ્રહ્મ તો નિર્વિશેષ છે. છતાં અજ્ઞાનથી જગત ભાસે છે. તો તે અજ્ઞાન કોને આશરે રહ્યું છે ? બ્રહ્મ સિવાય બીજું બધું મિથ્યા છે. તો પછી અજ્ઞાન રહ્યું તો તે અજ્ઞાન મિથ્યા ઠર્યું. તો તે પછી અજ્ઞાનથી જગત ભાસે છે તેમ કહેવાશે જ નહિ. માટે અજ્ઞાન પણ છે જ અને તે અનાદિ છે."

ઘનશ્યામ હજુ આગળ બોલતા હતા પરંતુ તેમના સ્વરૂપમાંથી પ્રકટ થતા પ્રકાશને લઈને ત્યાં બેઠેલા સર્વને સમાધિ થઈ ગઈ. દરેકને ઘનશ્યામના સ્વરૂપમાં પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન થયાં. કોઈને શંકરાચાર્યરૂપે દેખાયા, કોઈને સદાશિવ સ્વરૂપે, કોઈને વૈકુંઠપતિ રામચંદ્ર સ્વરૂપે દેખાયા. વળી, તેમાંના કેટલાકને ઘનશ્યામની વાણીમાં વ્રજવિહારી ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની મધુરી મુરલીનો નાદ સંભળાયો. સર્વને અદ્‌ભુત દર્શન થયાં.

એ જ સમાધિસ્થ સ્થિતિમાં તેઓ ઘનશ્યામનું પૂજન-અર્ચન કરવા લાગ્યા. આ જોઈ ધર્મદેવને આશ્ચર્ય થયું. ઘનશ્યામે પોતાનો દિવ્યભાવ સંકેલ્યો અને સૌ વિદ્વાનો પૂર્વવત્ સ્થિતિમાં આવી ગયા. પરંતુ ઘનશ્યામના દિવ્ય સ્વરૂપનું તેમને વિસ્મરણ થયું નહિ. જાગ્રત સ્થિતિમાં આવ્યા પછી તેઓ ઘનશ્યામની સ્તુતિ

કરવા લાગ્યા : "હે બ્રહ્મ ! તમે સવિશેષ છો, સર્વોપરી છો અને સર્વ અવતારોના કારણભૂત છો. તમારા આ સ્વરૂપની દૃઢતા અમારા અંતરમાં સદા રહે તેવી આપનાં પુનિત ચરણોમાં અમે પ્રાર્થના કરીએ છીએ."

વિદ્વાનોને પ્રતીતિ થઈ કે ભગવાનનું સ્વરૂપ અનુભવગમ્ય છે. સૌ વિદ્વાનો ઊઠ્યા. ઘનશ્યામને સૌએ દંડવત્ પ્રણામ કર્યા. ધર્મદેવને પણ પ્રણામ કર્યા. પછી અનેક ઉપહારો ઘનશ્યામનાં ચરણકમળમાં મૂકી કૃતકૃત્ય બની.સૌ ત્યાંથી નીકળ્યા.

ધર્મદેવનું આજે ગૌરવ વધ્યું. વિદ્વાનોએ તેમના અતિ મહદ્ભાગ્યની પ્રશસ્તિ કરી. ધર્મદેવે ભૂતકાળના તમામ પ્રસંગોની સ્મૃતિ કરી. ઘનશ્યામના દિગ્વિજયથી એ પ્રસંગોની દિવ્યતાની તેમના અંતરમાં દૃઢ પ્રતીતિ થઈ. વિદ્વાનોએ ઘનશ્યામની પૂજા આરતી કરી. ઘનશ્યામ એ સાક્ષાત્ પરબ્રહ્મ છે – એવા શબ્દો કહ્યા. ધર્મદેવે આ તમામ શબ્દોને, દિવ્યતાના અનુભવને સાચવી રાખવા, સ્મૃતિપટ પરથી ભૂંસાઈ જતા અટકાવવાનો નિશ્ચય કરી લીધો. તેમના આનંદનો અવધિ ન રહ્યો.[૩૮]

એટલામાં ધર્મદેવને ઘનશ્યામે હલાવ્યા : "દાદા ! દાદા ! આપણે અયોધ્યા ક્યારે જવું છે ?"

ધર્મદેવ આ સાંભળી હસ્યા; 'દાદા'ના મીઠા સંબોધનમાં મોહ ન પામવા જેટલું જ્ઞાન તો તેમને હવે પ્રાપ્ત થઈ ગયું હતું. છતાં આ લોકના આચારમાં તો એમ વર્તવું પડે. તેમણે ધીરે રહીને કહ્યું : "તમે કહો ત્યારે નીકળીએ."

બીજે દિવસે કાશીપુરીથી સંઘ નીકળી ગયો. ત્રણ-ચાર દિવસ પછી સૌ અયોધ્યા પહોંચી ગયા.

---

૩૮. આ પ્રસંગ નિત્યાનંદ સ્વામી કૃત 'શ્રીહરિદિગ્વિજય'માં વિસ્તારથી વર્ણવેલો છે. તેના આધારે અત્રે ટૂંકમાં આપ્યો છે. અચિંત્યાનંદ બ્રહ્મચારી કૃત 'શ્રીહરિલીલા-કલ્પતરુ' ગ્રંથમાં પણ આ પ્રસંગ વિસ્તારપૂર્વક આપ્યો છે. – લેખક



ઉદ્‌ગીથ ૬

ગૃહત્યાગ

(આ.સં. ૧૮૪૮-૧૮૪૯, ઈ.સ. ૧૭૯૧-૧૭૯૨)

ઘેર આવીને ધર્મદેવે રામપ્રતાપ તથા સુવાસિનીને પોતાની પાસે બોલાવ્યાં. ઈચ્છારામ પણ આવ્યા. ધર્મદેવે ધીરેથી તેમને કહ્યું. તેમની વાણીમાં ગંભીરતા હતી. વળી, આ લોક પ્રત્યેની ઉદાસીનતા પણ દેખાતી હતી : "જુઓ, ઘનશ્યામને તમે ઓળખી લેજો. તે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે. તમે તો તેમને ભાઈ સમજતા હશો, પણ મને ઘણો અનુભવ થયો છે. તે આ જગતથી તદ્દન નિઃસ્પૃહી છે. માટે તેનું વિશેષ ધ્યાન રાખજો. આ જગતથી તે ઉદાસ તો છે જ, પણ એ વધુ ઉદાસ થાય એનું કારણ તમે ન બનશો. હવે મારા દેહનો પણ નિર્ધાર નથી."

ભક્તિમાતાનો દેહોત્સર્ગ

આ.સં. ૧૮૪૮ કાર્તિક સુદ આઠમ ને ગુરુવારે રાત્રે ભક્તિમાતાના શરીરે મંદવાડ આવ્યો. ઘનશ્યામની એ ઈચ્છા હતી. પુત્રરૂપે માતાને પોતે ઘણું સુખ આપ્યું હતું. પોતાના સંબંધનો લાભ આપ્યો હતો. હવે તેમને દિવ્ય ગતિ પમાડવાની પોતાની જ ઈચ્છા હતી. માતા પાસે રામપ્રતાપ, ઈચ્છારામ અને ઘનશ્યામ, ધર્મદેવ તથા સુવાસિની ભાભી, રામપ્રતાપના પુત્ર નંદરામ તથા અન્ય સંબંધીઓ બેઠાં હતાં. જ્વરની વિષમતા ઘણી હતી. પરંતુ ભક્તિમાતાની દૃષ્ટિ અને ચિત્ત તો ઘનશ્યામના સ્વરૂપમાં જ જોડાઈ ગયાં હતાં. આખી રાત સંબંધીઓ પાસે બેસી રહ્યાં.

ઘનશ્યામ બાળપ્રભુએ તે સમયે ભક્તિમાતાને એકાંતિક ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ઘનશ્યામની ઈચ્છાથી ભક્તિમાતાને તેમનાં દિવ્ય સ્વરૂપનું જ્ઞાન થયું. હવે આ જર્જરિત દેહનો ત્યાગ કરી ભાગવતી તનુ ધારી ધામમાં બેસી જવા

માટે તે ઉત્સુક બની ગયાં હતાં. તેમના આ સંકલ્પથી તેમને મંદવાડની વિશેષ વિષમતા જણાવા લાગી.

અયોધ્યાપુરીમાંથી આવેલા તેમનાં સંબંધીઓ તથા અન્ય જનો તેમને કહેવા લાગ્યાં : "હે ભક્તિદેવી ! તમે તો ભક્તિનું મૂર્ત સ્વરૂપ છો. તમારા સંબંધે અમારામાં ભક્તિ ઉદય થઈ છે. આખી અયોધ્યા નગરીને તમે પાવન કરી દીધી છે. તો હવે અમારા સૌ ઉપર દયા કરીને તમે જલદી સાજાં થાઓ."

ભક્તિદેવી તેમની વાત સાંભળી હસ્યાં. તેમણે એટલું જ કહ્યું : "હવે ઘનશ્યામની ઇચ્છા નથી." આ સાંભળી સૌ ઘનશ્યામ તરફ જોવા લાગ્યાં.

ઘનશ્યામ એ વખતે વિષ્ણુસહસ્રનો પાઠ કરતા હતા. માતાજીની દૃષ્ટિ ઘનશ્યામના સ્વરૂપમાં જ સ્થિર થઈ ગઈ હતી. ઘનશ્યામ વારંવાર માતાને ભક્તિનું સ્વરૂપ અને તેના પ્રકાર સમજાવતા હતા. તેમાં સૌથી શ્રેષ્ઠ ભક્તિ પ્રગટ પ્રભુની કહી. માતા પણ એ સમજી ઘનશ્યામના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ ગયા હતા.

બીજે દિવસે બ્રાહ્મમુહૂર્તમાં ઘનશ્યામ સરયૂસ્નાન કરીને માતા પાસે આવ્યા. આ સમયે માતાના ચિત્તની વૃત્તિ ઘનશ્યામના સ્વરૂપમાં લીન થઈ ગઈ. તેથી ઇંદ્રિયો-અંતઃકરણના ભાવથી તેમનો આત્મા છૂટો પડી ગયો. તેમને પોતાનો પ્રકાશમય આત્મા દેખાયો. તે આત્માની બ્રહ્મ સાથે એકતા થઈ ગઈ અને તે બ્રહ્મતેજમાં માતાને વર્ણી સ્વરૂપે ઘનશ્યામનાં દર્શન થયાં. શરીર ઉપર કૌપીન ધારણ કરી છે. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું છે. તે મધ્યે કુંકુમનો ગોળ ચાંદલો શોભી રહ્યો છે. હાથમાં કમંડળું છે અને માથા ઉપર જટાનો મુગટ ધારણ કર્યો છે. એવા વર્ણીરાજ ઘનશ્યામ માતાના હૃદયપ્રકાશમાં દેખાવા લાગ્યા.

આ દર્શનથી પુલકિત બની ભક્તિમાતાએ ઘનશ્યામને હાથ જોડ્યા. તેમના સંબંધથી તેમના અજ્ઞાનના પાશ છૂટી ગયા હતા. પરંતુ માયાના બંધનમાં અટવાયેલા અન્ય મુમુક્ષુ જનોનું માયાનું અતિ અછેદ્ય બંધન કઈ રીતે તૂટે, કઈ રીતે તેમનો સંબંધ તેમને સતત રહે તે માટે તેમણે પૂછ્યું : "હે ઘનશ્યામ ! આપના દિવ્ય પરમાત્મા સ્વરૂપનાં મને દર્શન થાય છે. હવે આપના અતિ દિવ્ય સ્વરૂપમાં મારી ચિત્તવૃત્તિ ચોંટી ગઈ છે. પરંતુ અન્ય મુમુક્ષુઓને આપનો આ દિવ્ય સંબંધ કઈ રીતે રહે, તેમનું માયાનું બંધન કઈ રીતે તૂટે તે કૃપા કરીને આપ કહો."

"હે માતા ! માયાથી મુક્ત થવાનું સાધન તો પરમાત્માના સ્વરૂપનું અને

તેમના માહાત્મ્યનું યથાર્થ જ્ઞાન એ જ છે. એ જ્ઞાન સત્પુરુષના પ્રસંગથી જ થાય છે.[૩૯] આવા સત્પુરુષ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિના ગુણોથી ભરપૂર હોવા જોઈએ. આ ચારે ગુણોમાં સત્ય, શૌચાદિ ગુણોનો સમાવેશ થઈ જાય છે. આવા સંતના સમાગમથી ભગવાનના માહાત્મ્યનું યથાર્થ જ્ઞાન થાય છે. એવા સંતનાં દર્શન કરે, તેને નમન કરે, સેવા કરે, તેને જમાડે, પૂજન કરે તો તે પુણ્યકાર્યથી મુમુક્ષુ જનોના અનેક જન્મનાં એકઠાં થયેલાં પાપના ઢગલા હોય તોપણ તે તત્કાળ નાશ પામી જાય છે. એવા સંત એ મારા હૃદય સમાન છે. અને અનેક તીર્થોને પણ તીર્થરૂપ કરે છે.[૪૦] એવા સંત એ મારા આત્મારૂપ છે. ज्ञानी त्वात्मैव मे मतम् । એવા સંતનો પ્રસંગ-સંબંધ એ સાક્ષાત્ મારો જ સંબંધ કહેવાય. માટે મુમુક્ષુઓને એવા સંતનો આશ્રય કરવો તો મારા સ્વરૂપનું જ્ઞાન તેમના દ્વારા તત્કાળ થાય અને માયાના પાશમાંથી મુક્તિ મળે. હે માતા ! એવા સંત પૃથ્વી ઉપર સદા વિચરણ કરતા જ હોય છે. તેમનો પ્રસંગ મુમુક્ષુઓને મારા સાક્ષાત્ સંબંધ માટે અનિવાર્ય છે. તેમનો પ્રસંગ એ જ સત્સંગ.''

ભક્તિમાતાએ ઘનશ્યામના આ દિવ્ય શબ્દો અંતરમાં ઉતાર્યા. તેમની વૃત્તિ અંતરમાં ઊતરી ગઈ. આ વર્ણીનાં દર્શન કરતાં કરતાં ભક્તિમાતા 'ધન્ય ધન્ય કૃષ્ણ હરિરામ રે' એ શબ્દોના ઉચ્ચારણ સાથે આ.સં. ૧૮૪૮ને કાર્તિક સુદ દશમના શનિવારે આ ભૌતિક દેહનો ત્યાગ કરીને દિવ્ય ગતિ પામ્યાં. એ વખતે ઘનશ્યામ વિષ્ણુસહસ્રનો પાઠ જોરથી કરી રહ્યા હતા.

રામપ્રતાપભાઈ, ઇચ્છારામ અને સુવાસિની ભાભી ઉપર તો જાણે આભ તૂટી પડ્યું હોય એવું દુઃખ આવી પડ્યું. સગાં-સંબંધી તથા સ્નેહીજનોને પણ ભક્તિમાતાના દેહવિલયથી અત્યંત દુઃખ થયું. સીતા, પાર્વતી, રુક્મિણી, દ્રૌપદી, અનસૂયા, સાવિત્રી – આ ભૂતકાળના ઇતિહાસનાં પાત્રો હતાં. તેથી

---

૩૯. सतां सङ्गेन बुद्ध्वाऽऽदौ तन्माहात्म्यं तदाप्तया ।

– સત્સંગિજીવન; પ્ર. ૧, અ. ૩૨, શ્લોક ૧૧.

૪૦. दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा
सद्यः पुंसामघौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम् ।
प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं
तेषां मातः ! प्रसङ्गात् किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ॥

– સત્સંગિજીવન; પ્ર. ૧, અ. ૩૨, શ્લોક ૪૬.

તેમના ઉચ્ચતમ જીવનની કલ્પનામાં જ મનને રાચવાનું હતું. પરંતુ ભક્તિએ તો ભક્તિનો આદર્શ પોતાના જીવનમાં બતાવ્યો. પતિવ્રતાનું વ્રત ધર્મનો અખંડ સંબંધ રાખીને જ પાળી શકાય. પોતાના પતિદેવ શ્રી ધર્મની છાયામાં રહી સુખ-દુ:ખના અનેક તડકા-છાંયામાં પણ તેમની અનન્ય સેવા સિવાય અન્ય કોઈ સંકલ્પને તેમણે મનમાં પ્રવેશવા દીધો ન હતો. લોકો તેમને 'પ્રેમવતી' પણ કહેતા. એ પ્રેમનો પ્રવાહ તેમણે ભક્તિમાં વહેતો મૂક્યો હતો.

પ્રેમવતીના અનેક ગુણોને સંભારતાં રામપ્રતાપ તથા ઇચ્છારામ, સુવાસિની વગેરેને ધીરજ આપતાં સૌ અંતિમ ક્રિયાની તૈયારી કરવા લાગ્યાં. ઘનશ્યામની નિશ્ચલતા અને ધર્મની ધીરજ આ પ્રસંગે સર્વેએ જોઈ.

રામઘાટ ઉપર સૌ ગયા. રામપ્રતાપભાઈએ વિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કર્યો. પછી સૌએ સરયૂમાં સ્નાન કર્યું. સરયૂ નદીનાં નીરથી ચિતા ઠારી અને અસ્થિ સરયૂમાં પધરાવ્યાં. પછી સૌ ઘેર આવ્યા. રામપ્રતાપભાઈએ દ્વાદશીને દિવસે સરયૂતટે શ્રાદ્ધવિધિ કર્યો. પછી બ્રાહ્મણોને તથા સગાં-સંબંધીઓને જમાડ્યાં. તે પ્રમાણે ત્રયોદશીને દિવસે પણ સૌને જમાડ્યાં. સૌ સંબંધીઓ આશ્વાસન આપી છૂટા પડ્યાં.

ઘનશ્યામને જતન કરીને સાચવજો

માતા ધામમાં ગયાં પણ ઘનશ્યામને માતાનું સુખ ભુલાવું ન જોઈએ - સુવાસિની ભાભીના અંતરમાં આ ભાવ હતો. જો કે ભક્તિમાતા છતાં પણ ઘનશ્યામ તો ભાભી પાસેથી એવાં લાડ પામ્યા જ હતા. પરંતુ હવે તો ભાભીએ જ માતા બનવાનું હતું. ઘનશ્યામ અર્ધ ઘડી પણ અળગા થાય તે તેમને ન રુચતું. સરયૂસ્નાન કરવા માટે ઘનશ્યામ જતા ત્યારે પણ રામપ્રતાપને સાથે જ મોકલતાં. કોઈ કોઈ વખત ઘનશ્યામના મિત્રોને પણ કહી રાખતાં કે તમારે ઘનશ્યામની સાથે સ્નાન કરવા જવું અને પછી તે જ્યાં જાય ત્યાં તેમની સાથે રહેવું. નંદરામ ઘણી વખત ભૂખ્યો થઈને આવે અને ખાવાનું માગે તો તેમને તરત સુવાસિની ભાભી કહી દેતાં : "જા, પહેલાં ઘનશ્યામ ભૈયાને બોલાવી આવ. પછી બંનેને સાથે જમવા દઈશ." એમ ફોસલાવી-પટાવીને પણ ઘનશ્યામને મૂકીને તેને જમવા દેતાં જ નહિ. સુવાસિની ઘનશ્યામને દેખતાં ને તેમનાં અંતરમાં અમી ઊભરાતું. ઘનશ્યામ તેને ઘણી વખત ગમ્મતમાં કહેતા : "ભાભી ! તને મૂકીને હું દૂર દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ. પછી તું મને ક્યાં

ગોતવા આવીશ ?''

ભાભી ત્યારે તરત જ સ્થિર થઈ જતાં ને કહેતાં : ''ઘનશ્યામ ભૈયા ! એવું ન કરશો હોં, ભાભીનું અંતર તમે જ્યાં જશો ત્યાં તમને ઝંખતું તમારી પાછળ ને પાછળ જ હશે.''

''પણ હું મોટો રાજા બનીશ તો ?'' ઘનશ્યામ ચગતા.

''તો હું તારી સાહ્યબી જોઈને રાચીશ, દૂરથી જોઈશ, તારી નજીક નહિ આવું. પણ તને મારી નજરની બહાર તો નહિ જ થવા દઉં.''

પરંતુ ઘનશ્યામને પોતાનું કાર્ય દૃષ્ટિપથમાં સ્પષ્ટ દેખાતું. એ કાર્યની આડે કોઈએ ન આવવું જોઈએ. ઘનશ્યામની આવી વાતોથી ભાભીને દહેશત લાગતી. તે તરત જ કહી દેતાં : ''અરે, ઘનશ્યામ ભૈયા ! તું આવું આવું બોલે છે પણ હું તને બેડી પહેરાવી દઈશ પછી તું ક્યાં જઈશ ?''

આવું સાંભળી ઘનશ્યામને થતું કે આ લોકનાં પુરુષ અને સ્ત્રીનાં અંતરમાં તો આ જ વાત હોય ! ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી આ જ વાસના છે. પણ હવે એ બંધન તોડવું છે, એ અજ્ઞાન ટાળવું છે.

અચાનક ધર્મદેવ ત્યાં આવ્યા. સુવાસિની ભાભીએ માથે છેડો સંકોર્યો. ઘનશ્યામને તેમણે કહ્યું : ''ઘનશ્યામ ! ભાભીનું ધ્યાન રાખજે.'' આ સૂચક શબ્દો સાંભળી ઘનશ્યામ અને ભાભી એકબીજાં સામું જોઈ હસ્યાં.

એટલામાં ત્યાં લાલમણી તંબોળીની સ્ત્રી વલની આવી. સુવાસિનીએ તેને પ્રેમથી બોલાવી. ભક્તિમાતા તેને બહેનની જેમ રાખતાં. તેણે ભાભીને અને ઘનશ્યામને વાત કરતાં જોયાં. ધીરે રહીને તેણે સુવાસિનીને કહ્યું : ''સુવાસિની ! આ ઘનશ્યામ ઘરમાં રહે તેવો નથી. માટે બહુ જતન કરીને સાચવજે. ભક્તિ તો તેને આંખની કીકી સમાન ગણતાં.''

ઘનશ્યામ આ સાંભળી ત્યાંથી ચાલ્યા ગયા. વલની સુવાસિની પાસે બેઠી અને ઘણી વાર સુધી તેણે ઘનશ્યામ સંબંધી સુવાસિની સાથે વાતો કરી. ઘનશ્યામની વાતો કરતાં કોઈ થાકતું જ નહિ.

વલનીની વાત સાચી હતી કે ઘનશ્યામ કોઈની સાથે ઝાઝું બોલતા નહિ. બહુ જ નિઃસ્પૃહ રહેતા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં તેમને મનુષ્યોમાં વિષયની ગંધ આવતી, તેથી તેમની સાથે બેસવું પણ તેમને ગમતું નહિ. આમાં અપવાદ હતા બે - દીનાસિંહ અને ભુવાનદીન ! આ બે નૈષ્ઠિકવ્રતધારી મલ્લો હતા. સ્ત્રીઓથી તેઓ દસ હાથ દૂર રહેતા, સ્ત્રીઓ સંબંધી કાંઈ વાતો તેઓ કરતા

નહિ. રસ્તામાં કોઈ લંપટ પુરુષને સ્ત્રીની મશ્કરી કરતો જોતા તો ત્યાં જ તેને ઠબકારતા. આખા અયોધ્યામાં સ્ત્રીલંપટ જીવોને આ બે મલ્લોની બીક લાગતી. ઘનશ્યામને તેમની સાથે ફાવી ગયું હતું. તેમની બેઠક-ઊઠક આ મલ્લો સાથે રહેવા લાગી. પોતાના ઘરની સામે જ આંબલી પાસે તેમનો અખાડો હતો. ઘનશ્યામ ત્યાં જતા અને દીનાસિંહ અને ભુવાનદીન પાસે મલ્લવિદ્યા શીખતા.

મલ્લોના અખાડામાં મલ્લકુસ્તી

ઘનશ્યામ સરયૂસ્નાન કરી આવીને નિત્યકર્મથી પરવારી દૂધનો દેગડો અને પાણીમાં પલાળેલી ચણાની દાળ લઈને આ અખાડામાં આવતા. અહીં સવાસો દંડ કરતા, ચક્રદંડ કરતા. ભુવાનદીન અને દીનાસિંહ તેમને અનેક આસનો શિખવાડતા. આ આસનો કરીને ઘનશ્યામ પલાળેલી ચણાની દાળ ખાઈ જતા, ઉપર દૂધ પી લેતા. કોઈ કોઈ વખત દીનાસિંહને અને ભુવાનદીનને બધું દૂધ પાઈ દેતા. રામપ્રતાપને આ ગમતું નહિ, પણ ઘનશ્યામ રાજી રહે તેમ કર્યા સિવાય તેમને હવે છૂટકો ન હતો. ધર્મદેવનો પણ એવો આગ્રહ હતો. ઘનશ્યામે આ બંને મલ્લો પાસે મલ્લવિદ્યાના તમામ દાવ શીખી લીધા. ચાર માસમાં તો સમગ્ર મલ્લવિદ્યામાં તેઓ નિપુણ થઈ ગયા. ધર્મદેવ ઘનશ્યામની આ બધી લીલા દિવ્ય દૃષ્ટિથી જ જોતા. તેમના અંતરમાં ઘનશ્યામના સ્વરૂપમાં સર્વ પ્રકારે દિવ્યભાવ જ હતો, તેથી ઘનશ્યામનાં ચરિત્રોમાં હવે તેમને મોહ થતો નહિ.

ઘનશ્યામની મલ્લવિદ્યામાં કુશળતાની વાત સાંભળીને એક વિપ્ર મલ્લયુદ્ધ કરવા માટે આવ્યો. ઘનશ્યામને અગિયારમું વર્ષ ચાલતું હતું અને પેલો વિપ્ર વીસ વર્ષનો હતો. ઘનશ્યામ તથા ભુવાનદીન અને દીનાસિંહે રમવાની ના પાડી છતાં તેણે હઠ ન છોડી. તેથી આ અભિમાની વિપ્રને પાઠ ભણાવવા ઘનશ્યામે શરત મૂકી કે લડતાં લડતાં કાંઈ વાગે-કરે તો અમારી જવાબદારી નહિ. ને એ બ્રાહ્મણ સંમત થયો. ભુવાનદીન અને દીનાસિંહ જામીન બન્યા.

ઘનશ્યામને મારી નાખવાના હેતુથી આવેલા એ આસુરી સ્વભાવવાળા બ્રાહ્મણને ઘનશ્યામે હંફાવ્યો અને કહ્યું : ''તારામાં જેટલું જોર હોય એટલા જોરથી મારી કેડ પકડ.'' બ્રાહ્મણમલ્લે કેડ પકડી. પછી ઘનશ્યામે કહ્યું : ''હવે મને ફેંકી દે.''

ઘનશ્યામને મારવાનો ખરો લાગ આવ્યો છે એમ માની જેવો એ મલ્લ

ઘનશ્યામને ઉછાળવા ગયો, ત્યાં જ ઘનશ્યામે દાવપેચથી પોતાની કેડ છોડાવી લીધી. મલ્લ આંચકા સાથે ઘૂમરી ખાતો ખાતો પડી ગયો ને મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું. એક હાથ ભાંગી ગયો.

આ તમાશો જોવા આવેલા સૌએ ઘનશ્યામનો જયકાર કર્યો. એ બ્રાહ્મણમલ્લનો બાપ ત્યાં આવીને ઘનશ્યામને ડરાવવા લાગ્યો. એટલામાં રામપ્રતાપ આવી પહોંચ્યા. મલ્લને ભોંય પડેલો જોઈને બધો મામલો પામી ગયા. એમણે પેલા વિપ્રના બાપને ડારો આપ્યો : "આવડા નાના બાળક સાથે લડતાં શરમ નથી આવતી ?" લોકો પણ ઘનશ્યામનો પક્ષ ખેંચવા લાગ્યા. આથી તે પરાજિત થયેલા પોતાના પુત્રને ઝોળીમાં નાખીને ઘેર લઈ ગયો. ત્યારથી પેલો બ્રાહ્મણમલ્લ ભુવાનદીન ને દીનાસિંહ પર દ્વેષ રાખતો.

એક વાર ઈજારદાર રાજા ત્યાં આવ્યો. તેને બ્રાહ્મણમલ્લે વાત કરી કે ભુવાનદીન ને દીનાસિંહ જેવા તમારી ફોજમાં કોઈ નથી. બે હજારના સૈન્યને પણ મારીને હટાવે તેવા છે. આ વાત સાંભળી રાજાએ બંનેને બોલાવ્યા અને રાજની નોકરી સ્વીકારવા કહ્યું. બન્નેએ ના પાડી. એટલે રાજાએ પોતાની અવગણના થવાથી ભુવાનદીન અને દીનાસિંહને શહેરમાંથી ચાલ્યા જવાનું કહ્યું. બંનેથી આ અન્યાય સહન ન થયો. એમણે નગર છોડી જવાનો ઈન્કાર કરી દીધો.

થોડા દિવસ બાદ રામનવમી આવતાં રાજાની સવારી નીકળી. ભુવાનદીન અને દીનાસિંહ પણ સવારી જોવા આવ્યા. રાજાના સિપાઈઓ અવિવેકી અને ધૃષ્ટતાભર્યું વર્તન કરતા હતા. નગરની સ્ત્રીઓની તેઓ છેડતી કરતા હતા. આ જોઈને ભુવાનદીને એમને અટકાવ્યા, પણ સિપાઈઓ માન્યા નહિ.

તે વખતે ઘનશ્યામ સરયૂકાંઠે પોતાનો નિત્યવિધિ સમાપ્ત કરી મંદિરોનાં દર્શન કરતાં કરતાં ત્યાં આવ્યા. તેમણે આ જોયું. ઉદ્ધત બનેલા સિપાઈઓને શિક્ષા થવી જ જોઈએ એમ તેમને પણ લાગ્યું. એટલામાં તો સામસામી તલવારો ખેંચાણી. ભુવાનદીન અને દીનાસિંહે ધડાધડ તલવારો વીંઝવા માંડી. ચારિત્ર્યભ્રષ્ટ સિપાઈઓની કાયરતા છતી થઈ આવી. તેઓ ભાગવા લાગ્યા. આ જોઈને રાજા પણ ભાગવા લાગ્યો. ભુવાનદીને પાછળ દોડીને રાજાની સાથળમાં તલવાર મારી. રાજા નીચે પડી ગયો. પછી તરત જ ભુવાનદીન અને દીનાસિંહ એ રાજાના બેય કુંવરો પર ત્રાટક્યા. તરત જ બીજા સિપાઈઓ આવી પહોંચ્યા.

ઘનશ્યામ ઊભા ઊભા આ જોતા હતા. તેમને મનમાં થયું કે "મારી સાથે અતૂટ પ્રીતિથી બંધાયેલા આ બે નૈષ્ઠિક વ્રતધારી યુવાનો મારા ગૃહત્યાગ પછી મારો વિયોગ સહન કરી શકશે નહિ. એટલે આજે આ ધર્મકાર્ય માટે જ તેમનો દેહ પડે અને તેઓ ધામમાં જાય એ જ ઈષ્ટ છે."

ઘનશ્યામનો આ સંકલ્પ હતો. બંને યુવાનો ધર્મનું રક્ષણ કરવું તે પોતાનો ધર્મ છે એમ માનતા હતા. રાજ્યના સિપાઈઓ સાથે તેઓ લડ્યા. કોઈ રીતે તેમને પકડી નહિ શકાય એમ લાગવાથી છેવટે તેમના ઉપર તેમણે ગોળી છોડી. બંને વીર પુરુષો એ જ સમયે ત્યાં ઢળી પડ્યા.

ઘનશ્યામ તેમની પાસે આવ્યા. પોતાના જળપાત્રમાંથી તેમના ઉપર અંજલિ છાંટી. બંનેએ તેમને હાથ જોડ્યા : "ઘનશ્યામ !" તે જ સમયે તેમને ઘનશ્યામના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. તેમના મુખ ઉપર આનંદની આભા છવાઈ ગઈ. તેમણે ઘનશ્યામ સામું જોયા જ કર્યું. ફરી ઘનશ્યામની કિશોરમૂર્તિ તેમણે જોઈ. ઘનશ્યામે તેમને કહ્યું : "હવે હું અયોધ્યાનો ત્યાગ કરી દેવાનો છું." ઘનશ્યામના એ છેલ્લા શબ્દો સાંભળી તેમણે નિઃશ્વાસ નાખ્યો અને તેમના પ્રાણ તરત જ નીકળી ગયા. ઘનશ્યામે તેમને અક્ષરધામમાં બેસાડી દીધા. ભુવાનદીન બ્રાહ્મણ હતો અને દીનાસિંહ ક્ષત્રિય હતો.

ધર્મદેવનું ધામગમન

ઘનશ્યામ ઘેર આવ્યા. તેમની ઉદાસીનતા જોઈ ધર્મદેવને ધ્રાસ્કો પડ્યો. ધર્મદેવ કાંઈ બોલ્યા નહિ. ઘનશ્યામ પણ કાંઈ બોલ્યા નહિ. થોડા દિવસ બાદ ધર્મદેવને સખત તાવ આવ્યો. ઘનશ્યામ તેમની સમીપે બેઠા હતા.

આ.સં. ૧૮૪૮, જેઠ સુદ બારસથી ઘનશ્યામે તેમને કહ્યું : "દાદા ! હવે દશમ સ્કંધનો પાઠ કરીએ." ત્યારથી બ્રાહ્મણે શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધનો પાઠ ધર્મદેવ પાસે કરવાનું શરૂ કર્યું. શ્રીકૃષ્ણનાં દિવ્ય લીલાચરિત્ર સાંભળતાં ધર્મદેવની વૃત્તિ ઘનશ્યામના સ્વરૂપમાં લીન થઈ ગઈ. આંખોમાંથી હર્ષાશ્રુ પડવા લાગ્યાં. તે જ સ્થિતિમાં તેમણે રામપ્રતાપ, સુવાસિની તથા ઇચ્છારામને બોલાવ્યાં. રામપ્રતાપને તથા સુવાસિનીને કહ્યું : "જુઓ, આ બે નાના ભાઈઓને હવે તમને ભળાવું છું. ઘનશ્યામમાં ભાઈનો ભાવ ન લાવશો. તે સાક્ષાત્‌ ભગવાન છે. તમારી ઉગ્રતાનો સંકોચ કરશો તો ઘનશ્યામમાં તમને ભગવાન દેખાશે."

પછી સુવાસિની તરફ ફરીને તેમને કહ્યું : "બેટા ! હવે મારો સમય

નજીક આવ્યો છે. આ ઘનશ્યામની સેવા કરજો. તમારો મોક્ષ થઈ જશે. તે ઉદાસ રહે છે. તેને સંસારમાં પ્રીતિ નથી. છતાં સંસારત્યાગ કરવામાં તમો નિમિત્ત ન બનો તે જોશો. તે તો કોઈના રોક્યા રોકાય તેવા નથી. પરંતુ જ્યાં સુધી ઘેર રહે, ત્યાં સુધી પુત્ર માનીને પાળજો. તમારું તે કલ્યાણ કરશે.''

ઘનશ્યામ આ બધું મૂક વદને સાંભળી રહ્યા હતા. પોતાના ગુપ્ત સ્વરૂપનો પ્રકાશ ન થાય તે ઈચ્છતા હતા. તેથી તેમણે કહ્યું : ''દાદા ! સૌની સંભાળ તો ભગવાન લેશે. આપ હવે બધેથી વૃત્તિ તોડીને પરમ કૃપાળુ પરમાત્મામાં વૃત્તિ જોડો.''

ધર્મદેવ આ સાંભળી હસ્યા. હવે તે છેતરાય તેમ ન હતા. છેવટની ભલામણ તો તેમને ઘનશ્યામની જ કરવાની હતી. કારણ તેમના સંબંધે જ પોતાના પુત્રોનો મોક્ષ થશે. એટલે એ ભલામણમાં કોઈ આસક્તિ ન હતી પણ પ્રભુ પમાડવાનો આદેશ હતો. તેમણે ધીમા સાદે કહ્યું : ''એ પરમાત્મા આજે પ્રકટ છે. આજે એ પરમાત્માએ આપણા કુળને પાવન કર્યું છે.''

ઘનશ્યામ એ વખતે ધર્મદેવના પગ દાબતા હતા. ધર્મદેવની દૃષ્ટિ તેમના તરફ સ્થિર હતી. ઘનશ્યામમાં તેમને એ પરમાત્માના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. તેઓ પથારીમાં બેઠા થયા અને ઘનશ્યામના બે હાથ લઈ પોતાના મસ્તકે મૂક્યા. ઘનશ્યામે પણ તેમને એ લાભ લેવા દીધો. ધીરે રહીને તેમને સુવાડીને પછી ઘનશ્યામ તેમના સમક્ષ ઊભા રહ્યા : ''દાદા ! તમે ધર્મ સાચા. તમારું કુળ ધર્મકુળ કહેવાય. પરંતુ તમારો - ધર્મનો - સંબંધ તે કુળને હશે ત્યાં સુધી એ ધર્મકુળ કહેવાશે. જ્યારે ધર્મનો સંબંધ છોડશે, ત્યારે મારો સંબંધ પણ છૂટી જશે. જ્યાં ધર્મ નથી, ત્યાં હું નથી જ !''

આ સાંભળી ધર્મદેવે રામપ્રતાપ તથા ઈચ્છારામને પાસે બોલાવ્યા. તેમને માથે હાથ મૂકીને તેમણે કહ્યું : ''ઘનશ્યામનો સંબંધ રાખવો હોય તો ધર્મ મૂકશો નહિ. તમારા કુળને પણ એ સંસ્કાર આપશો. પરંતુ ધર્મના પુત્રો તરીકે, ઘનશ્યામના ભાઈ તરીકે, ધર્મકુળને લાંછન કદી લગાડશો નહિ.''

એટલું કહી ધર્મદેવે ઘનશ્યામ તરફ જોયું. બે હાથ જોડ્યા. એ વખતે ઘનશ્યામના દિવ્ય સ્વરૂપમાંથી તેજનાં કિરણો નીકળ્યાં. ધર્મદેવનો દેહ તે કિરણોથી આવૃત થઈ ગયો. એ જ ભાવમાં ધર્મદેવ ઘનશ્યામ તરફ દૃષ્ટિ સ્થિર રાખીને બોલ્યા : ''આજ તમે પ્રકટ થયા અને મારું અજ્ઞાનરૂપી તિમિર ટાળ્યું.''

ઘનશ્યામે કહ્યું : ''જે પરોક્ષ સ્વરૂપે ધામમાં છે તે જ આ પ્રત્યક્ષ સ્વરૂપ

છે – આવી એકમતિ તમને થઈ એટલે હવે તમે તે ભગવાનના ધામમાં જ બિરાજ્યા છો. ભગવાન તો ધામનો ત્યાગ કરીને પૃથ્વી ઉપર પ્રકટ થતા જ નથી. માટે જ્યાં પ્રત્યક્ષ ભગવાન છે, ત્યાં તેમનું ધામ પણ છે. તમને આ નિશ્ચય થયો એટલે હવે તમારે કાંઈ અધૂરું રહ્યું નથી."

એટલું કહ્યું એટલે ધર્મદેવે ફરી પૂછ્યું : "ભગવાનના પરોક્ષ અને પ્રત્યક્ષ સ્વરૂપમાં શો ફેર છે ?"

તેમનો પ્રશ્ન સાંભળી ઘનશ્યામ રાજી થયા. તેમણે કહ્યું : "ફેર કાંઈ જ નથી. પરંતુ પરોક્ષ સ્વરૂપમાં ચિત્તની વૃત્તિઓનો નિરોધ જલદી થઈ શકતો નથી. છતાં જે પરોક્ષ સ્વરૂપ છે તે જ આ પ્રત્યક્ષ છે તેવી બુદ્ધિ સ્થિર થાય એટલે ભેદબુદ્ધિ નાશ થાય છે,[૪૧] માયા હટી જાય છે."

ધર્મદેવની બુદ્ધિ સ્થિર થઈ ગઈ. ઘનશ્યામના આ શબ્દો સાંભળી તેમણે અંતર્વૃત્તિ કરી દીધી. ધર્મદેવ અક્ષરધામમાં બિરાજી ગયા. તે દિવસે સંવત ૧૮૪૮ના જેઠ માસના કૃષ્ણ પક્ષની ચોથ હતી, શુક્રનો વાર હતો.

ઘનશ્યામે રામ-કૃષ્ણની ધૂન શરૂ કરી, સંબંધીઓ સૌ આવવા લાગ્યા. રામપ્રતાપ, ઈચ્છારામ અને સુવાસિનીનાં દુઃખનો પાર ન રહ્યો. બરહટ્ટાપુરમાં ધર્મદેવને સૌ સાધુ તરીકે ઓળખતા હતા. અયોધ્યામાં તેમને સૌ વિદ્વદશિરોમણિ તરીકે જાણતા હતા. સારા ઉત્તર પ્રદેશમાં ધર્મદેવની પ્રતિષ્ઠા મહાત્મા તરીકેની હતી. ધર્મના, જ્ઞાનના અનેક પ્રશ્નોના ઉકેલ માટે તેમની પાસે સૌ આવતા. પોતે પણ ધર્મનું મૂર્તસ્વરૂપ હતા. એટલે ધર્મપ્રસારણમાં રાચતા. આજે એ ધર્મ ગયા, પણ તેમની સુવાસ - તેમનું કાર્ય નહોતું ગયું. ઘનશ્યામે સૌને એ સમજાવ્યું : "દેહ તો જવાનો જ છે. પણ દેહના, મનના અને જીવના ધર્મ સદા પૃથ્વી ઉપર રહે છે. એ ધર્મને જે અંગીકાર કરે તે ધર્મકુળ !"

ધર્મદેવના મૃતદેહને ષોડશોપચારથી સ્નાન કરાવી, નવાં વસ્ત્રો ધારણ કરાવી, એક વિમાનમાં પધરાવ્યું. વિમાન ફૂલોથી સારી રીતે શણગાર્યું. સ્વજનો રામ-કૃષ્ણની ધૂન બોલતા હતા. એમ ભજન કરતા સૌ સરયૂકિનારે રામઘાટ ઉપર ગયા. ધર્મદેવના અવસાનના સમાચાર સાંભળી અયોધ્યા નગરીના કેટલાક પ્રતિષ્ઠિત લોકો, વિદ્વાનો પણ અહીં સીધા આવ્યા હતા. ધર્મદેવના અવસાનથી

---

૪૧. *પ્રોક્ષરૂપ પ્રત્યક્ષમે હોઈ જાવત હે લીન,*
એકમતિ હો જાતહિ, રહત નહિ ભિન્ન ભિન્ન.
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂ. ૧, તરંગ ૭૭-૪૦.

વિદ્વાનોને ન પુરાય એવી મોટી ખોટ લાગી. પછી ચંદન, તુલસી અને પીપળાનાં વૃક્ષનાં લાકડાંની ચિતા રચી વિધિપૂર્વક ધર્મદેવના દેહને તેમાં પધરાવ્યો. રામપ્રતાપભાઈએ અગ્નિસંસ્કાર કર્યો.

ઘનશ્યામ એક બાજુ મૌન સેવી ધ્યાનમગ્ન બેસી ગયા હતા. પિતાના અવસાનથી ઘનશ્યામની આ ઉદાસીનતા સૌને સહજ લાગી. એટલે તેમના એ ભાવમાં કોઈ વિક્ષેપ કરવા તેમની પાસે ગયા નહિ. ઘનશ્યામ હવે સંસારનાં બંધનથી મુક્ત થયા હતા. તેથી પૃથ્વી ઉપરના પોતાના પ્રાગટ્યના હેતુઓ સિદ્ધ કરવા વિચારમગ્ન બની ગયા હતા. તેમને માટે હવે માર્ગ મોકળો થયો હતો. ભાઈ, ભાભી કે સંબંધીઓનું બંધન તેમને હતું જ નહિ. માતા-પિતાને પોતાની દિવ્ય મૂર્તિનું દિવ્ય સુખ આપવા માટે જ તેમણે તેમનું બંધન સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું. આજે હવે તેમને મુમુક્ષુઓનો સાદ ગૂંગળાવતો હતો.

અગ્નિસંસ્કારનો વિધિ પૂરો થયો. રામપ્રતાપના અંતરમાં અતિ શોક હતો. આંખોનાં આંસુ અંતરમાં પ્રવેશ્યાં હતાં. છેલ્લી વિધિમાં શ્રીફળ અને ઘી ચિતામાં હોમ્યાં. દેહ ભસ્મીભૂત થયો એટલે સરયૂગંગાનાં નીરથી ચિતા ઓલવી. સૌએ સરયૂગંગામાં સ્નાન કર્યું. પછી સૌ રામ-કૃષ્ણની ધૂન બોલતાં ઘેર ગયા.

રામપ્રતાપ અને ઘરનાં સંબંધીઓએ તે દિવસે ઉપવાસ કર્યો. શ્રાદ્ધવિધિ દિવસ ઉપર સ્વજનોને તેડાવવા પત્રો લખ્યા. તેરમાને દિવસે વિધિપૂર્વક શ્રાદ્ધ કર્યું. બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા, દાન આપી રાજી કર્યા. સ્વજનો પણ સૌ જમ્યા. રામપ્રતાપની નાની ઉંમર છતાં વ્યવહારકુશળતા જોઈ સૌ રાજી થયા. ધીરે ધીરે સ્વજનો સૌ વિદાય લેવા લાગ્યાં.

ઘનશ્યામની ઉદાસીનતા

રામપ્રતાપને ઘનશ્યામની ઉદાસીનતાની ખબર હતી. તેથી ઘનશ્યામને તેઓ સદા રાજી રાખતા. તેમને એક ક્ષણ પણ દૂર જવા ન દેતા. ઘનશ્યામને બહાર જવું હોય તો પોતાના પુત્ર નંદરામ તથા નાના ભાઈ ઇચ્છારામને સાથે લઈ જવાનું અચૂક કહેતા. ઘનશ્યામને ઇચ્છારામ ઉપર બહુ જ પ્રેમ હતો. નંદરામ ઘનશ્યામને '*કાકા*' કહી વહાલથી સંબોધતા, પણ ઘનશ્યામને આ સંબોધન ગમતું નહિ. સુવાસિની ભાભી નંદરામ કરતાં ઘનશ્યામને અધિક સાચવતાં.

એક વાર તેમણે ઘનશ્યામને કહ્યું : "ઘનશ્યામ ! તમે ઉદાસ રહો છો, પણ જો જો અમને રઝળાવીને ક્યાંય જતા ન રહેશો."

ઘનશ્યામે તરત જ કહ્યું : "ભાભી ! મારો સંબંધ જેને થયો છે તેને હું કદી રઝળાવીશ નહિ."

આ સાંભળી ભાભી હસ્યાં. તેમણે તરત જ કહ્યું : "જેની સાથે સંબંધ થયો હોય તેને તો નહિ જ રઝળાવો તે તો અમેય જાણીએ છીએ. પણ અમનેય રઝળાવશો નહિ."

ઘનશ્યામે આ સાંભળી આછું સ્મિત કર્યું. જગતના રંગમાં જ રાચતી ભોળી ભાભીને મારી વાણીનો અર્થ શી રીતે સમજાય ? પણ ઘનશ્યામનું સ્મિત જોઈ ભાભીને સંતોષ થયો કે ઘનશ્યામ વિવાહ કરવા રાજી છે.

સુવાસિનીએ એક દિવસે રામપ્રતાપને કહ્યું : "હવે ઘનશ્યામનો વિવાહ કરી લઈએ. ઈટારના પાંડેની પ્રતિષ્ઠા છે તેથી લોકો કહેવરાવે છે. આપણે ક્યાં સુધી બધાને ના કહેવી ?"

આ સાંભળી રામપ્રતાપ વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે સુવાસિનીએ ઘનશ્યામનું મન પારખ્યું લાગે છે. ખંભારિયાના નિહાલ મિશ્રનું દબાણ તેમના ઉપર ઘણું હતું. તેર ગામના નિહાલ મિશ્રનું કુળ ઊંચું હતું. રામપ્રતાપે તરત નિહાલ મિશ્રને તેડાવવા માટે તે જ દિવસે પત્ર લખ્યો.

ઘનશ્યામના સ્વભાવથી રામપ્રતાપ પરિચિત હતા. તેઓ ક્યારેય કોઈનું માનતા નહિ. પોતે જે વાત લીધી હોય તે મૂકતા નહિ. જો રામપ્રતાપ ગુસ્સો કરતા, તો ઘનશ્યામ તરત જ કહી દેતા : "તો હું ઘર છોડીને ચાલ્યો જઈશ." આવું સાંભળી રામપ્રતાપને બીક લાગતી. તે તરત નરમ થઈ જતા.

ઇચ્છારામ ઘનશ્યામને વળગી પડતા અને ગળે વળગીને કહેતા : "ભૈયા ! તમે ચાલ્યા જશો પણ અમને સાથે લઈ જશો ને ?"

ઘનશ્યામ તેમને વહાલથી કહેતા : "મને સંભારશો તો જરૂર સાથે રાખીશ." ઇચ્છારામને સંતોષ થતો.

ખંભારિયાના નિહાલ મિશ્ર તેમની દીકરી ચંદ્રકળાને લઈને અયોધ્યા આવી ગયા. ઘનશ્યામને આ આગંતુક મહેમાનને જોઈ આશ્ચર્ય થયું. તે તરત જ ઘેરથી નીકળી ગયા. રામપ્રતાપને થયું કે નિરાંતે સમજાવીને વાત કરીશું. બપોરે જમવાનો સમય થયો પણ ઘનશ્યામ આવ્યા નહિ. રામપ્રતાપને ચિંતા થવા લાગી. પરંતુ મહેમાનને તો જમાડી લેવા પડે. તેથી તેઓ મહેમાનની સાથે જમવા બેસી ગયા. સુવાસિનીએ ચંદ્રકળાને જમાડી લીધી. પછી પોતે ઘનશ્યામની રાહ જોતાં ઘનશ્યામનું ભજન કરતાં બેઠાં.

સાંજે ઘનશ્યામ ઘેર આવ્યા ત્યારે સૌને શાંતિ થઈ. સુવાસિનીએ તરત જ રસોઈ ગરમ કરી અને ઘનશ્યામને જમવા બેસાર્યા. ઘનશ્યામનું મન હવે ઘરમાંથી ઊઠી ગયું હતું. થોડું જમ્યા. જમતાં જમતાં તેમણે કહ્યું : "ભાભી ! તારા હાથની આ છેલ્લી રસોઈ જમું છું."

ભાભીએ તરત જ હસતાં હસતાં કહી દીધું : "હજી વિવાહ તો થયો નથી ને આજથી ભાભીનો સંબંધ છોડ્યો ?"

ઘનશ્યામને આ સાંભળી ભાભીની દયા આવી. સંસારી જીવમાં આવી જ ભાવના ઊંડે ઊંડે ખૂંતેલી હોય છે. આવા સંસારી જીવોની મુક્તિ માટે જ તેમનું પ્રાકટ્ય હતું. ભાભીને આ કેમ સમજાવવું ? પણ હવે સમય નજીક આવી ગયો છે. તેમને થયું કે ભાભી આંસુ સારતી મને સંભારશે તેમાં જ એનું કલ્યાણ છે. ઘનશ્યામે હાથ ધોયા. ભાભી ઉપર એક સૂચક દૃષ્ટિ નાખી અને પોતાના ઓરડામા ગયા.

ઘનશ્યામની પાછળ જ રામપ્રતાપ આવ્યા. તેમણે કહ્યું : "ઘનશ્યામ ! ખંભારિયાથી નિહાલ મિશ્ર આવ્યા છે તેમને મળ્યા ?"

ઘનશ્યામે તરત જ કહ્યું : "મારે મળવું નથી. તે જે કાર્ય માટે આવ્યા છે, તે કામ બને તેમ નથી."

આ સાંભળી રામપ્રતાપભાઈને આઘાત લાગ્યો. તેમણે ઘનશ્યામના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું : "અરે, ઘનશ્યામ ! આજે આવું કુળ જડે તેમ નથી. નાદાનીમાં ના કહો છો પણ પછી પસ્તાવું પડશે."

ઘનશ્યામને આ વાત ઝાઝી લંબાવવાની ઇચ્છા ન હતી. તેમણે તરત જ કહી દીધું : "ભૈયા ! હું નાદાનીમાં ના નથી કહેતો. હું સમજીને ના કહું છું. મારો એ માર્ગ નથી. મારું કાર્ય તો અનંતને એ માર્ગેથી ઉગારવાનું છે."

રામપ્રતાપને ઘનશ્યામ હજુ નાદાન લાગ્યા. પિતાનો ઉપદેશ વીસરી ગયા. વ્યવહારની મોહજાળમાં બ્રહ્મજ્ઞાનના શબ્દો ભૂંસાઈ જાય છે. તેમણે ઘનશ્યામને ફરી સમજાવ્યા : "ઘનશ્યામ ! તમે હજુ નાના છો એટલે આવું બોલો છો. જુવાની આવશે ત્યારે જુવાનીનું જોર તમને મૂંઝવશે; માટે હમણાં અમારું માનો."

ઘનશ્યામ આ સાંભળી હસ્યા. દેહ ને દેહના ભાવથી, દેહની અવસ્થાથી પર, સદા અજન્મા એવા આ પૂર્ણ પુરુષોત્તમના દિવ્ય સ્વરૂપમાં આ કેવો મનુષ્યભાવ ! ભગવાન તો મનુષ્યનું કલ્યાણ કરવા મનુષ્ય સદૃશ થાય છે. પણ

જીવને ભગવાનનુ સ્વરૂપ ઓળખવા પોતાનો જીવભાવ મૂકતો ન જોઈએ ? પણ એ જ્ઞાન અત્યાર સુધી ક્યાં પ્રવર્ત્યું હતું ?

ઘનશ્યામે તરત જ કહી દીધું : "ભૈયા ! એ બધા ખ્યાલો છોડો, એ વાત કદી બનવાની નથી."

રામપ્રતાપને લાગ્યું કે ઘનશ્યામ હઠીલા છે. હમણાં તે હઠ મૂકશે નહિ માટે કાલે વાત. તે તરત ઘનશ્યામના ઓરડામાંથી નીકળી ગયા.

ઘનશ્યામ હવે એકલા પડ્યા. વિચારે ચડી ગયા. જગતમાં હજુ સુધી ન સ્થપાયેલી, જેનો અણસાર પણ ભારતના વેદકાલીન ઋષિમુનિઓથી માંડી અર્વાચીન સમયના કોઈ માંધાતાને હજુ સુધી આવ્યો ન હતો, જે પ્રકૃતિથી સદા પર છે, તે બ્રહ્મવિદ્યાનું મારે સ્થાપન કરવું છે. તે માટે મારા અક્ષરધામને, અક્ષરમુક્તોને અને દિવ્ય ઐશ્વર્યને હું સાથે લાવ્યો છું. તે બધા મારી વાટ જોતા હશે. પ્રકૃતિના કાર્યમાંથી પ્રગટ થયેલાં આગળનાં સ્વરૂપો પ્રકૃતિથી પર એવી દિવ્ય બ્રહ્મવિદ્યાના ભોમિયા ન હતા. તેથી પ્રકૃતિનું તમ, સામ્યાવસ્થારૂપી માયા, કોઈ ઉલ્લંઘી શક્યા નહિ. અક્ષરધામ સૌને અગમ્ય રહ્યું. આજે હવે અક્ષરધામની વાટ વહેતી મૂકવી છે. જ્ઞાની-અજ્ઞાની, જાત-કુજાત કાંઈ જોવું નથી.

ગૃહત્યાગ

પૃથ્વી ઉપર ભાગવત ધર્મના સ્થાપનના ઇતિહાસનો મંગલમય પ્રારંભ આજથી શરૂ થયો. તત્ત્વજ્ઞાનમાં એક નવીન દર્શન આપવાનો પ્રારંભ પણ આજે થયો. પરબ્રહ્મ પરમાત્મા સદા સાકાર જ છે એ રહસ્યના સ્પષ્ટ નિર્દેશનો પ્રારંભ પણ આજે થયો. સનાતન અક્ષરધામની વાટ બ્રહ્માંડના સર્જનથી તે પુરુષોત્તમના પ્રાકટ્ય સુધી પ્રકૃતિના કાળમીંઢ અંધારાએ રોકી રાખી હતી તે હવે સદાને માટે આજથી મોકળી થઈ. એ 'આજ'ની મંગળમય તિથિ હતી આ.સં. ૧૮૪૯ના અષાઢની શુક્લ દશમી, વાર હતો શુક્ર.[૪૨]

આ મંગલમય દિવસના બ્રાહ્મમુહૂર્તથી પણ થોડા વહેલા ઘનશ્યામ જાગ્યા. ઘનશ્યામ વિશ્વમાં સુષુપ્ત પડેલી ચેતનાને જાગ્રત કરવા કટિબદ્ધ થઈ

---

૪૨. અયોધ્યામાં દ્વેષી મલ્લોએ કુસ્તીનું આહ્‌વાન આપતાં ઘનશ્યામે કુસ્તી કરી તેમને હરાવ્યા. આથી મલ્લોએ રામપ્રતાપભાઈને ફરિયાદ કરી. ઘનશ્યામે કહ્યું : "હવે ફરિયાદ નહિ આવે." આ નિમિત્તને આશરીને પણ ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો એવો પણ ઉલ્લેખ છે. – સ્વામિનારાયણ ચરિત્રરત્નાકર; પૃ. ૩૩૪.

ગયા છે. સ્નાનના મિષે સરયૂની વાટ પકડી. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલકને મધ્યે કુંકુમનો ગોળ ચાંદલો શોભી રહ્યો છે. શિર પર જટા બાંધી મુગટની શોભા ધારણ કરી છે. વસ્ત્રમાં કેવળ કૌપીન અને તે ઉપર ધોતિયું જ પહેર્યું છે. હાથમાં તુંબીપાત્ર અને જળગળણું લીધાં છે. ગળામાં તુળસીની કંઠી છે. સાથે શાલિગ્રામ – બાલમુકુંદનો બટવો શોભી રહ્યો છે. હાથમાં પલાશનો દંડ ગ્રહણ કર્યો છે. ખભા ઉપર પોતે જ શોધીને તૈયાર કરેલો સત્શાસ્ત્રનો ગુટકો ભરાવ્યો છે. લાંબી વાટની મજલ છે, છતાં પરિગ્રહનો કોઈ સંકલ્પ નથી. બૃહદ્ વૈરાગ્યના મૂર્તસ્વરૂપ ઘનશ્યામના અંતરમાં હવે મુમુક્ષુઓને ભેટવાની ત્વરા અને આનંદ છે. ઘરમાં સૌને તેમની ઈચ્છાથી જ નિદ્રાનું ધારણ વળી ગયું છે.

પૌગંડાવસ્થા અને કિશોરઅવસ્થાની અનેક દિવ્ય લીલાથી તીર્થમય બની ગયેલા પરમ પુનિત ધામરૂપી ઘરને તેમણે છેલ્લા નમસ્કાર કર્યા. ભવિષ્યમાં યાત્રિકો અહીં આવી પોતાની દિવ્ય લીલાની સ્મૃતિ કરશે. તેમનું કલ્યાણ કરવાનો તેમણે સંકલ્પ કર્યો. અયોધ્યાનાં મંદિરો કનકભવન, સ્વર્ગદ્વાર, જન્મ-સ્થાન, સુગ્રીવટીલા, હનુમાનગઢી પોતાના પાદસ્પર્શથી નવીન તીર્થત્વ પામ્યાં છે. અયોધ્યા નગરીના રાજમાર્ગો, મલ્લના અખાડા, સરયૂગંગાનો પવિત્ર તટ – આ તમામ સ્થળોમાં પોતે વિચર્યા, તે ભૂમિને પાવન કરી નવું તીર્થત્વ આપ્યું. તે તીર્થોનું પોતાની સ્મૃતિ સહિત જે યાત્રિકો દર્શન કરશે તેમનું આત્યંતિક કલ્યાણ કરવાનો મહામોટો સંકલ્પ આજે તેમણે કર્યો. આજે સમગ્ર વિશ્વના આધ્યાત્મિક ક્ષેત્રે ઉચ્ચતમ અને અલૌકિક ગણાતું ઘનશ્યામનું પ્રસ્થાન શરૂ થયું.

ઘનશ્યામ મહાપ્રભુએ ગૃહત્યાગ કર્યો. તેમનાં ધીમાં પણ નિશ્ચયાત્મક ડગલાં તેમના અંતરમાં રહેલી અધર્મના ઉચ્છેદની અને શુદ્ધ ભાગવત ધર્મના સ્થાપનની ઉત્કટ ઈચ્છા બતાવતાં હતાં. પાછળ દૃષ્ટિ કરીને જોતા પણ નથી. ભાઈ-ભાભી કે સ્વજનના વિયોગનો અંતરમાં વિચાર નથી. અપાર આનંદથી અંતર ઉછાળા મારે છે. ઘનશ્યામ હવે ઘનશ્યામ મટી બૃહદ્ વૈરાગ્યના સ્વરૂપરૂપ નીલકંઠ વર્ણી બને છે.

આથમતા ચંદ્રના ઝાંખા અજવાળામાં નીલકંઠ વર્ણી અયોધ્યા નગરીના એક પછી એક માર્ગો પસાર કરે છે. વિષ્ણુના કપાળના સ્થાનરૂપ ગણાતી અયોધ્યા નગરી આજે ઉજ્જડ બની રહી હતી. રામના વનવાસનો વિરહ તો ચૌદ વર્ષ રહ્યો પણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી નીલકંઠ વર્ણી તો અયોધ્યાનો સદાને માટે ત્યાગ કરતા હતા. કાળો અંચળો પહેરીને બેઠેલી નિસ્તેજ વિધવા

સમી અયોધ્યા નગરી આજે દેખાતી હતી ! કોઈ કોઈ ઘરમાંથી બહાર આવતું ઝાંખું અજવાળું વાતાવરણને ગૂંગળાવતું હતું. ગાઢ નિદ્રામાં ભૂંડાં સ્વપ્ન દેખીને બી ગયેલ કોઈકની કાળી ચીસ સંભળાતી હતી. પરંતુ સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન નિઃશંક નીલકંઠ વર્ણી એક પછી એક શેરી વટાવતા જતા હતા. ત્યાં તેમને વેદપાઠી બ્રાહ્મણોના ધીમા પણ મધુર ગીતાપાઠના પ્રાતઃસૂરો સંભળાયા. નીલકંઠ એકાએક થંભી ગયા :

सर्वस्य चाहं हृदि संनिविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ॥

– ભગવદ્‌ગીતા; અ. ૧૫-૧૫

"સર્વના હૃદયમાં હું જ રહ્યો છું. સર્વને જ્ઞાન અને સ્મૃતિ આપનારો હું જ છું તેમજ તે હરી લેનાર પણ હું જ છું. સર્વ વેદોથી જાણવા યોગ્ય મારું સ્વરૂપ જ છે અને સર્વ વેદોનો જાણનાર પણ હું જ છું."

નીલકંઠ વર્ણી સરયૂતટે પહોંચ્યા. રોજના સમય કરતાં ઘણા વહેલા છે એટલે માણસની અવરજવર દેખાતી નથી. પરંતુ તેમની પાછળ જ એક ભીમકાય પુરુષ આવતો તેમને દેખાય છે. સર્વનાં અંતરને, સર્વની ક્રિયાને હસ્તામલકવત્ દેખતા નીલકંઠથી કાંઈ જ અજાણ્યું નથી. છતાં દરેકને પોતપોતાનાં કર્માધીન કર્મો કરવા પ્રેરતા નીલકંઠ તે ભીમકાય પુરુષને જોઈ ઊભા રહ્યા. પાછળ આવતા પુરુષે નીલકંઠને પૂછ્યું : "તારે સરયૂ નદી પાર કરવી છે ?"

નીલકંઠે ફક્ત ડોકું હલાવ્યું. ઘોઘરા અવાજે તેણે ફરી કહ્યું : "તું મારી સાથે ચાલ. હું તને સરયૂ પાર કરાવી દઈશ."

નીલકંઠે કહ્યું : "તમે આગળ ચાલો. મારે તમારી મદદની જરૂર નથી."

આ સાંભળી પેલો ચિડાયો. તે પાછો ફર્યો અને નીલકંઠને બે હાથે પકડી ઊંચા કર્યા. નીલકંઠની ઇચ્છાથી જ તે ત્યાં આવ્યો હતો. તેથી નીલકંઠ એ જ સ્થિતિમાં સ્વસ્થ રહ્યા. તેમને તો સરયૂમાં ઝંપલાવવું જ હતું. પરંતુ આસુરી ભાવનાવાળા તે પુરુષને નિમિત્ત બનાવી તેને તેનાં કર્મોનું ફળ આપવું હતું. તે દોડ્યો. સરયૂના પહોળા પટમાં પાણીના ભયંકર લોઢ ઊછળતા હતા. અનેક જળચર પ્રાણીઓને સંઘરતી સરયૂ આજે જાણે વિનાશનું તાંડવ ખેલતી હોય તેવી ભયંકર દેખાતી હતી. ભલભલાની છાતી સરયૂનું આ વિકરાળ સ્વરૂપ જોઈ થંભી જતી. અસુરને સરયૂનું આ સ્વરૂપ જોઈ આનંદ થયો. નીલકંઠ આજે સરયૂ

નદીના આ પ્રવાહમાં અટવાઈને ખતમ થઈ જશે તે વિચારથી તેણે અટ્ટહાસ્ય કર્યું. એક નાનકડા બાળકે પોતાની વિડંબના કરી ! આજે તેનું ફળ તેને ચખાડું છું. રામઘાટ સુધી તે નીલકંઠને એમ ને એમ પકડીને દોડ્યો. રામઘાટ પાસે આવીને તેણે નીલકંઠને જોરથી સરયૂના પ્રવાહમાં ફેંક્યા અને ફરી તેણે અટ્ટહાસ્ય કર્યું !

આ પડઘો અયોધ્યાની શેરીએ શેરીએ સંભળાયો. જાણે ધરતીકંપ થયો હોય તેવી વિકરાળ ગર્જનાથી અયોધ્યા નગરી ધણધણી ઊઠી. એ જ વખતે પ્રચંડ વાવાઝોડું શરૂ થયું. તે ભીમકાય પુરુષ હર્ષના ઉન્માદમાં ઘેલો થઈ પાછો ફર્યો. એ જ અવસ્થામાં વિકળ બની આમતેમ દોડતો તે એક ઝાડ સાથે અથડાયો અને તે જ વખતે વાવાઝોડાના વેગથી પ્રચંડ કડાકો કરી તે ઝાડ તૂટ્યું અને ત્યાં જ તેનો છેલ્લો શ્વાસ ઘૂંટાયો.

નીલકંઠ વર્ણીના સ્પર્શથી સરયૂને સાન આવી ગઈ. તેના પ્રવાહનો ઉન્માદ શાંત પડી ગયો. નવપરિણીત નારીની લજ્જાભરી ચાલને પણ શરમાવે તેવી તેની ગતિ બની ગઈ. નીલકંઠ તો યોગઐશ્વર્યથી સરયૂના પહોળા પટમાં આગળ વધવા લાગ્યા. પૂર્ણ પુરુષોત્તમના સંપૂર્ણ આશ્લેષથી સૌભાગ્ય માનતી સરયૂ જાણે નીલકંઠના બાહુમાં સમાઈ ગઈ હોય એવી નાની બની ગઈ.

સૂર્યોદય પછીના થોડા સમયે નીલકંઠ ઉત્તર તરફના કિનારે અયોધ્યાથી બાર ગાઉ દૂર આવી પહોંચ્યા. પૂજાના શાલિગ્રામનો બટવો કંઠમાં બાંધેલો તે જ ફક્ત રહ્યો. તુંબીપાત્ર, મૃગચર્મ પાણીમાં તણાઈ ગયાં. અહીં પહોંચી એક ઝાડ નીચે નીલકંઠ વર્ણી બિરાજ્યા.

વિયોગનો ઉન્માદ

અસુરના અટ્ટહાસ્યથી અયોધ્યાની ધરતી ધણધણી ઊઠી. તેમાં પણ તૂટી પડેલા વૃક્ષના કડાકાથી જાણે ધરતીકંપ થયો હોય એવો મહાઉન્માદ અયોધ્યામાં વ્યાપી ગયો. પ્રચંડ વાવાઝોડું શરૂ થયું. મંદિરોમાં મંગળા આરતીના ઘંટનાદના તાલ એકાએક તૂટ્યા અને જોરથી આમતેમ ઘંટ અફળાવા લાગ્યા. કૂતરાં અને શિયાળના ભયાનક રુદનની કિકિયારી સંભળાવા લાગી. આખી અયોધ્યા નગરી જાગી ગઈ.

રામપ્રતાપ એકદમ પથારીમાં બેઠા થઈ ગયા : ''આ શું સંભળાય છે ? ધરતીકંપ થયો ? ઘનશ્યામ ! ઘનશ્યામ !'' એકદમ બેબાકળા તે ઊભા થઈ

ગયા. સુવાસિની પણ જાગી ગયાં. ઈચ્છારામ, નંદરામ પણ ભયભીત બની ગયા.

રામપ્રતાપે ફરી બૂમ મારી : "ઘનશ્યામ ! ઘનશ્યામ !"

તેઓ ઘનશ્યામના ઓરડામાં ગયા પણ ઓરડો ખાલી હતો. ઘનશ્યામની તમામ વસ્તુઓ જેમની તેમ ત્યાં પડી હતી. અંધારામાં અટવાતા રામપ્રતાપે ફરી જોરથી બૂમ મારી : "ઘનશ્યામ !" ત્યાં તો વીજળીનો કડાકો થયો, આકાશ ગર્જી ઊઠ્યું અને મુશળધાર વરસાદ પડવો શરૂ થયો.

સુવાસિની રામપ્રતાપની પાછળ દીવો લઈને આવ્યાં. ઘનશ્યામ ન હતા, તેમનું તુંબીપાત્ર ન હતું, તેમનો ગુટકો ન હતો, પૂજાના શાલિગ્રામ અને બાલમુકુંદ ન હતા. બીજું બધું હતું પણ ઘનશ્યામના નિત્ય સંગાથી એવા આ ત્રણ ત્યાં ન હતા. રામપ્રતાપને ફાળ પડી. ઘનશ્યામ ક્યાં ? તેમણે બૂમ મારી અને સુવાસિનીના હાથમાંથી દીવો પડી ગયો. તે બેભાન થઈ ધરતી ઉપર પડી ગયાં. ઈચ્છારામ અને નંદરામ રડવા લાગ્યા. રામપ્રતાપથી આ સહન ન થયું. ઘનશ્યામને બોલાવવા તેમણે ફરી જોરથી સાદ કર્યો : "ઘન... શ્યા... મ..." અને એ પ્રચંડ અવાજ સાંભળી બરહટ્ટાપુરના વાસીઓ ત્યાં દોડી આવ્યા. રામપ્રતાપ મૂર્છિત થઈને ત્યાં ઢળી પડ્યા.

ઘનશ્યામની શોધ સૌ કરવા લાગ્યા. ઘનશ્યામના મિત્રો પણ ત્યાં આવ્યા. સૌ પૂછવા લાગ્યા : "ઘનશ્યામ ક્યાં ગયા ? ક્યારે ગયા ?" પણ તેનો ઉત્તર કોણ આપે ? સુવાસિની અને રામપ્રતાપ તો મૂર્છાઅવસ્થામાં પડ્યાં હતાં. નંદરામ અને ઈચ્છારામ રડતા હતા. સૌએ આસપાસ તપાસ શરૂ કરી. એટલામાં ઘનશ્યામના સખા, જેમની સાથે તેઓ રોજ સરયૂસ્નાન કરવા જતા હતા તે, તેમને બોલાવવા આવ્યા. પણ અહીં તો રડારોળ થતી હતી. તેમને બધી ખબર પડી ગઈ.

તેઓ તરત જ જ્યાં જ્યાં ઘનશ્યામ જતા, ત્યાં તપાસ કરવા નીકળી પડ્યા. પાસે ઊભેલા નિકટના સ્વજનો રામપ્રતાપ અને સુવાસિની પાસે બેઠા. તેમના શરીર ઉપર ધીમેથી હાથ ફેરવતાં, તેમને પવન નાખતાં, ધીરેથી તેઓ તેમને બોલાવતા હતા. ધીરે ધીરે રામપ્રતાપ જાગ્યા. પણ તરત જ તેમણે પૂછ્યું : "ઘનશ્યામ આવ્યા ?"

સૌએ આશ્વાસન આપ્યું. પણ રામપ્રતાપ રડવા લાગ્યા. એટલામાં સુવાસિની પણ સ્વસ્થ થતાં દેખાયાં. તે જ અવસ્થામાં તે "ઘનશ્યામ ભૈયા ! તમે ક્યાં ગયા ? ભાભીને રઝળાવીને, ભાઈને છોડીને, ઘનશ્યામ ! તમે ક્યાં

જતા રહ્યા ?" એટલું બોલતાં તો સુવાસિની ભાભી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. નંદરામ તેમને ગળે વળગી પડ્યાં. ઇચ્છારામ પણ રડતાં રડતાં રામપ્રતાપ પાસે બેસી ગયા.

એટલામાં સુવાસિનીએ રામપ્રતાપ સામું જોયું. રડતાં રડતાં તેમણે કહ્યું : "બેસી શું રહ્યા છો ? ઊઠીને તપાસ તો કરો. ઘનશ્યામ વિના જિવાશે કેમ ?"

રામપ્રતાપ બેઠા થયા. તેમનું હૈયું ભાંગી ગયું હતું. શરીરમાં ઊઠવાની તાકાત રહી ન હતી. સુવાસિનીની પાસે આવીને ઇચ્છારામે પૂછ્યું : "ભાભી ! ભૈયા ક્યારે આવશે ?"

ભાભી તરત જ રડી પડ્યાં : "બેટા ! ઘનશ્યામ ભૈયા નિર્દય થઈને ચાલ્યા ગયા. દાદાએ કહ્યું હતું : 'ઘનશ્યામને સાચવજો, તે નિઃસ્પૃહ છે, વૈરાગ્યવાળા છે, ભગવાન છે, પણ ભગવાનપણું તમને દેખાડશે નહિ. તેની સેવા કરજો અને તેને રાજી રાખજો. તમારું કલ્યાણ થઈ જશે.' દાદાના આ શબ્દો હું અભાગણી ભૂલી ગઈ. ઘનશ્યામને હું સાચવી ન શકી." એટલું બોલતાં તો સુવાસિનીની આંખોમાંથી આંસુની ધારા ચાલી.

એટલામાં ઘનશ્યામના સખા ત્યાં આવ્યા. સુવાસિનીએ તરત જ તેમને પૂછ્યું : "ઘનશ્યામ મળ્યા ?"

"ના દીદી ! ઘનશ્યામની અમે બધે તપાસ કરી, સરયૂઘાટે, મંદિરોમાં, મલ્લના અખાડામાં બધે જ જોઈ આવ્યા પણ ઘનશ્યામ ક્યાંય નથી."

અને આ સાંભળી દીદીનું હૈયું હાથ ન રહ્યું.

એ જ અસ્તવ્યસ્ત સ્થિતિમાં સુવાસિની ઊઠ્યાં. તેમની બાવરી દશા જોઈ સ્વજનોને લાગ્યું કે આઘાતથી તેમનું ચિત્ત ભ્રમી જશે. તેમણે તેમને ટેકો આપ્યો. પણ ત્યાં તો સુવાસિની દોડતાં ઘરની બહાર નીકળ્યાં : "ઘનશ્યામ ભૈયા ! ઘનશ્યામ ભૈયા..." તે આગળ બોલી ન શક્યાં. ત્યાં જ પડી ગયાં ! તૂટક તૂટક શબ્દો સંભળાવા લાગ્યા : "ઘનશ્યામ ! આ અભાગણી ઉપર દયા લાવીને પણ ઘેર આવો. તમે આવા નાના બાળ ! વનમાં ક્યાં ફરશો ? કોણ તમને જમાડશે ? કોણ તમારી સંભાળ લેશે ? વાઘ, વરુ, સર્પ, નોળિયો તમને પજવશે."

એકાએક ચિત્તભ્રમ થયો હોય તેમ તેમણે અટ્ટહાસ્ય કર્યું : "પણ... હા, તમે તો ભગવાન છો, એટલે જ હેત વિસારી દીધું, અમારો ત્યાગ કર્યો."

સુવાસિનીના આ અસંબદ્ધ શબ્દો સાંભળી તેમની અસ્વસ્થતાનો સૌને ખ્યાલ આવી ગયો. તેમના અંતરમાંથી દુઃખનો ઊભરો શબ્દ વાટે બહાર નીકળી

જશે તો જ તે સ્વસ્થ થશે એમ જાણી કોઈએ તેમને વાર્યાં નહિ. સુવાસિની તો બોલ્યે જ જતાં હતાં : "મારા લાલ ! મા તો તમને મને સોંપી ગયાં હતાં પણ માનો પ્રેમ હું તમને ન આપી શકી." આટલું બોલતાં સુવાસિની જાણે થાકી ગયાં હોય તેમ તેમણે ઊંડો નિઃશ્વાસ નાખ્યો. આંખોમાં આંસુ પણ સુકાઈ ગયાં. લમણે હાથ દઈને ઘડી ઘડી પૂછે છે : "ઘનશ્યામના કાંઈ સમાચાર આવ્યા ?" પણ બધાંને સૂનમૂન બેઠેલાં જોઈ ફરી નિસાસા નાખે છે. ઘનશ્યામના વિયોગથી અંતરની વરાળ ઊના શ્વાસરૂપે બહાર આવે છે.

રામપ્રતાપ અન્ય સ્વજનોને લઈને અયોધ્યામાં ઘનશ્યામને શોધવા ગયા હતા તે પણ પાછા આવ્યા. તેમને શૂન્યમનસ્ક જોઈ સુવાસિનીનું અંતર ભાંગી ગયું. ઘનશ્યામની કમનીય મૂર્તિ, કોમળ શરીર, અણીદાર નાસિકા, તેના વામ ભાગમાં તિલ, કપાળમાં ઊર્ધ્વપુંડ્રના આકારની ઉન્નતરેખા, ઊપડતી છાતી, ઊંડી અને ગોળ સુંદર નાભિ, સાગર સમાન ગંભીર ઉદર, સુકોમળ કંકુવર્ણાં ચરણારવિંદ, તેમાં રહેલી ઊર્ધ્વરેખા – ઘનશ્યામની સમગ્ર મૂર્તિ નખથી શિખા પર્યંત સુવાસિનીની દૃષ્ટિ સામે તરી આવી. તેમની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. ખૂબ જ ઝડપથી ઘનશ્યામના જ વિચારોના વમળમાં તદ્રૂપ બનેલું તેમનું ચિત્ત સમાધિસ્થ થઈ ગયું. તે ત્યાં જ ઢળી પડ્યાં. સૌને લાગ્યું કે સુવાસિનીએ છેલ્લો શ્વાસ લીધો. પણ તેમની નાડી તપાસતાં જણાયું કે નાડી ચાલે છે. થોડી વારમાં તો તેમના મુખ ઉપર હાસ્ય ફરક્યું. બે હાથ જોડીને નમસ્કાર કરતી હોય તેવી ચેષ્ટા જોઈને તેને ચિત્તભ્રમ થઈ ગયો છે તેવું સૌએ નક્કી કરી લીધું. પછી તો તે ઊઠી, જાગ્રત થઈ અને તેમના મુખ ઉપર કોમળ હાસ્ય પથરાઈ ગયું. સૌને આશ્ચર્ય થયું. ઘડીએકમાં આ શો ફેરફાર ?

"તમે જાઓ છો ઘનશ્યામ ? જાઓ, મારા લાલ ! તમે તો ભગવાન છો. તમે જાઓ છો દૂર દૂર, લાખો મુમુક્ષુઓનાં કલ્યાણ કરવા. હનુમાનજી તમારાં ખબર આપવા આવશે." સુવાસિની બોલ્યે જ જતી હતી. આવા અસંબદ્ધ શબ્દો, અકારણ હસવાનું, આવી ચેષ્ટા જોઈને ત્યાં બેઠેલા સૌને લાગ્યું કે નક્કી સુવાસિનીને ચિત્તભ્રમ થઈ ગયો છે. રામપ્રતાપ તેની પાસે આવ્યા. તેને જોઈ સુવાસિનીએ કહ્યું : "ઘનશ્યામ, ઘનશ્યામ શું કરો છો ? જો હેત હોય તો તેની પાછળ જાઓ. તે તો ભગવાન છે, કલ્યાણ કરી દેશે."

રામપ્રતાપને આશ્ચર્ય થયું. તેણે તરત જ કહ્યું : "ઘનશ્યામ ભગવાન હશે તો તે જ્યાં હશે ત્યાંથી મને બોલાવશે ને મારું કલ્યાણ કરશે."

સુવાસિનીની સ્થિરતાથી સૌને લાગ્યું કે હવે બધાં સ્વસ્થ થઈ ગયાં છે. ધીરે ધીરે સૌ વિખરાવા લાગ્યાં : "શાંતિ રાખજો. આપણે હમણાં તૈયાર થઈને ઘનશ્યામને શોધવા નીકળીએ છીએ."

સૌ ગયા પછી સુવાસિનીએ રામપ્રતાપને કહ્યું : "ઘનશ્યામ કાંઈ આપણા એકલાના નહોતા તે ઘરમાં બેસી રહે. તે તો આખા વિશ્વના છે. મને તેમણે કહ્યું : "ભાભી ! મારું ભજન કરીશ તો તને સુખી કરી દઈશ. હું તો મુમુક્ષુઓનું કલ્યાણ કરવા જાઉં છું. હનુમાનજી મારા સમાચાર તમને આપી જશે. તમો દુ:ખી થશો નહિ. મને સંભારજો અને ભજન કરજો."

રામપ્રતાપ સ્થિર મને બધી વાત સાંભળતા હતા. ઈચ્છારામ અને નંદરામ પણ ડાહ્યા બની આ બધી ન સમજાય તેવી ગૂઢ વાતો ધ્યાનથી સાંભળતા હતા. ત્યાં સુવાસિની બોલી : "પણ ઘનશ્યામ આપણા રહ્યા નહિ, આપણે તેમને રાખ્યા નહિ, આ અયોધ્યા નગરીએ એવું વહાલ ન કર્યું, આ પરગણાએ તેમને ઓળખ્યા નહિ. આ દેશ પણ ઘનશ્યામના દિવ્ય સ્વરૂપથી સાવ અજ્ઞાત રહ્યો. સૌનાં અવળાં ભાગ્ય થઈ ગયાં !" એટલું કહીને સુવાસિની પાછાં રડવા લાગ્યાં.

આષાઢની શુક્લની દશમીના સવારનો સૂર્ય આ ગૃહત્યાગના શોકમય વાતાવરણથી નિસ્તેજ બની આકાશમાં ઊંચે આવ્યો હતો. કોઈએ હજુ શૌચવિધિ કર્યો ન હતો. સુવાસિની થોડી વારે સ્વસ્થ થયાં. ઘનશ્યામને સંભારતાં અશ્રુ સારતાં સવારનો વિધિ કરવા તે ઊભાં થયાં.

ઉદ્ગીથ ૭



દિવ્ય વનવિચરણ

(આ.સં. ૧૮૪૯, ઈ.સ. ૧૭૯૨)

धर्मं संस्थापयन् यो वनगमनपरः संस्तुतो देवसङ्घैः
प्राप्तोऽरण्यं निशायां पवनसुतसमालोकितस्वप्रतापः ।
शैलेन्द्रादिष्टमार्गो वनभुवि पुलहस्याश्रमं प्राप्य सूर्य-
श्लाघामूलं तपस्तन्निरुपममतनोत्स श्रियैस्ताद्धरिर्नः ॥

અર્થ : એકાંતિક ધર્મનું સ્થાપન કરવા પ્રકટ થયેલા શ્રીહરિ વનગમન કરવાનો નિશ્ચય કરી નીકળ્યા હતા, જેમની બ્રહ્માદિક દેવોએ સ્તુતિ કરી હતી, જેમણે અરણ્યમાં પવનપુત્ર હનુમાનજીને પોતાનો પ્રતાપ બતાવ્યો હતો અને ગિરિરાજ હિમાદ્રિએ જેમને વનભૂમિમાં માર્ગ બતાવ્યો હતો. પુલહાશ્રમમાં સૂર્યની શ્લાઘા કરવા માટે જ જેમણે તીવ્ર તપ કર્યું હતું એ સાક્ષાત્ શ્રીહરિ અમારું કલ્યાણ કરો.

– શ્રીહરિદિગ્વિજય; ઉલ્લાસ : ૧૩

✧

સ્વજનોને મારા કુશળ સમાચાર આપજો

નીલકંઠ વર્ણીને આજે સુવાણ થઈ. લૌકિક બંધનોથી મુક્ત થઈ ગયા. શાલિગ્રામ અને બટવા સિવાય બીજી સામગ્રીથી પણ મુક્ત થઈ ગયા. બ્રહ્મદશામાં મસ્ત બની તેઓ સરયૂને કિનારે કિનારે ચાલવા લાગ્યા. અડવાણે પગે કાંટા-કાંકરા વાગે છે. પરંતુ દેહાતીત દશામાં વર્તતા નીલકંઠ આષાઢના ઘનઘોર મેઘની ગર્જના સાથે મલ્હારના સૂરમાં ઘેરે રાગે ગાતાં આગળ ચાલવા લાગ્યા. પોતાના કંઠની સાંકળના ત્રણ કટકા કરતા મોરલાના 'ગેહૂક ગેહૂક' સ્વરો, બપૈયાનાં મીઠાં ગાન અને ચારે તરફ પ્રસરેલી લીલી વનરાજીથી પ્રકૃતિ જાણે નીલકંઠને આવકારવા નવીન સૌંદર્ય ધારણ કરીને ઊભી હોય તેવી

શોભતી હતી, પણ નીલકંઠ સ્વસ્વરૂપમાં જ મસ્ત હતા. મેઘમલ્હારના સૂરોની કંઠમાં જમાવટ કરીને પગલે પગલે મેઘગર્જનાને તાલ દેતાં નીલકંઠ આગળ ને આગળ ચાલ્યા જાય છે.

નીલકંઠ વર્ણી લગભગ બે કોસ ચાલ્યા હશે ત્યાં એક મોટો વડ તેમણે જોયો. તેમને થયું કે અહીં આજે વિશ્રાંતિ કરીએ. વડ નીચે પદ્માસન વાળીને તેઓ બિરાજ્યા. વર્ણી જ્યારે ધ્યાનમાંથી જાગ્યા, ત્યારે તેમણે હનુમાનજીને સામે બેઠેલા જોયા. તેમના સામું જોઈ હસીને વર્ણીએ પૂછ્યું : "તમે ક્યારના આવ્યા છો ?"

હનુમાનજીએ કહ્યું : "મહારાજ ! આપનાં નિત્ય દર્શન કરવાનો મારો નિયમ છે. તે નિયમ અનુસાર આજે અયોધ્યામાં આપને ઘેર ગયો પણ આપ ત્યાં ન હતા તેથી સરયૂતટે આવ્યો. ત્યાં પણ આપને ન જોયા. પછી ધ્યાનમાં જોયું તો આપ આ તરફ પધાર્યા છો તે જાણી અહીં આવ્યો. હવે આપની આજ્ઞા હોય તો આપની સાથે રહું."

તેમના આ વચન સાંભળી વર્ણીએ તેમને કહ્યું : "હમણાં તો એકાકી જ વિચરણ કરવાનો મારો વિચાર છે. માટે હું યાદ કરું ત્યારે આવજો. અયોધ્યામાં સ્વજનોને કુશળ સમાચાર આપજો." એટલું કહી પોતે પાછા ધ્યાનમગ્ન બની ગયા. હનુમાનજી ત્યાંથી વળી ગયા.

ત્યાગીને આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ

મુક્તવિહારની પ્રથમ રાત્રિએ નીલકંઠ વર્ણીએ આ વડ નીચે જ મુકામ કર્યો. આષાઢ સુદ ૧૧ના મંગળ પ્રભાતે નિયમ અનુસાર જાગ્યા અને પ્રાતઃવિધિ કરી વડ નીચે બિરાજ્યા.

એટલામાં અમરપુર ગામના લોકો ત્યાં આવ્યા. નીલકંઠ વર્ણીને જોઈ બાળસ્વરૂપ સ્વામી કાર્તિકેયજી આવ્યા છે કે સાક્ષાત્ ધ્રુવજી આવ્યા છે તેની વિમાસણમાં તેઓ પડ્યા. કેટલાક ફળો, મીઠાઈ વગેરે જે જલદી મળે તે લેવા દોડતા ગયા. કેટલાક બીજી સામગ્રી લેવા ગયા. થોડી વારમાં તો નીલકંઠ પાસે ફળો, મીઠાઈઓ વગેરે સામગ્રીઓનો ઢગલો થઈ ગયો. નીલકંઠે તે તમામ સામગ્રીઓ પોતાની પાસે શાલિગ્રામ હતા તેમને ધરાવી અને પછી તેમાંથી પોતે સ્વલ્પ જમ્યા. વધેલો પ્રસાદ ત્યાં બેઠેલા ગામલોકોને આપી દીધો.

અપરિગ્રહ વ્રતધારી નીલકંઠ વર્ણીને આ રીતે બધો જ પ્રસાદ વહેંચી દેતા

જોઈ કેટલાકે કહ્યું : "બ્રહ્મચારી ! સાંજના માટે તો કાંઈક રાખો."

નીલકંઠ તેમની સામું જોઈ હસ્યા : "સાંજ કે સવારનો જો વિચાર કરવાનો હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જ જોઈએ. જે ભગવાનના આધારે ભેખ લીધો છે તે ભગવાન જ સમે સમે પોષણ કરશે."

નીલકંઠની મધુર વાણીમાં તેમને કાંઈક અલૌકિકતા લાગી.

પછી નીલકંઠે ત્યાં ભેગા થયેલા સૌને કહ્યું : "તમે હવે જાઓ. મને કોઈનો ડર નથી. ચરાચરમાં મારી જ શક્તિ વ્યાપીને રહી છે."

ભોળા ગ્રામજનોને નીલકંઠની આ દિવ્ય વાણી ન સમજાણી !

નીલકંઠ વર્ણી પણ ત્યાંથી તરત જ ચાલવા લાગ્યા. આષાઢનો મેઘ પડું પડું થઈ રહ્યો છે. મોર-બપૈયાના મધુર કલરવ સાંભળીને મેઘે નીલકંઠના પગ પ્રક્ષાલવા વરસવું શરૂ કર્યું છે. નદી-નાળાં કલરવ કરતાં વહી રહ્યાં છે. લીલી હરિયાળીથી વાતાવરણ સુરમ્ય અને શીતળ બની ગયું છે. નીલકંઠ ઉતાવળી ચાલે ચાલી રહ્યા છે. તેમની ગતિ આગળ કાળની ગતિ થંભી જાય છે. થોડાક કાળમાં જાણે યુગોનું કાર્ય કરી લેવું હોય એમ તેમની ગતિ ઉપરથી લાગે છે. વનની વિકટ વાટ પસાર કરતાં નીલકંઠ જ્યાં જ્યાં વિશ્રામ કરે છે, ત્યાં ગામલોકો તેમની દિવ્ય મૂર્તિ જોઈ આકર્ષાય છે, ફળફૂલ લાવે છે, ક્યારેક રસોઈની સામગ્રી પણ લાવે છે. નીલકંઠ તે બધું ઠાકોરજીને ધરાવીને પછી ગ્રહણ કરે છે. જે મુમુક્ષુઓ દર્શને આવે છે તેમને ઉપદેશ આપે છે.

આ પ્રમાણે ચાલતાં ચાલતાં નીલકંઠ લોધેશ્વર ગામે આવે છે.

નીલકંઠ વર્ણી લોધેશ્વરમાં

બારાબંકી જિલ્લામાં આવેલું આ ગામ અતિ પ્રાચીન છે. અહીં લોધેશ્વર સરોવર પાસે લોધેશ્વર મહાદેવનું મંદિર છે, જેમની સ્થાપના યુધિષ્ઠિર રાજાએ કરી હોય એવું કહેવાય છે.

વર્ણીરાજ અહીં પધાર્યા અને સરોવરને કાંઠે આવ્યા. સરોવરમાં સ્ત્રી-પુરુષો સ્નાન કરી રહ્યાં હતાં. વર્ણીએ સ્ત્રી-પુરુષોથી અલગ એવી એક જગ્યા શોધી ત્યાં સ્નાન કર્યું. પછી કાંઠા ઉપર આવી બિરાજ્યા. પૂજાવિધિ કરી લોધેશ્વર મહાદેવનાં દર્શન કરવા પધાર્યા. સ્નાન કરવાથી ભીનો થયેલો વર્ણીના માથા ઉપરનો કેશનો મુગટ જાણે મોતી ચમકી રહ્યાં હોય તેવો શોભતો હતો ! શ્યામ

શરીરમાં સફેદ જનોઈ ઘનઘોર આકાશમાં વીજળીની જેમ ચમકતી હતી !

વર્ણી લોધેશ્વર મહાદેવનાં દર્શન કરી સરોવરને કાંઠે ઝાડની પુષ્કળ ઘટા છે ત્યાં આવી બિરાજ્યા. કિશોર વયમાં કઠિન તપશ્ચર્યા આદરીને બેઠેલા આ વર્ણીનાં દર્શન કરવા ગામલોકો ત્યાં આવવા લાગ્યા. વર્ણીની મનોહર મૂર્તિનું આકર્ષણ ખૂબ જ હતું. કોઈ સીધાની સામગ્રી લાવ્યા તો કોઈ આસન લઈને આવ્યા, કોઈ વળી ફૂલ-ફળાદિ લઈને આવ્યા. આમ, ભાવિકો વર્ણીનાં દર્શન કરી કૃતાર્થ થવા ત્યાં આવવા લાગ્યા. વર્ણી તેમને ઉપદેશ કરીને સંસાર-સાગર તરવાનો ઉપાય બતાવતા હતા.

પછી રસોઈ કરી ઠાકોરજીને નૈવેદ્ય ધરી પોતે બધી રસોઈ પાત્રમાં ભેગી કરી તેમાં પાણી નાખી જમ્યા. ત્યાગીની રીત પ્રમાણે વર્ણી ઉદરપોષણ માટે જ આહાર કરતા. પરંતુ સ્વાદેન્દ્રિયને પોષવા કદી જમતા ન હતા. પોતે પોતાના સ્વરૂપના આનંદમાં જ મસ્ત રહેતા. એકાકી અને અસંગી રહેવું તેમને ગમતું હતું. છતાં ઉપદેશને અર્થે મુમુક્ષુઓને જોઈ આનંદ પામતા. કોઈ સ્થળે એક રાત્રિથી વિશેષ ન રહેવું એવો તેમનો નિયમ હતો. ગ્રામજનોને લાગ્યું કે જેવા વર્ણી અલૌકિક તેવી તેમની વાણી અને ઉપદેશ પણ અલૌકિક !

જેતપુર, પથેપુર અને ખેરિલાપુરમાં

શ્રી નીલકંઠ વર્ણી લોધેશ્વરથી નીકળીને જેતપુર આવ્યા. ત્યાં થોડો સમય રોકાઈને ત્યાંથી નીકળ્યા અને પથેપુર આવ્યા. અહીં એક રાત્રિ રહ્યા. જ્યાં જ્યાં પોતે જતા ત્યાં જો ભિક્ષા મળે તો જ ગ્રહણ કરતા. મુમુક્ષુઓને ઉપદેશ આપી પોતાના સંબંધથી ભવબંધનના બંધ છોડાવતા.

પથેપુરથી નીલકંઠ વર્ણી ખેરિલાપુર પધાર્યા. અહીં ખૂબ જ ઊંડું અને વિશાળ નૈમિષારણ્ય સરોવર છે. આ સ્થળ ખૂબ પ્રાચીન છે. કળિયુગનો પ્રારંભ થતાં ઋષિમુનિઓ બ્રહ્માજીની આજ્ઞાથી અહીં તપ કરવા રહ્યા હતા. સૂતપુરાણી અને શૌનક ઋષિ તેમજ બીજા અસંખ્ય ઋષિઓની તપોભૂમિ સમું આ સ્થળ ઇન્દ્રિયોની વૃત્તિઓને કુંઠિત કરે એવું ચમત્કારી છે.

વર્ણીન્દ્ર પ્રભુ અહીં પધાર્યા તેથી ત્યાં તપ કરતા સર્વ ઋષિઓને અતિ આનંદ થયો. પોતાની તપશ્ચર્યાના ફળરૂપે સાક્ષાત્ ભગવાને પ્રસન્ન થઈ તેમને દર્શન દીધાં તેથી તેઓ કૃતાર્થ થઈ ગયા. વર્ણીન્દ્ર ભગવાનને પણ આ સ્થાનમાં આવી આનંદ થયો. પ્રકૃતિની રમણીયતા અહીં પૂર્ણભાવથી ખીલી ઊઠી હતી.

ફળ અને ફૂલોથી લચી પડતાં વૃક્ષો, કલરવ કરતાં પક્ષીઓ અને ઋષિઓના વેદગાનના મંત્રોના સૂરો, તપોભૂમિ માટે આ સ્થાનને સર્વશ્રેષ્ઠ બનાવતા હતા. સર્વ ઋષિઓ પોતપોતાના સ્થાનેથી આવી વર્ણીન્દ્ર મહાપ્રભુનાં ચરણમાં પડી ગયા. તેમના પાદસ્પર્શથી અક્ષરધામના દિવ્ય સુખનો તેમને અનુભવ થયો.

સર્વ ઋષિઓએ શ્રીહરિની પત્ર, પુષ્પ અને ફળોથી પૂજા કરી. શ્રીહરિ તેમના ભાવથી પ્રસન્ન થયા અને તેમના ઉપર દૃષ્ટિ કરી. આ દૃષ્ટિથી જ શ્રીહરિના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન તેમના અંતરમાં પ્રગટ્યું. પરમાત્માનું આ પરમ સ્વરૂપ આજે ધામનું દિવ્ય સુખ આપવા પૃથ્વી ઉપર પ્રગટ થયું. આજે તેમને સૌને પોતાનો સંબંધ કરાવી દીધો તેથી અત્યંત ગદ્‌ગદિત થઈ ઋષિઓ કહેવા લાગ્યા : “અનંત અવતારો થયા પણ ‘એહી સમ કોઉ ન ભયે અબ’ – આપના આ અવતાર જેવો હજુ કોઈ અવતાર પૃથ્વી ઉપર થયો નથી.”

યુગોના તપથી જે જાણવાનું હતું તે સ્વરૂપનું તેમને જ્ઞાન થયું. વર્ણી તેથી પ્રસન્ન થયા અને આશીર્વાદ આપ્યા. નીલકંઠ મહાપ્રભુ અહીં ચાર દિવસ રોકાયા અને પછી ત્યાંથી આગળ ચાલ્યા.

સહેજાપુરમાં

આગળ ચાલતાં નીલકંઠ વર્ણી સહેજાપુર આવ્યા. અહીં શહેરની બહાર ઉત્તર તરફ નદી વહે છે. તેના કલરવ સાથે આકાશમાં થતી મેઘની ગર્જના ભળે છે. જાણે નારદની વીણાને શિવનું ડમરુ તાલ દેતું હોય તેવી મીઠાશ જામી જાય છે ! નીલકંઠ વર્ણી નદીને કિનારે આવ્યા. તેમની કાયા કૃશ હતી છતાં સ્વરૂપ અલૌકિક હતું. તેમનાં દર્શન કરવા ગામલોકો તેમની પાસે આવ્યાં. નીલકંઠ વર્ણીને લોધેશ્વરમાં તુંબીપાત્ર અને મૃગચર્મ મળ્યાં હતાં તે તથા તેમની પાસેના શાલિગ્રામ અને બટવો તેમણે કિનારે મૂક્યાં અને નદીમાં ઝંપલાવવા તૈયાર થયા. પરંતુ કિનારે ઊભેલા લોકોએ તેમને વાર્યા : “આ નદીમાં અત્યારે પ્રચંડ પૂર છે, તમે પડશો નહિ.”

છતાં નીલકંઠ વર્ણી તો નદીમાં નાહવા પડ્યા. સૌએ જાણ્યું કે તપસ્વી બાળક આ ભયંકર પૂરમાં તણાઈ જશે. નીલકંઠ વર્ણી પાણીમાં પડ્યા અને નદીનું વહેણ સ્થંભી ગયું. ઘૂઘવાટ શાંત થઈ ગયો. એક ક્ષણમાં નીલકંઠ વર્ણી સ્નાન કરીને કિનારે આવી ગયા. ગામલોકોએ આ ચમત્કાર જોયો. નદીના પ્રચંડ વેગની જેમ મનની વૃત્તિઓના વેગને શાંત કરી દે એવા આ મહાપુરુષ

છે એમ જાણી નીલકંઠને સૌએ નમસ્કાર કર્યાં.

તેજસ્વી કાંતિ ધરાવતા નીલકંઠ વર્ણી આંબાના એક વૃક્ષ નીચે પૂજા કરવા બેઠા. શાલિગ્રામની મૂર્તિને સન્મુખ મૂકી નીલકંઠ ધ્યાનમાં મગ્ન બની ગયા. ધ્યાનમાંથી જાગ્યા ત્યારે તેમણે જોયું તો તેમની પાસે ફળ તથા મીઠાઈઓ અને સીધાની બીજી અનેક સામગ્રીઓનો ઢગલો થઈ ગયો હતો. નીલકંઠે ફળ તથા મીઠાઈ શાલિગ્રામને ધરી અને સૌને તે પ્રસાદ વહેંચી દીધો. પછી પોતે ઘઉંના લોટની બાટીઓ બનાવી, કેરીનો રસ કાઢ્યો અને ઠાકોરજીને નૈવેદ્ય ધરીને એક પાત્રમાં બધું ચોળી અંદર પાણી નાખી જમી ગયા. આવું સ્વાદિષ્ટ ભોજન પાણી નાખીને નીલકંઠ વર્ણી જમ્યા તેથી પાસે બેઠેલા મુમુક્ષુઓને તેમના પ્રત્યે ખૂબ જ ભાવ થયો.

ચાતુર્માસના પવિત્ર દિવસો હોવાથી સૌએ નીલકંઠ વર્ણીને ત્યાં રોકાઈ જવા આગ્રહ કર્યો. પરંતુ તેમનું નિશાન જુદું હતું. તેમણે કહ્યું : "મારે નારાયણનાં દર્શન કરવાં છે. દર્શન કરી હું પાછો અહીં આવીશ. માટે તમે સૌ મને સુખેથી રજા આપો." એમ કહી તેમણે પોતાની પોથી ત્યાં રાખી. ગામ-લોકોને ખાતરી થઈ કે નીલકંઠ વર્ણી જરૂર અહીં આવશે. અને નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા.

બરેલીમાં

નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા. થોડે દૂર ચાલ્યા ત્યાં નદી આવી. તે ઉપર પુલ હતો, તે ઊતરીને નીલકંઠ વર્ણી બરેલીપુરમાં આવ્યા. નદીનો ઉત્તર કિનારો વૃક્ષોની વનરાજીથી ઢંકાયેલો હતો. નીલકંઠને તેથી તે સ્થાનનું આકર્ષણ થયું. વન, પર્વત અને જંગલમાં જ રહેવાની તેમની રુચિ હતી. અહીં પોતે પધાર્યા.

અહીં સુંદર બગીચામાં બંગલા હતા. નીલકંઠ તે બગીચામાં ગયા. ત્યાંના માળીને પૂછીને એક બંગલામાં પોતે ઊતર્યા. નદીના કિનારા ઉપર જ તે બંગલાનો ઝરૂખો પડતો હતો. આ ઝરૂખામાં તેઓ આવ્યા. નદીમાં આવેલું પ્રચંડ પૂર તેમણે અહીંથી જોયું. આષાઢની ઘનવર્ષા, મોર અને બપૈયાનાં સૂરીલાં ગાન અને નદીના પૂરનું પ્રચંડ તાંડવ જોઈ નીલકંઠ મનમાં પ્રસન્ન થયા. પ્રકૃતિને તેના મસ્ત સ્વરૂપમાં જોઈ નીલકંઠ વર્ણીને આનંદ થયો. નીલકંઠ વર્ણી તુલસીદાસજીનાં પદ ગાવા લાગ્યા. તેમના સૂરમાં મધુરતા હતી. નદીના પ્રચંડ પૂરનો ઘોષ, મોરના ગેહકાટ અને નીલકંઠ વર્ણીના ઘેરા સૂરની સૂરાવલી સાંભળી ઘોડાપૂર

જોવા આવેલા લોકો નીલકંઠ વર્ણી તરફ જોવા લાગ્યા. તેમણે જોયું કે સૂરમાં જેવું માધુર્ય હતું તેવું માધુર્ય તેમના સ્વરૂપમાં પણ હતું. તેઓ તરત જ તેમની પાસે આવવા લાગ્યા. વર્ણીન્દ્ર ભગવાનને જોઈ તેમને ખૂબ આનંદ થયો.

વર્ણીએ તેમને પ્રેમથી બોલાવ્યા, પાસે બેસાર્યા. તેમને મુમુક્ષુ જાણીને ઉપદેશની કેટલીક વાતો કરી. લોકોને આશ્ચર્ય થયું. જીવની મલિનતાને શુદ્ધ કરતી આવી અદ્‌ભુત વાણી તેમણે સાંભળી ન હતી, આવી કાન્તિ તેમણે જોઈ ન હતી, વાણીના આવા જાદુનો તેમણે અનુભવ કર્યો ન હતો. તેઓ નિર્નિમિષ દૃષ્ટિએ વર્ણી સામું જોઈ રહ્યા. વર્ણી તેમની સામે ભાવથી હસ્યા. નીલકંઠ વર્ણી માટે તેઓ અનેક પ્રકારનાં ફળ, મીઠાઈઓ વગેરે લાવ્યા. વર્ણીએ ઠાકોરજીને નૈવેદ્ય ધર્યું અને પોતે થોડું જમીને સૌને પ્રસાદ વહેંચી દીધો.

પછી મહેલમાંથી બહાર આવી વર્ણીરાટ ત્યાંથી આગળ ચાલ્યા. ત્યાં તો કૂવા પાસે પાણી ભરવા આવેલી પનિહારીઓએ નીલકંઠ વર્ણીનો માર્ગ રોક્યો. વર્ણીરાટ ચમક્યા અને બે ડગલાં પાછળ ખસી ગયા. તેમને આમ ચમકી જતા જોઈ તે સ્ત્રીઓ હસવા લાગી. પછી બોલી : "બ્રહ્મચારી ! તમે ચોમાસાના આવા દિવસોમાં ઘરેથી નીકળી ગયા તે મા-બાપથી રિસાયા છો કે ભાભીનાં મહેણાંથી કાયર બની ગયા છો ?"

નીલકંઠ વર્ણી આ સાંભળી સ્થિર થઈ ગયા. પનિહારીઓના આ શબ્દોમાં તેમણે પોતાના પ્રત્યેનો પ્રેમ નિહાળ્યો. તેમણે મૃદુ સ્વરે કહ્યું : "જેનામાં વૈરાગ્ય કે પ્રભુ પ્રત્યે ભક્તિ ન હોય તે જ રિસાય કે કાયર થઈ ઘરનો ત્યાગ કરે. અમે તો અનંત જીવોનાં કલ્યાણ કરવા જ ગૃહત્યાગ કર્યો છે."

પ્રશ્ન તો એક નિમિત્ત હતું. તેમને તો વર્ણીના મોહક સ્વરૂપને પેટ ભરી ભરીને નિહાળવું હતું. તેમને ત્યાંથી જવા દેવા ન હતા. તેથી સ્ત્રીઓએ તેમની વાત માની નહિ અને તેમને પકડવા દોડી. સ્ત્રીઓની ગંધથી જ દૂર નાસતા વર્ણીરાટ તરત જ ત્યાંથી દોડ્યા અને એક ક્ષણમાં તો અલોપ થઈ ગયા ! જાણે વીજળી ચમકી ને એકદમ આકાશમાં સમાઈ ગઈ !

✧

શ્રી નીલકંઠ વર્ણી આગળ ગયા અને એક મોટું શહેર આવ્યું. શહેર અને શહેરની વસતિથી સદા દૂર રહેતા વર્ણી તેમાં દાખલ થયા સિવાય આગળ નીકળી ગયા. આગળ ચાલતાં એક મહાવનમાં તેમણે પ્રવેશ કર્યો. તે જોઈ તેમના અંતરમાં અતિ આનંદ થયો. આકાશને આંબતાં આ વનનાં વૃક્ષો, તે

ઉપર લચી પડતાં ફળ અને ફૂલો, કિલકિલાટ કરતાં પક્ષીઓ, વેર અને દ્વેષ-ભાવરહિત આમતેમ ફરતાં રાની પ્રાણીઓ, આ બધું વર્ણીરાટને અતિ સુંદર લાગ્યું. પ્રકૃતિનું તેના મૂળ સ્વરૂપમાં અહીં દર્શન થયું હતું. શહેરોમાં તો પ્રકૃતિના સ્વરૂપને વિકૃત કરી તેનો ઉપભોગ કરવામાં આવે છે. તેમાં કેવળ ભોગવૃત્તિ જ દેખાઈ આવે છે. જ્યારે વન, પર્વત કે જંગલોમાં દેખાતું પ્રકૃતિનું નૈસર્ગિક સ્વરૂપ અંતરમાં પરમાત્માની સુંદરતાની ઝાંખી કરાવે છે. ગીતામાં તેથી જ કહ્યું છે - यद्यद्विभूतिमत्सत्त्वम्...।

આ વનમાં નારદજીએ બાલ્યાવસ્થામાં તપ કર્યું હતું. અન્ય ઋષિ-મહાત્માઓ પણ અહીં તપ કરતા હતા. તેથી વર્ણીરાટને આ વન બહુ જ ગમ્યું. ઋષિમુનિઓ પણ વર્ણીરાટ અહીં પધાર્યા તે પોતાના તપથી પ્રસન્ન થઈ તેમને દર્શન દેવા જ પધાર્યા છે, એવું માની અંતરમાં પ્રસન્ન થયા. વર્ણીનું આગમન અહીં થયું તેની તેમના અંતરમાં વર્ણીના સંકલ્પથી પ્રેરણા થઈ. સૌ પોતપોતાના સ્થાનમાંથી બહાર નીકળી વર્ણી પાસે ફળ-ફૂલ વગેરે ભેટ લઈને જવા લાગ્યા. વર્ણીનાં દર્શનથી અંતરમાં રહેલા ભગવાન બહાર પ્રગટ થઈને જાણે આવ્યા હોય એવો એમને અનુભવ થયો. વર્ણીને વીંટળાઈને સૌ બેસી ગયા. વર્ણીરાટ પ્રભુ તેમનો આવો ભાવ જોઈ પ્રસન્ન થયા.

આ નારદવનમાં વર્ણી દસ દિવસ રહ્યા. તેમના મનોરથો પૂરા કરી વર્ણીરાટ ત્યાંથી આગળ ચાલ્યા.

બહાદુરપુરમાં

ચાલતાં ચાલતાં વર્ણીરાટ બહાદુરપુરમાં આવ્યા. અહીં ફક્ત એક જ દિવસ રહ્યા. ત્યાંના નગરજનોએ અન્ન આપી તેમનો સત્કાર કર્યો. વર્ણીપ્રભુ તેમને આશીર્વાદ આપી ત્યાંથી ચાલ્યા અને ગંગાકિનારે પધાર્યા. પ્રભુના પાદસ્પર્શથી ગંગાજી પતિતપાવની બન્યાં હતાં તે વામનજીના મૂળ સ્વરૂપનાં આજે તેમને દર્શન થયાં, એટલે ગંગાજીના હર્ષનો પાર નહોતો. પોતાના લહેરાતા તરંગોથી તેણે વર્ણીરાજનું સ્વાગત કર્યું. વર્ણીએ પ્રસન્ન થઈ તેને વર આપ્યો : "તને હું સદાય મારી સમીપે રાખીશ અને તારા સર્વ મનોરથો હું પૂરા કરીશ."

વર્ણીપ્રભુ ત્યાં એક રાત રોકાયા. બીજે દિવસે પ્રભાતે નાવમાં બેસીને ત્યાંથી આ.સં. ૧૮૪૯, શ્રાવણ સુદ એકાદશીએ હરદ્વાર પધાર્યા.

હરદ્વારમાં

હરદ્વારની ઉત્તરે અગાધ જળથી ભરેલાં ગંગાજી વહે છે. અહીં સુંદર ઘાટ બાંધ્યો છે. યાત્રિકો અહીંથી જ ગંગાજીમાં સ્નાન કરે છે. આ ઘાટની ઉત્તરે મહાદેવજીનું શિખરબદ્ધ મંદિર પૂર્વમુખનું છે. વર્ણીરાજે અહીં સ્નાન કર્યું પરંતુ યાત્રિકો અને વેરાગીઓની ત્યાં ભેગી થયેલી જમાતને લઈને તેમને ત્યાં એકાંત સ્થળ મળ્યું નહિ. એકાંત સ્થાન શોધવા તેઓ આમતેમ ફરી રહ્યા હતા.

એટલામાં એક વિપ્રે તેમનું કાંડું પકડ્યું. વર્ણીરાટ ચમક્યા. તેમણે વિપ્રની સામું જોયું એટલે વિપ્રે તેમને કહ્યું : "બ્રહ્મચારી ! અહીં યાત્રિકોની અને આ વેરાગીઓની પુષ્કળ ગિરદી છે. વળી, આ વેરાગીઓ આયુધધારી છે, તેથી જ્યારે અંદર અંદર ઝઘડે છે ત્યારે કેટલાયને પાણીમાં નાખી દે છે. માટે અહીં રહેવામાં જોખમ છે. આપ મારી સાથે પધારો."

વર્ણીરાજને એકાંત સ્થાન જ ખપતું હતું. તેથી તેઓ તે વિપ્રની સાથે ચાલ્યા. વિપ્ર તેમને ઉત્તર તરફના શિવાલયમાં લઈ ગયા. આ એકાંત સ્થાન જોઈ વર્ણી મહાપ્રભુને અત્યંત આનંદ થયો.

પછી વિપ્રે હાથ જોડી બ્રહ્મચારીને પૂછ્યું : "બ્રહ્મચારીજી ! આપને કયા નામે સંબોધવા ? આટલી નાની અવસ્થામાં આપે ગૃહનો ત્યાગ કર્યો તે કંઈક ક્લેશ, કંકાસ કે પછી વૈરાગ્યને લીધે ત્યાગ કર્યો છે ?"

પ્રશ્ન સાંભળી વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "અનેક તીર્થોનાં અને બદરિકાશ્રમમાં નરનારાયણ ઋષિનાં દર્શન કરવા સારુ અમે ગૃહત્યાગ કર્યો છે. મને લોકો નીલકંઠ વર્ણી કહે છે."

વિપ્રને બ્રહ્મચારીની વાત સાંભળી હસવું આવ્યું. તેમણે તરત જ કહ્યું : "નીલકંઠ તો મહાદેવનું નામ છે."

એટલે વર્ણીએ પ્રત્યુત્તર આપ્યો : "તે મહાદેવને અમારી સાથે એકતા છે."

આ સાંભળી વિપ્ર વર્ણીના પગમાં પડી ગયા. વર્ણીએ તેમના મસ્તક ઉપર હાથ મૂકી કહ્યું : "કહ્યા વિના સમજાય નહિ અને પૂછ્યા વિના કહેવાય નહિ."

પછી વિપ્રે વર્ણી માટે રસોઈ કરવાની તૈયારી કરી. એટલામાં વિપ્રની સ્ત્રી ત્યાં આવી. તેણે વિચાર્યું કે 'પોતાથી પણ કોઈ બહુ જ મોટા હોય તો જ આ વિપ્ર સેવા કરે. માટે આ બ્રહ્મચારી જરૂર કોઈ મોટા ઈશ્વર હશે.'

તેણે વિપ્ર પાસે આવીને કહ્યું : "હે વિપ્ર ! ઘણા યુગોથી આપ અહીં

વસો છો. મોટા મોટા શુક-સનકાદિક સિદ્ધો અહીં આવી ગયા. બીજા પણ અનંત અહીં આવે છે, પરંતુ તમે જાતે કોઈની આ રીતે સેવા કરી નથી. માટે આ વિપ્ર કોણ છે તે મને કહો."

એટલે વિપ્રે તેને કહ્યું : "તમે ધ્યાનમાં બેસો તો જણાશે કે આ બ્રહ્મચારી કોણ છે."

વિપ્રનાં પત્ની ધ્યાનમાં બેઠાં. ધ્યાનમાં જ તેમને જણાયું કે પોતાના પતિથી પણ બ્રહ્મચારી બહુ જ મહાન છે. તરત જ તે વર્ણીના ચરણમાં પડી ગયાં ! એ જ ધ્યાનસ્થ સ્થિતિમાં તેમણે વર્ણીને હાથ જોડીને કહ્યું : "હે મહારાજ ! ત્રણ ગુણથી પર મારી ગતિ નથી."

તે સાંભળી વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "તમારો જોગ કાચો છે. તમે કોઈ મોટાપુરુષની સેવા કરી નથી.[૪૩] આ વિપ્ર અમને મોટા જાણીને અમારી સેવા કરે છે."

પછી વર્ણીએ તેના ઉપર દૃષ્ટિ કરી તેથી ત્રણ ગુણથી પર વર્ણીનું સ્વરૂપ તેને દેખાયું. આ દિવ્ય દર્શનથી તે અત્યંત આનંદવિભોર બની ગઈ. તેણે કહ્યું : "પણ તમે જમો એવી રસોઈ તેમને આવડતી નથી. માટે જો મને આજ્ઞા કરો, તો હું રસોઈ કરું."

વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "પતિ-પત્નીની વાતમાં અમે પડતા નથી."

પછી બંને પતિ-પત્નીએ વર્ણી માટે રસ-રોટલી બનાવ્યાં. વર્ણીને જમવા બોલાવ્યા. ત્યારે વર્ણીએ કહ્યું : "અમે અજાણ્યાની કરેલી રસોઈ જમતા નથી, માટે તમે દંપતી કોણ છો તે કહો તો જ અમે જમીએ ને અહીં રાત પણ રહીએ."

વિપ્રે તરત જ કહ્યું : "મહારાજ ! અમે તો ત્રણ ગુણથી પર નથી. પરંતુ તમે ત્રણ ગુણથી પર હોવા છતાં ત્રણ ગુણમાં આવી કેમ અજાણ્યા બની જાઓ છો ?"

વર્ણીએ આનો કોઈ જવાબ દીધો નહિ એટલે તે સ્ત્રીએ કહ્યું : "હે પ્રભુ ! આ તીર્થનું જેમના ઉપરથી નામ પડ્યું છે તે 'હર' આ પોતે જ છે અને હું તેમની પત્ની પાર્વતી છું. ઘણા યુગોથી મારા પતિ અહીં આપને પ્રસન્ન

---

૪૩. तब यह सती बोली कर जोरी
त्रिगुन पर गति न रहाये मोरी।
हरि कहे कच्चे जोगी रहेउ
बडे की सेवा न कियेउ॥
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂ. ૨, તરંગ ૧૨-૧૦.

કરવા તપ કરી રહ્યા છે. પરંતુ આજે તેમની તપશ્ચર્યાનો અંત આવ્યો અને આપનો સાક્ષાત્ યોગ થયો !"[૪૪]

આ સાંભળી વર્ણીરાટ પ્રસન્ન થયા. પોતે શાલિગ્રામને નૈવેદ્ય ધરાવી જમ્યા અને પ્રસાદી શિવ-પાર્વતીને આપી. તેમણે તેમના પરિવારને બોલાવી આ વર્ણી ભગવાનનાં દર્શન તેમને કરાવ્યાં, તેમના આશીર્વાદ લીધા. શિવજીએ અનેક પ્રકારની પૂજાની સામગ્રીથી વર્ણી ભગવાનનું પૂજન કર્યું. પોતાનો અપૂર્વ ભક્તિભાવ બતાવ્યો. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ વર્ણીરાટ ત્યાં પાંચ દિવસ રહ્યા.

તપોવનમાં

હરદ્વારથી વર્ણીરાટ ચાલ્યા. રસ્તામાં તપોવન આવ્યું. આ વનમાં ઘણા ઋષિઓ શ્રીહરિની પ્રસન્નતા માટે તપ કરતા હતા. પૂર્વે રમ્યક્ મુનિએ અહીં આમ્રવૃક્ષ નીચે તપ કર્યું હતું. રમ્યક્ મુનિ કૂબડા હોવાથી આ સ્થાનને કુબ્જામ્રક પણ કહે છે. અહીં ઉત્તાનપાદના પુત્ર ધ્રુવજીએ પણ તપ કર્યું હતું. ધ્રુવજીનો આશ્રમ પણ અહીં છે. વર્ણીરાટ આ વનમાં પધાર્યા એટલે દરેક આમ્રવૃક્ષ નીચે તપ કરતા યોગીઓ તેમની પાસે આવવા લાગ્યા. વર્ણીનું સુંદર સ્વરૂપ અને તેમાંથી નીકળતું શીતળ શાંત તેજ જોઈ સર્વ મુનિઓને પ્રતીતિ થઈ કે પરબ્રહ્મ પરમાત્મા આ વર્ણીસ્વરૂપે અહીં તેમને દર્શન દઈ કૃતાર્થ કરવા પધાર્યા છે.

તેમની પાસે આવીને તેમના ચરણકમળમાં મસ્તક નમાવી તે કહેવા લાગ્યા : "હે વર્ણીરાટ ! આપ અહીં પધાર્યા અને અમને કૃતાર્થ કરી દીધા. આપના સ્વરૂપના આકર્ષણથી અમારા ચિત્તની વૃત્તિ આપના સન્મુખ થઈ ગઈ !"

વર્ણી તેમની વચ્ચે બેસી ગયા. તેમના ભાવથી પ્રસન્ન થઈ તેમણે કહ્યું : "જેવી રીતે તમે મારું ચિંતવન કરો છો તે જ પ્રમાણે તમારું પણ ચિંતવન કરતો કરતો હું અહીં તમને દર્શન દેવા આવ્યો છું. અનેક યુગના તમારા તપથી તમારા ઉપર પ્રસન્ન થઈ તમારું આત્યંતિક કલ્યાણ કરવા અને જગતમાં એકાંતિક ધર્મની સ્થાપના કરવા હું આ સમયે પ્રગટ થયો છું."

વર્ણીની મીઠી વાણી અને દર્શનથી સૌ મુનિઓ તૃપ્ત થઈ ગયા. તે

---

૪૪. बहुत जुग जब तप इहा कीने।
ताके फल तब आज ही लीने ॥ ३१ ॥
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂ. ૨, તરંગ ૧૨.

તૃપ્તિના આનંદમાં સૌ ભાન ભૂલી ગયા. એટલામાં વર્ણીએ પોતાનું તુંબીપાત્ર હાથમાં લીધું. તે જોઈ સૌ મુનિઓ સમજી ગયા. સૌ દોડ્યા, કોઈ જળ લાવવા, કોઈ ફળ લાવવા – એમ વર્ણી પ્રત્યેની પોતાની ભક્તિ કરી લેવાના ભાવથી સૌ સેવામાં પ્રવૃત્ત થઈ ગયા. થોડી વારમાં તો વર્ણી પાસે ભાતભાતનાં ફળોના ઢગલા થઈ ગયા. કોઈ ગાળીને જળ પણ લઈ આવ્યા.

વર્ણીએ તે તમામ સામગ્રી પોતાની પાસે રાખેલા બાલમુકુન્દને ધરાવી. પછી પોતે થોડી ગ્રહણ કરી. તે જોઈ મુનિઓને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : "તમે જ સ્વયં ભગવાન છો તો પછી આ બાલમુકુન્દની પ્રતિમાને પૂજવાનો શો અર્થ ?"

વર્ણી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ભગવાન જ્યારે મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે તે સ્વરૂપમાં, મૂળ અજ્ઞાનથી આવૃત્ત થયેલા મનુષ્યો મોહ પામે છે. તેથી ભગવાને પ્રતિમાને પોતાનું સ્વરૂપ બનાવી મંદિરોમાં તેની પ્રતિષ્ઠા કરી. તેથી સામાન્ય જનોને પણ તે પ્રતિમામાં ભાવ થાય. પ્રભુ તો પૃથ્વી ઉપર આવી પાછા અંતર્ધાન થઈ જાય છે પરંતુ પ્રતિમા અચળ રહે છે. તેથી પ્રભુ પણ મનુષ્ય સ્વરૂપ ધારી, તે પ્રતિમાના સ્વરૂપમાં મનુષ્યોને ભગવાનના સાક્ષાત્ પ્રગટ સ્વરૂપનો ભાવ આવે તે માટે તે પ્રતિમાને સેવે છે. તેમાં જે જ્ઞાની છે તેને તે યોગ્ય લાગે છે."

વર્ણીરાટ મહાપ્રભુ તેમનો ભાવ જોઈ અત્યંત પ્રસન્ન થયા.

સર્વ મુનિઓ પૂજાની સામગ્રી લાવ્યા. ફૂલના ગજરા, બાજુબંધ, હાર અને ટોપી પણ લાવ્યા. વર્ણીરાટનું પૂજન કરી તે સર્વ શણગાર તેમને પહેરાવ્યા. પછી આરતી કરી. વર્ણી તરત જ ઊઠ્યા. સૌ તેમની સાથે જવા તૈયાર થયા પરંતુ તેમની મરજી ન હતી તેથી અટકી ગયા. જતાં જતાં વર્ણીએ તેમને કહ્યું : "ચાલો, વન જોવા જઈએ." એટલે સૌ તેમની સાથે વન જોવા નીકળ્યા. ધ્રુવજીના આશ્રમમાં આવ્યા. ત્યાં વર્ણીરાટ પૂર્વમુખે એક પગે ઊભા રહ્યા અને સૌને અલૌકિક દર્શન દીધાં.

તપોવનમાં વર્ણી દસ દિવસ રહ્યા. અહીં જન્માષ્ટમી કરી.

પછી ત્યાંથી નીકળીને ગંગાના કિનારે ચાલીને લક્ષ્મણઝૂલા પધાર્યા. અહીં ગંગાના કિનારા ઉપર લક્ષ્મણજીએ બાર વર્ષ સુધી તપ કર્યું હતું; તેમના તે સ્થાન ઉપર જ સુંદર મંદિર છે જેમાં લક્ષ્મણજીની તથા ધ્રુવજીની મૂર્તિઓ પધરાવેલી છે. અહીં ગંગાજીનો પટ વધારે પહોળો અને ઊંડો છે. લક્ષ્મણઝૂલા ઊતરીને પૂર્વ તરફ જ્યાં ઘાટ બાંધ્યો છે ત્યાંથી જ બદરીનાથ તથા કેદારનાથનો

રસ્તો શરૂ થાય છે. આજુબાજુ ગીચ વન છે. કહેવાય છે કે પુરાણકાળમાં અહીં ઋષિમુનિઓએ તપ કર્યું હતું. અહીં વર્ણીરાજે સામશ્રાવણીએ ઉપવીત બદલી. પછી વર્ણીરાટ મહાપ્રભુ લક્ષ્મણજીના મંદિરમાં પધાર્યા. વર્ણીરાટ આ મંદિરમાં એક રાત રોકાયા. પછી ઝૂલા ઊતરી પૂર્વ તરફનો માર્ગ પકડ્યો.

✧

વર્ણીન્દ્ર ભગવાને બદરીનાથના રસ્તે પ્રયાણ કર્યું. બે દિવસ ચાલ્યા ત્યાં શ્રીપુર શહેર આવ્યું. ઉદ્ધવજીએ અહીં તપ કર્યું હતું. શ્રીકૃષ્ણના વિયોગે તેમનું શરીર ક્ષીણ થઈ ગયું હતું. તે સમયે નારદે આ શહેર રચ્યું હતું. આ નગરને શ્રીક્ષેત્ર પણ કહે છે. વળી, અલકનંદા નદી અહીં ધનુષ્યાકારે વહે છે, તેથી આ ધનુષ્યતીર્થ પણ કહેવાય છે. અહીં ચિત્તભંગગિરિ તથા મનભંગગિરિ ઉપર વર્ણીન્દ્ર મહાપ્રભુ ચડ્યા. ત્યાં વસતા અનેક યોગીઓને દર્શન દઈ તેમના મનોરથ પૂરા કર્યા. ઉદ્ધવનો આશ્રમ જોઈ ઋષિપંચમી કરી પાછા શ્રીપુર પધાર્યા.

શ્રીપુરમાં

વર્ણીરાટ શ્રીપુરમાં પધાર્યા ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હતો. વસતિમાં તો તેમને જવાની ઇચ્છા જ ન હતી. પરંતુ ગામબહાર તેમણે એક મઠ જોયો.[૪૫]

૪૫. સને ૧૯૮૭ની ઉત્તરાખંડ યાત્રા દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજે શ્રીપુરમાં પધારીને સાંપ્રદાયિક ગ્રંથોના વર્ણનના આધારે સ્થાનિક લોકોમાં પૂછપરછ કરીને નીલકંઠ વર્ણીના વિચરણમાં મહાપ્રસાદીભૂત થયેલા આ સ્થળનું સંશોધન કર્યું હતું. શ્રીપુર હાલ શ્રીનગર તરીકે ગઢવાલનું મુખ્ય શહેર બન્યું છે. અહીં, અલકનંદા નદીના કિનારે આવેલો પ્રાચીન 'કમલેશ્વર મઠ' જ નીલકંઠનું પ્રસાદીભૂત સ્થળ હતું. મઠના તત્કાલિન મહંત ગોવિંદપુરીજીને મળતાં વિશેષ ઇતિહાસ પ્રાપ્ત થયો હતો. મઠ દ્વારા પ્રકાશિત પુસ્તિકામાં જણાવેલ પૌરાણિક કથા મુજબ આ સ્થાને રામચંદ્રજીએ ભક્તિભાવપૂર્વક શિવજીની કમળપૂજા કરી હતી. શિવજીને રામચંદ્રજીની પરીક્ષા લેવાનું મન થયું એટલે પૂજામાં એકાગ્ર થયેલા રામચંદ્રજીની છાબમાંથી એક કમળ લઈને તેમણે સંતાડી દીધું. પૂજામાં અંતે એક કમળ ઓછું પડ્યું તેથી રામચંદ્રજીએ પોતાનું નેત્રકમળ પૂજામાં અર્પણ કરી દીધું. શિવજી પ્રસન્ન થઈ ગયા. આથી, આ મઠનું નામ 'કમલેશ્વર મઠ' તરીકે પ્રસિદ્ધ થયું. શંકરાચાર્યજીએ બદરિનાથના શ્રીવિગ્રહની સ્થાપના કરી એ જ અરસામાં આ મંદિરને મઠનું સ્વરૂપ આપ્યું હતું. સોળમી સદીથી આ મઠને રાજ્યાશ્રય પ્રાપ્ત થયો હતો. સને ૧૭૮૫ અને ૧૭૮૭ના તામ્રપત્ર પરથી ઉલ્લેખ મળે છે કે ➤

તેના ઓટલા ઉપર તેમણે નિવાસ કર્યો. મહાતેજસ્વી બાળબ્રહ્મચારીને ઓટલે બેઠેલા જોઈ મઠનો મહંત બહાર આવ્યો. તેમણે વર્ણીન્દ્ર મહાપ્રભુને કહ્યું : "બ્રહ્મચારી ! તમે અહીં મઠની અંદર આવો. અહીં બહાર તો જંગલી જાનવરનો ઘણો ભય છે. માટે ઓટલે બેસી રહેવું તે ઠીક નથી."

વર્ણીન્દ્ર ભગવાને તેમનો ભાવ જોયો પરંતુ કાંઈ બોલ્યા નહિ. આમ શાંત બેઠેલા જોઈ મઠાધિપતિએ ફરી કહ્યું : "બ્રહ્મચારી ! તમો ભૂખ્યા હશો. અંદર આવો, ભોજન જમો અને સુખેથી વિશ્રાંતિ કરો."

પરંતુ વર્ણીન્દ્ર ભગવાન હજુ શાંત જ રહ્યા. મહંત વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે બ્રહ્મચારી મૌનવ્રતધારી હશે, તેથી તેમણે વર્ણિને હલાવ્યા અને ફરી કહ્યું : "મહારાજ ! મારું કહ્યું માનો. જો મઠમાં આવવાની ઈચ્છા ન હોય તો ગામમાં વસતિમાં જાઓ, પણ અહીં તો મૃત્યુનો ભય છે જ."

વર્ણીન્દ્રે તરત જ તેમને કહ્યું : "મહંતજી ! હું વસતિમાં રહેતો નથી. ગામબહાર, જ્યાં આવું સ્થળ મળે, ત્યાં આકાશની નીચે રહું છું. મૃત્યુનો મને ભય નથી."

મહંતજીને આશ્ચર્ય થયું. તેમણે તરત જ કહ્યું : "આ તમારી જોગીહઠ છે. વગર મોતે મૃત્યુના મોંમાં શા માટે ધકેલાઓ છો ?"

વર્ણીન્દ્રે તરત જ તેમને કહ્યું : "મૃત્યુથી ડરીને સંતાઈ જવાથી મૃત્યુ રોકાતું નથી. આપનો ખૂબ આભાર. હું તો અહીં જ સૂઈ રહીશ. જે થવાનું હશે તે થશે."

મહંતજીએ જાણ્યું કે આ ખરી જોગીહઠ છે. હાથે કરીને મૃત્યુના જડબામાં પેસે છે તો પછી આપણે શું ? એમ વિચારી તે અંદર ગયા.

રાત્રીનું અંધારું જામતું હતું. આ બ્રહ્મચારીની દયા ખાઈને તેણે બારણાં

ગઢવાલ નરેશ જયકૃત શાહે આ મંદિરને પુષ્કળ જમીન અર્પણ કરીને સમૃદ્ધ બનાવ્યું હતું. એટલે સહેજે જ લાખ રૂપિયાની આવક તે સમયે હતી. નીલકંઠ વર્ણી આ મઠમાં પધાર્યા ત્યારે સને ૧૭૯૨ની સાલ હતી. તે વખતે આ મંદિરની દશનામી પરંપરામાં નિર્મલપુરી નામના મહંત ગાદી પર હતા. તેમની મહંતાઈનો સમય ઈ.સ. ૧૭૮૭ થી ૧૮૧૨ સુધીનો હતો.

અલકનંદામાં વારંવાર આવતા પૂર અને ભૂકંપને કારણે શ્રીનગર વારેવારે ધ્વસ્ત થતું રહ્યું. ૧૯મી સદીના અંતે, એક પૂરમાં સંપૂર્ણ ધ્વસ્ત થઈ જવાથી સને ૧૮૯૫માં નવું શ્રીનગર વસાવવામાં આવ્યું છે, જે મૂળ શ્રીનગર કરતાં ઊંચી ભૂમિ પર વસાવાયું છે.

બંધ કરી દીધાં. વર્ણીન્દ્ર મહાપ્રભુ ઓટલા ઉપર મૃગચર્મ પાથરી ધ્યાનમગ્ન બેસી ગયા. રાત્રિના બે પ્રહર વીત્યા અને ધરણી ધ્રુજાવે તેવી કેસરી સિંહની ડણક સંભળાણી. મહંત અને પુરવાસી જનો આ ભયંકર ત્રાડ સાંભળીને જાગી ગયા. મહંતને બ્રહ્મચારીની ચિંતા થવા લાગી. ભયંકર ગર્જના કરીને ત્રાડુકતો કેસરી સિંહ થાળી થાળી જેવડા પંજાનાં પગલાં માંડતો, વાંભ એકનું પૂછડું ફંગોળતો, ધગેલ ત્રાંબા જેવી આંખો ટમટમાવતો ધીરે રહીને વર્ણીની આગળ આવીને ઊભો રહ્યો. પક્ષીઓ તેની ત્રાડ સાંભળીને ઝાડ ઉપરથી હેઠાં પડી ગયાં અને ગાભણી ગાનાં પેટ છૂટી ગયાં. એ હિંસક ત્રાડ સાંભળીને મઠના મહંત અને તેમના શિષ્યોની તો છાતી બેસી ગઈ. વર્ણીએ આ કેસરી તરફ દૃષ્ટિ કરી. તે દૃષ્ટિ ઝીલી નિશ્ચેતન બની સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતો કેસરી વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો. નથી હાલતો કે નથી ચાલતો. પ્રસંગની ભયંકરતાથી ધ્રૂજતા મહંતે બારીનું બારણું ખોલ્યું. તે અને તેમના શિષ્યો બારીની બહાર આશ્ચર્યવત્ જોઈ જ રહ્યા.

થોડી વારે નીલકંઠ વર્ણી કેસરી સિંહના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યા. કેસરી આ સ્પર્શથી સમાધિમાંથી જાગ્રત થઈ સચેતન થઈ ગયો. સમાધિના આનંદમાં ડાલા જેવું તેનું માથું ધુણાવતો તેની ધીમી ડણકથી પણ ધરતીના કણને વાંભ વાંભ દૂર ફેંકતો તે નીલકંઠ વર્ણીના પગ ચાટતો હતો. મહંતજીએ તેમના શિષ્યો સામું જોયું, શિષ્યોએ મહંત સામું જોયું. બન્ને એકાએક બોલી ઊઠ્યા : "આ તો કોઈ ઈશ્વરી અવતાર છે, કાં મહાદેવ કાં મુરારિ !"

જે માણસ અને પશુની હિંસા કરે, જેની ત્રાડ સાંભળીને અનેકનાં હૈયાં હલી જાય એવો આ કેસરી આજે આ વર્ણી પાસે ગભરુ ગાય જેવો બની ગયો હતો ! આ બ્રહ્મચારીએ તેને વશ કરી લીધો હતો !

ચળ અને અચળની દોરી તો વર્ણીના હાથમાં હતી. તેમને મન આ કાંઈ સિદ્ધિ ન હતી કે ન હતો એવો કોઈ સંકલ્પ. તેમને તો પોતાના સંબંધમાં આવે તેનું કલ્યાણ કરવાની ઇચ્છા હતી અને જોગાનુજોગ આજે આ કેસરી તેમની હડફેટમાં આવી ગયો. પરોઢ થયું અને વર્ણી ત્યાંથી ઊઠીને નદીકિનારે પ્રાતઃવિધિ કરવા જવા લાગ્યા. કેસરી પણ ગાય જેમ પાછળ ચાલે તેમ વર્ણીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. હજુ મોંસૂઝણું થયું ન હતું, તેથી માણસોની અવરજવર નહોતી. વર્ણીએ નદી પાસે આવીને પાછળ આવતા કેસરીને કહ્યું : "હવે તમારા માર્ગે ચાલ્યા જાઓ." અને તરત જ કેસરી શિર ઝુકાવીને સામેની

ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો !

વર્ણીની પાછળ દૂર રહીને આવતા મહંતજીએ અને તેમના શિષ્યોએ આ જોયું. વર્ણી સ્નાન કરીને પૂજાવિધિ કરતા હતા તે વખતે મહંતજી ત્યાં આવ્યા. ગામના લોકો પણ વર્ણીનાં દર્શન કરવા આવ્યા. વર્ણી તો પૂજામાં મગ્ન હતા. ઠાકોરજીને પ્રદક્ષિણા, દંડવત્ કરીને પોતે સ્તુતિ કરતા હતા. તેમને હાથ જોડી તેમણે કહ્યું : "બ્રહ્મચારી ! આપ બહુ પ્રતાપી પુરુષ છો. સિદ્ધ છો. આપ જો અમારા મઠમાં રહો તો તમને મઠાધિપતિ બનાવી દઉં. લાખ રૂપિયાની અમારી આવક છે...." મહંત બોલ્યે જ જતા હતા.

વર્ણીએ તેમને અટકાવીને વચ્ચે જ કહ્યું : "જુઓ મહતંજી ! મઠની, આશ્રમની કે મિલકતની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં જઈ અનેક જીવનું કલ્યાણ કરવું છે. અને સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે." એટલું કહીને વર્ણીએ પૂજા સંકેલી. મહંતની કાકલૂદી તેમણે નજરમાં ન લીધી અને ત્યાંથી સીધા સામેની ઝાડીમાં પ્રવેશ કરી અદૃશ્ય થઈ ગયા.

ગુપ્તકાશીમાં

નીલકંઠ વર્ણી ઝાડીમાંથી માર્ગ કરીને આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં ગુપ્તકાશી પધાર્યા. ગુપ્તકાશીમાં કાશીવિશ્વનાથની લિંગમૂર્તિ છે. પૂર્વકાળમાં ઋષિઓ ભગવાન શંકરની પ્રસન્નતા અર્થે અહીં તપ કરતા હતા. બલિના પુત્ર બાણાસુરની રાજધાની શોણિતપુર આ સ્થાનની આસપાસ હતી. અહીં નંદી ઉપર અર્ધનારીશ્વર ભગવાન શંકરની મૂર્તિઓ છે. વળી, કાશીવિશ્વનાથના મંદિરમાં પણ પાર્વતીજી તથા નંદીની મૂર્તિ છે. ગંગા અને યમુનાની ધારા અહીં કુંડમાં વહે છે. આ કુંડમાં યાત્રિકો સ્નાન કરે છે. સ્નાન કરી ગુપ્તદાન કરે છે. વર્ણીન્દ્ર ભગવાને અહીં શિવજીનાં દર્શન કર્યાં. અહીં જળઝીલણી અને વામન-દ્વાદશી કરી. ગુપ્તકાશીની ઉત્તરે એક પર્વત છે. તેની શોભા જોઈ નીલકંઠ વર્ણી પુલકિત થઈ ગયા.

ગુપ્તપ્રયાગમાં

નીલકંઠ વર્ણી અહીં દર્શન કરીને થોડો સમય આ સ્થાનમાં રહ્યા. પછી ત્યાંથી નીકળી મહાપ્રભુ ગુપ્તપ્રયાગમાં પધાર્યા. આ સ્થાનની પાસે ગંગા કલકલ

કરતી વહી રહી છે. ત્યાંથી ઝૂલા ઉપરથી ગંગા પાર કરી આનંદમગ્ન બનેલા નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા.

માર્ગની કઠિનાઈઓ તેમને નડતી નથી. વર્ષાની મુશળધારા કે નદીઓનાં પ્રચંડ પૂર તેમના માર્ગમાં અવરોધ કરી શકતાં નથી. હિંસક પ્રાણીઓ તેમને જોઈને સ્થિર થઈ જાય છે. પછી તેમને નમન કરી તેમના માર્ગમાંથી હઠી જાય છે. વર્ણીને ફક્ત એક જ ધ્યેય છે - પોતાના સંબંધમાં જે કોઈ આવે - પછી તે પશુ-પક્ષી કે મનુષ્યજાત હોય પણ તેમનું કલ્યાણ કરવું. ધર્મસ્થાપન કરવાનું તેમનું ધ્યેય આજે તેમને સિદ્ધ કરવું હતું. આ ધર્મસ્થાપનના કાર્યમાં આત્યંતિક કલ્યાણની સિદ્ધિ હતી. પોતાના અતિ દિવ્ય અને સર્વાવતારી સ્વરૂપનું લોકોને જ્ઞાન કરાવવાથી જ તે હેતુ સિદ્ધ થાય તેમ હતું. તેથી તેઓ એક પછી એક વસમી વાટ વિતાવતા હતા, તીર્થોમાં ફરતા હતા, મુમુક્ષુઓને ઉપદેશ આપતા હતા અને સાધુતાનો અદ્‌ભુત આદર્શ પ્રગટ કરવાનું સ્થાન જોતા રહેતા હતા.

ત્રિયુગી નારાયણ

નીલકંઠ વર્ણી આગળ ચાલતા હતા. એટલામાં સામે એક મહામંદિર તેમણે જોયું. અત્યંત શોભાના ધામ સમા આ મંદિરને જોઈ નીલકંઠ વર્ણી ત્યાં થંભી ગયા. આ મંદિરમાં ત્રિયુગી નારાયણની મૂર્તિ છે. ભગવાન નારાયણ ભૂદેવી અને શ્રીદેવી સાથે બિરાજમાન છે. એવું કહેવાય છે કે આ સ્થાને શિવજી અને પાર્વતીજીનાં લગ્ન થયાં હતાં. નીલકંઠ વર્ણીએ અહીં ભાવપૂર્વક દર્શન કર્યાં. તીર્થોને તીર્થત્વ અર્પી અને તીર્થવાસીઓનું કલ્યાણ કરી ભગવાન નીલકંઠ વર્ણીએ પોતાની દિવ્ય મજલ આગળ ચાલુ રાખી. હેતુ વગર ક્યાંય રોકાતા નથી. તેમનું કાર્ય જાણે ત્વરિત ગતિએ કરી લેવું હોય એવી તેમની ઉતાવળી મજલ હતી. નીલકંઠ વર્ણી ત્યાંથી ગૌરીકુંડ પધાર્યા.

ગૌરીકુંડમાં

ગૌરીકુંડમાં ઠંડા અને ગરમ પાણીના કુંડ છે જેને અમૃતકુંડ પણ કહે છે. પાર્વતીજી આ અમૃતકુંડમાં નહાયાં હોય એવું તીર્થવાસીઓ કહે છે. પાર્વતીજીનું આ જન્મસ્થાન છે. અહીં પાર્વતીમંદિર તથા રાધાકૃષ્ણનાં મંદિરો છે. કેદારનાથ અહીંથી ચાર કોસ દૂર છે. નીલકંઠ મહાપ્રભુ ગૌરીકુંડમાં સ્નાન કરી, મંદિરોમાં દર્શન કરી કેદારનાથ પધાર્યા.

કેદારનાથમાં

કેદારનાથ ભારતમાં યાત્રાનું મુખ્ય ધામ છે. અહીં લાખો યાત્રિકો વર્ષોવર્ષ યાત્રા અર્થે આવે છે. નીલકંઠ વર્ણીને આ યાત્રિકોમાંથી મુમુક્ષુઓ શોધવા હતા. તેમને પોતાનાં દર્શન આપી પોતાનો સંબંધ કરાવવો હતો. આ તીર્થમાં હજારો યાત્રિકોને તેમનાં દર્શન થયાં. કોઈએ તેમનામાં સાક્ષાત્‌ નારાયણ જોયા, તો કોઈને મહાન યોગી સ્વરૂપે દેખાયા. તે ચાલતા ત્યારે કેટલાક લોકો તેમને નમન કરતા, કેટલાક માર્ગમાંથી ખસી જતા. પોતે નીચી દૃષ્ટિ રાખીને જ ચાલતા છતાં કોઈના ઉપર જો તેમની દૃષ્ટિ પડી જતી, તો તેનું કલ્યાણ સદ્ય થઈ જતું.

દ્વાદશ જ્યોતિર્લિંગોમાંનું એક લિંગ શ્રી કેદારનાથજીનું ગણાય છે. આ ક્ષેત્ર અનાદિ મનાય છે. સત્‌યુગમાં ઉપમન્યુજીએ ભગવાન શંકરની આરાધના અહીં કરી હતી. દ્વાપરમાં પાંડવોએ પણ અહીં તપશ્ચર્યા કરી હતી. કેદારનાથજીના મંદિરમાં ઉષા, અનિરુદ્ધ, પાંચ પાંડવો, શ્રીકૃષ્ણ તથા શિવ-પાર્વતીજીની મૂર્તિઓ છે. યાત્રિકોના સમૂહમાંથી ઝડપથી માર્ગ કાઢતાં શ્રી નીલકંઠ વર્ણીજીએ મંદિરમાં આવી દર્શન કર્યાં. આ સ્થાનને પવિત્ર જાણી અને અહીં આવતા યાત્રિકોના સમૂહનું કલ્યાણ કરવા વર્ણી મહાપ્રભુ અહીં થોડા દિવસ રહ્યા. પછી અહીંથી નીકળ્યા અને હિમાલયની પ્રચંડ હિમ વરસાવતી ટેકરીઓને એક પછી એક ઉલ્લંઘીને કિશોરસ્વરૂપ વર્ણીરાટ નવ દિવસે બદરીનાથ પહોંચ્યા.

બદરીનાથમાં

બદરીનાથનું મંદિર નાનું છે પણ શિખરબદ્ધ છે. આગળ મંડપ મોટો છે: આ ધામમાં શ્રી નરનારાયણજીની ચતુર્ભુજ મૂર્તિઓ શાલિગ્રામના પથ્થરમાંથી કોતરીને બનાવેલી છે. મૂર્તિઓ ધ્યાનમગ્ન અને બિડાયેલાં નેત્રની સુંદર અને આકર્ષક છે. મૂર્તિઓને સુંદર આભૂષણો ધરાવાય છે. યાત્રિકોનાં મન હરી લે તેવી આ સુંદર મૂર્તિઓનાં દર્શન કરી નીલકંઠ વર્ણી આનંદમગ્ન બની ગયા.

નીલકંઠ મહાપ્રભુ જ્યારે મંદિરમાં દર્શન કરતા હતા, ત્યારે તે મંદિરનો પૂજારી જે જ્યોતિર્મઠના દ્વિજ રાવળની શાખે ઓળખાય છે તે વર્ણીરાટની દિવ્ય મનોહર મૂર્તિને જોઈ પ્રેમમગ્ન બની ગયો. તેણે ઘણા યાત્રિકોને, ઋષિઓને, મહાત્માઓને અહીં દર્શન કરવા આવતા જોયા હતા. પરંતુ તે કોઈનાય સ્વરૂપમાં તેની ચિત્તવૃત્તિ આવી આકર્ષાઈ ન હતી. અનિમિષ દૃષ્ટિએ

તે વર્ણીરાટનાં દર્શન કરતો જ રહ્યો. તેના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. કંકુ અને ગુલાલથી અંકિત થયેલું મંદિરનું પ્રાંગણ આ નીલકંઠ વર્ણીના પાદસ્પર્શથી પુનિત થઈ ગયું. તે પ્રાંગણમાં તેણે નીલકંઠ વર્ણીના ચરણારવિંદની છાપ જોઈ. તેમાં ઊર્ધ્વરેખા સહિત સોળ ચિહ્નો તેણે સ્પષ્ટ જોયાં. તેને લાગ્યું કે સાક્ષાત્ નારાયણ તેની પૂજા-ભક્તિથી પ્રસન્ન થઈ આજે તેને દર્શન દેવા પધાર્યા છે.

થોડી વારે જ્યારે તે સ્વસ્થ થયો, ત્યારે તેણે હાથ જોડીને વર્ણીને પૂછ્યું : “પ્રભુ ! આપ ક્યાંથી પધારો છો ? આપનું શુભ નામ શું છે ?” વર્ણી તેનો ભાવ જોઈ મંદમંદ હસવા લાગ્યા. તેમના મધુર સ્મિતમાં પૂજારીને પ્રેમ દેખાયો. તે ફરી હાથ જોડી બોલવા લાગ્યો : “અહો, મહાપ્રભુ ! આપ સાક્ષાત્ નારાયણ હો તેવું મને લાગે છે. આપ અત્રે પધાર્યા અને અમારા અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ ! અહીં ઘણા યાત્રિકો આવે છે પણ આપ સમાન હજુ સુધી મેં કોઈ જોયા નથી.” પૂજારી બોલ્યે જ જતો હતો. વર્ણી તેના સામું મૌન ધારણ કરી સ્મિત કરતા ઊભા હતા. ફરી પૂજારીએ શરૂ કર્યું : “હું જાણું છું, મોટાપુરુષ પોતાની મેળે પોતાનું સ્વરૂપ કહેતા નથી પણ મારા અંતરમાં અજવાળું થયું છે એટલે હવે આપનું સ્વરૂપ ઢાંક્યું રહેશે નહિ.”

પૂજારીનો આવો ભાવ જોઈ વર્ણીએ તેને કહ્યું : “જાત્રા નિમિત્તે નીકળી પૂરબ દેશમાંથી અમે અહીં દર્શન કરવા આવ્યા છીએ.”

પૂજારીએ આ સાંભળી તરત જ તેમના બે હાથ પકડી લીધા અને બોલ્યા : ‘મોટાપુરુષની રીત તો પોતાનું સ્વરૂપ છુપાવવાની જ હોય છે. તેમના એવા ભાવમાં જ તેમના સાચા સ્વરૂપનું દર્શન થાય છે. હવે હું તમને અહીંથી જવા દઈશ નહિ.”

પૂજારીનો બહુ જ આગ્રહ જોઈ વર્ણીએ ત્યાં રહેવા કબૂલ્યું.

પૂજારી રોજ પ્રેમથી વર્ણીને નરનારાયણનો થાળ જમાડતા. બધું જ ભેગું કરી તેમાં પાણી નાખીને જમવાની વર્ણીની રીત જોઈ તેને આશ્ચર્ય થતું. પૂજારી ક્યારેક પૂછતા : “આમ કેમ જમો છો ?”

ત્યારે વર્ણી હસતાં હસતાં કહેતા : “અન્ન તો પ્રાણના આધાર માટે છે, સ્વાદ માટે નથી. સાચા સાધુ કે ભક્તે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો જ લેવો જોઈએ.”

તપથી કૃશ થયેલા શરીરને કેવળ આધાર આપવા પૂરતો જ મિતાહાર કરતા આ વર્ણીના સ્વરૂપ વિશે પૂજારી કેટકેટલા પ્રકારની અટકળો કરવા

લાગ્યો. પરંતુ વર્ણિને પોતાનું સ્વરૂપ પ્રકટ કરવું હોય તો જ પૂજારીને એ સ્વરૂપનો ખ્યાલ આવે. પરંતુ પોતાની માન્યતામાં દઢ રહી પૂજારીએ વર્ણીની સેવા કરવાનું શરૂ કરી દીધું. વર્ણી રોજ મંદિરમાં મૂર્તિઓ સન્મુખ બેસતા. અનેક યાત્રિકો તેમનાં દર્શન કરી તેમનામાં આકર્ષાતા. તેમને ભ્રાંતિ થતી કે નરનારાયણ તો આ વર્ણીસ્વરૂપે અહીં આવીને બેસી નથી ગયા ને ! વર્ણી પણ તેમની મૂંઝવણ જોઈ મંદમંદ હસતા.

આમ, થોડા દિવસ પૂજારીએ ભાવથી વર્ણીની સેવા કરી.

એક દિવસ તેણે વર્ણિને પૂછ્યું : "હે વર્ણીરાટ ! આપને ઘેરથી નીકળ્યે કેટલો સમય થયો ? હિંડોળાનાં દર્શન ક્યાં કર્યાં ? દેવપોઢણી એકાદશી ક્યાં કરી ? પવિત્રા એકાદશી ક્યાં કરી ? જન્માષ્ટમીનો ઉત્સવ ક્યાં કર્યો ?"

વર્ણી તેના પ્રશ્નોની પરંપરા સાંભળી હસ્યા. પછી બોલ્યા : "અમારો સ્વભાવ તો ગોદોહનમાત્ર એક ઠેકાણે રહીએ એવો નથી. છતાં તમારો ભાવ છે એટલે અમે અહીં રહ્યા છીએ." એટલું કહી વળી વર્ણીરાટ તે પૂજારી સામું જોઈ રહ્યા. તેની અનિમિષ દૃષ્ટિમાં તેનો પ્રેમ તેમણે જોયો એટલે ફરી બોલ્યા : "અમારી ત્યાગીઓની વાત ગુપ્ત હોય છે, પરંતુ તમને મારા જાણીને કહું છું. અમે સરયૂ તરીને અમરપુર આવ્યા. નિયમની એકાદશીને દિવસે ત્યાંથી ચાલ્યા અને નારદવનમાં આવ્યા. ત્યાં હિંડોળાના દિવસો ચાલતા હતા. પવિત્રા એકાદશી હરદ્વારમાં કરી. જન્માષ્ટમી તપોવનમાં કરી. લક્ષ્મણપુરમાં ઉપવીત ધારણ કર્યું. ગણપતિ ચતુર્થી શ્રીનગરમાં કરી, ઉદ્ધવવનમાં ઋષિપંચમી ઊજવી, જળઝીલણી એકાદશી અને વામનદ્વાદશી ગુપ્તકાશીમાં કરી અને શ્રાદ્ધપક્ષમાં ગુપ્તપ્રયાગમાં આવ્યા. કેદારનાથમાં રહ્યા. શ્રાદ્ધપક્ષ ત્યાં જ પૂરું કર્યું. નવરાત્રિ માર્ગમાં કરી અને નવમે દિવસે અમે અહીં આવ્યા. અહીં તમારી સાથે જ માણેકઠારી પૂનમનો ઉત્સવ કર્યો અને હવે તમારો ભાવ છે તેથી અન્નકૂટ સુધી અહીં રહેશું."[૪૬]

નીલકંઠ વર્ણીના શબ્દમાંથી અમૃત ઝરતું હતું અને પૂજારી તેનું પાન કરતા હતા. તેમની આંખમાંથી અશ્રુની ધારા ચાલી જતી હતી. આવી કોમળ કાયાથી આ કઠણ યાત્રા અને તપ શી રીતે થયાં હશે ? તેણે કહ્યું : "વર્ણીરાટ ! આપ અહીં જ રહો. અહીંથી ક્યાંય ન જાઓ."

નીલકંઠ વર્ણી કાંઈ બોલ્યા નહિ અને તેમણે માથું હલાવ્યું.

૪૬. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨, તરંગ-૧૭.

દીપોત્સવી અને અન્નકૂટ નીલકંઠ વર્ણીએ બદરીનાથમાં કર્યા. અન્નકૂટનો થાળ જમીને નીલકંઠ વર્ણીને જ્યોતિર્મઠમાં[૪૭] પધરાવવા સારુ પૂજારી તેનો હાથી લાવ્યો. તે ઉપર સોનાની અંબાડી મૂકી. બદરીનાથનાં દ્વાર અન્નકૂટ પછી છ માસ માટે બંધ થાય ત્યારે પૂજારી જ્યોતિર્મઠમાં રહેવા જાય છે. હાથી ઉપર સવારી કરી ત્યાંથી બાર કોસ દૂર જ્યોતિર્મઠમાં તે જાય છે. આ વખતે તેણે વર્ણીને હાથી ઉપર પ્રથમ બેસાર્યા. તેમની પાછળ તે બેઠા અને સુવર્ણનાં બે ચામર વડે વર્ણીને ચામર ઢોળવા લાગ્યા.

અહીં એક સુંદર બંગલો છે. આજુબાજુ પુષ્પના બગીચા છે. અહીં વર્ણીનું તેણે સ્વાગત કર્યું અને એક સુંદર આસન ઉપર પધરાવ્યા. પછી હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આ બંગલો આપને હું અર્પણ કરું છું. આપ હવે સદા અહીં જ રહો."

પરંતુ વર્ણીને ક્યાં આ લોકની કોઈ સંપત્તિ ખપતી હતી ? તેમણે તરત જ કહ્યું : "તમારો ભાવ હતો તે અમે પૂરો કર્યો. તમે જે માગ્યું તે અમે આપ્યું. હવે અમે અહીંથી હિમગિરિમાં જ્યાં નરનારાયણ ઋષિ તપ કરે છે ત્યાં જઈશું. ત્યાં થોડા દિવસ રહીને ફરીને અહીં આવીશું."

પૂજારી આ સાંભળી અવાક્ બની ગયા. અહીં બદરીનાથમાં જ જ્યાં શિયાળામાં પુષ્કળ બરફ પડે છે અને રહી શકાતું નથી તો આ વર્ણી હિમગિરિમાં જવા માગે છે તે કેમ બને ? તેણે તરત જ કહ્યું : "મહારાજ ! કોઈ માનવી ત્યાં જઈ શક્યું નથી અને કોઈ ત્યાં જવાનો સંકલ્પ પણ કરતું નથી."

વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "અમે માનવી નથી. અમારો સંકલ્પ દૃઢ છે. તમે રસ્તો બતાવો, નહિ તો અમે ચાલી નીકળીશું."

પૂજારીએ જોયું કે વર્ણીનો નિશ્ચય દૃઢ છે. તેણે તરત જ ચંદન-પુષ્પથી વર્ણીની પૂજા કરી, તેમને ટાઢ ન લાગે એવો એક ગરમ ધાબળો તેમણે આપ્યો. વર્ણી તેની લાગણીથી પ્રસન્ન થયા. તેના ઉપર દૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા. પૂજારીએ ફરી હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપ ફરી જરૂર પધારજો. અમે આપની સેવા કરીશું. તમે સાક્ષાત્ નારાયણ છો, નહિ તો મૃત્યુના મુખમાં કોઈ પગ મૂકે નહિ."

વર્ણી આ સાંભળવા ન રહ્યા. તે ત્યાંથી ચાલ્યા. જોતજોતામાં તો તે અદૃશ્ય થઈ ગયા. જ્યોતિર્મઠના વાસીઓને આ જોઈ આશ્ચર્ય થયું.

---

૪૭. જોષીમઠ (આધારાનંદ સ્વામી કૃત).



ઉદ્‌ગીથ ૮

નરનારાયણના આશ્રમમા

(આ.સં. ૧૮૪૯, ઈ.સ. ૧૭૯૨-૧૭૯૩)

નરનારાયણના આશ્રમ બદરીવન પ્રતિ પ્રયાણ

શ્રી નરનારાયણ ઋષિએ પોતાના ભરતખંડમાં પ્રવર્તેલા અધર્મથી, અક્ષરાધિપતિ નારાયણને પ્રાર્થના કરી હતી કે આ અધર્મનો નાશ થાય અને શુદ્ધ એકાંતિક ધર્મની પ્રવૃત્તિ ભરતખંડમાં થાય. આજે નરનારાયણ ઋષિ પ્રસન્ન હતા. તેમને મનમાં થયું કે અહો ! સાક્ષાત્‌ પુરુષોત્તમ નારાયણ આજે કિશોરસ્વરૂપે તીર્થાટન કરતાં કરતાં પોતાના આશ્રમમાં પોતાને દર્શન દેવા પધારી રહ્યા છે. જે સ્વરૂપનું અમે નિરંતર ધ્યાન ધરીએ છીએ તે સ્વરૂપ આજે દષ્ટિગોચર બને છે. વૈરાટ નારાયણે પોતાનાં પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ સુધી સ્તુતિ કરી ત્યારે પુરુષોત્તમ નારાયણ પોતે આ બ્રહ્માંડમાં પધાર્યા - એવો અતિ મહાન ઉપકાર ભરતખંડના માનવીઓ ઉપર તેમણે કર્યો.

દેહધારીથી ન બને એવું તપ કરે છે. હિમગિરિમાં ઉઘાડે પગે ચાલી રહ્યા છે. સાથે બીજું કોઈ નથી. વિચાર કરતાં કરતાં ઋષિવર વ્યસ્ત થઈ ગયા. તેમણે એકાએક બૂમ મારી : “અરે, કોઈ છે ?” તરત જ નરઋષિ આવ્યા. તેમને જોઈ નારાયણ પ્રભુએ કહ્યું : “સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ આપણા આશ્રમમાં પધારે છે. માટે વાયુદેવને જઈને કહો, હિમગિરિને જઈને કહો - પ્રભુને કાંઈ દુ:ખ ન પડે તેવી રીતે અહીં લઈ આવે.”

નરઋષિ તત્કાળ હિમગિરિ પાસે ગયા અને નારાયણનો સંદેશો કહ્યો. પોતાની પીઠને પાવન કરતા અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના આજે વાહક બનવાનું પોતાને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તેથી હિમગિરિ પ્રસન્ન થયા. વાયુદેવે પણ તેમની ગતિ મંદ કરી દીધી. હિમગિરિ દેવનું સ્વરૂપ ધારણ કરી નીલકંઠ વર્ણીની સન્મુખ પધાર્યા. નીલકંઠ વર્ણીને દૂરથી જોઈ તેમણે ઓળખ્યા.

મારા વિશાળ વિસ્તારમાં કોઈ માનવી ફરકી ન શકે ને આ વર્ણી અહીં પધાર્યા માટે જરૂર નરઋષિએ કહ્યા તે મહાપ્રભુ આ પોતે જ છે. તેમણે દંડવત્ કર્યા. વર્ણી પાસે આવી બે હાથ જોડી કહ્યું : "હે નાથ ! નરનારાયણ દેવે મને આજ્ઞા કરી છે તેથી હું આપની સન્મુખ આવ્યો છું. આપ કહો તે પ્રમાણે વાહન લાવું અથવા આપનો વાહક હું પોતે બની જાઉં."

તેમનો ભાવ જોઈ મહાપ્રભુ હસ્યા. તેમણે કહ્યું : "તીર્થાટન તો પગે ચાલીને જ કરવું જોઈએ."

એટલામાં પાછળ નરઋષિ અને મુનિગણો આવ્યા. તેમણે સર્વેએ શ્રી નીલકંઠ મહાપ્રભુને દંડવત્ કર્યા. અનેક પ્રકારનાં ફળ તેમને ચરણે ધર્યાં. નીલકંઠ વર્ણી પણ ઋષિઓને જોઈ ખૂબ આનંદ પામ્યા. પછી સૌ સાથે ચાલ્યા. એટલામાં શીતળ જળનું સરોવર આવ્યું. તેમાં જે નહાય તે બરફની શિલા જ બની જાય. નીલકંઠ મહાપ્રભુએ તેમાં સ્નાન કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. નરઋષિ તથા સર્વે મુનિઓએ કહ્યું : "પ્રભુ ! આપનું આવું કૃશ શરીર છે. વળી, અહીંની શીતળતાથી આપ ટેવાયેલા નથી, તેથી આમાં સ્નાન ન કરો તો સારું."

પરંતુ નીલકંઠ મહાપ્રભુને સર્વ ઋષિઓ માટે તે તીર્થ બનાવવું હતું. તેમણે તો તરત જ તેમાં ઝંપલાવ્યું. ઋષિઓને આશ્ચર્ય થયું. તેઓ પણ તેમાં નાહવા માટે પડ્યા. સૂર્યદેવને લાગ્યું કે અક્ષરપતિની સેવાનો આ ખરો અવસર છે. તરત જ પોતે ત્યાં પ્રગટ થયા. વર્ણીની બાજુમાં જ ઊભા રહ્યા. વર્ણીને ગરમી લાગી. ટાઢની શીતળતા ચાલી ગઈ. સૂર્યદેવ પ્રત્યે તેમણે જોયું. સૂર્યદેવે સાષ્ટાંગ દંડવત્ કર્યા. વર્ણીએ તેમને કહ્યું : "તમારા આશ્રિતોના અંતરમાં પ્રેરણા કરી આ સ્વરૂપ ઓળખાવજો. તમે એ સેવા કરશો તો તમારી મૂર્તિ હું પધરાવીશ." સૂર્યદેવ રાજી થયા. તરત જ ત્યાંથી અદશ્ય થઈ ગયા.

નીલકંઠ વર્ણીએ ત્યાં જ પોતાનો નિત્યવિધિ કર્યો. શાલિગ્રામને નૈવેદ્ય ધર્યું અને સૌ ઋષિઓને પ્રસાદ આપ્યો. પછી ત્યાંથી ચાલ્યા.

પાંચ-પાંચ કોશ ચાલતાં વીસ-પચ્ચીસ દિવસ થયા ત્યારે સુંદર બદરીવન આવ્યું. ગણતાં પાર ન આવે એટલાં વૃક્ષોથી સઘન બનેલું બદરીવન જોઈ નીલકંઠ મહાપ્રભુને ખૂબ આનંદ થયો. પૃથ્વીનો રસકસ પીને વૃક્ષો પુષ્ટ બન્યાં હતાં. ફળ-ફૂલની સુગંધ સર્વત્ર મહેકી રહી હતી. આ ધામ જોઈ નીલકંઠ વર્ણીને ખૂબ આનંદ થયો. તેમણે કહ્યું : "સમગ્ર ભરતખંડમાં આવું કોઈ ધામ નથી. અહીં જાણે અખંડ રહીએ એવું થાય છે." એમ કહીને આગળ ચાલ્યા.

નરનારાયણ ઋષિનો આશ્રમ આવ્યો એટલે શ્રી નીલકંઠ પ્રભુ દૂરથી દંડવત્‌ કરવા લાગ્યા. એટલામાં તો નારાયણ ઋષિ દોડતા ત્યાં આવ્યા અને નીલકંઠને ભેટી પડ્યા. દેવોએ વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ કરી. જયઘોષના નાદ થવા લાગ્યા. વિવિધ પ્રકારનાં સંગીત-વાદ્યોથી વાતાવરણ આહ્‌લાદક બની ગયું.

નારાયણ ઋષિના અંતરમાં હેત સમાતું નથી. વારંવાર નીલકંઠ વર્ણી પ્રત્યે જોયા જ કરે છે. આંખોમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ વહે છે. પોતે ગદ્‌ગદ થઈ ગયા. નીલકંઠ વર્ણીને વારંવાર મળ્યા છતાં જાણે અતૃપ્ત જ રહ્યા. બીજા ઋષિઓને નીલકંઠ વર્ણીને મળવાનો વારો જ ન આવ્યો. તેથી તેમણે સૌએ નીલકંઠ વર્ણીના ચરણનો સ્પર્શ કરી આનંદ માન્યો. નરનારાયણ ઋષિ વર્ણીરાટ ભગવાનનો હાથ પકડી તેમના આશ્રમમાં લઈ ગયા.

આ.સં. ૧૮૪૯ના કાર્તિકની અંધારી આઠમે વર્ણી મહાપ્રભુએ શ્રી નર-નારાયણ ઋષિનો આશ્રમ પોતાના પદારવિંદથી પાવન કર્યો. નરનારાયણ તથા સર્વે ઋષિઓ ધન્ય બની ગયા. સુંદર ઊંચા આસન ઉપર વર્ણીન્દ્ર ભગવાનને બેસાર્યા અને શ્રી નરનારાયણ ઋષિ તેમની સન્મુખ બેઠા. આજુબાજુ ઋષિવૃંદ બેસી ગયું. અંધારી આઠમની રાત્રિ વર્ણીન્દ્ર મહાપ્રભુના મુખારવિંદનાં દર્શનમાં આવરણરૂપ ન બને એટલા માટે અગ્નિદેવ પ્રગટ થયા. રાળનાં લાકડાંની અનંત મશાલો પ્રકટાવી. સૂર્યોદય જેવો પ્રકાશ ત્યાં વિસ્તરી રહ્યો.

શ્રી નારાયણ ઋષિએ શ્રી વર્ણીન્દ્ર મહાપ્રભુને કહ્યું : "હે અક્ષરાધીશ ! આ હિમગિરિનો રસ્તો મહાવિકટ છે. અહીં કોઈ માનવીથી તો આવી શકાતું જ નથી. બહુ વર્ષ તપ કરીને સિદ્ધગતિ પામેલા મુનિઓને અહીં ભગવાન કેદારનાથ લઈ આવે છે. તે સિવાય તો કોઈ પણ પ્રકારે અહીં આવી શકાતું જ નથી. હિમગિરિનો હિમ હાડકાંને ગાળી દે છે. આપ અહીં અમારા ઉપર કૃપા કરીને પધાર્યા તે જ અમારાં અહોભાગ્ય કહેવાય."

નારાયણ ઋષિની આ વિનમ્ર વાણી સાંભળીને વર્ણીરાટ ભગવાન સંકોચ પામતાં બોલ્યા : "આપ તો ભરતખંડના રાજા છો. તપનું નિમિત્ત લઈને હું આપનાં દર્શન સારુ જ અહીં આવ્યો છું."

ભગવાનની વાણીમાં વિવેક હોય, નમ્રતા હોય. તે વાણીનું મહિમાપૂર્વક પાન કરનારામાં એ ગુણો પ્રકટે છે. શ્રી નારાયણ ઋષિને આ વર્ણીન્દ્ર ભગવાનના પરસ્વરૂપનું જ્ઞાન હતું, મહિમા હતો. તેમનું જ રાત-દિવસ તેઓ ચિંતવન કરતા હતા. આ જ મૂર્તિ તેમનું ધ્યેય હતી. તેથી તેમણે કહ્યું :

"આપનો પ્રતાપ અને મોટપ જે જાણે છે તે જ ખરેખર મોટા છે. આપનાથી અમને જે અધિક માને છે તે આપનો પ્રતાપ જાણતા નથી."[૪૮]

શ્રી નારાયણ ઋષિ તથા અન્ય મુનિગણોનો ભાવ જોઈ વર્ણીન્દ્ર મહાપ્રભુને આ સ્થાનમાં રહેવાની રુચિ થઈ. તપ માટે આ સ્થાન ઉત્તમ છે. બદરીવનની તપોભૂમિમાં નીલકંઠ મુનિ ત્રણ માસ રહ્યા. કઠિન તપ કર્યું. અન્ન ગ્રહણ ન કર્યું. તેમનું તપ મુમુક્ષુઓના કલ્યાણ માટે હતું. મુમુક્ષુઓની સાધના નિર્વિઘ્ન થાય તે માટે જ તેઓ તપ કરતા હતા. પોતે સાક્ષાત્ પ્રભુ છે, પૂર્ણકામ છે, છતાં તપ તેમને પ્રિય છે. તેમનું તપ જનહિતાર્થે હોય છે.

ત્રણ માસની કઠિન તપશ્ચર્યા પછી નીલકંઠ વર્ણીએ ત્યાંથી નીકળવાનો વિચાર કર્યો. તેમણે નારાયણ ઋષિને પૂછ્યું : "હવે મારે ક્યાં જવું ?"

નારાયણ ઋષિએ તરત જ કહ્યું : "આપ તો અનંત ભગવાનના ભગવાન છો છતાં પૂછો છો તેથી સેવા સમજીને કહું છું. આપ જે હેતુ માટે પ્રકટ થયા છો, તે હેતુ સિદ્ધ કરવા સારા ભારતમાં ભ્રમણ કરીને પશ્ચિમમાં પધારશો. ત્યાં આપને પ્રથમ નારદમુનિ[૪૯] મળશે અને ત્યારબાદ ઉદ્ધવજી[૫૦] મળશે. તે પછી આપના પ્રાકટ્યનો હેતુ - એકાંતિક ધર્મની સ્થાપનાનો - આપ સિદ્ધ કરશો. આ એકાંતિક ધર્મ બ્રહ્માંડની ઉત્પત્તિથી તે આજ સુધીમાં સ્થપાયો જ નથી. તે કાર્ય આપ દ્વારા જ થશે."

પછી બદરીપતિએ નીલકંઠ મહાપ્રભુનું ષોડશોપચારે પૂજન કર્યું. ફૂલના હાર ધરાવ્યા, ફળ અર્પણ કર્યાં અને તેમના ચરણકમળમાં પ્રણિપાત કર્યા. આ વિદાયની વેળા હતી. નીલકંઠ વર્ણીના ત્રણ માસના સતત સંસર્ગથી સર્વ મુનિઓને અવર્ણનીય સુખનો અનુભવ થયો. પૂર્ણ પુરુષોત્તમના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન તેમને સર્વને થઈ ગયું. તેમની કૃપાથી ફળ મળી ગયું. પરંતુ હવે આ વિદાયનું દુઃખ સતાવતું હતું. ભગવાને કૃપા કરી પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું પરંતુ અંતરમાં તે સ્વરૂપની અખંડ સન્નિધિનો અનુભવ તો શુદ્ધ બ્રાહ્મીસ્થિતિની સિદ્ધિ સિવાય થઈ શકતો નથી. નીલકંઠ પ્રભુએ તેમનું દુઃખ પારખ્યું. હસતાં

---

૪૮. *તુમરે પ્રતાપ ન જાનત જોઉ, હમકું અધિક કર માનત સોઈ;*
અધિક મે અધિક કિયેઉ આઈ, હમકું દરશ દિયે હિત લાઈ.
— શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂ. ૨, તરંગ ૧૮-૨૯.

૪૯. મુક્તાનંદ સ્વામી.

૫૦. રામાનંદ સ્વામી.

હસતાં તેમણે કહ્યું : "દેહ ધરીને તમે જ્યારે સમાગમ કરશો, ત્યારે હું દૂર છું એવું તમને કદી લાગશે નહિ. દૂરત્વનું, જુદાપણાનું અજ્ઞાન ટળી જશે."

નીલકંઠ વર્ણીના આ શબ્દોથી શુદ્ધ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવાની મહત્તા પણ તેમને સમજાણી. વર્ણીન્દ્ર મહાપ્રભુને તેમણે હસતાં હસતાં વિદાય આપી.

નીલકંઠ વર્ણી એક ડગલું ચાલ્યા અને થોડી વાર થંભીને શ્રી નરનારાયણ ઋષિ પ્રત્યે તેમણે જોયું : "ઋષિપ્રવર ! તમે મારી બહુ સેવા કરી છે. તમારી મૂર્તિની સ્થાપના હું તમારા ભરતખંડમાં જરૂર કરીશ." ઋષિવરોએ નતમસ્તકે પ્રણામ કર્યા. નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા.

કાળની ઉગ્રતાથી યુગના ધર્મોનો કેવો નાશ થઈ ગયો છે તે નીલકંઠ વર્ણી વિચારી રહ્યા. પરંતુ પોતાની ઈચ્છાથી જ આસુરી તત્ત્વોનું સ્વરૂપ ખુલ્લું પાડવા આવા વિષમ કાળનું પ્રધાનપણું પ્રવર્તી રહ્યું હતું. આસુરી તત્ત્વોનો વિકાસ તો તેમને પરમાત્માના પરમ સત્યસ્વરૂપની ઝાંખી ન થાય તેમાં જ છે. તે સ્વરૂપમાં તેમને મોહ થાય તો જ તેઓ તે પરમાત્માના માર્ગથી દૂર થાય અને પોતાનો વિનાશ નોતરે.[૫૧] આ ઘટમાળ પોતે જ સર્જી છે અને તે પ્રમાણે કાળ કાળનું કામ કર્યે જ જાય છે. તેમાં ફરિયાદનું કોઈ કારણ નથી. નીલકંઠ વર્ણી આમ વિચારતાં વિચારતાં આગળ ચાલતા હતા. તેમણે વિચાર કર્યો : એકાંતિક ધર્મ પ્રવર્તાવી સત્યુગ,[૫૨] ત્રેતા[૫૩] અને દ્વાપરના[૫૪] લુપ્ત થયેલા ધર્મોનું હું જ્યારે સ્થાપન કરીશ, ત્યારે કળિ રહેશે ક્યાં ? કળિયુગને પણ રહેવાનું કોઈ સ્થાન તો આપવું જોઈએ ને ? પરંતુ તેનો તેમણે તરત જ વિચાર કરી લીધો. તેઓ મનમાં હસ્યા.

દૂરથી દર્શન કરતા ઋષિમુનિઓ નીલકંઠ વર્ણીને જતા જોઈ રહ્યા. ધીમે પણ દૃઢ પગલે નીલકંઠ વર્ણી ચાલતા હતા. તેમને માટે કોઈ અગમ્ય પ્રદેશ હતો નહિ, પરંતુ પોતે અત્યાર સુધી સૌને અગમ્ય રહ્યા હતા તે આજે મુમુક્ષુઓનાં કલ્યાણ કાજે દયાએ કરીને જ ગમ્ય બન્યા તેનો તેમના અંતરમાં આનંદ હતો.

✧

નીલકંઠ વર્ણીને માનસરોવરના કિનારે રહેતા હંસો જોવા જવું હતું. નીર-

---

૫૧. असुराणां विमोहाय । - ब्रह्मपुराण

૫૨. તપ, વ્રત, સ્વાધ્યાય, અપરિગ્રહ, માધુકરી ઇત્યાદિ.

૫૩. યજ્ઞયાગાદિક.

૫૪. ઉપાસના અને તેના પ્રવર્તન માટે મંદિરોનું સ્થાપન.

ક્ષીરન્યાયી આ હંસોની શુદ્ધ શ્વેતકાય જેવા પવિત્ર પરમહંસો તેમને બનાવવા હતા. જગતમાં સાધુનો પરમ વિશિષ્ટ આદર્શ તેમને સર્જવો હતો. પોતાના શબ્દમાત્રથી જીવના અંતરમાંથી જગત જુદું કરી દે તે સાધુ ! તે સાચા પરમહંસ ! હંસ દૂધ અને પાણીને જુદાં કરે, પરમહંસ જીવના અંતરમાંથી જગત જુદું કરી પરમાત્મા પ્રગટ કરી દે. આવા સાધુ દ્વારા એકાંતિક ધર્મ પ્રવર્તાવવાનો તેમનો સંકલ્પ હતો. નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલ્યા અને માન-સરોવર પહોંચ્યા.

માનસરોવરના હંસો પાસે

વિશાળ માનસરોવરનાં નિર્મળ નીર જોઈ નીલકંઠને ખૂબ આનંદ થયો. તેમાં સુંદર લાલ કમળ ખીલી રહ્યાં હતાં. અંદર જળકૂકડીઓ સ્નાન કરતી હતી. કિનારે તેમણે હંસ જોયા, જાણે બદરીવનના ઋષિમુનિઓ ! પંખીઓનો સુંદર કલરવ, મંદ ગતિએ વાતા સમીરના શબ્દ સાથે સૂર મિલાવતા હતા. રેશમી પાનેતરની સરી જતી મથરાવટીને ઘડી ઘડી સંકોરતી નવોઢાની કોમળ આંગળીઓની જેમ સરોવરનાં નિર્મળ જળના તરંગની લહેરીઓ તેના પટ પર લહેરાતી હતી. ફળ-ફૂલથી વાયુ સુગંધીદાર બની ગયો હતો. નીલકંઠ વર્ણીને આ સ્થાન ખૂબ ગમી ગયું. પ્રકૃતિનું આ કાર્ય હતું. પોતાની શક્તિનું સર્જન હતું, પોતાની વિભૂતિસ્વરૂપ હતું. નીલકંઠ વર્ણીએ ત્યાં સ્નાન કર્યું.

નીલકંઠ વર્ણી પોતાના નિત્યકર્મથી પરવારી રહ્યા એટલામાં ત્યાં હિમગિરિ તેમને માટે સુંદર ફળ લઈને આવ્યા. શાલિગ્રામને નૈવેદ્ય ધરાવી, નીલકંઠ વર્ણીએ તેમાંનો પ્રસાદ હિમગિરિને આપ્યો અને થોડો પોતે જમ્યા.

નીલકંઠ વર્ણી અહીં પાંચ દિવસ રહ્યા. પાંચ દિવસ હંસો સાથે ક્રીડા કરી, તેમને દર્શનનું સુખ આપ્યું, પ્રસાદીનું જળ તેમના ઉપર છાંટ્યું અને પ્રસાદ પણ આપ્યો. જ્યારે ત્યાંથી નીલકંઠ વર્ણી નીકળવા તૈયાર થયા, ત્યારે હંસો નીલકંઠ વર્ણી સામું જોઈ રહ્યા. પૂર્ણ પુરુષોત્તમનું આ સુખ અહીં સહેજે મળ્યું પણ હવે તે ફરી ક્યારે મળશે ?

નીલકંઠ વર્ણીએ તેમનો ભાવ પરખ્યો. તેમને આદેશ આપ્યો : "પશ્ચિમમાં પધારજો. ભક્તોના ભાવથી રંગાયેલી એ કર્મભૂમિ મારા કાર્યનું ક્ષેત્ર બનશે. લોકોનું આત્યંતિક કલ્યાણ ત્યાં થશે. ત્યાં હું રહીશ અને મારી મોક્ષપ્રદ લીલાનો લહાવ મારા ભક્તોને હું આપીશ."

પુનઃ બદરીનાથમાં

પછી નીલકંઠ વર્ણી ત્યાંથી નીકળ્યા અને ચાલતાં ચાલતાં આ.સં. ૧૮૪૯ના વૈશાખ સુદ ૩, અખાત્રીજના શુભ દિવસે બદરીનાથ પાછા પધાર્યા. અહીં આવી મંદિરમાં દેવનાં દર્શન કર્યાં. પૂજારીએ તેમને ઓળખી લીધા અને તરત જ સન્મુખ જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વર્ણીરાટ મહાપ્રભુનો હાથ પકડી કહ્યું : "પ્રભુ ! થાળ તૈયાર છે. જમવા પધારો."

નીલકંઠ વર્ણી તેમનો ભાવ જોઈ હસ્યા. પછી કહ્યું : "અહીંથી અન્ન જમીને ગયા હતા તે આજે અન્ન જમીએ છીએ."

એટલામાં જ્યોતિર્મઠના વર્ણી પણ ત્યાં આવ્યા. નીલકંઠ વર્ણીનાં દર્શન કરી તેમને પણ ખૂબ આનંદ થયો. જમતાં જમતાં નીલકંઠ વર્ણીએ તેમને પોતાની યાત્રાની વાત કરી. હાડ ગાળી નાખે તેવી હિમગિરિની કારમી ઠંડીમાં પોતે કેવી રીતે બદરીવન પહોંચ્યા, ત્યાં નરનારાયણ ઋષિનું અપાર તપ, તેમનો પોતાના પ્રત્યેનો ભક્તિભાવ, તપથી પવિત્ર બનેલી બદરીવનની ભૂમિ, જ્યાં સર્વે સંકલ્પ સિદ્ધ થાય છે, નિરન્ન રહેવાય છે, ફળનો આહાર સૌને તૃપ્ત કરે છે. નીલકંઠ વર્ણી બોલ્યે જ જતા હતા. જાણે એ ભૂમિમાંથી વૃત્તિને પાછી વાળવી તેમને ગમતી જ ન હતી ! જમી રહ્યા એટલે પૂજારીએ કહ્યું : "આપ તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો, નહિ તો હિમગિરિનો પ્રવાસ કરી કોઈ માનવી બદરીવનમાં સદેહે ગયું હોય તેવું સાંભળ્યું નથી."

નીલકંઠ વર્ણી સાંભળી રહ્યા. પછી બોલ્યા : "આ તો બદરીપતિની ભૂમિ કહેવાય. અહીં તો તપ, ત્યાગ અને ભક્તિ જ પ્રધાન હોવાં જોઈએ. છતાં ભોગબુદ્ધિથી લોકો ભ્રષ્ટ થઈ ગયા છે."

પૂજારીએ નીલકંઠ વર્ણીનું દુઃખ જોયું. તેણે વાત પલટાવતાં પૂછ્યું : "ત્યાંથી તમો ક્યાં ગયા હતા ?"

પછી માનસરોવરની વાત સવિસ્તાર કરી વર્ણીએ ચળું કર્યું. મહાપ્રસાદ જાણી પૂજારીએ તરત જ થાળ લઈ લીધો. નીલકંઠ વર્ણી ત્યાં જ બેસી રહ્યા.

નીલકંઠ વર્ણીનાં દર્શને પંજાબના રાજા રણજિતસિંહ આવે છે

આજે પંજાબના રાજા રણજિતસિંહ બદરીનાથનાં દર્શન કરવા આવ્યા. તેમણે નીલકંઠ વર્ણીને ત્યાં જોયા. જોતાં જ તેમની દૃષ્ટિ એ દિવ્ય સ્વરૂપમાં સ્થિર

થઈ ગઈ. તે એક ડગલું પણ આગળ ચાલી શક્યા નહિ. વર્ણીએ તેના તરફ જોયું. એટલે તરત જ તે બદરીનાથના નિજ મંદિર તરફ જવાને બદલે વર્ણી તરફ ચાલ્યા. તેણે વર્ણીનાં ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સૌને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણી બદરીવનની વાત પોતાની પાસે બેઠેલા શ્રોતાઓને એકધારી કરતા હતા. નીલકંઠ વર્ણીનું સ્વરૂપ જોઈને તેમની વાણી સાંભળી રાજાનું મન ખેંચાયું હતું. તેમણે નીલકંઠ વર્ણીના પગ પકડી લીધા. સ્તુતિ કરતાં તેણે કહ્યું : "હું આપને હવે છોડીશ નહિ. કરોડો જનનો ઉદ્ધાર કરવા આપ પ્રકટ્યા છો તો હવે આપ છોડશો નહિ." એમ કહી ગદ્ગદ થઈ ગયા.

નીલકંઠ વર્ણીએ તેનો ભાવ જોયો પણ તેની અંગ સજાવટમાં તેમને રાગ દેખાયો. નીલકંઠ વર્ણીએ તરત જ તેને કહ્યું : "અમે તો ભક્તાધીન છીએ. તમે ભક્ત થાઓ તો આધીન થઈએ. પણ અમે જોગી અને તમે ભોગી, બન્નેનો સ્વભાવ કેમ મળે ? અને સ્વભાવ મળ્યા સિવાય અંતર પણ ફરે નહિ."

નીલકંઠ વર્ણીની વાત સાંભળી રાજા રણજિતસિંહ ઉદાસ થઈ ગયા. પરંતુ તેનામાં મુમુક્ષુતા હતી. તેથી તેણે તરત જ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપ જે કહેશો એ નિયમ હું રાખીશ. પણ આપ મારા અંતરમાં અખંડ રહો."

રાજામાં તેમણે ભક્તિભાવ નિહાળ્યો તેથી તેને કહ્યું : "રાજન્ ! અમે ગંગોત્રી તીર્થ કરવા જવાના છીએ, ત્યાંથી તમે જ્યાં હશો ત્યાં તમને મળશું. હમણાં તો તમે જાઓ." નીલકંઠ વર્ણીની આજ્ઞા સાંભળી રાજાને વસમું લાગ્યું. તે ત્યાંથી નીકળ્યો તો ખરો પરંતુ શરીરમાં જ્વર વ્યાપી ગયો. નીલકંઠ વર્ણીની સ્મૃતિ કરતાં તેણે પણ તેની યાત્રાની મજલ શરૂ કરી.

હરિદ્વારમાં રણજિતસિંહને નીલકંઠનાં પુનઃ દર્શન

નીલકંઠ વર્ણી ગંગોત્રી તીર્થ કરીને પાછા હરિદ્વાર પધાર્યા. રાજા રણજિતસિંહ પણ આ અરસામાં અહીં આવી ગયા હતા. નીલકંઠ વર્ણીના વિયોગથી તેનું અંતર વલોવાઈ ગયું હતું. નીલકંઠ વર્ણીએ તેનામાં ભક્તિભાવ જોયો. રાજા રણજિતસિંહને સંકલ્પ થયો કે હરિદ્વારમાં કદાચ નીલકંઠ વર્ણી આવ્યા હોય તો ! તેમણે તરત જ તપાસ કરી અને નીલકંઠ વર્ણી તેને મળી ગયા ! તેમના આનંદનો પાર ન રહ્યો. રાજાશાહી સાજનો તેમણે ત્યાગ કરી દીધો. તે પગે ચાલીને એકલા નીલકંઠ વર્ણીનાં દર્શને ઉતાવળા ઉતાવળા ગયા.

હરકી પેડી ઉપર નીલકંઠ વર્ણીનાં તેને દર્શન થયાં. મૃગચર્મ ઉપર

પદ્માસન વાળી નીલકંઠ વર્ણી બેઠા હતા. નેત્રો બિડાયેલાં હતાં. બે ભુજા બે ગોઠણો ઉપર સ્થિર હતી. માથે જટાનો મુગટ શોભતો હતો. રાજા દોડીને નીલકંઠ વર્ણીના પગમાં પડી ગયો. નીલકંઠ વર્ણીના સ્પર્શથી જ તેને શાંતિ થઈ ગઈ. જ્વર ઊતરી ગયો. નીલકંઠે નેત્રો ખોલ્યાં અને રાજા ઉપર તેની દૃષ્ટિ પડી. રાજાના અંતરમાં દિવ્ય શાંતિનો અનુભવ થયો. તેને તેનું રાજ્ય, સાહ્યબી બધું મિથ્યા લાગ્યું. વર્ણીના ચરણમાં સર્વસ્વ અર્પણ કરી દેવાનું તેને મન થઈ ગયું. વર્ણી તેને જોઈ પ્રસન્ન થયા. તેની સેવા ગ્રહણ કરવા તેને કહ્યું : "અમે ભૂખ્યા છીએ, તૈયાર જમવાનું હોય તે હમણાં જ લાવો."

આ સાંભળી રાજાને આનંદ થયો. તરત જ તેમણે પાછળ આવેલા નોકરોને કહ્યું : "સુવર્ણના થાળમાં મેવા, મીઠાઈ, ફળ ઇત્યાદિ જે તૈયાર હોય તે તરત લાવો."

નોકરો દોડ્યા અને થોડી ક્ષણોમાં જ અપાર સામગ્રી ભરીને મેવા-મીઠાઈના થાળ લઈને આવી ગયા. નીલકંઠ વર્ણી તેમાંથી થોડું જમ્યા અને બીજા બધા થાળ પાછા મોકલાવી દીધા. રાજાને દર્શન કરતાં તૃપ્તિ થતી જ ન હતી. બે હાથ જોડીને તેણે નીલકંઠ વર્ણીને કહ્યું : "મહારાજ ! આ રાજ્યપાટ સર્વે અનિત્ય છે. મારો દેહ પણ નાશવંત છે. અવિનાશી એક આપ છો. આપ જો મારા આત્મામાં નિવાસ કરીને રહો, તો જ મારા આત્માનું કલ્યાણ થાય, નહિ તો આત્મા જડ બનીને જન્મ-મરણના ચકરાવવામાં ફર્યા જ કરશે."

નીલકંઠે તેને માથે હાથ મૂક્યો. આ દિવ્ય સ્પર્શથી તેની બધી વૃત્તિઓ શાંત થઈ ગઈ. નીલકંઠ વર્ણીના દિવ્ય સ્વરૂપનું તેને જ્ઞાન થયું. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "આ મૂર્તિથી પર કોઈ નથી. આ જ્ઞાન જો તારા અંતરમાં સ્થિર થશે, તો રાજ્ય તને બંધન નહિ કરે."

નત મસ્તકે નીલકંઠ વર્ણીની આ અમૃતવાણીનું તેણે પાન કર્યું. તેનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી તેની સાથે બે દિવસ રહ્યા. રણજિતસિંહને મનમાં એવો ભાવ હતો કે આ વર્ણીને રાજ્ય સોંપી દેવું, નિવૃત્ત થઈ જવું અને તેમના સાન્નિધ્યમાં રહીને ભક્તિ કરવી. પરંતુ નીલકંઠ વર્ણીને રાજ્ય ખપતું ન હતું. તેમનું કાર્ય જ જુદું હતું. તે કાર્યક્ષેત્રની પુણ્યભૂમિ હજુ ઘણી દૂર હતી. નીલકંઠ વર્ણીએ તેને આશીર્વાદ આપ્યા. ત્યાંથી ફરતાં ફરતાં નીલકંઠ વર્ણી ફરી એક વાર અયોધ્યા પધાર્યા.[૫૫]

---

૫૫. આ પ્રસંગ આધારાનંદ મુનિ રચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથના આધારે લેવામાં આવ્યો છે.



ઉદ્‌ગીથ ૯

પાછા અયોધ્યામા અને ત્યાંથી ઉત્તર તરફ

(આ.સં. ૧૮૪૯-૧૮૫૦, ઈ.સ. ૧૭૯૩)

નીલકંઠ વર્ણીના ગૃહત્યાગને લગભગ વરસ પૂરું થવા આવ્યું હતું. આ.સં. ૧૮૪૯ના વૈશાખ ઊતરતાં નીલકંઠ વર્ણી અયોધ્યામાં આવ્યા.[૫૬] તેમને હવે કાળા પહાડ, શ્વેતગિરિ અને મુક્તિનાથ જવું હતું. તે વાટ અહીંથી જ સુગમ હતી. નીલકંઠ વર્ણીએ જોયું કે અયોધ્યામાં બધું જ પૂર્વવત્ ચાલી રહ્યું હતું. કોઈનેય કોઈ ગયું હોય, ખોવાયું હોય તેવું લાગતું ન હતું. માયાના પ્રવાહમાં સૌ તણાતાં જ હતાં. એ પ્રવાહમાંથી જો તેમને પાછા વાળીએ તો તેમને દુઃખ થાય તેમ હતું. એમની દિશા જુદી હતી.

નીલકંઠ વર્ણીને પૂર્વ-પશ્ચિમને પાસે લાવવાં હતાં, એક કરવાં હતાં. સૂર્ય એક જ જગ્યાએ ઊગે છે અને ત્યાં જ અસ્ત પામે છે એ સત્ય સમજાવવું હતું. વાસ્તવમાં સૂર્ય અચળ છે, સ્થિર છે પણ પૃથ્વીની ગતિને લઈને તેનો ઉદય-અસ્ત દેખાય છે. મનુષ્યને પણ માયાના પ્રવાહમાં ગતિ છે તેથી પરમાત્માનું પ્રાકટ્ય અને તિરોધાન દેખાય છે. એ ગતિ સ્થંભે તો પરમાત્માનું અખંડ પ્રકટપણું સમજાય. નીલકંઠ વર્ણીને એ કરવું હતું. મનુષ્યની ક્ષુદ્ર સમજણ ટાળી ભગવાનની દિવ્ય શક્તિનો પરિચય કરાવવો હતો.

થોડા દિવસ અયોધ્યામાં ગુપ્તવાસ સેવી જ્યારે નીલકંઠ વર્ણી વહેલી

---

૫૬. એક પરંપરાગત પ્રાપ્ત થયેલા ઉલ્લેખ મુજબ નીલકંઠ વર્ણી આ વખતે જગન્નાથ કાપડિયાના મંદિરની જગ્યામાં રોકાયા હતા. અહીં તેમને રામાનુજ સંપ્રદાયના બાવાઓનો પરિચય થયો હતો. તેમની સાથેના વાર્તાલાપમાં તેમણે રામાનુજાચાર્યનાં સ્થાનોની માહિતી મેળવીને તે સ્થાનોએ જવાનો નિર્ણય લીધો હતો. મુક્તિનાથ પણ રામાનુજાચાર્યનું પ્રિય સ્થાન ગણાય છે. કદાચ મુક્તિનાથ જવા માટે કાળા પર્વતની વાટનો નિર્ણય પણ તેમણે આ પ્રસંગે લીધો હોઈ શકે.

સવારે સરયૂ પાર કરવા નીકળ્યા ત્યારે તેમણે અયોધ્યા તરફ એક દૃષ્ટિ ફેંકી, પોતાનું માથું હલાવ્યું અને થોડું હસ્યા. પોતે જ ગતિમાન કરેલી માયા આજે પોતાના સ્વરૂપનું જ જ્ઞાન કરાવવામાં કેટલો અવરોધ કરે છે તે જોઈ તેમને હસવું આવ્યું. જગતમાં કૃતઘ્નતાની પણ કાંઈ હદ હોય કે નહિ ?

નીલકંઠ વર્ણી સરયૂકાંઠે આવ્યા. ફરી સરયૂ પુલકિત થઈ ગઈ. નીલકંઠ વર્ણીનો વર્ષ પહેલાંનો વિયોગ તેને સદાનો વિયોગ લાગ્યો હતો પણ તેનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી પાછા આવ્યા. તેના ઉદ્‌ભવસ્થાન માનસરોવરમાં નીલકંઠ વર્ણીએ સરયૂને પોતાનાં દર્શન અને સ્પર્શનું સુખ આપ્યું હતું. આજે ફરી નીલકંઠ વર્ણીની સેવા કરવાના કોડથી સરયૂ ઉછાળા મારવા લાગી. તેનો વેગ જોતાં જાણે આનંદવિભોર બનેલી અભિસારિકા તાંડવનૃત્ય કરતી હોય એવું દેખાતું હતું. ભલભલાની ધીરજ ડગી જાય તેવા પાણીના લોઢ ઊછળતા હતા. નીલકંઠ વર્ણીએ તેમાં ઝંપલાવ્યું અને સરયૂનું તાંડવ શમી ગયું ! જાણે ધરતી ઉપર ધીમાં ડગ દેતા હોય તેમ નીલકંઠ વર્ણીએ સરયૂના પ્રવાહ ઉપર ચાલવા માંડ્યું ! જોત-જોતામાં ત્રણ જોજન પાર ઊતરીને વર્ણીરાટ ઉત્તર તરફના કિનારે પહોંચી ગયા.

હલવૈની હાટમાં

કિનારે ચાલીને નીલકંઠ વર્ણી થોડી વાર ત્યાં વિશ્રામ કરવા બેઠા. પછી આગળ ચાલ્યા એટલામાં હરૈયા નામે ગામ આવ્યું. નીલકંઠ વર્ણીને મનમાં વિચાર આવ્યો : "અહીં જ રાત રહીને પછી સવારે આગળ ચાલીશું." એમ વિચારમાં ને વિચારમાં તે પુરના દરવાજા સુધી પહોંચી ગયા. દરવાજા પાસે જ હલવૈની હાટ હતી. તે હલવૈની માએ બાલવર્ણી નીલકંઠને જોયા. વર્ણીના મોહક સ્વરૂપમાં તેને આકર્ષણ થયું. એટલામાં તો પુરનાં આબાલવૃદ્ધ સૌ ત્યાં આવી પહોંચ્યાં. નીલકંઠ વર્ણીની આજુબાજુ ટોળે વળીને સૌ તેમનાં દર્શન કરવા લાગ્યાં. નીલકંઠ વર્ણી સૌની વૃત્તિનું કેન્દ્ર બની ગયા.

નીલકંઠ વર્ણીનું શરીર તપથી કૃશ થઈ ગયું હતું. છતાં તપનું, બ્રહ્મચર્યનું, ઈશ્વરત્વનું ઓજસ અજાણતાં બહાર આવી જતું હતું. હલવૈની મા પણ ત્યાં આવી. તેણે નીલકંઠ વર્ણીને કહ્યું : "બ્રહ્મચારીજી ! આવો અહીં, સામે અમારી દુકાન છે ત્યાં પધારો. આજે રાત અમારી સાથે રહો."

નીલકંઠ વર્ણીએ તેનો ભાવ જોયો. તે તેની સાથે દુકાનમાં ગયા. અહીં મીઠાઈની મહેંક પ્રસરી રહી હતી. નીલકંઠ વર્ણીને તેણે સુંદર આસન આપ્યું.

પછી પૂછ્યું : "તમે ક્યાંથી આવ્યા ? સરયૂ પાર કરીને આવ્યા ?"

નીલકંઠ વર્ણીએ ફક્ત 'હા' કહી. તેણે કહ્યું : "બ્રહ્મચારીજી ! કાંઈ જમશો ?"

બ્રહ્મચારીએ તરત જ કહ્યું : "સરયૂ ઊતરીને આવ્યા છીએ. પાણી બહુ પીધું છે તે હવે શું જમીએ ?"

છતાં તે વૃદ્ધાએ આગ્રહપૂર્વક કહ્યું : "બેટા ! આ થોડી મીઠાઈ જમો. થાક લાગ્યો હશે, ભૂખ પણ લાગી હશે."

નીલકંઠ વર્ણીને આ શબ્દો ગમ્યા. તેમણે વૃદ્ધા તરફ જોયું. તેની દૃષ્ટિમાં પોતાની દૃષ્ટિ જોડી અને એક ક્ષણમાં જ તે વૃદ્ધાના શરીરમાં જાણે દિવ્યતાનો સંચાર થયો હોય તેવો તેને અનુભવ થયો ! રોમાંચ થયો, અંતરના તમામ સંકલ્પો અટકી ગયા. આંખમાં નવીન પ્રકાશ આવ્યો. નીલકંઠ વર્ણીને તેણે ચતુર્ભુજ સ્વરૂપે જોયા ! એ જ સમાધિ અવસ્થામાં તેણે વર્ણીનાં દર્શન કર્યાં જ કર્યાં. જ્યારે તે સમાધિ અવસ્થામાંથી જાગ્રત થઈ ત્યારે નીલકંઠ વર્ણી થાંભલાને અઢેલીને પડિયામાંની મીઠાઈ પોતાના બાલમુકુન્દને ધરાવતા હતા. પછી થોડી પ્રસાદી પોતે જમ્યા. એટલામાં વૃદ્ધા ઊઠી. નીલકંઠ વર્ણીએ તેને તે પ્રસાદી આપી દીધી. વૃદ્ધા તરત જ નીલકંઠ વર્ણીનો ચરણસ્પર્શ કરવા તેની સન્મુખ ગઈ, પરંતુ નીલકંઠ વર્ણી એકદમ ઊભા થઈ ગયા. વૃદ્ધાએ કહ્યું : "તમે તો સાક્ષાત્ ભગવાન છો, તો આ લાભ મને લેવા દો."

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું : "અમે આ સમયે ત્યાગીની રીત ગ્રહણ કરી છે. એટલે સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે."

વૃદ્ધાએ ઘણા ત્યાગી, બાવાઓ, વેરાગીઓ જોયા હતા, ઘણાને મીઠાઈ ખવડાવી હતી, તેમનો ચરણસ્પર્શ પણ કર્યો હતો, ચરણામૃત લીધાં હતાં. પરંતુ ત્યાગીની આ અનોખી રીત તેણે હજુ સુધી જોઈ ન હતી. તેણે કહ્યું : "ઘણા ત્યાગીઓ અહીં આવે છે, તે અમને ચરણસ્પર્શ કરવા દે છે, ચરણ ધોવરાવે છે. તો તમારી આ નવીન રીત ક્યાંથી ?"

નીલકંઠ વર્ણીને આ સ્ત્રી સાથે વિવાદ કરવાનું ઠીક ન લાગ્યું. તે તરત જ ઊઠ્યા પણ કાંઈ વૃદ્ધા તેમને જવા દે તેવી ન હતી. તેણે કહ્યું : "પણ પહેલાં મને કહો કે તમે કોણ છો ? તમારાં માતા, પિતા, ભાઈ, ભાભી, ભાંડુ વગેરે ક્યાં છે ? આમ એકલા નીકળી પડ્યા છો તો તે બધાં તમને ખોળશે નહિ ?"

નીલકંઠ વર્ણીને થયું કે આ લોકનાં ક્ષુદ્ર બંધનમાં પડેલાને હંમેશાં પહેલાં આવા જ વિચારો આવે. તેમણે તરત જ કહ્યું : "મારે માતા-પિતા કે

ભાઈભાભી, ભાંડુ કોઈ નથી. હું તો એકલો જ ફરું છું. બ્રહ્મમસ્તીમાં મસ્ત થઈ એકાકી વિચરણ કરવામાં જ મને આનંદ આવે છે."

તે વૃદ્ધાને આ કાંઈ સમજાયું નહિ. તેણે કહ્યું : "ભલે, તો હવે રાત્રિ પડી ગઈ છે. અહીં સૂઈ જાઓ."

નીલકંઠ વર્ણી તરત જ તે હલવૈની દુકાનમાંથી બહાર નીકળી ગયા. ઓટલા ઉપર મૃગચર્મ પાથર્યું અને પોતે સ્વસ્તિક આસને બિરાજ્યા. નીલકંઠ વર્ણી આ પ્રમાણે થોડો સમય સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન બની ગયા. રાત ઘણી વીતી ગઈ હતી. પછી વર્ણીન્દ્ર ભગવાન ડાબે પડખે એક હાથનું ઓશીકું કરી પોઢ્યા. ડાબા પગના ઘૂંટણ ઉપર જમણો પગ સ્થિર કર્યો હતો. જમણો હાથ નિતંબ ઉપર પ્રસાર્યો હતો. આ રીતે વર્ણીન્દ્ર ભગવાન યોગનિદ્રામાં ડૂબી ગયા. મહામોટા મુનિઓના ધ્યાનમાં જે સ્વરૂપની ઝાંખી પણ થતી નથી એ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અલ્પ બની, પોતાનું તમામ ઐશ્વર્ય છુપાવી હલવૈની હાટે પોઢ્યા હતા !

વહેલી સવારે વર્ણીન્દ્ર ભગવાન ઊઠ્યા અને તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા. ઘણે દૂર સુધી ચાલ્યા ત્યારે એક ઘાટું વન આવ્યું. વનની વનરાજીથી પ્રસન્ન થયેલા વર્ણીન્દ્રે ત્યાં નદી જોઈ અને સ્નાનવિધિ કર્યો. પછી શાલિગ્રામની પૂજા કરી ત્યાંથી ચાલ્યા. આ ઘોર વનમાં ભીલો વસતા હતા. તે ભીલ અને ભીલડીઓ ફળ વીણવા ફરતાં હતાં. તેમણે આ બટુક બ્રહ્મચારીને જોયા. આવા અઘોર વનમાં એકાકી ફરતા આ બ્રહ્મચારીને જોઈ તેમને કુતૂહલ થયું. તેઓ તેમની પાસે આવ્યાં. પોતાની પાસેનાં ફળ બ્રહ્મચારીને આપ્યાં.

બ્રહ્મચારીજીએ ત્યાં જ આસન કર્યું. બાલમુકુન્દને ફળ ધરાવી પોતે તેમાંથી થોડાં ફળ જમ્યા. બીજાં પ્રસાદીનાં ફળ તે ભીલોને આપી દીધાં.

તે ભીલોમાંના એક વૃદ્ધે વર્ણીન્દ્ર પ્રભુને પૂછ્યું : "આવા કઠણ રસ્તામાં તમે ઉઘાડા પગે વેગથી ચાલો છો, કાંટા-કાંકરા વાગતા હશે, તો શાથી આવો વૈરાગ્ય ઉત્પન્ન થયો અને ઘેરથી ચાલી નીકળ્યા ?"

નીલકંઠ વર્ણીને આવું પૂછનારા ઘણા મળતા, તેથી તેમણે તેનો ઉત્તર આપ્યો નહિ. એટલે તે ભીલે ફરી કહ્યું : "સ્વરૂપ જોતાં તો કોઈ ઉત્તમ કુળના બાળ દેખાઓ છો !" પરંતુ કુળ અને કુટુંબને દેહની સાથે જ વિસારી દેનાર નીલકંઠ વર્ણીને ત્યાગની પરાકાષ્ઠા સર્જવી હતી. દેહ ને દેહના સંબંધી વિશે અહં-મમત્વની ભાવનાને જે વિસારી દે તે ત્યાગી ! જેણે પોતાનું સ્વરૂપ આત્મા

માન્યું હોય, તેને આવા સંબંધો અજ્ઞાનમૂલક જણાય. નીલકંઠ વર્ણી જાણતા હતા કે જગતમાં સાધુ, સંન્યાસી, યોગી, યતિ ઘણા છે પરંતુ આત્માના શુદ્ધ ભાવમાં રહીને જેમણે માનસિક અને દૈહિક રીતે દેહ ને દેહનાં સંબંધીનો ત્યાગ જ નથી કર્યો તેમના ત્યાગમાં વિઘ્ન છે. આ વિઘ્ન વિદારવા, જગતમાં સાચો ત્યાગ પ્રવર્તાવવા નીલકંઠ વર્ણી આગળ ચાલવા લાગ્યા. ભીલો આશ્ચર્યવત્ બની તેમને જતા જોઈ રહ્યા.

નીલકંઠ વર્ણીએ આ વનમાં ચાલ્યા જ કર્યું. રાત પડી ગઈ. વનમાં જ રાત રહ્યા. સવારે ઊઠીને સ્નાનવિધિ કરી નિત્યકર્મ કર્યું. પછી વનમાં પડેલાં પાકાં ફળ વીણ્યાં અને બાલમુકુન્દને ધરાવી પોતે જમ્યા. ફરી મજલ શરૂ કરી. ત્રણ પહોર સુધી ચાલ્યા ત્યાં બીજું અરણ્ય આવ્યું. તેમાં થઈને એક નદી પસાર થતી હતી. બે કાંઠાને અડીને બહુ જ ઊંચી ભેખડો વચ્ચે થઈ પાણી જોરથી વહી રહ્યું હતું. ભમરીઓ ઊછળતી હતી. કોઈ રીતે નદી ઊતરાય તેવું ન હતું. પરંતુ નીલકંઠ વર્ણીને તો આવી ગાંડીતૂર નદી જોઈને આનંદ થતો. તેમણે કૂદકો મારવાનું વિચાર્યું. તેમણે ભેખડ ઉપરથી જ નદીમાં ઝંપલાવ્યું. નદીનાં નીર ઊછળ્યાં અને નીલકંઠ વર્ણીને તે જ કાંઠા ઉપર ફંગોળીને પાછા મૂકી દીધા. પણ નીલકંઠ વર્ણીએ ફરી ઝંપલાવ્યું. જે મુમુક્ષુઓને તારવા જ આવ્યા છે તેને કોણ બુડાડી શકે ? કૂંડાળું લેતી ભમરીઓના વેગ સાથે નીલકંઠ વર્ણી પણ ઊછળતા હતા અને એમ વમળની આંટીમાં આવ્યા સિવાય ધીરે ધીરે નીલકંઠ વર્ણી સામે કિનારે પહોંચી ગયા. અહીં એક વિશાળ વૃક્ષની નીચે સ્વસ્તિક આસન લગાવી તેઓ બિરાજમાન થયા. સૂર્યાસ્ત થવાનો સમય હતો. સંધ્યા શોભાયમાન દેખાવા લાગી. ધીરે ધીરે અંધારું પૃથ્વીને આવરવા લાગ્યું પણ જે જ્ઞાનમય છે, પ્રકાશમય છે તેને અંધારું શું કરી શકે ? અંધારાને ઓગાળી દેતા નીલકંઠ વર્ણી ત્યાં સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન બની ગયા.

નીલકંઠ વંશીપુરમાં

વહેલી સવારે વર્ણીન્દ્ર ભગવાન સ્નાન કરી પીપળાના વૃક્ષ નીચે નિત્યવિધિ કરવા બિરાજમાન થયા. થોડો સમય ધ્યાનમાં મગ્ન બની ગયા. તે સમયે મૃગયા કરવા નીકળેલા વંશીપુરના રાજાએ આ વૃક્ષ નીચે જાણે કોઈ મૃગ છે તેમ ભ્રાંતિ પામી તેનો શિકાર કરવાનો વિચાર કર્યો. પરંતુ અંતરમાં પ્રભુએ પ્રેરણા કરી તેથી તેણે તેના સાગરીતોને કહ્યું : "ઊભા રહો, હું ત્યાં જઈને

તપાસ કરી આવું. કદાચ મૃગ ન હોય તો નાહક કોઈની હત્યા થઈ જાય અને શાપ લાગે." એટલું કહી રાજા ત્યાંથી પીપળાના વૃક્ષની નજીક આવ્યો.

અહીં તેણે વૃક્ષ નીચે બાલયોગીને જોયા. બિડાયેલા કમળ સરખાં નેણ, ચંદ્રની કાન્તિ સમાન સુંદર મુખારવિંદ, કમળના તંતુ સરખાં કોમળ ગાત્ર અને કમળના જેવી જ ગોળ અને ઊંડી નાભિ. આ બાળયોગીને જોઈ રાજાના હર્ષનો પાર ન રહ્યો. પોતે ઉત્તમ મુમુક્ષુ હતો. તેથી પૂર્વનું જ્ઞાન તેના અંતરમાં ઉદય થઈ ગયું. તેણે પ્રભુને ઓળખી લીધા : "નારાયણ આ સ્વરૂપે આજે મારું કલ્યાણ કરવા આવ્યા છે." તરત જ તે નીલકંઠ વર્ણીના ચરણમાં નમી પડ્યો.

નીલકંઠ વર્ણીએ નેત્ર ઉઘાડ્યાં. રાજાને જોયો. તેમણે એક આછું સ્મિત કર્યું. રાજાએ હાથ જોડી કહ્યું : "ભગવન્ ! મને આપે ન્યાલ કરી દીધો. આપનાં દર્શનથી હું કૃતાર્થ થઈ ગયો. મારે ઘેર પધારો. અમને સૌને પાવન કરો."

નીલકંઠ વર્ણીએ રાજાનો ભાવ જોયો. તરત જ પોતે રાજાની સાથે જવા તૈયાર થયા. રાજાએ નીલકંઠ વર્ણીને પોતાના ઘોડા ઉપર બેસાર્યા અને પોતે ઘોડાની સરક પકડી ઘોડાને દોરવા લાગ્યો. રાજા જ્યારે નીલકંઠ વર્ણીને લઈને તેના અનુચરો પાસે આવ્યો, ત્યારે તેમને સૌને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણી સામે તેમણે જોયું ત્યારે જણાયું કે આ કોઈ યોગીન્દ્ર પુરુષ છે. દેખાય છે બાળક પણ દેવાધિદેવનું સ્વરૂપ છે. સૌનાં ચિત્ત તે દિવ્ય મૂર્તિમાં તણાઈ ગયાં. રાજા નીલકંઠ વર્ણીને લઈને પોતાની રાજધાની વંશીપુરમાં આવ્યો.

વર્ણીન્દ્રને રાજા પોતાના ઘોડા ઉપર બેસારી લઈ આવ્યા તે વાતનું સૌને આશ્ચર્ય થયું. પરંતુ નીલકંઠ વર્ણીનાં સૌએ જ્યારે દર્શન કર્યાં, ત્યારે તે આશ્ચર્યનું સમાધાન થઈ ગયું. નીલકંઠ વર્ણીનાં દર્શન કરવા શહેરની જનતા ઊમટી. સૌએ ભાવપૂર્વક નીલકંઠ વર્ણીને નમસ્કાર કર્યા. નીલકંઠ વર્ણીને રાજા પોતાના દરબારગઢમાં લઈ આવ્યા. રાણી હર્ષપૂર્વક આ નવીન મહેમાનનાં દર્શને દોડી આવ્યાં. નીલકંઠ વર્ણીને જોતાં જ તે પણ સ્થિર થઈ ગઈ. તેનાં અંતઃચક્ષુ ઊઘડી ગયાં. તેને લાગ્યું કે આ કોઈ યોગી નથી, યતિ નથી, ઈશ્વર નથી, અવતાર નથી પણ સાક્ષાત્ પુરુષોત્તમ પોતે જ છે ! નીલકંઠ વર્ણીની શ્યામ અને કિશોર મૂર્તિએ કામણ કર્યાં. રાણીને પુત્રની ખોટ હતી. સાક્ષાત્ પરમાત્મા જ તેની આ ખોટ પૂરવા આવ્યા છે તેવો તેને ભાવ થયો. રાજાએ વર્ણીન્દ્ર ભગવાનનો હાથ પકડી ઘોડા ઉપરથી ધીમેથી ઉતાર્યા અને મહેલમાં લઈ ગયા. ત્યાં તો તેની બે કુંવરીઓ – સુશીલા અને ઈલા દોડતી આવી. તેમણે પણ વર્ણીન્દ્રનાં દર્શન

કર્યાં. નીલકંઠ વર્ણીના આગમનથી તેમને પણ આનંદ થયો.

નીલકંઠ વર્ણી મહેલમાં આવ્યા. શુદ્ધ જળથી હાથ, પગ, મોં ધોયાં. રાણીએ થાળની તૈયારી કરી. અનેક પ્રકારનાં સ્વાદુ ભોજન કરાવ્યાં. ભોજન તૈયાર થયાં એટલે નીલકંઠ વર્ણીને બોલાવ્યા. બાલમુકુન્દને લઈને વર્ણી આવ્યા. પાટલા ઉપર બાલમુકુન્દને પધરાવી વર્ણીએ પ્રથમ તેમને થાળ ધરાવ્યો. પછી થાળમાંની બધી સામગ્રી તેમના પાત્રમાં લઈ તેમાં પાણી નાખી જમી ગયા. સાક્ષાત્ અક્ષરપતિ પુરુષોત્તમ પોતાને ઘેર જમ્યા તેથી રાજા અને રાણી અતિ કૃતાર્થ થઈ ગયાં. પણ રાણીને લોભ લાગ્યો કે વર્ણીન્દ્રને અહીં જ રાખવા, ક્યાંય જવા દેવા નહિ, તેમને રાજ્ય સોંપી દેવું, સુશીલા અને ઇલાને તેમની સાથે પરણાવી દેવી. આવા અનેક સંકલ્પો તેના અંતરમાં ઊઠવા લાગ્યા.

રાજા અને રાણીના પૂર્વના અતિ બલિષ્ઠ સંસ્કારના યોગથી જ નીલકંઠ વર્ણી તેમનાં મહેલમાં રહ્યા. વનવિચરણના આટલા સમયમાં તેઓ ક્યાંય વસ્તીમાં ગયા ન હતા છતાં આ રાજાનું આમંત્રણ તેમણે તરત જ સ્વીકારી લીધું. રાજા અને રાણીનાં આ મહદ્ ભાગ્ય કહેવાય ! રાણીનો સંકલ્પ વર્ણી જાણતા હતા પરંતુ વર્ણીના સ્વભાવને કોણ ઓળખી શકતું હતું ? પોતાને આધીન સર્વને રાખે પણ કોઈથી દબાઈને પોતે પરાધીન ન થાય !

નીલકંઠ વર્ણીની સેવામાં સૌ જોડાઈ ગયાં. સવારે સ્નાન કરી નીલકંઠ વર્ણી તૈયાર થતા ત્યાં તો સુશીલા અને ઇલા તેમની પૂજાની સામગ્રી તૈયારી કરી દેતી. ફળફૂલ પણ લાવતી. નૈવેદ્ય માટે મેવા લાવીને નીલકંઠ વર્ણી પાસે મૂકતી. નીલકંઠ વર્ણી પૂજા કરી, ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી તેમને પ્રસાદ વહેંચી દેતા. પોતે બહુ સૂક્ષ્મ જમતા. જમવા સમયે પણ સુશીલા અને ઇલા હાજર જ રહેતી. નીલકંઠને પ્રેમથી જમાડતી. તેમની જમવાની અલૌકિક રીતથી સૌ મુગ્ધ બની જતાં.

નીલકંઠ વર્ણી ક્યારેક ક્યારેક પોતાનાં ચરિત્રોની વાતો પણ કહેતા. ક્યારેક ભૂત-ભવિષ્યની વાતો કરતા. સૌને તેમની વાણીનું પાન કરવું ગમતું. રાજા-રાણી તેમને જમાડીને પછી જ જમતાં. વર્ણીને રાજ્યમાં જ રાખવાનો તેમનાં અંતરમાં લોભ હતો. વર્ણીને પણ લોભ હતો તેમનું આત્યંતિક કલ્યાણ કરવાનો. તેમની વાતમાં જગતનાં સુખની ઇચ્છાની ગંધ પણ આવતી નહોતી, તેથી રાજા-રાણીને તેમનો સંકલ્પ સિદ્ધ થશે કે નહિ તેવી શંકા થતી.

નીલકંઠ વર્ણી પ્રત્યે રાજા, રાણી અને તેમની પુત્રીઓ સુશીલા અને ઇલાને અત્યંત સ્નેહ થઈ ગયો હતો. વર્ણીને આ જ ઇચ્છા હતી. આવું

અસાધારણ સ્નેહનું બંધન ગૂંથીને વર્ણીન્દ્ર ભગવાનને તેમના કાર્ય માટે વાટ પકડવી હતી. વર્ણીની આ પ્રકારની ચંચળતા જોઈ રાણી અસ્વસ્થ બની જતી. એક દિવસ રાણીએ નીલકંઠ વર્ણી પાસે આવીને તેમને કહ્યું : "બ્રહ્મચારીજી ! આ રાજ્ય તમને સોંપવું છે. આ બંને મારી કુંવરીઓનું પણ તમારી સાથે લગ્ન કરવું છે, માટે હવે વનમાં જઈ તપ કરવાની માથાકૂટ મૂકી ધો."

વર્ણી તેની વાણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "માતા ! મારા તપની અવધિ તો પશ્ચિમમાં આવશે. અહીં તો તમારાં તપના ફળરૂપે હું આવ્યો છું. તમારાં અતિ મોટાં ભાગ્ય છે." એટલું કહી નીલકંઠ વર્ણી થોડી વાર અટક્યા. પછી બોલ્યા : "હજુ તો વનમાં ફરવું છે અને તમારાં જેવાં મહાભાગ્યવાન મુમુક્ષુઓનાં કલ્યાણ કરવાં છે."

રાણીને આ સાંભળી ઉદ્વેગ થયો : વર્ણી વનમાં જશે ? પણ હવે આ રત્નને રગદોળાવા નથી દેવું. પોતાને મોહ વ્યાપ્યો હતો. તે મોહના ભાવમાં વર્ણીના ઈશ્વરત્વનો ભાવ તે ભૂલી ગઈ. તેણે તરત જ કહ્યું : "બટુ ! વિચાર કરો. જોબન અવસ્થા આવશે ત્યારે સ્ત્રી વિના ટળવળશો. મોટા મોટાનાં માન કામદેવે મોડ્યાં છે, તે તમને છોડશે ? ભગવાને આ સુખ સહેજે આપ્યું છે તે ભોગવી લ્યો ને !"

નીલકંઠ વર્ણીને રાણીની દયા આવી. તેમણે કહ્યું : "સુખમાત્ર તો વન, પર્વત, નદી, નાળામાં ફરવું અને પરમાત્માનું ચિંતવન કરવું તેમાં જ છે."

રાણીને પોતાના પગ નીચેથી પૃથ્વી જાણે સરકતી હોય તેવું લાગ્યું. વર્ણી ચાલ્યા જ જશે ? સહેજ બીતાં બીતાં તેણે ફરી કહ્યું : "બ્રહ્મચારીજી ! હજુ તમે હિમાલયની તળેટી દેખી નથી, ઘાટાં વન જોયાં નથી, હિંસક પશુઓની ત્રાડ સાંભળી નથી, ગાત્ર થીજી નાખે એવી હિમવર્ષાનો અનુભવ કર્યો નથી. આ બધું ભયંકર છે, બીક લાગે તેવું છે." રાણીને વર્ણી ઉપર પ્રેમ હતો પણ તે પ્રેમ મોહમાં પરિણમ્યો હતો. તેથી તેના શબ્દોમાં વર્ણીને ડારવાનો ભાવ હતો.

પરંતુ વર્ણીએ બેફિકરાઈથી કહ્યું : "મા ! વનની કે વનનાં રાની પ્રાણીઓની કે ટાઢ-તડકાની મને એટલી બીક નથી લાગતી જેટલી બીક મને સ્ત્રીની લાગે છે. સ્ત્રીનો ડંસ તો જન્મોજન્મના ચકરાવામાં પણ ક્યાંય કોઈને છોડતો નથી. હું તો પરાત્પર પુરુષોત્તમ છું. આ સ્ત્રીના ડંસની બીક બતાવવા, તેની મોહજાળમાંથી મનુષ્યોને છોડાવવા, પ્રકૃતિનાં અતૂટ બંધનને તોડી મારા દિવ્ય અક્ષરધામનું સુખ મારા ભક્તોને આપવા હું પ્રકટ થયો છું. તમારાં રાજ્યમાં કે તમારી કુંવરીઓમાં બંધાવા હું નથી આવ્યો. પરંતુ તમને મારા

પ્રત્યે હેત થયું છે, મારી ભાવપૂર્વક તમે સૌએ સેવા કરી છે તેથી તમને અભય કરી પરમપદ જે મારું અક્ષરધામ તે આપવા જ હું અહીં આવ્યો છું.''

પ્રકૃતિના ભાવથી આવૃત થયેલાં રાણીના અંતરમાં નીલકંઠનો આ નાદબ્રહ્મ પેસી ગયો. તેનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં. નીલકંઠ વર્ણી એ કેવળ બ્રહ્મચારી જ નથી પણ પરાત્પર પુરુષોત્તમ નારાયણ છે ! અને પોતે સ્ત્રી નથી પણ બ્રહ્મ છે. અનિમેષ નેત્રે નીલકંઠ વર્ણીનાં દર્શન કરતી રાણી સમાધિસ્થ થઈ ગઈ ! નીલકંઠ વર્ણીને આ જ કરાવવું હતું. તે તરત જ ત્યાંથી નીકળી પોતાના આવાસમાં ચાલ્યા ગયા. રાણી સમાધિ અવસ્થામાંથી જાગ્રત થયાં ત્યારે તેમની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી.

સુશીલા અને ઈલાએ બટુક બ્રહ્મચારીનો પ્રતાપ જોયો હતો. તેમના વપુમાં તેમને અસાધારણ દિવ્યતા દેખાતી હતી. તેમને પ્રતીતિ થઈ હતી કે આ બ્રહ્મચારી કોઈ સાધારણ કિશોર નથી. તે બંને કુંવરીઓએ માતાને કહ્યું : ''મા ! આ નિર્વિકારી દિવ્ય પુરુષ આપણે ઘેર આવીને રહ્યા છે તો તેમની મરજી સમજીને તેમની સેવા કરો. કોઈ વાતનો આગ્રહ રાખશો નહિ. તે કોઈના બંધાયા બંધાશે નહિ અને રોક્યા રોકાશે નહિ. માટે પ્રેમથી તેમને અંતરમાં જ રાખવાનો આગ્રહ રાખી આ મિથ્યા મોહ તમે છોડી દો.''

કુંવરીનાં આ વચનો રાણી અમૃતની જેમ પીવા લાગી. તેને પણ નીલકંઠ વર્ણીના પરાત્પર સ્વરૂપનાં દર્શન હમણાં જ થયાં હતાં. અનંત બ્રહ્માંડોને તૃણ સમ લેખતા આ બ્રહ્મચારી શું તેના રાજ્યના ક્ષુદ્ર સુખમાં બંધાશે ? તેણે નિશ્ચય કરી લીધો. બ્રહ્મચારીની ભક્તિ કરી લેવી. હૃદયનાં વજ્ર કમાડ ખોલીને બ્રહ્મચારીને ત્યાં જ પૂરી દેવા કે ફરી ક્યારેય તે બહાર નીકળવા પામે નહિ. તેણે સુશીલા તથા ઈલાને કહ્યું : ''બેટા ! તમે ઠીક કહો છો. મને તો આ જગતનો મોહ વ્યાપ્યો હતો તેથી આ બ્રહ્મચારીને પણ એ મોહમાં ફસાવવા મેં યત્ન કર્યો. પણ એ તો નિર્લેપ છે, નિરંજન છે, નિર્વિકારી છે અને અક્ષયસુખના દાતા સ્વયં પરમાત્મા છે. માનવીની ક્ષુદ્ર બુદ્ધિથી તેમના સ્વરૂપનો પાર પામી શકાય તેમ નથી.''

રાણીની આંખમાંથી અશ્રુ ચાલ્યાં જતાં હતાં. તેણે નિશ્ચય કરી લીધો – બ્રહ્મચારી જેમ રાજી રહે તેમજ વર્તવું, પણ કોઈ વાતનો આગ્રહ રાખવો નહિ. અશ્રુ લૂછી તે ત્યાંથી ચાલી ગઈ.

સુશીલા અને ઈલા નીલકંઠ વર્ણીના આવાસમાં ગયાં. ત્યાં નીલકંઠ સ્વસ્તિક આસને સ્થિર થઈને બેઠા હતા. છુપાઈને તેમણે તેમનાં દર્શન કરી

લીધાં. પછી નીલકંઠ વર્ણીને વિક્ષેપ ન થાય તેમ ધીમે પગલે અંદર આવી તેમની પથારી ઠીક કરી દીધી. જળનો કટોરો અને ફળ મૂક્યાં અને પછી બન્ને કુંવરીઓ ત્યાંથી સરકી નીચે ચાલી ગઈ.

નીલકંઠ વર્ણી કેટલાય સમય સુધી એ પ્રમાણે ધ્યાનમાં બેસી રહ્યા. રાત્રિ ક્યારે પડી, મધરાત ક્યારે થઈ તેની તેમને ખબર રહી નહિ. એકાએક તે જાગ્રત થયા અને જોયું તો રાત્રિનું ઘાટું અંધારું સર્વત્ર વ્યાપી ગયું હતું. નીરવ શાંતિ પ્રસરી હતી. કોઈ કોઈ વાર કૂતરાં કે શિયાળના અવાજો એ શાંતિમાં વિક્ષેપ કરતા હતા. મહેલના તોતિંગ દરવાજા બંધ હતા.

નીલકંઠ વર્ણીએ વિચાર્યું કે "આ રાજા-રાણી અને કુંવરીઓ મુમુક્ષુ છે પરંતુ આ લોકના સુખમાં બંધાયેલાં છે. છતાં તેમને પોતાનો સંબંધ થયો છે એટલે તેમનું કલ્યાણ તો થઈ જ ગયું. હવે આ કાર્ય પૂરું થયું. આગળ મજલ શરૂ કરવી જોઈએ. ઘણા મુમુક્ષુઓએ આજે આત્યંતિક કલ્યાણ પામવા માટે દેહ ધર્યા છે. તેઓ સૌ મારી વાટ જોતા હશે."

પોતે તરત જ સ્વસ્થ થઈ ગયા. પોતાની તમામ સામગ્રી લીધી અને એ જ ક્ષણે સડસડાટ કરતાં નીચે ઊતરી ગયા. બંધ થયેલા તોતિંગ દરવાજા આપોઆપ ઊઘડી ગયા અને વીજળીના ઝબકારાની જેમ વર્ણીરાટ ત્યાંથી અજાણી વાટે અદૃશ્ય થઈ ગયા.

સવાર પડી અને સુશીલા તથા ઈલા ઉપર આવ્યાં. તેમણે જોયું તો નીલકંઠ વર્ણીની પથારી ખાલી હતી. તેમાં એક કરચલી સુધ્ધાં પડી ન હતી. ફળ તથા પાણીનો કટોરો એમ ને એમ પડ્યાં હતાં. નીલકંઠ વર્ણીનું મૃગચર્મ, તેના શાલિગ્રામ અને બાલમુકુન્દનો બટવો, તુંબીપાત્ર, જળગળણું વગેરે કાંઈ ત્યાં ન હતું. તેમને ફાળ પડી, જરૂર નીલકંઠ વર્ણી ચાલ્યા ગયા. તે બંને શ્વાસભેર ઝડપથી દાદરા ઊતરી મા પાસે આવ્યાં. રાજા હજુ ઊંઘમાં હતા. માને જોઈ આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. કાંઈ બોલી શકી નહિ. માએ તરત જ પૂછ્યું : "અલી કેમ રડે છે ?" પણ બંને કાંઈ જ બોલી શકી નહિ. મા કાંઈ સમજી શકી નહિ. તેણે બંને કુંવરીઓને ઢંઢોળી ફરી પૂછ્યું, ત્યારે સુશીલા હીબકાં ભરતી બોલી : "મા ! નીલકંઠ વર્ણી ચાલ્યા ગયા."

"નીલકંઠ વર્ણી ચાલ્યા ગયા ?" મા હેબત ખાઈ ગઈ અને ત્યાં જ પૃથ્વી ઉપર ઢળી પડી !

રાજા એકદમ આ અવાજ સાંભળી જાગી ગયા. મહેલમાં રડારોળ થઈ

ગઈ. તે સુશીલા પાસે આવ્યા : "શું થયું સુશીલા ? તમે બધાં રડો છો કેમ ?"

"નીલકંઠ વર્ણી ચાલ્યા ગયા !" સુશીલાએ રડતાં રડતાં કહ્યું. રાજાને પણ આ શબ્દો વજ્રપાત સમા લાગ્યા. એક ક્ષણ તો તે પણ અવાક્ બની ગયો !

મહેલના અનુચરો ત્યાં આવી ગયા. જેમ જેમ રાજ્યમાં ખબર પડતી ગઈ, તેમ તેમ લોકોનાં ટોળાં મહેલ પાસે આવવા લાગ્યાં. રાજા જ્યારે સ્વસ્થ થયા ત્યારે તેમણે હુકમ છોડ્યો : "દસ દસ ઘોડેસવારો દોડાવો. બધી દિશામાં તપાસ કરો. નીલકંઠ વર્ણીને લીધા વિના કોઈ પાછા આવશો નહિ."

તરત જ તે પ્રમાણે અસવારો તૈયાર થઈ ગયા. ઘોડા દોડ્યા અને દિશાઓ ગાજી પણ નીલકંઠ વર્ણીનું પગેરું મળી શકે તેમ ન હતું. રાજા શક્તિહીન થઈ ગયો હતો છતાં તે પણ ઘોડા ઉપર નીકળ્યો. વીસ વીસ કોશ સુધી દરેક દિશામાં તપાસ કરી પણ નીલકંઠ વર્ણી ક્યાંય મળ્યા નહિ. જાણે ક્ષિતિજ ઓળંગીને નીલકંઠ બીજા પ્રદેશમાં ચાલ્યા ગયા હોય તેવું રાજાને લાગ્યું. તેમનું હૃદય ધબકવા લાગ્યું. નીલકંઠ વર્ણીની કમનીય મૂર્તિ તેના નેણપ્રદેશથી દૂર થતી જ ન હતી. નીલકંઠ ચાલ્યા ગયા ! તેણે એક નિઃશ્વાસ નાખ્યો.[૫૭]

કાળા પર્વતની વાટે

આ.સં. ૧૮૫૦ના અષાઢનો મેઘ વરસતો હતો. નીલકંઠ વર્ણી ચાલ્યે જતા હતા. રામના ધનુષ્યમાંથી બાણ છૂટે તેવી નીલકંઠ વર્ણીની ગતિ હતી. ધરતી પુલકિત બની ગઈ હતી. આ ચરણારવિંદથી અંકિત થવાનું સૌભાગ્ય પૃથ્વીને ક્યારે મળે ? આજે તે ખરેખર ધન્યતા અનુભવતી હતી. કોઈ ગામ આવતું ન હતું. નીલકંઠ વર્ણી ગીતગોવિંદની પંક્તિ બોલતાં ચાલ્યા જ જતા હતા. તેમણે કાલાગિરિની વાટ પકડી હતી. ત્યાં જવાની કોઈ હિંમત કરતું ન હતું. સઘન વનમાં માર્ગ કાઢવો મુશ્કેલ હતો પણ નીલકંઠ વર્ણીને તો દિશાઓ સાનુકૂળ થઈ હતી. ધરતી કોમળ બની ગઈ હતી. વૃક્ષો ઝૂકી ઝૂકીને ફળ આપતાં હતાં છતાં

---

૫૭. રાજાને નીલકંઠ વર્ણીના વિરહની વેદના અતિશય હતી તે જાણી નીલકંઠ વર્ણીએ પ્રેરણા કરી. રાજાને આકાશવાણી દ્વારા શબ્દ સંભળાયા : "સૌરાષ્ટ્રમાં મોરબી પાસે માળિયા નામના ગામમાં રાજકુટુંબમાં જન્મ પામશો. ત્યાં તમોને સત્સંગનો યોગ થશે અને અમો તમારા દરબારમાં સંતો સાથે આવીશું."

– 'સ્વામિનારાયણ ચરિત્રરત્નાકર'; ભાગ-૧, પા. ૩૫૩;
સંશોધક : સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, અમદાવાદ, સં. ૨૦૨૫.

નિઃસ્પૃહ નીલકંઠ વર્ણી વૃક્ષો ઉપરનાં ફળોને અડતા પણ નહિ, એટલે વાયુ જોરથી વાઈને તે ફળ નીચે પાડતો. નીચે પડેલાં ફળ નીલકંઠ વર્ણીને ખપતાં હતાં. વાયુદેવની આ સેવાથી નીલકંઠ વર્ણી પ્રસન્ન થતા હતા. વાયુદેવતા ઝાડનાં પાન ખેરવી નીલકંઠ વર્ણી માટે સુંદર પથારી પણ તૈયાર કરતા હતા. તેના ઉપર જાઈ, જૂઈ, ચમેલી વગેરે સુંગંધી પુષ્પો પાથરી દેતા હતા.

આ કર્મભૂમિમાં પ્રકટ થઈ તેને ભાગ્યવંતી બનાવતા પૂર્ણ પુરુષોત્તમ-નારાયણની આજે સેવા કરવાનો ધન્ય અવસર દેવોને પણ પ્રાપ્ત થયો હતો. તેથી દેવો આ સેવાના પુણ્યે મનુષ્યતનુ પામી પુરુષોત્તમની પ્રત્યક્ષ સેવા કરવાના કોડ સેવતા હતા. વાયુદેવની આ સેવાથી નીલકંઠ વર્ણી પ્રસન્ન થતા અને તેની સામે કોઈ કોઈ વાર દૃષ્ટિ પણ કરતા. એટલે વાયુ પણ પોતાની ગતિ ધીમી કરી દેતા. આથી ફળ-ફૂલની સુગંધ સર્વત્ર પ્રસરી રહેતી.

વાયુએ બનાવેલી ઝાડનાં પત્રોની પથારીમાં નીલકંઠ વર્ણી રાત્રિના આરામ કરતા. નીચે પડેલાં ફળ જમતા. એ રીતે પોતાનો માર્ગ કાપતા હતા. દેવતાઓ નીલકંઠ વર્ણીને સાનુકૂળ થઈ ગયા હતા. તેમણે તેમનો પ્રાકૃતિક વેગ મંદ પાડી દીધો હતો. એક માસ સુધી નીલકંઠ વર્ણી ચાલ્યા ત્યારે કાળા પર્વતની તળેટીમાં આવેલા ઘાટા જંગલમાં તેમણે પ્રવેશ કર્યો. સૂર્યનો પ્રવેશ અહીં થતો નહિ. અંધકારના ઓળા સદા પથરાયેલા જ રહેતા. નીલકંઠ વર્ણીના પગના સ્પર્શથી નીચે પડેલાં સૂકાં પાંદડાંમાંથી ખડ ખડ અવાજ કરીને સર્પો સડસડાટ કરતા બહાર આવી જતા અને નીલકંઠ વર્ણી સામે બે ઘડી ફેણ હલાવી પાછા અંધકારમાં લપાઈ જતા.

ગેંડા, પાડા, અરણા વગેરે જંગલી જનાવરો પોતાના પ્રદેશમાં આ અજાણ્યા માનવીને દેખીને આમતેમ દોડતાં. નીલકંઠ વર્ણી સન્મુખ આવી માથું નીચું કરી ચાલ્યાં જતાં. નીલકંઠ વર્ણી આ જોઈ વિચાર કરતા કે આવાં રાની પશુઓને પણ માનવીને ઓળખવાની બુદ્ધિ છે ત્યારે મનુષ્યમાં તો કેટલી બુદ્ધિ હશે ! નીલકંઠ વર્ણીના આ વિચારમાં મર્મ હતો. માનવીની બુદ્ધિ પોતાના અહંથી વામણી થઈ ગઈ હોય છે. ભગવાન અને તેમના સંતને ઓળખવાની તેમાં સૂક્ષ્મતા હોતી નથી. બ્રહ્માંડને આંબે એવાં વૃક્ષો જોઈ નીલકંઠ વર્ણી વિચાર કરતા હતા કે આ વૃક્ષોને પણ ઊંચે ગતિ કરવાનો વેગ છે. માનવીમાં આ વેગ હશે ? કે પોતાના વિરાટ સંકલ્પોને પોષવા તે સદા વામણા જ રહેતા હશે ! આવા અનેક વિચારો કરતાં કરતાં નીલકંઠ વર્ણી પુલહાશ્રમ જવાના માર્ગે

ચાલ્યા જાય છે. પણ આ વિચારના વેગમાં દિશા ભૂલ્યા !

નીલકંઠ વર્ણી ત્રણ દિવસ સુધી ચાલ્યા. ખૂબ થાક લાગ્યો. માર્ગમાં કોઈ ઠેકાણે પાણી કે ફળ મળ્યાં નહિ. શરીર અત્યંત કૃશ અને શ્રમિત થઈ ગયું એટલે ચાલવાની શક્તિ ન રહી. એક ડગલું આગળ ચાલતાં નીલકંઠ વર્ણી રસ્તામાં પડી ગયા અને મૂર્છા આવી ગઈ. થોડી વારે જ્યારે સ્વસ્થ થયા, ત્યારે દૂર એક નદી જોઈ. શરીર ઘસડીને ત્યાં સુધી પહોંચ્યા. નદીમાં સ્નાન કર્યું. શાલિગ્રામને પણ સ્નાન કરાવીને તેમને ફળાદિ ધરાવી પોતે થોડું જમ્યા. થોડી વાર વિશ્રાંતિ લઈ આગળ ચાલ્યા. એટલામાં સૂર્યાસ્ત થઈ ગયો. તેથી એક ઘટાદાર વડ નીચે આસન કર્યું. સંધ્યાવંદન કરી ત્યાં નારાયણ જપ કર્યો.

તે દિવસે આ.સં. ૧૮૫૦ના શ્રાવણની કૃષ્ણ અષ્ટમી હતી ! ઘેરથી નીકળ્યાને આજે એક વર્ષ અને તેંતાળીશ દિવસો પૂરા થયા હતા.

હિમગિરિના સાન્નિધ્યમાં, કાળભૈરવનો પરાભવ

વર્ણીન્દ્ર મહાપ્રભુ વડની નીચે ધ્યાનસ્થ થઈને બેઠા અને તેમણે હનુમાનજીનું સ્મરણ કર્યું. ત્યાં તો હનુમાન જતિ તરત જ ત્યાં પધાર્યા અને વર્ણીન્દ્ર ભગવાનની સન્મુખ હાથ જોડી બિરાજમાન થયા. વર્ણીન્દ્ર પ્રભુ તેમની દાસત્વ ભક્તિ જોઈ પ્રસન્ન થયા અને ઈશારાથી સમજાવ્યું એટલે હનુમાનજી તરત જ તે વડ ઉપર ચડી જઈને બેસી ગયા.

ધીમી ધારાએ વરસાદ વરસી રહ્યો હતો. શીતળ પવન પણ મંદમંદ વાતો હતો. આજુબાજુ પાણીનાં ઝરણાં ખળખળ વહી રહ્યાં હતાં. મેઘના આવા ધીમા સંગીતથી વર્ણીને ખૂબ આનંદ થયો. પ્રકૃતિનું સ્વરૂપ આજે સૌમ્ય બની ગયું હતું. પરંતુ એ જ પ્રકૃતિ જ્યારે રૌદ્રરૂપ ધારણ કરે છે, ત્યારે તેનું સ્વરૂપ બદલાય છે. મનુષ્યનું પણ મૂળ સ્વરૂપ આત્મા છે, તે કેટલો સૌમ્ય, સુખરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે ! પરંતુ તે રજોગુણ-તમોગુણના વેગથી આવરિત થાય છે ત્યારે તેનું સ્વરૂપ બદલાય છે, તેથી તે પણ પોતાના મૂળ સ્વરૂપનું ભાન ભૂલી જાય છે. મનુષ્યને તે તેના આ મૂળ સ્વરૂપનું જ્ઞાન કરાવવા, માયાનું કપટ વિદારવા, પોતાનું સાક્ષાત્ અક્ષરબ્રહ્મધામ પશ્ચિમમાં પ્રકટ થઈ ગયું હતું તેનો સંબંધ કરાવવા, ધામ અને ધામીનો પૃથ્વી ઉપરનો સુભગ સમન્વય(મિલન)નો દિવસ જ્યારે આવશે ત્યારે પૃથ્વી ખરેખર ફળવતી બનશે. આવા વિચારોમાં નીલકંઠ વર્ણી મગ્ન બની ગયા.

ઘોર નિશીથમાં તમરાં તમતમ બોલતાં હતાં. આગિયા પણ પોતાના

પ્રકાશમાં નીલકંઠ વર્ણીનાં દર્શન કરવા આજુબાજુ ફરતા હતા. જંગલનાં પ્રાણીઓ આમતેમ દોડતાં હતાં. વાઘ, ચિત્તા વગેરે પ્રાણીઓની હિંસક ત્રાડ ક્વચિત્ ક્વચિત્ સંભળાતી હતી. જંગલનાં પ્રાણીઓ ક્યારેક શિકારીના પંજામાં ફસાઈને કિકિયારી કરતાં હતાં. નીલકંઠ વર્ણીની સામે મણિધર ફણા માંડીને ડોલતો હતો. પરંતુ નીલકંઠ વર્ણી તો પોતાના સ્વરૂપમાં જ સ્થિત હતા.

એટલામાં ત્યાં ભયંકર ફુત્કાર કરતો કાળભૈરવ આવ્યો. તેની સાથે પિશાચો, અસંખ્ય ભૂતગણો, ડાકિનીઓ વગેરેનું લશ્કર હતું. તેની ત્રાડ સાંભળી હનુમાનજી ચમક્યા, તરત જ ઝાડ ઉપરથી કૂદકો મારી નીલકંઠ વર્ણીની સન્મુખ આવીને બેસી ગયા. ઘોર અંધકારમાં પણ ભૈરવની ધગેલ ત્રાંબાના જેવી તગતગતી લાલ આંખો તેનું ભયંકર સ્વરૂપ બતાવતી હતી. ગળામાં હાડકાંની માળા પહેરી હતી. મુખમાં પક્ષીઓનું તાજું માંસ ચાવતો હતો તેમાંથી લોહી ટપકતું હતું. હાથમાં ત્રિશૂળ હતું. બીજા હાથમાં તરફડિયાં મારતો શિકાર હતો. તેનું ભૂતગણ પણ કિકિયારી કરતું તેની આજુબાજુ નાચતું હતું.

નીલકંઠ વર્ણીને જોઈ તેણે તેના ભૂતગણને કહ્યું : "સામે આ કોઈ મનુષ્ય બેઠો છે. તેની સામે વાંદરો પણ બેઠો છે, એ બંને આપણા શિકાર છે માટે ઉપાડો."

હનુમાનજીએ વિચાર્યું કે હમણાં આ ભૂતોનું સૈન્ય મારા પ્રભુ ઉપર ત્રાટકશે. તેથી તેમણે એકાએક પોતાનું સ્વરૂપ વધાર્યું, જાણે મહાન પર્વત હોય તેવું વિરાટ સ્વરૂપ ધારણ કરી હનુમાનજીએ પોતાના લાંબા પૂંછડાથી ભૂતગણોને બાંધી દીધા અને પછી ભયંકર ગર્જના કરી પૂંછડું ફંગોળ્યું તે સાથે બધા ભૂતગણો હવામાં ઊછળ્યા અને કિકિયારી કરતા દૂર ફેંકાઈ ગયા.

આ વાંદરાને આવું મોટું સ્વરૂપ ધારણ કરી પોતાના સૈન્યનો નાશ કરતો જોઈ ભૈરવ ક્રોધે ભરાયો. તેણે પણ પોતાનું સ્વરૂપ વધાર્યું, જાણે પર્વતની ગુફા હોય તેવું મોં ફાડીને તે કપિ તરફ ધસ્યો. હનુમાનજીએ તરત જ તેના માથા ઉપર જોરથી મુષ્ટિપ્રહાર કર્યો. આ જોરદાર પ્રહારથી તેનું પહાડ જેવું માથું તેના ધડમાં પેસી ગયું, ભયંકર ગર્જના કરતો તે તરત જ પૃથ્વી ઉપર પડી ગયો. ભૈરવને આ રીતે પડતો જોઈ ડાકિની, શાકિની, પિશાચિની, ભૂતગણો તમામ ત્યાંથી પલાયન થઈ ગયાં.

કાળભૈરવનો પરાભવ થયો. પરંતુ નીલકંઠ વર્ણી વિચારવા લાગ્યા : આવા ક્ષુદ્ર દેવો પોતાના તામસિક અહંકારના આવરણને લીધે પરમાત્માને પિછાણી શકતા નથી. એટલું જ નહિ, પરંતુ અજ્ઞાની મનુષ્યોને પોતાના ક્ષુદ્ર

સ્વરૂપની ઉપાસના કરાવવા માટે તેમને તેમની અનેક કામનાઓ પોષવા તામસી કાર્યો કરવા પ્રેરે છે. વર્ણીને લાગ્યું કે આ ભોળપણ, આ અજ્ઞાન, જ્યારે ટળશે, ત્યારે જ લોકો મારી ઉપાસનાના માર્ગે જશે અને આત્યંતિક મોક્ષના અધિકારી થશે.

હનુમાનજી દ્વારા ભૈરવનો પરાભવ કરી વર્ણીન્દ્ર મહાપ્રભુ નેપાળના પ્રદેશમાં ઉત્તર તરફ જવા લાગ્યા.



ઉદ્‌ગીથ ૧૦

નેપાળમા

(આ.સં. ૧૮૫૦-૧૮૫૨, ઈ.સ. ૧૭૯૩-૧૭૯૫)

પુલહાશ્રમની વાટે

નીલકંઠ વર્ણીને મુક્તિનાથ પહોંચવું હતું. તે માટેનો કોઈ સીધો સરળ માર્ગ ન હતો. પરંતુ કાલી ગંડકી નદીએ જો પહોંચી જવાય, તો એ નદીને કિનારે કિનારે મુક્તિનાથ પહોંચી શકાય એવો તેમને ખ્યાલ હશે, તેથી તેઓ કાલી ગંડકી પહોંચવા આગળ ને આગળ ચાલવા લાગ્યા. આ રસ્તે જતાં અત્યારે જે રિરીવિઝોર પાસે બાલેવા ગામ છે ત્યાં કાલી ગંડકીનો ભેટો થઈ જાય છે. નીલકંઠ વર્ણી ત્યાં પહોંચી ગયા. ગંડકી નદી જોઈ નીલકંઠ વર્ણીને આનંદ થયો. નદીમાં સ્નાન કર્યું. શાલિગ્રામને પણ સ્નાન કરાવ્યું અને પછી થોડો સમય ત્યાં ધ્યાન-મગ્ન બની બેઠા. રાત પણ ત્યાં જ રહ્યા.

પછી ઉત્તર તરફ ગંડકીને કિનારે કિનારે તેમણે ચાલવાનું શરૂ કર્યું. વાટ વિકટ હતી. ઘાટાં જંગલો પણ આવતાં અને દૃષ્ટિ પણ ન પહોંચે એવી ખાઈઓ પણ આવતી. પરંતુ નીલકંઠ વર્ણીને પ્રકૃતિના આ ભાવો ડારી શકતા નહિ. નાસાગ્ર દૃષ્ટિ રાખીને તેઓ તો ચાલતા જ હતા. એટલામાં અત્યારે જે તાતોપાની કહેવાય છે ત્યાંથી આગળ ચાલ્યા અને માર્ગ ભૂલ્યા. તેમને લાગ્યું કે તેઓ ઊંડી ખીણમાં[૫૮] ચાલી રહ્યા છે. સામે બે મોટા પર્વતો એકબીજાના પડખામાં સમાઈને જાણે હેતની ઊર્મિઓ વરસાવતા હોય તેમ ઊભેલા જોયા. તે બંનેની વચ્ચે થઈ પાણીનો જોરદાર પ્રવાહ નીકળતો હતો. તેમણે આસપાસ બધે જ જોયું. સામે દેખાતા બે મોટા પર્વતોની ખીણમાં તેઓ આવી ગયા હતા. પાછા

---

૫૮. આ ખીણ અન્નપૂર્ણા અને ધવલગિરિ વચ્ચેની છે અને તે દુનિયામાં સૌથી ઊંડી હોવાનું મનાય છે. ('ધી હિમાલયાઝ – એ જર્ની ટુ નેપાલ'; પાન ૪૬, લેખક : ટાકેહીડે કામાચી; એલાઈડ પબ્લિશર્સ, મુંબઈ, ૧૯૬૮.)

વળે તો મુક્તિનાથનું લક્ષ્ય ચૂકી જવાય. તે તેમને ચૂકવું ન હતું. મુક્તિનાથ તેમનું લક્ષ્ય હતું, ત્યાં તેમને તપ કરવું હતું, ત્યાં તેમને ભરતજીના તપને અંજલિ આપવી હતી, સૂર્યને પ્રસન્ન કરવા હતા. તેમનો નિશ્ચય અડગ હતો. આગળ કોઈ માર્ગ દેખાતો ન હતો. જે પાણીનો પ્રવાહ બે પહાડોની વચ્ચેથી જોરદાર ધસમસતો આવતો હતો તેમાં પ્રવેશ કરીને આગળ જવાય તો જ કાળો પર્વત અને શ્વેતગિરિ વચ્ચે થઈને મુક્તિનાથને માર્ગે જવાય, તેમને આ ભૌગોલિક પથનો ખ્યાલ હતો. તેમાં જ તેમના અમાનુષી માનસની દિવ્યતાનાં દર્શન થતાં હતાં. હવે આગળ કેમ જવું તેનો વિચાર કરતાં વર્ણીરાટ ત્યાં જ બેસી ગયા.

એટલામાં એક પુરુષ ત્યાં આવ્યો અને નીલકંઠ વર્ણીને દંડવત્ કરી હાથ જોડી તેમની સમક્ષ ઊભો રહ્યો. નીલકંઠ વર્ણીએ તેની સામે જોયું અને આશ્ચર્યવત્ પૂછ્યું : "તમે કોણ છો ? આ સ્થાનમાં કોઈ મનુષ્યથી તો આવી શકાય તેવું નથી."

ત્યારે તે પુરુષે કહ્યું : "મહારાજ ! આપનાથી કાંઈ પણ અજાણ્યું નથી. મનુષ્યદેહ ધારણ કરી આપે નરનાટ્ય આદર્યું છે એટલે પૂછો છો. હું હિમાલય આજે મૂર્ત સ્વરૂપે આપનાં દર્શન અને સેવા કરવા માટે આવ્યો છું. મારી તપશ્ચર્યાના ફળરૂપે આપે સાક્ષાત્ મને દર્શન દીધાં તેથી હું કૃતાર્થ થયો છું."

વર્ણીરાટ હિમાલયના મૂર્ત સ્વરૂપની સામે જોઈ રહ્યા. પછી તેમણે કહ્યું : "અમારે બ્રહ્માના પુત્ર પુલહે જ્યાં તપ કર્યું છે તે આશ્રમમાં જવું છે. અમને ત્યાં જવાનો માર્ગ તમે બતાવો."

હિમગિરિએ તરત જ કહ્યું : "મહારાજ ! આ બંને પર્વત વચ્ચેથી જે પ્રવાહ આવે છે તેમાં થઈને જ એ માર્ગે આગળ જવાશે. પરંતુ એ માર્ગ વિકટ છે. તેમાં ઝેરી સર્પો, કરચલા, કાચબા અને માછલીઓ છે. વળી, કિનારે કિનારે મગરો પણ મીટ માંડીને બેઠા જ હોય છે. માટે આપ એ રસ્તે ન જશો."

નીલકંઠ વર્ણીએ શાંતિથી આ સાંભળ્યું. તેમણે તરત જ કહ્યું : "જીવ-જંતુઓની તો અમને બીક નથી. અમારે તો પુલહાશ્રમ પહોંચવાનું લક્ષ્ય છે."

હિમગિરિએ એક નિઃશ્વાસ નાખ્યો. હિમગિરિના ઠંડા શરીરમાંથી પણ આ ઊનો શ્વાસ નીકળતો જોઈ નીલકંઠ વર્ણીએ પૂછ્યું : "કેમ નિઃશ્વાસ નાખ્યો ?"

"પ્રભુ ! આપ અકારણ આવું કષ્ટ ફક્ત જીવોનાં કલ્યાણ માટે વેઠો છો. પરંતુ પૃથ્વીના જીવો આપનો આ ઉદ્દેશ્ય નહિ સમજી શકે, આપને નહિ ઓળખી શકે. આગળના સર્વ અવતારોને પણ કોઈએ ઓળખ્યા ન હતા."

હિમગિરિએ કહ્યું.

હિમગિરિની આ ઊની વરાળનું કારણ નીલકંઠ વર્ણી સમજી ગયા. તેમણે તરત જ કહ્યું : "તમે નિશ્ચિંત રહો. આગળ જે જે અવતારો આવ્યા હતા તેમની પાસે જીવનું કારણશરીર ભેદવાનું સાધન નહોતું. હું મારા અનાદિ અક્ષરધામને સાથે લઈને જ પ્રકટ થયો છું. તે અક્ષરબ્રહ્મ જીવોના કારણશરીરને ભેદી નાખશે અને મારા પરમ સત્યસ્વરૂપની મુમુક્ષુ જીવોને ઓળખાણ કરાવશે. જાણે-અજાણે પણ જે જે જીવો અમારા સંબંધમાં આવશે તે આત્યંતિક કલ્યાણના અધિકારી બની જ જશે."

હિમગિરિને આ નવીન વાત સાંભળી આશ્ચર્ય થયું. હિમગિરિને વિચાર કરતા કરી દઈ નીલકંઠ વર્ણીએ તરત જ ઊંડા ઝરણામાં ઝંપલાવ્યું.

તે વખતે દેવોમાં હાહાકાર મચી ગયો. સર્વત્ર જાણે ભયંકર ઉલ્કાપાત થઈ ગયો હોય તેવી આંધી ઊપડી. નીલકંઠ વર્ણીના સ્પર્શમાત્રથી જળચરો સમાધિસ્થ થઈ ગયા. નીલકંઠ વર્ણીને તો આનંદ હતો. સામા પ્રવાહમાં ધીરે ધીરે ડગ ભરતા નીલકંઠ વર્ણી તે ઝરણામાં આખી રાત ચાલ્યા અને પ્રાતઃસમયે તે ગુફાની બહાર નીકળ્યા. ત્યાં તેમણે જળનો એક મોટો નદ જોયો. તેનું પાણી જોસભેર આ ગુફા દ્વારા વહેતું હતું. એ નદમાં પણ અનેક જીવજંતુ તેમણે જોયા. અહીં પોતે સ્નાન કરી વિષ્ણુસહસ્રનો પાઠ કર્યો. ત્રણ દિવસથી પોતાને કાંઈ ફળ-ફૂલ મળ્યાં ન હતાં છતાં તેનો તેમને સંતાપ નહોતો. અચળ ધીરજ ધારીને પોતાનું અવિરત વિચરણ પોતે કર્યે જ જતા હતા. નદીને કાંઠે કેળાંની વાડી હતી. તેમાંથી કેળાંની કેટલીક લૂમો વાયુના વેગથી નીચે ખરી પડી હતી. તે લઈને તેમાંથી થોડાં કેળાં બાલમુકુન્દને નૈવેદ્ય ધરાવી પોતે જમ્યા.

એ સમયે પાંચસો નાગા વેરાગીઓની એક જમાત ત્યાં આવી. તેમના ગુરુ આગળ હતા. ત્યાં નીલકંઠ વર્ણીને ઝરણા પાસે બેઠેલા તેમણે જોયા. તેમની દિવ્ય પ્રતિભાથી આકર્ષાઈ તેમના ગુરુ નીલકંઠ વર્ણી પાસે આવ્યા અને તેમને નમસ્કાર કર્યા. તેમના શિષ્યોએ પણ નીલકંઠ વર્ણીને નમસ્કાર કર્યા. પછી નીલકંઠ વર્ણી પાસે સૌ આવીને બેઠા. એટલે નીલકંઠ વર્ણીએ તેમને પૂછ્યું : "આપ સૌ કોણ છો અને શા હેતુથી અરણ્યમાં ફરો છો ?"

આ સાંભળી મુખ્ય શિષ્યે કહ્યું : "આ અમારા ગુરુ છે. તેમણે હઠયોગની સાધના કરી છે. દૂરદર્શન, દૂરશ્રવણ વગેરે સિદ્ધિઓ તેમને વરેલી છે. અમને સૌને તે હઠયોગ શીખવાડે છે." એટલું કહીને તેણે નીલકંઠ વર્ણી સામું જોયું. પરંતુ

નીલકંઠ વર્ણી ઉપર તેમના શબ્દોની કાંઈ અસર થઈ નહિ. તેથી તેણે ગુરુનો વિશેષ પ્રભાવ જણાવતાં કહ્યું : "આ પ્રદેશના રાજા અમારા આ ગુરુના શિષ્ય છે. તેમને પણ અમારા ગુરુની કૃપાથી દૂરદર્શન, દૂરશ્રવણની સિદ્ધિ સુલભ થઈ છે."

એટલે ગુરુએ તરત જ કહ્યું : "તમે તો અંતર્યામી છો છતાં પૂછો છો એટલે કહું છું કે હિમગિરિની તળેટીનો આ પ્રદેશ એ પુણ્યભૂમિ છે. યોગભ્રષ્ટ આત્માઓ જ અહીં જન્મ લે છે. અહીં કોઈ મનુષ્ય આવી શકતું નથી. અર્જુન અહીં આવ્યા હતા તે પણ શ્રીકૃષ્ણની કૃપાથી જ આવી શક્યા હતા. અમે દુર્વાસાના યોગભ્રષ્ટ શિષ્યો છીએ. તેથી આ પૃથ્વી ઉપર ભ્રમણ કરીએ છીએ. અહીં આપનાં દર્શન થયાં. હવે અમે અક્ષરધામના અધિકારી બનીએ એવો આપ ઉપાય બતાવો."

એટલામાં એક પુરુષ ત્યાં આવ્યો. તેની કાંતિ જોઈ નીલકંઠ વર્ણીને લાગ્યું કે આ પ્રદેશનો તે રાજા લાગે છે, છતાં તેમણે તેને પૂછ્યું : "આપ કોણ છો ?"

એટલે તરત જ તે ગુરુએ કહ્યું : "આ પ્રદેશના એ રાજા છે. અમારા શિષ્ય છે અને મેં તેને હઠયોગ શીખવાડ્યો છે. તેને પણ દૂરદર્શન અને દૂરશ્રવણ સુલભ બન્યા છે. આપને અહીં આવેલા જાણી તે આપનાં દર્શન સારુ અહીં આવેલ છે." નીલકંઠ વર્ણી આ સાંભળી પ્રસન્ન થયા.

તે રાજા નીલકંઠ વર્ણી સમક્ષ આવ્યો. નીલકંઠ વર્ણી તે વખતે પદ્માસન વાળીને બેઠા હતા. રાજાએ તેમને નમસ્કાર કર્યા અને તેમનો ચરણસ્પર્શ કરતાં બંને ચરણોમાં સોળ ચિહ્નો જોયાં. રાજાને થયું કે આ સાક્ષાત્ હરિ છે. નીલકંઠ વર્ણીની મૂર્તિને નખશિખ તે નિહાળી રહ્યો, છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન જોયું. ભગવાન સાક્ષાત્ આ વર્ણીરૂપે તેને મળ્યા તેથી તેને અત્યંત આનંદ થયો.

તેણે નીલકંઠ મહાપ્રભુને વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! આપ મારા નગરમાં પધારો અને અમને સૌને પાવન કરો."

એટલે નીલકંઠ વર્ણીએ કહ્યું : "અમારે તો હજી ઘણાં કામ કરવાનાં છે. જો હું દરેકનો ભાવ જોઈ તેમના નગરમાં - આવાસોમાં જાઉં તો પછી મારે કરવાનાં કામ પૂરાં ન થાય. માટે તમને જે ભાવ મારામાં થયો છે, તે ભાવથી આ મૂર્તિ સંભારજો. તમારું કલ્યાણ થશે." એમ કહી નીલકંઠ વર્ણી ઊઠ્યા.

એટલે વેરાગીઓના ગુરુએ તેમનો હાથ પકડ્યો અને સ્તુતિ કરતાં કહ્યું : "મહારાજ ! અમને અક્ષરધામની પ્રાપ્તિનું સાધન બતાવ્યા વિના ક્યાં ચાલ્યા ?"

નીલકંઠ વર્ણી હસ્યા અને પછી તરત જ નીચે બેસી ગયા. તેમણે કહ્યું :

"જુઓ, તમે હઠયોગ સિદ્ધ કર્યો છે પણ એ મુમુક્ષુઓ માટેનો માર્ગ નથી, તેમાં તેની સિદ્ધિનો ગર્વ આવી જાય છે. પ્રાણ રુંધ્યા વિના પ્રેમાતુર થઈને જો તમે શ્રીહરિની મૂર્તિનું ધ્યાન ધરો તો તત્ક્ષણ સમાધિમાં શ્રીહરિની મૂર્તિ દેખો. એ ભક્તિયોગનો માર્ગ છે અને એ ઉત્તમ માર્ગ છે." એટલું કહીને નીલકંઠ વર્ણીએ પાસેના નદમાંથી પાણી મગાવ્યું અને સર્વના ઉપર અંજલિ છાંટીને સૌને ભાગવતી દીક્ષા આપી. પછી કહ્યું : "જો વસ્ત્ર ન મળે તો વલ્કલ પહેરજો, મૃગચર્મ ધારણ કરજો પરંતુ દિગંબર તો રહેશો જ નહિ. આ ભાગવતી દીક્ષા મેં તમને આજે આપી છે, તો હવે અમારી મૂર્તિનું ધ્યાન ધરજો. થોડા સમયમાં તમારા સૌના દેહ પડી જશે. પછી સત્સંગમાં જન્મ પામશો – કોઈ ગૃહસ્થને ત્યાં, તો કોઈ ત્યાગી તરીકે. પછી મારા સંબંધનું સંપૂર્ણ સુખ લઈને તમો અક્ષરધામના અધિકારી થશો."

વર્ણીની આ વાત સાંભળી તે રાજા અને પાંચસો વેરાગીઓ અતિ પ્રસન્ન થયા. શ્રીહરિની કૃપાથી અને સાક્ષાત્ સંબંધથી પોતાના મોક્ષનો ઉપાય સરળ થયો તેથી સૌ કૃતકૃત્ય થઈ ગયા.[૫૯]

પાંચ દિવસ રહીને પછી ત્યાંથી ચાલ્યા અને ઘાટા જંગલમાં વર્ણીન્દ્ર ભગવાન ક્યાં અદૃશ્ય થઈ ગયા તે કોઈને સમજાયું નહિ. તે મૂર્તિને લક્ષ્યમાં રાખી, ઉરમાં તે મૂર્તિ ધારી, વેરાગી બાવાઓની જમાત ત્યાંથી રાજા સાથે ચાલવા લાગી.

નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં તેવી જ એક ઊંચી ભેખડ ઉપર આવી ગયા. નીચે જ કાલી ગંડકી વહેતી તેમણે જોઈ. પણ તેમનો માર્ગ એ ગંડકીને કિનારે પૂર્વ તરફ હતો. એટલે તે ભેખડ ઉપરથી જ તેમને તે ગંડકી નદીમાં ઊતરવું રહ્યું. અહીં નદીનો પ્રવાહ જોરદાર હતો. ઊંચી ભેખડ ઉપરથી નદીનું ઊંડાણ અને નદીનો જોરદાર પ્રવાહ જોઈ તેમાં પડવાની કોઈની હિંમત ચાલે તેમ ન હતી. પરંતુ વર્ણીન્દ્ર ભગવાનને તો કાંઈ વિચારવાનું જ ન હતું. પ્રકૃતિના તાંડવ તેમને નાથવા હતા. એટલે ધીરે રહીને તે નીચે ઊતરવા લાગ્યા. નદીનો પ્રવાહ થોડો નીચે રહ્યો અને તેમણે તેમાં પડતું મૂક્યું. નદીના જોરદાર વહેતા સામા પ્રવાહને વીંધીને નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા. કાલી ગંડકીના કિનારે પૂર્વ તરફ આવી ગયા.

અહીંથી તેમને પૂર્વ તરફ નીલગિરિ - કાળો પર્વત (ઊંચાઈ ૨૩,૬૯૮ ફૂટ) અને ધવલગિરિ - ધોળો પહાડ (ઊંચાઈ ૨૬,૮૧૧ ફૂટ) દેખાયા.

૫૯. 'શ્રીહરિચરિત્રચિંતામણિ'; ભાગ-૧લો.

અત્યાર સુધી નીલકંઠ વર્ણી તે તળેટીમાં ચાલતા હતા. પછી ચડાણ કર્યું. આખો માર્ગ ચડાણ અને ઉતરાણનો છે. કાગબેની પહોંચ્યા ત્યારે તેમને મુક્તિનાથનાં દર્શન થયાં. દરિયાની સપાટીથી લગભગ ૧૨,૫૦૦ ફીટ ઊંચું આ સ્થાન છે. હિમાલયનાં દર્શન અહીંથી સ્પષ્ટ થાય છે. આકાશને આંબતાં હિમાલયનાં ઉત્તુંગ શિખરો જોઈ નીલકંઠ વર્ણીને આનંદ થયો. તપશ્ચર્યા કરતા અનેક ઋષિમુનિઓના આવાસ સમો આ હિમગિરિ પોતાની શિખરોરૂપ જટાથી અને શ્વેત સ્વરૂપથી જાણે કે ઋષિવર સમો પુરુષોત્તમના સાન્નિધ્યને પામવા નિશ્ચલતાથી તપ કરતો હોય તેવો શોભતો હતો. વર્ણીન્દ્ર ભગવાનને આવી અડગતા ગમતી. હિમગિરિની આવી અડગતા અને નિશ્ચલ તપના ભાવથી પ્રસન્ન થઈ તેને આજે પોતે દર્શન દેવા પધાર્યા. હિમગિરિએ આ દિવ્ય દર્શનના આનંદમાં સફેદ પુષ્પરૂપી બરફની ધીમી વૃષ્ટિ કરી, નીલકંઠ વર્ણીનું સ્વાગત કર્યું. હિમગિરિમાં વસતા તપસ્વીઓનાં દર્શન કરવા જાણે પોતે અધીરા બની ગયા હોય તેવી શીઘ્ર ગતિએ નીલકંઠ વર્ણી ચાલવા લાગ્યા.

અહીંથી કાલી ગંડકીનો પ્રવાહ ઉત્તર તરફ ચાલ્યો જાય છે. તેને મૂળ ગંડકી કહે છે. મુક્તિનાથ જવાનો માર્ગ પૂર્વ તરફ છે. નીલકંઠ વર્ણી એ માર્ગે આગળ ચાલ્યા.[૬૦] મુક્તિનાથનાં દર્શન થયાં અને તેમના આનંદનો પાર ન રહ્યો.

---

૬૦. મુક્તિનાથ પાસે થોરાંગ પર્વત દરિયાઈ સપાટીથી ૧૭,૭૭૦ ફૂટ ઊંચો છે. તેની દક્ષિણે નીલગિરિ પર્વત અને ઉત્તરે મુષ્ટાંગ પર્વત છે. નીલગિરિ પર્વતની સામે મુક્તિનાથની પશ્ચિમમાં ધવલગિરિ પણ અહીંથી સ્પષ્ટ દેખાય છે. નીલગિરિ પર્વત લગભગ ૨૧,૨૭૩ ફૂટની ઊંચાઈએ છે. આ પર્વતમાળાની ખીણમાં મુક્તિનાથનું મંદિર આવેલું છે. તે પણ લગભગ ૧૨,૫૦૦ ફૂટની ઊંચાઈએ છે. નીલકંઠ વર્ણીની આ યાત્રા કઠિન હતી અને જટિલ પણ હતી, કારણ કે નીલકંઠ વર્ણીની કિશોર વય હતી. પુલહાશ્રમની યાત્રાના સમયે તેમને બાર વર્ષ પૂરાં થયાં હતાં. શરીર કૃશ હતું અને શરીર ઉપર ફક્ત એક કૌપીન સિવાય બીજું કોઈ વસ્ત્ર ન હતું. હિમાચ્છાદિત પર્વતમાળામાં તેમને ઉઘાડા પગે ચાલવાનું હતું. ચોમાસાના દિવસો હતા એટલે વરસાદ પણ કોઈ વખત ધીમી ધારાએ તો કોઈ વખત મુશળધાર વરસતો હતો. પવન અને વાવાઝોડાંના સૂસવાટા એ ચોમાસાના દિવસોમાં આ પ્રદેશનો ક્રમ હતો. પર્વત ઉપરથી પથ્થરની કે બરફની મોટી મોટી પાટો પણ ધસી આવતી. નદીઓ ગાંડીતૂર બનીને વહેતી હતી. નીલકંઠ વર્ણી અજગર વૃત્તિથી રહેતા તેથી ફળાદિક કોઈ વખત મળતાં અને કોઈ વખત કેવળ પાણી પીને અથવા વાયુ ભરખીને પણ ચલાવી લેતા. આ સંજોગોમાં નીલકંઠ વર્ણીની આ યાત્રા તેમની દેહાતીત સ્થિતિ અથવા અતિમાનવ સ્વરૂપની જ પ્રતીતિ કરાવતી હતી.

અહીં ગંડકી નદી ચક્રાકારે વહે છે તેથી તેને ચક્ર ગંડકી કહે છે. કાલી ગંડકીથી આ પ્રવાહ જુદો પડે છે. અહીં વિષ્ણુનું મંદિર નેપાળી પેગોડા આકારનું છે. ઉપર સુવર્ણકળશ છે. મંદિરમાં ભગવાન વિષ્ણુની બેઠી મૂર્તિ છે. સાથે શ્રીદેવી, ભૂદેવી અને ગરુડજી પણ સેવામાં છે. નીલકંઠ વર્ણીએ અહીં દર્શન કર્યાં. ભરતજીની સ્મૃતિ કરી તેમને ભવિષ્યમાં ભેટવાનો સંકલ્પ કર્યો.

અહીં ભરતકુંડ પાસે ભરતજીએ તપ કર્યું હતું. થોડેક નીચે બ્રહ્માના પુત્ર પુલહે પણ તપ કર્યું હતું તેથી તે સ્થાન પુલહાશ્રમ તરીકે પણ ઓળખાય છે. નીલકંઠ વર્ણીએ તો ભરતકુંડ પાસે જ ભરતના આશ્રમની જગ્યાએ તપ કરવાનો નિશ્ચય કરી લીધો. ચાતુર્માસના દિવસો હતા એટલે વરસાદ પણ આવતો. વાવાઝોડું અને પવન હોય ત્યારે બરફની પાટો પણ ધસી આવતી. અહીં પ્રકૃતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતી ત્યારે ભલભલાને માટે પણ આ પ્રદેશમાં જવું તે મૃત્યુના મુખમાં પડવા જેવું હતું.

આવા ઉગ્ર પ્રાકૃતિક વાતાવરણમાં નીલકંઠ વર્ણીએ અહીં પોતાના જનના કલ્યાણને અર્થે ઉગ્ર તપ કરવાનો આદર કર્યો. રોજ બ્રાહ્મમુહૂર્તમાં ગંડકી નદીમાં સ્નાન કરે છે, પછી મુક્તિનાથનાં દર્શન કરવા જાય છે અને ત્યારબાદ ભરત આશ્રમમાં આવી ધ્યાનમગ્ન બની એક પગે ઊભા રહે છે. પોતાના બે આજાન-બાહુ ઊંચા રાખે છે. નાસિકાગ્ર દષ્ટિ રાખે છે. શરીર ઉપર ફક્ત એક કૌપીન પહેરી છે તે ઉપર મુંજની મેખલા બાંધી છે. શિર ઉપર જટા મુગટ સમાન શોભે છે. કંઠમાં તુલસીની બેવડી કંઠી ધારણ કરી છે. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક અને મધ્યે ગોળ ચાંદલો શોભી રહ્યો છે. દૃઢ વૈરાગ્ય અને દેહના અનાદરથી શરીર તદ્દન કૃશ થઈ ગયું છે. છતાં હિમાળાના વા અને સૂસવાતા વાયરાથી ડગતા નથી. મુખે સૂર્યના મંત્રનો જાપ કરે છે. કોઈ વખત સામવેદનું ગાન કરે છે. નિરાહાર રહે છે, કોઈ વખત ઝાડ ઉપરથી ફળ નીચે પડે તો તે જમે છે, તો કોઈ વખત કેવળ જળ પીને જ રહે છે. તેમના આવા તપથી મહામોટા મુનિઓ તથા દેવોમાં પણ હાહાકાર મચી ગયો. ધર્મપિતા અને ભક્તિમાતા દિવ્ય સ્વરૂપે વર્ણીની અખંડ રક્ષા કરવા આવી ગયાં હતાં.

વર્ણીરાટનો આ રોજનો ક્રમ થઈ ગયો હતો. રાત્રિએ તેઓ વિશ્રામ કરતા નહિ. અપાર શોભાના ધામરૂપ શ્રી નીલકંઠ વર્ણીની આ તપશ્ચર્યા અતિ ઉગ્ર હતી. પોતે તો સ્વયં ભગવાન હતા એટલે કેવળ પોતાના ભક્તોના કલ્યાણને અર્થે જ તેમણે આ તપ આદર્યું હતું. છતાં મનુષ્યભાવ બતાવી

ભરતજીને આ સ્થાનમાં જ મૃગલીના બાળના સંગથી વિઘ્ન થયું તેથી પોતે અસંગી રહે છે. પુરંજનને પણ બુદ્ધિરૂપી સ્ત્રીનો સંગ થયો અને વિઘ્ન આવ્યું. એટલે તેમણે બુદ્ધિનો સંગ પણ ત્યજી દીધો છે. નિર્ગુણ, અજ, અવ્યય, સચ્ચિદાનંદ એવા સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન છે.

તેમનું આવું ઉગ્ર તપ જોઈ ક્વચિત્ ક્વચિત્ મુક્તિનાથનાં દર્શન કરવા આવતા આસપાસના જનો કે તે મંદિરના પૂજારીને લાગતું કે આ સ્વામી કાર્તિકેય છે કે રુભુ ઋષિ છે કે કાયાધવ છે ! આવું ઉગ્ર તપ કોઈ વિભૂતિએ પણ કર્યું હોય તેવો પુરાણ કે ઇતિહાસની ગાથામાં કોઈ ઉલ્લેખ હોય તેવું સાંભળ્યું નથી. ચ્યવન કે સૌભરીએ તપ કર્યું, દેહનો ભાવ રહ્યો નહિ પરંતુ મનની વાસના ક્ષીણ ન થઈ એટલે પરમાત્માના સ્વરૂપમાં તેમની સંપૂર્ણ એકાગ્રતા થઈ હોય તેવું કહેવાય નહિ. તેવી બાહ્યવૃત્તિથી તેમના તપમાં ડાઘ લાગ્યો. જ્યારે વર્ણી તો સ્વયં પુરુષોત્તમ જ હતા તેથી તેમને તો જગત પ્રત્યે વૃત્તિ કેવળ જગતના મનુષ્યોનું કલ્યાણ કરવા પૂરતી જ હતી અને એ જ ભાવથી તેમણે સ્વસ્વરૂપમાં લીન થઈ આ તપ કર્યું. તે તેમના તપની વિશિષ્ટતા હતી.

સત્યુગમાં તપ પ્રધાન હતું. તે સત્યુગના નાશ થયેલા ધર્મનું પુનઃ પ્રસ્થાપન કરવા માટેનો પણ तपःप्रियः એવા નીલકંઠ વર્ણીના આ તપનો હેતુ હતો. પોતાના જ આચરણને અનુસરીને લોકો જીવનમાં એવું તપ કરતાં શીખે, વિવિધ ભોગોના ઉપભોગમાં સંકોચ રાખે અને કલ્યાણપથને નિર્વિઘ્ન બનાવે તે પણ તેમનો આ તપ કરવાનો હેતુ હતો. સૂર્યમંડળમાં રહેલા હિરણ્યમય પુરુષ તેમની આ ઉગ્ર સાધનાથી પ્રસન્ન થઈ ગયા.

ચાતુર્માસના દિવસો પૂરા થયા. આ.સં. ૧૮૫૦ની પ્રબોધિની એકાદશીની રાત્રિએ વર્ણીએ ગાયત્રી મંત્રના અખંડ જાપથી સૂર્યનારાયણને પ્રસન્ન કરી લીધા. સવારે સૂર્યનારાયણ વર્ણીરાટ સમક્ષ પ્રત્યક્ષ પધાર્યા.

વર્ણીરાટ પોતાની સામે સૂર્યદેવને પ્રત્યક્ષ જોઈ એકદમ હાથ જોડી ગદ્ગદ થઈ ગયા. સૂર્યદેવ પણ વર્ણીરાટનાં દર્શન કરી સ્તંભી ગયા. તેમને માથે મુગટ હતો, કાનમાં કુંડળ હતાં અને પીળું પીતાંબર ધારણ કર્યું હતું. પોતાની સમક્ષ પુરુષોત્તમ નારાયણને આવા કૃશ શરીરે જોઈ, પોતાના વૈભવથી સૂર્યદેવ શરમાઈ ગયા.

વર્ણીન્દ્ર પ્રભુએ બે હાથ જોડી સૂર્યનારાયણની સ્તુતિ કરી. માર્તંડ દેવે પણ આ મહાપ્રભુની સ્તુતિ સાંભળી આછું સ્મિત કર્યું અને કહ્યું : "પ્રભુ ! આપના

વડે તો અમારી મોટાઈ છે,[૬૧] આ પ્રકાશનો પુંજ આપની ઉપાસનાના ફળરૂપે મને પ્રાપ્ત થયો છે. છતાં આપ મનુષ્યભાવ બતાવી મારી પાસે કયા સુખની અપેક્ષા રાખો છો ?"

વર્ણીન્દ્રે નત મસ્તકે બે હાથ જોડી પૂર્વવત્ કહ્યું : "કામ, ક્રોધ, લોભ, દંભ, મોહ અને ઈન્દ્રિયો-અંતઃકરણ વગેરેથી મારી રક્ષા કરો જેથી મારું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અખંડ રહે. મારા ઉપર આપ આટલી કૃપા કરો. પછી જ્યારે હું તમને સંભારું, ત્યારે મને દર્શન દેજો."

આ સાંભળી સૂર્યદેવ મૂંઝાયા, તેમને થયું : "જેમનું ધામ મૂળ પ્રકૃતિથી પર છે, જે ધામમાં પ્રકૃતિ લીન થઈ જાય છે, તે ધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણને પ્રકૃતિનો કયો ભાવ સ્પર્શી શકે ?"

સૂર્યદેવને આમ વિચાર કરતા જોઈ વર્ણીન્દ્ર મહાપ્રભુને આશ્ચર્ય થયું. પરંતુ સૂર્યદેવે તરત જ તેમને કહ્યું : "પ્રભુ ! હું જાણું છું કે નૈષ્ઠિક બ્રહ્મચર્યનો ઉત્તમ આદર્શ, સાચો ધર્મ આપ સ્થાપવા માગો છો. બ્રહ્મચર્યની સિદ્ધિથી જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થઈ શકે, એ વિચાર આપ આચારમાં મૂકવા ધારો છો. આપનામાં તો તમામ કલ્યાણકારી ગુણો નિત્યસિદ્ધ છે, છતાં આપે જે માગ્યું છે તે યથાર્થ થશે."[૬૨]

---

૬૧. *ત્યારે સૂર્ય કહે સુખદાઈ, તમ વડે મારી છે મોટાઈ.* – ભક્તચિંતામણિ; પ્ર. ૨૯, ૫૫.

૬૨. ओमित्युक्त्वा ततः सूर्यस्तं प्रणम्याब्रवीद्वचः।
साक्षात् कृष्णस्त्वमेवासि जानामीति हरे! हृदि ॥ ३२ ॥
तथापि नरनाट्येन मामित्थं याचसि प्रभो!।
यान् याचसि गुणांस्ते तु सन्ति सिद्धाः सदा त्वयि ॥ ३३ ॥

– સત્સંગિજીવન; પ્ર. ૧, અ. ૪૪.

અર્થ : સૂર્યદેવે ત્યાં 'ૐ' શબ્દનો ઉચ્ચાર કરી પ્રણામ કર્યા અને વર્ણીરાટ પ્રત્યે કહેવા લાગ્યા : "જગતની ઉત્પત્તિ, સ્થિતિ કરનાર આપ સાક્ષાત્ કૃષ્ણ છો. નરનાટ્ય કરી આ યાચના કરો છો તે હું જાણું છું. પરંતુ હે પ્રભુ ! આપનામાં તો આ ગુણો નિત્યસિદ્ધ છે. એટલું જ નહિ પરંતુ હે પ્રભુ ! આપના ભક્તજનોમાં પણ આપના પ્રતાપે આપે યાચેલા આ ગુણો રહેલા છે. તો સમગ્ર કલ્યાણકારી ગુણો આપને વિશે હોય તેમાં તો કહેવું જ શું ?"

આવો તેજ પ્રતાપ છે મારો, તે તો સર્વે જાણું છે તમારો;
નથી સમર્થ તમથી અમે, પણ થાશે જે માગ્યું છે તમે.

– ભક્તચિંતામણિ; પ્ર. ૨૯, ૫૫-૫૬.

વર્ણીન્દ્ર મહાપ્રભુએ સૂર્યદેવના આ શબ્દો સાંભળી તેમને ફરી નમસ્કાર કર્યા. તરત જ સૂર્યદેવ અંતર્ધાન થઈ ગયા.

કાર્તિક શુક્લની દ્વાદશીએ વર્ણીન્દ્ર મહાપ્રભુએ તેમના ઉગ્ર તપની પૂર્ણાહુતિ કરી. હિમાલયમાં તપ કરતા યોગીપુરુષોને પોતાના વપુમાંથી પ્રસરતા દિવ્ય અણુઓના સ્પંદનથી પાવન કર્યા. તેમના સૌના તપની પણ પૂર્ણાહુતિ હવે થશે તેવા મનોમન આશીર્વાદ તેમને આપ્યા. સૂર્યદેવનું ઋણ ચૂકવવા તેમની મૂર્તિની પણ સ્થાપના કરી તેમની ભક્તિને પણ એ રીતે અર્ઘ્ય આપવા તેમણે સંકલ્પ કર્યો.

મુક્તિનાથથી વિદાય

નીલકંઠ વર્ણીએ પછી મુક્તિનાથનાં દર્શન કર્યાં. પોતાના તપની ફળ-સિદ્ધિનો તેમને આનંદ હતો. હવે તેમનું લક્ષ્ય શું હતું તે તો તેઓ જ જાણતા હતા. પરંતુ ભગવાનના અંતરમાં ભક્ત સિવાય બીજું હોતું નથી. તેથી તેઓ ત્યાંથી નીકળ્યા. મુક્તિનાથથી નીકળીને તેઓ જે રસ્તે આવ્યા હતા, તે જ રસ્તે પાછા જવાનું નક્કી કર્યું. કાલી ગંડકીનો સગડ પકડવા તેઓ ખીણમાં ઊતર્યા અને ખૂબ જ ઠંડા એવા વાયરા વાવા લાગ્યા. નીલકંઠ વર્ણીનું શરીર શીત અને ઉષ્ણતાના ભાવથી પર થઈ ગયું હતું. તેથી આ ટાઢા વાયરાની અસર તેમની ગતિ ઉપર કંઈ જ થઈ નહિ.

વળતા પણ એ જ માર્ગે ચાલતા તેમણે ધવલગિરિ અને કાળો પહાડ પસાર કર્યા. આ વખતે રસ્તો બરાબર ગંડકીના કિનારે કિનારે લીધો હોવાથી જે ગુફામાંથી તેઓ આવ્યા હતા તેમાંથી પસાર થવાનું ન હતું. હાલ જ્યાં રિરીવિઝોર ગામ છે ત્યાંથી ગંડકી દક્ષિણ તરફ વહી જાય છે. નીલકંઠ વર્ણીએ તેનો કિનારો છોડી દીધો અને પૂર્વ તરફ ચાલવા લાગ્યા.[૬૩]

નેપાળ આખો પર્વતીય પ્રદેશ કહેવાય છે તેથી પર્વતો અને ખીણો તથા ખીણોમાં ગાઢ જંગલો હોય છે. એ પ્રમાણે કોઈ સુગમ રસ્તો ન હોવાથી નીલકંઠ વર્ણીને પર્વતો ઉપર ચડવાનું રહેતું અને પાછું ખીણોમાં ઊતરવાનું રહેતું. ખીણો

૬૩. મુક્તિનાથથી નીકળી તેઓ બુટોલપત્તન (બુટવાલ) આવ્યા તેથી ગંડકીના કિનારા સિવાય બીજો કોઈ માર્ગ ન હોઈ શકે તેવું અનુમાન થઈ શકે છે. ગંડકી નદીનો પ્રવાહ જ્યાંથી દક્ષિણ તરફ પસાર થયો ત્યાંથી તેઓ ગંડકીથી છૂટા પડ્યા. તેમણે પૂર્વ તરફ ચાલવા માંડ્યું હશે એમ નેપાળનો ભૌગોલિક પ્રદેશ જોતાં જણાય છે.

ગાઢ જંગલ જેવી હતી. સૂર્યનું એક કિરણ પણ પેસી ન શકે એવી ઘનઘોર ઝાડી છવાઈ ગઈ હતી. નીલકંઠ વર્ણી આ માર્ગે કાં સામવેદનું ગાન કરતાં કાં ગોપિકાગીત કે ભ્રમરગીત ગાતાં ગાતાં ચાલ્યા જતા હતા. કેસરી સિંહની ડણક અને વાઘ-ચિત્તાના હુંકારથી ત્રાસી હાથી, ગેંડા અને જંગલી પાડાઓ આમતેમ નાસતા હતા. કોઈ ઠેકાણે સર્પ અને નોળિયાનું યુદ્ધ ચાલતું હતું. વીંછી તથા અન્ય જંતુઓ પણ વર્ણીના પાદસ્પર્શ કરી આઘાંપાછાં થઈ જતાં.

વર્ણી આવા મહાભયંકર વનમાં, હાથમાં માળા લઈને અખંડ જાપ જપતાં, સ્તોત્રો ગાતાં, વેદગાન કરતાં નાસાગ્ર દૃષ્ટિ રાખી ચાલ્યા જ જાય છે. એક હાથમાં તુલસીની માળા છે, બીજા હાથમાં જળની કઠારી પકડી છે. તેમને એક જ અનુસંધાન છે કે કર્માધીન થઈ આ જીવો આવી અનેક પ્રકારની યોનિઓ પામ્યા છે. આ યોનિઓમાં તેમના મોક્ષનું કોઈ સાધન તેમની પાસે નથી. મારે તેમને મારો સંબંધ પમાડી સંસ્કારિત કરવા છે. પશુ કે મનુષ્ય જોવાં નથી, જાત કે કુજાત પણ જોવી નથી. તેમના અંતરમાં અપાર કરુણા હતી તેથી અનેકને તેઓ પોતાનો સંબંધ કરાવવા ગતિમાન થયા હતા.[૬૪]

મોહનદાસને નીલકંઠનો યોગ થાય છે

નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા જ જાય છે. એટલામાં તેમને એક સાધુ મળ્યો. તેણે નીલકંઠ વર્ણીને જોયા અને આવા અઘોર વનમાં કિશોરવયના આ વર્ણી કોણ હશે તે વિચાર કરવા લાગ્યો. વર્ણીનું સ્વરૂપ જોઈ તેના અંતરમાં વારંવાર પ્રગટ થતા ત્રણ ગુણના ભાવ શમી ગયા. તેને લાગ્યું કે સ્વરૂપવાન મનુષ્યને જોઈને કદાચ આનંદ થાય પરંતુ ગુણના ભાવથી પર થઈ જવાય એવું સ્વરૂપ કાં તો ભગવાનનું હોય અને કાં કોઈ ઈશ્વરી વિભૂતિનું હોય ! તેણે તરત જ બે હાથ જોડી કહ્યું : ‘‘સાધુરામ ! નમો નારાયણ !’’

નીલકંઠ વર્ણીએ આ સાંભળી ઊંચું જોયું. સાધુને નમસ્કાર કરતા જોઈ પોતે પણ બે હાથ જોડ્યા અને બોલ્યા : ‘‘નમો નારાયણ !’’

---

૬૪. *શ્રીહરિ જબ કરુના કરે, તબ જીય પાવન મોક્ષ,*
પ્રગટ બિન મોક્ષ ન હોત કબુ, સબ જગ ભજત હૈ પ્રોક્ષ,
અનંત જનકે મોક્ષ હિત, હરિ ધરત અવતાર,
પાત્ર કુપાત્ર ન ગનત તબ, જ્યું જ્યું કરત હૈ પાર.
— શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂ. ૨, તરંગ ૨૬.

પછી તે સાધુને તેમણે પૂછ્યું : 'સાધુરામ ! તમો કોણ છો અને આ ઘોર જંગલમાં કયા ઉદ્દેશથી ફરો છો ?''

તે સાધુને નીલકંઠ વર્ણીના અવાજમાં મૃદુતા લાગી. તેણે કહ્યું : ''બ્રહ્મચારીજી ! હું હિમાલયની તળેટીમાં જતાં માર્ગ ભૂલ્યો છું. પણ આપ આવા ભયંકર અને નિર્જન વનમાં આ કિશોરવયમાં શા સારું નીકળી પડ્યા છો ?''

નીલકંઠ વર્ણીએ તરત જ કહ્યું : ''હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવતા ફરું છું.''

નીલકંઠ વર્ણીના આ શબ્દોથી જ સાધુને લાગ્યું કે આ વર્ણી જરૂર તેને સાચો માર્ગ બતાવશે. તેણે તરત જ બે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! તો આપ મને આપની સાથે રાખશો ? મારું નામ મોહનદાસ છે. હું હિમાલયની તળેટીમાં તપ કરવા જાઉં છું.''

નીલકંઠ વર્ણીએ તેનો ભાવ જોઈ કહ્યું : ''ખુશીથી મારી સાથે આવો.''

મોહનદાસ તરત જ પાછા વળ્યા. તેમને થયું કે આ બ્રહ્મચારીની આગળ આગળ ચાલવું જેથી માર્ગમાં કાંઈ કઠિનાઈઓ આવે, કોઈ વિઘ્ન આવે તો બ્રહ્મચારીને ચેતાવી શકાય.

વર્ણીન્દ્ર મહાપ્રભુએ જોયું કે મોહનદાસ શુદ્ધ હૃદયનો સાધુ હતો. તેના અંતરમાં જગતની કોઈ કામનાઓ ન હતી. છતાં જગતના સારા પદાર્થોમાં તેનું મન ખેંચાતું પણ ખરું. તે નીલકંઠ વર્ણીની સાથે સાથે ચાલે છે. નીલકંઠ વર્ણીના સ્વરૂપનાં દર્શન કરે છે, તેમના સ્વરૂપમાં તેના મનની વૃત્તિઓ ખેંચાય છે. છતાં નીલકંઠ વર્ણીને કોઈએ ભેટ આપેલી પાણીની સુંદર કઠારી જોઈ તેને તેમાં મોહ ઉત્પન્ન થાય છે. તે કઠારી તેને જોઈતી નથી, એવો સંકલ્પ પણ તેના અંતરમાં નથી, પણ તે સુંદર કઠારી તૂટે નહિ, બગડે નહિ તેવા સંકલ્પો તેને થવા લાગ્યા.

આગળ જતાં એક નદી આવી. તેમાં પડેલા પથ્થરો શેવાળથી ચીકણા થઈ ગયા હતા. ધ્યાનપૂર્વક પથ્થરો ઉપર પગ મૂકતાં મૂકતાં તે આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણીને કહેતા જાય છે : ''જો જો બ્રહ્મચારીજી ! સંભાળીને ચાલજો. પથરા ઉપર લીલ જામી ગઈ છે એટલે પગ મૂકતાં લપસશો તો પડશો અને આ કઠારી તૂટી જશે.''

નીલકંઠ વર્ણી તેની આવી ક્ષુદ્ર મમતા જોઈ હસ્યા. તે નદી પાર કરી ગયા અને સામે કાંઠે પહોંચી ગયા. પછી તેમણે તે કઠારી પથરા સાથે અફાળીને તોડી નાખી. આ જોઈ મોહનદાસ એકદમ જોરથી બોલ્યા : ''અરે, અરે નીલકંઠ !

આ તમે શું કર્યું ? આવી સુંદર કઠારી તોડી નાખી ?"

નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં કહ્યું : "કઠારી તોડી નાખી કારણ કે તમે કઠારીને જ જોયા કરતા હતા પણ મારા તરફ જોતા ન હતા. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ?"

મોહનદાસને પોતાના અજ્ઞાનનું ભાન થયું. તેને લાગ્યું કે જે ભગવાન હોય તે જ આ લોકના પદાર્થોમાંથી વૃત્તિ તોડાવી શકે. નીલકંઠ વર્ણી ખરેખર ભગવાનનું એવું સ્વરૂપ છે. ગીતામાં પણ કહ્યું છે કે, मन्मना भव मद्भक्तो, मद्याजी मां नमस्कुरु । તેણે નીલકંઠ વર્ણીનાં ચરણારવિંદમાં પ્રણિપાત કર્યા.

રાત્રિ અને દિવસ પસાર થતાં જાય છે અને નીલકંઠ વર્ણી અને મોહનદાસ વનમાં ચાલ્યા જ જાય છે. સૂર્ય જાણે ઊગતો નથી અને રાત્રિનો અંધકાર આ ઘેરા વનના અંધકારમાં લીન થઈ જાય છે, એટલે કંઈ કેટલા દિવસ થયા હશે તેનો કોઈ ખ્યાલ આવતો નથી.

થોડા દિવસ પછી વનની ઘટા કાંઈક પાંખી થઈ અને સૂર્યકિરણનાં દર્શન થયાં. આગળ ચાલ્યા ત્યાં પર્વતની હારમાળા દેખાઈ. નીલકંઠ વર્ણી પર્વત ઉપર ચડવા લાગ્યા. મોહનદાસ પણ પાછળ પાછળ ચાલવા લાગ્યા. ભગવાનની આગળ ચાલવાના તેના કોડ ઢીલા પડી ગયા. માર્ગની કઠિનાઈઓથી તેની સાન ઠેકાણે આવી ગઈ. નીલકંઠ વર્ણી પર્વત ઉપર ચડી ગયા. ત્યાં ઊંચાં ઊંચાં ઝાડ ઉપરથી કેરીનાં ફળ જેવડાં જાંબુના રંગનાં પાકાં ફળો નીચે પડેલાં હતાં. નીલકંઠ વર્ણીએ તે લીધાં અને જમવા લાગ્યા. મોહનદાસે પણ તે લીધાં પણ નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "ખાઈશ નહિ. આ તો ઝેરી ફળો છે. મરી જઈશ." એટલે મોહનદાસે તે નાખી દીધાં.

એટલામાં ત્યાં ચાર ખાખી બાવાઓ આવ્યા. નીલકંઠ વર્ણીને ફળ ખાતા જોઈ ઝાડ પરથી તેઓ પણ ફળ તોડવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ મોહનદાસને કહ્યું : "તેમને કહો કે આ ફળ ન ખાય."

મોહનદાસે તે ખાખીઓને કહ્યું : "તે ફળ ખાશો નહિ, ઝેરી છે, મરી જશો."

એટલે તે ખાખીઓએ કહ્યું : "પેલો બ્રહ્મચારી કેમ ખાય છે ?"

મોહનદાસે કહ્યું : "એ તો મહાપુરુષ છે."

ગર્વથી તે ખાખીઓ બોલ્યા : "અમે પણ મહાપુરુષો છીએ." એમ કહી તેમણે તે ફળો ખાધાં. થોડી વારે તે ચારેય ત્યાં જ મૃત્યુ પામ્યા.

જેનામાં મહાપુરુષનું એક પણ લક્ષણ હોતું નથી છતાં મહાપુરુષ થવાના કોડ જાગે છે તેમની અંતે આવી દુર્દશા થાય છે.

નેપાળમાં મહાદત્તના મહેલમાં

નીલકંઠ વર્ણી અને મોહનદાસ ત્યાંથી ચાલતાં હવે પર્વતીય પ્રદેશમાં પ્રવેશ કરે છે. આ પ્રદેશમાં દાખલ થતાં જ નીલકંઠ વર્ણીએ મોહનદાસને કહ્યું : "તમે હવે અહીં જ કોઈ તીર્થસ્થાન જોઈ રહી જાઓ. થોડા સમયમાં તમને મારો યોગ પશ્ચિમમાં થશે અને તમારું કલ્યાણ થશે."[૬૫]

---

૬૫. મોહનદાસે નીલકંઠ વર્ણીની વનમાં જે પ્રકારે સેવા કરી હતી તે સદ્‌ગુરુ શ્રી માધવદાસ સ્વામી 'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર'માં વર્ણવે છે.

વળી બીજી એવી એક વાત, ભેળા થયા સત સાક્ષાત્;
પોતે ઝાડીમાં ભેળા ફરતા, નિત્ય સ્વામીનાં દર્શન કરતા. ૨૧
સ્વામી ભેળા ચાલ્યા ચાલ્યા આવે, સ્વામી સારુ રસોઈ બનાવે;
ક્યારેક સ્વામી પણ જમવા રહે છે, ક્યારેક મેલી ચાલી નીકળે છે. ૨૨

આ રીતે મોહનદાસ નીલકંઠ વર્ણીની સેવા કરતા. ક્યારેક વર્ણી તેને મૂકીને પણ ચાલી નીકળતા પરંતુ મોહનદાસ વર્ણીની પાછળ પાછળ જઈ તેમને શોધી લેતા. નીલકંઠ વર્ણીથી છૂટા પડ્યા પછી થોડાં વર્ષો બાદ મોહનદાસ દ્વારિકાની જાત્રા કરવા માટે ફરતાં ફરતાં સૌરાષ્ટ્રમાં આવ્યા. અહીં માંગરોળમાં તેમને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી તથા નીલકંઠ વર્ણીનાં દર્શન થયાં. તેથી તેને ખૂબ આનંદ થયો. રામાનંદ સ્વામીનો પ્રતાપ, તેમના શિષ્યોનું ચારિત્ર્ય જોઈ મોહનદાસ ખૂબ જ પ્રભાવિત થઈ ગયા. તેમાં વળી વર્ણીરાજનાં પણ અહીં દર્શન થયાં.

પછી તે દ્વારિકાની યાત્રા કરવા ગયો. ત્યાંથી પાછા ફરતાં તેણે જાણ્યું કે રામાનંદ સ્વામી ધામમાં પધારી ગયા છે. તેથી તેને અત્યંત દુઃખ થયું. તેણે વર્ણીની સેવા કરી હતી પરંતુ વર્ણીએ તો પોતાનું સ્વરૂપ છુપાવી કોઈ ઐશ્વર્ય તેને બતાવ્યું ન હતું. તેથી વર્ણીનો તેને જેવો છે તેવો મહિમા ન હતો. પરંતુ અહીં તેનું દુઃખ જોઈ શ્રીહરિએ તેને કહ્યું :

ત્યારે મહારાજ કહે આવો સંત, હમણાં દેશે દર્શન ભગવંત,
કહે નાથ અમે સહુ મળી, ભજન કરીએ સૌ સ્વામીનું વળી;
તમે પણ ભજન સ્વામીનું કરો, નિઃશંક થઈ આ સંતોમાં ફરો,
એમ કરતાં કંઈક દન ગયા, ત્યાં તો સ્વામીનાં દર્શન થયાં.
રામાનંદ સ્વામી કહે એહ, સાંભળો હે મોહનદાસ તેહ,
તમે ભેળા ફરતા આવ્યા જેની, આ સહજાનંદ સ્વામી છે તેની; ➤

મોહનદાસને નીલકંઠ વર્ણીના વચનમાં વિશ્વાસ હતો તેથી તે ત્યાં એક શિવાલયમાં સેવા કરવા રહી ગયા અને નીલકંઠ વર્ણી ત્યાંથી આગળ ચાલ્યા.

નેપાળના પહાડી પ્રદેશમાંથી પસાર થતાં નીલકંઠ વર્ણી રસ્તામાં આવતા અઘોર વનમાં એકાકી ચાલ્યા જ જાય છે. શિયાળાની અસહ્ય ઠંડી શરીરે સહન કરે છે. તીવ્ર તપથી શરીરની ચામડી સૂકવી નાખી છે. એટલે શીત-ઉષ્ણની કાંઈ અસર શરીર ઉપર થતી જ નથી. કોઈ કોઈ વખત ભ્રમરગીત ગાતાં ગાતાં ચાલે છે, તો ક્યારેક માળા ફેરવતાં શીઘ્ર ગતિથી ચાલે છે. વિકરાળ પશુઓનાં ટોળાંમાંથી માર્ગ કાઢીને તે ચાલ્યા જાય છે.

ઉત્તર દિશા તરફ ચાલતાં ચાલતાં ઘણી નદીઓ આડી આવે છે. કોઈ વાર તરીને તો કોઈ વાર પ્રવાહની સાથે ચાલીને પસાર કરે છે. તેનાં ખળ ખળ વહેતાં પાણીની સાથે સૂર મિલાવે છે. તે સંગીત સાથે ભ્રમરગીતના શબ્દો તાલબદ્ધ ગુંજે છે. નીલકંઠ વર્ણીના મુખમાંથી શબ્દો સરે છે :

એનું ભજન કરીએ છૈયે અમે, તેનું તમારે કરવું આ સમે,
માટે ભગવાન તો એને કૈયે, અમે તો એના દાસ જ છૈયે.

મોહનદાસને રામાનંદ સ્વામીએ દર્શન દીધાં અને વર્ણીનું સ્વરૂપ ઓળખાવ્યું તેથી તેના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. તે ત્યાં સંતમંડળમાં જ રહી પડ્યા. થોડા દિવસ બાદ શ્રીજીમહારાજે તેમને દીક્ષા આપી અને વ્રજાનંદ સ્વામી નામ આપ્યું. તે સમયે મહારાજે તેમને પૂછ્યું : "તમે કોનું ભજન કરો છો ?" ત્યારે તેમણે કહ્યું :

મોહનદાસ કહે સ્વામી મેરા, ભજન કરતા હે કપટી તેરા;
હમકુ વ્હેલા તુમે ક્યું ન કિયા, હમકુ ભરમાવી ભુલાવી દિયા.
હસી મહારાજે તો કહ્યું એહ, મોહનદાસ સૂણો તમે તેહ;
હમે કહ્યું હોત તમને આગે, પણ સંશે તમારો ન ભાગે.
જ્યારે રામાનંદે આવી કહ્યું, ત્યારે ઠીક બંધ બેસી ગયું;
એમ કહ્યું સહજાનંદ સ્વામી, ત્યારે જાણ્યા તે અંતરજામી.
જેનું નામ મોહનદાસ એહ, તે તો વરજાનંદ સ્વામી તેહ;
સમજીને સત ભેળા રહ્યા, તે તો મોટા વરજાનંદ કહ્યા.

– શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર (પૂર્વાર્ધ); અધ્યાય : ૮, પૃષ્ઠ : ૨૭-૨૮

વ્રજાનંદ સ્વામી નામના ત્રણ સંતો હતા. મોટા વ્રજાનંદ જૂનાગઢ રહેતા, બીજા એક ગવૈયા હતા અને ત્રીજા વૈરાગી હતા. મોટા વ્રજાનંદ જૂનાગઢમાં રહી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા અનુસાર નાઘેર પ્રદેશમાં ફરતા. તેમના ઉપદેશથી ઉનાના સુપ્રસિદ્ધ નગરશેઠ ગણેશ શેઠ સત્સંગી થયા હતા.

विसृज शिरसि पादं वेद्म्यहं चाटुकारै
रनुनय विदुषस्तेऽभ्येत्य दौत्यैर्मुकुन्दात्।
स्वकृत इह विसृष्टापत्यपत्यन्यलोका
व्यसृजदकृतचेताः किं नु सन्धेयमस्मिन्॥[૬૬]

નીલકંઠ વર્ણીના મુખમાંથી સરી પડતા આ સંગીતમય શબ્દોથી સંગીત આકાર લેવા લાગ્યું. નીલકંઠ વર્ણી એ શબ્દો સાંભળી આનંદ પામે છે. તેમના મુખ ઉપર હાસ્ય ઊભરાય છે. એ જ ભાવથી કે આ જ શબ્દો મને પણ મારા ભક્તો સંભળાવવાના જ. એ ન સાંભળવા પડે એનો કોઈ ઇલાજ નથી, કારણ કે ભગવાનની રીત અનાદિથી ન્યારી જ છે. ભક્તને વિરહમાં દુઃખી થતા જોઈને તેમને કાંઈ જુદો જ આનંદ આવતો હોય તેવું દેખાય છે.

નીલકંઠ વર્ણીના મુખમાંથી બીજો શ્લોક સરી પડે છે :

मृगयुरिव कपीन्द्रं विव्यधे लुब्धधर्मा
स्त्रियमकृत विरूपां स्त्रीजितः कामयानाम्।
बलिमपि बलिमत्त्वा वेष्टयद् ध्वाङ्क्षवद् य-
स्तदलमसित सख्यैर्दुस्त्यजस्तत्कथार्थः॥[૬૭]

---

૬૬. "અરે મધુકર ! જો, તું મારા પગ પર તારું માથું ન ઝુકાવ. હું જાણું છું કે તું અનુનય - વિનય કરવામાં, ક્ષમા યાચવામાં કુશળ છે. મને ખબર છે કે તું આ વિદ્યા શ્રીકૃષ્ણ પાસેથી જ શીખ્યો છું કે રિસાયેલાઓને મનાવવા માટે મોકલેલા દૂતે કેવી દીનતા ધારણ કરવી જોઈએ ? પરંતુ તારું અહીં કાંઈ ચાલશે નહિ. જો સાંભળ ! અમે શ્રીકૃષ્ણને માટે અમારાં પતિ, પુત્ર અને સ્વજનોનો ત્યાગ કર્યો પણ શ્રીકૃષ્ણમાં તો અમારા એ ત્યાગને સમજવાની જરા પણ કૃતજ્ઞતા નથી. એ તો નિર્મોહી બની અમને છોડીને ચાલ્યા ગયા. હવે તું જ કહે કે આવા કૃતઘ્ની સાથે સમાધાન કેમ થાય ? શું હજું પણ તું કહે છે કે એમના ઉપર વિશ્વાસ રાખો ?"

– શ્રીમદ્ભાગવત; સ્કંધ : ૧૦-૪૭-૧૬.

૬૭. "હે ભ્રમર ! જ્યારે એ રામ બન્યા હતા, ત્યારે વાલીને એક શિકારીની માફક ઝાડ પાછળ સંતાઈને વીંધી નાખ્યો હતો. બીચારી શૂર્પણખા કામવિવશ થઈ તેમની પાસે આવી તો તેનાં નાક-કાન કાપી તેને વિરૂપ બનાવી દીધી. પોતાની સ્ત્રીને વશ બનીને તેણે આવું વરવું કામ કર્યું. વામનરૂપ જન્મ લઈને પણ તેણે શું સારું કામ કર્યું ? બલિએ તેની પૂજા કરી, તેણે મોં માગી વસ્તુ તેને આપી તો છળ કરીને વરુણપાશથી બાંધીને તેને પાતાળમાં પૂરી દીધો. જેવી રીતે કાગડાઓ બલિ ખાઈને બલિ આપનારને પરેશાન કરે છે, એવી એની અનાડી રીત છે. પણ જવા ➤

નીલકંઠ વર્ણી વિચાર કરે છે : ભક્ત અને ભગવાનનો સંબંધ સદા અતૂટ જ હોય છે. આવી દિવ્ય લીલાની સ્મૃતિ કરતાં કરતાં નીલકંઠ વર્ણી ઉતાવળા ચાલ્યા જાય છે.

નેપાળના પ્રદેશમાં અનેક નાનાં નાનાં ખંડિયાં રાજ્યો છે[૬૮] તેમાં અનેક બાવાઓને સહારો મળતો. પરંતુ નીલકંઠ વર્ણી તો એ સર્વે જમાતોને જોતાં જોતાં આગળ જ ચાલ્યા જાય છે. નીલકંઠ વર્ણી કોઈ એવી પુણ્યભૂમિની પ્રતીક્ષા કરતાં કરતાં આગળ ચાલ્યા જ જાય છે. જ્યાં રાત પડે, ત્યાં રાતવાસો રહે છે.

ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણીએ એક સુંદર શહેર જોયું. નીલકંઠ વર્ણીએ વિચાર કર્યો કે અહીં રહીએ તો સારું. નદીના કાંઠે સુંદર બગીચાઓ છે, તેમાં સુંદર મહેલાતો છે. એવા એક સ્થળે તેના માલિકની રજા લઈને નીલકંઠ વર્ણીએ રહેવાનો વિચાર કર્યો. વર્ણીન્દ્ર મહાપ્રભુ એક બગીચા પાસે આવ્યા. તેમાં બાવાઓની જમાત ઊતરી હતી. તેમણે તેમને પૂછ્યું : "અહીં ઊતરવા માટે કોની પરવાનગી લેવી પડે છે ?"

તે સાધુઓએ નીલકંઠ વર્ણીનું સ્વરૂપ જોયું. તેમણે કહ્યું : "બ્રહ્મચારી ! અહીંના રાજાનો જ આ બાગ છે. અભ્યાગતોને રાજા અહીં ઉતારો આપે છે અને રોજ નવી નવી રસોઈ બનાવીને જમાડે છે. તમે અહીં જ રહો."

ફરી નીલકંઠ વર્ણીએ પૂછ્યું : "આ શહેરનું શું નામ ? અહીંનો રાજા કોણ છે ?"

તે સાધુએ કહ્યું : "આને બુટોલનગર કહે છે અને અહીંનો રાજા મહાદત્ત છે.[૬૯] તેઓ બહુ જ ધર્મપ્રેમી છે."

દે ભાઈ ! અમારે કૃષ્ણ તો શું પણ કૃષ્ણ જેવી કોઈ શ્યામ વસ્તુ સાથે પણ હવે શું પ્રયોજન છે ? છતાં તું કહીશ કે કૃષ્ણ જો આવા જ છે, તો પછી તમે એની વાત શું કરો છો ? પરંતુ ભાઈ ! વાત એવી છે કે એક વખત જેને એનો ચસકો લાગે છે તે તેને છોડી શકતો નથી. અમે મનમાં ઘણું ઇચ્છીએ છીએ કે એની વાત જ ન કરવી પણ એ થઈ શકતું નથી." – શ્રીમદ્ભાગવત; સ્કંધ : ૧૦-૪૭-૧૭.

૬૮. ઈ.સ. ૧૭૫૦ પછી નેપાળના ભાગલા પડ્યા હતા. અને તે નાનાં નાનાં ખંડિયાં રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું.

– નેપાળ અને ઈસ્ટ ઇન્ડિયા કંપની; પૃ. ૫૩, લેખક : સન્વાલ.

૬૯. નેપાળના રાજા પૃથ્વીનારાયણ (વિ.સં. ૧૭૭૦ થી વિ.સં. ૧૮૩૧) તેમને બે પુત્રો હતા – પ્રતાપ શાહ અને બહાદુર શાહ. પ્રતાપ શાહ ગાદી ઉપર આવ્યા. પ્રતાપ શાહ જુવાન વયે ગુજરી ગયા. તેમના મરણ બાદ તેમના અઢી વર્ષની ઉંમરના ➤

નીલકંઠ વર્ણીને તેમના વચનમાં વિશ્વાસ આવ્યો. તેઓ બાગમાં ગયા અને એક ઝાડ નીચે આસન કર્યું. તે જોઈ પેલા સાધુએ કહ્યું : "બ્રહ્મચારી ! અહીં અંદર બંગલામાં આવો. બધી સગવડ છે."

નીલકંઠ વર્ણીએ તેમને હાથ જોડ્યા અને કહ્યું : "મને તો અહીં જ ફાવશે."

પૃથ્વી જેમ આ ઋતુમાં ફલવતી બને છે, તેમ રાજા મહાદત્તનું તપ, વ્રત અને દાનનું પુણ્યકાર્ય આજે ફલિત થયું. રોજના નિયમ પ્રમાણે મહાદત્ત રાજા અને તેમનાં બહેન માયારાણી સવારે બાગમાં આવ્યાં. તમામ વૈરાગી બાવાઓને નમસ્કાર કરતાં કરતાં, તેમનો ચરણસ્પર્શ કરતાં કરતાં નીલકંઠ વર્ણી પાસે આવ્યાં. વર્ણીને જોઈ બંને ત્યાં જ સ્તંભી ગયાં. તેમની મોહક કાંતિ, તપથી કૃશ થયેલું દેહ, કિશોર અવસ્થા જોઈ રાજા અને તેમનાં બહેન માયારાણીના અંતરમાં છુપાયેલો જ્ઞાનદીપ જાણે પ્રકટ થવા લાગ્યો. વર્ણી પણ તેમને જોઈ ખૂબ પુલકિત થયા. એટલામાં મહાદત્તે હાથ જોડીને પૂછ્યું : "બ્રહ્મચારીજી ! આપ કોઈ નવીન લાગો છો."

વર્ણીએ હાથ જોડી કહ્યું : "અમે આ લોકમાં સદા નવીન જ છીએ. આ લોકથી જુદી જાતના છીએ."

મહાદત્તને વર્ણીના આ શબ્દો ન સમજાયા. તેથી તેમણે ફરી પૂછ્યું : "મહારાજ ! ગઈ કાલ સુધી આપ અહીં ન હતા એટલે મેં પૂછ્યું. આપનું શરીર જોતાં તપની અવધિ દેખાય છે, આપના મુખની કાંતિ આકર્ષક છે. આપ આ બીજા વૈરાગીઓ કરતાં કાંઈક જુદા જ દેખાઓ છો."

આ સાંભળી નીલકંઠ વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "રાજન્ ! સમાગમ

પુત્ર રણબહાદુર ગાદીએ આવ્યા. પરંતુ કુંવર સગીર હોવાથી રાજ્યનો વહીવટ કરવા કાકા બહાદુર શાહને નીમ્યા હતા. બહાદુર શાહ બાહોશ હતા. તેમને રાજ્યનો વિસ્તાર કરવો હતો. તેમાં ફક્ત મહાદત્ત સેનની જ તેમને બીક હતી. તેથી તેમણે મહાદત્તની પુત્રી વિદ્યાલક્ષ્મી સાથે વિ.સં. ૧૮૪૨ના માઘની દશમે લગ્ન કર્યાં અને મહાદત્ત સાથે મૈત્રીકરારો કર્યા. પછી મહાદત્તની મદદથી બહાદુર શાહે સને ૧૭૮૬થી ૧૭૯૦ સુધીમાં કાઠમંડુ સુધીનો પ્રદેશ, જે હમણાં નેપાળ તરીકે ઓળખાય છે, તે જીતીને વીસ હજાર ચોરસ માઈલનો વિસ્તાર ગોરખા રાજ્યમાં જોડી દીધો. તે પછી તે રાજ્ય 'ધી હાઉસ ઓફ ધી ગોરખા' તરીકે ઓળખાવા લાગ્યું. રાજધાની કાઠમંડુ બની.

– 'ધી રાઈઝ ઓફ ધી હાઉસ ઓફ ગોરખા'; પૃ. ૧૮૪;
લેખક : લુડવીક એફ. સ્ટીલર; પ્રકાશક : રત્ન પુસ્તક ભંડાર, ભોટાહીળ, કાઠમંડુ (નેપાળ)

કરશો એટલે વૈરાગીની અને રાગીની ખબર પડશે. જગતમાં સાચો વૈરાગ તો ભગવાન સિવાય બીજો રાગ ન હોય તે જ છે. લોકોના અંતરમાં ભગવાનનો રાગ પ્રગટાવવા જ મેં વૈરાગ ગ્રહણ કર્યો છે.''

માયારાણી નીલકંઠ વર્ણીનાં અમૃતવચનોનું પાન કરતાં સ્થિર થઈ ગયાં ! વર્ણીનો દેહ દેખીને તેમની આંખમાં આંસુ આવી ગયાં. સ્ત્રીનું હૃદય એ માતાનું હૃદય છે. આવા કિશોરે ગૃહત્યાગ કર્યો ! શરીર આવું કૃશ કરી દીધું ! તેમનું અંતર દ્રવી ગયું. તેમણે આંસુ લૂછતાં પૂછ્યું : ''બ્રહ્મચારી ! આ બંગલામાં સૌની સાથે કેમ નથી રહ્યા ?''

''જેને ભગવાનનો આશ્રય હોય, તેને બંગલાનો આશ્રય ખપતો નથી.'' નીલકંઠ વર્ણીએ કહ્યું.

નીલકંઠ વર્ણીના આ શબ્દો સાંભળી મહાદત્તની જ્ઞાનદૃષ્ટિ સતેજ થઈ ગઈ. તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આ બંગલાઓ મેં સંતો માટે જ રાખ્યા છે. અત્યાર સુધી ઘણા સંતો અહીં આવ્યા અને ગયા. મેં તેમની પ્રેમથી સેવા પણ કરી. પરંતુ મારા અંતરમાં ઊઠતા જગતના પંચવિષયના રાગ એ સેવાથી શમ્યા નહિ. આજે આપનાં દર્શનથી હું અપાર શાંતિ અનુભવું છું.''

પછી તેમણે થોડી વાર થોભીને કહ્યું : ''આ બંગલામાં આપ રહો, મારાં અહોભાગ્ય થશે ! મારું કલ્યાણ થશે.''

મહાદત્તના ભાવથી નીલકંઠ વર્ણીએ બંગલામાં રહેવાનું કબૂલ રાખ્યું. મહાદત્તે તેમનો હાથ પકડ્યો. માયારાણીએ તેમનાં સાધનો લીધાં. બંગલામાં એક જુદા જ કમરામાં નીલકંઠ વર્ણીને ઉતારો આપ્યો. વૈરાગી બાવા આ જોઈ રહ્યા. તેમના અંતરમાં ઈર્ષાની આગ ભભૂકવા લાગી. મહાદત્તે તેના નોકરને નીલકંઠ વર્ણીની સેવા કરવાનું અને તેમનું ધ્યાન રાખવાનું કહ્યું. પછી તે બંને ભાઈ-બહેન ત્યાંથી નીકળ્યાં. પરંતુ માયારાણીના પગ જાણે ત્યાં જ જડાઈ ગયા હોય તેમ તે તો ત્યાંથી ખસી શક્યાં જ નહિ. મહાદત્તે તેમને બૂમ મારી બોલાવ્યાં ત્યારે તે ભાનમાં આવ્યાં. બંને ત્યાંથી ગયાં.

નીલકંઠ વર્ણી રોજ વહેલી સવારે નદીમાં સ્નાન કરી પોતાનો પ્રાતઃવિધિ કરે છે. પછી બગીચામાં આવી ઝાડ નીચે બેસે છે. બપોરે રાજા તરફથી જમવાનું આવે છે તે અન્ય વૈરાગીઓને આપી દે છે. પોતે જે કાંઈ ફળ-ફૂલ મળે તે જમે છે. રાજા નીલકંઠ વર્ણી પાસે હંમેશાં આવીને બેસે છે અને નીલકંઠ વર્ણી તેમને ઉપદેશ આપે છે. નીલકંઠ વર્ણી મહાદત્તને સમજાવે છે : ''ત્રણ દેહથી આત્મા

જુદો છે. તેની બ્રહ્મ સાથે એકતા કરી ભગવાનનું ભજન કરવું. દેહભાવે ભજન કરવાથી ભક્તિમાં વિઘ્ન આવે છે. જ્યારે આ પ્રકારનાં ભજનમાં કોઈ વિક્ષેપ આડો આવતો નથી.''

આ સાંભળી મહાદત્તે પૂછ્યું : ''આત્મા અને બ્રહ્મ એક જ છે ને ?''

નીલકંઠ વર્ણીએ તરત જ કહ્યું : ''આત્મા નિરાકાર છે, જ્યારે બ્રહ્મ સાકાર છે. આત્મા માયાથી વ્યાપ્ત છે, જ્યારે બ્રહ્મ માયાથી પર છે. આત્માનું વ્યાપકપણું એક બ્રહ્માંડમાં જ છે, જ્યારે બ્રહ્મનું વ્યાપકપણું અનંત કોટિ બ્રહ્માંડમાં છે. આત્મામા પરમાત્મા સાક્ષીરૂપ રહ્યા છે, જ્યારે બ્રહ્મને પરમાત્માનો સાક્ષાત્ અને સર્વ પ્રકારે સંબંધ છે.''

આ સાંભળી મહાદત્ત વિમાસણમાં પડી ગયા. તેમણે આ જ્ઞાન કદી સાંભળ્યું ન હતું. 'આત્મા એ જ પરમાત્મા' એવાં અભેદ ભાવનાં સૂત્રો જ તેમણે સાંભળ્યાં હતાં. પરંતુ નીલકંઠ વર્ણીની વાણી તેમને દિવ્ય લાગી. તેમને લાગ્યું કે આ જ જ્ઞાન સનાતન છે અને તે આવા પુરાણ-પુરુષ પાસેથી જ પ્રાપ્ત થઈ શકે છે. તેમનું અંતર વિચાર કરવા લાગ્યું. નીલકંઠ વર્ણીની આધ્યાત્મિક મહત્તાનો, તેના સ્વરૂપના પરભાવનો એક ક્ષણમાં તેમણે નિશ્ચય કરી લીધો. નીલકંઠ વર્ણીને પગે લાગી તે ઊઠ્યા.

આ બગીચામાં રાજાની કુંવરી તેની સખીઓ સાથે રમવા આવતી. તેમને જોઈ બાવાઓ ગેલમાં આવી જતા. પરંતુ નીલકંઠ વર્ણી સદા નીચી દૃષ્ટિ રાખી અથવા ધ્યાનમગ્ન થઈ સ્વસ્વરૂપમાં મસ્ત બની રહેતા. નીલકંઠ વર્ણીનાં દર્શનથી કુંવરીને તથા તેની સખીઓને આનંદ થતો, જ્યારે બાવાઓની દૃષ્ટિમાં તેમને વિકાર દેખાતો. કુંવરીએ તથા તેની સખીઓએ મહાદત્તને જ્યારે આ વાત કરી, ત્યારે મહાદત્તને નીલકંઠ વર્ણીની વિશેષ મહત્તા સમજાઈ. વિષયલોલુપ બાવાઓનો ભાવ તેના અંતરમાંથી નીકળી ગયો.

મહાદત્ત રાજાએ તથા તેમનાં બહેને નક્કી કર્યું કે નીલકંઠ વર્ણીને પોતાના મહેલમાં જ લઈ જવા. તેઓ બંને નીલકંઠ વર્ણી પાસે આવ્યાં અને હાથ જોડી વિનંતી કરી. પરંતુ નીલકંઠ વર્ણીએ બહુ જ વિનયપૂર્વક ના કહી. એટલે માયા-રાણીએ ફરી કહ્યું : ''તો પછી અમારા મહેલમાં જમવા તો આવશો ને ?''

તેમનો ભાવ જોઈ નીલકંઠ વર્ણીએ તેમનું આમંત્રણ સ્વીકાર્યું.

નીલકંઠ વર્ણી રાજાના મહેલમાં રોજ જમવા જતા. માયાદેવી તેમને અનુકૂળ પડે તેવી સુંદર રસોઈ પોતે જ બનાવતાં. રોજની આ પ્રમાણેની

ભાવપૂર્વકની સેવાથી માયારાણી તથા મહાદત્તનું અંતર શુદ્ધ થઈ ગયું. તેમાં પ્રકાશ થયો. તે પ્રકાશમાં તેમને નીલકંઠ વર્ણીના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. અંતર્યામી સ્વરૂપે જીવમાં જે પરમાત્મા રહ્યા છે તે જ આ નીલકંઠ વર્ણી છે એ નિશ્ચય તેમને દૃઢ થયો. આત્મા અને પરમાત્માના સ્વરૂપનું જે જ્ઞાન તેમને નીલકંઠ વર્ણીએ આપ્યું હતું તેનો આજે તેમને સાક્ષાત્કાર થયો.[૭૦]

નીલકંઠ વર્ણીને લાગ્યું કે બુટોલપત્તન આવી જે કામ કરવાનું હતું તે થયું. મહાદત્ત રાજાને અને તેમની બહેનને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે તે જ તેમના મોક્ષનું સાધન છે. એટલે હવે તેમણે બુટોલથી નીકળી જવા વિચાર્યું.

તેઓ તેમના આવાસમાં આવ્યા. અહીં આવી તેમણે તૈયારી કરવા માંડી. કેડે મૃગચર્મ વીંટાળી લીધું, કંઠે શાલિગ્રામ બાંધી દીધા, હાથમાં કમંડલુ લઈ લીધું. એ રીતે તૈયાર થઈ નીલકંઠ વર્ણી તેમના કમરામાંથી સ્વસ્થ થઈને નીકળ્યા અને તેમણે માયારાણીને હસતાં હસતાં સામે ઊભેલાં જોયાં. નીલકંઠ વર્ણી તેમને જોઈ વિસ્મય પામી ગયા. રાણીએ તરત જ પૂછ્યું : "બ્રહ્મચારીજી ! આ બધી શાની તૈયારી કરી લીધી ?" નીલકંઠ વર્ણી કાંઈ બોલ્યા નહિ.

એટલામાં મહાદત્ત રાજા પણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે નીલકંઠ વર્ણીને તૈયાર થયેલા જોયા. તેમણે બે હાથ જોડી ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! આટલો વખત ભેગા રહ્યા, આપના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને હવે એકાએક આપે આ શી તૈયારી કરી ? કુંવર અને કુંવરીએ પણ આપના સંબંધે વ્રત લઈ નિયમો લીધા છે. અમો બધાં આપના વગર શી રીતે જીવી શકીશું ?"

મહાદત્તના આ શબ્દો નીલકંઠ વર્ણીએ સાંભળ્યા પણ કાંઈ બોલ્યા નહિ. એક તરફ તેમનું કાર્ય તેમની રાહ જોતું હતું, બીજી તરફ મહાદત્ત અને

---

૭૦. भगिनी तस्य मायाख्या स्नेहेन परिचर्यया ।
सिषेवे परया भक्त्या तमात्मश्रेयसे नृप! ॥२२॥
तयोः प्रसन्नो भगवान्दत्त्वा संसृतिमोचनम् ।
ज्ञानं स्वस्य ततः प्रायाद्वनमेव तपःप्रियः ॥२३॥

અર્થ સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજનને કહે છે : હે નૃપ ! તે નૃપતિની બહેનં માયારાણીએ નીલકંઠ વર્ણીની ભક્તિભાવથી સેવા કરી તેથી તેના ઉપર તથા તેના ભાઈ રાજા મહાદત્ત ઉપર નીલકંઠ વર્ણી પ્રસન્ન થયા અને સંસૃતિમાંથી છોડાવે તેવું પોતાના દિવ્ય સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને ત્યાંથી તપ જેમને પ્રિય છે એવા વર્ણીરાટ વનમાં ચાલી નીકળ્યા. — સત્સંગિજીવન; પ્ર. ૧, અ. ૪૫.

માયારાણીની ભક્તિ હતી. ભ્રમરગીત તેમને યાદ આવી ગયું. તે મનમાં થોડું હસ્યા. થોડી વારે તેમણે કહ્યું : "રાજન્ ! મારે હવે જવું જોઈએ. અનેક મુમુક્ષુઓ મારી વાટ જુએ છે."

પરંતુ મહાદત્ત અને માયાદેવીએ તેમને જવા ન દીધા. તેમના આગ્રહથી નીલકંઠ વર્ણીએ બધી સામગ્રી પાછી મૂકી દીધી. પરંતુ કોઈ ન જાણે એમ રાત્રે છાના ચાલી નીકળ્યા. સવારે માયારાણીને ખબર પડતાં ચારે બાજુ ઘોડેસવારો દોડાવ્યા. નીલકંઠ વર્ણી દસ ગાઉ દૂર નીકળી ગયેલા. એમને પ્રાર્થના કરીને પાછા લાવ્યા.

પરંતુ માયારાણીને બીક લાગી ગઈ કે નીલકંઠ વર્ણી જરૂર ચાલ્યા જશે. તેમણે મહાદત્તને કહ્યું : "ભાઈ ! આ નીલકંઠ વર્ણી નહિ રહે. ફરી ચાલી નીકળશે માટે આપણી સરહદ ઉપર ચોકી મૂકી દ્યો. નીલકંઠ વર્ણીને નથી જ જવા દેવા."

મહાદત્તે તરત જ એ વ્યવસ્થા કરવાનું નક્કી કરી લીધું. તેમણે તે પ્રમાણે હુકમો આપી દીધા. નીલકંઠ વર્ણી આ વ્યવસ્થાથી અજાણ ન હતા. તે મનમાં ને મનમાં હસતા. રાજા અને માયાદેવીના પ્રેમનાં બંધન ઢીલાં ન પડે એટલા પૂરતું જ તેમણે ત્યાં રોકાવાનું તત્કાળ તો નક્કી કરી લીધું હતું.

નીલકંઠ વર્ણી થોડો સમય ત્યાં રોકાયા. મહાદત્ત રાજા અને માયારાણીના પ્રેમનું તેમણે પોષણ કર્યું. તેમને આ જ કાર્ય કરવાનું હતું. પોતાના ભક્તોના મનોરથ પૂરા કરવાનું - તે તેમણે અહીં રહીને કર્યું. મહાદત્ત અને માયારાણી તેમના સંબંધે ભક્તિમાં મસ્ત બની ગયાં. પ્રપત્તિ સ્વીકારી લીધી. નીલકંઠ વર્ણીને લાગ્યું કે મહાદત્ત રાજા રાજ્યમાં રહ્યા છતાં પણ નિર્લેપ રહી શકે છે. નીલકંઠ વર્ણીના પ્રસંગોથી માયારાણી પણ આ માયાજાળમાંથી નિવૃત્ત થઈ ગઈ. તે બંને પાસે નીલકંઠ વર્ણીને જે કરાવવું હતું તે સિદ્ધ થયું. તેથી નીલકંઠ વર્ણી હવે ફરી નીકળવા તૈયાર થઈ ગયા.

નીલકંઠ વર્ણીએ અહીં આ.સં. ૧૮૫૧ની જન્માષ્ટમી કરી. તેઓ અહીં કુલ પાંચ માસ રોકાયા હતા.

એક દિવસ વહેલી સવારે નીલકંઠ વર્ણી નીકળી ગયા. તેમને કોઈ આવરણ નડી શક્યાં નહિ. ઝડપથી માર્ગ કાપતાં સૂર્યોદય થતા સુધીમાં ઘણા દૂર નીકળી ગયા. તેમણે ઉત્તર તરફનો માર્ગ લીધો હતો. તેમને લાગ્યું કે સીધી વાટે તો અસવારો પાછળ આવશે, તેથી તેમણે વગડાનો માર્ગ લીધો. દિશ બાંધીને તેઓ ચાલતા હતા. કેટલા કોશ કપાયા હશે તેની કોઈ ગણતરી ન રહી. પરંતુ સૂર્યોદય

થતાં એક સુંદર નદી આવી એટલે નીલકંઠ વર્ણીએ ત્યાં સ્નાનવિધિ કરવાનો સંકલ્પ કર્યો. નિત્યકર્મથી પરવારી તેઓ એક ઝાડ નીચે બેઠા.[૭૧]

ગોપાળ યોગીના યોગમાં

બુટોલપત્તનથી ઉત્તર તરફ પોખરાનો જે માર્ગ છે તે વિકટ વનથી તે સમયે છવાયેલો હતો. તે ગીચ ઝાડીમાં નીલકંઠ વર્ણી ચાલ્યા જતા હતા. અહીં માનવીનું પગેરું કાઢવું મુશ્કેલ હતું. નીલકંઠ વર્ણી જે રસ્તે જતા હતા ત્યાં કોઈ તીર્થસ્થાન હોવાનો સંભવ ન હતો. છતાં નીલકંઠ વર્ણી તો આગળ ચાલ્યા જ જતા હતા. અંતર્યામીના અંતરમાં કળાઈ ગયું હતું કે એક યોગીએ પોતાની સુષુમ્ણા જાગ્રત કરીને આ અંતર્યામીના સ્વરૂપ સાથે જોડી દીધી હતી. તેથી નીલકંઠ વર્ણી તે દિશા તરફ જતા હતા. સૂર્યના તાપથી તપ્ત બનેલી ધરતીને નીલકંઠ વર્ણીના પાદારવિંદ શાંત કરતા હતા.

ધીરે ધીરે ચાલતાં ચાલતાં એક ઘેઘૂર વડની છાયા નીચે તેમણે એક યોગીને જોયા. તેમની સુષુમ્ણા જાગી હતી. પરંતુ અર્ચિમાર્ગે જઈ અક્ષરધામમાં એ ધામના ધામીનાં ત્યાં દર્શન કરવા કરતાં પણ પૃથ્વી ઉપર વિચરણ કરતા તે દિવ્ય છતાં માનુષી સ્વરૂપનાં દર્શન કરવાની તેમને તાલાવેલી લાગી હતી. તેથી તે દિવ્ય વિગ્રહનાં દર્શન કરવા તેઓ વિશેષ આતુર હતા. મોક્ષનું આ છેલ્લું સાધન હતું - પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન અને તેમનો યોગ.

જટાધારી આ યોગી પાસે ફક્ત કૌપીન, જીર્ણ આચ્છાદન અને મૃગચર્મ આટલી જ વસ્તુઓ હતી. વડની નીચે જ તેમની તૂટેલી જેવી જણાતી ઝૂંપડી હતી. ગીતાનો પાઠ કરતા અને કૃષ્ણનું ભજન કરતા. નીલકંઠ વર્ણી દૂરથી આવતા હતા ત્યારે તેઓ શાલિગ્રામનું પૂજન કરી ગીતાપાઠ કરવાની તૈયારીમાં હતા. દૂરથી તેમણે નીલકંઠ વર્ણીને આવતા જોયા. આ નિર્જન સ્થાનમાં ફક્ત ભરવાડોના જ વાડા હતા; જ્યારે આ તો કોઈ તપસ્વી, યોગી જેવા કિશોર તેમણે જોયા. તેમને લાગ્યું કે તેમના અંતરમાં જે મૂર્તિ દેખાતી હતી તેનું આ સામેથી આવતી મૂર્તિ સાથે સામ્ય હતું. તેમના અંતરમાં ભક્તિભાવ ઊછળ્યો. તે

૭૧. બુટોલપત્તનથી પોખરા તરફ જતા રસ્તામાં નેપાળના માતારીપુર નામના ગામમાં સુવર્ણસિદ્ધિ ઝંખતા રાજાને નીલકંઠ વર્ણી સદ્દુપદેશ આપે છે અને વર્ષમાં એક જ વાર ભોંયરામાંથી બહાર નીકળતા એના ગુરુનું પોકળ શરદપૂનમે ખુલ્લું પાડે છે. નીલકંઠ વર્ણી અહીં બે માસ રોકાયા. – શ્રીહરિલીલામૃત; કળશ ૩, વિશ્રામ ૫.

એકદમ ઊઠ્યા અને નીલકંઠ વર્ણીની સામે તેમણે દોટ મૂકી. વર્ણી પણ દોડ્યા અને જાણે જુગોજુગની અતૂટ પ્રીતિનાં બંધનથી બંધાયેલા હોય તેમ બંને એકબીજાના ભુજપાશમાં સમાઈ ગયા !

યોગીને આનંદ હતો પરમાત્માની પ્રાપ્તિનો ! વર્ણીને આનંદ હતો ભક્તને ભેટ્યાનો ! બંનેનું અંતર ભેટ્યું હતું એકબીજામાં સમાઈ જવા ! ભગવાન અને ભક્ત બંનેની પરસ્પરની અસ્મિતા અહીં અદૃશ્ય થઈ ગઈ ! આષાઢી સં. ૧૮૫૧ના કાર્તિકી માસની આસપાસનો આ સમય હતો.

થોડી વાર પછી બંને છૂટા પડ્યા ત્યારે બંનેની આંખોમાં આંસુ હતાં – એકને વિયોગનાં, બીજાને સંયોગનાં. ગોપાળ યોગીએ ગદ્‌ગદ ભાવે કહ્યું : "ભગવન્ ! બહુ રાહ જોવરાવી."

વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "તમારા જેવા યોગીને ખોળતો ખોળતો વન-પર્વત ફરીને હું અહીં આવ્યો છું. ઘણા જોગી મળ્યા, કેટલાક ભોગી, કેટલાક રોગી, કેટલાક માની ને કેટલાક દંભી, પણ તમારા જેવા નિર્મળ અંતરના અરોગી પુરુષ મેં ક્યાંય જોયા નહિ."

વર્ણીના શબ્દે શબ્દે અમૃત પીતા ગોપાળ યોગીને આ પ્રશસ્તિ સાંભળવી ન હતી. તે તો જોઈ જ રહ્યા હતા વર્ણીને ! તેમના મુખમાંથી અમૃત સમા શબ્દોનું પાન કરતાં તેમની કર્ણેન્દ્રિયને તૃપ્તિ થતી ન હતી !

વર્ણી પણ બોલ્યે જ જતા હતા : "કોઈ સમર્થ ગુરુ તમને મળ્યા હશે, નહિ તો આવી યોગકળાની સિદ્ધિ પ્રાપ્ત ન થાય. નરનારાયણના આશ્રમ સુધી અમે યાત્રા કરી છે. અખંડ ધ્યાનમાં રહેતા, ભગવાનની મૂર્તિ સાથે સંલગ્ન થયેલા ઘણા સિદ્ધો જોયા પણ તમારા જેવા યોગી ક્યાંય ન જોયા. સિદ્ધો પાસે અમે ધ્યાન શીખ્યા, તમારી પાસે હવે યોગ શીખીશું."

ગોપાળ યોગીને આનંદ થયો. યોગીપ્રવર આ વર્ણીને યોગ શીખવો હતો, જ્યારે ગોપાળ યોગીને તેમનું સાન્નિધ્ય જોઈતું હતું. મેળ મળી ગયો !

ગોપાળ યોગીએ વર્ણીને પ્રથમ યોગના ગ્રંથનો અભ્યાસ કરાવ્યો. પછી હઠયોગની ક્રિયાઓ,[૭૨] જુદાં જુદાં આઠ અંગ શિખવાડ્યાં. વર્ણી તરત જ બધું

૭૨. હઠયોગની ક્રિયા નેતિ, બસ્તિ, કુંજરી, નૌલિકા, શંખ, પ્રક્ષાલન, ધૌતિ, ત્રાટક ઇત્યાદિ, સાથે સાથે યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન સુધી અંગો અને તેનું ફળ સમાધિ વગેરે શીખવવા લાગ્યા. (હઠયોગની ક્રિયાઓનું સવિસ્તર વર્ણન સત્સંગિજીવનના પાંચમા પ્રકરણમાં છે તેમજ હઠયોગપ્રદીપિકામાં પણ છે.)

શીખી જતા. મનુષ્યભાવના બધા જ ભાવો વર્ણીને સિદ્ધ હતા. તેથી તેવા ભાવમાં કદાચ કોઈ અટવાય તો માયાની જાળમાંથી નીકળી ન શકે. પરંતુ ગોપાળ યોગીને તો તેમના સ્વરૂપનું જ્ઞાન હતું. તેમની વાતોમાં ક્વચિત્ દિવ્યભાવના એવા શબ્દો સરી પડતા તેથી તેમનું એ જ્ઞાન વિશેષ દૃઢ થતું. બંને સાથે બેસીને કંદમૂળ જમતા.

પાસે વસતા ગોવાળોએ ત્યાં ગાયોના વાડા કર્યા હતા. એક દિવસ તેમણે વર્ણીને કહ્યું : "મહારાજ ! અહીં વાઘ, ચિત્તાની[૭૩] વસતિ ઘણી છે. અમારી ગાયોના વાડામાં આવી ગાયોનો શિકાર કરી જાય છે. ગૌમાતાનો આ રીતે વધ થતો જોઈ અમને ઘણું દુઃખ થાય છે અને અમારું પશુધન ઓછું થાય છે. તેથી અમને નુકસાન પણ ઘણું જાય છે. અઠવાડિયામાં બે-ત્રણ વખત તો તેમનો હુમલો હોય જ !"

વર્ણીને આ સાંભળી દુઃખ થયું. તેમણે તેમને કહ્યું : "તમે બીશો નહિ. વૃકોદરના પૌંડ્ર શંખનાદથી જેમ દુશ્મનોનાં અંતર ભેદાઈ ગયાં હતાં, તેમ મારી બ્રહ્મનાદની ઘોષણાથી હિંસક પ્રાણીઓ અહીં આવી નહિ શકે."

ગોપાળ યોગીએ પણ વર્ણીને કહ્યું : "આમનું દુઃખ તમારે ટાળવું પડશે. મારામાં તો એ શક્તિ નથી પણ તમો પધાર્યા છો તો આ પશુધનનું રક્ષણ કરો."

વર્ણીએ તરત જ ગોપાળ યોગીને કહ્યું : "તમારો શંખ લાવો."

ગોપાળ યોગી તરત જ શંખ લઈ આવ્યા. વર્ણીએ ગોપાળ યોગીને શંખનાદ કરવાનું કહ્યું. તેમણે શંખનાદ કર્યો. બ્રહ્મનાદ સમા આ શંખમાંથી નીકળતા શબ્દો આજુબાજુ પ્રસરી ગયા. ત્યારથી ગોવાળોના વાડામાં આવતાં હિંસક પ્રાણીઓ બંધ થઈ ગયાં ! ત્યારપછી ગોવાળિયા નિર્ભય બની ગયા.

પરાત્પર પરમાત્માના દિવ્ય સ્વરૂપને ન પિછાણી શકનાર આ ગોપ-બાળકો ફક્ત એટલું જ સમજ્યા કે વેદકાળના સૂર્યમંડળના પૂષનદેવ આજે તેમની ગાયોની રક્ષા માટે આ વર્ણીસ્વરૂપે આવ્યા છે. તેમની ભક્તિના ભાવરૂપે બીજે દિવસે તેઓ દૂધના દેગડા લાવ્યા, પરંતુ વર્ણીને કે યોગીને આ રસકસ

---

૭૩. આ પ્રદેશની આજુબાજુ દક્ષિણમાં ઠેઠ ગંગાના પ્રદેશ સુધીમાં ગાઢ જંગલોમાં વાઘ, ચિત્તા, હાથી, ગેંડા વગેરેની વસતિ ઘણી હોય છે. હિમાલયની દક્ષિણ તરફના આ પ્રદેશમાં પુષ્કળ વરસાદ પડે છે. તેથી જંગલો પણ બહુ જ ગીચ હોય છે અને માણસોની વસ્તી નહિવત્ હોય છે.

– 'ધી હિમાલયાઝ – એ જર્ની ટુ નેપાલ'; પૃ. ૧૫, લે. ટાકેહીડે કાઝામી.

ક્યાં ખપતા હતા ?

ગોપાળ યોગી પાસે વર્ણી યોગનાં આઠ અંગ શીખ્યા. ગોપાળ યોગીને મન આ ભક્તિ હતી. ગુરુક્રમની સાચી પરંપરા સચવાય, ગુરુમાં દેવની ભાવનાનો ભાવ દૃઢ થાય તે હેતુથી વર્ણીએ ગોપાળ યોગીને ગુરુ તરીકે સ્વીકારી, પોતાના પુરુષોત્તમ સ્વરૂપના તમામ ભાવ શિષ્યત્વમાં સમાવી દીધા. દેહભાવથી અતિરિક્ત હોવા છતાં, અષ્ટાંગ યોગની કઠિનાઈઓમાં દેહભાવ ટળી જાય છે, આત્મનિષ્ઠા દૃઢ થાય છે, આવું અનુસંધાન રાખી વર્ણી આ યોગવિદ્યાની સિદ્ધિ માટે મંડી પડ્યા. થોડા જ સમયમાં તેમણે અષ્ટાંગ યોગ સિદ્ધ કરી લીધો. તેમણે ગોપાળ યોગીને કહ્યું : "મને હવે મારા આત્માનું દર્શન થાય છે."

ગોપાળ યોગી આ સાંભળી હસ્યા. જે સૌના આત્મામાં રહ્યા છે, સર્વાત્મા બ્રહ્મ જે અક્ષર તેના પણ જે આત્મા અને આધાર છે, તે વર્ણી આજે કહે છે કે તેમને તેમના આત્માનાં દર્શન થાય છે. પણ છતાં વર્ણી શું કહે છે તે સાંભળવા માટે તેમણે સહજભાવે પૂછ્યું : "તો હવે તમારો યોગ સંપૂર્ણ થયો ને ?"

અષ્ટાંગ યોગની અંતિમ સિદ્ધિની પ્રાપ્તિ પછી પણ શું કરવાનું બાકી રહે છે તે રહસ્ય વર્ણીને સમજાવવું હતું, ગોપાળ યોગીને પણ તે સમજવું હતું. વર્ણીએ તરત જ કહ્યું : "અષ્ટાંગ યોગનું ફળ નિર્વિકલ્પ સમાધિ છે. પરંતુ તેમાં પણ વૃત્તિઓ જો અનુલોમ થાય તો વિઘ્ન આવે. પણ જો બ્રહ્મ સંગાથે આત્માની એકતા થાય અને એ રીતે બ્રહ્મસ્વરૂપ થવાય, તો કાંઈ વિઘ્ન આવતું નથી. તેને શુદ્ધ ગુણાતીત સ્થિતિ કહે છે."

ગોપાળ યોગી આ સાંભળી રહ્યા. શુદ્ધ બ્રાહ્મીસ્થિતિનું આ નવીન છતાં સનાતન દર્શન હતું. ગોપાળ યોગીને આ જ્ઞાન ન હતું. તે તો આત્મસ્વરૂપની સ્થિતિને જ અંતિમ સ્થિતિ માનતા હતા.

વર્ણીના પ્રસંગથી તે બ્રહ્મભાવ પામ્યા અને તે બ્રહ્મમાં તે જ પરમાત્માનાં સાક્ષાત્ દર્શન તેમને થયાં. અંતરમાં પ્રગટેલા પરમાત્મા અને બહાર દેખાતા વર્ણીના સ્વરૂપની તેમણે એકતા જોઈ અને તે મૂર્તિમાં તેમની વૃત્તિ સ્થિર થઈ ગઈ. ધીરે ધીરે દેહભાવની વિસ્મૃતિ થવા લાગી. પોતાની આ અંતિમ સ્થિતિ છે તેનું તેમને જ્ઞાન થયું. તેમની પાસે પંચરત્નનો ગુટકો[૭૪] હતો તે તેમણે વર્ણીને

૭૪. પાછળથી શ્રીજીમહારાજે આ ગુટકો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને આપ્યો હતો અને સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ તે શ્રી રઘુવીરજી મહારાજને ભેટ આપ્યો હતો. હાલ આ ગુટકો વડતાલમાં અક્ષરભવનમાં મૂકવામાં આવ્યો છે.

આપ્યો અને ભક્તિભાવની આ અલ્પ ભેટ આપી, કૃતકૃત્ય બની, તેમણે દેહનો ત્યાગ કરી દીધો.

ગોપાળ યોગીની દેહક્રિયા કરીને વર્ણી ગોપબાળકોના આગ્રહથી થોડા દિવસ ત્યાં રહ્યા અને પછી ત્યાંથી નીકળી પૂર્વ દિશામાં ચાલ્યા. કહેવાય છે કે નીલકંઠ વર્ણી લગભગ બાર માસ ગોપાળ યોગી સાથે રહ્યા હતા. એટલે આષાઢી સંવત ૧૮૫૨ના કાર્તિક માસના અરસામાં વર્ણી ત્યાંથી નીકળ્યા હોય તેવું અનુમાન કરી શકાય. વર્ણીએ ત્યાંથી નીકળી પૂર્વ તરફ મજલ શરૂ કરી.

પૂર્વદિશા તરફ ચાલતાં ચાલતાં ગાઢ જંગલમાં વર્ણીએ પ્રવેશ કર્યો. પ્રકૃતિનું આ પરિધાન જોઈ તેમને આનંદ થયો. જ્યાં માનવીનો પદસંચાર નથી, ત્યાં પ્રકૃતિ તેના મૂળ સ્વરૂપમાં ખીલે છે. વર્ણી આગળ ચાલ્યા અને એક નદી આવી. આજુબાજુનો પ્રદેશ ફળ-ફૂલથી સમૃદ્ધ હતો, તેમાંથી પ્રસરતો સુગંધી વાયુ, પક્ષીઓનો મીઠો કલરવ, આ બધું વર્ણીને ગમી ગયું. તેમણે તેમની સર્જનશક્તિનું સુંદર સ્વરૂપ જોયું. તેમણે ત્યાં જ થોડો સમય રહેવાનું નક્કી કર્યું.

ઉત્તર કાશીમાં

નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલતાં ચાલતાં પોખરા શહેર પહોંચ્યા. આ ઉત્તર કાશી પણ કહેવાય છે. પાસે સેતીગંગા વહે છે. નીલકંઠ વર્ણીએ તેમાં સ્નાન કર્યું. નદી-સરોવર જોઈ તેમનું મન પુલકિત થતું.

નિત્યકર્મથી પરવારી સેતીગંગાને કિનારે એક શિવાલયમાં ઊતર્યા. શહેરમાં સંસ્કૃતવિદ્યાની પાઠશાળાઓ જોઈ, વેદપાઠી વિદ્યાર્થીઓ જોયા. તેમને મન બહુ જ આનંદ થયો. વિદ્યા એ મુક્તિનું સાધન છે, તેનું પ્રસારણ થશે તો જ આર્ય સંસ્કૃતિના પાયા દૃઢ થશે – વર્ણી આ વિચારમાં ચાલતા હતા. માર્ગમાં મળતા વિદ્યાર્થીઓ સાથે વાત કરતા. આટલી નાની ઉંમરમાં વિદ્યાવ્યાસંગી આ બ્રહ્મચારીને જોઈ ત્યાંના પંડિતો અને વિદ્યાર્થીઓને આશ્ચર્ય થયું. વર્ણી શહેરમાં ફરી પાછા શિવાલયમાં આવી ગયા.

અહીં એક મુમુક્ષુ પંડિત વર્ણીનું અદ્‌ભુત સ્વરૂપ જોઈને ખેંચાઈ આવ્યો. તેને તેમનામાં શિવજીનો ભાસ થયો. નીલકંઠ વર્ણીની તેણે સ્તુતિ કરી. નીલકંઠ વર્ણીએ તેને અભયદાન આપ્યું. પંડિતને ભિક્ષા મળતી, દાન મળતું, રાજાની કૃપા પણ મળતી, આ બધું જ મળતું પણ અભયદાન તેને મળ્યું ન હતું. તેને તેની ઇચ્છા હતી. તે દાન આપવાનું પૃથ્વીના માનવીનું ગજું ન હતું. ફક્ત

ભગવાન કે ભગવાનના પરમ ભાગવત સંત પાસેથી જ તે 'અભય' મળે છે. પંડિત કૃતકૃત્ય થઈ ગયો.

બીજે દિવસે નીલકંઠ વર્ણી ત્યાંથી નીકળી ગયા. જે મહાન કાર્ય માટે પોતાનો પ્રાદુર્ભાવ થયો છે તે કાર્ય તેમણે કાળને ક્ષોભ પમાડી અલ્પ સમયમાં કરવાનું હતું. તેથી તેમને ઉતાવળ હતી. છતાં જ્યાં મુમુક્ષુઓ મળતા ત્યાં રોકાતા, જ્યાં અસુરોનો ઉપદ્રવ હતો ત્યાંથી તેનો નાશ કરીને પછી જ પોતે આગળ ચાલતા. પોખરામાં તેમનું કામ પૂરું થયું એટલે ત્યાંથી પૂર્વ દિશામાં ચાલ્યા. આગળ ચાલતાં નારાયણગંગા અને ભૂરીગંગાને પાવન કરી ત્રિશૂલી ગંગાએ પધાર્યા.

નેપાળમાં શિવપુરી પર્વતના શિખર ઉપર એક સરોવર છે અને તેની ઉત્તરે એક ઊંચો પર્વત છે. તે પર્વતનાં ત્રણ શિખરમાંથી જુદા જુદા ત્રણ જળપ્રવાહ નીકળે છે. તેને ત્રિશૂલધારા કહે છે. એમ કહેવાય છે કે ભગવાન શંકરે તેમના ત્રિશૂલમાંથી આ ધારા પ્રગટ કરી હતી. તેમાંથી ત્રિશૂલી ગંગા નીકળે છે. આ પર્વત ઉપર નાનાં-મોટાં બાવીસ સરોવરો છે. નીલકંઠ વર્ણીએ ત્રિશૂલી ગંગામાં સ્નાન કર્યું. પછી ત્યાંથી આગળ ચાલ્યા.

દરેક તીર્થની ઉત્પત્તિની પાછળ પુરાતન ઇતિહાસ હોય છે. તે ભુલાઈ જતાં તીર્થો પણ ભુલાઈ જાય છે, પરંતુ તેને તીર્થત્વ આપી ભારતની પુરાતન સંસ્કૃતિને સદા જીવંત રાખવા ને તીર્થોમાં આવતા મુમુક્ષુઓનું કલ્યાણ કરવા માનવીની કલ્પનામાં પણ ન આવે એવા અગમ્ય સ્થળે આવેલાં આવાં જીર્ણ તીર્થોને શોધીને નીલકંઠ વર્ણી પગપાળા ત્યાં પહોંચી જતા. પ્રવાસની કઠિનાઈ છતાં તેમની લોકકલ્યાણની ભાવના મોળી પડતી નથી.

રસ્તામાં તેમને બાવાની જમાત મળી. તે જમાતમાં વર્ણી પણ દાખલ થઈ ગયા. અહીં પણ તેમની પ્રતિભા અછતી ન રહી.

કાઠમંડુમાં

પર્વતો અને જંગલોમાંથી પસાર થતાં નીલકંઠ વર્ણી બાવાઓની જમાત સાથે નેપાળની રાજધાની કાઠમંડુમાં આવ્યા. ગોરખા રાજ્યના રાજા પૃથ્વી-નારાયણ શાહે કાઠમંડુમાં પોતાની રાજધાની સ્થાપી હતી. તેના બીજા પુત્ર બહાદુર શાહે પશ્ચિમ તરફનો પ્રદેશ જીતીને ગોરખા રાજ્યનો વિસ્તાર કર્યો. રાજ્યની પ્રવૃત્તિથી ધમધમી રહેલા કાઠમંડુમાં નીલકંઠ વર્ણીનું લક્ષ્ય પશુપતિ-

નાથનું મંદિર હતું. તેમની સાથેની જમાત ધર્મશાળામાં ઊતરી, જ્યારે નીલકંઠ વર્ણી પશુપતિનાથનાં દર્શન કરવા સીધા પધાર્યા.

તે સમયે (સને ૧૭૯૬ની આસપાસ) નેપાળમાં પૃથ્વીનારાયણ શાહનો પૌત્ર રણબહાદુર ગાદી ઉપર હતો. તેને અસાધ્ય દર્દ થયું હતું. પોતાના રાજ્યમાં આવેલાં મંદિરોના પૂજારીઓ, બ્રાહ્મણો તેમજ રાજ્યમાં અન્ય જે સાધુ-સંતો આવતા તેમને તે પોતાના દર્દના નિવારણ માટે બોલાવતો. પરંતુ જ્યારે તેઓ તેમની મંત્રોપાસનાથી કે યેન કેન પ્રકારેણ તેનું દર્દ મટાડી શકતા નહિ ત્યારે તેમને તે કેદ કરી દેતો. ભેખમાં ભગવાન છે તેમ જાણી રાજ્યમાં સદાવ્રત લેવા માટે આવતા સાધુ-બાવાઓની સારી રીતે સરભરા કરતો, મહેલમાં બોલાવતો, પોતાના દર્દની વાત કરતો અને તે મટાડી ન શકતા ત્યારે તેમને આ પ્રકારની સજા કરતો. તેના આવા ત્રાસને લીધે તેની રાજધાનીમાં કોઈ સાધુ-સંતો પ્રવેશતા નહિ.

જમાતના મુખ્ય બાવાઓએ જ્યારે આ જાણ્યું, ત્યારે તેમણે નીલકંઠ વર્ણીને કહ્યું : "આપણે આ ગામમાં જવું નથી."

આ સાંભળી નીલકંઠ વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "સાધુને કદી ભય હોય જ નહિ. ભોગીને ભય હોય, રોગીને ભય હોય પણ જે નિરોગી છે, જેના અંતરમાં કામ, ક્રોધ વગેરે શત્રુઓ નથી તેને ભય શો હોય ? આપણે તો રાજા પાસે જવું જ છે."

બાવાઓ મૂંઝાયા. પરંતુ વર્ણીની શક્તિમાં તેમને વિશ્વાસ હતો. તેમના આધારે સૌ ગામમાં પ્રવેશ્યા. ગામમાં બાવાનું ઝુંડ આવ્યું છે તેની રાજાને ખબર પડી એટલે તરત જ રાજાએ તેમના માટે તમામ વ્યવસ્થા કરવાનો હુકમ આપ્યો. પછી તેમના મુખ્ય મહંતને બોલાવવા માટે માણસ મોકલ્યો. મુખ્ય મહંત વર્ણીને સાથે લઈને રાજાના દરબારમાં ગયા. રાજાએ તેમનું યથોચિત સન્માન કર્યું.

તે પછી રાજાએ નીલકંઠ વર્ણી સમક્ષ પોતાની વીતક કહેતાં કહ્યું : "મારો રોગ અસાધ્ય છે, પરંતુ ભેખમાં ભગવાન હોય છે તેમ જાણીને હું અહીં જે સાધુ આવે છે તેમનું યથાયોગ્ય સન્માન કરી મારા અસાધ્ય રોગનો ઉપાય પૂછું છું. પરંતુ હજુ સુધી કોઈ મારો રોગ મટાડી શક્યું નથી." આટલું બોલતાં રાજાને શ્વાસ ચડી ગયો. થોડી વાર અટકીને તેણે કહ્યું : "એટલે એમને સૌને દંભી સાધુ જાણી હું કેદખાનામાં પૂરી દઉં છું." રાજાના મોં ઉપર અશક્તિની પીળાશ હતી, પરંતુ આ શબ્દો બોલતાં તેના મોં ઉપર ક્રોધની લાલિમા તરવરી ઊઠી.

નીલકંઠ વર્ણીને તેની દયા આવી, તેના અસાધ્ય મંદવાડ માટે નહિ પરંતુ તેની અસાધ્ય પ્રકૃતિ માટે ! તેમણે તેને ધીરેથી કહ્યું : "રાજન્ ! પૂર્વકર્મના સંબંધે જે તમારું પ્રારબ્ધ બંધાયું છે, તે કોઈ મંત્ર-જંત્ર જાણનાર કે કોઈ કીમિયાગર મટાડી શકે તેમ નથી. ઈશ્વરના કરેલા નિયમોનું ઉલ્લંઘન કોઈથી થઈ શકતું નથી. માટે જે કાંઈ દુઃખ આવે તે પ્રારબ્ધ કર્મનું સમજીને પરમાત્માની પ્રાર્થના કરતાં કરતાં ધીરજથી સહન કરવું. પરંતુ આવી મનસ્વી રીતથી તમારું દુઃખ તો મટવાનું નથી, ઊલટું કર્મનાં નવાં બંધનો તમે બાંધો છો."

વર્ણીની સૌમ્ય વાણી સાંભળી રાજાનું અંતઃકરણ કાંઈક નરમ થયું. તેણે તરત જ હાથ જોડીને કહ્યું : "બ્રહ્મચારી ! આપ મારા દર્દનો કાંઈક ઉપાય કરો. પ્રભુપ્રાર્થના હું ભૂલ્યો છું. કર્મનાં પોટલાં બાંધ્યાં છે, છતાં આપનાં પુનિત પગલાંથી મને અંતરમાં વિશ્વાસ પ્રગટ્યો છે કે આપ મારા દુઃખનું નિવારણ કરશો."[૭૫]

---

૭૫. એવો પણ ઉલ્લેખ મળે છે કે નીલકંઠ વર્ણી અહીં પધાર્યા તે અરસામાં જ રણબહાદુરે સગીર વય વટાવી હતી. તેથી રાજ્યની ધુરા હાથમાં લીધી હતી. નેપાળના પ્રસિદ્ધ ઇતિહાસ મુજબ રણબહાદુર શાહ વિચિત્ર પ્રકૃતિ ધરાવતો રાજા હતો. તેણે કાશી જઈને સંન્યાસ પણ લીધો હતો. વળી, પોતાની પત્ની માટે તે અતિ આસક્ત પણ હતો. તે વિષે લખતાં તે સમયના અંગ્રેજ જનરલ નોકસ લખે છે કે "રણબહાદુર એક બ્રાહ્મણ સ્ત્રી સાથે પ્રેમમાં હતો અને તેની સાથે લગ્ન કરી તેને રાજ્યની રાણી સ્થાપી હતી. આથી લોકોમાં ઘણો વિરોધ થયો હતો. એ રાણીને અસાધ્ય દર્દ થયું હતું. તે દર્દ મટાડવા એ મંદિરોમાં પુષ્કળ દાન આપતો અને બ્રાહ્મણોને પણ દાન આપતો. આ રીતે શક્ય તેટલા બધા જ પ્રયત્નો તેણે તેની આ રાણીનું દર્દ મટાડવા કર્યા હતા પરંતુ અંતે રાણી તો મરી ગઈ.

રાણીના મૃત્યુથી જાણે તેને ગાંડપણ આવ્યું હોય તેમ તેણે લશ્કરની ત્રણ ટુકડીઓ મોકલી નેપાળ રાજ્યનું અતિ પવિત્ર ભવાની મંદિર તોડાવી નાખ્યું. ટુકડીના જે માણસોએ તેના આ હુકમનો અનાદર કર્યો તેમનાં શરીર ઉપર ઊકળતું તેલ રેડી તેમને મારી નાખ્યા. બીજાઓને શિક્ષા કરી અને કેટલાકને ભારે દંડ કર્યો."

– 'ધી રાઈઝ ઑફ ધી હાઉસ ઑફ ગોરખા'; પૃ. ૨૯૯,
લેખક : રેવ. લુડવીંગ પી. સ્ટીલર

ઉપરની માહિતી ઉપરથી અનુમાન કરી શકાય છે કે નીલકંઠ વર્ણી કાઠમંડુમાં ગયા હતા. કાઠમંડુનો જે રીતે 'શહેર' તરીકે આપણા ગ્રંથોમાં ઉલ્લેખ છે, તે ઉપરથી જરૂર અનુમાન થઈ શકે કે તે શહેર કાઠમંડુ જ હોવું જોઈએ. નેપાળમાં તે સમયે બીજા ખંડિયા રાજાઓનાં રાજ્ય બહાદુર શાહે છીનવી લીધાં હતાં. તેથી બીજો કોઈ આ પ્રદેશમાં રાજા હોય તેવું માની શકાતું નથી. – લેખક

વર્ણીને રાજાનું કલ્યાણ કરવું હતું. નિરપરાધી સાધુઓને મુક્ત કરવા હતા. રાજાના શુભકર્મનો યોગ પણ આવી ગયો હતો. એટલે વર્ણી સહજ જ અહીં આવી પહોંચ્યા હતા. તેમણે થોડું જળ મંગાવ્યું. હાથમાં જળની અંજલિ લઈ રાજાને કહ્યું : "આ કાંઈ મંતરેલું જળ નથી પરંતુ ભગવાનની પ્રસાદી છે, તે પી જાઓ. ભગવાન તમારું દર્દ મટાડી દેશે."

રાજા તે પ્રસાદીજળ શ્રદ્ધાપૂર્વક પી ગયા. વર્ણીએ સંકલ્પ કર્યો હતો કે રાજાનું અસાધ્ય દર્દ મટાડવું. તેથી તેમના પ્રસાદીભૂત જળની ધારી અસર થઈ. રાજા કાંઈક સ્વસ્થ દેખાયા. પેટનું શૂળ મંદ પડ્યું. તેણે વર્ણીને નમસ્કાર કર્યા. પછી કહ્યું : "આપ તો મને નવજીવન આપવા પધાર્યા છો. આપે જે ઉપકાર કર્યો છે તેનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. છતાં આપની કાંઈક સેવા કરવાની મને ઈચ્છા રહે છે. આપ કાંઈક માગો."

વર્ણીને રાજાની ક્ષુલ્લકતા ઉપર હસવું આવ્યું : "આ લોકની કોઈ વસ્તુ તમે અમને આપશો તો તે અમને ઉપયોગની નથી. છતાં જો તમારે સેવા કરીને સંતોષ માનવો હોય, તો બંદીખાને પૂરેલા સાધુઓને મુક્ત કરી દ્યો. અમારે એટલું જ માગવું છે."

વર્ણીની નિઃસ્પૃહતા અને આ લોક પ્રત્યેની અનાસક્તિથી રાજાને લાગ્યું કે ભેખમાં ભગવાન હોય છે ખરા, પણ તેને જોવા માટે દૃષ્ટિ જોઈએ. તેણે તરત જ કહ્યું : "ભલે, આપની ઈચ્છાનુસાર તમામ સાધુઓને હું હમણાં જ મુક્ત કરી દેવાનો હુકમ આપું છું."

વર્ણીએ તેને આશીર્વાદ આપ્યા.

પછી બાવાના મહંત સાથે તેઓ ધર્મશાળામાં જ્યાં તેમનો ઉતારો હતો ત્યાં પધાર્યા. વર્ણી અહીં એક માસ રહ્યા. રાજાના સદાવ્રતમાંથી રોજ ભિક્ષા લેતા. પછી ગુપ્ત રીતે તેઓ ત્યાંથી નીકળી ગયા.

તેમને માણસાઈ શોધવી હતી. મુમુક્ષતા તેમને ખપતી હતી. વાસુદેવની વ્યાપ્તિનાં સૂત્રોની પોકળતા તેમને સર્વત્ર દેખાતી હતી. વાસુદેવ તો જે યોગીના હૃદયમાં કામાદિક દોષોના અંકુરો નથી ત્યાં જ વસે છે. તેમને એવા યોગીઓ નિર્માણ કરવા હતા. તેને માટે વાતાવરણ તૈયાર કરવું હતું. તેવી અનુકૂળતાના આવાસમાં તેમને વાસ કરવો હતો.

વર્ણી નેપાળથી નીકળી ઉત્તરમાં તિબ્બત તરફ ગયા. અહીં બૌદ્ધી લામાઓના વિહારો જોઈ, ચીન તરફ એક દૃષ્ટિ નાખી વર્ણી પાછા નેપાળમાં

ઊતરી ગયા.[૭૬]

આદિવારાહ તીર્થમાં

નીલકંઠ વર્ણી ત્યાંથી પૂર્વમાં ચાલ્યા. દસ દિવસની મજલ પછી અતિ કઠણ અને વિકટ માર્ગે પર્વતની ટોચ ઉપર આરોહણ કરી આદિવારાહ તીર્થમાં[૭૭] પધાર્યા.

કિશોર અવસ્થામાં વર્ણીવેશ ધારણ કરીને અહીં સુધી આવનાર આ તપસ્વીનાં દર્શન કરીને પુરજનોને આનંદ થયો. તપથી શરીર કૃશ હોવા છતાં મુખારવિંદની મોહકતા અછતી ન રહી. સૌને આ વર્ણી કાંઈક જુદા જ લાગ્યા. કેટલાકનું મુખ સુંદર હોય તેથી તે જોઈ આનંદ થાય, કેટલાકનું શરીર સુડોળ હોય તેથી તે જોવું ગમે, જ્યારે આ વર્ણીની તો તમામ ઇન્દ્રિયો આકર્ષક હતી. અંતરના ઊંડાણમાં આ મૂર્તિનાં દર્શનનો દિવ્ય આનંદ પહોંચી જતો હતો.

વાત વાયરે પહોંચી અને પુરજનો આ વર્ણીનાં દર્શન માટે ઊમટ્યાં. તેમની મુમુક્ષુતા જોઈ નીલકંઠ વર્ણીએ તેમને મનુષ્યના ધર્મ સમજાવ્યા : "મિથ્યા ગુરુના રવાડે ન ચડવું, સાચા સદ્‌ગુરુનું શરણું લેવું તો કાળ અને જમના ફાંસલામાંથી મુક્ત થવાશે."

વર્ણીમાં નિર્મળતા હતી. વર્ણીના શબ્દો સચોટ હતા. દૃષ્ટિમાં અંતર્યામીને જગાડવાની વેધકતા હતી. તેમના સ્વરૂપમાં સૌને પારલૌકિક પ્રતિભા જણાઈ.

વર્ણી ત્યાં ત્રણ દિવસ રહ્યા અને કોઈને ખ્યાલ આવે તે પહેલાં તો ત્યાંથી નીકળી ગયા અને પૂર્વ બંગાળમાં ઊતરી ગયા.

---

૭૬. આદિવારાહ તરફ જતાં વર્ણીપ્રભુએ બાંસી શહેરમાં રાજાના ચાકરોએ કરેલી પક્ષીહિંસાથી દ્રવી જઈ, 'બળ્યું આ શહેર' એવો સંકલ્પ કર્યો. તેથી શહેર બળવા લાગ્યું હતું. એટલે વર્ણીએ પોતાની વાણીને શાપ આપ્યો હતો.

– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂ. ૨, તરંગ ૩૦

૭૭. આ સ્થાનને વારાહક્ષેત્ર પણ કહે છે. નેપાળ રાજ્યમાં કોસી નદીના કિનારા ઉપર ધવલગિરિ શિખર ઉપર વારાહક્ષેત્ર છે, જેને કોકામુખ પણ કહે છે. અહીં એક મંદિરમાં વારાહ ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ છે. મંદિરની પાસે જ ઠોબરા (કોકા) નદી છે, જેનું જળ વારાહ ભગવાનને નિત્ય ચડાવવામાં આવે છે. કાર્તિકી પૂર્ણિમાએ અહીં મેળો ભરાય છે જે લગભગ ત્રણ દિવસ સુધી રહે છે.



ઉદ્‌ગીથ ૧૧

પૂર્વ બંગાળમાં

(આ.સં. ૧૮૫૨-૧૮૫૩, ઈ.સ. ૧૭૯૬-૧૭૯૭)

સિરપુરમાં સિદ્ધવલ્લભ રાજા પાસે

સિરપુરના રાજા સિદ્ધવલ્લભ બહુ જ ભાવિક હતા. તેમને ત્યાં સંન્યાસીના અડ્ડા હંમેશાં રહેતા. સૌની તે ભાવપૂર્વક સેવા કરતા. રાણી પણ તેની ધર્મભાવનામાં સદા સદ્‌ભાગી રહેતી. તે સમયમાં બંગાળમાં સંન્યાસીઓનાં ઝુંડ હજાર - બે હજારનાં ટોળાંમાં ફરતાં. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અને પૂરના તાંડવથી પૂર્વ બંગાળનો ઘણોખરો ભાગ આર્થિક દુર્દશામાં હતો. આ પરિસ્થિતિને લઈ હથિયારબંધ સંન્યાસીઓનાં ટોળાં જ્યાં જતાં ત્યાં લૂંટ ચલાવતાં, ત્રાસ વર્તાવતાં અને જમીનદારો તથા નાની ઠકરાતોને 'તોબા' પોકારાવતાં. ગામડાંનાં ગામડાં તારાજ કરી નાખતાં. લોકોને તેમનો અસહ્ય ત્રાસ લાગતો.[૭૮]

સિદ્ધવલ્લભ[૭૯] રાજાના આ શહેરમાં પણ આવા બાવાઓની જમાત પડી હતી. કેટલાક નાગા, કેટલાક વ્યસની, કેટલાક ફેલી, કેટલાક મંત્ર અને તંત્રવિદ્યા જાણનારા – એમ અનેક ક્ષુદ્ર દેવ-દેવીઓના ઉપાસક આ બાવાઓની

---

૭૮. 'ઢાકા'; લેખક : અહમદ હસન દાણી : પૃ. ૫૪ તથા 'ધી સંન્યાસિન્સ ઑફ મૈમનસિંહ'; લેખક : જે.એમ. ઘોષ : પૃ.૨૨-૨૩. પ્રકાશક : પ્રાણવલ્લભ ચક્રવર્તી. ઢાકા, ૧૯૨૩.

૭૯. મૈમનસિંહ, જાફરશાહી, શેરપુર અને અલ્યાસિંગ – આ ચાર સંન્યાસીઓનો બંગાળ પ્રદેશમાં ત્રાસ હતો. તે સમયની ઈસ્ટ ઇન્ડિયા કંપનીના બંગાળના કલેક્ટર મિ. લોજની મદદથી રાજા રામવલ્લભના લશ્કરી વડાએ તેને દબાવી દીધો હતો. આથી રાજા રામવલ્લભના પુત્ર રાજા સિદ્ધવલ્લભ હોય તેવું અનુમાન થઈ શકે. એ સિવાય સિદ્ધવલ્લભનો ઉલ્લેખ કોઈ ઠેકાણે મળી શકતો નથી.

('માઘ રેઈડર્સ ઑફ બેંગાલ'; જે.એમ. ઘોષના આધારે.)

જોહુકમીનું રાજ્ય તે સમયના બંગાળમાં પ્રવર્તતું હતું. તિબ્બત, કાબુલ અને ચીનથી આ નાગા બાવાની વણજાર ઊતરી આવતી. તેમને ઘર, કુટુંબ કે ગામ ન હતાં, એક જગ્યાએથી બીજી જગ્યાએ વાવાઝોડાની જેમ ફરતા, ત્રાસ ફેલાવતા. કેટલાકનાં છોકરાં ચોરી જતા અને તેને બાવા બનાવી પોતાની જમાત વધારતા. છતાં બાવા હોવાથી ભોળા, વહેમી અને બીકણ લોકો તેમને પૂજતા. સિદ્ધવલ્લભ આ જમાતને સંન્યાસી જાણી આવકારતા, તેમની આગતા-સ્વાગતા કરતા, સ્વાદુ ભોજન જમાડતા અને રોજ તેમનાં દર્શને પણ જતા. બાવાઓને આ ફાવી ગયું હતું તેથી સિરપુરમાં તેમના અડ્ડા ઝાઝો સમય રહેતા.

નીલકંઠ વર્ણીને જોઈને જ રાજાનું ચિત્ત તેમના પ્રત્યે ખેંચાયું. તેને આ સાધુ કાંઈક જુદા જ દેખાયા. આટલા દિવસો સુધી તેણે આ બાવાઓની સેવા કરી પરંતુ તેના અંતરમાં શાંતિ થતી ન હતી. નીલકંઠ વર્ણીનાં દર્શનથી જ તેની સર્વે વૃત્તિઓ શાંત થઈ ગઈ. તેને આ અનુભવ અદ્‌ભુત લાગ્યો. નીલકંઠ વર્ણીની કૃશ કાયામાં તેને તપ દેખાયું. ખાઈ-પીને મસ્ત થયેલા બાવા વચ્ચે આવી ગયેલા આ સાધુમાં તેને સાધુતાનાં દર્શન થયાં. તેણે તેમનું સન્માન કર્યું. પરંતુ સન્માન કે આવકારના નીલકંઠ વર્ણી ભૂખ્યા ન હતા. તે તો રાજાનો ભાવ, તેના પૂર્વસંસ્કાર જોઈ અહીં તેનું કલ્યાણ કરવા આવ્યા હતા.

રાજાને ખબર પડી કે નીલકંઠ વર્ણી તો કોઈ જગ્યાએ ઝાઝું રહેતા નથી, તેથી તેમણે નીલકંઠ વર્ણીને પ્રાર્થના કરી : "હે વર્ણી ! આપ અહીં રહો એવી મારી પ્રાર્થના છે."

નીલકંઠ વર્ણીએ તેમની પ્રાર્થના સ્વીકારી. તેમને રાજાનું કલ્યાણ કરવું હતું. સાથે ત્યાં જમા થયેલા, મંત્ર-તંત્રની મેલીવિદ્યામાં પ્રવૃત્ત બનેલા બાવાઓના ઉપદ્રવનો તેમને નાશ કરવો હતો.

રાજાએ નીલકંઠ વર્ણીને એકલા જાણી તેમની સેવામાં પોતાની સાથે રહેતા નૈષ્ઠિક વ્રતધારી સાધુ ગોપાળદાસને રાખ્યા. નીલકંઠ વર્ણીની આ રુચિ હતી. નૈષ્ઠિક વ્રતધારીની સેવા જ તેઓ સ્વીકારતા. ગોપાળદાસ શ્રદ્ધા અને ભક્તિથી નીલકંઠ વર્ણીની સેવામાં જોડાઈ ગયા.

બાવાઓ પોતાને સિદ્ધ કહેવરાવતા હતા. મંત્રોના અભિચારથી કેટલીક વખત ધાર્યું કામ કરતા એટલે ભોળા લોકો તેમને સિદ્ધ માની પૂજતા, તેમનો અપરાધ ન થઈ જાય તેવી બીક મનમાં સદા રાખતા. આવી ક્ષુદ્ર સિદ્ધિના બળથી અભિમાનમાં રાચતા આ સિદ્ધોનાં સ્વરૂપ ખુલ્લાં ન પડે ત્યાં સુધી

લોકોને તેમની સાચી સ્થિતિનો ખ્યાલ ન આવે.

નીલકંઠ વર્ણીના ઉપદેશમાં હંમેશાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં વિવિધ અંગોનું વિવરણ થતું જ : "સાધુ તો નિર્વૈરી તથા દયા અને ક્ષમાના ગુણોથી ભરપૂર હોવા જોઈએ, નૈષ્ઠિક બ્રહ્મચર્ય-વ્રતધારી હોવા જોઈએ, ભક્તિના ભાવથી પોતાના સ્વરૂપને પરમાત્મામાં લીન કરી અન્યને એ ભાવમાં તરબોળ કરી દેનારા હોવા જોઈએ, સિદ્ધિઓથી પર હોવા જોઈએ, સિદ્ધિઓ હોવા છતાં તેને સદા દબાવીને કેવળ મુમુક્ષુની આધ્યાત્મિક ઉન્નતિ માટે જ વિચરતા હોવા જોઈએ."

નીલકંઠ વર્ણીના આ શબ્દોની ધારી અસર થતી. છતાં કામના પોષવા માટે લોકો આ બાવાઓનો પીછો છોડતા નહિ. તીવ્ર વિષયાસક્તિમાંથી લોકોને મુક્ત કરવા તે કાંઈ સહેલું કાર્ય ન હતું પણ નીલકંઠ વર્ણીની સંકલ્પશક્તિમાં અપૂર્વ બળ હતું.

ચોમાસાની ઋતુ ન હતી છતાં ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. રાજાને તેમની પાસે આવતો જોઈ બાવાઓ પોતાની સિદ્ધિ બતાવતા ખુલ્લામાં ધ્યાનસ્થ દશામાં બેસીને વરસાદની ધારા સહન કરતા હતા. તેમની આવી કઠિન તપશ્ચર્યા જોઈ રાજાને તેમના પ્રત્યે માન થયું.

એક વખત નીલકંઠ વર્ણીની ઇચ્છાથી વાવાઝોડા સાથે મુશળધાર વરસાદ પડવા માંડ્યો, આંધી અને વરસાદની ધારાથી બચવા બધા બાવાઓ કોઈ ઘરનો કે કોઈ ઝાડનો સહારો શોધવા આમતેમ દોડવા લાગ્યા, પરંતુ નીલકંઠ વર્ણી તે સમયે અંતર્વૃત્તિ કરીને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. વરસાદથી ભીંજાયેલા નીલકંઠ વર્ણીના શરીર ઉપર વાવાઝોડાથી ઊડેલી ધૂળ ચોંટી ગઈ હતી. દૂરથી બાવાઓ આ તાલ જોતા હતા અને નીલકંઠ વર્ણીની પરિસ્થિતિ જોઈ મનમાં ને મનમાં મલકાતા હતા.

વરસાદ બંધ થયો. વાવાઝોડું પણ શાંત પડી ગયું. સૌ બાવા બહાર નીકળ્યા. આ પરિસ્થિતિમાં બાવાનું તથા શ્રી નીલકંઠ વર્ણીનું શું થયું હશે તે જોવા માટે સિદ્ધવલ્લભ રાજા જ્યારે અહીં આવ્યા, ત્યારે તેમણે બાવાઓને ઝાડ કે ઘરની ઓથ નીચેથી બહાર આવતા જોયા પરંતુ નીલકંઠ વર્ણીને ત્યાં જોયા નહિ એટલે મનમાં ખૂબ ઉદાસ થઈ ગયા. સેવક ગોપાળદાસ પણ પાસે ન હતા. ગ્રામજનો પણ ધીરેધીરે ત્યાં આવવા લાગ્યા. એટલામાં નીલકંઠ વર્ણીની ઇચ્છાથી ફરી જોરદાર વરસાદ પડ્યો. રાજા તથા તેના અનુચરો એ ધારાથી

બચવા બાજુમાં તેમના બંગલામાં દોડી ગયા. બાવાઓ પણ દોડ્યા. થોડી વારે વરસાદ બંધ થયો. આ વરસાદથી નીલકંઠ વર્ણીના શરીર ઉપર કાદવ ચડી ગયો હતો તે ધોવાઈ ગયો અને નીલકંઠ વર્ણીનાં દર્શન સૌને થયાં. સૌને આનંદ થયો.

સિદ્ધવલ્લભ રાજાને વર્ણીની દેહાતીત સ્થિતિ જોઈ ખૂબ ભાવ થયો. તેઓ નીલકંઠ વર્ણી પાસે આવ્યા. તેમને જગાડવા લાગ્યા. પરંતુ નીલકંઠ વર્ણી તો હજુ અંતર્વૃત્તિ કરી પોતાના સ્વરૂપમાં જ સ્થિર હતા. તેથી તેઓ યંત્રવત્ ઊઠ્યા. તેમને સ્નાન કરાવ્યું. પછી પલંગ ઉપર ગાદલું નાખીને તે ઉપર સુવાર્યા. રાજા પોતે જ તેમની પરિચર્યામાં મંડી પડ્યા. નીલકંઠ વર્ણીને સગડીથી તાપ આપવા માંડ્યા. આથી બીજા બાવાઓને બળતરા થવા માંડી. વરસાદ ને વાવાઝોડામાં નીલકંઠ વર્ણીનો નાશ થઈ ગયો હશે તેવી તેમની ધારણા હતી. ઊલટું તેમની સમાધિસ્થ સિદ્ધસ્થિતિની, આ પ્રસંગથી રાજા તથા તેમની સાથે આવેલા સર્વેને પ્રતીતિ થઈ. આ બાવાઓ ઈર્ષ્યાની આગમાં બળવા લાગ્યા.

થોડી વારે નીલકંઠ વર્ણી જાગ્રત થયા. તેમણે રાજાને તથા તેમના અનુચરોને આજુબાજુ ઊભેલા જોઈ આશ્ચર્યથી પૂછ્યું : "આ બધું શું થઈ રહ્યું છે ?" એટલું કહીને તેમણે કહ્યું : "તમો બધા જ અહીં એકઠા થયા છો પણ પેલા સિદ્ધોની ખબર કાઢી ?" એમ કહીને તેમણે કહ્યું : "મેં તો હિમગિરિમાં રહીને તપ કર્યું છે. પુલહાશ્રમમાં મેઘની ધારા સહન કરી છે. એટલે મને તો દેહાધ્યાસ છે જ નહિ. પરંતુ પેલા સિદ્ધોની તપાસ કરો. તેમને કોઈ સારવારની જરૂર હોય તો તેમની પાસે જાઓ."

ત્યારે રાજાના અનુચરોએ કહ્યું : "તે તો બધા સલામત છે, ઝાડનો કે ઘરનો આશ્રય લઈ તેમની સિદ્ધાઈની સિદ્ધિ છતી કરી દીધી છે !"

નીલકંઠ વર્ણી આ સાંભળી હસ્યા. આ પ્રસંગથી શીત અને ઉષ્ણથી પર આ સિદ્ધો હતા તેવી તેમની પોકળ વાતોનું પોત પ્રકાશ્યું. ભોળા અને મુમુક્ષુ રાજાને દેહાતીત સ્થિતિનો ખ્યાલ આવ્યો. આવા દંભીઓ પ્રત્યે પણ વર્ણીને અંતરમાં જે કૂણી લાગણી હતી તેથી રાજાને નીલકંઠ વર્ણીને મહાન લાગ્યા. રાજાના અંતરમાં તેમના પ્રત્યે વધુ ને વધુ અનુરાગ થવા લાગ્યો. વર્ણી પ્રત્યેના તેના આ ભાવથી તેના અંતરમાંથી રજોગુણના ભાવથી પ્રવર્તતી મલિનતા દૂર થઈ. શુદ્ધ અંતઃકરણે તેનાં જ્ઞાનચક્ષુ ખોલ્યાં અને નીલકંઠ વર્ણીમાં તેને નારાયણ દેખાયા. નીલકંઠ વર્ણી પ્રત્યેનો રાજાનો અનુરાગ ધીરે ધીરે ભક્તિમાં પરિણમવા લાગ્યો.

આટલો નાનકડો બાળ, હજુ તો જેને મૂછનો દોરો પણ ફૂટ્યો ન હતો, તે

રાજાનું પ્રીતિપાત્ર બને, રાજા તેની ભક્તિ કરે, આ બધું વેરાગીઓને ખૂંચ્યું. ઈર્ષ્યાનો અગ્નિ તેમને બાળવા લાગ્યો. તેમને મારી નાખવા મલિન મંત્રોની સાધનાથી નીલકંઠ વર્ણી ઉપર તેમણે એવો અભિચાર પ્રયોગ કર્યો. મંત્રેલા અડદના દાણા તેમના ઉપર તેમણે નાખ્યા. પરંતુ નીલકંઠ વર્ણીની ઉપર તો તેની કંઈ જ અસર ન થઈ. એટલે બાવાઓ વધારે બળવા લાગ્યા.

છેવટે તેમની સેવામાં રહેતા સાધુ ગોપાળદાસ ઉપર તેમણે આ પ્રયોગ કર્યો. ગોપાળદાસ તરત જ મૂર્છિત થઈ ભૂમિ પર ઢળી પડ્યો. રાજાને આ વાતની ખબર પડી અને તરત જ તેમના સેવકોને લઈને ત્યાં આવ્યા. તેમને ગોપાળદાસની સ્થિતિ જોઈ બીક લાગી. ત્યાં ફરતા વૈરાગી બાવાઓને બોલાવી તેમણે કહ્યું : "આ બીચારાને સાજો કરો, તેને ઉઠાડો. તમે જ પ્રયોગ કર્યો છે તે તમે જ વાળી શકશો."

પરંતુ તેમને તો પરિણામની રાહ જોવી હતી. નીલકંઠ વર્ણીની પરવશતા નિહાળવી હતી. તેમણે રાજાને કહ્યું : "તમે જેની ભક્તિ કરો છો તે વર્ણીને કહો. ગોપાળદાસ તો તેમના સેવક છે. નાના થઈને પૂજાવાના કોડ જાગ્યા છે તે હવે શક્તિ હોય તો તેને બેઠો કરે."

રાજા તરત જ સમજી ગયા કે ગોપાળદાસ ઉપર આ અભિચાર પ્રયોગ આ વેરાગીઓએ જ કર્યો છે. તેમને વર્ણીની ઈર્ષ્યા છે. તેથી વર્ણી ખોટા દેખાય તેવો તેમનો આશય છે. પરંતુ આ પ્રસંગ જીભાજોડી કરવાનો ન હતો. ગોપાળદાસના જીવનનો પ્રશ્ન હતો. તેઓ તરત જ ધ્યાનસ્થ વર્ણી પાસે આવ્યા અને હાથ જોડીને તેમને કહ્યું : "પ્રભુ ! ગોપાળદાસ આ બાવાઓના અભિચાર પ્રયોગનો ભોગ બનીને મૂર્ચ્છાવશ પડ્યો છે. તેને કૃપા કરીને આપ જ જિવાડી શકશો."

વર્ણી જાગ્યા અને તરત જ ગોપાળદાસ પાસે આવ્યા. તેમને પણ ગોપાળદાસની સ્થિતિ ગંભીર લાગી.

મલિન મંત્રોના પ્રયોગથી ભોળા માણસોને ડરાવવા આ વેરાગીઓ ખરેખર બે-રાગી હતા. સંસારનો તેમણે બાહ્ય દૃષ્ટિએ ત્યાગ કર્યો હતો, ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં, પરંતુ સંસારના વિષયોની લોલુપતાથી તેમનાં અંતર ભગવા રંગે રંગાયાં ન હતાં. તે સમયમાં બંગાળમાં માંત્રિકો અને તાંત્રિકોનું જોર હતું. એટલું જ નહિ, સારા ભારતમાં આવી જમાતનો ત્રાસ હતો. વેશભૂષા અને ટીલાં-ટપકાંથી ત્યાગી જેવા દેખાતા આ જમાતના સાધુઓ પોતાના પુષ્ટ શરીરથી લોકોમાં ત્રાસ વર્તાવતા. બ્રહ્મચારી હોવાનો દાવો કરનાર આ જમાતના સભ્યો

વ્યભિચારી હતા.[૮૦] ત્યાગના આશ્રમને તેઓ કલંકરૂપ હતા. આ સંન્યાસીઓના બાહ્ય આડંબર અને તેમના કલુષિત આચારથી તેઓ પોતે જ સમગ્ર ત્યાગી વર્ગ પ્રત્યે તિરસ્કારની લાગણી ઉત્પન્ન કરાવવામાં અને સમાજમાં નાસ્તિકતા પ્રવર્તાવવામાં જવાબદાર બન્યા હતા.

નીલકંઠ વર્ણીએ ગોપાળદાસના કાનમાં કૃષ્ણમંત્ર કહ્યો અને થોડી વારમાં ગોપાળદાસ અભિચારની વ્યથાથી મુક્ત થઈ ગયો. તેણે આંખો ઉઘાડી ને સામે નીલકંઠ વર્ણીને જોયા. તરત જ તેણે હાથ જોડી દીધા. નીલકંઠ વર્ણીએ તેને ધીરે રહીને ઉઠાડ્યો અને તેના આખા શરીરે હાથ ફેરવ્યો. તપ, બ્રહ્મચર્ય, ભક્તિ અને ધર્મની પ્રબળતા એટલી અપૂર્વ છે કે નીલકંઠ વર્ણીના સ્પર્શમાત્રથી ગોપાળદાસની સમગ્ર વ્યથા ટળી ગઈ.

દૂરથી આ બધું જોતા બાવાઓ પોતાના અભિચાર પ્રયોગની નિષ્ફળતાથી દિગ્મૂઢ બની ગયા. તેમાંના કેટલાક નીલકંઠ વર્ણી પાસે આવ્યા. તેઓ કદાચ નીલકંઠ વર્ણીની શરણાગતિ સ્વીકારે તે બીકે બીજા બાવાઓએ તેમના ઉપર અભિચાર પ્રયોગ કર્યો. તેમની આવી વૈરવૃત્તિ જોઈને આ બાવાઓએ તેમના ઉપર સામો પ્રયોગ કર્યો. આમ, એક જ જમાતની બે ટોળીના સભ્યો સામસામા અભિચાર પ્રયોગની અસરથી ધરણી ઉપર ઢળી પડ્યા.[૮૧] મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યાં. કેટલાકને લોહીની ઊલટીઓ પણ થવા લાગી.

---

૮૦. 'ધ સંન્યાસિન્સ ઑફ મૈમનસિંહ' : પૃ. ૯.

૮૧. મંત્રશક્તિના આ પ્રયોગ ઉપર કદાચ કોઈને શ્રદ્ધા ન પણ બેસે તે સ્વાભાવિક છે. પરંતુ આવી મંત્રશક્તિથી શત્રુઓને હઠાવી પોતાની ઘેરાયેલી હોડી કૈબર્તા લોકોએ છોડાવી તેનું પોતાના અનુભવનું વર્ણન કરતાં રાયબહાદુર શ્રી જામિની મોહન ઘોષ તેમના 'માઘ રેઈડર્સ ઇન બેંગાલ' નામના પુસ્તકમાં લખે છે કે "કૈબર્તાની લડાયક જાત મંત્રવિદ્યામાં એટલી બધી કુશળ હોય છે કે હું જ્યારે નાનો હતો ત્યારે અમો ધાલેશ્વરી આગળથી હોડીમાં પસાર થતા હતા. તે વખતે અમારી હોડીને ચાંચિયાઓએ ઘેરી લીધી. અમને બીક લાગવા માંડી, પણ અમારી હોડીના કૈબર્તા નાવિકોએ અમને કહ્યું : 'બીશો નહિ.' પછી તેમણે મંત્ર બોલી પોતાના ભાલાઓ દોરીથી બાંધીને છોડવા માંડ્યા. જે શત્રુને વીંધીને મંત્રના બળથી પાછા આવવા લાગ્યા. થોડા સમયમાં બધા જ ચાંચિયાઓની આખી ટુકડીને નસાડી દીધી. કેટલાકને આ વાત માનવામાં આવે નહિ પરંતુ મંત્રશક્તિમાં એટલું બળ છે તે નજરે જોઈને અનુભવ કર્યો છે. છતાં શ્રી પ્રમથ ચૌધરીનું 'મંત્રશક્તિ' પુસ્તક વાંચવાથી મંત્રવિદ્યામાં કેટલી શક્તિ છે તેનો ખ્યાલ આવશે."

વર્ણી જાણતા હતા કે જીવ અવળા આચરણનો જ હોય છે. તેમાંય આ તો ભેખ ! ખીજે તો ખાલ ઉતારી નાખે. તેમને આ ભેખને સવળે માર્ગે ચડાવવા હતા. મંત્ર, જંત્ર, મૂઠ, દોરા, ધાગા - આ બધાની નાગચૂડમાંથી તેમને છોડાવી, સમાજમાં સાચો ધર્મ, ભક્તિભાવ પ્રવર્તાવવો હતો. મલિન દેવ-દેવીઓના મંત્રનું બળ પરમાત્માના મંત્ર આગળ કોઈ કામનું નથી તે સમજાવવા વર્ણી મૂર્છિત થયેલા બાવાઓ પાસે આવ્યા. નીચા નમીને તેમના કાનમાં તેમણે કૃષ્ણમંત્રનો જાપ કર્યો અને તેની અસર તરત જ થઈ. મૂર્છિત થયેલા બાવાઓ એક પછી એક ઊઠવા લાગ્યા. અપાર શક્તિ આગળ તેમની મંત્રશક્તિનો હ્રાસ થયો. તેથી નીલકંઠ વર્ણીનું પ્રભુત્વ તેમને સમજાયું. સૌ તેમના પગમાં પડી ગયા.

નીલકંઠ વર્ણીએ તેમને કહ્યું : “પ્રભુભક્તિ કરી તમારું કલ્યાણ કરવા તમે સંસારનો ત્યાગ કર્યો પરંતુ તે ધ્યેય પડતું મૂકીને આવી મલિનવિદ્યાનો આશરો લઈ લોકોને ત્રાસ આપો છે તેમાં તો ઊલટું તમારું પતન થાય છે. આ ખોટો રસ્તો છે તે છોડીને તમારા ધર્મમાં રહીને કૃષ્ણની ભક્તિ કરો. તમારું સદ્‌વર્તન લોકોને ધાર્મિક બનાવશે. તમારામાં અધર્મ જોશે તો લોકો નાસ્તિક થશે.”

નીલકંઠ વર્ણીના આ શબ્દો તેમના અંતરમાં સોંસરા ઊતરી ગયા. પોતાના અધઃપતનનો ખ્યાલ આવી ગયો. નીલકંઠ વર્ણીના પ્રસંગથી બંગાળના બાવાની એક જમાત તો આ રીતે સન્માર્ગે વળી !

સિદ્ધવલ્લભ રાજા નીલકંઠ વર્ણીના અદ્‌ભુત વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ ગયા હતા. નીલકંઠ વર્ણીમાં તેમણે સાધનાની પરાકાષ્ઠા જોઈ. તે સ્વયં ભગવાન હતા કે ભગવાનની વિભૂતિ હતા તે વિચારની ગૂંચમાં તે અટવાઈ ગયા. તેણે નીલંકઠ વર્ણી પાસે પુષ્કળ, ધન, સુંદર વસ્ત્રો અને અલંકારોનો ગંજ ખડક્યો. નીલકંઠ વર્ણી તે જોઈ હસ્યા. તેમણે કહ્યું : “ત્યાગીને કોઈ દિવસ આ પ્રકારની ભેટો ન આપવી. ત્યાગમાં તે દૂષણરૂપ છે. છતાં ભેટ આપવાની ઈચ્છા હોય તો પોતાનું મન સોંપી દેવું. સાચા ત્યાગી હશે તો જગતથી વાસિત થયેલા મનમાંથી જગત કાઢી તેમાં ભગવાન પ્રગટ કરી દેશે. ત્યાગીનો એ ધર્મ છે, એ કર્તવ્ય છે.”

સિદ્ધવલ્લભ રાજાને આવું કહેનારા કોઈ મળ્યા ન હતા. તેણે બંગાળમાં ત્રાસ વર્તાવતા સાધુઓ જોયા હતા, ભાલા અને ત્રિશૂળની અણીએ પૈસા પડાવતા જોયા હતા, ભાંગ અને દારૂના નશામાં ચકચૂર બની અશ્લીલ ભાષાનો વરસાદ વરસાવતા જોયા હતા. તેમને નીલકંઠ વર્ણીમાં સાચી સાધુતા દેખાઈ, પ્રભુતા દેખાઈ. તેમને લાગ્યું કે વર્ણી જો પોતાના દેશમાં રહે, તો ધર્મ અને

સમાજ બંનેને દૂષણરૂપ બનેલી આવી જમાતો નાબૂદ થઈ જાય. લોકોમાં અજ્ઞાન હતું, અંધશ્રદ્ધા હતી, ધર્મઘેલછા હતી, ભીરુતા હતી, તેથી જ તો આવી જમાતો પોષાતી. વર્ણી આ બધાં દૂષણોનો એકસામટો નાશ કરી નાખી શકે તેવી તેમની પ્રતિભા હતી. વર્ણીના વિચારમાં રાજા સ્થિર થઈ ગયા.

વર્ણીએ તેમને જગાડ્યા ત્યારે તેની આંખમાં આંસુ હતાં. વર્ણીએ કહ્યું : ''સમય ઘણો થઈ ગયો છે. હવે તમે તમારા મહેલમાં જાઓ.''

સિદ્ધવલ્લભ ત્યાંથી નીકળ્યા પણ નીલકંઠ વર્ણીની મૂર્તિ તેમના અંતરમાં ઊતરી ગઈ. નીલકંઠ વર્ણીના પ્રસંગથી રાજાનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં. તેથી તેને તેમના સમાગમની ભૂખ જાગી. તે રોજ નીલકંઠ વર્ણી પાસે જવા લાગ્યા. નીલકંઠ વર્ણીને પણ તેનું જ કામ હતું. આ એક જ મુમુક્ષુ માટે તેમણે બંગાળમાં આ સિરપુર શોધી કાઢ્યું હતું. તે કાર્ય કરતાં કરતાં અજ્ઞાન અને અધર્મનો ધ્વંસ પણ કરતા ગયા. રાજાને પણ સમજાયું કે મંત્ર ને જંત્રવિદ્યાની સિદ્ધિ કરતાં અને ષટ્ચક્રમાં ગતિ કરવા કરતાં પણ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. પ્રપત્તિ કેવળ શરણાગતિની ભાવનાથી જ સિદ્ધ થાય છે. નીલકંઠ વર્ણીએ તેમના ઉપર ચમત્કાર કર્યો.

કરુણાદૃષ્ટિ રે દેખી વાન જ વાળે

આ અરસામાં તેલંગણથી[૮૨] એક વિદ્વાન બ્રાહ્મણ યાત્રા કરતો કરતો સિરપુર આવી ચડ્યો. તેની સાથે તેનાં સ્ત્રી, પુત્ર પણ હતાં. તેની વિદ્વત્તાથી રાજા પ્રસન્ન થયા. તેને રાજાએ પુષ્કળ ધન, ધાન્ય, વસ્ત્ર દાનમાં આપ્યાં. છતાં પંડિતની લાલસા પૂર્ણ ન થઈ. તૃપ્તિનો ભાવ તેના મોં ઉપર ન દેખાયો. એટલે રાજાએ તેને દાનમાં હાથી તથા કાળપુરુષ[૮૩] આપ્યો. હાથી તો રાજદરબારે શોભે છતાં તેણે આ ભેટ સ્વીકારી તેથી તેનું અંતઃકરણ મલિન થઈ ગયું. રજોગુણ અને તમોગુણના ભાવ તેના સમગ્ર શરીરમાં વ્યાપી ગયા. તેનું બ્રહ્મજ્ઞાન સ્રવી ગયું. કાળપુરુષનું દાન લેવાનો તેનો અધિકાર નષ્ટ થઈ ગયો. કાળપુરુષનું દાન ગ્રહણ કરવાથી તેનું આખું શરીર શ્યામ પડી ગયું. તેના શરીરનું આવું રૂપાંતર થયેલું

૮૨. તિલંગ પ્રદેશ, હાલનો તેલુગુ પ્રદેશ એટલે કે આંધ્ર પ્રદેશ.

૮૩. શાસ્ત્રોક્ત રીત પ્રમાણે કુંડ મંડપ બનાવી સુવર્ણની મૂર્તિ બનાવી મંત્ર વડે તેમાં કાળપુરુષનું આહ્વાન થાય છે. તે કાળપુરુષ રોગાદિ આપત્તિ ટાળે છે. પરંતુ તેનું દાન જે ગ્રહણ કરે, તે બ્રહ્મજ્ઞાનના તેજથી પ્રકાશવાન ન હોય તો તે કુદાન લેવાથી દાન લેનાર કાળો પડી જાય છે અર્થાત્ તેની કાન્તિ હણાઈ જાય છે.

જોઈ તેની સ્ત્રીને આશ્ચર્ય થયું. રાજા તથા રાજદરબારીઓ પણ વિપ્રના શ્યામ પડી ગયેલા શરીરથી આશ્ચર્ય પામ્યા. ગુણના ભાવ વાણી અને આંખ દ્વારા જણાયા વિના રહેતા જ નથી. વિપ્રની આંખમાં મદ જણાયો, વાણીમાં કર્કશતા દેખાવા લાગી. સૌના ઉપાલંભનું તે કારણ બની ગયો.

રાજાએ તેમને આદરપૂર્વક રાજદરબારમાંથી રજા આપી. હાથી ઉપર ચડીને પોતાની મોટાઈનું મિથ્યા પ્રદર્શન કરનાર આ વિપ્રને રાજમાર્ગના રસ્તા ઉપરથી આ રીતે જતો જોઈ સૌ હસવા લાગ્યા. તેની સ્ત્રી અને પુત્રો તો ચાલતાં જ હતાં. એકાએક તેને તેના શ્યામ થયેલા વર્ણનો ખ્યાલ આવ્યો તેથી તે મૂંઝાયો. દૂરથી તેણે નીલકંઠ વર્ણીને જોયા. એકદમ તેણે હાથી ઝુકાવ્યો અને નીચે ઊતરી નીલકંઠ વર્ણી પાસે દોડી ગયો.

નીલકંઠ વર્ણી સમગ્ર પરિસ્થિતિ સમજી ગયા. વિપ્રે નીલકંઠ વર્ણીના પગ પકડી લીધા. નીલકંઠ વર્ણીને આ પંડિતની દયા આવી. તેમણે કહ્યું : "વિપ્ર ! દાનના અધિકારી બ્રાહ્મણો છે તે ખરું, વિદ્યાનાં મૂલ્ય રાજા ચૂકવે તે પણ સાચું; પરંતુ તેમાં તૃષ્ણાના અતિરેકે તમારી વૃત્તિઓ મલિન કરી દીધી છે. બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ વિના તમે કાળપુરુષનું દાન લીધું છે. તેથી તમારા શરીરનાં તમામ રજકણો ફરી ગયાં છે."

વિપ્ર રડવા લાગ્યો. તેણે કહ્યું : "મહારાજ ! સાચું છે. તૃષ્ણાને લીધે જ મારી વિદ્વત્તાનું, બ્રાહ્મણત્વનું ઓજસ ઓસરી ગયું છે. આપ મારા ઉપર કૃપા કરો."

શરણાગતની સાર લેવી તે ભગવાન અને સંતનો ધર્મ છે. નીલકંઠ વર્ણીએ તેના તરફ કરુણાદૃષ્ટિથી જોયું. જાણે સંજીવની પ્રાપ્ત થઈ હોય તેમ તેનું અંતઃકરણ સ્વચ્છ થઈ ગયું. શરીર ઉપરની શ્યામતા ચાલી ગઈ અને વિપ્રે પોતાનો અસલ શ્વેતવાન પ્રાપ્ત કરી લીધો.

✧

સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠ વર્ણી પ્રત્યે અપાર હેત થઈ ગયું. નીલકંઠ વર્ણીના પ્રસંગથી તેની વૃત્તિઓ અંતર્મુખ થઈ ગઈ હતી. યોગ સાધના વિના તે સમાધિના સુખનો અનુભવ કરવા લાગ્યો. નીલકંઠ વર્ણીએ બ્રાહ્મણનું દુઃખ ટાળ્યું ત્યારથી આ હેત ભક્તિમાં પરિણમ્યું. નીલકંઠ વર્ણીને તો ત્યાંથી નીકળી જવું હતું. પરંતુ રાજાને હજુ પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવવું હતું. નીલકંઠ વર્ણીનો આ સંકલ્પ હતો તેથી સિદ્ધવલ્લભ તેમનું સાન્નિધ્ય કદી છોડી શકતા નહિ.

આવા સ્નેહભાવથી એક દિવસ નીલકંઠનાં દર્શન કરતા રાજાની ઇન્દ્રિયો,

અંતઃકરણની વૃત્તિઓ પ્રતિલોમ થઈ ગઈ અને તેને તરત નીલકંઠ વર્ણીના સ્વરૂપમાંથી દિવ્ય પ્રકાશ નીકળતો દેખાયો. તે પ્રકાશની મધ્યમાં પ્રકાશમય સિંહાસન ઉપર નીલકંઠ વર્ણીની કિશોર ઘનશ્યામ મૂર્તિનાં તેને દર્શન થયાં. તેમની સમીપે અક્ષર અને અક્ષરમુક્તો બેઠા હતા. રાજાને તેજનું વ્યાપકપણું સમગ્રપણે દેખાયું. પૃથ્વી કે કોઈ બ્રહ્માંડો દેખાયાં જ નહિ. ચિદાકાશ બ્રહ્માંડોની અડખે-પડખે, ઊંચે-નીચે અને માંહી છવાઈ રહ્યું હતું. અધોર્ધ્વ અને પ્રમાણરહિત સર્વથી પર દિવ્ય અક્ષરધામમાં સર્વ અવતારોની ઉત્પત્તિ અને લય પણ જે સ્વરૂપમાં થાય છે તે સર્વોપરી પુરુષોત્તમ નારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે તેણે જોયા.

શ્રીકૃષ્ણે કૃપા કરી અર્જુનને પોતાના વિશ્વસ્વરૂપનું દર્શન કરાવ્યું. છતાં એ સ્થિતિમાં પણ પોતાના દેહભાવના આવરણથી અર્જુનને તે સ્વરૂપની વિશાળતા અને ભયંકરતા જોઈ બીક લાગી. એટલે તેના પ્રાણની ગતિ પ્રકૃતિથી પર જઈ શકી ન હતી. તેથી જ પ્રકૃતિના સહજ એવા ભાવથી તેમને કહેવું પડ્યું **प्रव्यथितास्तथाहम्**[૮૪] । પરંતુ અહીં સિદ્ધવલ્લભ રાજાના પ્રાણ નીલકંઠ વર્ણીની કૃપાથી પ્રકૃતિથી પર હૃદયાકાશરૂપી ચિદાકાશમાં બિરાજેલ પુરુષોત્તમના સ્વરૂપમાં લીન થઈ ગયા હતા. તેથી અનંત બ્રહ્માંડોને આવરી રહેલું અક્ષરધામ અને તે ધામના પતિનાં દર્શન તે કરી શક્યા.

રાજાના અત્યંત ભાવથી શ્રી નીલકંઠ મહાપ્રભુ ત્યાં રહ્યા. થોડા સમય પછી તેમણે ત્યાંથી નીકળવાની તૈયારી કરી. સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠ વર્ણી હવે વિદાય લેશે તેનું દુઃખ થયું. તેણે ઘણી પ્રાર્થના કરી પરંતુ નીલકંઠ વર્ણીએ કહ્યું : "અહીંનું મારું કાર્ય પૂરું થયું છે. હવે જવું જ જોઈએ. તમે આ મૂર્તિ હૃદયમાં રાખશો તો હું સદા તમારી સમીપ છું."

બધા સિદ્ધો પણ તેમની સાથે જવા તૈયાર થયા. શહેરમાં લોકોને જાણ થઈ. તેઓ નીલકંઠ વર્ણી માટે કાંઈ ને કાંઈ વસ્તુ ભેટ લાવ્યા. રાજાના અનુચરો પણ ભેટ લાવ્યા. રાજદરબારમાંથી પણ અનેક સામગ્રીઓ આવી. તે બધી જ નીલકંઠ વર્ણી સમક્ષ મૂકી. રાજા તથા પ્રજાના ભાવથી નીલકંઠ વર્ણીએ તેમાંથી થોડું અંગીકાર કર્યું. પછી ત્યાંથી વિદાય લીધી. દૂર સુધી સૌ વળાવવા ગયા. પછી નીલકંઠ વર્ણીએ સૌને આગ્રહ કરી પાછા વાળ્યા અને પોતે સિદ્ધોની સાથે આ.સં. ૧૮૫૩નો અન્નકૂટોત્સવ અને કાર્તિક પૂનમ કરી ત્યાંથી ચાલી નીકળ્યા.

સદા એકાકી ફરવાની રુચિવાળા વર્ણીને સિદ્ધોનો સાથ સાંપડ્યો. તેઓ

---

૮૪. ગીતા : ૧૧/૨૩.

અસંગી હતા છતાં પોતાના સંબંધથી આ સિદ્ધોમાં સાચા સાધુજીવનનાં બીજ વવાય એ જ એક હેતુ તેમનો સાથ રાખવામાં હતો. સઘન વનની ઝાડીમાં નરરાક્ષસો વસતા હતા. માણસનો ત્યાં પગરવ ન હતો તેથી ક્વચિત્ ત્યાંથી પસાર થતા કોઈ મનુષ્યની ગંધ આવતાં આ નરરાક્ષસો તેને છોડતા નહિ અને લાંબા વધેલા હાથના નખથી તેમને ચીરીને ખાઈ જતા. સિદ્ધોને ક્વચિત્ તેઓ દેખાતા. આ બાવાઓને તો નીલકંઠ વર્ણીનો સાથ હતો તેથી તેઓ નિર્ભય હતા. કેટલાક દિવસોની મજલ પછી નીલકંઠ વર્ણી પરશુરામ કુંડ પધાર્યા.

પરશુરામ કુંડમાં

હિમાલય તરફ પૂર્વ-ઉત્તર સીમાના પર્વતની તળેટીમાં પરશુરામ કુંડ છે. ત્યાં વર્ણીરાટ સિદ્ધોના મંડળ સાથે આવ્યા. તે કુંડમાં તેમણે તથા સિદ્ધોએ સ્નાન કર્યું. માતૃહત્યાના પાપથી દૂષિત થયેલા પરશુરામને પાપમુક્ત થવા માટે જમદગ્નિએ બ્રહ્મકુંડમાં સ્નાન કરવાની આજ્ઞા કરી. પિતાની આજ્ઞાથી પરશુરામે અહીં સ્નાન કર્યું એટલે સર્વ પાપથી તે મુક્ત થઈ ગયા. આ કુંડનો આવો મહિમા જાણી પરશુરામે આ બ્રહ્મકુંડનું પાણી વિશ્વના કલ્યાણ માટે વહેતું મૂકવા ત્યાં પોતાની પરશુ મારી અને ત્યાંથી તેની ધારા વહેતી થઈ. આ ધારા બ્રહ્મપુત્રના નામે ઓળખાણી. ત્યાંથી પ્રવાહરૂપે વહેતી થઈ ને તે લોહિત સરોવરમાં સ્થિર થઈ ગઈ. ફરી પરશુરામે ફરસી મારી અને તે ધારાને વહેતી કરી. તે ધારાએ પૃથ્વીને જ્યાં સ્પર્શ કર્યો તે સ્થળ જ પરશુરામ કુંડ. આજે તો તે કુંડ બ્રહ્મપુત્રમાં લુપ્ત થઈ ગયો છે.

કામાક્ષી તીર્થમાં

નીલકંઠ વર્ણી ત્યાંથી પૂર્વ તરફ કામાક્ષી દેવીના સ્થાન ઉપર આ.સં. ૧૮૫૩ના કાર્તિકમાં આવ્યા. કામાક્ષી દેવીનું મંદિર[૮૫] તો પર્વત ઉપર છે. પરંતુ નીલકંઠ વર્ણી અને તેમના સાથીઓએ બ્રહ્મપુત્ર નદીના કિનારે ફૂલવાડીમાં

---

૮૫. આસામ રાજ્યના અમનાગાંવ સ્ટેશનથી બ્રહ્મપુત્ર નદીને સામે કિનારે પર્વત ઉપર આ તીર્થ આવેલું છે. ગૌહતીથી પણ અહીં આવી શકાય છે. કુચબિહારના રાજા વિશ્વસિંહ અને શિવસિંહે આ સ્થાન ઉપર મંદિર બંધાવેલું છે. દેવીભાગવતમાં સમગ્ર ભૂમંડલમાં દેવીનું આ મહાક્ષેત્ર કહેવાય છે. એવો ઘણો મહિમા આ સ્થાનનો લખ્યો છે.

ઉતારો કર્યો. અહીં બાવાઓની જમાતોને વણ માગ્યાં સીધાં મળ્યાં હતાં. તેથી નીલકંઠ વર્ણીની સાથે આવેલા સિદ્ધોને પણ પકવાનનાં સીધાં મળ્યાં.

લોહીના પ્રતીક રૂપ કંકુની આડ કરીને રંગેલા કપાળવાળા ત્રિશૂળધારી, જય અંબે, જય ભવાની, જય કાલીની ઘોષણા કરતા, લોહી નીતરતી આંખોવાળા, કેટલાક નાગા, કેટલાક અર્ધ બળેલા કાષ્ઠની જેમ ધૂંધવાતા, દારૂ-માંસના ભક્ષણથી ગંધાતાં મોંવાળાં આ બાવાઓનાં ઝુંડ ત્યાં આવ્યે જ જતાં હતાં. કેવળ દર્શનથી જ અંતરમાં ત્રાસ ઉત્પન્ન થાય એવા આ બાવાઓની હડફેટમાં આવનાર પછી શોધ્યા જડતા નહિ, એવો એમનો વેગ હતો. ધરણી ધ્રુજાવે એવી એમની ચાલ હતી. અજ્ઞાન પ્રજા આ બાવાઓની નાગચૂડમાં ફસાયેલી હતી. સાચું શોધવાનું કે સમજવાનું ભાન તે ભૂલી ગઈ હતી. વહેમ અને બીકથી સૌ મૂંગાં પ્રાણીની જેમ યંત્રવત્ તેમને અનુસરતા હતા.

નીલકંઠ વર્ણીએ આ જોયું. દયા અને કરુણાથી ભરપૂર તેમનું અંતર વહેમ અને અંધશ્રદ્ધાના પાશમાં ફસાયેલ આ ભોળી પ્રજાની દુર્ગતિ જોઈ દ્રવી ગયું. કામાક્ષી ઉપરનું તેમનું આગમન આ ભોળી પ્રજાની મુક્તિ માટે હતું. ભગવાનની દિવ્ય શક્તિ, ભગવાનનો દૃઢ આશ્રય અને શુદ્ધ સત્સંગ આગળ મલિનવિદ્યાનું કોઈ બળ ન હતું. વહેમો ઓસરી જતા અને અંધશ્રદ્ધાનાં બંધનો પણ ઢીલાં પડી જતાં.

તેમને આ વાત સૌને સમજાવવી હતી. તેમનો સંકલ્પ દૃઢ હતો. કામાક્ષી દેવીનાં દર્શને આવતા ભાવિક જનો, નીલકંઠ વર્ણીને દૂરથી જોઈ તેમના પ્રત્યે આકર્ષાયા. ધીરે ધીરે મંદિરના પ્રાંગણમાં નીલકંઠ વર્ણી પાસે સૌ જમા થવા લાગ્યા. એક નાનકડા કિશોરની આ દિવ્ય શક્તિએ જાદુ કર્યો. પેટના ઊંડા ખાડાથી ભૂખના દુઃખનો ત્રાસ વેઠતા, કેટલાક નવસ્ત્રા, કેટલાક જીર્ણ વસ્ત્રથી આચ્છાદિત, કંગાળ અને કૃશ આ ભોળા ભાવિકોની આવી દશા સિદ્ધોનાં ઝુંડના આ ત્રાસથી થઈ હતી. તેમની પાસેથી અનાજ, વસ્ત્રો, નાણાં તેઓ બળજબરીથી પડાવતા. નીલકંઠ વર્ણીને તેમની આ દશા જોઈ દયા આવી. ધીરે ધીરે સૌ તેમની પાસે જમા થઈ ગયા.

દેવીને છોડીને પોતાની અવજ્ઞા કરીને આ ટોળાને એક નાનકડા કિશોર પાસે જમા થયેલું જોઈ બાવાઓ ગુસ્સે થઈ ગયા. તેમને પોતાનું હડહડતું અપમાન થતું લાગ્યું. અમે ત્યાગી, અમે ભગવાંધારી, અમે સિદ્ધ - અમારી ઉપેક્ષા કરીને આ લોકો આ છોકરા પાસે જમા થાય ! ક્રોધાગ્નિથી તેમનું અંતર

બળવા લાગ્યું. પરંતુ અહીં તો ભાવિકોનું જબ્બર ટોળું જમા થયું હતું. તેઓ ત્યાં ધસ્યા, ટોળા વચ્ચે બેઠેલા નીલકંઠ વર્ણીના સૌમ્ય સ્વરૂપને તેમણે જોયું. તેમના અંતરમાં એક પ્રકારની બીક લાગી. રખે તેમનો ક્રોધાગ્નિ શાંત પડી જાય. તેઓ તરત જ ત્યાંથી ખસી ગયા. છતાં નીલકંઠ વર્ણી પ્રત્યેનો તેમનો દ્વેષ શમ્યો નહિ.

નીલકંઠ વર્ણીની અપ્રતિમ પ્રતિભા, સાધુતાની અપૂર્વ ઝલક, અહિંસા અને બ્રહ્મચર્ય ધર્મના પાલનની સાધુઓ માટેની આવશ્યકતાનો ઉપદેશ, આ બધાની આ સિદ્ધો ઉપર વિપરીત અસર થઈ. તે સિદ્ધોની જમાતને નીલકંઠ વર્ણીનું શાંત વ્યક્તિત્વ ડારવા લાગ્યું. તેમને થયું કે આ નાનકડા સાધુના ઉપદેશથી લોકોમાં વિપરીત અસર થશે અને લોકો ઉપરનું તેમનું વર્ચસ્વ દિવસે દિવસે ઓછું થતું જશે. તેથી તેમણે પાસેના ગામના કાલીભક્ત પિબૈકને[૮૬] ઉશ્કેર્યો.

પિબૈકનો પરાભવ

મહાકાલીનો ઉપાસક પિબૈક પોતાને અજેય માનતો. ક્ષુદ્ર દેવ અને દેવીઓને મલિન મંત્રોની સાધનાથી વશ કરી, અભિચાર પ્રયોગોથી અનેકને મા'ત કરી તેણે એ પ્રદેશમાં ત્રાસ પ્રવર્તાવ્યો હતો. દારૂમાં સદા ચકચૂર રહેતો, માંસ-ભક્ષણથી મદમસ્ત બનેલો, માણસની ખોપરીની માળા ગળામાં પહેરી, ત્રિશૂળધારી પિબૈક જે ગામમાં પ્રવેશતો, તે ગામના લોકો ત્રાસ પામીને તેના શિષ્ય બની જતા. કેટલાક હઠીલા સિદ્ધો જે તેના અભિચાર પ્રયોગને દાદ ન આપતા તેમની સામે ક્ષુદ્ર દેવ-દેવીઓને તે મોકલતો અને એ રીતે પણ તેમને વશ કરી લેતો. પિબૈકને આ નાના દેખાતા નીલકંઠ વર્ણીને મા'ત કરવાના કોડ જાગ્યા.

કામાક્ષી દેવીનાં દર્શન કરી નીલકંઠ વર્ણી પોતાને સ્થાને ફૂલવાડીમાં આવી ગયા. અહીં એક ઝાડ નીચે બેસીને નીલકંઠ વર્ણી તેમની સાથે આવેલા સિદ્ધોને ઉપદેશ કરતા હતા. તે સમયે પિબૈક તેનાં શિષ્યો અને શિષ્યાઓને લઈને ત્યાં આવ્યો. વૈષ્ણવ મતને અનુસરેલા બ્રાહ્મણ જાતિના આ ભક્તને કૌલ, શાક્ત અને વામમાર્ગીઓનો પ્રસંગ થયો. તે પ્રસંગથી જ તેની બધી સાત્ત્વિકતા હણાઈ ગઈ. તેણે કૌલમતનાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તેમાં પ્રતીતિ થઈ. અંતરમાં વિષયભોગનો અવ્યક્ત રાગ તે શાસ્ત્રોનાં વચનોથી જાગ્રત થયો. માંસ, દારૂ અને વ્યભિચારના ફંદામાં તે ફસાયો. તેની વિષયભોગની લાલસા વધુ ને વધુ પ્રદીપ્ત થતી ગઈ અને તેથી મંત્ર-જંત્રની મેલીવિદ્યાનો આશરો લઈ

૮૬. ગળા સુધી જેણે સુરાપાન કર્યું હોય તેને પિબ કહે છે. તેમાંનો એક તે આ 'પિબૈક.'

ક્ષુદ્ર દેવ-દેવીઓની ઉપાસનાથી સિદ્ધ બનવાની સાધના તેણે આદરી. તેને શક્તિ મળતી ગઈ, સિદ્ધિ પણ મળતી ગઈ અને અહંકાર પણ વધતો ગયો. સૌને વશ કરી, શિષ્યો બનાવી તે ગુરુ થઈ પડ્યો. ભોળા, વહેમી અને બીકણ માણસોમાં ત્રાસ વર્તાવી તેણે શિષ્યમંડળ જમા કર્યું.

આજે તેણે આ નીલકંઠને વર્ણીને મા'ત કરી તેની સાથે ફરતા સિદ્ધોને પોતાના શિષ્યો બનાવવાનો નિશ્ચય કરી લીધો. તેનો ભયંકર વેશ જોઈને નીલકંઠ વર્ણીને તેના ઉપર ઘૃણા આવી. તેની સાથે અર્ધનગ્ન સ્ત્રી અને પુરુષો નિર્લજ્જ બની નાચતાં, એકબીજાં સાથે અથડાતાં, અશ્લીલ ચેષ્ટા કરતાં, સુરાપાન કરતાં, ન સમજાય તેવા ૐ હ્રીં હુંના મંત્રો બોલતાં, સુરાપાનથી લાલ બનેલી આંખોથી સૌને ડારતાં ત્યાં આવી પહોંચ્યાં. નીલકંઠ વર્ણીની આજુબાજુ બેઠેલી બાવાઓની જમાત પણ પિબૈકના ટોળાને જોઈ ડરી ગઈ.

નીલકંઠ વર્ણીને જોઈને પિબૈકે અટ્ટહાસ્ય કર્યું. પંદર-સોળ વર્ષના આ કિશોરના તપથી કૃશ થયેલા શરીરમાં એવું તે શું હતું કે તે મા'ત ન થાય ? નીલકંઠ વર્ણીએ શાંત મુખમુદ્રાથી આસપાસ બેઠેલા સિદ્ધોને કહ્યું : "તમે જરાય ડરશો નહિ. મારી વાત સાંભળો અને તેના તરફ નજર પણ નાખશો નહિ."

નીલકંઠ વર્ણીના આ શાંત વલણથી પિબૈક ઉશ્કેરાયો. તેણે ફરી અટ્ટહાસ્ય કર્યું. જાણે આકાશમાં વીજળીનો ગડગડાટ થયો ન હોય ! બાવાઓ ધ્રુજી ગયા ! તેઓ ઊઠીને ચાલવાની તૈયારી કરતા હતા, તે જોઈ નીલકંઠ વર્ણીએ તેમને ફરી કહ્યું : "તમે કેમ ચાલવા માંડ્યા ? આવા તામસી, મલિન દેવ-દેવીઓના ઉપાસકથી કેમ બીઓ છો ? પરબ્રહ્મ પરમાત્માની કાળશક્તિ વિના આ બ્રહ્માંડમાં કોઈ કોઈને મારી શકતું નથી."

વર્ણીની નિશ્ચળતા, અતિ શાંત મુખમુદ્રાથી પિબૈકને પોતાની વિડંબના થતી લાગી. તેણે કહ્યું : "છોકરા, તું બાળક છે. મારો પ્રતાપ તેં જોયો નથી."

એ સાંભળી નીલકંઠ વર્ણી હસ્યા. આજુબાજુના ટોળાએ નીલકંઠ વર્ણીને કહ્યું : "વર્ણી ! મંત્રવિદ્યાનો આ સિદ્ધ આજે તમને બાળીને ખાખ કરી દેશે."

નીલકંઠ વર્ણીએ તરત જ કહ્યું : "પરમાત્મા સિવાય કોઈ કાળને આજ્ઞા કરી શકતું નથી. એ સિદ્ધને પોતાનો પ્રયોગ અજમાવવો હોય તો ભલે અજમાવે."

એટલામાં તો પિબૈકે બાજુના વડ ઉપર મંત્રેલા અડદના દાણા નાખ્યા અને જોતજોતામાં આખો વડ એકદમ સુકાઈ ગયો ! તેનાં પાંદડાં નીચે ખરી પડ્યાં અને તેમાંથી ધુમાડો નીકળવા લાગ્યો.

નીલકંઠ વર્ણીની સાથેના બાવાઓ આ જોઈ ગભરાયા. તેઓ ત્યાંથી ઊઠવા લાગ્યા. નીલકંઠ વર્ણીને તેમની દયા આવી. તેમણે કહ્યું : "તમે કેમ બીઓ છો ? પહેલાં મારા ઉપર તે તેનો પ્રયોગ કરે. મને કાંઈ થાય તો પછી તમે ઊઠીને જજો."

આ સાંભળી પિબૈક વધુ ઉગ્ર બન્યો. તેણે તે દાણા નીલકંઠ વર્ણી ઉપર નાખ્યા. આશ્ચર્યથી સૌ જોઈ રહ્યા. નીલકંઠ વર્ણીને કાંઈ થયું નહિ ! પિબૈક આથી વધુ ઉશ્કેરાયો. તેણે કહ્યું : "હવે તારો કાળ આવ્યો છે."

નીલકંઠ વર્ણી મંદમંદ હસતાં બોલ્યા : "તારે જે કરવું હોય તે બોલ્યા સિવાય કરવા માંડ. તારા કાળભૈરવ કે બટુક વીર મને કાંઈ કરી શકે તેમ નથી."

પિબૈકને આ સાંભળી આશ્ચર્ય થયું. તેણે તરત જ કાળભૈરવને બોલાવ્યા પણ તે વર્ણી પાસે જઈ શક્યા નહિ. બટુક વીર આવ્યા. તે પણ ત્યાં સ્થિર થઈ ગયા અને પાછા વળતાં તે પિબૈકને જ વળગ્યા. તેને જમીન ઉપર પછાડ્યો. પિબૈકના મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું.

આ પરાભવથી તે વધુ ઉગ્ર બન્યો. તેનાં ગાત્ર ઢીલાં બની ગયાં હતાં, છતાં તે ઊઠ્યો. હનુમાનવીરની આરાધના કરી. હનુમાનજી આવ્યા. વર્ણી સમક્ષ ગયા અને તેમને નમસ્કાર કરી તેમણે પિબૈકને લાત મારી તેના માથા ઉપર મુષ્ટિપ્રહાર કર્યો. તેના મોંમાંથી લોહી નીકળવા લાગ્યું, નાડી ધીમી પડી ગઈ, તે મૂર્છાવશ થઈને ત્યાં જ પડી રહ્યો. પિબૈકની આવી કરુણ દશા જોઈ તેના સંબંધીઓ નીલકંઠ વર્ણી પાસે આવ્યા. તેમની સ્તુતિ કરી. નીલંકઠ વર્ણીએ દયા કરી. તેઓ પિબૈક પાસે ગયા અને તેના કાનમાં કૃષ્ણમંત્ર કહ્યો. થોડી વારે પિબૈક સ્વસ્થ થયો. તેનું અભિમાન ઘવાયું હતું. તેણે જાણ્યું કે નીલકંઠ વર્ણીની દયાથી જ તે જીવતો રહ્યો છે. તે ઊઠ્યો અને નીલકંઠ વર્ણીના ચરણમાં પડી ગયો.

તે રાત્રે તેણે ફરી સાધના આદરી. ઘવાયેલા અભિમાને તેને ઉશ્કેર્યો. તેણે કાળભૈરવને આરાધ્યા. ભૈરવ આવ્યા. પિબૈકે કહ્યું : "મારી કોઈ શક્તિ આ વર્ણી આગળ કામયાબ ન નીવડી. હવે તમારે જ મારી લાજ રાખવાની છે."

ભૈરવ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જે કાળના પણ કાળ છે, તે આ સાક્ષાત્ શ્રીહરિને મારવાના કોડ તને જાગ્યા અને તે પણ અમારા જેવા ક્ષુદ્ર સેવકો દ્વારા ! તારું કલ્યાણ ઇચ્છતો હો તો તેમને પગે પડી જા, તેમનું શરણું લઈ લે. અનેક જન્મના ચકરાવામાં ભ્રમણ કરવાનું દુર્ભાગ્ય મટી જશે."

આ સાંભળી પિબૈકની સાન ઠેકાણે આવી. બીજે દિવસે સવારે તે સ્નાન

કરી, સ્વચ્છ સફેદ વસ્ત્રો પહેરી નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તેમને સાષ્ટાંગ દંડવત્ કર્યા, તેમનાં ચરણ પકડી લીધા. તેની આંખોમાંથી આંસુની ધારા ચાલી. નીલકંઠ વર્ણીનાં ચરણ એ ધારાથી ભીંજાયા. તે ચરણની ભીની રજ લઈ પિબૈકે માથે ચડાવી. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "પિબૈક ! જે સિદ્ધ હોય છે તે કોઈને ડરાવતા નથી. જે પરમાત્માની ખોજમાં નીકળેલા હોય છે તે કોઈથી ડરતા નથી. તારી મંત્રશક્તિને મારી પરમાત્મશક્તિએ ભસ્મસાત્ કરી નાખી !"

પાંચજન્ય શંખના ઘોષ જેવા નીલકંઠ વર્ણીના શબ્દો તેના અંતરમાં ઊતરી ગયા. નીલકંઠ વર્ણીનું સાન્નિધ્ય તેને દુઃસહ લાગ્યું. તેમની આંખોનો સૌમ્ય પ્રકાશ, પિબૈકને નાથવાનો તેમનો દૃઢ સંકલ્પ, પિબૈકની આજુબાજુ જાણે દિવ્ય ચક્રની ગતિ સમાન ફરવા લાગ્યો. નીલકંઠ વર્ણીની આ સૌમ્ય શક્તિએ પિબૈકના અહંકારનો હ્રાસ કર્યો. તેની વિદ્યા અહીં કામયાબ ન નીવડી. તે બોલી શક્યો નહિ, નીચું જોઈ રહ્યો. તેના શિષ્યોને નવાઈ લાગી. અજેય ગણાતા આ સિદ્ધ આ છોકરા પાસે કેમ શિયાળ જેવા બની ગયા ? નીલકંઠ વર્ણી ઉપર તેમના કોઈની આંખો મીટ માંડી શકી નહિ. પિબૈકે નીલકંઠ વર્ણીના ચરણનો ફરી સ્પર્શ કર્યો. નીલકંઠ વર્ણીના આશીર્વાદથી તેના અંતરમાંથી તામસી વૃત્તિઓ બહાર નીકળવા લાગી. તેના પૂર્વજીવનની તેને સ્મૃતિ થઈ. ક્યાં તે આગળનો વૈષ્ણવી બ્રાહ્મણ અને ક્યાં આજનો આસુરી પિબૈક ! નીલકંઠ વર્ણીનાં ચરણકમળને અશ્રુનો અભિષેક કરી તેણે તેનાં પાપ ધોયાં. પવિત્ર બનેલા અંતઃકરણે તેનાં જ્ઞાનચક્ષુ ખોલ્યાં. નીલકંઠ વર્ણીમાં તેને સાક્ષાત્ વિષ્ણુનાં દર્શન થયાં.

નીલકંઠ વર્ણીના અલ્પ સંબંધથી પિબૈકનું રૂપાંતર થઈ ગયું. પિબૈકના પૂર્વજીવનમાં પ્રભુ પામવાની તીવ્ર જિજ્ઞાસા હતી તેથી નીલકંઠ વર્ણી તેને શોધતાં શોધતાં કામાક્ષી ક્ષેત્રમાં આવ્યા હતા. તે સાથે સહેજે સહેજે પણ જેમણે તેમનાં દર્શન કર્યાં, નમસ્કાર કર્યા કે સેવા કરવાનો લહાવો લીધો તે સૌને નીલકંઠ વર્ણીએ દૃગદીક્ષા આપી, આશીર્વાદ આપ્યા.

નીલકંઠ વર્ણીએ પિબૈકને ઉઠાડ્યો, તેને માથે હાથ ફેરવતાં કહ્યું : "મુંડન કરાવી, હવેથી વૈષ્ણવી તિલક કરજો, ભગવદ્‌ગીતાનો પાઠ કરજો અને વિષ્ણુનું પૂજન કરજો. અન્યને આપણું સ્વરૂપ બિહામણું લાગે તેવો વેશ ધારણ ન કરવો. સાદાં વસ્ત્રો પહેરી સદા સૌમ્ય સ્વરૂપ રાખવું."

પિબૈક હજુ પણ નીલકંઠ વર્ણી સામું જોઈ શકતો ન હતો, છતાં નીલકંઠ વર્ણીની મૂર્તિ તેના અંતરમાં સ્થિર થઈ ગઈ હતી. તે નીચી દૃષ્ટિ કરી અંતરમાં

રહેલી નીલકંઠ વર્ણીની મૂર્તિને જાણે નીરખતો હોય તેમ તેમના આ શબ્દો સાંભળતો ઊભો જ રહ્યો. પછી નીલકંઠ વર્ણીએ તેને હલાવીને કહ્યું : "હવે પધારો, પૂર્વજન્મનું જ્ઞાન જેમ અજ્ઞાનથી વીસરી ગયા છો, તેમ તમારું જૂનું સ્વરૂપ, સ્વાંગ અને અભિચાર-પ્રયોગનું મલિન જ્ઞાન હવે આ જ્ઞાનચક્ષુ ખૂલ્યાં છે તેથી વીસારી દેજો. ભગવાન તમારું કલ્યાણ કરશે."

વર્ણી ત્યાંથી ઊઠ્યા. પિબૈકે તેમને ફરી પ્રણામ કર્યા. તેમના ચરણની રજ લઈ આખે શરીરે ચોપડી. વર્ણીએ તેને અભય આપ્યું હતું તેથી તેના સત્ત્વની સંશુદ્ધિ થઈ. નારાયણના સ્વરૂપનાં દર્શન થયાં. વૈષ્ણવી જીવન જીવવાનો આદેશ આપી વર્ણી હવે જતા હતા. તેને લાગ્યું કે વર્ણી જેટલા સ્થૂળ ભાવે દૂર જશે, તેટલા સૂક્ષ્મભાવે મારા અંતરમાં દઢ થશે. વર્ણીને અનેકનાં કલ્યાણ કરવાનાં હતાં તેથી તેમને વિશેષ રોકાવાનું કહી શકાય નહિ. તેમની મરજી પ્રમાણે વર્તવાથી જ તેમના સાન્નિધ્યનો અનુભવ થાય.

વર્ણી એક માસ રહીને નીકળ્યા. તેમની સાથે સિદ્ધોનું વૃંદ પણ નીકળ્યું પરંતુ હવે વર્ણીને એકલા પડવું હતું. તેથી તેઓને પાછા મોકલ્યા. આગળ વસમી વાટ હતી. અહીંથી એકદમ દક્ષિણમાં આસામનો ડુંગરાળ પ્રદેશ અને ઘાટાં જંગલો વટાવી જવાનું હતું. છતાં વર્ણીનો સંકલ્પ દઢ હતો. પ્રવાસમાં તેમણે કઠિનાઈને ગણકારી ન હતી. દેહના કષ્ટને પણ ગણ્યું ન હતું. તેમનો તો એક જ ઉદેશ હતો : સંતોને સુખ આપવું, દુષ્ટોનું પરિવર્તન કરવું કાં દમન કરવું.

નવલખા પર્વત ઉપર

શ્રી નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા અને ફરી દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. તેમનું લક્ષ્ય હતું દક્ષિણમાં ચટગાંઉ જિલ્લામાં નવલખો પર્વત.[૮૭]

---

૮૭. નીલકંઠ વર્ણીના વિચરણનો અહેવાલ જોતાં લાગે છે કે નવલખો પર્વત કોઈ પર્વતમાળા હોવી જોઈએ અને તે ભારત અને બ્રહ્મદેશની સરહદ પર આવેલી હોવી જોઈએ. તેમાં નવ લાખ યોગીઓ રહેતા હતા એટલે સંપ્રદાયમાં તેને નવલખો પર્વત કહે છે. જો કે એવું ભૌગોલિક નામ નકશામાં દેખાતું નથી. શિલોંગ આગળ હોય તેવું પણ વિદ્વાનોનું એક અનુમાન છે. સાંપ્રદાયિક ગ્રંથોમાં વર્ણન છે કે કળિનો ત્યાં પ્રવેશ નથી અને દિવ્ય ગતિ અને દિવ્ય દષ્ટિવાળા જ ત્યાં જઈ શકે છે. નીલકંઠ વર્ણી નવલખા પર્વતથી ઊતરી સીધા બાલવાકુંડ પધાર્યા છે. એટલે અનુમાનથી નવલખો પર્વત બાલવાકુંડની આસપાસ હોય તેમ માની શકાય.

આ સ્થાને પહોંચવાનું મુશ્કેલ હતું. આજુબાજુ ગીચ જંગલો હતાં અને રસ્તો વિકટ હતો. પરંતુ યુગોથી આ પર્વત ઉપર નવ લાખ યોગીઓ પુરુષોત્તમની પ્રતીક્ષા કરતા તપ કરતા હતા. આ રસ્તે જતાં જંગલમાં પ્રવેશતા રસ્તા ઉપર રાજાએ મૂકેલા ચોકિયાતોએ નીલકંઠ વર્ણીને અટકાવ્યા. તેમણે કહ્યું : "જંગલમાં હિંસક પ્રાણીઓનો ભય છે. મનુષ્યથી ત્યાં જઈ શકાય તેવું નથી. તેથી તો અમારા રાજાએ અહીં ચોકી બેસારી છે."

નીલકંઠ વર્ણી થંભ્યા. ધીરેથી તેમણે કહ્યું : "અમને જંગલી પ્રાણીઓ કંઈ કરી શકશે નહિ. અમારે ઉતાવળ છે માટે અમને જવા દ્યો."

રાજાના ચોકિયાતો વિચારમાં પડી ગયા. નીલકંઠ વર્ણી સામે તેમણે દૃષ્ટિ માંડી. તેમનું શરીર તપથી કૃશ થઈ ગયું હતું છતાં તેમના અવાજમાં તેમની સંકલ્પશક્તિનું બળ હતું, તેમની આંખોમાં તેજ હતું. તેમણે હાથ જોડી દીધા. નીલકંઠ વર્ણી તેમની સામું હસ્યા, અભય હાથ કરી આગળ ચાલ્યા.

તે જંગલમાં નીલકંઠ વર્ણીએ સવારે પ્રવેશ કર્યો. નદીઓ વટાવી, વાઘ અને ચિત્તાઓનાં ટોળાં આવ્યાં, હાથીઓનાં ઝુંડો આવ્યાં, રાની પશુઓ મળ્યાં, અવધૂતો મળ્યા પણ નીલકંઠ વર્ણીને તેમનું કોઈનું કામ ન હતું. તે તો દૃષ્ટિ બાંધીને ચાલ્યા જ જતા હતા. સંધ્યાટાણે તેઓ પર્વત પાસે પહોંચ્યા.

આ.સં. ૧૮૫૩ની પોષી પૂનમની અજવાળી રાત હતી. ચડતાં ચડતાં તેમને ઠેરઠેર સિદ્ધો અને તેમની સન્મુખ ધગતી ધૂણી દેખાવા લાગી. પર્વત ઉપરની આ વિચિત્રતા તેમને અલૌકિક લાગી. નીલકંઠ મહાપ્રભુ તેમની બાજુમાં થઈને ચાલવા લાગ્યા. કોઈ કોઈકને તેઓ બોલાવતા પણ તેઓ કોઈ બોલતા નહિ. આ જોઈ નીલકંઠ વર્ણીને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણી ઉપર પહોંચ્યા. ત્યાં તેમણે સિદ્ધોને સિદ્ધાસન લગાવી કાષ્ઠની મૂર્તિની પેઠે સ્થિર થઈ બેઠેલા જોયા. આ આશ્ચર્યમય ઘટના મનુષ્યની બુદ્ધિને અકળ લાગે તેવી હતી. નીલકંઠ પ્રભુ પણ ત્યાં જ આસન જમાવી બેસી ગયા. તેમણે ધ્યાનમાં જોયું તો આ બધાં આશ્ચર્યો આ પર્વતનાં જ હોય તેમ તેમને જણાયું. એટલામાં મૂર્તિમાન પર્વત તેમની પાસે આવ્યો. તેમના ચરણકમળમાં પ્રણિપાત કરી, તેણે બે હાથ જોડી સ્તુતિ કરી : "હે પ્રભુ ! આપ કેવળ મારે માટે જ અહીં પધાર્યા છો. આપનાં દર્શનથી ખરેખર હું ધન્ય ધન્ય બની ગયો છું."

તેવામાં સિદ્ધો પણ પુરુષોત્તમના આગમનની દિવ્ય પ્રેરણાથી જાગ્રત થઈ નીલકંઠ મહાપ્રભુ પાસે આવવા લાગ્યા. નીલકંઠ વર્ણી આ બધાને

આવતા જોઈ આશ્ચર્ય પામ્યા. પોતાની જ માયામાં પોતે જાણે અટવાયા હોય તેવું અજ્ઞાન બતાવતાં તેમણે મૂર્તિમાન બનેલા પર્વતને પૂછ્યું : "આપની માયા મને અકળ લાગે છે. આપ કોણ છો ? આ બધા સિદ્ધો કોણ છે ? આ અગ્નિકુંડો શા માટે છે ?"

નીલકંઠ મહાપ્રભુના આ પ્રશ્નો સાંભળી ગિરિરાજ હસ્યા. તેમણે કહ્યું : "આપનું અજ્ઞાન અમને મોહ ઉપજાવે છે. આપ તો સર્વજ્ઞ છો છતાં પૂછો છો એટલે કહું છું. સર્વ પર્વતોમાં હું પૂજ્ય છું. અહીં નવ લાખ સિદ્ધો રહે છે. આપનાં દર્શનની તીવ્ર જિજ્ઞાસાથી તેઓ આજે યુગોથી તપ કરી રહ્યા છે. આ બધો પ્રતાપ તેમના તપનો છે. તેમના આશ્રમ સમક્ષના કુંડોમાં દિવસે પાણી હોય છે, રાત્રે અગ્નિ. અગ્નિ પ્રગટે એટલે સિદ્ધ પણ પ્રગટે. દિવસે કોઈને કાંઈ પણ ન દેખાય. અહીં માનવીથી આવી શકાતું નથી."

નરનાટ્યનો પૂરો ભાવ ભજવતા નીલકંઠ વર્ણી આ સાંભળી આશ્ચર્યથી માથું હલાવવા લાગ્યા. તેમણે કહ્યું : "અહો ! તમો સૌ બહુ મોટા છો."

સિદ્ધોએ કહ્યું : "આપની મોટાઈને સમજવા માટે અમે આ તપ કરીએ છીએ. તેથી કદાચ અમારામાં કાંઈક મોટાઈ દેખાતી હશે. પણ આપની આગળ તો અમે ક્ષુદ્ર છીએ."

નીલકંઠ વર્ણીએ તેમનો ભાવ જોયો, ભક્તિ જોઈ, પરમાત્માને પામવાની અભીપ્સા જોઈ. તેમણે તરત જ નવ લાખ સ્વરૂપ ધારણ કર્યાં. એક એક સ્વરૂપે એક એક સિદ્ધને મળ્યા. તેમના મનોરથ પૂરા કર્યા. પછી બધાં જ સ્વરૂપો પોતામાં લીન કરી પોતે સિદ્ધો પ્રત્યે કહેવા લાગ્યા : "યોગમાં સિદ્ધિ તો છે પણ સિદ્ધિમાં વિઘ્ન છે. દાસત્વભાવથી કરેલી ભક્તિમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ ઉદય થાય છે અને મોક્ષ પણ ભક્તિથી જ થાય છે."

નીલકંઠ વર્ણીના આ શબ્દોનો મર્મ સિદ્ધોને સમજાયો. યોગમાં પ્રગટ પ્રભુનો સંબંધ રહેતો નથી અને પ્રગટ પ્રભુના સંબંધ વગર યોગ સિદ્ધ પણ થતો નથી. પરંતુ આ યોગીઓને આજે પ્રભુકૃપાથી તેમના યોગનું ફળ મળી ગયું. હવે આ સિદ્ધિને સાચવી રાખવા નીલકંઠ વર્ણીની મૂર્તિના ધ્યાનમાં જ રત રહેવાનો તેમણે નિશ્ચય કરી લીધો. નીલકંઠ વર્ણીના શબ્દોમાં આ મર્મ હતો. જેમના સંબંધે જ અજ્ઞાન નાશ પામે તે સંબંધને પામીને આ સિદ્ધો નીલકંઠ વર્ણીના શબ્દોનું રહસ્ય કેમ ન સમજી શકે ? પ્રાણને ષટ્ચક્રોમાં ભમાવવા કરતાં પણ ચિત્તને આ દિવ્ય મૂર્તિમાં જોડી દેવું તેમને વધુ શ્રેષ્ઠ લાગ્યું. નીલકંઠ

વર્ણીએ તેમને સૌને પોતાના સ્વરૂપનું જ્ઞાન અને સંબંધ કરાવી તેમનો મોહ વિદાર્યો. પોતે જે કાર્ય માટે અહીં આવ્યા હતા તે થયું. નવ લાખ યોગીઓનો મોક્ષ કર્યો. ત્રણ દિવસ રહી નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા.

નીલકંઠ વર્ણી ઉત્તરમાં રામકોટ[૮૮] તરફ જવા લાગ્યા. ત્યાં જવાની તેમની ઇચ્છા હતી, કારણ કે ત્યાંના લોકો સંતોને ખૂબ પૂજે છે. ઘેર ઘેર જમાડે છે અને તેમની પ્રસાદી લે છે. પરંતુ એમાં સંતોનું અધઃપતન છે એવું નીલકંઠ વર્ણીને દેખાયું. અત્યંત માન એ મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. નીલકંઠ વર્ણીએ ત્યાં જવાનો વિચાર માંડી વાળ્યો અને બાલવાકુંડ તરફ ચાલ્યા.

બાલવાકુંડ તરફ

સીતાકુંડથી ચાર માઈલ દૂર આ બાલવાકુંડ આવેલો છે. તેને વાડવકુંડ પણ કહે છે. કુંડનું નામ જ અર્થસૂચક છે. ત્યાંના જળને અગ્નિનો સંબંધ હતો એટલે કુંડના જળમાં અગ્નિ વાયુથી પ્રગટ રહે છે. પાસેના ખડકોમાંથી પણ અગ્નિ નીકળ્યા જ કરે છે. નીલકંઠ મહાપ્રભુ અહીં ત્રણ દિવસ રહ્યા. અગ્નિની જ્વાળા સમાન ગરમ કુંડમાં રોજ સ્નાન કરતા. યાત્રિકો આશ્ચર્યવત્ આ જોઈ રહેતા. પંદર-સોળ વર્ષના બાળકની આ સિદ્ધિ જોઈ તેમને આશ્ચર્ય થતું. પરંતુ નીલકંઠ વર્ણીને કાંઈ એવી સિદ્ધિ દેખાડવી ન હતી. તેમને તો કુંડના પાણીને પ્રસાદીભૂત કરી તેને તીર્થત્વ આપવું હતું. અહીં ત્રણ દિવસ રહીને નીલકંઠ વર્ણી નીકળ્યા. બંગ દેશનો ત્યાગ કરી ગૌડ દેશમાં નદિયા (નવદ્વીપ), શાંતિપુર થઈને ગંગાસાગર તીર્થમાં પહોંચ્યા.

ગંગાસાગર તીર્થમાં

ગંગા અને સાગરનો જ્યાં સંગમ થાય છે તે સ્થળને ગંગાસાગર તીર્થ કહેવાય છે.[૮૯] વર્ણી મહાપ્રભુ અહીં પધાર્યા અને સંગમમાં સ્નાન કર્યું. અહીં

---

૮૮. ચટગાંવ જિલ્લામાં મનિકચેર ગામ પાસે રામગઢ.

૮૯. કલકત્તાથી ૩૮ માઈલ દૂર ડાયમંડ હાર્બર ઉપરથી હોડીમાં અથવા સ્ટીમરમાં આ યાત્રાના સ્થાને જઈ શકાય છે. અહીં મકરસંક્રાંતિનો મેળો ભરાય છે જે પાંચ દિવસ રહે છે. યાત્રિકો તે વખતે ત્યાં સમુદ્ર સ્નાન કરે છે. શ્રાદ્ધ પણ કરે છે. અહીં વિશાલાક્ષીનું મંદિર પણ છે. બીજાં પણ પ્રાચીન મંદિરો છે. અત્યારે તો ગંગાનો પ્રવાહ હટી ગયો છે, એટલે સંગમ જેવું દેખાતું નથી. ફક્ત ગંગાજીનું એક નાનું ➤

ત્રણ દિવસ રહ્યા. મકરસંક્રાંતિના મેળામાં આવેલા યાત્રિકોને દર્શનનો લાભ આપ્યો પણ કોઈ આ વિભૂતિને ઓળખી શક્યા નહિ. સૌ સાગરસ્નાન, શ્રાદ્ધ, પિંડદાન વગેરે ક્રિયામાં મગ્ન હતા. ધર્મને કેવળ ક્રિયા માનનાર અજ્ઞાની જનોનો ઓરતો કર્યા સિવાય નીલકંઠ વર્ણી ત્રીજે દિવસે ત્યાંથી હોડીમાં બેસી સાગરદ્વીપમાં આવેલા સુંદરવનમાં કપિલાશ્રમ પધાર્યા.

કપિલ મુનિના આશ્રમમાં

કર્દમ અને દેવહુતિના પુત્ર કપિલ મુનિ સાંખ્યમતના આચાર્ય છે. સાંખ્યને બુદ્ધિ પણ કહી છે. બુદ્ધિ સતેજ હોય, સાત્ત્વિક હોય તો તે જગતના વિષયોમાં આસક્ત ન થાય, પરમાત્મામાં સ્થિર થાય. આ અમૂલ્ય ભેટના દાતા ભગવાન કપિલદેવે આ સ્થળે ઘણાં વર્ષો સુધી તપ કર્યું હતું. હજુ પણ ઘણા ભાવિકોને આ સ્થાને કપિલ મુનિનાં દર્શન થાય છે. દૃષ્ટિ હોય તેવી સૃષ્ટિ બને છે. દૃષ્ટિમાં ભગવાન હોય તો ભગવાન સર્વત્ર દેખાય છે. દૃષ્ટિમાં જગત હોય તો જગત સિવાય ભગવાનનું અસ્તિત્વ જ મનાતું નથી.

નીલકંઠ મહાપ્રભુ અહીં પધાર્યા અને કપિલ મુનિના આનંદનો પાર ન રહ્યો. સર્વ અવતારોનું મૂળ એવા પરમાત્મા નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા, પોતાને દર્શન દીધાં એટલે કપિલ મુનિને લાગ્યું કે આજે તપનો અવધિ આવી ગયો. તેમને એ વાતે પણ સંતોષ થયો કે મારું રચેલું સાંખ્યશાસ્ત્ર જગતના મુમુક્ષુઓને આ પરમાત્મા જ સાચી રીતે સમજાવશે. તેમણે નીલકંઠ વર્ણીની પૂજા કરી. નીલકંઠ વર્ણીએ તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું : "તમારા સાંખ્યદર્શનનો સમન્વય અન્ય દર્શનો સાથે કરીને તમારા મતને તમારા વિચારો પ્રમાણે પ્રવર્તાવીશ."

કપિલ મુનિને આનંદ થયો. નીલકંઠ પાસેથી ઊઠીને તેમના મંદિરમાં સિદ્ધાસને બિરાજેલી શ્વેતસ્વરૂપ મૂર્તિમાં તે સમાઈ ગયા.

વર્ણીરાટને આ એકાંત સ્થાન ગમી ગયું. અહીં મંદિરમાં જ પોતે પોતાના સ્વરૂપના ધ્યાનમાં મગ્ન બની ગયા. સાત દિવસ સુધી અખંડ ધ્યાનસ્થ સ્થિતિમાં બેસી રહ્યા. દર્શને આવનારા યાત્રિકોને આ ધ્યાનસ્થ યોગીની સ્થિતિ અલૌકિક લાગી. તેમને ભ્રાંતિ પણ થતી કે સાક્ષાત્‌ કપિલ મુનિ તો આ ધ્યાનસ્થ દશામાં અહીં બેસી નહિ ગયા હોય ને !

વહેણ સાગરને મળે છે. સાગરદ્વીપમાં કપિલ મુનિનો આશ્રમ હતો. અત્યારે તો કપિલજીનું મંદિર જીર્ણ થઈ ગયું છે અને કપિલજીની મૂર્તિ ત્યાંથી ખસેડી લીધી છે.

નીલકંઠ વર્ણી સ્વસ્વરૂપમાં સ્થિત હતા છતાં મુમુક્ષુઓને તેમની આ લીલાના પ્રસંગોમાંથી ઉપદેશ મળતો કે જગતમાંથી વૃત્તિ પ્રતિલોમ કરી ભગવાનમાં જોડવાનો અભ્યાસ કરવો જોઈએ. અહીં આવતા યાત્રિકોને તેઓ ઉપદેશ પણ આપતા. સર્વ સાધન કરતાં સત્સંગને અધિક માની સત્પુરુષના પ્રસંગથી પરમાત્માના સ્વરૂપને જાણવાની આવશ્યકતા સમજાવતા.

અહીં પૃથ્વીએ ગાયનું રૂપ ધરી અધર્મનો નાશ કરવા વર્ણીન્દ્રને પ્રાર્થના કરી. પોતે એક માસ રહ્યા. અહીંનું કાર્ય સમાપ્ત થયું એટલે મુમુક્ષુઓનો સાદ સાંભળી તેમણે આગળ પ્રયાણ કર્યું.

જયરામદાસને નીલકંઠ વર્ણીનો સંબંધ થાય છે

વર્ણી મહાપ્રભુ આગળ ચાલ્યા[૯૦] અને ઘનઘોર ઝાડીની ઘટા વિતાવી. સવારમાં એક ગામ આવ્યું ત્યાં વિશ્રામ કરવાનો વિચાર કર્યો. તે ગામમાં એક વેરાગી ગૃહસ્થાશ્રમના ત્યાગવાળો બાવો હતો અને બીજો સંજોગી-ગૃહસ્થાશ્રમવાળો હતો. અહીં જે ત્યાગીનું મંદિર હતું ત્યાં નીલકંઠ વર્ણી આવ્યા. ત્યાગી બાવાએ તેમનું સ્વરૂપ જોયું. તપથી શરીર કૃશ હતું છતાં તેમની કાન્તિ અપૂર્વ હતી. તેણે વર્ણીરાજને કહ્યું : "પધારો, આ મંદિરમાં ઉતારો કરો."

તેનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી મંદિરમાં ગયા. મંદિરનો મહંત તો નીલકંઠ વર્ણીને જોઈ જ રહ્યો. નીલકંઠ વર્ણી તેને અદ્‌ભુત લાગ્યા. નીલકંઠ વર્ણી સ્નાન કરી, નિત્યકર્મથી પરવારી પાસે ઠાકોરજીને દંડવત્ કરી સભામાં પધાર્યા.

સભામાં મહતજી રામકથા વાંચતા હતા. નીલકંઠ વર્ણીએ જોયું કે સભામાં ફક્ત બે બાળાઓ જ બેઠી હતી. નીલકંઠ વર્ણીને જોઈ મહંતજીએ તેમને બેસવા જગ્યા આપી. પછી ધીરેથી નીલકંઠ વર્ણીએ પૂછ્યું : "આ કન્યાઓ કોણ છે ?"

મહંતે કહ્યું : "અહીં બીજા એક સંજોગી બાવા છે તેમની આ બે પુત્રીઓ છે. રામકથામાં તેમને સારો રસ છે. એક પુત્ર પણ છે. તેનું નામ જયરામદાસ

---

૯૦. રસ્તામાં એક ગામ આવ્યું. જગન્નાથપુરી જવા માટે જે રસ્તો લેવાનો હતો તે દિશામાં માથા વગરનો ખવીસ હોવાને કારણે રાજાએ બંધી કરી હતી. છતાં પણ વર્ણી ડર્યા વિના આગળ ચાલ્યા અને ખવીસનો ઉદ્ધાર કર્યો.
ત્યાંથી આગળ ચાલ્યા. બીજા એક ગામમાં સ્ત્રીનો સંસર્ગ રાખતા બાવાને અષ્ટ પ્રકારે સ્ત્રીના ત્યાગનો સાધુનો ધર્મ સમજાવ્યો. (સ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર; ભાગ-૧, પૃ. ૩૮૫, ૩૮૮)

છે. તે પણ સાધુચરિત છે.''

નીલકંઠ વર્ણીને આ વાતમાં રસ પડ્યો. પરંતુ એ જિજ્ઞાસા છુપાવી તેઓ કથા સાંભળવા લાગ્યા. કથામાં કાંઈક કઠિન શબ્દો આવ્યા એટલે કન્યાએ પ્રશ્ન પૂછ્યો : ''મહંતજી ! આ કાંઈ સમજાયું નહિ.''

મહંતજીને પણ સમજાયું ન હતું. પરંતુ અજ્ઞાનનો પ્રકાશ કરે તો મોભાનું માન જાય. તેથી તેણે ગમે તેમ અર્થ કરી સમજાવી દીધું. નીલકંઠ વર્ણી આ સાંભળી હસ્યા. કન્યાએ નીલકંઠ વર્ણી સામું જોયું પણ તેમની દૃષ્ટિ નીચી હતી. કન્યા સમજી ગઈ કે મહંતજીએ આડુંઅવળું સમજાવી દીધું છે. એટલામાં નીલકંઠ વર્ણીએ કહ્યું : ''મહંતજી ! આપની આજ્ઞા હોય તો હું સમજાવું.''

મહંતજીને પરિસ્થિતિ મૂંઝવણભરી લાગી. છતાં તેમણે સરળતાથી કહ્યું : ''ભલે, આપ સમજાવો.''

નીલકંઠ વર્ણીએ કથામાં આવેલા શબ્દોના અર્થ સુંદર રીતે સમજાવ્યા. મહંતજીને પણ તે સાંભળી આનંદ થયો. બંને કન્યાઓ નીલકંઠની દિવ્ય પ્રતિભા અને વિદ્વત્તાથી મુગ્ધ થઈ ગઈ.

આ બંને પુત્રીઓએ તેમનાં માતા-પિતાને વાત કરી કે મંદિરમાં એક વર્ણી આવ્યા છે. શરીર એકદમ કૃશ છે છતાં સૂર્યને શરમાવે તેવી કાન્તિ છે. મસ્તક ઉપર જટાનો મુગટ ધારણ કર્યો છે એટલે સાક્ષાત્‌ શિવજી જેવા દેખાય છે. આંખોમાં અમી છે. તેમાં રામની કરુણા સભર ભરી હોય તેમ જણાય છે. વાણી મયૂરના મુખમાંથી મલ્હારના સ્વર જેવી ગંભીર અને આહ્‌લાદક છે. જ્ઞાનનું તો જાણે મૂર્તિમાન સ્વરૂપ છે. શબ્દમાં સમાયેલ અર્થને છૂટા કરીને સ્પષ્ટ સમજાવે છે. દૃષ્ટિ માંડીને કોઈની સામું જોતા નથી. અમને તો લાગે છે કે સાક્ષાત્‌ પરમાત્મા જ પધાર્યા છે !

પુત્રીની વાણી સાંભળી માતા-પિતાને પણ કુતૂહલ થયું. ગૃહસ્થાશ્રમી છતાં પ્રભુભક્તિમાં રત રહેતા આ બાવાજીને નીલકંઠ વર્ણીનાં દર્શનની તાલાવેલી લાગી. તેનું પોતાનું પણ આગવું કૃષ્ણમંદિર હતું. તેને થયું, આ વર્ણીને હું મારા મંદિરમાં તેડી લાવું.

તે જ સાંજે તે બાવો નીલકંઠ વર્ણીને પોતાના મંદિરે તેડી લાવવા ગયો. તેણે નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. પુત્રીઓએ વર્ણવ્યા હતા તેવા સાક્ષાત્‌ જોયા. તરત જ પગે પડી ગયો. તેણે હાથ જોડી નીલકંઠ વર્ણીની સ્તુતિ કરતાં કહ્યું : ''મહારાજ ! મારા મંદિરે પધારો.''

નીલકંઠ વર્ણીએ કહ્યું : "અહીંના મહંતજી જો રજા આપે તો આવીએ."

તે બાવો મહંતજી પાસે ગયો. હાથ જોડી ખૂબ કરગર્યો. તેનો ભાવ જોઈ મહંતજીએ કહ્યું : "ભલે, તેમને લઈ જાઓ પણ તેમને સાચવજો."

સંજોગી બાવાના કૃષ્ણ-મંદિરે નીલકંઠ આવ્યા. આ બાવાજીને નીલકંઠ વર્ણી માટે અપૂર્વ પ્રેમ પ્રગટ થયો હતો. તેમની સેવામાં તેમણે પોતાના પુત્ર જયરામદાસને રાખ્યો. જયરામદાસ સત્ત્વગુણી અને સંસ્કારી હતો. નીલકંઠ વર્ણીની તે શ્રદ્ધાપૂર્વક સેવા કરવા લાગ્યો. રોજ સરોવરમાં થતાં કમળનાં ફળ (કમળકાકડી) તે લઈ આવતો અને નીલકંઠ વર્ણીને પ્રેમથી આપતો. તેનાં માતા-પિતા પણ નીલકંઠ વર્ણીની સેવામાં તત્પર રહેતાં. નીલકંઠ વર્ણીની સેવા મળી તેથી પોતાનાં અહોભાગ્ય માનતાં.

તેમની આવી શ્રદ્ધા અને ભક્તિથી પ્રસન્ન થઈ એક રાત્રે કથા પ્રસંગે નીલકંઠ વર્ણીએ પોતાનું અદ્‌ભુત ઐશ્વર્ય બતાવ્યું. તેમના શરીરમાંથી શીતળ અને શાંત તેજ નીકળ્યું. જયરામદાસ અને તેનાં માતા-પિતા આ તેજ જોઈ પોતાનાં સ્વરૂપનું ભાન ભૂલી ગયાં. 'સ્વ'નો ભાવ ભૂલ્યાં કે તરત જ તે તેજમાં શ્રીહરિની દિવ્ય મૂર્તિનાં દર્શન તેમને થયાં. ગદ્‌ગદ થઈ બાષ્પકંઠે સ્તુતિ કરતાં તેમણે તે સમગ્ર તેજ પાછું નીલકંઠની મૂર્તિમાં લીન થતું જોયું. દિવ્ય તેજમાં જોયેલી શ્રીહરિની મૂર્તિ અને પોતાની પ્રત્યક્ષ બિરાજેલી નીલકંઠ વર્ણીની મૂર્તિ તેમને સરખી લાગી. તેમને નિશ્ચય થઈ ગયો કે શ્રીહરિ સ્વયં આ નીલકંઠસ્વરૂપે આજે પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. શ્રીહરિના દિવ્ય સ્વરૂપનાં આજે તેમને પ્રત્યક્ષ દર્શન થયાં તેથી તેઓ કૃતકૃત્ય થઈ ગયાં. આંખમાંથી હર્ષનાં આંસુ પડવા લાગ્યાં. સ્તુતિના શબ્દો માટે વાણી વામણી બની ગઈ ! કેટલીય વાર નીલકંઠ વર્ણી સમક્ષ એકાગ્ર દૃષ્ટિથી તેઓ જોઈ રહ્યાં. છેવટે તેમના ચરણકમળમાં પ્રણિપાત કરી ફક્ત એટલું બોલ્યાં : "હે હરિ ! અમે તમારાં છીએ, આ જયરામ પણ આપનો સેવક છે. તેને સ્વીકારજો."

જયરામદાસ તથા તેના માતા-પિતાને હવે જીવનમા શ્રીહરિની અનેકાનેક પ્રકારે સેવા કરવી એ જ એક ધ્યેય થઈ ગયું. નીલકંઠ મહાપ્રભુને થાળ ધરાવ્યા સિવાય ઠાકોરજીને પણ થાળ ધરાવતાં નહિ. તેમને પ્રતીતિ થઈ ગઈ હતી કે સિંહાસને બિરાજેલા ઠાકોરજી તે જ પ્રત્યક્ષ નીલકંઠ વર્ણી છે. તેમને નીલકંઠ વર્ણીની કૃપાથી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ હતી.

એક દિવસ નીલકંઠ વર્ણીએ જયરામદાસને પૂછ્યું : "જયરામ ! તું આ

કમળકાકડી રોજ ક્યાંથી લાવે છે ?''

જયરામે કહ્યું : ''પ્રભુ ! અહીં એક સરોવર છે. તેમાં પુષ્કળ કમળ થાય છે. ત્યાંથી હું અને મારો મિત્ર કૃષ્ણ તંબોળી આ ફળ લઈ આવીએ છીએ.''

નીલકંઠ વર્ણી આ સાંભળી રહ્યા. પછી તેમણે કહ્યું : ''મને તું તે સરોવરે ન લઈ જા ?''

''ઓહો ! એમાં તે શું ? આજે સાંજે જ આપણે સાથે જઈશું.''

તે સાંજે નીલકંઠ મહાપ્રભુ, જયરામદાસ અને કૃષ્ણ તંબોળી તે સરોવરે આવ્યા. સરોવરની શોભા જોઈ નીલકંઠ વર્ણીને આનંદ થયો. તેમાં ખીલેલાં કમળો તેમણે જોયાં. ત્યાં તેમની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. તેમણે કમળમાં લક્ષ્મીજી જોયાં. તેમણે લક્ષ્મીજીને સંજ્ઞા કરી કહ્યું : ''તમારી મૂર્તિની પણ પ્રતિષ્ઠા હું કરીશ. તમે ભગવાનની શક્તિ છો એટલે તમારો પણ આદર કરવો જોઈએ. પરંતુ તમારા આદરમાં જો લોકો નારાયણને ભૂલશે, તો તમે લોકોને શાપરૂપ બનશો.''

નીલકંઠ વર્ણીને આ પ્રમાણે કમળો તરફ સ્થિર દૃષ્ટિ માંડીને જોઈ રહેલા જોઈ જયરામદાસે તેમને હલાવ્યા. પછી કહ્યું : ''પ્રભુ ! સાંજ થવા આવી છે. ઘર તરફ જઈશું ?''

નીલકંઠ હજુ વિચારમાં હતા. તેમણે ત્યાં એક હોડી જોઈ. તેમણે જયરામને કહ્યું : ''જયરામ ! આપણે થોડો સમય નૌકાવિહાર કરીને પછી ઘેર જઈએ.''

જયરામે અનિચ્છા છતાં હા કહી. ત્રણે જણા નૌકામાં બેઠા. નીલકંઠ વર્ણી અને કૃષ્ણ તંબોળી હલેસાં મારતા હતા. નૌકાવિહાર કરતાં સંધ્યાટાણું થઈ ગયું. કમળો બિડાવા લાગ્યાં. રાત પડતી હતી. જયરામે નીલકંઠ વર્ણીને કહ્યું : ''પ્રભુ ! હવે પાછા વળીશું ?''

''ફક્ત સામે કિનારે જઈને પાછા વળીએ.'' નીલકંઠ વર્ણીએ કહ્યું.

જયરામ અને કૃષ્ણ તંબોળી બંનેની છાતી હવે ધડકવા લાગી. પરંતુ નીલકંઠ વર્ણીની મરજી તેઓ લોપી શક્યા નહિ. સામે કિનારે હોડી પહોંચી અને નીલકંઠ વર્ણી તરત જ હોડીમાંથી કિનારા ઉપર કૂદી પડ્યા. જયરામને ધ્રાસકો પડ્યો. તેણે તરત જ બૂમ મારી : ''મહાપ્રભુ ! ત્યાં હવે નથી જવું, આગળ તો વિકરાળ પ્રાણીઓથી ભરપૂર ઘોર જંગલ છે.''

પરંતુ નીલકંઠ વર્ણીએ તો કાંઈ સાંભળ્યું નહિ. અંધારું જામતું હતું, તમરાં બોલતાં હતાં અને નીલકંઠ વર્ણી આગળ ચાલતા હતા. જયરામદાસને તેની માતાનાં વચન યાદ આવ્યાં : ''વર્ણીથી કદી છૂટો ન પડીશ.'' તે ન છૂટકે અને

ધડકતે હૈયે નીલકંઠ વર્ણીની પાછળ જવા લાગ્યો. કૃષ્ણ તંબોળી પણ સાથે ગયો. નીલકંઠ વર્ણીની ચાલવાની ગતિને કોઈ પહોંચે તેમ ન હતું. અંધારામાં પણ જાણે પ્રકાશ પથરાયો હોય તેમ તેમનાં ડગલાં સ્થિર પડતાં હતાં. જયરામ અને કૃષ્ણ તંબોળી પાછળ અથડાતા, પછડાતા ચાલતા હતા. રાની પશુઓની ત્રાડથી તેમનાં હૈયાં ધબકતાં હતાં. એટલામાં વીજળી થઈ અને એક રીંછ ભયંકર ત્રાડ પાડીને તેમના ઉપર ધસી આવ્યું. તેમનાથી બૂમ મરાઈ ગઈ : "ની.....લકંઠ !"

નીલકંઠ વર્ણીએ પાછળ જોયું. તેમની આંખોમાં પ્રકાશ હતો. તેમણે રીંછને જયરામદાસ તથા કૃષ્ણ તંબોળી પાસે ઊભેલો જોયો. તેઓ બંને બીકથી ધ્રૂજવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ તેમને કહ્યું : "તમે બીશો નહિ. રીંછ તમને હેરાન નહિ કરે."

"અરે, શું બીશો નહિ ? આ કાળમુખો હમણાં પકડીને ચીરી નાખશે તોય કહો છો કે બીશો નહિ ?" જયરામથી બોલાઈ ગયું. તે ઝાડ ઉપર ચડવાના પ્રયત્નો કરતો હતો. ત્યાં તો તેના હાથ ઉપરથી જાણે કોઈ સુંવાળું પ્રાણી પસાર થતું હોય તેમ તેને લાગ્યું. તે સમજી ગયો, નક્કી સાપ છે. હવે મૃત્યુમાંથી ઊગરવું મુશ્કેલ છે. ઝાડને ઓથે લપાયો. ત્યાં રીંછ તેનાં નસકોરાં ફુલાવી, ગરમ શ્વાસ કાઢી તેની નજીક આવતો હોય તેમ તેને લાગ્યું. તે અસહાય બની ગયો. એટલામાં કૃષ્ણ તંબોળી તેને અથડાયો. તે ગભરાયો. તેને લાગ્યું કે નક્કી રીંછે હવે તેને પકડ્યો. તેણે જોરથી બૂમ મારી : "નીલકંઠ."

એટલામાં કૃષ્ણ તંબોળીનો અવાજ તેણે સાંભળ્યો : "કોણ જયરામ ?"

"અરે હા, પણ ભાઈ, નીલકંઠ ક્યાં છે ? અહીં મોત આવીને સામે ઊભું છે."

નીલકંઠ વર્ણી પાસે જ હતા. તે આ બધો તાલ જોતા હતા. તેમનો એક હાથ રીંછ ઉપર ફરતો હતો. તેમણે ધીમેથી કહ્યું : "જયરામ ! ગભરાઈશ નહિ. રીંછ તો મારી પાસે ઊભું છે." એટલું કહીને તેમણે જયરામના શરીર ઉપર હાથ ફેરવ્યો. આ શીતળ સ્પર્શથી જયરામનું ધબકતું હૈયું શાંત થયું. તેને અંધારામાં પણ દેખાયું કે રીંછ નીલકંઠ વર્ણીના પગમાં બેસી ગયું હતું. નીલકંઠ વર્ણીએ જયરામનો હાથ પકડી તેને ખેંચ્યો. સાથે કૃષ્ણ તંબોળી પણ ખેંચાયો. બન્નેએ આ કૌતુક જોયું. નીલકંઠ વર્ણીએ રીંછના માથા ઉપર હાથ મૂકીને કહ્યું : "હવે જાઓ."

રીંછ ત્યાંથી ચાલ્યું ગયું અને જયરામ તથા કૃષ્ણ તંબોળીના જીવમાં જીવ આવ્યો. પછી તેઓ ત્યાંથી પાછા ફર્યા. જયરામ અને કૃષ્ણ તંબોળી નીલકંઠ વર્ણીની બન્ને બાજુ તેમના હાથ પકડીને ચાલતા હતા. જયરામે નીલકંઠ વર્ણીને

પૂછ્યું : "પ્રભુ ! એ રીંછને મળવા જ તમે આવ્યા હતા ? એ કોણ હતો ?"

નીલકંઠ વર્ણીએ કહ્યું : "તે જાંબુવાન હતો.[૯૧] કૃષ્ણના સમયમાં તેણે કૃષ્ણની સેવા કરેલી પણ નિઃસંશય થયો નહોતો. આજે તેને અમારો યોગ થઈ ગયો. આજે તેનું કલ્યાણ થઈ ગયું."

એટલું કહી પછી તેમણે કહ્યું : "જયરામ ! અમારી કોઈ ક્રિયા હેતુ વગરની હોતી નથી. અહીં આવવામાં પણ તેને મળવાનું જ પ્રયોજન હતું. કપિલાશ્રમથી અમે સીધા જગન્નાથપુરી જવાના હતા. પણ તને સંસ્કારી અને મોક્ષભાગી જાણી આ ગામમાં અમે આવ્યા. અમે કેવળ તીર્થમાં જ ફરીએ છીએ એવું નથી, પણ જ્યાં જ્યાં મુમુક્ષુઓ હોય ત્યાં ફરતાં ફરતાં તેમનું કલ્યાણ કરવા પણ જઈએ છીએ. જયરામ ! આ રીંછ હવે તેના દેહનો ત્યાગ કરી દેશે. મનુષ્યરૂપે સત્સંગમાં જન્મશે, અમારો તેને યોગ થશે અને તેનું કલ્યાણ થશે."

જયરામદાસ તથા કૃષ્ણ તંબોળી નીલકંઠ વર્ણીની વાણી સાંભળી જ રહ્યા. જયરામદાસને આશ્ચર્ય થયું. છતાં અંતરમાં બીક પણ લાગી કે રખે નીલકંઠ વર્ણી બીજા મુમુક્ષુઓને શોધવા ચાલ્યા જશે તો ? તેણે જોરથી નીલકંઠ વર્ણીનો હાથ પકડ્યો. નીલકંઠ વર્ણી તેનો ભાવ સમજી ગયા. તે મનમાં હસ્યા કે જયરામ બીચારો ક્યાં જાણતો હતો કે નીલકંઠ વર્ણી કોઈના પકડ્યા પકડાય તેવા ન હતા અને રોક્યા રોકાય તેવા ન હતા. આ લોકનાં કોઈ બંધનથી તે બંધાય તેવા ન હતા. તેમને પ્રેમનું, ભક્તિનું બંધન ખપતું હતું. એ જ્યાં હશે ત્યાં નીલકંઠ વર્ણી એક યા બીજા સ્વરૂપે જરૂર પહોંચી જશે.

એટલામાં તો સરોવર આવી ગયું. ત્રણેય જણા હોડીમાં બેસી ગયા. જ્યારે મોડી રાતે તેઓ ઘેર આવ્યા, ત્યારે જયરામદાસનાં માતા-પિતા આતુરતાથી તેમની રાહ જોઈ રહ્યાં હતાં.

નીલકંઠ વર્ણીએ વિચાર્યું કે અહીં જયરામનું, તેનાં માતા-પિતાનું અને આ રીંછનું કામ થઈ ગયું. હજુ ઘણા મુમુક્ષુઓ મારી રાહ જોઈ રહ્યા છે. મારું કાર્યક્ષેત્ર પશ્ચિમમાં છે. અહીંથી હવે નીકળવું જ જોઈએ. તે જ દિવસે મધ્યરાત્રે તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા.

---

૯૧. સ્વામિનારાયણ સંહિતા; અધ્યાય-૧૪.
આ રીંછ જાંબુવાન નહિ, પરંતુ જાંબુવાનનો મિત્ર હતો એવો ઉલ્લેખ શ્રીહરિ-લીલામૃત : ૩-૮-૪૩; શ્રીહરિચરિત્રચિંતામણિ : વાર્તા-૬૪ અને સ્વામિ-નારાયણ ચરિત્ર રત્નાકર : ભાગ-૧, પૃ. ૪૦૦ વગેરે ગ્રંથોમાં મળે છે.

ઉદ્‌ગીથ ૧૨



જગન્નાથપુરીમાં

(આ.સં. ૧૮૫૩-૧૮૫૪, ઈ.સ. ૧૭૯૭-૧૭૯૮)

વહેલી સવારે નિયમ પ્રમાણે જયરામ નીલકંઠ વર્ણીની સેવાની તૈયારી કરવા માટે ઊઠ્યો. તે જોવા ગયો કે નીલકંઠ વર્ણી જાગ્યા કે નહિ, પણ તેમની પથારી ખાલી હતી. તેને થયું કે કદાચ શૌચ ગયા હશે. તેથી દાતણ તથા ગરમ પાણીની તૈયારી કરવા લાગ્યો. પરંતુ નીલકંઠ વર્ણી તો આવ્યા જ નહિ. તેને ફાળ પડી, તે દોડતો ઘેર ગયો. ત્યાં તપાસ કરી તો ત્યાં પણ નીલકંઠ વર્ણી ન હતા. તેનાં માતા-પિતાને પણ ધ્રાસકો પડ્યો ! જાણે હાથ આવેલું રતન ખોવાઈ ગયું હોય ! દુઃખથી સૌ વ્યગ્ર બની ગયાં.

તેમણે જયરામને કહ્યું : ''જા, કૃષ્ણ તંબોળીને ઘેર જઈને તપાસ કર. પેલા ત્યાગીના મંદિરમાં જા, પણ નીલકંઠ વર્ણીને સાથે લઈને જ ઘેર આવજે.''

જયરામ દુઃખી થઈ ગયો હતો. નીલકંઠ વર્ણી તેનું જીવન હતા. તેને આ વિયોગ અસહ્ય લાગ્યો. તેનાં માતા તથા પિતાને પણ નીલકંઠ વર્ણી આમ અચાનક તેમનો ત્યાગ કરીને ચાલ્યા ગયા તેથી અત્યંત દુઃખ થયું. તેમણે જયરામદાસને કહ્યું : ''બેટા ! નીલકંઠ પ્રભુ જ્યાં હોય ત્યાંથી શોધીને તેમને અહીં લાવો. તેમના વગર અમારાથી જિવાશે નહિ, તેમને લઈને જ આવજો, એકલા આવશો નહિ.''

જયરામદાસે ગામમાં બધે શોધ કરી પણ ક્યાંય નીલકંઠ વર્ણીનો પત્તો લાગ્યો નહિ. પ્રથમ નીલકંઠ વર્ણી ઊતર્યા હતા તે મંદિરમાં તે ગયો અને મહંતજીને પૂછ્યું : ''આપ જાણો છો નીલકંઠ વર્ણી ક્યાં ગયા છે ?''

તેણે કહ્યું : ''અહીં જ્યારે આવ્યા ત્યારે કહેતા હતા કે અહીંથી જગન્નાથપુરી જવું છે, માટે પુરી જશો તો જરૂર મળશે.''

જયરામદાસે તરત જ નિશ્ચય કરી લીધો અને તે ઘેર ગયો. વાટખર્ચી

લઈને તે જગન્નાથપુરી જવા નીકળી ગયો.

જયરામદાસ લગભગ વીસ દિવસ સુધી ફર્યો ત્યારે તેની શ્રદ્ધા અને ભક્તિના ભાવથી તેને નીલકંઠ વર્ણીનો મેળાપ થઈ ગયો. નીલકંઠ વર્ણીને દૂરથી જોતાં જ તે દોડ્યો અને 'નીલકંઠ' કહેતાં તેમના ચરણમાં પડી ગયો. નીલકંઠ વર્ણીએ જયરામદાસને ઓળખ્યો. તેને ઊભો કર્યો અને તેને પ્રેમથી ભેટ્યા. નીલકંઠ વર્ણી જાણતા હતા કે જયરામદાસ શુદ્ધ મુમુક્ષુ છે અને મારા વગર રહી શકશે નહિ. તેથી તેમના પ્રત્યેની આસક્તિને ચકાસવા નીલકંઠ વર્ણી તેને મૂકીને ચાલી નીકળ્યા હતા. જયરામદાસની આંખોમાં આંસુ હતાં. તેણે નીલકંઠ વર્ણીનો હાથ પકડ્યો. પોતાની છાતીએ તેમનો હાથ અડાડી તેણે ગદ્‌ગદ કંઠે કહ્યું : "ભૈયા નીલકંઠ ! તમો તો ભગવાન છો એટલે તમને તો કોઈનો આધાર ન જોઈએ. પણ અમે તો સૌ તમારે આધારે જ જીવીએ છીએ. આપ અમને નોંધારાં મૂકીને કેમ ચાલ્યા ગયા ?"

નીલકંઠ વર્ણી તેની પ્રેમની ભાષા સાંભળી હસ્યા. તે કાંઈ પણ બોલે તે પહેલાં તો જયરામદાસે કહ્યું : "નીલકંઠ ! ચાલો ઘેર. માતા-પિતા રાહ જુએ છે. તમને સંભારી સંભારીને રડે છે. અન્ન-જળ લેતાં નથી. માટે આપણે અહીંથી હમણાં જ ઘેર જઈએ."

નીલકંઠ વર્ણીએ જાણ્યું કે જયરામદાસ અને તેમની વચ્ચે જેવો પ્રેમ હતો એવો જ પ્રેમ તેને તેનાં માતા-પિતા અને સંબંધીઓ સાથે પણ હતો. આ ક્ષુલ્લક વાસનાનાં બંધનથી બંધાયેલા સંસારીઓના ભક્તિના સ્વાંગ તેમને પાતળા લાગ્યા. એવી ભક્તિથી માયા ન તરાય. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "જયરામ ! અમારી સાથે ચાલો. આપણે અહીંથી જગન્નાથપુરીની જાત્રાએ જવું છે."

પણ જયરામદાસનું મન માન્યું નહિ. તેણે તો તેની રીતે નીલકંઠ વર્ણીને ઘેર લઈ જવાનો આગ્રહ ચાલુ જ રાખ્યો. એટલે નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "જયરામ ! સંબંધીઓનો પ્રેમ બંધનકારી છે. તે માયાપાશ છે. તું મુમુક્ષુ છે, એટલે તને હું કહું છું કે મારી સાથે ચાલ."

જયરામ આ સાંભળી સ્થિર થઈ ગયો. તેને નીલકંઠ વર્ણીને પણ છોડવા ન હતા અને ઘર પણ મૂકવું ન હતું. છતાં નીલકંઠ વર્ણીની મરજી જાણી તેમની સાથે જગન્નાથપુરી જવા તૈયાર થયો. તેને થયું કે ત્યાં થોડો સમય રહી પછી નીલકંઠ વર્ણીને લઈને ઘેર જઈશું.

જયરામદાસને પોતાનું સ્વરૂપ ઓળખાવવાની નીલકંઠ મહાપ્રભુને ઇચ્છા

હતી. તેના અતિ બલિષ્ઠ સંસ્કારને લઈને જ તેના ઉપર તેમની કૃપા ઊતરી હતી. તે જાણતા હતા કે જયરામદાસ દ્વારા ભવિષ્યમાં ઘણાં કાર્ય કરાવવાનાં છે. ઘણા મુમુક્ષુઓનો ઉદ્ધાર પણ કરાવવો છે. તેથી તેને સાથે લીધો હતો.

આગળ ચાલતાં એક ઘનઘોર વન આવ્યું. તેમાં નીલકંઠ વર્ણીએ નિર્ભીક થઈને પ્રવેશ કર્યો. પણ જયરામદાસના પગ પાછા પડવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "ગભરાય છે કેમ ? મારી સાથે રહેવું હોય તો બીક છોડવી પડશે."

મૃત્યુનાં પ્રતીક સમાં વનચરો, દોરડાની જેમ પગે વીંટાતા સર્પો, ઘનઘોર વનની ભયંકરતા, આ બધાથી જયરામદાસને લાગ્યું કે મૃત્યુ સમીપ જ છે. એટલામાં જ તેમણે એક કૂવો જોયો. જયરામે પાણી સીંચીને કાઢ્યું. વર્ણીએ તે ગાળીને પીધું. પાણી મીઠું લાગ્યું એટલે તેમણે જયરામદાસને કહ્યું : "બાજુમાં આ અવેડો છે તે ભરી દે એટલે અહીંના પશુઓ આવીને પાણી પી શકે."

જયરામદાસે અવેડો ભરવા માંડ્યો. થોડા સમયમાં અવેડો ભરાઈ ગયો. નીલકંઠ વર્ણીએ તે અવેડાના પાણીમાં પોતાનો પગ બોળ્યો અને પછી એક ઘેરો સાદ કર્યો. તે સાંભળીને વનનાં પ્રાણીઓ ત્યાં આવવા લાગ્યાં. હરણ આવ્યાં, શિયાળ, હાથી, ચિત્તા અને વાઘ પણ આવ્યાં. સૌ ત્યાં પોતપોતાના જાતિ-સ્વભાવ ભૂલીને સાથે રહીને પાણી પીવા લાગ્યાં. આ જોઈ જયરામને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણીનો તેણે પ્રતાપ જોયો. તેના અંતઃકરણનાં રજકણો બદલાવા લાગ્યાં. તેને કોઈ અનિર્વચનીય શાંતિનો અનુભવ થવા લાગ્યો. તેનું અંતઃકરણ વિશેષ ને વિશેષ નીલકંઠ વર્ણી પ્રત્યે ખેંચાતું ગયું.

ત્યાંથી આગળ ચાલ્યા અને એક શિવમંદિર આવ્યું. રાત્રિ થઈ ગઈ હતી. એટલે આ શિવમંદિરમાં વિશ્રામ કરવાનો નીલકંઠ વર્ણીએ વિચાર કર્યો. જયરામદાસ નીલકંઠ વર્ણીની બાજુમાં જ સૂતો હતો. તેના અંતરમાં નીલકંઠ વર્ણીના જ વિચારો આવ્યા કરતા હતા. ક્વચિત્ ક્વચિત્ માતા-પિતાની યાદ આવી જતી ત્યારે એમ પણ થઈ જતું કે તેમનો દેહાંત થાય ત્યાં સુધી ઘેર રહેવું અને પછી નીલકંઠ જ્યાં હોય ત્યાં તેમને શોધીને તેમની સેવામાં જોડાઈ જવું.

એટલામાં નીલકંઠ વર્ણીએ તેના માથા ઉપર પોતાનો હાથ મૂક્યો. આ સ્પર્શથી જયરામદાસના આખા શરીરમાં ઝણઝણાટી થઈ. તેની નાડીઓ જાણે ખેંચાતી હોય અને તે અભાન અવસ્થામાં સરકતો જતો હોય એવું તેને લાગ્યું. થોડી વારે જયરામદાસ નીલકંઠ વર્ણીની કૃપાથી સમાધિસ્થ થઈ ગયો. જયરામદાસને નીલકંઠ વર્ણીએ તેમનું અક્ષરધામ દેખાડ્યું. ત્યાં દિવ્ય સિંહાસન

ઉપર નીલકંઠ વર્ણીને તેણે જોયા. આ દિવ્ય દર્શનથી, દિવ્ય અનુભવથી જયરામદાસ પોતાની અસ્થિરતા ભૂલી ગયો. દિવ્ય વિગ્રહધારી મુક્તોની પંક્તિમાં ભળી તે પણ દિવ્ય સ્વરૂપથી નીલકંઠ મહાપ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. નીલકંઠ વર્ણીએ તેના ઉપર દૃષ્ટિ કરી અને તરત જ તે દેહમાં આવ્યો. જાણે કોઈ ઊંડી ખીણમાં ફેંકાઈ ગયો હોય એવો ઝાટકો તેને લાગ્યો ! તેનું હૈયું ધડકવા લાગ્યું પણ જ્યારે તેણે જાણ્યું કે તે નીલકંઠ વર્ણીની બાજુમાં જ સૂતો છે ત્યારે તેને શાંતિ થઈ.

જયરામદાસે સમાધિમાં નીલકંઠ વર્ણીનું સ્વરૂપ જોયું. અક્ષરાધીશ પૂર્ણ પુરુષોત્તમ તેને આજે આ વર્ણીસ્વરૂપે ભેટી ગયા હતા. તેના આનંદનો પાર ન રહ્યો. તેણે ધીરે રહીને નીલકંઠ વર્ણીનો હાથ પકડ્યો. નીલકંઠ વર્ણી એકદમ બેઠા થઈ ગયા. જયરામ પણ તરત જ બેઠો થઈ ગયો. નીલકંઠ વર્ણીએ તેને પૂછ્યું : "જયરામ ! બીક લાગે છે ?"

જયરામે આંખમાં આંસુ સાથે કહ્યું : "હા, મહાપ્રભુ ! બહુ જ બીક લાગે છે કે તમે છૂટા પડી જશો તો ?"

નીલકંઠ વર્ણીએ તેને ખભે હાથ મૂકીને કહ્યું : "જયરામ ! જેને અમારો સંબંધ થયો છે, તેને અમે કદી છોડતા નથી. તું મૂંઝાઈશ નહિ. તું છૂટો પડી જઈશ તોપણ તું મારી ભેગો થઈ જઈશ." જયરામને શાંતિ થઈ. તેને લાગ્યું કે જરૂર નીલકંઠ વર્ણી તેની સાથે તેને ગામ આવશે.

નીલકંઠના દિવ્ય સ્વરૂપનાં દર્શન કર્યાં પછી અને તે દિવ્ય સુખનો અનુભવ કર્યા પછી પણ તેના અંતરમાં હજુ ઘર, માતા, પિતા, સંબંધીઓના સ્નેહનું બંધન ઢીલું ન થયું. માયાને તેથી જ વજ્રપાશ જેવી કહી છે.

નીલકંઠ વર્ણીની સાથે જયરામદાસ પુરુષોત્તમપુરી જવા નીકળ્યો. આગળ એક ખાડી આવી. નાવમાં બેસીને તે પાર કરી પુરુષોત્તમપુરી જવાનું હતું. નીલકંઠ વર્ણીએ જયરામને એક નાવ ભાડે કરી લાવવાનું કહ્યું. જયરામ નાવ ભાડે કરવા ગયો પણ ભાવ ઠરાવવામાં બહુ સમય વીતી ગયો. ખાડીમાં ઓટ આવતી હતી તેથી કિનારા પરની બધી નૌકાઓ ચાલવા લાગી. નીલકંઠ વર્ણી તેમાંની એક નાવમાં બેસી ગયા. જયરામ જ્યારે પાછો આવ્યો, ત્યારે તેણે નીલકંઠ વર્ણીને ત્યાં ન જોયા. તેણે દૂર જતી નાવમાં નીલકંઠ વર્ણીને બેઠેલા જોયા અને તેના દુઃખનો પાર ન રહ્યો. તેને લાગ્યું કે તેના લોભી સ્વભાવથી નીલકંઠ વર્ણીથી તેને જુદા પડવું પડ્યું. સમય આવ્યે મોતી પણ ભરડી નાખવાં જોઈએ એનો તેને ખ્યાલ ન રહ્યો. નીલકંઠ વર્ણીને તેણે જોયા, પુરુષોત્તમ સ્વરૂપે ઓળખ્યા પણ

ખરા, છતાં નાણાંના લોભમાં તેણે આજે તેમના સાન્નિધ્યનો લાભ ખોયો. તે રાત તે ત્યાં જ રહ્યો અને બીજે દિવસે નાવમાં બેસીને સામે પાર પહોંચ્યો.

નીલકંઠ વર્ણી ખાડી પાર કરીને કિનારે ઊતર્યા અને પછી આગળ ચાલ્યા ત્યાં ભુવનેશ્વર તીર્થ[૯૨] આવ્યું. અહીં ભુવનેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. નીલકંઠ મહાપ્રભુ અહીં ત્રણ દિવસ રહ્યા. ત્યાંથી નીકળી તેઓ જનકપુર પહોંચ્યા.

જગન્નાથપુરીના મંદિરથી લગભગ અર્ધો ગાઉ દૂર આ જનકપુર સ્થાન છે. તેને ગુડિયા મંદિર પણ કહે છે. અહીં ઇન્દ્રદ્યુમ્ન સરોવર પાસે શ્રી નીલકંઠ મહાપ્રભુએ નિવાસ કર્યો. પુરુષોત્તમપુરીમાં પધારી પુરુષોત્તમે નિવાસ કર્યો, પણ તેમને એ સ્વરૂપમાં ઓળખવાની દૃષ્ટિ કોઈની ન હતી. નીલકંઠ મહાપ્રભુ રોજ પુરી જતા, જગન્નાથજીનાં દર્શન કરતા. પૂર્વમુખનું ઊંચા શિખરનું પથ્થરનું મંદિર છે. મંદિરમાં જ્યાં મંડપ છે ત્યાં ગરુડસ્તંભ છે, ત્યાં બેસીને રોજ નીલકંઠ વર્ણી જગન્નાથજીનાં દર્શન કરતા, ધ્યાન કરતા. વળી, મંદિરમાં ભાગવતની કથા થતી તે પણ રોજ ભક્તિભાવપૂર્વક સાંભળતા.

નીલકંઠ મહાપ્રભુની આવી શ્રદ્ધા-ભક્તિ જોઈ મંદિરના પૂજારીને તેમને માટે ભાવ થયો. તે ક્યારેક જગન્નાથજીના થાળની પ્રસાદી નીલકંઠ વર્ણીને આપતા. નીલકંઠ વર્ણી દરરોજ સમુદ્રસ્નાન કરવા જતા. મંદિરમાંથી બહાર નીકળતાં એક મોટો વડ હતો ત્યાં ઘણી વાર નીલકંઠ વર્ણી બેસતા. ચંદન સરોવર ઉપર પણ જતા અને ત્યાં યોગક્રિયા કરતા. અજગરવૃત્તિ રાખી જે કાંઈ

---

૯૨. હાવડા વૉલ્ટેર રેલવે ઉપર કટક અને ખુરદા રોડની વચ્ચે ભુવનેશ્વર સ્ટેશન કટકથી અઢાર માઈલ દૂર છે. જગન્નાથપુરીથી ભુવનેશ્વર પણ ત્રણ યોજન દૂર છે. ભુવનેશ્વર એ પહેલાં ઉત્કલની રાજધાની હતું. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી ફરી ભુવનેશ્વર ઉત્કલની રાજધાની બન્યું છે. તેને ઉત્કલ વારાણસી અથવા ગુપ્ત કાશી પણ કહેવાય છે. પુરાણોમાં પણ તેને એકાગ્રક્ષેત્ર કહે છે. ભગવાન શંકરે તેને પ્રકટ કર્યું હતું તેથી તે શાંભવક્ષેત્ર પણ કહેવાય છે. અહીંનું લિંગરાજ મંદિર એ જ ભુવનેશ્વરનું મુખ્ય મંદિર છે. એવી પ્રચલિત કથા છે કે કાશીમાં તમામ દેવતાઓનો વાસ થયો હોવાથી ભગવાન શંકરને કોઈ જગ્યાએ એકાંતવાસ કરવો હતો તેથી આ સ્થાનમાં આવીને તેમણે અહીં થોડો સમય રહેવા માટે અનંત વાસુદેવની અનુમતિ માગી. અનંત વાસુદેવે ભગવાન શંકરને અહીં નિત્ય નિવાસ માટે રોકી લીધા. અનંત વાસુદેવ અહીંના મુખ્ય ઉપાસ્ય દેવ છે. સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે નીલકંઠ વર્ણી કપિલાશ્રમથી નીકળી પ્રથમ ભુવનેશ્વર આવ્યા અને પછી સાક્ષી ગોપાળ થઈને જગન્નાથપુરીમાં પધાર્યા હતા.

મળે તે ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી આરોગતા. નહિ તો વાયુ ભક્ષણ કરીને પણ રહેતા. તેમની પાસે જે આવતા તેમને સદુપદેશ આપતા. તેમનું સાન્નિધ્ય જે સેવતા તેમના અંતરમાંથી જગત સંબંધી સંકલ્પો બંધ થઈ જતા, અપાર શાંતિનો અનુભવ થતો. તેમની આવી અદ્ભુત સ્થિતિ જોઈ લોકો તેમના પ્રત્યે ખેંચાયા.

આ વાત ત્યાના રાજા[૯૩] પાસે પહોંચી કે પુરીમાં એક મોટા યોગેશ્વર આવ્યા છે. કિશોર વય છે પણ પ્રતાપ ભારે છે. રાજા પોતે નીલકંઠ વર્ણીનાં

૯૩. આ સમયમાં ઓરિસ્સામાં નાગપુરના ભોંસલેની સત્તા ચાલતી હતી. ઓરિસ્સાના ગવર્નર કે વહીવટકર્તા તરીકે તે સમયે પંડિત રાજારામ મુકુન્દદેવ હતા, જે લગભગ તે હોદ્દા ઉપર ૧૭૯૨-૯૩ સુધી રહ્યા હતા. જ્યારે જગન્નાથપુરીના રાજા તરીકે ખુર્દા પ્રાંતના 'ગજપતિ'ની પરંપરાના રાજાઓ રાજ્ય કરતા હતા. જો કે તેઓ ખંડિયા રાજા તરીકે હોવા છતાં જગન્નાથજીના સ્વરૂપ તરીકે પ્રજામાં પૂજાતા હતા. (હિસ્ટરી ઑફ ઓરિસ્સા : ભાગ ૨ : પૃષ્ઠ ૨૨૩. લે : આર.ડી. બેનરજી. પ્રકાશક : આર. બેનરજી, કલકત્તા ૧૯૩૧)

બીજો ઈતિહાસ એવો પણ છે કે ખુર્દા પ્રાંતના રાજા પરંપરાથી પુરીના રાજા પણ હતા. તેઓ પુરીમાં જ રહેતા હતા. આ રાજાને જગન્નાથપુરીના મંદિરની થોડી સેવા પણ કરવાની રહેતી. તે સેવા જગન્નાથજીનો રથ વાળવાની (સાફ કરવાની) અને મૂર્તિઓ ઉપર પુષ્પો છાંટવાની. પછીથી આ સેવા રાજા ન કરતા પણ તેમનો પ્રતિનિધિ જેને મુદિરથ કહેતા તે કરતો. ખુર્દાના રાજાની જગન્નાથપુરીના સંચાલક તરીકેની નિમણૂક સને ૧૫૯૦માં માનસિંહે ઓરિસ્સા જીતી લીધું ત્યારપછી કરી હતી. તે સમયે રામચંદ્ર દેવની તેમણે નિમણૂક કરી હતી. આ રામચંદ્ર દેવના વંશવારસો તે પ્રમાણે તે હોદ્દા ઉપર રહ્યા. પરંતુ ત્યારપછી મુસલમાન સૂબાઓએ પૂજામાં દરમ્યાનગીરી કરવાથી પૂજારીઓ મૂર્તિઓ લઈને નાસી ગયા અને ચિલ્કા તળાવની પાસે ટેકરીમાં મૂર્તિઓ સંતાડી દીધી. આથી રાજ્યને આવકમાં ખોટ આવી અને મુસલમાન અમલદારોએ પૂજાવિધિમાં કાંઈ વિક્ષેપ નહિ થાય એવી ખાતરી આપી મૂર્તિઓ પાછી મગાવી લીધી. અલિવર્દીખાન પાસેથી મરાઠાઓએ ઓરિસ્સા લઈ લીધું ત્યારથી મૂર્તિઓની પૂજા, ઉત્સવો વગેરે વ્યવસ્થિત થવા લાગ્યાં અને તેમણે ખુર્દાના રાજાની મંદિરના નિરીક્ષક તરીકે પુનઃ નિમણૂક કરી.

સને ૧૭૮૦માં પદભ્રષ્ટ રાજા ગજપતિ વીરકિશોર(પહેલા)ના સ્થાને તેમના પૌત્ર ગજપતિ દિવ્યસિંહદેવને પંડિત રાજારામ મુકુંદદેવે રાજ્યાસન પર સ્થાપ્યા હતા. દિવ્યસિંહદેવે અઢાર વર્ષ સુધી રાજ્ય કર્યું. એટલે કે સને ૧૭૭૮-૧૭૭૯ થી ૧૭૯૬-૧૭૯૭ સુધી તેનું રાજ્ય હતું. લાગે છે કે સને ૧૭૯૭માં નીલકંઠ વર્ણી જગન્નાથપુરી પધાર્યા ત્યારે રાજા દિવ્યસિંહદેવને મળ્યા હતા. ➤

દર્શને ચાલીને આવ્યા. નીલકંઠ પ્રભુને દંડવત્ કર્યા. નીલકંઠનાં દર્શનથી તેમને પણ શાંતિ થઈ ગઈ. તેમણે નીલકંઠ મહાપ્રભુને હાથ જોડીને કહ્યું : "વર્ણીજી ! અમારાં ધન્યભાગ્ય છે કે આપ અમારા આ સ્થાનમાં પધાર્યા. આ સ્થાનનાં પણ અતિભાગ્ય કહેવાય. આપ અહીં જ વસો એવી મારી ઈચ્છા છે."

રાજાની મુમુક્ષુતાથી નીલકંઠ વર્ણી પ્રસન્ન થયા.

નીલકંઠ વર્ણી જગન્નાથપુરીમાં આવ્યા અને બીજે દિવસે જયરામદાસ ત્યાં આવી ગયો. નીલકંઠ વર્ણીને તેણે શોધી કાઢ્યા. તેના હર્ષનો પાર ન રહ્યો. નીલકંઠ વર્ણી જાણતા હતા કે ઉત્તમ પ્રકારનો આ મુમુક્ષુ પોતાનો સંબંધ ઈચ્છે છે. તેથી તેને જોઈ તેમને પણ ખૂબ આનંદ થયો.

ધીરે ધીરે વર્ણીરાટ પ્રત્યે જગન્નાથપુરીમાં આવતા ભાવિક ભક્તો આકર્ષાવા લાગ્યા. વર્ણીરાજ જગન્નાથપુરીમાં સૌના પ્રિય પાત્ર બની ગયા. રાજા પણ રોજ દર્શને આવતા. કૃષ્ણભક્તિની વાત સાંભળતા. નીલકંઠ વર્ણીના સંબંધથી જીવન પ્રત્યે તેની વૃત્તિ ઉન્મુખ બની ગઈ. નીલકંઠ વર્ણી જ્યારે વાત કરતા, ત્યારે સૌના અંતરમાં ઊઠતા સંકલ્પોને સાક્ષાત્ દેખતા હોય તેમ તે ઉપર વાત કરતા. તેમની આવી અલૌકિક શક્તિ જોઈ રાજાએ તેમને ગુરુ તરીકે સ્વીકારી લીધા. નીલકંઠ વર્ણીએ તેમને કૃષ્ણમંત્ર આપ્યો અને પછી તેને ઉચ્ચ પ્રકારનો મુમુક્ષુ જાણી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવા સમાધિ કરાવી. તેના અંતરમાં નીલકંઠ વર્ણીની આ અસાધારણ કૃપાથી અત્યંત પ્રકાશ થયો અને તે પ્રકાશમાં તેણે સાક્ષાત્ પુરુષોત્તમને જોયા. તેને પ્રતીતિ થઈ કે શ્રી જગન્નાથજી એ જ આ વર્ણીન્દ્ર ભગવાન છે.

સમાધિમાંથી જાગ્રત થઈને તે વર્ણીન્દ્ર ભગવાનનાં ચરણકમળમાં પ્રણિપાત કરવા લાગ્યો. રાજા નીલકંઠ મહાપ્રભુને વારંવાર પ્રણિપાત કરતા હતા તે જોઈ આજુબાજુ બેઠેલા ભાવિકોને પણ નીલકંઠ વર્ણી પ્રત્યે ખૂબ જ સદ્ભાવ જાગ્યો. જ્યારે જ્યારે તેઓ નીલકંઠ વર્ણી પાસે કાંઈ પદાર્થ લઈને જતા, ત્યારે તે બધું જ શાલિગ્રામને ધરાવી તેમને તેઓ આપી દેતા, પણ પોતે કાંઈ ગ્રહણ ન કરતા.

રાજા દિવ્યસિંહદેવ બાદ તેના વંશજ રાજા મુકુંદદેવ(બીજા)એ કારભાર સંભાળ્યો હતો. સને ૧૮૦૭માં અંગ્રેજોએ તેમને જેલમાં નાખીને પદભ્રષ્ટ કર્યા હતા. તેના પુત્ર રામચંદ્રદેવ અને પછીના વંશજોનું રાજ્ય ફક્ત પુરી નગરી પૂરતું જ મર્યાદિત હતું. (ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર ઑફ બેંગાલ, પુરી.)
(હિસ્ટ્રી ઑફ ઓરિસ્સા, ગ્રંથ : ૨, લે. આર.ડી.બેનર્જી)

સદા કૃષ્ણભક્તિ કરી જીવન સાર્થક કરવાનો જ ઉપદેશ સૌને આપતા. કેટલીક વખત તેમના વ્યાવહારિક પ્રશ્નોનો ઉકેલ પણ આપતા. આમ, નીલકંઠ વર્ણી પ્રત્યે આબાલવૃદ્ધ સૌને પ્રેમ થયો હતો. તેમનાં દર્શનથી જગન્નાથજીનાં દર્શન કર્યાંની તૃપ્તિ સૌ અનુભવતાં.

નીલકંઠ વર્ણી પ્રત્યેની ત્યાંના રાજાની, ત્યાંના લોકોની અને યાત્રાએ આવતા યાત્રિકોની આ ભક્તિ જોઈ ઇન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર અડ્ડા નાખીને રહેલા નાગા બાવાઓ રોષે ભરાયા. કેટલાક વામ અને શાક્તપંથીઓ, કૌલમતવાદીઓ, તાંત્રિકો અને ઉદરપોષણને અર્થે બાવા થયેલા બીજા, ભેખને નામે લોકોને ભરમાવતા. સાધુ-સેવાનો મહિમા ગાઈ સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા. સુરાપાનમાં ચકચૂર રહેતા, પરસ્પર ખાનપાન અને સ્ત્રીઓના વ્યવહાર માટે લડતા. આ બાવાઓની જમાત નીલકંઠ વર્ણી પ્રત્યે રાજાની અને લોકોની ભક્તિ જોઈ ઉશ્કેરાઈ. તેમને લાગ્યું કે આ છોકરો ભેખની જમાતનો નથી એટલે તેને પાઠ ભણાવવો પડશે. તેમનામાં આવો ભાવ પ્રગટે એમ જાણે પરમાત્માએ નિરધાર્યું જ હતું. જેમ કાષ્ઠનો અગ્નિ કાષ્ઠને જ બાળે છે, તેમ તેમના અંતરમાં રહેલો ક્રોધ જ્યારે પ્રગટ થશે ત્યારે તેમનો જ વિનાશ કરશે. ભગવાનનાં ચરિત્રોમાં અસુરો મોહ પામે છે અને તે મોહ તેમનો વિનાશ નોતરે છે.

ભારતમાં તે સમયે આવી ભેખની જમાતોનો તોટો ન હતો. હાથમાં અસ્ત્ર, શસ્ત્ર, બરછી, બંદૂક, તલવાર અને ત્રિશૂળ લઈને તેઓ ફરતા. આ ભેખધારીના અંતરમાં પાપની કોઈ બીક ન હતી. તે સમયના આવા ભેખધારીનું વર્ણન કરતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

પાપ કરતા ધન હરતા, રમતા પરનારી સંગે;
કપટી લંપટી કૂડા બોલા, ગુહ્ય વારતા એવા સંગે.
પ્રભુપણું પોતામાં પરઠી, કૃષ્ણ સમ કીર્તિ ગમે;
રમણીને કહે રાધિકા, રસિયા થઈ પોતે રમે.[૯૪]

---

૯૪. ભક્તચિંતામણિ; પ્ર. ૯/૩૦-૩૧.

તે સમયના બાવાઓનું વર્ણન કરતાં શ્રી જામીનીમોહન ઘોષ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અમલદારોનો હેવાલ આપે છે : "કાઉન્સિલ સને ૧૭૭૩માં લખે છે : કાયદાને ઉલ્લંઘીને ફરતી આ ટોળી, જે સંન્યાસી અને ફકીરોને નામે ઓળખાતી હતી, તેમણે દેશના આ પ્રદેશમાં ભારે જુલમ વર્તાવ્યો હતો. ધાર્મિક યાત્રાના બહાના નીચે તેઓ બંગાળના પ્રદેશોમાં ફરતા, ભીખ માગતા, ચોરી કરતા અને ➤

નીલકંઠ વર્ણીને આ જોઈ ઘણો ખેદ થતો હતો. વર્ણીનો અધિક પ્રતાપ જોઈ જેમ જેમ લોકો તેમની પાસે આવતા, તેમનો ઉપદેશ સાંભળતા, તેમ તેમ આ બાવાઓના અંતરમાં અગ્નિ સળગતો. તેમને લાગતું કે આ છોકરાએ રાજાને અને પ્રજાને ભોળવી લીધી છે. તે બધા તેમને જ દેખે છે. આપણા માર્ગમાં તે કાંટા સમાન છે. તેને હવે કાઢવો જ રહ્યો.

જ્યાં આ બાવાઓનો મુકામ હતો, ત્યાં જનકપુરીમાં નીલકંઠ વર્ણી રહેવા લાગ્યા. એટલે રાજા-પ્રજા સર્વે ત્યાં આવવા લાગ્યા. નીલકંઠ વર્ણી રોજ ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં સ્નાન કરવા જતા. સ્નાન કરી તેને કાંઠે જ ધ્યાન કરવા બેસતા. આ બાવાની જમાતમાંના કેટલાક તેમને ઉઠાવીને ઝાડ તળે મૂકી આવતા. ઘણી વાર તો ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠેલા નીલકંઠ વર્ણીને ઢંઢોળતા. પરતુ નીલકંઠ વર્ણી તો તેમની સ્થિતિમાંથી ચલિત ન થતા.

આ અરસામાં ત્યાં આ.સં. ૧૮૫૪, અષાઢ સુદ ૨, રથયાત્રાનો ઉત્સવ આવ્યો. જગન્નાથમાં રથયાત્રાના ઉત્સવનું ઘણું જ માહાત્મ્ય છે. રાજા-પ્રજા, ભક્તિવિભોર બની આ ઉત્સવમાં એકતાર બની જાય છે. કૃષ્ણ, બળદેવ અને સુભદ્રાજીને રથમાં પધરાવી યાત્રા જનકપુર ગોંડિયા મંદિરમાં જવાની હતી.

પુરાણની કથા છે કે કૃષ્ણ, બળદેવ અને સુભદ્રાજીની મૂર્તિઓ વિશ્વકર્માએ અહીં જ બનાવી હતી. રિવાજ એવો હતો કે આ ત્રણેય મૂર્તિઓને રથમાં પધરાવીને રાજા પણ પ્રજા સાથે આ પ્રસંગે ભક્તિભાવપૂર્વક રથ ખેંચતા. સૌ જગન્નાથજીની ભક્તિમાં તલ્લીન થઈ જતા. રથયાત્રાના પ્રસંગે નીલકંઠ

લૂંટ પણ ચલાવતા." (સંન્યાસી ઍન્ડ ફકીર રેઈડર્સ ઈન બેંગાલ; પૃ. ૧; પ્રકાશક : બેંગાલ સેક્રેટરીએટ બુક ડીપો, કલકત્તા)

વધુમાં તેઓ લખે છે : "એમનાં આક્રમણો અને અત્યાચારોએ અઢારમી સદી અને ઓગણીસમી સદીના આગલા ભાગમાં લોકોમાં ત્રાસ વર્તાવી દીધો હતો. તે સમયના બાવાઓનું આ ચિત્ર છે જેની ઘણા લોકોને જાણ હશે નહિ." (પૃ. ૧૬૦)

"આ સંન્યાસીઓ ઘણુંખરું ચોમાસાની શરૂઆત પહેલાં બંગાળ છોડી જતા, કારણ કે તે દરમ્યાન બંગાળનો ઉત્તર અને પૂર્વ ભાગ ચોમાસાના વરસાદના પાણીમાં લગભગ ડૂબેલો જ રહેતો અને તેથી હોડી વિના મુસાફરી કરવી મુશ્કેલ બનતી. સાગરથી વળતા તેઓ ગંગા પાર કરીને મીદનાપુર જિલ્લામાં થઈને દક્ષિણમાં પુરી (જગન્નાથપુરી) યાત્રા નિમિત્તે જતા. અહીં રથયાત્રાનો ઉત્સવ થાય છે અને તે પ્રસંગે સમુદ્રસ્નાન કરવાનું પણ માહાત્મ્ય છે." (સંન્યાસી ઍન્ડ ફકીર રેઈડર્સ ઈન બેંગાલ; પ્રકાશક : બેંગાલ સેક્રેટરીએટ બુક ડિપો, કલકતા)

મહાપ્રભુને પણ રાજાએ એક સુંદર શણગારેલા રથમાં બેસાર્યા. તેમનો રથ પણ સૌ તાણવા લાગ્યા. ત્રિશૂળધારી બાવાઓ નીલકંઠ વર્ણીનું આવું સન્માન થતું જોઈ અત્યંત રોષે ભરાયા.

રથયાત્રા જનકપુરમાં ગોંડિયા મંદિરમાં આવી. પૂજાવિધિ બાદ કૃષ્ણ, બળદેવ અને સુભદ્રાજીની મૂર્તિઓ અહીં પધરાવવામાં આવી. એ સિવાય આ મંદિરમાં કોઈ મૂર્તિઓ હોતી નથી. નિજ મંદિરના સભાભવનમાં ફક્ત લક્ષ્મીજીની મૂર્તિ હોય છે. રથયાત્રાનો ઉત્સવ પૂરો થયો અને સૌ વીખરાયા. પરંતુ નીલકંઠ મહાપ્રભુ તો અહીં જ રહ્યા. તેથી રાજા તથા અન્ય ભાવિકો પણ અહીં જ રહ્યા.

ઇન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર વસતા બાવાઓનો ત્રાસ, તેમની વ્યભિચાર-વૃત્તિ, ઉન્મત્તપણું, સુરાપાન, તેમનાં આ દૂષણોનો રાજાને તથા પ્રજાને ખ્યાલ આવે તે માટે નીલકંઠ વર્ણી રોજ ત્યાં સ્નાન કરવા જતા. સાથે રાજા તથા ભાવિકો પણ આવતા. તેમણે આ ભેખધારીઓની લીલા જોઈ.

રાજાનાં ચક્ષુ ખૂલી ગયાં. તે અત્યાર સુધી ભેખમાં ભગવાન છે તેમ માની તેમનાં દર્શને આવતા. તેમનાં ગુણલક્ષણ પારખ્યા સિવાય આદર આપતા. પરંતુ નીલકંઠ વર્ણીના પ્રસંગથી તેને જ્ઞાન થયું, સાધુનાં લક્ષણ જાણ્યાં અને સાધુતા પરખવાની વિવેકદૃષ્ટિ પણ આવી. તેણે નીલંકઠ વર્ણીને કહ્યું : "સાધુઓને શિક્ષા કરવી જોઈએ."

નીલકંઠ વર્ણી આ સાંભળી થોડું હસ્યા. તેમણે કહ્યું : "શિક્ષાથી તે સીધા થાય તેવા નથી. તેમનાં પાપથી જ તેમનો નાશ થશે."

રાજા મૌન રહ્યા. નીલકંઠ વર્ણીની અગાધ ધીરજથી તેનું મસ્તક નમી ગયું. નીલકંઠ વર્ણીએ જાણ્યું કે જ્યાં સુધી રાજા અને ભાવિકો અહીં હશે, ત્યાં સુધી આ બાવાઓ ઝાઝો ઉત્પાત કરી શકશે નહિ. તેથી તેણે રાજાને કહ્યું : "મહારાજ ! આપ હવે પુરી પધારો. હું ત્યાં દર્શને આવીશ ત્યારે આપણે મળીશું."

રાજાને આ આજ્ઞા જરા આકરી લાગી. પરંતુ નીલકંઠ વર્ણીની એવી મરજી હતી એટલે સૌ જનકપુરથી નીકળી પુરી આવ્યા.

નીલકંઠ વર્ણી પણ જનકપુર છોડીને ઇન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર જ રહેવા આવ્યા. રોજ સ્નાન કરી ત્યાં જ નિત્યકર્મ કરી ધ્યાનમાં બેસી જતા. અજાચક વૃત્તિ રાખતા એટલે કાંઈ ન મળે ત્યારે વાયુ-ભક્ષણ કરી લેતા. તેમને ત્રાસ આપવા માટે બાવાઓ તેમને કાંઈ ને કાંઈ કામ બતાવતા. નીલકંઠ વર્ણી પ્રેમથી, ત્વરાથી ચીંધેલું બધું જ કામ કરતા. નીલકંઠ વર્ણીની વય અને બાવાઓનો

તેમના ઉપરનો અસાધારણ ત્રાસ જોઈ કેટલાક બાવાઓને આ ન ગમ્યું. તેઓ ક્યારેક ક્યારેક નીલકંઠ વર્ણીનો પક્ષ લેતા અને સામાસામી ચકમક પણ ઝરતી.

એક વખત નીલકંઠ વર્ણી પોતાના નિત્યકર્મથી પરવારીને ધ્યાનમાં બેઠા હતા, ત્યારે એક બાવો તેમની પાસે આવ્યો અને તેમને હલાવીને જગાડ્યા. પછી કહ્યું : "ઈધર ક્યું ઐસે બેઠ રહે હો ? વો ભાજી તોડકે લાવ."

નીલકંઠ વર્ણી તેની સામું જોઈ જ રહ્યા. એટલે તે બાવો ઉશ્કેરાયો : "ક્યા મેરા મુંહ દેખ કર બેઠે હો, ઊઠો !"

નીલકંઠ વર્ણીએ કહ્યું : "હમ ભાજી નહિ તોડેંગે. ઈસસે હિંસા હોતી હૈ."

પોતાના હુકમનો અનાદર થતો જોઈ તે બાવો ક્રોધે ભરાયો. તે એકદમ હાથમાં તલવાર લઈને દોડ્યો. નીલકંઠ વર્ણીને મારવા આવ્યો.[૯૫] નીલકંઠ વર્ણી તો સ્થિર બેઠા હતા. પણ તેમની સેવામાં જયરામદાસ હતો, તેણે બુમરાણ કરી મૂકી. આ કોલાહલ જોઈ બીજા બાવાઓ પણ ત્યાં દોડી આવ્યા. તલવાર લઈને નીલકંઠ વર્ણીને ડારો દેતા બાવાને જોઈ એક જણે એક જ ઝાટકે તે બાવાને પૂરો કરી નાખ્યો. આથી ઉશ્કેરાટ વધ્યો. જે પક્ષનો બાવો મરાયો હતો તે પક્ષવાળાએ આયુધો લીધાં. સામા પક્ષે પણ એવું જોર કર્યું :

એમ જોરે મંડાણું છે યુદ્ધ, પામ્યા ત્રાસ આકાશે વિબુધ.
મચ્યો યુદ્ધ રહી નહિ મણા, પડ્યાં પૃથ્વીએ ધડ ઘણાં,
તેને દેખી હરખ્યાં માંસારી, કહે ખાશું આજ ખૂબ કરી.[૯૬]

આમ, યુદ્ધ શરૂ થયું. રણશિંગાં ફુંકાયાં, ઢોલ અને તાસાં ગડગડ્યાં. બાવાઓ નીલકંઠ વર્ણીએ છંછેડેલી માયામાં અટવાઈને યુદ્ધે ચડ્યા. કોઈને ખબર ન હતી કે કોણ કોને મારે છે અને શા માટે મારે છે ? અગ્નિની જ્વાળાના પ્રકોપની જેમ સૌ અંદર અંદર લડવા લાગ્યા. રમખાણ ભયંકર જામ્યું.[૯૭] નીલકંઠ

---

૯૫. વચનામૃત ગ.મ. ૬૦માં ભગવાન સ્વામિનારાયણે આ પ્રસંગનું વર્ણન કર્યું છે. બાવાઓના સંહાર પછી પણ પોતે ત્યાં જ હતા એમ તેમણે કહેલી વાતો ઉપરથી સંપ્રદાયનો ઈતિહાસ લખાયો છે. તે ઉપરથી જણાય છે. — લેખક

૯૬. ભક્તચિંતામણિ; પ્ર. ૩૩/૪૧, ૪૩.

૯૭. જગન્નાથપુરીમાં અસુરો મરાયા હતા, તે બનાવને નજરે જોનાર જગન્નાથપુરીના એક વૃદ્ધ સંતે મારા ગુરુ સદ્‌ગુરુ પુરાણી સ્વામી નંદકિશોરદાસજીને કહેલો અને તેમની પાસેથી મેં સાંભળેલો ઈતિહાસ સત્સંગ સમુદાયની જાણ માટે અહીં ટૂંકમાં રજૂ કરું છું : ➤

વર્ણી સ્થિર બેસી આ દૃશ્ય જોતા હતા પણ જયરામદાસની હિંમત રહી નહિ. તે ત્યાંથી દોડ્યો. તેને થયું કે પુરીમાં જઈને રાજાને આ ખબર આપી દઉં જેથી નીલકંઠ વર્ણીને બચાવે. તે દોડતો પુરી પહોંચ્યો. ઊપડતા શ્વાસે અને તૂટેલા શબ્દે

પૂજ્ય સ્વામી નંદકિશોરદાસજી સંવત ૧૯૫૪ના અરસામાં બંગાળ વગેરે દેશોમાં રહેતા. સત્સંગીઓના આગ્રહથી કથાવાર્તા કરવા માટે બંગાળ, આસામ વગેરે દેશોમાં ગયેલા ત્યારે તેઓ જગન્નાથપુરી દર્શન કરવા ગયેલા. જગન્નાથપુરીના રોકાણ દરમ્યાન સ્વામીને આશરે ૧૨૦ વર્ષની ઉંમરના એક વૃદ્ધ વૈરાગી સંતનો મેળાપ થયો. એક દિવસ સ્વામીએ તે વૃદ્ધ સંતને પૂછ્યું કે "અહીંયા આશરે સોએક વર્ષ પહેલાં વેરાગીઓમાં પરસ્પર મોટી લડાઈ થયેલી અને તેમાં હજારો વેરાગીઓ મરી ગયેલા અને કેટલાક ઘાયલ થયેલા તે બાબતમાં આપ કાંઈ જાણો છો ?"

ત્યારે તેઓએ કહ્યું : "હા, તે વાત સાચી છે. તે લડાઈ મેં મારી નજરે જોયેલી છે. પહેલે દિવસે ભયંકર યુદ્ધ થયું હતું. તેમાં ઘણા વેરાગીઓ માર્યા ગયા હતા. પછી આ લડાઈ થોડી થોડી બે માસ પર્યંત ચાલી હતી. તેમાં કોઈ દિવસ હજાર મરતા, કોઈ દિવસ પાંચસો મરતા, તો કોઈ દિવસ બસો, તો કોઈ દિવસ સો મરતા. એમ તે લડાઈમાં દસ હજારથી પણ વધારે વેરાગીઓ મરાયા હતા. ઘણા ઘાયલ થયા હતા."

ત્યારે સ્વામીએ તેમને પૂછ્યું કે "તે લડાઈ શા કારણથી થઈ હતી ?"

ત્યારે તેમણે કહ્યું : "એક મહાતપસ્વી - તેજસ્વી નીલકંઠ નામના બાળ-બ્રહ્મચારી અમારી જમાતમાં રહ્યા હતા. તેમની ઉંમર સોળેક વર્ષની હતી, શરીર કૃશ હતું, મુખાકૃતિ અને નેત્રો ખૂબ જ આકર્ષક હતાં. તેથી આ વર્ણી આપણી જમાતમાં હોય તો સારું, તેમ ધારી કેટલાક બાવાઓ તેમને પોતાના શિષ્ય બનાવવા માગતા હતા. આમ, શિષ્ય બનાવવાની સ્પર્ધા જાગી અને તેથી બાવાઓમાં પરસ્પર ઈર્ષ્યા જાગી. તેથી કેટલાક ઈર્ષ્યાથી નીલકંઠને લીલી ભાજી તોડી લાવવા તથા બીજાં કેટલાંક કામો બતાવવા લાગ્યા. પણ નિઃસ્પૃહી, અહિંસાપ્રિય લીલા તૃણમાં પણ જીવને જોતા તે બ્રહ્મચારી તેવાં કામો કરવા ના પાડતા. તેથી કેટલાક ઈર્ષ્યાથી તેમને મારવા તૈયાર થયા. ત્યારે શિષ્ય બનાવવાની ઇચ્છાવાળા લોકોએ તથા બીજા કેટલાક શાંતિપ્રિય સાધુઓએ તેમનો પક્ષ લીધો. તેમાંથી તે લડાઈ થઈ હતી. લડાઈ દરમ્યાન તે નીલકંઠ બ્રહ્મચારી ક્યાંક ચાલ્યા ગયા. ઘણી તપાસ કરતાં પણ મળ્યા ન હતા. તેઓ આજ દિવસ સુધી પણ ફરી જોવામાં આવ્યા નથી. તેમની મૂર્તિ ઘણી જ સુંદર અને મનમોહક હતી. મારા હૃદયમાંથી હજુ એ તેજસ્વી મૂર્તિ વીસરાતી નથી. તે લડાઈ ચાલી ત્યારે મારી ઉંમર નાની હતી. હું જીવ બચાવવા ત્યાંથી ખસી ગયો હતો."

(શ્રીહરિવનવિચરણ; પૃ. ૧૭૩, ૧૭૪, ૧૭૫. સંકલનકર્તા, સંગ્રાહક, સંપાદક અને પ્રકાશક : શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસ (નવ્ય ન્યાયશાસ્ત્રી) સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ. સંશોધક : શિવશંકર ગોપાળભાઈ દવે, લૂણાવાડાવાળા. સં. ૨૦૩૧.)

તે બોલવા લાગ્યો : "બચાવો, બચાવો, નીલકંઠ ! જાન ખતરેમેં હૈ."

સૌ આભા બની ગયા ! જયરામદાસનો ગભરાટ ખૂબ જ હતો. તે શાંત થઈ વિગતથી કહી શકે તેવું ન હતું.

ધીરે ધીરે આ વાત આખા શહેરમાં પ્રસરી ગઈ. રાજાને પણ જાણ થઈ. તેણે તરત જ પોતાના ચુનંદા સિપાઈઓને હુકમ કર્યો અને પોતે પણ શસ્ત્ર ધારી ઘોડે ચડીને આગળ થયા. જયરામે રાજાને જોયા અને લશ્કરને પણ સાબદું થતું જોયું. એટલે તે આગળ દોડવા માંડ્યો. પાછળ રાજા અને લશ્કર. થોડી વારમાં સૌ જનકપુર પહોંચી ગયા.

રાજાના સૈન્યે બંદૂકોના બાર કર્યા. આ લશ્કરને જોઈ યુદ્ધે ચડેલા બાવાઓના હાંજા ગગડી ગયા. તેઓ તરત જ ત્યાંથી નાઠા. લશ્કરે પીછો પકડ્યો અને જેટલા પકડાયા તેને ઠાર કર્યા. ઘોર યુદ્ધના ઘમસાણમાં બાવાઓનાં છેદાયેલાં મસ્તક અને ધડ પડેલાં જોઈ રાજાને ત્રાસ થઈ ગયો. તે પલવાર ત્યાં થોભ્યા, પણ બીજી જ ક્ષણે તેમને નીલકંઠ વર્ણીનો વિચાર આવ્યો.

તે ઇન્દ્રદ્યુમ્ન સરોવર પાસે આવ્યા. ત્યાં નીલકંઠ વર્ણી પદ્માસન વાળીને બેઠા હતા. નેત્રો નાસિકાગ્ર હતાં. વૃત્તિઓ સ્થિર હતી અને શરીર અચળ હતું. નીલકંઠ વર્ણીની નિશ્ચળતા જોઈ રાજા વિસ્મય પામ્યા. તેને ખરેખર નીલકંઠ વર્ણી મહાન લાગ્યા. તેને લાગ્યું કે નીલકંઠ વર્ણીએ આ અસુરોનો - આતતાયીઓનો પૃથ્વી ઉપરનો ભાર આજે ઓછો કર્યો.

પછી તે નીલકંઠ વર્ણી પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપનું હવે અહીં રહેવું ઉચિત નથી. આપ મારા રાજમહેલમાં જ ચાલો."

નીલકંઠ વર્ણીએ કહ્યું : "અમારે ત્યાગીઓને વળી મહેલો શા ? દેહ અને ઇન્દ્રિયોનું દમન કરવા તો અમે ત્યાગ ગ્રહણ કર્યો છે. તે મૂકીને રાજમહેલના ભોગ અમને કેમ ખપે ? આપ મારી કોઈ ચિંતા કરશો નહિ. આ જમાતમાં જે દૈવી જીવો હશે તેમને ઉપદેશ કરશું અને ભજન કરશું. આપ સુખેથી પધારો."

નીલકંઠ વર્ણીની અત્યંત અનાસક્ત સ્થિતિથી સમાધિમાં જોયેલા નીલકંઠ વર્ણીના દિવ્ય સ્વરૂપની તેને સ્મૃતિ થઈ આવી. તેણે તેમના ચરણમાં પ્રણિપાત કર્યો અને હાથ જોડી કહ્યું : "આપની સેવા કરી શકું એવાં મારાં ભાગ્ય હજુ ઉદય થયાં નથી. પણ ગમે ત્યારે મને આપ યાદ કરશો, હું સેવામાં આવી જઈશ."

નીલકંઠ વર્ણી તેના ભાવથી પ્રસન્ન થયા અને તેને આશીર્વાદ આપ્યા.

અધર્મના દળરૂપી આ વેરાગી બાવાઓ પોતાની જાતે જ નાશ પામ્યા.

નીલકંઠ વર્ણીને લાગ્યું અહીંનું કામ હવે પૂરું થયું છે. દસ માસ જગન્નાથપુરીમાં પોતે રહ્યા. જગન્નાથજીની મૂર્તિમાં પણ અંતર્યામી સ્વરૂપે પ્રવેશ કરીને પૂજારીનો ભક્તિભાવ અને છળકપટ જોયાં.[૯૮]

જગન્નાથપુરી એ યાત્રાનાં ચાર ધામમાંનું એક ધામ કહેવાય છે, પુરુષોત્તમક્ષેત્ર કહેવાય છે. પણ અહીં તેમણે લોકોમાં અધાર્મિકતા જોઈ, લોલુપતા જોઈ, યાત્રિકોમાં પણ મુમુક્ષુતા કરતાં રૂઢિગત પ્રણાલિકાને અનુસરવાનો ભાવ વિશેષ દેખાયો. સર્વત્ર જાણે મુમુક્ષુતા પરવારી ગઈ હતી, અધર્મને છૂટો દોર મળતો હતો. યાત્રાસ્થાનોમાં તે વિશેષ પ્રમાણમાં દેખાતું હતું. નીલકંઠ વર્ણી આ બધો વિચાર કરતાં સ્થિર થઈ ગયા. પછી માથું હલાવી ઊઠ્યા.

પશ્ચિમ દિશામાં વીસ કોશ દૂર મહા નદી ઊતરી દક્ષિણમાં તિલંગ દેશમાં નીલકંઠ વર્ણીએ પ્રવેશ કર્યો.

---

૯૮. આ ઉપરાંત મહારાજે વચનામૃત ગ.પ્ર. ૬૮માં આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે : "ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ અને તે મૂર્તિ તો કાષ્ટની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતાં અને પૂજારીના ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા."



ઉદ્ગીથ ૧૩

દક્ષિણની યાત્રા

(આ.સં. ૧૮૫૪-૧૮૫૫, ઈ.સ. ૧૭૯૮-૧૭૯૯)

નીલકંઠ વર્ણી ચાલતાં ચાલતાં આદિકૂર્મ[૯૯] તીર્થમાં પધાર્યા. અહીં દર્શન કરીને ગોદાવરી અને કૃષ્ણા નદી ઊતરીને પન્ના-નૃસિંહ[૧૦૦] તીર્થમાં પધાર્યા. નીલકંઠ વર્ણી ત્યાંથી નીકળ્યા. જયરામ પણ સાથે ચાલ્યો.

---

૯૯. અહીં મંદિર બહુ જ પ્રાચીન છે. મંદિરમાં કૂર્માકાર શિલાસ્વરૂપે કૂર્મ ભગવાનની મૂર્તિ છે. તે મૂર્તિની બાજુમાં ગોવિંદરાજ(શ્રીવિષ્ણુજી)ની મૂર્તિ છે. તેમની સમીપે ભૂદેવી અને શ્રીદેવીની મૂર્તિઓ પણ છે.
પૂર્વ રેલવેની હાઉડા વૉલ્ટેર શાખામાં નૌપાડાથી ૨૯ માઈલ દૂર શ્રીકાકુલમ રોડ સ્ટેશન આવે છે. સ્ટેશનથી કાકુલમ ગામ ૮ માઈલ દૂર છે જે બંગાળના ઉપસાગર ઉપર છે. કાકુલમ શહેરથી આદિકૂર્મ ૯ માઈલ દૂર છે. આ સ્થાનને કૂર્માચલ પણ કહે છે, પણ ત્યાં કોઈ પર્વત નથી. – કલ્યાણ તીર્થાંક; વર્ષ : ૩૧, અંક : ૧.

૧૦૦. વિજયવાડા સ્ટેશનથી લગભગ ૭ માઈલ દૂર મંગલગિરિ સ્ટેશન છે. ત્યાંથી અર્ધો માઈલ દૂર લક્ષ્મી-નૃસિંહનું મંદિર છે. ગગનમાં ગાજતા મંદિરોના ગોપુર બનાવવાની દક્ષિણમાં જે પ્રથા છે, તેની લક્ષ્મી-નૃસિંહજીના મંદિરથી શરૂઆત થઈ હોય તેવું મનાય છે. લક્ષ્મી-નૃસિંહજીના મંદિરની બાજુમાં પર્વત છે તેના ઉપર ૪૪૮ પગથિયાં ચઢતાં પન્ના-નૃસિંહજીનું મંદિર છે. ભગવાન વિષ્ણુ હિરણ્યકશિપુને મારીને અહીં જ આવ્યા હતા એવું કહેવાય છે. અહીં ભગવાનને ભોગમાં શરબત ધરાવાય છે. પન્ના એટલે શરબત. પ્રસાદમાં પણ શરબત જ સૌને અપાય છે. અહીં મંદિરમાં ભગવાન નૃસિંહજીની ધાતુના મુખવાળી મૂર્તિ છે. તેમાં શંખ વડે અર્ધું શરબત પૂજારી રેડે છે અને અર્ધું પ્રસાદ કરી સૌને આપે છે. નીચે શરબત ઢોળાવાથી જમીન બહુ જ ચીકણી થઈ જાય છે પરંતુ એક પણ માખી દેખાતી નથી એ આશ્ચર્યની વાત છે. અહીં માઘ માસમાં એકાદશીથી પૂર્ણિમા સુધી ઉત્સવ થાય છે અને હજારો યાત્રાળુઓ અહીં દર્શન માટે આવે છે.

ચાલતાં ચાલતાં એક ગાઢ વનમાં પ્રવેશ કર્યો. જયરામને હવે વનની બીક મટી ગઈ હતી. નીલકંઠ વર્ણીનો તેણે પ્રભાવ જોઈ લીધો હતો એટલે નિર્ભીક થઈને તે નીલકંઠ વર્ણીની પાછળ પાછળ ચાલતો હતો. નીલકંઠ વર્ણીની ઉતાવળી ચાલથી જયરામને તેમની પાછળ દોડવું પડતું. નીલકંઠ વર્ણી ક્યાં જતા હતા તે પૂછવાનું કોઈ કારણ જયરામને ન હતું. કારણ તેને પ્રતીતિ થઈ ગઈ હતી કે કોઈ હેતુ વગર નીલકંઠ વર્ણી કોઈ ગામમાં કે સ્થાનમાં પ્રવેશ કરતા જ નહિ. તેથી તે મૂંગે મોઢે ચાલ્યો જતો હતો.

માનસપુરમાં

આગળ ચાલતાં માનસપુર નજીક આવ્યા. જયરામે જાણ્યું કે અહીં પણ કાંઈક અનુભવ થશે. વર્ણીએ માનસપુરમાં પ્રવેશ કર્યો. નીલકંઠ વર્ણીએ નગરની બહારના ભાગમાં એક મોટો વડ જોયો. તેમની ત્યાં ઊતરવાની ઇચ્છા હતી, પરંતુ ત્યાં ઘણા વેરાગીઓ ઊતર્યા હતા તેથી વર્ણીન્દ્ર ભગવાને પોતાનો વિચાર ફેરવ્યો. રાજાના બાગમાં આવ્યા. અહીં તેમને જોઈને તરત જ બગીચાનો માળી તેમની પાસે આવ્યો. અવારનવાર આવતી વેરાગીઓની જમાતોના રંગઢંગ સાથે માળી ખૂબ પરિચિત થઈ ગયો હતો. વળી, અત્યારે પણ વડ નીચે એવી જમાતના અડ્ડા હતા, જે અસ્ત્ર, શસ્ત્ર અને ભૂંડી ભાષાના જોરે લોકો પાસેથી પાકાં સીધાં પડાવતા, રાજ્યના કોઠારમાંથી પણ હક કરીને માગી લાવતા અને ખાઈ-પીને મસ્ત રહેતા. ભાંગના પાન ઉપર ચલમની ફૂંકો લગાવી તેના અમલને ઘાટો બનાવતા. આ જમાતના માનવીઓથી નીલકંઠ તેને જુદા લાગ્યા. કૌપીન ઉપર મૃગચર્મ વીંટેલું છે. માથા ઉપર જટાનો મુગટ શોભે છે. વીજળીની જેમ ચમકારા કરતી, મેઘશ્યામ શરીર ઉપર જનોઈ શોભે છે. કમળના દળ સમાન આંખોમાંથી કરુણા વરસી રહી છે. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક મધ્યે ગોળ ચાંદલો શોભે છે, શરીર કૃશ છે છતાં શક્તિ અદમ્ય છે. મુખ ઉપર બ્રહ્મચર્યની આભાથી તેમના સ્વરૂપમાં દિવ્યતાનો આભાસ થાય છે. આવી કિશોર છતાં ચિત્તાકર્ષક મૂર્તિ જોઈ, માળીને લાગ્યું કે આ કોઈ જુદી માટીના મહાપુરુષ છે.

નીલકંઠ વર્ણી તેની સમક્ષ ઊભા રહ્યા ત્યારે તે તેમના સામું જોઈ જ રહ્યો. તેને સ્થિર નેત્રે નીલકંઠ વર્ણી સામું જોતો જોઈને પાછળ ઊભેલા જયરામે કહ્યું : ''અલ્યા, પશુ જેવો લાગે છે. જોઈ શું રહ્યો છે ?''

આ સાંભળી માળી ચમક્યો અને તેણે તરત જ બે હાથ જોડી દીધા. આ જોઈને જયરામને લાગ્યું કે આ પશુ તો નથી. નીલકંઠ વર્ણીનો સંબંધ થાય તે પશુ હોય કે પાશવી, પણ તેનું પરિવર્તન થયા વગર રહેતું નથી. માળીમાં તેણે મુમુક્ષુતા જોઈ. તેણે કહ્યું : "ભાઈ ! આ નીલકંઠ વર્ણી મહાપ્રભુ છે. આજે તારો બગીચો પાવન થઈ ગયો. અમારે અહીં ઊતરવું છે."

માળી હજુ સુધી સ્તબ્ધ જ હતો, પણ જયરામના શબ્દે તે જાગ્યો. શબ્દનો ભાવ તો તેની સ્તબ્ધતામાં લીન થઈ ગયો હતો, પણ શબ્દના પડઘાથી તે સભાન બની ગયો. તેણે આ સભાન અવસ્થામાં ફરી નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં અને કહ્યું : "ભલે પધાર્યા, પ્રભુ ! હું આપની જ રાહ જોતો હતો."

આ શબ્દથી જયરામ ચમક્યો. તેને લાગ્યું કે આ માળીને ક્યાંથી ખબર કે નીલકંઠ વર્ણી અહીં આવવાના હતા ! તેની અજ્ઞાન દશામાં તે ક્યાંથી સમજી શકે કે આ માળીનું અંતર પ્રભુને પામવા ઝંખતું હતું ! કદાચ અનંત જન્મની તેની રાહ આજે ફળી. તેણે નીલકંઠ વર્ણીને સુંદર ઉતારો આપ્યો. નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં પછી માળીના મનમાં ઉત્સુકતા જાગી. રાજા પણ ભાવિક છે, ભેખને સંઘરે પોષે છે. સત્રધર્મા રાજાને વર્ણીના આ સમાચાર આપવા નીલકંઠ વર્ણી માટે બધી જ સગવડ કરી તે શહેરમાં ગયો. રાજાને ખબર પહોંચાડ્યા કે બગીચામાં કિશોરવયના એક વર્ણી આવ્યા છે, તપથી શરીર કૃશ છે, છતાં દેખાવમાં દિવ્ય છે. દર્શનમાત્રથી અંતરમાં શાંતિ થઈ જાય એવા એ મહાપુરુષ છે.

રાજાને આ સમાચાર સાંભળી તાલાવેલી લાગી. તે પણ તૈયાર થઈ પોતાના સેવકો સાથે બગીચામાં આવ્યો. તે વખતે નીલકંઠ વર્ણી સ્વસ્વરૂપના ધ્યાનમાં નિમગ્ન બની સિદ્ધાસને બેઠા હતા. રાજાએ નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. વૈશાખની લૂથી તપી ગયેલો માનવી ગંગાના ધરામાં પડે અને શાંતિ અનુભવે તેવી શાંતિ તેણે અનુભવી. તેનું અંતર ત્રિવિધ તાપથી તપી ગયું હતું પરંતુ નીલકંઠ વર્ણીનાં દર્શનથી જીવનમાં કદી ન અનુભવેલી શાંતિ અને સુખનો તેને અનુભવ થયો. નીલકંઠ વર્ણીના મુખ ઉપર તેણે પ્રભુતા પારખી. તેને લાગ્યું, કાં શિવજીમાં આવી યોગસિદ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય ! તેના અંતરમાં આ વિચારો ઘોળાયા કરતા હતા.

એટલામાં નીલકંઠ વર્ણીએ આંખો ખોલી. તેમણે રાજાને સન્મુખ બેઠેલા જોઈ મૃદુ સ્વરે પૂછ્યું : "આપનો પરિચય ?"

રાજાએ બે હાથ જોડી કહ્યું : "હું આ શહેરનો રાજા છું. ઘણા સમયથી

આપના જેવી ઈશ્વરીય વિભૂતિનાં દર્શનની ઝંખના કરતો હતો. તે આજે ફળી. મારાં અહોભાગ્ય છે !''

સૌનાં અંતરના અંતર્યામી નીલકંઠ વર્ણી માટે કાંઈ જ અજાણ્યું ન હતું. રાજાનું કલ્યાણ કરવા તો તેઓ અહીં આવ્યા હતા. રાજા તેમની સમક્ષ હાથ જોડી બેસી ગયો. નીલકંઠ વર્ણી જાણતા હતા કે ભારતભરમાં બાવાઓનાં ઝુંડનાં ઝુંડ ફરતાં હતાં. વામ અને શક્તિપંથીનું જોર સમગ્ર ભારતમાં હતું. તે પંથના કેટલાક માર્ગ ભૂલેલા બાવાઓ જ્યાં જતા ત્યાં ત્રાસ અને અધર્મ જ પ્રસરાવતા. ભારતની ભોળી અને અજ્ઞાત પ્રજા તેમની માગણી સંતોષવામાં ધર્મ સમજતી. રાજાઓને પણ આ બાવાઓની બીક લાગતી. વર્ણીને આ બીક ટાળવી હતી. લોકોમાં ભેખ વિશેનો જે ભ્રમ હતો તે ભાંગવો હતો. અધર્મ સર્ગ શું છે તે સમજાવી, ધર્મ અને નીતિ-નિયમોના પાલનની જીવનમાં આવશ્યકતા છે, તે સત્ય દર્શાવવું હતું.

નીલકંઠ વર્ણીએ રાજાને ધર્મ અને અધર્મનાં લક્ષણો સમજાવ્યાં, ત્યાગીના નિયમો સમજાવ્યા. ધન અને સ્ત્રી આ બે જ તત્ત્વો એવાં છે કે જે ત્યાગીને તેમના ધર્મમાંથી ભ્રષ્ટ કરે છે. પુરાણોનાં પાત્રોનો ઇતિહાસ કહ્યો અને તપોભંગ થયેલા ઋષિઓના અધઃપતનની વાતો કરી. સર્વકર્તા એક પરમાત્મા જ છે એટલે આવા બાવાઓના શાપ કે અવળ વાણીથી જેને પરમાત્માનો આશરો છે તેમને કાંઈ જ થતું નથી એ સત્ય પણ સમજાવ્યું.

સ્થિર આસને બેસીને વર્ણીરાટનો ઉપદેશ સાંભળતા રાજાએ સનાતન શાસ્ત્રોનું રહસ્ય આજે સ્પષ્ટ થતું અનુભવ્યું. તેને સમજાયું કે ભેખના ભારમાં ફસાઈને અત્યાર સુધી અધર્મ સર્ગને જ તેણે પોષ્યો હતો. તે પાપનું આજે તે પ્રાયશ્ચિત્ત કરતો હતો. વર્ણીએ તેને સમજાવ્યું કે અજ્ઞાન અને વહેમ એ જીવનમાં મોટામાં મોટા ભય છે. જગતની આસક્તિથી રહિત અને પરમાત્મા પ્રત્યેની ભક્તિથી ભરપૂર શુદ્ધ જ્ઞાનદાતા જ્યારે મળે ત્યારે જ આ ભય ટળે છે અને શાસ્ત્રોનું સાચું રહસ્ય સમજાય છે. કાળ, કર્મ અને માયાનાં તત્ત્વોથી નિર્ભય બનવું તે શુદ્ધ સત્ત્વનો ગુણ છે. એવી સત્ત્વસંશુદ્ધિ જ મુમુક્ષુઓને કલ્યાણના માર્ગે દોરી જાય છે.

રાજાની આંખ ઊઘડી ગઈ. છતાં નીલકંઠ વર્ણીને લાગ્યું કે ભેખનાં સાચા સ્વરૂપનાં રાજાને દર્શન ન થાય ત્યાં સુધી તેના જ આંગણામાં અડ્ડો નાખીને પડેલી અધર્મી બાવાની જમાતની સાન ઠેકાણે આવશે નહિ. વર્ણીના ઉપદેશથી

રાજાના મનમાં આ ભેખના ભાવને જોવાની જિજ્ઞાસા થઈ.

બીજે દિવસે રાજા નીલકંઠ વર્ણીનાં દર્શને આવવા નીકળ્યા. રસ્તામાં તેને વિચાર આવ્યો કે વડ નીચે પથરાયેલી જમાતને જોવા જઈએ. રાજા ત્યાં ગયા. તે વખતે જમાતનો મહંત પૂજામાં બેઠો હતો. તેની પૂજામાં અનેક શાલિગ્રામ હતા. એ બધા શાલિગ્રામને પાણીથી ભરેલી એક મોટી ગોળીમાં પધરાવી અંદર હાથ નાખીને તેમને ઘસીને એક લૂગડું પાથરી તેના ઉપર બધા શાલિગ્રામ તેણે ઠાલવ્યા. પછી દરેકને ચંદન લગાવવા લાગ્યો. રાજાએ તેની ભક્તિની આ અડબંગ રીત જોઈ. તે વખતે બીજા બાવાઓ કોઈ ધૂણી સળગાવી ચલમો પીતા હતા, કોઈ આડા પડ્યા હતા, કોઈ રામકીની સાથે ચેષ્ટા કરતા હતા અને કોઈ ભિક્ષામાં આવેલા પૈસા ગણતા હતા. તેમની કોઈ પ્રવૃત્તિમાં તેને નીલકંઠ વર્ણીએ બતાવેલ ત્યાગીના ધર્મનો લેશ જણાયો નહિ. વડ નીચે પથરાયેલી આ જમાતમાં તે ફર્યો. છેવટે મહંત પાસે આવ્યો. ભાંગ અને ગાંજાના અમલથી લાલ આંખોમાં જાણે ક્રોધનો અગ્નિ ભભૂકતો હોય તેવું તેને મહંતનું સ્વરૂપ દેખાયું. ઉતાવળે રુદ્રાક્ષની માળા ફેરવતો, વચ્ચે વચ્ચે કોઈને ભાંડતો, પાસે પડેલું ત્રિશૂળ બતાવી ડારતો, ભક્તિની વેઠને ઉતાવળમાં પૂરી કરવાના વેગમાં પડેલો તે મહંત રાજાને તેના સાચા સ્વરૂપમાં ઓળખાયો.

રાજા તેની પાસે આવી બેસી ગયો. પાથરેલા શાલિગ્રામને તે જ કપડામાં કચકચાવીને બાંધતા તે મહંત પાસે રાજાએ એક શાલિગ્રામ માગ્યો અને મહંત તાડૂક્યો : "યે કોઈ માગનેકી ચીજ હૈ ? વિધિ સે પૂજા કરની પડતી હૈ."

રાજાએ વિધિ જોયો હતો. તેને મનમાં આ મહંતની દયા આવી, રીસ પણ ચડી, છતાં શાંત રહીને તે ત્યાંથી ઊઠી ગયો. સીધો બગીચામાં નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તેણે નીલકંઠ વર્ણીને શાલિગ્રામની વાત કરી. નીલકંઠ હસ્યા. તેમણે કહ્યું : "શાલિગ્રામને તો તે પથરા જાણે છે, પણ પોતાના પેટપોષણનું સાધન જાણીને તેમને રાખે છે."

"તો પછી મેં એક શાલિગ્રામ માગ્યો અને મને કેમ ન આપ્યો ? હું ઘણું જ ધન તેને આપત." રાજાએ પૂછ્યું.

"એ જાત જ અડબંગી, રીઝે તો રાજ્ય દઈ દે અને ખીજે તો ખાલ ઉતારી નાખે." નીલકંઠ વર્ણીએ કહ્યું. પણ રાજાને શાલિગ્રામ લેવાનો મોહ હતો. તેણે નીલકંઠ વર્ણીને કહ્યું : "છતાં કાલે તમે જયરામને મોકલજો."

"જયરામને પણ નહિ આપે. તેની જડતાનો આંકડો વધુ અક્કડ બનશે."

નીલકંઠ વર્ણીએ કહ્યું. છતાં તેમની ઇચ્છાથી જ રાજામાં શાલિગ્રામ મેળવવાની તત્પરતા જાગી હતી. તેણે ફરી વાર આગ્રહ કર્યો.

બીજે દિવસે જયરામ મહંત પાસે આવ્યો. મહંતને નમસ્કાર કરી તેની સન્મુખ બેઠો. પછી ધીરે રહીને તેણે કહ્યું : "મહંતજી ! આટલા શાલિગ્રામ આપની પાસે છે તેમાંથી એક મને આપો ને !"

આ સાંભળી મહંત ક્રોધે ભરાયો : "અબે કલ તો રાજા કો ભી ના બોલ દિયા તો તુ કૌનસી સૂરત ?" પણ જયરામે કાકલૂદી ચાલુ રાખી. છેવટે મહંતના ક્રોધે માઝા મૂકી. તે ત્રિશૂળ લઈને ઊભો થયો. જયરામ તરત જ નાઠો અને શ્વાસભેર દોડતો નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તેણે નીલકંઠ વર્ણીને કહ્યું : "મહારાજ ! તેણે તો ત્રિશૂળ ઉગામ્યું."

નીલકંઠ વર્ણી હસ્યા : "સારું થયું કે તું બચ્યો."

તે જ રાત્રે નીલકંઠ વર્ણીના સંકલ્પથી મહંતજીના તમામ શાલિગ્રામ અદૃશ્ય થઈ ગયા અને ગંડકી નદીમાં જઈને પડ્યા ! બીજે દિવસે મહંતે નાહીને પૂજા માટે શાલિગ્રામની પોટલી શોધી પણ તે ન મળી. તેણે બીજા બાવાઓને પૂછ્યું પણ તેમને કોઈને શાલિગ્રામમાં રસ ન હતો. સૌએ પોતાની ઝોળીઓ બતાવી. મહંતને ખાતરી થઈ કે જરૂર રાજાએ ચોરી કરાવી છે. વળી, રાજા નીલકંઠ વર્ણી પાસે બેસતા, તેમને ગુરુ માનતા. રૈયત પણ નીલકંઠ વર્ણીનો ઉપદેશ સાંભળવા જતી. નીલકંઠનો સેવક જયરામ પણ ગઈ કાલે શાલિગ્રામ માગવા આવ્યો હતો. આ બધા વિચારોથી તેને ખાતરી થઈ કે નીલકંઠ વર્ણીએ જ રાજાને ઉશ્કેરીને આ ચોરી કરાવી છે. મહંતે બાવાઓને ઉશ્કેર્યા.

બીજે દિવસે નીલકંઠ વર્ણી સવારના નિત્યવિધિ કરી બગીચામાં ઓટલા ઉપર ધ્યાનમાં બેઠા હતા. સત્રધર્મા રાજાએ સીસમની પાવડી નીલકંઠ વર્ણીને આપી હતી તે પાવડી ઉપર છાતી અઢેલી તે ધ્યાન કરતા. કોઈ વખત તેને પડખે રાખી તે ઉપર એક હાથ ટેકવી ધ્યાનમાં બેસતા હતા.[૧૦૧]

જયરામદાસ શહેરમાં ગયો હતો. તે વખતે બાવાઓ ત્યાં આવ્યા અને નીલકંઠને મારી નાખવા દૂરથી સૌ તેમના ઉપર પથ્થર ફેંકવા લાગ્યા. નીલકંઠ વર્ણીની આજુબાજુ પથ્થરનો ઢગલો થઈ ગયો. એટલામાં જયરામ ત્યાં આવ્યો. તેણે આ જોયું. તેને જોઈને બાવાઓ પણ બધા ભાગી ગયા. જયરામ નીલકંઠ વર્ણી

---

૧૦૧. આ સીસમની પાવડી હાલ સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢમાં દર્શનાર્થીઓ માટે સાચવીને રાખી છે. – હ.ચ.ચિં. ભાગ ૧લો, પાન ૨૮૭.

પાસે આવ્યો. પણ તેણે જોયું તો નીલકંઠ વર્ણીને એક પણ પથ્થર વાગ્યો ન હતો. બધા પથ્થર તેમની આજુબાજુ પડ્યા હતા. તેણે નીલકંઠ વર્ણીને જગાડ્યા પણ નીલકંઠ વર્ણી તો ધ્યાનમાં જ હતા. તેથી તે આ ખબર રાજાને આપવા માટે દોડ્યો.

નગરમા રાજા તથા પ્રજાને ખબર પડી કે બાવાઓ નીલકંઠ વર્ણી ઉપર તૂટી પડ્યા હતા. રાજા તરત જ પોતાના સૈનિકોને લઈને બગીચા તરફ જવા તૈયાર થયો. રૈયતના માણસો પણ આવવા લાગ્યા. અહીં બાવાઓએ પણ નક્કી કર્યું કે શાલિગ્રામ મેળવવા રાજાના મહેલ ઉપર હુમલો કરવો. તેઓ પણ અસ્ત્ર-શસ્ત્ર સજીને શહેર તરફ ધસ્યા. રાજાના સૈનિકોનો તથા બાવાઓનો મુકાબલો અધવચ્ચે જ થઈ ગયો. અસ્ત્ર-શસ્ત્રો રાખતા છતાં યુદ્ધના બિનઅનુભવી આ બાવાઓનો અહીં કચ્ચરઘાણ નીકળી ગયો. રાજાને શાંતિ થઈ કે પોતાના રાજ્યમાંથી અધર્મનો એટલો સર્ગ નાશ પામ્યો.

રાજા મારતે ઘોડે બગીચામાં આવ્યા. તેના સૈનિકોએ ભાગતા બાવાઓનો પીછો પકડ્યો. પોતાની હદમાંથી તેમને પાર કરીને સૈનિકો બધા બગીચામાં આવ્યા. નીલકંઠ વર્ણી હજુ પણ ધ્યાનમગ્ન હતા. રાજાએ જોયું કે નીલકંઠની આજુબાજુ પથ્થરનો જાણે કોટ થઈ ગયો હોય તેમ પથરા પડ્યા હતા. નીલકંઠ વર્ણીના શરીરને આંચ આવી ન હતી. બાવાઓની ક્રૂરતા અને હિંસાવૃત્તિનો તેને ખ્યાલ આવ્યો. ભેખને નામે ચરી ખાતા આવા બાવાઓનાં કારમાં કૃત્યો જોઈ તેને કમકમાટી ઊપજી.

વૈરાગ્ય વગર ત્યાગ ટકતો જ નથી અને વૈરાગ્ય જ્ઞાનથી આવે છે. જ્ઞાન પ્રભુના સાન્નિધ્યથી આવે છે. જેને જેને પરમાત્માનું એવું પ્રગટ સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે, તેને જ જ્ઞાન પ્રાપ્ત થયું છે અને તેનો જ મોક્ષ થયો છે. આ સનાતન સત્ય આપણાં શાસ્ત્રોએ બતાવ્યું છે.

નીલકંઠ વર્ણી ધ્યાનમાંથી જાગ્યા અને રાજા પણ આ વિચાર-મંથનમાંથી જાગ્યો. તેણે નીલકંઠ વર્ણીને પ્રણિપાત કર્યા. હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આ બાવાઓએ તો કેર વર્તાવ્યો."

"તેમનું જે કર્તવ્ય હતું તે તેમણે કર્યું." નીલકંઠ વર્ણીએ સહજભાવથી કહ્યું.

થોડી વારે રાજાએ ફરી કહ્યું : "વર્ણીજી ! આપ આજ્ઞા કરો તો અહીં ચોકીમાં મારા સિપાઈઓ રાખું."

નીલકંઠ વર્ણી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સર્વશક્તિમાન પરમાત્મા જ અમારી સાથે છે, તો તેઓ જ રક્ષા કરે છે અને કરશે."

રાજાને સત્ય સમજાયું. નીલકંઠ વર્ણી પોતે જ એ સ્વરૂપ હતા ! અને તે રાત્રે નીલકંઠ વર્ણી, જયરામદાસ માનસપુરથી નીકળી ગયા.

નીલકંઠ વર્ણીનું કાર્ય વેગવાન હતું. તેમને લાગ્યું કે જેમને લોકો ધર્મી માને છે અને જેમના દ્વારા ધર્મનું પ્રસારણ થાય તેમનામાં જ જો અધર્મ વ્યાપે તો અધર્મ માઝા મૂકે. તેમના બેમર્યાદ વ્યાપને રોકવા કાળશક્તિની જ જરૂર હતી. તેથી જરૂર પડે ત્યારે એ શક્તિને તેઓ સાદ કરતા અને આશ્ચર્યવત્ લાગે એ રીતે અધર્મનો ખોડો નીકળી જતો.

✧

રસ્તે ચાલતાં જયરામને સખત તરસ લાગી. તેનાથી આગળ ચાલી શકાય તેમ ન હતું. નીલકંઠ વર્ણીની મદદથી તે એક ઝાડ ઉપર ચઢ્યો અને દૂર એક સરોવર જોયું. નીલકંઠ વર્ણીનો હાથ પકડી માંડ માંડ તે સરોવર સુધી આવ્યો. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "જા, હવે ત્યાં જઈને પાણી પી લે."

જયરામદાસ ત્યાં ગયો, પણ તેણે સરોવરમાં સાપ જોયા એટલે તે પાછો ફર્યો. નીલકંઠ વર્ણીએ તેને પૂછ્યું : "પાણી પીધું ?"

તેણે કહ્યું : "અરે ! તેમાં તો ઘણા સર્પ છે, તે પાણી કેમ પિવાય ?"

નીલકંઠ વર્ણી તરત જ ઊભા થયા. જયરામની સાથે સરોવર પાસે ગયા. સરોવરમાં સર્પ હતા. પરંતુ નીલકંઠ વર્ણીએ જયરામને કહ્યું : "જળના સાપ ઝેરી ન હોય." એમ કહી પાસેથી એક લાકડી લઈ તેમણે સાપને દૂર કર્યા અને તુંબીપાત્રમાં પાણી ગાળીને ભરી લીધું. જયરામને વિશ્વાસ ન આવ્યો. તેથી નીલકંઠ વર્ણીએ તે પાણી પહેલાં પીધું પછી જયરામે પીધું. અમૃત જેવું મીઠું પાણી હતું. નીલકંઠ વર્ણી હસ્યા. તેમને લાગ્યું કે ભગવાનનો પણ ભક્તને વિશ્વાસ આવતો નથી, મૃત્યુની એવી બીક અંતરમાં પેસી ગઈ છે ! જેને મૃત્યુની બીક ટળી ગઈ છે તે જ ભક્ત છે, તે જ મુક્ત છે.

નીલકંઠ વર્ણી જયરામને લઈને આગળ ચાલ્યા. પરંતુ હવે જયરામના પગ પાછા પડતા હતા. વર્ણીન્દ્ર પ્રભુની ત્વરિત ગતિ સાથે જ્યાં સ્થૂળ દેહ જ ન ચાલી શકતો હોય, ત્યાં તેમની ઇચ્છાશક્તિ અને સંકલ્પશક્તિ સાથે તેના મનનો મેળ ક્યાંથી મળે ? તેના સ્થૂળ દેહને નીલકંઠ વર્ણીનું સાન્નિધ્ય હતું પરંતુ તેનો સૂક્ષ્મ દેહ તો સગાં-સંબંધીઓ પાસે પહોંચી ગયો હતો. સ્થૂળ અને સૂક્ષ્મનું આ અંતર ટાળી શકાય તેવું ન હતું. એટલે તેને લાગ્યું કે તે હવે નીલકંઠ વર્ણી સાથે ઘસડાય છે. એક-બે વખત તો તેણે નીલકંઠ વર્ણીને કહ્યું : "નીલકંઠ ! હવે તો

તમે મારી સાથે ઘેર ચાલો, નહિ તો મને ઘેર જવાની રજા આપો."

નીલકંઠ વર્ણીને તેના આ ક્ષુદ્ર વિચારથી તેની દયા આવી. આ દિવ્ય સ્વરૂપની દિવ્યતાનો અનુભવ કર્યા પછી પણ તેમનાથી જુદા પડવાનું મન થાય છે, તેમને વીસારી ઘર અને સંબંધીઓના બંધનકારી સ્નેહની સ્મૃતિ થઈ આવે છે, આ એક ખરેખર આશ્ચર્ય જ છે ! પરંતુ જયરામદાસનું મન તો હવે ઘરે પહોંચી જ ગયું હતું. છેવટે નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "ભાઈ ! જો તારે ઘરે જવું હોય તો તું ઘરે જા. મારે હજુ ઘણાં કામ કરવાનાં છે. પણ તને જ્યારે વૈરાગ્ય ઊપજે, સગાં-સંબંધીઓના સ્નેહનું બંધન તૂટે, ત્યારે પશ્ચિમ દેશમાં આવજે. મારો તને ત્યાં મેળાપ થશે." એટલું કહીને જયરામને તેમણે આશીર્વાદ આપ્યા.

જયરામ ત્યાંથી છૂટો પડ્યો. નીલકંઠ વર્ણીએ આગળ મજલ શરૂ કરી.

જયરામ થોડે દિવસે પુરુષોત્તમપુરી પહોંચ્યો. પરંતુ અહીં આવ્યા પછી તેને સખત તાવ આવ્યો. તાવની ગરમીમાં તેને આંસુ ચાલવા લાગ્યાં. તેનો તાવ જીવલેણ હતો. તે ગરમીથી તેને શીતળા નીકળ્યા. આંખ ઉપર તેની અસર થઈ. આમ, પુરુષોત્તમપુરીમાં ઘણો સમય દુઃખમાં વિતાવ્યો. તેના અંતરમાં થયું કે આમાંથી હું સાજો થાઉં તો નીલકંઠ વર્ણી પાસે દોડીને જાઉં. પરંતુ પ્રારબ્ધ ભોગવવું જ પડે છે. તેણે ઘણો સમય દુઃખ વેઠ્યું. બે-ત્રણ વર્ષ વીતી ગયાં. પરંતુ તેના પ્રારબ્ધમાં નીલકંઠ વર્ણીનો યોગ ફરી લખાયો હશે એટલે તે સાજો થયો અને પશ્ચિમ તરફની તેણે વાટ પકડી.[૧૦૨]

તિરુપતિ-વેંકટાદ્રિમાં

માનસપત્તનથી નીકળી નીલકંઠ વર્ણી વેંકટાદ્રિ[૧૦૩] પહોંચ્યા. અહીં બાલાજી ભગવાન(વેંકટેશ્વર)નાં દર્શન કર્યાં. આ સ્થાન પર્વત ઉપર છે. તે પર્વત વેંકટાચલ પર્વત કહેવાય છે. પુરાણની કથા છે કે ભગવાન શેષ અહીં પર્વત સ્વરૂપે બિરાજે છે. એટલે આ પર્વતને શેષાચલ પણ કહે છે. પ્રાચીન સમયમાં

૧૦૨. જયરામદાસને નીલકંઠ વર્ણીનો યોગ લોજમાં થયો. નીલકંઠ વર્ણીને પણ તેને મળીને આનંદ થયો. તેનો તીવ્ર વૈરાગ્ય જોઈ તેને દીક્ષા આપી અને જિજ્ઞાસાનંદ નામ પાડ્યું. — શ્રીહરિલીલામૃત; કળશ ૩, વિશ્રામ ૮-૯-૧૦.

૧૦૩. વેંક એટલે પાપ. વેંકટ એટલે પાપનો નાશ. શેષ એ ભગવાનનું ધામ હોવાથી તેનો સંબંધ થાય એટલે પાપ નાશ થઈ જાય. વિગત માટે જુઓ : 'કલ્યાણ' તીર્થાંક; વર્ષ ૩૧, અંક ૧.

પ્રહ્‌લાદજી તથા ભક્ત અંબરીષ આ પર્વતને ભગવત્સ્વરૂપ સમજીને દૂરથી તેને નમસ્કાર કરીને જ આગળ નીકળી ગયા હતા. શ્રી રામાનુજાચાર્ય દંડવત્‌ કરતાં કરતાં આ પર્વત ઉપર બાલાજીનાં દર્શન કરવા ચડ્યા હતા. આ સ્થાનનું આવું માહાત્મ્ય જાણી અહીં દક્ષિણના ઘણા યાત્રિકો દર્શન કરવા આવે છે. માનતા પણ રાખે છે. નીલકંઠ મહાપ્રભુ પણ આ સ્થાનમાં યાત્રિકોનાં કલ્યાણ અર્થે પધાર્યા.

અહીં પુષ્કરણી સરોવરના પશ્ચિમ ભાગે વારાહ ભગવાનનું મંદિર છે. આ મંદિરમાં વારાહ ભગવાનની ભવ્ય મૂર્તિ છે. ભગવાનનાં દર્શન કરીને જ બાલાજી ભગવાનનાં દર્શન કરવાનો રિવાજ છે. નીલકંઠ મહાપ્રભુ આ વારાહ મંદિરમાં દર્શન કરી પાસે આવેલા વડ નીચે બિરાજ્યા. વારાહ ભગવાનનાં દર્શન કરવા આવનાર યાત્રિકો વડ નીચે ધ્યાનમગ્ન બિરાજેલા આ તેજસ્વી વર્ણીનાં દર્શન કરવા જવા લાગ્યા. લગભગ ત્રણ-ચાર દિવસ આ સ્થાને આ પ્રમાણે રહી હજારો દર્શનાર્થીઓને તેમણે લાભ આપ્યા પછી ત્યાંથી નીકળ્યા[૧૦૪] અને કાંચિપુરમની વાટ પકડી.

રસ્તામાં તેમને એક સાધુ મળ્યો તેનું નામ સેવકરામ હતું. તે ભાગવત ભણ્યો હતો. નીલકંઠ મહાપ્રભુએ તેની પાસેથી શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો સાંભળ્યા. ખાસ કરીને ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમની અદ્‌ભુત વાતો સાંભળી તેમનું અંતર દ્રવી ગયું. તેમને ગોપિકાગીત ખૂબ ગમી ગયું. તેથી સેવકરામને તે વારંવાર કહેતા : "ગોપિકાગીત સંભળાવો." નીલકંઠ વર્ણિને આ ગીતનું રહસ્ય સેવકરામને સમજાવવું હતું. પરંતુ તે કેવળ ભાગવતનો કથાકાર હતો.

ગોપીઓને શ્રીકૃષ્ણ વિશે અત્યંત પ્રેમ હતો. તે પ્રેમમાં પોતાનું ભાન ભૂલી તે શ્રીકૃષ્ણમય થઈ ગઈ હતી. છતાં ક્વચિત્‌ ક્વચિત્‌ એવો ભાવ તેમને આવતો કે શ્રીકૃષ્ણ અમારી સુંદરતામાં મોહીને અમારે વશ થઈ ગયા છે. તેથી જ તે અમારા નેણકટાક્ષે નાચે છે. તેમના અભિમાનના આવા ભાવથી ભગવાન તેમને ત્યજી દે છે. શ્રીકૃષ્ણના આ વિયોગથી ગોપીઓનો અહં નાશ થઈ જાય છે. વિયોગ વિના સંયોગનું સુખ પ્રાપ્ત થતું નથી. શ્રીકૃષ્ણ તેથી જ ગોપીઓનાં વૃંદમાંથી અંતર્ધાન થઈ જાય છે.

ભાગવતકાર ભગવાન વેદવ્યાસ લખે છે કે प्रशमाय प्रसादाय तत्रैवान्तर

---

૧૦૪. વેંકટાદ્રિ વનની ઝાડીમાં ભૂલા પડ્યા. ત્યાં બ્રાહ્મણના શાપને કારણે રાક્ષસ થયેલા પૂર્વ જન્મના તેલંગ દેશના રાજાનો ઉદ્ધાર કરી વચન આપ્યું કે વાળાના જેતપુર ગામમાં રતા બશિયા તરીકે તે જન્મશે. – શ્રીહરિલીલામૃત; ૩-૧૧.

ધીયત । ગોપીઓ વ્યાકુળ થઈ ગઈ. સંયોગમાં અભિમાનથી જે જુદાપણું હતું તે વિયોગમાં નષ્ટ થઈ ગયું. તેમની વૃત્તિ ફરી શ્રીકૃષ્ણ સાથે એકાકાર થઈ ગઈ.

સેવકરામે ગોપીગીતના શ્લોકો ગાયા. નીલકંઠને તે સાંભળી આનંદ થયો. ભક્તિની પરાકાષ્ઠા તેમણે ગોપીઓમાં જોઈ. તેમાં પણ ભગવાનનાં નયન-કટાક્ષનો જાદુ તેમને અદ્‌ભુત લાગ્યો. તે ગાવા લાગ્યા :

शरदुदाशये साधुजातसत्सरसिजोदरश्रीमुषादृशा ।
सुरतनाथ तेऽशुल्कदासिका वरदनिघ्नतो नेह किं वध: ॥[૧૦૫]

– ભાગવત : ૧૦-૩૧-૨

અચાનક સેવકરામે તેમને હલાવ્યા. તે ચમક્યા. સેવકરામે તેમને કહ્યું : "નીલકંઠ ! અહીં બેસ." નીલકંઠ વર્ણી બેસી ગયા. સેવકરામનો એક મણનો ભાર - જે તેમણે ઊંચક્યો હતો તે પોટલું તેમણે નીચે મૂક્યું. તેમણે સેવકરામને પૂછ્યું : "કેમ અહીં બેસવાનું કહ્યું ?"

સેવકરામના મોઢા ઉપર ગુસ્સો હતો. તેણે નીલકંઠ વર્ણીનો હાથ પકડીને કહ્યું : "તને મેં ઓળખ્યો. પાંચ વરસથી ઘર છોડીને નીકળી ગયો છે તે જ તું ઘનશ્યામ ને ?" નીલકંઠ વર્ણીને ધ્રાસકો પડ્યો. તેમને લાગ્યું કે આ લપ વળી ક્યાં વળગી ? સેવકરામે વધુ જોરથી તેમનો હાથ પકડીને કહ્યું : "પણ હવે જોઈ લેજે. હું તને છોડવાનો નથી. તારાં સંબંધી બધાં અયોધ્યામાં ઝૂરી મરે છે અને તું મોટો વેરાગી થઈને નીકળી પડ્યો છે ! હવે તો તને અયોધ્યા ભેગો કરીને જ જંપીશ."

નીલકંઠ વર્ણીને આ વાત સાંભળી હસવું આવ્યું. ત્યાગી થયા પછી પણ જે ઘરને તથા દેહના સંબંધીને સંભારે છે, તેની વાસના ટાળી શકતો નથી, તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.

તેમણે સેવકરામને કહી દીધું : "જો મારી ભેળા રહેવું હોય, મારી સેવા જોઈતી હોય તો અયોધ્યાની વાત કદી ન સંભારશો. અમે કોઈના બંધનમાં આવીએ એવા નથી. અમે સ્વતંત્ર છીએ અને અમને કોઈ રોકી શકે તેમ નથી."

નીલકંઠ વર્ણીના મુખ ઉપરના ભાવ જોઈ સેવકરામને લાગ્યું કે નીલકંઠ

---

૧૦૫. "અમારા પ્રેમપૂર્ણ હૃદયના હે સ્વામીનાથ ! અમે તમારા વિના મૂલ્ય વિનાની દાસી જેવી છીએ. શરદકાળે સરોવરમાં ખીલેલાં સુંદરમાં સુંદર કમળની સુંદરતાને પણ લજ્જા પમાડતા એવા આપના નયનકટાક્ષથી અમે વીંધાઈ ગયાં છીએ. અમારા મનોરથ પૂર્ણ કરવાવાળા હે પ્રાણેશ્વર ! શું નેત્રોથી પ્રેમિકાને ઘાયલ કરવી તે વધ નથી ? કેવળ અસ્ત્રોથી વધ કરવો તે જ વધ કહેવાય ?"

વર્ણી તેની વાત માનશે નહિ. વળી, તેને સેવકની પણ જરૂર હતી. એટલે તેણે એ વાત તરત જ પડતી મૂકી દીધી. નીલકંઠ વર્ણીને સુવાણ થઈ.

સેવકરામ નીલકંઠ વર્ણી પાસે તેનો ભાર ઉપડાવતો. જ્યાં ગામ આવતું, ત્યાં નીલકંઠ વર્ણીને પૈસા આપતો. તેમાંથી તેને માટે લોટ-ઘી-ગોળ વગેરે નીલકંઠ વર્ણી લઈ આવતા અને તેને રસોઈ કરી જમાડતા. પોતે તો ભિક્ષા ઉપર જ નિર્વાહ કરતા પણ સેવકરામની રસોઈમાંથી એક કણ પણ લેતા નહિ. સેવકરામ તેમને એવો આગ્રહ પણ કરતો નહિ. ખાવાની અતિશય લોલુપતાથી સેવકરામને અતિશય ઝાડા અને લોહીખંડ પેટબેસણું (મરડો) થઈ ગયા. આ બીમારીથી તે અસહાય થઈ ગયો. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "કાંઈ ચિંતા રાખશો મા, અમે તમારી ચાકરી કરીશું."

પછી ધીરે ધીરે ચાલતાં એક ગામ નજીક કેળની ફૂલવાડી જોઈ ત્યાં તેના માળીને પૂછીને તેમણે ઉતારો કર્યો. વડના ઝાડ નીચે એક હાથ ઊંચી કેળનાં પાનની પથારી કરી સેવકરામને તે ઉપર સુવાડ્યો. તેને લોહીખંડ પેટબેસણું હોવાથી વારંવાર તે ઝાડે જતો અને નીલકંઠ વર્ણી તેને ધોતા અને તેની ચાકરી કરતા. વનસ્પતિની ઔષધિ આપતા. તેને રુચે એવી રસોઈ કરી જમાડતા. વર્ણી વસતીમાં જઈને ભિક્ષા માગી નિર્વાહ કરતા. વસતીમાં અન્ન ન મળે ત્યારે તેમને ઉપવાસ પણ થતા.

થોડા સમયે તે સાજો થયો. શેર ઘી જમીને પચાવી જાય તેવો લઠ્ઠ બની ગયો. છતાં તેનો મણ એકનો ભાર તે નીલકંઠ વર્ણી પાસે ઉપડાવતો. નીલકંઠ તેની સેવા કરતા, છતાં ક્યારેય ભોજન સુધ્ધાંનું પૂછતો નહીં. નીલકંઠ વર્ણી ક્યારેક ક્યારેક તેને ભગવાનની વાતો કરતા પણ તે સાંભળવામાં તેને રસ પડતો નહિ. નીલકંઠ વર્ણીએ જાણ્યું કે આ સેવકરામ નથી પણ શઠરામ છે. ભગવાનમાં તેને પ્રીતિ નથી. કોઈનો તેને ગુણ નથી. તો આવા કૃતઘ્ની સાથે રહીને શું કરવું ? એટલે બે માસ સેવા કરીને નીલકંઠ વર્ણીએ તેનો ત્યાગ કરી દીધો અને પોતાનો રસ્તો પકડ્યો.

કાંચીપુરી અને શ્રીરંગક્ષેત્રમાં

થોડા દિવસે નીલકંઠ કાંચીપુરીમાં[૧૦૬] પહોંચ્યા. બ્રહ્માંડપુરાણમાં ઉલ્લેખ

૧૦૬. ધનુષકોટી રેલવે ઉપર મદ્રાસથી ૩૫ માઈલ દૂર ચીંગલપેટ સ્ટેશન છે. ત્યાંથી અરકોનમ્ તરફ જે રેલવે જાય છે તે ઉપર કાંજીવરમ સ્ટેશન છે.

છે કે કાશી અને કાંચી એ બે ભગવાન શંકરનાં નેત્ર છે. મોક્ષદાયી સાતપુરીમાં કાંચીપુરીની પણ ગણના થાય છે. તેને 'હરિહરાત્મકપુરી' પણ કહે છે. શિવકાંચી અને વિષ્ણુકાંચી એ ફક્ત બે માઈલના અંતરે જ છે. અહીં શિવજી તથા વરદરાજ વિષ્ણુનાં દર્શન કર્યાં. અહીંના કહેવાતા મઠાધિપતિઓ સાથે પ્રશ્ન-ઉત્તર કર્યા. તેમના મતનો સાર જાણી લીધો અને પછી ત્યાંથી નીકળી શ્રીરંગક્ષેત્રનો માર્ગ લીધો.[૧૦૭]

નીલકંઠ વર્ણી શ્રીરંગક્ષેત્રમાં પધાર્યા. શ્રી રામાનુજાચાર્યની તીર્થભૂમિમાં પ્રવેશ કરતાં નીલકંઠ વર્ણીને અત્યંત આનંદ થયો. અહીં કાવેરીગંગામાં સ્નાન કરી મહાપ્રભુ શેષશય્યા પર પોઢેલી શ્રીરંગનાથજીની ચતુર્ભુજ મૂર્તિનાં દર્શન કરવા પધાર્યા. ભાવિકોની ભીડ અહીં સારી હતી. પરંતુ નીલકંઠ વર્ણીને ઠેઠ નિજ મંદિર સુધી માર્ગ મળી ગયો. તેમની પ્રતિભા અછતી ન રહી. તેમને જોઈને સ્ત્રીઓ જાણે બ્રહ્મચર્યનું મૂર્તસ્વરૂપ આવતું જોઈ દૂર ખસી જતી. યાત્રિકો તેમને માર્ગ આપી દેતા. આશ્ચર્યવત્ તેમના તરફ સૌ જોઈ રહેતા. નીલકંઠ વર્ણી નિજ મંદિરમાં પહોંચી ગયા. ત્યાં તેમણે શ્રીરંગજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યાંના વૈષ્ણવ ભક્તોને નીલકંઠ વર્ણીના કપાળમાં નવીન પ્રકારનો તિલક-ચાંદલો જોઈ તેમના વૈષ્ણવપણામાં ભ્રાંતિ પડી. તેમને જોઈ સૌ હસવા લાગ્યા.

વિભીષણની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન શ્રી રઘુનાથજીએ તેમને શ્રીરંગની મૂર્તિ પ્રદાન કરી હતી. તે મૂર્તિ આ કાવેરી ક્ષેત્રને વિશેષ પવિત્ર જાણી અહીં જ રહી પડી. તેનાં નિયમિત દર્શન કરવા આવતા વિભીષણના રથ નીચે એક વાર એક બ્રાહ્મણ કચરાઈ ગયો. આથી ત્યાંના બ્રાહ્મણોએ વિભીષણને મારી નાખવાનો નિર્ણય કર્યો, પરંતુ રઘુનાથનો વર પામેલા વિભીષણનું મૃત્યુ ન થયું. તેથી તેમને બંદીખાને નાખ્યા. નારદજીએ આ સમાચાર અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીને આપ્યા. તેઓ વિભીષણને મુક્ત કરવા અહીં પધાર્યા અને બ્રાહ્મણોની માફી માગી. આ પ્રકારના વૈષ્ણવોએ નીલકંઠ વર્ણીમાં વિભૂતિ-સ્વરૂપની ઝાંખી કર્યા પછી પણ તેમની હાંસી કરી. નીલકંઠ વર્ણી દર્શન કરી ત્યાંથી નીકળી ગયા. કાવેરીગંગાને કાંઠે ફૂલવાડીમાં તેમણે મુકામ કર્યો.

---

૧૦૭. સંપ્રદાયમાં ક્યાંક એવો પણ ઉલ્લેખ મળે છે કે કાંચીપુરીમાંથી નીકળી નીલકંઠ વર્ણી ભૂતપુરી, ચિન્નાપટણ (ચીંગલપેટ) થઈ ઉત્તર કાવેરી નદીમાં સ્નાન કરી દક્ષિણ-પ્રાગ, દક્ષિણ-કાશી (કુંભકોણમ્) થઈને શ્રીરંગક્ષેત્રમાં પધાર્યા. પરંતુ તે પ્રમાણભૂત ઉલ્લેખ જણાતો નથી.

નીલકંઠ વર્ણી તેમના વનવિચરણ દરમ્યાન જે જે આશ્રમ, મઠ કે મંદિરમાં જતા ત્યા તત્ત્વજ્ઞાન-વિષયક પ્રશ્નો પૂછતા. તેમનો મત જાણી લેતા. મઠાધિપતિઓ કે તેમના અનુયાયીઓના ચારિત્ર્યનું ઝીણવટથી નિરીક્ષણ કરતા અને બ્રહ્મચર્ય-પાલનમાં તેઓ કેટલા દૃઢ છે તે સમજી લેતા. બ્રહ્મચર્ય એ જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. તેથી ભારતમાં વિશેષ કરીને પ્રવર્તેલ કૌલ, વામ અને શક્તિપંથની અસરથી લુપ્ત થયેલો આ મુખ્ય ધર્મ પુનઃ સ્થાપિત કરી, જીવો માટે મોક્ષનો માર્ગ સુદૃઢ કરવાનો તેમનો સંકલ્પ હતો. તેઓ રોજ મંદિરમાં દર્શને આવતા. નાનાં-મોટાં બીજાં અનેક મંદિરોમાં પણ જતા. ત્યાંના વૈષ્ણવોને મળતા. તેમના રંગરાગ અને વિલાસી જીવન ઉપરથી તેમણે જાણ્યું કે આમનું વૈષ્ણવપણું ફક્ત તિલક-કંઠીમાં જ છે. તેમને તેમની દયા આવી.

કેવળ રૂઢિની જડતામાં જ વૈષ્ણવપણું સાચવી રાખવામાં ગૌરવ માનતા આ વૈષ્ણવોને અન્ય ભક્તોમાં વિષ્ણુનો ભાવ દેખવામાં આવતો ન હતો. હર ને હરિની એકતા સનાતન હોવા છતાં હરના નામથી ભડકતા વૈષ્ણવો વિષ્ણુના પ્રેમને પરખી શક્યા નથી. એ પ્રેમની પાંખ જ્યાં સુધી વ્યષ્ટિ-સમષ્ટિમાં ન પ્રસરે ત્યાં સુધી કેવળ ટીલાં-ટપકાંથી વૈષ્ણવ થવાતું નથી.

નીલકંઠ વર્ણીએ જોયું કે અહીં વિલાસી વાતાવરણ છે. નાટક-ચેટક અને રંગ-રાગમાં પૂજારીઓ પણ રાચે છે. देवो भूत्वा देवं यजेत्‌ની ભાવના ભુલાઈ ગઈ છે. તેથી તેમણે પ્રેમની ભાષાથી તેમને આકર્ષ્યા. વૈષ્ણવ મતનું રહસ્ય સમજાવ્યું. રામાનુજના અનુયાયી હોય કે મધ્વ, નિંબાર્ક કે વલ્લભના અનુયાયીઓ હોય; ત્રણેયના મતમાં ફેર છે પણ તેમનું લક્ષ વિષ્ણુભક્તિ છે – તેમાં ફેર નથી. લક્ષ ઉપર જેનું નિશાન છે તેને મતભેદથી કદી મનભેદ ન થાય, ન થવો જોઈએ. નીલકંઠ વર્ણીની કિશોરઅવસ્થા, તપ, બ્રહ્મચર્ય, ભક્તિ અને તત્ત્વજ્ઞાનની ઊંડી સૂઝ તથા તે સમજાવવાની કુશળતા જોઈ ત્યાંના વૈષ્ણવોને તેમના પ્રત્યે ભાવ થયો. તેમને ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય લાગ્યો. ફેલફિતૂર છોડીને તેમની ક્રિયામાં તેઓ ભક્તિભાવથી જોડાઈ ગયા.

નીલકંઠ વર્ણી શ્રીરંગક્ષેત્રમાં બે માસ રહ્યા. નીલકંઠ વર્ણીને ગૃહત્યાગ કર્યે લગભગ પાચેક વર્ષ થઈ ગયાં હતાં.

સેતુબંધ રામેશ્વરમાં

શ્રીરંગક્ષેત્રથી નીકળી નીલકંઠ વર્ણી માર્ગની અનેક કઠિનાઈઓ વેઠતાં શ્રી

સેતુબંધ રામેશ્વર પહોંચ્યા.[૧૦૮] ભગવાન રામચંદ્રે શ્રી સીતાજીને પાછાં લાવવા માટે સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો હતો. ચાર દિશાનાં ચાર ધામમાં શ્રી રામેશ્વર દક્ષિણ દિશાનું મુખ્ય ધામ છે. દ્વાદશ જ્યોતિર્લિંગમાં શ્રી રામેશ્વરની પણ ગણના થાય છે. ભગવાન રામ જ્યારે લંકા ઉપર ચડાઈ કરવા પધાર્યા, ત્યારે અહીં મહાદેવજીની સ્થાપના પોતે કરી હતી. તે રામેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે. આ અતિ પ્રાચીન ભૂમિ છે. મહર્ષિ અગસ્ત્યનો અહીં આશ્રમ હતો એવું કહેવાય છે. શ્રી બલદેવજી પણ તીર્થ કરતાં કરતાં રામેશ્વર આવ્યા હતા. પાંડવો પણ તેમના વનવાસ દરમ્યાન આ સ્થાને આવ્યા હતા. આવી પવિત્ર ભૂમિ હોવાથી રામેશ્વરને દેવભૂમિ પણ કહેવાય છે.

નીલકંઠ મહાપ્રભુ અહીં બે માસ રોકાયા. રોજ સવારે ૪-૩૦ વાગ્યે લિંગનાં દર્શન કરી સમુદ્રસ્નાન કરવા પધારતા. પછી લક્ષ્મણતીર્થ, સીતાતીર્થ, સાક્ષીવિનાયક, જટાતીર્થ, ગન્ધમાદન જેને રામઝરૂખા પણ કહે છે, આ મંદિરોમાં દર્શન કરવા જતા. યાત્રિકોને સહેજે સહેજે તેમનાં દર્શન થઈ જતાં અને તેમની મનોહર મૂર્તિ જોઈ યાત્રિકો હાથ જોડી દેતા. નીલકંઠ વર્ણીના ભક્તિભાવ, શ્રદ્ધા, તપ વગેરે ગુણોથી ત્યાં આવતા દર્શનાર્થીઓ ઉપર તેમની અનોખી છાપ પડી. સહેજે જ જે કેવળ પોતાનાં દર્શનથી કલ્યાણ કરી શકે છે તેવા આ દિવ્ય મહાપુરુષનો યાત્રાસ્થાનોમાં આવવાનો આ જ હેતુ હતો. સાથે સાથે મંદિરોની વ્યવસ્થા, પૂજારીઓની પૂજારીતિ, મઠાધિપતિ કે મંદિરના મહંતો, તેમના સિદ્ધાંત – આ બધાનું તેઓ નિરીક્ષણ કરતા. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં આ બધું જોઈ મનમાં કોઈ નિર્ણય કરી તેઓ નીકળી જતા. આ બધી ભૂમિ પવિત્ર હતી, છતાં વાતાવરણમાં કલુષિતતા હતી. તેમને ખપતી હતી કુંવારી ભૂમિકા – જ્યાં મનોવૃત્તિઓનો સહેજે હ્રાસ થાય, જ્યાંથી વિશ્વભરમાં બ્રહ્મચર્યનું પ્રસારણ કરી શકાય, જ્યાંથી તત્ત્વજ્ઞાનની શુદ્ધ સમજણ મુમુક્ષુઓને આપી શકાય.

નીલકંઠ વર્ણીએ રામેશ્વર છોડ્યું. સેતુબંધ રામેશ્વર છોડી નીલકંઠ વર્ણી ધનુષ્યતીર્થ પધાર્યા. અહીં થોડો સમય રોકાઈને હરબોલા ખાડી ઊતરી વર્ણીરાટ દર્ભશયન પધાર્યા. એ સમયે રામેશ્વરનો વિસ્તાર લગભગ પચાસ ગાઉમાં

---

૧૦૮. દક્ષિણ રેલવેમાં મદ્રાસથી ધનુષકોટી સુધીની જે રેલવે જાય છે તે ઉપર પાંબન સ્ટેશન આવે છે. પાંબન સ્ટેશનથી જુદી એક રેલવે લાઇન રામેશ્વર સુધી જાય છે. નીલકંઠ શ્રીરંગક્ષેત્રથી નીકળી દક્ષિણ દ્વારિકા (મન્નારગુડી) થઈને દ્રાવિડ દેશમાં દેવીપત્તન શહેરમાં આવ્યા. અહીંથી હરબોલા ખાડી ઊતરી સેતુબંધ રામેશ્વર પધાર્યા.

ગણાતો હતો. એટલે આ બધાં તીર્થો રામેશ્વરના નામે જ ઓળખાતાં. વર્ણીરાટે પછી ઉત્તર તરફ સુંદરરાજ,[૧૦૯] જેને ઋષભદેવ અથવા અલગર સ્વામી પણ કહે છે, તે પુરાતન સ્થાનનો માર્ગ લીધો.

વર્ણીન્દ્ર મહાપ્રભુ સુંદરરાજ ક્ષેત્રમાં પધાર્યા. અહીં વિષ્ણુ ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ છે. ભગવાનનું નામ અહીં 'સુંદર બાહુ' હોવાથી અહીંના મંદિરને સુંદર બાહુ મંદિર પણ કહે છે. ભગવાનની બંને બાજુ ભૂદેવી અને શ્રીદેવીની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાની પ્રથા છે. તેની પાછળ ઉપાસનાનું રહસ્ય છે. ભગવાનના ભક્ત એ ભગવાનનું અંગ છે. તેથી પોતાની સાથે પોતાના ઉત્તમ ભક્તની - સેવકની પોતાના સરખી જ સેવા, પૂજા, અર્ચનવિધિ થાય અને ભક્તનો પોતાના જેવો જ મહિમા પ્રવર્તે તેમાં ભગવાનની પ્રસન્નતા હોય છે. મીનાક્ષી મંદિરથી સુંદરરાજનું મંદિર પશ્ચિમ ભાગમાં લગભગ વીસ માઈલ દૂર છે. એટલે નીલકંઠ વર્ણી મીનાક્ષી મંદિરમાં પણ પધાર્યા હશે.

વર્ણીરાટ અહીંથી નીકળી સીધા ઉત્તરમાં ભૂતપુરી[૧૧૦] તરફ ચાલ્યા. વચ્ચે દેવીપત્તન આવ્યું.[૧૧૧] ત્યાંથી નીકળતાં વનની વસમી વાટ પકડી.

નીલકંઠ વર્ણી શિવજીનો સાથવો જમે છે

ભૂતપુરી જતાં રસ્તામાં વિકટ વન આવ્યું. વર્ણી તો નાસાગ્ર દૃષ્ટિ રાખીને ચાલ્યા જતા હતા. જેવું વન વિકટ એવો રસ્તો પણ વિકટ. રસ્તામાં વચ્ચે પડેલાં ઝાંખરાં, કાંટા, સૂડાએ ટોચેલાં અર્ધ પાકેલાં ફળો, કૂંડાળું વળીને બેઠેલા સાપના ફુત્કાર, સસલાંની દોડાદોડ તેમજ જંગલી પ્રાણીઓના હુંકારથી માનવીની હિંમત ઓસરી જતી. દિવસે પણ સૂર્યનું કિરણ ન પેસે એવાં ઘટાટોપ ઝાડ, કેટલાંક આકાશે આંબતાં તો કેટલાંક એકબીજાની ઓથે વળગીને વાલપની વાતો કરતાં વર્ણીના માર્ગને રોકતાં હતાં. પરંતુ વર્ણી તો ચાલ્યા જ જતા હતા.

---

૧૦૯. આ તીર્થ મદુરાથી લગભગ ૨૦ માઈલ દૂર છે. તેથી શ્રી નીલકંઠ મહાપ્રભુ મદુરા પણ અવશ્ય પધાર્યા હશે એવું અનુમાન કરી શકાય. જો કે તત્કાલીન સાંપ્રદાયિક ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જોવા મળતો નથી.

૧૧૦. ભૂતપુરીનું હાલનું નામ શ્રીપેરુમ્બુદુર છે.

૧૧૧. દેવીપત્તન જતાં રસ્તામાં એક ગામમાં ચર્મવારિ પીવાનો નિષેધ કરીને બીજા એક ગામમાં ભાવસાર ભગવાનદાસને બંને ચરણોમાં સોળ ચિહ્નોનાં દર્શન કરાવ્યાં.
— શ્રીહરિચરિત્રામૃત; વાર્તા-૬૮ તથા ૭૨.

તેમણે દેહની સંભાળ રાખી ન હતી. નિશાન ઉપર જ ફક્ત દૃષ્ટિ હતી.

લગભગ ચાર દિવસ સુધી વર્ણીરાટે આ રીતે ચાલ્યા જ કર્યું. પરંતુ ક્યાંય પાણી ન મળ્યું એટલે સ્નાનવિધિ કે પૂજા કરી ન શક્યા. પાંચમે દિવસે સાંજે શરીર અચેતન થઈ ગયું. ભૂમિ ઉપર પડી ગયા. થોડી વારે જાગ્રત થયા ત્યારે તેમણે પાસે જ નિર્મળ નીરથી ભરેલો કૂવો જોયો. ધીરે ધીરે કૂવા પાસે ગયા. પાણી નિર્મળ હતું પણ ઊંડું હતું. દસ શેરની કઠારી દોરડું બાંધીને કૂવામાં નાખી બે-ત્રણ કઠારી સીંચી પોતે સ્નાન કર્યું. પછી શાલિગ્રામની પૂજા કરવા બેઠા.

શાલિગ્રામને પણ સ્નાન કરાવવાનું હતું. કટોરીમાં શાલિગ્રામને પધરાવી કઠારી સીંચી સીંચીને લાવવા માંડ્યા. ત્રણ-ચાર કઠારી જળ શાલિગ્રામ ઉપર પધરાવ્યું પણ કઠારીમાં જળ દેખાયું નહિ. તેથી નીલકંઠ વર્ણીને આશ્ચર્ય થયું. આટલું બધું પાણી ક્યાં ચાલ્યું ગયું ! પરંતુ પછી વિચાર આવ્યો કે શાલિગ્રામ તરસ્યા થયા હશે. તેથી ફરી કઠારી સીંચી સીંચીને સ્નાન કરાવ્યું. અંતે શાલિગ્રામ તૃપ્ત થયા અને કઠારી પાણીથી ઊભરાઈ ગઈ ત્યારે તેમણે જળ સીંચવાનું બંધ કર્યું. શાલિગ્રામની ચંદનથી પૂજા કરી.

પછી તરત જ વિચાર આવ્યો કે આટલી તરસ લાગી હતી તો ભૂખ પણ જરૂર લાગી હશે. પણ નૈવદ્ય ધરી શકાય તેવું કાંઈ ત્યાં મળે તેમ ન હતું. જંગલ હતું પણ જંગલી ફળો અને ફૂલો હતાં. શાલિગ્રામની ક્ષુધાથી પોતે વ્યસ્ત થઈ ગયા. પોતાને તો પાંચ દિવસથી અન્ન મળ્યું ન હતું તેની ચિંતા છોડી, પોતાના ઇષ્ટદેવની ક્ષુધાની ચિંતાથી પોતે વ્યગ્ર બની ગયા.

જે સર્વનું પોષણ કરે, તે ભગવાન ભૂખ્યા કેમ હોય ? પરંતુ ભક્તના ભાવમાં પોતાના ભાવ સમાવી પોતે ક્ષુધા-પિપાસા અંગીકાર કરી ભક્તની સેવા તેઓ સ્વીકારે છે. પોતે સ્વયં ભગવાન હોવા છતાં પણ ભક્તોને પરાભક્તિના પાઠ તેઓ પોતાના ભક્તિભાવથી શીખવતા હતા. ભગવાનપણાની મોટપ આવવા ન દેવી તે કઠણ હતું, છતાં દાસત્વભક્તિનું એ લક્ષણ હતું. નીલકંઠ વર્ણી પોતાની લાચારીથી ઉદાસ થઈ ગયા.

એ સમયે કાપડીના વેશમાં પોઠિયા ઉપર એક પુરુષ અને સ્ત્રી ત્યાં આવ્યાં. આવા નિર્જન વનમાં જ્યાં માનવીનો પદસંચાર પણ કદી થયો નહિ હોય, તેવા સ્થાનમાં પોઠિયા ઉપર બેસીને વિચિત્ર વેશમાં આવનાર આ કોણ વિભૂતિ હશે ? નીલકંઠ વર્ણી તેમને જોઈને તરત જ ઊભા થઈ ગયા. બે હાથ જોડીને તેમને પ્રણામ કર્યા. તેમનો વિવેક અને નમ્રતા તેમજ ક્ષીણ શરીર જોઈ

આ દંપતીની આંખો આર્દ્ર બની ગઈ.

નીલકંઠ વર્ણીએ તેમને પૂછ્યું : "મહાભાગા ! આપનો પરિચય આપશો ?"

અનંત કોટિ બ્રહ્માંડોનાં જીવ-પ્રાણીમાત્રથી જે અપરિચિત નથી તે વર્ણીરાટ આજે અમારો પરિચય પૂછે છે ! આ દંપતીને પરમાત્માની આવી અદ્‌ભુત માનવસહજ ચેષ્ટા જોઈ હસવું આવ્યું. છતાં સ્ત્રીની વિહ્‌વળતા અછતી ન રહી. પરિચયના પ્રસ્તાવમાં જેટલો વિલંબ થશે, તેટલો વર્ણીને જમવામાં વિલંબ થશે.

તેણે તરત જ કહ્યું : "પ્રભુ ! પરિચયની ભાંજગડમાં પછી પડીશું. હમણાં તો આપ આ સાથવો અંગીકાર કરો. પાંચ દિવસના ભૂખ્યા છો."

નીલકંઠ વર્ણી તેમની સામે જોઈ રહ્યા. સાથેનો પુરુષ નીલકંઠ વર્ણી સામે જોઈ રહ્યો. અનિમિષ દૃષ્ટિના આ ભાવથી નીલકંઠ વર્ણી પ્રસન્ન થઈ ગયા. છતાં તેમણે કહ્યું : "અજાણ્યા પુરુષે આપેલી વસ્તુ હું અંગીકાર કરતો નથી." એટલું કહીને પોતાની દૃષ્ટિ તેમણે તે યુગલ તરફ સ્થિર કરી. થોડી વારે તેમણે કહ્યું : "આપનો અણસાર કાંઈક પરિચિત હોય એવું મને લાગે છે. આપણે હરિદ્વારમાં મળ્યા હતા કે નહિ ?"

નીલકંઠ વર્ણીના આ શબ્દો સાંભળી તે દંપતીના આનંદનો પાર ન રહ્યો. સ્ત્રીસુલભ ઉતાવળથી સ્ત્રી બોલી ઊઠી : "પ્રભુ ! આ ઈશ છે અને હું સતી છું. આપ આટલા દિવસના ભૂખ્યા હતા તેથી આ સાથવો લાવ્યાં છીએ."[૧૧૨]

આ સાંભળી નીલકંઠ હસ્યા. શિવ અને પાર્વતી તેમના સાચા સ્વરૂપમાં દેખાયાં. નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં તેમને કહ્યું : "તે દિવસે તો રસ-રોટલીનું સ્વાદુ ભોજન બનાવ્યું હતું અને આ સાથવો કેમ ?"

આ સાંભળી પાર્વતીજી મૂંઝાયા પણ શિવજીએ તરત જ કહી દીધું : "મારી સાથે આવવાની હઠ કરવામાં એમણે એટલો બધો સમય વિતાવી દીધો કે તેથી આપને માટે એવું ભોજન કરવાનો સમય જ એમને ન રહ્યો."

શિવજીના આ વ્યંગનો પાર્વતીજીએ પણ તરત જ ઉત્તર આપી દીધો : "પણ મને એમની સાથે લાવવામાં એમણે એટલી બધી રકઝક કરી તેથી હું

૧૧૨. એવો પણ ઉલ્લેખ મળે છે કે વર્ણીપ્રભુ પાંચ દિવસના ઉપવાસ પછી સ્નાન કરીને, શાલિગ્રામને સ્નાન કરાવી ચાર પરબોળિયાંની શીંગ મળી તે શેકીને જમ્યા. છઠ્ઠા દિવસે મધ્યાહ્‌ને તરસ્યા થયેલા શાલિગ્રામ ચાર-પાંચ કઠારી પાણી પી ગયા. પછી વર્ણીન્દ્રની અનુવૃત્તિ જાણીને શિવ-પાર્વતી સાથવો લાવે છે.

— શ્રીહરિલીલામૃત, ૩-૧૨; શ્રીહરિચરિત્રામૃતસાગર, ૨-૪૬.

કાંઈ સારું ભોજન બનાવી શકી નહિ.''

નીલકંઠ વર્ણી હસ્યા. પછી શિવજીએ કહ્યું : ''મહારાજ ! અમે અમારો ઝઘડો પતાવી લઈશું, પણ આપ હવે અમારી આ અલ્પ સામગ્રી અંગીકાર કરો.''

નીલકંઠ વર્ણીએ શાલિગ્રામને સાથવાનું નૈવેદ્ય ધર્યું. પછી પોતે તેમાં પાણી નાખી જમી ગયા. શિવ અને પાર્વતીજી ત્યાં સુધી સ્થિર દૃષ્ટિએ આ દિવ્ય દર્શન કરતાં રહ્યાં. પછી નીલકંઠ વર્ણીની ઇચ્છાથી તેઓ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.[૧૧૩]

અહીંથી નીકળી નીલકંઠ વર્ણીએ ભૂતપુરીનો માર્ગ લીધો.[૧૧૪] થોડા દિવસે નીલકંઠ વર્ણી ભૂતપુરીમાં પહોંચ્યા. અહીં રામાનુજાચાર્યની મૂર્તિનાં દર્શન કર્યાં પછી પૂજન-અર્ચન પણ કર્યું. પછી ત્યાંથી તોતાદ્રિ જવા માટે નીકળ્યા.[૧૧૫]

તોતાદ્રિમાં[૧૧૬] જિયર સ્વામીનો મેળાપ : ઉત્તર તરફ પ્રયાણ

થોડા દિવસે મહાપ્રભુ તોતાદ્રિ પહોંચ્યા. શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત

---

૧૧૩. શ્રીહરિલીલામૃત આદિ પ્રચલિત ગ્રંથોમાં એવો ઉલ્લેખ પણ મળે છે કે નીલકંઠ મહાપ્રભુ સુંદરરાજથી તોતાદ્રિ આવતાં આ પ્રસંગ બન્યો છે. પરંતુ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ વગેરે ગ્રંથોમાં સુંદરરાજથી ભૂતપુરી જતાં આ પ્રસંગ બન્યો છે એ પ્રમાણેનો ઉલ્લેખ છે.

૧૧૪. ભૂતપુરી જતાં રસ્તામાં એક ગામની બહાર લોકોને ઠગતા ઢોંગી દૂધાધારી બાવાની પાપલીલા નિહાળી. – શ્રીહરિલીલામૃત; ૩-૧૨.

૧૧૫. વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જવા નીકળેલા નીલકંઠ કાંચીપુરમ્ પાસેથી પસાર થયા ત્યારે બાજુમાં જ રહેલું ભૂતપુરી કોઈ પણ કારણસર છોડી દીધું હતું. મહદ્અંશે એવું માની શકાય કે સેવકરામ ભૂતપુરી જતો હતો. આથી કદાચ તેનો ભેટો ફરી થઈ જાય તે હેતુથી તે સ્થાનમાં જવાની તેમને તે સમયે રુચિ થઈ નહીં હોય ! પરંતુ રામેશ્વર ગયા પછી તોતાદ્રિ તો એમને જવું જ હતું. તોતાદ્રિ જવા માટેનો નિર્દેશ તો એમને અયોધ્યામાંથી જ મળ્યો હતો. નીલકંઠ વર્ણી ગુપ્ત વેશે અયોધ્યામાં ફરી વાર પધાર્યા ત્યારે જગન્નાથ કાપડિયાના મંદિરમાં ઊતર્યા હતા. ત્યાંના રામાનુજી બાવાઓએ તેમને તોતાદ્રિ - રામાનુજ પીઠનો બહુ મહિમા કહ્યો હતો. તેથી તોતાદ્રિ તો તેમને જવું જ હતું પરંતુ તે પહેલાં તેમને રામાનુજાચાર્યના જન્મસ્થાન ભૂતપુરી જવાની ઇચ્છા થઈ હશે. આથી ૪૦૦ કિ.મિ. ઉત્તરદિશામાં પાછા વળીને ભૂતપુરી પધાર્યા અને ત્યાંથી બીજા ૪૦૦ કિ.મિ.નું અંતર કાપીને તોતાદ્રિ પધાર્યા.

૧૧૬. તિરુનેલ્વેલી(તિનેવેલી)થી ૨૦ માઈલ દૂર નાંગનેરી છે. અહીં શ્રીરામાનુજાચાર્યની મૂળ ગાદી છે. શ્રી રામાનુજાચાર્યની આઠ પીઠોમાં આ મુખ્ય પીઠ છે. તેથી તેને મૂળ પીઠ પણ કહે છે. અહીંની ગાદીના આચાર્ય રામાનુજાચાર્યની સંજ્ઞાથી ઓળખાય છે.

મત પ્રત્યે તેમને અનુરાગ હતો. શ્રી રામાનુજાચાર્યની વિષ્ણુભક્તિથી તેમના પ્રત્યે તેમને પ્રેમ હતો. તેથી આ મૂળ પીઠમાં આવવાની તેમની ઘણી જ ઇચ્છા હતી. તોતાદ્રિમાં તેઓ પહોંચ્યા અને કાંઈ અપૂર્વ આનંદનો ભાવ તેમણે અનુભવ્યો. શ્રી રામાનુચાર્યનું આ મુખ્ય સ્થાન હોઈ તેમનો ઉપદંડ, બેસવાની પીઠ, કાષ્ઠનું આસન અને શંખ, ચક્ર વગેરે મુદ્રાઓ સાચવી રાખી છે. કહેવાય છે કે અહીં ભગવાનની શ્રીમૂર્તિ છે તે પુષ્કરિણી સરોવરમાંથી સ્વયં પ્રગટ થઈ હતી. શેષફણા નીચે ભગવાન શ્રી વિષ્ણુની ભૂદેવી અને શ્રીદેવી સાથે પ્રતિષ્ઠા કરેલી છે.

શ્રી વર્ણીન્દ્ર ભગવાન અહીંના પ્રધાન આચાર્યશ્રી જિયર સ્વામી ત્રિદંડી સંન્યાસીને મળ્યા. તેમની પાસેથી વિષ્ણુનાં આયુધોની છાપ લઈ તેઓ ચક્રાંકિત થયા.[૧૧૭] તેમના ગ્રંથો તેમણે સાંભળ્યા. ઉપાસનાનું શુદ્ધ સ્વરૂપ જોઈ તેમને ત્યાં ગમ્યું. ત્યાંના ત્યાગીઓ ફેલ કે વ્યસન રાખતા નહિ અને ધનનો ત્યાગ રાખતા. આ રીત નીલકંઠ વર્ણીને ગમી. તેમણે જિયર સ્વામી પાસે રામાનુજના ગ્રંથોનો અભ્યાસ કર્યો. પરંતુ તેમને એક વાત ખટકી. તેઓ સ્ત્રીઓનો પ્રસંગ રાખતા અને તેવા વ્યવહારમાં કાંઈ બાધ માનતા નહિ. તેમને આ દૂષણ લાગ્યું.

જિયર સ્વામીને મોટા જાણી તેમણે એક વખત કહ્યું : "ત્યાગી સ્ત્રી અને દ્રવ્યનો ત્યાગ કરે તો જ તે સાચો ત્યાગી કહેવાય. મોટા મોટાને પણ આ બેના પ્રસંગથી બંધન થાય છે અને થયું છે. શાસ્ત્રોનાં એવાં વચન છે."

તેમણે એટલું કહ્યું અને જિયર સ્વામીના મુખની રેખાનો ભાવ પલટાયો. નીલકંઠને લાગ્યું કે ગુરુ અકળાયા છે. તેથી તેમણે બે હાથ જોડી વિનમ્ર ભાવે કહ્યું : "આપ મોટા છો તેથી કહું છું. મને આપ આત્મા-અનાત્માની વાત સમજાવો, પરમાત્માનો મહિમા કહો. પિંડ અને બ્રહ્માંડમાં કેવું દુઃખ રહ્યું છે અને અક્ષરધામનું કેવું દિવ્ય સુખ છે તે સમજાવો. આપ આવા મહાન છો તેથી મને આ બધું જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે. આપ મારા આ પ્રશ્નોનું સમાધાન કરશો પછી જ હું આપનો શિષ્ય બનીને રહીશ."

આ નાના છોકરાનાં આવાં વચનથી જિયર સ્વામી અકળાયા. સ્ત્રીના ત્યાગની વાત તેમને અકલ્પનીય લાગી. પિંડ અને બ્રહ્માંડનાં દુઃખ જોવાની દૃષ્ટિ તો શુદ્ધ બ્રહ્મના ભાવને જે પામ્યો હોય તેને જ હોય. તેમણે તરત જ શિષ્યોને કહ્યું : "આ છોકરાને અહીંથી જલદી કાઢો. તે પછી જ હું અન્ન-જળ લઈશ. આવા નાલાયક શિષ્યનું મારે અહીં કામ નથી."

---

૧૧૭. પ્રસાદીના પત્રો; પૃ. ૨૨૫. પ્રકાશક : માધવલાલ દલસુખરામ કોઠારી, અમદાવાદ.

ગુરુની ત્રાડ સાંભળીને તેના શિષ્યો એકદમ ત્યાં દોડી આવ્યા. તેમને જોઈ ગુરુએ ફરી પાછો રોષ ઠાલવ્યો : "બ્રહ્માંડને બાથ ભીડવા જાય છે. મચ્છર થઈને ગરુડની ગતિ કરવાની હામ ભીડે છે !"

નીલકંઠ વર્ણી આ સાંભળી રહ્યા. તેમણે ફક્ત એટલું જ કહ્યું : "આપ ત્યાગી છો. આટલો ક્રોધ આપને ન શોભે." એમ કહી ત્યાંથી ઊઠી ગયા.

તોતાદ્રિમાં રહીને શ્રી રામાનુજાચાર્યના મતનો તેમને વિશેષ અભ્યાસ કરવો હતો. તેથી અહીં લગભગ બે માસ રહી તેમણે એ અભ્યાસ કર્યો. પરંતુ જિયર સ્વામીના વર્તનમાં, તેમને ત્યાગમાં દૂષણ જણાયું. ત્યાંના અંતેવાસીઓને સ્ત્રીઓનો પ્રસંગ હતો તે તેમને રુચ્યું નહિ. તેમને લાગ્યું કે અહીં બ્રાહ્મણો અભિમાની છે, ક્રોધી છે. પોતાની વાત જડની જેમ પકડીને બેસી રહે છે.

તેમણે વિચાર કરી લીધો. હવે અહીં વધુ રહેવું ઉચિત નથી. તેમણે તોતાદ્રિ છોડ્યું. ત્યાંથી તેમણે સીધી કુમારિકા ક્ષેત્રની વાટ લીધી.

કુમારિકા ક્ષેત્રમાં

કુમારિકા ક્ષેત્ર (કન્યાકુમારી) ભારતની છેક દક્ષિણે છે. અહીં અરબી સમુદ્ર, હિંદી મહાસાગર અને બંગાળના ઉપસાગરનું મિલન થાય છે. ભગવાનના એક અંગમાંથી દુર્ગાજી પ્રગટ થયાં. શંકર પાસેથી બાણાસુરે વરદાન પ્રાપ્ત કર્યું હતું કે તે સદા અજિત રહે. શંકરે તેને વરદાન તો આપ્યું પણ એટલું કહ્યું કે 'તારું મૃત્યુ કુમારી કન્યા સિવાય બીજો કોઈ કરી શકશે નહિ.' આ દુર્ગાજીનું રૂપ જોઈ બાણાસુરને તેમની સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ. દુર્ગાજીએ કહ્યું : 'મારી સાથે યુદ્ધ કર.' આ યુદ્ધમાં કુમારી કન્યાના હાથે બાણાસુરનું મૃત્યુ થયું.

નીલકંઠ મહાપ્રભુ અહીં પધાર્યા. સમુદ્રમાં સ્નાન કર્યું. આસોની નવરાત્રિમાં અહીં ઉત્સવ થાય છે અને હજારો યાત્રિકો આવે છે. તેથી અનુમાન કરી શકાય કે નીલકંઠ મહાપ્રભુ આ સ્થાનમાં આ.સં. ૧૮૫૫ના આસોની નવરાત્રિ દરમ્યાન આવી ગયા હશે.

નીલકંઠ પ્રભુ અહીં બે-ત્રણ દિવસ રહ્યા અને પછી અહીંથી લંબેનારાયણ[૧૧૮]

૧૧૮. આ તીર્થનું મૂળ નામ નમ્બી નારાયણ છે. પરંતુ ઉત્તર ભારતીયો તેને લંબેનારાયણ કહે છે. લંબેનારાયણ થીરુક્કલંકુડિ ગામમાં આવેલું તીર્થ છે. તોતાદ્રિ તથા કન્યાકુમારી વચ્ચે ૯-૧૦ માઈલના અંતરે આવેલું છે. નમ્બી એટલે સુંદર. અહીં ભગવાનની મૂર્તિનું નામ 'પરિપૂર્ણસુંદર' છે.

તથા છોટેનારાયણનાં[૧૧૯] દર્શન કરી પદ્મનાભ[૧૨૦] પધાર્યા.

પદ્મનાભ અને જનાર્દનમાં

પદ્મનાભ ભગવાનનાં દર્શન કરી નીલકંઠ વર્ણી ત્યાંથી જનાર્દન પહોંચ્યા. અહીં ભગવાન જનાર્દનનું વિશાળ મંદિર[૧૨૧] છે. તેમાં ભગવાનની શ્યામવર્ણ ચતુર્ભુજ મૂર્તિ છે. આ મંદિરથી થોડે દૂર વલ્લભાચાર્યની બેઠક પણ છે. આ ક્ષેત્રમાં બ્રહ્માજીએ યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞકુંડમાંથી હજી ધૂપ નીકળે છે. તેને લોકો જનાર્દન ધૂપ કહે છે. એ સ્થાનને બ્રહ્માનું સ્થાન પણ કહે છે.

વર્ણીરાટ ભગવાને અહીં દર્શન કર્યાં. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં પુરાણનો ઈતિહાસ સજીવન થઈ જતો. યાત્રાસ્થાનોને વધારે ગૌરવાન્વિત કરી તેમનું માહાત્મ્ય પ્રવર્તાવવાનો તેમને હેતુ હતો. ભારતીય સંસ્કૃતિના અવશેષો જીવંત રહે, તેમાંથી સંસ્કૃતિનું પુનરુત્થાન થાય, તે પણ તેમના વિચરણનું લક્ષ હતું. તેમના વિચરણના હેતુ બહુલક્ષી હતા.

કેશવતીર્થમાં

ભગવાન પદ્મનાભનાં દર્શન કરી વર્ણીન્દ્ર ભગવાન આદિ કેશવતીર્થમાં [૧૨૨] પધાર્યા. અહીં વેરાગીઓના વેશમાં કેટલાક અસુરો હતા. તેમના ત્રાસથી સૌ ત્રાસી ગયા હતા. તેમની પાપબુદ્ધિ પ્રગટ કરી ત્યાંના અધિપતિ દ્વારા તેમનો

---

૧૧૯. લંબેનારાયણથી ૯ માઈલ દૂર પન્નગુડી ગામ આવેલું છે. અહીં શિવમંદિર છે. અંદર રામલિંગેશ્વર નામક શિવલિંગ છે અને એક બીજા નાના મંડપમાં નારાયણની નાની પણ મનોહર મૂર્તિ છે. બાજુમાં શ્રીદેવી અને ભૂદેવીની મૂર્તિઓ પણ છે. ઉત્તર ભારતીયો આ તીર્થને છોટેનારાયણ તરીકે ઓળખે છે.

૧૨૦. આ નગરનું શુદ્ધ નામ તિરુઅનન્તપુર છે. પુરાણોમાં અનન્તવનના નામે પણ ઉલ્લેખ મળે છે. કન્યાકુમારીથી ૫૧ માઈલ દૂર આ નગર છે, જેના કિલ્લામાં ભગવાન પદ્મનાભનું મંદિર છે. ભગવાન પદ્મનાભને અનન્તશયન પણ કહે છે. શેષશય્યા ઉપર ભગવાન પદ્મનાભની વિશાળ મૂર્તિ છે. આટલી વિશાળ મૂર્તિ બીજા કોઈ સ્થાનમાં નથી. પદ્મનાભને તિરુઅનન્તપુર પણ કહે છે. કેરળની તે રાજધાની છે.

૧૨૧. વિરુધુનગર-તેન્કાશી-ત્રિવેન્દ્રમ રેલવે લાઈન ઉપર ત્રિવેન્દ્રમથી ૨૬ માઈલ દૂર વારાકલ્લાઈ સ્ટેશન છે. ત્યાંથી બે માઈલ દૂર આ જનાર્દન તીર્થ છે.

૧૨૨. તિરુઅનન્તપુરથી તિરુવટ્ટાર અથવા આદિકેશવ પૂર્વમાં બાર માઈલ દૂર છે. અહીં તામ્રપર્ણી નદીના કિનારા ઉપર ભગવાન આદિ કેશવનું સુંદર મંદિર છે.

નાશ કરાવી, નીલકંઠ પ્રભુ ત્યાંથી ચાલ્યા અને ઉત્તરમાં મેલૂકોટે[૧૨૩] થઈને મલયાચલ અથવા તો માલ્યવાન પર્વત ઉપર આવ્યા. આને સ્ફટિકશિલા પણ કહે છે.[૧૨૪] અહીં ચંદનનાં વૃક્ષોને સર્પો વીંટાયેલા જ રહે છે. પરંતુ નીલકંઠને તેની ભીતિ ન હતી. ક્રોધના આવેશમાં મૃત્યુ પામી સર્પયોનિમાં જન્મ લેનારા જીવોના કલ્યાણનો આ અવસર હતો. સાક્ષાત્ નારાયણ કેવળ કરુણા કરીને પધાર્યા હતા. તેમને ત્યાં આવેલા જોઈ વૃક્ષો ઉપરથી સર્પો નીચે ઊતરી તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. આટલા વિશાળ સમૂહમાં મૂર્તિમાન ક્રોધ તેમની સામે આવીને ઊભો રહ્યો. પરંતુ ક્રોધનું મારણ શાંતિ છે. ચંદનનાં વૃક્ષોને પણ શાંતિ આપે તેવી નીલકંઠ વર્ણીની પ્રશાંત મુખમુદ્રાનાં દર્શનથી આ સર્પોનો સમૂહ ત્યાં સ્થિર થઈ ગયો. વિષનું વમન થઈ ગયું. અમૃત પ્રસારતી નીલકંઠ વર્ણીની કાયાના કણો તેમના શરીરમાં પેસી ગયા. સર્પો નિર્વિષ બની ગયા !

માલ્યવાન પર્વત ઉપર સ્ફટિકશિલા મંદિર છે. મંદિરમાં શ્રીરામ, લક્ષ્મણ અને જાનકીજીની વિશાળ મૂર્તિઓ છે. શિલાની અંદર ગુફા બનાવી આ મંદિર બનાવ્યું છે અને શિલા ઉપર શિખર બનાવવામાં આવ્યું છે. નીલકંઠ મહાપ્રભુ અહીં પાંચ દિવસ રહ્યા. સાક્ષીગોપાલનાં અહીં દર્શન કર્યાં. અહીંથી પાસે જ

---

૧૨૩. મેલૂકોટેમાં રામાનુજાચાર્ય સોળ વર્ષ સુધી રહ્યા હતા. તે સ્થાનનો તેમણે પુનરુદ્ધાર કર્યો હતો. અહીંની પ્રધાન મૂર્તિ ભગવાન નારાયણની છે. રામાનુજાચાર્યને સ્વપ્નમાં દટાયેલી આ મૂર્તિનાં દર્શન થયેલાં અને તે પ્રમાણે ખોદતાં આ મૂર્તિ મળી આવી. તેની સ્થાપના અહીં કરી છે. ઉત્સવમૂર્તિને સંપતકુમાર પણ કહે છે. તેથી આ મંદિરનું નામ સંપતકુમાર મંદિર પણ છે. મંદિરની બાજુમાં જ પરિધાનશિલા છે. એમ કહેવાય છે કે ભગવાન દત્તાત્રેયે આ શિલા ઉપર સંન્યાસ લીધો હતો. શ્રીરામાનુજાચાર્યે પણ આ શિલા ઉપર કાષાય વસ્ત્ર તથા દંડ રાખ્યાં હતાં અને ફરીથી ગ્રહણ કર્યાં હતાં. ત્યારથી દરેક સંન્યાસી પ્રથા પ્રમાણે અહીંથી કાષાય વસ્ત્ર તથા દંડ ગ્રહણ કરે છે. (તીર્થજ્યોતિ : લે. હર્ષદરાય દવે. પૃ. ૭૨. પ્રકાશક : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા)

મેલૂકોટેનું પ્રાચીન નામ યાદવગિરિ અથવા યાદવાદ્રિ છે. નીલકંઠ વર્ણી મેલૂકોટે પધાર્યા તે પૂર્વે શ્રીરંગપટ્ટનમ્ પણ પધાર્યા હતા.

૧૨૪. વિજયનગરની પ્રાચીન રાજધાનીને હાલ હમ્પી તરીકે ઓળખવામાં આવે છે. આ નગરના કેન્દ્રમાં વિરૂપાક્ષ મંદિર આવેલું છે. તેનાથી પૂર્વ-ઉત્તર દિશામાં ચાર માઈલ ઉપર માલ્યવાન પર્વત આવેલો છે. આ જ પર્વતમાળાની આસપાસ ઘણાં પવિત્ર તીર્થો આવેલાં છે. મૈસૂરથી ૯ માઈલ દૂર આવેલા આ તીર્થમાં કાવેરીનો દ્વીપ છે.

ચક્રતીર્થ છે. અહીં કોદંડરામ સ્વામીની મૂર્તિ છે. તુંગભદ્રા નદી અહીં ધનુષ્ય આકારે વહે છે. એટલે તેને ચક્રતીર્થ કહે છે. નદીની ઊંડાઈ આ સ્થાનમાં ઘણી જ છે. પાસે જ ઋષ્યમૂક પર્વત છે.

ચક્રતીર્થથી નીકળી કિષ્કિંધા થઈ પંપાસર પધાર્યા. અહીં આવવા માટે તુંગભદ્રા નદી પાર કરવી પડે છે. ત્યાં શબરીગુફા પણ છે. નીલકંઠ મહાપ્રભુ આ સ્થાનોમાં વિચરી અહીંથી અનાગુંદી ગામ, જેને પ્રાચીન કિષ્કિંધા કહે છે ત્યાં પધાર્યા. કેટલાક હોસ્પેટને જ કિષ્કિંધા કહે છે.[૧૨૫] વળી, હોસ્પેટ નગર છે ત્યાં પંપાસર હતું એવું પણ વિદ્વાનો કહે છે. પરંતુ શ્રી નીલકંઠ વર્ણી તો મૂળ પંપાસર અને કિષ્કિંધાને શોધીને જ તે પ્રમાણે ત્યાં ગયા હશે.

પંઢરપુરમાં

શ્રી નીલકંઠ વર્ણી પંપાસરથી નીકળી પંઢરપુર પધાર્યા. આ તીર્થને પ્રાચીન પુંડલિકપુર પણ કહે છે. ચંદ્રભાગા અર્થાત્ ભીમા નદીની પાસે આ તીર્થ છે. અહીં શ્રી વિઠ્ઠલનાથજીનું મંદિર છે, જેને પાંડુરંગ અથવા પંઢરીનાથ પણ કહે છે. ભક્ત પુંડલિકની માતા-પિતા પ્રત્યેની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન શ્રીકૃષ્ણ તેને દર્શન દેવા પધાર્યા. પણ તે સમયે પુંડલિક માતા-પિતાની સેવામાં હતા. એટલે તેમણે ભગવાનને ઊભા રહેવા માટે એક ઈંટ સરકાવી દીધી. તે ઈંટ ઉપર પુંડલિકની રાહ જોતા ભગવાન ઊભા રહ્યા. એટલે આ સ્થળ તીર્થક્ષેત્ર બની ગયું. સંત તુકારામ, સંત નામદેવ વગેરે સંતોની પણ આ નિવાસભૂમિ છે.

શ્રી નીલકંઠ મહાપ્રભુ અહીં બે માસ પર્યંત રહ્યા. રોજ ચંદ્રભાગા નદીમાં સ્નાન કરવા જતા અને પાંડુરંગનાં દર્શન કરતા. અહીં દેવશયની અને દેવઊઠી એકાદશીએ મોટો મેળો ભરાય છે અને વારકરી સંપ્રદાયના ઘણા ભક્તો આ

---

૧૨૫. હુબલી, બેઝવાડા, મછલીપટ્ટમ રેલવે લાઈન ઉપર હોસ્પેટ સ્ટેશન છે. અહીંથી નજીક આવેલા સાંડૂર પણ વર્ણીપ્રભુ પધાર્યા હશે તેવો પણ ઉલ્લેખ મળે છે. તેની કથા એવી છે કે ગણપતિ અને કાર્તિકેય બંને એક જ કન્યા સાથે લગ્ન કરવા તૈયાર થયા પરંતુ પાર્વતીના પક્ષપાતને લીધે ગણપતિને કન્યા મળી. કાર્તિકેય રોષે ભરાયા. શરીરમાં માતાનો ભાગ જે રુધિર તે રહેવા દેવું નથી એવો નિર્ધાર કરીને તપમાં લાગી ગયા. પાર્વતી બીજી કન્યા લઈને કાર્તિકેયને મનાવવા ગયા પણ કાર્તિકેય ન જ માન્યા. આજે ય સામેના પર્વત પર કાર્તિકેયને રિઝવવા પાર્વતી બિરાજ્યા છે. જ્યારે કાર્તિકેયના મંદિરમાં આજે ય તેમના રોષને લઈને સ્ત્રીઓને પ્રવેશવા દેવામાં આવતી નથી.

દિવસોમાં અહીં દર્શનાર્થે આવે છે. એટલે નીલકંઠ મહાપ્રભુ આ.સં. ૧૮૫૫ના કાર્તિક માસમાં અથવા એ પહેલાં પધાર્યા હોય એવું અનુમાન કરી શકાય.

આ રીતે અહીંના ભક્તોને દર્શનનો લાભ આપી શ્રી નીલકંઠ મહાપ્રભુએ ઉત્તર તરફ પ્રયાણ કર્યું.

પૂનામા

પંઢરપુરથી નીકળી વર્ણીરાટ પૂના શહેરમાં[૧૨૬] પધાર્યા. પેશ્વાની રાજધાનીનું આ શહેર હોઈ તે સમયે તેની જાહોજલાલી વિશેષ હતી. બાજીરાવ પેશ્વાના દીવાન બાપુ ગોખલેની ફૂલવાડીમાં તેના માળીની રજા લઈને નીલકંઠ ઊતર્યા.[૧૨૭] બાપુ ગોખલે ધર્મનિષ્ઠ હતા અને કૃષ્ણભક્તિ કરતા. તેમના ભક્તિ-ભાવથી નીલકંઠ મહાપ્રભુ અહીં ખેંચાઈને પધાર્યા.

માળીએ બાપુ ગોખલેને[૧૨૮] વાત કરી : "બગીચામાં એક તેજસ્વી તપસ્વી આવ્યા છે. દર્શનથી શાંતિ થાય છે. વાણીમાં અમૃત સમાયું છે. બગીચો

૧૨૬. આ ઉલ્લેખ ફક્ત આધારાનંદ સ્વામીના ગ્રંથ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં છે.

૧૨૭. આ જગ્યાએ અત્યારે તો મકાનો બંધાઈ ગયાં છે. પણ અસલ બાપુ ગોખલેનો બાગ અહીં હતો તેવું ત્યાં રહેનારાઓ કહે છે. બાપુ ગોખલેએ બંધાવેલ રામજી મંદિર પણ ત્યાં હાલ મોજૂદ છે. આ જગ્યાને અત્યારે 'બારા હનુમાન'ની જગ્યા કહે છે. અહીં રામજી મંદિરની બાજુમાં જ ગોળાકારમાં હનુમાનજીની બાર મૂર્તિઓ પધરાવેલી છે, તેથી તે 'બારા હનુમાન'ની જગ્યા કહેવાય છે.

૧૨૮. કોંકણ પ્રાંતમાં રાજાપુર મહાલમાં વિરદાવણ નજીક તળેખાંજણ નામનું એક ગામ હતું. તે ગામમાં પૂર્વે બલ્લાવ પંત ગોખલે નામના એક બ્રાહ્મણ રહેતા હતા. તેમનો ધંધો વડીલોપાર્જિત જમીનની ખેડ કરવાનો હતો. તેને બે પુત્રો હતા : મોટો ધોંડો પંત અને નાના ગણેશ પંત. ગણેશ પંતના નાના પુત્ર બાપુ ગોખલે અને મોટા આપા. ધોંડો પંત – નાના ફડનવીસના પિતરાઈ ભાઈ ગંગાધર પંત જે કોંકણમાં વિજયદુર્ગમાં સૂબા હતા, તેમના હાથ નીચે કામ કરતા હતા.

વિજયદુર્ગમાં ગંગાધર પંતના શાસનમાં વર્ષોવર્ષ બંડ થતાં. લૂંટફાટ, મારામારીથી પ્રજા ત્રાસી ગઈ હતી. ધોંડો પંતે આ બંડ શમાવી દીધું તેથી તે પેશ્વાના માનીતા બન્યા. નાના ફડનવીસની પ્રીતિના પણ પાત્ર બન્યા. ત્યારબાદ તેમણે પૂનામાં પોતાનો વસવાટ ફેરવી નાખ્યો. તેમના પૌત્ર આપા તથા બાપુને તેમની હોશિયારી, બહાદુરી ને વાક્ચાતુરીથી સરદારનો હોદ્દો પેશ્વાએ આપ્યો. પાલખી, નગારાં, નિશાન પણ સન્માનમાં આપ્યાં. ➤

જોઈને તેમને આનંદ થયો અને મારી પરવાનગી મેળવીને અંદર આવ્યા છે.''

ધર્મનિષ્ઠ મહારાષ્ટ્રીય દીવાનને માળીની આ વાત સાંભળતા જ બ્રહ્મચારીનાં દર્શનની ઉત્સુકતા થઈ. તેઓ તરત જ તેમની ફૂલવાડીમાં ગયા.

અંતર્વૃત્તિ કરીને બેઠેલા નીલકંઠ વર્ણી સ્વસ્વરૂપના આનંદમાં મગ્ન હતા. તપની તીવ્રતાથી કૃશ થયેલું શરીર હોવા છતાં મુખ ઉપર સચ્ચિદાનંદનો ભાવ જણાતો હતો. યાત્રાના કઠણ પ્રવાસ છતાં અંગેઅંગમાં સ્પષ્ટ ઋજુતા દેખાતી હતી. બાપુ ગોખલેએ વર્ણીનાં દર્શન કર્યાં. હૈયામાં જાણે અમી ઠરી ગયું હોય તેવી અનિર્વચનીય શાંતિનો તેને અનુભવ થયો. તેને લાગ્યું કે આટલાં વર્ષોની કૃષ્ણભક્તિના ફળરૂપે સાક્ષાત્ કૃષ્ણ તેની સમક્ષ પ્રગટ થયા છે ! તેનાથી સહજ જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ થઈ ગયા.

નીલકંઠ વર્ણીએ આંખો ખોલી. ભક્તની ભક્તિને વશ થઈ ભગવાન તેનાં દ્વાર ખખડાવતા આવે છે, તે સત્યની આજે તેને પ્રતીતિ થઈ. તેણે બે હાથ જોડીને કહ્યું : ''પ્રભુ ! મારા ઉપર આપે ખૂબ કૃપા કરી. આ દર્શનથી ખરેખર હું કૃતાર્થ થઈ ગયો છું.'' તેની આંખોમાંથી આંસુની ધારા ચાલી. બાષ્પથી રુંધાઈ ગયેલા કંઠે ફરી તેણે કહ્યું : ''મહારાજ ! આપ અહીં ખુલ્લામાં રહો તે કરતાં મારા આવાસમાં ન પધારો ?''

વન-પર્વત અને જંગલમાં જ વાસ કરવાની રુચિવાળા નીલકંઠ પ્રભુએ તરત જ કહ્યું : ''અમને વસતિમાં રહેવાનો સંકોચ થાય છે. અહીં છીએ તો તમને દર્શનની તીવ્રતા વિશેષ થશે, વૃત્તિ અહીં રહેશે અને વ્યવહારનું કામ ગૌણ થશે. પ્રભુથી દૂર રહેવું છતાં તેમની સન્નિધિ વૃત્તિદ્વારે અનુભવવી તે પણ યોગનો એક પ્રકાર છે.''

પરંતુ બાપુ ગોખલેના આગ્રહથી નીલકંઠ વર્ણી બે-ત્રણ વખત તેમને ઘેર

કર્ણાટકના કિતૂરકર દેસાઈનો બળવો બાપુ ગોખલેએ દબાવી દીધો તેથી પેશ્વાએ તેમને કર્ણાટકમાં રહેવાનો આજ્ઞાપત્ર આપ્યો. છતાં તેમનું મુખ્ય મથક તો પૂના જ રહ્યું. પછી તો બાપુ ગોખલેની પ્રતિષ્ઠા એટલી બધી વધી ગઈ કે લૉર્ડ વેલેસ્લીએ ટીપુ સુલતાનને શિકસ્ત આપવા પેશ્વા સરકારને વિનંતી કરી, બાપુ ગોખલેની મદદ લીધી.

बापु गोखले यांचे चरित्रः लेखक : शंकर तुकाराम शालिग्राम : एप्रिल सन १८८२ – आवृत्ति दूसरीं.

આ હકીકત ઉપરના મરાઠી પુસ્તકના આધારે લીધી છે. – લેખક

ગયા. આ વર્ણીરાટનાં દર્શનથી બાપુ ગોખલેનાં પત્નીના અંતરમાં ભક્તિભાવ પૂર્ણરૂપે પ્રગટ થયો. નીલકંઠ વર્ણીની ચંદન-પુષ્પથી સેવા કરવામાં, તેમને વિવિધ સામગ્રીઓ જમાડવામાં, સહભાગી બનવામાં તેણે ધન્યતા અનુભવી. સ્ત્રીઓનાં હૃદયમાં સહજ રહેલા પ્રેમના અંકુરો ભક્તિભાવરૂપે આવા પ્રસંગે પ્રગટ થઈ જાય છે. ભક્તિની સૌરભ મીઠી હોય છે, પણ તે માદક ન બને તે માટે તેમાં જ્ઞાનની, સમજણની મુલાયમતા નીલકંઠ વર્ણીએ ઉમેરી. ભક્તિના અતિરેકમાં ધર્મના નિયમોનો જો ભંગ થાય તો બ્રહ્મા જેવો મોટો હોય તોપણ ભ્રષ્ટ થયા વિના રહે નહિ.

બાપુ ગોખલેને આ વાતનું રહસ્ય સમજાયું. ધર્મસહિત ભક્તિથી જ ભક્તિની ફલશ્રુતિ – પરમાત્મામાં અત્યંત પ્રેમ – સિદ્ધ થાય છે. ભક્તિભાવના અતિરેકથી ઘણાંનું અધઃપતન થયું છે અને સાધનામાર્ગમાં વિઘ્નો આવ્યાં છે. તેથી જ નીલકંઠ વર્ણીએ બ્રહ્મચર્યરૂપી ધર્મની વિશેષતા, ભક્તિની સિદ્ધિ માટે બતાવી.

બાપુ ગોખલેએ નીલકંઠ વર્ણીના પ્રભાવની વાત પેશ્વા સરકાર શ્રી બાજીરાવને કહી. નીલકંઠ વર્ણીને મળવાની બાજીરાવને ઇચ્છા થઈ. નીલકંઠ વર્ણીને તેમણે આમંત્રણ આપ્યું. પેશ્વાના વિલાસી જીવન સાથે પોતાની વૈરાગ્યમય વૃત્તિનો મેળ નહિ બેસે. છતાં બાપુ ગોખલેના આગ્રહથી નીલકંઠ વર્ણી ત્યાં ગયા. તેમણે વિવિધ પકવાન બનાવી નીલકંઠ વર્ણીને જમાડ્યા. પરંતુ તેમાં ભક્તિભાવ કરતાં અહંનો ભાવ વિશેષ હતો. વિષયસુખના ભોગથી ઉઝરડાઈ ગયેલા તેના હૈયામાં નીલકંઠ વર્ણીને સાચા સ્વરૂપમાં જોવાની દૃષ્ટિ ન જ હોય. એ ઉઝરડા ઉપર મલમપટ્ટા મારવાનું નીલકંઠ વર્ણીને મુનાસિબ ન લાગ્યું. ઉપદેશનાં અલ્પ વચનો કહી નીલકંઠ વર્ણીએ રજા લીધી.

નીલકંઠ વર્ણી પૂનામાં એક માસ પર્યંત રહ્યા. ફૂલવાડીમાં તેમની પાસે આવતા મુમુક્ષુઓને તેમણે ભક્તિમાર્ગે વાળ્યા. કેટલાકને પોતાના સત્ય સ્વરૂપની ઝાંખી પણ કરાવી અને ભગવાન પામ્યાનો આનંદ આપ્યો. સુખના પ્રસંગો ઝાઝા હોવા છતાં અલ્પ જેવા લાગે છે, કારણ સુખના ભોગની અભીપ્સા તીવ્ર હોય છે. તેમની એ અભીપ્સાને અતૃપ્ત રાખી, વૃત્તિ દ્વારા પોતાના સ્વરૂપમાં જોડાવાનો આદેશ આપી નીલકંઠ વર્ણી ત્યાંથી નીકળી ગયા.

બુરાનપુર તરફ

વર્ણીન્દ્ર ભગવાને ઉત્તર તરફ પ્રયાણ આદર્યું. તેમને મધ્ય પ્રદેશમાં

બુરાનપુર[૧૨૯] પહોંચવું હતું. રસ્તામાં જનાબાદ ગામ આવ્યું.

હાથમાં લોટો લઈ શંકરના મંદિરે જળ ચડાવવા જતાં એક વિપ્રે દૂરથી નીલકંઠ વર્ણીને રામના બાણની ગતિએ દૃષ્ટિ બાંધીને આવતા જોયા. તેમને જોતાં જ તેના પગ સ્થિર થઈ ગયા. અંતર તેમના તરફ ખેંચાયું. તેને થયું કે તપસ્વીના વેશે શિવજી પોતે જ તેને દર્શન દેવા પધારે છે કાં સ્વામી કાર્તિકેય આવે છે. તેની દૃષ્ટિ તે મૂર્તિ તરફ સ્થિર થઈ ગઈ.

એટલામાં વર્ણીરાટ નજીક આવી પહોંચ્યા. વિપ્રે બે હાથ જોડી નમસ્કાર કર્યા. સૂર્યોદયને થોડી વાર હતી, એટલે અંધારું હતું. વિપ્રને થયું કે બીજા કોઈની નજર આ વર્ણી ઉપર પડે તે પહેલાં તેમને ઘેર લઈ જવા. તેણે પૂછ્યું : "મહારાજ ! ઊભા રહો. આપ આટલી શીઘ્ર ગતિએ ક્યાં જાઓ છો ?"

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું : "તમારા જેવા વાટ જોતા ભક્તને ત્યાં."

વિપ્રને આશ્ચર્ય થયું. કેટલાંક વર્ષોથી શિવજીની એકધારી પૂજા કરી તે શિવનાં દર્શનની ઈચ્છા સેવતો હતો. તેણે તરત જ પૂછ્યું : "આપ નીલકંઠ તો નહિ ને ?"

"હા, લોકો મને નીલકંઠ જ કહે છે."

વિપ્રને લાગ્યું કે પૂજા ફળી. તેના આનંદનો પાર ન રહ્યો. એટલામાં તેની નજર વર્ણીના કપાળ ઉપર ગઈ. તેણે ઊર્ધ્વપુંડ્ર તિલક જોયું. તેણે તરત જ પૂછ્યું : "આપ નીલકંઠ છો તો કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કેમ ?"

ટીલાં-ટપકાંની મથામણમાં ગૂંચવાયેલા આ વિપ્રની તેમને દયા આવી. તેમણે તરત જ કહ્યું : "હરિ ને હરની એકતા છે."

"તો પછી આપ હરિ કે હર ?"

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું : "વૈષ્ણવો માટે હરિ, શૈવો માટે હર !"

વિપ્રને શિવજી મળ્યાનો આનંદ થયો. તેના મનમાં વિચાર આવ્યો : "હવે શિવલિંગ ઉપર જઈને જળધારા કરવી તેના કરતાં આ સાક્ષાત્ શિવજીનાં ચરણારવિંદ પખાળી લેવાં." તેણે લોટામાંનું પાણી નીલકંઠ વર્ણીનાં ચરણારવિંદ ઉપર રેડી દીધું. લોટાની ઉપરની બાજુએ શિવજીનું પૂજન કરવા લાવેલ ચંદન પણ નીલકંઠ વર્ણીનાં ચરણારવિંદ ઉપર ચર્ચી તેણે કહ્યું : "મહારાજ ! મારી પૂજા શિવજીએ આજ સાક્ષાત્ સ્વીકારી. હવે આપ મારે ઘેર પધારો."

નીલકંઠ વર્ણી તેની સાથે ચાલ્યા. ઘેર આવીને વિપ્રે તેની પત્નીને રસોઈની તૈયારી કરવા કહ્યું. પણ નીલકંઠ વર્ણીએ કહ્યું : "અમારે તરત જ ચાલી નીકળવું

---

૧૨૯. શ્રીહરિલીલામૃત; કળશ ૩, વિશ્રામ ૧૪.

છે માટે રસોઈની માથાકૂટમાં પડશો નહિ. જે તૈયાર હોય તે લાવો."

નીલકંઠ વર્ણીની ઉતાવળથી વિપ્ર મૂંઝાયો. તેણે ઘરમાં તપાસ કરી. દહીં તૈયાર હતું. તરત જ તે દહીં લાવ્યો. અંદર સાકર નાખી. નીલકંઠ વર્ણી તે વાડકામાંથી થોડું દહીં જમ્યા અને હાથ ધોઈ ત્યાંથી ચાલી નીકળ્યા.

નીલકંઠ વર્ણી ગામ બહાર આવ્યા અને તાપી નદીનો સુરમ્ય તટ તેમણે જોયો. સામે કિનારે બુરાનપુર શહેર દેખાયું. ત્યાંથી ચાલ્યા અને તાપીના દક્ષિણ કિનારે આવ્યા. અહીં તાપી અને મૌના નદીનો સંગમ થાય છે. અહીં સ્નાન કરવાનું માહાત્મ્ય છે. તે દિવસે એકાદશી હતી એટલે અહીં મોટો મેળો ભરાયો હતો. નીલકંઠ વર્ણીને આ સમૂહ જોઈ આનંદ થયો. એકાદશીના પવિત્ર દિવસે નદીકિનારે માનવસમૂહ ભેગો થઈ ભજનસ્મરણનો આનંદ કરે તેથી રૂડું બીજું શું ? ધીરે ધીરે નીલકંઠ વર્ણી તે સમૂહ તરફ આવ્યા. તેમને સૌની સાથે બેસીને ભજનનો આનંદ લેવો હતો.

થોડું ચાલ્યા અને એકાએક તે એકદમ ઊભા રહ્યા ! તેમણે સ્ત્રી-પુરુષોને ભેગાં મળીને અશ્લીલ ચેષ્ટા કરતાં જોયાં. શ્રીકૃષ્ણની દિવ્ય લીલારૂપી રાસમાં આત્મા-પરમાત્માના મિલનનો ભાવ હતો. જ્યારે તેનું અનુકરણ કરી રહેલા આ ટોળામાં તેમણે બીભત્સતા જોઈ. ગાંડાં બનીને આ લોકનું ભાન ભૂલી ગયા હોય તેવા અશ્લીલ ભાવમાં સૌ દેખાયાં. ભગવાનની લીલામાં રહેલો દિવ્યભાવ વિસારીને એ લીલાને મનુષ્યોએ પોતાની મલિન વાસનાનું પોષણ કરવા ફક્ત આ પ્રકારની પ્રણાલી જ બનાવી દીધી હતી ! તેમણે ક્યાંય શુદ્ધ ભક્તિનો ભાવ જોયો નહિ. તે ધીરે ધીરે પાછળ ખસી ગયા. સંગમ ઉપર આવ્યા. અહીં પણ સ્ત્રીઓને નગ્ન દશામાં સ્નાન કરતી જોઈ તે પાછા વળી ગયા. તેમણે જોયું કે પુરુષો પણ એ જ ઓવારા ઉપર સ્નાન કરતા હતા અને દૃષ્ટિદ્વારે તેમની વાસના પોષતા હતા. પ્રકૃતિ અને પુરુષની વિકૃતિ તેમણે જોઈ. વિચાર કરતા તેઓ ઊંડા ઊતરી ગયા. એમ વિચારમાં ને વિચારમાં ચાલતાં એકાંત સ્થાને આવ્યા. અહીં ઓવારા ઉપર તેમણે સ્નાન કર્યું.

સ્નાન કરીને નીલકંઠ વર્ણી એક ઝાડ નીચે બેઠા. તે ગામના વણિક શિવાશા અને ગોવિંદ શેઠ પણ સંગમ ઉપર સ્નાન કરવા આવ્યા હતા. સ્નાન કરી બંને વણિક ભક્તો દૃષ્ટિ નીચી રાખીને ઘર તરફ જતા હતા. એટલામાં તેમની નજર ઝાડ નીચે બેઠેલા વર્ણીરાટ ઉપર પડી. તેમને આ કોઈ નવીન પુરુષ લાગ્યા. તેઓ તેમની પાસે આવ્યા. નીલકંઠ વર્ણીનું કિશોર અને આકર્ષક

સ્વરૂપ જોઈ તેમને પગે લાગીને સામે બેસી ગયા. થોડી વારે શિવાશાએ પૂછ્યું : "મહારાજ ! આપ પરદેશી લાગો છો ?"

નીલકંઠ વર્ણીએ કહ્યું : "હા, અમે પરદેશી જ છીએ."

મેઘના નાદ સમાન નીલકંઠ વર્ણીની આ વાણીમાં શિવાશાને કોઈ અલૌકિક રણકાર લાગ્યો પણ વાણીનો મર્મ તે સમજી શક્યા નહિ. તેમણે ફરી પૂછ્યું : "આપનો કયો દેશ ?"

"સબ ભૂમિ ગોપાલકી." ચતુર વણિક આ શબ્દોથી ચમક્યો. ગોવિંદ શેઠને વાતમાં રસ પડ્યો. તેમણે તરત જ પૂછ્યું : "તો પરદેશી છો તેમ કેમ કહો છો ?"

નીલકંઠ વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "તમે ઓળખ્યા નહિ તેથી."

બંને વણિકો મુમુક્ષુ હતા. તેઓ સમજી ગયા કે નક્કી ગોપાલ જ આ સ્વરૂપે પધાર્યા છે. નીલકંઠ વર્ણીને તેમણે પોતાને ઘેર પધારવા વિનંતી કરી. તેમનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી તૈયાર થયા. તાપી ઊતરીને સામે કિનારે પહોંચ્યા.

વિપ્ર બાપુભાઈ તથા ભગવાન અને રામકૃષ્ણ આ પવિત્ર બ્રાહ્મણો પાસે શેઠે રસોઈ કરાવી. નીલકંઠ વર્ણીની પાસે બેઠેલા શિવાશા અને ગોવિંદ શેઠ નીલકંઠ વર્ણી તરફ એક દૃષ્ટિએ જોઈ રહ્યા હતા. તેથી નીલકંઠ વર્ણીએ તેમને કહ્યું : "શેઠ ! બહુ જ જન્મોના અંતે જે જ્ઞાની થાય છે, તે પરમાત્માને પામે છે. માટે પરમાત્માને પામવાનું સાધન જ્ઞાન છે અને જ્ઞાનને પામવાનું સાધન પ્રગટ પરમાત્મા અથવા તેમની સાથે એકાત્મભાવ જેમણે સિદ્ધ કર્યો હોય તેવા પરમ એકાંતિક સંત છે. પૂર્વના સંસ્કારથી પ્રગટ ભગવાન કે તેમના સંત મળે છે. પરમાત્મા અથવા તેમના સંત મુમુક્ષુને બુદ્ધિયોગ આપે છે. તે બુદ્ધિથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે. તે જ્ઞાનથી પરમાત્માના સ્વરૂપનું વિજ્ઞાન - સાક્ષાત્કાર થાય છે. ત્યારે જીવનો મોક્ષ થાય છે."

બંને વણિક ભક્તો મુમુક્ષુ હતા. તેમને આ વર્ણીની વાતમાં રસ પડ્યો. તેમને લાગ્યું કે પૂર્વના સંસ્કારથી આજે તેમને આ વર્ણીનો યોગ થયો છે. તેમની કૃપાથી તેમની બુદ્ધિ સતેજ થઈ અને તેથી આ વર્ણીના સ્વરૂપનું જ્ઞાન થયું. તેમના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવવા વર્ણીને અહીં રોકી દેવા. તેમનો વિચાર પારખી નીલકંઠ વર્ણીએ તેમને કહ્યું : "પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર તો તેમના સંબંધવાળા સંત મળે અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તાય ત્યારે થાય."

એટલામાં વિપ્રોએ બૂમ પાડી : "રસોઈ તૈયાર થઈ ગઈ છે."

નીલકંઠ વર્ણી તરત જ ઊઠ્યા. શાલિગ્રામને થાળ ધર્યો. પોતે બધું અન્ન

ભેગું કરી તેમાં પાણી નાખી ચોળીને પી ગયા. વિપ્રો તથા વણિક શેઠ આ જોઈ રહ્યા. આવી સુંદર સ્વાદિષ્ટ રસોઈ ચોળીને પાણીમાં મેળવી આ વર્ણી જમી ગયા ! વિપ્રોએ કહ્યું : "મહારાજ ! મહામહેનત કરીને અમે એક એક વાનગી તૈયાર કરી, આપને જમાડવાના ઉમંગથી સ્વાદિષ્ટ બનાવી અને આપ તો બધું ચોળીને પાણી નાખીને પી ગયા !"

વર્ણી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સ્વાદનો વિચાર કરીએ તો વૃત્તિ સ્વાદમાં જાય. વૃત્તિને તો સદા પ્રભુના સ્વરૂપમાં જ રાખવી. એક ક્ષણ પણ તેમના સ્વરૂપમાંથી વૃત્તિ ચલાયમાન થવા ન દેવી. પંચવિષયના પોષણમાં ચિત્તની વૃત્તિને પરોવી રાખીએ તો જીવ વિષયી થઈ જાય. તેને વિષયના રાગથી મુક્ત કરી પરમાત્માના સ્વરૂપના અખંડ સુખનો ભાગી બનાવવા ચિત્તની વૃત્તિ પ્રગટ પ્રભુમાં જ અખંડ જોડી રાખવી જોઈએ. એ વૃત્તિ વિષયમાં આસક્ત થાય તો પરમાત્માના સ્વરૂપમાં ન જોડાય."

વિપ્રો અને વણિકો નીલકંઠ વર્ણીની વાણીનું રહસ્ય સમજી ગયા.

વણિક ભક્તોનો ભાવ જોઈ વર્ણીરાટ ત્યાં રાત્રિ રોકાયા. બીજે દિવસે ત્યાંથી વહેલી સવારે નીકળી રાજઘાટે જઈ સ્નાન કર્યું. તે સમયે ત્યાં સ્નાનાદિક ક્રિયા કરતા દૈવી જીવોએ વર્ણીનાં દર્શન કર્યાં. અતિશય તપથી વર્ણીનું શરીર કૃશ થઈ ગયું હતું. છતાં તેમના મુખ ઉપરની અદ્‌ભુત કાંતિથી તેઓ આકર્ષાયા. તેમની પાસે આવી વ્રત ધારણ કર્યાં.

વર્ણીરાજ તે પછી નિત્યકર્મથી પરવારી ત્યાંથી માલેગામ તરફ પધાર્યા.

માલેગામમાં

મોસમ ગંગાની પાસે પશ્ચિમ તરફના એક શિવાલયમાં વર્ણીરાજ ઊતર્યા. અહીં એકાંત હતું. પાસે નદી ખળખળ વહેતી હતી. તેમને આ સ્થાન પસંદ પડી ગયું. તેઓ નદીમાં ત્રણ વખત સ્નાન કરતા. ત્રણ વખત વિષ્ણુની પૂજા કરતા. પૂજા બાદ રાસ પંચાધ્યાયીનો પાઠ કરતા. મુમુક્ષુઓની રાહ જોતા. જે આવતા તેમને ભગવત્ વાતો કરી તેમના સંસ્કાર જાગ્રત કરતા. અહીં પાંચ રાત્રિ રહ્યા. મુમુક્ષુઓ આવતાં આળસ્યા એટલે નીલકંઠ વર્ણીએ પણ નીકળવાની તૈયારી કરી.

નીલકંઠ વર્ણી દિશા બાંધીને ચાલતા અને પોતે નક્કી કરેલા સ્થળે અચૂક પહોંચી જતા. રસ્તામાં કોઈને તેઓ માર્ગ પૂછતા નહિ. માલેગાંવથી નીકળી સીધા દંડકારણ્યની વાટે તેમણે મજલ શરૂ કરી. થોડા દિવસે તેઓ દંડકારણ્યમાં

આવી પહોંચ્યા.

અહીંથી નાસિકપુર પધાર્યા. ગોદાવરી નદીમાં સ્નાન કર્યું. પછી ત્ર્યંબકેશ્વર[૧૩૦] પધાર્યા. અહીં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી નીકળી ગયા. માર્ગમાં આવતા વનમાં ફરતાં ફરતાં ધર્મપુર પધાર્યા. વન-પર્વતની શોભા જોઈ નીલકંઠ મહાપ્રભુને આનંદ થયો. વનની ઝાડીમાં ફરતાં ફરતાં વર્ણીરાટ ત્યાંથી સીધા સુરતપુર[૧૩૧] આવી ગયા.

---

૧૩૦. નાસિક અને ત્ર્યંબકની ભારતનાં પવિત્ર તીર્થોમાં ગણતરી થાય છે. અહીં દર બાર વર્ષે કુંભનો મેળો ભરાય છે. તે સમયે ગોદાવરી સ્નાનનો મહિમા અતિશય હતો. ત્ર્યંબકમાં મહર્ષિ ગૌતમે તપ કર્યું હતું અને ભગવાન શંકરને પ્રસન્ન કરી ગોદાવરી પ્રગટ કરી હતી. ગોદાવરી નદીનું મૂળ બ્રહ્મગિરિ છે. ગૌતમ ઋષિએ કુશ-દર્ભથી ગોદાવરીના પ્રવાહને રોક્યો હતો તેથી એ કુશાવર્ત ક્ષેત્ર પણ કહેવાય છે. ત્ર્યંબકેશ્વર એ બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે.

૧૩૧. સૂર્યની પુત્રી તપતી શાપ પામવાથી જળ રૂપે તાપી નદી નામે પ્રસિદ્ધ થઈ. ભારતની સાત પવિત્ર નદીઓમાં તાપીની ગણના થાય છે. તેથી સુરતની મહત્તા તીર્થ તરીકે થઈ છે. તાપીને કિનારે અશ્વિનીકુમારનો આરો છે. ત્યાં કહેવાય છે કે દેવોના વૈદ્ય અશ્વિનીકુમારે તપ કર્યું હતું.

ઉદ્‌ગીથ ૧૪



ભાગવત ધર્મ પ્રસારણનુ પ્રાગણ

(આ.સં. ૧૮૫૫, ઈ.સ. ૧૭૯૯)

પુણ્યભૂમિ ગુજરાત

સુરતમાં વર્ણીરાટ નિર્વાણના અખાડામાં[૧૩૨] ગોડિયાનું મંદિર છે ત્યાં ઓટલા ઉપર ઊતર્યા. અહીં મંદિરના મહંતને રાજભોગ સમયે તેમણે પૂછ્યું : "બાવાજી ! રાજભોગ થયા ?"

ભેખના નામનો પૂરો પ્રભાવ બતાવતા બાવાજીએ હસતાં હસતાં કહ્યું : "અહીં તો કોરા કડાકા થાય છે."

અડબંગી બાવાના અડબંગી ઉત્તરથી વર્ણી હસવા લાગ્યા. પોતે તો ઘણી જગ્યાએ વાયુ ભક્ષીને પણ રહ્યા હતા. એટલે કોરા કડાકાથી તેઓ તો ટેવાઈ ગયા હતા. પરંતુ બાવાજીની ઢોંગાઈ દેખાઈ આવી.

ત્રણ દિવસના ઉપવાસ થયા. ચોથે દિવસે એક માલણ ત્યાં દર્શન કરવા આવી. તેણે નીલકંઠ વર્ણીને ઓટલા ઉપર ધ્યાનમગ્ન બેઠેલા જોયા. તેના અંતરની મુમુક્ષુતા અને નીલકંઠ વર્ણીનું ઐશ્વર્ય બંનેનો યોગ થઈ ગયો. માલણ ત્યાં થોડી વાર ઊભી રહી. પરંતુ નીલકંઠ વર્ણી ધ્યાનસ્થ હતા તેથી ઝડપથી મંદિરમાં જઈ, દર્શન કરી તરત જ તે બહાર આવી. તે સમયે નીલકંઠ વર્ણીએ નેત્ર ખોલ્યાં. માલણ પાસે આવી અને હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! કાંઈ જમશો ?"

---

૧૩૨. તે સમયે નવમા નિર્વાણ સંત રાઘોદાસ હતા. તેમનો સમય વિ.સં. ૧૮૪૮થી ૧૮૬૩ સુધીનો મનાય છે. નીલકંઠ આ.સં. ૧૮૫૫ના અરસામાં પહોંચ્યા હતા. ત્યાં સદાવ્રત મળતું હોવા છતાં ત્યાંના સાધુઓએ નીલકંઠ વર્ણીનું આતિથ્ય કર્યું નહિ. તેથી સંત રાઘોદાસને ક્રોધ આવ્યો ને તેમણે કહ્યું : "જ્યાં સંતની ઉપેક્ષા થાય છે, ત્યાં દારિદ્રય આવે." ત્યારથી આ આશ્રમમાં દરિદ્રતાએ ઘર કર્યું છે.

– 'સંત નિર્વાણ સાહેબ' ગ્રંથમાંથી.

નીલકંઠ વર્ણીએ સાનથી જ હા કહી. માલણ તરત જ ઘેર ગઈ અને રસોઈ માટે સામગ્રી લઈ આવી. નીલકંઠ વર્ણીએ રસોઈ બનાવી અને ત્રણ દિવસના ઉપવાસ પછી પોતે વિષ્ણુને નૈવેદ્ય ધરાવીને જમ્યા.

અનેક જીવોના કલ્યાણને અર્થે અપાર કષ્ટ વેઠી વિચરણ કરતા નીલકંઠ બ્રહ્મચારી, પશ્ચિમમાં મુમુક્ષુઓ છે તે જાણી ત્યાં જ વાસ કરવા છપૈયાથી નીકળ્યા હતા. છતાં ભારત, ભારતીય તીર્થો અને સંતો, મઠાધિપતિઓને નિહાળવા, તેમની નીતિ-રીતિ જાણવા, તેમાંથી જો કોઈ સંસ્કારી મુમુક્ષુ મળી જાય તો તેનું કલ્યાણ કરવા, નીલકંઠ વર્ણીએ ઉત્તર ભારતમાંથી પૂર્વ અને દક્ષિણ ભારતમાં પદયાત્રા કરી. વચ્ચે મળેલા આસુરી જનોનો નાશ કર્યો, દૈવી જીવોનું કલ્યાણ કર્યું. છતાં એક પણ સ્થાન એમને એવું ન મળ્યું કે જ્યાં રહી ભાગવત ધર્મનું પ્રસારણ થાય અને અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ થાય.

ગુજરાતની પુણ્યભૂમિ – જ્યાં શ્રીકૃષ્ણે દ્વારિકા વસાવી, જ્યાં મુચકુંદ રાજાએ તપ કર્યું, જ્યાં નરસૈયાએ ભક્તિની છોળો ઉડાડી, જ્યાં મીરાંએ અંતિમ વાસ શોધ્યો, તે પવિત્ર ભૂમિમાં તેમનું મન ઠર્યું. અહીં તેમને અનેક મુમુક્ષુઓ મળવાના હતા. તેમના દ્વારા તેમને કાર્ય કરવું હતું. તે મિલનનું સ્થાન હજુ દૂર હતું.

સુરતથી તેઓ નીકળ્યા. અશ્વિનીકુમારને આરે પહોંચ્યા. તાપીમાં બે કાંઠે નીર હતાં. તાપીને કિનારે તેઓ આવ્યા. કિનારેથી થોડે આગળ ચાલ્યા એટલે લોકોએ તેમને વાર્યા : "સાધુરામ ! નદીમાં પાણી ભરપૂર છે. તરાપો આવવા દો." પણ નીલકંઠ વર્ણી તો સ્વયં તરાપા સમાન હતા તેથી તેમને તેની અપેક્ષા ન હતી. તેઓ આગળ ચાલ્યા. લોકોએ જાણ્યું કે કોઈ અડબંગી લાગે છે.

ભગવાનને ખોળવા આકાશ તરફ દૃષ્ટિ કરતા, મૂર્તિમાં ભગવાનને ભાળવા અનેક સાધનો કરતા, આજે જ્યારે ભગવાન સ્વયં મનુષ્યરૂપે પધાર્યા, ત્યારે તેમને અડબંગી સમજી તેમની ઉપેક્ષા કરતા માનવીમાં રહેલું કાજળઘેરું માયાનું પડળ અભેદ્ય હોય છે.

નીલકંઠ વર્ણીને તેમની દયા આવી. તેઓ હસ્યા. છતાં તેઓ જાણતા હતા કે આ પ્રદેશના માનવીનું અંતર કોમળ છે. માયાનાં પડળ ભેદાશે, અંતરમાં તેજ પ્રગટશે ત્યારે ભગવાન ઓળખાશે.

તેમણે પાણીમાં પડતું મૂક્યું અને પાણી ઉપર જાણે ડગ દઈને ચાલતા હોય તેમ સામે કાંઠે સડસડાટ કરતા પહોંચી ગયા. બંને કિનારા ઉપર ઊભેલા લોકો આશ્ચર્યવત્ નીલકંઠ વર્ણીને જતા જોઈ રહ્યા.

ભૃગુતીર્થમાં

વર્ણીરાટ થોડો સમય ત્યાં વિશ્રામ કરી ત્યાંથી ચાલી નીકળ્યા અને નર્મદાને તીરે પધાર્યા. અહીંથી વહાણમાં બેસી સામે તીરે ભરૂચ પધાર્યા. અહીં બે દિવસ રહ્યા. ભરૂચથી નીકળી પીપળી ગામે ગયા.

ગામના પાદરે ત્યાંના ક્ષત્રિય ગુલાબસિંહ તેમને મળ્યા. ગુલાબસિંહને વર્ણીની મૂર્તિ કાંઈક નવીન લાગી. બીજા ઘણા સંતો-મહંતો તેણે જોયા હતા, પરંતુ આ કિશોરકાય વર્ણી તેમને તે બધાયથી જુદા દેખાયા. તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! મારે ઘેર પધારો તો બ્રાહ્મણ પાસે રસોઈ કરીને જમાડું."

"અમને જંગલનાં ઝાડ જેટલાં પસંદ છે, તેટલાં વસતિનાં ઘર પસંદ નથી." નીલકંઠ વર્ણીએ ધીમેથી કહ્યું.

ગુલાબસિંહ મૂંઝાયા. તેમણે નક્કી કર્યું હતું કે આ યોગીને એમ ને એમ જવા દેવા નથી. તેથી ફરી હાથ જોડી કહ્યું : "મહારાજ ! તો મારે ખેતરે પધારો. ત્યાં પુષ્કળ ઝાડ છે. ત્યાં ઝાડની ઘટા નીચે વિશ્રામ કરજો."

ગુલાબસિંહના ભક્તિભાવથી પ્રસન્ન થઈ નીલકંઠ મહાપ્રભુ તેના ખેતરે ગયા. ત્યાં ખળામાં બેઠા. એટલામાં ગુલાબસિંહ રસોઈની સામગ્રી લઈ આવ્યા. નીલકંઠ વર્ણી એક ઝાડ નીચે ગયા. ત્યાં ચૂલો ચેતાવી રસોઈ કરી. પછી શાલિગ્રામને નૈવેદ્ય ધરાવ્યું અને પોતે થોડું જમ્યા. બાકીની રસોઈ તેમણે ગુલાબસિંહને આપી દીધી.

ગુલાબસિંહ વર્ણીની ક્રિયા જોઈ મુગ્ધ થઈ ગયા. રસોઈની ક્રિયા ઉતાવળે પણ સુઘડ રીતે કરવાની તેમની રીત, ઠાકોરજીને નૈવેદ્ય ધરાવવામાં અપૂર્વ ભક્તિભાવ, નૈવેદ્યની પ્રસાદી લાકડાના પાત્રમાં ભેગી કરી, તેમાં પાણી નાખી, નિઃસ્વાદી બનાવી ગ્રાસે ગ્રાસે નારાયણના જાપ સાથે જમવાની રીત, આ બધાથી આ વર્ણી તેમને બીજા કરતાં કાંઈક જુદા જણાયા. ત્યાગની તેમની છટામાં તેને બૃહદ્ વૈરાગ્યનો ભાવ દેખાયો. એ વૈરાગ્યમાં જગત પ્રત્યે વિરક્તિ હતી અને ભગવાન પ્રત્યે ભક્તિ હતી. ત્યાગનો અંચળો ઓઢી દેહ પોષવાની દુર્બુદ્ધિ તેમાં ન હતી. તમોગુણનો વેગ ન હતો, જગતને ભારે મારવાનો ભાવ ન હતો.

ગુલાબસિંહને થયું કે આ વર્ણીને અહીં રાખી દેવા. તેમણે બે હાથ જોડી પ્રાર્થના કરી : "મહારાજ ! અહીં રહો તો રોજ રસોઈની સામગ્રી લાવીને આપની સેવા કરું."

વર્ણી તે સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સારી સારી રસોઈ જમવી હોત તો માર્ગમાં ઘણા રાજાઓ મળ્યા હતા. તેમનો રોકવાનો આગ્રહ પણ ઘણો હતો. પણ અમારે ભાગવત ધર્મ સ્થાપવો છે. અક્ષરની વાટ વહેતી મૂકવી છે."

ગુલાબસિંહને વર્ણીના શબ્દો ન સમજાયા. તેનું અંતર તેમનાં દર્શન કરી, તેમની ક્રિયા જોઈ કોમળ બન્યું હતું. એટલામાં નીલકંઠ વર્ણી ઊભા થઈ ગયા અને ગુલાબસિંહને બે હાથ જોડી 'નમો નારાયણ' કહી ત્યાંથી ઉતાવળે ચાલતા થયા.

નર્મદાને તટે ઉત્તર તરફ ચાલતાં નીલકંઠ મહાપ્રભુ તવરા પધાર્યા. કહેવાય છે કે કપિલજીએ અહીં તપ કર્યું હતું. તેની સાક્ષી માટે ત્યાં કપિલેશ્વરનું મંદિર પણ છે. અહીં નર્મદામાં સ્નાન કરી કપિલેશ્વરનાં દર્શન કર્યાં. પવિત્ર રેવાના તટ ઉપરનાં તીર્થોને નીલકંઠ વર્ણી પાવન કરવા ઇચ્છતા હતા. ત્યાંથી વર્ણીરાટ શુક્લતીર્થ પધાર્યા.

શુક્લતીર્થમાં

શુક્લતીર્થ એ નર્મદા નદી ઉપરનું શ્રેષ્ઠ તીર્થ છે. અહીં મુખ્ય મંદિર શુક્લ નારાયણનું છે, જેમાં નારાયણની ચતુર્ભુજ મૂર્તિ છે.

આ સ્થાન ઉપર કહેવાય છે કે ચંદ્રગુપ્ત અને ચાણક્યે સ્નાન કર્યું હતું. જાબાલીએ અહીં તપ કર્યું હતું. ઓમકારેશ્વર, આદિત્યેશ્વર તથા ગોમેશ્વરનાં મંદિરો અહીં છે. ઓમકારેશ્વર મંદિરની પાસે શૂલપાણીશ્વરીનું મંદિર છે. નીલકંઠ વર્ણી અહીં બાવાપ્યારાના ઘાટ ઉપર રહ્યા. અહીં દરેક મંદિરમાં તેમણે દર્શન કર્યાં. યાત્રિકોએ આ નવીન આગંતુક સાધુને જોયા. સહેજે જ તેમના તરફ આકર્ષાયા, પરંતુ નમસ્કાર કરી પોતાની વાટ પકડી.

અહીં થોડો સમય રોકાઈ વર્ણીરાટ અંબાલી ગામે પધાર્યા. ત્યાં પાટીદાર કેશવલાલની સ્ત્રી રાજબાઈ પૂર્વના જાગ્રત થયેલા સંસ્કારના બળથી પરમાત્માની પ્રાપ્તિ માટે વ્રત-તપ કરતી હતી. તેને તેનાં પુણ્યકર્મનું ફળ આપવા, પોતાનું પ્રગટ દર્શન દેવા, નીલકંઠ વર્ણી તેને ઘેર ગયા.

ભારતનાં અનેક તીર્થોમાં તેઓ ફર્યા, ઘણા મુમુક્ષુઓને તેમનો યોગ પણ થયો, પણ કોઈને ઘેર સામે ચાલીને તેઓ ગયા ન હતા. આજે રાજબાઈની ભક્તિના ભાવથી તેઓ સામે ચાલીને તેને ઘેર પધાર્યા. રાજબાઈએ આ વર્ણીને જોયા અને જે સ્વરૂપને પામવા તે ઇચ્છતી હતી, તે સ્વરૂપની પ્રાપ્તિ આજે તેને થઈ ગઈ. તેને લાગ્યું કે તેના તપની આજે સમાપ્તિ થઈ. તે કૃતકૃત્ય થઈ ગઈ.

પ્રભુનાં ચરણ ધોઈ તેમને ઘરમાં પધરાવ્યા. પોતાની લાડલી ગાય, જેનું દૂધ તે હંમેશાં ઠાકોરજીને ધરાવતી હતી, તે ગાયને દોહી તે તાજું દૂધ તેણે વર્ણિને આપ્યું. વર્ણિએ પ્યાલો હાથમાં લઈ હસતાં હસતાં પૂછ્યું : "દૂધ ઠાકોરજીને ધરાવ્યું ?"

રાજબાઈએ એટલા જ ભાવથી કહ્યું : "ઠાકોરજી સાક્ષાત્ પધાર્યા છે તે આજે સાક્ષાત્ દૂધ આરોગશે. રોજ તો દૃષ્ટિપ્રસાદી કરી મને પાછું આપી દેતા હતા, પણ આજે મારો ભાવ પૂરો કરશે."

આ ભાવવિભોર વાણી સાંભળી નીલકંઠ વર્ણી પ્રસન્ન થયા. આ અંતિમ જ્ઞાન હતું. રાજબાઈના અંતરમાં આ જ્ઞાનની સ્ફુરણા થઈ હતી. સર્વ વેદોથી જાણવાનું સ્વરૂપ તેણે આજે જાણી લીધું હતું. તેણે કહ્યું : "મહારાજ ! આપ અહીં રહો. હું આપને રોજ દૂધ પાઈશ."

નીલકંઠ વર્ણિને તેનો ભાવ ખપતો હતો. તેમણે કહ્યું : "અમારે અહીંથી અનસૂયા જવું છે, પણ દૂધ પીવા તો અમો અહીં રોજ આવીશું."

રાજબાઈના અંતરનો આનંદ તેનાં ચક્ષુમાં આવીને સમાઈ ગયો. તેનાં ગાત્ર રોમાંચિત થઈ ગયાં. મીઠી એક ધ્રુજારીથી તેનું શરીર કંપી ઊઠ્યું. આંખો ભરી ભરી વર્ણીના સ્વરૂપને આજે પી લેવા, તેની આંખોમાં તેને સમાવી લેવા તે અધીરી બની ગઈ હતી. પણ વર્ણિને તેની તૃષા અતૃપ્ત રાખવી હતી. તે દૂધ પીને તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા.

વર્ણી અંબાલીથી નીકળી અનસૂયા પધાર્યા. નર્મદાના દ્વીપમાં કોટીશ્વરની સામે આ તીર્થ આવેલું છે. ચાણોદથી યાત્રિકો હોડી દ્વારા અહીં આવે છે. અહીં અત્રિ ઋષિનો આશ્રમ હતો. અનસૂયા માતાનું અહીં મંદિર છે. મહાપ્રભુ રોજ નર્મદામાં સ્નાન કરતા અને પયપાન કરવા રાજબાઈને ઘેર અંબાલી જતા. સાત દિવસ સુધી આ ક્રમ ચાલ્યો.[૧૩૩] પછી નીલકંઠ વર્ણી અનસૂયાથી નીકળી વ્યાસતીર્થ પધાર્યા.

વ્યાસતીર્થમાં

નર્મદાના ઉત્તર તટ ઉપર શુકેશ્વરની સામે બરકાલ ગામ છે. તેને વ્યાસ-તીર્થ કહે છે. અહીં બળદેવજીએ તપ કર્યું હતું. તેથી આ સ્થળને સંકર્ષણતીર્થ

૧૩૩. પાછળથી રાજબાઈ અને તેના પતિ કેશવદાસ અંબાલી છોડીને શિનોર રહેવા ગયાં હતાં.

પણ કહે છે. સંકર્ષણતીર્થથી થોડે દૂર સૂર્યપત્ની પ્રભાએ સ્થાપેલ પ્રેમેશ્વરનું મંદિર છે. અહીં વ્યાસનો આશ્રમ હતો તેમ કહેવાય છે. આ આશ્રમની બાજુમાં વ્યાસેશ્વર મંદિર છે. કહેવાય છે કે વ્યાસજી પોતાના તપોબળથી નર્મદાની એક ધારા આશ્રમની દક્ષિણ તરફ લાવ્યા હતા. તેથી અહીં દ્વીપ બની ગયો છે. વ્યાસતીર્થથી નીકળી મહાપ્રભુ ચાણોદ પધાર્યા.

ચાણોદમાં

ચાણોદ એ તીર્થભૂમિ છે. અહીં સાત મુખ્ય તીર્થ છે. ચંડાદિત્ય ચંડ અને મુંડ દૈત્યોએ સૂર્યની ઉપાસના કરી હતી. એટલે તે સ્થાન ઉપર ચંડાદિત્ય મંદિર છે. ચંડ-મુંડને મારનાર ચંડિકા દેવીનું પણ અહીં મંદિર છે. ભગવાન વિષ્ણુએ તાલમેઘ દૈત્યને મારીને પોતાનું ચક્ર અહીં ધોયું હતું તેથી આ સ્થાનને ચક્રતીર્થ કહે છે. તે ઉપરાંત કપિલેશ્વર, ઋણમુક્તેશ્વર, પિંગલેશ્વર અને નન્દાહ્દનદ વગેરે તીર્થો ચાણોદની પવિત્ર ભૂમિમાં છે. નીલકંઠ વર્ણીએ અહીં સાતે તીર્થોનાં દર્શન કર્યાં. તીર્થોને તીર્થત્વ અર્પી, પોતે ત્યાંથી કન્યાળી (કરનાળી) પધાર્યા.

ચાણોદથી લગભગ એક માઈલ દૂર નર્મદાના ઉત્તર તટ પર કન્યાળી તીર્થ છે. કન્યાળીને લોકો પશ્ચિમ પ્રયાગ પણ કહે છે. અહીં સોમનાથનું પ્રાચીન મંદિર છે, જેને સોમતીર્થ કહે છે. ચંદ્રમાએ અહીં તપ કર્યું હતું તેથી અહીં ચંદ્રગ્રહણના સ્નાનનો મહિમા છે. વર્ણી સોમનાથનાં દર્શન કરી, નર્મદાસ્નાન કરી નીકળી ગયા અને ડભોઈ રાત રહી વસઈ થઈને વટ્ટપતન (વડોદરા) પધાર્યા.

વડોદરામાં

વડોદરા શહેરની વચ્ચે માંડવીનો સોળ સ્તંભનો દરવાજો છે. તે દરવાજા નીચે નીલકંઠ વર્ણીએ મુકામ કર્યો. તેઓ ત્યાં પધાર્યા ત્યારે સંધ્યાટાણું થઈ ગયું હતું. છતાં સંધ્યાના આછા ઉજાસમાં પણ તેમની કાન્તિએ જાદુ કર્યું. માંડવીના દરવાજા આગળ ભીડ થવા લાગી. તેમના સ્વરૂપમાં કોઈને દૈવી વિભૂતિનો ભાસ થયો, જ્યારે કોઈને રાજકુમારની પ્રતિભાનો ખ્યાલ આવ્યો. કોઈ કુતૂહલથી ટોળાની અંદર દાખલ થઈ વર્ણી પાસે પહોંચી ગયા. તેમની પાસે જઈને કહ્યું : "પ્રભુ ! આપ અહીં રહેશો ? અમારા નગરમાં ઘણા સાધુ-બાવા-વેરાગીઓ આવે છે, પણ આપ કાંઈક જુદા દેખાઓ છો."

એટલામાં બીજો બોલી ઊઠ્યો : "ભાઈ ! આપણા સયાજીરાવ મહારાજને

હજુ ખબર પડી નથી, નહિ તો આ તપસ્વીને તેમના દરબારમાં જ લઈ જાય."

વર્ણીએ તેમના કોલાહલને શમાવવા કહ્યું : "તમારો સૌનો ભાવ છે તો અમે ફરી આવીશું."

એટલામાં સામેની દુકાનનું બારણું ખૂલ્યું અને દુકાનનો માલિક અમીચંદ[૧૩૪] ત્યાં ટોળા પાસે આવ્યો. રાત્રિના અંધારપટમાં ટોળું વીખરાતું હતું. અમીચંદના હાથમાં ફાનસ હતું. તેણે વર્ણીનું મુખારવિંદ જોયું અને જાણે અનંત સૂર્યનો પ્રકાશ તેમાંથી નીકળતો હોય તેવી જ્યોત તેણે જોઈ. તે વણિક હતો છતાં તેનામાં વણિકને સહજ એવી વેપારી વૃત્તિ ન હતી. તેના અંતરમાં પ્રભુપ્રાપ્તિની ઝંખના હતી. તેની સ્ત્રી પણ એવી ભાવિક હતી. તેણે ધીરે રહીને વર્ણીરાટનો ચરણસ્પર્શ કર્યો. વર્ણીએ તેના તરફ દૃષ્ટિ કરી. એટલે અમીચંદે હાથ જોડીને પૂછ્યું : "મહારાજ ! આપ કાંઈ જમશો ?"

તેનો ભાવ જોઈ નીલકંઠ વર્ણીએ કહ્યું : "જે તૈયાર હોય તે લાવો."

અમીચંદ રાજી થઈ ગયો. તે એકદમ ઘેર ગયો. તેણે પોતાની સ્ત્રીને પૂછ્યું : "રસોઈ તૈયાર છે ?"

તેણીએ કહ્યું : "ખીચડી બનાવી છે."

"ઝટ થાળીમાં ખીચડી પીરસ. બહાર મોટા જોગી આવ્યા છે તેમને જમાડવા છે." અમીચંદને ઉતાવળ હતી.

અમીચંદની સ્ત્રીએ પણ યોગીને જોઈ લીધા હતા. તેના અંતરમાં રહેલી જગતની વાસનાની બદબો આ યોગીનાં દર્શનમાત્રથી ટળી ગઈ હતી. તેથી તેને અપાર શાંતિનો અનુભવ થયો. તરત જ તેણે થાળીમાં ખીચડી પીરસી અને એક વાડકીમાં ઘી મૂક્યું. અમીચંદ થાળી લઈને બહાર ગયો.

વર્ણીને થાળી આપી. અમીચંદ તેમની સામે બેસી ગયો. વર્ણીએ વાડકીમાં બે આંગળી બોળી ખીચડીમાં ઘી નાખ્યું. બે ગ્રાસ જમી ચળું કર્યું. અમીચંદ તે પ્રસાદી ઘેર લઈ ગયો. તે થાળી લઈને અંદર ગયો. તેની સ્ત્રીએ તરત થાળી લઈ લીધી. થાળીમાં મહાપ્રસાદ હતો. તેણે આ મહાપ્રસાદ પોતે જ જમી જવા નક્કી કરી લીધું. પતિની સાથે જમવા બેઠી પણ અમીચંદ તો વર્ણીના વિચારમાં પ્રસાદ ભૂલી ગયો. પરંતુ તેની પત્ની એ પ્રસાદની ખીચડી ને ઘી જમી ગઈ. કામવાસનાની પ્રબળતાથી પીડાતી તે સ્ત્રીના અંતરમાં આ મહાપ્રસાદે જાદુ

---

૧૩૪. શિલાટ ફતોજી તારાચંદ, મોતી હીરજી ને અમીચંદ.

– ભક્તચિંતામણિ; પ્ર. ૧૨૪-૧૪.

કર્યો. તેની મિથુની ગ્રંથિ જ ઓગળી ગઈ અને અનિર્વચનીય શાંતિના આનંદનો અનુભવ તે કરવા લાગી. દૃષ્ટિનો આ પ્રતાપ તેણે અનુભવ્યો તેથી તેને થયું કે આ તપસ્વીને આજે તો ફક્ત ખીચડી જ જમાડી છે, પણ આવતી કાલે તેમને પકવાન જમાડવા છે. તેણે આ વિચાર તેના પતિને કહ્યો અને વહેલી સવારે ઊઠીને તપસ્વીને ઘેર લઈ આવવા કહ્યું.

વહેલી સવારે નીલકંઠ વર્ણીએ ત્યાંથી નીકળવાની તૈયારી કરી. એટલામાં અમીચંદ ત્યાં આવી પહોંચ્યો. તેણે હાથ જોડી સ્તુતિ કરી : "મહારાજ ! આપને પકવાન જમાડવાની અમારી ઇચ્છા છે. તો અમારું ભોજન જમ્યા પછી જ આપ નીકળો."

વર્ણીએ તેનો ભાવ જોયો. વણિકના અંતરમાં આ લોકની કોઈ ઇચ્છા ન હતી, તેને તો ફક્ત તેમની સેવા જ કરવી હતી. તેમણે કહ્યું : "અમે તો ગોદોહનમાત્ર જ એક સ્થાનમાં રહીએ છીએ. એટલે અત્યારે તો અમે જઈશું."

"પણ મહારાજ ! આપની કાંઈ સેવા અમારાથી થઈ શકી નથી. અમે તો ઘેર તીર્થ આવ્યું છતાં કોરા રહી ગયા." વણિકે ગદ્‌ગદ ભાવે કહ્યું.

વર્ણીએ તેને માથે હાથ મૂકીને કહ્યું : "અમીચંદ ! તારી પાસેથી મારે સેવા લેવી છે તે ભવિષ્યમાં લઈશ."

"પણ ભવિષ્યમાં મારા દેહનો શો ભરોસો ?" અમીચંદે હાથ જોડી કહ્યું.

"તારો દેહ ત્યાં સુધી રાખવો તે અમારા હાથમાં છે."

આ વચન સાંભળી વણિક બે ડગલાં પાછો ખસી ગયો. તેને લાગ્યું કે નક્કી આ ભગવાન જ છે. કાળને પાછો ઠેલી શકે એ શક્તિ તો એક ભગવાન પાસે જ છે. તેણે કહ્યું : "મહારાજ ! હું આપની એવી કઈ સેવા કરી શકું ?"

નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં કહ્યું : "તારે ત્યાં લક્ષ્મીનારાયણની મૂર્તિ પૃથ્વીમાં દાટેલી પડી છે. તે મૂર્તિ હું મારા સાધુને મોકલીને મંગાવી લઈશ."[૧૩૫]

અમીચંદને આ સાંભળી આશ્ચર્ય થયું. તેના ઘરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ છે તે તેના સિવાય બીજું કોઈ જાણતું ન હતું. શ્રીમંત સરકારના ફરમાનની બીકથી તે મૂર્તિઓ તેના પિતાએ ભૂગર્ભમાં દાટી દીધી હતી. વર્ણીના સ્વરૂપ સંબંધી તેણે કરેલો નિશ્ચય તેમના આ શબ્દોથી દૃઢ થયો. તેણે કહ્યું : "ભલે મહારાજ ! જેવી આપની ઇચ્છા. મારી જાતને હું ખરેખર ધન્ય માનું છું કે આપની એ રીતે પણ હું સેવા કરી શકીશ."

---

૧૩૫. શ્રીહરિલીલામૃત; કળશ ૮, વિશ્રામ ૧૧.

વર્ણી તેને આશીર્વાદ આપી ત્યાંથી ચાલી નીકળ્યા.

✧

નીલકંઠ વર્ણી વડોદરાથી નીકળી મહી નદી પાસે આવ્યા. માળવાના પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળતી મહી નદીનું ગુજરાતમાં બહુ જ માહાત્મ્ય છે. મહી એ ચાર યુગની દેવી કહેવાય છે. નીલકંઠ મહાપ્રભુએ અહીં સ્નાન કર્યું. મહી નદી આજે ખરેખર સૌભાગ્યવતી બની ગઈ. કાંઠાળ પ્રદેશના બારૈયા અને પાટણવાડિયા કોમની ચોરી, છિનાળ પ્રવૃત્તિનાં પાપ ધોવા મહી સ્થિર ભાવે વહી રહી હતી પણ એ વહનમાં ઉદાસીનતા હતી. પોતાના આશ્રિતોનાં સ્વીકારેલાં પાપથી તે ક્યારે મુક્ત થશે એ વિચારથી સદા તપ્ત રહેતું તેનું હૈયું આજે નીલકંઠ વર્ણીના દિવ્ય સ્પર્શથી શાંત થઈ ગયું. તેણે આજે કૃતકૃત્યતા અનુભવી.

નીલકંઠ પ્રભુ મહીસાગર ઊતર્યા. ત્યાં ચરોતરના નાવલી ગામના પાટીદાર ભક્ત લાલદાસે તેમને જોયા. તેના સંસ્કારે, તેની મુમુક્ષુતાએ આ વર્ણીમાં કાંઈક અલૌકિકતા નિહાળી. તે સમયે લાલદાસે મહી કાંઠાના ભાઠામાં રહેતા બાવળના વનમાં બ્રાહ્મણોને બ્રહ્મભોજન માટે નિમંત્ર્યા હતા. 'હર હર મહાદેવ'ના ઘોષ વચ્ચે બ્રાહ્મણો મોદકનો સ્વાદ લઈ રહ્યા હતા. તે સમયે નીલકંઠ વર્ણીને લાલદાસે જોયા. જન્મજન્માંતરની કોઈ અતૃપ્ત ઇચ્છા આજે જાણે તૃપ્ત થતી હોય તેવો લાલદાસને આનંદ થયો. ત્યાંથી તે એકદમ દોડ્યા અને વર્ણી પાસે આવ્યા. વર્ણી પણ તેમની સન્મુખ જ આવતા હતા. આ એક જ મુમુક્ષુ માટે તેઓ અહીં આવ્યા હતા.

લાલદાસે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી ચરણધૂલિ માથે ચડાવી. બે હાથ જોડી તેમણે વર્ણીરાટને કહ્યું : "પ્રભુ ! ભોજન તૈયાર છે."

નીલકંઠ વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "અમે ભોજન માટે નહિ પણ તમારા માટે આવ્યા છીએ."

લાલદાસના આનંદનો પાર ન રહ્યો. તેણે કહ્યું : "મહારાજ ! મારા અંતરમાં પણ એમ લાગે છે કે જાણે કેટલાય જુગથી હું આપની રાહ જોતો હોઉં અને આજે આપ મળી ગયા ! જેમ દરિદ્રીને રત્નનો ભંડાર મળે, તેમ આપ સાક્ષાત્ ભગવાન, મોટા મોટા મુનિઓને પણ ધ્યાનમાં દુર્લભ છો તે આજે મને પ્રત્યક્ષ મળ્યા. મારાં અહોભાગ્ય છે !"

તેણે નીલકંઠ વર્ણીનો હાથ પકડ્યો : "મહારાજ ! આપ જમવા પધારો.

મારો યજ્ઞ આજે પૂરો થશે.''

નીલકંઠ વર્ણી તેમની સાથે ગયા. બ્રાહ્મણોએ આ તેજસ્વી તપસ્વીને જોઈ તરત જ ઉદ્‌ઘોષ કર્યો : ''હર હર મહાદેવ હર.''

આ ઉદ્‌ઘોષથી નીલકંઠ તેમના સામું જોઈ હસ્યા. બ્રાહ્મણોને પ્રતીતિ થઈ કે નક્કી આ મહાદેવ જ છે.

લાલદાસે નીલકંઠ વર્ણી સામે ભાવપૂર્વક અન્નકૂટ પૂર્યો. પરંતુ નીલકંઠ વર્ણી તો તેમાંથી અલ્પ સામગ્રી લઈ, પત્તરમાં નાખી, તેમાં પાણી નાખીને પી ગયા. લાલદાસ આ જોઈ રહ્યા. તે વિચારમાં પડી ગયા. તેણે નીલકંઠ વર્ણીનાં ચરણ પકડી લીધાં. પ્રાર્થના કરતાં કહ્યું : ''મહારાજ ! મારો મોક્ષ કરજો.''

નીલકંઠ વર્ણીએ કહ્યું : ''તારો મોક્ષ કરવા તો અમે અહીં આવ્યા છીએ પરંતુ તારા સમગ્ર કુટુંબનો મોક્ષ કરે એવો મુક્ત[૧૩૬] તારે ત્યાં જન્મ લેશે એવા અમારા આશીર્વાદ છે.''

બામણગામમાં

લાલદાસને અભયપદ આપી નીલકંઠ મહાપ્રભુ ત્યાંથી નીકળી સીધા બામણગામ પહોંચ્યા. પાદરમાં આવતાં જ શિવજીને બીલીપત્ર ચડાવવા ગયેલા ખોડા પંડ્યાની નજર આ વર્ણી ઉપર પડી. તેણે આ તપસ્વીને જોયા. નિરાળી જાત જણાઈ. તે તરત જ તેમની સન્મુખ ગયા અને હાથ જોડી પ્રાર્થના કરી : ''મહારાજ ! મારે ઘેર પધારશો ?''

નીલકંઠ વર્ણીએ તરત જ હા કહી. ખોડા પંડ્યા આગળ ચાલવા લાગ્યા. નીલકંઠ વર્ણી તેમની પાછળ જવા લાગ્યા. વારે વારે પંડ્યાજી પાછળ જોતા જાય કે રખે તપસ્વી ચાલ્યા તો નથી જતા ને !

નીલકંઠ વર્ણી તેની અધીરાઈ જોઈ હસ્યા. તેમણે કહ્યું : ''પંડ્યા ! હું તમારે ઘેર નાહી, નિત્યકર્મ કરી, જમીને પછી જ જઈશ. તમે નિરાંત રાખો.''

પંડ્યાને આશ્ચર્ય થયું : ''આ તપસ્વી મારું નામ ક્યાંથી જાણે ?'' તેને પરમેશ પધાર્યાની ખાત્રી થઈ.

---

૧૩૬. લાલદાસને નીલકંઠ મહાપ્રભુના આશીર્વાદથી કશિયાભાઈ નામે પુત્ર થયો. કશિયાભાઈ મોટા થતાં તેમને ભગવદાનંદ સ્વામીને યોગે સત્સંગ થયો. આચાર્ય રઘુવીરજી મહારાજ તથા સંતોની તેમણે જન્મજાતિનું માન મૂકી ખૂબ સેવા કરી અને વર્ણીના આશીર્વાદ સાર્થક કર્યા.

ખોડા પંડ્યાને ઘેર નીલકંઠ વર્ણી પધાર્યા. ખોડા પંડ્યાએ ગરમ પાણી કરી નીલકંઠ વર્ણીને નવરાવ્યા. પછી નીલકંઠ વર્ણીએ વિષ્ણુની પૂજા કરી. ઘરમાં મઠની દાળ અને રોટલો બનાવ્યાં હતાં. પંડ્યાની ઈચ્છા મોદક બનાવરાવવાની હતી. પણ નીલકંઠ વર્ણી એટલી વાર ખમે તેમ ન હતા. તેમણે તરત જ કહ્યું : "મઠની દાળ અને રોટલો લાવો."

પંડ્યા ન છૂટકે મઠની દાળ અને રોટલો લાવ્યા. તેને આજે એક વિભૂતિ જમાડ્યાનો આનંદ હતો. છતાં એ આનંદમાં અધૂરપ એ હતી કે પોતાની મરજી પ્રમાણે તે વાનગી જમાડી ન શક્યા. નીલકંઠ વર્ણી પોતાની રીત અનુસાર જમ્યા. અન્નમાં પાણી નાખીને જમતાં તેણે આજ સુધી કોઈને જોયા ન હતા. નીલકંઠ વર્ણીએ ચળું કર્યું અને 'જય સચ્ચિદાનંદ' કહી ઊભા થયા. પંડ્યા દર્શન કરતા રહ્યા અને નીલકંઠ વર્ણી ઊભા થઈને ચાલવા લાગ્યા. નીલકંઠની ઉતાવળી ચાલની સાથે પંડ્યા કદમ મિલાવી ન શક્યા એટલે દૂરથી જ નમસ્કાર કરી તે પાછા વળ્યા.

નીલકંઠ વર્ણી ત્યાંથી સીધા આણંદને માર્ગે ચાલ્યા. આણંદ શહેરમાં પહોંચ્યા પણ તેમનું મન ત્યાં માન્યું નહિ. ત્યાંથી તરત જ નીકળી ગયા અને સીધા ડાકોર પધાર્યા. અહીં રણછોડજીનાં દર્શન કર્યાં. ભક્ત બોડાણાના પ્રેમને વશ થઈ ગૂગળી બ્રાહ્મણોની યંત્રવત્ પૂજા અને ભક્તિહીનતાથી કંટાળી દ્વારિકાથી રણછોડરાય ડાકોર આવ્યા હતા. નીલકંઠ વર્ણીને જોઈ તેમને પણ તેમની સાથે રહેવાનું મન થઈ ગયું. નીલકંઠ વર્ણીએ સાનમાં સમજાવી દીધા. સમય આવ્યે તે પણ થઈ રહેશે.

ઉમરેઠમાં

ડાકોરથી વર્ણીરાટ આ.સં. ૧૮૫૫ના ફાગણ સુદ ૧૧ના દિવસે સીધા ઉમરેઠ પધાર્યા. ખેડાવાળ બ્રાહ્મણોની આ નગરીમાં રણછોડરાય પોતે સ્વયં ગાડું ચલાવીને ભક્ત બોડાણાને તેમાં સુવરાવી લાવ્યા હતા.[૧૩૭] અહીં ગાડું તેમણે ઊભું રાખ્યું હતું અને બોડાણાને જગાડ્યા હતા. ગાડામાંથી રણછોડરાય નીચે ઊતરીને ત્યાં ઊભા રહ્યા હતા. તે જગ્યાએ એક નાનું મંદિર બનાવી તેમાં

૧૩૭. વિ.સં. ૧૨૧૨ના કાર્તિક સુદ ૧૪ને ગુરુવારે સવારે રણછોડરાય મહારાજ ઉમરેઠમાં પધાર્યા હતા. 'સ્મરણિકા' : પૃ. ૫. (ધી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, ૧૧મું અધિવેશન, તા. ૧૮-૧-૧૯૭૬).

તેમની ચરણપાદુકા પધરાવી છે. 'શ્રી રણછોડરાય ભગવાનનાં પગલાં મંદિર' તરીકે આ મંદિર ઓળખાય છે.

નીલકંઠ મહાપ્રભુ અહીં આવી જાગનાથ મહાદેવના મંદિરના ગર્ભદ્વારમાં જવાના બારણાની સામે ઓટલો હતો (હાલ છે) ત્યાં ઊતર્યા. સાંજે ભોળાનાથનાં દર્શન કરવા નરભેરામ દવે તથા રૂપરામ ઠાકર પોતાના નિયમ અનુસાર આવ્યા. પાઘડી ઉતારી શિવને નમસ્કાર કર્યા અને પ્રાર્થના કરી કે "હે ભોળાનાથ ! તમો પ્રસન્ન થાઓ તો અમને ભગવાન ભેટાડો."

બહારથી શિવમહિમ્ન સ્તોત્રના પાઠના શબ્દો તેમને સંભળાયા :

त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवहः
त्वमापस्त्वं व्योम त्वमुधरणिरात्मा त्वमिति च।
परिच्छिन्नामेवं त्वयि परिणतां बिभ्रतु गिरम्
न विद्मस्त्वत्तत्त्वं वयमिह तु त्वं न भवसि ॥[૧૩૮]

ઘેરા સૂરે બોલાતા આ શબ્દોમાં તેમને મીઠાશ લાગી. તેઓ શબ્દના રણકારની દિશામાં ગયા. નીલકંઠ વર્ણીને જોયા. તેમના શરીરમાં તપ જોયું. માથા ઉપર શિવની જટા જોઈ. આંખોમાં હરિની વત્સલતા જોઈ. તેઓ મુમુક્ષુ હતા, દૈવી હતા. તેમની વૃત્તિ નીલકંઠ વર્ણીમાં ખેંચાણી. બંને તેમની પાસે આવીને બેઠા. થોડી વારે મૌન તોડીને નરભેરામે પૂછ્યું : "બ્રહ્મચારી ! તમે ક્યાંથી આવ્યા ?"

"અનિર્દેશથી." બ્રહ્મચારીએ ટૂંકો જવાબ આપ્યો.

ભારતની ભૂગોળનો આ બંને મહાનુભાવોને આછો ખ્યાલ હતો. તેની સ્મૃતિ કરતાં તે બંનેનાં કપાળ પર કરચલી પડી ગઈ. આંખો પણ સહેજ ઝીણી થઈ ગઈ. છતાં અનિર્દેશનો તેમને ખ્યાલ આવ્યો નહિ.

"એ દેશનો અણસાર તો અમને આવતો નથી." રૂપરામે મૂંઝવણથી કહ્યું.

"નહિ આવેગા. હમારા પરિચય ઠીક કરેગા, તબ ખ્યાલ આવેગા."

વિપ્રોને આ જરા વિચિત્ર લાગ્યું. રૂપરામે તરત જ પૂછ્યું : "બ્રહ્મચારીજી ! કાંઈક જમશો ?"

"આજે ઉપવાસ છે."

---

૧૩૮. "હે વિશ્વંભર ! તું સૂર્ય છે, તું ચંદ્ર છે, તું પવન છે, તું અગ્નિ છે, તું પાણી છે, તું પૃથ્વી છે અને આત્મા પણ તું જ છે. એમ જુદા જુદા અનુભવી પુરુષો તને ઓળખાવે છે. પરંતુ હે પ્રભો ! અમે તમારું તત્ત્વ પણ જાણતા નથી કે તમે શું છો તે પણ જાણતા નથી."

"તો ફળાહાર લાવી દઈએ." એમ કહી નરભેરામ ઊઠ્યા. ફળાહાર લાવીને નીલકંઠ વર્ણીને આપ્યો. નીલકંઠ વર્ણીએ વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું અને પોતે થોડું જમ્યા. બાકીની પ્રસાદી વિપ્રોને આપી દીધી.

બીજે દિવસે ઉમરેઠથી નીકળીને વર્ણીન્દ્ર ભગવાન ભાલેજ થઈ વડતાલ પધાર્યા. અહીં તળાવની પાળે બિરાજ્યા. વૃક્ષોની ઘટાથી સુશોભિત નાનકડા ગામની શોભા જોઈ નીલકંઠ વર્ણીના હૃદયમાં કાંઈક અનેરો આનંદ થયો. તેમને અહીં ઠરીને ઠામ થવાનું મન થયું. પુણ્યવતી આ ભૂમિના સંસ્કાર તેમને બોલાવતા હતા. ત્યાંથી ઊઠ્યા, સામે કાંઠે મહાદેવજીના મંદિરમાં પધાર્યા. મહાદેવજીને જળ ચડાવીને ત્યાંથી નીકળી પુરાણકાળના આ હિડંબાવનમાં[૧૩૯] પધાર્યા. અહીં ઘટાદાર બદરી વૃક્ષ પાસે આવ્યા. અહીં થોડી વાર સ્થિર થઈને ઊભા રહ્યા. પછી વૃક્ષ નીચે આવ્યા. મનોમન હસ્યા અને પાછા ફરીને તળાવની પાળે આવીને બેઠા.

તીર્થરાજ વડતાલમાં

થોડી વારે ત્યાંના વાસી જોબન પગી નીકળ્યા. તેમણે આ તપસ્વીને દૂરથી જોયા. ચોર અને લૂંટારુઓનું પગેરું કાઢનાર પગીએ આજે આ વર્ણીરાટનું પગેરું પકડ્યું. ધંધાના કીમિયાગરને આજે ધંધો ફળ્યો. તે નીલકંઠ વર્ણીની નજીક આવ્યો. નીલકંઠ વર્ણીના તપનો, નૈષ્ઠિક બ્રહ્મચર્યનો, અનંત કલ્યાણકારી ગુણોનો પ્રભાવ તેણે જોયો. તીરકામઠું, તલવાર, ધારિયું કે ભાલો હાથમાં લઈને ફરતા આ જોબનના હાથ અનેકને નિર્દય રીતે રહેંસી નાખતાં કદી ધ્રૂજ્યા ન હતા તે આજે નીલકંઠ વર્ણી સમક્ષ ધ્રૂજતાં ધ્રૂજતાં જોડાઈ ગયા. નીલકંઠ વર્ણી તેની મુખાકૃતિ જોઈ હસ્યા. તેના ઉપર ક્રૂરતાના ભાવોનો થર જામ્યો હતો. આ મુખ ઉપર કદી પ્રેમ કે ભક્તિની છાપ ઊપસી ન હતી. છતાં તે ક્રૂરતાનું કલેવર આજે ઓગળી ગયું. જોબને નીલકંઠ વર્ણીને સાષ્ટાંગ દંડવત્ કર્યા. પછી ધીરેથી પાસે આવીને તેણે બે હાથ જોડીને કહ્યું : "પ્રભુ ! આપ બહુ દૂર દેશથી આવ્યા

---

૧૩૯. હિડંબાવન મહેસાણા જિલ્લામાં હોય એવો ઉલ્લેખ પણ છે. તેનો વિસ્તાર ગુજરાત સુધી પણ કદાચ હોય :

મહિસાગર ને વેત્રવતી, ત્રીજી સાભ્રમતી કરે ગતિ,
તેહ ત્રણના મધ્યે પાવન હિતકારી છે હેડંબાવન.

(હરિલીલામૃતમાં આ પ્રમાણે ઉલ્લેખ છે. કળશ ૫, વિશ્રામ ૨૦)

લાગો છો.''

નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં ફક્ત ડોકું ધુણાવ્યું. બોલતાં બોલતાં જોબનના હોઠ ધ્રૂજતા હતા. તેણે ધ્રૂજતા સ્વરે ફરી કહ્યું : ''આપ અહીં જ રહો. હું સ્થાન બનાવી દઉં.''

નીલકંઠ વર્ણીએ તેનો ભાવ જોયો. તેના સંસ્કાર બહુ જ ભારે હતા. તે સંસ્કારના બળે વર્ણીરાટ અહીં ખેંચાયા હતા. તેમણે કહ્યું : ''હમણાં તો નહિ, પણ ફરી આવીશું ત્યારે તમારા ગામમાં જરૂર રહેશું.''

પગી નીચે બેસી ગયા. તેણે ફરી કહ્યું : ''મહારાજ ! કાંઈક જમો તો મારે ઘેર રસોઈ બનાવરાવું.''

નીલકંઠ વર્ણીએ કહ્યું : ''અમે પોતે તમારે ઘેર આવી રસોઈ બનાવીશું.'' એમ કહી તેઓ ઊઠ્યા. જોબન પગીને આ પળ ધન્ય લાગી. તેના અબુધ અંતઃકરણમાં સૂતેલા અંતર્યામી નીલકંઠ વર્ણીને ઓછાયે જાગી ગયા હતા. એ અંતર્યામીની પ્રેરણાના બળે જોબન આ વર્ણીને દોરી રહ્યો હતો.

વર્ણી તેને ઘેર આવ્યા. જોબને રસોઈની સામગ્રી આપી. પણ વર્ણીએ કેવળ બાટી જ બનાવી. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવ્યું અને પછી પોતે અલ્પ જમ્યા. પ્રસાદી જોબનને આપી દીધી. જોબને આ પ્રસાદી પોતે થોડી લઈ વધેલી પ્રસાદી વર્ણીનાં દર્શન કરવા આવેલા પોતાના સંબંધીઓને વહેંચી દીધી.

આ વખતે જોબનના ભાઈ દેવકરણને મનમાં સંકલ્પ થયો કે વર્ણી મારે ઘેર આવે તો સારું. વર્ણી તેનો મનોભાવ જાણી ગયા અને જોબનને કહ્યું : ''અમે આમને ઘેર જઈને થોડો આરામ કરશું અને પછી તીર્થ કરવા ચાલ્યા જઈશું !''

નીલકંઠ વર્ણીના આ શબ્દોએ દેવકરણ પગીના અંતરમાં પણ ભાવ પ્રગટાવ્યો. મનની વાત જાણી જતા કિશોરવયના આ તપસ્વી પ્રત્યે તેનું અંતર કુમળું થઈ ગયું. પ્રેમ કે ભક્તિનો ભાવ કદી ન પિછાણનાર, ચોરોને પણ માથાભારે નીવડેલા આ પગી-કુટુંબમાં નીલકંઠ વર્ણીના પ્રભાવે પરિવર્તન આણ્યું. તે સમયે જોબનનો તીર ચાલતો હતો. તેની આણ ઠેઠ બંગાળ સુધી પ્રવર્તી રહી હતી. તેના તીરની ઉપેક્ષા કરી કોઈ જીવતો રહી શકતો ન હતો.

નીલકંઠ વર્ણી દેવકરણ પગીને ઘેર ગયા. રાત્રિ વિતાવી પરોઢિયે ત્યાંથી નીકળી સીધા બોચાસણ પધાર્યા.[૧૪૦]

---

૧૪૦. આ વાત શ્રીઅચિન્ત્યાનંદ બ્રહ્મચારીએ જોબન પગી પાસેથી સાંભળીને અભયસિંહ ભૂપને કહી છે. — શ્રીહરિલીલામૃત; કળશ ૩, વિશ્રામ ૧૭-૧૭.

તીર્થશ્રેષ્ઠ બોચાસણમાં

બોચાસણમાં ગામની ભાગોળે, તળાવની પાળ ઉપર, વડની નીચે નીલકંઠ વર્ણી બિરાજ્યા. તેમને આ ગામ રળિયામણું લાગ્યું. નાના પ્રકારની હવેલીઓથી ગામની સમૃદ્ધિ દેખાતી હતી. ચરોતરની પેચબંધ ઠસ્સાદાર પાઘડીઓથી શોભતાં પાટીદારોનાં મંડળો આ ગામમાં આજે ઊભરાયાં હતાં. નીલકંઠ વર્ણીને લાગ્યું કે ગામમાં કાંઈ પ્રસંગ હશે. ગામની સ્ત્રીઓ તળાવમાં સ્નાન કરવા અને પાણી ભરવા આવવા લાગી. તેથી નીલકંઠ વર્ણી ત્યાંથી ઊઠી ગયા અને સામે દેખાતા રામજી મંદિરમાં ગયા. મંદિરના બાવા નરસિંહદાસે નીલકંઠ વર્ણીને આવકાર્યા.

પરંતુ નીલકંઠ વર્ણીની તેજસ્વી પ્રતિભાની ગામના પાટીદારોને ખબર પડી ગઈ હતી. વેરીભાઈએ નીલકંઠ વર્ણીને નીરખી નીરખીને જોઈ લીધા. તેમણે ગામના મુખી કાનદાસ પટેલને આ વાત કરી. તે દિવસે તેમણે બ્રાહ્મણોની ચોરાસી કરી હતી. આ તપસ્વીને આમંત્રણ આપવા તેમણે તેમના પુત્ર કાશીદાસને બાવાજીની જગ્યામાં મોકલ્યા.

ડાબા પગ ઉપર જમણો પગ ચડાવી જમણા પગના ઘૂંટણ ઉપર જમણો હાથ સ્થિર કરી, નાસિકાગ્ર દૃષ્ટિ રાખી ધ્યાનમગ્ન બેઠેલા નીલકંઠ વર્ણીને જોઈ કાશીદાસ એક પળ તો ત્યાં જ સ્થિર થઈ ગયા ! આટલી બધી કાંતિ આ કૃશ શરીરના કિશોરમાં ક્યાંથી આવી ? મનુષ્યમાં કદાપિ ન કલ્પેલી દિવ્યતા તેમણે નીલકંઠ વર્ણીમાં જોઈ. પોચી ધરતીના કઠણ આદમીનું હૈયું દ્રવી ગયું. આવી કિશોર અવસ્થામાં આવુ ઉગ્ર તપ કરનાર નીલકંઠ વર્ણી તેમને મહાન લાગ્યા. જમીન અને બળદ સાથે જ કેવળ વ્યવહાર રાખનાર પાટીદારની કલ્પના એથી આગળ જઈ ન શકી. પણ તેના પુણ્યકર્મના સંસ્કારનો યોગ આજે પરિપક્વ થયો હતો. તે નીલકંઠ વર્ણી પાસે આવ્યા અને નમસ્કાર કરી સામે બેઠા.

કાશીદાસના મનમાં ઘણા વખતથી વિચાર ચાલતો હતો કે કોઈ મોટા-પુરુષ આ ગામમાં જરૂર આવવા જોઈએ. તેમણે રામજી મંદિરના બાવા નરસિંહદાસને કહી રાખ્યું હતું કે "કોઈ મોટાપુરુષ આ મંદિરમાં આવે, તો મને ખબર આપજો." પણ તે યોગ એકાએક આજે આવી ગયો.

બાવા નરસિંહદાસને તો મોટાપુરુષને ઓળખવાની દૃષ્ટિ ન હતી. તેને તો બધા જ બાવા દેખાતા. કોઈ જાડા, કોઈ પાતળા, કોઈ ચલમધારી, કોઈ

ગંજેરી. નીલકંઠ વર્ણીમાં તેણે કાંઈ નવું જોયું નહિ. કાશીદાસને નીલકંઠ વર્ણીની સામે બેઠેલા જોઈ તેણે કહ્યું : "મોટા ! કાલે જ આ છોકરું આવી ચડ્યું. વડ નીચે બેઠું હતું પણ પાણી ભરનારી બાઈઓને જોઈ અહીં નાસી આવ્યું."

કાશીદાસને બાવાની આ અલ્લડ ભાષાથી હસવું આવ્યું. રામજી મંદિરમાં યંત્રવત્ પૂજા કરનાર આ બાવાની કલ્પના આગળ જઈ શકી નહિ. કાશીદાસે કહ્યું : "નરસી ! આંખે દેખાતું ન હોય તો આંખ ફોડી નાખ. આ કાંઈ બાવા નથી. રામજીની આટલાં વરસ પૂજા કરી તોય અક્કલ ના આવી ?"

બાવો ચૂપ થઈ ગયો. કાશીદાસ નાના હતા પણ તેનો પ્રભાવ મોટો હતો તે એ જાણતો હતો. તેણે તરત જ હાથ જોડી દીધા.

થોડી વારે નીલકંઠ વર્ણીએ આંખો ખોલી. તેમનું હૈયું પણ આનંદથી ઊભરાતું હતું. અનેક શુભ સંસ્કારોથી સભર બનેલા દેશમાં તેઓ આવ્યા હતા, જે દેશ તરફ તેમણે પોતાની જન્મભૂમિમાંથી જ દૃષ્ટિ કરી હતી. અહીં રહી તેમને કાર્ય કરવું હતું તેથી તેમને પહોંચી ગયાનો આનંદ હતો. વળી, તેમના કાર્યમાં સહાયભૂત થનારા મુક્તોનો સંબંધ થયાનો પણ તેમને આનંદ હતો. જોબન પગી અને કાશીદાસ પટેલ ભાગવત ધર્મ પ્રસારણના કાર્યમાં અડીખમ બનીને તૈયાર થઈ ગયા હતા.

નીલકંઠ વર્ણીએ કાશીદાસ પટેલ સામું જોયું અને તેમણે ફરી નીલકંઠ વર્ણીનો ચરણસ્પર્શ કરી બે હાથ જોડ્યા : "સાધુરામ ! અમારા તરફથી આજે બ્રાહ્મણોને જમવાનું આમંત્રણ છે. તો આપ પણ પધારો."

નીલકંઠ વર્ણીએ પૂછ્યું : "કેવા બ્રાહ્મણ જમે છે ?"

કાશીદાસ નીલકંઠ વર્ણીની હિંદી ભાષા સમજ્યા નહિ. પરંતુ તેમણે કહ્યું : "શુદ્ધ બ્રાહ્મણો જમે છે."

કાશીદાસનો આ જવાબ સાંભળી નીલકંઠ વર્ણીને નિરાંત થઈ. કારણ તેમણે માંસ અને મદિરામાં ચકચૂર બનેલા ઘણા બ્રાહ્મણો જોયા હતા. નીલકંઠ વર્ણીએ કહ્યું : "અમે બાવાજીની સાથે આવીશું."

કાશીદાસને તરત જ ખ્યાલ આવી ગયો કે તેણે કરેલા અવિવેકને નીલકંઠ વર્ણીએ સુધારી લીધો. તેણે તરત જ બાવાજી તરફ ફરીને કહ્યું : "નરસી ! તારે પણ આવવાનું છે. આ તપસ્વીને લઈને આવી જજે."

બાવાજી નીલકંઠ વર્ણીને લઈને કાનદાસને ઘેર ગયા. ઓસરી આગળ નીચે ફળિયામાં બંને બેઠા. કાશીદાસનાં માતુશ્રી નાનીબાએ નીલકંઠ વર્ણી તરફ દૃષ્ટિ

કરી. તેના દૈવી સંસ્કારોએ તેના અંતઃકરણને જાગ્રત કરી દીધું. તે આ લોકનું ભાન ભૂલી ગયાં. તેમને લાગ્યું કે તે કોઈ દિવ્ય લોકમાં છે. થોડી વારે તે સ્વસ્થ થયાં. તેમને લાગ્યું કે નીલકંઠ વર્ણીને પીરસવાને બદલે મને આ શું થઈ ગયું ?

નીલકંઠ વર્ણીએ ધીરે રહીને કહ્યું : "મા ! લાડુ લાવ."

નાનીબા રસોડે લાડુ લેવા ગયાં, ત્યારે બ્રાહ્મણોએ કહ્યું : "હજી માતાજીને નૈવેદ્ય ધરવાનું છે. પછી લાડુ મળશે."

આ સાંભળી નાનીબા અકળાયાં. તે પાછાં આવ્યાં. તેમને જોઈ નીલકંઠ વર્ણીએ કહ્યું : "હમ લાડુ નહિ ખાયેગા, દૂધ ઓર ભાત લાવ."

નાનીબાને થયું કે રોયા બ્રાહ્મણોએ લાડુ આપવાની ના કહી એટલે નીલકંઠ વર્ણીએ દૂધ-ભાત માગ્યાં. પણ ઘરમાં દૂધનું ટીપુંય નહોતું. ભેંસો પણ સીમમાં ગઈ હતી. છતાં તે તાંબડી લઈને બહાર નીકળ્યાં. ત્યાં અચાનક તેમની ભેંસ ડેલીએ આવી. તરત જ દોહી નાનીબા દૂધ લાવ્યાં અને નીલકંઠ વર્ણી દૂધ-ભાત જમ્યા.

આ બધી સ્વાદિષ્ટ વસ્તુઓ છોડી નીલકંઠ વર્ણીને ફક્ત દૂધ-ભાત જમતા જોઈ બાવાજીને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણી તેને જોઈ હસ્યા. તેમણે મનમાં વિચાર કર્યો કે સંસારનો ત્યાગ કર્યો પણ સ્વાદનો ત્યાગ કર્યો નથી.

રસના ઇન્દ્રિય જીતી નથી તો શું ત્યાગ્યું ? રસના ઇન્દ્રિય જ બધા વિષયનું મૂળ છે. તેની તુષ્ટિમાં અન્ય ઇન્દ્રિયોની પુષ્ટિ છે. તેના ત્યાગમાં ઇન્દ્રિયોનું દમન છે. ભારતભરમાં બાવાઓની આ સ્થિતિ હતી. પોતાના જ અંતરમાં ત્યાગ ન હોય તો અન્યના અંતરમાંથી જગતનો ત્યાગ શી રીતે કરાવી શકે ?

નીલકંઠ વર્ણીએ ચળું કર્યું અને ઊભા થઈ ગયા. નાનીબા તેમની પાસે આવ્યાં અને હાથ જોડીને કહ્યું : "બ્રહ્મચારી મહારાજ ! કાલે અહીં જમવા પધારજો. મારે તમને લાડુ જમાડવા છે."

નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં કહ્યું : "મા ! અમો અહીં ફરી આવીશું, ઘણી વાર આવીશું. તમારે ત્યાં ઘર કરીને રહેશું. આ ગામ અમને બહુ જ ગમે છે."

નાનીબાએ તરત જ કહ્યું : "મહારાજ ! આ મારો કાશીદાસ તમને તેડવા આવશે."

નીલકંઠ વર્ણીએ કાશીદાસનું કાંડું ઝાલ્યું અને કહ્યું : "આ તો અમારા જ છે અને અમારી બહુ સેવા કરશે." એટલું કહીને કાશીદાસને માથે તેમણે હાથ મૂક્યા.

નાનીબાએ તરત જ કહ્યું : "મહારાજ ! આ કાંડું એમ ને એમ ઝાલી

રાખજો." નીલકંઠ વર્ણી તેમનો ભાવ સમજ્યા. પછી બાવાજી સાથે રામજી મંદિરમાં ચાલ્યા ગયા.

સંધ્યાકાળે નીલકંઠ વર્ણીએ રામજી મંદિરમાં રામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓની આરતી ઉતારી.[૧૪૧] પછી થોડી પળ રામ અને લક્ષ્મણની મૂર્તિઓ સામું દૃષ્ટિ સ્થિર કરીને જોઈ રહ્યા. બાવાજી તેમની આ ચેષ્ટા સમજી ન શક્યા. નીલકંઠ વર્ણી તેમની સામું જોઈ હસ્યા. પછી કહ્યું : "આ મૂર્તિઓ ભવિષ્યમાં અહીં થનારા ભવ્ય મંદિરમાં બિરાજશે."

બાવાજીને આ અગમ વાણીમાં રસ ન હતો. તેને તો મૂર્તિઓમાં પણ રસ ન હતો. તેને ફક્ત પોતાની આજીવિકા માટે આ મંદિર અને મંદિરની મિલકતમાં રસ હતો. એટલે તેણે નીલકંઠ વર્ણીને કાંઈ જવાબ આપ્યો નહિ. નીલકંઠ વર્ણીએ 'રામકૃષ્ણ ગોવિંદની' ધૂન બોલાવી. તેમના ભક્તિભાવથી ગામના લોકો રાજી થઈ ગયા. તેમણે તેમને કહ્યું : "બ્રહ્મચારીજી ! અહીં જ રહી પડો ને !"

આ સાંભળીને બાવાજીને ધ્રાસકો પડ્યો. તેણે તરત જ હિંદીમાં કહ્યું : "યે લડકા યાં રહીને શું કરશે ? અહીં તેની જરૂર નથી." ગુજરાતના મહાત્માઓ રુઆબ બતાવવો હોય ત્યારે તેમની આગવી હિંદીમાં બોલતા હોય છે.

નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : "અમે આવી નાની જગ્યામાં રહીએ એવા નથી. અમારે માટે તો અહીં મોટું ધામ થશે."

બાવાજીને આ સાંભળીને નિરાંત થઈ.

બીજે દિવસે સવારે નીલકંઠ વર્ણી બોચાસણથી નીકળી ગયા. તે જ વખતે નાનીબાઈએ કાશીદાસને રામજી મંદિરે મોકલ્યા. કાશીદાસ અહીં આવ્યા ત્યારે બાવાજીએ ખબર આપ્યા કે બ્રહ્મચારી વહેલી સવારે નીકળી ગયા છે.

કાશીદાસને આ સાંભળી દુઃખ થયું. તેઓ તરત જ ઘેર આવ્યા. અત્યંત આતુરતાપૂર્વક કાશીદાસની અને બ્રહ્મચારીની વાટ જોતાં બેઠેલાં નાનીબાએ કાશીદાસને એકલા જોઈ પૂછ્યું : "બ્રહ્મચારી આવે છે ને ?"

કાશીદાસે નિઃશ્વાસ નાખ્યો. તેમણે કહ્યું : "બા ! બ્રહ્મચારી તો વહેલી

---

૧૪૧. આ રામ અને લક્ષ્મણની પ્રસાદીની મૂર્તિઓની, જેમની નીલકંઠ વર્ણીએ આરતી ઉતારી હતી, તે બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ અર્થાત્ સ્વામિનારાયણ મંદિરમાં મધ્યખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમની બાજુમાં ઇચ્છારામ અને રઘુવીરજી મહારાજના નવા નામાભિધાન સાથે બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીએ સં. ૧૯૬૩માં પ્રતિષ્ઠા કરેલ છે.

સવારે નીકળી ગયા !''

નાનીબાને ફાળ પડી. આખી રાત બ્રહ્મચારીના વિચારમાં - તેમને વિવિધ ભોજન જમાડવાના, તેમની સેવા કરવાના સંકલ્પો સેવી તેમણે માંડ ઉષાનું અજવાળું જોયું, ત્યાં આ સમાચાર સાંભળ્યા ! તેમની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. કાશીદાસે તરત જ કહ્યું : ''બા ! તમે રડશો નહિ. હું બ્રહ્મચારીને ગમે ત્યાંથી શોધીને અહીં લાવીશ.''

પણ નાનીબાની ધીરજ ન રહી. નાનીબાએ કહ્યું : ''બેટા ! મારું અંતર કહે છે કે બ્રહ્મચારી ગયા નથી. મૂઆ બાવાએ તને ખોટું કહ્યું. તળાવે નાહવા ગયા હશે.'' એમ કહી તે કાશીદાસ સાથે ભાગોળે આવેલા તળાવે ગયાં.

અહીં બધું સૂમસામ હતું. તેમણે તળાવની ચારેકોર તપાસ કરી. તેમણે ઉત્તર તરફ ધૂળમાં પગલાં જોયાં. બ્રહ્મચારીનાં જ આ પગલાં, તેમાં સોળ ચિહ્નો જોયાં. નાનીબાને લાગ્યું કે જરૂર કોઈ મહાન ઈશ્વરાવતાર હોવા જોઈએ, નહિ તો ચરણમાં આ ચિહ્નો ક્યાંથી હોય ? તેમણે ફરી નિઃશ્વાસ નાખ્યો. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. બ્રહ્મચારીના ચરણની નિશાની પકડીને તે ઉત્તર તરફ ચાલવા લાગ્યાં.

કાશીદાસ નાનીબાની આ સ્થિતિ જોઈ મૂંઝાયા. તેઓ પણ થોડે સુધી નાનીબાની પાછળ પાછળ ચાલવા લાગ્યા. એમ ચાલતાં ચાલતાં તેઓ ઘણાં દૂર નીકળી ગયાં અને એકાએક બ્રહ્મચારીનાં ચરણોની છાપ અદૃશ્ય થઈ ગઈ ! નાનીબા તે જ સ્થાને બેસી પડ્યાં. તેમનામાં આગળ ચાલવાની શક્તિ ના રહી.

કાશીદાસે કહ્યું : ''બા ! તમે ધીરજ રાખો. તમને બ્રહ્મચારીએ નથી કહ્યું કે અમે અહીં ફરી આવીશું ? આ ગામ અમને બહુ જ ગમે છે ?''

''ભાઈ ! એ તો મહાપુરુષના વાયદા. આપણને ધીરજ દેવા કહે પણ તેઓ ક્યાંય બંધાય તેવા ન હોય.''

પણ કાશીદાસનું અંતર કહેતું હતું કે બ્રહ્મચારી જરૂર પાછા આવશે. તેણે તરત જ કહ્યું : ''પણ મા ! મને ખાતરી છે, બ્રહ્મચારી આવશે જ.''

એટલામાં નાનીબાને કાંઈ અવાજ સંભળાયો. તેમણે આજુબાજુ જોયું પણ ત્યાં કોઈ હતું નહિ. તેમણે અંતર સન્મુખ જોયું. તેમને લાગ્યું કે કોઈ તેમને સાદ કરતું હતું, કહેતું હતું : ''મા ! મૂંઝાશો નહિ. બોચાસણમાં આવીશ અને સ્થિર થઈને રહીશ.''

નાનીબાને લાગ્યું કે આ અવાજ બ્રહ્મચારીનો છે. તેમને શાંતિ થઈ.

તેમણે કાશીદાસને કહ્યું : "કાશીદાસ ! હવે ઘેર ચાલો. બ્રહ્મચારી કહી ગયા કે તેઓ ફરી આવશે અને અહીં જ રહેશે."

કાશીદાસને આ સાંભળી આનંદ થયો. તેમણે નીલકંઠ વર્ણીના ચરણથી અંકિત થયેલી સોળ ચિહ્નયુક્ત ચરણારવિંદની ધૂળ વસ્ત્રમાં બાંધી લીધી. બંને ગામ તરફ આવ્યાં.[૧૪૨]

✧

વર્ણીરાટ બોચાસણથી નીકળી દેવાણ ગયા. સીધા અહીંના નૃપ બહાદુરસિંહના દરબારમાં ગયા. દરબાર જાણે પૂર્વના ભક્ત હોય તેમ વર્ણી તેમની પાસે પહોંચી ગયા અને તે કાંઈ પણ કહે તે પહેલાં જ તેમને પૂછ્યું : "આ રાજ્ય તમને કોણે આપ્યું છે ?"

ક્ષત્રિયની જાત એક અજાણ્યા વર્ણીના આ પ્રશ્નથી સહેજે છેડાઈ જાય. પણ બહાદુરસિંહમાં ભક્તિના સંસ્કાર હતા. તે તરત જ ઊભા થઈ ગયા અને હાથ જોડીને તેમણે કહ્યું : "મહારાજ ! આપનું આપેલું રાજ્ય હું ભોગવું છું."

વર્ણી તેની સમજણથી રાજી થયા. પછી તેને ધીરેથી કહ્યું : "અમારું આપેલું રાજ્ય છે તો પ્રભુથી ડરીને રાજ્ય કરજો. પ્રજાને પુત્રની જેમ પાળજો, ધર્મ પાળજો અને પળાવજો."

વર્ણીના આ ઉપદેશથી બહાદુરસિંહજી રાજી થયા. તેમને હાથ જોડ્યા અને કહ્યું : "આપનું વચન બરોબર પાળીશ."

તેની મુમુક્ષુતાથી વર્ણીએ તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન પરમાત્મા પોતે આપે તો જ પ્રાપ્ત થાય તેવું છે. માયાથી આવૃત થયેલા જીવમાંથી માયાનું આવરણ ટાળી, શુદ્ધ જીવાત્મામાં પોતાના સ્વરૂપનું જ્ઞાન પોતે જ પ્રેરે છે, ત્યારે જ જીવાત્મા પરમાત્માને ઓળખી શકે છે. બહાદુરસિંહજી નીલકંઠ વર્ણીના પરમાત્મસ્વરૂપને પિછાણીને કૃતકૃત્ય થઈ ગયા.

નીલકંઠ વર્ણીએ હાથ જોડી કહ્યું : "અમો અહીં રાત્રિ રહેશું અને એક વખત ભોજન કરીશું."

બહાદુરસિંહજીએ જાણ્યું કે વર્ણીને આગ્રહ કરવો વ્યર્થ છે. મહાન પુરુષના આદર્શો, વિચારો મહાન હોય છે. લોકકલ્યાણના કાર્ય અર્થે તેઓ પ્રગટ થાય છે. તેમના કાર્યમાં બાધા નાખવાનું તેમને યોગ્ય ન લાગ્યું. તેને તો અચાનક આ

૧૪૨. અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : સંપાદક, સંશોધક, પ્રકાશક : શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ, સને ૧૯૭૩, સં. ૨૦૨૯, પૃ. ૧૧, ૧૨, ૧૩ ના આધારે.

મહાન લાભ મળી ગયો તેનો જ આનંદ હતો.

વર્ણીને ભાવતાં ભોજન જમાડ્યાં. સૂવા માટે પલંગ આપ્યો. એમ અનેક રીતે સેવાનો લાભ લીધો. પરંતુ વર્ણી નિઃસ્પૃહ હતા. તેમને પલંગ ખપતો ન હતો. ભોજનના સ્વાદમાં રુચિ ન હતી. રુચિ હતી ફક્ત પરમાત્મા સંબંધી વાતો કરવાની, જીવના હૈયામાંથી જગત કાઢી પરમાત્મા પ્રગટ કરવાની.

ખંભાતમાં હરિદાસના અખાડામાં

બીજે દિવસે બ્રાહ્મમુહૂર્ત પહેલાં કોઈ ઊઠ્યું ન હતું ત્યારે વર્ણી દેવાણથી નીકળી ગયા. તેમણે સીધી ખંભાતની વાટ પકડી. ખંભાત આવીને ત્યાં હરિદાસના અખાડામાં ઉતારો કર્યો. સવારે નારેશ્વર સરોવરમાં સ્નાન કર્યું અને અખાડામાં આવી નિત્યકર્મ કર્યું. હરિદાસ અજાચક વ્રત પાળતા. તે દિવસે તેમને અન્ન મળ્યું ન હતું એટલે ઉપવાસ હતો. વર્ણીએ પણ તે દિવસે ઉપવાસ કર્યો. રાત્રિ ત્યાં રહ્યા અને વહેલી સવારે નીકળી નગરા પધાર્યા. અહીં બ્રહ્માજીની મૂર્તિનાં દર્શન કરી આ.સં. ૧૮૫૫ ફાગણ સુદ પૂનમે બુધેજ ગયા.[૧૪૩]

બુધેજમાં

અહીં તળાવમાં સ્નાન કરી ત્યાં જ નિત્યકર્મ કર્યું. એ વખતે એક ભાવિક ભક્ત ત્યાં આવ્યા. નીલકંઠ વર્ણીને જોઈને તેને અંતરમાં ભાવ થયો. પાસે બીજું તો કાંઈ હતું નહિ પણ ઘઉંનો પોંક હતો તે તેણે તેમને આપ્યો. વર્ણીએ વિષ્ણુને ધરાવી થોડો અંગીકાર કર્યો. બે દિવસના ઉપવાસનાં પારણાં અહીં કર્યાં. પછી

---

૧૪૩. શ્રી નીલકંઠ વર્ણી ખંભાત થઈ, નારેશ્વર જઈ ઉત્તર દિશા તરફ ચાલતાં ચાલતાં જેતલપુર ગામમાં પધાર્યા. ત્યાં ગઢીના દરવાજા પાસે વાવ છે તેમાં સ્નાન કરી તેના કાંઠા ઉપર નિત્યવિધિ કરવા લાગ્યા. તે ગામમાં ગુરુ રામાનંદ સ્વામીનું શિષ્યમંડળ હતું. તેમાં મુખ્ય ગંગામા હતાં. તેમણે નીલકંઠ વર્ણીને જોયા અને તેમની મનની વૃત્તિઓ ખેંચાઈ. તેમણે વિચાર કર્યો કે આપણું મન ગુરુ રામાનંદ સ્વામી વિના બીજે ક્યાં ચોંટે નહિ છતાં આ બ્રહ્મચારીમાં આપણું મન તણાયું માટે આ કોઈ મહાસમર્થ યોગી છે તેમ માની વર્ણી પાસે જઈ, તેમને નમસ્કાર કરી પોતાને ઘેર લઈ જઈ જમાડ્યા. વર્ણી ત્યાં બે દિવસ રોકાઈ અશ્લાલી પધાર્યા.
(શ્રી સ્વામિનારાયણ : જેતલપુર યજ્ઞ મહોત્સવ વિશેષાંક : લેખક : મહંત શાસ્ત્રી નરનારાયણદાસજી, જેતલપુર : પૃ. ૨૬).
ઉપરની હકીકત બીજા કોઈ ગ્રંથમાં મળતી નથી. — લેખક

કૂવામાંથી જળ કાઢી પીધું. ગામના લોકોને ભાવિક જાણી પોતે ગામમાં પધાર્યા.

બુધેજનાં આજે પરમ ભાગ્ય હતાં. જીવોનાં કલ્યાણ કરવા અક્ષરાધિપતિ ભગવાન સ્વયં વર્ણીસ્વરૂપે પધાર્યા હતા. પણ જીવોને એવી કાંઈ ખેવના ન હતી. તે તો સવારથી સાંજ સુધી કાં પેટવડિયા રહી મજૂરી કરતા, કાં ખેતરમાં ખેડતા, કાં વેપાર કરતા. સૌની દૃષ્ટિ દેહગુજરાન ઉપર જ હતી. કલ્યાણની વાતમાં તેમને સૂઝ પડતી ન હતી. ગામના ગોંદરે જઈ ગાયોના ધણને ઘાસ નીરી આવવું, કાં મહાદેવજીના દેરે જઈ જળ ચડાવી આવવું કે રામજી મંદિરમાં જઈ સંધ્યાટાણે આરતીમાં ઝાલર વગાડવી - તેમાં જ તેમણે અધ્યાત્મનો સાર સમજી લીધો હતો. અજ્ઞાનની આ પરાકાષ્ઠા હતી. આ અજ્ઞાનપાશમાંથી લોકોને છોડાવવા માટે વર્ણીનું વિચરણ હતું. તેઓ સીધા ત્યાંના દરબાર રાઠોડ ખોડાભાઈના દરબારમાં ગયા.

તે વખતે ખોડાભાઈ ડેલીમાં બેસી નામું લખતા હતા. વર્ણીએ તેમને સાદ કર્યો પણ તેમણે જોયું નહિ. વર્ણીએ ફરી પૂછ્યું : "અહીં સદાવ્રત ક્યાં મળે છે ?"

તેમણે લખતાં લખતાં જ જવાબ આપી દીધો : "મહારાજ ! સામે ઘેર જાઓ, ત્યાં સદાવ્રત મળશે."

નીલકંઠ વર્ણી ત્યાં ગયા અને 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'ની આહ્‌લેક જગાડી. પણ દાસી ઘરમાં કામમાં હતી. તેણે અંદરથી જ જવાબ દીધો : "બાવાજી જરા ખમો, આ સામેની ઓસરીમાં આંટા દ્યો. એટલામાં પરવારીને તમને આપું છું."

'નારાયણ નારાયણ, હરિ હરિ' કરતા નીલકંઠ વર્ણી ઓસરીમાં આંટા દેવા લાગ્યા. સાત આંટા માર્યા પછી કડું પકડીને ઊભા રહ્યા. એટલામાં દાસી આવી. તેણે વર્ણીને જુવાર આપી. વર્ણી જુવાર જોઈ બોલ્યા : "આનું શું કરવું ? કાંઈક સીધું આપો તો રસોઈ કરી જમીએ."

દાસીને નીલકંઠ વર્ણીની આ વરણાગી સાલી. તેણે ઊંચે સાદે કહ્યું : "એ બાવાજી ! એમ સૌને સીધું દેવા બેસીએ તો ઊઠી જઈએ. તમારા જેવા તો કંઈક અહીં આવે છે."

વર્ણી હસ્યા. તેમને લાગ્યું કે બધાને ભેખમાં બાવા જ જોવાની દૃષ્ટિ છે. ભગવાન જોવાની દૃષ્ટિ કોઈક પાસે જ છે. તેમણે કહ્યું : "મા ! અમારા જેવા તો અમે એક જ છીએ. બીજા ભલે આવતા હોય પણ અમે સૌથી ન્યારા છીએ."

દાસીને આ માથાકૂટ પસંદ પડી નહિ. તેણે તરત જ કહ્યું : "એ

મહારાજ ! બીજા આવે છે તે પાડા જેવા જાડા, ઊંચા ને માતેલા સાંઢ જેવા હોય છે. ભેંસ ભડકી જાય એવાં ટીલાં-ટપકાં કરે છે. હાથમાં ચીપિયા રાખે છે અને મુખે સરસ્વતી ભાખે છે. દોરાધાગા કરે છે અને ભોળાને ભરમાવે છે. એમનામાં ને તમારામાં ઝાઝો ફેર નથી. માટે લેવી હોય તો આ લ્યો જુવાર, નહિ તો હાલવા માડો.''

વર્ણીને લાગ્યું કે ભેખનો ભાવ ભેખે જ ઘટાડ્યો છે. ભક્તિનો ભાવ નહિ, વૈરાગ્યની છાંટ નહિ અને જ્ઞાનનો અંશ નહિ. પંચવિષયની લોલુપતામાં રાચતો ભારતનો આ સમાજ ભારતીય ધર્મ અને સંસ્કૃતિને કલંકરૂપ છે. ઈશ્વરપ્રાપ્તિની સાધના માટે સંસારનો જેમણે ત્યાગ કર્યો છે તે ધ્યેય તેઓ ભૂલી ગયા હતા. હવે ફક્ત ઉદરપોષણને મુખ્ય ધ્યેય બનાવી યેન કેન પ્રકારેણ લોકો પાસેથી વસ્તુઓ તેઓ પડાવતા હતા. તેમની જમાતને જોઈને જ લોકો નાસી જતા.

વર્ણી ત્યાંથી નીકળી ગયા. રાજાનું અને પ્રજાનું કલ્યાણ કરવા જુવારના થોડા દાણા મુખમાં મૂક્યા અને પછી ત્યાંથી ગામ બહાર ગયા. અહીં પ્રથમ જે કૂવાનું પાણી પીધું હતું ત્યાં આવી પોતે બિરાજ્યા. સામે શમી વૃક્ષ ઉપર પારેવાં બેઠાં હતાં. તેનાં તરફ પોતે દૃષ્ટિ કરી. પોતાને સદાવ્રતમાં મળેલી જુવાર તે પારેવાંઓ માટે વર્ણીએ નાખી દીધી. પારેવાં તરત જ ઝાડ ઉપરથી ઊતરી ઘૂ ઘૂ કરતાં જુવાર ચણતાં જાય અને સ્થિર થઈને વર્ણી સામું જોતાં જાય. વર્ણીની કરુણામય દૃષ્ટિમાં એ ભાવ હતો કે તમારું કલ્યાણ આ સંબંધથી જરૂર થશે.

ગામ બહાર નીકળીને પાણી પીવા માટે કૂવા ઉપર કોસ ચાલતો હતો ત્યાં ગયા. એ વખતે કોસ હાંકનારે કોસ બહાર આવ્યો એટલે ટેવ મુજબ 'આયો રામ' એમ કહ્યું. આ સાંભળી વર્ણીરાટ બોલ્યા : ''રામ તો આવ્યા છે પણ ઓળખાય તો કામ થઈ જાય.'' પછી કમંડળ ઝાલીને કૂવામાં હાથ લંબાવતા પાણી ઉપર આવ્યું. નીલકંઠ વર્ણીએ કમંડળ ભરી લીધું.

✧

નીલકંઠ મહાપ્રભુ બુધેજથી નીકળીને સીધા ગોરાડ પધાર્યા. અહીંથી ગામની દક્ષિણ દિશામાં એક તળાવ છે. તેની પાસે એક પીપળો છે. તે પીપળાની નીચે મહાપ્રભુ બિરાજ્યા. તેમને નદી, તળાવ, વૃક્ષ, વેલી - બધું ખૂબ પસંદ હતું. પરમેશ્વરે રચેલાં આશ્રયનાં આ અનન્ય સ્થાનો માનવીને માટે જીવન જીવવાનો ઉપદેશ આપે છે. વૃક્ષોની પરમાર્થતા પાસે માનવી જડ લાગે છે.

સામેની વાડીમાં બીજલ કોળી કોસ હાંકતો હતો. દુર્ભિક્ષ કાળને લઈને

કૂવાનાં પાણી ઊંડાં ગયાં હતાં. બળદની કાયામાં કાઠા નીકળ્યા હતા. નીલકંઠ વર્ણી આ બધું જોતા હતા. પોતાની આજ્ઞાથી કાળ તેના કાર્યમાં મગ્ન જ હતો. તેઓ વાડીમાં આવ્યા. તેમને પાણી પીવું હતું એટલે કૂવા પાસે ગયા. બીજલે કહ્યું : "બાવાજી ! કોસ હમણાં પાણી ઠાલવશે એટલે પીજો."

વર્ણીએ કહ્યું : "અમે કોસનું પાણી પીતા નથી."

બીજલને આશ્ચર્ય થયું. તેને આ કોઈ જુદી જમાતના લાગ્યા. તેણે કહ્યું : "બાવાજી ! કૂવામાં પાણી તો અઢાર હાથ ઊંડું છે. કાળના ઓળા જમીન ઉપર અને નદી, તળાવ ને કૂવા ઉપર પણ પડ્યા છે."

વર્ણીએ કહ્યું : "રાજા કાળનું કારણ છે. તેનું નિવારણ થઈ શકે તેમ નથી. સૂકા પછવાડે લીલું પણ બળશે."

બીજલને આ વાત સાચી લાગી. તેણે કોસ ઊભો રાખ્યો. વર્ણી પાસે આવ્યા અને હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! તમે પાણી શી રીતે પીશો ? મારી પાસે દોરડું નથી, નહિ તો પાણી સીંચી દેત."

નીલકંઠ વર્ણી તેનો ભાવ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "અમારે દોરડાની જરૂર નહિ પડે." એમ કહી પોતે કૂવા પાસે ગયા. તુંબડી ધરી અને કૂવામાંથી પાણી ઊંચું આવ્યું. વર્ણીએ તુંબડી ભરી લીધી.

બીજલ આ જોઈ રહ્યો. તેણે બે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ પાણી હવે આટલે જ રહેવા દેજો."

વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "કાળ કાળનું કામ કરશે જ. આ તો અમારી સેવા કરવા વરુણદેવ પોતે આવ્યા હતા." એટલું કહીને વર્ણી ત્યાંથી ચાલવા લાગ્યા. બીજલે તેમને રોકવા ઘણો આગ્રહ કર્યો પણ નીલકંઠ વર્ણીને ઉતાવળ હતી.

બીજલને લાગ્યું કે આ મહાપુરુષ જો આ ગામમાં રોકાય તો ગામનો દિનમાન સુધરે. તે તરત જ દોડ્યો. ગામમાં જઈને બધાંને વાત કરી કે મારી વાડીમાં એક મહાત્મા આવ્યા છે. કૂવાનાં પાણી તેના માટે ઊંચાં આવ્યાં. આપણે બધા જઈ તેમને રોકીએ. પણ શામજી પટેલ, પ્રભુદાસ અને ક્ષત્રિય કાંધોજી એટલા જ તેની સાથે આવ્યા. બીજાને તો થયું કે એવા તો કાંઈક ધુતારા ફરતા હોય છે. આ ત્રણે વર્ણીની પાછળ ગયા. પણ વર્ણી તો દૂર દૂર પહોંચી ગયા હતા. સામેથી તેમણે એક ભરવાડને આવતો જોયો. તેને ઊભો રાખીને પૂછ્યું : "અલ્યા ! કોઈ તને સામું મળ્યું ?"

ભરવાડે ડાંગ પછાડતાં કહ્યું : "હા, એક તપસી ધરતીથી બે હાથ અદ્ધર

હાલ્યા જાય છે. વીજળીના જેવો તેમનો વેગ છે. તમારાથી પહોંચાશે નહિ." આ સાંભળી એ ત્રણે નિરાશ થઈને પાછા વળ્યા.

✧

વર્ણી ઘણે આઘે પહોંચી ગયા હતા. ત્યાં સામેથી તેમને અદેસિંહ દરબાર મળ્યા. તેમણે વર્ણીનું આ ચમત્કારી સ્વરૂપ જોઈ તેમને ઊભા રાખ્યા પછી હાથ જોડી કહ્યું : "બ્રહ્મચારી ! ચાલો ગામમાં. આજનો દિવસ અહીં રોકાઈને જાઓ. અમારા ગામને પાવન કરો."

નીલકંઠ વર્ણીએ તેમને કહ્યું : "ભાઈ ! મારે ઉતાવળ છે. ધોલેરા પહોંચવું છે તો મને મારગ બતાવો."

અદેસિંહને થયું કે આ બાવા રોકાય તેવા નથી. પોતે રાજા હતો તેથી જોગીહઠ જાણતો હતો. તેણે તરત જ સરળતાથી કહ્યું : "મહારાજ ! અહીંથી રુણીગામ જજો. પછી વડગામ આવશે. ત્યાંથી શિકોતરને આરેથી ઊતરીને ધોલેરા જવાશે. આ સીધો રસ્તો છે."

વર્ણીએ તેના ચીંધ્યા પ્રમાણે ચાલવા માંડ્યું. રુણીગામ મૂકીને વર્ણી વડગામ આવ્યા. વડગામમાં નીલકંઠ વર્ણી તળાવ જોઈ તેની પાસેના વડની નીચે બિરાજ્યા. તળાવ તો સુકાયેલું હતું, પણ થોડે છેટે એક કૂવો હતો તેમાં પાણી હતું. તે સમયે ગામની પનિહારીઓ ત્યાં પાણી ભરવા આવી હતી. તેમણે દૂરથી વડ નીચે બિરાજેલા વર્ણીની મૂર્તિ નિહાળી. સ્ત્રીઓનાં અંતર કોમળ હોય છે. એટલે આ વર્ણીની કૃશ કાયા છતાં તેજસ્વી મુખારવિંદ જોઈને અંતરમાં ભાવોર્મિઓ જાગ્રત થઈ ગઈ. પાણી ભરવાનું પડ્યું રહ્યું અને વર્ણી તરફ અનિમિષ દૃષ્ટિથી સૌ જોવા લાગી.

પૂર્વની ગોપીઓ જાણી વર્ણીએ તેમને પોતાના સ્વરૂપમાં અદ્‌ભુત ભાવ બતાવ્યો. કોઈએ શૃંગારના સુંદર ખેલ ખેલતા સ્વરૂપમાં તેમને જોયા, તો કોઈએ ચીરલીલા કરતા કૃષ્ણ સ્વરૂપે જોયા. વળી, વિરહથી કામાતુર થયેલી ગોપી પ્રત્યે કરુણાદૃષ્ટિથી દેખતા મદન મુરારિ સ્વરૂપે કોઈએ જોયા, તો કોઈએ તેમની આંખોમાં કંસના વધના આવેશની ક્રૂરતા જોઈ. જ્યારે કોઈએ કંસને ચીરી નાખતા ભયંકર નૃસિંહ સ્વરૂપે પણ તેમને જોયા, કોઈએ કેવળ કોપીન અને મૃગછાલાનાં આછાં વસ્ત્રમાં અર્ધ ઢંકાયેલી તેમની કાયામાં વિરક્તિના ભાવ પણ જોયા, ત્યારે કોઈએ તેમના રોમરોમમાં બ્રહ્માંડો જોયાં.

આ બધા ભાવો જોઈ વિહ્‌વળ થયેલી તે નારીઓ લજ્જા મૂકી વડ નીચે

વર્ણીને ભેટવા દોડી. પણ ત્યાં તો વર્ણી અદૃશ્ય થઈ ગયા ! નિરાશ થઈને જે પૃથ્વી ઉપર વર્ણી બિરાજ્યા હતા એ પૃથ્વી ઉપર તે આળોટવા લાગી. વર્ણીના અંગને સ્પર્શેલી ધૂલિનો સ્પર્શ થતાં જ તેમની વિરહવેદના શાંત થઈ ગઈ અને વર્ણીના વિચારમાં સ્થિર બની પૂર્વવત્ પોતાની ક્રિયામાં પ્રવૃત્ત થઈ ગઈ.

નીલકંઠ મહાપ્રભુ ત્યાંથી ખંભાતની ખાડીને તીરે ધનકા તીર્થમાં પધાર્યા. અહીં પર્વણી પ્રસંગે માનવમેદની ઊભરાણી હતી. ઘણાં વર્ષે આવો પ્રસંગ આવતો હતો. તેથી લોકોને પર્વણીનો મહિમા હતો. એ તીર્થને પાવન કરી વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા. તેમને મીઠું પાણી ખપતું હતું. તેથી તેઓ ઉત્તરમાં રામસર તળાવડીએ પધાર્યા. અહીં પાસેના કૂવામાંથી તેમણે પાણી લીધું અને ઠાકોરજીને ધરાવીને પીધું.

પછી ત્યાંથી શિકોતરને આરે જવા નીકળ્યા. આરો થોડો દૂર રહ્યો ત્યાં લાખો કોળી મળ્યો. નીલકંઠ વર્ણીએ તેનો વરવો વેશ, હાથમાં ઝોળી જોઈ પૂછ્યું : "ભાઈ ! તું કોણ છે અને ઝોળીમાં શું છે ?"

લાખો દિલનો ભોળો હતો. તેણે વર્ણીને નમસ્કાર કર્યા અને કહ્યું : "હું જાતનો કોળી છું અને મારી ઝોળીમાં મેં માછલાં પકડ્યાં છે."

આ સાંભળી વર્ણીના દિલમાં અનુકંપા જાગી. તેમનું શરીર ધ્રૂજી ગયું. તેમણે ધીરેથી કહ્યું : "ભાઈ ! કોળી તો ઊતરતી જાતિમાં શ્રેષ્ઠ ગણાય છે. અને તેમાં ઘણાં ભક્તો પણ થયા છે." એટલું કહી તેમણે ઝોળી તરફ આંગળી ચીંધીને કહ્યું : "આટલાં માછલાં તેં કેમ માર્યાં ? આવાં પાપકર્મમાંથી તું ક્યારે છૂટીશ ?"

લાખાને વર્ણીના આ એક એક શબ્દ સાંભળી અંતરમાં ધ્રુજારી વછૂટવા લાગી. તેની આંખો સ્થિર થઈ ગઈ. હૈયું ધબકવા લાગ્યું. ત્યાં વર્ણીના શબ્દો તેને સંભળાયા : "ભાઈ ! ભગવાન તને નહિ પૂછે કે આટલા જીવ તેં કેમ માર્યા ? તારે માથેય મોત તો છે ને ? જીવવા માટે ફાંફાં મારવા છતાં તું તારી જાતને જિવાડી શકીશ નહિ, તો પછી જીવતાને મારી નાખવાનો તને શો અધિકાર છે ?"

વર્ણીના આ શબ્દોથી લાખાનું અંતઃકરણ ઘાયલ થઈ ગયું. તેની આંખોમાંથી આંસુની ધારા ચાલવા લાગી. તેણે હાથ જોડી કહ્યું : "જોગીરાજ ! આ કારમા દુકાળમા અનાજનાં ફાંફા પડ્યાં એટલે આ ધંધો કરવો પડ્યો છે. પાપ તો છે, પણ લાચારીના માર્યા આવાં કામ કરવા પડે છે."

વર્ણી તેનું શુદ્ધ અંતઃકરણ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "લાખા ! વાણિયા-બ્રાહ્મણને અન્ન નથી મળતું ? એ ક્યાં ભૂખે મરે છે ? તેમ તું પણ જો

અનાજ ખાવાનો નિર્ણય કરીશ, તો ભગવાન જરૂર દાણા પૂરશે. તારા ઘરમાં દુકાળ નહિ દેખાય.''

પછી વર્ણીરાટે લાખા કોળીની ઝોળીને સ્પર્શ કર્યો અને તેમાંનાં માછલાં સજીવન થઈ ગયાં ! નીલકંઠ વર્ણીએ તે માછલાં નદીમાં નખાવી દીધાં. લાખાનું અંતર હળવું થઈ ગયું. તેમણે વર્ણીનો ચમત્કાર જોયો. તેને લાગ્યું કે આ જ કિરતાર છે. તેણે હાથ જોડ્યા અને કહ્યું : ''મહારાજ ! આજ તમે મને ખરો માણસ બનાવ્યો. માનવીના ધર્મ હું ચૂક્યો હતો.''

વર્ણી તેનો ભાવ જોઈ રાજી થયા. વર્ણીએ કહ્યું : ''લાખા ! મનુષ્યને વારનાર મળે છે પણ ઉગારનાર નથી મળતો. આજ તારાં ભાગ્ય જાગ્યાં.''

લાખો કૃતકૃત્ય થઈ ગયો. તેણે હાથ જોડી કહ્યું : ''આજની રાત વડગામમાં રહી જાઓ. સંધ્યાટાણું થયું છે અને આગળ રસ્તો વેરાન છે. વળી, મહી અને સાબરમતીનો જ્યાં સંગમ થાય છે ત્યાં વાંસપુર પાણી રહે છે, એટલે ઊતરી નહિ શકાય; અને સામે પાર ઝાડીમાં તો વાઘ-દીપડાનો ભય પણ છે.''

વર્ણી આ બધું સાંભળી રહ્યા. લાખો કોળી બોલતો જ રહ્યો : ''મહારાજ ! રોકાઈ જાઓ, રસ્તો વિકટ છે.''

વર્ણીએ તેને કહ્યું : ''લાખા ! જેમ રસ્તો વધારે વિકટ, જેમ નદીમાં પાણી વધુ ઊંડાં, જેમ વાઘ-દીપડાનો વધુ ભય તેમ મને ત્યાં જવાનું વધુ મન થાય છે. મારાં જ્યાં પગલાં પડે છે ત્યાંથી ભય નાસી જાય છે.''

વર્ણીની ભાષામાં મર્મ હતો. પણ લાખાને તે સમજવાની બુદ્ધિ ન હતી. તેમણે લાખાને કહ્યું : ''લાખા ! તારે જોવું હોય તો મારી સાથે ચાલ. હું કેવી રીતે નદી ઊતરું છું તે તું જોઈ લે.'' એમ કહી વર્ણી લાખાને શિકોતરના આરે લઈ ગયા.

સૂર્યાસ્ત થઈ ગયો હતો. બધે સૂમસામ હતું. ફક્ત નદીઓનાં ઘૂઘવતાં નીરનો અવાજ હતો. તેમાં વળી ભરતીની શરૂઆત થઈ ગઈ હતી. એટલે સંગમ વધુ ભયાનક લાગતો હતો. લાખાને ફરી વિચાર આવ્યો કે આ તપસીને જવા ન દેવા. તેણે કહ્યું : ''મહારાજ ! આ સંગમ પાર કરવો કઠણ છે. ભલભલા તરવૈયાની છાતી બેસી જાય તેવી ભમરીઓ ફરે છે, માટે કાલે સવારે ભરતી ઊતરે પછી ચાલજો. કાલે તો હું પણ તમને ધોલેરા સુધી બીજે રસ્તે મૂકવા આવીશ.''

વર્ણીએ તરત જ કહ્યું : ''લાખા ! આ પંચભૂત છે તે ભગવાનનું આપેલું

જોર કરે છે. વાઘ-દીપડામાં પણ તેમનું આપેલું બળ છે. માટે ભગવાન જેનું રક્ષણ કરે છે, તેને આ બધાં શું કરવાનાં છે ?"

લાખાને લાગ્યું કે આ તપસી માનશે નહિ, એટલે તેણે કહ્યું : "મહારાજ ! હું કેમ માનું કે તમે પાર ઊતરી ગયા છો ?"

વર્ણીએ કહ્યું : "હું મારી મૃગછાલા વીંઝીશ એટલે તું જાણજે કે હું પાર ઊતરી ગયો."

અનંતને પાર ઉતારનાર પરમાત્માના પાર ઊતરવાની પ્રતીતિ લાખાને કરવી હતી. નીલકંઠ વર્ણીને હસવું આવતું હતું. છતાં લાખાને ચિંતા હતી તેથી તેમણે કહ્યું : "હું મારી મૃગછાલા બતાવીશ."

હિંસાનો માર્ગ છોડાવનાર, માછલાંને સજીવન કરનાર આ બ્રહ્મચારી પ્રત્યે લાખાને ભાવ થઈ ગયો. તેથી જ તેને બ્રહ્મચારીના દેહની કાળજી હતી.

લાખાને આશીર્વાદ આપી વર્ણી ચાલ્યા. તેમની ચાલ ઉતાવળી હતી. લાખાની દૃષ્ટિ ઠરે ન ઠરે ત્યાં તો વર્ણીનાં પગલાં ઊપડી જતાં હતાં. પાણી ઉપર વર્ણી ચાલ્યા જતા હતા. લાખાએ તે જોયું. અંધારામાં પણ તેજનો લિસોટો તેને ઠેઠ સુધી દેખાયો. સામે પારથી તેણે મૃગછાલા ઊંચી-નીચી થતી જોઈ. તેને પ્રતીતિ થઈ કે વર્ણી પહોંચી ગયા. પરંતુ અંતરમાં દુઃખ પણ થયું કે બ્રહ્મચારી તેને છોડીને ચાલ્યા ગયા. શૂન્યમનસ્ક બની તે ઘર તરફ ચાલવા લાગ્યો.

લાખાએ ગામમાં જઈ આ બ્રહ્મચારીની વાત સૌને કરી. બ્રહ્મચારીની વાત કરતાં તેને આનંદ થયો. જે જે તેને મળતા તેમને તે આ વાત કરવા લાગ્યો. ક્ષત્રિય જીભાઈ, ભીમજીભાઈ તથા બારોટ મૂળજી, લાખાની વાત સાંભળી વિસ્મિત થયા. તેમનાં અંતરમાં પ્રકાશ થયો. તેમને લાગ્યું કે જરૂર કોઈ વિભૂતિ પ્રકાશ પાથરીને તેમના ગામના પાદરથી ચાલી ગઈ છે. ગામમાં વાત વહેતી થઈ ગઈ. સંસ્કારીઓની વૃત્તિ ખેંચાણી. બીજાઓએ શૂન્યમને વાત સાંભળી અને તરત જ પડતી મેલી.



ઉદ્‌ગીથ ૧૫

સૌરાષ્ટ્રના ભાવભીના પ્રદેશમાં

(આ.સં. ૧૮૫૫-૧૮૫૬, ઈ.સ. ૧૭૯૯)

વર્ણી ધોલેરાને માર્ગે ચડી ગયા. પીપડી અને ગાંફ થઈને આગળ ચાલ્યા. ત્યાં રસ્તામાં ભડિયાદ આવ્યું. ત્યાં વિપ્ર ગોવિંદરામ વ્યાસને ઘેર દૂધ અને થૂલી જમ્યા. પછી ત્યાંથી ચાલ્યા અને ધોલેરા પહોંચી ગયા.

અહીં ખોડેશ્વર મહાદેવમાં ઊતર્યા. વર્ણીનું અદ્‌ભુત સ્વરૂપ જોઈ ઘણા દૈવી જીવો ત્યાં આવ્યા. તેમનાં દર્શન કર્યાં. વર્ણીન્દ્ર પ્રભુને જોઈને એક ક્ષત્રિય ભક્તનું અંતર દ્રવી ગયું. કિશોર અવસ્થા, તેજસ્વી સ્વરૂપ, તપથી કૃશ થયેલી કાયા ! તેને થયું : દૂર દેશના વાસી આ તપસ્વી માતા-પિતાથી કેમ છૂટા પડ્યા હશે ? તેમણે તેમને હાથ જોડ્યા અને કહ્યું : "બ્રહ્મચારી ! ગામમાં આવશો ?"

આવા મુમુક્ષુઓને લક્ષમાં રાખીને જ નીલકંઠ વર્ણી ગામોગામ વિચરણ કરતા હતા. તેમની દૃષ્ટિમાં આ ક્ષત્રિય ભક્ત હતા. તેથી તેમણે તરત જ તેમનું આમંત્રણ સ્વીકાર્યું, પણ કહ્યું : "ગામમાં ચોરામાં આવીશું."

ક્ષત્રિય ભક્ત આટલાથી પણ ખૂબ રાજી થયા. વર્ણીને ચોરામાં બેસારી પોતે પોતાના ઘેરથી તેમને માટે જમવાનું લઈ આવ્યા. વર્ણી જમ્યા અને ક્ષત્રિય ભક્તના અંતરમાં ટાઢક વળી.

ધોલેરાથી નીકળી નીલકંઠ મહાપ્રભુ ગોરાસુ પધાર્યા. અહીં ગામના તળાવની પશ્ચિમે ખોડિયાર માતાનું મંદિર છે ત્યાં બિરાજ્યા. મંદિરનો મહંત ગોંસાઈ સેવાગર મુમુક્ષુ હતો. તેને આ કિશોર તપસ્વી અલૌકિક જણાયા. તેને તેનાં ઇન્દ્રિયો, અંતઃકરણ સત્ત્વમય થતાં લાગ્યાં. આ તપસ્વીની અસાધારણતાનો તેને અનુભવ થયો. તેણે વર્ણીને મંદિરમાં રાખ્યા. સીધું આપ્યું. પરંતુ વર્ણીએ ફક્ત બાજરાનો લોટ જ લીધો. તેમાંથી રોટલો બનાવ્યો. ગોંસાઈએ ચોખ્ખી છાશ આપી. રોટલા અને છાશનું નૈવેદ્ય ઠાકોરજીને ધરાવીને પોતે જમ્યા. એક રાત

ત્યાં રહ્યા. સેવાગરની મુમુક્ષુતા જોઈ તેને મોક્ષની વાત કરી. વર્ણીની વાતે તેનું અંતરતલ જગાડી દીધું. નિર્ગુણ પુરુષના નિર્ગુણ શબ્દો ભૌતિક આકાશમાં કદી લીન થતા નથી. ઠેઠ અંતરના ઊંડાણ સુધી પહોંચીને આત્માને જાગ્રત કરી દે છે.

નીલકંઠ મહાપ્રભુ ત્યાંથી વાગડ પહોંચ્યા. અહીં કુંભાર રાણા બાવળોજને ત્યાં ઊતર્યા. અહીં તેના ફળિયામાં પડેલી ધૂળ પર પોઢી ગયા. રાણાએ તો ગોદડું લેવાનો ઘણો આગ્રહ કર્યો, પણ પૃથ્વીના પેટાળમાંથી નીકળેલી કુંવારી ધરતી, જેનાં ઉપર સ્ત્રીનો પાદસ્પર્શ થયો ન હોય એ તેમને વધુ પસંદ પડી. રાત્રિ ત્યાં વિતાવી. રાણાને લાગ્યું કે અંધારામાં વીજળી ઝબકી ગઈ ! ગાંઠે મોતી બાંધેલ નહિ એટલે તક ચૂકી ગયો. જીવનમાં આવી ઘણી તક મળે છે, પણ સંસ્કાર ગાંઠે બાંધી રાખ્યા હોય, જાગ્રત કરીને તે અનુસાર જીવિતવ્ય કર્યું હોય તો જ ઇન્દ્રિયો, અંતઃકરણ તથા જીવને આવી દિવ્ય વિભૂતિના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. કુંભારે સેવા કરી તેના સંસ્કાર તેના જીવમાં પડી ગયા.

ત્યાંથી ખરડ અને ઝીંઝર થઈને નીલકંઠ વર્ણી ભીમનાથ પહોંચ્યા. અહીં લીલકા નદીમાં સ્નાન કર્યું. ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં. ત્યાં સદાવ્રતમાં જે મળતું હતું તે લઈને તેમાંથી થોડું અંગીકાર કર્યું.

ત્યાંથી પોલારપુર પધાર્યા. અહીં કણબી જેઠા બનાણીની માતાનું કારજ હતું. તેણે આ તપસ્વીને જોયા અને મનમાં વિચાર કર્યો કે તપસીને જમાડીએ તો માતાની સદ્‌ગતિ થાય. તેથી તે સુખડી લઈ આવ્યો અને વર્ણીને આપી. વર્ણી સુખડી લઈને તળાવને કિનારે ગયા. ત્યાં બાજુના કૂવામાંથી પાણી કાઢ્યું. પછી ખીજડાના વૃક્ષ નીચે બિરાજ્યા અને ઠાકોરજીને સુખડીનું નૈવેદ્ય ધરાવી પોતે જમ્યા. પાણી પીધું. તુંબડીમાં જે પાણી વધ્યું તે પ્રસાદીનું પાણી કૂવામાં નાખ્યું. આ પ્રસાદીજળથી કૂવો તીર્થરૂપ બની ગયો.[૧૪૪]

વર્ણીએ ત્યાંથી વલ્લભીપુર(વળા)નો માર્ગ લીધો. રસ્તામાં બરવાળા આવ્યું. તેની નદીમાં એક દેરી છે. તેમાં રાત રહ્યા. અહીંથી કુંડળ જવાય છે. પરંતુ વર્ણીનું એ લક્ષ્ય ન હતું. તેમણે પ્રભાતે ઊઠીને સીધો વલ્લભીપુરનો રસ્તો પકડ્યો.

આ પ્રાચીન સ્થાન હતું તેથી ત્યાં થોડો સમય રહ્યા. ધૂંધળીમલે દટ્ટન સો પટ્ટન કરી નાખેલી આ નગરીની કાયાપલટ તેમણે જોઈ. વલ્લભીપુરમાં જ્યારે બૌદ્ધ ધર્મનું પ્રસારણ હતું, ત્યારે ત્યાં નાથપંથના બાવા સિદ્ધનાથ - ધૂંધળીમલ

---

૧૪૪. આ કૂવાનું પાણી વર્ણીની પ્રસાદીરૂપ અતિ પવિત્ર જાણી જેઠા બનાણીના પુત્ર ત્રિકમભાઈ તથા વણિક ઝવેરભાઈએ તેની અંદર પાકું બાંધકામ કરાવ્યું છે.

તેના શિષ્ય શિવનાથ સાથે આવેલા. શિવનાથને ગામના માણસોએ ભિક્ષા ન આપી, તેને અપમાન માનીને સિદ્ધનાથના વેગનો તમોગુણ ધૂંધવાયો અને ઘડીમાં વલ્લભીપુરને શાપ આપી આખી નગરીને પૃથ્વીના પેટાળમાં સમાવી દીધી. સિદ્ધોના આ અજ્ઞાનથી વર્ણી હસ્યા. પોતાની કાયાનગરીને તમોગુણના તાપથી સળગતી હોય તેને એ ગુણના વેગમાંથી ઉગારવાને બદલે એ અગ્નિ-મય તમોગુણનો ઉપયોગ આ સિદ્ધે આ રીતે કર્યો ! સિદ્ધોની સિદ્ધાઈ જ્યાં પોતાના જ અંગત રાગ પોષવા વપરાતી હોય, ત્યારે તેવા સિદ્ધો ધરાને ભારરૂપ બને છે. સાચી સિદ્ધિ તો દેહમાં ઘર કરી ગયેલા ગુણના ભાવ ટાળવામાં છે. વર્ણી ત્યાંથી તરત જ નીકળી ગયા.

વર્ણીરાટ વલ્લભીપુરના વિનાશના વિચારમાં ને વિચારમાં ચાલતાં ચાલતાં શિહોર આવી પહોંચ્યા. અહીં બ્રહ્મકુંડમાં સ્નાન કરવા ગયા પણ ત્યાં સ્ત્રીઓની ભીડ ભાળીને ત્યાંથી નીકળી ગયા અને તેની દક્ષિણે આવેલા ગૌતમકુંડ તરફ ગયા. અહીં વર્ણીએ સ્નાન કર્યું. પછી પોતાનું નિત્યકર્મ ત્યાં જ કરી ત્યાંથી ચાલી ગૌતમેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. અહીંના પૂજારીએ નીલકંઠ મહાપ્રભુની પ્રતિભાનાં ઓજસ નિહાળ્યાં અને તેમને જમવા માટે બોલાવ્યા. વર્ણી તેમની સાથે ભોજન જમ્યા. એક રાત ત્યાં રહ્યા અને સવારે નીકળી ભાવનગર તરફ ચાલ્યા.

ભાવનગરમાં વર્ણીરાટ દેવજી ભક્તની ધર્મશાળામાં રહ્યા. ત્યાંના મહંત બાવાએ તેમને અન્ન તથા જળ આપ્યાં. વર્ણીએ તેનો ભાવ જોઈ તેને ઉપદેશ આપ્યો. બાવાજીના અંતરમાં વર્ણીની આ વાત ચોંટી ગઈ. તેથી તેણે હાથ જોડી કહ્યું : "બ્રહ્મચારી ! તમે જો અહીં રહો તો આ જગ્યાના તમને ધણી કરું."

પણ નીલકંઠ વર્ણીને તો એવી કોઈ ઇચ્છા ન હતી. તેમણે વિનયથી બાવાજીના આગ્રહનો અસ્વીકાર કર્યો. ત્યાં ત્રણ રાત રહ્યા.

ત્યાંથી નીકળી દરિયા પાસે કોળિયાકમાં આવેલા નકલંક મહાદેવના સ્થાનમાં પધાર્યા. અહીં યાત્રાનો સમય હતો અને ભાવિક જનો યાત્રા માટે આવતા હતા. તેથી તેમને પોતાનાં દર્શન થાય, કોઈક મુમુક્ષુને પોતાનું સ્વરૂપ ઓળખાઈ જાય તે તેમનો હેતુ હતો. યાત્રિકોમાંથી કોઈએ ભાવે કરી હાથ જોડ્યા, કોઈએ અન્ન આપ્યું તો કોઈએ અન્ય સેવા કરી. આ રીતે નીલકંઠ વર્ણીના સ્વરૂપના પ્રભાવથી શુદ્ધ મુમુક્ષુઓ ખેંચાયા. તેમના અંતરમાં તે સેવાના પ્રસંગથી શુભ સંસ્કારની જાગૃતિ થઈ.

નકલંક મહાદેવના સ્થાનમાં થોડો સમય વિશ્રામ કરી નીલકંઠ મહાપ્રભુએ પોતાની પદયાત્રા શરૂ કરી અને કુક્કડ ગામે પધાર્યા. અહીં ગામ વચ્ચેથી ચાલ્યા. ગામના દરબારની ડેલી પાસેથી નીકળ્યા. તે સમયે દરબાર ભગવાનસિંહજી અને તેમના કામદાર ખોજા જીવા ઠક્કર ડેલીએ બેઠા હતા. વર્ણીરાટ થોડો સમય અહીં ઊભા રહ્યા. તેમને જોઈને દરબારને થયું કે કોઈ જાચક હશે. તેથી તેમણે સહેજ મજાકમાં હસતાં હસતાં પૂછ્યું : "મહારાજ ! કયે ગામ રે'વું ? શું નામ ? શું જાત ?"

નીલકંઠ વર્ણીએ પોતાની બ્રહ્મખુમારીથી ઉત્તર આપ્યો : "અમારો દેશ અનિર્દેશ, જાતિ બ્રહ્મ અને નામ અનંત છે. હું પણ મારાં નામ ગણી શકતો નથી." એટલું કહીને ત્યાંથી ચાલી નીકળ્યા.

દરબારને બ્રહ્મચારીની વાણીમાં કાંઈ ગમ ન પડી, પરંતુ તેમનો કામદાર ચતુર હતો. તેણે વિચાર્યું કે આ કોઈ મહાન યોગી હશે, નહિ તો આવી અગમ વાણી ન બોલે. તેમણે રાજાને કહ્યું : "બાપુ ! માનો ન માનો, પણ એ કોઈ મોટા જોગી હતા. આપણે આદર ન કર્યો તે બહુ ખોટું કર્યું."

બાપુ મુમુક્ષુ હતા. પણ એક ચારણના પ્રસંગથી અંતરમાં કુસંગની હવા લાગી ગઈ હતી. તેમણે કામદારને કહ્યું : "જીવા ! તું કે' છે ઈ માળુ ખરુંયે હોય ! આપણે બહુ ભૂલ કરી. પણ હજી જોગી બહુ આઘે નહિ ગયા હોય. આપણે તેમને પાછા બોલાવીએ." રાજાની મતિ હંમેશાં દીવાનની સલાહ ઉપર ચાલે. જીવા ઠક્કરની બુદ્ધિમાં પ્રકાશ થયો અને બંને જણા તરત જ ઊપડ્યા.

નીલકંઠ મહાપ્રભુ નદીને કાંઠે આંબાના ઝાડની નીચે મૃગચર્મ પાથરી બિરાજ્યા હતા. પદ્માસન વાળ્યું હતું. દૃષ્ટિ સ્થિર હતી. પાસે તુંબીપાત્ર પડ્યું હતું. સ્વસ્વરૂપના વિચારમાં નિમગ્ન બનેલા વર્ણીને ભગવાનસિંહનો સ્પર્શ થયો અને તરત જાગ્યા. ભગવાનસિંહ તથા જીવા ઠક્કરે હાથ જોડ્યા. બંને તેમની સામે બેઠા. ભગવાનસિંહે કહ્યું : "જોગી ! અમારે આંગણે આવીને તમે ભૂખ્યા જાઓ તેમાં અમારી શોભા નહિ. આપની અગમ વાણીમાં અમે અબુધ કાંઈ સમજ્યા નહિ. માટે દરબારમાં પધારો અને અમારું અન્ન જમો."

વર્ણી જાણતા હતા કે ભગવાનસિંહ ઉત્તમ ભક્ત થનારા છે. તેના સુષુપ્ત સંસ્કારને જાગ્રત કરવા જ તેઓ અહીં પધાર્યા હતા. જીવા ઠક્કર પણ ઉત્તમ સંસ્કારી હતા. તેથી તેમણે રાજાને ભગવાનની ભેટ કરાવી દીધી. વર્ણીએ કહ્યું : "દરબાર ! તમે સીધું અહીં લાવો. અહીં રસોઈ કરીને જમીશ."

તરત જ દરબારે સીધું મંગાવ્યું. વર્ણીએ રસોઈ કરી. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવીને પોતે જમ્યા અને પ્રસાદી રાજાને તથા કામદારને આપી. બંને ભાવ-પૂર્વક પ્રસાદી જમ્યા. તેમની બુદ્ધિમાંથી જડતા નીકળી ગઈ. અંતરમાં આનંદનો અનુભવ થયો. ભગવાનસિંહે કહ્યું : ''મહારાજ ! મારા દરબારને પાવન કરો.''

''હમણાં નહિ, પછી મળવાનું થશે.'' એમ કહીને વર્ણી ઊઠ્યા.

ભગવાનસિંહ અને જીવા ઠક્કર ગામમાં ગયા.

નીલકંઠ વર્ણી કુક્કડથી નીકળ્યા અને વડવાકુંડ થઈ દીહોર ગામે પહોંચ્યા. જ્યાં જ્યાં તેઓ જતા, ત્યાં કોઈ મુમુક્ષુ તરફ દષ્ટિ રાખી જતા. કુક્કડમાં રાજા ભગવાનસિંહનું કલ્યાણ કર્યું અને દીહોરમાં એવા જ ભક્ત મૂળજી ભાવસાર તેમની દષ્ટિમાં હતા. મૂળજીની ઉંમર નાની હતી, પણ તેનાં મા ખરેખર ભાવિક હતાં. તેમના સંસ્કાર મૂળજીમાં આવ્યા હતા.

વર્ણીરાટ ગામ વચ્ચે રામજી મંદિરના ચોરામાં ઊતર્યા. ગામના લોકો કુતૂહલપ્રિય હોય છે. ચોરામાં કોઈ નવીન જોગીને જોઈ ગામલોકો બાળ, વૃદ્ધ ત્યાં આવવા લાગ્યા. વર્ણી એમની રીત પ્રમાણે મૃગચર્મ ઉપર ધ્યાનસ્થ સ્થિતિમાં બિરાજ્યા હતા. ચોરામાં કેવળ બાવાઓ આવી ઊતરતા હતા, તેવા આ વર્ણીને જાણી ગામના લોકોને ગમ્મત પડી ગઈ. સૌએ પોતપોતાની રીતે વર્ણી સાથે વાત કરી. નીલકંઠ વર્ણીએ સંસારની અસારતાની અને પ્રભુ-ભજનની મહત્તાની વાત કરી. વાત સાંભળી સૌ ચાલ્યા ગયા. પરંતુ કોઈએ વર્ણીને જમવાનું પૂછ્યું નહિ !

ચોરાની બરાબર સામે મૂળજીની દુકાન હતી. તેમનાં માએ આ વર્ણીનાં દર્શન કર્યાં. નીરખી નીરખીને તેમને જોયા. તેમણે તેમના દીકરા મૂળજીને કહ્યું : ''બેટા ! ચોરામાં જાઓ. કોઈ જોગી આવ્યા છે તેમનાં દર્શન કરો અને જમવાનું પૂછતા આવો.''

મૂળજી બાળક હતો પણ તેની બુદ્ધિ વૃદ્ધના જેવી હતી. તે તરત જ ચોરામાં ગયો. વર્ણીને સાષ્ટાંગ દંડવત્ કરી પ્રણામ કર્યા. મૂળજી પાસે આવ્યો. વર્ણીએ તેને માથે હાથ મૂક્યા. એણે વર્ણીને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! કાંઈ જમવાનું લાવું ?''

નીલકંઠ વર્ણી હસ્યા. ગામના લોકો કુતૂહલથી આવ્યા અને ચાલ્યા ગયા. મૂળજીએ આ વિવેક કર્યો. તેમણે 'હા' કહી એટલે મૂળજી સીધું લઈ આવ્યા. તેની મા નદીએ જઈ બેડું ઊટકીને પાણી ગાળીને લાવી. તે મૂળજી વર્ણી પાસે લઈ આવ્યો. વર્ણી રસોઈ કરીને, ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી થોડું જમ્યા અને

પ્રસાદી મૂળજીને આપી. તે પ્રસાદી લઈ ઘેર ગયો અને માતા-પુત્ર બંને એ દિવ્ય પ્રસાદી ભાવપૂર્વક જમ્યાં.[૧૪૫]

નીલકંઠ મહાપ્રભુ દીહોરથી સીધા લાકડિયે પધાર્યા. અહીં બજારમાં પોતાની હાટે ખોજા પ્રેમજી ઠક્કર બેઠા હતા. હસતાં હસતાં નીલકંઠ વર્ણી ત્યાં આવ્યા. તેમને જોઈ પ્રેમજી ઊભા થઈ ગયા. તેની પાસે ઘાસની ગૂંથેલી એક સુંદર સાદડી હતી. તેઓ આ સાદડી ઉપર બેસતા નહિ. કદી કોઈક તેમને જ્યારે કહેતું : "પ્રેમજી ! સાદડી ઉપર બેસતા નથી તો કોઈ જોગીને આપી દ્યો ને !" ત્યારે પ્રેમજી હસીને કહેતા : "એવા જોગી મળશે એટલે તેમને આપી દઈશ."

આજે વર્ણી તેમની પાસે આવીને ઊભા રહ્યા અને કહ્યું : "પ્રેમજી ! આખા બ્રહ્માંડમાં જોઈ વળજે, આવા જોગી તને હાથ નહિ આવે."

પ્રેમજી તો અજાણ્યા તપસ્વી પાસે પોતાનું નામ સાંભળી આશ્ચર્ય પામ્યા. તે એકદમ સાદડી લઈને વર્ણી પાસે આવ્યો. પણ વર્ણી તો હસીને તરત જ ત્યાંથી નીકળી ગયા અને સીધા નાના ગોપનાથ પહોંચ્યા. અહીં શિવજીને જળ ચડાવી, નમન લઈને તરત જ ત્યાંથી નીકળી ગયા અને ગામ પીપરલા પધાર્યા.

પીપરલામાં તીર્થવાસીઓને એક વિપ્ર જમાડતો હતો. તેણે નીલકંઠ વર્ણીને જોયા. પરદેશી જણાયા. વળી, ઘણાં વર્ષોથી તીર્થાટન કરતા હોય તેવું

---

૧૪૫. પૂર્ણ પુરુષોત્તમ નારાયણની પ્રસાદીના દિવ્ય કણોથી મૂળજીના અંતરમાં પરાભક્તિના ભાવ જાગી ગયા. જ્યારે તે મોટો થયો, ત્યારે ગઢપુર મહારાજનાં દર્શન કરવા જતો. મહારાજ તેને જોઈને કહેતા : "આ અક્ષરધામનો મુક્ત છે."

એક વખત મૂળજી ગઢપુર ગયો, ત્યારે તેણે વેચાતી કેરીઓ લઈ મહારાજને ભેટ ધરી. મહારાજ તેનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને મૂળજીને કહ્યું : "મારી પાસે કાંઈ વરદાન માગ."

મૂળજી ભક્તે તરત જ હાથ જોડી કહ્યું : "મહારાજ ! જ્યાં સુધી આ કેરીઓ પહોંચે, ત્યાં સુધી આપ જમો એવી મારી ઇચ્છા છે." મહારાજ તેનો ભાવ જોઈ રાજી થઈ ગયા. દીહોરમાં વણકરો સારા હતા. તે સુંદર ચોફાળ બનાવતા હતા. મૂળજી ભક્તે તેમને કહ્યું : "તમે સુંદર ચોફાળ બનાવો. સોનેરી તારના છેડા બનાવજો અને તેનું મૂલ્ય થશે તેથી અધિક નાણાં આપીશ."

વણકરે સુંદર ચોફાળ બનાવ્યો. મૂળજીએ માગ્યા તેથી અધિક દામ તેને આપ્યા. ચોફાળ લઈને ગઢપુર ગયો. મહારાજનું પૂજન કરી ચોફાળ ઓઢાડ્યો ત્યારે તેની કારીગરી, વણાટ, સોનેરી કસબના તાર જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા. મૂળજી ભક્તને મહારાજ પ્રસન્ન થાય તે જ મૂલ્ય હતું. પ્રશંસાનાં પુષ્પ તેને ખપતાં ન હતાં.

તેમના સ્વરૂપ ઉપરથી લાગ્યું. તુંબીપાત્ર અને ભિક્ષાપાત્ર સિવાય ઝોળી, વસ્ત્રો ન જોયાં, તેથી અપરિગ્રહ વ્રતધારી હશે એવું અનુમાન કર્યું. વિપ્રની પરીક્ષક બુદ્ધિએ વર્ણીમાં શિવજીનું તપ અને કાર્તિક સ્વામીનો વૈરાગ્ય નિહાળ્યો. શિવ-ઉપાસક વિપ્રની કલ્પના તેથી આગળ જઈ શકી નહિ.

તે તરત જ તેમની પાસે ગયો. નીલકંઠ વર્ણી તેમની સામું જોઈ હસ્યા. કપાળમાં ત્રિપુંડ્ર, ગળામાં રુદ્રાક્ષ અને શરીર ઉપર જનોઈ જોઈ વિપ્રની શિવભક્તિ અને પવિત્ર બુદ્ધિનો ખ્યાલ આવ્યો. તેમણે વિપ્રને કહ્યું : "મહારાજ ! કાંઈ અન્ન આપશો ?"

વિપ્રને આ અવાજમાં મધુરતા લાગી. જમાતના બાવાઓ તો માગી ખાવું હોય તોપણ જોરથી બોલતા, આપતાં ઢીલ થાય તો અપશબ્દ પણ સુણાવતા અને કોઈ આનાકાની કરે તો ચીપિયો કે ત્રિશૂળ જે કાંઈ પાસે હોય તે શરીરમાં ભોંકી લોહી કાઢવાની ધમકી પણ આપતા. જ્યારે આ વર્ણીના સ્વરૂપમાં કાન્તિ હતી, અવાજમાં મધુરતા હતી, આંખોમાં કરુણા હતી, શબ્દોમાં વિનય હતો.

વિપ્રને લાગ્યું કે અત્યાર સુધી ઘણા અન્નાર્થીઓને જમાડ્યા છે. તેમાં કોઈ સત્કર્મી જમી ગયા હશે તેના ફળસ્વરૂપે આજે આ સાક્ષાત્ મહાદેવ પધાર્યા છે. તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારે ઘેર પધારો."

નીલકંઠ વર્ણી તેની પાછળ તેને ઘેર ગયા. તેમને સુંદર આસન આપી બેસાર્યા. પછી ઘરમાં જઈ તેની સ્ત્રીને કહ્યું : "આજે આપણું કલ્યાણ થઈ જાય એવા મહાપુરુષ આપણે ઘેર પધાર્યા છે. માટે જલદી જલદી રોટલો કરી નાખો. તેમાં સારી પેઠે ઘી-ગોળ નાખજો. આવા જમનારા ફરી નહિ મળે."

વિપ્રની સ્ત્રીએ બ્રહ્મચારીનાં દર્શન કર્યાં અને તે મૂર્તિ તેના અંતરમાં તરત ઊતરી ગઈ. તેણે જલદી જલદી રોટલો બનાવી નાખ્યો. તેમાં ધરબી ધરબીને ઘી-ગોળ નાખ્યાં અને ઉપર માડો દાબી દીધો. પછી બ્રહ્મચારીને જમવા બોલાવ્યા.

બ્રહ્મચારી હાથ-પગ ધોઈને જમવા પધાર્યા. વિપ્રે પાટલો ઢાળી દીધો. બ્રહ્મચારીએ તે ઉપર બાલમુકુન્દને પધરાવ્યા. થાળીમાં પીરસેલ રોટલો બાલમુકુન્દને ધરાવ્યો અને પછી તે પોતાના ભિક્ષાપાત્રમાં લઈ તેમાં પાણી નાખી પોતે એક ગ્રાસ લીધો. વિપ્ર અને તેની સ્ત્રી સામે બેસી દર્શન કરતાં હતાં. વર્ણીએ ગ્રાસ મુખમાં મૂક્યો અને ખુલ્લા થયેલા તેમના મુખમાં વિપ્રને અને તેની સ્ત્રીને ચૌદ લોક સહિત બ્રહ્માંડનાં દર્શન થયાં. કૈલાસ અને વૈકુંઠ પણ તેમાં દેખાયાં. બંનેને આ દિવ્ય દર્શનથી ખૂબ આનંદ થયો. વર્ણીસ્વરૂપે ભગવાન

સાક્ષાત્ પધાર્યા છે, તેથી પતિ-પત્ની ધન્ય બની ગયાં !

વર્ણી નીચું મુખ રાખીને થોડું જમ્યા અને પછી ચળું કરી લીધું. વિપ્રે પ્રસાદીનો રોટલો પાત્રમાંથી લઈ લીધો. પછી હાથ જોડી પ્રાર્થના કરી : "બ્રહ્મચારી મહારાજ ! આપ મારા ઉપર કૃપા કરીને મારે ઘેર પધાર્યા છો તો હવે બે માસ મારે ત્યાં રહો. મારી શક્તિ પ્રમાણે હું સેવા કરીશ. આજે મારાં ભાગ્ય ઊઘડી ગયાં ને મારું કલ્યાણ થઈ ગયું."

નીલકંઠ વર્ણીએ તેનો ભાવ જોયો. તેની સંસ્કારિતા પિછાણી. બે દિવસ વિપ્રને ત્યાં રહ્યા. તેને પ્રસન્ન કરીને પછી ત્યાંથી ત્રીજે દિવસે નીકળીને તળાજા પધાર્યા.

અહીં શેત્રુંજી નદીમાં સ્નાન કર્યું. પર્વતને દૂરથી નિહાળ્યો. પછી ગામમાં પધાર્યા. એક બાવાની જગ્યામાં તેના મહંતને પૂછીને ઊતર્યા. એક ભાવિક વણિક ત્યાં આવ્યો અને નીલકંઠ વર્ણીનાં દર્શન કરી તેના મનમાં તેમને જમાડવાનો ભાવ થયો. ઘેરથી સીધું લઈ આવ્યો. વર્ણીરાટ રસોઈ બનાવી જમ્યા. પ્રસાદી વણિકને આપી.[૧૪૬]

ગોપનાથમાં

નીલકંઠ બ્રહ્મચારી તળાજાથી નીકળી મોટા ગોપનાથ પધાર્યા. અહીં શિવમંદિરમાં ઉતારો કર્યો. મંદિરના મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારી ભાવિક હતા. તેમણે તેમને ભાવથી નખશિખ નિહાળ્યા. પછી હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ તો તીર્થ છે. તીર્થમાં પાંચ રાત્રિ રહેવું જોઈએ."

નીલકંઠ વર્ણીની પણ એ ઇચ્છા હતી. મહંતે વિપ્રને બોલાવી રસોઈ કરાવી અને નીલકંઠ વર્ણીને જમાડ્યા. બીજે દિવસે નીલકંઠ વર્ણીએ સાગરમાં સ્નાન કર્યું. વળી, ત્યાં ખારા પાણીના અને મીઠા પાણીના કુંડ છે, તેમાં પણ નીલકંઠ વર્ણી નાહ્યા. મહંતને લાગ્યું કે નીલકંઠ વર્ણીના આગમનથી તેનો આત્મા જાગ્રત થયો છે, કારણ કે તે શુદ્ધ આનંદસ્વરૂપ આત્માના આનંદની અનુભૂતિ તેને નીલકંઠ વર્ણીના સાંનિધ્યમાં થઈ.

ત્રીજે દિવસે વર્ણી સ્નાન કરી ગોપનાથ મહાદેવ પાછા ફરતા હતા, ત્યારે તેમને એક બાઈ સામી મળી. નીચી દૃષ્ટિએ વેગપૂર્વક ચાલતા આ વર્ણીને જોઈ

---

૧૪૬. વણિકના આ સત્કર્મથી તેને ઘેર પુત્ર થયો જેનું નામ ગગાભાઈ પાડ્યું. ગગાભાઈ આગળ ઉપર મહારાજના મોટા ભક્ત થયા.

તે બહેન સ્થિર થઈ ગયાં. તે વર્ણીને જતા જોઈ જ રહ્યાં અને વર્ણી ઉતાવળી ગતિથી ચાલ્યા જતા હતા. થોડી વારે તે સ્વસ્થ થઈ ત્યારે તેને લાગ્યું કે આ વિભૂતિ તો દૂર દૂર જઈ રહી છે અને હું તો અહીં જ સ્થિર થઈ ગઈ છું. શું કરવું તે તેને કાંઈ ન સૂઝ્યું. પરંતુ તેનાથી એકાએક જોરથી બોલાઈ ગયું : "એ મહારાજ ! ઊભા રહો."

વર્ણી આ શબ્દો સાંભળી ઊભા રહ્યા. વર્ણીને ઊભા રહેલા જોઈ તે બહેન વર્ણી સન્મુખ દોડી. વર્ણીએ તેને હાથના ઈશારાથી કહ્યું : "બહેન ! ધીમે આવ. હું ઊભો છું." તે બાઈએ તેની ગતિ ધીમી પાડી. થોડી વારે તે વર્ણી પાસે પહોંચી ગઈ. વર્ણી પાસે આવીને તેને મૂંઝવણ થઈ. શું કહેવું ? શું બોલવું ?

તે કાંઈ પણ બોલે તે પહેલાં વર્ણીએ તેને પૂછ્યું : "આ લોટીમાં શું છે ?"

"દૂધ, મહારાજ ! ગાયનું દૂધ છે. આપ તે પી જાઓ." એમ કહી તેણે તે લોટી વર્ણીને આપી.

વર્ણીએ તેની સામું સ્મિત કરી તે લોટી લીધી. દૂધ પોતાના કમંડળમાં ગાળીને લીધું અને પછી પી ગયા. પછી તેમણે પૂછ્યું : "બહેન ! તું કોણ છો ?"

"મહારાજ ! અમે અહીં ઊંચડી પાસે પીથલપરમાં રહીએ છીએ. જાતે ખોજા છીએ અને મારું નામ જાનબાઈ છે. મારે એવું નિયમ છે કે રોજ ગાયનું દૂધ લઈને ગોપનાથ મહાદેવ આવવું અને રસ્તામાં જો કોઈ મળે તો તેને એ દૂધ પાઈ દેવું અને જો કોઈ ન મળે તો દૂધ ગોપનાથ મહાદેવને ચડાવી દેવું."

મહારાજ તેનો ભાવ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "જાનબાઈ ! તારું દૂધ આજે મહાદેવે અંગીકાર કર્યું."

ભોળી જાનબાઈ વર્ણીના આ શબ્દોમાં કાંઈ ન સમજી, પણ તેના અંતરમાં શાંતિનો શેરડો પડી ગયો. વર્ણીએ એક દૃષ્ટિ તેનાં ઉપર નાખી ત્યાંથી ચાલવા માંડ્યું. જાનબાઈ વર્ણીને જતા જોઈ રહ્યાં. વર્ણી દેખાયા ત્યાં સુધી જોઈ રહ્યાં. તેને ન સમજાયું કે તેમના પગ ત્યાં કેમ સ્થિર થઈ ગયા હતા ! થોડી વારે ફરી તે સ્વસ્થ થયાં અને કોઈ અપૂર્વ આનંદનો અગમ્ય અનુભવ કરી તેમણે પીથલપુર તરફ ડગલાં ભર્યાં.

તે ઘેર પહોંચી પણ વર્ણીની મૂર્તિ તેના અંતરમાં જડાઈ ગઈ. ઘેર આવ્યા પછી પણ તેને વર્ણી દેખાયા કરતા હતા. હાથનો ઈશારો કરતા, કમંડળમાં દૂધ ગાળતા, દૂધ પીતા વર્ણીના શબ્દો તેને મીઠા લાગ્યા હતા. તેવી મીઠાશ તેણે હજુ સુધી કોઈ શબ્દોમાં અનુભવી ન હતી.

રાત્રે વર્ણીએ તેને દર્શન દીધાં. જાનબાઈ ઝબકીને જાગી ગયાં : આ કોણ ? તેને વર્ણી દેખાયા. તે વર્ણીના સ્વરૂપ તરફ દૃષ્ટિ સ્થિર કરે એટલામાં તો તેને વર્ણીના અતિ તેજોમય દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. તેમની સ્તુતિ કરતા તેણે અનેક દેવાધિદેવો જોયા. એક લાખ અને એંશી હજાર પેગંબરોને પણ વર્ણીની સ્તુતિ કરતા તેણે જોયા. તે પોતાનો દેહભાવ ભૂલી ગઈ હતી. પીથલપર, તેનું ઘર, બધું જ તેની સ્મૃતિમાંથી અદશ્ય થઈ ગયું હતું. એટલામાં વર્ણીનો ઘેરો અવાજ તેને સંભળાયો : "જાનબાઈ ! ત્રણેક વર્ષ પછી હું ફરી આ તરફ આવીશ. ત્યારે તું તારા પુત્રને વાયવ્ય ખૂણામાં મોકલજે."

વર્ણીના અવાજના પડઘા પડ્યા : "જાનબાઈ ! હું ફરી આવીશ. તારા પુત્રને વાયવ્ય ખૂણામાં મોકલજે." વર્ણી અદશ્ય થઈ ગયા.

જાનબાઈ પણ સ્વસ્થ થઈ ગયાં. તેને સમજાયું નહિ કે આ સ્વપ્નું હતું કે સત્ય હતું ? પરંતુ સ્વપ્ન હોય તો તે પથારીમાં સૂતી હોય; પણ તે તો પથારીમાં બેઠી હતી. તેને લાગ્યું કે વર્ણી ગોપનાથ મહાદેવ હોવા જોઈએ. વર્ણીએ કહ્યું હતું : 'તારું દૂધ મહાદેવે અંગીકાર કર્યું.' તેના આનંદનો પાર ન રહ્યો.

વર્ણી મહાપ્રભુ ગોપનાથમાં પાંચ રાત્રિ રહીને ત્યાંથી નીકળી ઝાંઝમેર પધાર્યા. ઝાંઝમેરમાં એક વિપ્રે પરોણાગત કરી. તેના પ્રારબ્ધમાં આ લાભ મળવાનો હશે. વિદુરની ભાજી જમવા છેક જમુનાતટ ઉપર તેની ઝૂંપડીમાં ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા, તેમ નીલકંઠ વર્ણી પણ જ્યાં જ્યાં ભાવિક ભક્તો હતા તેમને ત્યાં પધાર્યા. જેમણે જે ભાવથી અર્પણ કર્યું તે પોતે અંગીકાર કર્યું. એટલી અલ્પ ભેટથી પ્રસન્ન થઈ તેમને પરમપદ-અક્ષરધામ બક્ષિસ આપી દીધું. 'પરમ ઉદાર અતિ ચતુર સ્વામી'[૧૪૭] એ બિરુદ સાર્થક કર્યું. ઝાંઝમેરમાં ભક્તના ભાવ પૂરા કર્યા.

ત્યાંથી નીકળી કળસાર પધાર્યા. ત્યાં અભક્તનાં સ્વરૂપ ખુલ્લાં કર્યાં. કોઈએ અન્ન આપ્યું નહિ. ગામમાં રહેવા પણ દીધા નહિ. એક ખળામાં જઈ રાત રહ્યા. નીલકંઠ વર્ણીની પદયાત્રામાં દૈવી અને આસુરી સ્વરૂપો પ્રગટ થતાં, પરખાતાં અને પોત પ્રકાશતાં. ભગવાનને ઓળખે તે દૈવી, નિંદે તે આસુરી.

કળસારથી નીકળી નીલકંઠ વર્ણી મહુવા જવાને માર્ગે કતપર પધાર્યા. અહીં પવિત્ર માલણ નદીને બે કાંઠામાં ભરપૂર જોઈ નીલકંઠ વર્ણિને આનંદ થયો. ત્યાં સ્નાનાદિક કર્મ કર્યું. એટલામાં મહુવાથી પીતાંબર શેઠ - શ્રાવક

---

૧૪૭. મુક્તાનંદ સ્વામીએ રચેલ કીર્તનપંક્તિ.

વાણિયા - વસાણાનું ગાડું ભરીને નીકળ્યા. તેણે નીલકંઠ વર્ણીને જોયા. પદ્માસન વાળીને નીલકંઠ વર્ણી બેઠા છે. નાસિકાના અગ્ર પ્રતિ દૃષ્ટિ છે. તપની પરાકાષ્ઠાથી કૃશ થયેલા શરીરમાં અદ્‌ભુત કાન્તિ જોઈ પીતાંબર શેઠે ગાડું ઊભું રાખ્યું. નીચે ઊતરીને તે વર્ણી પાસે ગયા. ચરણકમળનો સ્પર્શ કર્યો. વર્ણીએ તેનો ભાવ જોઈ તેના ઉપર દૃષ્ટિ નાખી. પીતાંબર શેઠ આ દૃષ્ટિથી પાવન થઈ ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારી ભેટ અંગીકાર કરશો ?"

વર્ણીએ ઈશારાથી જ હા કહી. એટલે પીતાંબર શેઠ ગાડા પાસે ગયા. ગાડામાંથી ટોપરાં અને સાકર લઈ તે વર્ણી પાસે આવ્યા અને વર્ણીનાં ચરણ પાસે તે મૂક્યાં. વર્ણીએ તે બાલમુકુન્દને ધરાવ્યાં. પછી અલ્પ જમીને પ્રસાદી શેઠને આપતાં પૂછ્યું : "શેઠ ! તમે ક્યાં રહો છો ?"

"મહારાજ ! ઘરબાર તો મહુવામાં છે, પણ વેપાર કરવા બાજુના કળસાર ગામે જાઉં છું."

વર્ણી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "શેઠ ! એવા કુગ્રામમાં વેપાર કરી શું કમાવાના છો ? જ્યાં લોકોમાં નીતિ નથી, ધર્મ નથી, આસ્તિક ભાવ નથી. ત્યાં કદાચ કમાશો તોપણ એ આસુરી સંપત્તિ ગણાશે. તેનાથી તમો સુખી નહિ થાઓ."

પીતાંબર શેઠ વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે આટલાં વર્ષોનો વેપાર છતાં હજુ બે પાંદડે તો થવાયું નથી અને હૈયામાં પણ ક્લેશ રહ્યા જ કરે છે. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! તો હું શું કરું ?"

"મહુવામાં જ વેપાર કરો. સુખી થશો અને ભક્તિ પામશો."

નીલકંઠ વર્ણીનાં આ વચન પીતાંબર શેઠે માથે ચડાવ્યાં. ત્યાંથી જ ગાડું પાછું વાળ્યું.[૧૪૮]

વર્ણીરાટ મહુવામાં પધાર્યા અને ત્યાં ગામ વચ્ચે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં આવ્યા. અહીં મંદિરના પગથિયે તેમણે આસન જમાવ્યું. તે સમયે મંદિરના મહંત બાવા બાલકદાસ[૧૪૯] રામકથા વાંચતા હતા. નીલકંઠ વર્ણીએ

૧૪૮. નીલકંઠ વર્ણીના વચને પીતાંબર શેઠનો મહુવામાં વેપાર જામવા માંડ્યો. અંતરમાં નીલકંઠ વર્ણીની સદૈવ સ્મૃતિથી ભક્તિના અંકુરો ફૂટ્યા. તેમને ત્રણ પુત્રો થયા : નરસિંહ, દામજી અને જેઠાભાઈ. ત્રણે શ્રીજીમહારાજના ઉત્તમ ભક્ત બન્યા.

૧૪૯. મહંતનું નામ સીતારામ હતું એવો પણ ઉલ્લેખ મળે છે.

— શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ; વાર્તા-૧૫.

વચ્ચે જ બાવાને એક પ્રશ્ન પૂછ્યો. કથાપ્રવાહમાં વિક્ષેપ થતો જોઈ બાવો અકળાયો. તેણે નીલકંઠ વર્ણીને કહ્યું : "આપ અપના કામ કરો."

નીલકંઠ વર્ણી તે સાંભળી આંબલી નીચેના ઓટા પાસે આવ્યા. અહીં હનુમાનજીની દેરી છે. તેની પાસે તેમણે આસન કર્યું.

નીલકંઠ વર્ણીની સૌમ્ય મુખાકૃતિ તથા કિશોરવય જોઈ બાવા બાલકદાસને નીલકંઠ વર્ણી પ્રત્યે પ્રેમ થયો. નીલકંઠ વર્ણીના નિત્યક્રમમાં તેને ભક્તિ દેખાણી. તેમની અયાચક વૃત્તિમાં વૈરાગ્યનો ભાવ તેણે જોયો. તેમની એકાગ્ર દૃષ્ટિમાં તેણે મનનો અને ઇન્દ્રિયનો નિગ્રહ જોયો. તેણે નીલકંઠ વર્ણીને સીધું મોકલાવ્યું.

બીજે દિવસે એક વણિક સ્ત્રીએ રોટલો અને ઘી મોકલાવ્યાં. ત્રીજે દિવસે ફુલવણ બાવાની જગ્યાએથી સીધું આવ્યું. નીલકંઠ વર્ણી મહુવામાં ત્રણ દિવસ રહ્યા. માલણ નદીના તટ ઉપર તલગાજરડાનો જે આરો છે અને જે બાવાના કોઠા નામે પણ ઓળખાય છે, ત્યાં તેમણે બે દિવસ સ્નાન કર્યું. યોગસાધના પણ કરી. આ રીતે માલણ નદીને પાવન કરી. મહુવા શહેરને તીર્થ બનાવ્યું.

નીલકંઠ વર્ણી મહુવાથી નીકળી ગામ ડોળિયે પધાર્યા. અહીં વિપ્ર વિઠ્ઠલને ત્યાં જઈ જમ્યા. વિપ્રે નીલકંઠ વર્ણીનું સન્માન કર્યું. નીલકંઠ વર્ણીએ વિપ્રને અભય આપ્યું.

ડોળિયેથી નીકળી તેઓ રાજપટવે ગયા. પૂર્વ તરફના તળાવની બાજુમાં રોહણના ઝાડ નીચે બિરાજ્યા. કોઈએ તેમને જોયા નહિ, પણ રોહણના ઝાડે તેમને આશ્રય આપ્યો. સૌ કોઈના આશ્રયદાતાએ આજે રોહણના ઝાડ નીચે આશ્રય શોધ્યો ! ક્યાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અને ક્યાં આ રોહણનું ઝાડ ! 'ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે જ્યાં હરિ બેસતા.' રોહણનું ઝાડ અક્ષરમુક્તની પંક્તિમાં બેસી ગયું.

થોડી વાર ત્યાં બેસી નીલકંઠ વર્ણી ત્યાંથી ચાંચવે પધાર્યા. અહીં પૂર્વમાં તળાવ છે. તેના પૂર્વ તટ ઉપર રૂખડાનું એક ઝાડ છે. તેની નીચે પોતે બે ઘડી બિરાજી તેનું પણ જીવન ધન્ય બનાવી ત્યાંથી નીકળ્યા અને ગામ ડુંગર પધાર્યા.

ત્યાંથી પીપા ભક્તની જગ્યામાં પીપાવાવ પધાર્યા. આ તો ભક્તની જગ્યા, બાવાની નહિ, તેથી તરત જ સીધાની સામગ્રી નીલકંઠ વર્ણી પાસે આવી ગઈ ! નીલકંઠ વર્ણીએ રસોઈ બનાવી, બાલમુકુન્દને નૈવેદ્ય ધરાવી પોતે અલ્પ જમ્યા.

ત્યાં થોડો સમય રોકાઈ ગામ વાવેરે પધાર્યા. વાવેરામાં શિવમંદિરના ધાબા ઉપર બે રાત રહ્યા.

ત્યાંથી રાજુલા થઈ વડગામ પધાર્યા. અહીં ઉત્તર તરફ એક મસીદ છે. તેની બાજુમાં રાત રહ્યા.

વડગામથી રામપરા આવ્યા. અહીં પૂર્વમાં એક ખીજડો જોઈ તેની નીચે બિરાજ્યા. તાડ જેવા ખીજડાને કોઈ ઘટા નહિ, કોઈ ફળફૂલ નહિ. તેની આ દરિદ્રતાથી દ્રવી જઈ નીલકંઠ વર્ણીએ તેનું કલ્યાણ કરવા તેને દૃષ્ટિમાં લીધો. પોતાના સંબંધથી, સ્પર્શથી તેને પાવન કર્યો. જાત-કજાત કે ગુણ-અવગુણ જોયા સિવાય નીલકંઠ વર્ણીને તેમની આ ખેપમાં કલ્યાણની વાટ વહેતી મૂકવી હતી. અક્ષરધામના અધિકારી બનવા જેટલી બ્રહ્મસ્થિતિ તો કોઈક જ સિદ્ધ કરી શકે, પરંતુ પોતાના સંબંધમાં જે જે જડ કે ચેતન આવે તે સૌ અક્ષરધામના અધિકારી થાય તેવો મોટો સંકલ્પ કરી નીલકંઠ વર્ણી પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા.

ખીજડાને એ રીતે પાવન કરી વર્ણીરાટ ત્યાંથી પશ્ચિમ દિશામાં પધાર્યા. ત્યાં ઊધમતિયા વોકળામાં[૧૫૦] સ્નાન કરી, ગામમાં થઈને નીલકંઠ વર્ણી ધાતરવડી નદીની પાસે શિવના મંદિરે જઈ ઊભા રહ્યા.

---

૧૫૦. એવી પણ કથા છે કે શ્રી નીલકંઠ વર્ણી આ વોકળામાં સ્નાન કરી ભટવદરના પાદરમાં ઝાડ નીચે બિરાજ્યા હતા. એટલામાં એક ખેડુ બખડિયું (વરત ઉપર કોસ બાંધીને બળદ જોડીને સાંજે ઘેર આવે તેને બખડિયું કહે છે) લઈને નીકળ્યો.
તેને વર્ણીએ પૂછ્યું : "સાધુને ઉતારો આપે એવું કોઈ આ ગામમાં છે ?"
ત્યારે તેણે કહ્યું : "અહીં નાગપાલ વરુનું ઘર છે ત્યાં જાઓ." ખેડુએ ચાલતાં ચાલતાં કહ્યું.
વર્ણીએ તેને કહ્યું : "અમને ઘર બતાવવા સાથે આવશો ?"
ખેડુને વેળા-કવેળાની કાંઈ પડી ન હતી. સાધુને આશરો મળે એ ભાવથી તેણે તરત જ કહ્યું : "હાલો, ભેગો આવું."
વર્ણી તરત જ ઊઠ્યા. ખેડુની પાછળ પાછળ ચાલવા લાગ્યા. નાગપાલ વરુનું ઘર આવ્યું એટલે ખેડુએ કહ્યું : "મહારાજ ! એ સામે દેખાય એ નાગપાલ વરુનું ઘર."
વર્ણીએ ઘર આગળ આવી ડેલી ખખડાવી. નાગપાલ વરુનાં નાનાં દીકરી જસુબાએ ડેલી ઉઘાડી. તે વખતે તે પાંચ વરસનાં હતાં. વર્ણીએ તેમને પૂછ્યું : "નાગપાલ છે ?"
"એ ના, ઈ તો વાડીએ ગયા છે." જસુબાએ તેના કાલા સૂરે જવાબ દીધો.
એટલામાં તેનાં માતુશ્રી આવ્યાં. તેમણે ખાટલો ઢાળી દીધો. વર્ણી તે ઉપર બેઠા.
થોડી વારે નાગપાલ વરુ આવ્યા. સાધુને ઘરમાં આવીને બેઠેલા જોયા એટલે પહેલાં તો તેની ભમર વાંકી થઈ. પણ વર્ણી સામે નજર કરી એટલે તે ભાવ શાંત થઈ ગયો.
તેણે ઘરમાં કહ્યું : "ગાય દોવો અને દૂધમાં ખાંડ નાખીને આ મહારાજને આપો." ➤

અહીં પોતે ચારે બાજુ દૃષ્ટિ કરી. દૂર તમરના ઝાડ પાસે જ રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીને અગ્નિસંસ્કાર કર્યો હતો તે સ્થાન પાસે થોડો સમય ઊભા રહ્યા. રામાનંદ સ્વામીનો તેમને હજુ મેળાપ થયો ન હતો ત્યારે તેમના ગુરુ આત્માનંદ સ્વામીનો તો પરિચય પણ કેમ હોય ? છતાં અંતર્યામીથી કાંઈએ અજાણ્યું ન હોય. આત્માનંદ સ્વામીએ દેહાંત સમયે પોતાના શિષ્ય-મંડળને રામાનંદ સ્વામીના આશ્રય નીચે રહેવાની ભલામણ કરી હતી. આ રીતે પોતાની મોક્ષપ્રદ ક્રીડાનું પટાંગણ - ઉદ્ધવ સંપ્રદાયનો આરંભ અને વિસ્તાર - આત્માનંદ સ્વામીના શુભ સંકલ્પથી થયો તે હકીકત લક્ષમાં રાખી, નીલકંઠ વર્ણી અહીં આત્માનંદ સ્વામીને તેમના શુભ કાર્ય માટે અંજલિ આપવા પધાર્યા હતા. સૌરાષ્ટ્રમાં બાબરિયાવાડને એક ખૂણે, દૃષ્ટિગોચર પણ ન થાય એવું આ રામપરાનું નાનકડું ગામડું નીલકંઠ વર્ણીના લક્ષમાં હતું. તેમની પદયાત્રાની યોજનામાં આવાં અનેક લક્ષો હતાં. પણ અણઊઘડેલા પ્રસંગોનાં એ પાનાં કોણ ઉકેલી શકે ?

થોડી વારમાં ગાયનું દૂધ આવ્યું. વર્ણી તે પી ગયા. પછી ઊઠવાની તૈયારી કરતા હતા ત્યાં નાગપાલ વરુએ કહ્યું : "મહારાજ ! વાળુ કરી, રાતવાસો કરી, પરોઢિયે ચાલજો." વર્ણી નાગપાલના આવા ભાવના શબ્દો સાંભળી રોકાઈ ગયા. તેમને નાગપાલ વરુના સંસ્કાર જાગ્રત કરવા હતા. રાત્રે વાળુમાં રોટલા, ખાંડ, ઘી અને દૂધ પીરસ્યાં. વર્ણી થોડું જમ્યા. નાગપાલે આગ્રહ કર્યો એટલે થોડું વધુ જમ્યા. એટલામાં જસુબા આવ્યાં. તેમણે પણ આગ્રહ કર્યો. વર્ણીએ ના કહી. એટલે તેમણે કાલી ભાષામાં કહ્યું : "બાપુએ પીરસાવ્યું તે લીધું અને હું પીરસું તે નહિ લ્યો ?" વર્ણી તેની સામું જોઈ રહ્યા. તેનો ભાવ જોઈ હસ્યા અને અર્ધો રોટલો લીધો. પછી જસુબાને વાંસે હાથ ફેરવ્યો, દૃષ્ટિ કરી અને આશીર્વાદ આપ્યા. વહેલી સવારે વર્ણી ત્યાંથી નીકળી ગયા.

ઉપરની હકીકત મુક્તરાજ દાદાખાચરની ચોથી પેઢીના ટપુભા મેરામણસિંહ, જેઓ ગઢડામાં જ રહે છે તેમની પાસેથી મળી છે. પરંતુ આ પ્રસંગમાં શંકા એ થાય છે કે દાદાખાચરનો જન્મ સં. ૧૮૫૭ના પોષ વદિ ૬ને દિવસે થયો હતો. આ પ્રસંગ સં. ૧૮૫૬નો છે. તેથી પાંચ વર્ષનાં જસુબા દાદાખાચરથી છ વર્ષે મોટાં ગણાય. છતાં કાઠિયાવાડમાં એવો રિવાજ પણ હોય છે કે પત્ની પતિ કરતાં ઉંમરમાં મોટી હોય તોપણ પતિના શરીરનો બાંધો, તેનું કાઠું વગેરે જોઈને આ પ્રકારનાં લગ્નો થાય છે. તેથી આ શકય પણ ખરું. વળી, દાદાખાચરનાં બીજી વારનાં લગ્ન માટે શ્રીજીમહારાજે જ ભટવદરના નાગપાલ વરુની કન્યાનું સૂચન કર્યું હતું. તેથી મહારાજ ભટવદર ગયા હશે તેવું અનુમાન થઈ શકે. — લેખક

ધાતરવડી નદી ઊતરીને વર્ણીરાટ કોવૈયા પધાર્યા. અહીં સાગરતટે આદિ વારાહજીનું મંદિર છે. ત્યાં વારાહજીની મૂર્તિનાં દર્શન કરી, મંદિરમાં જ રાત રહ્યા.

સવારમાં ઊઠીને નીલકંઠ વર્ણી ચાલી નીકળ્યા અને ગામ ગાંગડે પહોંચી ગયા. અહીં વડ નીચે ઊતર્યા. બાજુના કૂવામાંથી પાણી લઈ પીધું અને ત્યાંથી નીકળી સામતેજ પધાર્યા. શ્યામકુંડમાં સ્નાન, નિત્યવિધિથી પરવારી સીધા શીમર પધાર્યા.

ગામની દક્ષિણે સૂર્યકુંડ છે તેમાં સ્નાન કર્યું અને પછી બાજુની ધર્મશાળામાં રાત રહ્યા. એક લોભી વણિકે સવારમાં નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. તેના અંતરમાં લોભ જાગ્યો. આ વર્ણી જમે, પ્રસન્ન થાય તો પોતાનું દારિદ્ર્ય જાય. તેણે હાથ જોડી વર્ણીને પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. આ આમંત્રણની પાછળ રહેલી તેની લોભવૃત્તિ વર્ણીથી અજાણ ન હતી. છતાં તેનું કલ્યાણ કરવું એ ભાવનાથી વર્ણીએ તેનું આમંત્રણ સ્વીકાર્યું અને તેને ઘેર પધાર્યા.

વણિકે સુંદર રસોઈ બનાવી, પણ તેમાં ભાવના ફળની હતી. વર્ણીએ બાલમુકુન્દને નૈવેદ્ય ધરાવ્યું. પોતે પ્રસાદ-અન્ન જમ્યા અને વણિકને તે પ્રસાદી આપી. વર્ણી જમીને ધર્મશાળામાં ગયા. વર્ણીને આ રીતે ચાલ્યા જતા જોઈ વણિકને ખોટું લાગ્યું. તેની લોભવૃત્તિથી તેને લાગ્યું કે સાધુ-બાવામાં વિવેક હોતો નથી. તેને ફળની ઇચ્છા અતિ તીવ્ર હતી. તેથી તે વર્ણીને છોડે તેમ ન હતો.

વર્ણી ધર્મશાળામાં રાત રહ્યા અને વહેલી સવારે નીકળ્યા. વણિક રાહ જોઈ બહાર ઊભો જ હતો. તે તેમની પાછળ પડ્યો. નીલકંઠ વર્ણીએ પાછળ જોયું અને વણિકને આવતો જોઈ કહ્યું : "તમે હવે પાછા વળો. અમારી બહુ સેવા કરી."

વણિકે તરત જ કહ્યું : "મહારાજ ! સેવા કરી છે પણ ફળની ઇચ્છાથી કરી છે. ધનની મને ઘણી જ ધાંખના છે. માટે મને પુષ્કળ ધન આપો."

"જાઓ, તમને આજીવિકા પૂરતું ધન જરૂર મળશે." નીલકંઠ વર્ણીએ ટૂંકમાં પતાવ્યું.

વણિકે નિઃશ્વાસ નાખ્યો. તેણે હાથ જોડી કહ્યું : "અરે મહારાજ ! મારે તો સોનાની લંકા ઘરે વસાવવી છે."

નીલકંઠ વર્ણી તેની આ ક્ષુદ્ર માગણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "લંકા સોનાની હતી તેથી જ હનુમાને તે બાળી દીધી. તેં મારી સેવા કરી છે તો મારું સર્વોપરી અક્ષરધામ તને આપું છું."

વર્ણીની આ વાંકી વાતુમાં વણિકને કાંઈ ગમ ન પડી. તેને લાગ્યું કે

લક્ષ્મીના લોભમાં મારું અન્ન પણ ગયું. તેને આ બાવા કઠણ લાગ્યા. વર્ણીને પણ તેનો લોભ કાપવા કઠણ થવું પડ્યું હતું. તેને એટલું વરદાન આપી તેઓ તરત જ ચાલી નીકળ્યા. વણિક નિરાશ થઈને ઘર તરફ ચાલ્યો.

નીલકંઠ વર્ણીની ગતિ ઝડપી હતી - અંતર અને દોષો બંનેને કાપવાની !

ગુપ્તપ્રયાગમાં

શીમરથી નીકળી સીધા તુલસીશ્યામ પધાર્યા. ત્યાંથી ગુપ્તપ્રયાગ પધાર્યા. અહીં નૃસિંહજીનું પ્રાચીન મંદિર છે. તેની પાસે શેષશાયી બળદેવજીનું મંદિર છે. વલ્લભાચાર્યજીની બેઠક પણ અહીં છે. વળી, ગંગા, યમુના અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ તથા બ્રહ્મા, વિષ્ણુ અને શિવની સંજ્ઞાના કુંડો પણ છે. વર્ણીએ આ કુંડની ઉત્તર દિશામાં રાયણના એક ઝાડ નીચે પથ્થરની શિલા જોઈ. ત્યાં વિરામ કર્યો. અહીં સ્નાન કરવા આવતા મુમુક્ષુઓ તેમની ચમત્કારી મૂર્તિ જોઈ તેમની પાસે આવવા લાગ્યા. વર્ણી પણ તેમને ઉપદેશ દેવા લાગ્યા.

વર્ણી અહીં રહ્યા તેટલા દિવસ વડનગરા નાગર ભના પાઠકને ત્યાં જમવા જતા. વર્ણીની પ્રતિભાથી પાઠકજી આકર્ષાયા હતા. વર્ણીના ઉપદેશના શબ્દો તેના અંતરમાં ઊતરી ગયા હતા. તેને આ વર્ણી અસામાન્ય લાગ્યા. કુતૂહલથી તેણે એક દિવસ વર્ણીને પૂછ્યું : "બ્રહ્મચારીજી ! તમારું નામ શું ?"

બ્રહ્મચારી આ પ્રશ્નથી હસ્યા. તેમણે કહ્યું : "અત્યાર સુધી રમાડ્યા, જમાડ્યા અને હવે નામ પૂછો છો ? ઓળખીને સંગ કરવો જોઈએ ને !"

પરંતુ પાઠકજી પણ કાંઈ ભોળા ન હતા. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! અંતરની આંખે તો ઓળખી લીધા છે, પણ ભવિષ્યમાં કોઈ મને પૂછે કે તમે કોને સેવ્યા છે તો મારે શું કહેવું ?"

આ સાંભળી નીલકંઠ વર્ણીની આંખ ઝીણી થઈ. તેમણે પણ ભવિષ્યનો વિચાર કર્યો : 'નીલકંઠ વર્ણીના નામે તો મને બહુ જ ઓછા ઓળખશે.' તેથી તેમણે કહ્યું : "મારું નામ સહજાનંદ ! મને ભવિષ્યમાં આ જ નામે લોકો ઓળખશે." પાઠકજીને આ નામ સાંભળીને જ આનંદ થઈ ગયો !

શેષશાયીના મંદિરના મહંત નૃસિંહાનંદ સાથે વર્ણીને સારું ફાવી ગયું હતું. તે તેમને જમાડતો ત્યારે વર્ણી તેને યોગની વાતો કરતા. આવું સુંદર તીર્થસ્થાન, પાણીના કુંડ જોઈને તેમને નૃસિંહાનંદજીએ તરત જ કહ્યું : "બ્રહ્મચારીજી ! જગ્યા તો સુંદર છે પણ ઉનાળે પાણી પાતાળે ચાલ્યાં જાય છે. ચૈત્ર-વૈશાખના

ધોમ તાપમાં અહીં તો વેકરો તપે છે.''

યાત્રાના સ્થાનમાં પાણી ન હોય તો યાત્રિકોને તકલીફ પડે. તે વિચારી વર્ણીએ તરત જ કહ્યું : ''મહંતજી ! અહીં હવે ઉનાળામાં પણ ઘણું પાણી રહેશે.''

વર્ણી આ સ્થાનમાં દોઢ માસ રહ્યા. પછી ત્યાંથી ઊના પધાર્યા. ઊનાની પશ્ચિમે એક વાવ હતી. તેમાં તેમણે સ્નાન કર્યું. ત્યાંના હંસરાજ શેઠ અને ગણેશ શેઠે ભાવથી તેમની સેવા કરી. ગામના લોકોનો આસ્તિક ભાવ જોઈ વર્ણીએ પોતાની દિવ્યતાનાં તેમને દર્શન કરાવ્યાં. ત્યાં કોઈકને તેમના સ્વરૂપમાં વિરાટ સ્વરૂપનાં દર્શન થયાં, તો કોઈકને ચતુર્ભુજ વિષ્ણુનાં દર્શન થયાં. વળી, કોઈકને કૃષ્ણસ્વરૂપે પણ દેખાયા.

વર્ણી ઊનામાં ત્રણ દિવસ રહ્યા. ચોથે દિવસે વહેલી સવારે ત્યાંથી નીકળી ગયા. વર્ણી ઊના છોડી ચાલી નીકળ્યા છે તે જાણી ગામલોકોને ઘણું દુઃખ થયું. ઘણા તેમને મળવા માટે પાછળ ગયા પણ અગમની ગમ એમ કેમ પડે ?

વર્ણી ઊનાથી નીકળી ગામ ડોળાહે પહોંચી ગયા. અહીં એક ભરવાડના નેસમાં ઊતર્યા. ભરવાડે ભાવથી સીધા-સામગ્રી આપી પણ વર્ણીએ તે ન લીધી. ફક્ત દૂધ જ માગ્યું.

રાત્રે ભરવાડના ગુરુ ત્યાં આવ્યા. વર્ણી તેની સાથે ભજનમાં ભળી ગયા. મંજીરા અને મૃદંગના અવાજે નેસ ગાજી ઊઠ્યો. મોડી રાત્રે સૌ સૂતા. વર્ણી અને બાવાજી પાસે જ સૂતા હતા. બાવાજી પથારીમાં પડખાં ફેરવતાં 'હે રામ !' એમ સહજભાવે બોલતા અને વર્ણી સહજભાવે 'હં' એમ હોંકારો દેતા. આમ, ત્રણ-ચાર વખત વર્ણીએ 'હં' કહ્યું એટલે બાવાજી ખાટલામાં બેઠા થઈ ગયા. તેણે વર્ણીને પૂછ્યું : ''તમે હોંકારો ઘો છો તે તમે રામ છો ?''

વર્ણી હસ્યા. તેમણે કહ્યું : ''જે રામ હોય તે જ હોંકારો ઘે ને !'' અને એટલામાં તો બાવાજીને વર્ણીના સ્વરૂપમાં ધનુર્ધારી રઘુનંદનનાં દર્શન થયાં. બાવાજી આસ્તિક બુદ્ધિવાળા હતા તેથી આ દર્શનથી તેમને વર્ણીના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. વહેલી સવારે ઊઠી વર્ણી ત્યાંથી લોઢવા પહોંચી ગયા.

લોઢવામાં લખુ ચારણને ત્યાં નીલકંઠ વર્ણી

લોઢવામાં વર્ણીરાટ લખુ ચારણને ત્યાં ગયા. અંતર્યામીને કાંઈ ગોતવાનું કે પૂછવાનું હોય જ નહિ. તે તો મુમુક્ષુઓની પાછળ પાછળ ભમતા જ હોય.

લખુ ચારણ આત્માનંદ સ્વામીનાં શિષ્યા હતાં. આત્માનંદ સ્વામીએ

પ્રતિપાદન કરેલા અદ્વૈત મતમાં તેને પ્રતીતિ હતી. રામાનંદ સ્વામી આત્માનંદ સ્વામીના શિષ્ય હતા. પરંતુ તેમનો નિરાકારવાદ તેમને રુચ્યો નહિ તેથી ગુરુનો ત્યાગ કરી તેઓ શ્રીરંગક્ષેત્રમાં ગયા. અહીં રામાનુજાચાર્યે તેમને સ્વપ્નમાં ભાગવતી દીક્ષા આપી અને યોગ્ય સ્થળે જઈ ભાગવત ધર્મનું પ્રસારણ કરવાની આજ્ઞા આપી.

પછી રામાનંદ સ્વામી સોરઠમાં પધાર્યા ત્યારે આત્માનંદ સ્વામીએ તેમનો અંતસમય નજીક આવતો હતો તેથી તેમને બોલાવ્યા. રામાનંદ સ્વામી એ સાચા સદ્‌ગુરુ છે એવી તેમને પ્રતીતિ થઈ. તેમણે તેમના તમામ શિષ્યોને રામાનંદ સ્વામીનું ગુરુપદ સ્વીકારવાની આજ્ઞા કરી. સર્વેએ એ આજ્ઞા શિરોમાન્ય કરી. ફક્ત લખુ ચારણે રામાનંદ સ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા નહિ. રામાનંદ સ્વામીએ તેને અદ્વૈત મત મૂકી દેવા સમજાવ્યું પરંતુ તેણે તે ન માન્યું. રામાનંદ સ્વામીએ છેવટે તેને વિમુખ કરી.

તપ અને જ્ઞાનના બળે લખુમાં પરીક્ષકબુદ્ધિ વિકસી હતી તેથી વર્ણીને જોતાં જ તેને થયું કે આ તો સનકાદિક જેવા મોટા તપસ્વી લાગે છે. તેણે પ્રેમથી તેમને પોતાને ઘેર રાખ્યા. આત્માનંદ સ્વામીના શિષ્ય વિપ્ર વિઠ્ઠલ અને તેના પુત્ર બંનેએ દીક્ષા લીધી હતી. એ બંને આત્માનંદ સ્વામીની આજ્ઞાથી વિઠ્ઠલાનંદ અને બાલાનંદ નામ ધારણ કરી લખુ ચારણને ઘેર સેવા કરવા રહ્યા હતા.

વિઠ્ઠલાનંદ વર્ણીને રોજ રસોઈ કરી જમાડતા. લખુ ભેંસોનાં દૂધની મલાઈ કાઢી, તેમાં સાકર ભેળવી વર્ણીને રોજ આપતી. વર્ણી પ્રેમથી મલાઈ અને મિસરી આરોગતા. વાતવાતમાં વર્ણી યુક્તિપૂર્વક અદ્વૈત મતનું ખંડન કરી વિશિષ્ટાદ્વૈત મતની સત્યતા સમજાવતા. વર્ણીની વાતમાં લખુને વિશ્વાસ આવ્યો. તેણે અદ્વૈત મત છોડ્યો અને વિશિષ્ટાદ્વૈત મત સ્વીકાર્યો. પરમાત્માના સાકાર સ્વરૂપની તેને પ્રતીતિ થઈ અને એ પરમાત્મા વર્ણીસ્વરૂપ પોતાને ઘેર પધાર્યા છે એ નિશ્ચય દૃઢ થયો.

વર્ણીનું કામ પૂરું થયું. ત્રણ મહિના લખુને ત્યાં રહ્યા. પછી તેમણે રજા માગી. લખુને કહ્યું : "તેં મારી બહુ સેવા કરી છે તો કાંઈક વરદાન માગ."

લખુએ કહ્યું : "મહારાજ ! રાજી થયા હો તો આ મારો વીરો દીકરો અને આ ભેંસું અવિચળ રહે."

વર્ણી આ સાંભળી હસવા લાગ્યા. વર્ણીએ ફરી માગવાનું કહ્યું પણ લખુએ એ જ માગ્યું. વર્ણીએ કહ્યું : "લખુ ! તારા અદ્વૈત મતમાં તો બધું મિથ્યા ગણાય

છે, તો વીરો દીકરો અને ભેંસું મિથ્યા નહિ ?''

લખુ ચારણ આ સાંભળી વિચારમાં પડી ગઈ. જ્ઞાનનું લક્ષ્ય જીવન ન બને ત્યાં સુધી જ્ઞાન પણ કથનમાત્ર જ રહે છે. વાચ્યાર્થ જ્ઞાનીપંડિતો વાદના વિવાદમાં વાદોના વાડા રચે છે. લખુએ હાથ જોડ્યા અને કહ્યું : ''મહારાજ ! આપે મારા જ્ઞાનના અહંને આજે ઓગાળ્યો. આપ મને અવિચળ પદ આપો.''[૧૫૧]

વર્ણીએ 'તથાસ્તુ' કહ્યું. વર્ણી ત્યાંથી નીકળીને સીધા શ્રીકૃષ્ણની તિરોધાન ભૂમિ પ્રભાસપાટણ પધાર્યા.

સોરઠની પુણ્ય ભૂમિમાં

પ્રભાસપાટણમાં વર્ણી ત્રણ રાત્રિ રહ્યા. હીરણ, સરસ્વતી અને મધુવંતી નદીના ત્રિવેણી સંગમમાં નીલકંઠ વર્ણી સ્નાન કરતા. સાગરતટે જ્યાં સદાવ્રત હતું, ત્યાં જઈ ભિક્ષાન્ન જમી લેતા.

અહીંથી નીલકંઠ વર્ણી પ્રભાસપાટણની પૂર્વ દિશામાં પધાર્યા. અહીં ભલકા તળાવડીને કાંઠે પીપળાનું વૃક્ષ છે ત્યાં શ્રીકૃષ્ણે દેહત્યાગ કર્યો હતો. જગન્નિયંતા ભગવાને પણ ન્યાયની રક્ષા માટે પારધીરૂપે આવેલા વાલીનું બાણ અંગીકાર કર્યું. નીલકંઠ વર્ણી અહીં એ જ વૃક્ષ નીચે ડાબા પગ ઉપર જમણો પગ રાખી પોઢ્યા. પારધીને બદલે ત્યાં તે સમયે વિપ્ર આવ્યો. તિરોધાન થયેલા કૃષ્ણની પ્રાસાદિક ભૂમિનાં દર્શનની આશાએ આવેલા આ વિપ્રને એ જ પીપળાના વૃક્ષ નીચે શ્રીકૃષ્ણની અદાથી પોઢેલા આ પુરુષ અગમ્ય લાગ્યા. તે તેમને જગાડવાનો વિચાર કરતો હતો એટલામાં તેની નજર તેમના જમણા ચરણ ઉપર પડી. ચરણના કંકુવર્ણા તળામાં તેણે સુવર્ણાંકિત નવ ચિહ્નો : અષ્ટકોણ, ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ ને પદ્મ જોયાં. તેને સાક્ષાત્ મુરલી-મનોહરનાં દર્શન થયાં. પીળું પીતાંબર, આસમાની રંગનું ઉત્તરીય અને શિર ઉપર મુગટ ! તેણે આંખો ચોળી પણ નીલકંઠને આજે તેને પ્રતીતિ કરાવવી હતી કે મારાં જન્મ અને તિરોધાન તો કથનમાત્ર છે. ફરી તે સ્વરૂપ દેખાયું. ફરી તેણે આંખો ચોળી. એટલામાં વર્ણી ઊભા થયા. વિપ્રને ઢંઢોળ્યો : ''મહારાજ ! જાગો. જાગીને જોશો તો બ્રહ્મ દેખાશે.''

વિપ્રે વર્ણી તરફ જોયું. તેને તેમના શબ્દોનો મર્મ સમજાયો. તેણે હાથ જોડી દીધા : ''મહારાજ ! આજે આપે મને ન્યાલ કરી દીધો.''

---

૧૫૧. શ્રીહરિલીલામૃત; ૩-૨૪-૫૦, ૫૧.

"અમે જીવોને ન્યાલ કરવા જ પ્રગટ થયા છીએ. તેથી લોકો અમને ભવિષ્યમાં ન્યાલકરણ પણ કહેશે." વર્ણીએ હસતાં હસતાં કહ્યું.

વિપ્રને જ્ઞાન લાધ્યું પણ તેને ઘૂંટીને અંતરમાં સ્થિર કરવાની જરૂર હતી. વર્ણી વિપ્રને આટલો સંકેત કરી ત્યાંથી ચાલી નીકળ્યા.

નીલકંઠ વર્ણી ત્યાંથી પાટણ પધાર્યા. થોડી પળો રોકાઈને, વેરાવળ થઈને ભંડુરિયા પધાર્યા. અહીં એક લુહારની કોઢમાં ઊતર્યા. લુહારે પણ સેવાનો લાભ લીધો. ત્યાંથી પછી ચાલ્યા અને માળિયા થઈને શેરગઢ પધાર્યા. અહીં શીમાશીને ચોરે રાત રહ્યા અને સવારે નીકળી સીધા જૂનાગઢ પધાર્યા.

ગિરનારની સિદ્ધભૂમિમાં

રૈવતાચલને દૂરથી દર્શન દીધાં. પુરુષોત્તમના આ દિવ્ય આગમનની પ્રતીક્ષા કરતો રૈવતાચલ જાણે જુગોથી આ કઠિન તપશ્ચર્યા આદરીને શ્યામતાને પામી ગયો હતો. કૃષ્ણ ન મળ્યા પણ તેની શ્યામલતા મળી તેનો તેને આનંદ હતો. આજે સાક્ષાત્‌ પરમાત્મા તેને મળ્યા. શ્યામના રંગે રંગાયેલાને એ શ્યામલતા હરી લેતું ઉષાનું અજવાળું ખપતું ન હતું. પોતાનાં રોમરૂપી વૃક્ષોથી તેનો તેણે અવરોધ કર્યો. વર્ણીએ તેનું ઉગ્ર તપ જોયું. તેને પોતાના પાદસ્પર્શથી પાવન કરવા પોતે તેની સમીપ જવા પ્રયાણ કર્યું.

વર્ણી દામોદર કુંડ પાસે આવ્યા. તેમાં તેમણે સ્નાન કર્યું. રેવતી કુંડમાં સ્નાન કર્યું. સાંજ પડી ગઈ હતી. આ.સં. ૧૮૫૬ના શ્રાવણનો ઝરમરિયો વરસાદ વરસતો હતો. નીલકંઠ વર્ણી દામોદરજીનાં દર્શન કરવા પધાર્યા. વર્ણીને દર્શનમાં તન્મય જોઈ પૂજારીને તેમના પ્રત્યે ભક્તિભાવ ઊપજ્યો. તેઓ નેત્ર ખોલે તેની રાહ જોતો પૂજારી ત્યાં જ ઊભો રહ્યો. થોડી વારે નીલકંઠ વર્ણીએ નેત્રો ખોલ્યાં. આંખોમાં આંસુ હતાં. પૂજારી પાસે આવ્યો. તેણે હાથ જોડી કહ્યું : "બ્રહ્મચારી ! ક્યાં ઊતર્યા છો ?"

"ભગવાને પૃથ્વીનો આ સારો પટ આપ્યો છે." વર્ણીએ ખુમારીમાં કહ્યું.

પણ પૂજારી વર્ણીને એમ છોડે તેમ ન હતો. તેણે ફરી કહ્યું : "બ્રહ્મચારીજી ! તમે પરદેશી જણાઓ છો. આ તો ગિરની ભૂમિ છે. વાઘ, દીપડા, સિંહ, માણસખાઉ અઘોરીઓ અહીં વસે છે. ભલભલાનાં પાણી અહીં ઊતરી ગયાં છે. માટે જો કોઈ જગ્યાએ ઉતારો ન કર્યો હોય તો અહીં રાત રહો."

વર્ણીને આ શબ્દોની અસર ન થઈ. તેણે કહ્યું : "આજે તો વનમાં જ

રાત રહેશું. માણસમાં જો સત્ હોય તો આવા રાની પશુમાં પણ સત્ પ્રગટે છે.'' એટલું કહી ત્યાંથી ચાલી નીકળ્યા.

મુચકુંદ રાજાને જે સ્થળે કૃષ્ણદર્શન થયાં હતાં તે પુનિત જગ્યામાં પોતે પધાર્યા. ત્યાં થોડો સમય રોકાઈ તેની પશ્ચિમે એક ખંડેર દેરીમાં આવી ત્યાં રાતવાસો કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

મૃગચર્મ પાથરીને વર્ણી ધ્યાનસ્થ સ્થિતમાં બેઠા. ધીરે ધીરે રાત જામતી હતી. તમરાં બોલતાં હતાં. ક્યારેક ક્યારેક સિંહની ડણક પણ સંભળાતી હતી. તે વખતે તો ગિરનારના પથ્થરો ધ્રૂજી ઊઠતા. દેરીની બાજુમાં આવીને રાની પશુઓ ઘૂરકીને ચાલ્યાં જતાં, પણ અંદર કોઈ આવતું નહિ. માનવીની ગંધમાત્રથી વિકરાળ બની જતાં આ પશુઓને આ દેરીમાં માનવીની ગંધ ન આવી ! હિંસાના ભાવને ઓગાળી દેતા વર્ણીના પંડના રજકણો આજે બધે પ્રસરી રહ્યા હતા.

એટલામાં એક સિંહ[૧૫૨] ત્યાં આવીને વર્ણીની સન્મુખ બેસી ગયો. ધીરે ધીરે મોંસૂઝણું થયું અને લોકોની અવરજવર ત્યાં વધવા લાગી. સૌએ જોયું કે દેરીમાં એક કિશોર તપસ્વી બેઠા છે અને તેમની સમક્ષ વિકરાળ સિંહ બેઠો છે. કોઈ ઝાડ ઉપરથી, તો કોઈ દૂર દૂરથી વર્ણીને જગાડવા હોંકારા કરવા લાગ્યા. વર્ણીએ સિંહની સન્મુખ જોયું અને સાન કરી એટલે તે તરત જ ઊભો થઈ વર્ણીની પ્રદક્ષિણા કરી ગિરની ઝાડીમાં અદશ્ય થઈ ગયો ! આ ચમત્કાર દામોદરજીના પૂજારીએ જોયો. તેને લાગ્યું કે બ્રહ્મચારીના સત્થી પશુમાં સત્ પ્રગટ્યું. હિંસક પ્રાણી અહિંસક બની ગયું !

તે ધીરે ધીરે વર્ણીની પાસે આવ્યો. વર્ણી તેને જોઈ હસ્યા. તેણે વર્ણીનો પાદસ્પર્શ કર્યો. પછી હાથ જોડી કહ્યું : ''દયાળુ ! આપનું સત્ સાચું. મેં પ્રત્યક્ષ જોયું. આપ હવે દયા કરી મંદિરે પધારો તો મને સેવાનો લાભ મળે.''

તેની ભાવના જોઈ નીલકંઠ વર્ણી રીઝ્યા. તેની સાથે દામોદરજીને મંદિરે પધાર્યા. વર્ણી અહીં ત્રણ રાત રહ્યા. પૂજારી જે પ્રકારે દામોદરલાલજીની પૂજા કરતો હતો તે જ ભાવનાથી તેણે વર્ણીની સેવા કરી. વર્ણી તેની ભાવભક્તિથી પ્રસન્ન થયા અને તેને સેવાનું ફળ આપ્યું. સાક્ષાત્ દામોદરસ્વરૂપે તેને દર્શન દીધાં. પૂજારી કૃતાર્થ થઈ ગયો.

પછી વર્ણી ત્યાંથી નીકળી ભવેશ્વર આવ્યા. ત્યાંથી ગિરનારની તળેટીમાં

---

૧૫૨. શ્રીહરિલીલામૃત(૩-૨૫-૭)માં વાઘનો ઉલ્લેખ છે પરંતુ ગિરપ્રદેશમાં સિંહ વિશેષ હોય છે. વાઘ આ જંગલમાં હોતા નથી.

ચડાણની વાવે પધાર્યા. અહીં પાણી પીધું. રૈવતાચલ ઉપર દૃષ્ટિ કરી અને પોતાના પાદપદ્મથી તેને પવિત્ર કરવા ઉપર ચડવા લાગ્યા.

સં. ૧૮૫૬ના શ્રાવણની અજવાળી દસમનો શુભ દિવસ હતો. ગિરિ ઉપરનાં વૃક્ષો, ફૂલો, નીલકંઠ વર્ણીના માર્ગ પર પથરાવા લાગ્યાં. ગિરિની પીઠ રુક્ષ હતી. વર્ણીનાં ચરણકમળ કોમળ હતાં. વર્ણી તેની આ સેવાથી પ્રસન્ન થઈ ગયા. રૈવતાચલની સમગ્ર વનરાજી આજે ભક્તિવિભોર બની ગઈ હતી.

નીલકંઠ વર્ણી ઉપર ચડ્યા અને ગૌમુખી ગંગા આવી. અહીં સ્નાન કરવાની ઇચ્છા કરી, પણ ત્યાં રહેતા બાવાઓએ તેમને રોક્યા. વર્ણીએ કહ્યું : "આ તીર્થ યાત્રિકો માટે છે. તમે શા સારું નાહવાની મનાઈ કરો છો ?"

"અમારી મરજી." બાવાઓએ એટલું જ કહ્યું. વર્ણીએ વામનસ્વરૂપ ધારણ કર્યું. બાવાઓ દિઙ્મૂઢ બની ગયા ! વર્ણીના પગમાં પડ્યા. પછી વર્ણીએ ગૌમુખી ગંગામાં સ્નાન કર્યું. નિત્યવિધિ કરી ત્યાંથી ચાલવા લાગ્યા. એટલે બધા બાવા આડા ફર્યા. તેમણે કહ્યું : "બ્રહ્મચારીજી ! તમે આહીં જ રહો. અમને તમારા સ્વરૂપનું જ્ઞાન કરાવીને હવે ક્યાં જાઓ છો ?"

"એ કાંઈ જ્ઞાન થયું કહેવાય નહિ. એ તો દર્શન થયું કહેવાય. જ્ઞાન તો આ સ્વરૂપને હૈયામાં ધારી, આ અડબંગાઈ છોડશો અને સાધુતા ગ્રહણ કરશો ત્યારે થશે." વર્ણીએ ધીરે રહીને કહ્યું.

બાવાઓ આ સાંભળી વિચારમાં પડી ગયા. સ્વભાવ છોડ્યા સિવાય સાધુતા ન આવે. વર્ણીના પગમાં તેઓ પડી ગયા.

"આપ આશીર્વાદ આપો તો તેવા થવાય !" તેમણે કહ્યું.

"અમારા આશીર્વાદ અને તમારો પુરુષપ્રયત્ન બંનેનો મેળ ખાય ત્યારે તેવા થવાશે. માટે જે હેતુસર સંસાર છોડ્યો છે તે વિચારીને એ માર્ગે ચાલવા માંડો." એટલું કહીને તેઓ ચાલી નીકળ્યા.

નીલકંઠ વર્ણી ઉપર ચડવા લાગ્યા. દત્તાત્રેયની ટૂકે આવ્યા. અહીં પગલાંનાં દર્શન કર્યાં. સારા સોરઠ ઉપર ત્યાંથી દૃષ્ટિ કરી. પછી નીચે ઊતરવાનો વિચાર કર્યો. એટલામાં એક તપસ્વી ઉપર તેમની દૃષ્ટિ પડી. તપસ્વીએ પણ તપના પ્રભાવથી આ બ્રહ્મચારીની કાંતિ પારખી લીધી. નીલકંઠ મહાપ્રભુએ તપસ્વીના ખભા ઉપર હાથ મૂકી પૂછ્યું : "કેટલાં વરસથી આપ અહીં તપ કરો છો ?"

"બાર વરસથી." તપસ્વીએ ટૂંકો જવાબ દીધો. તેને વિશેષ બ્રહ્મચારી પાસેથી જ સાંભળવું હતું.

"શી ઇચ્છાથી તપ કરો છો ?" વર્ણીએ ફરી પૂછ્યું.

"ઇચ્છા તો દત્તપ્રભુનાં દર્શન કરવાની છે." એટલું કહી તપસ્વી વર્ણી તરફ એકદૃષ્ટિએ જોઈ રહ્યા. એટલામાં વર્ણીનું સ્વરૂપ બદલાયું. ગુરુ દત્તનાં સાક્ષાત્ દર્શન તપસ્વીને વર્ણી મહાપ્રભુમાં થયાં. તપસ્વી પગમાં પડી ગયો.

વર્ણીએ કહ્યું : "આ મૂર્તિ અંતરમાં ઉતારી દેજો. અક્ષરધામની પ્રાપ્તિ થશે." તપસ્વીના અંતરમાં મૂર્તિ ઊતરી ગઈ. તેણે ફરી અંતરમાં જોયું તો હૃદયાવકાશમાં વ્યાપેલા દિવ્ય તેજમાં તેને વર્ણીની મૂર્તિ અતિ તેજોમય દેખાણી. તે કૃતકૃત્ય થઈ ગયો.

નીલકંઠ વર્ણી નીચે ઊતરવા લાગ્યા. વર્ણી નીચે ઊતરીને સીધા ગોધાવાવ પાસે ધર્મદાસની જે જગ્યા છે ત્યાં પધાર્યા. ત્યાં તે સમયે બ્રહ્મભોજન થતું હતું. નીલકંઠ વર્ણી પણ ત્યાં બેસી ગયા, પણ આસુરી બુદ્ધિવાળા વેરાગીઓએ તેમને ઉઠાડ્યા. વર્ણી એક જગ્યાએથી ઊઠીને બીજી જગ્યાએ જઈ બેઠા. ત્યાંથી પણ તરત ઉઠાડ્યા. એમ સાત જગ્યાએ ફરતાં ફરતાં બેઠા, પણ તેમને જમવા દીધા નહિ.

પછી વર્ણીરાટ ત્યાંથી નીકળી હાટકેશના મંદિરે આવ્યા. અહીં દર્શન કરવા આવતા એક નાગરે નીલકંઠ વર્ણીનું કાંતિમય સ્વરૂપ નિહાળ્યું. હાટકેશના મંદિરમાં ઘણા તપસ્વીઓ, બાવાઓ, અતીતો આવતા; પણ તે સૌમાં વર્ણી તેને કાંઈક નોખા લાગ્યા. તે શિવજીનાં દર્શન કરી તેમની પાસે આવ્યો. નીલકંઠ વર્ણીએ તેની મુમુક્ષુતા પિછાણી. નાગર ભક્તે પણ તેમનામાં પરમાત્મતત્ત્વ પિછાણ્યું. તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારી ઇચ્છા આપને ભોજન કરાવવાની છે. આપ અંગીકાર કરશો ?"

નાગર બ્રાહ્મણની આ વાણીની મીઠાશ, તેનો વિવેક નીલકંઠ વર્ણીને ગમ્યાં. બ્રાહ્મણોમાં જ્ઞાન હોય પણ તેની સાથે વાણીની મીઠાશ અને વિવેકનો સમન્વય ભાગ્યે જ હોય ! વર્ણીએ તરત જ કહ્યું : "જે લાવશો તે જમીશું."

નાગર બ્રાહ્મણ તરત જ ઘેર ગયો. શીરો-પૂરી બનાવી થોડી વારમાં તો તે હાટકેશના મંદિરમાં આવી ગયો. નીલકંઠ વર્ણીએ બાલમુકુન્દને થાળ ધરાવ્યો અને પ્રસાદીરૂપ અલ્પ જમ્યા. નાગર બહુ ચિકિત્સક હતો. તેણે તે વખતે જ જાણ્યું હતું કે ધર્મદાસની જગ્યામાં આ વર્ણીને વેરાગીઓએ જમવા દીધા ન હતા. ભૂખ્યા બ્રહ્મચારી આવું સુંદર ભોજન મળ્યું છતાં અલ્પ જમ્યા ! તેણે હાથ જોડી કહ્યું : "બ્રહ્મચારીજી ! આપ કાંઈ જ ન જમ્યા !"

"જમવું એ ફક્ત પ્રાણના પોષણ માટેની ક્રિયા છે. ઇન્દ્રિયોની પુષ્ટિ

માટેનો ભોગ નથી. તપસ્વીને ભોગ ખપે નહિ." વર્ણીએ ટૂંકમાં કહ્યું.

નાગર ભક્તને થયું કે આજે શિવજીની ભક્તિ ફળી. તે વર્ણીના સ્વરૂપમાં ખોવાઈ ગયો. ઘેર ગયો પણ અંતરમાં એ જ આલોચના રહી. રાત્રે સ્વપ્નમાં વર્ણીએ તેને શિવસ્વરૂપે દર્શન દીધાં.

વર્ણી હાટકેશમાં રાત રહી વહેલી સવારે ત્યાંથી નીકળી ગયા. પ્રભાત થતાં નીલકંઠ વર્ણી ભૂતનાથ મહાદેવ પહોંચી ગયા. ત્યાં શિવજીનાં દર્શન કર્યાં અને ત્યાંથી તરત જ ચાલી નીકળ્યા. ખેંગારવાવે થોડો વિશ્રામ કરી, જળ પીને ચાલ્યા અને વંથળી પહોંચી ગયા. અહીં સૂર્યકુંડમાં સ્નાન કર્યું. ત્યાં સદાવ્રત મળતું હતું તે લીધું અને જમ્યા. રાત ત્યાં જ રહ્યા. પાછલી ચાર ઘડી રાત રહી ત્યારે ત્યાંથી નીકળી પીપલાણા પહોંચ્યા.

પીપલાણામાં

અહીં ઉનેવાળ બ્રાહ્મણ નરસિંહ મહેતાના ઘરના આંગણામાં જઈને તેમણે 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ'ની આહ્‌લેક જગાવી. નરસિંહ મહેતા તે વખતે શાલિગ્રામને સ્નાન કરાવતા હતા. તેમનાં પત્ની પાણી ભરવા ગયાં હતાં. આહ્‌લેક સાંભળીને નાની પુત્રી બહાર આવી. કાન્તિમાન કિશોરને નિહાળી તે તરત જ બોલી : "બ્રહ્મચારીજી ! થોડી વાર ખમો તો ઊના ઊના રોટલા આપું."

પણ બ્રહ્મચારીને એવું સ્વાદિલું ભોજન ખપતું ન હતું. તેમણે કહ્યું : "જે તૈયાર હોય તે આપો." એમ કહીને ચાલી નીકળ્યા. જતાં જતાં તેમણે મહેતાના શાલિગ્રામ તરફ દૃષ્ટિ કરી એટલે શાલિગ્રામમાંથી તેજ નીકળ્યું. મહેતા આ આશ્ચર્ય જોઈ એકદમ ઊભા થઈ ગયા. બહાર આવી તેણે તેના પુત્ર કલ્યાણને પૂછ્યું : "અહીં હમણાં કોઈ આવ્યું હતું ?"

"હા, બાપા ! એક બ્રહ્મચારી આવ્યા હતા. તૈયાર અન્ન માગ્યું, પણ હતું નહિ એટલે હાલતા થયા." કલ્યાણજીએ કહ્યું.

મહેતાને આ ન રુચ્યું. તેમણે તરત જ કહ્યું : "અરે મૂરખ ! આંગણે આવેલા અન્નાર્થીને એમ તે કાંઈ જવા દેવાય ? જા, દોડ ઝટ અને ગોતીને પાછા લઈ આવ."

કલ્યાણજી દોડ્યો. ઓઝતને કાંઠે પહોંચેલા બ્રહ્મચારીને તેણે છેટેથી બૂમ મારી : "એ મહારાજ ! એ બ્રહ્મચારી ! પાછા વળો. બાપા બોલાવે છે."

બ્રહ્મચારીએ અવાજ સાંભળ્યો અને તે થંભ્યા. કલ્યાણજી દોડતો નજીક

આવી ગયો. તેણે બ્રહ્મચારીનો હાથ પકડી લીધો : "મહારાજ ! ઘેર પાછા હાલો."

તેનો ભાવ જોઈ વર્ણી પાછા વળ્યા. નરસિંહ મહેતાને ઘેર આવ્યા. મહેતાએ ભાવથી નમસ્કાર કરી આસન આપ્યું. પછી કહ્યું : "બ્રહ્મચારી ! થોડી વાર બેસો. રસોઈ તૈયાર કરી દઈએ."

પણ બ્રહ્મચારીને ઉતાવળ હતી. તેમણે કહ્યું : "જે તૈયાર હોય તે લાવો. તીરથ કરવા નીકળ્યા છીએ એટલે જમવા સારુ ખોટી નહિ થઈએ."

તેમની ઉતાવળ જોઈ નરસિંહ મહેતાએ કહ્યું : "રાત્રે ધાન પલાળ્યું છે તે આપો. બ્રહ્મચારી ખમશે નહિ."

પછી દૂધ ને જુવારનું ધાન આપ્યું. તે ચોળીને બ્રહ્મચારી જમવા લાગ્યા. મહેતાએ બ્રહ્મચારીને ધીરે રહીને પૂછ્યું : "બ્રહ્મચારી ! આ શરીરમાં નાડીઓ ઊપસી આવી છે, હાડકાં અને ચામડાં રહ્યાં છે, તે આવું ઉગ્ર તપ ભગવાન મેળવવા માટે કરો છો કે કાંઈ બીજો હેતુ છે ?"

"ભગવાન મેળવવા માટે જ તપ કરીએ છીએ." બ્રહ્મચારીએ ટૂંકમાં પતાવ્યું.

"તો તો મહારાજ ! રામાનંદ સ્વામી અમારા ગુરુ સાક્ષાત્ ભગવાન તુલ્ય છે. તેમને મળશો તો તપ ફળશે." નરસિંહ મહેતાએ ઉતાવળથી કહ્યું.[૧૫૩]

આ સાંભળી બ્રહ્મચારીએ જમતાં જમતાં ઊંચું જોયું. હાથમાં ગ્રાસ રહી ગયો અને તેમણે કુતૂહલથી પૂછ્યું : "એ રામાનંદ સ્વામી કોણ છે ?"

એટલામાં તો ત્યાં આજુબાજુની બાઈઓ પણ આવી ગઈ. સૌ એકદષ્ટિએ આ બાળબ્રહ્મચારીનાં દર્શન કરવા લાગી.

"રામાનંદ સ્વામી અમારા ગુરુ છે. તેમની આજ્ઞાએ અમે આ સદાવ્રત ચલાવીએ છીએ. તેમના સાધુ-હરિભક્તનું મંડળ મોટું છે. આજ કલ્યાણ તો તેમની પાસે જ છે, બીજે ઉધારો છે."

બ્રહ્મચારી ધાનના કૂચા નીચે નાખતા જતા અને જમતા જતા હતા. તેમણે કહ્યું : "અમે તેમને જરૂર મળીશું."

પછી થાળીમાં વધેલું દૂધ પી ગયા. તે જોઈ બાઈઓ બોલી : "બ્રહ્મચારી દેખાવમાં તો ભગવાન જેવા જણાય છે, પણ સ્વાદિયા બહુ છે."

---

૧૫૩. શ્રીહરિલીલામૃતમાં એવો ઉલ્લેખ છે કે ઓઝતને કાંઠે પહોંચી ગયેલા વર્ણીને પાછા બોલાવવા માટે નરસિંહ મહેતાના પુત્ર કલ્યાણજીએ નીલકંઠને આ વાત કહી. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨, તરંગ-૫૨માં માંગરોળ ગામે આણંદજી ભક્તે નીલકંઠને રામાનંદ સ્વામીનાં દર્શન માટે જવાનું કહેલું એવો ઉલ્લેખ છે.

બ્રહ્મચારી આ સાંભળી હસ્યા. તેમણે હસીને કહ્યું : "સ્વાદ તો આ મહેતાજીના ભાવમાં છે, બાકી અમારા મુખમાં તો કેવળ ભગવાન જ છે."

નરસિંહ મહેતા વર્ણી સામું એકદૃષ્ટિએ જોઈ રહ્યા હતા. તે વિચારમાં પડી ગયા : ભગવાન મેળવવા પોતે ગિરનાર ઉપર ગયા, ત્યાંની ગુફાઓમાં આથડ્યા, પરકમ્મા કરી, પણ ભગવાન ન ભેટ્યા એટલે શરીર પાડી નાખવાનો સંકલ્પ કર્યો. ત્યાં તેમને અંતરમાં પ્રેરણા થઈ. દેહ હશે તો કોઈક દહાડો ભગવાન મળશે. ખરેખરા ભક્ત હોઈશું તો ભગવાન ઘેર આવીને કમાડ ખખડાવશે. તે પાછા વળ્યા. એવામાં રામાનંદ સ્વામીનો તેમને યોગ થયો ત્યારે તેમને એમ જ લાગ્યું કે આ જ ભગવાન છે. એ વખતે જ રામાનંદ સ્વામીએ તેમને કહ્યું હતું : "મહેતા ! અમે તો ઉદ્ધવનો અવતાર છીએ, પરબ્રહ્મના સાક્ષાત્ અવતાર તો હવે અહીં આવશે અને તમને મળશે."

આજે વર્ણીનાં દર્શન કરતાં જ આ વચન તેમને સાંભરી આવ્યાં.[૧૫૪] તેમને લાગ્યું કે ખરેખર ભગવાન ઘેર પધાર્યા છે ! બાઈઓનું કહેવું સાચું હતું. બ્રહ્મચારી લાગે છે તો ભગવાન જેવા ! એટલામાં તેને બ્રહ્મચારીનું સ્વરૂપ બદલાતું દેખાયું. મહેતાજીને ચતુર્ભુજ વિષ્ણુસ્વરૂપે બ્રહ્મચારી દેખાયા. તેમના આનદનો પાર ન રહ્યો.

નીલકંઠ વર્ણી જમીને ઊઠ્યા. તેમણે મહેતાને ઢંઢોળ્યા. મહેતા જાગ્યા અને વર્ણીને જતા જોઈ સ્તુતિ કરી. વર્ણી કહે : "અમે ફરી આવશું."

મહેતા તેમને વળાવવા ગયા. ઓઝતને આરે આવ્યા ત્યાં મહેતાએ બીજો ચમત્કાર જોયો. બ્રહ્મચારી પુરુષોત્તમ સ્વરૂપે તેને દેખાયા. અનંત બ્રહ્માંડોના અધિપતિઓ આ પુરુષોત્તમ નારાયણની સ્તુતિ કરતા મહેતાને દેખાયા. પછી એ પુરુષોત્તમ સ્વરૂપમાંથી દસ અવતારો પ્રગટ્યા અને મહેતાને દર્શન દઈ એ સ્વરૂપમાં પાછા લીન થઈ ગયા. જાણે પરમાત્માનું દિવ્ય સુખ યુગોયુગ સુધી ભોગવ્યું હોય તેવી આનંદની ઊર્મિઓ મહેતાના મુખ ઉપર પ્રસરી રહી.

વર્ણી ઓઝત ઊતરીને સામે ગામ આખા પધાર્યા. આખાના પાદરમાં પૂર્વ દિશાએ આંબલીઓનું વન છે. ઘટાદાર આંબલીઓની વનરાઈમાં કોઈની નજર ન પડે તેમ આ મુનીશ બેઠા. આમ ગામમાં પણ ઘણા મુમુક્ષુઓ હતા, પણ આજ તેમને ઢંઢોળવા નથી એવું ધારીને તેઓ થોડો સમય ત્યાં રોકાઈને ત્યાંથી નીકળી મઢડા પધાર્યા.

---

૧૫૪. શ્રીહરિલીલામૃત; ૩-૨૫-૫૯.

જેઠા મેરને નૈષ્ઠિક વ્રતનું ફળ આપ્યું

અહીં વર્ણીરાટ સીધા જેઠા મેરને ઘેર ગયા. જેઠા મેર એ વખતે ફળિયામાં ખાટલો ઢાળીને બેઠા હતા. તેણે આંગણે તપસ્વીને જોયા એટલે તે એકદમ ઊભા થઈ ગયા અને ખડકીમાં આવી તપસ્વીને પગે લાગ્યા. પછી વિનય કરી કહ્યું : "મહારાજ ! છું તો મેર જાતિ, પણ આવ્યા છો તે આંગણું પાવન કરો. અમારા ગોર કે'તા કે અણતેડ્યા અતિથિ આવે ઈમાં ભગવાન ભાળવા."

મેરની મીઠી પણ સાચુકલી બોલી સાંભળી વર્ણી હસ્યા.

જેઠા મેરે વર્ણીને ફળિયાની સામે ઓસરીમાં આસન કરાવ્યું. પછી ગોરને બોલાવવા ગયા. મેરની સ્ત્રી વર્ણી માટે સીધું તૈયાર કરવામાં પડી. ગોર આવ્યા. મેરને ભગવાન ભાળવાની એંધાણી તેણે આપી હતી, પણ તેના અંતરમાં અત્યારે લાડુ હતા એટલે વર્ણીને છેટેથી નમસ્કાર કરી તે રસોઈ કરવામાં ગૂંથાયાં.

રસોઈ તૈયાર થઈ ગઈ એટલે નીલકંઠ વર્ણીએ બાલમુકુન્દને થાળ ધરાવ્યો અને પોતે થોડું જમ્યા. પ્રસાદી મેરને આપી દીધી. મેર દંપતી આજીવન બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતાં હતાં. તેથી તેમનું અંતર ચોખ્ખું હતું. તેમાં આ લોકની કોઈ વાસના ન હતી. કેવળ બ્રહ્મચર્યવ્રતના પ્રતાપે ભગવાન મળે એવી ઈચ્છા હતી. તેમને આજે ખરેખર ભગવાન મળ્યા. જેઠા મેર વર્ણીના સ્વરૂપમાં તન્મય બની ગયા હતા.

રાત્રે વર્ણીએ જેઠા મેરને ઉપદેશની વાતો કરી. અંતરમાં ધર્મનાં બીજ હતાં, મુમુક્ષુતા હતી તેથી જેઠા મેરને આ વાતો મીઠી લાગી. મોડી રાત્રે વર્ણી સૂતા. જેઠા મેર તથા તેનાં પત્ની સામેની ઓસરીમાં સૂતાં પરંતુ બંનેની દૃષ્ટિ વર્ણી ઉપર જ સ્થિર થઈ ગઈ હતી. એટલામાં તેની સ્ત્રીએ કહ્યું : "આ બ્રહ્મચારીનું મોઢું કેવું ઝગારા મારે છે ! વાણીમાં તો જાણે ફૂલ ઝરે છે. સાંભળ્યા જ કરીએ."

બંને એ પ્રમાણે વાતો કરતાં વર્ણીની મૂર્તિમાં સંલગ્ન થઈ ગયાં. એટલામાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવજીનાં તેમને દર્શન થયાં. ત્રણે દેવો વર્ણીના ચરણ સન્મુખ ઊભા રહી તેમની સ્તુતિ કરતા હતા. બંને પતિ-પત્ની અતિ આશ્ચર્ય પામ્યાં ! વર્ણી નક્કી ભગવાન છે તેવી તેમને પ્રતીતિ થઈ. સર્વ શક્તિઓ, સર્વ દેવો ત્યાં આવી ગયાં. અનેક ઉપચારોથી તેમણે વર્ણીની સેવા કરી. જેઠા મેર અને તેની પત્ની આશ્ચર્યવત્ આ ક્રિયા જોઈ રહ્યાં. ભગવાનના દિવ્ય સુખના આનંદમાં તે મગ્ન બની ગયાં. વર્ણીની કૃપાથી આ દિવ્ય સમાધિના આનંદનો તેઓ અનુભવ

કરી રહ્યાં હતાં. કયા પુણ્યે, કયા સત્કર્મે આ દિવ્ય સુખની પ્રાપ્તિ તેમને થઈ હતી તેના વિચારના વમળમાં પડવાની તેમને નવરાશ ન હતી. પણ વર્ણી જાણતા હતા કે કૃતયુગથી આ પતિ અને આ પત્નીએ ઘણા અવતાર ધર્યા હતા અને એ દરેક અવતારમાં આજ સુધી તેમણે અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું હતું.[૧૫૫]

વર્ણીરાટ સવારે વહેલા ઊઠ્યા અને જેઠા મેરને જગાડ્યા પછી હાથ જોડી કહ્યું : "મેર ! હવે અમને રજા આપો."

મેરની આંખમાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું : "પ્રભુ ! આપ આવ્યા તે અમારાં ભાગ્ય, આપ જાઓ તે અમારાં કમભાગ્ય !"

વર્ણીની આંખમાં પણ આંસુ આવી ગયાં. આખા ભારતમાં તેઓ ફર્યા હતા પણ આવો નિષ્કામ ભક્ત તેમણે દીઠો ન હતો. અરે ! મોટા મોટા દેવો, ઈશ્વરો અને ઋષિમુનિઓ ચ્યવન, પરાશર, સૌભરી વગેરે પણ કામનાં બાણથી વીંધાયા હતા અને તપભંગ થયા હતા. જે ધર્મ પ્રવર્તાવવા પોતે પ્રગટ થયા હતા તે આ જ ધર્મ હતો : બ્રહ્મચર્યપાલનનો. બ્રહ્મચર્યથી જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થઈ શકે. <u>यदिच्छन्तो ब्रह्मचर्यंचरन्ति</u> એ ગીતાવાક્ય બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિમાં બ્રહ્મચર્યને અનિવાર્ય માને છે. આજે જેઠા મેરને તે સહજ બની ગયું હતું. તેથી તો વર્ણી તેને દર્શન દેવા પધાર્યા હતા. હવે તેનાથી છૂટા પડતાં તેમની આંખો પણ ભીની થઈ ગઈ ! "ફરી વખત અમે આવીશું" એવું આશ્વાસન આપી તેઓ ત્યાંથી નીકળી ગયા.

માંગરોળમાં

મઢડેથી નીકળી નીલકંઠ વર્ણી સીધા માંગરોળ પધાર્યા. ગામ બહાર ડોસાવાવ ઉપર આસન કર્યું. એટલામાં ત્યાં ગામના વણિક ગોવર્ધન શેઠ આવ્યા. તેમણે વર્ણીને જોયા. તેને મનમાં થયું કે આજે ફોઈનું કારજ છે અને આ બ્રહ્મચારી સહેજે આવી ગયા છે, તો તેમને જમાડીએ. તેમણે તેમને પ્રણામ કર્યા અને હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! કાંઈ જમશો ?"

નીલકંઠ વર્ણીએ કહ્યું : "તૈયાર હોય તે લાવો."

એટલે ગોવર્ધન તરત જ ઘેર ગયો. સુખડી અને ગાંઠિયા લીધાં. વર્ણી પાસે આવીને તે આપ્યાં. વર્ણીએ બાલમુકુન્દને નૈવેદ્ય ધરાવ્યું અને થોડી સુખડી

---

૧૫૫. *'શ્રીજીમહારાજ મુખ એ વાત, મેં તો સાંભળી છે સાક્ષાત્.'*

– શ્રીહરિલીલામૃત; કળશ ૩, વિશ્રામ ૨૬-૧૦.

જમ્યા. થોડા ગાંઠિયા જમ્યા અને પ્રસાદી તેને આપી. પછી પૂછ્યું : "તમે આટલી જલદી ક્યાંથી લાવ્યા ?"

ગોવર્ધને કહ્યું : "મારી પૂતળી ફોઈનું આજે કારજ હતું એટલે તૈયાર હતી."

વર્ણી તે સાંભળી હસ્યા. પછી બોલ્યા : "તારી ફોઈ તો નરકમાં ગઈ છે."

આ સાંભળી ગોવર્ધનને આઘાત થયો. તેને આ તપસી જૂઠા લાગ્યા. રામાનંદ સ્વામીની શિષ્યા નરકમાં જાય ! તેણે કહ્યું : "મહારાજ ! શું ટાઢા-પહોરની હાંકો છો ? મારી ફોઈ તો રામાનંદ સ્વામીની ચેલી હતી, તે નરકમાં કેમ જાય ?"

વર્ણી ફરી હસ્યા. તેમણે કહ્યું : "ન મનાતું હોય તો જો." એમ કહી તેના તરફ દૃષ્ટિ કરી. ગોવર્ધનને સમાધિ થઈ. સમાધિમાં તેણે યમદ્વાર જોયું. તેમાં તેણે તેની પૂતળી ફોઈ જોઈ. ગોવર્ધનને જોઈ પૂતળીએ ધા નાખી : "એ ગોવર્ધન ! મને આહીંથી છોડાવ."

ગોવર્ધનને આશ્ચર્ય થયું ! તે જાગ્રત થયો અને વર્ણીને પૂછ્યું : "પ્રભુ ! શા પાપે મારી ફોઈની આ ગતિ થઈ ?"

નીલકંઠ વર્ણીએ ગોવર્ધનને સઘળી વાત કરી. ગુરુ રામાનંદ સ્વામીનું સોનું તેણે ઓળવ્યું હતું. સ્વામી પાસે પણ જૂઠું બોલી. તેથી તેની આ ગતિ થઈ. તમામ પાપ કરતા પણ ગુરુદ્રોહનું પાપ વજ્રલેપ થાય છે. ગોવર્ધનને સમજાયું. પૂતળીનો લોભી સ્વભાવ હતો તે તે જાણતો હતો. પણ તે લોભનો દોષ ગુરુ-ભક્તિમાં આટલો વિક્ષેપ કરશે તેવો તેને ખ્યાલ ન હતો. તેણે વિનંતી કરી : "પ્રભુ ! મારી ફોઈને નરકયાતનામાંથી છોડાવો."

ગોવર્ધને ભાવથી પોતાની સેવા કરી હતી એટલે તેનું વચન માનવું જ રહ્યું. વર્ણીએ ગોવર્ધનને ફરી સમાધિ કરાવી. તેમના સંકલ્પથી યમદૂતોના જોર પાસે ગોવર્ધનનું બળ વધી ગયું. અક્ષરમુક્તોએ સહાય કરી અને પૂતળીને જમ-પાશમાંથી છોડાવી.

વર્ણીએ ગોવર્ધનને કહ્યું : "હવે તારી ફોઈ બદરિકાશ્રમમાં ગઈ. ત્યાં પાપનું પ્રાયશ્ચિત્ત તપથી કરી સત્સંગમાં જન્મ લેશે. પછી તેનો મોક્ષ થશે."

✧

નીલકંઠ વર્ણીની પદયાત્રાનો હવે અંત આવતો હતો. સમગ્ર ભારતનાં તીર્થોમાં સાત વર્ષ, એક માસ, અગિયાર દિવસ સુધી તેઓ ફર્યા. મોટા મોટા મહંતોને, મઠાધિપતિઓને મળ્યા, તેમના જીવન-આચાર અને મત જાણ્યા. કોઈ

ઈશ્વરનો ઇન્કાર કરતા તો કોઈ ઇન્સાનિયતને જંગાલિયતમાં ફેરવી દેતા; કોઈ ધન, સ્ત્રી કે અન્ય વિષયોમાં લોલુપતા રાખતા; કોઈ ધૂણી ધખાવીને ચલમ અને ગાંજાની મસ્તીમાં મસ્ત રહેતા. એવા અનેક પ્રકારના બાવાઓને તેમણે જોયા, પણ સાધુતાનો પરાગ તેમને ક્યાંય ન મળ્યો. યાંત્રિક અને માંત્રિક બાવાઓ મળ્યા, મલિનવિદ્યાના સિદ્ધો મળ્યા, તેમના અભિચાર-પ્રયોગ જોયા; પણ શુદ્ધ બ્રાહ્મીસ્થિતિ સિદ્ધ કરાવી પ્રભુપંથે લઈ જાય એવા તેમણે કોઈ ન જોયા. તેમને એવા સાધુ ખપતા હતા. એવા ન હોય તો એવી માટીમાંથી ઉત્પન્ન કરવા હતા જે મદ્ય, માંસ અને મૈથુનનો નિષેધ કરે; હિંસક મતોનો પ્રતિકાર કરે; નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ - આ પંચવ્રતોનો આદર કરે; તેનું આચરણ પ્રવર્તાવે; જીવમાં સાચી સાધુતાનું ગૌરવ કરે અને એવી સાધુતા સિદ્ધ કરી પરમાત્માનું ભજન કરે અને કરાવે. એવી સંસ્કારી ભૂમિની, એવા સંસ્કારી આત્માઓની તેઓ શોધમાં હતા. એ શોધનો હવે અંત આવ્યો. એવા આત્માઓની ભેટ હવે અહીં સુલભ બનવાની હતી.

વર્ણીરાટ માંગરોળથી નીકળી આ.સં. ૧૮૫૬ના શ્રાવણ વદ છઠને દિવસે લોજપુર પધાર્યા.

ઉદ્‌ગીથ ૧૬



તીર્થરાજ લોજપુરમા

(આ.સં. ૧૮૫૬, ઈ.સ. ૧૮૦૦)

વર્ણીની યાત્રાની પૂર્ણાહુતિ

ભારતના વિશાળ પ્રદેશમાં સૌરાષ્ટ્રના એક કાંઠા ઉપર આવેલું નાનકડું લોજપુર એક બિંદુ સમાન પણ ન ગણાય. છતાં તેની ભૂમિનાં અતિશય પુણ્યના પ્રતાપે તે ધરતીને પૂર્ણ પુરુષોત્તમ નારાયણે પોતાનાં ચરણારવિંદથી પવિત્ર બનાવી. પોતાની મોક્ષપ્રદ લીલાનો તેમણે આ દિવ્ય સ્થાનમાંથી જ વિસ્તાર કર્યો. ભારતના કોઈ પણ પ્રદેશમાં કે યાત્રાધામમાં નીલકંઠ વર્ણી ન ટક્યા, પણ આ ભૂમિએ તેમને આકર્ષ્યા. કોઈ જાણે તેમને સાદ કરતું હોય, આવકારતું હોય તેમ નીલકંઠ મહાપ્રભુએ માંગરોળથી આ દિશામાં પગલાં માંડ્યાં. પોતાની યાત્રાની આ પ્રકારની યોજનામાં જ નીલકંઠ વર્ણીનું ઐશ્વર્ય કહો કે આર્ષદૃષ્ટિ કહો તે જણાઈ આવે છે. અગિયાર વર્ષના નાનકડા કિશોરે યોજનાબદ્ધ પ્રવાસ શરૂ કર્યો, કઠિનાઈઓ તેમને રોકી શકી નહિ, મઠાધિપતિ બનવાનાં કે રાજવી બનવાનાં રાજાઓનાં બંધનોને તેમણે ઠોકરે માર્યાં. ભાગવત ધર્મના પ્રસારણ માટે નિમિત્ત બનેલું આ નાનકડું લોજપુર તેમના કેન્દ્રસ્થાને હતું. તેથી તેમને લોજ આવવું હતું. અહીં જે ગુરુ હતા તે તેમની વાટ જોતા હતા. અહીં જે સાધુઓ હતા તે તેમના સંદેશાને ઝીલી શકે તેવા હતા. ભોળા પણ પવિત્ર દિલના માણસો અહીં વસતા હતા. અહીં તેમને જે જોઈતું હતું તે બધું જ હતું, જે બીજે ક્યાંય ન હતું. નીલકંઠ વર્ણીનું મન આ ભૂમિમાં પગ દેતાં ઠર્યું.

જ્યારે નીલકંઠ વર્ણીએ લોજપુરની ધરતી ઉપર પગ મૂક્યો, ત્યારે ઉષાનાં અજવાળાં ધરતી ઉપર ધીરે ધીરે પથરાતાં હતાં. આષાઢી મેઘને પીને ધરતી તૃપ્ત થઈ ગઈ હતી. તેના પેટાળમાં રહેલા રસકસને વલોવીને ખેતરો અને વાડીઓ લીલાછમ બની ગયાં હતા. શ્રાવણનાં સરવડાં તે ઊભા મોલને -

જુવારને, લીલાછમ બાજરાના છોડને - ઊંટ પણ ન આંબે એવા ઊંચેરા કરવા ધીમી બુંદે વરસી રહ્યાં હતાં. ગામને ગોંદરે ગાયનું ધણ નિરાંત કરીને બેઠું હતું. મીઠી નીંદરમાંથી જાગીને પનિહારીઓ માથે તાંબાની હેલ્યું લઈને વાવમાં પાણી ભરવા જતી હતી. એવે સમયે નીલકંઠ વર્ણી વાવ્યમાં સ્નાન કરી, નિત્ય-વિધિથી પરવારી સ્વસ્તિક આસને ધ્યાનમગ્ન બની તે વાવના કાંઠા ઉપર વડ નીચે મોટી શિલા ઉપર બેઠા હતા.

પનિહારીઓની નજર એકાએક નીલકંઠ વર્ણી ઉપર પડી અને જાણે ધરતી સાથે તેમના પગ ચોંટી ગયા હોય તેમ તે બધી ત્યાં જ સ્થિર થઈ ગઈ. આટલી કૃશ કાયા છતાં આવું દેદીપ્યમાન મુખારવિંદ ! અંતરના ભાવોને જગાડતી, આકર્ષતી, આ મોહકતા, આ તપસ્વીમાં ક્યાંથી ? લાજના છેડાને સંકોરીને નીલકંઠ વર્ણીને નીરખી નીરખીને જોતી આ પનિહારીઓ આ મોહક કિશોરના વૈરાગ્યથી દ્રવી ગઈ. તેમને થયું કે કાં ભાભીએ મેણું માર્યું હશે કે કાં સ્વજનથી રિસાઈને ઘેરથી નીકળી ગયા હશે ! મા પણ કેવી કઠોર હશે કે આ કિશોરને વૈરાગ્યને પંથે વળાવ્યો ! ધીરે ધીરે બધી પનિહારીઓ નીલકંઠ વર્ણી સમક્ષ આવીને ઊભી રહી. નીલકંઠ વર્ણી ધ્યાનમગ્ન જ હતા. પોતાની વાતોના અવાજે કે તાંબાની હેલ્યના રણકારે જ્યારે કિશોર જાગ્રત ન થયા ત્યારે સૌ નિરાશ થઈ વાવમાં પાણી ભરવા જવા લાગી પણ છતાં તેમના પગ તો અહીં જ ઊભા રહેવા મથી રહ્યા હતા.

એટલામાં ત્યાંના આશ્રમના એક સાધુ પાણી ભરવા આવ્યા. તેમને જોઈ પનિહારીઓ ત્યાંથી ખસી ગઈ. આ સાધુએ પણ આ કિશોર તપસીને જોયા. તેમને પણ એ અદ્‌ભુત લાગ્યા. તેમની વૃત્તિઓ આ કિશોરના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. તેમને આશ્ચર્ય થયું. તેમના ગુરુના સ્વરૂપમાં પણ તેમની વૃત્તિનો આ પ્રકારનો નિરોધ કદી થયો ન હતો, તો તેમનાથી પણ વિશેષ ચમત્કારી આ વિભૂતિ કોણ હશે ? છે તો નાના બાળ પણ ઓજસ અપૂર્વ છે. તપસી નેત્ર ખોલે તેની રાહ જોઈને તે પણ ઊભા રહ્યા. પણ નીલકંઠ વર્ણી હજુ ધ્યાનમગ્ન જ હતા. થાકીને તેઓ પણ વાવમાં પાણી ભરવા ગયા.

પાણી ભરી આવીને ફરી નીલકંઠ વર્ણી સમક્ષ તે ઊભા રહ્યા. નીલકંઠ વર્ણીનાં દર્શનથી તેમના અંતરમાં અનિર્વચનીય આનંદનો અનુભવ થયો. તેમને લોભ લાગ્યો આ તપસીને આશ્રમમાં લઈ જવાનો. નીલકંઠ વર્ણી તેમની ધીરજની પરીક્ષા કરતા હતા. માથે પાણી ભરેલી મોટી ગાગર હતી છતાં આ

સાધુ સ્થિરતાથી આ તપસી નેત્ર ખોલે તેની રાહ જોઈ ઊભા હતા.

નીલકંઠ વર્ણીએ જાણ્યું કે સાધુ ખરા મુમુક્ષુ છે. તેમણે આંખ ખોલી. તરત જ તે સાધુ નીલકંઠ વર્ણીની સન્મુખ આવ્યા, પણ તેમનાં નેત્ર સાથે નેત્ર સ્થિર કરી શક્યા નહિ. નીલકંઠ વર્ણીનાં ખૂલેલાં નેત્રથી તેમની પ્રતિભા વિશેષ દીપવા લાગી. તેમાં ચમક હતી અંતરનાં અંધારાંને ભેદીને તેમાં સૂતેલા અંતર્યામીને જગાડવાની ! આ વિશિષ્ટ અનુભવથી આ સાધુ હર્ષાન્વિત થઈ ગયા.

તેમણે ધીરે રહીને નીલકંઠ વર્ણીને પૂછ્યું : "બ્રહ્મચારીજી ! આપ ક્યાંથી પધારો છો ? આપનું શુભ નામ ? માતા-પિતાનું નામ ? શાથી વૈરાગ્ય ગ્રહણ કર્યો ? આપના ગુરુ કોણ ? આ બધું જાણવાની મને ઉત્કંઠા થઈ છે."

તેમના પ્રશ્નો સાંભળીને નીલકંઠ વર્ણી હસ્યા. એ હાસ્ય મોહક હતું. તેમણે કહ્યું : "સાધુરામ ! ત્યાગીને ન્યાત, જાત, દેશ કે સગાં-સંબંધી હોતાં નથી, જે ભવબંધનથી મુકાવે તે જ માતા-પિતા અને તે જ ગુરુ ! અમે એવા ગુરુની શોધમાં નીકળ્યા છીએ."

સાધુને આ વાણી સાંભળી આનંદ થયો. તેમને લાગ્યું કે બ્રહ્મચારી નાના છે પણ જ્ઞાની છે. કોઈ ઠેકાણે બંધાય તેવા નથી. તેમણે હાથ જોડી ફરી પૂછ્યું : "બ્રહ્મચારીજી ! આપની વાત સાચી છે પણ જગતની રીતે પૂછવાનો ધર્મ છે એટલે પૂછું છું."

નીલકંઠ વર્ણીએ સાધુને ખરેખર મુમુક્ષુ જાણ્યા. તેમણે તેમનો વૃત્તાંત ટૂંકમાં કહ્યો. પછી પૂછ્યું : "સાધુરામ ! આપનું શુભ નામ તથા આપ કોના શિષ્ય છો, કોણ સંપ્રદાય છે તે કહો."

"મારું નામ સુખાનંદ સ્વામી છે. અમારા ગુરુ રામાનંદ સ્વામી, રામાનુજી દીક્ષાના આચાર્ય છે. તેમનો અહીં આશ્રમ છે અને પચાસ સંતો તે આશ્રમમાં અત્યારે રહે છે." સુખાનંદે માથા ઉપરની ગાગરને એક હાથે પકડી ઉતાવળથી કહ્યું.

"ગુરુ રામાનંદ સ્વામી હાલ અહીં છે ?" નીલકંઠ વર્ણીએ ઉત્કંઠાથી પૂછ્યું.

"ના, હાલ તો તેઓ કચ્છમાં છે, પરંતુ તેમના મુખ્ય શિષ્ય સ્વામી મુક્તાનંદ અહીં છે. બહુ જ સાધુતાવાળા, સમર્થ અને ગુણિયલ સંત છે." એટલું કહીને સુખાનંદ અટક્યા. પછી તેમણે કહ્યું : "આપ અમારા આશ્રમમાં પધારો. આપના જેવા સંતનાં દર્શન આશ્રમના સૌ સંતોને થશે. સૌ કૃતાર્થ થશે. અમારો આશ્રમ પાવન થશે. અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી પણ બહુ જ રાજી થશે."

વર્ણીને આ વાણી ગમી. તેમાં વિવેક હતો, નમ્રતા હતી, તેમાં સાધુતાની મહેક હતી. શબ્દ ઉપરથી બોલનારની જાતિ અને ગુણની પરીક્ષા થાય છે. નીલકંઠ વર્ણીને આ સાધુ ગમ્યા, પણ છતાં ગામમાં જવું તેમને રુચ્યું નહિ. તેમણે કહ્યું : "સાધુરામ ! અમે વસતિમાં કદી જતા નથી. જ્યાં જ્યાં ફર્યા છીએ ત્યાં ઝાડ નીચે જ મુકામ કર્યો છે."

સુખાનંદ આ સાંભળી નિરાશ થઈ ગયા. તેમણે ફરી કહ્યું : "પ્રભુ ! આપ અલૌકિક વિભૂતિ છો. આપનાં દર્શન દેવોને પણ દુર્લભ છે. આપનાં દર્શનથી અમારા આશ્રમના સાધુઓની સાધનાની સમાપ્તિ થશે. આપ કૃપા કરો, નહિ તો અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી આપને તેડવા અહીં આવશે."

નીલકંઠ વર્ણીને મુક્તાનંદ સ્વામીને તથા અન્ય સાધુઓને મળવાની ઈચ્છા થઈ. આવા સાધુઓના ગુરુ રામાનંદ સ્વામી કેવા હશે તે જાણવાની પણ જિજ્ઞાસા થઈ. તેઓ ઊઠ્યા અને સુખાનંદને કહ્યું : "ચાલો, સાધુરામ ! ગુરુને અહીં સુધી આવવાની તકલીફ ન અપાય."

સુખાનંદના આનંદનો પાર ન રહ્યો. મુક્તાનંદને આ અમૂલ્ય ભેટ આપવાનો તેનો ઉત્સાહ તેનાં પગલાંમાં દેખાવા લાગ્યો.

વર્ણીની ચાલ ઉતાવળી હતી. સુખાનંદનો ઉત્સાહ પણ ત્વરિત ગતિ કરી આશ્રમે પહોંચવા ઝડપ કરતો હતો. પણ તેના માથા ઉપર પાણીથી ભરેલી ગાગરનો ભાર હતો. તે ભારથી તેની ગતિ રુંધાતી હતી અને અનંત કોટિ બ્રહ્માંડોનો ભાર વહન કરતા નીલકંઠ વર્ણીની ઝડપી ગતિ સાથે તે કદમ મિલાવી શકતી ન હતી. સુખાનંદને લાગ્યું કે આ વર્ણીને આટલી ઉતાવળ કેમ છે ? તે ઝડપથી દોડવા લાગ્યા, તેથી ગાગરમાંનું પાણી છલકાવા લાગ્યું.

વર્ણીએ તેમને કહ્યું : "સુખાનંદ ! કાળ આટલી ઝડપથી ગતિ કરે છે છતાં બ્રહ્માંડોના જીવો અસ્વસ્થ નથી થતા. તમારી ગતિથી પાણી છલકાય છે."

સુખાનંદે તરત જ કહ્યું : "પ્રભુ ! બ્રહ્માંડોના જીવો તો માયામાં બદ્ધ છે. તેથી સ્વસ્થ રહી શકે. તે અસ્વસ્થ બને તો માયાનું કાર્ય ખોટું થાય."

આ સાંભળી વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "તો તમે બ્રહ્મમાં બદ્ધ થાઓ. તમારા આધારે બધું જ સ્વસ્થ થઈ જશે."

સુખાનંદ ચમક્યા ! બ્રહ્મની કોઈ કોઈ વખત વાત કરતા રામાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીના જ્ઞાનની ઝલક આ નાનકડા વર્ણીમાં ક્યાંથી આવી ?

એટલામાં તેઓ આશ્રમમાં આવી પહોંચ્યા. દરવાજે જ સૌમ્યમૂર્તિ

મુક્તાનંદ સ્વામીનાં દર્શન થયાં. વર્ણીને તેમણે નમસ્કાર કર્યા. નીલકંઠ વર્ણીએ અનુમાન કર્યું કે આ જ મુક્તાનંદ સ્વામી હશે. તેમણે તેમની આંખમાં બ્રહ્માંડને ભરી દેતો પ્રેમ જોયો. દેહમાં તપ, ત્યાગની છટા જોઈ. તેમની મોહક કાન્તિમાં તેમણે બ્રહ્મચર્યની આભા જોઈ. વિનય અને નમ્રતાની મૂર્તિ સમાન મુક્તાનંદ સ્વામી, વર્ણીનો હાથ પકડી તેમને પ્રેમથી અંદર લાવ્યા ત્યારે નીલકંઠ વર્ણીને લાગ્યું કે ભારતભરના સાધુસમાજમાં જે સાધુતાનાં દર્શન તેમણે નહોતાં કર્યાં તે સાધુતા અહીં આ સાધુમાં તેમને દેખાઈ.

એટલામાં સુખાનંદ પાણીની ગાગર પાણિયારે ગોઠવીને ત્યાં આવી ગયા. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ વર્ણીરાટનાં દર્શન મને વાવ ઉપર થયાં. તેમની મોહક કાન્તિએ મને આકર્ષ્યો. મારી સમગ્ર ઇન્દ્રિયો ઉપરામ પામી ગઈ. મારી વૃત્તિઓના વિકાર શાંત થઈ ગયા. તેમને અતિ ચમત્કારી જાણી હું અહીં તેડી લાવ્યો છું."

"અતિથિનો આદર કરવો તે આપણો ધર્મ છે. પણ આ વર્ણી કેવળ અતિથિ નથી, કોઈ વિભૂતિ છે. આજે આપણો આશ્રમ પાવન થઈ ગયો." મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

આ રીતે ઊભા રહીને વાતો કરતાં તેમણે તરત જ વર્ણીને બેસવા કહ્યું. સુખાનંદ આસન શોધવા ગયા, એટલામાં વર્ણી પૃથ્વી ઉપર જ બેસી ગયા. સુખાનંદ આસન લાવ્યા એટલે નીલકંઠ વર્ણીએ કહ્યું : "સારી પૃથ્વી અમારું આસન છે. આસનથી દેહનું સન્માન શા માટે ?"

વર્ણીના શબ્દોના ચમકારા મુક્તાનંદ સ્વામીની અંતર્વૃત્તિને જાગ્રત કરી ગયા. સુખાનંદે બધી જ હકીકત કહી. વર્ણીએ પણ પોતાના વનવિચરણમાં મળેલા સાધુઓના દંભની, સ્વચ્છંદતાની અને સર્વત્ર આત્મા અને પરમાત્માના યથાર્થ જ્ઞાનના અભાવની વાતો કરી.

એટલામાં ત્યાં આશ્રમના બીજા સાધુઓ આવવા લાગ્યા. તેમને સૌને વર્ણીની આ વિભૂતિ આકર્ષવા લાગી. પ્રથમ જ પરિચય છતાં જાણે સૌના સુહૃદ હોય તેવો ભાવ વર્ણીના સ્વરૂપમાં દેખાયો. સૌએ તેમને નમસ્કાર કર્યા. વર્ણીએ પણ પ્રેમપૂર્વક પૃથ્વી સ્પર્શી સૌને નમસ્કાર કર્યા.

નીલકંઠ વર્ણીએ કહ્યું : "સ્વામીજી ! આપનો આશ્રમ જોઈ મારું મન ઠર્યું છે, સાધુઓ જોઈ શાંતિ થઈ છે." એટલું કહીને વર્ણી અટક્યા.

તેથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "વર્ણીરાટ ! સંકોચ ન રાખશો. મનમાં

જે હોય તે સુખેથી કહેજો.''

એટલે વર્ણીએ કહ્યું : ''હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં મેં અધ્યાત્મજ્ઞાનનો સિદ્ધાંત જાણવા પ્રશ્નો પૂછ્યા છે, પરંતુ તત્ત્વજ્ઞાનમાં શુદ્ધ સમજણ કોઈની જોઈ નહિ.''

વર્ણીની અદ્‌ભુતતાએ સૌને આકર્ષ્યા હતા. તેઓ અહીં રહે, રામાનંદ સ્વામીના પરિચયમાં આવે એવી તેમની ઇચ્છા હતી. પરંતુ વર્ણીના આ શબ્દોથી તેમને ધ્રાસકો પડ્યો. વર્ણીનો કયો મત હશે ? આપણા મતથી વિરુદ્ધ હશે તો તે અહીં નહિ રહે. વનવિચરણમાં કોઈ ઠેકાણે આવા જ મતભેદથી તે ટક્યા નહિ હોય. છતાં ધીરજ રાખી તેમણે હાથ જોડી કહ્યું : ''વર્ણીરાટ ! આપ જે પ્રશ્ન પૂછશો તેના ઉત્તર મારા ગુરુ રામાનંદ સ્વામી પાસેથી જે રીતે હું સમજ્યો છું તે રીતે જરૂર આપીશ.''

વર્ણીએ હસીને કહ્યું : ''કોઈ ગહન પ્રશ્નો નથી, પરંતુ તત્ત્વજ્ઞાનના પાયારૂપ સિદ્ધાંત સમજવા માટે અને સમજીને પોતાના મોક્ષ માટે તે મુજબ આચરણમાં આવશ્યક એવા મારા પ્રશ્નો છે. માટે વિચારીને ઉત્તર કરજો.'' એટલું કહીને વર્ણીએ સૌની આતુરતાનો અંત લાવતો પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! જીવ શું છે ? ઈશ્વર શું છે ? અને માયા શું છે ? વળી, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો કેવાં છે તે સમજાવો ?''

મુક્તાનંદ સ્વામી આ પ્રશ્ન સાંભળી વિચારમાં પડી ગયા. પ્રશ્ન તેમને અતિ ગંભીર લાગ્યો. પરંતુ રામાનંદ સ્વામી પાસે ઘણી વાર આ પ્રશ્નોની છણાવટ કરી હોવાથી તેમણે કહ્યું : ''વર્ણીરાટ ! આપના પ્રશ્નો ખૂબ જ ગંભીર છે. આટલી કિશોર વયમાં આપ પ્રશ્નો પૂછી શકો છો તે જ આપની મહાનતા સૂચવે છે. મારા ઉત્તરથી આપને સંતોષ થશે તો હું મારું સદ્‌ભાગ્ય સમજીશ.''

એટલું કહી તેમણે ઉત્તર આપવાની શરૂઆત કરી :

''જીવ અણુ સરખો સૂક્ષ્મ છે; નિત્ય છે; સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહયુક્ત છે; અચ્યુત, અવિનાશી, અછેદ્ય, અભેદ્ય, નિરંશ, ચિદ્રૂપ છે; અલ્પજ્ઞતા વગેરે લક્ષણેયુક્ત છે. તે જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનના આશ્રયરૂપ પણ છે.[૧૫૬] જીવ વિશેષ સત્તાથી હૃદયમાં રહ્યો છે અને સામાન્ય સત્તાથી સ્થૂળ દેહમાં નખથી શિખાપર્યંત વ્યાપી રહ્યો છે. કારણશરીરરૂપ વાસનાએ યુક્ત છે તેથી બદ્ધ છે. જીવો અનંત છે.

''જીવોની જેમ ઈશ્વર પણ વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ દેહે

૧૫૬. न केवलम् ज्ञानस्वरूपम् किन्तु ज्ञानाश्रयः । – શતાનંદ મુનિ. શિ. ભા.પા. ૨૮૬.

યુક્ત છે અને ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ ત્રણ તેની અવસ્થા છે, ઈશ્વરનો દેહ પંચભૂતોનો બંધાયેલો છે અને તે સર્વજ્ઞ છે.[૧૫૭]

"માયા એ પરમાત્માની શક્તિ છે, ત્રિગુણાત્મિકા - સત્ત્વ, રજ અને તમોગુણાત્મિકા છે અને જીવોને દેહ અને દેહના સંબંધી સાથે અહં-મમત્વની કરાવનારી છે; વિકારજનની છે, તેથી અવિદ્યાત્મક છે. માયાને જડ અને ચિદ્ પણ કહી છે. ગુણમય હોવાથી જડ છે અને અનેક ચિદ્રૂપ જીવો તેના ગર્ભમાં હોવાથી તેને ચિદ્રૂપ પણ કહી છે. તેનાં વ્યક્ત અને અવ્યક્ત બે સ્વરૂપો છે.[૧૫૮] માયા અનાદિ છે. પરમાત્મા પોતાની આ શક્તિને આધારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે.[૧૫૯]

"હવે બ્રહ્મની વાત કહું છું. બ્રહ્મને અક્ષર નામે પણ સંબોધે છે. બ્રહ્મનાં બે સ્વરૂપો છે – સાકાર અને નિરાકાર. સાકારસ્વરૂપે પરબ્રહ્મ પરમાત્માની સેવામાં અખંડ રહે છે. નિરાકારસ્વરૂપે પરબ્રહ્મ તથા તેમના અનંત મુક્તોને ધારી રહ્યું છે, તેથી તે પરમાત્માનું ધામ પણ છે. આ નિરાકાર સ્વરૂપ સર્વત્ર વ્યાપક છે. તે જીવ, ઈશ્વર અને માયાના પ્રેરક છે અને આધાર પણ છે. તેથી તેને સર્વાધાર પણ કહે છે.[૧૬૦] આ અક્ષરબ્રહ્મના પ્રકાશથી સૌ પ્રકાશિત થાય છે.[૧૬૧] આ અક્ષરબ્રહ્મ સગુણ છે અને નિર્ગુણ પણ છે. સગુણ સ્વરૂપે તે એટલા મહાન છે કે અનંત કોટિ બ્રહ્માંડો તેમના રોમના અગ્રભાગમાં જાણે અણુવત્ ઊડતાં હોય તેવું ભાસે છે. નિર્ગુણ સ્વરૂપ તો અણુ થકી પણ અતિ સૂક્ષ્મ છે. તેની મહાનતા એટલી છે કે સર્વ દેવો તેમના લોકે સહિત આ અક્ષરબ્રહ્મમાં રહ્યા છે.[૧૬૨] તે અક્ષરબ્રહ્મ સર્વ કારણનું પણ કારણ છે.[૧૬૩] આ અક્ષરબ્રહ્મ એ

---

૧૫૭. देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान्।
करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः॥ – સત્સંગિજીવન; ૧-૫૧-૨૯.

૧૫૮. प्रकृति र्या मायाख्याता व्यक्ताव्यक्तस्वरूपिणी। – વિષ્ણુ પુરાણ.

૧૫૯. स्वशक्त्या मायया युक्तः सृजत्यत्ति च पाति च। – શ્રીમદ્ભાગવત; ૪-૧૧-૨૬.

૧૬૦. *મૂર્તિમાન અમૂર્ત કહેવાય, શુદ્ધ નિત્ય વિકાર વિનાય.*
માયા, ઈશ્વર જીવતત્ત્વ જેહ, તેનું પ્રકાશક જાણો તેહ.
વળી સર્વાધાર એહ બ્રહ્મ, જાણો વર્ણીરાટ એહ મર્મ.
– ભક્તચિંતામણિ; પ્ર. ૩૯, ૩૭-૩૮

૧૬૧. तस्य भासा सर्वम् इदम् विभाति। – મુંડક; ૨-૨-૧૦.

૧૬૨. यस्मिन् लोका निहिता लोकिनश्च तदेतदक्षरं ब्रह्म। – મુંડક; ૨-૨-૨.

૧૬૩. तद् आहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम्। – શ્રીમદ્ભાગવત; ૩-૧૧-૪૧.

પુરુષોત્તમનું શરીર પણ છે.[૧૬૪] અને પુરુષોત્તમ તેમના શરીરી છે. પુરુષોત્તમ સાથે નિત્ય-અપૃથક્‌સિદ્ધ સંબંધ ધરાવે છે. આ અક્ષરબ્રહ્મની સંકોચ અને વિકાસ અવસ્થા નથી તેથી તેને કૂટસ્થ પણ કહે છે. પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન અક્ષરના સંબંધથી જ સિદ્ધ થઈ શકે છે. તેથી તેને ध्यानालम्बनेषु श्रेष्ठम् ।[૧૬૫] કહ્યું છે."[૧૬૬]

નીલકંઠ વર્ણી મુગ્ધ ચિત્તે મુક્તાનંદ સ્વામી સામું જોઈ રહ્યા હતા. તેમની વાણીમાં મીઠાશ હતી, કાવ્યનું લાલિત્ય હતું. વિષયની છણાવટ ન્યાયના સિદ્ધાંતને અનુરૂપ હતી. તેમનું મન પ્રફુલ્લિત બની ગયું. તેઓ શાંત ચિત્તે સાંભળ્યે જ જતા હતા. વચ્ચે વચ્ચે ફક્ત 'હરે' 'હરે' એટલા જ શબ્દો બોલતા હતા. મુક્તાનંદ સ્વામીના જ્ઞાનનિરૂપણના શબ્દોમાં શંકા કરવાનું કાંઈ જ હતું નહિ. તેથી તેમણે બ્રહ્મનિરૂપણ પૂરું થયું ત્યારે એટલું જ કહ્યું : "વાહ, હવે આગળ."

મુક્તાનંદ સ્વામીએ હસીને કહ્યું : "આગળ હવે એક પરબ્રહ્મના સ્વરૂપનું જ વર્ણન કરવાનું રહ્યું." એટલું કહીને તેઓ બોલ્યા : "પરબ્રહ્મ પુરુષોત્તમ એ અક્ષરબ્રહ્મધામના અધિપતિ છે, અક્ષરબ્રહ્મના શરીરી છે, સર્વ કારણના કારણ છે અને સદા દિવ્ય સાકાર છે. તે એક અને અદ્વિતીય છે.[૧૬૭] સર્વને એકાંતિક ભાવે ઉપાસના કરવા યોગ્ય છે[૧૬૮] અને તેમના જ્ઞાનથી જ મૃત્યુને તરીને મોક્ષ પમાય છે."[૧૬૯]

મુક્તાનંદ સ્વામીએ આટલું કહ્યું એટલે વર્ણીરાટ તેમને અટકાવીને વચ્ચે જ બોલ્યા : "વાહ, મુક્તાનંદજી વાહ ! તમે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો યથાર્થ વર્ણવ્યાં. મેં આ પ્રશ્નો ઘણાને પૂછ્યા હતા, પરંતુ તેમની સમજણમાં જીવ અને ઈશ્વર વચ્ચેનો ભેદ જ ન હતો અને બ્રહ્મ અને

---

૧૬૪. यस्याक्षरं शरीरम् । – સુબાલોપનિષત્; ખંડ ૭.

૧૬૫. કઠ ઉપનિષદ; ૧-૧૨-૧૭.

૧૬૬. सत्यं ज्ञानमनन्तं च पूर्णं चाऽखण्डमक्षरम् ।
धाम यद्वासुदेवस्य मूर्तं चामूर्तमुच्यते ॥ – સત્સંગિજીવન; પ્ર. ૧-૫૧-૩૨.
આ પ્રમાણે સત્સંગિજીવનમાં આ વિશિષ્ટ જ્ઞાનનો ઉલ્લેખ કર્યો છે.

૧૬૭. एकमेवाद्वितीयं ब्रह्म ।

૧૬૮. વચ. ગ.અં. ૩૮.

૧૬૯. ऋते ज्ञानान्नमुक्तिः । तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ।
– શ્વેતા. અ.૩, વા. ૮.

પરબ્રહ્મને પણ એક સ્વરૂપે જ સૌ બતાવતા હતા. પરમાત્માના સ્વરૂપને કોઈ નિર્ગુણ, નિરાકાર કહેતા. કોઈ સાકાર કહેતા તો કેવળ મનુષ્ય જેવા જ પરમાત્માને સમજતા. સૌને આ પ્રશ્નોના ઉત્તર આપવા કઠણ પડ્યા હતા. આપને આ જ્ઞાન સુલભ થયું છે તે તમારા ગુરુ રામાનંદ સ્વામીની તમારી ઉપર કેવળ કૃપા જ કહેવાય.''

એટલું બોલીને નીલકંઠ સહજ વ્યગ્ર થઈ ગયા ત્યારે મુક્તાનંદે પૂછ્યું : ''વર્ણી ! કેમ એકાએક વ્યગ્ર બની ગયા ?''

નીલકંઠ વર્ણીએ કહ્યું : ''આવા સમર્થ ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શનની ઇચ્છા હતી. પરંતુ તમે તો કહ્યું ને કે તેઓ કચ્છમાં છે. ક્યારે પધારશે ?''

મુક્તાનંદ સ્વામી વર્ણીની વ્યાકુળતા સમજી ગયા. તેમણે કહ્યું : ''વર્ણી ! રામાનંદ સ્વામી તમારી વ્યાકુળતા જોઈ જરૂર વહેલા પધારશે.''

પરંતુ વર્ણીને ઉતાવળ હતી. તેમણે તરત જ કહ્યું : ''સ્વામી ! હું કચ્છ જાઉં તો !''

આ સાંભળી મુક્તાનંદ સ્વામીને ધ્રાસકો પડ્યો. તેમને લાગ્યું કે કદાચ તેઓ અહીં નહિ રહે. તેમને લોભ હતો તેમને આશ્રમમાં રાખવાનો. આવા તપસ્વી તેમણે જોયા ન હતા, આવા શ્રુત તેમણે સાંભળ્યા ન હતા.[૧૭૦] તેથી તેમણે કહ્યું : ''વર્ણી ! ત્યાં તો ખારા સમુદ્રની મોટી ખાડી આવે છે, રસ્તો વિકટ છે, રણમાંથી પસાર થવું પડે છે.''

આ સાંભળી વર્ણી હસ્યા. તેમને લાગ્યું કે સમુદ્ર જેવી નદીઓ અને હિમાલય જેવા પહાડો પણ તેમના માર્ગમાં વિઘ્ન કરી શક્યા ન હતા ત્યારે આ તો માત્ર ખાડી હતી ! તે શા હિસાબમાં ! પણ તેમણે મુક્તાનંદ સ્વામીનો ભાવ જોયો. પોતે કચ્છ જશે તે મુક્તાનંદને ગમશે નહિ; અને આવા સંતને દુઃખવવા તે પણ ઠીક નહિ. તેથી તેમણે કહ્યું : ''ભલે, તો તમારી જેવી આજ્ઞા !'' એટલું કહીને વર્ણીએ મુક્તાનંદ સ્વામીને નમસ્કાર કર્યા. પછી કહ્યું : ''સ્વામી ! મારું ચિત્ત શ્રીકૃષ્ણના સ્વરૂપ સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી.''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''વર્ણી ! રામાનંદ અને શ્રીકૃષ્ણ પૃથક્ નથી, બંને એક જ છે. શ્રીકૃષ્ણ સ્વયં આજે જીવોના કલ્યાણ માટે રામાનંદ

---

૧૭૦. *અતિ પ્રતાપી જોઈને, મહાત્યાગી સાધુ સોય;*
તે પણ અતિ વિસ્મય થયા, આ વર્ણી તુલ્ય ન કોય.

— ધર્માખ્યાન : કડવું ૯૪-૫, લે. મુક્તાનંદ સ્વામી.

સ્વામી દ્વારા પ્રગટ છે."[૧૭૧]

વર્ણીને મુક્તાનંદ સ્વામીનું કથન સત્ય લાગ્યું. ભગવાન ભક્ત દ્વારા સદા પ્રગટ રહે છે જ. મુક્તાનંદ સ્વામીમાં તેમણે સાચી ગુરુભક્તિ જોઈ. ફરી મુક્તાનંદ સ્વામીને તેમણે નમસ્કાર કર્યા અને કહ્યું : "સ્વામી ! મારા ઉપર તમે ઘણો જ અનુગ્રહ કર્યો છે. ગુરુ થકી તમે શુદ્ધ જ્ઞાન પામ્યા છો. મારા ઉપર કૃપા રાખજો. યોગ્ય લાગે ત્યારે શિક્ષાવચન કહેજો, ટોકજો. મને તમારો ગણજો."

એટલું કહીને ગુરુ રામાનંદ સ્વામીનો અતિ અપાર મહિમા સમજતા મુક્તાનંદ સ્વામીને તેમણે રામાનંદ સ્વામીનું આખ્યાન કહેવાનું કહ્યું. મુક્તાનંદ સ્વામીએ અતિ મહિમાપૂર્વક વિસ્તારથી રામાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. વર્ણીને તે અદ્‌ભુત લાગ્યું. કૃષ્ણભક્તિની પરાકાષ્ઠા તેમણે રામાનંદ સ્વામીના જીવનમાં જોઈ. પિતા પાસે રામાનંદ સ્વામીનાં યશોગાન તેમણે સાંભળ્યાં હતાં તેની તેમને સ્મૃતિ થઈ આવી. રામાનંદ સ્વામીનાં દર્શન કરવાની તેમની જિજ્ઞાસા વધી. પરંતુ મુક્તાનંદ સ્વામીએ આશ્વાસન આપ્યું કે રામાનંદ સ્વામી જરૂર એક-બે માસમાં આવશે. તેથી તેઓ ધીરજ ધરી ત્યાં રોકાયા.

જન્માષ્ટમીનો ઉત્સવ

બે દિવસ પછી જન્માષ્ટમી આવી. કૃષ્ણજન્મનું આ પર્વ ધામધૂમથી ઊજવવાનું સૌએ નક્કી કર્યું. ફૂલનાં તોરણોથી મંદિર શણગાર્યું. બારણે કદળી-સ્થંભ રોપ્યા. આજુબાજુનાં ગામોના હરિભક્તો આવવા લાગ્યા. શરણાઈના સૂરો અને ત્રંબાળું ઢોલના ધ્રિબાંગ, ધ્રિબાંગ અવાજથી ગામ ગાજવા લાગ્યું. નાનકડા ગામમાં ઉત્સવની આંધીએ સૌને ઘેલા કર્યા. સવારથી જ મંદિરમાં કીર્તન-ભક્તિની રમઝટ શરૂ થઈ ગઈ. હરિભક્તો જુદી જુદી ભેટ-સામગ્રીઓ લઈને આવવા લાગ્યા.

રાત્રે બાર વાગ્યે કૃષ્ણજન્મની આરતી થઈ. ઝાલર અને નગારાં વાગવાં લાગ્યાં. બાલમુકુન્દને પારણામાં ઝુલાવ્યા. આરતી બાદ નીલકંઠ વર્ણી સભામાં આવ્યા. શ્રીકૃષ્ણના મહિમાનું સભામાં ગાન કરતા વર્ણીનાં દર્શન કરી સૌ

---

૧૭૧. *વળી રામાનંદ ને શ્રીકૃષ્ણ, તેનાં પૃથક્ મ જાણો દ્રષ્ણ:*
એ તો જીવુંના કલ્યાણ કાજ, પોતે સ્વયં કૃષ્ણ રહ્યા છે આજ.

— ભક્તચિંતામણિ; પ્ર. ૪૦-૬.

नोद्धवोऽण्वपि मन्न्यूनो यद् गुणैर्नार्दितःप्रभुः । — સત્સંગિજીવન; પ્ર. ૧, અ. ૫૨-૧૭.

મંદિરમાં દર્શન કરવા જવા લાગ્યા. પણ અહીં તેમણે પારણામાં બાલમુકુન્દને બદલે વર્ણીને જોયા ! તેઓ આંખો ચોળવા લાગ્યા. ફરી સભામાં આવ્યા. અહીં સભામાં પણ તેમણે વર્ણીને વાતો કરતા જોયા ! વર્ણીનાં તપ, ત્યાગ, ભક્તિ-ભાવ વગેરે તો આશ્ચર્યમય હતાં જ, પણ તેમનું સ્વરૂપ પણ તેમને આજે આશ્ચર્યમય દેખાયું ! કૃષ્ણ-ઉત્સવનો તેમનો ઉન્માદ વર્ણીમાં સાક્ષાત્ કૃષ્ણ દેખાયા એટલે વધી ગયો !

સ્ત્રી-પુરુષની સભા નોંખી કરાવી

બીજે દિવસે નિત્યના નિયમ પ્રમાણે મંદિરની બાજુમાં જ જીવરાજ શેઠનો ડેલો હતો ત્યાં કથા વાંચવા મુક્તાનંદ સ્વામી ગયા. સર્વ સંતોની સાથે વર્ણી પણ કથામાં ગયા, પરંતુ અહીં કથામાં વર્ણીની વ્યાકુળતા વધી ગઈ. નારીની ગંધ-માત્રથી જે સદા દૂર રહેતા તેમને સભામાં ખીચોખીચ ભરાયેલા નારીના વૃંદને જોઈ શી રીતે સુવાણ થાય ! તેઓ ઊભા થઈ ગયા. કથાના રસિક ભાગમાં જ વર્ણીને એકાએક ઊભા થઈ જતા જોઈ સૌને આશ્ચર્ય થયું. મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "વર્ણી ! બેસો. કથાની સમાપ્તિ થયા પછી જ શ્રોતાએ ઊઠવું જોઈએ તેવો નિયમ છે."

"એ નિયમ હું જાણું છું. પરંતુ ત્યાગી થઈ સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી કે કથા કરવી તેમાં ત્યાગને દૂષણ લાગે છે. ત્યાગીના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યવ્રતમાં સ્ત્રીઓના આ અનિચ્છનીય સંસર્ગથી વિક્ષેપ આવે છે. ગૃહસ્થ સિવાયના બીજા આશ્રમીઓને માટે સ્ત્રીઓનાં દર્શન, સ્પર્શ, ભાષણ વગેરે ત્યાજ્ય છે. એ શાસ્ત્રઆજ્ઞા છે."[૧૭૨] વર્ણીએ ધીરે રહીને કહ્યું. એટલું કહીને નીલકંઠ વર્ણીએ સભાનો ત્યાગ કર્યો.

મુક્તાનંદે વિચાર્યું કે વર્ણીની કિશોરવય છે તેથી કદાચ ત્યાગના અતિરેકમાં તેમને આ નહિ ગમ્યું હોય. પરંતુ નિરાંતે તેમને સમજાવીશું. તેમણે

---

૧૭૨. स्त्रीणां निरीक्षणस्पर्शसंलापक्ष्वेलनादिकम् ।
प्राणिनो मिथुनीभूतान्गृहस्थोऽग्रतस्त्यजेत् ॥
"બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીઓને સ્ત્રીઓનો સ્પર્શ કરવો, તેમના તરફ જોવું કે તેમની સાથે વાતચીત અથવા હાંસી-મશ્કરી કરવી તે ત્યાજ્ય છે. મૈથુન કરતાં પ્રાણીઓ તરફ દષ્ટિ પણ ન કરવી જોઈએ."
— શ્રીમદ્ભાગવત; સ્કંધ : ૧૧-૧૭-૩૩.

કથા ચાલુ રાખી. પરંતુ નીલકંઠ વર્ણીએ સભાનો ત્યાગ કર્યો તેથી જાણે સૌનાં મન તેમની સાથે ગયાં હોય તેમ સૌ શૂન્યમનસ્ક થઈ ગયા ! કથાખંડ આકાશના પોલાણ જેવો, શબ્દોને ખાઈ જતો હોય તેવો બની ગયો. સૌનાં ચિત્તની એકાગ્રતા તૂટી. મુક્તાનંદને આશ્ચર્ય થયું ! કોઈ દિવસ નહિ અને આજે આવું શાથી બન્યું ?

બીજે દિવસે મુક્તાનંદ મુનિ ફરી પુસ્તક લઈને સભામાં ગયા. નીલકંઠ વર્ણી પણ તેની પાછળ જ બીજું પુસ્તક લઈને ગયા. સભા વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ ત્યારે નીલકંઠ વર્ણી ઊભા થયા અને સંતોને કહ્યું : "સંતો ! તમે સૌ મંદિરમાં આવો. હું તમને ત્યાં કથા સંભળાવીશ. અહીં સ્ત્રીઓ ભેળા બેસી કથા સાંભળવી તે ત્યાગીનો ધર્મ નથી." એટલું કહીને નીલકંઠ વર્ણી મંદિર ભણી ચાલવા લાગ્યા.

નીલકંઠ વર્ણીના સ્વરૂપના આકર્ષણનો ફરી એક અનુભવ મુક્તાનંદને આ પ્રસંગે થયો. નીલકંઠ વર્ણીની મહાનતા તેમણે પિછાણી હતી એટલે તેમણે પણ પુસ્તકનાં પાનાં બાંધી ત્યાં બેઠેલી સ્ત્રીઓને કહ્યું : "માતાઓ ! આ હવે છેલ્લા 'રામ રામ' છે. આ વર્ણીનો તીર આજથી શરૂ થયો છે. સ્ત્રીઓનાં દર્શન અને પ્રસંગ હવે વર્જ્ય છે." એમ કહીને હસતાં હસતાં સૌની પાછળ તેઓ પણ મંદિરમાં ગયા.

આધ્યાત્મિક આરાધનાનું મૂળ બ્રહ્મચર્ય છે. નીલકંઠ વર્ણીને તેનાં બીજ રોપવાં હતાં અને પોતાના જ જીવનકાળ દરમ્યાન તેનો ફાલ પકવવો હતો. મુક્તાનંદ સ્વામી તેમનાથી વયે ઘણા મોટા હતા. વળી, રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય હતા, પરંતુ એ મહત્તાની મહોબ્બતમાં ધર્મમાં શિથિલતા કેમ સાંખી શકાય ? ધર્મ એ ભગવાનનું અંગ છે, એ અંગનો જો ભંગ થયો તો આરાધનાનું મૂળ જ સડી જાય. બ્રહ્મચર્ય-ધર્મના સ્થાપનનું વર્ણીનું આ પ્રથમ સોપાન હતું.

દીવાલમાં નહીં, ધર્મમાં છિદ્ર છે

એક દિવસ મંદિરની દીવાલમાં ગોખલો જોઈ તેમણે સાધુને પૂછ્યું : "આ ગોખલો અહીં શા માટે રાખ્યો છે ?"

સાધુએ તરત જ ભોળાભાવે કહ્યું : "ભારેલો અગ્નિ કોઈ વખત ઓલવાઈ જાય તો બાજુના આ વાળંદના ઘરમાંથી અગ્નિ લેવા માટે આ ગોખલો રાખ્યો છે."

વર્ણીએ તરત જ પૂછ્યું : "અગ્નિ કોણ આપે છે ?"

"ઘરની સ્ત્રી વળી, બીજું કોણ આપે ?" સાધુએ કહ્યું.

વર્ણી વિચારમાં પડી ગયા. થોડી વારે તેમણે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "સ્વામી ! આ જે દીવાલમાં છિદ્ર છે, તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે. સાધુઓએ સ્ત્રી સાથે આ પ્રકારનો વ્યવહાર રાખવો તે ઉચિત નથી." એટલું કહીને મુક્તાનંદ સ્વામીની આજ્ઞાની રાહ જોયા સિવાય જ તેમણે ઈંટ અને ચૂનો મગાવી તે છિદ્ર તરત જ પોતાને હાથે પૂરી દીધું. સૌ સંતો જોઈ રહ્યા. મુક્તાનંદને પણ લાગ્યું કે વર્ણી ઠીક કહે છે. સાધુએ પાળવાના નૈષ્ઠિક બ્રહ્મચર્યના ધર્મો શાસ્ત્રોમાં તો લખ્યા જ છે, પરંતુ તેને શુદ્ધ રીતે પળાવવાનો આગ્રહ આ વર્ણી સિવાય હજુ સુધી કોઈએ રાખ્યો હોય એવી સ્મૃતિ તેમને પુરાણના ઇતિહાસના કોઈ પણ પાત્રના ચરિત્રમાં થઈ નહિ.

વર્ણી પ્રત્યે આશ્રમવાસીઓને સદ્ભાવ થવા લાગ્યો. આ સદ્ભાવ ગુરુભાવમાં ફેરવાવા લાગ્યો. પરંતુ નીલકંઠ વર્ણી તો સેવાધર્મના જ પ્યાસી હતા. ખાખરાનાં પાન લાવી તેઓ પત્રાવળાં બનાવતા, રસોઈ માટે અડાયાં છાણાં તથા લાકડાં ભેગાં કરતા. વાવમાંથી પાણી ભરી આવતા. અનાજ સાફ કરતા અને રસોઈ પણ કરતા. છેવટે સૌ જમી રહે પછી વાસણો ઊટકી નાખતા. કોઈ કોઈ વખત ખભે કાવડ લઈ 'રામ-કૃષ્ણ ધૂની ધૂની' બોલતાં આજુબાજુનાં ગામમાંથી ભિક્ષા પણ માગી લાવતા. મુક્તાનંદ તેમને ઘણી વાર વારતા, પણ વર્ણી હસીને કહેતા : "ખીચડી હક કરવી જોઈએ. સેવા કર્યા સિવાય દેહ આળસુ બની જાય. આવા સાધુઓની સેવામાં દેહ વાપરીએ તો ભગવાન રાજી થાય."

મુક્તાનંદ સ્વામી સાંભળી જ રહેતા. વર્ણીના આ શબ્દો તેમને મીઠા લાગતા, તેમનું બોલવું ગમતું. તે બોલતા ત્યારે તેઓ તેમની સામે એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહેતા.

ધ્યાન કોનું કરો છો ?

વર્ણી બપોરના સમયે સાધુઓને મંદિરની સામેની વાડીમાં લઈ જઈ ધ્યાનમાં બેસાડતા. પોતે હાથમાં નાનકડી સોટી લઈને ફરતા. ધ્યાનમાં બેઠેલા જે જે સંતોનાં મન ધ્યેય-સ્વરૂપથી જુદાં પડી અન્ય પદાર્થોમાં જતાં, ત્યારે વર્ણી તેમને સોટી અડાડી જાગ્રત કરતા અને કહેતા : "મન માળવે મૂકીને ધ્યાન કોનું કરો છો ?"

મનની ગતિને પારખનાર આ વર્ણીના દિવ્ય વ્યક્તિત્વનો સંતોને ખ્યાલ આવી ગયો હતો. તેમને ઘણી વખત થતું કે ગુરુ રામાનંદ સ્વામી તો આ સ્વરૂપે નહિ પધાર્યા હોય !?

સાધુઓ સાથે નાહવા જતાં નીલકંઠ વર્ણી ઘણી વાર એકલા પડી જતા ત્યારે મંદિરે આવતાં માર્ગ ભૂલી જતા. એવી તેમની સ્વસ્વરૂપના ધ્યાનમાં લીન-સ્થિતિ હતી. તેમની આવી સ્થિતિ જોઈ મુક્તાનંદ સ્વામીને તથા આશ્રમના સાધુઓને લાગતું કે વર્ણી સદા ધ્યાનસ્થ દશામાં રહે છે.

થાંભલાને બાથ ભીડીને રહેજો

વર્ણીને રામાનંદ સ્વામીનાં દર્શનની તાલાવેલી લાગી હતી. ગુરુભક્તિનો આદર્શ તેઓ દર્શાવવા માગતા હતા. એક દિવસ માંગરોળથી આણંદજીભાઈ સંઘેડિયા મુક્તાનંદ સ્વામીનાં દર્શન માટે લોજ આવ્યા. તેઓ ભુજ જવાના હતા. નીલકંઠ વર્ણીએ આ સાંભળી મુક્તાનંદ સ્વામી પાસે ભુજ જવાની રજા માગી. મુક્તાનંદ સ્વામીએ વિચાર કર્યો કે આમ તો આ વર્ણી અહીં રહે એવા નથી પણ જો રામાનંદ સ્વામીનાં દર્શન થશે તો રોકાઈ જશે. એમણે હા પાડી. એટલે નીલકંઠ વર્ણી આણંદજીભાઈ સાથે માંગરોળ ચાલ્યા. ત્યાં રાત્રિ રહ્યા. સવારે બંને કાલવાણી ગયા. ત્યાં જેઠા મેરે અને રાજા મેરે જમાડ્યા. એ પણ ભુજ આવવા તૈયાર થયા. ચારેય જણા ભુજના માર્ગે ચાલ્યા. ત્યાં બે ગાઉ પછી મેસવાણ ગામ આવ્યું.

મેસવાણની પાદરમાં નદીને કાંઠે વર્ણી અચાનક બેસી ગયા અને કહ્યું કે તમે ત્રણે ભુજ જાઓ, અમે તો નહિ આવીએ. આણંદજીભાઈએ ખૂબ આગ્રહ કર્યો પણ નીલકંઠ વર્ણી ન ગયા. આથી હતાશ થઈને આણંદજીભાઈ, જેઠા મેર અને રાજા મેર માણાવદરથી મયારામ ભટ્ટને લઈને ભુજ ગયા.

ભુજ જઈને રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં. લોજમાં આકસ્મિક પધારેલા વર્ણીન્દ્ર મહાપ્રભુની વાત એમણે સ્વામીને હર્ષભેર સંભળાવી. રામાનંદ સ્વામી એકચિત્તે સાંભળી રહ્યા હતા. તેઓ તો અંતર્યામી હતા, તેમનાથી કાંઈ અજાણ્યું ન હતું. જેમની તેઓ રાહ જોતા હતા તે આવી પહોંચ્યા હતા, તેનો આનંદ એમના મુખ પર તરી આવ્યો. પણ બીજાને એની શી ખબર પડે ? તેઓ કહેતા કે હું તો ડુગડુગી વગાડીને મુમુક્ષુઓને ભેળા કરવા આવ્યો છું. ખરા નટરાજ, મુમુક્ષુઓનાં કલ્યાણ કરનારા તો હવે પછી આવશે.

રામાનંદ સ્વામીએ ઉત્સુકતાથી લોજની ઝીણામાં ઝીણી વાત પૂછી. પછી મયારામ ભટ્ટને કહ્યું : ''લોજ જઈને વર્ણીન્દ્રને કહેજો કે જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.''

ત્યારબાદ મયારામ ભટ્ટ, આણંદજીભાઈ વગેરે પાછા લોજ આવ્યા.

આ બાજુ નીલકંઠ વર્ણી મેસવાણથી નીકળીને ફરતાં ફરતાં પંચાળા થઈને લોજ પાછા પધાર્યા. એટલે મુક્તાનંદ સ્વામીને આશ્ચર્ય સાથે આનંદ થયો. એમણે પૂછ્યું : ''બ્રહ્મચારીજી ! તમે ભુજ નથી ગયા ?''

નીલકંઠ વર્ણીએ હસીને ના પાડી. આથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''સારું થયું. રામાનંદ સ્વામીનાં દર્શન તમને અહીં જ થશે.''

નીલકંઠ વર્ણીને પાછા પધારેલા જોઈને મુક્તાનંદ સ્વામીને નિરાંત થઈ. એમને નીલકંઠ વર્ણીના સાન્નિધ્ય વગર ચેન પડતું નહિ.

થોડા દિવસ બાદ મયારામ ભટ્ટ અને આણંદજીભાઈ ભુજથી રામાનંદ સ્વામીનો સંદેશો લઈને લોજ આવી પહોંચ્યા. નીલકંઠ વર્ણીને પ્રણામ કરીને મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીનો સંદેશો આપ્યો. થાંભલાને બાથ ભીડવાની રામાનંદ સ્વામીની આજ્ઞા સાંભળીને નીલકંઠ વર્ણીએ તરત જ ઊભા થઈને થાંભલાને બાથ ભીડી. મુક્તાનંદ સ્વામી અને સૌ સંતો ગુરુની આજ્ઞા પાળવામાં નીલકંઠ વર્ણીની તત્પરતા જોઈને વિસ્મય પામ્યા. થાંભલાને બાથ ભીડીને ઊભેલા નીલકંઠ વર્ણીને જોઈને મયારામ ભટ્ટે કહ્યું : ''બ્રહ્મચારીજી ! થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું એમ વાત છે.''

નીલકંઠ વર્ણી બાથ છોડીને મુક્તાનંદ સ્વામીને વંદન કરવા ગયા. મુક્તાનંદ સ્વામી એમને ભેટી પડ્યા.

નીલકંઠમાંથી સરજુદાસ

નીલકંઠ વર્ણીના સંબંધથી આશ્રમના સૌ સાધુઓ પોતપોતાના નિયમ-પાલનમાં જાગ્રત રહેવા લાગ્યા. વર્ણી ચાલ્યા ન જાય તેથી તેમણે એક દિવસ તેમને બોલાવીને કહ્યું : ''વર્ણીરાટ ! તમો અમારી ભેગા રહ્યા છો તો હવે ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞા અનુસાર અમારા જેવો વેષ ધારણ કરો.''

વર્ણીએ તરત જ કહ્યું : ''ભલે, મારે તો આપ જેમ રાજી થાઓ તેમ કરવું છે.'' તેમની આવી સરળતા જોઈ મુક્તાનંદ બહુ જ રાજી થયા.

બીજે દિવસે વર્ણીને બે ઉપવસ્ત્રો આપ્યાં, એક અલફી આપી. પછી તેમને કહ્યું : "આજથી તમારું નામ સરજુદાસ. સરજુ નદીના પ્રદેશમાંથી તમો આવો છો તેથી સૌ તમને સરજુદાસ કહેશે !"

નીલકંઠ વર્ણી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! હું તો બ્રહ્મ-પથનો ભોમિયો છું. સરયૂ પ્રદેશ કે બીજા અનેક પ્રદેશો હું ભૂલી ગયો છું."

મુક્તાનંદને નીલકંઠ વર્ણીના શબ્દો માર્મિક લાગ્યા. ત્યાગીને જન્મ-ભૂમિની સ્મૃતિ દેહાસક્તિ વધારનારી છે. તેમણે નીલકંઠ વર્ણીને મનોમન નમસ્કાર કર્યા.

હવે ગામના લોકો તેમને સરજુદાસ કહેવા લાગ્યા. કિશોર સરજુદાસ સૌના લાડકવાયા બની ગયા હતા. ગામને ગોંદરે છાણ લેવા જાય ત્યારે છોકરીઓ તેમને જોઈને પોદળા લેવા સારુ એકદમ દોડતી પણ તે પહેલાં તો સરજુદાસ પહોંચી જતા અને પોદળા લઈ લેતા. કોઈ કોઈ વખત તો વહેલા ઊઠી પોદળાની આસપાસ કૂંડાળું કરી તેમાં રાડું ખોસી દેતા, જેથી તે પોદળો તેમનો અનામત બની જતો.[૧૭૩] કોઈ વખત તેમની પહેલાં જો કોઈ પોદળા પાસે પહોંચી જતું ત્યારે તેઓ હસતાં હસતાં દૂર ઊભા રહેતા. પોદળો ઊંચકવા જતી સ્ત્રીને તેની નીચે સમગ્ર બ્રહ્માંડ દેખાતું અને "ઓ સરજુડા !" કહીને પોદળો એમ ને એમ મૂકીને સ્ત્રીઓ દોડી જતી. છતાં સરજુદાસ સૌને વહાલા લાગતા. કારણ પોતે બહુ જ છાણ મેળવીને છાણાં થાપતા અને ગામનો ત્રીજો ભાગ તેમા રાખતા.

જન્માષ્ટમીના ઉત્સવોમાં સરજુદાસનાં બે સ્વરૂપે દર્શન થયાં હતાં, તેથી તેમને વિશે ઈશ્વરીય વિભૂતિની ભાવના તો સૌને થઈ હતી, છતાં તે ભાવનાનો ભાવ લોકોના હૃદયમાં ઝાઝો સમય ટકતો નહિ. સરજુદાસ ટકવા દેતા નહિ. કારણ નાના પ્રકારની સેવાના કાર્યમાં સદા પ્રવૃત્ત રહેતા સરજુદાસને સૌ સેવક સમજી તેમની મહત્તા ભૂલી જતા.

અઢાર મણ ચીભડાંનો ભાર ઊંચક્યો

લોજથી બે ગાઉ દૂર આવેલા શીલ ગામથી બે હરિભક્તોએ લોજ આવીને મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમારા ખેતરમાં ચીભડાં ઘણાં થયાં છે, તો

૧૭૩. ગામડામાં એવો રિવાજ હોય છે કે એવી રીતે નિશાની કરેલા પોદળાને પછી કોઈ અડતું નથી.

કોઈ સાધુને મોકલો તો બાંધી દઉં. તમારે અથાણાં માટે કામ આવશે."

મુક્તાનંદ સ્વામીએ તરત જ સુખાનંદ સ્વામીને કહ્યું : "તમે આ ભક્ત જોડે શીલ ગામ જાઓ ને ચીભડાં લઈ આવો."

ત્યારે સરજુદાસે કહ્યું : "સ્વામી ! હું સાથે જાઉં ?"

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "તમારો દેહ બહુ કૃશ છે, તેથી તમે ન જાઓ તો સારું."

એટલે સુખાનંદ સ્વામીએ કહ્યું : "સરજુદાસ ભલે આવે."

સ્વામીએ રજા આપી. દેવા શેઠ પણ તેમની ભેળા ગયા.

હરિભક્તે લગભગ ૧૮ મણ જેટલાં ચીભડાં કાઢી આપ્યાં. તે લઈ જવા માટે એક હરિભક્ત ગાડું લઈ આવ્યા. ત્યારે સરજુદાસે કહ્યું : "ગાડાની કાંઈ જરૂર નથી, એક લાંબો પહોળો ચોફાળ લાવો. અને એનો એક મોટો ગાંસડો બાંધો."

હરિભક્તો વિચારમાં પડી ગયા. આટલાં બધાં ચીભડાંનો એક જ ગાંસડો બંધાય કઈ રીતે ? ને બંધાય તોપણ ઊપડે કઈ રીતે ? પણ સરજુદાસે ચોફાળનો જ આગ્રહ રાખ્યો. એટલે એક મોટા ચોફાળમાં ચીભડાં બાંધ્યાં. સોળ મણ ચીભડાંનો એક ગાંસડો થયો. બે મણ વધ્યાં, તેની એક નાની ગાંસડી બાંધી.

હવે ગાંસડો ઊંચકે કોણ ! સરજુદાસે પોતાના શિર પર ગાંસડો મૂકવાનું કહ્યું. બાર જણને બોલાવીને બીતાં બીતાં બધાએ ગાંસડો સરજુદાસના મસ્તક પર મૂક્યો. ત્યાં તો આશ્ચર્ય ! ગાંસડો સરજુદાસના મસ્તક ઉપર અદ્ધર રહ્યો ! બધાને ખૂબ નવાઈ લાગી. દેવા શેઠે બે મણની ગાંસડી માથે ઊંચકી ને સરજુદાસ સાથે લોજ તરફ પ્રયાણ આદર્યું.

રસ્તામાં દેવા શેઠને માથે ભાર લાગવા માંડ્યો. એટલે સરજુદાસે એ બે મણની ગાંસડી પોતાના મસ્તકે મૂકવાની આજ્ઞા કરી. એટલે દેવા શેઠે ઊંચી જગ્યા પર ચડીને સોળ મણના ગાંસડા પર બે મણની ગાંસડી મૂકી. એ પણ અદ્ધર જ રહી. સરજુદાસનો આ ચમત્કાર જોતાં જોતાં દેવા શેઠ એમના સ્વરૂપનો વિચાર કરવા લાગ્યા, પણ વર્ણીની આ કળા કળ્યામાં ન આવી. લોજમાં આવી મંદિરમાં પાછળના ભાગમાં સરજુદાસે બેય ગાંસડી ઊતારીને મૂકી.[૧૭૪]

સરજુદાસને આવેલા જાણી મુક્તાનંદ સ્વામી એકદમ બહાર આવ્યા.

---

૧૭૪. જે સ્થળે સરજુદાસે ગાંસડી નીચે ઉતારી હતી ત્યાં હાલ આરસની છત્રી કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે અને આ વાતનો સવિસ્તર લેખ પણ આરસમાં કોતરીને ચોડ્યો છે.

તેમણે ચીભડાંનો ગાંસડો જોઈ પૂછ્યું : "આ ગાંસડો કોણ ઉપાડી લાવ્યું ?"

દેવા શેઠે કહ્યું : "એ તો સરજુદાસને માથે ચડાવ્યો હતો."

તે સાંભળી મુક્તાનંદ સ્વામી તેમને વઢવા લાગ્યા : "તમને એટલી પણ ખબર ન રહી કે સરજુદાસને માથે આવો ભારે ગાંસડો ન મુકાય ?"

ત્યારે દેવા શેઠે કહ્યું : "પણ સ્વામી ! ગાંસડો તો સરજુદાસને માથે વેંત એક અદ્ધર હતો ! આ ચમત્કાર અમે નજરે જોયો છે."

આ સાંભળી મુક્તાનંદ સ્વામી કાંઈ ન બોલ્યા. તેઓ જાણતા હતા કે આ સરજુદાસ કોઈ અલૌકિક વિભૂતિ છે. અનેક સિદ્ધિઓ તેમને આશરે રહી છે. તેઓ અહીં ટક્યા હતા એ જ મોટું આશ્ચર્ય હતું. નહિ તો આવા નિઃસ્પૃહ પુરુષ કોઈ સ્થાનમાં સ્થિર ન રહે.

પછી સોળ સાધુઓએ ચીભડાંનો ગાંસડો ઊંચકીને અંદર ભંડારમાં મૂક્યો.

માંગરોળમાં સદાવ્રતનો આરંભ

થોડા દિવસ પછી મુક્તાનંદ સ્વામીએ સરજુદાસને ચાર સાધુ સાથે માંગરોળમાં ખાખ ચોકમાં આત્માનંદ નામના એક સાધુની જગ્યામાં રામાનંદ સ્વામીનું સદાવ્રત ચાલતું હતું ત્યાં તે કામમાં મદદ કરવા મોકલ્યા. સરજુદાસને આવો સેવાધર્મ વિશેષ પસંદ હતો. અન્નાર્થીઓને અન્નદાન આપવું તે મોટી સેવા છે, એમ તેઓ માનતા. સદાવ્રતમાં તેઓ સેવા કરવા લાગી ગયા.

તેટલામાં અન્નકૂટનો ઉત્સવ આવ્યો. તે ઉત્સવ ધામધૂમથી કર્યો. પછી આત્માનંદે સરજુદાસને કહ્યું : "જેટલી કોરી પ્રસાદી, પકવાન વગેરે છે તે રાખી મૂકજો અને એંઠી પ્રસાદી અન્નાર્થીઓને આપી દેજો. હું ગામમાં પ્રસાદી આપીને હમણાં આવું છું."

આત્માનંદ ગયા અને તરત જ અન્નાર્થીઓ આવવા લાગ્યા. અપરિગ્રહ-વ્રતધારી સરજુદાસે તો અન્નાર્થીઓનો મોટો ધસારો જોઈ તમામ પ્રસાદી તેમને જમાડી દીધી. એટલામાં આત્માનંદ આવી ગયા. તેમણે બધા જ ટોપલા ખાલી જોઈ પૂછ્યું : "કોરી પ્રસાદી ક્યાં ?"

સરજુદાસે કહ્યું : "અન્નાર્થીઓ ઘણા આવ્યા હતા એટલે એમને બધું જ જમાડી દીધું."

આ સાંભળી આત્માનંદ ખિજાયા. તેમણે સરજુદાસને ગુસ્સાથી કહ્યું : "બધું ઉજ્જડ કરવા આહીં આવ્યા છો ? હમણાં જ અહીંથી નીકળી જાઓ."

સરજુદાસ તરત જ ત્યાંથી નીકળી ગયા અને વાવ ઉપર જઈને બેઠા. એટલામાં ગોવર્ધનભાઈ ત્યાં આવ્યા. તેમણે સરજુદાસને વાવ ઉપર એકલા બેઠેલા જોઈ પૂછ્યું : "અહીં કેમ બેઠા છો ?"

સરજુદાસે બનેલી હકીકત કહી. પછી કહ્યું : "તમો માંડવો બાંધવાનો સામાન લાવો તો અહીં આપણે બીજું સદાવ્રત ચાલુ કરીએ."

ગોવર્ધન શેઠને સરજુદાસની શક્તિનો, તેમના મહિમાનો ખ્યાલ હતો. તેમણે તરત જ બધો સામાન મગાવી દીધો. પછી થોડા માણસોને કામે લગાડી માંડવો પણ બાંધી દીધો. સીધા-સામગ્રી પણ મગાવી અને સદાવ્રત શરૂ કર્યું.

આત્માનંદને આથી ઈર્ષ્યા થઈ. તેને થયું કે સરજુદાસે હરીફાઈમાં સદાવ્રત શરૂ કર્યું છે. ઈર્ષ્યાના ભાવથી તેને સવળો વિચાર ન આવ્યો કે અન્નદાન કે અભયદાન - તેનાં જેટલાં સ્થળો વિશેષ હોય તેટલો લોકોને વિશેષ લાભ થાય. જે પ્રવૃત્તિમાં કેવળ સેવાનું જ મહત્ત્વ છે, તે પ્રવૃત્તિ કરતાં કદાચ સેવા કરનારની પ્રતિષ્ઠા વધે પણ ખરી પરંતુ તેથી તે સેવા-પ્રવૃત્તિનું મૂલ્ય ઓછું થતું નથી અને ઓછું આંકવું પણ ન જોઈએ.

સરજુદાસને તો એવો કોઈ ભાવ ન હતો. તેમને તો ગમે તે પ્રકારે લોકોને પોતાનો સંબંધ થાય અને તેમનું કલ્યાણ થાય એ જ ભાવના હતી. આત્માનંદ ઈર્ષ્યાથી અન્નાર્થીઓને સરજુદાસનું સદાવ્રત બતાવતો. સરજુદાસ પ્રેમથી સૌને પોષતા. તેમની પ્રતિષ્ઠા વધવા લાગી.

એક દિવસ માંગરોળના બધા બ્રાહ્મણો આત્માનંદ પાસે ગયા અને તેમને કહ્યું : "તમો આ શહેરના બ્રાહ્મણોની ચોરાશી કરો."

આત્માનંદે ગુસ્સામાં કહ્યું : "પેલા સરજુદાસને કહો. તેની લોકો જે બોલાવે છે એટલે તે કરશે."

બ્રાહ્મણો આત્માનંદના આ ભાવથી ડગ્યા નહિ. તેમને તો ચોરાશી સાથે કામ હતું. તેઓ બધા સરજુદાસ પાસે આવ્યા. સરજુદાસને વાત કરી. સરજુદાસે તરત જ ગોવર્ધન શેઠને બોલાવ્યા અને કહ્યું : "આપણે આ શહેરના બ્રાહ્મણોની ચોરાશી કરવી છે."

એટલે ગોવર્ધન શેઠે કહ્યું : "મહારાજ ! માંડ માંડ તો સદાવ્રતમાં પૂરું પાડીએ છીએ, ત્યાં વળી ચોરાશી કઈ મૂડી ઉપર કરીએ ?"

પરંતુ સરજુદાસનો સંકલ્પ બળવાન હતો. તેમણે કહ્યું : "શેઠ ! આપણા હેતવાળા તમામ હરિભક્તોને કહો, સૌ થોડી થોડી સામગ્રી લાવશે અને

ચોરાશી થઈ જશે.''

શેઠ વિશ્વાસુ હતા. સરજુદાસની શક્તિનો તેમને ખ્યાલ હતો. તેમણે આજ્ઞા પ્રમાણે દરેક હરિભક્તને વાત કરી. સીધા-સામગ્રી આવવા લાગી. પછી સરજુદાસે બ્રાહ્મણોને બોલાવીને કહ્યું : ''સીધા-સામગ્રી તમામ તૈયાર છે. આવતી કાલે વહેલા આવી રસોઈ શરૂ કરી દ્યો.''

બીજે દિવસે સવારે બ્રાહ્મણો આવ્યા. વાવની આથમણી બાજુએ તૈયાર કરેલા માંડવામાં તેમણે રસોઈ શરૂ કરી. આ કાર્ય આ રીતે નિર્વિઘ્ને પાર પડતું જોઈ આત્માનંદને વધુ બળતરા થઈ. તેણે બ્રાહ્મણોની ન્યાતના પટેલિયાઓને બોલાવ્યા. તેમને સૌને કહ્યું : ''મોટે ઉપાડે લાડુ જમવા તો બધા અધીરા બન્યા છો પણ ચોરાશી કરાવનાર સરજુદાસનું દૂધ પૂછ્યું કે પછી લાડુના લોભમાં જેનું તેનું ખાઈને ધરમ ખોવો છો ?''

પટેલિયાઓને આ સાંભળી મૂંઝવણ થઈ. તેમણે વિચાર કર્યો, સરજુદાસને જ પૂછવું. તેઓ બધા તેમની પાસે આવ્યા. બધી વાત કરી. સરજુદાસ હસ્યા. તેમણે બ્રાહ્મણોનો સંશય ટાળવા પોતાનું ઐશ્વર્ય બતાવ્યું અને તે જ ક્ષણે અનંત સૂર્યના તેજ જેવા શીતળ તેજમાં મધ્ય ભાગમાં સિંહાસન ઉપર આ સરજુદાસને દિવ્ય સ્વરૂપે બેઠેલા તેમણે સૌએ જોયા. અનંત મુક્ત તેમની સ્તુતિ કરતા હતા. આ દિવ્ય દર્શનથી તેમને પ્રતીતિ થઈ કે પરબ્રહ્મ પરમાત્મા સ્વયં આ સરજુદાસ છે. તેમણે સરજુદાસને નમસ્કાર કર્યા. બ્રાહ્મણો હર્ષપૂર્વક ચોરાશી જમ્યા અને આત્માનંદનાં ગાત્રો શિથિલ થઈ ગયાં.[૧૭૫]

બીજે દિવસે એક વેરાગી આવ્યો. સાધુઓ તેને સદાવ્રતમાંથી અન્ન આપવા લાગ્યા, પણ તેણે તે લીધું નહિ અને કહ્યું : ''હમ તો મહંતકી સાથ પ્રસાદ પાયેગા.''

સાધુઓ આ સાંભળી હસ્યા. પછી જ્યારે સરજુદાસ જમવા બેઠા ત્યારે તેમની થાળીમાં બાજરાનો અર્ધો રોટલો અને લવિંગિયાં મરચાંનો ગોળો સાધુએ પીરસ્યો. બાવાજીને પણ તે પ્રમાણે પીરસ્યું. બાવાજીને લાડુ જોઈ અંદર ગળપણ હશે તેમ માની મોંમાં પાણી આવ્યાં. તેણે બાજરાના રોટલા સાથે લાડુ સમજી મોટો ગ્રાસ લીધો અને મોંમાં મૂક્યો. તે જ ક્ષણે તેની જીભ, આંખ, નાક બળવા લાગ્યાં. તેમાંથી પાણી નીકળવા લાગ્યું. સરજુદાસે તેની દશા જોઈ સાધુને કહ્યું : ''આને ઘી પાઓ.'' પછી તેને ઘી પાયું ત્યારે શાંતિ થઈ !

---

૧૭૫. અદ્ભુતાનંદ સ્વામીની વાતો; પૃ. ૨૩-૨૪, સંપાદક : શા. હરજીવનદાસ, વડતાલ.

રામાનંદ સ્વામીને પત્ર

રામાનંદ સ્વામીનાં દર્શનની તીવ્ર ઝંખના સરજુદાસને હતી. લગભગ સાત માસ થયા છતાં રામાનંદ સ્વામીનાં દર્શન ન થયાં, તેથી સરજુદાસ ખૂબ જ વ્યાકુળ થઈ ગયા. તેઓ સ્વયં પરમાત્મા હતા, છતાં તેમના જીવનના જુદા જુદા પાસામાં ગુરુભક્તિ, સાધુતા, બ્રહ્મચર્ય, અહિંસા, કરુણા વગેરે અનેક ઉત્કૃષ્ટ ગુણો - જે મુમુક્ષુમાં હોવા જોઈએ - તેનું દર્શન સહેજે થઈ જતું. તેથી રામાનંદ સ્વામીનાં દર્શન માટેની તેમની વ્યાકુળતામાં, રામાનંદ સ્વામીના સ્વરૂપ સાથે પોતાની યોગૈશ્વર્યથી એકતા હોવા છતાં તેમનામાં ઉત્કૃષ્ટ ભક્તનો ભાવ આશ્રમવાસીઓને જણાયો. રામાનંદ સ્વામીનું અંતરમાં સાક્ષાત્ દર્શન થતું હોવા છતાં તેમના પ્રગટ સ્વરૂપનાં દર્શનની નીલકંઠ વર્ણીની તાલાવેલીમાં ઉપાસનાના મૂળભૂત સિદ્ધાંતનું રહસ્ય હતું.

મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે હવે વિશેષ વાયદાથી સરજુદાસને સંતોષ નહિ થાય. તેથી તેમણે આ.સં. ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે રામાનંદ સ્વામી ઉપર પત્ર લખ્યો.[૧૭૬] સરજુદાસે પણ પત્ર લખ્યો. આ પત્રો લઈ માણાવદરના મયારામ ભટ્ટ રામાનંદ સ્વામી પાસે ગયા.

મયારામ ભટ્ટ સાત દિવસે ભુજનગર પહોંચ્યા. રામાનંદ સ્વામી ગંગારામ મલ્લને ઘેર બિરાજમાન હતા. મયારામ ભટ્ટ જ્યારે ગંગારામ મલ્લને ઘેર પહોંચ્યા તે સમયે રામાનંદ સ્વામી હરિભક્તોની સભામાં વાતો કરતા હતા. રામાનંદ સ્વામીના અનન્ય શિષ્ય મયારામ ભટ્ટજીને સ્વામીનાં ઘણા સમયે દર્શન થયાં તેથી તેમના અંતરમાં તો અપાર શાંતિ વ્યાપી ગઈ. ગુરુની મૂર્તિનાં દર્શનમાં સદા અતૃપ્તિ અનુભવતા ભટ્ટજી દંડવત્ કરતાં કરતાં ઘડીક સ્વામીના લંબગોળ મુખારવિંદનાં દર્શન કરતા, તો ઘડીક કામદેવનો પરાભવ કરતી તેમની વાંકી ભ્રૂકુટિનાં દર્શન કરતા. વળી, દૃષ્ટિ ફેરવીને કમળદળ સમાં અણિયાળાં નેત્રોમાં દૃષ્ટિ પરોવતા અને ફરી આજાનબાહુ, વિશાળ વક્ષસ્થળ, વિઘ્ન-વિનાયકના જેવું બ્રહ્માંડની કલુષિતતાને સમાવી દેતું ઉદર, ઊપડતી છાતી, આ બધું નીરખતાં નીરખતાં તેઓ દંડવત્ કર્યે જ જતા હતા. છેવટે રામાનંદ સ્વામીએ તેમને કહ્યું : "ભટ્ટજી ! હવે બહુ થયું. દંડવત્ રાખો. લોજના સમાચાર આપો."

હરિભક્તોનો સમૂહ પણ સમાચાર જાણવા ઉત્સુક હતો. સાથે સાથે સૌનાં

૧૭૬. જુઓ પરિશિષ્ટ : ૧, પૃષ્ઠ ૪૫૯.

અંતરમાં બીક પણ હતી કે આ ભટ્ટજી અક્રૂર બનીને તો નથી આવ્યા ને ? ભટ્ટજીએ દંડવત્ પૂરા કરીને સ્વામીનો ચરણસ્પર્શ કર્યો અને પછી પોતાના ખડિયામાંથી પત્રો કાઢી રામાનંદ સ્વામીના હાથમાં આપ્યા. પત્રો હાથમાં લેતાં તેમના મુખ ઉપર આનંદ તરી આવ્યો. તેમણે બંને પત્રો માથે અડાડ્યા. સરજુદાસનો પત્ર છાતીએ અડાડ્યો. ભટ્ટજી ચિકિત્સક હતા. તેમણે આ જોઈ લીધું. લોજના આશ્રમમાં આવેલા સરજુદાસના ચમત્કારી સ્વરૂપનો મોહ તો તેમને પણ લાગ્યો હતો. છતાં ચિત્તની વૃત્તિ ગુરુભક્તિની નિષ્ઠામાંથી ચલાયમાન ન થઈ જાય તેની તેઓ તકેદારી રાખતા હતા.

રામાનંદ સ્વામીએ પહેલાં મુક્તાનંદ સ્વામીનો પત્ર ઉઘાડ્યો. તે વાંચતાં તેમની છાતી પુલકિત થવા લાગી. મુખારવિંદ ઉપર આનંદ અંકિત થવા લાગ્યો. શબ્દો સરી ન જાય તેની તકેદારીમાં શબ્દોને જાણે ઘૂંટી ઘૂંટીને પીતા હોય તેમ ધીરે ધીરે પત્ર ઉપર તેમની આંખો ફરવા લાગી. છતાં નીલકંઠ વર્ણીના સ્વરૂપ-વર્ણનના શબ્દો જલદી જલદી વાંચવાની અધીરાઈ પણ જણાતી હતી. સભામાં બેઠેલા ભક્તો ગુરુની આ દ્વિધા જોઈ આશ્ચર્ય પામ્યા. કદી આનંદના અતિરેકમાં ન આવતા કે વિષાદની ઘેરી છાયામાં ન અટવાતા આ ગુરુવર્ય આ પત્ર વાંચી ભાવોન્મુખ કેમ થઈ ગયા ?

મુક્તાનંદનો પત્ર વાંચી લીધો. પછી સરજુદાસનો પત્ર ખોલ્યો. અજ્ઞાનનાં અંધારાને ટાળવા અને નિજનું જ્ઞાન પ્રસારવા પધારેલા સરજુદાસના સ્વરૂપનો પ્રકાશ પત્રમાંથી નીતરીને બહાર આવતો હોય એવી શ્વેતપુંજની છાયા ત્યાં પથરાઈ ગઈ ! સભાજનોનાં અંતરમાં નિર્મળતા વ્યાપી ગઈ ! સૌને માટે આ અનુભવ અપૂર્વ હતો. ગુરુ રામાનંદે ખૂબ જ સંભાળપૂર્વક પત્ર પ્રસાર્યો. પત્રના શબ્દોમાં સરજુદાસની આકૃતિ હતી; તેમના ભાવમાં તેમનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ભાવ હતો. અક્ષરો અનિર્દેશના હતા. રામાનંદે સરજુદાસને જોઈ લીધા. તરત જ આનંદવિભોર બની બોલી ઊઠ્યા : ''જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા. આધ્યાત્મિક ક્ષેત્રની અજોડ વિભૂતિ, જેમના નામનો ઉલ્લેખ ખોળવા પંડિતો શાસ્ત્રો ઉથામતા, પુરાણો પેખતા, પરંતુ તેમાં શોધ્યા જડ્યા ન હતા. અરે ! મહામોટા મુનિઓ દેહ દમીને આત્માના સ્વરૂપમાં જેમનાં દર્શન કરવાને ઇચ્છુક હતા પરંતુ તેમને પણ જે અત્યાર સુધી અચિંત્ય અને અકલ્પ્ય રહ્યા; છતાં જેઓ અન્વયભાવે સર્વત્ર છે, અંતર્યામીપણે જીવ-પ્રાણીમાત્રના હૃદયમાં અણુવત્ બની બિરાજી રહ્યા છે તે આજે વર્ણી બની કિશોરસ્વરૂપે, જાત

અને કુજાત જોયા સિવાય સૌને મોક્ષનું દાન દેવા આવી પહોંચ્યા છે.''

રામાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો. તેમની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયાં. તેમના મુખ ઉપર આનંદના સહજભાવ સદાય રહેતા, પણ આનંદનો ઉન્માદ કદી તેમના મુખ ઉપર કોઈએ જોયો ન હતો. પરંતુ આજે સ્વામીયે ભાવમાં હતા. તેઓ બોલી ગયા : ''ધન્ય ધન્ય તમે વર્ણીરાટ ! અમારા ટળ્યા સર્વ ઉચાટ.''

પછી સ્વસ્થ થઈ તેમણે સભાજનોને કહ્યું : ''ભક્તો ! આજે આપણા સર્વનાં જીવનની ધન્ય પળ છે. આજનો દિવસ મંગલ છે. જેમની હું રાહ જોતો હતો, જેમના દ્વારા ભાગવત ધર્મનું સ્થાપન થવાનું છે, લાખો બ્રહ્મભાવ પામી બ્રહ્મપુર ધામના અધિકારી બનવાના છે, તે વર્ણી ભગવાન લોજમાં પધાર્યા છે.''

એટલું કહીને તેમણે એક ભક્તને કહ્યું : ''થોડી સાકર તો લાવો.''

રામાનંદ સ્વામીએ પોશ ભરીને સાકર પ્રથમ મયારામ ભટ્ટને આપી અને કહ્યું : ''ભટ્ટજી ! આજે તમે આનંદના સમાચાર લાવ્યા છો તેથી હું તો તમને આટલું જ આપું છું, પણ વર્ણી તમને ઘણું આપશે, ન્યાલ કરી દેશે.'' પછી તેમણે પોતાને હાથે જ સૌને સાકર વહેંચી.

સૌને વર્ણીનાં દર્શને જવાની આજ્ઞા

બીજે દિવસે તેમણે વર્ણીરાટ ઉપર અને મુક્તાનંદ સ્વામી ઉપર પત્રો લખ્યા. બંને પત્રો બીડીને તેમણે ભટ્ટજીને આપ્યા. તેમને કહ્યું : ''રસ્તામાં જે જે ગામ આવે ત્યાં સૌને વર્ણી લોજ પધાર્યા છે તે સમાચાર આપજો અને સૌ તેમનાં દર્શન કરવા લોજ જાય તેવી અમારી આજ્ઞા છે તે સૌને કહેજો.''

ભટ્ટજીએ બંને પત્રો લીધા. ખભે ખડિયો ભરાવ્યો. પાઘડી બરોબર પહેરી. તેમાં ટીપણું ગોઠવી દીધું. રામાનંદ સ્વામી તેમનું ટીપણું જોઈ હસ્યા. એટલે ભટ્ટજી મૂંઝાયા. તેમણે પાસે આવી હાથ જોડી કહ્યું : ''સ્વામી ! કેમ હસ્યા ?''

સ્વામીએ કહ્યું : ''જેમના આધારે કાળ ગતિ કરે છે, ગ્રહો નિયમમાં રહે છે, તે સાક્ષાત્ પધાર્યા છે. તો હવે કોઈ કાંઈ પૂછે તો ટીપણાને નહિ પણ તેમને પૂછીને જવાબ દેજો.''

ભટ્ટજી બ્રાહ્મણ હતા, રામાનંદ સ્વામીના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠાવાન હતા. તેથી સ્વામીના શબ્દોનો મર્મ સમજી ગયા. તરત જ તેમણે ટીપણું કાઢ્યું અને ફેંકી દેવા જતા હતા, ત્યાં રામાનંદ સ્વામીએ તેમને અટકાવ્યા. તેમણે કહ્યું :

"ભટ્ટજી ! તેને ફેંકી ન દેશો. વર્ણી જ પોતે તમને ટીપણું જોવાનું કહેશે ત્યારે ટીપણું ખોલજો, પણ વર્ણીની મરજી જોઈને બોલજો. બીજાને કહો ત્યારે વર્ણીની સ્મૃતિ કરીને કહેજો." ભટ્ટજી રામાનંદ સ્વામીને પગે લાગ્યા. તેમણે આશીર્વાદ આપ્યા. અને ભટ્ટજી ત્યાંથી લોજની વાટે વહેતા થયા.

મયારામ ભટ્ટ રસ્તામાં જે જે ગામ આવતાં ત્યાં સત્સંગીઓને રામાનંદ સ્વામીનો સંદેશો સંભળાવતા. લોજમાં આવી તેમનાં દર્શન કરવાનું કહેતા. એટલે ગામોગામ ઉદ્ઘોષ ઊપડ્યો. કામ પડતાં મૂકીને સૌએ લોજનો પંથ લીધો.

ભટ્ટજી શેખપાટ પહોંચ્યા. ત્યાં લાલજી સુથારને પણ કહ્યું : "લાલજી ! સ્વામીએ લોજ જવાની સૌને આજ્ઞા કરી છે. ત્યાં મોટા વર્ણી આવ્યા છે. તેમનાં દર્શને સૌ જજો. તમે પણ હાલો."

લાલજી વિચક્ષણ પુરુષ હતા. રામાનંદ સ્વામી પ્રત્યે તેમની અપ્રતિમ ભક્તિ હતી. ગુરુ રામાનંદને મૂકીને લોજમાં એક વર્ણી આવ્યા છે તેમનાં દર્શને જવું ? ગુરુ તો કહે, પરીક્ષા પણ કરે. એવા કેટલાય વર્ણી રખડતા ચાલ્યા આવતા હશે. તેમણે મયારામને કહ્યું : "તમે જાઓ, હું પાછળથી આવીશ."

મયારામે ડોકું ધુણાવ્યું. ખડિયો ખભે ભરાવ્યો. તેમને લાગ્યું કે લાલજીને વાત બેઠી નથી. તેમનું મન પણ વિચારમાં પડી ગયું. વર્ણીએ તપ બહુ કર્યું હતું, શરીરમાં કેવળ હાડકાં જ દેખાતાં હતાં, પણ છતાં કાંઈક ચમત્કારી તો ખરા ! પણ એવા ચમત્કાર રામાનંદ સ્વામીએ ક્યાં નથી બતાવ્યા ? તેમણે ગાંઠ વાળી કે રામાનંદ સ્વામી સિવાય બીજા હથેળીમાં ભગવાન દેખાડે તોપણ તેમને નમવું નહિ. તેમનું મન હિલોળે ચડ્યું. વળી વિચારમાં પડી ગયા. પણ વર્ણીનું મોઢું મોહક છે, તેમાં સૌ ખેંચાય છે. સ્વામીએ પણ વર્ણીનો બહુ મહિમા કહ્યો. ભટ્ટજી પંથ કાપતા જાય છે અને માથું ધુણાવતા જાય છે : "કહેવું પડે ! વર્ણી છે તો નાના બાળ પણ ઈશ્વર જેવા સમર્થ છે."

એમ વિચારના વમળમાં ગૂંચવાતા ભટ્ટજી લોજ પહોંચી ગયા. મુક્તાનંદ સ્વામીને બંને પત્રો આપ્યા. મુક્તાનંદ સ્વામીએ બંને પત્રો ખોલ્યા. પોતાના હૃદયકમળમાં બીડ્યા અને પછી વાંચવાની શરૂઆત કરી. સૌ સાધુઓ આસપાસ બેસી ગયા હતા. સ્વામીએ મુક્તાનંદ સ્વામી ઉપર લખ્યું હતું : "વર્ણી ત્યાં આવ્યા છે તો તેમને સાચવશો. તમે વર્ણીનું જે વર્ણન લખ્યું છે તે શબ્દશઃ સત્ય છે. વર્ણી આ લોકના નથી તેની પ્રતીતિ ભવિષ્યમાં થશે. તેમની પાસે સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. અમે વૈશાખ ઊતરતા ત્યાં આવીશું."

અને વર્ણીને લખ્યું હતું : "તમો તમારા દેહની સંભાળ રાખજો. આ દેહે હજુ ઘણાં કામ કરવાનાં છે. હમણાં ત્યાં જ રહેજો. અહીં આવવાની ઉતાવળ કરશો નહિ. ત્યાં સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. જેમ તમને અમારાં દર્શનની તાણ છે, તેમ અમને તમારાં દર્શનની તાલાવેલી છે. છતાં સત્સંગના કાર્ય અર્થે વિચરણ કરવું પડે છે, સત્સંગીઓને રાજી રાખવા પડે છે."

આ તો કૃષ્ણથી પણ મોટા છે

શેખપાટમાં લાલજી સુથારને વર્ણીની મહત્તાના જેમ જેમ વાવડ મળતા ગયા તેમ તેમ તેમનું મન અસ્વસ્થ થવા લાગ્યું. આ વળી કોણ નવો વર્ણી આવ્યો છે જેમનાં દર્શન માટે લોક ઊમટ્યું છે ?! રામાનંદ સ્વામી જેવા સમર્થ ગુરુ મળ્યા છતાં લોકોની આસ્થા તેમનામાંથી કેમ ઓસરવા લાગી ? સ્વામી વિના બીજો સંકલ્પ પણ થઈ જાય તો પાપ થયું એવું માનનારાઓની આજે વિપરીત મતિ કેમ થઈ ગઈ ? સત્સંગનું શું થવા બેઠું છે ? તેઓ આગળ કાંઈ વિચાર કરી ન શક્યા. તેમને લાગ્યું કે સ્વામી પાસે ભુજ જવું. સ્વામીને ફરિયાદ કરવી કે "આ વળી નવું તૂત ક્યાં ઊભું થયું ?"

લાલજી તૈયાર થયા અને થોડા દિવસે ભુજ પહોંચી ગયા. લાલજી સુથારને જોઈને રામાનંદ સ્વામીને આશ્ચર્ય થયું. સદા મારી આજ્ઞામાં તત્પર એવા આ ભક્ત આજે લોજ જવાનું છોડીને અહીં કેમ આવ્યા ? તેમણે લાલજીને પૂછ્યું : "તમને મયારામ ભટ્ટે ખબર નહોતાં આપ્યાં ?"

"આપ્યાં'તાં, પણ સ્વામી ! આ શું થવા બેઠું છે ? આખો દેશ લોજમાં ઊમટ્યો છે. વર્ણી એવા તે કેવા મોટા છે ?" લાલજી ભક્તે વરાળ કાઢી.

"અરે લાલજી ! તમે ભારી ભૂલ કરી. વર્ણીનાં દર્શન કરવાનું મૂકીને અહીં કેમ દોડ્યા આવ્યા ?" રામાનંદે લાલજીને ઠપકો આપતાં કહ્યું.

લાલજી મૂંઝવણમાં પડી ગયા. છતાં હિંમત કરી ફરી બોલ્યા : "પણ સ્વામી ! એ કેવા મોટા છે ? દત્તાત્રેય, ઋષભદેવ કે રામચંદ્ર સમાન છે કે કેવા છે ?"

રામાનંદ સ્વામીને થયું, લાલજીને આવી મોટી વાત કેમ સમજાવવી ? પરંતુ કહ્યા સિવાય પણ છૂટકો ન હતો. તેથી તેમણે કહ્યું : [૧૭૭]"લાલજી ! જેમ

---

૧૭૭. *જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી;*
આ છે અવતારના અવતારી, ઘણું શું કહીયે વિસ્તારી.
— શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૩-૪૨.

ઋષભદેવ, દત્તાત્રેય ને રામચંદ્રથી કૃષ્ણ મોટા છે, તેમ આ વર્ણી તો કૃષ્ણથી પણ મોટા છે.''

લાલજી આ સાંભળીને વિચારમાં પડી ગયા. તેમની મૂંઝવણ જોઈ રામાનંદ સ્વામીએ કહ્યું : ''ગુરુભક્તિના વેગમાં પ્રગટ પ્રભુને ઓળખવામાં ખામી આવશે તો કલ્યાણમાં વાંધો આવી જશે.''

ગુરુઆજ્ઞા શિરસાવંદ્ય ગણી લાલજી સુથાર ત્યાંથી જ સીધા લોજ જવા નીકળ્યા. થોડા દિવસે લોજ પહોંચ્યા. તે વખતે નીલકંઠ વર્ણી ગામની પશ્ચિમે એક વાવ છે ત્યાં જઈને બેઠા હતા. વર્ણી મીંઢીઆવળ અને મરચાંનો ગોળો જમતા એટલે રેચ થતો. તેથી વાવ પાસે જ વડના વૃક્ષ નીચે તેમણે આસન રાખ્યું હતું. તેમનું શરીર તો દુર્બળ હતું જ, છતાં હજુ શરીરમાં અલ્પ જેટલું પણ બળ ન રહી જાય તે માટે તેમણે અહીં આ પ્રયોગ શરૂ કર્યો હતો. લાલજી સુથાર આશ્રમે પહોંચ્યા ત્યારે તેમને ખબર પડી કે સરજુદાસ તો વાવ પાસે આસન કરીને બેઠા છે. એટલે લાલજી ત્યાં ગયા.

સરજુદાસ સ્વસ્તિક આસન વાળી નાસાગ્ર દૃષ્ટિ કરી સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન હતા. લાલજી ત્યાં આવ્યા. તેમણે સરજુદાસને દંડવત્ કર્યા. પ્રથમ દૃષ્ટિએ જ સુકલકડી કાયા ધારી આ સરજુદાસને જોતાં જ તેમની ઇન્દ્રિયો તેમના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ ! ગુરુએ વર્ણવ્યા હતા તેવા જ તેમણે આ વર્ણીને જોયા. તેમની પાસે આવ્યા. પગે લાગ્યા. તે વખતે સરજુદાસ ધ્યાનમગ્ન હતા. થોડી વારે તેમણે આંખો ખોલી ત્યારે તેમણે લાલજીને જોયા. તેમની સામે તેમણે એક આછું સ્મિત કર્યું. સરજુદાસના આ મૃદુ સ્મિતમાં લાલજીને જૂની ઓળખાણનો નિર્દેશ લાગ્યો. સરજુદાસે તેમના માથા ઉપર હાથ મૂક્યો. પછી કહ્યું : ''તમારા વૈરાગ્યમાં દયાના સાત્ત્વિક ઝરણાએ વિક્ષેપ નાખ્યો હતો, પણ આ વખતે તમારો વૈરાગ્ય પાર પડી જશે. શુકજી જેવા સમર્થ વૈરાગ્યવાન થશો.''

લાલજીને સરજુદાસના આ શબ્દો દિવ્ય લાગ્યા. શબ્દોના અર્થમાં તેમની નિઃસીમ આર્ષદૃષ્ટિનો અનુભવ થયો. તેમના અંતરમાં લાગ્યું કે જુગજૂની ઓળખાણ તેમને આમની સાથે છે.

થોડી વારે વર્ણી ઊઠ્યા. લાલજી પણ ઊઠ્યા. બંને મંદિરે આવ્યા. લાલજી મુક્તાનંદ સ્વામી પાસે ગયા. રામાનંદ સ્વામીએ કહેલી વાત તેમણે કહી. વર્ણીએ આપેલા આશીર્વાદના અર્થગંભીર શબ્દોની વાત કરી. મુક્તાનંદ સમજી ગયા કે લાલજીનું અંતર વર્ણીએ ભેદી નાખ્યું છે. વર્ણીની અપૂર્વ પ્રતિભાના

અનુભવો તેમને નિત્ય થતા, છતાં લાલજી ઉપરનો તેમનો આ પ્રભાવ તેમને વધુ વિસ્મયકારી લાગ્યો. તેમણે વર્ણીને મનોમન નમસ્કાર કરી લીધા.

સાંજે સરજુદાસ કાવડ લઈને ભિક્ષા માગવા ગયા. લોજ અને શીલ ગામ વચ્ચે નદી છે. ભિક્ષા લઈને આવતા ત્યારે થોડો સમય તેઓ ત્યાં બેસતા. યોગકળાનાં આસનો કરતા. તેમની અત્યંત કૃશ કાયા અને યોગનાં આસનોના શ્રમથી ઘણી વાર તેઓ લથડી પડતા. ઘણી વાર નીચી દૃષ્ટિએ ચાલતાં ઝાડ કે પથ્થર સાથે અથડાઈ પડતા. તેથી મુક્તાનંદે તેમની સેવામાં લોજના બે વણિક ભક્તો - દેવાભાઈ અને જેઠાભાઈને મૂક્યા હતા. તેઓ તેમની સાથે જ સદા રહેતા. સરજુદાસ સાંજે મંદિરે આવ્યા ત્યારે લાલજી સુથાર ત્યાંથી શેખપાટ જવા નીકળી ગયા હતા.

મુક્તાનંદ સ્વામી જ્યાં જ્યાં જતા ત્યાં સરજુદાસને સાથે લઈ જતા. તેમને કાલવાણી જવાનું હતું, એટલે સરજુદાસને સાથે લીધા. દેવાભાઈ તથા જેઠાભાઈને પણ સાથે લીધા. બીજા સાધુઓ પણ હતા. કાલવાણીમાં રાજાભાઈ તથા પર્વતભાઈ રામાનંદ સ્વામીના પરમ ભક્ત હતા તે પણ આવ્યા. બીજા ભક્તો પણ આવ્યા હતા. મુક્તાનંદ સ્વામીના સંબંધથી તેમની ભક્તિ વિશેષ દૃઢ બની હતી.

કાલવાણીમાં સરજુદાસ સૌ સાધુઓને વાડીમાં લઈ જઈ, ધ્યાનમાં બેસારતા અને પોતે તેમને સાવધાન રાખવા તેમની આજુબાજુ ફરતા. ધ્યાનમાં સૌની સ્થિરતા થાય, મન બીજા સંકલ્પો ન કરે, ઊંઘ ન આવે તેની તેઓ કાળજી રાખતા. કોઈને ઊંઘ આવતી અને ઝોલાં ખાતા તો પોતે તેને જાગ્રત કરી કહેતા : "સાધુરામ ! તમને તો સાક્ષાત્ ભગવાન રામાનંદ રૂપે મળ્યા છે, છતાં તેમના સ્વરૂપમાં તમારી વૃત્તિ જતી નથી અને ઊંઘમાં કેમ વૃત્તિ તણાય છે ? મેં તો રામાનંદ સ્વામીનાં હજુ દર્શન પણ કર્યાં નથી, છતાં કાળની બીકથી અંતર જાગ્રત રહે છે અને રાત્રિમાં પણ ઊંઘ આવતી નથી." આ પ્રકારે સાધનામાં સૌને સાવધાન કરી ધ્યાનની રીત શિખવાડતા.

ધ્યાન સગુણ કે નિર્ગુણ ?

મુક્તાનંદ સ્વામી ધ્યાનમાં બેઠા હતા, ત્યાં એકાએક સરજુદાસજી આવ્યા. તેઓ મુક્તાનંદ સ્વામી સમક્ષ બેસી ગયા. થોડી વારે મુક્તાનંદ સ્વામી ધ્યાનમાંથી જાગ્યા. તેમણે સરજુદાસને સામે બેઠેલા જોયા. મુક્તાનંદ સ્વામીએ તેમને નમસ્કાર કર્યા. પછી સરજુદાસે તેમને કહ્યું : "સ્વામી ! ધ્યાનમાં શું જોયું ?"

મુક્તાનંદે કહ્યું : 'સરજુદાસજી ! સાધનાની વાતો ગોપ્ય રાખવી જોઈએ.''

સરજુદાસજી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''સ્વામી ! તમે શું જોયું તે હું કહું ?'' એટલું કહીને સરજુદાસ મુક્તાનંદ સ્વામીનું મન ધ્યાનમાં જ્યાં જ્યાં ગયું હતું, જે જે સંકલ્પો થયા હતા તે બધું કહેવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું. પછી સરજુદાસે પૂછ્યું : ''સ્વામી ! ધ્યાન સગુણ કે નિર્ગુણ ?''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''ધ્યાનમાં ભગવાનનો સંબંધ રહે તેથી તે નિર્ગુણ જ કહેવાય.''

તે સાંભળી સરજુદાસ હસ્યા. તેમણે પૂછ્યું : 'સ્વામી ! આ તુંબડીને કૂતરું બોટી જશે તેવા સંકલ્પ ધ્યાનમાં થાય ત્યારે તે ધ્યાન નિર્ગુણ કેમ કહેવાય ?''

આ સાંભળી મુક્તાનંદ આશ્ચર્યવત્ સરજુદાસ સામું જોઈ જ રહ્યા ! સરજુદાસનું સ્વરૂપ તેમને રામાનંદ સ્વામીથી પણ પર લાગ્યું. પરંતુ આ વિચાર આવતાં તેમણે તરત જ માથું ધુણાવ્યું. ગુરુથી પર કોઈ વિભૂતિતત્ત્વ હોઈ શકે એવો વિચારમાત્ર ગુરુભક્તિમાં અને અંતિમ સાધનાની સિદ્ધિમાં વિઘ્નરૂપ છે. છતાં સરજુદાસને નમસ્કાર કરી લીધા.

આ વખતે સાધુઓએ તુંબડીઓ રંગીને આકર્ષક બનાવી હતી. વર્ણીએ અહીં સૌની તુંબડીઓ મગાવી તેના કાંઠા પથ્થર સાથે અફાળી ખરબચડી કરી દીધી. સૌ સંતો આ જોઈ દિલગીર થઈ ગયા પણ કોઈ કાંઈ બોલી શક્યા નહિ. પછી સરજુદાસે કહ્યું : ''આ તુંબડીઓ રંગીને તમે એવી સરસ બનાવી છે કે મનની વૃત્તિ સહેજે તેમાં ચોંટે. સાધુઓને તો જેવા-તેવા પદાર્થોથી જ ચલાવવું જોઈએ, પણ મોહ ઉત્પન્ન કરે એવા પદાર્થો રાખવા જ ન જોઈએ.''

મુક્તાનંદ આ મર્મ સમજી ગયા. તેમનું મન પણ ધ્યાન કરતાં તુંબડીમાં ગયું હતું. તેમણે સાધુઓને સંબોધીને કહ્યું : ''સંતો ! સરજુદાસ જે કહે છે તે ઠીક કહે છે. મને પણ એક દિવસ મોહ ઉત્પન્ન થયો હતો. જીવનની પળેપળ પોતાના ધ્યેયસ્વરૂપ પરમાત્માના જ સ્મરણમાં વીતવી જોઈએ. પરંતુ તેમને મૂકીને મન જો જગતના પદાર્થોમાં જોડાય તો સાધનામાં વિઘ્ન આવે.''

મુક્તાનંદજીના ધ્યાનમાં પ્રવેશીને રામાનંદ સ્વામીનાં દર્શન

મુક્તાનંદ સ્વામી લોજમાં આવ્યા ત્યારે સરજુદાસે તેમને કહ્યું : ''સ્વામી ! મને તમે એક વાર રામાનંદ સ્વામીનાં દર્શન કરાવો પછી આપણે

બંને વનમાં ચાલ્યા જઈશું. ત્યાં ભગવાનના ધ્યાનમાં જીવન પૂરું કરીશું."

મુક્તાનંદને પણ સરજુદાસની વાત રુચિ, છતાં તેમને લાગ્યું કે એકાકી વનમાં બેસી રહે તેવા આ વર્ણી નથી. તેમનું વ્યક્તિત્વ એવું દિવ્ય છે કે સંસારના બધા જીવો તેમના સંબંધમાં આવે તો મુક્ત થઈ જાય. એટલે તેમને તો કોઈ પણ પ્રકારે અહીં રાખવા જ જોઈએ. તેમની વાતો, તેમનું વર્તન એ સાધુઓનું લુપ્ત થયેલું સદ્‌વર્તન સજીવન કરશે. તેમને આ વાતની ખાતરી હતી.

વૈશાખ ઊતર્યો અને જેઠ બેઠો તોય રામાનંદ સ્વામીના સમાચાર આવ્યા નહિ. સરજુદાસના મુખ ઉપર મુક્તાનંદ ઉદાસીનતા જોતા. તેમને ચિંતા હતી કે રખે તેઓ ચાલ્યા જાય. તેમને તેઓ આશ્વાસન આપતા. એક પછી એક દિવસો વીતતા હતા અને સરજુદાસ ઊના નિઃશ્વાસ નાખતા હતા. વૈશાખના ઊના વાયરાથી તપેલી ભોં વાવણીના વરસાદથી ટાઢી થઈને મબલક મોલાત પકવે છે, તેમ નીલકંઠ વર્ણીનું હૈયું રામાનંદ સ્વામીનાં દર્શનથી ટાઢું થશે ત્યારે અનેકનાં હૈયાં ટાઢાં કરશે. સોરઠની ધરતીમાં મુમુક્ષુતા ધરબી ધરબીને નીલકંઠ વર્ણીની રાહ જોતી પડેલી છે. મુક્તાનંદ સ્વામી વિચારને ઝોલે ચડ્યા હતા.

નીલકંઠ વર્ણીને લોજમાં આવ્યે લગભગ નવ માસ થઈ ગયા. મુક્તાનંદ સ્વામીએ વાયદો આપ્યો હતો તે પૂરો થયો. તેથી તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! નવ માસ પૂરા થયા પણ રામાનંદ સ્વામી હજુ પધાર્યા નહિ. તેમના દર્શનની ઉત્કંઠા મારા અંતરમાં પ્રબળ છે. તેથી હવે મન અકળાય છે."

મુક્તાનંદ જાણતા હતા કે રામાનંદ સ્વામીને હજુ સોરઠમાં આવતાં સમય લાગશે. પરંતુ સરજુદાસને આશ્વાસન દેવા થોડા થોડા વાયદા દેતા હતા. હવે તેમની વ્યાકુળતા જોઈ મુક્તાનંદ પણ મૂંઝાયા. થોડી વાર વિચારીને તેમણે કહ્યું : "સરજુદાસ ! ગુરુ તો અલમસ્ત જાતિ છે. કોઈના આગ્રહને વશ થઈ રોકાયા હોય કાં આપણી તીવ્ર જિજ્ઞાસાની પરીક્ષા પણ કરતા હોય."

સરજુદાસને આ વાત ઠીક લાગી. છતાં તેમનો જીવ હવે ગુરુદર્શનની ઝંખનાથી અકળાયો હતો. તેમણે એકાએક મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે કહેતા હતા કે ગુરુ રામાનંદ તમો પૂજા કરો છો ત્યારે પ્રત્યક્ષ આવી તમારી પૂજા અંગીકાર કરે છે ?"

મુક્તાનંદે કહ્યું : "હા, એ તો રોજ પધારે છે."

નીલકંઠ વર્ણી હસ્યા. તેમણે કહ્યું : "કાલે આપ પૂજામાં બેસો ત્યારે હું આપની બાજુમાં બેસીશ."

મુક્તાનંદ સ્વામીને આ કાંઈ સમજાયું નહિ. પરંતુ એમ કરતાં પણ જો તેઓ પ્રસન્ન રહેતા હોય તો તેમને નિરાંત થાય.

બીજે દિવસે મુક્તાનંદ સ્વામી પૂજા કરવા બેઠા ત્યારે સરજુદાસ તેમની સમક્ષ આવીને બેસી ગયા. મુક્તાનંદ સ્વામી ધ્યાનમાં બેઠા. તેમને ધ્યાનમાં રામાનંદ સ્વામીનાં પ્રત્યક્ષ દર્શન થતાં હતાં. તેથી સરજુદાસે તરત જ યોગ-ધારણાથી પોતાની વૃત્તિ મુક્તાનંદ સ્વામીની વૃત્તિ સાથે જોડી દીધી. મુક્તાનંદ સ્વામી સન્મુખ પ્રત્યક્ષ થયેલા રામાનંદ સ્વામીનાં સરજુદાસે દર્શન કર્યાં. ગૌર અને પુષ્ટ શરીર, કમળદળ સમી આંખો, તીવ્ર નાસિકા, વિશાળ ભાલ, જગતની અનેક વાતોની સરવાણીઓને સમાવી દેતું ગંભીર ઉદર, ગોળ ઊંડી નાભિ. આવી મનોહર મૂર્તિ જોઈ સરજુદાસને આનંદ થયો. રામાનંદ સ્વામીની મૂર્તિ સૌમ્ય હતી. તેમની આંખોમાં કૃષ્ણભક્તિનો પ્રેમ હતો. પિતા ધર્મદેવે તેમના અંત સમયે રામાનંદ સ્વામીના સ્વરૂપનું વર્ણન કર્યું હતું તે તેમને તાદશ્ય થયું. તેમને લાગ્યું રામાનંદ સ્વામી ખરેખર ગુરુવર્ય છે.

મુક્તાનંદ સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા ત્યારે સરજુદાસની આંખોમાં તેમણે પ્રેમાશ્રુ જોયાં. તેમણે કહ્યું : ''મેં રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં.'' એટલું કહીને તેમણે રામાનંદ સ્વામીની મૂર્તિનું વર્ણન કર્યું. પાસે બેઠેલા આશ્રમ-વાસીઓ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા !

પછી એક સાધુએ પૂછ્યું : ''સરજુદાસ ! હવે તો શાંતિ થઈ ને ?''

તરત જ સરજુદાસે કહ્યું : ''પ્રત્યક્ષ દર્શનનો જે મહિમા છે તે આ દર્શનથી ઘણો અધિક છે.[૧૭૮] પરમાત્માનાં પરોક્ષ અને પ્રત્યક્ષ બે સ્વરૂપો છે.''

ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપના જ્ઞાનથી અને તેમના સંબંધથી જ મોક્ષ થાય એ શ્રુતિનું[૧૭૯] રહસ્ય સરજુદાસને સ્પષ્ટ કરવું હતું.

કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ

જેઠ વદ દશમીની સાંજે પીપલાણાથી કુરજી દવે સંદેશો લઈને આવ્યા. તેમને જોઈને સૌને આનંદ થયો. સૌ ઉત્સુક બની ગયા. કુરજી વિપ્ર શો સંદેશો

૧૭૮. *સ્વામી રામાનંદજીનું પંડ, તેને દેખું છું ધ્યાને અખંડ,*
પણ મળશે પ્રત્યક્ષ પ્રમાણ, ત્યારે ટળશે અંતરે તાણ્ય.

— ભક્તચિંતામણિ; પ્ર. ૪૦-૪૬.

૧૭૯. ऋते ज्ञानान्न मुक्तिः ।

લઈને આવ્યા છે તે જાણવા વિપ્રની આસપાસ સૌ બેસી ગયા. મુક્તાનંદે પૂછ્યું : "દવેજી ! શા સમાચાર લાવ્યા છો ?"

"સારા સમાચાર છે, સ્વામી !" કુરજી દવેએ કહ્યું.

એટલે સુખાનંદે કહ્યું : 'તો ઝટ બોલી નાખો ને, આમ વાટ શું જોવરાવો છો !'

વિપ્રને સાધુઓની અધીરાઈ જોઈ આનંદ થયો. તેણે કહ્યું : "પહેલાં મને કહો, વધામણીમાં મને શું આપશો ?"

સુખાનંદ ચિડાયા. તેમણે કહ્યું : "તમે શું વધામણીના સમાચાર લાવ્યા છો તે કહો ત્યારે આપવાનો વિચાર થાય ને !"

કુરજી દવેએ સાધુઓની ગુરુભક્તિ જોઈ. તેમણે કહ્યું : "સ્વામી ! રામાનંદ સ્વામી આજે સવારે પીપલાણા આવી ગયા છે. તમને સૌને ત્યાં બોલાવ્યા છે અને પેલા સરજુદાસ નવા આવ્યા છે તેમને પણ સાથે લઈ આવવા કહ્યું છે."

ચાતક મેઘથી જેમ પ્રસન્ન થાય, ચકોર ચંદ્રના ઉદયથી પ્રસન્ન થાય, તેવી પ્રસન્નતાના ભાવ સૌનાં મોં ઉપર પથરાઈ ગયા. કુરજી દવે આ શુભ સમાચાર લાવ્યા તેથી મુક્તાનંદ સ્વામીએ તેમને પોતાને માથે બાંધવાનો રૂમાલ ભેટ આપ્યો. બીજા સાધુઓએ પણ પોતાની પાસે જે જે હતું તે તેમને ભેટ આપ્યું.

નીલકંઠ વર્ણી આ બધું જોઈ રહ્યા. તેમના મોં ઉપર અપાર આનંદ હતો. પરંતુ આ બધાય આપે છે તેવું કુરજી દવેને આપવા જેવું પોતાની પાસે કાંઈ જ નહોતું. છેવટે તેમણે કહ્યું : "દવેજી ! હું તો તમને મારું અક્ષરધામ બક્ષિસ આપીશ."

આ વાણીમાં વિપ્ર કાંઈ સમજ્યા નહિ. તે તો નીલકંઠ વર્ણી સામે ટગર ટગર જોવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ ફરી કહ્યું : "દવેજી ! જે કોઈ ન આપી શકે એવું પરાત્પર અક્ષરધામ હું તમને આપીશ. જે અત્યાર સુધી સૌને અપ્રાપ્ય રહ્યું છે. જેની પ્રાપ્તિ માટે મોટા મોટા મુનિવરો પણ દેહ દમી નાખે છે."

કુરજીને આ વાત અગમ્ય લાગી, છતાં તેને લાગ્યું કે નીલકંઠ વર્ણી જે આપશે તેની તુલનાએ બીજાએ આપેલી વસ્તુઓની કાંઈ કિંમત નહિ હોય. તેમણે નીલકંઠ વર્ણીને નમસ્કાર કર્યા.

યોગશક્તિથી દિવ્ય ગતિ

સરજુદાસે મુક્તાનંદ આદિ સાધુઓને કહ્યું : "ચાલો ! આપણે હમણાં જ

નીકળીએ." નીલકંઠ વર્ણીને રાજી કરવા સૌ ત્યાંથી તરત નીકળ્યા. કાલવાણી જઈને ટીમણ કર્યું, એટલે નીલકંઠ વર્ણીએ ફરી કહ્યું : "સ્વામી ! ચાલો હવે નીકળીએ."

મુક્તાનંદે કહ્યું : "કૃષ્ણ પક્ષની દશમ છે એટલે ચંદ્ર ઊગ્યે નીકળીશું."

સરજુદાસને આ વિલંબ ગમ્યો નહિ. તેમણે કહ્યું : "ચંદ્રને ક્યાં દર્શનની તાલાવેલી છે ? આપણે તો નીકળીએ જ."

સરજુદાસની અધીરાઈ સ્વામી સમજી ગયા. તેમણે કહ્યું : "હમણાં જ નીકળીએ. પર્વતભાઈ તથા બીજા હરિભક્તો પણ સાથે આવવાના છે, એટલે બધા ભેગા નીકળીએ."

એટલામાં પર્વતભાઈ, અંબારામ વ્યાસ, જીવરામ સોની, ખીમજી શેઠ વગેરે હરિભક્તો આવી ગયા. ચંદ્રમા પણ ઊગ્યો અને સંઘ ત્યાંથી નીકળ્યો. થોડું ચાલ્યા અને નીલકંઠ વર્ણી એકદમ બેસી ગયા. તેમણે કહ્યું : "મારા પગ દુઃખે છે. કોઈ ચંપી કરો." એટલે સૌ તેમની આસપાસ બેસી ગયા અને તેમના પગ દબાવવા લાગ્યા. તે જોઈ અયોધ્યાના મલ્લ જેવા સાધુ અયોધ્યાદાસ એકદમ બોલવા લાગ્યા : "અરે ! ક્યા દુબલે જૈસે હોકર બૈઠ જાતે હો ? મેરી કાંધ પર બૈઠ જાઓ."

તેમની અડબંગી બોલી સાંભળી સરજુદાસ હસ્યા. તેમણે કહ્યું : "સાધુરામ ! તમે મને નહિ ઊંચકી શકો."

અયોધ્યાદાસ આ સાંભળી હસ્યા. તેમણે તેમને એક હાથે પકડીને પોતાની ખાંધ ઉપર બેસારી દીધા. થોડું ચાલ્યા અને તેમને ભાર લાગવા લાગ્યો. તે ઝડપથી ચાલતો હતો પણ તેની ગતિ મંદ થવા લાગી. થોડું ચાલ્યો અને તે એકદમ બેસી ગયો. તેણે કહ્યું : "સરજુ ! ઊતર જાઓ, બહોત વજન લગતા હૈ." આ સાંભળી સૌ હસવા લાગ્યા.[૧૮૦]

સરજુદાસ થોડું ચાલ્યા અને ફરી બેસી ગયા. તેમણે કહ્યું : "મને શરીરે બહુ જ કળતર થાય છે, માટે મારું શરીર દબાવો." એટલે સૌ તેમનું શરીર દબાવવા લાગ્યા.

એટલામાં મુક્તાનંદ સ્વામી ત્યાં આવ્યા. તેમણે સરજુદાસને કહ્યું : "આ શું ચરિત્ર આદર્યું છે ? કોઈની કાંધ પર બેસો છો અને વળી વારે વારે પગ દબાવો છો ! આમ કરશો તો પીપલાણે ક્યારે પહોંચશું ? પીપલાણું તો હજી

૧૮૦. શ્રીહરિચરિત્રચિંતામણિ ; ભાગ-૧, પાન-૨૧૪.
– લેખક : સ્વામી રૂઘનાથચરણદાસજી, સંવત ૧૯૮૪, જૂનાગઢ.

ઘણું છેટે છે. માટે યોગધારણા કરો.''

મુક્તાનંદ સ્વામીનાં વચન સાંભળી સરજુદાસ એકદમ ઊઠ્યા. તેમની આજ્ઞામાં રહેવાની ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞા હતી. દેહની દુર્બળતાને તિલાંજલિ આપી, યોગ ધારણ કરી અને જેમ રામના બાણમાંથી તીર છૂટે તેમ તેમણે શીઘ્રતાથી ગતિ કરી. સંઘના સૌ આદમી જોઈ રહ્યા.

બ્રહ્મચારી ઓઝત ગંગાને તીરે આવ્યા, પણ ઓઝત તો બે કાંઠે ભરપૂર ગાંડીતૂર થઈને વહેતી હતી. તેના પ્રવાહમાં કોઈ પડી શકે તેમ ન હતું. સામે પાર જવા સૌ કાંઠે ઊભા રહ્યા હતા. પણ નીલકંઠ વર્ણીએ ઝંપલાવ્યું. સૌ જોતા રહ્યા અને ઓઝતનાં પાણી ઉપર સડસડાટ પગલાં માંડતાં નીલકંઠ વર્ણી સામે કાંઠે પહોંચી ગયા. બંને કાંઠે ઊભેલા માણસો નીલકંઠ વર્ણીનું આ અદ્‌ભુત ચરિત્ર આશ્ચર્યવત્ જોઈ રહ્યા. સામે કાંઠે જઈને નીલકંઠ વર્ણી સંઘનાં સભ્યોના આવવાની રાહ જોઈ બેસી રહ્યા.

સૌ સામે કાંઠે વહાણ ચાલવાની રાહ જોતાં ઊભા રહ્યા. ઉપરવાસમાં વરસાદનું જોર ધીમું પડ્યું એટલે પાણીનો વેગ ધીમો પડ્યો. તેથી વહાણ ચાલવાં શરૂ થયાં. સંઘના સૌ સભ્યો વહાણમાં બેસીને આ કાંઠે આવ્યા. નીલકંઠ વર્ણી તેમની રાહ જોતા કાંઠા ઉપર બેઠા હતા. તેમનામાં મનુષ્યભાવે બતાવેલી દુર્બળતા પણ સૌએ જોઈ અને દિવ્યભાવની અલૌકિકતા પણ જોઈ. છતાં તેમની સ્વસ્થતા નિરાળી જ હતી ! સૌ પાસે આવ્યા એટલે પોતે ઊઠ્યા. પીપલાણામાં તો તેઓ અગાઉ આવી ગયા હતા. છતાં સંઘના નિયમ પ્રમાણે સૌની સાથે જ ગામમાં પ્રવેશ કર્યો.



ઉદ્ગીથ ૧૭

રામાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણીનું મિલન

(આ.સં. ૧૮૫૬-૧૮૫૮, ઈ.સ. ૧૮૦૦-૧૮૦૧)

આ.સં. ૧૮૫૬ના જેઠ માસની કૃષ્ણ પક્ષની દ્વાદશીનો[૧૮૧] એ માંગલિક દિવસ હતો. ગુરુ રામાનંદ સ્વામી જેમને ખેલના ભજવનારા નટરાજ કહેતા, પોતે જેમને સ્વયં પુરુષોત્તમ માનતા, તે ભગવાન આજે આવી પહોંચ્યા હતા. આજે ભક્ત અને ભગવાનના શુભ મિલનનો મંગલમય દિવસ હતો. ભગવાનને ભક્તનો મહિમા હતો તેથી યોગધારણા કરી તેમણે ગતિ કરી. ઓઝત નદીમાં પુરપાટ વહેતા પાણીમાં ઝંપલાવ્યું. રામાનંદ સ્વામીને પણ એવી ઉત્સુકતા હતી. કચ્છના પ્રેમી ભક્તના આગ્રહને અવગણીને પીપલાણા આવ્યા અને તરત જ તેમણે કુરજી દવેને વધામણી આપવા લોજ મોકલી દીધા. તેઓ પણ અત્યારે પીપલાણામાં નરસિંહ મહેતાને ઘેર નીલકંઠ વર્ણી અને સંઘની રાહ જોતાં બેઠા હતા. તેમની સમક્ષ ભક્તોની સભા બેઠી હતી.

બહારથી કોઈએ ખબર આપ્યાં કે સંઘ ઓઝત ઊતરીને ગામમાં આવી ગયો છે. તે સમાચાર સાંભળીને રામાનંદ સ્વામી એકદમ ઉતાવળા થઈ ગયા અને ગાદી ઉપરથી ઊઠી ગયા. એટલામાં સંઘ આવી ગયો. સૌથી આગળ નીલકંઠ વર્ણી હતા. તેમણે ગાદી પાસે ઊભેલા રામાનંદ સ્વામીને દૂરથી જ દંડવત્ કરવા માંડ્યા. સ્વામી એકદમ દોડીને તેમની પાસે આવ્યા અને તેમને ઉઠાડીને, છાતીસરસા દાબીને અત્યંત પ્રેમથી ભેટ્યા. સૌને આશ્ચર્ય થયું. સ્વામી આ રીતે કોઈને ભેટતા નહિ. આજે અનોખી રીતે તેઓ નીલકંઠ વર્ણીને મળ્યા. વર્ણી ઉપર તેમનો અપાર પ્રેમ હતો તે તેમની આંખોમાંથી અને રોમાંચિત થયેલાં ગાત્રો ઉપરથી દેખાતું હતું. વર્ણી પણ જાણે ભક્તમાં સમાઈ જવા,

---

૧૮૧. એકાદશીનો ક્ષય હોવાથી બારસે ભાગવતી એકાદશી હતી.

– સત્સંગિજીવન; હેતુસંજ્ઞા ટીકા : ૧-૫૬-૩૫.

ભક્તનો મહિમા વધારવા, સ્વામીના આશ્લેષમાં સમાઈ ગયા. સ્વામી રાંમાનંદે આ સુખ લીધું. વર્ણીએ પણ તેમને એક ક્ષણ આ સુખ લેવા દીધું.

પોતાના બાહુપાશમાંથી નીલકંઠ વર્ણીને મુક્ત કરી રામાનંદ સ્વામીએ તેમને નીચે આસન ઉપર પોતાની સન્મુખ બેસાર્યા. પછી મુક્તાનંદ આદિ સંતોના નમસ્કાર ઝીલી સૌને માથે હાથ મૂકી પોતાની પ્રસન્નતા બતાવી. બહુ દિવસે મળ્યા એટલે સૌ ભક્તો દર્શનાતુર બની ગયા હતા. રામાનંદ સ્વામી અન્ય ભક્તોને તેમના કુશળ સમાચાર પૂછતા જતા હતા અને વારંવાર નીલકંઠ વર્ણી તરફ જોતાં જતા હતા. મુક્તાનંદ સ્વામીએ તેમના પત્રમાં જેવા વર્ણવ્યા હતા તેવા જ તેમણે વર્ણીને જોયા. શિથિલ ગાત્રોમાં નાડીઓ ઊપસી આવી હતી. લીલી, ભૂરી અને પીળી નસો શ્યામ વર્ણના નીલકંઠ વર્ણીના શરીર ઉપર મેઘધનુષ્યની જેમ શોભતી હતી. મુખ પર ગરિમા હતી સ્વયંસ્વરૂપના ભાવની ! આંખોમાં ચમક હતી માયાને પરાસ્ત કરવાની ! મુખ દ્વારા દેખાતા મનમાં ઋજુતા હતી - ભક્તોના ભાવથી કોમળ બની જવાની !

મુક્તાનંદ સ્વામીએ જોયું કે રામાનંદ સ્વામી સૌની સાથે વાત કરે છે પરંતુ તેમની દૃષ્ટિ તો સરજુદાસ ઉપર જ વારંવાર સ્થિર થઈ રહે છે. ઘણી વાર તેઓ કચ્છ જતા, અન્ય પ્રદેશોમાં ફરતા અને પાછા આવતા ત્યારે સંતો અને ભક્તોનું મિલન થતું. પરંતુ આજના પ્રસંગે તો તેમના મુખ ઉપર જે અપૂર્વ પ્રસન્નતાના ભાવો ઊપસી આવ્યા હતા તે તેમણે કદી જોયા ન હતા. રામાનંદ સ્વામીના આ ભાવ ઉપરથી તેમણે વર્ણીની વિશેષ મહત્તા પરખી લીધી.

તે દિવસે યોગિની એકાદશી હતી. રામાનંદ સ્વામીએ ફળો મંગાવી વર્ણીને ફળાહાર કરાવ્યો. તેમની મુખાકૃતિ તેમને પરિચિત લાગી તેથી તેમણે સહજભાવે જ પૂછ્યું : "વર્ણી ! મુખના ભાવથી તો તમે પરિચિત લાગો છો. તમારાં માતા, પિતા, દેશ વગેરે કહેશો ?"

વર્ણીએ સવિસ્તર બધી વાત કરી. રામાનંદ સ્વામી તે સાંભળી પ્રસન્ન થયા અને બોલ્યા : "વર્ણી ! તમારાં માતા-પિતા તો અમારા શિષ્ય હતાં. અમને પ્રયાગમાં મળ્યાં હતાં. અમારી પાસેથી વૈષ્ણવી દીક્ષા તેમણે ગ્રહણ કરી હતી. એટલે તમે તો અમારા જ છો."

ત્યાં બેઠેલા સાધુઓમાંના એક સાધુએ એકાએક પૂછ્યું : "સ્વામી ! આપ જેની વાટ જોતા હતા અને વારંવાર કહેતા હતા કે ખેલના ભજવનારા તો હજુ હવે આવશે, તે જ આ વર્ણી ?"

રામાનંદ સ્વામીએ કહ્યું : "હા, એ જ આ ! તમારાં સદ્‌ભાગ્ય છે કે તમોને આજે મળ્યા. પણ જ્યારે યથાર્થ ઓળખાશે, ત્યારે આનંદનો પાર નહિ રહે."

એકાએક એ વખતે વર્ણીએ રામાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો : "તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ?"

વર્ણીનો આ પ્રશ્ન સાંભળતાં જ રામાનંદ સ્વામીએ મુખ ફેરવી લીધું અને પાસે બેઠેલા હરિભક્ત સાથે વાત કરવા લાગ્યા.

થોડી વાર પછી રામાનંદ સ્વામીએ વર્ણી સામું જોયું એટલે તરત જ ફરીથી વર્ણીએ એ જ પ્રશ્ન પૂછ્યો. તોપણ રામાનંદ સ્વામી મૌન રહ્યા. એટલે વર્ણીએ એનો એ જ પ્રશ્ન ત્રીજી વાર પૂછતાં રામાનંદ સ્વામી કાંઈક મિષ લઈને ઊઠી ગયા. થોડી વારે તેઓ પાછા આવ્યા. પછી વર્ણી મૌન રહ્યા.

આવી અવળી રીત કેમ ?

એટલામાં ત્યાં એક જમાદાર આવ્યો. નીલકંઠ વર્ણીએ એને સમાધિ કરાવી. સમાધિમાં જમાદારે જોયું કે નીલકંઠ વર્ણી એક દિવ્ય સિંહાસન પર બિરાજમાન છે અને અનંત મુક્તો સાથે રામાનંદ સ્વામી પણ નીલકંઠ વર્ણીની સ્તુતિ કરે છે.

થોડી વારે તે સમાધિમાંથી જાગ્યો. એણે રામાનંદ સ્વામી પાસે આશ્ચર્ય વ્યક્ત કર્યું : "તમારા હિન્દુઓમાં આ અવળી રીત કેમ ? અલ્લાહ હેઠે બેસે અને મુરસદ ઊંચે આસને બેસે."

આ સાંભળી રામાનંદ સ્વામીએ મંદમંદ હસતાં કહ્યું : "અમારી આ રીત તો અસલની છે. વશિષ્ઠ ઋષિ ઊંચે બેસતા ને રામચંદ્રજી નીચે બેસતા."

જમાદારને આ કાંઈ સમજાયું નહિ. એ તો નીલકંઠ વર્ણીને અલ્લાહ જાણી એમને પગે લાગી ચાલ્યો ગયો.

સાંજે ચાર વાગ્યે ઓઝત નદીમાં સ્નાન કરવા જવા માટે સૌને તૈયાર થવા કહ્યું. ભાદરાથી આવેલા મૂળજી ભક્ત તથા શેખપાટના લાલજી સુથાર – જેઓ આ પ્રસંગે વર્ણીનાં દર્શન કરવા માટે જ આવ્યા હતા, તેમને પણ રામાનંદ સ્વામીએ ખાસ બોલાવી સાથે લીધા. તેમણે ત્યાંના હરિભક્તોને કહ્યું : "વાજાં લાવો. આજે મંગળ દિવસ છે. વાજાં વગડાવતાં, કીર્તન ગાતાં ઓઝતે જવું છે."

સૌને લાગ્યું કે સ્વામી આજે જુદા જ ભાવમાં છે. વાજાં આવ્યાં. સંતો-હરિભક્તો સૌ તૈયાર થયા. આગળ શરણાઈ, ઢોલ, તાંસા વાગે, સંતો કીર્તન

ગાય. એ રીતે સૌ ઓઝતે ચાલ્યા. વર્ણી નીચી દૃષ્ટિએ રામાનંદ સ્વામી સાથે ચાલ્યા જાય છે. રામાનંદ સ્વામીએ તેમનો એક હાથ પકડ્યો, બીજો હાથ તેમના ખભા ઉપર મૂક્યો છે. સૌ કીર્તન ગાતાં ગાતાં ચાલે છે, પણ સૌની દૃષ્ટિ નીલકંઠ વર્ણીમાં છે.

એટલામાં સૌ ઓઝત નદીએ પહોંચી ગયા. પૂર્વ તરફના વહેણમાં રામાનંદ સ્વામી, નીલકંઠ વર્ણી તથા મુક્તાનંદ સ્વામી સ્નાન કરવા લાગ્યા. રામાનંદ સ્વામી બોલ્યા : "જેમ યજ્ઞ પછી સૌ અવભૃથ સ્નાન કરે છે, તેમ આજે આપણે આ નીલકંઠ વર્ણીનો યોગ થયો એટલે યોગયજ્ઞ પૂરો થયો. તેથી આપણું પણ આ અવભૃથ સ્નાન છે."

બીજે દિવસે પારણાં કર્યાં. રામાનંદ સ્વામીએ ચાતુર્માસ ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. ત્યાં જ આ.સં. ૧૮૫૭ના દેવપોઢણી એકાદશી, જન્માષ્ટમી તથા જળઝીલણીના ઉત્સવો કર્યા. હરિભક્તો આવ્યે જ જતા હતા. સૌને નીલકંઠ વર્ણીનાં દર્શનની જિજ્ઞાસા હતી. તેમના સ્વરૂપ પાસે રામાનંદ સ્વામીની આભા ઝાંખી પડી જતી હોય તેવું સૌને લાગતું હતું. સ્વામી પણ વર્ણીની છાયામાં સંતાઈ જવા માગતા હતા.

દશેરાના અને અન્નકૂટના ઉત્સવો પણ ત્યાં જ થયા.

સંવત ૧૮૫૭ની પ્રબોધિની એકાદશી નજીક આવતી હતી. વર્ણીને હવે સંકલ્પ થવા લાગ્યા. ભારતની સમગ્ર યાત્રામાં તેમને સ્થિર થવાની વૃત્તિ જો થઈ હોય તો તે ફક્ત આ સ્થાનમાં જ ! અહીં ધર્મ હતો, અહીં સાધુતા હતી, અહીં કલ્યાણ માટેની પ્રવૃત્તિ હતી. આ સ્થાનમાં સાધુઓને સાધુતા સાચવવાની ખેવના હતી. હરિભક્તોને મોક્ષ માટેની જિજ્ઞાસા હતી. સૌનું આચરણ શાસ્ત્રની મર્યાદા અનુસાર હતું. બીજે બધે તેમણે પાખંડ ધર્મ અને કલ્પિત ધર્મના આચાર જોયા. અહીં તેમણે રામાનંદ સ્વામીના આશ્રમમાં સંતોમાં સદાચાર અને ભાગવત ધર્મની મર્યાદાનું પાલન થતું જોયું. તેમણે રામાનંદ સ્વામીના શુભ હસ્તે ભાગવતી દીક્ષા લેવાનું નક્કી કરી લીધું.

નીલકંઠ વર્ણી ભાગવતી દીક્ષા ગ્રહણ કરે છે

સંવત ૧૮૫૭ના કાર્તિક શુક્લની પ્રબોધિની એકાદશીનું આજે મંગલમય પ્રભાત હતું. વર્ણીએ પ્રાતઃવિધિ પતાવી સંતો સાથે જઈ ઓઝતમાં સ્નાન કર્યું. સફેદ વસ્ત્રો પહેર્યાં. પછી યજ્ઞમંડપમાં પધાર્યા. અહીં વિદ્વાન બ્રાહ્મણોએ

સર્વતોભદ્ર મંડળ કરીને તેમાં આઠ દિશામાં કળશ-સ્થાપનવિધિ કર્યો, દેવતાનું સ્થાપન કર્યું. તેમણે વર્ણીરાટ પાસે સ્થાપિત દેવતાઓની પૂજા કરાવી. ત્યારબાદ યજ્ઞમાં ઘીની આહુતિ વર્ણી પાસે અપાવી.

આ વિધિની સમાપ્તિ પછી રામાનંદ સ્વામીએ વર્ણીને દીક્ષા આપવાનો વિધિ શરૂ કર્યો. પ્રથમ તેમને કૌપીન આપી. પછી તે ઉપર પહેરવાનું શ્વેત વસ્ત્ર આપ્યું. ઓઢવાનું ઉત્તરીય આપ્યું. તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ગળામાં પહેરાવી. ચંદનથી કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું. તેમાં કુમકુમનો ગોળ ચાંદલો કર્યો. બે બાહુ તથા છાતીમાં છાપ આપી. ત્યારબાદ રામાનંદ સ્વામીએ તેમના કાનમાં ગુરુમંત્ર આપ્યો.

પછી રામાનંદ સ્વામીએ કહ્યું : "વર્ણી ! તમે તો જન્મથી જ ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી છો. તમારા તુલ્ય બ્રહ્મવેત્તા કોઈ નથી. તમારા તીવ્ર વૈરાગ્યને પણ ધન્ય છે. તમે સાક્ષાત્ પરમાત્મા છો. દીક્ષા લીધા વિના પણ આપ કરોડોને માત્ર સંકલ્પે કરીને નિષ્પાપ કરી શકો એવા સમર્થ છો, વૈદિક ધર્મનો મર્મ સૌને સમજાવવા માટે જ આપે આજે આ દીક્ષા ગ્રહણ કરી છે."

એમ કહીને ભાગવતી દીક્ષા પછી રામાનંદ સ્વામીએ વર્ણીરાટનો નામ-સંસ્કરણવિધિ કરી 'સહજાનંદ સ્વામી' અને 'નારાયણ મુનિ' એમ બે નામ તેમને આપ્યાં. પછી વર્ણીરાજ ઊભા થઈને રામાનંદ સ્વામીને દંડવત્ કરી પગે લાગ્યા. મુક્તાનંદ આદિ સર્વે સંતોને પણ પગે લાગ્યા. મંડળમાં સૌથી નાના છતાં સૌથી અગ્રપદે શોભતા વર્ણી આજે અલૌકિક દેખાતા હતા.

સભાજનો તથા શ્રી રામાનંદ સ્વામીના સર્વ સંતો નવદીક્ષિત શ્રી સહજાનંદ સ્વામીના સ્વરૂપમાં જાણે લીન થઈ ગયા હોય એવું સૌને લાગ્યું. રામાનંદ સ્વામીના સ્વરૂપમાંથી તેમની બધાની વૃત્તિ કેમ ચલિત થઈ ગઈ તેનો તેમને કોઈનેય ખ્યાલ ન આવ્યો. રામાનંદ સ્વામી પણ શૂન્યમનસ્ક બની ગયા હતા. પ્રયાગમાં મળેલાં ધર્મ અને ભક્તિના વિચારમાં તે ખોવાઈ ગયા હતા. તેમને લાગ્યું કે આ સહજાનંદ એ ધર્મ-ભક્તિનું જ મૂર્ત સ્વરૂપ છે. ધર્મ પ્રત્યેની તેમની અભિરુચિ - બ્રહ્મચર્યવ્રતના સ્થાપનનો તેમનો દૃઢ સંકલ્પ અને લોજમાં સાધુઓ પાસે તે વ્રતનું તેમણે દૃઢતાપૂર્વક કરાવેલું અનુશીલન, તે બધી વાતો તેમના આશ્રમવાસી સંતો પાસેથી સાંભળી તેઓ મુગ્ધ બની ગયા હતા. વળી, સહજાનંદ સ્વામી પોતે પૂર્ણ સ્વરૂપ હોવા છતાં તેઓ ભક્તિ માટેની તીવ્ર અભીપ્સા સેવતા હતા. આ ગુણો પરમાત્મામાં જ હોય છે.

રામાનંદ સ્વામીના યોગમાં રામદાસ સ્વામી

તેમનું મન વિચારે ચડી ગયું. રામાનંદ સ્વામી મનોમય ભૂમિકામાં ગતિ કરવા લાગ્યા. ભગવાને દર્શન દઈને એંધાણ આપ્યા કે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં પ્રગટ થઈને પૃથ્વી ઉપર ભાગવત ધર્મનું સ્થાપન કરશે. સોરઠની ભૂમિને પવિત્ર જાણી ત્યાં આવવા નીકળ્યા. રસ્તામાં કાનમ દેશમાં સારિંગ ગામના પાદરેથી જતાં એક ખેડુને હળ હાંકતો જોયો. સહેજે તેને બોલાવીને કહ્યું : "ભાઈ ! આ સંસાર તો અસાર છે. શા માટે આવી કાળી મજૂરી કરી અમૂલ્ય મનુષ્યદેહ ખોઈ નાખો છો ?" ખેડુ આ ભાષામાં કાંઈ સમજ્યો નહિ. તેણે ફક્ત બે હાથ જોડી એટલું જ કહ્યું : "તો શું કરું ?" "સંસારનો ત્યાગ કરી ભગવાન ભજો. મારી સાથે ચાલો." ખેડૂતે તરત જ બળદની રાશ મૂકી દીધી અને સ્વામી સાથે ચાલતો થયો.

એ જ વખતે રામાનંદ સ્વામીને કોઈએ હલાવ્યા : "સ્વામી ! સ્વામી !"

રામાનંદ સ્વામી એકદમ ઝબક્યા : "કોણ, રામદાસ ?"

"હા, સ્વામી ! આપ કયા વિચારમાં હતા ?"

રામાનંદ સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "રામદાસ ! તમારા વિચારમાં જ હતો. બળદની રાશ છોડીને તમે અમારી સાથે નીકળ્યા. કેવો તમારો ખપ !"

તેમણે કહ્યું : "સ્વામી ! આ નારાયણ મુનિનાં તપ અને વૈરાગ્ય આગળ અમારી તો કોઈ ગણતરી નથી. સર્વે કલ્યાણકારી ગુણોનું મૂળ પરમાત્મા છે. લાગે છે કે એ મૂળ સ્વરૂપ તો આ સહજાનંદ નહિ હોય ?"

રામાનંદ સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "રામદાસ ! સહજાનંદ અગાધ છે. ભવિષ્યમાં તેમની મહત્તા તમને જણાશે."

એટલામાં સહજાનંદ સ્વામી તેમની પાસે આવ્યા. રામાનંદ સ્વામીએ તેમને પોતાની પાસે બેસાર્યા. તેમણે ધીરગંભીર સ્વરે કહ્યું : "સ્વામી ! તમે આજે આ ભાગવતી દીક્ષા લીધી, અમારા સંપ્રદાયના મતનો તમે સ્વીકાર કર્યો તો તે મતના પ્રવર્તનમાં તમારે પ્રયત્નશીલ રહેવાનું છે."

તે સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યા : "સ્વામી ! એ જ મતનું જ્ઞાન તેમના હૈયામાં ભર્યું છે. આશ્રમમાં આવ્યા અને પ્રથમ પ્રશ્ન તેમણે મને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપ સંબંધી પૂછ્યો હતો."

રામાનંદ સ્વામી આ સાંભળી સહજાનંદ સ્વામી સામું જોઈ હસ્યા.

નારાયણ મુનિએ વિચાર્યું કે આ તત્ત્વબોધ અત્યારે અસ્થાને છે. પોતાના અક્ષરધામને તેમની સાથે સદા વર્તતું પરમ સામ્ય, જ્યારે મુમુક્ષુઓને યથાર્થ સમજાશે ત્યારે જ અક્ષરનો મહિમા, આત્યંતિક કલ્યાણ માટે અક્ષરબ્રહ્મની અગત્યતા અને આવશ્યકતા સ્વીકારશે. અત્યારે તો પોતાના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન લોકોના અંતરમાં ઉતારવું એ પણ કઠણ છે. અવતારોનાં પરોક્ષ સ્વરૂપોમાં જ લોકોની વૃત્તિ દૃઢ થઈ ગઈ છે અને ભોળા ભાવે લોકો ભજન કરી રહ્યા છે. તેમણે વિષયાંતર કરવા અયોધ્યાના આનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! ઠેઠ ઉત્તર હિંદમાંથી આપ અહીં કેવી રીતે આવી પહોંચ્યા ?"

આનંદ સ્વામીએ કહ્યું : "અયોધ્યામાં રામગલોલાનો અખાડો છે."

નારાયણ મુનિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "હું જાણું છું. હું તે અખાડામાં જઈ આવ્યો છું. બધા રંગીભંગી બાવાઓ છે."

"એમાંનો હું પણ એક હતો." આનંદ સ્વામીએ હસીને કહ્યું. "છતાં મારા પૂર્વકર્મનું જોર અને રામાનંદ સ્વામીની કૃપાના યોગે અમારે ત્યાંથી દ્વારિકાની જાત્રાએ નીકળવાનું થયું. અહીં સૌરાષ્ટ્રમાં આવતાં રામાનંદ સ્વામીનું નામ લોકજીભે સાંભળ્યું. તે નામ સાંભળતાં જ મને તેમનું ખેંચાણ થયું. પછી અમે શોધતાં શોધતાં લોજ જઈ પહોંચ્યા. ત્યાં સ્વામીનાં દર્શન થયાં અને અંતર શાંત થઈ ગયું. બાવા થયા પછી પણ જગતના પંચવિષયો પ્રત્યે ઉછાળા મારતી વૃત્તિઓના ભોગની ઈચ્છા રામાનંદનાં દર્શનથી એકાએક મંદ પડી ગઈ ! તેથી મનમાં થયું કે જો સાધુ જ થવું હોય, પરમાત્માના સ્વરૂપની સાધના કરવી હોય તો કાશી, કેદાર કે દ્વારકાની પવિત્ર ધૂલિ અંગે લગાવવા કરતાં પણ સર્વ તીર્થ જેમના ચરણમાં છે તેવા આ મહાન પુરુષની ચરણધૂલિમાં આળોટવું એ શ્રેષ્ઠ છે. તેથી મેં તો લોજમાં જ 'અઠે દ્વારકા' કરી દીધા. મારી સાથેના બીજા બાવાઓ પછી દ્વારિકા જવા ચાલ્યા ગયા અને સ્વામીની કૃપાથી હું લક્ષ્મણદાસમાંથી 'આનંદાનંદ' બની ગયો. પરંતુ રામગલોલાના અખાડામાંથી આવ્યો એટલે હજુ મને બધા રામગલોલા આનંદાનંદ કહે છે."[૧૮૨]

એકાએક રામાનંદ સ્વામી ઊઠ્યા, તેમણે કહ્યું : "જુઓ સંતો ! આપણે

---

૧૮૨. રામગલોલા આનંદ સ્વામી વિશે બીજો એક ઉલ્લેખ પણ મળી આવે છે : "ભરતપુરના મહારાજા અમરસિંહજી નિઃસંતાન હોવાથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો, પોતાના નાનાભાઈ રણજિતસિંહને ભરતપુરની ગાદી સોંપી પોતે શેષ જીવન અયોધ્યામાં વ્યતીત કરવાનું નક્કી કર્યું. કેટલાક સમય બાદ અયોધ્યામાં ➤

જે કારણે લોજ, માંગરોળ, માણાવદર, અગતરાઈ, મેઘપર, ધોરાજી, સાંકળી, પીપલાણા, જામવાળી, ભાડેર, ફણેણી, જેતપર, સરધાર વગેરે સ્થળોએ સદાવ્રતો બાંધ્યાં હતાં, તે ધ્યેય હવે પૂરું થયું છે. પરિવ્રાજકના સ્વરૂપમાં પરમાત્મા પોતે સદાવ્રત લેવા આવી જાય તો આપણું કલ્યાણ થાય. તે બની ગયું છે. આ સહજાનંદ સ્વામી એ સ્વરૂપ છે. વળી, વૈરાગીઓનો ત્રાસ પણ છે. માટે હવે આપણે સદાવ્રતો બંધ કરીએ.'' આમ, સદાવ્રતો બંધ થયાં.

રામાનંદ સ્વામીના શિષ્યગણમાં મુકુંદ બ્રહ્મચારી સહજાનંદ સ્વામીને નીરખી નીરખી જોતા હતા. તેમની આંખો આ સહજાનંદની અલૌકિક મૂર્તિનું પાન કરતી હતી. નારાયણ મુનિ બોલતા હતા ત્યારે તેમના શબ્દોનું અમૃતની પેઠે પાન કરતા આ બ્રહ્મચારીજીની આવી એકાગ્રતા જોઈ એક સાધુએ તેમને હલાવ્યા અને પૂછ્યું : ''મુકુન્દ ! કાંઈ સમજાયું ?''

રામગલોલાજીની જગ્યાના મહંતનું અવસાન થયું. તેમના ઉત્તરાધિકારી કોને નીમવા તે વિશે સૌ વિચારવા લાગ્યા. મહારાજા અમરસિંહના વૈરાગ્યમય જીવનથી તેમને આ ગાદી સ્વીકારવાનું કહેવું એવો સૌએ નિર્ણય કર્યો. સૌ તેમની પાસે ગયા અને તેમને વિનંતી કરી. પરંતુ તેમની ઇચ્છા ન હતી. છતાં બહુ જ આગ્રહને વશ થઈ તેમણે એ પદ સ્વીકાર્યું. રામગલોલાજીની ગાદી ઉપર આવ્યા તેથી તેમને સૌ રામગલોલાજીના નામે ઓળખવા લાગ્યા. તેમનું દીક્ષિત નામ તો લક્ષ્મણદાસ હતું.

થોડા દિવસ બાદ મંદિરમાં દર્શન કરવા આવેલા એક વેરાગી પાસે તેમણે જીવન-મુક્તાનાં ઐશ્વર્ય-પ્રતાપની વાત સાંભળી તેમનાં દર્શને જવા વિચાર કર્યો. પોતાના શિષ્યોના સંઘ સાથે હાથી, ઘોડા, ઊંટ વગેરે લઈને તેઓ નીકળ્યા. સૌરાષ્ટ્રમાં માંગરોળમાં તે વખતે શ્રીજીમહારાજ રામાનંદ સ્વામીએ સ્થાપેલ સદાવ્રત ચલાવતા હતા. તેઓ ત્યાં આવ્યા. શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં અને પૂર્વસંસ્કાર જાગ્રત થઈ ગયા. તેમણે ત્યાં જ 'અઠે દ્વારકા' કર્યું. મહારાજે તેમને દીક્ષા આપી 'આનંદ સ્વામી' નામ પાડ્યું.''

શ્રી સ્વામિનારાયણ - જેતલપુર યજ્ઞમહોત્સવ વિશેષાંક ૧૫૦મો : જુલાઈ-ઑગસ્ટ ૧૯૭૬ : પૃષ્ઠ ૯૧-૯૪. આ હકીકત 'શ્રીહરિનું સચિત્ર જીવનચરિત્ર'માં છે.

— લેખક : પુરાણી નારાયણપ્રિયદાસજી, ગઢડા.

આ હકીકત બરાબર નથી. કારણ મુક્તાનંદ સ્વામીએ ભુજમાં રામાનંદ સ્વામી ઉપર પત્ર લખ્યો છે. તેમાં તેમણે 'લોજથી લખિતંગ દાસાનુદાસ મુક્તાનંદજી તથા રામગલોલા...' તેથી આનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી હોય તેવું નક્કી થાય છે.

— લેખક

"સમજે મારી બલા ! હું તો તેમને જોઈ જ રહ્યો છું. કેવું સ્વરૂપ ! કેવી અલૌકિકતા !"

તે સાધુએ જરા ગમ્મત કરી : "પરણવું છે ?"

"હૈયું તો મળી ગયું છે, એ જ લગન !"

સાધુ સમજી ગયા. મછિયાવના આ બ્રાહ્મણ યુવાન સંસારનાં લગ્નની વાતને ઠુકરાવીને પ્રભુપ્રાપ્તિ માટે અખંડ બ્રહ્મચર્યના વ્રતને વરેલા હતા. ઘર મૂકીને ભગવાનને ખોળતાં ખોળતાં ઠેઠ લોજમાં આવ્યા. રામાનંદ સ્વામીના સ્વરૂપમાં તેમને ભગવાનનાં દર્શન થયાં. ઇન્દ્રિયોની વૃત્તિઓને અંતઃસન્મુખ રાખીને ભજન કરતા, આશ્રમની સેવા કરતા. આ મૂળજી ભક્તની ખરી મુમુક્ષુતા જોઈ રામાનંદ સ્વામીએ તેમને દીક્ષા આપી અને મુકુન્દ બ્રહ્મચારી નામ આપ્યું.

મુકુન્દ બ્રહ્મચારીનો વિચાર કરતાં તે સાધુએ મનોમન તેમને નમસ્કાર કર્યા. સંસારીનાં લગ્નો ભોગસુખની વાસના માટે હોય છે. બ્રહ્મચારીએ એ સુખનો ત્યાગ કર્યો - પરમાત્માના પરમ સુખના ઉપભોગ માટે; તેમના સ્વરૂપમાં મળી જઈ ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરવા માટે. જીવ અને પરમાત્માનું મિલન એ જ સાચું લગ્ન છે.

એકાદશીની રાત્રિનું જાગરણ સૌએ કર્યું. સૌનાં અંતરમાં આજે જુદા પ્રકારના આનંદની અનુભૂતિ હતી. સૌનાં અંતરના અંતર્યામી આજે પ્રગટ થયા હતા. તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાનનું તો અજ્ઞાન હતું, છતાં તે સ્વરૂપનો આનંદ અછતો રહ્યો ન હતો.

આપણે સ્ત્રીઓને દીક્ષા આપીએ છીએ ?

બીજે દિવસે વહેલી સવારે સૌએ ઓઝત ગંગામાં સ્નાન કર્યું. પછી નિત્ય વિધિ કરી. રામાનંદ સ્વામીએ આજે સહજાનંદ સ્વામીને સાથે બેસારી પારણાં કરાવ્યાં. તપથી કૃશ થયેલો આ સ્વામીનો દેહ કઈ રીતે પુષ્ટ થાય તેના વિચારમાં જ તે હતા. પરંતુ સહજાનંદ સ્વામી અલ્પ જમતા. આજે પણ થોડું જમી તેમણે ચળું કરી લીધું. રામાનંદ સ્વામી પણ ઊઠી ગયા.

રામાનંદ સ્વામી તેમની પાછળ ગયા. તેમનો ખભો પકડી પૂછ્યું : "મુનિ ! આજે કાંઈ અસ્વસ્થ જણાઓ છો ?"

"અસ્વસ્થ તો નથી પરંતુ મને એક વાત ખૂંચે છે." નારાયણ મુનિએ ધીરે રહીને કહ્યું.

રામાનંદ સ્વામીને ફાળ પડી. હજુ ગઈ કાલે જ દીક્ષા દીધી અને આજે જ આ મુનિને આ શી મૂંઝવણ થઈ ! તેમણે કહ્યું : "તો નિઃસંકોચ કહો, આપણે તેનો ઉપાય કરીશું."

"સ્વામી ! આપણા આ મંડળમાં આ બે સ્ત્રીઓ ભગવાં પહેરી ફરે છે તે કોણ છે ? આપણે સ્ત્રીઓને દીક્ષા આપીએ છીએ ? સ્ત્રીઓને સાધુઓનો સંસર્ગ રહે એવો આપણા ત્યાગાશ્રમમાં વ્યવહાર છે ખરો ?"

સહજાનંદ સ્વામીના આ પ્રશ્નોથી રામાનંદ સ્વામી ખરેખર મૂંઝાયા. તેમણે કહ્યું : "સ્વામી ! એ બે બાઈઓ હરબાઈ અને વાલબાઈ છે. આત્માનંદ સ્વામીની શિષ્યાઓ છે અને આત્માનંદ સ્વામીએ તેમનો સમગ્ર શિષ્યગણ મને સોંપ્યો હતો તેથી તેઓ સાથે ફરે છે."

"આત્માનંદ સ્વામીએ તેમને દીક્ષા આપેલી ખરી ?" સહજાનંદ સ્વામીએ પ્રશ્ન-પરંપરા ચાલુ રાખી.

"ના, આત્માનંદ સ્વામીએ તેમને દીક્ષા આપી ન હતી. પરંતુ તેમની સાથે કાશીની જાત્રા કરવા ગયાં ત્યારે વાલબાઈએ રસ્તામાં લાઠી ગામમાં પોતાની મેળે જ ભગવાં વસ્ત્રો પહેરી લીધાં હતાં અને હરબાઈએ આત્માનંદ સ્વામીનો ઉપદેશ સાંભળીને ભગવાં ધારણ કરી લીધાં હતાં."[૧૮૩]

આ સાંભળી સહજાનંદ સ્વામી ચપટી વગાડી 'હરિ હરિ હરિ' એમ

---

૧૮૩. તળાજા પાસે ગોપનાથ મહાદેવના ગોવિંદ સ્વામી(તેલંગી બ્રાહ્મણ)ના શિષ્યો એક આનંદાનંદ અને બીજા જૂનાગઢના નાગર ભક્ત નરસિંહ મહેતા. આનંદાનંદના શિષ્ય ગોપાળાનંદ અને તેમના શિષ્ય આત્માનંદ હાલારમાં ધૂંવાવ ગામના. પૂર્વાશ્રમમાં તેઓ મોઢ ચાતુર્વેદી બ્રાહ્મણ હતા. પૂર્વાશ્રમનું નામ વિશ્વંભર ભટ્ટ, પિતાનું નામ જગજીવન અને માતાનું નામ નાનબાઈ. વીસ વર્ષે તેમણે લગ્ન કર્યાં અને ચાર પુત્રો અને એક પુત્રી થયાં. ગોપી ભટ્ટ, ભાનુ ભટ્ટ, જયદેવ અને આત્મારામ. પુત્રીનું નામ આનંદીબાઈ. ગોપાળાનંદના ઉપદેશથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. આસોદર રહેવા ગયા. ત્યાં યજમાનગરું કરતાં તેમના ઘણા શિષ્યોમાંના એક કણબીની પુત્રી વાલબાઈએ તેમનામાં ઈશ્વરપણું જોયું અને તેમની સાથે રહેવાની ઇચ્છા દર્શાવી.

વિશ્વંભર ભટ્ટે કહ્યું : "હું જાત્રાએ જઈશ ત્યારે તને સાથે લઈ જઈશ અને 'ગંગા-સ્નાન' કરાવીશ." એમ કહી તેઓ ગોપનાથ ગયા. અહીં તેમના ગુરુ ગોપાળાનંદે તેમને દીક્ષા આપી આત્માનંદ નામ ધારણ કરાવ્યું. પછી આસોદર આવી વાલબાઈને લઈને કાશીની યાત્રા કરવાનો વિચાર કર્યો. વાલબાઈએ પોતાનાં ➤

બોલવા લાગ્યા. તેમના મુખ ઉપરના ભાવ જોઈ રામાનંદ સ્વામીએ કહ્યું : ''સ્વામી ! તમારા મનની વાત હું જાણું છું, પરંતુ હમણાં જાળવી જાઓ. વખત આવ્યે બધું થઈ રહેશે.''

સહજાનદ સ્વામીએ જાણ્યું કે અત્યારે કોઈ પ્રકારનો આગ્રહ સેવવાથી રામાનંદ સ્વામીના શિષ્ય મંડળમાં અસંતોષ ઊભો થશે. તેથી રામાનંદ સ્વામીના વચનથી તેઓ સ્વસ્થ થઈ ગયા.

સોરઠમાં વિચરણ

પીપલાણામાં કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ કરી રામાનંદ સ્વામીએ પોતાના સંતમંડળ સાથે નીકળવાનો વિચાર કર્યો. સૌ ઉદાસ થઈ ગયા. લગભગ સાડા

માતા-પિતા અને સંબંધીઓની સંમતિ લીધી અને ગુરુ સાથે નીકળી પડ્યાં. રસ્તામાં લાઠી ગામમાં વાલબાઈએ ભગવાં વસ્ત્ર પહેરી લીધાં. *'લાઠી ગામમાં આવિયાં જ્યારે, ભગવાં કર્યાં બાઈએ ત્યારે.'* (શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૧૪). કાશીમાં નાઘેર દેશની કુંભાર સ્ત્રી હરબાઈ તેમને મળી. તેણે ત્યાંના સાધુઓના અખાડામાં ભ્રષ્ટાચાર જોયો, ભેખમાં ભગવાન મળશે કે તીરથમાં ભગવાન ભેટશે એમ જાણી ઠેઠ ગિરનારની છાયામાંથી અહીં આવેલી; પણ હરબાઈને નિરાશા સાંપડી. એટલામાં તેને વાલબાઈનો ભેટો થઈ ગયો. એક દેશનો પહેરવેશ અને ભાષા જોઈ બંનેને એકબીજાનો પરિચય થયો. હરબાઈએ પોતાની વીતક કહી. વાલબાઈએ પોતાના ગુરુ આત્માનંદનો મહિમા કહ્યો. હરબાઈએ તેથી આત્માનંદનો ઉપદેશ સાંભળ્યો અને તેણે પણ ભગવો વેશ ધારણ કરી લીધો. *'તેની પાસે લીધો ઉપદેશ, ધર્યો તન પર ભગવો વેશ.'* (શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૧૪).

એ આત્માનંદ સ્વામી રામાનંદ સ્વામીના ગુરુ હતા. પરંતુ તેમની નિરાકાર બ્રહ્મની વાત સાંભળી રામાનંદે તેમનો ત્યાગ કર્યો હતો. પછી રામાનુજી દીક્ષા તેમણે લીધી અને વૃંદાવનમાં કૃષ્ણ સાક્ષાત્કાર કરી સોરઠ પધાર્યા. અહીં છત્રાસા ગામમાં ફરી આત્માનંદ સ્વામીનો ભેટો થયો. તે વખતે શિષ્યની તેજસ્વી આકૃતિ જોઈ આત્માનંદ સ્વામી પ્રસન્ન થયા. રામાનંદના વચને અદ્વૈત મત ખોટો કર્યો અને વિશિષ્ટાદ્વૈત મત ગ્રહણ કર્યો. पुत्रात् शिष्याद् इच्छेत् पराजयम्। એટલું જ નહિ, પરંતુ 'પોતાનાં તમામ શિષ્યોને વિશિષ્ટાદ્વૈત મતનું જ્ઞાન આપજો' એમ કહી, પોતાનાં શિષ્યોની સોંપણી રામાનંદ સ્વામીને કરી. પછી હરબાઈ તથા વાલબાઈને કહ્યું : ''આ રામાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો.'' (શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૯-૧૦)

પાંચ માસ સુધી દિવ્ય આનંદની અનુભૂતિમાં સૌ લેલીન થઈ ગયા હતા. આજે વિયોગની આ પળ સાલી. રામાનંદ સ્વામીએ સૌને આશ્વાસન આપતાં કહ્યું : "અત્યાર સુધી જે સુખ માણ્યું છે તે સંભારવું. આ વર્ણિને સંભારવા. ઈશ્વરમૂર્તિ છે." એમ કહી સહજાનંદ સ્વામીને સાથે લઈ પોતે રથમાં બેઠા. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો ગાડામાં બેઠા. બીજા કોઈ ઘોડા ઉપર તો કોઈક ચાલતા એમ તૈયાર થયા. નરસિંહ મહેતા, તેમનો પુત્ર કલ્યાણજી તથા ગામના ભક્તો વળાવવા આવ્યા. રામાનંદ સ્વામીએ તેમને સૌને ગામને પાદરેથી પાછા વાળ્યા અને સંઘ ત્યાંથી આખા ગામ પ્રતિ વિદાય થયો.

આખામાં સંઘ ગંગાધર વિપ્રને ત્યાં આવ્યો. અહીં પશ્ચિમ મુખના વિશાળ ઘરના સુંદર ચોકમાં પીપળા નીચે રામાનંદ સ્વામીએ ઉતારો કર્યો. વર્ણીન્દ્ર શ્રી સહજાનંદ સ્વામી પણ સાથે હતા. સંઘમાંના સંતો તથા હરિભક્તો અને ગામમાંથી દર્શન કરવા આવેલા હરિભક્તો સૌ ત્યાં સભાસ્થાનમાં ગોઠવાઈ ગયા. રામાનંદ સ્વામીએ એક પ્રથા પાડી દીધી હતી. જે ગામમાં જાય ત્યાં પહેલી સભા. સભામાં કીર્તન-ભજન થાય તથા પરમાત્માની વાતો પણ થાય. આથી ગુણના ભાવો શમી જતા, વાતાવરણ પણ દિવ્ય બની જતું. પછી એકાંતમાં સંતના સમાગમથી બુદ્ધિ સતેજ થતી. હૈયામાં જાગૃતિ આવતી અને ઉપદેશ અંતરમાં ઊતરતો. સત્સંગના અંતરંગથી રંગવાનું આ અદ્ભુત સાધન હતું.

સભામાં એક મેમણ ભક્ત જાસૂલ આવ્યો હતો. વાતો સાંભળતાં સાંભળતાં તેની વૃત્તિ સહજાનંદ સ્વામીના સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ. તેના પ્રાણની ગતિ બંધ થઈ ગઈ. તે જડવત્ બની ગયો ! પરંતુ તેની નાડી ચાલતી હતી. સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા. પણ રામાનંદ સ્વામી વાતો કરતા હતા તેથી સભામાં કોઈએ વિક્ષેપ કર્યો નહિ. થોડી વારે જાસૂલ જાગ્યો. તરત જ તે રામાનંદ સ્વામી પાસે પહોંચ્યો. સહજાનંદ સ્વામીને નમસ્કાર કર્યા અને બોલ્યો : "આ સહજાનંદ સાક્ષાત્ ઈશ્વર છે. મેં હમણાં જ તેમને દિવ્ય સ્વરૂપે જોયા."[૧૮૪]

મેમણની આ વાત સૌ આશ્ચર્યવત્ સાંભળી રહ્યા. તેમને પણ લાગ્યું કે આ સહજાનંદ સ્વામીનું સ્વરૂપ તેમની ઇન્દ્રિયોને ખેંચતું હતું. તેમના સ્વરૂપ સિવાય બીજું તેમને દેખાતું ન હતું, સંભળાતું ન હતું. એટલામાં તે સભાને ઊઠવાનો સમય થયો એટલે વર્ણીન્દ્ર ભગવાન પણ ઊઠ્યા.

ગંગાધર વિપ્રને ત્યાં સૌ જમ્યા. એટલામાં ગામ અગતરાઈના હરિભક્તો

૧૮૪. શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૧૭.

ત્યાં આવ્યા. તેમને સૌને જમાડ્યા. પછી તેમણે સ્વામીને કહ્યું : "સ્વામી ! આ નવા વર્ણી અમારે ગામ આવ્યા નથી, માટે બધા સંઘને લઈને અગતરાઈ પધારો."

રામાનંદ સ્વામીએ તરત જ મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું : "તમો સહુ સંઘ આજે આ નારાયણ મુનિને લઈ અગતરાઈના હરિભક્તો સાથે અગતરાઈ જજો. અમો ત્યાં કાલે આવીશું."

સ્વામીની આ આજ્ઞા સાંભળીને મુક્તાનંદ સ્વામીએ સર્વે સંઘને તૈયાર કર્યો. રોંઢો કરી સૌ નીકળ્યા. સહજાનંદ વર્ણીન્દ્ર પણ સાથે નીકળ્યા. ગામના હરિભક્તો પાદર સુધી વળાવવા આવ્યા. તેમની દૃષ્ટિ વર્ણીન્દ્ર કિશોરસ્વરૂપ ઉપર જ હતી. એકાએક તે સ્વરૂપમાંથી તેમણે પ્રકાશ નીકળતો જોયો. તે પ્રકાશ શીતળ હતો. થોડી વારે તે પ્રકાશ પાછો તેમના સ્વરૂપમાં લીન થઈ ગયો, સૌ ઊભા રહ્યા.

મુક્તાનંદ સ્વામીએ સૌને કહ્યું : "હવે તમે પાછા વળો."

પરંતુ સહજાનંદ સ્વામીના સ્વરૂપનું આકર્ષણ તેમને ખેંચતું હતું. તેમને લાગ્યું કે આ વર્ણીને છોડીને તેઓ પાછા જઈ નહિ શકે. તેમની આ વેદના જોઈ મુક્તાનંદે કહ્યું : "શા માટે દિલગીર થાઓ છો ? રામાનંદ સ્વામી તો તમારે ત્યાં છે. તેમના સ્વરૂપમાં વૃત્તિ જોડો."

જીવ, પુરુષ, અક્ષર, પુરુષોત્તમ એ સર્વેનું તેજ પ્રગટપણે તો સજાતીય છે. એમના પ્રકાશના ભેદ પાડવાને તો કોઈ સમર્થ નથી. પરંતુ ભેદ તો અતિશય છે. મુક્તાનંદ સ્વામીને એ ભેદનો અનુભવ ન હતો. તેથી તેમણે સૌને કહ્યું : "ઘેર જાઓ, રામાનંદ સ્વામીમાં વૃત્તિ જોડો."

ભગવાનની કૃપાથી જ એ પ્રકાશના ભેદ સમજાય છે. આજે આ નવદીક્ષિત સહજાનંદ સ્વામીના સ્વરૂપમાં ભક્તોની વૃત્તિ ખેંચાતી હતી, તેમનું સાન્નિધ્ય તેમને છોડવું ગમતું ન હતું. તેમનો આ ઉઘાડો પ્રતાપ મુક્તાનંદ સ્વામીને ન દેખાયો. પીપલાણામાં વર્ણીએ રામાનંદ સ્વામીને પૂછેલા શબ્દો, "તમે સનાતન ભગવાન છો કે આધુનિક ?" તે પણ આજે ભુલાઈ ગયા. ભગવાન અથવા તત્સ્વરૂપ સંત મળ્યા પહેલાં જે કાંઈ આવી મનમાની ગ્રંથિ બાંધી હોય તે છોડવી કઠણ પડે છે. મુક્તાનંદ સ્વામીની આ મનોદશા હતી !

સંઘ અગતરાઈ આવ્યો. ભીમભાઈ અને પર્વતભાઈએ સ્વાગત કર્યું. સહજાનંદ સ્વામીનાં દર્શનથી સૌને ખૂબ આનંદ થયો. બીજે દિવસે રામાનંદ સ્વામી પધાર્યા. ભીમભાઈને ઘેર ઊતર્યા. અહીં સભામાં સ્વામી વારંવાર ભીમભાઈ તથા પર્વતભાઈને ઉદ્દેશીને વાતો કરતા કે "આ તો વર્ણીવિષે સાક્ષાત્

પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે.''

ગુરુની આ વાત સાંભળીને પર્વતભાઈને ગુરુનિષ્ઠાના બળે સહજાનંદ સ્વામીના પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો.

રોજ પર્વતભાઈના ખેતરમાં ધોળિયે આંબે જઈને તેની નીચે સ્વામી સભા કરતા. અહીં સભામાં સ્વામી ગુરુપદે બિરાજતા અને નારાયણ મુનિ તેમની પાસે નીચે બેસતા. છતાં આશ્ચર્ય તો એ હતું કે સભાજનોની ગુરુના સ્વરૂપમાંથી વૃત્તિ હઠીને વર્ણીના સ્વરૂપમાં સ્થિર થઈ જતી. રામાનંદ સ્વામી આ જોઈ રાજી થતા.

અગતરાઈમાં પાંચ દિવસ રહીને ત્યાંથી મઢડે જેઠા મેરને ત્યાં થઈને કાલવાણી આવ્યા. અહીં રામાનંદ સ્વામીએ ધર્મશાળા કરાવી હતી તેમાં ઊતર્યા. અહીં તેમણે બે-ત્રણ માસ રહેવાનો વિચાર કર્યો. વર્ણીનું શરીર તે જોતા અને તેમની આંખમાં આંસુ આવતાં. આ શરીરે સત્સંગનો ભીડો કેમ વેઠાશે ? શરીરે સ્વેદ વળતો નથી. ગરમી સહન કરી શકતા નથી. એટલે કાંઈક તો ઉપાય કરવો જ જોઈએ. તેમણે અહીં રહી નારાયણ મુનિના શરીર-સ્વાસ્થ્ય માટે ઉપાયો કરવા શરૂ કર્યા. શરીરે મીણનું તેલ ચોપડવા લાગ્યા. ઊંચામાં ઊંચા પ્રકારની કસ્તૂરી પણ વર્ણીને ખવરાવવાનું શરૂ કર્યું, છતાં શરીરમાં ગરમી આવતી નહિ. તેથી શરીરે આવળના પાટા બાંધવાનો પ્રયોગ શરૂ કર્યો. પરંતુ શરીરમાં લોહીનું નામ નહિ એટલે ગરમી શી રીતે હોય !

રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની સારવાર કરવામાં કાંઈ બાકી રાખ્યું નહિ. છેવટે મરચાંના ગોળા કરીને જમાડવાની શરૂઆત કરી. પરંતુ શીત, ઉષ્ણ અને વરસાદની ધારા સહન કરી કરીને તેમની ચામડી રુક્ષ બની ગઈ હતી. કેવળ પોતાની ઇચ્છાશક્તિથી જ દેહને ટકાવી રાખતા. તેમના તપની ભીષણતા જોઈ રામાનંદ સ્વામીનું અંતર દ્રવી ઊઠ્યું. વર્ણી સાક્ષાત્ પરમાત્મા હતા, આ લોકના જીવોના આત્યંતિક કલ્યાણ માટે જ પ્રગટ થયા હતા, છતાં મુમુક્ષુઓના જીવનમાં પ્રભુ-પ્રસન્નતા માટેની સાધનાના ભાવો પ્રગટાવવા, તેમને બળ અને પ્રેરણા આપવા, તેમણે આવું તપ કર્યું હતું.

જીવોનું કલ્યાણ કરવાની કેટલી ખેવના ! જગતમાં સાચી કરુણા, સાચી દયા પ્રવર્તે, જીવને તેની સાચી કર્તવ્યશીલતાનું જ્ઞાન થાય એ જ તેમની ભાવના હતી. બે માસ સુધી રામાનંદ સ્વામીએ વર્ણીસ્વરૂપ સહજાનંદ સ્વામીની સેવા કરી. પોષ ઊતર્યો અને સ્વામીએ ત્યાં વસંતનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું.

સંવત ૧૮૫૭ની વસંતપંચમીનો સમૈયો વર્ણીના સાન્નિધ્યમાં કાલવાણીમાં

ઊજવ્યો. રામાનંદ સ્વામીએ અષ્ટ કવિઓનાં તથા તુલસીદાસનાં ભાવપ્રચુર પદો ગાયાં. કૃષ્ણભક્તિમાં તેમનું મન તલ્લીન થઈ ગયું. પરંતુ ગાતાં ગાતાં જ્યારે તેમની દૃષ્ટિ સહજાનંદ સ્વામી તરફ જતી, ત્યારે તેમના મનમાં થતું કે કૃષ્ણ તો પ્રત્યક્ષ છે અને અંદર શું ખોળું છું ? *'જાહ્નવી તીરે તરંગ તજીને પછી તટમાં જઈને કૂપ ખોદે રે'* - નરસિંહ મહેતાના આ શબ્દો તેમને યાદ આવી જતા.

વસંતનો ઉત્સવ કરી સ્વામી પંદર દિવસ માંગરોળ રહ્યા. પછી સંઘ સાથે ત્યાંથી લોજ પધાર્યા.[૧૮૫] અહીં પણ સ્વામી આવળ કપાવીને તેની લોપરી કરી સહજાનંદ સ્વામીને શરીરે પાટા બાંધતા હતા. તેથી ઈર્ષાથી રઘુનાથદાસ લોકોને કહેતો કે "રામાનંદ સ્વામીએ અયોધ્યાના એક છોકરા માટે આવળ ખોદાવી ગામ ઉજ્જડ કરી દીધું છે. લીલોતરી કાપી જીવની હિંસા કરે છે."

સ્વામી આ સાંભળી કહેતા : "બ્રહ્માંડના સમગ્ર જીવોને વાટીને તેનો પાટો આ વર્ણીને બાંધીએ તોપણ તે ઓછું છે. એવા આ વર્ણી મોટા છે."[૧૮૬] તેમને રઘુનાથદાસની દયા આવતી. અયોધ્યાના આ છોકરાને ઓળખવો એ સુલભ નહોતું.

✧

લોજમાં સ્વામી પંદર દિવસ રહ્યા. પછી ત્યાંથી માણાવદર ગયા. અહીં મયારામ ભટ્ટને ત્યાં ઊતર્યા. શુદ્ધ બ્રાહ્મણત્વને વરેલા મયારામ ભટ્ટ રામાનંદ સ્વામીના અનન્ય શિષ્ય હતા. વર્ણી પ્રત્યેનો રામાનંદ સ્વામીનો ભાવ તેમણે પરખ્યો હતો. તેમના સ્વરૂપના આકર્ષણનો અનુભવ પણ તેમને થયો હતો. છતાં રામાનંદ સ્વામી પ્રત્યેના તેમના ગુરુભાવથી તેમણે વર્ણીને પોતાના અંતરમાં પેસવા દીધા ન હતા. તેમને મન રામાનંદ સ્વામી જ સર્વસ્વ હતા.

માણાવદરના નવાબ ગજેફરખાનજીને ખબર પડી કે પુરમાં અલ્લા જેવા કોઈ ફકીર આવ્યા છે. પોતે ખૂબ જ ભાવિક હતા. સાધુ-ફકીરો માટે તેમના રાજ્યમાં સદાવ્રત ચાલતાં હતા. આ વાત સાંભળી તેમને જિજ્ઞાસા થઈ. તેમણે એક માણસને તપાસ કરવા મોકલ્યો. મયારામ ભટ્ટને ત્યાં રામાનંદ સ્વામી

---

૧૮૫. શ્રીહરિચરિત્રામૃતસાગર; લે. આધારાનંદ સ્વામી. પૂ. ૩જું, તરંગ ૬, પૃષ્ઠ ૧૨૧. પ્રકાશક : હરિપ્રકાશ શાસ્ત્રી, વારાણસી, સં ૨૦૨૬.

૧૮૬. *કોટિ બ્રહ્માંડના પ્રાણ હરિયે, એને અર્થે જો લોપરી કરીએ;*
તોય પાપ ન લાગે લગાર, ઊલટું થાય પુણ્ય અપાર.
– શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૧૭-૫૩.

સંતો-હરિભક્તોની સભામાં વાતો કરતા હતા. સહજાનંદ સ્વામી બાજુમાં બેઠા હતા. તે વખતે નવાબનો માણસ આવ્યો. તેણે રામાનંદ સ્વામીને ઊંચે આસને બેઠેલા જોયા. તેથી પૂછ્યું : "નવાબ સાહેબે પુછાવ્યું છે કે આપ ખુદા છો ?"

રામાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. તેમને મનમાં થયું કે એક ખુદાની ગાદી જ સૌને ખાલી દેખાય છે, એટલે સૌ તે ઉપર ચડી બેસે છે. સૌને પ્રભુ થવાની ઇચ્છા થાય છે. એવા મિથ્યા ભગવાનોની જમાતનો ભારતમાં તોટો નથી. તેમણે ધીરેથી કહ્યું : "ભાઈ ! પ્રભુ તો હું નથી પણ પ્રભુનો પેગંબર હું છું અને પ્રભુ તો આ નાના સહજાનંદ સ્વામી બેઠા છે તે છે. વખત આવ્યે તે તેમનો પ્રતાપ બતાવશે, ત્યારે લોકો જાણશે."

આ સાંભળી તેણે સહજાનંદ સ્વામી તરફ જોયું. વર્ણીના ચમત્કારી રૂપમાં તેણે પ્રભુતા જોઈ. તે દરબારમાં આવ્યો અને નવાબ સાહેબને કહ્યું : "બાપુ ! ગામમાં ખરેખર પ્રભુ જ પધાર્યા છે !"

✧

રામાનંદ સ્વામીએ આ.સં. ૧૮૫૭નો ફૂલદોલનો ઉત્સવ માણાવદરમાં કર્યો. સહજાનંદ સ્વામી પોતાના વૈરાગ્યની ખુમારી કાંઈક મંદ કરે તે માટે રામાનંદ સ્વામી આવા પ્રસંગે તેમને આગળ રાખતા. પરંતુ મહારાજ ફક્ત તેમની આજ્ઞા પૂરતું જ આવા પ્રસંગોમાં ભાગ લેતા. બાકી પોતે સદા સ્વ-સ્વરૂપમાં જ મગ્ન રહેતા.

માણાવદરથી નીકળી સ્વામી સંત-હરિભક્તો સાથે મેઘપુર પધાર્યા. અહીં રામભાઈને ઘેર સ્વામી ઊતર્યા.[૧૮૭] સોની ભક્ત જીવરાજ, ભક્ત નારાયણ તથા જસરાજ પણ સેવામાં આવી ગયા. રંગપંચમીનો ઉત્સવ અહીં કર્યો. તે પ્રસંગે ભેગા થયેલા ભક્તોના સમૂહને સંબોધતાં રામાનંદ સ્વામીએ કહ્યું : "ભક્તો ! સૌ ધ્યાન દઈને મારી વાત સાંભળો. આ સહજાનંદ સ્વામી જે અહીં બેઠા છે તેમને ઓળખી લેજો. દેહે નાના દેખાય છે પણ સ્વરૂપે સૌથી મોટા છે, અતિ મહાન છે, પરમાત્મા છે."

ગુરુ તો વાત ઊંચેથી કરે પણ શિષ્યો બેધ્યાનમાં વાતને હૈયા સુધી પહોંચવા દે નહિ. પરંતુ ત્યાંની બે સમાધિષ્ઠ બહેનોને આ વાત અંતરમાં ઊતરી ગઈ. તેમાં એક હતાં લાડકીબાઈ ભાટ અને બીજાં લાડકીબાઈ બ્રાહ્મણ. રામાનંદ સ્વામી મહારાજને લઈને આ બંનેને ઘેર વારાફરતી જમવા જતા. જ્યારે ભાટને

---

૧૮૭. આ જગ્યાએ જ હરિમંદિર છે.

ત્યાં જમવા જાય, ત્યારે પોતાની રસોઈ હાથે બનાવી લેતા અથવા કોઈ બ્રાહ્મણ પાસે કરાવતા. આ લાડકીબાઈની દીકરી રૂકમાઈને સમાધિ થતી. મહારાજ જ્યારે તેને ત્યાં પહેલી વાર જમવા આવ્યા, ત્યારે તેને જોઈ રૂકમાઈએ તેની માતાને કહ્યું : "મા ! હું તને વનમાં ફરતા વર્ણીની વાત કરતી હતી ને ! તે આ જ !" અને પછી તેમણે વર્ણીની મોટાઈની વાત સાંભળી. તેમના અંતરમાં રામાનંદ સ્વામીની વાત ઊતરી ગઈ.

મેઘપુરમાં થોડા દિવસો રહી રામાનંદ સ્વામી ભાડેર, જમનાવડ થઈને ધોરાજી પધાર્યા. અહીં ગોંડળ નરેશના ભાયાત હઠીસિંહ રહેતા હતા. તેમણે મહારાજનાં દર્શન કર્યાં. તેમનું સન્માન કર્યું. પોતાના આવાસમાં પધરાવ્યા. હઠીસિંહના અંતરના સંસ્કાર જાગ્રત થયા. જગતના ભોગ સંબંધી સંકલ્પો શમી ગયા. તેને લાગ્યું કે આ વર્ણી તેનું કલ્યાણ કરશે.

બીજે દિવસે સહજાનંદ સ્વામી રામાનંદ સ્વામીની આજ્ઞા લઈને નદીએ સ્નાન કરવા ગયા. તેમને નદીના આરે સ્નાન કરતા જોઈ બે કબીરિયા તેમની તરફ એકદમ દોડતા આવ્યા : "કાલે તેં જ વાદમાં અમારા ગુરુને હરાવ્યા હતા ?"

નારાયણ મુનિએ હાથ જોડી કહ્યું : "હું કાંઈ જ જાણતો નથી."

પરંતુ પેલા તો કાળ જેવા હતા. નારાયણ મુનિને મારવા માટે જ આવ્યા હતા. તેઓ તેમના ઉપર હાથમાં છરા લઈને ધસ્યા, આગળ આવ્યા અને છરા ત્યાં જ નાખી એકદમ ત્યાંથી નાઠા. બંનેએ નારાયણ મુનિના સ્વરૂપમાં કાળ જોયો.

મુનિ સ્નાન કરી વસ્ત્રો બદલી ઉતારે આવ્યા. અહીં તેમણે રામાનંદ સ્વામીને કહ્યું : "આજે તો સાક્ષાત્‌ કાળ આવ્યો હતો. પણ આપે રક્ષા કરી એટલે જ બચ્યો છું."

કબીરિયાના ક્રૂર આશયની વાત સાંભળી રામાનંદ સ્વામી એકદમ ગુસ્સે થઈ ગયા. સાંજે રામાનંદ સ્વામી કબીર મંદિરે ગયા. રામાનંદ સ્વામીને જોઈને કબીર મંદિરનો અધિપતિ એકદમ ઊભો થઈ ગયો. સ્વામીએ એકદમ હાક મારી પૂછ્યું : "ક્યાં ગયા તમારા બે ચેલા ? અમારા વર્ણિને મારવા માટે આવ્યા હતા."

પોતે વાદમાં એક છોકરાથી પરાજિત થઈ ગયા હતા તેની દાઝ મંદિરના અધિપતિને હતી. વળી, તેના ચેલાને પણ વર્ણીના સ્વરૂપમાં સાક્ષાત્‌ કાળદેવતા દેખાયા. તેથી બળતામાં ઘી હોમાયા જેવું તેને થયું હતું. તે ધૂંધવાયો હતો. પરંતુ તરત જ રામાનંદ સ્વામીએ તેને કહ્યું : "આ વર્ણી હજી હવે તમારી ખબર

લેશે.''[૧૮૮] એમ કહીને તે ત્યાંથી નીકળી ગયા.

✧

રામાનંદ સ્વામી ધોરાજીથી નીકળી ફણેણી, દૂધીવદર, કંડોરડા, ગોંડળ, બંધિયા થઈને જેતપુર પધાર્યા. અહીં જેઠ સુદ ૧૧ જળયાત્રાનો ઉત્સવ કર્યો. પછી ત્યાં થઈ ભાડેરમાં આ.સં. ૧૮૫૮ની દેવશયની એકાદશી કરી. ત્યાંથી સાંકળી, ભાડેર, પીપલાણા, આખા, અગતરાઈ, કાલવાણી થઈને માંગરોળ પધાર્યા.

માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો અને ગણેશચતુર્થીનો ઉત્સવ કરી ગણપતિનું પૂજન કર્યું. પછી લોજમાં શ્રાદ્ધપક્ષ સુધી રહ્યા.

રામાનંદ સ્વામી પોતાના સંતગણ અને સહજાનંદ સ્વામીને લઈને લોજથી નીકળી પંચાળા પધાર્યા. અહીં ગામની પૂર્વમાં જ્યાં વાવ છે, ત્યાં તેમણે મુકામ કર્યો. ગામના ઠાકોર મનુભાને ખબર પડી કે ગામ બહાર વાવ પાસે રામાનંદ સ્વામી તેમના સંતો સાથે આવીને ઊતર્યા છે. એટલે તેઓ તેમના બે કુંવર ઝીણાભાઈ તથા ગગાભાઈને લઈને સ્વામીનાં દર્શને આવ્યા. રામાનંદ સ્વામી સાથે તેમણે વર્ણીને જોયા. તેમનું અંતર ખેંચાયું. તેમણે વિનંતી કરી કહ્યું : ''સ્વામી ! ગામમાં પધારો. આ વર્ણી તો પહેલી વાર પધાર્યા છે. તો અમને પણ કાંઈક સેવાનો લાભ મળે.''

તેમનો ભાવ જોઈ સ્વામી સંતમંડળ સાથે ગામમાં પધાર્યા. મનુભાએ રામાનંદ સ્વામી તથા સંતમંડળને સુંદર રસોઈ આપીને ભાવથી જમાડ્યા. પછી સ્વામીની પૂજા કરી. પોતાના બે કુંવર પાસે પણ પૂજા કરાવી.

રામાનંદ સ્વામીએ કહ્યું : ''મનુભા ! આ તમારા બંને કુંવરો સારા ભાવિક ભક્તો થશે.''

એટલે નારાયણ મુનિએ ઝીણાભાઈ તરફ ઇશારો કરીને કહ્યું : ''તેમાં આ કુંવર તો ખરેખર ભક્ત થશે અને સત્સંગની ઘણી સેવા કરશે.''

નારાયણ મુનિની આ વાણી સાંભળી રામાનંદ સ્વામીએ મનુભાને કહ્યું :

---

૧૮૮. વર્ણીને જ્યારે રામાનંદ સ્વામીએ ધર્મધુરા સોંપી ત્યારપછી તેઓ ગઢડાથી સો કાઠી અસવારો - સુરાખાચર વગેરેને લઈને ધોરાજી પધાર્યા હતા. અહીં કબીર મંદિરે આવી તેના અધિપતિને પોતે પડકાર્યો હતો : ''આવો, ખમીર હોય તો વાદ કરવા અને નહિ તો તલવાર વીંઝવા.'' તેમની સાથે કાઠી અસવારો જોઈ કોઈ બોલી ન શક્યું. મહારાજ પછી ત્યાંથી નીકળી ગયા. આ રીતે રામાનંદ સ્વામીનું વચન તેમણે સત્ય કર્યું. – શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૧૮.

"મેં તમને નો'તું કહ્યું કે સર્વોપરી પ્રભુ આવશે. તે જ આ વર્ણી છે."

પંચાળામાં સ્વામી બે દિવસ રહ્યા અને પછી ત્યાંથી માણાવદર ગયા.

અહીં ભટ્ટજીને ત્યાં રહીને ત્યાંથી નીકળ્યા ત્યારે મયારામ ભટ્ટે હાથ જોડી કહ્યું : "સ્વામી ! વહેલા પાછા પધારજો."

તે સાંભળી સ્વામીએ કહ્યું : "હવે તો હરિની ઇચ્છા હશે તેમ થશે." એમ કહીને ત્યાંથી નીકળી ગયા.

માણાવદરથી નીકળી સ્વામી પીપલાણા, નાવડા, મેઘપુર, ભાડેર પધાર્યા. અહીં દશેરાનો ઉત્સવ કર્યો. પછી ત્યાંથી ધોરાજી પધાર્યા. ધોરાજીથી કંડોરડા અને મોવૈયા થઈ જેતપુરના બાવા ઉન્નડ ખુમાણના આગ્રહથી જેતપુરમાં સં. ૧૮૫૮ના આશ્વિન સુદ ચૌદશને રોજ પધાર્યા. અહીં કણબી ભાણા કાપડિયાને ત્યાં પૂર્વાભિમુખના ઓરડામાં સ્વામીએ તથા વર્ણીએ ઉતારો કર્યો.[૧૮૯]

બીજે દિવસે શરદપૂર્ણિમા હતી. સ્વામીએ બધા સંતોને ભેગા કરી કહ્યું : "સંતો ! આપણે શરદપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી કાલે રાત્રે ઊજવવો છે."

રામદાસે કહ્યું : "સ્વામી ! આ ઉત્સવ તો આપણે કરતા નથી. જળઝીલણી પછી સીધો અન્નકૂટનો ઉત્સવ જ કરીએ છીએ. હરિભક્તોને ટૂંકે ગાળે બે ઉત્સવો ઉપર આવવું કઠણ પડશે."

આ સાંભળી રામાનંદ સ્વામીએ કહ્યું : "આપણે નો'તા કરતા એ સાચું,

---

૧૮૯. સોરઠ પ્રદેશના જેતપુર ગામના રાજા મૂળુભાઈ વાળા હતા. તેમણે પોતાના રાજ્યમાં વફાદાર વ્યક્તિ તરીકે તેમના સગા માસીના દીકરા ઉન્નડ ખુમાણને જેતપુર તેડાવ્યા હતા અને પોતાની સાથે રાખ્યા હતા. ઉન્નડ ખુમાણ સાવરકુંડલા પંથકના હતા. જેતપુરના રાજા મૂળુવાળા સત્સંગી નહોતા પરંતુ ઉન્નડ ખુમાણ રામાનંદ સ્વામીના ભક્ત હતા. તેથી રામાનંદ સ્વામી ઉન્નડ ખુમાણના દરબારમાં વારંવાર પધારતા. મૂળ દરબાર તો મૂળુભાઈનો જ હતો, પરંતુ ઉન્નડ ખુમાણ તત્કાલીન સત્સંગ સમુદાયનું પરિચિત પાત્ર હોવાથી 'ઉન્નડ ખુમાણનો દરબાર' એમ સાંપ્રદાયિક ગ્રંથોમાં લખાયું. ઉન્નડ ખુમાણના બે ખેડૂતો હતા : ભાણા પટેલ અને જીવો પટેલ. આ બેય 'જીવાઈદાર' કહેવાય. એટલે કે જમીનના માલિક દરબાર કહેવાય, પરંતુ પટેલો જમીન ખેડે અને તેની ઉપજનો ભાગ દરબારને આપવાનો. આ બેય પટેલો ઉન્નડ ખુમાણના દરબારમાં જ ઓરડામાં રહેતા. આ પટેલોના ઓરડે સભા થઈ તેથી આ રીતે લખાયું કે, 'ઉન્નડ ખુમાણના દરબારમાં.... અને ....પટેલના ઉત્તરાદા (દરબારના) ઓરડાની રવેશીમાં.... રામાનંદ સ્વામીએ સભા કરી.

પણ હવે આ ઉત્સવ કરવો પડશે. જેને મહિમા હશે તે આવશે.''

ગુરુની આજ્ઞા સાંભળીને રામદાસ થોડી વાર કાંઈ બોલ્યા નહિ. પરંતુ આ ઉત્સવ શા માટે સ્વામી ઊજવવા માગે છે તેનું રહસ્ય તેમને જાણવું હતું. તેથી તેમણે ફરી પૂછ્યું : ''સ્વામી ! આપની આજ્ઞા છે એટલે ઉત્સવ ઊજવવાની તૈયારી તો કરીએ પણ તેની પાછળ શો મર્મ છે તે કહો.''

રામાનંદ સ્વામી જરા ગંભીર થઈ ગયા. તેમને થયું, વાત તો વહેતી મૂકી પણ હવે તેનો મર્મ કહેવો કે નહિ ? થોડી વાર મૌન રહીને નિશ્ચયાત્મક દૃઢતાથી તેમણે કહ્યું : ''રામદાસ ! આજે આ સહજાનંદ સ્વામીનું સાક્ષાત્ ધામ – અક્ષરબ્રહ્મ, તેમનો જન્મદિન છે.''

''અરે સ્વામી ! ધામનો તે કાંઈ જન્મદિન હોતો હશે ! એ તો ભગવાનનું ઘર કહેવાય.'' રામદાસે હસતાં હસતાં કહ્યું.

''શ્રીમદ્ભાગવતમાં શેષને ભગવાનનું ધામ કહે છે.[૧૯૦] બળદેવજી અને લક્ષ્મણજી બંને શેષનો અવતાર હતા. ભગવાન પોતાના ધામ સાથે જ પધારે છે.'' રામાનંદ સ્વામીએ સમજાવતાં કહ્યું.

રામદાસ વિચારમાં પડી ગયા. સહજાનંદ સ્વામી પ્રથમ લોજમાં આવ્યા અને મુક્તાનંદ સ્વામીને જે પ્રશ્નો પૂછ્યા હતા તેની તેમને સ્મૃતિ થઈ આવી. મુક્તાનંદ સ્વામીએ અક્ષરબ્રહ્મનું યથાર્થ વર્ણન કર્યું હતું. વર્ણી તે સાંભળી રાજી થઈ ગયા હતા. તેમણે રામાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! વાત સમજાણી. મુક્તાનંદ સ્વામીએ વર્ણીના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા ત્યારે આ અક્ષરબ્રહ્મની વાત બરાબર સમજાવી હતી. પણ એ અક્ષરબ્રહ્મ છે કોણ ? ક્યાં પ્રગટ થયા છે ? અત્યારે ક્યાં છે ?''

આ પ્રશ્નપરંપરાથી રામાનંદ સ્વામીને આનંદ થયો. તેમને આ વાત સમજાવવી હતી. સહજાનંદ સ્વામી પણ સભામાં બેઠા હતા. બ્રહ્મના આનંદની ઝલક તેમના મુખ ઉપર દેખાઈ આવતી હતી. રામાનંદ સ્વામીએ કહ્યું : ''ભાદરાના મૂળજી ભક્તને ઓળખ્યા ?''

''હા, ભોળાનાથના દીકરા, એ જ ને ?'' રામદાસે તરત જ કહ્યું.

''હા, એ જ. અક્ષરબ્રહ્મનો સાક્ષાત્ અવતાર !'' આખી સભા સ્તબ્ધ બની ગઈ ! સૌની નજરે મૂળજી શર્મા દેખાવા લાગ્યા.

રામાનંદ સ્વામી હજુ ગંભીર ભાવે વાત કર્યે જતા હતા : ''અમારા ગુરુ

---

૧૯૦. शेषाख्यं धाम मामकम् ।

આત્માનંદ સ્વામીએ ભોળાનાથને અને તેમનાં પત્ની સાકરબાને વર આપ્યો હતો – તમારે ત્યાં પુરુષોત્તમ નારાયણનું ધામ અક્ષરબ્રહ્મ પ્રગટ થશે. તેની કુંડળી જોઈ અમે જ તેમનું મૂળજી નામ પાડ્યું હતું. આશ્રમના ઘણા સંતોએ મૂળજીને જોયા છે. તેમનો શ્યામ વર્ણ, સહેજ પુષ્ટ શરીર, બાળકના જેવી નિર્દોષ મુખાકૃતિ, તેજસ્વી આંખો - એવા સાદા ભોળા ગણાતા મૂળજી એ ભગવાનને રહેવાનું અક્ષરધામ."

રામાનંદ સ્વામીએ આગળ કહ્યું : "સંતો ! તમને કદાચ આજે એ માન્યામાં નહિ આવે પણ એ અક્ષર અને આ પુરુષોત્તમ – આ બે સનાતન સ્વરૂપો જીવોનાં આત્યંતિક કલ્યાણ માટે પૃથ્વી ઉપર પધાર્યા છે. સાથે તમારા જેવા મુક્તો અને તેમનું ઐશ્વર્ય પણ લાવ્યા છે."

સભા સ્તબ્ધ બની ગઈ. રામાનંદ સ્વામી બોલ્યે જ જતા હતા : "તેમના જન્મ નિમિત્તે આપણે શરદનો ઉત્સવ કરવો છે."

શરદપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. રાત્રે બાર વાગ્યે વર્ણીએ ઠાકોરજીની આરતી કરી સૌને દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચ્યો. તે રાત્રે રામાનંદ સ્વામીએ ફરીથી સૌને કહ્યું : "આ છેલ્લો ઉત્સવ છે."

આ સાંભળી મુક્તાનંદ સ્વામી વિચારમાં પડી ગયા. તેમણે પર્વતભાઈને બોલાવીને પૂછ્યું : "સ્વામી હમણાં જે બોલ્યા તે સમજાયું ?"

પર્વતભાઈએ કહ્યું : "હા સ્વામી ! આ બીજી વખત સ્વામી આમ બોલ્યા છે. સ્વામી ઉદાસ થતા જતા લાગે છે." બંને વિચારમાં પડી ગયા.

રામાનંદ સ્વામીનો અંતર્ધાન થવાનો સંકલ્પ

બીજે દિવસે સવારે જ રામાનંદ સ્વામીએ રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા પર્વતભાઈને એકાંતમાં બોલાવ્યા. રામાનંદ સ્વામીની ગંભીર મુખમુદ્રા જોઈ તેઓ પણ ગંભીર બની ગયા. રામાનંદ સ્વામીએ ધીરેથી વાત શરૂ કરી : "તમને મેં શા સારુ બોલાવ્યા છે તે તમે જાણો છો ?"

ત્રણેયે માથું હલાવ્યું એટલે સ્વામીએ કહ્યું : "જુઓ, હવે મારું શરીર જીર્ણ થયું છે. તેનો હવે કોઈ નિર્ધાર નથી. માટે મારી ગાદી હવે મારે કોને સોંપવી ?"

એટલે રામદાસે કહ્યું : "સ્વામી ! આપે જ નિર્ણય કરવાનો. આપ જેમને ગાદી સોંપશો તેમને આપની જગ્યાએ માની અમે તેમની આજ્ઞામાં રહીશું."

રામાનંદ સ્વામીને આ જવાબથી સંતોષ થયો. તેમણે કહ્યું : "બીજા

મોટેરા હરિભક્તોને સાંજે ભેગા કરી નિર્ણય કરીશું." એમ કહી પૂછ્યું : "વર્ણી ક્યાં ગયા છે?"

એક સાધુએ કહ્યું : "સહજાનંદ સ્વામી તો ઉન્નડ ખુમાણ સાથે ભાદર ગંગામાં સ્નાન કરવા ગયા છે."

સહજાનંદ સ્વામીને વારંવાર સંભારતાં તેમની સ્મૃતિથી સદા પુલકાયમાન થતા રામાનંદ સ્વામીને જોઈ રામદાસ સ્વામીને તો લાગતું હતું કે સ્વામીના અંતરમાં વર્ણી સિવાય બીજું કોઈ નથી.

સહજાનંદ સ્વામી ભાદર ગંગામાં સ્નાન કરતા હતા. આ સુકલકડી શરીરધારી વર્ણીને ભાદર ગંગાના ધરામાં અલૌકિક રીતે તરતા જોઈ ઉન્નડ બાપુને આશ્ચર્ય થયું. એટલામાં શબાસનથી તરતા સહજાનંદ સ્વામીના અલૌકિક સ્વરૂપને ઉન્નડ બાપુએ જોયું. તેણે આંખો ચોળી. આ વર્ણી કે આ શેષશાયી ભગવાન ! પરંતુ ફરી ફરીને તેમને એ જ દર્શન થયાં ! ઉદ્ધવજીને યમુનાના ધરામાં ભગવાન શ્રીકૃષ્ણનાં શેષશાયી રૂપે દર્શન થયાં હતાં, ત્યારે ઉદ્ધવજીએ આશ્ચર્ય પામી બહાર ઊભેલા રથમાં જોયું તો ત્યાં પણ તેમને કૃષ્ણ દેખાયા. માનવબુદ્ધિથી ન સમજી શકાય તેવી આ અલૌકિકતા જોઈ ઉદ્ધવને શ્રીકૃષ્ણનાં દિવ્ય સ્વરૂપનો નિશ્ચય થયો. અહીં ઉન્નડ બાપુને પણ વર્ણીનું આ સ્વરૂપ જોઈ નિશ્ચય થયો કે આ વર્ણી સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છે. તેમણે એ જ ભાવમાં તેમને નમસ્કાર કર્યા.

સહજાનંદ સ્વામી અને ઉન્નડ બાપુ નાહીને સ્વામી પાસે આવ્યા ત્યારે ઉન્નડ બાપુના મુખ ઉપર કાંઈક જુદા જ પ્રકારનો આનંદ હતો. રામાનંદ સ્વામી તેમના મનોભાવ સમજી ગયા. પછી સભામાં પધાર્યા.

સભામાં રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીના ગુણોની ખૂબ જ પ્રશંસા કરી સૌને કહ્યું : "મેં તમોને અગાઉ કહી રાખ્યું હતું કે હું તો ડુગડુગીનો વગાડનારો છું, ખેલના ભજવનારા તો હજુ હવે આવશે. મેં તો ડુગડુગી વગાડી તમને સૌને ભેગા કર્યા. હવે આ વર્ણી નારાયણ મુનિ તમને સૌને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવશે."

વર્ણીના ગુણોની પ્રશંસા સાંભળી રઘુનાથદાસ ત્યાં બેઠો હતો તેનું અંતર બળવા લાગ્યું. મુક્તાનંદ પણ વર્ણી બહુ મોટા, બહુ મોટા કરે; રામદાસ પણ એ સૂરમાં સૂર પુરાવે અને આ વેવલો મુકુન્દ તો તેની પાછળ પાછળ જ ફર્યા કરે. બધા જ વર્ણી વર્ણી વર્ણી કરે છે. તેના સિવાય આ આશ્રમમાં બીજો કોઈ

ખમીરવંતો સાધુ જ નથી ! તેમાં વળી ગુરુએ તો આજે હદ કરી !

ઈર્ષ્યાના આ જ ભાવમાં તે બોલી ઊઠ્યો : "વર્ણી વર્ણી વર્ણી, વર્ણી તો કાલ સવારનો આવ્યો છે. તેના સિવાય બીજા કોઈ ચેલા છે જ નહિ ?"

આખી સભા આ સાંભળી ધ્રુજી ઊઠી. પરંતુ સ્વામી કાંઈ ન બોલ્યા. રઘુનાથદાસને તેઓ જાણતા હતા. પણ આજ તેના સાચા સ્વરૂપનાં દર્શન સૌને થયાં. ભગવાન ને સંતની આ જ રીત હોય છે. પોતે સ્વયં તો કોઈને કાંઈ કહેતા જ ન હોય છતાં આવા પ્રસંગો ઉપસ્થિત કરી, સૌનાં રૂપ અને ગુણને ઉઘાડાં કરે. રઘુનાથદાસ પૂરો ધૂંધવાયો હતો. પરંતુ રામાનંદ સ્વામીએ નક્કી કર્યું હતું કે તેને ઊગતો જ આજે દાબી દેવો. તેઓ જાણતા હતા કે ભવિષ્યમાં આ જરૂર કૌભાંડ ઊભું કરશે. તેમણે તરત જ કહ્યું : "રઘુનાથ ! વર્ણીને તું જાણે કે હું ? આટલો વખત ભેગો રાખ્યો, મોટપ આપી તે આ વર્ણીને આડે પડવા ?" એટલું કહી તેમણે રામદાસ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી તરફ જોઈને કહ્યું : "આ રઘુનાથને બરાબર ઓળખી લેજો. ભવિષ્યમાં તે સત્સંગમાં વિક્ષેપ ઊભો કરશે."

એટલામાં ઉન્નડ બાપુ ઊભા થયા. તેમણે બે હાથ જોડી કહ્યું : "સ્વામી ! વર્ણીની મોટાઈ તો આજે મેં નજરોનજર જોઈ. તેઓ સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છે." એમ કહી રઘુનાથદાસ તરફ જોઈ બોલ્યા : "સ્વામી ! આવા ઉદ્ધત ચેલાને હાંકી કેમ નથી મેલતા ?"

"બાપુ ! અમારા અંતરમાં તો દયા છે. એટલે છેવટ સુધી નભાવવાની ઈચ્છા રહે. પણ પછી તો એના સ્વભાવથી જ એ જશે. અમે કોઈને જાકારો દેતા નથી." સ્વામીએ ધીરગંભીર સ્વરે કહ્યું.

આ પ્રસંગને અહીં જ સંકેલી લેવા સ્વામીએ પૂછ્યું : "રસોઈને શી વાર છે ?"

સૌ ઊઠ્યા, બાપુના દરબારમાં જમવા જવા. બાપુએ સૌને ભાવથી જમાડ્યા. જમ્યા પછી રામાનંદ સ્વામીએ મોટેરા સંતો તથા હરિભક્તોને પોતાના ઉતારે બોલાવ્યા. સાંજે રામાનંદ સ્વામીને ઉતારે મુક્તાનંદ, રામદાસ, અગતરાઈના ભીમાભાઈ, પર્વતભાઈ અને મયારામ ભટ્ટ, પીપલાણાના નરસિંહ મહેતા, માંગરોળના ગોવર્ધન શેઠ વગેરે આવ્યા.[૧૯૧]

સ્વામીએ સૌને સંબોધીને કહ્યું : "જુઓ, આજે સવારમાં જ મેં આ મુક્તાનંદ અને રામદાસને વાત કરી હતી. તમને પણ કહું છું. મારું શરીર હવે જીર્ણ થતું જાય છે. તેનો હવે કોઈ ભરોસો નથી. માટે તમને સૌને મારે પૂછવાનું

૧૯૧. શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૧૯, ૨૪-૨૫.

કે આ ગાદી કોને સોંપવી ? ગુણિયલ, ચારિત્ર્યવાન અને સત્સંગ વધારે તેવા જે હોય તેને આ ગાદી સોંપવાની મારી ઇચ્છા છે.''

રામાનંદ સ્વામીનું આ કથન સાંભળી સૌને ધ્રાસકો પડ્યો. સ્વામી દેહ મૂકી દેશે ? એવી બીકમાં બે ઘડી તો કોઈ કાંઈ બોલી શક્યા નહિ. પછી સૌએ એકબીજાની સામું જોયું. અંદર અંદર થોડી ચર્ચા થઈ. બધાને લાગ્યું કે આ નવા વર્ણી - સહજાનંદ સ્વામી ઉપર સ્વામીની દૃષ્ટિ છે. તેઓ પ્રતાપી છે. ઉન્નડ બાપુને પણ તેમના પ્રતાપનો અનુભવ આજે થયો. માટે એ જ યોગ્ય પાત્ર છે. સ્વામી સૌના મુખ ઉપરના ભાવોનું નિરીક્ષણ કરી રહ્યા હતા. રામદાસ સ્વામીએ સૌના વતી હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! અમારા સૌનો મત એ છે કે આ વર્ણીને આપની જગ્યાએ મૂકો. તે આપની ધર્મધુરા બરોબર સંભાળશે.''

આ સાંભળી રામાનંદ સ્વામી બોલ્યા : ''મારા અંતરનો પણ એ જ અભિપ્રાય છે. પણ સૌની સંમતિ લઈને કામ કરીએ તો તેમાં વિઘ્ન ન આવે. પણ રઘુનાથદાસ જરા ફફડશે.''

''તેની ચિંતા આપ કરશો નહિ. અમે સંભાળી લઈશું.'' રામદાસ સ્વામીએ કહ્યું.

સ્વામીને આ સાંભળી નિરાંત થઈ. સૌનાં હૈયાંમાં સહજાનંદ સ્વામી માટે ભાવ છે તે જાણી તેમને આનંદ થયો. પછી તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''હવે આપણે સભા ભરો. તમામ સંત-હરિભક્તોને બોલાવો. વર્ણીને પણ બોલાવો. એટલે આજે જ સભામાં આ શુભ વાત જાહેર કરીએ.''

રામાનંદ સ્વામીની આજ્ઞા થઈ એટલે મુક્તાનંદ સ્વામીએ તુરત જ ઉતારે માણસો મોકલ્યા. સંતોને પણ તેડાવ્યા. પછી મુક્તમુનિ વર્ણી પાસે આવ્યા. સહજાનંદ સ્વામી તે વખતે ગુટકાનો પાઠ કરતા હતા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''વર્ણી ! સ્વામી આપને સભામાં બોલાવે છે.''

સહજાનંદ સ્વામી ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં તેઓ બોલ્યા : ''સ્વામી ! હું જાણું છું. રામાનંદ સ્વામી મારે માથે બ્રહ્માંડનો ભાર મૂકવા માગે છે. પણ હું તે જવાબદારી સ્વીકારવાનો નથી. મેં તો તમને પહેલેથી કહ્યું હતું કે એક વાર રામાનંદ સ્વામીનાં દર્શન થાય પછી આપણે બંને વનમાં જઈને ધ્યાન કરીશું.''

આ સાંભળી મુક્તમુનિ હસ્યા. તેમણે કહ્યું : ''તમો તો શહેરમાં વન સર્જો એવા છો. મનનો કે બુદ્ધિનો કોઈનોય સંગ તમને નથી અને બીજાને તે સંગ રહેવા દ્યો તેવા તમે નથી.''

તેમણે તેમનો હાથ પકડ્યો. બંને સભામાં ચાલ્યા. સભામાં ઊંચે આસને રામાનંદ સ્વામી બિરાજ્યા હતા. તેમની બાજુમાં સહજાનંદ સ્વામીનું આસન ગોઠવ્યું હતું. બીજા સૌ સંતો-હરિભક્તો પોતપોતાની યોગ્ય જગ્યાએ બેસી ગયા હતા. મુક્તાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને માટે તૈયાર કરેલા આસન ઉપર તેમને બેસાડવા લાગ્યા. પરંતુ વર્ણીને ત્યાં બેસવામાં સંકોચ થયો. રામાનંદ સ્વામીએ તરત જ કહ્યું : "તમને યથાયોગ્ય સ્થાને તો હજુ હવે બેસાડવા છે. માટે સંકોચ ન અનુભવશો."

સહજાનંદ સ્વામી નીચું મુખ રાખી બેઠા. રામાનંદ સ્વામીએ તેમના તરફ જોઈને કહ્યું : "વર્ણીરાટ ! આજે મોટા મોટા સંતો અને હરિભક્તો સર્વેએ ભેળા બેસી નિર્ણય કર્યો છે મારા સ્થાને આપને સ્થાપવા. હું હવે વૃદ્ધ થયો છું. તમારી રાહ જોઈને બેઠો હતો."

સહજાનંદ સ્વામી નીચું મુખ રાખીને સાંભળતા હતા. સ્વામીના આ શબ્દો સાંભળી તેમને જાણે વજ્રપાત થયો હોય તેવું લાગ્યું. તેમણે હાથ જોડી સ્વામીને કહ્યું : "સ્વામી ! આપ ગુરુપદે છો. પરંતુ આ જવાબદારી સ્વીકારવા મારી ઇચ્છા નથી. તેમાં ધન અને સ્ત્રીનો પ્રસંગ વધે. જે પ્રસંગ ત્યાગી માટે સર્વ પ્રકારે ત્યાજ્ય છે."

સભા સ્થિર થઈ ગઈ હતી. સહજાનંદ સ્વામી શો વિચાર કરે છે તે સાંભળવા સૌ આતુર હતા. વાત બધે પ્રસરી ગઈ હતી. રામાનંદ સ્વામીએ કહ્યું : "નારાયણ મુનિ ! તમારે અત્યારે મુમુક્ષુ સમાજના હિતનો વિચાર કરવો જોઈએ. ધન અને સ્ત્રીનો પ્રસંગ તમને તો કદી બાધ કરી શકે તેમ નથી જ. પરંતુ જેમને એ બંને વિઘ્નરૂપ છે એવા અન્ય ત્યાગીઓને પણ તમારા પ્રસંગથી જ એ વિઘ્ન નડી શકશે નહિ. ગૃહસ્થ હરિભક્તો પણ તમારા સંબંધે એવા બ્રહ્મનિષ્ઠ થશે. તમારે એકાકી થવું ન જોઈએ. આ સૌ ભક્તોના શ્રેયનો વિચાર કરી આ જવાબદારી તમારે સ્વીકારવાની છે."

"પરંતુ સ્વામી ! ત્યાગીનો એ ધર્મ નથી. આપ ગુરુ થઈને મને મારા ધર્મ વિરુદ્ધ..." વર્ણી બોલતા હતા. તેમને અટકાવીને સ્વામી વચ્ચે જ બોલ્યા : "તમે જો ખરેખર ત્યાગી હો તો મારે તમને આ સ્થાને બેસારી ધર્મભંગ કરવા તે જરૂર યોગ્ય નથી. પરંતુ તમે તો સાક્ષાત્ નારાયણ છો. પૃથ્વી ઉપર ભાગવત ધર્મનું સ્થાપન કરવા પધાર્યા છો. તમારા કાર્યની પૂર્વ તૈયારી માટે અમે આગળથી આવ્યા, આ સમાજ તૈયાર કર્યો. હવે તેને સાચવવાની, ધર્મ પ્રમાણે

આચરણ કરાવવાની, તેમનું કલ્યાણ કરવાની બધી જવાબદારી તમારી છે. આ આપનું કાર્ય છે, આપે સંભાળવાનું છે."[૧૯૨]

સહજાનંદ સ્વામીએ જાણ્યું કે સ્વામી હવે ખરેખરા ભાવમાં આવી ગયા છે. ગુરુપદ તેમણે ફગાવી દીધું છે. પોતાના સમગ્ર શિષ્યોની સભામાં ગુરુપદના માનનો ત્યાગ કરી વર્ણી પ્રત્યે શિષ્યભાવ, ભક્તભાવ દર્શાવવો તે રામાનંદ સ્વામી જ કરી શકે. તેમને પોતાના શિષ્યોનું શ્રેય જ હૈયે હતું તેથી પોતાના ઇષ્ટ પરમાત્મામાં જ તેમની ભક્તિના પ્રવાહને તેમને વાળવો હતો. પોતાને પ્રભુ થઈ પૂજાવું ન હતું. સહજાનંદ સ્વામી તરત જ ઊભા થઈ ગયા. સ્વામીના પગે પડી તેમણે કહ્યું : "સ્વામી ! આપની આજ્ઞા હું માથે ચડાવીશ."

સભામાં આ શબ્દો સર્વેએ સાંભળ્યા અને હર્ષના ઉન્માદમાં સૌએ "રામાનંદ સ્વામીનો જય ! સહજાનંદ સ્વામીનો જય !" એમ જયઘોષણાની ગર્જના કરી. રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને ભેટ્યા અને તેમને માથે પોતાના બે હાથ મૂક્યા. રામાનંદ સ્વામીએ તરત જ લવજી જોષીને બોલાવી ધર્મધુરા ઉત્સવનું મુહૂર્ત જોવરાવ્યું. આ.સં. ૧૮૫૮ના કાર્તિક સુદ ૧૧નું મુહૂર્ત જોષીએ આપ્યું.

સભા વીખરાણી. સૌના મુખમાંથી એક જ શબ્દ નીકળતો હતો : "આપણાં અહોભાગ્ય કે સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીનું વચન સ્વીકાર્યું. સાચી નિષ્ઠાવાળા ભક્ત કોઈ દિવસ અનાથ થતા જ નથી."

એ પછી દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો ધામધૂમથી થયા. છતાં સૌ કાર્તિકની પ્રબોધિની એકાદશીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. એ શુભ દિવસે સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપવાનું માંગલિક મુહૂર્ત હતું.

---

૧૯૨. શ્રીહરિલીલાકલ્પતરુમાં અચિંત્યાનંદ બ્રહ્મચારીએ રામાનંદ સ્વામીનો શ્રીજીમહારાજ વિશેનો ભાવ આ શબ્દોમાં વર્ણવ્યો છે :

त्वं हि नैष्ठिकनाट्येन हिताय त्यागिनां क्षितौ ।
वर्तसे भीतवत् स्त्यादेः सर्वज्ञः पुरुषोत्तमः॥

— શ્રીહરિલીલાકલ્પતરુ; સ્કંધ ૨, અ. ૬૧-૨૮.

"હે નીલકંઠ ! તમો નૈષ્ઠિક બ્રહ્મચારી સ્વરૂપે કેવળ ત્યાગીઓના હિત માટે 'મને આ પ્રકારે વર્તતો જોઈને બીજા ત્યાગીઓ મારી માફક વર્તશે, બીજે પ્રકારે નહિ;' - એમ મનમાં અનુસંધાન રાખીને આ પૃથ્વીમાં સર્વજ્ઞ પુરુષોત્તમ તમો સ્ત્રી આદિથી ભય પામતા હો ને શું એમ વર્તો છો ?"

ઉદ્‌ગીથ ૧૮



ધર્મધુરાની સોંપણી

(આ.સં. ૧૮૫૮, ઈ.સ. ૧૮૦૧)

આ.સં. ૧૮૫૮ના કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીના મંગલમય દિવસે સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપવાની હતી. રામાનંદ સ્વામીના આનંદનો પાર ન હતો. આ ઉત્સવ ધામધૂમથી તેમને ઊજવવો હતો. બ્રહ્માંડનું અર્ધું આયુષ્ય પૂરું થયું ત્યારે વૈરાટનારાયણની સ્તુતિ સાંભળી પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પધાર્યા હતા. બાળચરિત્રોમાં અનેક દિવ્યભાવ બતાવ્યા, તપ અને ત્યાગમય જીવનથી બાળપણમાં પણ અનોખી ભાત પાડી. છતાં તેમના સ્વરૂપને ઓળખવાનું જ્ઞાન કોઈને ન લાધ્યું. કિશોર વયે વનવાટ લીધી. તીવ્ર તપશ્ચર્યા, અપૂર્વ નિર્ભીકતા, દેહનો દૃઢ અનાદર તથા આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ સ્થિતિથી, હિમાલયની હિમવર્ષા કે અઘોર વનની ભયંકરતા કે હિંસક પ્રાણીઓનો સમૂહ તેમને ડારી શક્યો નહિ. દેહ ન રહે તેવાં તમામ સાધન તેમણે કર્યાં. શરીરમાંથી માંસ અને રુધિર સૂકવી નાખ્યાં. કેટલાય માસ વાયુ ભરખીને રહ્યા. છતાં તેમની આ દેહાતીત દશાનો ભાવ પણ કોઈના કળ્યામાં આવ્યો નહિ.

છેવટે લોજ પધાર્યા. મુક્તાનંદ સ્વામીને તેમના સ્વરૂપમાં અલૌકિકતા લાગી. રામાનંદ સ્વામીએ તે ભાવનું સમર્થન કર્યું અને આજે સ્પષ્ટ કર્યું કે નીલકંઠ વર્ણી તો સાક્ષાત્ પુરુષોત્તમ છે. મનુષ્ય સ્વરૂપમાં પુરુષોત્તમભાવ પિછાણવો એ દિવ્યબુદ્ધિ માગી લે છે. અર્જુન શ્રીકૃષ્ણના સખા હતા, અંશ હતા, છતાં શ્રીકૃષ્ણે તેમને બુદ્ધિયોગ આપ્યો ત્યારે તેમને તેમના સાચા સ્વરૂપની ઓળખાણ થઈ. રામાનંદ સ્વામીએ પણ આજ સૌને જ્ઞાનચક્ષુ આપ્યાં. વર્ણી એ જ પુરુષોત્તમ છે. ધર્મ સ્થાપવા, ધર્મ પ્રવર્તાવવા અને તેનું રક્ષણ કરવા પોતે પધાર્યા છે. તેમનું કાર્ય હવે તેમને સોંપી દેવાનો તેમણે નિર્ણય કરી લીધો હતો.

રામાનંદ સ્વામીએ દેશોદેશ કંકોત્રીઓ લખી. આ પરમ મંગલ પ્રસંગ

ઉપર સૌને પધારવા આમંત્રણ આપ્યું. પર્વતભાઈ, ભીમભાઈ, ગોવર્ધનભાઈ વગેરેને જુદાં જુદાં કામો સોંપ્યાં. આટલા મોટા સંઘ માટે ઉતારા, પાગરણ, અનાજ વગેરેની વ્યવસ્થાનું કામ તેમને માથે નાખ્યું. તે ઉપરાંત માંગરોળના કેવળરામ, માવજીભાઈ, વાસણ, દેવકરણ, રામચંદ્ર, મૂળચંદ, સુરચંદ, દામોદર, હરજીભાઈ, મેઘજીભાઈ, કુરજીભાઈ તથા પોરબંદરના પુરુષોત્તમ, બાલાગામના આણંદજી, ઝાંઝમેરના ખીમજીભાઈ, જેઠાભાઈ, પાડોદરના ઓધવજીભાઈ, કાલવાણીના જેઠાભાઈ, ઘેલાભાઈ, જૂનાગઢના વીરજીભાઈ, ચાંપશીભાઈ, મંગળજી, જાળિયાના અમરસીભાઈ, દેરડીના લાધાભાઈ, ખીમજીભાઈ તથા રૂપસીભાઈ, ગોંડળના રાઘવજી, ધારીના ધનાભાઈ તથા ઉદ્ધવજી, જીરાના વસતાભાઈ, ગુંદાળાના આણંદજી તથા કરમસી, બંધિયાના જૂઠાભાઈ, ડોસાભાઈ, હંસરાજ વગેરે અગ્રગણ્ય હરિભક્તોને તેડાવ્યા. એ ઉપરાંત કણબી જ્ઞાતિના મુખ્ય હરિભક્તોને તથા અગ્રગણ્ય બ્રાહ્મણ ભક્તોને પણ તેડાવ્યા. રામાનંદ સ્વામીના ઉત્સાહને અનુરૂપ ઉત્સવ કરવાની સૌને હામ હતી. તેથી સૌ પોતપોતાની જ્ઞાતિના મુખ્ય હરિભક્તોને તેડાવતા હતા.

ગામેગામથી અનાજ, ઘી, ગોળનાં ગાડાં આવવા લાગ્યાં. કોઠારમાં તેના ગંજ ખડકાવા લાગ્યા. પાગરણનાં ગાડાં લાંબી કતારમાં આવ્યે જતાં હતાં. હરિભક્તો પણ ગામેગામથી, કોઈ ઘોડા ઉપર તો કોઈ વેલમાં, કોઈ રથમાં તો કોઈ ગાડામાં, કોઈ વળી ચાલતા, કોઈ કીર્તન-ભજન કરતાં આવ્યે જતા હતા. જેતપુરના ખુમાણ કાઠી ઉન્નડ દરબારને લાગ્યું કે ચક્રવર્તી રાજાની રાજ્યસમૃદ્ધિ પણ પોતાના ઘરઆંગણે આ ઉત્સવનાં મંડાણ જોતાં ઓછી પડે. તેને મનમાં ગૌરવ થયું. ઇતિહાસને પાને ચક્રવર્તી રાજાઓનાં રાજ્યો નાશ થઈ ગયેલાં આલેખાયાં છે, પરંતુ જેતપુરના ખંડિયા રાજાનું આ દરબારી ગામ આધ્યાત્મિક ઇતિહાસમાં અમરત્વ પ્રાપ્ત કરશે. ભગવાનના અક્ષરધામ તુલ્ય આ સ્થાન બની જશે. આ વિચારથી ઉન્નડ બાપુની છાતી પહોળી થઈ. આંખમાં જુદી ચમક આવી. મૂછોના કાતરા તીખા થયા.

જેતપુર ગામ, ગામની સીમ, વાડી, ખેતર, બધે જ જાણે માનવ મહેરામણ ઊભરાયો હતો. શ્રાવણ અને ભાદરવો પીને ધિંગી બનેલી સોરઠની ધરતી પણ ભક્તોના આનંદ અને ઉત્સાહને વાચા આપતી. લીલી ઓઢણીના લહેરાતા પાલવને સંકોરતી પોતાના અંકમાંથી અનેક પ્રકારની ભેટ પુરુષોત્તમ નારાયણને ધરવા તત્પર બની ગઈ હતી. રાત્રે રાસની રમઝટ જામતી,

વાંસળીના સૂર પણ છેડાતા, તાનપુરામાં ભજનના શબ્દો ગુંજતા. જેતપુરમાં જાણે અક્ષરધામ આવીને વસ્યું હોય તેવું આહ્‌લાદક વાતાવરણ જામી ગયું હતું.

તે વખતે રામાનંદ સ્વામી પોતાના આસન ઉપર બેસીને કહેતા હતા : "વર્ણી ! વાસુદેવ માહાત્મ્યમાં એકાંતિક ધર્મ, સામાન્ય ધર્મ અને વર્ણાશ્રમના ધર્મનું નિરૂપણ કર્યું છે. તે ગ્રંથને મુખ્ય માનીને તે તે ધર્મો પ્રવર્તાવજો. આધ્યાત્મિક જ્ઞાનમાં શ્રી રામાનુજાચાર્યે કરેલા ગ્રંથોનું પઠન, પાઠન વિશેષ રખાવશો, જેથી જીવ, માયા અને ઈશ્વરનાં સ્વરૂપોનો મુમુક્ષુઓને સ્પષ્ટપણે ખ્યાલ આવે, પરમાત્માને કદી અલિંગ સમજે નહિ."

સહજાનંદ સ્વામી શાંત ચિત્તે ગુરુની વાત સાંભળતા હતા. સાંભળતાં સાંભળતાં તેમના મુખ ઉપર સ્મિત ફરકતું હતું. તેથી રામાનંદ સ્વામીને થયું કે અધ્યાત્મ-જ્ઞાનની આવી ગંભીર વાત સાંભળતાં પણ સહજાનંદ સ્વામી હસે છે તો તેનું કાંઈક કારણ હોવું જોઈએ. તેમણે તેથી પૂછ્યું : "આપને કાંઈ શંકા થતી હોય તો પૂછજો."

સહજાનંદ સ્વામીએ તરત જ કહ્યું : "શંકા તો શું હોઈ શકે ? આપણે શ્રી રામાનુજાચાર્યનો મત વિશેષપણે માન્ય કર્યો છે તેથી જીવ અને ઈશ્વર વચ્ચેનો જે સનાતન ભેદ છે તે પણ તત્ત્વજ્ઞાનમાં ભુલાવો ન જોઈએ. એ જ પ્રકારે શાસ્ત્રમાં બ્રહ્મ શબ્દનો પરબ્રહ્મના પર્યાય વાચક શબ્દ તરીકે ઉપયોગ બહુધા કર્યો છે. પરંતુ બ્રહ્મ - જેને શાસ્ત્રોમાં અક્ષરબ્રહ્મ પણ કહે છે - તે પુરુષોત્તમનું ધામ છે, પુરુષોત્તમને અને અક્ષરમુક્તોને ધરીને રહ્યું છે. તેથી બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે ભેદ તે વાસ્તવિક છે. તે સમજવો જરૂરી છે."

"રામાનુજાચાર્યે ચેતનમાત્રને જીવ સંજ્ઞામાં ગણી જીવ, ઈશ્વર અને બ્રહ્મ વચ્ચેનો જે તાત્ત્વિક ભેદ છે તે સ્પષ્ટ કર્યો નથી.[૧૯૩] વળી, પરમાત્માથી ભિન્ન તમામ જીવો પ્રત્યગ્ આત્માઓ છે એવું કહી તેમણે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સ્વીકાર્યું નથી. રામાનુજાચાર્યના મતમાં આટલી સ્પષ્ટતા નથી. તેથી જો પ્રતિપક્ષી પૂછે, તો જીવ અને ઈશ્વર તથા બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચેનો ભેદ ન સમજાયો હોય તો આપણા જ્ઞાનની વિશેષતા ન સમજાય. આટલી સ્પષ્ટતા સમજી આપણે રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત મતને સ્વીકારવો જોઈએ."

સહજાનંદ સ્વામીની વાત સાંભળી રામાનંદ સ્વામી સ્થિર થઈ ગયા. તેઓ આ વાત સ્પષ્ટપણે સમજતા હતા. પરંતુ તે સ્વરૂપોનો વાદ થાય ત્યારે જ

૧૯૩. વચનામૃત પંચાળા ૨ અને ગઢડા મધ્ય ૩૧.

એ ભેદ તરી આવતો. સામાન્યપણે તો જીવ, ઈશ્વર અને માયાનાં સ્વરૂપોની જ વાતો થતી. તેમને લાગ્યું કે જેમ જીવ અને ઈશ્વરમાં ઈશ્વર કોટિની મહત્તા વિશેષ છે તેમજ અનાદિ અક્ષરબ્રહ્મની પણ સમગ્ર શુદ્ધ જીવસૃષ્ટિમાં મહત્તા છે. આછું સ્મિત કરતાં તેમણે માથું ધુણાવ્યું. પછી બોલ્યા : "વર્ણી ! આપ તો સાક્ષાત્ પરમાત્મા છો. તેથી આપને આ સ્વરૂપોનું જ્ઞાન હસ્તામલકવત્ હોય તેમાં શું આશ્ચર્ય ! પરંતુ જો બ્રહ્મ-પરબ્રહ્મનો આ ભેદ નહિ સમજાય તો રામાનુજાચાર્યથી આપણો મત જુદો ન પડે તે માટે ગમે તેમ કરીને તે સિદ્ધાંતને અનુરૂપ વાતો થશે."

"પરંતુ તેથી તો આપણો સંપ્રદાય એ રામાનુજનો ફાંટો થઈ જશે." વર્ણીએ કહ્યું.

"તે ખરું." રામાનંદ સ્વામીએ તે સ્વીકારતાં કહ્યું.

"અને આપણે તો તત્ત્વજ્ઞાનમાં મૌલિક સિદ્ધાંત આપીએ છીએ." સહજાનંદ સ્વામીએ કહ્યું.

આ સાંભળી રામાનંદ સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "આપ જ પરમાત્મા છો. તેથી આપની વાત, આપના અક્ષરબ્રહ્મની વાત આપના સિવાય બીજું કોણ સમજાવી શકે ? બીજા તો પોતાની બુદ્ધિ અથવા પોતાની સ્થિતિ જેટલી હોય તેટલું જ સમજાવી શકે."

આ વાત સાંભળી સહજાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! આ અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ પરબ્રહ્મનાં સનાતન સ્વરૂપોનું જ્ઞાન જ્યારે પ્રવર્તશે ત્યારે જ જીવો આત્યંતિક કલ્યાણના અધિકારી થશે."

રામાનંદ સ્વામીના અંતરમાં આજે આનંદ માતો ન હતો. તેમાં પણ આજે નવદીક્ષિત સહજાનંદ સ્વામીની આ વાતથી તેમનું હૈયું હિલોળે ચડ્યું. 'નો'તી દીઠી અને નો'તી સાંભળી' એવી વાતનો આજે તેમને અનુભવ થયો. તેમને સ્મૃતિ થઈ આવી ભાદરાના મૂળજી શર્માની - વર્ણીનું એ અક્ષરબ્રહ્મધામ હતા.

એટલામાં ઉતાવળે આવતાં ગાડાંઓના બળદની કોટે બાંધેલી ઘંટડીનો અવાજ તેમણે સાંભળ્યો. એ અવાજ આવ્યે જ જતો હતો. કંઈક કેટલીક ગાડાંઓની લંગાર આવતી હશે. તેનો તે વિચાર કરવા લાગ્યા. આ મહોત્સવમાં પહોંચવા ઉતાવળથી ચાલતા બળદોનો પણ ઉત્સાહ જોઈ તેમને થયું કે રાત્રિને કેમ આટલો ઉત્સાહ નથી ? એ કેમ જલદી જતી નથી ? પરંતુ એ તો માયાનું સ્વરૂપ, ગાઢ અંધકાર ! તેના સામ્રાજ્યનો નાશ કરવા આવતા અધિપતિને તે

કેમ આવકારે ?

તે વખતે વર્ણી ઊઠ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! ભાદરગંગામાં સ્નાન કરવા જવું છે ? બ્રાહ્મમુહૂર્ત થવા આવ્યું છે."

"અહો ! વાતમાં આટલો સમય વીતી ગયો ? કંઈ ખ્યાલ ન રહ્યો. ચાલો જઈએ." એમ કહી તેમણે સહજાનંદ સ્વામીને કહ્યું : "આજે તમારે એકલા સ્નાન કરવા જવાનું નથી. વાજતે-ગાજતે સંઘ સાથે જવાનું છે."

રામાનંદ સ્વામીના એકેક શબ્દમાં સહજાનંદ સ્વામીના ગૌરવની સાચવણીનો ભાવ હતો. આજના પ્રસંગની મહત્તા તેમને વધારવી હતી, જેથી સહજાનંદ સ્વામીના શુદ્ધ સ્વરૂપને સૌ ઓળખે.

તેઓ તરત જ તૈયાર થયા. મુક્તાનંદને બોલાવ્યા, સૌ સંતોને બોલાવ્યા. હરિભક્તો પણ આવ્યા. કાઠી દરબારો પણ સજ્જ થઈ ગયા. ઢોલ, તાસાં, નગારાં, પડઘમ વગેરે વાજાં પણ આવ્યાં. રથ, પાલખી, હાથી, ઘોડા પણ ત્યાં આવી ગયાં. રામાનંદ સ્વામીની વ્યવસ્થાશક્તિ એવી હતી કે ઈશારામાં બધું તૈયાર થઈ જતું. રાત્રે તેમણે આ બધી સૂચનાઓ આપી દીધી હતી.

સહજાનંદ સ્વામીને તેમણે પોતાની સાથે જ હાથી ઉપર બેસાર્યા. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો રથ, પાલખી વગેરેમાં બેઠા. દરબારો ઘોડા ઉપર સજ્જ થઈ ગયા. હરિભક્તો ભજન ગાતાં આગળ ચાલવા લાગ્યા. રામાનંદ સ્વામીએ નીકળતી વખતે મયારામ ભટ્ટને બોલાવ્યા. તેમને કહ્યું : "મંડપમાં બધી જ તૈયારી કરાવજો, સ્નાનવિધિ પછી વર્ણી નિત્યકર્મ કરી સીધા મંડપમાં પધારશે."

મયારામ ભટ્ટ પણ અર્ધું સાંભળ્યું, અર્ધું ન સાંભળ્યું અને ઉતાવળમાં દોડ્યા. તેમને દોડતાં જોઈ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "ભટ્ટજી ! પૂરું સાંભળતા તો જાઓ."

ભટ્ટજીએ કહ્યું : "સ્વામી ! ગુરુ આજના આનંદમાં બધું ભૂલી જાય છે. આ સૂચના તેમણે મને અત્યાર સુધીમાં દસ વખત આપી છે. તે પ્રમાણે મંડપમાં બધી જ તૈયારીઓ કરી દીધી છે." આ સાંભળી મુક્તાનંદ સ્વામી પણ હસ્યા.

રામાનંદ સ્વામીએ વેદિયા બ્રાહ્મણોને અગાઉથી જ ભાદરગંગા ઉપર મોકલ્યા હતા. સહજાનંદ સ્વામીનો ષોડશોપચારે અહીં તેમને અભિષેક કરાવવો હતો. આ બધું જોઈ વર્ણીને સ્વામીમાં ગુરુભાવ કરતાં પણ માતૃભાવ અધિક લાગ્યો. સહજાનંદ સ્વામીની શોભાયાત્રા ભાદરગંગાએ આવી પહોંચી. કેટલાક

હરિભક્તો તો આ વિધિનાં બરોબર દર્શન થાય તેથી અગાઉથી જ અહીં આવી ગયા હતા. સ્વામીનો હાથી ઝૂક્યો અને સૌએ જયઘોષણા કરી. સ્વામીએ સહજાનંદ સ્વામીનો હાથ પકડ્યો હતો. મશાલોનાં અજવાળામાં ધીરે ધીરે ડગ દેતા સ્વામી, સહજાનંદ સ્વામીનો હાથ પકડી ચાલતા હતા. ખળખળિયે પધાર્યા ત્યાં વેદિયા બ્રાહ્મણો બધી સામગ્રી સાથે તૈયાર હતા.

તરત જ બ્રાહ્મણોએ ષોડશોપચારે સહજાનંદ સ્વામીના સ્નાનવિધિનો પ્રારંભ કર્યો. રામાનંદ સ્વામી પણ તેમનું શરીર ચોળવા લાગ્યા. સૌએ આ લાભ લીધો. સહજાનંદ સ્વામીને વિધિપૂર્વક સ્નાન કરાવ્યું. ભાદરગંગા આજે ખરેખર પતિતપાવની બની ગઈ ! વર્ણીએ ધોયેલાં વસ્ત્રો ધારણ કર્યાં. પછી સંઘ એ જ રીતે ધામધૂમથી ઉતારે આવ્યો.

સહજાનંદ સ્વામી નિત્યવિધિ પતાવીને રામાનંદ સ્વામી સાથે મંડપમાં પધાર્યા. મંડપની અપૂર્વ શોભામાં હરિભક્તોનો ભક્તિભાવ તેમણે જોયો. હાંડી, ઝુમ્મર તથા અનેક પ્રકારના કાચના તકતાઓથી શોભતા મંડપના એક પછી એક દ્વાર વટાવતા તેઓ આવ્યા. મધ્ય ભાગમાં તેમણે સુંદર સિંહાસન જોયું. જાણે અક્ષરબ્રહ્મ સ્વયં આ રૂપે તેમની સેવામાં આવી ગયા હોય એવું તેમને લાગ્યું. બાજુમાં યજ્ઞની વેદી હતી. બ્રાહ્મણોએ યજ્ઞનો આરંભ કરી દીધો હતો. નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામી સાથે વેદી સમક્ષ બિરાજ્યા. બ્રાહ્મણોએ દેહશુદ્ધિ કરાવી. વર્ણી પાસે ગણપતિનું પૂજન કરાવ્યું. વેદમંત્રોના ઘોષ, આહુતિ આપતા 'સ્વાહા' 'સ્વાહા'ના ઘોષ અને સ્ત્રીઓનાં મંગળ ગીતોના ઘોષ, આ ત્રણ ઘોષની ગર્જનાએ માયાના સૈન્યને ત્યાંથી હઠાવ્યું. નીલકંઠ વર્ણી પોતાના કાર્યની શરૂઆત આનંદપૂર્વક નિહાળી રહ્યા હતા.

વિધિની સમાપ્તિ થઈ એટલે રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને સિંહાસન ઉપર બેસાર્યા. સહજાનંદ સ્વામીના જયઘોષથી મંડપ ગાજી ઊઠ્યો. રામાનંદ સ્વામીએ પણ સહજાનંદ સ્વામીનો જયઘોષ કર્યો. આજે આ સભામાં જ શ્રી સહજાનંદ સ્વામીનું યથાર્થ સ્વરૂપ ઓળખાવવા રામાનંદ સ્વામીએ સભાને સંબોધતાં કહ્યું : ''હરિભક્તો, સંતો ! આજે મારે માટે પણ ધન્ય દિવસ છે. જેમની હું રાહ જોઈને બેઠો હતો, જેમની આજ્ઞાથી ગુરુપદની આ ગાદી ઉપર બેઠો હતો, તે સ્વયં પુરુષોત્તમ નારાયણ અક્ષરધામના અધિપતિ અત્રે પધાર્યા, ત્યારે તેમનું કાર્ય તેમને સુપરત કરવા મેં નિર્ણય કરી લીધો હતો. મેં તમને સૌને વારંવાર કહ્યું હતું કે 'હું તો ડુગડુગીનો વગાડનારો છું. વેશના

ભજવનારા તો હજુ હવે આવશે.' તે આવી ગયા. પૃથ્વી ઉપર ભાગવત ધર્મનું પ્રસ્થાપન કરવા અને અનંત જીવોને બ્રહ્મરૂપ કરી અક્ષરધામ પમાડવા, વર્ણીરૂપે, સ્વામી સહજાનંદજી રૂપે આજે આપણી સમક્ષ અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ બિરાજમાન છે. તેમને તત્ત્વે કરીને ઓળખી તેમના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરશો તો તમારું સૌનું કલ્યાણ થશે.''

એટલું કહીને રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામી તરફ જોઈ બોલ્યા : ''આજે લોકદૃષ્ટિએ હું તમારો ગુરુ છું. મેં આ ઉદ્ધવ સંપ્રદાય સ્થાપ્યો. આજે એ ધર્મની ધુરા આપને સોંપી. આપ તેને પાળજો, પોષજો, સૌનાં અંતરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પ્રગટ કરજો. જ્ઞાની-અજ્ઞાની, પાત્ર-કુપાત્ર, ઊંચ અને નીચ જે કોઈ આપના સંબંધમાં આવે તેનું કલ્યાણ કરજો. ઉપાસના માટે મોટાં મોટાં મંદિરો કરાવજો અને સાથે સાથે ઉપાસનાના પાયા ઊંડા જાય તે માટે સંપ્રદાયના ગ્રંથ પણ રચાવજો. કદાચ મંદિરો જીર્ણ થાય, પડી જાય, દેશ ઉજ્જડ થઈ જાય તોપણ સંપ્રદાયનાં શાસ્ત્રો હશે તો સંપ્રદાય અચળ રહેશે, સચવાશે અને ફાલશે.''

એટલું કહીને રામાનંદ સ્વામી સિંહાસન પાસે આવ્યા. પોતે માનેલા પોતાના ઈષ્ટ શ્રી સહજાનંદ સ્વામીના કપાળમાં ચાંદલો કર્યો. એટલામાં મયારામ ભટ્ટ નવાં વસ્ત્રો લઈ આવ્યા. રામાનંદ સ્વામીએ તે જરિયાન વસ્ત્રો સહજાનંદ સ્વામીને પહેરાવ્યાં, અલંકારો પહેરાવ્યા, ફૂલના હાર પહેરાવ્યા અને પછી પોતે જ તેમની આરતી ઉતારી. સભા આ દિવ્ય આનંદમાં સ્થિર થઈ ગઈ હતી. સૌનાં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સહજાનંદ સ્વામીની દિવ્ય મૂર્તિમાં કેન્દ્રિત થઈ ગયાં હતાં.

પછી રામાનંદ સ્વામી પોતાની ગાદી ઉપર બિરાજ્યા. તેમણે સહજાનંદ સ્વામીને ફરી કહ્યું : ''સ્વામી ! તમે તમારા ત્યાગ અને વૈરાગ્યનો ભાવ મોળો કરીને, મારી આજ્ઞા પાળી આજે આ પદ સ્વીકાર્યું છે, તેથી હું તમારા ઉપર ખૂબ જ પ્રસન્ન થયો છું. આ લોકમાં તો એવી કોઈ વસ્તુ નથી જે હું આપને આપી શકું. આપ જ સર્વના કર્તા, અધિપતિ અને ભોક્તા છો. છતાં મારા અંતરમાં એવો ભાવ રહે છે કે આપને હું આ પ્રસંગની ભેટ રૂપે કાંઈક આપું. હું શું આપું તે આપ જ કહો.''

આ સાંભળી સહજાનંદ સ્વામી તેમના આસન ઉપરથી ઊભા થઈ ગયા. ગુરુ રામાનંદ સ્વામી પાસે ગયા. તેમને દંડવત્ કરી બે હાથ જોડી કહ્યું : ''આપ

મારા ગુરુ અને ઈષ્ટ છો. છતાં મારા પ્રત્યે મમતા રાખી આજે આ ગુરુપદ આપે મને સોંપ્યું છે, તો આપની પાસે મારે બે વર માગવા છે. તે કૃપા કરીને મને આપશો તો મારા અંતરમાં અખંડ શાંતિ વર્તશે.''

સભાજનો આશ્ચર્યવત્ બની આ સાંભળી રહ્યા. સહજાનંદ સ્વામીની નમ્રતા, ગુરુભાવ વગેરે ગુણોથી સૌને પ્રતીતિ થઈ કે ગુરુ રામાનંદ સ્વામીની ગુરુપદ માટેની પસંદગી યથાર્થ છે. હવે તેઓ શું માગે છે તે સાંભળવા સૌ ઊંચે શ્વાસે તત્પર થઈ ગયા.

સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! ભક્તોનું દુઃખ દેખીને મારું અંતર દ્રવી જાય છે. માટે સ્વામી ! તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ; પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય. એ બે વર મને આપો.''

રામાનંદ સ્વામી આ સાંભળી સ્થિર થઈ ગયા. સભાજનો સહજાનંદ સ્વામીનો કરુણાર્દ્ર ભાવ જોઈ રહ્યા. સાચી દયા અન્યના દુઃખને પોતામાં સહી લેવામાં છે એ રહસ્ય આજે સૌને સમજાયું. સહજાનંદ સ્વામી તો સાક્ષાત્ ભગવાન હતા. તેથી જ એ ભાવથી માણસાઈના દીવા દરેકના અંતરમાં પ્રગટ કરી તેમને સૌને સાચા માનવ બનાવવા હતા. સમાજનું નવસર્જન કરવું હતું. રામાનંદ સ્વામીની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં હતાં. જેણે પોતાનો દેહ પણ ભક્તોને અર્થે કરી રાખ્યો છે, તે જ સાચા પ્રભુ છે, સાચા ગુરુ છે. સહજાનંદ સ્વામીમાં પૂર્વના અવતારોનાં સ્વરૂપોનું ઘણાંને દર્શન થયું હશે, પરંતુ આજે સૌને તેમનામાં સાચા પ્રભુનું દર્શન થયું. રામાનંદ સ્વામીએ કહ્યું : 'તથાસ્તુ'. તેઓ આગળ કાંઈ ન બોલી શક્યા. હિમના રજકણો જાણે સભામાં પથરાઈ ગયા હોય તેવું સૌને લાગ્યું.

થોડી વારે રામાનંદ સ્વામીએ સભાને કહ્યું : ''આજનો અવસર આપણા માટે અતિ શુભ છે. આ સહજાનંદ સ્વામીની જેને પૂજા કરવી હોય, ભેટ અર્પણ કરવી હોય તે આગળ આવો !''

એટલું કહી તેમણે પોતાની સન્મુખ બેઠેલા ભાદરાના મૂળજી શર્માને બોલાવ્યા. મૂળજી તેમના ભાઈ સુંદરજીને લઈને સહજાનંદ સ્વામી પાસે આવ્યા. રામાનંદ સ્વામીએ તેમની ઓળખાણ કરાવી ત્યારે સહજાનંદ સ્વામી મર્માળું

હસ્યા.[૧૯૪] તેમણે કહ્યું : "આ મૂળજી અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. ભવિષ્યમાં તે દીક્ષા લઈ ગુણાતીતાનંદ સ્વામી નામ ધારણ કરશે. તેમના આ ભાઈ પણ દીક્ષા લેશે અને શિવાનંદને નામે ઓળખાશે."

રામાનંદ સ્વામી તો આ જાણતા જ હતા. તેમણે જ મૂળજી શર્માની જન્મોત્રી જોઈ નામ પાડ્યું હતું. આજે તે રહસ્ય સભા સમક્ષ પ્રગટ થયું. મૂળજી શર્માએ સહજાનંદ સ્વામીને ચાંદલો કરી તેમને એક ગાય ભેટ આપી.

પછી આવ્યા શેખપાટના લાલજી સુથાર. તેમની ઓળખાણ આપી ત્યારે પણ સહજાનંદ સ્વામીએ કહ્યું : "આ પણ અમારા જ છે. વૈરાગ્યની મૂર્તિ છે. ત્યાગી થઈને અમારાં લીલાચરિત્રો વિસ્તારશે."

તેમણે પણ શ્રીહરિનું પૂજન કરી કળા-કૌશલ્યથી રચેલો લાકડાનો એક સુંદર ડામચિયો ભેટ આપ્યો.

ત્યારપછી ગોંડળ નરેશ દેવાજી તરફથી આવેલા હઠીભાઈએ શ્રીહરિને અશ્વ ભેટ આપ્યો. માણાવદરના નવાબ ગજેફરખાને પોતાના મંત્રી પાસે શ્રીહરિની પૂજા કરાવી પોતાના રાજ્યમાંની જમીન અર્પણ કરી. માંગરોળના નવાબ વજરુદ્દીને જરિયાન પડદાથી સુશોભિત એક રથ ભેટ આપ્યો. મયારામ ભટ્ટે અને તેમના ભાઈ ગોવિંદરામે વેદનો ગ્રંથ શ્રીહરિને ભેટ આપ્યો. મેવાસાના ઇન્દ્રજી વ્યાસે પૂજા કરીને પુષ્પની માળા શ્રીહરિને પહેરાવી. આ રીતે સભામાં આવેલા અનેક ભક્તોએ પોતાની શ્રદ્ધા અને ભક્તિ અનુસાર શ્રીહરિનું પૂજન કરી ભેટ આપી. કોઈએ વસ્ત્રો આપ્યાં, કોઈએ ગાયો તો કોઈએ બળદ, કોઈએ ખુરશીઓ તો કોંઈએ પલંગ, કિનખાબની તળાઈ, ઓશીકાં, સુરવાળ, ડગલી વગેરે ભેટોના ત્યાં ગંજ ખડકાયા. રામાનંદ સ્વામી ભક્તોનો ભાવ જોઈ પ્રસન્ન થયા !

હજુ શોભાયાત્રા કાઢી સમગ્ર પુરજનોને આ દિવ્ય મૂર્તિનાં દર્શન કરાવવાની રામાનંદ સ્વામીની ઇચ્છા હતી. તે પ્રમાણે કાર્યક્રમ અગાઉથી ગોઠવાઈ ગયો હતો. જેમને આ કાર્ય સોંપ્યું હતું તે તેની વ્યવસ્થામાં હતા. બધી તૈયારી થઈ ગઈ એટલે રામાનંદ સ્વામીએ શ્રીહરિનો હાથ પકડ્યો અને તેમને પોતાની સાથે લીધા. વ્યવસ્થા પૂર્વયોજિત એવી હતી કે સ્વામીને તથા શ્રીહરિને

---

૧૯૪. *સુણી હસિયા હરિ સાક્ષાત્, ઉર આણી ભવિષ્યની વાત,*
એક થાશે ગુણાતીતાનંદ, શિવાનંદ બીજા જગવંદ.
— શ્રીહરિલીલામૃત; કળશ ૪, વિશ્રામ ૨૭.

બહાર નીકળવામાં ભક્તોની ભીડ નડે નહિ. બહાર આવી રામાનંદ સ્વામીએ શ્રીહરિને શણગારેલા અશ્વ ઉપર બેસાર્યા. પોતે આગળ રથમાં બિરાજ્યા.

વાજિંત્રોના ઘોષ સાથે શોભાયાત્રા શહેરમાં નીકળી. સાધુવૃંદ, ભક્તો તથા અંતે નારીવૃંદના સમૂહથી જેતપુર નગર અક્ષરધામના અનંત મુક્તોથી શોભાયમાન દેખાવા લાગ્યું. અંતરીક્ષમાં દેવો, કિન્નરો, ગાંધર્વો સ્તુતિ કરતા હતા અને અક્ષરધામના મુક્તો સદેહે આજ શ્રીહરિનો જયજયકાર વર્તાવી રહ્યા હતા. આજનો મંગલમય દિવસ સદા માંગલ્ય પ્રવર્તાવે અને પૃથ્વી પરનું આ મંગલ સદા પ્રગટ જ રહે, એવી સૌનાં અંતરમાં પ્રાર્થના ચાલતી હતી.

સમગ્ર શહેરમાં ફરીને યાત્રા ઉતારે આવી. રાતની સભામાં ભજન-કીર્તન કરી સૌએ જાગરણ કર્યું. બીજે દિવસે સવારે નિત્યક્રિયા પછી યજ્ઞની પૂર્ણાહુતિ કરી. બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપી. પછી શ્રીહરિએ ભક્તોને જમવાની વ્યવસ્થાનું પૂછ્યું. ભક્તોને પીરસવા માટે, તેમના અંતરમાં ભક્તિરસ પ્રગટ કરવા માટે તેઓ તત્પર બની ગયા હતા.

રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામીએ સાથે ફરીને ભક્તોની પંક્તિમાં લાડુ પીરસ્યા. સૌને ખૂબ ભાવથી જમાડ્યા. વિપ્રોએ આજે દેહને ખોટું કરી દીધું. લાડુના લોભમાં નહિ, પરંતુ શ્રીહરિની પ્રસાદીથી દેહ પડી જાય તો ધામમાં જ ગતિ થાય તે ભાવથી વિપ્રો અતિશય જમ્યા. રામાનંદ સ્વામી તથા શ્રીહરિએ પણ ગામમાં સાદ પડાવ્યો. કોઈ ભૂખ્યું હોય તો આવો, આજે યજ્ઞની પ્રસાદી જમી જાઓ. આખા ગામનો ધુમાડો બંધ કર્યો હતો. એક ધુમાડો રામાનંદ સ્વામીને રસોડે જ ચાલુ હતો. તેથી ન્યાતજાતનો ભેદ ગણ્યા સિવાય સૌને જમાડ્યા. સૌ તૃપ્ત થયા. કોઈ બાકી ન રહ્યું એવી ખબર મળી એટલે રામાનંદ સ્વામી તથા શ્રીહરિ અને તેમના સંતો જમ્યા.

આ રીતે સહજાનંદ સ્વામીને ધામધૂમથી ધર્મધુરા સોંપી રામાનંદ સ્વામી નિશ્ચિંત બની ગયા. હવે તેમને પણ આ પૃથ્વી ઉપર વધુ રહેવાની ઇચ્છા ન હતી. તેમની અંતિમ ઇચ્છા આજે પૂરી થઈ, તેના આનંદમાં આ મહોત્સવની પણ પૂર્ણાહુતિ થઈ.



ઉદ્‌ગીથ ૧૯

રામાનંદ સ્વામીનું તિરોધાન

(આ.સં. ૧૮૫૮, ઈ.સ. ૧૮૦૧)

રામાનંદ સ્વામીનું કાર્ય પૂરું થયું. પૃથ્વી ઉપર પુરુષોતમના પ્રાદુર્ભાવનો, તેમના સ્વરૂપનો, તેમના કાર્યનો તેમણે પોતાના ભક્તોને સહજ ખ્યાલ આપ્યો હતો. તેમનું સ્વરૂપ પણ ઓળખાવ્યું હતું. પરંતુ એ દિવ્યાતિદિવ્ય છતાં માનુષી સ્વરૂપ, જીવાત્મા ઇન્દ્રિયો, અંતઃકરણના ભાવથી પર થઈ તેની જ્ઞાતૃત્વશક્તિને જાગ્રત કરી શકે, તો જ યથાર્થ ઓળખી શકાય. એટલે જેને ગુરુ રામાનંદ સ્વામીના વચનમાં વિશ્વાસ હતો તેણે તે સ્વરૂપમાં પરમાત્મભાવનો નિશ્ચય કર્યો, જ્યારે કેટલાક શંકા-આશંકાના વમળમાં અટવાયા અને કેટલાકને પોતે રામાનંદ સ્વામીના જૂના શિષ્ય છે, વર્ણીથી ઉંમરમાં ને અનુભવમાં પણ મોટા છે એવા ભાવથી સહજાનંદ સ્વામીના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય ન થયો.

રામાનંદ સ્વામી આ જાણતા હતા પણ સમયના વહેણ સાથે વર્ણી બધું થાળે પાડી દેશે એવી તેમને શ્રદ્ધા હતી.

જેતપુરના ઉત્સવ ઉપર આવેલા હરિભક્તો ધીરે ધીરે વીખરાતા હતા. પૂનમ સુધીમાં તો હરિભક્તો પોતપોતાના ઘેર જવા નીકળી ગયા. છતાં વર્ણીના અલૌકિક સ્વરૂપના ભાવમાં જે ખેંચાયા હતા તેમને તેમનાં દર્શન છોડી જવાની ઇચ્છા થતી નહોતી. વળી, કેટલાકને રામાનંદ સ્વામી હવે અંતર્ધાન થઈ જશે એ ચિંતાથી ગુરુનું સાન્નિધ્ય છોડવાની ઇચ્છા થતી ન હતી.

રામાનંદ સ્વામીને લાગ્યું કે જ્યાં સુધી પોતે જેતપુર છોડશે નહિ, ત્યાં સુધી હરિભક્તો અહીંથી ખસશે નહિ. એટલે જેતપુરથી નીકળી ફણેણી જવાનો તેમણે નિર્ણય કરી લીધો. ત્યાં એકાંત હતું. દેહત્યાગ માટે એ સ્થાન તેમણે પસંદ કરી લીધું.

જ્યાં જૂનાં વેર શમી જાય છે

ઉન્નડ બાપુ ડેલીએ ડાયરામાં બેઠા હતા. સહજાનંદ સ્વામીના પટ્ટાભિષેકના ઉત્સવના આનંદથી સૌનાં હૈયાં સભર હતાં. રામાનંદ સ્વામી તથા વર્ણી અહીં જ રહે એવી તેમની ઇચ્છા હતી. જેતપુર ગામ અને તેની સીમમાં બધે જ અંતર ટાઢું થઈ જાય એવી શાંતિ પ્રસરી રહી હતી. સાત્ત્વિકતા આકાર લઈને સૌના સ્વરૂપે વિચરતી હોય તેવું લાગતું હતું.

એટલામાં એક પસાયતો ત્યાં આવ્યો. તેણે ડાયરાને 'રામ રામ' કર્યા. પછી બાપુ તરફ જોઈને બોલ્યો : ‘‘બાપુ ! ગામને પાદર એક મુસલમાન આંટા મારે છે. ઘડીક ગામ બહાર જાય છે અને ઘડીક પાદરે આવે છે અને ઝાડ નીચે બેસી ગામ તરફ જોયા કરે છે. તેની હિલચાલ ઉપરથી કંઈક શંકા આવે છે.’’

બાપુ આ સાંભળીને હસ્યા. તેમણે કહ્યું : ‘‘ગાંડો થા મા ગાંડો. અહીં તો ભગવાન બિરાજે છે. જ્યાં ભગવાન હોય ત્યાં શંકા, ભય, ક્લેશ હોય ?! એને ભક્તિનો ઉન્માદ ચઢ્યો હશે.’’

પસાયતો આ સાંભળી ટાઢો થઈ ગયો. પણ ફરી હિંમત લાવી તેણે કહ્યું : ‘‘પણ બાપુ ! કહો તો અહીં લઈ આવું.’’

‘‘લઈ આવ, ભાઈ ! ઈ ભગતનાં આપણેય દર્શન કરીએ.’’

અંતઃકરણની મલિનતા યોગથી, તપથી કે વ્રતથી ટળતી નથી, પરંતુ ભક્તિના ભાવથી ટળે છે. ઉન્નડ બાપુની રામાનંદ સ્વામી તથા વર્ણી પ્રત્યે આવી ભક્તિ હતી.

થોડી વારે પસાયતો તે મુસલમાનને લઈને ત્યાં આવ્યો. બાપુએ તેને પાસે બેસાર્યો અને પૂછ્યું : ‘‘ભાઈ ! તમે ગામને પાદર કેમ બેસો છો ? ગામમાં કેમ આવતા નથી ?’’

‘‘બાપુ ! હું આ ગામનો નથી. મારું અંતર તો જૂના વેરના ઘાની વેદનાથી બળે છે.’’

એટલે ડાયરામાંથી એક જણ બોલી ઊઠ્યો : ‘‘અહીં આ ગામમાં કોની સાથે વેર છે ?’’

મુસલમાન આ સાંભળી હસ્યો : ‘‘આ ગામની સીમમાં તો બાપુ હું દાખલ થયો અને તરત જ વેરની વેદના ટળી ગઈ ! પણ જ્યાં સીમની હદ છોડીને આઘેરો જાઉં છું, ત્યાં પાછા વેરના વિચારો આવે છે. આવો ચમત્કાર

આ ગામની સીમનો મેં ભાળ્યો. વેર તો બીજા ગામના ભેરુ સાથે બંધાયું છે."

ઉન્નડ બાપુ આ સાંભળી તરત જ બોલ્યા : "હું નો'તો કહેતો, સ્વામીનો ને વર્ણીનો પરતાપ જ એવો છે. વેરઝેર બધાં અહીં ભુલાઈ જાય."

મુસલમાન ચમક્યો. તેણે કહ્યું : "બાપુ ! મને તમારા એ ઓલિયાનાં દર્શન કરાવો."

ઉન્નડ બાપુ તેને લઈને સ્વામી પાસે આવ્યા. તે વખતે રામાનંદ સ્વામી ઊંચી ગાદી ઉપર બેઠા હતા અને સહજાનંદ સ્વામી નીચે બેઠા હતા. મુસલમાનને જોઈ સ્વામીએ વર્ણીને કહ્યું : "આ કોઈ ભાવિક આવ્યો છે તેને વાતો કરો."

મુસલમાને નીચા નમી સલામ કરી. પછી તે સહજાનંદ સ્વામી પાસે બેઠો. સહજાનંદ સ્વામીએ તેના તરફ દૃષ્ટિ કરી ને તરત તેને સમાધિ થઈ. સૌ સભાજનોને આશ્ચર્ય થયું ! થોડી વારે મુસલમાન જાગ્રત થયો ત્યારે તેણે રામાનંદ સ્વામીને કહ્યું : "મેં જે જોયું છે તે જો સાચું હોય તો તમે શિષ્ય છો અને આ ખુદા છે. પણ અહીં તમે ઊંચે બેઠા છો અને આ ખુદા નીચે બેઠા છે."

રામાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અમારા હિંદુઓમાં આ રીત હોય છે."

મુસલમાનને તે સમજાયું નહિ. તેણે કહ્યું : "પણ અલ્લાને આવો અન્યાય ન હોય." તેને હિંદુની રીતની માથાકૂટમાં પડવું ન હતું. તેણે જાણી લીધું કે 'આ અલ્લા છે', તેથી તેણે સહજાનંદ સ્વામીને પગે લાગીને કહ્યું : "તમે અલ્લા છો તો મારા ઉપર રહેમ કરજો." એમ કહીને તે ત્યાંથી ગયો.[૧૯૫]

સભામાં સૌને આશ્ચર્ય થયું : સહજાનંદ સ્વામી ભગવાન છે ? પટ્ટાભિષેક સમયે રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનો મહિમા કહ્યો હતો. એ શબ્દો આટલા થોડા સમયમાં વીસરાઈ ગયા હતા. કારણ રામાનંદ સ્વામી પ્રત્યે સૌનો ગુરુભાવ પ્રબળ હતો. સહજાનંદ સ્વામી તો હજુ નાના હતા. એવા ભાવમાં સહજાનંદ સ્વામીનું માપ શી રીતે નીકળી શકે ?

પરંતુ રામાનંદ સ્વામીએ કહ્યું : "સૌ ભૂલી ગયા ? મેં નો'તું કહ્યું કે આ જ પુરુષોત્તમ છે, વેશના ભજવનારા છે ?"

જેણે શુદ્ધ ભાવથી આ શબ્દો ઝીલ્યા તેમની ગ્રંથિ ગળી ગઈ, જેમને હઠાગ્રહની ગ્રંથિ હતી તે ઊલટી જડ બની !

રામાનંદ સ્વામીએ પ્રયાણની તૈયારી કરી લીધી. માંગરોળના નવાબે જે

---

૧૯૫. 'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર'; લેખક : સદ્‌ગુરુ માધવદાસજી, પૂર્વાર્ધ પાન-૧૯.

રથ ભેટ આપ્યો હતો તે મંગાવ્યો. બીજાં વાહનો પણ મંગાવ્યાં. પોતે સહજાનંદ સ્વામીને લઈને રથમાં બિરાજ્યા. મુક્તાનંદ આદિ સંતો જુદાં જુદાં વાહનોમાં બેઠા. બીજા પાર્ષદો-હરિભક્તો કોઈ અશ્વ ઉપર તો કોઈ પગપાળા એમ નીકળવા તૈયાર થઈ ગયા. જેતપુરના દરબાર ઉન્નડ બાપુ તથા તેમના ભાયાતો, રાજ્યના અધિકારીઓ વગેરે વળાવવા આવ્યા. કોઈને કોઈ પ્રકારે ખ્યાલ ન હતો કે સ્વામીનું આ છેલ્લું દર્શન હતું. સૌ ઉત્સાહમાં હતા. પાદરથી સ્વામીએ સૌને પાછા વાળ્યા.

ફણેણીમાં

ફણેણીમાં સમાચાર પહોંચી ગયા. ત્યાંના ભક્તો વેલાભાઈ, ગોબરભાઈ, કાનભાઈ, બંને રામજીભાઈ, કૃષ્ણભાઈ, હરિદાસ વેરાગી તથા વીરજીભાઈ, આહીર ભક્ત લૂણો તથા સુથાર ભક્ત સૂણાભાઈ, રામજી સોની, અમૂલાબાઈ, કેસરભાઈ, જીવીબાઈ વગેરે સ્વામી તથા સહજાનંદ સ્વામીનું ધામધૂમથી સામૈયું કરવા તૈયાર થઈને ભાગોળે આવ્યાં.

રામાનંદ સ્વામી આવ્યા, સાથે સહજાનંદ સ્વામી પણ આવ્યા, મુક્તાનંદ અને સંતો પણ આવ્યા. વર્ણીના પટ્ટાભિષેકના દિવ્ય આનંદનો અનુભવ સૌનાં અંતરમાં તાજો જ હતો. એ આનંદના ભાવમાં તરબોળ કરવા સ્વામી ફરી સહજાનંદ સ્વામીને લઈને આવ્યા. આ દિવ્ય સુખનો ક્ષય કાળ કરી શકતો નથી. તેના અલ્પ ઉપભોગમાં પણ અનંત કાળ સુધીના ઉપભોગનો આનંદ અનુભવાય છે. ધામધૂમથી સામૈયું થયું. પૃથ્વી ઉપર પડીને સૌએ સાષ્ટાંગ દંડવત્ કર્યા, ભેટ્યા. અંતરના ભાવને વાચા ન હતી, પરંતુ સૌની આંખોમાંથી અમૃત વરસતાં હતાં.

રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી તથા મોટેરા સંતો સોની રામજીને ત્યાં ઊતર્યા. અહીં સોનીએ વિપ્ર પાસે રસોઈ કરાવી રાખી હતી. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વગેરે જમ્યા. સર્વે સંઘને પણ જમાડ્યો. જમ્યા પછી પણ સૌ સહજાનંદ સ્વામી પાસેથી ખસતા ન હતા. તેથી રામાનંદ સ્વામીએ સૌને કહ્યું : "હવે સભા સાંજે થશે. સહુ સાંજે આવજો."

સાંજે સભા થઈ. રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામી સાથે આવ્યા. મુક્તાનંદ આદિ સૌ સંતો પણ આવ્યા. પછી રામાનંદ સ્વામીએ સભાને સંબોધતાં કહ્યું : "વર્ણીનો પટ્ટાભિષેક અદ્‌ભુત થઈ ગયો. વર્ણી પધાર્યા ને સૌનાં

દુઃખ ટળ્યાં. અમારું કાર્ય પણ હવે પૂરું થયું. આગળ શ્રીકૃષ્ણ, ઉદ્ધવ, અક્રૂર, યુધિષ્ઠિર, અર્જુન વગેરે નરદેહ ધરી આવ્યા હતા. પણ સૌ ચાલ્યા ગયા. કોઈ આ પૃથ્વી ઉપર રહ્યું નથી. આ લોક જ મૃત્યુલોક છે. અમે પણ હવે દેહ મૂકશું. આ વર્ણીને તમારાં સૌનાં રક્ષણ માટે મૂકતા જઈએ છીએ, તો કોઈ શોક કરશો નહિ.'' વજ્રપાત સમી આ વાણીમાં સૌએ રામાનંદ સ્વામીની નિશ્ચયાત્મક દૃઢતા ભાળી.

મહાન પુરુષ કૃતનિશ્ચયી હોય છે. તેમને આ લોકનું કોઈ આલંબન હોતું નથી. પોતાના કાર્ય પૂરતો જ દેહ ટકાવી, કાર્યની સમાપ્તિ સાથે જ દેહ છોડવા તેઓ તત્પર બની જાય છે. શિષ્યોના સ્નેહનાં બંધનો તેમને બાંધી શકતાં નથી. કારણ તેઓ ફક્ત પરમાત્મામાં જ બંધાયેલા હોય છે. રામાનંદ સ્વામીનો આ નિશ્ચય હતો. શિષ્યોને તેમણે વર્ણીનું રક્ષણ આપી સાંત્વન આપ્યું.

રામાનંદ સ્વામી અંતર્ધાન થાય છે

બીજે દિવસે રામાનંદ સ્વામીને તાવ આવ્યો. તેમણે ત્યારથી અન્ન છોડી દીધું. તાવ વધતો ગયો. અન્નના ત્યાગથી અશક્તિ પણ વધતી ગઈ. શિષ્યોની પ્રાર્થના કામયાબ ન નીવડી. રામાનંદ સ્વામીએ ગંભીર મંદવાડ ધારણ કર્યો.

માગશર સુદ ૧૩ની સવારે પોતે નિયમ પ્રમાણે ઊઠ્યા. શિષ્યોની સહાય વિના શૌચવિધિ કરી લીધી. આગલે દિવસે જ પર્વતભાઈ અને મયારામ ભટ્ટ આવી ગયા હતા. સ્વામી પ્રત્યેની તેમની અપૂર્વ ભક્તિ હતી. તે ભક્તિમાં અનુવૃત્તિની ભાવના હતી. તેથી રામાનંદ સ્વામીના મુખના ભાવથી જ તેઓ સમજી ગયા કે સ્વામી હવે દેહ રાખશે નહિ. તેમની આંખોમાં સ્વામીના કૃશ થયેલા દેહને નીરખતાં આંસુ આવી ગયાં.

આજે એ માંદગીનો અંતિમ દિવસ હતો. પૃથ્વી ગોમૂત્ર અને છાણથી લીંપાવી, શુદ્ધ કરાવી, તે ઉપર દર્ભનું આસન પથરાવી, રામાનંદ સ્વામી પથારી ઉપરથી ઊઠી તે દર્ભના આસન ઉપર બેસી ગયા. ધ્યાનમુદ્રામાં સ્થિર થતાં પહેલાં તેમણે આજુબાજુ વીંટાયેલા સર્વ શિષ્યોને કહ્યું : ''વર્ણી સાક્ષાત્ પરમાત્મા છે, તે નિશ્ચય દૃઢ કરજો. તેમની આજ્ઞા શિરસાટે પાળજો. મેં તો ડુગીડુગી વગાડી તમને સૌને ભેગા કરી આ વર્ણીરાજનો યોગ કરાવી દીધો છે. ભાગવત ધર્મનું સ્થાપન અને પ્રસારણ તેઓ કરશે. આત્યંતિક કલ્યાણનો માર્ગ પણ સૌને માટે, સદાને માટે તેઓ જ ખુલ્લો કરશે.''

આટલા શબ્દો[૧૯૬] સાથે તેમણે પ્રાણ રુંધ્યો અને તે જ ક્ષણે તેમનો આત્મા દેહથી છૂટો પડીને દિવ્ય ધામમાં જતો રહ્યો. તે સમયે એકાએક સર્વત્ર પ્રકાશ પથરાઈ ગયો. તે પ્રકાશ સ્વામીના આત્માનો કે સહજાનંદ સ્વામીના સ્વરૂપનો હતો તે કોઈને સમજાયું નહિ. સૌ પ્રકાશને જોયા સિવાય શોકના અંધારામાં લીન થઈ ગયા ![૧૯૭]

વિક્રમ સંવત ૧૮૫૮ના માગશર સુદ તેરસની એ તિથિ હતી.

સ્વામી અંતર્ધાન થતાં શિષ્યમંડળમાં શોક પ્રવર્તી ગયો. આટલા દિવસના દિવ્ય સુખનો આજે અવધિ આવી ગયો ! જેતપુરમાં સ્વામીએ કહેલા શબ્દો વીસરાઈ ગયા. સહજાનંદ સ્વામી પણ શોકમગ્ન બની ગયા. મુક્તાનંદ સ્વામી પણ સ્તબ્ધ બની ગયા હતા. ફક્ત રઘુનાથદાસ એકલો સ્વસ્થ હતો. તેના મુખ ઉપર આનંદ હતો. તેને લાલચ હતી સ્વામીની ગાદી પચાવવાની. તેને લાગ્યું : "સ્વામી ગયા, હવે માર્ગ ખુલ્લો થઈ ગયો. મુક્તાનંદ તો સાધુ છે. તેને કશી વ્યવહારની ગમ નથી તેથી તે આડે નહિ આવી શકે. સહજાનંદ સ્વામીને સ્વામીએ ગાદી સોંપી છે પણ તે બાળક છે. તેને ખસેડતાં વાર નહિ લાગે. માર્ગ નિષ્કંટક બની ગયો છે." આ વિચારોના આનંદમાં તે હવે ઉત્તરક્રિયાની વ્યવસ્થામાં પડી ગયો.

રામાનંદ સ્વામીના દેહને સ્નાન કરાવી, કપાળે ચંદનની અર્ચા કરી, ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું. હાર પહેરાવ્યા. સૌએ વારાફરતી આરતી કરી. પછી રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી, સહજાનંદ સ્વામી અને મયારામ ભટ્ટે પાલખી ઉપાડી. આગળ સંતો-હરિભક્તો કીર્તનો ગાતા, ઉત્સવ કરતા, અબીર-ગુલાલ અને પુષ્પો ઉડાડતા ચાલતા હતા. ભદ્રા નદીને તીરે સૌ આવ્યા. શુદ્ધ ભૂમિ જોઈ, સહજાનંદ સ્વામીએ ભદ્રા નદીનું નીર ત્યાં છાંટ્યું. પછી ચિતા ગોઠવી અને તેમાં સ્વામીના દેહને પધરાવ્યો. શાસ્ત્રવિધિ અનુસાર અગ્નિસંસ્કાર કર્યો. ચિતા ઠારીને સૌ ભજન કરતા મંદિરે આવ્યા.

સહજાનંદ સ્વામીએ સૌને ધીરજ આપતાં કહ્યું : "મોટાપુરુષ કદી પૃથ્વી

---

૧૯૬. 'શ્રીહરિલીલામૃત'; કળશ ૪, વિશ્રામ ૩૧.

૧૯૭. મોટા સદ્ગુરુઓ થકી પરંપરાગત એવી પણ વાત જાણવા મળે છે કે રામાનંદ સ્વામી સદેહે જ ધામમાં પધાર્યા હતા. તેમની સૂચના અનુસાર તેમને પાલખીમાં પધરાવી ઘાટા અરણ્યમાં છોડી દીધા હતા. ત્યાંથી તેઓ શિષ્યોના દેખતાં જ અરણ્યમાં અદૃશ્ય થઈ ગયા હતા.

ઉપરથી જતા જ નથી, માટે સૌએ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેમના ગુણો વિચારવા. તો સ્વામી જરૂર અંતરમાં પ્રગટ થશે. પછી સ્વામી અંતર્ધાન થયા છે એવો ભાવ રહેશે નહિ અને ભગવાનનું પ્રગટ સ્વરૂપ ઓળખાશે.''

સહજાનંદ સ્વામીના આ શબ્દોની અસર થઈ. સૌને સ્વામીનાં વચનો યાદ આવ્યાં. સહજાનંદ સ્વામીમાં કલ્યાણકારી ગુણો જોઈને સ્વામીએ તેમને ગાદી સોંપી છે, સહજાનંદ સ્વામીનું સ્વરૂપ પણ ઓળખાવ્યું છે. તેથી હવે જે સ્વરૂપ અદશ્ય થયું છે તેમાંથી વૃત્તિ કાઢી જે દશ્યમાન છે, પ્રગટ છે, તેમાં વૃત્તિ જોડવી. કલ્યાણ ત્યારે જ થશે. આવા વિચારોમાં સૌ મગ્ન બની ગયા. મોડી રાત્રે સહુને પોતપોતાના સ્થાનકે મોકલી, વર્ણી તથા મુક્તાનંદ સ્વામી આરામમાં પધાર્યા. આ બધી ક્રિયા દરમ્યાન રામદાસ સ્વામી રઘુનાથદાસ ઉપર સૂક્ષ્મ દૃષ્ટિ રાખી રહ્યા હતા.

સ્વામિનારાયણનું ભજન શરૂ કરાવ્યું

રામાનંદ સ્વામીની દ્વાદશ અને ત્રયોદશ વિધિ વર્ણીએ વિધિપૂર્વક કર્યો. અહીં સહજાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને સંતમંડળ સાથે કચ્છમાં જવા કહ્યું. તેમણે કહ્યું : ''રામાનંદ સ્વામી અંતર્ધાન થયા તેથી ત્યાં સૌ શોકમગ્ન બની ગયા છે. તેમના શોકનું નિવારણ કરજો. કથાવાર્તા કરી સૌને આનંદ કરાવજો. અમે અહીં બધું ઠીકઠાક કરીને અનુકૂળતાએ ત્યાં આવીશું.'' સહજાનંદ સ્વામીની આજ્ઞા લઈ મુક્તમુનિ સંતમંડળ સાથે કચ્છ તરફ સિધાવ્યા.

ચૌદમાના દિવસે આ.સં. ૧૮૫૮ના માગશર વદ એકાદશીએ ગામમાં ભદ્રા નદી ઉપર સંતો-હરિભક્તોની સભા કરી. આ સભામાં સહજાનંદ સ્વામીએ બ્રહ્મચારીઓ, સાધુઓ તથા સ્ત્રી-પુરુષોના ધર્મો સવિસ્તર સમજાવતાં કહ્યું : ''ધર્મના અનુશીલનથી જ પરમાત્માની પ્રાપ્તિ માટેની સાધનાની સિદ્ધિ થાય છે. આગળ મોટા મોટા દેવતાઓ શેષ, સૂર્ય, ચંદ્ર વગેરે પણ ધર્મના અનુશીલનથી જ સુખ અને મોટપ પામ્યા છે. શ્રુતિ અને સ્મૃતિનું આ રહસ્ય છે. પરંતુ ધર્મ-પાલનની પ્રેરણા તો મોટાપુરુષ મળે ત્યારે તેમના સંબંધથી અને આશીર્વાદથી જ થાય છે.[૧૯૮] દેહ અને ઇન્દ્રિયોની શુદ્ધિ ધર્મથી થાય છે. મન અને આત્માની શુદ્ધિ

---

૧૯૮. *તે તો મોટાપુરુષને મળે રે, ત્યારે સહુ સહુના ધર્મ પળે રે;*
તે વાસુદેવ માહાત્મ્ય માંઈ રે, કહ્યા છે સૌના ધર્મ ત્યાંઈ રે.

– ભક્તચિંતામણિ; પ્ર. ૪૮

ભક્તિથી થાય છે. દેહ, મન અને આત્માની શુદ્ધિથી જ અંતરમાં ભગવાનનું જ્ઞાન થાય છે. પ્રગટ ભગવાન ઓળખાય છે અને એકાંતિક ભક્તિ સિદ્ધ થાય છે."

સહજાનદ સ્વામીએ આ રહસ્ય સભામાં સ્પષ્ટ કર્યું. સ્ત્રી-પુરુષની મર્યાદા સાચવવાનો જે આગ્રહ તેમણે લોજમાં સેવ્યો હતો તે અહીં દૃઢ કર્યો. ત્યાગીઓ માટે તો તેનું પાલન અનિવાર્ય કરી દીધું. તેમણે આ વાત ફરી સ્પષ્ટ કરતાં કહ્યું : "જ્યાં ધર્મ છે ત્યાં જ ભગવાન છે. મેં કહેલા આ ધર્મો પાળશે તો પ્રત્યક્ષ ભગવાન ઓળખાશે." એટલું કહી તેમણે કહ્યું : "હવે પ્રગટ ભગવાનનું 'સ્વામિનારાયણ' નામે ભજન કરજો."

સહજાનંદ સ્વામીના આ છેલ્લા શબ્દો સાંભળી સભામાંથી એક સંતે પૂછ્યું : "આપ તો નારાયણ મુનિ છો, સહજાનંદ છો તો સ્વામિનારાયણનું ભજન કેમ ? નારાયણ મુનિ અને સહજાનંદ શબ્દમાં જ તમારો પ્રત્યક્ષ ભાવ નયનગોચર થાય છે માટે સ્વામિનારાયણ શાથી ? એ સમજાવો."

આ પ્રશ્ન સાંભળી સહજાનંદ સ્વામી હસ્યા. તેમને આનંદ થયો. તેમને લાગ્યું કે આજે નહિ તો ભવિષ્યમાં પણ આ શબ્દાર્થ યથાર્થ સમજાવવો જ પડશે. તો પછી આજે તેની સ્પષ્ટતા કેમ ન કરવી ?

તેમણે સમજાવતાં કહ્યું : "વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં જ્યાં ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે, ત્યાં ઈશ્વરના પર, વ્યૂહ, અંતર્યામી, અર્ચા અને વિભવ આ પાંચે પ્રકારની અવસ્થાઓમાં લક્ષ્મીજી સહિત જ ભગવાન રહે છે,[૧૯૯] એમ

---

૧૯૯. યતીન્દ્રમતદીપિકા - અવતાર ૯માં સિદ્ધાંત સ્પષ્ટ છે : एवम् उक्तासु पञ्चावस्थास्वपि श्रीविशिष्ट एव भगवान् वर्तते इति श्रुत्या प्रमाणसिद्धोऽर्थः ।

અર્થ : એ રીતે ઈશ્વરની જે પાંચ પ્રકારની અવસ્થાઓ(પર, વિભવ, વ્યૂહ, અંતર્યામી અને અર્ચા)માં પણ લક્ષ્મીજીએ સહિત જ ભગવાન રહે છે એમ શ્રુતિનાં પ્રમાણોથી સિદ્ધ છે.

આ જ સિદ્ધાંતને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ તેમણે રચેલા શ્રીહરિસ્વરૂપ-નિર્ણયમાં પુષ્ટિ આપી છે. તે ઉપર ભાષ્ય કરનાર સત્સંગના વિદ્વાન શાસ્ત્રી શ્રીકૃષ્ણ-વલ્લભાચાર્યજી લખે છે કે अक्षरधाम्नः सर्वान्वयित्वेन मायिकाऽमायिकयावल्लोकेषु यथापेक्षं निजाक्षरं पुरस्कृत्य मानवादिस्वरूपवेषः सन्नपि सञ्चरति । स परमात्मा श्री स्वामिनारायण-भगवान् धार्मिकः सन्नसञ्चरत् दिव्यमानववेषोऽयमभवत् ।

અર્થ : અક્ષરધામનો સર્વમાં અન્વય હોવાથી માયિક અને અમાયિક સર્વ લોકોમાં અપેક્ષા અનુસાર પોતાના અક્ષરને સાથે રાખીને માનવ વેષધારી ભગવાન વિચરે છે. તે પરમાત્મા ધર્મપુત્ર ભગવાન સ્વામિનારાયણ એવી રીતે માનવ છતાં ➤

સ્પષ્ટ સિદ્ધાંત દર્શાવ્યો છે. શ્રી એ દયાનું સ્વરૂપ છે અને ઈશ્વર એ કાયદાનું સ્વરૂપ છે. બંનેના સમન્વયથી જ જીવ ઉપર ભગવાનની કૃપા ઊતરે છે અને જીવ મોક્ષભાગી બને છે.'' સહજાનંદ સ્વામીએ સિદ્ધાંત સમજાવ્યો.

''પરંતુ સ્વામિનારાયણમાં 'સ્વામી' શબ્દ નારાયણને અનુલક્ષીને છે કે 'સ્વામી' શબ્દ જુદો છે ?'' એ સંતે સહજાનંદ સ્વામીના આ નવીન શબ્દની ચકાસણી માટે ફરી પૂછ્યું.

''સ્વામી શબ્દ સર્વના સ્વામી જે અક્ષરબ્રહ્મ તેને અનુલક્ષીને છે. પૃથ્વીથી લઈને પ્રકૃતિ અને મૂળ પુરુષ સુધીનાં સર્વ તત્ત્વોના એ કારણ છે; કારણ કે તેમના દ્વારા ઉત્પત્તિ સર્ગ શરૂ થાય છે. અક્ષરબ્રહ્મના પ્રકાશથી જ સર્વે પ્રકાશિત થાય છે. અક્ષરબ્રહ્મને સર્વાત્મા બ્રહ્મ પણ કહ્યા છે. આ અક્ષરબ્રહ્મ સર્વના કારણ અને નિયંતા છે.[૨૦૦] તેથી તેમને 'સ્વામી' શબ્દથી સંબોધ્યા છે.'' સહજાનંદ સ્વામીએ ટૂંકમાં સમજાવતાં કહ્યું.

''પરંતુ એ અક્ષરબ્રહ્મ રામાનંદ સ્વામીના સમજાવ્યા પ્રમાણે ભાદરાના મૂળજી શર્મા જ હોય તો તેઓ તમારા સ્વરૂપથી જુદા છે. તમારા જન્મ પછી ચાર વર્ષે ભાદરામાં જન્મ્યા છે. અત્યારે એક સામાન્ય ભક્તથી અધિક સ્થાન તેમનું આ સત્સંગમાં નથી, તે અક્ષરબ્રહ્મ અથવા મૂળજી શર્મા અને તમો બંને જુદાં સ્વરૂપો છો, તો તે તમારી સાથે જ 'શ્રી'ની જેમ છે તે કેમ સમજાય ?''

સહજાનંદ સ્વામીને આ સાધુની આવી ક્ષુદ્ર સમજણની દયા આવી. તાત્ત્વિક સ્વરૂપોની યથાર્થ સમજણ અતીન્દ્રિયતાના ભાવથી જ આવે છે. શુદ્ધ

દિવ્ય સ્વરૂપે વિચર્યા. – શ્રીહરિસ્વરૂપનિર્ણય (લેખક : સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, ભાષ્યકાર : શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય; પાન-૨૩).

બીજો અભિપ્રાય :

એ વખતે 'રામકૃષ્ણ હરે ગોવિંદ હરે, નારાયણ !' એવાં ભગવાનનાં બહુ નામોના નિવેશવાળું મંગલ ભજન થતું હતું. તેને અળસાવીને 'સ્વામિનારાયણ' એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું.

- શ્રીહરિની અદ્ભુત વાર્તાઓ; લેખક : અદ્ભુતાનંદ સ્વામી, પૃ. ૩૬
સંપાદક, સંશોધક અને પ્રકાશક : શાસ્ત્રી હરજીવનદાસ, વડતાલ.

ત્રીજો અભિપ્રાય :

ગ.પ્ર. ૭૧ના વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે : ''અને અક્ષરધામ પણ ભગવાનની મૂર્તિની ભેળું જ ભાસે છે.''

૨૦૦. વચ. ગ.પ્ર. ૬૩.

બુદ્ધિથી અભ્યાસ કર્યો હોય તો કાંઈક સમજાય. પરંતુ કેવળ સ્થૂળતાના-જડતાના ભાવથી આ અજડ સ્વરૂપોનું જ્ઞાન શક્ય નથી. તેમણે કહ્યું : "અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમની સાથે સદા સર્વદા શરીર-શરીરી ભાવે જોડાયેલું જ છે.[૨૦૧] અને પુરુષોત્તમ પણ એ અક્ષરધામમાં રહ્યા થકા બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે.[૨૦૨] આ બ્રહ્માંડમાં જીવોના કલ્યાણ અર્થે જ્યારે પુરુષોત્તમ પધારે છે, ત્યારે એ અક્ષરધામ સહિત જ પધારે છે અને અક્ષરધામ એ ભગવાનની મૂર્તિ ભેળું જ સદા હોય છે."[૨૦૩] સહજાનંદ સ્વામીએ સ્પષ્ટતા કરી.

પરંતુ જ્ઞાનના ઊંડા પાણીમાં ઊતરવાની એ સાધુની શક્તિ ન હતી. તેની સ્થૂળ દૃષ્ટિ હતી. પણ સભામાં ઘણાને આ વાતમાં રસ પડ્યો.

"શ્રી સાથે નારાયણની એવી એકતા શી રીતે સમજી શકાય ? બંને સ્વરૂપો જુદાં છે છતાં એક છે તે કેમ મનાય ?" સભામાંથી પ્રશ્ન આવ્યો.

"સ્નેહના આધિક્યથી શ્રી એ નારાયણના સ્વરૂપમાં પોતાની અસ્મિતા ગુમાવે છે, તેથી બંને સ્વરૂપો સ્થૂળ દૃષ્ટિએ જુદાં હોવા છતાં એક છે." સહજાનંદ સ્વામી પણ આજે આ મુદ્દો સમજાવવા આતુર હતા.

"પરંતુ મૂળજી એ અક્ષરબ્રહ્મનો અવતાર છે એવી પ્રતીતિ શી રીતે થાય ?" પ્રશ્ન પુછાયો.

"એ પ્રતીતિ તો તેમનામાં પ્રીતિથી, તેમના સ્વરૂપના અનુભવથી અને સાક્ષાત્કારથી થાય. તે સિવાય તો મનુષ્યભાવમાં મૂળજી એ ભાદરાના બ્રાહ્મણ જ દેખાશે. પરંતુ તેમના દિવ્યભાવને ઓળખ્યા સિવાય અક્ષરબ્રહ્મના ભાવને પમાશે નહિ, મુક્તિમાં વિઘ્ન આવશે."

સહજાનંદ સ્વામીને લાગ્યું કે આ વાત ઘણી જ સૂક્ષ્મ છે. આજે જ્યાં પોતાના જ સ્વરૂપમાં પરમાત્મભાવની પ્રતીતિ આવવી ઘણાને કઠણ પડે છે તો પછી અક્ષર અને પુરુષોત્તમનાં આ સનાતન દિવ્ય સ્વરૂપો જીવોને આજે કેવી રીતે સમજાય ? તેથી આ સનાતન દિવ્ય સાકાર સ્વરૂપોની વાત સૌને ગળે ઝટ ઊતરશે નહિ. તેઓ તો સમજતા હતા કે પોતાના અને પોતાના અક્ષરબ્રહ્મનાં સનાતન સ્વરૂપોના દિવ્ય જ્ઞાનનો સ્રોત આજે પૃથ્વીના પેટાળમાં ભરેલો પડ્યો

---

૨૦૧. વચ. ગ.પ્ર. ૬૪.

૨૦૨. વચ. ગ.મ. ૪૨.

૨૦૩. વચ. ગ.પ્ર. ૭૧.

છે. તેથી જ્યારે પૃથ્વી ફોડીને તે બહાર નીકળશે, ત્યારે એ પ્રવાહ કોઈનો રોક્યો રોકાશે નહિ. તે પ્રવાહમાં જે કોઈ ભાવથી સ્નાન કરશે તે પાવન થશે.

શીતલદાસનું પરિવર્તન

આ સભામાં એક વૈરાગી બેઠા હતા. સભા જોઈ તેનું અંતર ઠરી ગયું. વર્ણીની દિવ્ય વાણી તેના અંતરમાં ગુંજવા લાગી. તેણે વર્ણીના શબ્દો સાંભળ્યા. પ્રણવના નાદનો તેમાં તેણે રણકો અનુભવ્યો. તેને કાંઈ જ સમજાયું ન હતું. છતાં તેને લાગ્યું કે આ સહજાનંદ સ્વામી કોઈ મહાપુરુષ છે.

સભાની સમાપ્તિ થતાં પહેલાં તે ઊઠ્યા અને શ્રીહરિના[૨૦૪] ચરણ-સ્પર્શની લાલચે તે તેમની સન્મુખ આવ્યા. વર્ણીએ તેમને પૂછ્યું : "મહાત્મા ! ક્યાંથી આવો છો ?"

"મધ્ય ભારતમાં ઝરણાપરણા ગામનો રહેવાસી છું. ભગવાન શોધવા નીકળ્યો છું."

આ સાંભળી શ્રીહરિ હસ્યા. તેમને લાગ્યું કે જીવમાં મુમુક્ષુતા તો હોય છે પરંતુ ભગવાન ઓળખવાની બુદ્ધિ હોતી નથી. તેમણે પૂછ્યું : "ભગવાન મળ્યા ?"

શીતળદાસે માથું ધુણાવીને કહ્યું : "અહીં પશ્ચિમમાં આવ્યો ત્યારે જાણ્યું કે રામાનંદ સ્વામી ભગવાન છે. પણ તે તો હવે અંતર્ધાન થઈ ગયા !" નિરાશાના ભારે તેની વાણીને દબાવી દીધી.

શ્રીહરિએ તેની અકળામણ પારખી લીધી. તેના માથા ઉપર પોતાનો શીતળ હાથ ફેરવ્યો. શીતળદાસને આ સ્પર્શ આહ્‌લાદક લાગ્યો. તેમણે કહ્યું : "રામાનંદ સ્વામી તમને આંહીં દર્શન આપે તો આંહીં રહો કે નહિ ?"

શીતળદાસને આશ્ચર્ય થયું. રામાનંદ સ્વામી શી રીતે દર્શન દે ? તે કાંઈ પણ વિચારે તે પહેલાં જ શ્રીહરિએ તેને કહ્યું : "તમો અહીં રહો અને 'સ્વામિનારાયણ' મંત્રનું રટણ કરો. સ્વામી તમને જરૂર દર્શન દેશે."

શીતળદાસને રામાનંદ સ્વામીનાં દર્શનની તીવ્ર ઇચ્છા હતી. ભગવાન મેળવવા માટે જ જ્યારે તેણે ગૃહત્યાગ કર્યો હતો, અનેક કષ્ટો વેઠ્યાં હતાં, ત્યારે આ તો ભજન કરીને ભગવાન મેળવવાની વાત હતી. તેણે શ્રીહરિની વાત સ્વીકારી લીધી.

---

૨૦૪. હવે પછી સહજાનંદ સ્વામીને 'શ્રીહરિ' એવા નામથી પણ ઓળખીશું.

શીતળદાસ તરત જ સિદ્ધાસને બેસી ગયા. સ્વામિનારાયણ મંત્રની ધૂન શરૂ કરી. સ્વામિનારાયણ નામી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં તે એકતાર થઈ ગયા. તેમણે દેહભાન ગુમાવી દીધું. તેમને અચાનક પડી જતા જોઈ કેટલાક સાધુ તથા હરિભક્તો આ સંન્યાસીને એકાએક આ શું થઈ ગયું તેની વિમાસણમાં એકદમ ઊઠીને તેની પાસે જવા લાગ્યા. શ્રીહરિએ તેમને કહ્યું : "તમો કોઈ મૂંઝાશો નહિ. તે સંન્યાસીને સમાધિ થાય છે."

આ સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. એક સાધુએ પૂછ્યું : "સમાધિ ? યોગની સાધના વગર સમાધિ થતી હશે ?!"

શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "વ્રજનાં ગોપબાળકોને કૃષ્ણકૃપાથી સમાધિ નહોતી થઈ ? ભગવાનના દિવ્ય ધામનાં તેમને દર્શન નહોતાં થયાં ? ભગવાન જ્યારે પૃથ્વી ઉપર હોય, ત્યારે આવા ચમત્કારો સહજ જ થાય. આ કૃપાસમાધિ કહેવાય !"

શીતળદાસની ચેષ્ટા જોવામાં સૌ લીન થઈ ગયા. ભગવાનને પ્રાર્થના કરતા હોય તે પ્રકારના તેના હાવભાવથી સૌને તેની ક્રિયામાં કાંઈક અલૌકિકતા લાગી. ભગવાનના દિવ્ય અક્ષરધામમાં તેમણે શ્રીહરિને દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા જોયા. રામાનંદ સ્વામી તથા ચોવીસ અવતારો શ્રીહરિની સ્તુતિ કરતા તેમની સમક્ષ ઊભેલા તેણે જોયા. તેને આશ્ચર્ય થયું. રામાનંદ સ્વામી ભગવાન છે તેવી વાત સાંભળી હતી. પરંતુ તે તો આ શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા છે. શીતળદાસે શ્રીહરિની દિવ્ય ઉપચારો વડે પૂજા કરી. પછી તેને સર્વ મુક્તોની પૂજા કરવાની ઇચ્છા થઈ. પણ મુક્તો અનંત અને પોતે એક ! શી રીતે એમની સૌની પૂજા થઈ શકે ? શ્રીહરિ તેમની મૂંઝવણ પારખી ગયા. તેમણે કહ્યું : "ભક્તરાજ ! તમો સંકલ્પ કરો કે જો રામાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન હોય, તો તેમની કૃપાથી તમારાં અનંત સ્વરૂપો થાય."

શીતળદાસે તે પ્રમાણે સંકલ્પ કર્યો પરંતુ એ સિદ્ધિ તેને પ્રાપ્ત ન થઈ.

શ્રીહરિએ હસતાં હસતાં ફરી કહ્યું : "હવે સંકલ્પ કરો કે આ ચોવીસ અવતારોમાંના કોઈ પણ જો પૂર્ણ પુરુષોત્તમ હોય તો તમારાં અનેક સ્વરૂપો થાય."

શીતળદાસે સંકલ્પ કર્યો પરંતુ પોતે તો એકલાઅટૂલા જ ઊભેલા દેખાયા.

ફરી શ્રીહરિએ કહ્યું : "હવે ફરી સંકલ્પ કરો કે આ શ્રીહરિ જો પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક સ્વરૂપો થાય."

શીતળદાસે એ પ્રમાણે સંકલ્પ કર્યો અને શ્રીહરિની કૃપાથી તેને પોતાના

સ્વરૂપમાંથી પોતાનાં જ અનેક સ્વરૂપો નીકળતાં દેખાયાં. અનંત સ્વરૂપો નીકળવા જ લાગ્યાં. જેટલા મુક્તો તેટલાં જ શીતળદાસનાં સ્વરૂપો થયાં. સર્વ મુક્તોની પૂજા તેમણે તરત જ એકકાળાવચ્છિન્‍ન કરી લીધી.[૨૦૫]

આ વિધિ પછી તેણે ફરી શ્રીહરિના દિવ્ય સ્વરૂપ પ્રત્યે જોયું. અનંત અવતારો, અનંત અક્ષરપુરુષો, ઈશ્વરો, પ્રધાનપુરુષો, શ્રીહરિના સ્વરૂપમાંથી નીકળતા અને તેમાં લીન થતા તેણે જોયા. અષ્ટાંગ યોગનું ફળ નિર્વિકલ્પ સમાધિ છે, તે સિદ્ધ થયા છતાં પૂર્ણ પુરુષોત્તમનાં આવાં અલૌકિક સ્વરૂપનાં દર્શન તે સિદ્ધિમાં પણ શક્ય નથી. તે દિવ્ય દર્શન આજે તેને થયાં. જન્મ-જન્માંતરોને અંતે પણ જે સિદ્ધિ સદા અકલ્પ્ય રહે, તે સિદ્ધિ આજે તેને પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિની કેવળ કૃપાથી સિદ્ધ થઈ. તેના આનંદના ભાવનો તે તાગ કાઢી શક્યો નહિ. સભામાં તેના દેહની અનેકવિધ ચેષ્ટા અને મુખ ઉપર અલૌકિક આનંદના ભાવ જોઈ સભાજનો પણ આશ્ચર્યમુગ્ધ બની ગયા.

થોડી વારે તે દેહમાં આવ્યો. દિવ્ય આનંદની અનુભૂતિ તેના મુખ ઉપર છાઈ રહી હતી. તેણે જે જોયું તે સભામાં કહ્યું : "આ શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ છે, રામાનંદ સ્વામી તો તેમના શિષ્ય છે."

પરંતુ રામાનંદ સ્વામીના શિષ્યોની તેમના ગુરુ પ્રત્યેની દૃઢ નિષ્ઠા આ શબ્દોથી ઢીલી ન પડી. બુદ્ધિ અને મનનો સંગ જીવ તજે તો જ આ દિવ્ય સ્વરૂપનું જ્ઞાન તેના અંતરમાં પ્રગટે. શ્રીહરિએ વિચાર્યું કે સમાધિથી નિશ્ચય થાય તે કદાચ શિથિલ થઈ જાય પરંતુ સંતસમાગમ અને જ્ઞાનથી, સમજણથી જે નિશ્ચય થાય તે પરિપક્વ બને.

શીતળદાસે તે જ દિવસે શ્રીહરિના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. શ્રીહરિએ તેનું નામ વ્યાપકાનંદ પાડ્યું.

---

૨૦૫. શ્રીહરિલીલામૃત; કળશ ૫, વિશ્રામ ૩.



ઉદ્‌ગીથ ૨૦

સોરઠમાં વિચરણ

(આ.સં. ૧૮૫૮, ઈ.સ. ૧૮૦૧-૧૮૦૨)

ધોરાજીમાં શ્રીહરિ

શ્રીહરિ ફણેણીથી પોતાના સંતમંડળ સાથે નીકળ્યા. સ્વામી રામદાસને પોતાની સાથે રાખ્યા. શ્રીહરિ મુખ્યત્વે રામદાસ સ્વામીને પૂછીને જ સર્વ કાર્ય કરતા. માવજી દવેના આમંત્રણથી પ્રથમ ધોરાજી પધાર્યા.

માવજી ભક્ત રામાનંદ સ્વામીના કારજ પ્રસંગે ફણેણી ગયા હતા. તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી કહ્યું : ''મહારાજ ! આપ ધોરાજી પધારો. ત્યાં ઘણા અસુરો છે. વેદની વાત માનતા નથી. સ્વર્ગ-નરકને મિથ્યા કહે છે. આપના પધારવાથી તેમની સાન ઠેકાણે આવશે.''

શ્રીહરિ તેમનો ભાવ જોઈ ધોરાજીમાં પધાર્યા. શ્રીહરિએ માવજી દવેના ઘરે ઉતારો કર્યો. શ્રીહરિનો તપસ્વી દેહ તથા નાની વય છતાં તેમના દિવ્ય વ્યક્તિત્વની છાપ ભાવિકો ઉપર પડતી. એવા ભાવિક ભક્તો તેમનાં દર્શને આવ્યા. શ્રીહરિની દૃષ્ટિથી તેમને સમાધિ થઈ. કોઈને ગોલોક ધામમાં શ્રીકૃષ્ણનાં દર્શન થયાં, તો કોઈને વૈકુંઠધામમાં વૈકુંઠનાથ શ્રી લક્ષ્મીનારાયણનાં દર્શન થયાં. જે જે ભક્તના જે આરાધ્ય દેવ હતા, જેમને વિશે તેમને ભક્તિ હતી, તે તે સ્વરૂપનાં તેમને દર્શન થયાં.

શ્રીહરિનું આગમન સાંભળી કેટલાક ચાર્વાકપંથીઓ પણ ત્યાં આવ્યા. ઈશ્વર છે જ નહિ; હોય તો તેની ઉત્પત્તિ કોણે કરી ? એવા કેટલાક અસંબદ્ધ પ્રશ્નો તેમણે પૂછ્યા. શ્રીહરિએ કહ્યું : ''આકાશ[૨૦૬] સિદ્ધ છે તો તેમાંથી બધું ઊપજે છે અને લય થાય છે. તેમ પરમાત્મા સ્વયંસિદ્ધ છે અને તેમના થકી જ બધું ઉત્પન્ન થાય છે તો તેમને ઉત્પન્ન કરનાર કોણ હોઈ શકે ? માટે મોટાપુરુષોનાં રચેલાં

૨૦૬. 'ચિદાકાશ' - શ્રીહરિલીલામૃત; કળશ ૫, વિશ્રામ ૪.

શાસ્ત્રોનો વિશ્વાસ રાખશો તો બધું જ સમજાશે.''

પરંતુ વિતંડાવાદીઓને તો આ સમજવું ન હતું. તેમને મન સ્વર્ગ અને નરક મિથ્યા, પરમાત્મા મિથ્યા, તેમનું ધામ મિથ્યા - બધું જ મિથ્યા હતું. તેથી આ લોકમાં જે સુખ મળ્યું તે ભોગવી લેવું, ન મળ્યું હોય તો ગમે તે પ્રકારે મેળવવું.

શ્રીહરિને તેમની બાલિશ વાતોથી હસવું આવ્યું. તેમણે તેમના પ્રત્યે દૃષ્ટિ કરી. તેમનાં સૌનાં શરીર કાષ્ઠવત્ બની ગયાં. થોડી વારે 'બચાવો', 'બચાવો' એમ આક્રંદ કરતાં તેમનાં શરીર હવામાં ઊછળવા લાગ્યાં. સભા દિઙ્મૂઢ બની આ જોઈ રહી. શ્રીહરિએ ફરી દૃષ્ટિ કરી. તેઓ બધા જાગ્રત થયા અને તરત જ ઊઠીને શ્રીહરિનાં ચરણકમળમાં નમસ્કાર કરવા લાગ્યા. હાથ જોડી તેમણે કહ્યું : ''પ્રભુ ! નરક સાચું છે. હમણાં જ આપે અનુભવ કરાવ્યો.''

શ્રીહરિએ કહ્યું : ''શાસ્ત્રકારો પરમાત્માની અનુભૂતિવાળા પુરુષો હતા. તેમણે જે સાધના કરી પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હોય, તેમના થકી દિવ્ય દૃષ્ટિ પામ્યા હોય, તે અનુભવવાણી તેમણે શાસ્ત્રોમાં મુમુક્ષુઓના હિતાર્થે ઉતારી હોય. મનુષ્યની બુદ્ધિ વામણી હોય છે. તે વામણી બુદ્ધિથી પરમાત્માના સ્વરૂપનો અનુભવ કરવાના કોડ સેવવા, અનુભવ ન થાય તો પરમાત્માનું અસ્તિત્વ જ નથી એમ માનવું, એ આસુરી બુદ્ધિ કહેવાય. પરંતુ શુદ્ધ મુમુક્ષુતાથી શાસ્ત્રોએ ચીંધેલા માર્ગે ચાલી, અનુભવ કરવાની સાધના જે આદરે છે તેને પરમાત્માના સ્વરૂપનો અનુભવ જરૂર થાય છે.''

શ્રીહરિના શબ્દોની ધારી અસર તેમના ઉપર થઈ.

ધોરાજીથી નીકળી સંત-પાર્ષદો સાથે શ્રીહરિ નીકળી છત્રાસા થઈને ભાડેર પધાર્યા. અહીંના ભક્તો વિપ્ર દેવરામ, ગોકુળદાસ ખાખી, દરબાર વાઘજીભાઈ, તેમના પુત્ર દેશળસિંહ વગેરેએ શ્રીહરિનું ભાવભીનું સ્વાગત કર્યું. હરિભક્તોનો ભાવ હતો તેથી તેમની રસોઈ જમ્યા. અહીં એક દિવસ રોકાઈ શ્રીહરિ માણાવદર પધાર્યા.

શ્રીહરિ માણાવદરમાં

માણાવદરમાં મયારામ ભટ્ટે સૌ ભાવિકોને તેડાવ્યા. માણાવદરના નવાબ બાબી ગજેફરખાન પણ આવ્યા. સૌએ ભવ્યતાથી સામૈયું કર્યું. શ્રીહરિ અને સંતમંડળ મયારામ ભટ્ટને ઘેર ઊતર્યા.

સંતમંડળમાં રઘુનાથદાસ પણ સાથે હતો. તેને શ્રીહરિ પ્રત્યે કોઈ ભાવ ન

હતો. પરંતુ શ્રીહરિ જ્યાં જતા ત્યાં તે પણ સાથે જ જતો. રામાનંદ સ્વામીની ક્રિયાનું અનુકરણ કરી રામાનંદ સ્વામીના તમામ ગુણોનો પ્રકાશ તેનામાં જ થયો છે એવો ભાવ તે બતાવતો. શ્રીહરિનું યુક્તિપૂર્વક ખંડન કરતો. પોતે જ રામાનંદ સ્વામીની ગાદીનો અધિકારી છે, રામાનંદ સ્વામીએ તેને જ તેમનું સર્વ ઐશ્વર્ય આપ્યું છે એવો પ્રચાર તે યુક્તિપૂર્વક કરતો.

તેની આવી ક્રિયા અને દંભ જોઈ રામચરણદાસ સ્વામી વારંવાર તેને ટોકતા, કેટલીક વાર તો આકરા શબ્દો પણ કહી દેતા. તેઓ જાણતા હતા કે ભવિષ્યમાં રઘુનાથદાસ સત્સંગમાં રહેવાનો નથી અને જ્યાં સુધી તે સત્સંગમાં રહેશે ત્યાં સુધી ઘણાનાં મન ભરમાવશે. તેથી તેને જલદી સત્સંગમાંથી કાઢવા તે વાંરવાર કહેતા. પરંતુ શ્રીહરિ તે વાતને ટાળતા. રામાનંદ સ્વામીના ધામમાં પધાર્યા પછી તરત જ સત્સંગમાં ક્લેશ થાય, ભાગલા પડી જાય, તે તેમને ગમતું ન હતું. ધીરજ રાખી યુક્તિપૂર્વક રઘુનાથદાસને ખસેડી નાખવાનું તે વિચારતા હતા. તેથી તેઓ રામચરણદાસની આ વાત ઉપર ખાસ લક્ષ્ય આપતા ન હતા.

રામચરણદાસને આથી ખોટું લાગ્યું. તેઓ ત્યાંથી નીકળી ગયા. શ્રીહરિ તથા ભટ્ટજી તેમને મનાવવા ગયા. પરંતુ તેમણે કહ્યું : "રઘુનાથ આસુરી બુદ્ધિવાળો છે. ભવિષ્યમાં ક્લેશ કરી સત્સંગમાં વિશેષ બગાડ કરશે. માટે મારું માનો તો તેને કાઢી જ મૂકો."

શ્રીહરિએ ધીરજ રાખવા કહ્યું. પણ સ્વામી તો ફક્ત એટલું જ બોલ્યા : "આપને વિશે મારે પ્રીતિ છે એટલે હું કહું છું. રઘુનાથ જશે પછી હું આવીશ."[૨૦૭]

શ્રીહરિને લાગ્યું કે રામચરણદાસના મનનું સમાધાન હમણાં તો નહિ જ થઈ શકે. તેથી તેમણે કહ્યું : "સ્વામી ! અંતે તો તમે કહો છો એ જ થવાનું છે. પણ હમણાં ધીરજ રાખવાની જરૂર છે." એટલું કહી મયારામ ભટ્ટ સાથે શ્રીહરિ ઉતારે પધાર્યા.

---

૨૦૭. *કહે ગાદીનો વારસ હું છું, શ્રેષ્ઠ શિષ્ય તો હું જ ઠરું છું,*
માટે મેં ગુરુનું પદ લીધું, રામાનંદે દૈવત મને દીધું. ૯
એવાં સાંભળી વચનપ્રકાશ, ખીજ્યા સાધુ રામચરણદાસ,
સાધુ તે રામાનંદના શિષ્ય, વાત ભાખતા તે તો ભવિષ્ય. ૧૦
ચાલ્યા ત્યાં થકી તે તો રિસાઈ, કહે કેમ કરે તે ઠગાઈ,
એનું મન છે મલિન અપાર, નથી સત્સંગમાં રહેનાર. ૧૧
— શ્રીહરિલીલામૃત; કળશ ૫, વિશ્રામ ૫.

પીપલાણામાં

શ્રીહરિ માણાવદરથી પીપલાણે પધાર્યા. અહીં મહેતા નરસિંહને ઘેર ઊતર્યા. રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી શ્રીહરિ પ્રથમ વાર જ પધાર્યા હોવાથી સર્વે હરિભક્તોએ તેમની પધરામણી કરાવવાનો લાભ લીધો. નરસિંહ મહેતા ઉનેવાળ બ્રાહ્મણ હતા. કલ્યાણજી, વાલજી, રઘુનાથ તથા રવજી એ ચાર તેના પુત્રો હતા. પત્ની લાછુબાઈ પણ ભાવિક હતાં. લાડુબાઈ તથા માનુબાઈ આ બે પુત્રીમાં માતાના સંસ્કાર દેખાતા હતા. નરસિંહ મહેતાના ભાઈ નારણજી, તેની પત્ની રુકમાઈ અને રુકમાઈની મા લાડકીબાઈ પણ સેવામાં હતાં. નીલકંઠ વર્ણીના સ્વરૂપે અગાઉ પોતાને ઘેર પધારેલા આ પુરુષોત્તમ નારાયણની તે સમયે યથાર્થ ઓળખાણ પડી ન હતી. કેવળ ધાન અને દૂધ ઉતાવળમાં આપ્યાં હતાં. આજે હવે ભાવપૂર્વક સેવા કરવાનો, જમાડવાનો અવસર આવ્યો હતો. એટલે કુટુંબનાં સહુ શ્રીહરિની સેવામાં તન્મય બની ગયાં હતાં.

નારાયણ દવે તથા તેના પુત્ર કુંવરજી, ગોવિંદજી અને નરસિંહ સૌ શ્રીહરિની સેવામાં લાગી ગયા. તેની પુત્રીઓ જીબા તથા મીઠી પણ આ અલૌકિક લાભથી વંચિત ન રહી જવાય તેથી નરસિંહ મહેતાને ત્યાં જ રહી. રાત-દિવસ સેવામાં સૌ લાગી ગયાં. આહીર ઊકો ડાઉ તથા લાધો જોશી વગેરે પણ સેવામાં જોડાઈ ગયા હતા.

સાંજે સંધાઈના વડ નીચે સભા થઈ. અહીં ઘણાં ભૂત રહેતાં હતાં. શ્રીહરિએ કહ્યું : "ભૂતોની પણ આપણે સદ્‌ગતિ કરવી જોઈએ. માટે સૌ નારાયણ ધૂન કરો." સંતો-હરિભક્તોએ ધૂનનો ઘોષ કર્યો.

નારાયણ ધૂનના અવિરત રણકારથી ત્યાંના વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ. અતૃપ્ત વાસનાના ભાવથી ભૂતયોનિને પ્રાપ્ત થયેલા જીવો આ પવિત્ર શબ્દના ગુંજારવથી, નારાયણના સાન્નિધ્યથી જાગ્રત થઈ ગયા.

પંચવિષયના ભોગ ભોગવ્યા છતાં તેની સદા અતૃપ્તિ જ રહે છે. એ અતૃપ્તિ તીવ્ર હોય, તેમાં તમસનો ભાવ હોય તો ભૂતયોનિમાં ભમવું પડે છે; નહિ તો જન્મ-મરણના ચકરાવામાં ફરવું પડે છે. આ બંને પ્રક્રિયામાં જીવની અવદશા જ થાય છે. શ્રીહરિ તો જાત, કુજાત, વર્ણ કે આશ્રમ જોયા સિવાય અનેકનાં કલ્યાણ કરવા જ પ્રગટ થયા હતા. તેથી તેમણે આજે સંકલ્પ કર્યો હતો. ભૂતો પ્રગટ થયાં. શ્રીહરિએ તેમનાં ઉપર પાણીની અંજલિ છાંટી અને તેમને

દિવ્ય ગતિ આપી બદરિકાશ્રમમાં તપ કરીને શુદ્ધ થવા મોકલી દીધાં.

પછી સૌ ઓઝતમાં સ્નાન કરવા ગયા. નરસિંહ મહેતાના પુત્ર રઘુનાથને તે સ્નાન કરતો હતો ત્યાં શ્રીહરિએ સમાધિ કરાવી. તેથી જેમ શબ તરતું હોય તેમ તે નદીમાં તરવા લાગ્યો. આ જોઈ સૌ ગભરાયા. શ્રીહરિને તેમણે કહ્યું : ''મહારાજ ! એ બીચારો ડૂબી જશે.'' શ્રીહરિએ તેમની મૂંઝવણ જોઈ તેને જાગ્રત કર્યો. રઘુનાથે અક્ષરધામ અને અક્ષરધામના પતિ આ પ્રત્યક્ષ શ્રીહરિનાં દિવ્ય દર્શનની વાત કરી.

બીજે દિવસે ઉત્તર હિંદનો એક વેરાગી જે ત્યાં આવ્યો હતો તેને પણ સમાધિ થઈ. સૌ આ સમાધિ પ્રકરણથી આશ્ચર્ય પામવા લાગ્યા. જેને શ્રીહરિના દિવ્ય પ્રતાપનો મહિમા હતો તેમને આનંદ થયો. જેમને કાંઈક સ્વરૂપમાં દ્વિધા હતી તેમને મૂંઝવણ પણ થવા માંડી. શ્રીહરિના મનમાં તો એક જ વિચાર હતો : આ પ્રજામાં મુમુક્ષુતા ઘણી છે છતાં અજ્ઞાનને લીધે જડતા પણ છે. માટે સૌ સૌને તેમના અધિકાર પ્રમાણે પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવું.

શ્રીહરિના દિવ્ય વ્યક્તિત્વમાં લોકો ખેંચાયા હતા. તેમના ઐશ્વર્યથી તેમનામાં લોકોને પરમાત્મભાવ દેખાતો હતો. તેથી તેમના પ્રત્યે વિશેષ અને વિશેષ પ્રીતિ તેમને થવા લાગી. એ પ્રીતિના ભાવથી તેમના વચનમાં વિશ્વાસ આવતો ગયો. તે પ્રમાણે તેમના જીવનનું વહેણ બદલાવા લાગ્યું. શ્રીહરિ પણ સૌને ધર્મ અને ભક્તિના રંગે રંગવા આતુર બની ગયા હતા.

અગતરાઈમાં

શ્રીહરિ પીપલાણાથી પોતાના સંત તેમજ પાર્ષદો અને હરિભક્તો સાથે નીકળીને અગતરાઈ પધાર્યા. ગામની દક્ષિણ બાજુએ જ્યાં વૃક્ષોની છાયા હતી અને જળનો યોગ હતો, ત્યાં એક મોટો તંબૂ બાંધ્યો. રામદાસ સ્વામી આ સેવામાં હતા. મયારામ ભટ્ટ પણ સાથે જ હતા. રસોઈ કરાવવાની વ્યવસ્થા તેમને માથે હતી. રામદાસ સ્વામીએ દરેક કામ જુદા જુદા સંતો-હરિભક્તોને તેમની આવડત મુજબ સોંપી દીધું હતું. તેથી તે કામ થયા જ કરતું હતું.

સવાર-સાંજ આરતી, ધૂન્ય, કથા-કીર્તન, વાતો વગેરેથી હરિભક્તોનાં અંતર આનંદથી સભર બની ગયાં. દિવસો જલદી પસાર થતા હતા. સમાધિ-પ્રકરણની વિશેષતાથી પણ લોકો આકર્ષાતા હતા. શ્રીહરિની વાતો, તેમની ચેષ્ટા, તેમની ક્રિયા સૌને દિવ્ય લાગતાં. આવી વાતો તેમણે કદી જોઈ ન હતી. શ્રીહરિમાં પરમાત્મભાવનો આભાસ સૌને થવા લાગ્યો.

એક દિવસ શ્રીહરિ સભામાં પધાર્યા ત્યારે તે સભામાં ગામનો એક બ્રાહ્મણ ઉમિયાશંકર આવ્યો. આ કર્મકાંડી બ્રાહ્મણ ગોરવૃત્તિ કરતો હતો. તેને કુતૂહલ થયું : "સ્વામિનારાયણ જાદુગરા છે અને તે જેના ઉપર દૃષ્ટિ કરે છે તે મડા જેવા થઈ જાય છે. આજે સભામાં જઈને નજરે જોવું છે."

તે સભામાં આવ્યો અને શ્રીહરિનાં દર્શન કર્યાં. તરત જ તેના મનોભાવ ફરી ગયા. તેના મુખમાંથી શ્રીહરિના મહિમાનો સ્વયંરચિત શ્લોક સરી પડ્યો. શ્રીહરિ તેનો ભાવ જોઈ રાજી થયા. તેનો શ્લોક સાંભળી સભામાં બેઠેલા એક ભક્તને સમાધિ થઈ. ઉમિયાશંકર તો જોઈ જ રહ્યા. તે શ્લોક બોલતો હતો ત્યારે શ્રીહરિ તેની સામું જ જોઈ રહ્યા હતા. તો પછી આ હરિભક્તને સમાધિ કેમ થઈ ? તેનો સંકલ્પ જાણીને શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું : "એ તો તમારા શ્લોકના પ્રતાપે એ ભક્તને સમાધિ થઈ ગઈ."

ઉમિયાશંકર આ સાંભળી ઝંખવાણો પડી ગયો. તેણે શ્રીહરિનો મહિમા જાણ્યો. સાક્ષાત્ પરમાત્મા હોવા છતાં પોતાના શ્લોકના પ્રતાપે આ હરિભક્તને સમાધિ થઈ એવા શ્રીહરિના શબ્દોમાં તેને તેમનું ગૌરવ દેખાયું. તેણે તરત જ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ ગોરપદું કરીને, કથા કરીને, કર્મકાંડની ક્રિયાઓ કરાવીને મારી આટલી ઉંમર થઈ છતાં કોઈનેય મારો એક શ્લોક સાંભળી સમાધિ થઈ નથી. એ તો આપનો જ પ્રતાપ છે. મને શંકા થઈ હતી કે આપની આંખોમાં કાંઈક જાદુ છે, તેથી જેના તરફ તમે જુઓ છો તે મડું થઈ જાય છે. પણ આજે મારી શંકા ખોટી ઠરી."

સભામાં બેઠેલા એક જમાદારને પણ સમાધિ થઈ હતી. તે સમાધિમાંથી જાગ્યો ત્યારે તેણે સભામાં કહ્યું : "બહિશ્તમાં મેં આ શ્રીહરિને ખુદા સ્વરૂપે જોયા. આ તો સાક્ષાત્ ખુદા છે."

ઉમિયાશંકર સંસ્કારી હતો. બ્રાહ્મણત્વ તેણે જાળવ્યું હતું. ગરીબાઈમાં પણ નિઃસ્પૃહ રહી જે કાંઈ યજમાનવૃત્તિમાં મળતું તેમાં સંતોષ માની તે જીવન વ્યતીત કરતો હતો. આજે તેનાં આ પુણ્ય જાગ્રત થયાં. શ્રીહરિના સ્વરૂપનું તેને જ્ઞાન થયું.



સમાધિ દ્વારા શ્રીહરિનાં ઐશ્વર્યનું દર્શન

(આ.સં. ૧૮૫૮-૧૮૫૯, ઈ.સ. ૧૮૦૨)

કાલવાણીમાં

અગતરાઈથી શ્રીહરિ કાલવાણી પધાર્યા. અહીં પુર બહાર પશ્ચિમ દિશામાં શ્રીહરિએ ઉતારો કર્યો. રાવટીઓ, તંબૂઓ ખોડાઈ ગયાં. ગામના આહીર ભક્તો અપાર ભક્તિભાવથી સેવામાં જોડાઈ ગયા.

તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! અન્ન-જળની આપના પ્રતાપે અમારે કાંઈ ખોટ નથી, માટે આપ અહીં ઉત્સવ કરો."

શ્રીહરિ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "તમે સૌ વ્રજનાં ગોપબાળકો છો, તેથી જ આટલો પ્રેમ છે."

આહીર લોકો તો ભોળા હતા. વ્રજનાં ગોપબાળકોનો તેમને અપાર મહિમા હતો. તેથી તેમના મનમાં સંકલ્પ થયો કે ક્યાં વ્રજનાં ગોપબાળકો અને ક્યાં આપણે સીમને શેઢે ગાયુંનું ધણ લઈને રખડનારા !

શ્રીહરિએ તેમનો સંકલ્પ જાણ્યો અને તરત જ તેમના ઉપર દૃષ્ટિ કરી. તેમને સૌને સમાધિ થઈ અને ગોલોકમાં શ્રીકૃષ્ણ સાથે ગાયો ચરાવતાં વ્રજબાળકો સાથે સૌ એકમેક થઈ ગયા. શબવત્‌ થયેલા તેમના દેહ સમાધિના આ દિવ્ય આનંદમાં શ્રીકૃષ્ણ સાથે રાસ રમવાની ક્રિયા કરવા લાગ્યા. સૌ આશ્ચર્યવત્‌ તેમની આ ક્રિયા જોઈ રહ્યા. થોડી વારે શ્રીહરિએ તેમના તરફ દૃષ્ટિ કરી અને તેઓ સૌ જાગ્રત થયા. શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમે શું જોયું ?"

આહીરભાઈઓ તો આનંદવિભોર બની ગયા હતા. શું કહેવું, કેમ સમજાવવું તે તેમને સૂઝ્યું નહિ. તેમણે તૂટતા શબ્દે કહ્યું : "મહારાજ ! અમે ભગવાન કૃષ્ણને જોયા, તેમની સાથે રાસ રમ્યા, આનંદમાં ભાન ભૂલી ગયા. કેટલો વખત ગયો તેની પણ ખબર ન રહી."

"પણ શ્રીકૃષ્ણે તમને શું કહ્યું ?"

ભોળા આહીરો પાણકોરાનાં સૂંથણાં ઉપર કેડિયા પહેરતા, ખભે ઊનનો ધાબળો રાખતા, હાથમાં કડિયાળી ડાંગ ફેરવતા, ગાયું ને ભેંશું સાથે એના શબદમાં વાતું કરતા. કેમ કરીને સમજે કે તેઓ શ્રીકૃષ્ણના સખા હતા ! વ્રજના બાળકો હતા ! તેમને મન શ્રીકૃષ્ણના સખા તો તેજ તેજના અંબાર જેવા હોય એવી કલ્પના હતી, તેથી તેવા પોતે શી રીતે હોઈ શકે ? પણ તેમણે સમાધિમાં જોયું તો તેઓ જ શ્રીકૃષ્ણના સખા હતા, વ્રજવાસી હતા. શ્રીકૃષ્ણે તેમને કહ્યું : "તમે મારી સાથે રમ્યા, ખેલ્યા, પણ અસુરોએ તમને મારી નાખ્યા. તેથી અધૂરી રહી ગયેલી કામનાથી તમો ફરી જન્મ્યા છો. હવે પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિની સેવાથી તેમના દિવ્ય અક્ષરધામમાં તમારી ગતિ થશે."

આ સાંભળી સૌ સ્તબ્ધ બની ગયા.

શ્રીહરિ રોજ સભા કરતા. ભજન-કીર્તનની રમઝટ ચાલતી. ઉપદેશ-વચનો પણ શ્રીહરિ કહેતા. આમ, ઉત્સવમય દિવસો પસાર થતા હતા. શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય અહીં છૂટું મૂક્યું હતું. પોતે પરમાત્મા છે તે બતાવવા નહિ, પણ પોતે પરમાત્મા છે તેમ સમજીને લોકો ભક્તિમય જીવન જીવે તે માટે.

વ્યાપકાનંદ સ્વામી ભૂમાપુરુષના લોકમાં જાય છે

એક દિવસ શ્રીહરિએ સભામાં બેઠેલા વ્યાપકાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! ઈન્દ્રલોકમાં જાઓ." એમ કહી શ્રીહરિએ તેમના તરફ દૃષ્ટિ કરી અને વ્યાપકાનંદ સ્વામી સમાધિમાં ગયા. ઈન્દ્રલોકમાં પહોંચી ગયા. પછી જાગ્રત થયા અને સભામાં પોતાના અનુભવની વાત કરી.

પછી તેમને શ્રીહરિએ સમાધિમાં મોકલી બ્રહ્મલોકમાં, ગોલોકમાં મોકલ્યા. સમાધિમાં આ દિવ્ય દર્શન કરી તેઓ દેહમાં આવ્યા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું : "ભૂમાપુરુષના લોકમાં જાઓ." એમ કહીને તેમને સમાધિમાં મોકલ્યા. પરંતુ રસ્તામાં વિઘ્ન આવ્યું. એક વિશાળકાય હજાર માથાવાળા સ્વરૂપે તેમને રોક્યા. શ્રીહરિની તેમણે પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને કહ્યું : "તેથી હજારગણી શક્તિ તમારામાં છે, બીક શા માટે રાખો છો ?" શ્રીહરિના આ શબ્દોથી તેમનામાં હિંમત આવી અને દૈત્યનો પરાભવ કરી ભૂમાપુરુષના લોકમાં પહોંચી ગયા.

વ્યાપકાનંદ સ્વામીએ ભૂમાપુરુષને નમસ્કાર કર્યા ત્યારે તેમણે પૂછ્યું : "પૂર્ણ પુરુષોત્તમ પૃથ્વી ઉપર પ્રગટ્યા ?"

વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું : "શ્રીહરિ હજારો મુમુક્ષુઓને પોતાના દિવ્ય ઐશ્વર્યથી ખેંચે છે. સમાધિમાં મોકલે છે અને દરેકને પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન કરાવે છે. તેમણે જ મને આપને સમાચાર આપવા મોકલ્યો છે."

ભૂમાપુરુષને આ સમાચાર સાંભળી આનંદ થયો, પૂર્ણ પુરુષોત્તમના ભક્ત અહીં પધાર્યા છે તેથી તેમને ગૌરવ થયું. તેમણે વ્યાપકાનંદ સ્વામીને સિંહાસન ઉપર પધરાવ્યા, ચંદન ચર્ચ્યું, હાર પહેરાવ્યા, નૈવેદ્યમાં ફળો આપ્યાં. ભૂમાપુરુષના લોકના ચતુર્ભુજ દેહધારી મુક્તો પોતાના ઇષ્ટદેવની આ ક્રિયા આશ્ચર્યવત્ જોઈ રહ્યા. વ્યાપકાનંદ સ્વામીએ તેમની જિજ્ઞાસા સંતોષવા તેમને શ્રીહરિનો મહિમા કહ્યો. : "પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આજે સ્વામિનારાયણ નામ ધારી પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. તમે સૌ તેમનો આશ્રય કરી તેમનું ભજન કરશો તો પરાત્પર એવું તેમનું અક્ષરધામ તેની પ્રાપ્તિ થશે." એમ કહી સૌને ભજનમાં બેસાર્યા. 'સ્વામિનારાયણ' નામનો ઉદ્‌ઘોષ થયો. અક્ષરધામની પ્રાપ્તિનું સાધન તેમને મળી ગયું. આ રીતે ભૂમાપુરુષના લોકમાં શ્રીહરિનો મહિમા પ્રવર્તાવી, ત્યાંના વાસીઓને શ્રીહરિના આશ્રિત બનાવી, વ્યાપકાનંદ સ્વામી પુનઃ દેહમાં આવ્યા.

આ રીતે, સમાધિમાં અનેક પ્રકારે થતા દિવ્ય અનુભવો, દિવ્ય દર્શનથી આશ્ચર્યની પરંપરા સર્જાણી હતી. રોજ આવા આશ્ચર્યમય અનુભવો સાંભળી લોકોનાં મન સ્થિર થઈ ગયાં હતાં. પૂર્ણ પુરુષોત્તમ નારાયણમાં આવાં અનેક ઐશ્વર્યો સહજ જ હોય તેવું સૌને સમજાવા લાગ્યું. શ્રીહરિ આવાં ઐશ્વર્ય બતાવી અટકતા ન હતા, જ્ઞાનથી પોતાના સ્વરૂપની દૃઢતા કરાવતા હતા. જગતના રાગમય જીવનમાં વીતરાગ પ્રગટાવતા હતા. જીવનનું સાચું ધ્યેય અક્ષરબ્રહ્મનો ભાવ પામી પરબ્રહ્મની ભક્તિ કરવાનું, તે તેઓ સૌના અંતરમાં દૃઢ કરતા હતા.

આધ્યાત્મિકતાની અતિ ગહરાઈનો ઇતિહાસ કાલવાણીમાં લખાતો હતો. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા હતા. સૌને પોતાનો સંબંધ કરાવી અક્ષરધામના અધિકારી કરવાનો તેમને ભાવ હતો. તે ભાવ અહીં સમાધિ દ્વારા તેમણે વહેતો મૂક્યો હતો. તે પ્રવાહમાં કેટલાક તણાયા, કેટલાક તેથી દૂર ભાગ્યા અને કેટલાકે આ નવીન પ્રયોગને જાદુ સમજી તિરસ્કાર્યો. સમાધિ-પ્રકરણનો શ્રીહરિએ એટલો વિસ્તાર કર્યો કે :

જ્યારે શ્રીહરિ પુરમાં પધારે, જેના સામું જુએ હરિ જ્યારે;
તેને સદ્ય સમાધિ તો થાય, ગોલોકાદિક ધામમાં જાય.

કોઈ વેપાર કરતા વેપારી, કોઈ તોળતા ત્રાજવાંધારી;
કોઈ નામુંઠામું લખનાર, થઈ જાય જોતા શબાકાર.
બીજા પરચા અનેક જણાય, જોઈ જન હરિ આશ્રિત થાય;
કરે દેવતા પુષ્પની વૃષ્ટિ, કોઈ કાળે દેખે જન દૃષ્ટિ.
આવે દર્શને દેવ અલેખે, કોઈ જન નિજ દૃષ્ટિએ દેખે;
આખા દેશમાં વિસ્તરી વાત, પ્રભુ પ્રગટ થયા સાક્ષાત્.

– શ્રીહરિલીલામૃત; કળશ ૫, વિશ્રામ ૬.

શ્રીહરિએ નરકના કુંડો ખાલી કરાવ્યા

શ્રીહરિ સભામાં બિરાજમાન હતા. તે સમયે ભીમભાઈએ ઊભા થઈને શ્રીહરિને હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું : "હે મહારાજ ! જ્યારે કોઈ રાજા ગાદીએ બેસે, ત્યારે તેની મોજમાં બંદીવાનોને છોડી દેવામાં આવે છે. આપ પુરુષોત્તમ નારાયણ સ્વયં પધાર્યા. જેતપુરમાં આપનો પટ્ટાભિષેક થયો, તો તેની મોજમાં નરકમાં પીડાતા જીવો ઉપર આપે દયા કરવી જોઈએ. તેમને એ યાતનામાંથી છોડાવવા જોઈએ."

ભીમભાઈની આ વાત સાંભળી શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "તમે ખરું કહ્યું. આજે નરકના કુંડ ખાલી કરી નાખીએ." એમ કહી તેમણે સ્વરૂપાનંદ સ્વામી[૨૦૮] તરફ દૃષ્ટિ કરી. સ્વરૂપાનંદ સ્વામી તરત જ ઊભા થયા. શ્રીહરિએ તેમને કહ્યું : "તમે સમાધિમાં જાઓ અને ધર્મરાજાને આજ્ઞા કરો કે સર્વ જીવોને છોડી દે. તમારા ભજનના પ્રતાપથી સર્વ જીવો ત્યાંથી છૂટી ભૂમાપુરુષના લોકમાં જશે."

સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં ગયા. યમપુરીમાં તેમણે જીવોને નરકની યાતના ભોગવતા જોયા. તેમનું અંતર દ્રવી ગયું. તેમણે તરત જ ઉચ્ચ સ્વરે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન શરૂ કરી. સાથે તાળીનો પણ ઘોષ કર્યો. અહીં સદાય જમદૂતોના 'મારો' 'કાપો'ના ભયંકર શબ્દ સંભળાતા હતા, તેને બદલે આ દિવ્ય સ્વર સાંભળી નરકયાતના ભોગવતા જીવોને આશ્ચર્ય થયું. તેમણે તેજસ્વી કાષાય વસ્ત્રધારી સંતને જોયા. આ સંતનું સ્વરૂપ તેમને અનંતતામાં વિસ્તરતું જણાયું. સાથે સાથે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મહામંત્રનો ઘોષ પણ સર્વત્ર સંભળાતો હોય તેમ લાગ્યું. તેઓ બધા સ્થિર થઈ

---

૨૦૮. સ્વરૂપાનંદ સ્વામી રામાનંદના દીક્ષિત સંત હતા.

ગયા. યમરાજા પણ આ સંતવર્યનાં દર્શને આવ્યા. તેમની અપરિમિત દિવ્યતા જોઈ તેમને લાગ્યું કે આ સંત કોઈ જુદા જ લોકના છે. તેમણે નમસ્કાર કર્યા અને પૂછ્યું : "મહાત્મન્ ! આપ કયા લોકમાંથી અહીં પધાર્યા છો ?"

સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "મૃત્યુલોકમાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા છે. સ્વામિનારાયણ સ્વરૂપે આજે તેમનું ભજન થાય છે. તેમની આજ્ઞાથી આ નરકયાતના ભોગવતા જીવોને અહીંથી મુક્ત કરી ભૂમાપુરુષના લોકમાં મોકલવા છે."

યમરાજા આ સાંભળી સ્થિર થઈ ગયા. તેમણે થોડી વારે કહ્યું : "આપ અહીં આવી શક્યા, આ દિવ્ય મંત્રનો ઉદ્‌ઘોષ કર્યો ત્યારથી જ આ જીવોની યાતના શમી ગઈ છે. હવે એ મંત્રના પ્રભાવથી તેઓને અહીંથી મુક્તિ મળતી હોય અને ચતુર્ભુજ સ્વરૂપ ધારી ભૂમાપુરુષના લોકમાં જતા હોય તો મને વાંધો નથી."

સ્વરૂપાનંદ સ્વામીએ તરત જ સ્વામિનારાયણ મંત્રનો ઘોષ ફરી શરૂ કર્યો. એ મંત્રના દિવ્ય સૂર સાંભળી નરકના જીવો પણ એ મંત્રનો ઘોષ કરવા લાગ્યા.

એટલામાં યમરાજાએ જોયું કે યમપુરીના સર્વે જીવો ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી ભૂમાપુરુષના લોકમાં જાય છે. યમરાજા આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. તેમને થયું : "આ બધા કુંડો ખાલી થઈ જશે તો ? મારા રાજ્યનું, મારા અધિકારનું શું ?"

સ્વરૂપાનંદ સ્વામી તેમની મૂંઝવણ પરખી ગયા. તેઓ હસ્યા, તેમણે કહ્યું : "મહારાજ ! મૂંઝાશો નહિ. માયા અનાદિની છે. આસુરી સંપત્તિ અનાદિની છે. રાજ્ય કરવાની મહેચ્છા હશે ત્યાં સુધી એ બંધન છૂટશે નહિ." એટલું કહીને સ્વરૂપાનંદ સ્વામીએ ફરી તાળી પાડી અને સર્વ જીવો ચતુર્ભુજ સ્વરૂપ ધારી ત્યાંથી અંતર્ધાન થવા લાગ્યા.[૨૦૯]

સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્યા ત્યારે સૌ સભાજનો આતુરતાથી તેમનો અનુભવ સાંભળવા તત્પર બની ગયા હતા. તેમણે શ્રીહરિને સર્વ હકીકત કહી. શ્રીહરિ તેમની વાત સાંભળી ખૂબ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "આ અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે, જે જે અમારા યોગમાં આવશે, પાપી કે પુણ્યવંતા હશે, તેમનો સર્વનો અમારે ઉદ્ધાર કરવો છે." એમ કહીને પ્રસન્નતાના ભાવપૂર્વક

---

૨૦૯. *વ્હાલે નરકના કુંડ ખાલી કર્યા, ભૂખ્યા જમગણ રે (૨)*
કર ઘસી પસ્તાય, નારાયણ પ્રબળ પ્રતાપ છે.
– સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી

પોતાનાં ચરણારવિંદથી સ્વરૂપાનંદ સ્વામીની છાતી અંકિત કરી.

શ્રીહરિ કાલવાણીથી નીકળી આ.સં. ૧૮૫૮ના પોષ સુદ ૧૪ના દિવસે પંચાળા પધાર્યા અને ત્યાંથી માંગરોળ બંદરે પોષ સુદ પૂનમના દિવસે પધાર્યા.

માંગરોળમાં શેઠ ગોવર્ધનભાઈ, રામચંદ્રભાઈ, સુંદરજી, રતનજી, મૂળચંદ, મંછારામ, આણંદજી સંઘેડિયા વગેરેએ શ્રીહરિ તથા સંતવૃંદનું સન્માન કર્યું. ધનજીભાઈ, ત્રિકમભાઈ, રાજુબાઈએ પણ આ લહાવો લીધો.

માંગરોળમાં સમાધિ દ્વારા શ્રીહરિનું ઐશ્વર્ય

માંગરોળના નવાબ વજરુદીન પણ શ્રીહરિના આગમનના સમાચાર સાંભળી શ્રીહરિનાં દર્શને પોતાના કાજીને લઈને આવ્યા. તેના પાક દિલમાં શ્રીહરિનાં દર્શનથી સાક્ષાત્‌ પેગંબરનાં દર્શન થયાનો ભાવ થયો. તેને નિશ્ચય થયો કે 'આ ખરેખરા ઓલિયા પુરુષ છે.' તેણે પણ શ્રીહરિ તથા સંતો-હરિભક્તોની સેવામાં ભાગ લીધો. રાજ્યમાંથી જોઈતી બધી જ સગવડ તેણે આપી.

અહીં શ્રીહરિએ સમાધિ-પ્રકરણ ખૂબ વિસ્તાર્યું. શ્રીહરિના ઉતારાની સામે જ શહેરમાં પ્રવેશ કરવાનો દરવાજો છે. ત્યાંથી જે કોઈ નીકળે તેને તરત જ સમાધિ થાય અને પૃથ્વી ઉપર પડી જાય. આથી ત્યાંના ભોળા લોકોને થયું : "આ કોઈ જંત્ર-મંત્ર અને કામણ કરનારો બાવો છે." તેથી સૌ તે દરવાજા પાસેથી પસાર થતા બંધ થયા. લોકોની અવરજવર ઓછી થઈ એટલે શ્રીહરિએ ગણેશભાઈને પૂછ્યું : "લોકો હવે આ દરવાજેથી કેમ જતા-આવતા નથી ?"

ગણેશભાઈએ હસતાં હસતાં કહ્યું : "તેમને બીક લાગે છે કે આપ કાંઈ કામણ કરો છો, તેથી આપને જોઈ બધા પૃથ્વી ઉપર પડી જાય છે. બીચારા અજ્ઞાની જનોને સમાધિના દિવ્ય સુખના સ્વાદની ખબર નથી."

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તો તેમને આ સ્વાદ ચખાડીને પણ આ માર્ગે વાળવા પડશે. અધર્મ, અનીતિ અને વહેમના પ્રવાહમાં ખેંચાતા લોકોને વાળવાનો આ સિવાય બીજો કોઈ ઉપાય હમણાં નથી. ત્રણ તાપથી ધગેલા તેમના અંતરમાં જ્ઞાનના શબ્દો ઓગળી જશે. હવે તો મારી ચાખડીનો ચટચટ શબ્દ જે સાંભળશે તેને પણ તરત જ સમાધિ થઈ જશે."[૨૧૦]

પછી તો શ્રીહરિ બજારમાં નીકળતા અને તરત જ વેપારીઓ દુકાનો બંધ

---

૨૧૦. શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ; વાર્તા ૨૨મી. લેખક : અદ્‌ભુતાનંદ સ્વામી; સંશોધક અને પ્રકાશક : શાસ્ત્રી હરિજીવનદાસજી, સં. ૨૦૨૯.

કરી દેતા. સમાધિની આવી બીક તેમના અંતરમાં પેસી ગઈ હતી. શ્રીહરિએ નિશ્ચય કર્યો હતો કે આમને સૌને આ અનુભવ કરાવવો જ.

શ્રીહરિ ગણેશભાઈને ત્યાં જમવા જતા હતા. આગળપાછળ સંતો-હરિભક્તો હતા. દરવાજા પાસેથી નીકળ્યા અને દુકાનો બધી બંધ થવા માંડી. એક દુકાનમાં બાપ-દીકરો બંને નામાના કામમાં પડી ગયા હતા. બાપે કાને કલમ ખોસી હતી. ચશ્માં નાકની દાંડી સુધી આવી ગયાં હતાં. તેવામાં શ્રીહરિ નીકળ્યા. ઝટપટ ચોપડા બંધ કરી બાપ-દીકરો બંને અંદર જવા દોડ્યા, પણ દીકરાને મહારાજની ચાખડીનો ચટચટ અવાજ સંભળાઈ ગયો અને તરત જ તેને સમાધિ થઈ ! એ અવસ્થામાં પણ બીકના માર્યા તેનાથી બોલાઈ ગયું : "ઓ મારા બાપ રે."

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. તેમણે ગણેશજીને કહ્યું : "અષ્ટાંગ યોગના ફળરૂપ આવી સમાધિ થાય છે, તે આજે સહેજે સહેજે અમારી ઇચ્છાથી લોકોને થાય છે. તેની આટલી બધી બીક !"

છતાં શ્રીહરિએ તો એ પ્રકરણ ચાલુ જ રાખ્યું. પોષ માસ માંગરોળમાં પૂરો થયો.

માણાવદરના નવાબ ગજેફરખાનજીએ શ્રીહરિને માણાવદર તેડી લાવવા માટે મયારામ ભટ્ટને માંગરોળ મોકલ્યા. તેમની સાથે તેમના ભાઈ ગોવિંદરામ તથા ભીમભાઈ અને પર્વતભાઈ પણ ગયા. અહીં આવી શ્રીહરિને સૌએ પ્રાર્થના કરી : "મહારાજ ! નવાબ સાહેબને બહુ ભાવ છે અને વળી અમારી સૌની પણ ઇચ્છા છે કે આપ વસંતપંચમીનો ઉત્સવ માણાવદરમાં કરો."

સૌ હરિભક્તોનો ભાવ જોઈ શ્રીહરિએ તેમની વિનંતી સ્વીકારી અને બીજે દિવસે પોતાની સાથે સંતો-હરિભક્તોને લઈને માણાવદર પધાર્યા.

માણાવદરમાં વસંતોત્સવ

શ્રીહરિ માણાવદરમાં મયારામ ભટ્ટને ત્યાં ઊતર્યા. સંતો-હરિભક્તોને પણ યોગ્ય ઉતારા આપ્યા. નવાબ સાહેબે તમામ સગવડો કરી રાખી હતી. વસંતપંચમીના સમૈયા ઉપર સોરઠમાંથી હરિભક્તો આવવા લાગ્યા. નવાબ સાહેબ સૌના ઉત્સાહથી અતિશય રાજી થયા. તેમને વિશ્વાસ હતો કે પેગંબર સાહેબ આજે હિંદુના ઓલિયાના સ્વરૂપે પધાર્યા છે. ખુદાતાલા તો ગમે તે સ્વરૂપે ગમે ત્યાં પ્રગટ થાય. તેમને એ રીતે ઓળખીને તેમનો આશરો લેવો તે

જ મનુષ્યનો ધર્મ છે. તેમણે સમૈયાની તૈયારીમાં પણ ભાગ લીધો.

આ.સં. ૧૮૫૮ના માઘની શુક્લ પંચમી આવી. સૌ આનંદના ઉન્માદમાં પોતાનો ભાવ ભૂલી ગયા. શ્રીહરિનાં દર્શન, તેમની સેવા અને તેમની વાતો સાંભળવામાં તલ્લીન થઈ ભક્તિના ભાવમાં સૌ ડૂબી ગયા. જુદા જુદા ધર્મના અનેક ઉત્સવો, મેળા ઊજવાય છે, પણ તે ઉત્સવમાં અને આ ઉત્સવમાં ઘણો ફેર હતો. અન્ય ઉત્સવોમાં, મેળામાં સ્ત્રી-પુરુષોનાં ટોળાં ઊમટે, રાસ-ગરબાની રમઝટ ચાલે, એકબીજાં મળે, ભેટે અને તેમ કરતાં અનિષ્ટમાં પણ ઊતરે. તેમાં ભગવાનની વાત નહિ, ભક્તિનો આનંદ નહિ, ઇન્દ્રિયોનો સંયમ નહિ. જ્યારે શ્રીહરિ ઉત્સવમાં સૌને ભેગા કરતા ત્યારે સૂચના આપતા : "સ્ત્રી-પુરુષોએ ઘેરથી છાનાં નીકળવું નહિ, સારો સંગ જોઈને જ નીકળવું. સ્ત્રીઓએ પોતાના સંબંધી પુરુષના સંગાથ વિના એકલા નીકળવું નહિ."

આમ, પોતાના આશ્રિત હરિભક્તોના ધર્મની રખેવાળી પોતે સદા કરતા. તેઓ કહેતા : "ધર્મ હશે તો અંતરમાં ભક્તિ પ્રગટ થશે. પરંતુ ઇન્દ્રિયોના રાગ પોષવા જો ધર્મના નેજા હેઠળ અધર્મનું આચરણ થશે તો મોક્ષમાર્ગમાંથી ભ્રષ્ટ થઈ જવાશે."

ઉત્સવોનું આયોજન તેઓ પોતે જ કરતા. સવારના બ્રાહ્મમુહૂર્તમાં ભજનની શરૂઆત થાય. પછી કથા, પછી ઉત્સવનો વિધિ, પછી મહાપ્રસાદ; તે પણ પોતે જ પીરસે, જેથી આવેલા દરેક હરિભક્તને તેમનાં દર્શન થાય. તેઓ પણ તેમનાં ખબરઅંતર પૂછે. આ દરેક કાર્યક્રમમાં સ્ત્રી-પુરુષ તેમના નિયમ પ્રમાણે મર્યાદાપૂર્વક જુદાં જ રહેતાં.

વસંતપંચમીના શુભ દિને શ્રીહરિએ ઋતુરાજ વસંતની વિધિપૂર્વક પૂજા કરી. પછી સખાઓ સાથે રંગોત્સવ કર્યો. અબીર-ગુલાલ ખૂબ ઉડાડ્યો.

મયારામ ભટ્ટ આ નવીન ઉત્સવ જોઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. તેમને લાગ્યું કે શ્રીહરિ ઉત્તર હિંદુસ્તાનના છે એટલે રંગે રમવાનું તેમને વધુ ગમતું લાગે છે. શ્રીહરિ તેમનો મનોભાવ સમજી ગયા. તેમણે કહ્યું : "ભટ્ટજી ! વસંત એ પરમાત્માની વિભૂતિ છે. આપણે આજે રંગ ભરીને કુંભનું પૂજન કર્યું છે. વસંત એ ઋતુઓનો રાજા છે. આજથી પૃથ્વી પાંગરશે, ફળ-ફૂલરૂપી વસ્ત્રોનું પરિધાન કરશે. પરમાત્માની આ વિભૂતિનાં દર્શન કરી, અમૂલ્ય આનંદથી જીવન ભરી દેવાનું છે. પરમાત્માના સ્વરૂપનો આનંદ જીવનમાં અનુભવતાં શીખવાનું છે. તપ અને વૈરાગ્ય એ આનંદ અનુભવવાનાં સાધનો છે. પણ ફક્ત

તેનાથી જીવન શુષ્ક બનાવી દેવાનું નથી. ભક્તનો ભાવ પરમાત્માના સ્વરૂપના આનંદની અનુભૂતિથી જ વિકસશે.'' શ્રીહરિએ સમજાવ્યું.

ભટ્ટજીને કેટલુંક સમજાયું, કેટલુંક ન પણ સમજાયું. તેમને લાગ્યું કે કેવળ વૈરાગ્યથી સુકાયેલા શરીરે કે હૃદયે પરમાત્માની પ્રાપ્તિનો આનંદ નહિ અનુભવાય. શ્રીહરિ આજે ભક્તોના ભાવમાં નવા નવા રંગની રંગોળી પૂરતા હતા. તેમાં રસ હતો, કારણ કે પોતે રસરૂપ હતા !

રંગે રમીને શ્રીહરિ ક્ષારવતી (ખારી) નદીએ લક્ષ્મી આરે સ્નાન કરવા પધાર્યા. ત્યાં સ્નાન કરી ભટ્ટજીની વાડીએ પધાર્યા. અહીં શ્રીહરિ સભા કરીને બિરાજ્યા એટલે એક પછી એક હરિભક્ત શ્રીહરિનું પૂજન કરવા તત્પર થઈ ગયા. માણાવદરના જાદવજી શેઠ શ્રીહરિ કાજે રેશમી કિનારનો સુંદર ધોતી-જોટો લઈ આવ્યા હતા. તેથી તેમણે શ્રીહરિનું પૂજન કરીને કિંમતી ધોતી-જોટો શ્રીહરિને ભેટ ધર્યો.

આવી સુંદર ભેટ જોઈ સભામાં બેઠેલા રઘુનાથદાસની આંખો ફાટી. શ્રીહરિ પ્રત્યે તેના અંતરમાં લેશમાત્ર ભાવ ન હતો. તે માનતો હતો કે રામાનંદ સ્વામીની ગાદીએ આ સહજાનંદ વગર હકે ચડી બેઠા હતા. તેથી તેમની નિંદા કરી તેમને હલકા પાડવા એ રાત-દિવસ પ્રવૃત્તિ કરતો હતો. તેની પાસે બેસનારાઓમાં તે આ જ વાતો કરતો હતો. પોતાનો મહિમા ગાતો હતો. રામાનંદ સ્વામીએ મને જ તેમનું ઐશ્વર્ય આપ્યું છે, તેવો દાવો કરતો હતો. ભોળા લોકો ભગવાનપણું ઐશ્વર્યથી કહેવાય કે ભગવદ્‌ભાવથી કહેવાય તેવું કાંઈ સમજતા ન હતા. તે તો ભોળા ભાવે રઘુનાથદાસ જે ઝેર રેડતો તે પી જતા. તેમનું અંતર રઘુનાથદાસના મહિમાથી સભર ભરાઈ ગયું હતું, તેથી તેમને શ્રીહરિમાં દોષો દેખાવા લાગ્યા.

શ્રીહરિએ જાદવજી શેઠે આપેલ ધોતી-જોટાના બે ભાગ કર્યા. તેમાંથી એક ભાગ તેમણે મયારામ ભટ્ટને આપ્યો, બીજો તેમણે ગોવિંદરામ ભટ્ટને આપ્યો. ઈર્ષ્યાથી બળતા રઘુનાથદાસને આ જોઈ અત્યંત બળતરા થઈ. તેને પોતાને એ લેવાની ઇચ્છા હતી પરંતુ જાદવજી શેઠ મહિમા સમજ્યા નહિ અને ધોતી-જોટો શ્રીહરિને ઓઢાડી દીધો. તેને થયું : આટલી કિંમતી ભેટો આવે છે પણ શ્રીહરિને પહેરવા-ઓઢવાની ક્યાં ખબર છે ? આવી ભેટ-સોગાદો મળે છે પણ ભોગવતાં આવડતું નથી. આવા અનેક સંકલ્પો તેના મનમાં થવા લાગ્યા અને તે ધૂંધવાયો.

શ્રીહરિ તેના મનોભાવ કળી ગયા. સભાની સમાપ્તિ પછી શ્રીહરિએ

રઘુનાથદાસને એકાંતમાં બોલાવ્યો. ધૂંધવાયેલો રઘુનાથદાસ આવ્યો તો ખરો પણ તોછડાઈથી વિવેક રહિત બની શ્રીહરિની સન્મુખ ઊભો રહ્યો. શ્રીહરિએ તેને કહ્યું : "જુઓ, રામાનંદ સ્વામી ધામમાં ગયા તેનો શોક શ્રીનગરના હરિભક્તોને ઘણો થયો છે. અહીં તો આપણે બધા છીએ એટલે ભક્તોને શાંતિ થઈ છે. કચ્છમાં અમે મુક્તાનંદ સ્વામીને મોકલ્યા છે, પણ શ્રીનગર કોઈ નથી ગયું. તેથી જો તમો જાઓ તો ત્યાં બધાને શાંતિ થાય."

શ્રીહરિના આ શબ્દોથી તેનું અભિમાન વધ્યું. તેણે છાતી ફુલાવી કહ્યું : "જુઓ સહજાનંદ ! મુક્તાનંદનું એ કામ નહિ. તે બીચારો કચ્છમાં જઈને શું કરશે ? હું અમદાવાદ જઈશ અને ગુજરાતના તમામ ભક્તોને શાંતિ પમાડી દઈશ."

શ્રીહરિ તેનાં આ ગર્વભર્યાં વચનો સાંભળી મનમાં હસ્યા. પણ તેમને તો તેને કોઈ પણ પ્રકારે દૂર જ કરવો હતો. તેથી તેઓએ શાંતિથી રઘુનાથદાસને કહ્યું : "એ તમારું જ કામ. તમે રામાનંદ સ્વામીના વખતના જૂના, તેથી ભક્તો તમારું માનશે અને સૌને શાંતિ થઈ જશે." રઘુનાથદાસ તૈયાર થયો.

શ્રીહરિનો આશય

રામચરણદાસને આ વાતની ખબર પડી એટલે તે રાજી થયા. રઘુનાથદાસ તરત જ અમદાવાદ જવા ઉતારે આવ્યા.

પછી શ્રીહરિએ મયારામ ભટ્ટને કહ્યું : "ભટ્ટજી ! તમે તો સ્વામીની ઘણી સેવા કરી છે. સ્વામી માણાવદરમાં પણ બહુ આવતા. તે સમયના પ્રસંગોની કાંઈક વાતો કરો જેથી સ્વામીની સ્મૃતિ કરતાં સૌને આનંદ થાય."

તે સાંભળી મયારામ ભટ્ટે કહ્યું : "મહારાજ ! સ્વામીએ મને બહુ જ સુખિયો કરી દીધો. તેથી મારા જીવનની અંગત વાત હું કહું છું. તેમાં આપના સંબંધી પણ તેમનું ભવિષ્યકથન હતું. સ્વામી અહીં પધારતા અને અમારા ઓરડામાં જ ઊતરતા. એક વખત સ્વામી પધાર્યા અને ઉતારો કરી તરત જ મને કહ્યું : 'ચાલો નદીએ નાહવા જઈએ !' પછી અમે અહીં આવ્યા ને હું તુંબડી ભરી સ્વામી દિશાએ જતા હતા તે સાથે ગયો. થોડે આઘે ગયા અને મેં સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! મારી સગાઈ કરવા મારી બહેન ભુજથી આવી છે, તે હવે તમે કહો તેમ કરું.' ત્યારે સ્વામીએ થોડા ગંભીર થઈને કહ્યું : 'ભટ્ટ ! જો ભગવાન મળતા હોય તો હથેવાળામાંથી પણ હાથ કાઢીને ભાગી જવું. એમ

કરીએ ત્યારે ભગવાનમાં ખરી પ્રીતિ છે એમ જાણવું. માટે તમારે એ ફંદામાં હવે પડવું નહિ. કારણ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા છે. થોડા વખતમાં અહીં પધારશે. તમારે જો તે મૂર્તિનું સુખ લેવું હોય, તેમની ભેગા ફરવું હોય તો સગપણ કરવું રહેવા દ્યો.' સ્વામીની વાતમાં મને વિશ્વાસ હતો. મારા હિતની જ તેઓ વાત કરતા હતા. વળી, આપ અહીં પધારવાના છો તે ભવિષ્યની વાત પણ તેમણે કહી હતી. મને આપની મૂર્તિનું સુખ લેવા નિર્દેશ કર્યો હતો. તેથી મેં તરત જ સ્વામીને કહ્યું : 'સ્વામી ! આપો પાણી.' એટલે સ્વામીએ મારા હાથમાં તુંબડીમાંથી પાણી આપ્યું.''

ભટ્ટજી વાત કરતાં રંગમાં આવી ગયા હતા. તેમણે આગળ ચલાવ્યું : ''હાથમાં પાણી લઈ મેં સ્વામીને કહ્યું : 'સ્વામી ! હવે સગપણ કરે તેને માથે સડતાળાના કાળનું પાપ.' એમ કહી મેં પાણી હેઠે નાખ્યું. પછી સ્વામી દિશાએ ગયા. નાહીને બોરડીના વૃક્ષ નીચે ગાદી ઉપર સ્વામી બિરાજમાન થયા. પછી સ્વામીએ મારા મનમાં સંકલ્પો થતા હતા તે જાણીને મને કહ્યું : 'ભટ્ટજી ! આજથી તમો દ્રવ્ય અને સ્ત્રીમાં બંધાશો નહિ. અમારા એ આશીર્વાદ છે.' હું આ સાંભળી એકદમ સ્વામીનાં ચરણમાં પડી ગયો. મેં સ્વામીને હાથ જોડી કહ્યું : 'સ્વામી ! તમને રાજી કરવા મેં સગાઈ ન કરવા માટે પ્રતિજ્ઞા તો લીધી પણ મનમાં સંકલ્પ થયા કરતા હતા કે આ કામનો વિષય, જેણે મોટા મોટા દેવતાઓને પણ કલંકિત કર્યા છે, તે કેમ જિતાશે અને પાર કેમ પડાશે ! પણ આપના આશીર્વાદથી હવે હિંમત આવી ગઈ.' મારી આ વાત સાંભળી સ્વામી મંદમંદ હસવા લાગ્યા.''

''તે વખતે સભામાં બેઠેલા શામજી ઝાટકિયાએ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! તમારા ઉપર કોઈ મોટા છે ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'હા, અમે તો જેમ ગણેશનો વેષ આવે છે તેમ આવીને પડ છાંટ્યું છે ને ડુગડુગી વગાડીએ છીએ, ને રમનારા તો વનમાંથી ચાલ્યા આવે છે, તે આવશે ત્યારે અમે તમને દેખાડશું. તે આવશે, પાંચસો પરમહંસો બનાવશે, કાઠી અસવારો તેમની સાથે ફરશે અને તેમના ઘોડાના ડાબલાની ખડતાળે કરીને મતપંથમાત્રને કચરી નાખશે.' એમ સ્વામીએ સં. ૧૮૫૩માં અહીં પધાર્યા ત્યારે વાત કરી હતી અને આજે એ વાત સાચી પડી છે.''

મયારામ ભટ્ટ બોલી રહ્યા અને મહારાજે તેમના માથે હાથ મૂક્યો અને કહ્યું : ''ભટ્ટજી ! તમે ખરી સ્વામીના મહિમાની વાતો કરી.'' એટલું કહી

મહારાજ ત્યાંથી ઊઠ્યા.

મહારાજ ઉતારે પધાર્યા ત્યારે રઘુનાથદાસ અમદાવાદ જવા નીકળી ગયો હતો. મહારાજ પણ બીજે દિવસે પીપલાણા પધાર્યા અને ત્યાંથી માંગરોળ પધાર્યા.

માંગરોળમાં ફૂલદોલ ઉત્સવ : આ.સં. ૧૮૫૮

અહીં ફાગણના ફૂલદોલનો ઉત્સવ કરવાનું શ્રીહરિએ ધાર્યું. દેશદેશના હરિભક્તો આવી ગયા. શ્રીહરિએ ધામધૂમથી રંગોત્સવ કર્યો. ભક્તોએ તેમને ફૂલના દોલા ઉપર ઝુલાવ્યા. આ પ્રસંગે શ્રીહરિએ હોલિકા ઉત્સવનું રહસ્ય સમજાવતાં કહ્યું : "ફાગણમાં હોલિકાનો ઉત્સવ સૌ કરે છે. ભક્ત પ્રહ્લાદનો નાશ કરવા હોલિકા તેને ખોળામાં લઈ અગ્નિમાં પ્રવેશ કરે છે પરંતુ ભગવાનની ઈચ્છાથી હોલિકા બળી જાય છે અને પ્રહ્લાદની રક્ષા થાય છે. આસુરી તત્ત્વો ઉપર દૈવી તત્ત્વોનો વિજય થાય છે. હોલિકાના આસુરભાવનો તિરસ્કાર કરતાં કરતાં લોકો અશ્લીલતામાં ઊતરી ગયા. પરંતુ એવી ભૂંડી ભાષા બોલવાથી અને સાંભળવાથી વૃત્તિઓ ઉશ્કેરાય છે, મન ભ્રષ્ટ થાય છે અને દેહ પણ ભ્રષ્ટ થાય છે. માટે એવા કુરિવાજોનો ત્યાગ કરવો. આ પ્રસંગે ભગવાને પ્રહ્લાદની રક્ષા કરી એટલે ભગવાનનો વિજય થયો કહેવાય. એ આનંદમાં સૌએ રંગે રમવું, ભગવાનને પુષ્પના દોલામાં ઝુલાવવા. આ રીતે ઉત્સવમાં ભગવાનનું અનુસંધાન રાખવાથી ઉત્સવ ભક્તિમય બની જાય છે."

સૌ એકચિત્તે શ્રીહરિની વાણી સાંભળી રહ્યા હતા. શ્રીહરિની એક જ ઈચ્છા હતી : લોકોનાં હૃદયમાંથી અસદ્વાસના, અસદ્ભાવ, અસદ્પ્રકૃતિ નિર્મૂળ કરવાં હતાં, તેમને શુદ્ધ કરવાં હતાં. ઉત્સવોનું રહસ્ય સમજાવી તેમને ભક્તિમાર્ગે દોરવાં હતા.

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આ સમય અંધાધૂંધીનો હતો. અક્ષરજ્ઞાનના અભાવે વહેમોના વમળમાં લોકો ફસાયા હતા. જૂની રૂઢિઓને તોડવાની કોઈ હિંમત કરતું નહિ. તેથી અનીતિ, અનાચાર, અશ્લીલતા સર્વત્ર પ્રસરી ગયાં હતાં. વામપંથ, કૂડાપંથ અને ચાર્વાકપંથોએ અધર્મને ધર્મ મનાવ્યો હતો અને ભ્રષ્ટાચારમાં ભક્તિ બતાવી હતી. આવી જડ અને અજ્ઞાન પ્રજામાં નીતિનું, સદાચારનું, ભક્તિનું વાતાવરણ પ્રવર્તાવવું એ ખૂબ જ કઠિન હતું. પરંતુ શ્રીહરિ જાણતા હતા કે લોકો પ્રેમના ભૂખ્યા છે. પેટનો ખાડો પુરાશે, જીવનની જરૂરિયાતો મળશે તો પ્રેમની ભાષા તેઓ સમજી શકશે, કુટેવો છોડશે. પ્રેમનો

જવાબ પ્રેમથી જ આપશે.

શ્રીહરિએ વૈશાખ સુદ ત્રીજ - અક્ષય તૃતીયા, નૃસિંહ ચતુર્દશી, ભીમ એકાદશી વગેરે ઉત્સવો પણ માંગરોળમાં કર્યા.

જેઠ લગભગ ઊતરવા આવ્યો પણ વરસાદનું વાદળું ક્યાંય દેખાતું ન હતું. સૂર્યની અગ્નિવર્ષા અસહ્ય બની ગઈ હતી. પાણીનો પણ જાણે કાળ પડ્યો હોય તેવું દેખાતું હતું. નદી, તળાવ, કૂવા વગેરે સૂકાઈ ગયાં હતાં. પાણીની આ અસહ્ય તંગીથી પશુ, પંખી અને મનુષ્યો ત્રાસ પામી ગયાં હતાં. લોકોની આ મૂંઝવણ શ્રીહરિને સાલી. એ મૂંઝવણ ટાળવા તેમણે ઐશ્વર્ય ન વાપર્યું, પણ શ્રમનો સહારો લીધો. ઐશ્વર્યનું ફળ ક્ષણિક, તત્પૂરતું જ હોય. શ્રમથી પ્રશ્નો કાયમ માટે ઉકલે છે, સેવાનો મહિમા સમજાય છે, સાધુનું ગૌરવ વધે છે.

ગામને પાદરે એક જૂની વાવ હતી પણ તે બૂરાઈ ગયેલી હતી. શ્રીહરિએ વિચાર કર્યો : આ પુરાતની વાવ છે, માટે તેમાં અખૂટ પાણી હશે. તેમણે નવાબ સાહેબ વજરુદીન પાસે આ પુરાતની વાવને ફરી ગળાવી સજીવન કરવાની આજ્ઞા લેવા માણસો મોકલ્યા.

શ્રીહરિની ઇચ્છા જાણી નવાબ સાહેબે કહેવરાવ્યું : "હું તો આપનો સેવક છું. આપ આજ્ઞા કરો તો એ પુરાતની વાવ હું ખોદાવી દઉં."

શ્રીહરિ તેમના આ ભાવથી સંતુષ્ટ થયા. તેમણે સંદેશો મોકલ્યો : "આપની પરવાનગી મળી છે તો હવે અમારા સાધુઓ શ્રમ કરશે. લોકોના ભલા માટે શ્રમ કરવો તે ભક્તિ છે. આવી સેવાથી લોકોમાં સાધુઓ પ્રત્યે ભાવ ઉત્પન્ન થશે, તેઓ ભક્તિને માર્ગે વળશે."

શ્રીહરિએ સંતોને કહ્યું : "લોકોનાં અંતર જીતવાં હોય, તેમને ભક્તિમાર્ગે વાળવા હોય તો આપણે જ શ્રમ કરીએ. સંતો અને હરિભક્તો આ કાર્ય કરશે તો તે તીર્થ બની જશે. હું પણ તમારી સૌની સાથે મહેનત કરીશ."

સંતો-હરિભક્તોને પણ લાગ્યું કે લોકોના જીવનના પ્રશ્નો ઉકેલવા, તેમના શ્રેય માટે આપણે જાતે જ શ્રમ કરીશું તો તેમની વધુ નજીક પહોંચી શકીશું. કેવળ ઉપદેશ વચનોથી તો ઉપદેશક અને ઉપદેષ્ય બંને વચ્ચે અંતર જ રહે છે. એટલે ઉપદેશકના શબ્દોની ધારી અસર લોકો ઉપર થતી નથી.

શ્રીહરિ લોકસંપર્ક ઇચ્છતા હતા. તેઓ જ્યાં જતા ત્યાં લોકોના જીવનમાં ડોકિયું કરતા, તેમની મુશ્કેલીઓ સમજતા અને તે ટાળતા. પોતાના સંતોને પણ તેમણે આ ભલામણ કરી : "લોકો સાથે એક થઈ જજો. ત્યાગાશ્રમના માનમાં

તમે સ્વામી અને લોકો સેવક એવી ભાવના કદી રાખશો નહિ. આપણે જ સૌના સેવક બની જવાનું છે.''

બીજા દિવસથી વાવ ગાળવાનું કામ શરૂ થઈ ગયું. ગામેગામથી જે જે હરિભક્તો આવતા તેમને શ્રીહરિ આ કામમાં લગાડી દેતા. પોતે પણ ગાળનાં તગારાં ઉપાડતા. સંતો-હરિભક્તો કીર્તનો, સ્તોત્રો ગાતા જાય અને કામ કરતા જાય. ગામના લોકો પણ આવતા અને સંતોને શ્રમ કરતા જોઈ રાજી થતા. તેમને થયું કે સ્વામિનારાયણના આ સાધુઓ ગામમાંથી ભિક્ષા લાવીને સદાવ્રત ચલાવે, ભૂખ્યાને જમાડે, મહેનત કરી વાવ ખોદે અને સૌને પાણી પૂરું પાડે; જ્યારે બીજા બાવાઓ ગાળો દઈને પાકાં સીધાં માગે, કોઈ કાંઈ ન આપે તો ત્રાગાં કરે, શરીરમાં ચીપિયા ખોસી લોહી કાઢે. વળી, કેટલાક બાવા કેવળ ઉપદેશ આપીને ચાલ્યા જાય. આમ, સાધુ-અસાધુનો તાગ તેઓ કાઢતા. પણ પાછા વિમાસણમાં પડતા : સ્વામિનારાયણ એ નવો સંપ્રદાય કહેવાય, તેમાં કેમ ભળાય ?

સંતો-હરિભક્તોએ ઉનાળાના ખરા તાપમાં દસ દિવસ સુધી સતત મહેનત કરી અને શ્રીહરિની કૃપાથી મીઠું ટોપરા જેવું પાણી નીકળ્યું. બધાને બહુ જ આનંદ થયો. શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું. પછી વિચાર કર્યો કે હવે વાવનું પૂર્તકર્મ વિધિપૂર્વક કરાવવું. તેમણે મયારામ ભટ્ટને બોલાવીને આ વાત કરી : ''વિદ્વાન બ્રાહ્મણોને બોલાવો, બધો સામાન મગાવો, બ્રાહ્મણોને જમાડવા માટે સીધા-સામગ્રી પણ મગાવો.''

મયારામ ભટ્ટે થોડા સમયમાં બધી તૈયારી કરી દીધી.

શ્રીહરિ પોતે વિધિ કરવા બિરાજ્યા. બ્રાહ્મણોએ શાસ્ત્રના વિધિ અનુસાર પૂજન કરાવ્યું. શ્રીહરિએ વિષ્ણુ ભગવાનનું પૂજન કર્યું. વિધિ કરતા શ્રીહરિની મૂર્તિને એકાગ્ર ચિત્તે નિહાળતા મયારામ ભટ્ટ તથા અન્ય વિપ્રોને શ્રીહરિનું ચતુર્ભુજ વિષ્ણુસ્વરૂપે દર્શન થયું. તેમની આજુબાજુ ધર્મ અને ભક્તિ પણ દેખાયાં. સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા. શ્રીહરિએ તેમને હસતાં હસતાં કહ્યું : ''મહારાજ ! કેમ સ્થિર થઈ ગયા ? વિધિ કરાવો.''

પણ બ્રાહ્મણો શું બોલે ? થોડા સમયે શ્રીહરિના સ્વરૂપમાં વિષ્ણુનું સ્વરૂપ દેખાતું બંધ થયું ત્યારે સૌ ભાનમાં આવ્યા. શ્રીહરિને હાથ જોડી તેમણે કહ્યું : ''પ્રભુ ! આપ તો સાક્ષાત્ ભગવાન છો છતાં અમારાં કલ્યાણ અર્થે આપે સ્વયં આ શ્રમ લીધો !''

શ્રીહરિએ તેમના તરફ આશીર્વાદસૂચક દૃષ્ટિ કરી. આ દૃષ્ટિથી જ બ્રાહ્મણો

કૃતકૃત્ય થઈ ગયા ! પછી શ્રીહરિએ તેમને મિષ્ટ ભોજન જમાડી તૃપ્ત કર્યા.

ગામના પાદરની પુરાતની પૂરાઈ ગયેલી વાવ આજે અખૂટ જળથી ભરેલી હતી. શ્રીહરિ અને સંતોના શ્રમથી તેનો પુનરુદ્ધાર થયો. ગામના લોકોની પાણીની મુશ્કેલી આજથી દૂર થઈ ગઈ !

મેઘજિતનો પરાભવ

શ્રીહરિનો આવો પ્રતાપ, સમાધિ દ્વારા તેમણે જણાવેલું ઐશ્વર્ય, તેમના સાધુઓનો સેવાભાવ, આ બધાથી વધતી જતી શ્રીહરિની પ્રતિષ્ઠાથી ત્યાંનો વણિક મેઘજિત અકળાયો. તે પણ રામાનંદ સ્વામીનો શિષ્ય હતો. યોગની કાંઈક સિદ્ધિ તેને પ્રાપ્ત થઈ હતી. તે સિદ્ધિથી પોતાને મોટો માની મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંતની પણ તે અવગણના કરતો હતો. શ્રીહરિનો તો તેને લેશમાત્ર ભાર ન હતો. તે કહેતો કે "વૃદ્ધાવસ્થાને લીધે રામાનંદ સ્વામીની બુદ્ધિ બગડી ગઈ હતી. તેથી જ તેમણે અમારા જેવા જૂનાને અવગણીને આ નાના સહજાનંદને ગાદી સોંપી." તેના આવા પ્રલાપથી સૌ હસતા ત્યારે અભિમાનથી તે કહેતો : "તમે હજુ મારો પ્રતાપ જોયો નથી."

તે પ્રતાપ બતાવવા એક દિવસ તેણે ઊકળતા તેલની કડાઈમાં હાથ નાખ્યો. તેની સિદ્ધિથી હજુ સુધી આ પ્રયોગમાં તે દાઝયો ન હતો, પણ આજે શ્રીહરિની ઇચ્છાથી તે સખત દાઝી ગયો. હાથે ફોલ્લા પડી ગયા. છતાં પણ અભિમાનમાં અટંટ રહી તે બોલ્યો : "મૃત્યુ એ ભગવાનના હાથમાં છે, પણ મેં એ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તો સૌ જોજો. આજથી ચોથે દિવસે હું દેહ છોડી દઈશ. સ્વામિનારાયણને કહેજો કે જો તે ભગવાન હોય તો મારું મોત અટકાવે."

શ્રીહરિ પાસે આ વાત પહોંચી ગઈ. અભિમાનીઓના અભિમાનને મોડવાનું તેમનું કામ હતું. તેઓ ફક્ત એટલું જ બોલ્યા : "આપણે જોઈએ મેઘજિત કેમ દેહ મૂકે છે." મેઘજિતનો મહિમા ગામના લોકોને હતો. તેથી શ્રીહરિની આ વાણી તેમને ઢીલી લાગી.

મેઘજિત ઘેર ગયો. તેણે પ્રાણત્યાગ કરવાનું નક્કી કરી લીધું. તેની આ શક્તિમાં તે શ્રીહરિનો પરાજય જોતો હશે, પરંતુ બુદ્ધિથી તેણે એટલો વિચાર ન કર્યો કે પ્રાણત્યાગ કર્યા પછી જયપરાજય કોણ જોશે ? મહામોહ વ્યાપે ત્યારે માનવી સામાન્ય વિવેક પણ ગુમાવી બેસે છે. તેણે ગામની તમામ વસતિને જમાડવાનું નક્કી કર્યું. બધાને આમંત્રણ મોકલ્યાં, પણ શ્રીહરિના એક પણ

સેવકને તેણે નોતરું ન આપ્યું. ભક્તની અતૃપ્તિમાં ભગવાન અતૃપ્ત રહ્યા.

ચોથે દિવસે મેઘજિત પ્રાતઃકાળને સમયે સ્નાનવિધિ, નિત્યકર્મથી પરવારી દેહત્યાગ કરવા માટે પદ્માસન લગાવીને બેસી ગયો. ગામના ટોળાંબંધ લોકો મેઘજિતની આ સિદ્ધિ નીરખવા હાજર થઈ ગયા. મેઘજિતને તેમને જોઈને ગર્વ થયો. પોતાના મૃત્યુમાં સ્વામિનારાયણની હાંસી છે. તેને શ્રીહરિને હાંસીપાત્ર બનાવવા હતા. થોડી વારે તેણે પ્રાણવાયુને ખેંચ્યો. પ્રાણ હૃદયાકાશમાં સ્થિર થઈ ગયો. નેત્રો તથા શરીરનાં તમામ અંગો પણ સ્થિર થઈ ગયાં. તેની આ સિદ્ધિ જોઈ લોકો પણ અવાક્ બની ગયા. ધીરે ધીરે હૃદયમાંથી પ્રાણને બ્રહ્મરંધ્રમાં લાવવા તે પ્રયત્ન કરવા લાગ્યો. બ્રહ્મરંધ્રને ભેદી તેને બ્રહ્માંડની સુષુમ્ણા સાથે પોતાના પ્રાણની એકતા કરી અર્ચિમાર્ગે મજલ કરવી હતી. પરંતુ હૃદયમાંથી પ્રાણ ઊંચે ચડ્યો જ નહિ. તેના અત્યંત પ્રયત્નથી નાડિયો તૂટવા લાગી છતાં પ્રાણ તો હૃદયમાં જ સ્થિર થઈ ગયો. ફરી ફરી તેણે પ્રયત્ન કર્યો. પ્રાણને તેની મૂળ સ્થિતિમાં સ્થાપન કરી તેના પાંચ ભાગ[૨૧૧] કરી નાખવા, જેથી શરીરની ક્રિયા પૂર્વવત્ ચાલુ થઈ જાય. પરંતુ તેમ પણ ન થયું. હૃદયમાં સ્થિર થયેલો પ્રાણ ત્યાંથી નીચે ગતિ જ કરી ન શક્યો.

હવે તે ખરેખર મૂંઝાયો. દેહ મૂકવાનું તો ન બન્યું પરંતુ પ્રાણની ગતિ હવે જો પૂર્વવત્ નહિ થાય તો દેહની દશા અસ્તવ્યસ્ત થઈ જશે. તેને ખરેખર બીક લાગી. પ્રાણની ગતિ સ્થિર થઈ ગઈ એટલે સર્વ ઇન્દ્રિયો અચેતન થઈ ગઈ. થોડી વારમાં તે અત્યંત કષ્ટથી પીડાતો પૃથ્વી ઉપર ઢળી પડ્યો. સૌ તેનું આ દુઃખ જોઈ કકળી ઊઠ્યા અને કોઈનો કાંઈ ઉપાય ચાલે તેમ ન હતું.

આ પ્રમાણે પાંચ દિવસ સુધી મેઘજિત સખત પીડાયો. મનોમન તો તેણે શ્રીહરિનું શરણું લઈ લીધું હતું પણ વાચા ઊઘડતી ન હતી. તેની પીડા જોઈ બ્રાહ્મણોએ વિચાર કર્યો કે "મેઘજિતે શ્રીહરિની અવગણના કરી તેથી તેની સિદ્ધિઓ બધી નિષ્ફળ નીવડી. હવે જો તેને આ કષ્ટથી ઉગારવો હોય તો શ્રીહરિને જ અહીં બોલાવવા જોઈએ."

મેઘજિત તો અચેતન અવસ્થામાં પડ્યો હતો. એટલે તેને પૂછવાનું રહ્યું ન હતું. ગામના લોકો, બ્રાહ્મણો વગેરે શ્રીહરિ પાસે ગયા. સૌએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! મેઘજિત બહુ જ પીડાય છે. તેણે ગર્વમાં દેહત્યાગ કરવાનું પણ તો લીધું પરંતુ મૃત્યુને પ્રેરણા કરવી તે આપના હાથની વાત છે.

---

૨૧૧. પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન.

માટે તેને હવે આપ ઉગારશો તો જ તે બચશે.''

સૌની પ્રાર્થના શ્રીહરિએ સાંભળી. મેઘજિતની પણ મનોવૃત્તિ પોતાના સુધી પહોંચી ગઈ હતી તે પણ તેઓ જાણતા હતા. તેથી તેઓ તરત જ થોડા સંતો-હરિભક્તોને લઈને મેઘજિત પાસે ગયા. કરુણાનિધાને તેના ઉપર કૃપા કરી પોતાની દૃષ્ટિ તેની આંખમાં સાંધી. શ્રીહરિની દૃષ્ટિથી મેઘજિતની આંખોની કીકીઓ હલવા લાગી. એક પછી એક ગાત્રોમાં પ્રાણનો સંચાર થવા લાગ્યો. ધીરે ધીરે મેઘજિત જાગ્રત ભાવમાં આવતો દેખાયો. શ્રીહરિ તેની સન્મુખ જ ઊભા હતા. થોડી વારે મેઘજિત જાગ્યો. તેણે શ્રીહરિને પોતાની સામે જ ઊભેલા જોયા. દેહનાં કષ્ટથી તે સતત પાંચ દિવસ પીડા પામ્યો હતો. તેથી તે ઊઠી ન શક્યો પરંતુ તેણે શ્રીહરિના ચરણકમળ સમક્ષ બે હાથ લંબાવ્યા. શ્રીહરિ તેની પાસે આવ્યા. તેના શરીરે પોતાના બંને હાથ ફેરવ્યા. મેઘજિતે પણ તે દિવ્ય સ્પર્શની દિવ્યતા પોતાના શરીરમાં સમાવી દેવા શ્રીહરિના બંને હાથ પકડી લીધા. તેની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યા.

થોડી વારે તે પ્રયત્ન કરી ઊઠ્યો અને શ્રીહરિના ચરણમાં ઢળી પડ્યો. શ્રીહરિની પ્રાર્થના કરતાં તેણે કહ્યું : ''હે મહારાજ ! હું તમારો દાસ છું. મારા અપરાધ ક્ષમા કરો. મારી સિદ્ધિના મદમાં હું આપને ઓળખી શક્યો નહિ.''

મેઘજિતનું આવું પરિવર્તન જોઈ સૌને આશ્ચર્ય થયું ! શ્રીહરિનો પ્રતાપ સૌએ જોયો. શ્રીહરિ પરમાત્મા છે તેની સૌને પ્રતીતિ થઈ !

માંગરોળના નગરજનોને હવે પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવાની જિજ્ઞાસા જાગી. શ્રીહરિને તેમણે વિનંતી કરી. શ્રીહરિએ તેમની વિનંતી સ્વીકારી. બધા ભેગા થયા. વલ્લભ સંપ્રદાય ને મધ્વ સંપ્રદાયના અનુયાયીઓએ શ્રીહરિને તેમના ઈષ્ટદેવ ગોપીનાથ સ્વરૂપે જોયા; રામાનુજ મતના હતા તેમણે લક્ષ્મીનારાયણ સ્વરૂપે જોયા; રામાનંદીઓએ રામ સાથે સીતાજીને જોયાં; વેદાંતીઓએ જ્યોતિઃસ્વરૂપે જોયા; શિવ ઉપાસકોએ શિવ-પાર્વતીને જોયાં; સૂર્યના ઉપાસકોએ સૂર્યને જોયા; ગણપતિના ઉપાસકોએ ગણેશજીને જોયા; જૈનોએ તીર્થંકરોને જોયા; મુસલમાનોએ પેગંબરને જોયા. જેના જે જે ઈષ્ટદેવ હતા તે તે સ્વરૂપનાં તેમણે શ્રીહરિની કૃપાથી થયેલી સમાધિમાં દર્શન કર્યાં. આ તમામ સ્વરૂપોના કારણ આ પ્રત્યક્ષ શ્રીહરિ છે તેની તેમને પ્રતીતિ થઈ. શ્રીહરિનો પ્રતાપ સર્વત્ર પ્રસરવા લાગ્યો.

✧ ✧ ✧

આષાઢી સંવત ૧૮૫૯નું વર્ષ બેઠું અને આષાઢનો મેઘ આકાશમાં છવાયો. મોર પણ ગેલમાં આવીને પોતાની ડોકની સાંકળના ત્રણ ત્રણ કટકા કરીને ગેહુક ગેહુક ગહેકવા લાગ્યા. મલ્હાર રાગની એ સુરાવલિ સાંભળી વાદળાંઓ વરસવા લાગ્યાં. સૂર્યના તાપથી ધગેલ પૃથ્વી ટાઢી થઈ. તેના ઊના નિઃશ્વાસ ટાઢી વરાળ બની પૃથ્વીની માદક સુગંધ પ્રસરાવવા લાગ્યા. શ્રીહરિએ અહીં રથયાત્રાનો ઉત્સવ કર્યો. દેવપોઢણી એકાદશીએ સૌને વિશેષ નિયમો આપ્યા.

આષાઢની વદ બીજે શ્રીહરિ હિંડોળા ઉપર બિરાજ્યા. સંતો હિંડોલનાં પદો ગાવા લાગ્યા. શ્રાવણની પૂર્ણિમાનો ઉત્સવ પણ માંગરોળમાં જ કર્યો. રામાનંદ સ્વામીનું માંગરોળ કેન્દ્ર મજબૂત હતું. સમુદ્રકિનારે તેમણે મંદિર કર્યું હતું અને તેમાં રામ, લક્ષ્મણ અને જાનકીજીની મૂર્તિઓ સ્થાપી હતી.[૨૧૨] શ્રીહરિ ત્યાં રોજ દર્શને જતા. દર્શને જતા ત્યારે સાથે વ્યાપકાનંદ સ્વામીને રાખતા. અહીં તેમણે સમાધિ દ્વારા વિશેષ ઐશ્વર્ય બતાવ્યું.

શ્રીહરિ મૂળી પધાર્યા

શ્રીહરિ માંગરોળથી નીકળી સીધા મૂળી પધાર્યા. અહીં ભોગવતી નદીમાં સ્નાન કર્યું. તે વખતે ત્યાં હરખજી ખત્રી લૂગડાં ધોતો હતો. તેને શ્રીહરિએ પૂછ્યું : "ગામમાં ઊતરી શકાય એવું કોઈનું ઘર છે ?"

ત્યારે તેણે સામું પૂછ્યું : "આપ કોણ છો ?"

મહારાજે કહ્યું : "અમે બ્રહ્મચારી છીએ."

મહારાજનાં દર્શન કરતાં ખત્રી થોડો સમય વિચાર કરવા લાગ્યો. તેને થયું કે બ્રહ્મચારી તપસ્વી છે. વળી, સામાન્ય સાધુ-બાવા જેવા નથી. તેથી તેમને ગમે તેને ઘેર તો મોકલાય નહિ. થોડી વારે તેણે કહ્યું : "મહારાજ ! અહીં ઘેલા જોશીનું ઘર છે. બહુ જ પવિત્ર બ્રાહ્મણ છે. આપ ત્યાં જાઓ."

પછી મહારાજ પૂછતા પૂછતા ઘેલા જોશીને ઘેર પધાર્યા. તપસ્વીને પોતાને

---

૨૧૨. રામાનંદ સ્વામીએ માંગરોળ, ભુજ અને અમદાવાદમાં રાયપુર દરવાજા પાસે અને બીજું આકાશેઠ કૂવાની પોળ પાસે, એમ ચાર મંદિરો કર્યાં હતાં. તેમાં રામ, લક્ષ્મણ અને જાનકીજીની મૂર્તિઓ પધરાવી હતી. એમણે લોજ વગેરે ગામોમાં હરિમંદિરો કર્યાં હતાં. પોતે જે રાધાકૃષ્ણની મૂર્તિઓ પૂજતા તે તેમણે શ્રીહરિને નિત્યપૂજા કરવા આપી હતી. — શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ; લેખક : વૈદ્ય મૂળજીભાઈ રામનાથ, પા. ૧૩૫.

આંગણે આવતા જોઈ વિપ્ર ઘેલા જોશી અત્યંત આનંદમાં આવી ગયા. તેમણે તરત જ પોતાના ફળિયામાં લીંબડો હતો તેની આજુબાજુ મોટો ચોતરો હતો તે ઉપર આસન પાથરી દીધું. પછી હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! રસોઈ બનાવશો કે અમારી રસોઈ જમશો ?"

મહારાજે કહ્યું : "આજે તો અમારે એકાદશીનો ઉપવાસ છે."

તે સાંભળી ઘેલા જોશીએ પૂછ્યું : "તો મહારાજ ! ફરાળ લાવું ?"

"તમારી મરજી." મહારાજે ફક્ત એટલું જ કહ્યું.

અતિથિમાં દેવને દેખવાની દૃષ્ટિ તે સમયના માનવીઓમાં હતી, જ્યારે આ તો સાક્ષાત્ પરમાત્મા હતા. ઘેલા જોશીનું અંતઃકરણ પણ આ બ્રહ્મચારીનાં પ્રથમ દર્શને જ તેમના સ્વરૂપમાં લુબ્ધ થઈ ગયું હતું. તેથી તે તો હરખભેર ઘેર આવેલી ગંગામાં સ્નાન કરવા જ લાગ્યો.

થોડી વારમાં ગામમાંથી તે પેંડા લઈ આવ્યો. પરંતુ વિપ્રની સ્ત્રી અમૃત-બાઈએ તેને કહ્યું : "બ્રહ્મચારીને એકલા પેંડા ન અપાય. આ દહીં પણ આપો." એમ કહીને દહીંનો વાડકો તેમણે ઘેલા જોશીને આપ્યો. ઘેલા જોશીએ દહીં અને પેંડા શ્રીહરિને આપ્યા. શ્રીહરિએ શાલિગ્રામને નૈવેદ્ય ધરાવી ફરાળ કર્યું. ફરાળ કરી ચળું કર્યું.

એટલામાં તો એક યોગી ત્યાં આવી ચડ્યો. શ્રીહરિની કૃશ કાયા જોઈ તેને એમ લાગ્યું કે આ બાવાજી પણ કોઈક યોગસાધના કરતા હશે. તેથી તે મહારાજ પાસે યોગની અનેક વાતો કરવા લાગ્યો. મહારાજે તેની વાત શાંતિથી સાંભળી અને પછી કહ્યું : "યોગની કેવળ વાતો કરવાથી કાંઈ અર્થ સરતો નથી. એ તો જ્યારે સિદ્ધદશા પ્રાપ્ત થાય ત્યારે જ આત્માનું દર્શન થાય."

શ્રીહરિના સ્વરૂપમાં બાવાજીને પણ યોગની સિદ્ધિના ઓળા દેખાયા. તેથી તે આગળ બોલ્યા નહિ. જ્ઞાનના લક્ષ્યાર્થની સિદ્ધિ વાચ્યાર્થીઓને મૂક બનાવી દે છે !

મહારાજ તે જ દિવસે ત્યાંથી નીકળવાના હતા. પરંતુ ઘેલા જોશીનો આગ્રહ મહારાજને રોકવાનો ઘણો હતો. તેની ઇચ્છા હતી કે કાલે સારી રીતે પારણાં કરાવીને જ બ્રહ્મચારીને જવા દેવા. મહારાજ પણ રોકાયા.

બીજે દિવસે ઘેલા જોશીએ સુંદર રસોઈ બનાવરાવી મહારાજને પારણાં કરાવ્યાં. પછી મહારાજનું પૂજન કર્યું. મહારાજે તેનો ભાવ જોઈ પૂછ્યું : "વિપ્ર ! કાંઈ ઇચ્છા છે ?"

ઘેલા જોશીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારે સાત દીકરી છે પણ

એકે દીકરો નથી."

મહારાજ તે સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જોશી ! તમારે ત્રણ દીકરા થશે. તેમાં મોટાનો વંશ રહેશે. દીકરીઓમાં જે નાની કુશળ છે તેનો વંશ રહેશે." એ પ્રમાણે વરદાન આપી મહારાજ ત્યાંથી નીકળી ગયા.[૨૧૩]

મહારાજ ત્યાંથી નીકળી ટીકરેપુર ગામમાં પધાર્યા. પરમારોનું આ ગામ હતું. ગામના તળાવમાં ઘોડાને પાણી પાયું. એટલામાં વસ્તા સુથાર ત્યાં આવ્યા. મહારાજનાં દર્શન કરી બે હાથ જોડી કહ્યું : "મહારાજ ! સારું થયું આપ પધાર્યા. મારે કાશીએ જાત્રા કરવા જવાનો સંકલ્પ છે તો આશીર્વાદ આપો કે જાત્રા નિર્વિઘ્ને થાય."

મહારાજે તેને કહ્યું : "તારે તો આ દર્શન થયાં તે આંહીં જ ગોકુળ, મથુરા, કાશી, અયોધ્યા, જગન્નાથપુરી, બદરીનાથ, મુક્તિનાથ, દ્વારકા વગેરે તીર્થોની જાત્રા થઈ ગઈ. જેને હરિ-હરિજનમાં હેત છે, તેને તો ઘેર બેઠાં તીરથ છે. માટે તું હવે કાશી જઈશ નહિ, અને જો જઈશ તો પાછો આવી શકીશ નહિ."

મહારાજના આ શબ્દો સાંભળી વસ્તો હેબત ખાઈ ગયો. તેણે કાશી જવાનો વિચાર ત્યાં જ માંડી વાળ્યો.

ભોગવતી નદીને આશીર્વાદ

મહારાજ તેને એ પ્રમાણે કહીને પાછા મૂળી તરફ પધાર્યા. ભોગાવાના કિનારે મહારાજ થોડું થંભ્યા. મહારાજની દૃષ્ટિ સ્થિર હતી. એકાગ્રતાથી કાંઈક સાંભળતા હોય તેમ કાન સરવા કર્યા હતા. થોડી વારે બે હાથ ઊંચા કરી આશીર્વાદ આપતા હોય તેવી ચેષ્ટા પણ કરતા હતા. તે વખતે ત્યાં હીરાચંદ નામનો એક વણિક મહારાજની આ બધી ચેષ્ટા જોઈ રહ્યો હતો. મહારાજે હાથ ઊંચા કર્યા અને તરત જ તેને ત્યાં સમાધિ થઈ ગઈ.

તે સમયે ભોગવતી નદી સ્ત્રીનું રૂપ ધારણ કરી મહારાજની પૂજા કરવા આવી. મહારાજ ઘોડા ઉપરથી નીચે ઊતરી ગયા. ઘોડાની સરક એક હાથમાં પકડી બીજો હાથ કેડ ઉપર રાખી મહારાજ ઊભા રહ્યા. ભોગવતીએ મહારાજની પૂજા કરી. મહારાજે તેને કહ્યું : "તેં મારી પૂજા કરી છે તેથી તારાં સર્વે પાપ બળી ગયાં. હવે તું મારું ધ્યાન કરજે એટલે તારો મનોરથ પૂરો થશે. ઉન્મત્ત ગંગાએ જેવું તપ કર્યું છે તે પ્રમાણે તું તપ કરીશ તો તારા તટ ઉપર

૨૧૩. તદ્રૂપાનંદ સ્વામીની વાતું; પા. ૪.

શ્રીકૃષ્ણનો નિવાસ થશે. તેથી તારો અપાર જશ ગવાશે, મહિમા વધશે."[૨૧૪]

એટલામાં હીરાચંદ વણિક સમાધિમાંથી જાગ્રત થયા. શ્રીહરિને જોઈને તેમને તે દંડવત્ કરવા લાગ્યા. માણસો ત્યાં એકઠા થઈ ગયા હતા. હીરાચંદે દિવ્ય દર્શન કર્યાં હતાં તેની તેને વાત કહેવી હતી. તેણે કહ્યું : "મહારાજ ! પુરની ઉત્તર બાજુ નદીતટે સુવર્ણનો કોટ મને દેખાયો. તેની અંદર ત્રણ શિખરનું ભવ્ય મંદિર મેં જોયું. તેનાં શિખર આકાશમાં અડતાં હતાં. તેના ઉપર કનકના કળશ ઝગમગતા હતા. મધ્ય મંદિરમાં ત્રણ મૂર્તિ છે. બાજુના મંદિરમાં બે મૂર્તિઓ છે."[૨૧૫] હીરાચંદ બોલ્યે જ જતા હતા. શ્રીહરિએ તેને પોતાના સંકલ્પને મૂર્તિમાન કરી ભવ્ય મંદિરનું દર્શન કરાવ્યું.

મંદિરનિર્માણ પ્રવૃત્તિનો ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે શ્રીહરિએ કરેલા સંકલ્પો પ્રમાણે થયેલાં મંદિરોનો ઇતિહાસ, શ્રીહરિએ કરેલા આવા ઉલ્લેખોના આધારે શ્રીહરિના સમકાલીન સંતોએ રચેલા ગ્રંથો પ્રમાણ કરશે. આવા નક્કર પુરાવાઓને નકારી કાઢવાની નાસ્તિક બુદ્ધિ પછી કોઈની રહેશે નહિ.

શ્રીહરિ ત્યાંથી નીકળી ફરતાં ફરતાં પાછા સોરઠમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા માંગરોળ પધાર્યા.

અમદાવાદથી અહીં હરિભક્તો આવ્યા હતા. શ્રીહરિએ તેમને રઘુનાથદાસના સમાચાર પૂછ્યા. આ પ્રશ્ન સાંભળી તે ભક્તો જરા વીલા પડી ગયા. તેમણે કહ્યું : "મહારાજ ! રઘુનાથદાસે તો ત્યાં ભારે ધાંધલ મચાવી છે. આપના વિરુદ્ધ ઘણું બોલે છે, આપની નિંદા પણ કરે છે. ત્યાં કોઈને સત્સંગનું સુખ આવતું નથી."

---

૨૧૪. उन्मत्त गंगा सम तप करो तोइ, कृष्ण निवास तट करहि सोई ।
कृष्णसे जस तेरो होव हि अपारा, एसो हमने कीयो निरधारा ॥
तेरे हित हम आये यह ठोरा, दुराचार रहे देश हि जोरा ।
दुराचारी तो में नाये हे जेते, एसे जन निर पिये हि ते ते ॥
कंटाल तरु के धरे सो देहा, देखत हित आयै हम यहा ।
तेरो तप जोई तत्काला, कृष्ण यहां वसहि दयाला ॥
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૬, લે. આધારાનંદ સ્વામી.

શ્રીજીમહારાજનાં આ વચન અનુસાર આજે ભોગાવા નદીને કાંઠે ત્રણ શિખરનું સુંદર મંદિર દેખાય છે જેમાં મૂર્તિપ્રતિષ્ઠા આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજીએ કરી છે.

૨૧૫. દક્ષિણ તરફના મંદિરમાં શ્રીઅક્ષરપુરુષોત્તમ મહારાજની આરસની બે ભવ્ય મૂર્તિઓ છે.

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જેમ ભગવાનનું જોર વધે, તેમ માયાનું પણ જોર વધે. પણ તમારે કોઈએ મૂંઝાવાની જરૂર નથી. રઘુનાથની ઉપાધિ તો ઝાકળના બિન્દુ જેવી છે. સૂર્યના પ્રકાશમાં તે ઊડી જશે."

શ્રીહરિનાં આ વચનો સાંભળી તે ભક્તોને શાંતિ થઈ. છતાં શ્રીહરિ પાસે બધો જ ખુલાસો કરવાનું તેમણે નક્કી કર્યું હતું. તેમણે કહ્યું : "મહારાજ ! આપની વાત સાચી છે. પરંતુ ત્યાં સુધીમાં અનેક જીવોના અંતરમાં આપના વિરુદ્ધ અસદ્‌ભાવ ઉત્પન્ન થશે તેનું શું ?"

તેમની આ મૂંઝવણ સાચી હતી. પરંતુ શ્રીહરિનું ઐશ્વર્ય પણ અદમ્ય હતું. તરત જ તેમણે કહ્યું : "અસદ્‌ભાવી જીવો હશે તેમને તો રઘુનાથદાસ વાત કરશે કે નહિ કરે તોપણ અસદ્‌ભાવ થવાનો જ. પરંતુ જે સદ્‌ભાવી જીવો હશે તેમને રાગ-દ્વેષથી ભરેલા આવા કંઈક રઘુનાથદાસ ભેગા થશે તોપણ કાંઈ અસર થવાની નથી. તમે તેની ચિંતા કરશો નહિ. ભગવાન માયાનું ચાલવા દેશે તેટલું જ તેનું ચાલશે."

શ્રીહરિના આ શબ્દોથી તે ભક્તોને શાંતિ થઈ. છતાં તેમણે કહ્યું : "તો પણ મહારાજ તમો રામદાસ સ્વામીને અમદાવાદ મોકલો જેથી તે કાંઈક દબાય."

શ્રીહરિને તેમની વાત વાજબી લાગી. તેમણે કહ્યું : "ભલે, આ ઉત્સવ પૂરો થાય એટલે રામદાસ સ્વામીને તમારી સાથે લઈ જજો."

જન્માષ્ટમીના ઉત્સવ ઉપર દેશ-પરદેશના સત્સંગીઓને કંકોત્રી લખી મહારાજે માંગરોળ તેડાવ્યા. તેથી હજારો હરિભક્તો આ પ્રસંગે માંગરોળ આવ્યા. રાત્રે સંતો કીર્તન-ભક્તિ કરવા લાગ્યા. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીજીમહારાજે જન્મ સમયે અષ્ટ પટરાણીઓ સહિત શ્રીકૃષ્ણરૂપે પોતાનાં દિવ્ય દર્શન આપ્યાં.[૨૧૬]

આવો અદ્‌ભુત પ્રતાપ મહારાજે આ ઉત્સવમાં બતાવ્યો હતો. આ વર્ણી સાક્ષાત્‌ ભગવાન છે એવો તે પ્રસંગે આવેલા તમામ હરિભક્તોને નિશ્ચય થયો.

---

૨૧૬. કડુથી કલ્યાણદાસ (પાછળથી અદ્‌ભુતાનંદ સ્વામી) પણ આ પ્રસંગે હાજર હતા. પોતાની નજરે દીઠેલ આ પ્રસંગની વાત કરતાં તેઓ કહેતા કે "હું પણ ત્યાં ગયો હતો. મહારાજે રાતના બારથી સવારના ચાર વાગ્યા સુધી શ્રીકૃષ્ણ અને અષ્ટ પટરાણીઓ સહિત સૌને દર્શન આપ્યાં હતાં. પછી તે સ્વરૂપો મહારાજના સ્વરૂપમાં લીન થઈ ગયાં."

– અદ્‌ભુતાનંદ સ્વામીની વાતું; પા. ૩, સંપાદક : શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ.

નવમીને દિવસે મહારાજે સભામાં સૌ સંતો-હરિભક્તોને ઉદ્દેશીને વાત કરી : "સૌ સંતો-હરિભક્તો ! સાંભળજો. મોક્ષ માટે તમો સૌ અહીં ભેગા થયા છો. માટે મોક્ષ ન બગડે, તેમાં વિઘ્ન ન આવે તે માટે ત્યાગીઓના તથા ગૃહસ્થના ધર્મો તમને કહું છું."

પછી ચાર વર્ણ તથા આશ્રમના જુદા જુદા ધર્મો મહારાજે કહ્યા.[૨૧૭] પછી બોલ્યા : "જે ગૃહસ્થ હરિભક્ત છે તેમણે છ નિત્યકર્મ કરવાનાં છે. પ્રથમ સ્નાન કરવું, પછી ધ્યાન કરવું, પછી પૂજા કરવી, સત્પુરુષનો સમાગમ કરવો, ભગવાનના ગુણ ગાવા અને છઠ્ઠું ભગવાનના અષ્ટાક્ષર મંત્રનો જાપ કરવો. ત્યાગીઓએ અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું, સ્ત્રીઓથી ચાર હાથ દૂર રહેવું. આ પ્રમાણે ધર્મ પાળશે તો મોક્ષમાર્ગમાં કોઈ વિઘ્ન આવશે નહિ."

શ્રીહરિએ પછી રામદાસ સ્વામીને બોલાવ્યા. ખૂબ જ ગંભીરતાથી તેમને કહ્યું : "સ્વામી ! અમદાવાદથી ભક્તો આવ્યા છે. તેમણે રઘુનાથદાસની બધી વાત કરી છે. તેણે ત્યાં સત્સંગમાં અસદ્‌ભાવ પ્રવર્તાવ્યો છે અને સૌનાં મન ઊંચાં કરી દીધાં છે. માટે તમે ત્યાં જાઓ."

રામદાસ સ્વામી શાંતિથી આ સાંભળી રહ્યા. પછી તેમણે કહ્યું : "મહારાજ ! હું તો તમને પહેલેથી જ કહેતો હતો કે આને કાઢી જ મૂકવાની જરૂર છે. રામાનંદ સ્વામીએ પણ તેનું ભવિષ્ય ભાખ્યું હતું."

શ્રીહરિને રામદાસ સ્વામીની વાત વ્યવહારુ ન લાગી. તેમણે શાંતિથી કહ્યું : "જુઓ સ્વામી ! જો રઘુનાથદાસને આપણે કાઢી મૂકશું તો તે બહાર નીકળીને વધારે વિફરશે. ઘણા જીવોને ભમાવશે અને બહુ ભૂંડું કરશે. તે માટે સમજાવીને તે સત્સંગમાં રહે તેવું કરજો."

આવું નમતું જોખવાનું રામદાસ સ્વામીના સ્વભાવમાં ન હતું. તેમને શ્રીહરિની વાત ન ગમી. છતાં તેમને તેઓ પોતાના ઇષ્ટ માનતા હતા. તેમનો પ્રતાપ જોયો હતો. તેથી તેમણે કહ્યું : "ભલે, જેવી આપની આજ્ઞા. પરંતુ હું હજુ પણ જોઉં છું કે રઘુનાથ અંદર રહીને ઘણી ઉપાધિ કરશે. આ સત્સંગમાં તે ટકી શકશે જ નહિ."

શ્રીહરિ આ જાણતા હતા. તેમણે રામદાસ સ્વામીને કંઈ જવાબ આપ્યો નહિ. રામદાસ સ્વામી શ્રીહરિની આજ્ઞા લઈને થોડા સાધુને લઈને ગુજરાતના હરિભક્તો સાથે અમદાવાદ જવા નીકળી ગયા.

---

૨૧૭. આ ઉપદેશ 'નારાયણગીતા'ને નામે સત્સંગમાં પ્રસિદ્ધ છે.

સોરઠમાં સમાધિનો પ્રભાવ

શ્રીહરિએ કાલવાણી, માંગરોળ વગેરે ગામોમાં સમાધિ દ્વારા પોતાનો અદ્ભુત પ્રતાપ જણાવ્યો. તેમનો પ્રતાપ જોઈ, ગામેગામથી લોકો માંગરોળ આવવા લાગ્યા. તેમને દરેકને તેમના ભાવ પ્રમાણે, ઉપાસના પ્રમાણે, પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન શ્રીહરિના સ્વરૂપમાં થવા લાગ્યાં. કેટલાકને સમાધિ થતી અને ત્રણ-ચાર દિવસ સુધી શબવત્ પડ્યા રહેતા. કેટલાક પંદર દિવસ સુધી, કેટલાક મહિના સુધી – એમ સમાધિ અવસ્થામાં દેહનું ભાન ભૂલી પડી રહેતા. તેમના સંબંધીઓ તેમને શોધવા આવતા ત્યારે તેમને સૌને એક બાજુએ ઉપરાઉપરી ખડકી રાખ્યા હોય તેમાંથી શ્રીહરિ શોધી લાવવાનું કહેતા. તેઓ ત્યાં જઈને તેમના સંબંધીના દેહને શોધતા અને ફરી શ્રીહરિ પાસે આવતા, ત્યારે શ્રીહરિ ત્યાં આવીને સોટી અડાડતા ત્યારે તે ભક્ત ઊભા થઈ જતા. આવો શ્રીહરિનો અદ્ભુત પ્રતાપ જોઈ જે સદ્ભાવવાળા હતા તેમને શ્રીહરિના સ્વરૂપમાં પરમાત્મભાવનો નિશ્ચય થયો. જેને એવો ભાવ ન હતો તેઓ પોતાના સંબંધીઓની આવી સ્થિતિ થતી જોઈ ઉપાધિ કરવા લાગ્યા. આ સમાચાર મુક્તાનંદ સ્વામીને કચ્છમાં પહોંચી ગયા.[૨૧૮]

યોગવિદ્યામાં જેમની ચાંચ ખૂંપતી ન હોય તેઓ આવી અનેક પ્રકારની શંકાઓ કરે, સમાધિને જાદુ માને, મંત્રવિદ્યા માને. પોતાના અજ્ઞાનને લઈને આવી યોગવિદ્યાના મર્મને સમજી ન શકે. તેથી આવો પ્રતાપ જોઈ શ્રીહરિને જાદુગર સમજે.

શ્રીહરિ આવા અજ્ઞાનીઓનો ઓરતો કરતા નહિ. તેમની તેમને દયા આવતી. અષ્ટાંગ યોગની વર્ષો સુધી સાધના કર્યા છતાં પણ જે સિદ્ધિ શક્ય નથી, તે વિદ્યા તેઓ સહજમાં સિદ્ધ કરાવતા. કોઈકને અક્ષિવિદ્યા કરાવી ભગવાનની મૂર્તિનાં દર્શન કરાવતા, તો કોઈને બંને આંખોમાં ભગવાનનું ધ્યાન સિદ્ધ કરાવતા. કોઈને ષટ્ચક્રમાંથી કોઈ એક ચક્રમાં પ્રાણનો નિરોધ કરાવી પ્રણવનો નાદ સંભળાવતા. ઈડા, પિંગલા, સુષુમ્ણા નાડીમાં કેવી રીતે ગતિ કરવી તે શીખવાડતા. સૂર્ય અને ચંદ્રના લોકમાં પણ ગતિ કરાવતા. સ્થૂળ દેહને

---

૨૧૮. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૧લો, પૃ. ૨૬૩. લેખક : સ્વામી રૂઘનાથચરણ-દાસજી, જૂનાગઢ. તેમાં એવો ઉલ્લેખ છે કે મયારામ ભટ્ટે ભુજમાં જઈને મુક્તાનંદ સ્વામીને આ ખબર આપ્યાં હતાં.

સૂક્ષ્મ કરવાની રીત શીખવાડતા અને પરકાયા-પ્રવેશ પણ કરાવતા.[૨૧૯]

મગનીરામ શ્રીહરિના યોગમાં

તે સમયે દ્રાવિડ દેશનો મગનીરામ નામનો એક તાંત્રિક દેવીભક્ત સૌરાષ્ટ્રમાં તેના શિષ્યો સાથે ફરતો હતો.

બ્રાહ્મણ કુળમાં જન્મેલા મગનીરામના અંતરમાં પહેલાં તો પ્રભુપ્રાપ્તિની લગની હતી. તેથી તે માટે તે ફરતો ફરતો બંગાળ દેશમાં ગયો. અહીં એણે એવી વાત સાંભળી કે પીપા નામના એક રાજાએ શારદા દેવીને પ્રસન્ન કર્યાં

---

૨૧૯. *કોઈ રહ્યા અંતર્દૃષ્ટિ કરી, કોઈ દેખે દૃષ્ટિ આગે હરિ;*
કોઈ એક નેત્રે મૂર્તિ લાવે, કોઈ દોય દગમાં ઠેરાવે. ૩૮
કોઈ ઊલટાં પલટાવે નેણ, એમ શીખવે છે સુખદેણ;
તેમાં મૂર્તિ મીટેથી ન જાય, અક્ષિવિદ્યા એ નામ કહેવાય. ૩૯
ફેરી નેત્ર તાણે નાડીપ્રાણ, એહ અક્ષિવિદ્યાનું એંધાણ;
અનિમેષ રહે દગ દોય, એવું શીખવે શ્રીહરિ સોય. ૪૦
ષટ્ચક્રમાંથી ચક્ર એક, શીખવે પ્રાણ રૂંધવા વિવેક;
એક ચક્રે રહી સુણે બહુરવ, એક ચક્રે રહી ગણે પ્રણવ. ૪૧
ઈડા, પિંગલા, સુષુમ્ણા નાડી, તેને મારગે ચલાવે દાડી;
રવિચંદ્રનો લોક પમાડે, કોઈને સુરપુર દેખાડે. ૪૨
કરાવે અન્ય તનમાં પ્રવેશ, જાણે પરના મનની અશેશ;
વળી પરના પ્રાણ કરે રૂંધ, એવું શીખવે જનને સુબુદ્ધ. ૪૩
જાણે પરના અંતરની આપે, તે તો શ્રીહરિના પરતાપે;
એવો પ્રતાપ ન જાય કૈયે, સહુ વિચારી રહ્યા છે હૈયે. ૪૪

— ભક્તચિંતામણિ; પ્રક. ૪૯. લેખક : સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી.

આ પ્રકારની સમાધિ સ્વયં પરમાત્મા અથવા તો તેમના સ્વરૂપ સાથે તાદાત્મ્ય પામેલા ગુરુની કૃપાથી જ થાય છે. તેથી તે સમાધિને કૃપાસમાધિ પણ કહે છે. ગુરુ શિષ્યને ત્રણ પ્રકારની દીક્ષાથી આ સમાધિના દિવ્ય આનંદનો અનુભવ કરાવી શકે છે. માનસદીક્ષા, સ્પર્શદીક્ષા અને દગદીક્ષા. યોગવસિષ્ઠ ગ્રંથમાં આ પ્રકારની સમાધિનો ઉલ્લેખ પણ મળી આવે છે :

दर्शनात् स्पर्शनात् शब्दात् कृपया शिष्यदेहके ।
जनयेद्यः समावेशं शांभवं स हि देशिकः ॥

ગુરુ પોતાના શિષ્યને દૃષ્ટિથી, સ્પર્શથી અને શબ્દથી પરમાત્માના દિવ્ય આનંદની અનુભૂતિ કરાવે છે અને જે આવો પ્રભાવ બતાવી શકે તે જ સાચા ગુરુ છે.

હતાં અને પ્રત્યક્ષ દર્શન દેતાં હતાં. આથી મગનીરામ એવા ગુરુની શોધ કરવા લાગ્યો કે જેણે શારદા દેવી પ્રસન્ન કર્યાં હોય. મગનીરામ ફરતો ફરતો એક ગામમાં પહોંચ્યો, જ્યાં એક વિપ્રે શારદા દેવીને સાધ્યાં હતાં. તે વિપ્ર પાસે મગનીરામ પહોંચ્યો. તે પણ દ્રાવિડ દેશનો બ્રાહ્મણ હતો. મગનીરામને જોઈ તે ખૂબ રાજી થયો. તેણે મગનીરામને સાધના બતાવી, સરસ્વતી દેવીનો સાક્ષાત્કાર કરાવ્યો. પછી જ્યારે મગનીરામે તેની રજા લીધી, ત્યારે તેણે કહ્યું : "તમે દ્રાવિડ દેશના બ્રાહ્મણ છો અને હું પણ દ્રાવિડ દેશનો બ્રાહ્મણ છું. માટે મારી પુત્રી સાથે તમો વિવાહ કરો."

મગનીરામ આ સાંભળી ચમક્યો. તેણે આજીવન બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું હતું. તેથી તેણે હાથ જોડી કહ્યું : "આપ તો મારા ગુરુ કહેવાઓ અને ગુરુપુત્રી મારી ભગિની કહેવાય. માટે આવો અનુચિત વ્યવહાર થઈ શકે નહિ."

ગુરુ આ સાંભળી અવાક્ બની ગયા ! બૃહસ્પતિના પુત્ર કચના જેવી મગનીરામની ધર્મપરાયણતા જોઈ ગુરુ પ્રસન્ન થયા.

મગનીરામ ત્યાંથી નીકળી જગન્નાથપુરીમાં આવ્યો. અહીં તેણે બાવાઓના અડ્ડા જોયા. ભગવાન મેળવવા હોય તો સાધુ પાસે જવું. ભગવાન ભૂલવા હોય તો બાવાઓનો સહારો લેવો. મગનીરામ તેના કર્મના લેખ પ્રમાણે અહીં આ અડ્ડામાં આવી પહોંચ્યો. તેણે અહીં બાવાઓનાં વિલાસી જીવન જોયાં, મંત્રવિદ્યાની સિદ્ધિથી બીજાને ડારતા જોયા, બાવાઓને ભોળા જનો પાસેથી નાણાં, પદાર્થો પડાવતા તેણે જોયા. આ અડ્ડાના સંગથી તેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ. તેને દુષ્ટ વિચારો આવવા લાગ્યા. ધર્મની, બ્રહ્મચર્યપાલનની ભાવના ઓસરવા લાગી. જગતના વિષયો ભોગવવાની આસક્તિ પ્રબળ થવા લાગી. તેના અધઃપતનની શરૂઆત થતી હતી તેનો તેને વિચાર ન આવ્યો. તેણે મંત્રસિદ્ધિ હાંસલ કરી. સિદ્ધિના બળે શિષ્યોનો જમેલો પણ જમા કર્યો.

મગનીરામ હવે ત્યાંથી નીકળ્યો. ગામોગામ ફરવા લાગ્યો. લોકો પાસે પૈસા પડાવવા લાગ્યો. શિષ્યમંડળમાં સ્ત્રીઓ પણ આવવા લાગી. ધન અને સ્ત્રીનો યોગ સંપૂર્ણ થયો તેથી બીજાં અનિષ્ટોમાં પણ તે ફસાયો. મદ્ય અને માંસનો ભોગી બન્યો. પ્રભુપ્રાપ્તિની ખોજમાં નીકળેલો, બ્રહ્મચર્યવ્રત ધારણ કરી ગુરુપુત્રીમાં બહેનની ભાવના રાખી વિવાહનું આમંત્રણ ટાળનાર સદાચારી મગનીરામ, બાવાઓના કુસંગમાં તેના સંસ્કારો, ધ્યેય બધું જ ભૂલી ગયો.

ફરતો ફરતો તે સૌરાષ્ટ્રમાં આવ્યો. અહીં રાજાઓની સભામાં જઈ દટ્ટણ

સો પટ્ટણ કરવાની બીક આપી તે પૈસા પડાવવા લાગ્યો. તેની સાથે જમની ફોજની સ્મૃતિ કરાવે એવા બાવાઓ વરવા વેશધારી, મદ્યપાનથી ધગેલ ત્રાંબા જેવી આંખોવાળા, કોઈ નાગા, કોઈ હુડધંગા, કોઈ ત્રિશૂળધારી તો કોઈ ચીપિયા અને ખંજરવાળા એવા બધા મગનીરામના શિષ્ય બની તેની સાથે ફરતા હતા. ઊંટ, નોબત, નિશાનડંકા બધું જ તે સાથે રાખતો. તેનો આ ઠાઠ જોઈને જ લોકો ડરી જતા, રાજાઓ નમતું જોખી નાણાં આપી દેતા.

ફરતો ફરતો તે પોરબંદર આવ્યો. અહીં ગોસાંઈજીના મઠનો વૈભવ જોઈ તેની દાઢ ગળી. ગોસાંઈને મંત્રનો પ્રભાવ બતાવ્યો. તેને પકડીને માર માર્યો અને પછી મનમાની રકમ પડાવી. બીકના માર્યા ગોસાંઈએ તેને કહ્યું : "અમારા જેવા દેડકા તો તેં ડાંભ્યા છે પણ મણિધર તને નથી મળ્યો. તારો ગર્વ તો જીવનમુક્તા ઉતારશે..."

મગનીરામ આ સાંભળી ચમક્યો. તેણે જીવનમુક્તાનું નામ સાંભળ્યું હતું. જગન્નાથપુરીમાં બાવાઓની જમાતમાં ક્લેશ કરાવી તેનો નાશ કરનાર નાનકડો વેરાગી અહીં સૌરાષ્ટ્રમાં આવીને ભોળાની જમાતમાં ભગવાન થઈ બેઠો લાગે છે. મગનીરામ વિચારે ચડી ગયો. તેને ગોસાંઈના શબ્દોથી ઝાળ લાગી. તેણે નિશ્ચય કરી લીધો, જીવનમુક્તાને જીવનથી મુક્ત કરી દેવાનો ! તરત જ તેણે માંગરોળની વાટ પકડી.

માંગરોળમાં તેણે શ્રીહરિના પ્રતાપની વાત સાંભળી. ત્યાંના નવાબ અને કાજી પણ શ્રીહરિના શિષ્ય બની ગયા હતા. પોતે જેનો પરાભવ કરવા આવ્યો છે તે જીવનમુક્તાના પ્રભાવની આ વાતો સાંભળી તેનું અંતર ક્રોધાગ્નિથી બળવા લાગ્યું. તે નવાબ પાસે થઈ શ્રીહરિ પાસે ગયો, સાથે શિષ્યોનો સમૂહ હતો.

અંતર્યામી પ્રભુ તો હસ્તામલકવત્ દેખતા જ હતા કે શ્રેયાર્થી પુરુષ કુસંગના યોગમાં ફસાયો હતો અને ભ્રષ્ટ થયો હતો. તેમને તેની દયા આવી. પરંતુ મગનીરામ તો તેના જુસ્સામાં હતો. સીધો જ મહારાજ પાસે તે આવ્યો અને વેગમાં બોલ્યો : "અરે જીવનમુક્તા ! આવું પાખંડ કેમ ચલાવો છો ? ભગવાન થઈને ફરો છો પણ અમારા જેવા સિદ્ધોની કાંઈક બીક તો રાખો."

શ્રીહરિ શાંતિથી તેની વાત સાંભળી હસ્યા. તેમણે ધીરેથી કહ્યું : "અમે તો લોકોને સદાચારનો ઉપદેશ આપી તેમનું કલ્યાણ થાય તેવું બતાવીએ છીએ પણ કોઈ પાખંડ ચલાવતા નથી. પાખંડ તો તમે ચલાવો છો."

મગનીરામ ઉશ્કેરાયો. તેની સિદ્ધાઈને અત્યાર સુધી કોઈએ પડકારી ન

હતી. આ જીવનમુક્તાએ તેના અહં ઉપર સીધો પ્રહાર કર્યો.

"જીવનમુક્તા ! તમે તો હજુ બાળક છો. અમારું પાખંડ નથી પણ સિદ્ધિ છે. જોવી હોય તો આ આખું નગર મહાસાગરમાં ડુબાડી દઉં."

શ્રીહરિ તેની સિદ્ધાઈની વાતો સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "એવી તમારી શક્તિ હોય તો અજમાવો. લોકોને ડરાવી આ બધો ઠાઠ રચ્યો છે, પણ પરમાત્મા પાસે કોઈની સિદ્ધિ ચાલતી નથી."

જેમ જેમ શ્રીહરિ મગનીરામનું માન મોડતા ગયા તેમ તેમ ક્રોધથી તે વિરૂપ બનવા લાગ્યો. તેને જીભાજોડી કરવાનું ઠીક ન લાગ્યું. તેથી સીધું જ કહ્યું : "મને રૂપિયા દસ હજાર આપો, નહિ તો મારણમંત્રથી તમને બધાને જમદ્વાર પહોંચાડી દઉં છું."

મગનીરામની વાતો તરફ લક્ષ્ય ન આપતાં શ્રીહરિ સંતો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે ફક્ત એટલું જ કહ્યું : "જોઈએ તો અન્ન આપીએ. રૂપિયા તો અમે ત્યાગી છીએ તેથી રાખતા નથી."

મગનીરામને શ્રીહરિની પ્રતિભા અદમ્ય લાગી. તેમની ધીરગંભીર વાણીમાં તેને અગ્નિના ટાઢા ડામ લાગ્યા. અંતરમાં તેને બીક તો લાગી પરંતુ બહારથી હિંમત રાખી તે બોલ્યો : "કાલે સવારે હું આવીશ, રૂપિયા તૈયાર રાખજો."

શ્રીહરિ ફરી હસ્યા. તેમણે કહ્યું : "ભલે, સવારે આવજો. અન્ન આપીશું."

મગનીરામ ધૂંધવાતો તેને ઉતારે ગયો. તેણે શારદા દેવીની આરાધના કરી. દેવી પ્રત્યક્ષ થયાં. દેવીએ તેને સ્મૃતિ કરાવી દીધી – તેના સંસ્કારની, તેની મુમુક્ષુતાની, ભગવાનની પ્રાપ્તિ કરવાની તેની અભીપ્સાની. મગનીરામ આ સાંભળી રહ્યો. તેની આંખો આગળ તેના સદાચારની, બ્રહ્મચર્યવ્રતના પાલનની, ભગવાન પામવાની ઉત્સુકતાની સ્મૃતિ તાજી થઈ ગઈ ! તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. પશ્ચાત્તાપના અગ્નિથી તેનું અંતર શુદ્ધ થતું ગયું. તેણે બે હાથ જોડી દીધા. માતાને દીનભાવે કહ્યું : "મારી મા ! હું મારગ ભૂલ્યો. બીજે રવાડે ચડી ગયો. આજે તમે મારી સાન ઠેકાણે લાવ્યાં." એટલું બોલતાં તો તે ગદ્‌ગદ થઈ ગયો. થોડી વાર થંભી તેણે કહ્યું : "મા ! મને સીધા રાહ પર મૂકો, ભગવાન ભેટાડો."

માના એક ઇશારાથી મગનીરામનું અંતર શુદ્ધ થઈ ગયું હતું. મા તેથી પ્રસન્ન થયાં. તેમણે કહ્યું : "તું જેની પાસે તારી સિદ્ધાઈ બતાવવા ગયો હતો તે જ પરમાત્મા છે, અક્ષરેશ છે. તારું કલ્યાણ તેઓ જ કરશે."

મગનીરામની આંખ ઊઘડી. તેને તેની સિદ્ધિમાં, સિદ્ધાઈના તોરમાં ધૃષ્ટતા લાગી. આખી રાત તેને ઊંઘ ન આવી. વહેલી સવારે તેણે ઝટ ઝટ સ્નાન તથા પ્રાતઃવિધિ પૂરાં કરી લીધાં. પછી ધોયેલાં સફેદ વસ્ત્રો પહેરી તે શ્રીહરિ પાસે ગયો. તે વખતે કેટલાક સંતો પ્રભાતી પદો ગાતા હતા, કેટલાક ધ્યાન કરતા હતા, કેટલાક પૂજાવિધિમાં બેઠા હતા. તેણે ત્યાં આવી સંતોને દંડવત્ કર્યા. રાતનાં એંઠાં વાસણ ઊટક્યાં ને વાસીદું વાળી એક સાધુને પૂછ્યું : ''શ્રીહરિ ક્યાં છે ?''

''પાછળ સભામાં બિરાજે છે.''

જવાબ સાંભળી તે બીતો બીતો તે તરફ જવા લાગ્યો. જેની ધાકથી ધરા ધ્રૂજતી હતી, રાજાઓ પરેશાન બની જતા હતા, તે આજે બાવીસ વર્ષના શ્રીહરિ પાસે ભીરુ બનીને જતો હતો. શ્રીહરિએ દૂરથી તેને આવતો જોયો પરંતુ જ્યારે તે પાસે આવ્યો ત્યારે તેના પ્રત્યે જોયું પણ નહિ. મગનીરામ શ્રીહરિને દંડવત્ કરવા લાગ્યો છતાં શ્રીહરિ તો સભામાં વાતો જ કરતા હતા. એક સંતે શ્રીહરિને કહ્યું : ''ગઈ કાલવાળો દેવીભક્ત મગનીરામ આવ્યો છે.''

શ્રીહરિએ તેની સામે જોયું. તેમની તેના ઉપર દૃષ્ટિ સ્થિર થઈ. તે આંખોમાં કરુણા હતી. પરંતુ સાથે સાથે મગનીરામની કસોટી કરવા માટેની તીક્ષ્ણતા પણ હતી. મગનીરામ શ્રીહરિ પાસે આવ્યો. તેમનો ચરણસ્પર્શ કર્યો અને હાથ જોડી બોલ્યો : ''પ્રભુ ! મારા ગુના માફ કરો. આપને ઓળખ્યા ન હતા. મારી સિદ્ધિના અભિમાનમાં આપની સામે ગમે તેમ બોલ્યો હતો. પ્રભુ ! મારા જેવા નીચ ઉપર, પાપી ઉપર દયા કરો. મારાં પાપ પ્રજાળો, મને પવિત્ર કરો. મારે સાધુ થવું છે.''

શ્રીહરિ તેની આ કાકલૂદી સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''મારા નિર્માની સંતોમાં તમે પોષાશો નહિ. તમારું અભિમાન ગળ્યું નથી. ફરી ક્યારે તે પ્રગટી ઊઠે તેનો કોઈ વિશ્વાસ અમને નથી.''

મગનીરામની આંખોમાંથી આંસુ પડતાં હતાં. તેણે કહ્યું : ''પ્રભુ ! આપ સાચું કહો છો. મારો વિશ્વાસ આવે તેવું કોઈ કાર્ય મેં કર્યું નથી. શોધવા નીકળ્યો હતો ભગવાનને પરંતુ ભેટી ગયા ભમરાળા બાવા ! તેમના સંગથી હું ભ્રષ્ટ થયો. પાપ કરવામાં પાછું વાળીને જોયું નથી. સાચું છે પ્રભુ ! આપ મારો શી રીતે વિશ્વાસ કરો ? આપના નિર્મળ હંસ જેવા સંતોમાં મારા જેવા બક સમાય નહિ.''

શ્રીહરિને તેની વાણીમાં પશ્ચાત્તાપનું ઝરણું દેખાયું, છતાં તેને હજુ વધુ કસોટીએ ચડાવવાની તેમની ઇચ્છા હતી. શ્રીહરિએ તેને કહ્યું : ''મારા

સાધુમંડળમાં રહેવું તમારે માટે કઠણ પડશે. તેમ છતાં તમે શિરની જટા ઉતારી નાખો. જટાના વાળ સંતો જે રસ્તે જતા હોય ત્યાં પાથરી દ્યો, તેના ઉપર સંતો ચાલે. તમને એ કબૂલ હોય તો વિચાર કરીએ."

મગનીરામના હૃદયમાં આ સાંભળી અતિ આનંદ થયો. તેણે કહ્યું : "અહો પ્રભુ ! મારાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે મારી જટાના વાળ ઉપર સંતોની પદરજ પડે !"

બાવાઓને જટા પ્રિય હોય છે, તેનું તેમને અભિમાન હોય છે. છતાં મગનીરામે શ્રીહરિની વાત તરત જ સ્વીકારી લીધી. તેમાં શ્રીહરિના શરણ માટેનો તેનો ખપ જણાતો હતો.

શ્રીહરિ તેની આ વાત સાંભળી પ્રસન્ન થયા. પરંતુ તે પ્રસન્નતા તેમણે મુખ ઉપર બતાવી નહિ. તેમણે કહ્યું : "એટલું બસ નથી, મગનીરામ ! તમે ઘણા નિર્દોષ જીવોને સંતાપ્યા છે, ઘણાની હિંસા કરી છે. તે તમારું પાપ બાળવું હોય, શુદ્ધ થવું હોય, તો આ સંતોના જોડા એક ગાંસડીમાં બાંધી, માથે ગાંસડી રાખી, સંતોની પ્રદક્ષિણા કરો. અહીં છાણ-વાસીદું કરવાની, વાસણ ઊટકવાની સેવા કરશો ત્યારે શુદ્ધ થશો."

શ્રીહરિ જાણતા હતા કે મગનીરામનું અંતઃકરણ પાપના પશ્ચાત્તાપથી અને પોતાના શરણે આવવાની ઇચ્છાથી જ શુદ્ધ થઈ ગયું છે, છતાં બીજા સંતોને તેની પ્રતીતિ આવે તે માટે તેમણે આ પ્રમાણે કહ્યું. મગનીરામના અંતરમાં આનંદ વ્યાપી ગયો હતો. શ્રીહરિએ તેને સ્વીકારવાની હા કહી તે જ તેનાં મહદ્‌ભાગ્ય હતાં. તેણે તરત જ કહ્યું : "પ્રભુ ! આપની દયા અપાર છે. હરિશ્ચંદ્ર રાજા જો સત્ય માટે શ્વપચને ઘેર વેચાયા હતા, ત્યારે આપે તો મને આવા ભગવદ્‌ભક્ત સંતોની સેવા બતાવી છે. આપની આજ્ઞા મારે માટે શિરસાવંદ્ય છે."

શ્રીહરિ તેના ભાવથી પ્રસન્ન થયા. સૌ સંતોને પણ આશ્ચર્ય થયું. શ્રીહરિનું સ્વરૂપ તેને શારદા દેવીએ સાક્ષાત્‌ દર્શન દઈ ઓળખાવ્યું હતું. તે જ્ઞાનના ભાવથી મગનીરામે સંસારનું સુખ ઝેર સમાન કરી દીધું હતું. તેણે દાઢી, મૂછ, જટા ઊતરાવી લીધાં. જટાના વાળ રસ્તા ઉપર પાથરી દીધા. સૌ સંતોના જોડાની ગાંસડી વાળી માથે ઉપાડી સૌ સંતોની પ્રદક્ષિણા કરી. આ બધી ક્રિયા કરતાં કરતાં શ્રીહરિની મૂર્તિ પ્રત્યે તેની દૃષ્ટિ હતી.

પછી શ્રીહરિએ તેને બોલાવ્યા અને કહ્યું : "હવે સ્નાન કરીને અમારી પાસે આવો."

મગનીરામ સ્નાન કરી શ્રીહરિ પાસે આવ્યો. શ્રીહરિએ તેને ભાગવતી દીક્ષા આપી અને 'અદ્વૈતાનંદ' નામ આપ્યું.

મગનીરામનું આ રૂપાંતર સૌરાષ્ટ્રના સૌ રાજવીઓએ જાણ્યું, મઠોના અધિપતિઓએ જાણ્યું. સૌને લાગ્યું કે સ્વામિનારાયણનો પ્રતાપ સાચો. છતાં માનની અટંટાઈમાં શ્રીહરિ પ્રત્યે અંતરમાં સદ્ભાવ પ્રગટ કરી ન શક્યા. માન એ મોક્ષમાર્ગમાં મોટામાં મોટું વિઘ્ન છે.

ઐશ્વર્યથી ભગવાનપણું સમજવું નહિ

બીજે દિવસે શ્રીહરિ દૂધ તળાવડીએ નાહવા પધાર્યા. સાથે સંતો-હરિભક્તો હતા. રામચંદ્ર શેઠ પણ હતા. સૌએ શ્રીહરિ સાથે સ્નાનનો આનંદ લીધો. સ્નાન કર્યા પછી રામચંદ્ર શેઠે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! અહીં સ્નાન કરવાની તો સગવડ છે પરંતુ લૂગડાં ધોવા માથે પથ્થરની મોટી છીપર નથી એટલે આપદા પડે છે."

શ્રીહરિએ પૂછ્યું : "તો શું કરવું ?"

રામચંદ્ર શેઠને શ્રીહરિનો ચમત્કાર જોવાની ઇચ્છા થઈ હતી. તેમણે કહ્યું : "મહારાજ ! પેલે છેડે એક મોટી હજાર મણની છીપર પડી છે, તે જો અહીં ગોઠવાઈ જાય તો સૌની આપદા ટળી જાય !"

રામચંદ્ર શેઠને ચમત્કાર જોવાની ઇચ્છા થઈ તેથી શ્રીહરિને આશ્ચર્ય થયું. ભોળા હોય, જ્ઞાનમાં ઝાઝું ન સમજતા હોય તેમને કદાચ ચમત્કાર જોવાની ઇચ્છા થાય તે તો સમજાય, પરંતુ રામચંદ્ર શેઠ જેવા સમજુ ભક્તોએ પણ જો ચમત્કારોથી ભગવાનપણું માન્યું હોય તો તે ખરેખર ભૂલા પડ્યા છે. એવા ચમત્કાર તો દૈત્યોએ પણ સર્જ્યા હતા. હિરણ્યાક્ષ દૈત્ય આખી પૃથ્વીને પાતાળમાં લઈ ગયો તે કંઈ જેવો તેવો ચમત્કાર ન ગણાય. પરંતુ લોકોને કાંઈ નવીન જોવાની ઇચ્છા થયા જ કરે છે. તેવું જોયા પછી પણ તેમની જિજ્ઞાસા સંતોષાતી નથી અને અજ્ઞાન ટળતું નથી.

શ્રીહરિએ રામચંદ્ર શેઠને કહ્યું : "તમે એ પથ્થરને હાથ અડાડો અને તમારી પાછળ પાછળ જ્યાં તમારે મૂકવો હશે ત્યાં આવી જશે."

રામચંદ્ર શેઠને આ સાંભળી આશ્ચર્ય થયું. શ્રીહરિ તો તેમના દ્વારા આ અદ્ભુત કાર્ય કરાવવા ઇચ્છે છે. શ્રદ્ધા અને અશ્રદ્ધાની દ્વિધામાં પડી તેમણે તે પથ્થરને હાથ અડાડ્યો અને આગળ ચાલવા લાગ્યા. પથ્થર પણ તેમની પાછળ

પાછળ ખેંચાતો ગયો. જ્યાં તેઓ ઊભા રહ્યા ત્યાં પથ્થર સ્થિર થઈ ગયો. રામચંદ્ર શ્રીહરિના ચરણમાં નમી પડ્યા.

શ્રીહરિએ તેમને માથે હાથ મૂકીને કહ્યું : "ઐશ્વર્યે કરીને ભગવાનપણું માનશો તો ભૂલા પડશો. અત્યારે અમારે નામે અમારી આજ્ઞાથી ઘણા સમાધિ કરાવે છે, તે બધા કાંઈ ભગવાન છે ? જીવને જે અજ્ઞાનનો પાશ વળગ્યો છે અને તેથી તે પોતાનું શુદ્ધ સ્વરૂપ આત્મા-અક્ષર ભૂલી ગયો છે, તે અજ્ઞાન ટાળવું તે ભગવાનપણું ! પોતાના ભક્તને માયાથી પરાભવ ન થવા દેવા તે સાચું ઐશ્વર્ય ! આવો મર્મ નહિ સમજો તો સામાન્ય ચમત્કારો જોઈ ભૂલા પડી જશો અને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ જશો."

રામચંદ્ર શેઠ આ રહસ્ય સમજી ગયા.



ઉદ્ગીથ ૨૨

રામ, લક્ષ્મણ, જાનકીની મૂર્તિઓ પધરાવવાનો નિષેધ

(આ.સં. ૧૮૫૯-૧૮૬૦, ઈ.સ. ૧૮૦૨-૧૮૦૩)

માંગરોળમાં જ્યાં રામાનંદ સ્વામીએ દરિયા કિનારે મંદિર કર્યું હતું તેમાં ગોપીદાસ, જાનકીદાસ, શીતલદાસ વગેરે સાધુઓ રહેતા હતા. તેઓ રઘુનાથદાસના મળતિયા હતા અને શ્રીહરિના દ્વેષી હતા. તેઓ માનતા કે આ શ્રીહરિએ વૃદ્ધ રામાનંદ સ્વામીને ગમે તેમ સમજાવી ગાદી પચાવી લીધી છે; જ્યારે ગાદીનો ખરો હકદાર તો રઘુનાથદાસ છે. તે કહેતો કે રામાનંદ સ્વામી રાધાકૃષ્ણની ચલ મૂર્તિ પૂજતા તે શ્રીહરિ પાસે હતી, તેથી જ શ્રીહરિ આવા ચમત્કારો બતાવી શકતા હતા.

રાધાકૃષ્ણની મૂર્તિ શ્રીહરિ પાસેથી લઈ લેવા એક દિવસ તેઓ જૂથમાં આવ્યા. શ્રીહરિ તે સમયે પૂજા કરતા હતા. તેમણે શ્રીહરિને કહ્યું : ‘‘આ રાધાકૃષ્ણની પ્રતિમા અમને આપી દ્યો. અમારા ગુરુ રામાનંદ સ્વામી પાસેથી તમે પરાણે પડાવી લીધી છે.’’

આ અડબંગી સાધુઓનો આવો મિથ્યા પ્રલાપ સાંભળી શ્રીહરિ સાથેના સાધુઓ જરા ઊંચા-નીચા થવા લાગ્યા. પરંતુ શ્રીહરિએ તેમને કહ્યું : ‘‘આપણે શાંતિ રાખવી. તેમને મૂર્તિઓ લઈ જવી હોય તો ભલે લઈ જાય.’’

પરંતુ એમ કાંઈ તે મૂર્તિઓ આ અડબંગી સાધુઓને આપી દે તેવા શ્રીહરિ સાથેના સાધુઓ ન હતા. તેમણે કહ્યું : ‘‘રામાનંદ સ્વામીએ પોતે જ આપને મૂર્તિઓ પૂજવા આપી છે. રામાનંદ સ્વામીના સ્થાને આપ છો, તેથી આ મૂર્તિઓ તો તેમને અપાય જ નહિ.’’

શ્રીહરિને થયું કે આમાંથી નકામો ક્લેશ થશે. તેમણે શાંતિથી પૂજાવિધિ કર્યો. પરંતુ પેલા અડબંગી બાવાઓ તો કોલાહલ કરવા માંડ્યા.

એટલામાં એક હરિભક્ત ત્યાંથી નવાબ સાહેબને આ ધાંધલના સમાચાર

આપવા દોડી ગયો. નવાબને આ સમાચાર મળ્યા. પોતે જેને ગુરુ માને છે, જે ખુદાના પયગંબર છે તેમને બાવાઓ હેરાન કરે છે, તે સમાચાર સાંભળી નવાબે તરત જ આરબોની એક ટુકડી ત્યાં મોકલી. આરબ સિપાઈઓને આવતા જોઈ બાવાઓ ગભરાયા. આરબોએ તેમને કહ્યું : "યહાં ધાંધલ નહિ કરના, વરના મર જાયેગા."

બાવાઓને લાગ્યું કે હવે ધાંધલ કરવાથી મામલો વિશેષ બગડશે. તેઓ શાંતિથી ત્યાંથી ચાલી ગયા. બાવાઓએ નક્કી કર્યું કે હવે ત્રાગું કરવું. ચિતા ખડકી તેમાં બળી મરવું. તેમણે આ માટેની તૈયારીઓ કરી લીધી. ચિતાઓ તૈયાર કરી. શરીરે ટીલાં-ટપકાં કરી ગળામાં ફૂલહાર પહેરી નીકળ્યા. *'રામ રમણકી ત્યારી રામ, પ્રાણ પ્રયાણ કર જારી રામ'* – એમ બોલતા જાય અને ચિતાઓની પ્રદક્ષિણા કરતા જાય. આ સમાચાર દરબારમાં નવાબ સાહેબને મળ્યા. તેમણે તરત જ પોતાના કારભારી અમરસિંહ તથા દેવજીભાઈ લુહાણા, શામજીભાઈ તથા નગરશેઠ વગેરેને શ્રીહરિ પાસે મોકલ્યા. શ્રીહરિને પણ આ અનિચ્છનીય બનાવ અટકાવવો હતો.

શ્રીહરિને નમસ્કાર કરી તેઓ તેમની સન્મુખ બેઠા. ગોપીદાસ, શીતલદાસ, જાનકીદાસ વગેરેને પણ ત્યાં બોલાવ્યા. તેમણે તેમની હકીકત પૂછી ત્યારે તેમણે કહ્યું : "અમારા ગુરુ રામાનંદ સ્વામી પાસેથી રાધાકૃષ્ણની મૂર્તિઓ આમણે છીનવી લીધી છે, તે અપાવો."

અમરસિંહે તેમની આ વાહિયાત વાત સાંભળી જરા ગુસ્સે થઈને તેમને કહ્યું : "તમારાં ત્યાગ, ધતિંગ બધું અમે જાણીએ છીએ. રાધાકૃષ્ણની મૂર્તિઓ તો શ્રીહરિ પાસે જ રહેશે. તે સિવાય તમારે જે કહેવું હોય તે કહો."

બાવાઓ મૂંઝાયા. તેમણે કહ્યું : "આ શ્રીહરિ પાસે રાધાકૃષ્ણની મૂર્તિઓ છે તેથી તે ચમત્કાર બતાવે છે. અમારા મંદિરમાંની રામ, લક્ષ્મણ અને જાનકીજીની મૂર્તિઓ પણ જો ચમત્કાર કરીને પડાવી લે તો અમારી આજીવિકા બંધ થઈ જશે."

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અમારા સાધુ તો ભિક્ષા માગીને નિર્વાહ કરશે. પરંતુ દેવનું સ્થાપન કરી, તેમના નિમિત્તે પદાર્થો ભેગા કરી ભોગવશે નહિ."

એટલું કહીને શ્રીહરિએ તેમની સામે જોયું. પછી પંચને સંબોધીને તેમણે કહ્યું : "આ સર્વે સાધુઓ તો અમારા ગુરુભાઈઓ છે. તેઓ અમને જુદા માને છે

પણ અમે તેમને જુદા માનતા નથી. એમની આજીવિકા બંધ કરવાનો અમારો હેતુ પણ નથી. માટે આપ સર્વે પંચના સભ્યો જેમ કહેશો તેમ અમે કરીશું."

શ્રીહરિની આ વાત સાંભળી પંચના સભ્યોએ મસલત કરી નક્કી કરી લીધું. અમરસિંહ કારભારી સૌના વતી બોલ્યા : "તો હવે અમે તમને કહીએ છીએ કે રામાનંદ સ્વામીએ જે રાધાકૃષ્ણની મૂર્તિઓ આ શ્રીહરિને આપી છે તે તો તેમની પાસે જ રહેશે; પણ તમારા મંદિરમાં રામ, લક્ષ્મણ અને જાનકીજીની મૂર્તિઓ રામાનંદ સ્વામીના વખતની છે તે તમારા કબજાની ગણાશે."

શ્રીહરિ તથા તેમના સંતો આ ચુકાદો સાંભળી રાજી થયા. બાવાઓ શાંત પડ્યા. પણ ગોપીદાસને કાંઈક ચટપટી થઈ. તેથી તે એકદમ બોલી ઊઠ્યો : "જો આ શ્રીહરિ નવાં મંદિરો કરે અને તેમાં રામ-લક્ષ્મણની મૂર્તિઓ પધરાવે તો અમારાં જૂનાં મંદિરોની કાંઈ કિંમત રહે નહિ અને કોઈ ત્યાં દર્શને પણ ન આવે."

પંચના સભ્યોને ગોપીદાસની દહેશતમાં કાંઈ વજૂદ દેખાયું નહિ. શામજી શેઠ તથા નગરશેઠ અને અન્ય શાણા વણિકો જે ત્યાં આવી ગયા હતા તેમને બાવાઓની દયા આવી. આજીવિકા માટે જ મૂર્તિઓનું પૂજન-અર્ચન કરનારા આ બાવાઓએ પૂજેલી મૂર્તિઓમાં કેટલું દૈવત હોય !

શામજી શેઠે કહ્યું : "જુઓ, લોકો તો જ્યાં મૂર્તિઓમાં દૈવત હશે, જ્યાં મનને શાંતિ મળશે, અંતરમાં ભક્તિના ભાવ જાગશે ત્યાં જ જશે; પરંતુ કેવળ મૂર્તિઓ જોઈ કોઈ દર્શન કરવા નહિ આવે. રામાનંદ સ્વામીએ મૂર્તિઓ પધરાવી ત્યારે તેમાં દૈવત હતું, પરંતુ તમારા છળકપટભર્યા ભાવથી હવે એ મૂર્તિઓમાં ભગવાનનો વાસ હોય ખરો ?"

શ્રીહરિ તથા તેમના સાધુઓ શાંતિથી આ બધી વાતો સાંભળતા હતા. તેમણે પંચના સભ્યોને કહ્યું : "આમને કેવળ ઉદરપોષણનો સ્વાર્થ છે. તમે જે નિર્ણય કરશો તે અમારે માન્ય છે."

પંચના સભ્યોએ મસલત કરી. પછી અમરસિંહે કહ્યું : "શ્રીહરિ જે નવાં મંદિરો કરે તેમાં તેમણે રામ, લક્ષ્મણ અને જાનકીજીની મૂર્તિઓ પધરાવવી નહિ; પરંતુ રાધાકૃષ્ણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ વગેરે દેવોની મૂર્તિઓ પધરાવવી. વળી, તમારે નવાં મંદિરો કરવાં પડે તો તમારે રાધાકૃષ્ણ વગેરે દેવોની મૂર્તિઓ પધરાવવી નહિ. આટલો અમારો નિર્ણય બન્ને પક્ષે માન્ય રાખવાનો."

શ્રીહરિએ તરત જ પોતાની સંમતિ આપી. ગોપીદાસ, જાનકીદાસ વગેરેએ પણ કબૂલ કર્યું.

'અમે રામાનંદ સ્વામીના શિષ્યો છીએ, મૂળ સંપ્રદાય અમારો છે, રામાનંદ સ્વામીએ કરેલાં મંદિરો અમારાં છે, વર્ણી તો નવા આવેલા છે, તે મંદિરો ન કરી શકે, મૂર્તિઓ ન પધરાવી શકે' – આવા આવા ઝઘડાઓમાં જ્યારે સાધુઓ પડે છે ત્યારે તેઓ સાધુતા ખોઈ બાવા બની જાય છે. જેમણે કેવળ ઉદરપોષણ માટે જ ભેખ લીધો હોય, 'નવાં મંદિરો થતાં અમારાં મંદિરો પડી ભાંગશે, અમારી આજીવિકા ટળી જશે,' એમ પોતાના યોગ અને ક્ષેમ માટે પરમાત્માનો આશ્રય છોડી જે પંચનો કે અદાલતનો આશ્રય લેતા હોય તેઓ ભક્તિના કે જ્ઞાનના પાઠ ભણ્યા જ નથી, સત્સંગનાં રંગે રંગાયા જ નથી. પરમાત્માની પ્રતિષ્ઠા પરમાત્મ-ભાવ સિદ્ધ કરેલા સત્પુરુષો જ કરી શકે છે. તે મંદિરો ભક્તોથી ઊભરાય, તેમાં સ્થાપેલી મૂર્તિઓમાં તેમને પરમાત્મભાવની પ્રતીતિ આવે. તે જોઈ ક્લેશ, ઈર્ષ્યા કે ઝઘડો કરવા કરતાં ભક્તિભાવ કેળવી પરમાત્માનું આહ્વાન પોતાનાં મંદિરોમાં કરવું તેમાં પરમાત્મા પ્રત્યે વિશેષ ભક્તિ છે.

બાવાઓ ફરી ધાંધલ ન કરે તે માટે પંચે લખાણ કર્યું : "માંગરોળમાં તથા ભુજનગરમાં રામાનંદ સ્વામીનાં બે મંદિરો છે તેની માલિકી શીતલદાસ તથા જાનકીદાસની રહેશે અને અમદાવાદમાં રામાનંદ સ્વામીનાં બે મંદિરો છે તેની માલિકી રઘુનાથદાસ તથા ગોપીદાસની રહેશે. તે ઉપરાંત જમીન, વસ્ત્રો, પાદુકા, વાહન વગેરે જે જેના કબજામાં હોય તે તેની માલિકીનું ગણાશે."

આ પ્રમાણે દસ્તાવેજ તૈયાર કરી તેમાં શીતલદાસ તથા જાનકીદાસ વતી શામજી લુવાણાની સહી લીધી, રઘુનાથદાસ તથા ગોપીદાસના વતી અમદાવાદના ચતુર્વેદ નાગરે સહી કરી અને શ્રીહરિ વતી શેઠ ગોવર્ધનભાઈએ સહી કરી દસ્તાવેજની ત્રણ નકલો કરી. ત્રણેને સહીવાળી એક એક નકલ આપી. આ રીતે સમાધાન કર્યું.[૨૨૦] બાવાઓ રાજી થયા. શ્રીહરિએ પણ પ્રસન્ન થઈને તેમને આશીર્વાદ આપ્યા. પરંતુ તે આશીર્વાદની તેમને જરૂર ન હતી, તેમને મિલકતની જરૂર હતી.

✧

શ્રીહરિએ માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. હરિભક્તોને આનંદ કરાવ્યો. કૃપાસમાધિ દ્વારા હજારો મુમુક્ષુઓ અને અન્ય જનોને યોગમાર્ગની

૨૨૦. શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ; પા. ૧૪૪-૧૪૫. કર્તા : વૈદ્ય શાસ્ત્રી મૂળજી-ભાઈ રામનાથ. પ્રકાશક : વૈદ્ય શાસ્ત્રી રામકૃષ્ણ કેશવરામ, વડોદરા. ઈ. ૧૯૨૯.

ગહન સિદ્ધિઓ સહેજે સિદ્ધ કરાવી, પોતાનું પુરુષોત્તમ સ્વરૂપ પ્રગટ કર્યું.

માંગરોળથી શ્રીહરિ કાલવાણી પધાર્યા. કાલવાણીમાં પણ શ્રીહરિએ સમાધિ પ્રકરણ દ્વારા અનેકને પોતાની દિવ્યતાનો અનુભવ કરાવ્યો. અહીં શ્રીહરિએ શરદપૂર્ણિમાનો ઉત્સવ કર્યો.

લોજપુરમાં અન્નકૂટ ઉત્સવ : આ.સં. ૧૮૫૯

લોજથી હરિભક્તો શ્રીહરિને લોજમાં આવી અન્નકૂટનો ઉત્સવ કરવા આમંત્રણ આપવા આવ્યા. શ્રીહરિ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને તેમને કહ્યું : "અહીં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરવાનો અમારો વિચાર છે. એટલે અન્નકૂટ અહીં જ કરવા ઇચ્છા હતી. પરંતુ તમારો ભાવ જોઈ અમે હવે અન્નકૂટનો ઉત્સવ લોજમાં કરીશું અને પછી પ્રબોધિનીનો ઉત્સવ અહીં આવીને કરીશું."

શ્રીહરિની આ વાત સાંભળી સૌ પ્રસન્ન થયા. શ્રીહરિએ સ્વામી રામદાસ તથા બ્રહ્મચારી જયરામને અન્નકૂટના ઉત્સવની તૈયારી કરવા હરિભક્તો સાથે લોજ જવા આજ્ઞા કરી અને તેમને કહ્યું : "તમો ત્યાં જઈ તૈયારી કરો અને અમો ધનતેરશે ત્યાં આવીશું."

શ્રીહરિ ધનતેરશે લોજમાં પધાર્યા. ગામના ભક્તોએ શ્રીહરિનું અદ્‌ભુત સ્વાગત કર્યું. તે જોઈ એક ડોશી બોલી ઊઠી : "અહો ! આ તો સરજુડો, છાણ મેળાવી છાણાં થાપતો'તો ઈ ! આજ મોટો ભગવાન થઈ ગિયો !"

બાઈઓ પણ બધી ટોળે વળી શ્રીહરિનાં દર્શન કરતી હતી. તેમનું મન શ્રીહરિની મૂર્તિમાં પરોવાઈ ગયું હતું. તેમણે ડોશીને કહ્યું : "જીભ સખણી રાખ. ભગવાન તે કાંઈ થાવાતું હશે ? ઈ તો હોય જ ! અમે આમને લોજની વાવે પહેલાં જોયા ત્યારથી જ નક્કી કર્યું હતું કે આ તો ભગવાન છે."

ડોશીને કાંઈ આ વાત સમજાણી નહિ. તે તો આંખ ઉપર હાથની છાજલી કરીને મહારાજને જોતી જોતી કાંઈનું કાંઈ બોલતી હતી : "અરે ! રામાનંદે તો આના સારુ ગામનો આવળ કપાવી ગામને ઉજ્જડ કરી નાખ્યું."

મહારાજ ગામના ભાવિકોની આ વાત સાંભળી મંદમંદ હસતા હતા. તેમને થયું કે ભગવાનનો નિશ્ચય તો આમ જ થાય - કોઈને પૂર્વસંસ્કારથી, કોઈને સંગથી.

મહારાજ મંદિરે પધાર્યા અને 'સહજાનંદ સ્વામીનો જય'થી વાતાવરણ

ગુંજી ઊઠ્યું.

શ્રીહરિએ લોજમાં ધામધૂમથી અન્નકૂટનો ઉત્સવ કર્યો. દેશદેશના હરિભક્તો આવ્યા હતા. સૌએ લાભ લીધો. અહીં શ્રીહરિ તેમની જૂની રીત પ્રમાણે સંતોને યોગ શીખવતા, કથાવાર્તા પણ કરતા. નિયમોનું બંધન પણ આપતા અને કહેતા : "શરીર પુષ્ટ હોય તો બ્રહ્મચર્ય ન પાળી શકાય. ઇન્દ્રિયો વકરે અને ધર્મભ્રષ્ટ કરે. માટે શરીરનું તો તપથી દમન કરવું. કોઈ પણ પ્રકારના સત્ત્વ વગરનો આહાર – પાશેર ભાર જ – કરવો."

સંતોને આ વાત સાંભળી રામાનંદ સ્વામીના શબ્દોની સ્મૃતિ થઈ ગઈ. તેમણે કહ્યું : "મહારાજ ! રામાનંદ સ્વામી પણ આ જ કહેતા. એક સાધુનું શરીર પુષ્ટ જોઈ તેમણે ટકોર કરી હતી કે ઇન્દ્રિયો ભજન-ભક્તિથી વિરામ પામી જાય, પણ પૌષ્ટિક આહારથી પુષ્ટ થાય અને ધર્મમાંથી ભ્રષ્ટ કરે. માટે પાશેરનો ગોળો જ ખાવો."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા.

દીવ બંદરના વણિક પ્રભાનંદ સ્વામી બને છે

એક દિવસ દીવ બંદરના એક વણિક ભક્ત ત્યાં આવ્યા. રામાનંદ સ્વામીના તે શિષ્ય હતા. રામાનંદ સ્વામીને તે ભગવાન માનતા હતા. રામાનંદ સ્વામીનો તેમને યોગ થયો તે પહેલાં તે એક વખત દરિયામાં માલ ભરેલું વહાણ લઈ દીવ બંદર તરફ જઈ રહ્યા હતા. એટલામાં દરિયામાં તોફાન થયું અને વહાણ બૂડે એવું થયું. તેમણે તરત દ્વારિકાનાથને સંભાર્યા. માનતા કરી કે "હે પ્રભુ ! આમાંથી જો ઊગરીશ તો અર્ધો માલ આપને અર્પણ કરીશ."

ભગવાનની કૃપાથી વહાણ ઊગરી ગયું. ઘેર આવ્યા અને અર્ધા માલનાં નાણાં તેમણે અનામત રાખ્યાં. પછી જ્યારે દ્વારિકા જવા તે નીકળ્યા ત્યારે રસ્તામાં તેમણે રામાનંદ સ્વામીની કીર્તિ સાંભળી : ભગવાન જેવા છે, મનુષ્યોનું કલ્યાણ કરવા જ પ્રગટ થયા છે.

તે સાંભળી તે લોજ આવ્યા. રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં. તેના અંતરમાં અત્યંત શાંતિ થઈ ગઈ. સ્વામીએ પણ તેને જોઈને કહ્યું : "તમે દ્વારકાની માનતા કરવા જાઓ છો ને ?" એમ કહી તેને જે જે વીતી હતી તે બધી વાત કહી દીધી. રામાનંદ સ્વામીનો આવો પ્રતાપ જોઈ તેને થયું : "અહીં જ ભગવાન છે. દ્વારકામાં તો બધા ગૂગળી છે."

તેણે સંકલ્પ કરી લીધો. માનતા અહીં પૂરી કરવી. ધન બધું તેણે સ્વામીની આજ્ઞા પ્રમાણે વાપરી નાખ્યું. સ્વામી પ્રસન્ન થયા. તેને આશીર્વાદ આપ્યા. માનતા કર્યાના સંતોષ સાથે તે ઘેર ગયો.

થોડાં વર્ષ બાદ રામાનંદ સ્વામી ધામમાં ગયાના સમાચાર તેણે સાંભળ્યા. તેને અત્યંત દુ:ખ થયું. રામાનંદ સ્વામીની ગાદીએ એક નાના વર્ણી આવ્યા છે. તેને વર્ણીનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. એ ઇચ્છાથી તે આજે અહીં આવ્યા હતા. ગાદીએ આવેલ નવા વર્ણી રામાનંદ સ્વામી જેવા અંતર્યામી છે કે નહિ તે તેને જાણવું હતું. શ્રીહરિ સભામાં બિરાજ્યા હતા. તે પણ સભામાં આવ્યા. શ્રીહરિએ તેને આવકાર્યા. પોતાની સન્મુખ બેસાર્યા. પછી શ્રીહરિએ ત્યાં બેઠેલા પાંચ વર્ષના એક નાના બાળકને કહ્યું : "આ શેઠ મનમાં અનેક સંકલ્પો કરીને આવ્યા છે, તો તે બધા સંકલ્પો તેમને કહો."

બાળકે શેઠના મનમાં ઊઠેલા તમામ સંકલ્પો કહેવા માંડ્યા. તે વણિકને બાળકની વાણી સાંભળી આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે "રામાનંદ સ્વામી તો અંતર્યામી હતા પરંતુ આ વર્ણીના તો આવા નાના શિષ્યો પણ અંતર્યામી છે, ત્યારે તેમના સંતો કેવા હશે !" વિચારને ઝોલે ચડેલા વણિકને લાગ્યું : "જેના શિષ્યો આવા પ્રભાવશાળી છે તેમના ગુરુ નક્કી ભગવાન હોવા જોઈએ."

શ્રીહરિ તેની સામું જોઈ મંદમંદ હસતા હતા. તંદ્રામાંથી જાગીને વણિકે શ્રીહરિને નમસ્કાર કર્યા. બે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપ તો સર્વોપરી પરમેશ છો. મારો આ નિશ્ચય અટળ રહે અને આપના સ્વરૂપનું ધ્યાન-ભજન અખંડ થાય એ માગું છું." શ્રીહરિએ તેને આશીર્વાદ આપ્યા.[૨૨૧]

તમારા ગુરુ સાકેતવાસી નથી થયા

એક દિવસ શ્રીહરિ સભામાં બિરાજમાન થયા હતા ત્યાં એક વૈરાગી આવ્યો. તેમને સભામાં બેઠેલા જોઈ તેમણે તેમને નમસ્કાર કર્યા અને બોલ્યો : "નમો નારાયણ !"

શ્રીહરિએ હસીને સામું કહ્યું : "નમો નારાયણ !"

પછી તે વેરાગીને તેમણે પૂછ્યું : "તારા ગુરુ ક્યાં ?"

વેરાગીની આંખમાં આંસુ આવ્યાં. તેણે કહ્યું : "ગુરુ તો સાકેતવાસી હો

૨૨૧. ત્રણ-ચાર વર્ષ પછી આ વણિકે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી અને મહારાજે તેનું 'પ્રભાનંદ સ્વામી' નામ પાડ્યું.

ગયે.'' શ્રીહરિ ફરી હસ્યા. તેથી તે વેરાગીને આશ્ચર્ય થયું. તેણે કહ્યું : ''મહારાજ ! મેરે ગુરુ સાકેતવાસી હો ગયે ઔર આપ હસતે હો ?''

શ્રીહરિએ કહ્યું : ''બાવાજી ! તારા ગુરુ સાકેતવાસી નથી થયા. અહીં જ છે !'' આ સાંભળી સભા સ્તબ્ધ બની ગઈ.

રામાનંદ સ્વામી હતા ત્યારે તેમની પાસે ગુરુ જાનકીદાસ અને તેનો આ શિષ્ય શીતળદાસ આવ્યા હતા. લોજમાં તેઓ એક માસ રહ્યા અને પછી જાત્રા કરવા નીકળી પડ્યા. યાત્રામાં જાનકીદાસ માંદા પડી ગયા અને અંતે દેહ પડી ગયો. શીતળદાસને ગુરુના મૃત્યુથી ઘણું દુઃખ થયું. તે પાછો લોજ આવ્યો. ગુરુના દેહત્યાગથી તેને બહુ દુઃખ હતું, તેમાં વળી શ્રીહરિએ તેને કહ્યું : ''ગુરુ સાકેતવાસી નથી થયા, અહીં જ છે.'' તેથી તેને આશ્ચર્ય પણ થયું.

શ્રીહરિએ શીતળદાસને કહ્યું : ''તમે તમારી પોથી અહીં મૂકી ગયા હતા તેમાં શું છે તે જાણો છો ?''

વેરાગીએ કહ્યું : ''હા મહારાજ ! એ પોથી લેવા જ હું આવ્યો છું. તેમાં ગીતાજીનું પુસ્તક, ચપ્પુ અને કાતર છે. એક સોનામહોર તથા અર્ધો રૂપિયો છે.''

શ્રીહરિએ કહ્યું : ''તે પોથી અહીં લાવો અને મારી પાસે છોડો.''

વેરાગીએ ગોખલામાં પોથી મૂકી હતી તે લીધી અને શ્રીહરિ પાસે લાવી તે છોડી. ગીતાનું પુસ્તક, ચપ્પુ, કાતર બાજુએ મૂક્યાં. પછી શ્રીહરિએ કહ્યું : ''આ ડાબલી ખોલો.'' વેરાગીએ તે ખોલી અને તરત જ નીચે મૂકી દીધી. શ્રીહરિએ પૂછ્યું : ''ડાબલી નીચે મૂકી કેમ દીધી ?''

વેરાગી બોલ્યો : ''ડાબલીમાં સોનામહોર છે તેની ઉપર સરપનો નાનો કણો ફરે છે.''

શ્રીહરિએ તે કણો બધાને બતાવ્યો. પછી વેરાગીને કહ્યું : ''બાવાજી ! આ તારા ગુરુ ! આ સોનામહોરમાં તેમની વાસના રહી એટલે આ કણોં બનીને અહીં આવી ગયા છે. સાકેતવાસી નથી થયા.''

બાવાજીને ગુરુજીના છેલ્લા શબ્દો યાદ આવ્યા : ''પોથીમાં સોનામહોર છે.''

શ્રીહરિએ તેને કહ્યું : ''લો આ ડાબલી અને તેમાંથી સાપનો કણો દૂર ફેંકી આવો.'' એમ કહી પોતે પોતાની કઠારીમાંથી થોડું જળ લઈ તે કણા ઉપર છાંટ્યું. સર્પ મૃત્યુ પામ્યો અને સમગ્ર સભા જુએ તેમ ગુરુનો આત્મા દિવ્ય દેહ ધારી ગોલોકમાં પ્રકાશમય બની ચાલ્યો ગયો !

બાવાજી દૂર જઈને તે ફેંકી પછી સભામાં આવ્યા.

સાધુની ઝોળીમાં જગત

શ્રીહરિએ પછી સભામાં સૌ સંતોને કહ્યું : ''સંતો ! સાંભળો. ધનના સંગ્રહમાં કેટલું પાપ છે તે જોયું ? તેમાંય જે ત્યાગી છે, જેમણે સંસારનો ત્યાગ કર્યો છે, તેમને તો ધનના સ્પર્શનો પણ નિષેધ છે. છતાં જો ત્યાગી ધન રાખશે, તેનો સંગ્રહ કરશે તો તેના કલ્યાણમાં જરૂર વિઘ્ન છે જ.''

શ્રીહરિએ સ્ત્રીઓના સંબંધનો સર્વ પ્રકારે નિષેધ તો કર્યો જ હતો. આજે આ ધનના નિષેધની વાત આવી. તેમણે કહ્યું : ''ધન અને સ્ત્રી આ બેમાં જ સંસાર રહ્યો છે. તેનો ત્યાગ ન કર્યો તો ત્યાગ્યું શું ? બાવાએ લંગોટીમાંથી સંસાર માંડ્યો. સાધુની ઝોળીમાં જો જગતના પદાર્થોનો સંગ્રહ હોય, તો તે ઝોળી જ સંસારરૂપ બની તેને બંધનરૂપ થશે.''

મહારાજની વાણી વેધક હતી. ત્યાગના અર્થની આવી કોઈએ સ્પષ્ટતા કરી ન હતી. શ્રીહરિની આ વાતોથી સૌ મુગ્ધ બની ગયા. સૌને લાગ્યું : સહજાનંદ સ્વામી ત્યાગનું ગૌરવ વધારશે. ત્યાગની એક વિશિષ્ટ પ્રણાલિકા સ્થાપશે. ત્યાગી થયા પછી પણ ધન અને સ્ત્રીની લોલુપતા હોય, કામ-ક્રોધાદિ દૂષણોથી અંતર વ્યસ્ત થતું હોય, છતાં તેના ઉન્મૂલનની જો મનમાં ઉત્સુકતા ન હોય, તો પછી એ ત્યાગની શોભા શું ?

શ્રીહરિની વિચારધારા અદ્‌ભુત હતી. વેરાગી પણ આ સાંભળી રહ્યો હતો. તેણે તેના ગુરુની દશા જોઈ. તેથી તેણે કહ્યું : ''મહારાજ ! આ સોનામહોર અને અર્ધો મારે હવે ન ખપે.''

શ્રીહરિએ કહ્યું : ''સોનામહોર અહીં કોઠારમાં આપી દ્યો. તેને વટાવી સદાવ્રતમાં સાધુઓ વાપરશે. અર્ધાનું કોઈને દાન કરી દેજો.''

વેરાગીનું અંતર હળવું થયું. તેણે સોનામહોર ત્યાં આપી દીધી. પછી પોતાની ઝોળી લઈ ચાલતો થયો.

નૃસિંહાનંદ સ્વામી દીક્ષા લે છે

ઉત્તર હિંદના વાસી નૃસિંહાનંદ સ્વામીને અંતરમાં તીવ્ર સંકલ્પ થયો કે આ દેહે કરીને ભગવાન મેળવવા અને જીવતાં મોક્ષ કરી લેવો. એ સંકલ્પથી તે ઘેરથી નીકળ્યા. ભારતનાં તમામ તીર્થોમાં ફર્યા પણ તેમને ક્યાંય શાંતિ થઈ નહિ. ફરતાં ફરતાં સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા. દ્વારિકા જવાનો સંકલ્પ હતો ત્યાં

તેમને કોઈએ કહ્યું : "સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે અને હાલમાં માંગરોળ પાસે લોજ ગામમાં બિરાજે છે."

તેઓ તરત જ શોધતાં શોધતાં લોજ આવ્યા. અહીં તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં અને અંતરમાં શાંતિ થઈ ગઈ. તેમણે વિચાર કર્યો કે જો અહીં રહેવા દે તો થોડા દિવસ રહીને સમાગમ કરીએ. શ્રીહરિએ તેમનો એ વિચાર જાણી કહ્યું : "અહીં થોડા દિવસ રહો અને વાતો સાંભળો."

તેમણે પણ નક્કી કરી લીધું. શ્રીહરિની વાતો સાંભળી તેમને નિશ્ચય થયો કે આ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સાક્ષાત્ છે. અન્ય સંતોના અનુભવો ને વાતોથી પણ પ્રતીતિ થઈ. તેથી તેમણે શ્રીહરિને કહ્યું : "મને દીક્ષા આપો."

તેમનો અધિકાર જોઈ શ્રીહરિએ તેમને દીક્ષા આપી અને નૃસિંહાનંદ નામ પાડ્યું.[૨૨૨]

લોજથી શ્રીહરિ કાલવાણીમાં પ્રબોધિનીનો ઉત્સવ કરવા નીકળ્યા. પરંતુ વચ્ચે મેઘપુર નારાયણ સોનીને ત્યાં રોકાયા. અગાઉથી જ આ ઉત્સવ કાલવાણીમાં કરવાનો હતો તે નક્કી હતું તેથી ગામોગામ કાગળો લખી દીધા હતા. એટલે ઝાલાવાડ, ગુજરાત તથા કચ્છથી પણ સત્સંગીઓ કાલવાણીમાં આવતા હતા.

મુક્તાનંદ સ્વામી શ્રીહરિને ઠપકો આપવા આવે છે

મુક્તાનંદ સ્વામી પણ કચ્છથી આવવા નીકળ્યા હતા. તેમને મયારામ ભટ્ટે ખબર આપ્યાં હતાં કે વર્ણીએ તો સત્સંગમાં યોગસાધના વગર સમાધિ પ્રકરણ ચલાવ્યું છે અને લોકોને અનેક પ્રકારના ચમત્કારો બતાવે છે. રામાનંદ સ્વામીએ સ્થાપેલા શુદ્ધ સંપ્રદાયને આથી કલંક લાગશે. આવી ભ્રામક વાતો અણસમજણથી મયારામ ભટ્ટે મુક્તાનંદ સ્વામીને કહી, તેથી સ્વામીનું મન ભમી ગયું. તેમને થયું : વર્ણી નાના, બિનઅનુભવી; તેમાં સ્વામીએ તેમને ગાદી સોંપી દીધી એટલે જ્ઞાનમાર્ગ છોડી ઐશ્વર્ય અને ચમત્કારનો તેમણે આશરો લીધો. તેમને આ માટે ઠપકાના બે શબ્દો કહેવાનું નક્કી કર્યું. એ જ ભ્રામક મનોદશામાં તેમણે સોરઠની વાટ પકડી.

---

૨૨૨. બીજા એક નૃસિંહાનંદ સ્વામીને શ્રીહરિએ કચ્છ વિચરણ વખતે ભાગવતી દીક્ષા આપી હતી - જેઓ મોટા નૃસિંહાનંદ તરીકે ઓળખાતા. અહીં લોજમાં દીક્ષા પામેલા નૃસિંહાનંદ સ્વામી 'નાના નૃસિંહાનંદ' તરીકે ઓળખાતા.

– નિર્ગુણદાસ સ્વામીની વાતું; વાર્તા : ૨૮૪, ૨૮૫

શ્રીહરિ સભામાં બિરાજમાન થયા હતા. સંતો-હરિભક્તોનાં વૃંદ તેમને વીંટળાઈને બેઠાં હતાં અને તેમની દિવ્ય મૂર્તિનાં દર્શન કરી રહ્યાં હતાં. એટલામાં સમાચાર આવ્યા કે મુક્તાનંદ સ્વામી આવે છે. શ્રીહરિ તરત જ પલંગ ઉપરથી ઊભા થઈ ગયા અને મુક્તાનંદ સ્વામી સન્મુખ ગયા. સ્વામીને જોઈ તેઓ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. એટલામાં સ્વામી પણ દોડ્યા અને શ્રીહરિને હાથ ઝાલીને ઉઠાડ્યા. બંને મહાનુભાવો પરસ્પર ભેટ્યા. આ શીતળ સ્પર્શથી મુક્તાનંદ સ્વામીના અંતરમાં વ્યાપેલો ક્રોધ શમી ગયો. તેમને શાંતિ થઈ ગઈ. શ્રીહરિ તેમને સભામાં હાથ પકડીને લાવ્યા અને તેમનો હાથ પકડી પલંગ ઉપર બેસાડ્યા. સંતો-હરિભક્તો પણ મુક્તાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિ ભૂમિ ઉપર મુક્તાનંદ સ્વામીની સન્મુખ બેઠા. શ્રીહરિની આ નમ્રતાથી, વિવેકથી સ્વામીને લાગ્યું કે વર્ણી ઉદ્ધત તો થઈ ગયા નથી. નમ્રતા છે એટલે વાળ્યા વળી જશે.

ભોજનનો સમય થઈ ગયો હતો એટલે તેમણે નિરાંતે ભોજન પછી જ શ્રીહરિને ઠપકો દેવાનું નક્કી કર્યું.

એટલામાં મુકુન્દવર્ણી જમવા બોલાવવા આવ્યા. શ્રીહરિ મુક્તમુનિને લઈને જમવા પધાર્યા. પોતાને માટે તૈયાર કરેલો બાજોઠ મુક્તમુનિને બેસવા આપ્યો. પોતે બીજા આસન ઉપર બિરાજ્યા. મુક્તમુનિને પ્રથમ પીરસાવ્યું અને પછી હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપ જમવાની શરૂઆત કરો."

મુક્તાનંદ સ્વામીને આટલું બધું સન્માન સાલવા લાગ્યું. તેમના મનના ભાવો બદલાવા લાગ્યા. ગુણનો વેગ શાંત થવા લાગ્યો. છતાં અંતરની ઉદાસીનતા ઓછી થઈ ન હતી.

બંને જમી રહ્યા પછી ઉતારે આવ્યા. ઉતારે શ્રીહરિને મુક્તમુનિએ એકાંતમાં મળી કહ્યું : "વર્ણી ! તમારી ઉંમર નાની છે તેથી અતિ ઉત્સાહમાં આ ચમત્કારોનું વહેણ વહેતું મૂકી દીધું છે, પણ તેથી સત્સંગનું ખરાબ થશે. લોકો આ ફેલથી ફેલી થશે, પાખંડ ધર્મ પ્રવર્તશે અને રામાનંદ સ્વામીનું કર્યું કરાવ્યું સર્વે ધૂળમાં મળી જશે. આગળ મોટી મોટી વિભૂતિઓ અને અવતાર થઈ ગયા પણ તેમણે કદી આવું પાખંડ ચલાવ્યું ન હતું. આમાં ભોળા ફસાશે. અમારા જેવા તો નહિ જ માને."

મુક્તમુનિની વિષાદભરી વાણીમાં તમોગુણનો ભાવ ભારોભાર ભર્યો હતો. શ્રીહરિએ તેમની વાત સાંભળી અને પછી નમ્રતાપૂર્વક કહ્યું : "સ્વામી !

આમાં હું કાંઈ કરતો નથી. ભક્તો રામાનંદ સ્વામીનું ભજન કરે છે અને તેમને સમાધિ થાય છે. તમને વિશ્વાસ ન આવતો હોય તો આ સંતદાસને પૂછો."

સંતદાસ પાસે જ બેઠા હતા. તેમને બોલાવ્યા. શ્રીહરિએ તેમના તરફ દૃષ્ટિ કરી અને તરત જ તેમને સમાધિ થઈ ! મુક્તમુનિએ તેમની નાડી જોઈ. નાડી ચાલતી હતી. તેમને ઉઠાડવા તેમણે પ્રયત્ન કર્યો પણ ઉઠાડી ન શક્યા. શ્રીહરિએ તેમના કાનમાં મંત્ર કહ્યો અને તરત જ તે જાગ્યા. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! ભ્રમણામાં ન પડો. આ વર્ણી એ સાક્ષાત્ ભગવાન છે અને રામાનંદ સ્વામી એ ઉદ્ધવ છે. મેં હમણાં જ સમાધિમાં આ જોયું છે."

એટલે શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમને સમાધિમાં રામાનંદ સ્વામીનાં દર્શન થયાં ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, ઉદ્ધવ સ્વરૂપે અને તેમણે મને કહ્યું કે મુક્તાનંદને કહેજો કે કેમ માનતા નથી ? મારા શબ્દો ભૂલી ગયા ?"

મુક્તાનંદને આ સાંભળી કાંઈક અંતર્દૃષ્ટિ થઈ, છતાં ઉદાસીનતા તો ન જ ટળી. તેમને આવા ઉદાસ જોઈ તેમના બે શિષ્યો - માધવદાસ અને જેઠો - તેમની પાસે આવ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! સમાધિ ખોટી નથી. અમે પણ અનુભવ કર્યો છે. માટે અમારું માનો અને આ શ્રીહરિએ આજે સત્સંગને જે રીતે વેગ આપી વિકસાવ્યો છે તેમાં ભળો."

આ સાંભળી મુક્તમુનિને પ્રતીતિ થઈ કે આજ સત્સંગમાં નાના-મોટા તમામ આ શ્રીહરિમાં સર્વ પ્રકારે જોડાયેલા છે તે તેમના ઐશ્વર્યથી કે ચમત્કારથી નહિ પરંતુ તેમના પરમાત્મભાવથી. તેમણે સત્સંગને વેગ આપ્યો છે. સ્વામી છતાં જે સત્સંગ હતો તે આજે ઘણો વિસ્તરી ગયો છે. આવા આવા વિચારોમાં તે ઊઠ્યા.

સાંજે શ્રીહરિ તથા મુક્તમુનિ અને તેમનું મંડળ કાલવાણી જવા નીકળ્યું. સીધા જ સ્નાન કરવા નદીએ આવ્યા. શ્રીહરિ તો તેમની સાથેના સંતો અને ભક્તો સાથે ઝડપથી આગળ ચાલવા લાગ્યા. વિષાદથી ઘેરાયેલા મુક્તમુનિ ધીમે ડગલે ચાલતા હતા. પર્વતભાઈ શ્રીહરિ સાથે હતા. મુક્તાનંદ સ્વામીને પાછળ રહી ગયેલા જોઈ તેઓ ઊભા રહ્યા. મુક્તમુનિ સાથે થઈ ગયા.

મુક્તાનંદ સ્વામી તથા પર્વતભાઈ નદીને આરે બેસી ગયા. પર્વતભાઈએ સ્વામીની મનોદશા પારખી લીધી હતી. પરંતુ તેમનો વિષાદ કેવળ વાતોથી ટળે તેવો ન હતો. તેથી તેમણે સ્વામીને વિચારના વંટોળમાં રહેવા દીધા. સ્વામી

વસ્ત્ર બદલાવી દિશાએ જવા તૈયાર થયા. ખાખરાના વનમાં આઘેરેક ગયા. પર્વતભાઈ પણ શુષ્ક મને તેમને જતા જોઈ રહ્યા.

સ્વામી દિશાએ જઈ પાછા વળતા હતા ત્યાં એકાએક તેમને તેમની સન્મુખ રામાનંદ સ્વામી દેખાયા. તરત જ હાથમાંનો લોટો બાજુ ઉપર મૂકી દંડવત્ કરવા લાગ્યા. તેમનો હાથ પકડી રામાનંદ સ્વામીએ તેમને ઊભા કર્યા. પછી ઠપકો આપતા હોય તેમ કહ્યું : "સ્વામી ! આટલા થોડા વખતમાં જ મારા શબ્દો ભુલાઈ ગયા ! મેં તમને નો'તું કહ્યું કે હું તો ડુગડુગીનો વગાડનારો છું અને વેશના ભજવનારા તો હવે આવશે. એ જ આ શ્રીહરિ ! મેં તમને ઓળખાવ્યા. પીપલાણામાં નરસિંહ મહેતાને ઘેર તેમનો મહિમા કહ્યો. જેતપુરમાં પટ્ટાભિષેક સમયે તેમનો મહિમા કહ્યો. આ શબ્દો બધા સાવ ભૂલી ગયા ? આ વર્ણી એ જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ કે શ્રીહરિ છે. આ નિશ્ચય પાકો કરી ગુરુપદનું માન મૂકી તેમના ચરણકમળમાં નમી પડજો."

મુક્તમુનિ ગુરુના આ દિવ્ય શબ્દોનું અમૃતની પેઠે પાન કરી રહ્યા હતા. તેમનું અંતર દિવ્ય આનંદથી સભર બની ગયું. તેમણે ઊંચે જોયું અને ખાખરાનાં લીલાં પાન વાયુની લહરીથી લહેરાતાં જોયાં. તેમને મનમાં લાગ્યું કે પાન લીલાં છે તો શાંતિથી લહેરાય છે. સૂકાં હોય તો ખડ ખડ અવાજ કરે. અંતર્દષ્ટિ કરી આપણે પણ લીલા બની રહેવું. શ્રીહરિના દિવ્ય સ્વરૂપના આનંદથી અંતર ભરી દેવું. અંતરની વાણી બોલવી, વૈખરી નહિ.

મુક્તાનંદ સ્વામીનું પરિવર્તન

તેમણે સ્નાન કર્યું. ખાખરાના વનમાંથી પુષ્પો ચૂંટ્યાં અને પછી ધીરે ધીરે ચાલવા લાગ્યા. પર્વતભાઈ તેમની રાહ જોઈને નદીકિનારે થોડે દૂર બેઠા હતા. ગુરુના મુખ પરનો આનંદ જોઈ તેમને આશ્ચર્ય થયું. ઘડી વાર પહેલાં તો વિષાદથી ઘેરાયેલા આ મુનિવર્ય અત્યારે કેમ એકાએક આનંદવિભોર બની ગયા ? તેમણે પૂછ્યું : "સ્વામી ! કાંઈ લાધ્યું ?"

મુક્તમુનિએ હસતાં હસતાં ડોકું ધુણાવ્યું. તેમણે કહ્યું : "હા, સ્વામી કહી ગયા." બંને ત્યાંથી ઉતારે ગયા.

સંધ્યાસમય થઈ ગયો હતો. આરતીટાણું થયું હતું. નાના છોકરા ઝાલર પાસે ડંકા લઈને તૈયાર ઊભા હતા. નગારા પાસે બે છોકરાં અંદર અંદર નગારું વગાડવા દાંડીઓ લઈ ઝઘડતા હતા. મુક્તમુનિ આવ્યા અને આરતીની તૈયારી

થઈ. તેઓ એકદમ શ્રીહરિ પાસે આવ્યા અને તેમને પ્રણામ કરી કહ્યું : "મહારાજ ! આ ગાદી ઉપર બિરાજો."

શ્રીહરિ તેમનો આ ભાવ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! આ તો ગુરુની ગાદી કહેવાય. તે ઉપર ન બેસાય."

"મહારાજ ! આજ સુધી છેતરાયો હતો પણ હવે તે ભ્રમ ટળી ગયો છે.[૨૨૩] તમે તો સાક્ષાત્ પરમાત્મા છો." એમ કહી તેમણે શ્રીહરિનો હાથ પકડ્યો અને ગાદી ઉપર બેસાર્યા. પૂજારી સાધુ પાસેથી આરતી લઈ લીધી અને શ્રીહરિ સમક્ષ ઊભા રહી તેમણે આરતી શરૂ કરી. નગારાં અને ઝાલરના ઘોષ વચ્ચે પણ મુક્તાનંદ સ્વામીના મૃદુ સ્વરમાં -

જય સદ્‌ગુરુ સ્વામી (૨) સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી... જય.
ચરણસરોજ તમારા વંદું કર જોડી (૨) ચરણે શીશ ધર્યાથી,
દુઃખ નાખ્યાં તોડી... જય.

આ શબ્દો સાંભળી સર્વે સ્તબ્ધ બની ગયા ! પર્વતભાઈને પણ આશ્ચર્ય થયું. મુક્તાનંદ સ્વામીમાં આ કેવું પરિવર્તન ! તેમના અંતરની આંખ ઊઘડી ગઈ હતી. જે સમજવાનું હતું તે સમજાઈ ગયું હતું.

મુક્તાનંદ સ્વામીએ આરતી ઉતારી, શ્રીહરિને દંડવત્ કર્યા. પછી પોતાના આસને બેઠા. તે વખતે મયારામ ભટ્ટ પણ શ્રીહરિને પગે લાગીને મુક્તમુનિ પાસે આવી તેમની બાજુમાં બેસી ગયા. ધીરેથી તેમણે પૂછ્યું : "સ્વામી ! તમને સમાધિ થઈ ?"

સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "શું ધૂળ સમાધિ થાય ! આ જ્ઞાન થયું તે જ સમાધિ ! રામાનંદ સ્વામીએ સમજાવી દીધું. તમને ઠપકાના બે શબ્દો કહ્યા : 'તમારી સંશયવૃત્તિથી તમે ભરમાઓ છો અને બીજાને પણ એવી દ્વિધામાં મૂકી દ્યો છો. માટે હવે સ્થિરબુદ્ધિ રાખી આ શ્રીહરિમાં પરમાત્મભાવ દૃઢ કરજો.' સ્વામીએ ખાસ તમારા માટે આ સંદેશો કહ્યો છે."

આ.સં. ૧૮૫૯ના કાર્તિક સુદ દશમીનો આ દિવસ હતો. દૂર બેઠેલા માણાવદરના આલસી ઘાંચી મુક્તાનંદ સ્વામી તથા મયારામ ભટ્ટની વાતો

---

૨૨૩. આ ભાવમાં તેમણે કીર્તન રચ્યું :

ભ્રમણા ભાંગી રે હો હૈયાની, નથી એ કેને વાત કહ્યાની,
વીતી હોય તે રે હો જાણે, અણસમજ્યા મર ઈર્ષા આણે.

(જનમ સુધાર્યો રે હો મારો... વગેરે પદોમાંનું બીજું પદ)

સાંભળવા કાન ખેંચતા હતા. તેમને કાંઈ સંભળાયું નહિ છતાં મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની આરતી ઉતારી, મયારામ ભટ્ટ પણ અત્યાર સુધી મૂંઝવણ અનુભવતા હતા તે હવે આનંદમાં દેખાય છે, એટલે તેમને પણ તેમના મનનું સમાધાન થતું લાગ્યું. તેમણે મનમાં નક્કી કર્યું હતું કે 'રામાનંદ સ્વામી વિના બીજો ભલે ઝાંઝર ખખડાવતાં લક્ષ્મીજી નારાયણ સાથે અથવા રાધા કૃષ્ણ સાથે દેખાડે તોપણ તેને ભગવાન ન જ માનું.' આજ તેમની આ ગ્રંથિ ગળતી હોય તેવું તેને પોતાને પણ લાગ્યું.

પ્રબોધિની એકાદશીને દિવસે સવારમાં શ્રીહરિ સભામાં બિરાજ્યા. મુક્તાનંદ સ્વામી પણ યથાસ્થાને બેસી ગયા. અશાંત અને ભ્રામક દશાના ભાવ ઓસરી ગયા હતા. અંતર નિર્મળ બની ગયું હતું. તેથી તેમના મુખની આભા પણ કાંઈ જુદી જ દેખાતી હતી. બીજા સદ્‌ગુરુઓ માટે પણ ગાદી પાથરી હતી. છતાં શ્રીહરિનું ભવ્ય વ્યક્તિત્વ અને મુક્તમુનિએ તેમનું સ્વીકારેલું શિષ્યત્વ નિહાળી બીજા કોઈ તેમને માટે નિયત કરેલી ગાદી ઉપર બેસી શક્યા નહિ. દેશોદેશથી આવેલા હરિભક્તો સભામાં વ્યવસ્થિત બેસી ગયા હતા.

હરબાઈ અને વાલબાઈ જુદાં પડે છે

શ્રીહરિ સભાને સંબોધવાની તૈયારી કરતા હતા એટલામાં હરબાઈ અને વાલબાઈ સભામાં આવ્યાં. તેમને જોઈ સંતો એકદમ ઊભા થઈ ગયા અને સભાની બહાર જઈ ઊભા રહ્યા. છતાં તે બંને તો સંતોએ સાચવેલી ધર્મમર્યાદાને અવગણીને બે ખાલી ગાદી ઉપર બેસી ગઈ. તેમના શિષ્યો પણ આજુબાજુ બેસી ગયા. શ્રીહરિ આશ્ચર્યવત્ તેમની સામું જોઈ રહ્યા. સભામાં અવ્યવસ્થા પથરાઈ ગઈ !

થોડી વારે શ્રીહરિએ તેમને સંબોધીને કહ્યું : "તમે સ્વયં દીક્ષિત બની ત્યાગીનો વેશ ધારણ કર્યો છે. ત્યાગીના ધર્મ પાળતાં નથી. પુરુષોની સભામાં મર્યાદા મૂકીને આવો છો. પુરુષોને વાતો કરો છો. આ બધું તમારા માટે યોગ્ય નથી. જો સત્સંગમાં રહેવું હોય તો સત્સંગની રીત પ્રમાણે વર્તવું પડશે."

શ્રીહરિના આ કડક શબ્દો સાંભળી હરબાઈ અને વાલબાઈને ખરેખરી ઝાળ લાગી ગઈ ! તેઓ જ્ઞાની કહેવાતી હતી. આત્માનંદ સ્વામીએ તેમને અપનાવી હતી. રામાનંદ સ્વામીએ પણ તેમને આત્માનંદ સ્વામીની શિષ્યાઓ જાણી, તેમણે તેમનો અદ્વૈત મત છોડ્યો એટલે અપનાવી હતી. તેમના સમયમાં

તેમને યથેચ્છ ફરવાની, વાતો કરવાની છૂટ હતી. તેમને તેમના ત્યાગીના ધર્મમાં કશી ઊણપ દેખાતી ન હતી. છતાં આજે આ નાના વર્ણી તેમની એ સ્વતંત્રતા ઝૂંટવી લેવા તૈયાર થયા હતા. તેમનું માન હણાયું હતું. એટલે જ્ઞાની છતાં ગુણના ભાવમાં આવી હરબાઈએ શ્રીહરિને કહ્યું : "તમે આત્માનંદ સ્વામી કે રામાનંદ સ્વામીની કક્ષાના નથી, ઉંમર નાની છે, અનુભવ ઓછો છે, છતાં આજે મોટી ગાદી ઉપર ચડી બેસી ધરમની મોટી મોટી વાતો કરો છો તે તમારા માટે યોગ્ય નથી." આટલું બોલતાં તેને શ્વાસ ચડી ગયો, આંખો લાલ થઈ ગઈ, મોઢાના ભાવ ફરી ગયા.

શ્રીહરિ શાંત હતા. બ્રહ્મજ્ઞાની કહેવડાવતી હરબાઈ અને વાલબાઈનાં સ્વરૂપ આ સભામાં ઉઘાડાં થતાં હતાં. શ્રીહરિને તેમના અંતરના બધા ભાવો બહાર લાવવા હતા. તેઓ શાંત રહ્યા એટલે વાલબાઈને ચાનક ચડી ગઈ : "અમે શુદ્ધ બ્રહ્મચારી છીએ. ઇન્દ્રિયોનાં દોર્યાં દોરાતાં નથી. એવા સંયમમાં રહીને આજે એંશી થયાં, પળિયાં આવી ગયાં. અત્યાર સુધી પુરુષનો સંસર્ગ રાખ્યો નથી અને હવે શું ભ્રષ્ટ થવાશે ? ભેદ તો સ્ત્રી અને પુરુષનો તમને છે. અમે તો બંનેને માંસ ને મેદનાં પૂતળાં સમજીએ છીએ."

વાલબાઈના ઉશ્કેરાટથી સભામાં કોલાહલ થવા લાગ્યો. શ્રીહરિની પણ તે મર્યાદા લોપવા લાગી એટલે સભામાં ઉશ્કેરાટ વધ્યો : "એ બંનેને બહાર કાઢો. સત્સંગમાંથી તેમને વિમુખ કરો. શ્રીહરિની પણ આમન્યા છોડી બેમર્યાદ બોલે છે અને વળી પોતાને જ્ઞાની અને બ્રહ્મવેત્તા કહેવડાવે છે !"

ધીરે ધીરે સભામાં ઉશ્કેરાટ વધવા લાગ્યો. શ્રીહરિએ જાણ્યું કે આ બાઈઓ સમજાવ્યે સમજશે નહિ. છતાં તેમને સમજાવી સત્સંગની મર્યાદામાં રાખવા માટે તેમણે કહ્યું : "સ્ત્રી અને પુરુષના પરસ્પર પ્રસંગનો તો શાસ્ત્રકારોએ પણ નિષેધ કર્યો છે. પુરાણનો ઇતિહાસ જોશો તો મોટા મોટા પણ એ પ્રસંગથી ભ્રષ્ટ થયા છે અને પોતાની પદવી થકી પડી ગયા છે. તમે ઇન્દ્રિયો જીતી હોય તોપણ અન્યના ઉપદેશ માટે પણ તમારે એ મર્યાદામાં રહેવું જોઈએ. મુક્તાનંદ સ્વામી અને રામદાસ ઇન્દ્રિયજીત હોવા છતાં અમારી આજ્ઞામાં રહી એ પ્રસંગથી દૂર રહ્યા છે. માટે તમારે પણ જો સત્સંગમાં રહેવું હોય તો આ આજ્ઞા પાળવી પડશે."

હરબાઈ અને વાલબાઈને આ ઉપદેશ અડ્યો નહિ. ગુરુપણાના અબાધિત હકો ભોગવ્યા પછી આજે શિષ્યત્વ સ્વીકારવું અને તે પણ આ નાના

વર્ણીનું તે તેમને અયોગ્ય લાગ્યું. સૌના આદિ ગુરુ પરમાત્મા છે એ ભાવ મોટા બન્યા પછી સૌ ભૂલી જાય છે અને પરમાત્માના સમોવડિયા થઈ એ ગાદી પચાવવા મિથ્યા પ્રયત્નો કરે છે. તે જ ભાવમાં હરબાઈએ શ્રીહરિને સ્પષ્ટ કહી દીધું : "તમારું તો આ કૂંડાળામાં ચાલે છે, માટે જો કાઢી મૂકશો તો અમે નવો પંથ ચલાવીશું. કલ્યાણનો ઈજારો તમારે ત્યાં નથી."

શ્રીહરિને આ જ વાત સાંભળવી હતી. તેઓ તરત જ સભા છોડી પોતાના ઉતારે પધાર્યા. પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને એકાંતમાં બોલાવ્યા. મુક્તમુનિને તેમણે પૂછ્યું : "સ્વામી ! આ બે બાઈઓનું હવે શું કરવું છે ? અંદર રહેશે તો બગાડ કરશે અને જે એકાંતિક ધર્મની આપણે સ્થાપના કરવી છે તેમાં વિઘ્ન નાખશે."

મુક્તાનંદ સ્વામી શ્રીહરિનો મહિમા જાણતા હતા. તેમની રુચિ પણ સમજતા હતા. એકાંતિક ધર્મની સિદ્ધિ માટે બ્રહ્મચર્ય પાલનની આવશ્યકતા છે જ અને તેને માટે સ્ત્રી-પુરુષના પરસ્પર સહવાસમાં મર્યાદાનું પાલન પણ જરૂરી છે જ. તેઓ જાણતા હતા કે શ્રીહરિ કૃતનિશ્ચયી છે. જે કાર્ય પોતે કરવા માટે પૃથ્વી ઉપર પ્રગટ થયા છે, તે કાર્યમાં ભક્તિભાવથી તેમની અનુવૃત્તિ સાચવીને વર્તવું એ પોતાનો ધર્મ સમજતા હતા. તેથી તેમણે કહ્યું : "મહારાજ ! અંતે આ બે બાઈઓ અને રઘુનાથદાસ સત્સંગમાં રહેનાર નથી. અને જ્યાં સુધી સત્સંગમાં રહેશે, ત્યાં સુધી ઘણો બગાડ કરશે. ઘણાનાં મન ભમાવશે. માટે તેમને ત્રણેને આપણે વિમુખ કરીએ તો જ આપણું કાર્ય અબાધિત ચાલશે અને સત્સંગમાં પણ શુદ્ધિ સચવાશે."

મુક્તાનંદ સ્વામી જેવા સત્સંગના અગ્રણીની આ સલાહ પડી, એટલે શ્રીહરિએ મુક્તમને નિર્ણય લઈ લીધો. પોતે સ્વયં ભગવાન હતા. પોતાની સ્વતંત્ર શક્તિથી કાર્ય કરવા સમર્થ હતા. પરંતુ આ લોકમાં મનુષ્ય સદૃશ્ય બન્યા તો પછી માનવીને અનુરૂપ ભાવો ગ્રહણ કરવા જ જોઈએ. મોટેરાઓ, બુદ્ધિશાળીઓ વગેરે સાથે મંત્રણા કરીને પછી કોઈ પણ પ્રશ્નના ઉકેલ માટે નિર્ણય લેવો.

તેઓ તરત જ સભામાં પધાર્યા. મુક્તાનંદ પણ તેમની પાછળ પાછળ આવ્યા. સભામાં શ્રીહરિ પોતાના આસને બિરાજ્યા. મુક્તમુનિ સભાથી દૂર જઈ જ્યાં બધા સંતો બેઠા હતા ત્યાં જઈ બેઠા. શ્રીહરિએ ફરી હરબાઈ અને વાલબાઈને સમજાવવા પ્રયત્ન કર્યો. પરંતુ ગુણનું કે પદનું માન છોડવું કઠણ છે. તે બંને બાઈઓએ સ્પષ્ટ કહી દીધું : "અમે કોઈના બંધનમાં નથી. તમારા

નિયમો, તમારા સિદ્ધાંતો અમને માન્ય નથી. અમે આજથી અમારા શિષ્યમંડળ સાથે તમારાથી જુદાં થઈએ છીએ.'' એટલું કહીને તે બંને બાઈઓ ઊઠી. તેનું શિષ્યમંડળ પણ ઊઠ્યું.

શ્રીહરિએ આ જોયું. તેમને એ શિષ્યમંડળની દયા આવી. મોક્ષ માટે તેઓ સત્સંગમાં આવ્યાં હતાં પરંતુ મનના માનેલા ગુરુમાં બંધાઈ ગયાં ! ભગવાન જે કેવળ શુદ્ધ સત્સંગમાં જ છે તેની મહોબ્બત તોડી; મોક્ષના માર્ગે કમાડ ભીડી ત્યાં મોટી ભોગળ જડી દીધી !

મુક્તાનંદ સ્વામી તથા સમગ્ર સત્સંગ આ જોઈ રહ્યો. તેમને હરબાઈ અને વાલબાઈની દયા આવી, તેમના શિષ્યમંડળની પણ દયા આવી. જે ભગવાનને પામવા માટે પોતે માનેલા ગુરુનો ત્યાગ કરી શકતો નથી તે ભક્ત જ નથી. પછી ભલે તે ત્યાગીના સ્વાંગમાં હોય કે ગૃહસ્થના ! બલિએ શુક્રાચાર્યનો ત્યાગ કર્યો તો વામન ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી શક્યા.

શુદ્ધ સત્સંગના નિયમો, તેનાં બંધન, તેમાં બીજાને સંકુચિતતા લાગે છે; પણ બાહ્ય અને આંતરશુદ્ધિ માટેનાં એ સાધનો અનિવાર્ય છે. ઇન્દ્રિયોના રાગ પોષવા, પોતાનું અહં પોષવા, શુદ્ધ સત્સંગથી આવાં ઘણાં મંડળો છૂટાં થઈ પોતાના પંથ ચલાવે છે. આવા પાર વિનાના પંથો મુમુક્ષુઓને ભરમાવે છે. તેમાં જોડાઈ અંતે સંસ્કાર અને મોક્ષ બંને ખોઈ બેસે છે.[૨૨૪]

શ્રીહરિ આખા અને પીપલાણામાં બે સ્વરૂપે પધારે છે

કાલવાણીમાં સમૈયો પૂરો થયો એટલે આખાના નારાયણ દવે તથા તેનો પુત્ર નરસિંહ તથા પીપલાણાના નરસિંહ મહેતા બધા મળી શ્રીહરિ પાસે આવ્યા અને શ્રીહરિને બે હાથ જોડી વિનંતી કરી : ''મહારાજ ! અમારે ગામ પધારો.''

શ્રીહરિએ કહ્યું : ''સારું, કાલે આવીશું.''

શ્રીહરિએ આમંત્રણ સ્વીકાર્યું એટલે તેઓ રાજી થઈ ગયા. શ્રીહરિ સાથે ત્રણ-સો સંતો-હરિભક્તો હતા. તે તમામ માટે ઉતારા, પાગરણ, રસોઈ વગેરેની તૈયારી કરવા તેઓ તરત જ નીકળી ગયા.

જ્યાંથી આખા ગામ અને પીપલાણાનો મારગ જુદો પડે છે ત્યાં આખા

---

૨૨૪. હરબાઈ અને વાલબાઈ છૂટાં પડી પોતાના શિષ્યમંડળ સાથે ત્રંબા ગયાં. ત્યાં તેમણે પોતાની ગાદી સ્થાપી ગુરુપદ જાળવી રાખ્યું અને નિજનો મહિમા કહી મુમુક્ષુઓને ભરમાવ્યા. આજે આ પંથનું નામનિશાન રહ્યું નથી.

અને પીપલાણાના હરિભક્તો સામૈયું કરવા ઊભા હતા. ઢોલ, તાસાં અને શરણાઈના ઘોષ સાંભળી ખેતર અને વાડીઓના માનવી પણ ત્યાં આવવા લાગ્યા. આ કાંઈ લગ્નનું સામૈયું નહોતું કે ઉત્સવનો આટાટોપ નહોતો. ઢોલના આ ધ્રિબાંગ ધ્રિબાંગ સૂર અંતરતલને જગાડતા હતા. તાસાં અને શરણાઈના સૂરોમા માયાનો ધ્વંસ કરવાનો ભાવ હતો. જોનારને, સાંભળનારને આ સન્માનના સૂરોમાં દિવ્યતા લાગી.

એટલામાં સામેથી ધૂળની ડમરી ઊડતી દેખાણી. હરિભક્તો ઊંચા થઈને જોવા લાગ્યા. શ્રીહરિનો રથ દેખાયો. સાથે ગાડાં, ઘોડેસવારો અને પગપાળા ચાલતા સંત-હરિભક્તોનો સમૂહ દેખાયો. જેમ વસંતમાં ફૂલ પાંગરે, તેમ મહારાજનાં દર્શન થતાં જ હરિભક્તોનાં મન પણ પ્રફુલ્લિત થઈ ગયાં. નારાયણ દવેના મનમાં હતું કે શ્રીહરિ આખા પધારે છે. નરસિંહ મહેતાના મનમાં હતું કે શ્રીહરિ પીપલાણા પધારે છે. ભોળા ભાવના બંને ભક્તોએ એવો કોઈ વિચાર કર્યો ન હતો કે શ્રીહરિ પહેલા કયે ગામ પધારશે. બંનેએ રસોઈનો આદર કરી દીધો હતો.

શ્રીહરિ પધાર્યા. સૌએ સ્વાગત કર્યું, દંડવત્ કર્યા, પગે લાગ્યા. પછી શ્રીહરિના ચાલવાની રાહ જોતા ઊભા રહ્યા.

શ્રીહરિએ પૂછ્યું : "અમારે પહેલાં કયે ગામ જવાનું છે ?"

નરસિંહ મહેતાએ તરત જ કહ્યું : "મહારાજ ! પીપલાણે રસોઈ તૈયાર છે."

એટલામાં નારાયણ દવે તથા તેનો પુત્ર નરસિંહ બોલી ઊઠ્યા : "અરે મહારાજ ! પહેલાં તો આખે પધારવાનું છે. બધું તૈયાર છે. માટે હાલો, પરિયાણ કરો."

મહારાજ તેમનો ભલો ભાવ જોઈ હસ્યા. બંને ભક્તોએ ત્રણ-સો માણસની રસોઈ કરી હતી. બંનેનો આગ્રહ મહારાજને પોતાને ગામ પહેલાં તેડી જવાનો હતો. મહારાજ મૂંઝવણમાં પડ્યા. તેમણે કહ્યું : "બંને ગામ એકસાથે કેમ અવાય ? તમારે પણ વિચાર તો કરવો હતો ? વગર વિચાર્યે બંનેએ રસોઈ કરી વાળી ?"

નારાયણ દવે અને નરસિંહ મહેતા સામસામું જોઈ રહ્યા. કોઈને સામે ચાલીને કહેવાની હામ ન રહી. શ્રીહરિએ મયારામ ભટ્ટ તથા મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "આ બંને ભક્તોએ પોતપોતાને ગામ ત્રણ-સો માણસની રસોઈ તૈયાર કરી રાખી છે. હવે કોને ત્યાં જવું ?"

મુક્તાનંદ સ્વામી તથા મયારામ ભટ્ટે વિચાર કરી કહ્યું : "મહારાજ !

તમારે કાંઈ મૂંઝાવાનું ન હોય. કૃષ્ણાવતારમાં બ્રહ્મા ગાયો અને વાછરું હરી ગયો ત્યારે છ મહિના સુધી એવી જ ગાયો અને એવાં જ વાછરું બનાવી દિવ્યતા બતાવી હતી. નવલખા ઉપર પણ નવ લાખ સ્વરૂપે થઈને નવ લાખ ઋષિઓને મળ્યા હતા.''

શ્રીહરિ તેમની વાતનો મર્મ સમજી ગયા. અનેક પરચા અને ચમત્કારો જોયા પછી પણ જીવની સંશયવૃત્તિ નિવૃત્તિ પામતી નથી. નિત્ય નવીન જોવાની ઇચ્છા રહ્યા જ કરે છે.

શ્રીહરિએ તરત જ નારાયણ દવેને તથા નરસિંહ મહેતાને કહ્યું : ''તમે આગળ ચાલતા થાઓ. અમે આવીએ છીએ.'' મહારાજની આજ્ઞા થઈ એટલે બંને પોતપોતાના ગામના હરિભક્તો સાથે પોતાના ગામ ભણી ચાલવા લાગ્યા.

આગળ ઢોલ, તાસાં અને નગારાંની ધ્રાંશ પડે છે, 'સ્વામિનારાયણ' મંત્રનો ઘોષ ગાજે છે અને હરિભક્તો ધીમા ડગલે પોતાના ગામ ભણી ચાલે છે. પાછળ મહારાજ અને સંત-હરિભક્તોનો સંઘ ચાલ્યો આવે છે. એમ આખા અને પીપલાણા બંને ગામ ભણી મહારાજ, સંતો-હરિભક્તોનાં વૃંદ સાથે બે સ્વરૂપે જવા લાગ્યા.

આખામાં મહારાજ, સંતો અને હરિભક્તો નારાયણ દવેને ત્યાં જમ્યા. પછી સભા કરીને બિરાજ્યા. સભાની સમાપ્તિ થઈ એટલે નારાયણ દવેએ પૂજન કર્યું. પછી ગામમાં હરિભક્તોને ઘેર મહારાજની પધરામણી કરી.

તે જ પ્રમાણે પીપલાણામાં પણ મહારાજ નરસિંહ મહેતાની રસોઈ જમ્યા. તેની સેવા અંગીકાર કરી, ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. પીપલાણાના હરિભક્તો જાણે છે કે મહારાજ પીપલાણામાં બિરાજમાન થયા છે. આખાના હરિભક્તો જાણે છે કે મહારાજ આખામાં બિરાજમાન છે. થોડા દિવસ આમ ચાલ્યું.

એક દિવસ આખાના એક હરિભક્ત પીપલાણે ગયા. અહીં ગામમાં પેસતાં જ તેને કોઈ નવો ઉત્સાહ દેખાયો. સૌનાં મોં ઉપર દિવ્ય આનંદ હતો. નરસિંહ મહેતાને ઘેર ગયા ત્યાં તેણે મહારાજને જોયા, સંતોને જોયા, હરિભક્તોને જોયા. તેને આશ્ચર્ય થયું. મહારાજ અને આ સંતો-હરિભક્તો તો આખા બિરાજે છે અને અહીં ક્યાંથી ? તેણે નરસિંહ મહેતાને પૂછ્યું : ''મહારાજ ક્યારના અહીં પધાર્યા છે ?''

''કેમ વળી ! કાલવાણીથી નીકળીને સીધા અહીં જ આવ્યા છે.''

મહેતાએ કહ્યું.

"પણ અમારે ત્યાં આખામાં પણ તે દિ'ના બિરાજે છે. આ બધા સંતો અને હરિભક્તો સુધ્ધાં.'

આખાના હરિભક્તે આખા આવી નારાયણ દવેને તથા બીજા હરિભક્તોને કહ્યું : "મહારાજ તો પીપલાણે પણ બિરાજે છે. બધા સંત-હરિભક્તો સાથે ઘેર ઘેર પધરામણીમાં પધારે છે અને સભા ભરી ઉપદેશ પણ આપે છે."

પીપલાણામાં તેમણે કહ્યું હતું કે મહારાજ સંતો સાથે આખા બિરાજે છે તેથી ત્યાંના હરિભક્તોને પણ આશ્ચર્ય થયું. બંને ગામના હરિભક્તો એકબીજાના ગામમાં જવા લાગ્યા. સૌને પ્રતીતિ થઈ કે મહારાજ આખા અને પીપલાણામાં બે સ્વરૂપે બિરાજે છે.

આ લોકના માનવીને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. પરંતુ જેણે ભગવાનનો મહિમા જાણ્યો હોય, તે મહિમાનો અનુભવ કર્યો હોય તેને તો સમજાય છે કે અનંત કોટિ બ્રહ્માંડોમાં ભગવાન જે બ્રહ્માંડમાં જેવે રૂપે દેખાવું ઘટે તેવે રૂપે દેખાય છે, પ્રગટ થાય છે. ઇન્દ્રિયો, અંતઃકરણથી પર દશાની આ વાત છે. એટલે જેને એવી સ્થિતિ થઈ હોય તેવા ભક્તને ભગવાનની આવી લીલા સહજ જણાય છે.

થોડા દિવસ પછી શ્રીહરિએ બંને ગામના હરિભક્તોને બોલાવીને કહ્યું : "ગામમાં જગ્યા બહુ સાંકડી પડે છે. માટે ઓઝતને કિનારે આપણે તંબૂઓ, રાવટીઓ નાખો. ત્યાં વિષ્ણુયાગ કરવો છે. હજારો બ્રાહ્મણોને જમાડવા છે."

એ પ્રમાણે ઓજસ્વતી નદીને કિનારે ઉઘાડી કુદરતને ખોળે શ્રીહરિએ ઉત્સવનાં મંડાણ કર્યાં.

ઓજસ્વતીના કિનારે વિષ્ણુયાગ

ઓજસ્વતી નદીને કિનારે ડેરા-તંબૂઓ, રાવટીઓ, ખોડાઈ ગયાં. પાથરણાં પથરાઈ ગયાં. વિષ્ણુયાગની તડામાર તૈયારીઓ થઈ ગઈ. શ્રીહરિને ગામના હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! ઓઝતને કાંઠે બધી વ્યવસ્થા થઈ ગઈ છે."

મહારાજે કહ્યું : "સારું. તમે હવે સાબદા થાઓ. અમે આવીએ છીએ."

મહારાજ આખામાંથી વાજતે-ગાજતે નીકળ્યા. તે પ્રમાણે પીપલાણામાંથી પણ ઢોલ, તાસાં અને નગારાંના ઘોષ કરતા સૌ સાથે મહારાજ નીકળ્યા. ઓજસ્વતીને કિનારે બંને સ્વરૂપો ભેગાં થયાં. સૌ આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા

અને બંને સ્વરૂપો એકબીજામાં સમાઈ ગયાં.

વિષ્ણુયાગ માટે ભવ્ય તૈયારીઓ થઈ હતી. પદ્મકુંડ તૈયાર કર્યો હતો. વેદજ્ઞ વિપ્રો આવી ગયા હતા. યજ્ઞની શુભ શરૂઆત થઈ અને બ્રાહ્મણોના વેદમંત્રો અને હૂતદ્રવ્યના હોમથી પીપલાણામાં વેદકાળના સમયની ઝાંખી થવા લાગી. બ્રાહ્મણો અનુષ્ઠાન કરવા લાગ્યા. કેટલાક ગીતાપાઠ, કેટલાક વ્યાસસૂત્ર, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, દશમ સ્કંધ, વાસુદેવ માહાત્મ્ય, વિષ્ણુસહસ્રનામ વગેરે ગ્રંથોનો પાઠ કરવા લાગ્યા. વેદમંત્રોના ઘોષ પણ વેદપાઠી બ્રાહ્મણો કરવા લાગ્યા.

નરસિંહ મહેતાએ આ વખતે દ્રવ્ય ખરચી મહારાજને રાજી કરી લેવાનો નિર્ણય કરી લીધો હતો. એટલે ત્યાં ઘી-સાકર અને સીધાના ગંજ ખડકાઈ ગયા હતા. બ્રાહ્મણો રસોઈ બનાવતા હતા, મહારાજ પીરસતા હતા. જમી જમીને થાકતા બ્રાહ્મણો વિદાય લેતા ત્યારે દક્ષિણા પણ પામતા.

આમ, આ મહાવિષ્ણુયાગ, બ્રહ્મભોજન, હરિભક્તોના સમૂહમાં કથા-કીર્તનના પ્રસંગો લગભગ છ માસ ચાલ્યા. મહારાજે વસંતપંચમી અને ફૂલદોલના ઉત્સવ પણ અહીં જ કર્યા. તેમજ શ્રીહરિ જયંતી અને નૃસિંહ જયંતી પણ અહીં જ કર્યાં. જેઠ સુદ દશમ ગંગાજન્મ તથા ભીમ એકાદશીનો ઉત્સવ પીપલાણામાં કરી પીપલાણા ગામને મહાતીર્થભૂમિ બનાવી દીધી !

છ-છ મહિના સુધી ઉત્સવોની પરંપરા અને બ્રહ્મભોજનથી સારા પ્રદેશમાં જયજયકાર થઈ ગયો – સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલા વૈદિક ધર્મનો, અહિંસક યજ્ઞનો, તેમના નૈષ્ઠિક વ્રતધારી પરમહંસોનો !

દિનમણિ શર્મા નિત્યાનંદ બને છે[૨૨૫]

શ્રીહરિ પીપલાણાથી નીકળી આ.સં. ૧૮૬૦ના અષાઢ સુદ એકમના મેઘપુર પધાર્યા. અહીં નારાયણ સોનીના ઘેર ઊતર્યા. ઘરના ફળીમાં વચ્ચે પીપળો છે. તેની નીચે નારાયણ સોનીએ ઢોલિયો ઢાળી દીધો અને શ્રીહરિ તે ઉપર બિરાજ્યા. આજુબાજુ સંતો-હરિભક્તોની સભા થઈ. શ્રીહરિના સ્વરૂપમાં જેવો ચમત્કાર હતો તેવો તેમની વાતોમાં પણ હતો. તેમના શબ્દની ચોટ જેમને લાગતી તેમનાં હૈયાંમાંથી સંસારની વાસના લુપ્ત થઈ જતી. અહીં પણ શ્રીહરિએ મનુષ્યદેહની દુર્લભતા અને ભગવાન ભજી મોક્ષ પામવા માટે જ

૨૨૫. આ પ્રસંગ અત્રે મૂક્યો છે, પરંતુ પ્રચલિત વાત મુજબ શ્રીહરિને દિનમણિ શર્મા ઊંઝામાં મળ્યા હતા. જુઓ પરિશિષ્ટ : ૩, પૃષ્ઠ ૪૬૭.

મનુષ્ય જન્મનો હેતુ છે તે ઉપર ઘણી વાતો કરી.

સભામાં દિનમણિ શર્મા બેઠા હતા. ઉત્તર પ્રદેશના દતિયા ગામના નિવાસી દિનમણિ શર્માને શ્રીહરિની ભેટ ઊંઝામાં થઈ હતી. શ્રીહરિનાં દર્શન થતાં જ તેમણે નિર્ણય કરી લીધો કે સંસારમાં હવે રહેવું નથી અને આ શ્રીહરિ સાથે ત્યાગી થઈને રહેવું. દુર્લભમાં દુર્લભ આ જે પ્રાપ્તિ થઈ છે તે સિદ્ધ કરી લેવી. શ્રીહરિની વાતો સાંભળી તેમણે સંકલ્પ કરી લીધો કે હવે દીક્ષા લેવા માટે ક્ષણનો પણ વિલંબ કરવો નથી. તેથી તેઓ તરત જ ઊભા થયા અને શ્રીહરિને નમસ્કાર કરી પાસે ઊભા રહ્યા. થોડી વારે શ્રીહરિએ તેમના સામું જોયું એટલે તરત જ દિનમણિ શર્માએ કહ્યું : "મહારાજ ! મને ભાગવતી દીક્ષા આપો."

શ્રીહરિએ તેમની સામું જોયું. તેમના મુખ પર તાલાવેલીના ભાવો હતા. છતાં શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમારે પાછું ઘેર જવું નથી ?"

દિનમણિ શર્માએ કહ્યું : "આપની વાતોથી, આપનાં દર્શનથી ઘર તો અંતરમાંથી બળી ગયું છે. હવે તેને સજીવન કરવું નથી."

આ સાંભળી શ્રીહરિએ તરત જ તેમને કહ્યું : "સારું ત્યારે, કાલે દીક્ષા આપીશું."

દિનમણિ શર્માને બીજે દિવસે શ્રીહરિએ ભાગવતી દીક્ષા આપી અને નિત્યાનંદ નામાભિધાન કર્યું. તે વખતે સભાને સંબોધતાં શ્રીહરિએ કહ્યું : "આ નિત્યાનંદ મુનિ તો આપણા આ ઉદ્ધવ સંપ્રદાયમાં વિદ્વત્તામાં અજોડ પુરુષ છે. શાસ્ત્રાર્થમાં સર્વ પ્રતિવાદીઓનો પરાજય કરી તેઓ સંપ્રદાયનો દિગ્વિજય કરશે."

શ્રીહરિ પાસે હવે વિભૂતિઓ એકઠી થવા લાગી – ભાગવત ધર્મના સંસ્થાપન માટેના તેમના કાર્યમાં મદદરૂપ થવા માટે, તે કાર્યને અનુરૂપ બની અન્યને પ્રેરણા આપવા માટે. અક્ષરધામના મુક્તો મહારાજ સાથે દેહ ધરીને પધાર્યા હતા તે બધા ધીરે ધીરે હવે આવી રહ્યા હતા. બ્રહ્મચર્ય અને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ સમી સંતમાળ દ્વારા શ્રીહરિની આધ્યાત્મિક શક્તિ હવે ધીરે ધીરે પ્રગટ થતી હતી.

✧

મેઘપુરના ભાટ અમરસિંહ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી તેણે પણ રામાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે શ્રીહરિને ગુરુ તરીકે સ્વીકારી લીધા. શ્રીહરિની વય નાની હતી, છતાં પ્રતાપ

જબરો હતો. રામાનંદ સ્વામી પોતે જ કહેતા કે 'હું તો ડુગડુગીનો વગાડનારો છું. વેશના ભજવનારા તો હજી હવે આવશે.' આ સહજાનંદ સ્વામી તે વેશના ભજવનારા હતા તેમ તેમણે ઓળખાવ્યા હતા. ભાવિક ભક્તોને તો ગુરુઆજ્ઞા સદા શિરોમાન્ય હોય છે. તેથી અમરસિંહ ભાટને શ્રીહરિ વિશે સાચો ગુરુભાવ થઈ ગયો. તેની પુત્રી લાડકીબાઈને પણ સમાધિ થતી એટલે તેને પણ મહારાજ વિશે ભગવાનપણાનો ભાવ હતો.

જેઠાભાઈ તથા જીવરામ વિપ્ર, સોની રણછોડ અને નારાયણ, માનજી, રવજી, સામતભાઈ, શવદાસ કુંભાર તથા નંદુ ભાટ વગેરે સત્સંગીઓને રામાનંદ સ્વામીમાં જે ભક્તિનિષ્ઠા હતી તેવી જ શ્રીહરિમાં પણ હતી. શ્રીહરિને પણ આવા ભક્તિનિષ્ઠાવાળા સત્સંગીઓની જ વિશેષ પડી હતી.

લાડકીબાઈને સમાધિમાં શ્રીહરિનાં દિવ્ય સ્વરૂપે દર્શન થયાં હતાં. તે દર્શનથી તેનું ચિત્ત ચકડોળે ચડ્યું હતું. તે દિવ્ય સ્વરૂપની ઝાંખી તેને શ્રીહરિના મનુષ્ય સ્વરૂપમાં જેમ જેમ થવા લાગી તેમ તેમ તેના અંતરમાંથી આ લોકની કામનાઓની ઇચ્છા ટળતી ગઈ. તેની સર્વ કામનાઓનું સ્વરૂપ શ્રીહરિ બની ગયા. તે જ કમનીય, ચિંતનીય મૂર્તિ તેને વરણીય થઈ ગઈ !

અમરસિંહને લાડકીબાઈમાં ફેરફાર જણાવા લાગ્યો. તેણે શ્રીહરિને કહ્યું : "પ્રભુ ! આ લાડકી હવે સંસાર માંડે તેમ કહો."

શ્રીહરિ આ સાંભળી હસ્યા. સંસારમાં આવ્યા એટલે સંસાર તો માંડવો જ રહ્યો. પણ સંસાર તો સરતો જ રહે છે, અંતે સરી જાય છે. છતાં તે કરવો ગમે છે એવો તેનો મોહ છે. તેમણે લાડકીને બોલાવીને કહ્યું : "લાડકી ! હવે ઘર માંડી લે. ઉંમર થઈ !"

શ્રીહરિની આ વાત લાડકીબાઈને જાણે ઝાળ લાગી હોય એવી વસમી લાગી. તે જાણતી હતી કે બાપુએ શ્રીહરિને આવું કહ્યું છે. તેણે મોં સંતાડીને શ્રીહરિને કહ્યું : "મહારાજ ! મારે પરણવું નથી"

તરત જ શ્રીહરિએ કહ્યું : "પણ તને પરાણે પરણાવશે તો ?"

"તો હું દેહ પાડી દઈશ." લાડકીએ કહી દીધું.

શ્રીહરિ તો જાણતા હતા કે લાડકી પરમાત્માને જ સમર્પિત થઈ ચૂકી હતી, એટલે તે મૌન રહ્યા.

સંધ્યાટાણે મહારાજ ગામને ચોરે સંત-હરિભક્તો સાથે પધાર્યા. ગામનો ચોરો સંધ્યાટાણે ગાજતો હોય, કારણ ત્યાં રામજી મંદિર હોય. આરતીટાણે સૌ ત્યાં

ભેગા થાય - નાના, જુવાન અને ઘરડા. બાવાજી આરતી ઉતારે, છોકરા ઝાલર અને નગારાં વગાડે અને પ્રસાદીમાં બાવાજી શ્રીફળની શેષ આપે. આ શેષના લોભે આરતીમાં છોકરાં આવતાં. જુવાનો જુવાનીની આંધી ચડાવવા આવતા અને ઘરડાને તો ઘરમાં માણસ જ દેખાતા ન હોય એટલે અહીં મેદની ભાળી રહ્યાસહ્યા જીવનને કોળવી વધુ જીવવાને વેગ લગાડી દેવા આવતા. એમ ચોરે અવનવા રંગો દેખાતા. શ્રીહરિને આ મેદની જોઈને આનંદ થતો. કોઈને પણ જો પોતાનો રંગ ચડી જાય તો તેનું કામ થઈ જાય, તેમ સમજી તેઓ અહીં આવતા.

ભાટ કરસનજી કુરાનના કલમા પઢે છે

આરતી પછી શ્રીહરિ ત્યાં બિરાજ્યા. બાજુમાં સંતો બેઠા. સામે હરિભક્તો ને ગામના લોકો પણ બેઠા. શ્રીહરિ તેમને સૌને વાતો કરતા હતા. એટલામાં ત્યાં એક ફકીર આવ્યો. તેણે શ્રીહરિનું નામ સાંભળ્યું હતું. લોકો તેમને ભગવાન કહે છે એવું સાંભળ્યું હતું. તેણે પાસે આવી તરત જ કહ્યું : "તમે ખુદા છો ? ખુદા હો તો મને પરચો બતાવો."

લોકો માનતા હોય છે કે જે પરચો બતાવે તે ભગવાન કહેવાય. શ્રીહરિએ તેને પૂછ્યું : "તમે શું ભણ્યા છો ?"

ફકીરે કહ્યું : "હું કુરાન ભણ્યો છું."

એટલે શ્રીહરિએ અમરસિંહના દીકરા કરસનજીને પાસે બોલાવી ફકીરને કહ્યું : "આ અમારો કરસનજી પણ કુરાન ભણ્યો છે. તમારે પૂછવું હોય તો પૂછો."

ફકીરને આ સાંભળી આશ્ચર્ય થયું. "આટલો નાનો હિંદુનો છોકરો કુરાન ભણ્યો છે !" તે હસવા લાગ્યો.

શ્રીહરિએ કરસનજીને કહ્યું : "આ ફકીરને કુરાન સંભળાવ."

કરસનજી તરત જ બોલ્યો : "ફકીરસાહેબ ! તમારું નામ શું ?"

ફકીરે કહ્યું : "અબડાશા."

કરસનજીએ કહ્યું : "મારું નામ ખલબલશા છે." એટલું કહીને તે કુરાન બોલવા માંડ્યો.

ચોરામાં સૌ બેઠા હતા તેમને સૌને આ કરસનજીને કુરાન બોલતો સાંભળી આશ્ચર્ય થયું ! અહીં રોજ નગારું વગાડવા આવનાર આ ભાટનો છોકરો કુરાન ક્યારે ભણ્યો ! ફકીર પણ નાનકડા કરસનજીને કુરાન બોલતો સાંભળી તેની સામે મીઠી નજરે જોઈ રહ્યો. થોડી વારે તે કુરાન બોલતો અટક્યો ત્યારે તે ફકીર

શ્રીહરિના પગમાં પડી ગયો. તેણે શ્રીહરિને કહ્યું : "અહો ! તમે તો સાક્ષાત્ ખુદા છો. આ કરસનજી કુરાન નો'તો બોલતો પણ તમે બોલતા હતા."

મહારાજ તેનો ભાવ જોઈ હસ્યા. પછી ફકીરે ફરી કહ્યું : "મને તમારે શરણે લ્યો અને તમારા નિયમ આપો."

શ્રીહરિએ તેને નિયમ આપ્યા અને કહ્યું : "દારૂ ન પીશો, માંસ ન ખાશો, ચોરી અને વ્યભિચાર ન કરશો. આટલું કરશો અને અમને સંભારશો તો તમારું કલ્યાણ થશે."

અબડાશા ફકીર કૃતકૃત્ય થઈ ગયો. ચોરે બેઠેલાઓને આ કૌતુક લાગ્યું. શ્રીહરિ મોડી રાત્રે ઉતારે પધાર્યા.

મેઘપુરમાં બ્રાહ્મણોની ચોરાસી

શ્રીહરિ લાડકીબાઈને ત્યાં પધાર્યા અને ફળિયામાં ખાટલો નાખી બિરાજ્યા હતા. તે વખતે લાડકીબાઈ શ્રીહરિ સારુ થાળ લાવ્યાં. તે થાળ જમવા શ્રીહરિ પાટ ઉપર બેઠા. તે વખતે તેમણે લાડકીબાઈને કહ્યું : "આપણે બ્રાહ્મણોની ચોરાસી નાત તેડવી છે અને જમાડવા છે."

લાડકીબાઈ તો આ સાંભળી રાજી થયાં. ત્યાં પીપલાણાનાં લાડકીબાઈ તથા તેની પુત્રી રુકમાઈ બેઠાં હતાં. તેમને મહારાજે પૂછ્યું : "બ્રાહ્મણોની ચોરાસી કરવા તમો નાણાં આપશો ને ?"

તે બંનેએ કહ્યું : "મહારાજ ! અમારી પાસે દશ હજાર કોરી પડી છે. તે આપને અર્પણ !"

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. પછી મહારાજે કહ્યું : "ચોરાસી માટે નાણાંનું તો નક્કી થયું. બ્રાહ્મણો નસીબદાર છે. પણ હવે બળતણનું કેમ કરશું ?"

એટલે સભામાં એક સુથાર હરિભક્ત બેઠો હતો તેણે કહ્યું : "મહારાજ ! બળતણ મારે પૂરું પાડવું."

હિંસામય યજ્ઞમાં ભાગ લેતા બ્રાહ્મણો અભક્ષ્ય ખાય, તેમની આ પ્રવૃત્તિમાંથી પ્રેરણા પામતા ભોળા જનો હિંસામય યજ્ઞો કરવા પ્રેરાય, તેમને વેદસંમત માને. આ બધાં અનિષ્ટોનું મારણ શ્રીહરિએ આ રીતે શોધી કાઢ્યું. મોદકપ્રિય બ્રાહ્મણો તે સમયના દેશકાળથી મોદક તો શું પણ પેટપૂરતો બાજરો પણ પામતા નહિ. તેથી યજમાનવૃત્તિથી જે કાંઈ પ્રાપ્ત થતું - પછી તે ભક્ષ્ય

હોય કે અભક્ષ્ય - તે સ્વીકારી લેતા. તેમની આવી અધોગતિથી સમાજ પણ અધઃપતનના આરે પહોંચી ગયો હતો.

શ્રીહરિએ વિચાર્યું કે બ્રાહ્મણોની ભ્રષ્ટ બુદ્ધિ જ્ઞાનથી કે ઉપદેશથી શુદ્ધ થવાની નથી. તેમનું બ્રાહ્મણત્વનું મિથ્યા અભિમાન તેમને આ નવા સ્થપાતા સંપ્રદાય, જેમાં આચાર અને વિચારની શુદ્ધિ હતી, તેની ઢૂંકડે આવવા દેશે નહિ. તેથી તેમણે આ યુક્તિ કરી.

બ્રાહ્મણોને જમાડવા, તેમને તૃપ્ત કરી દેવા, વળી દક્ષિણા પણ આપવી. આ લોભે બીજે જાય નહિ, અનિષ્ટમાં ઊતરે નહિ.

બીજે દિવસે વંથળીથી ઘી, ગોળ, ચોખા, ઘઉં, દાળ વગેરે મગાવ્યાં. સુથારે જૂનો સુકાયેલો વડ કાપવાની શરૂઆત કરી અને બ્રાહ્મણો ગામને પાદર આંબલીઓ નીચે રસોઈ કરવા માંડ્યા. જ્યાં પેટપૂરતો રોટલો પણ નો'તો મળતો, ત્યાં લાડુના ગંજ ખડકાતા જોઈ બ્રાહ્મણો હરખાઈ ગયા. રાતાં અને પીળાં અબોટિયાં પહેરી, હાથમાં પાણીનો લોટો અને ખાખરાના લીલાં પાનનાં પતરાવળાં અને પડિયાં લઈ બ્રાહ્મણો આવવા લાગ્યા. પંક્તિમાં લાડુ પીરસાવા લાગ્યા. 'હર હર મહાદેવ હર'ની ગર્જના થવા માંડી. આ રીતે બ્રાહ્મણોની ચોરાસી ન્યાતને શ્રીહરિએ મેઘપુરમાં તેડી.

શ્રીહરિના ભંડાર તો અખૂટ જ હોય ! એટલે આ તો નિત્યક્રમ થઈ ગયો. મહિનો, બે મહિના, સતત રોજ લાડુ ! રસોઈ કરનારા બ્રાહ્મણો થાક્યા, લાકડાં કાપનારો સુથાર પણ થાક્યો પરંતુ શ્રીહરિ થાક્યા નહિ. તેમણે રસોઈ કરનારા બીજા બોલાવ્યા અને બ્રહ્મભોજન ચાલુ રાખ્યું. બ્રાહ્મણો હવે જમી જમીને થાક્યા. શ્રીહરિને પણ લાગ્યું કે મંદ પડેલી શ્રદ્ધાને હવે જગાડવી નહિ. બ્રાહ્મણો તૃપ્ત થઈ ગયા હતા. એ તૃપ્તિએ શ્રીહરિ પ્રત્યે સદ્ભાવ જાગ્રત કર્યો. સતત શ્રીહરિના પ્રાસાદિક ભોજનથી તેમની બુદ્ધિ નિર્મળ થઈ. જીવનમાં આચાર અને પવિત્રતા પ્રવેશ્યાં.

અહીં રામાનંદ સ્વામીએ સદાવ્રત શરૂ કર્યું હતું. તે સદાવ્રત થોડા સમય પછી બંધ કર્યું હતું. શ્રીહરિએ તે ફરી શરૂ કર્યું. દ્વારિકાની યાત્રાએ જતા સારા ભારતના યાત્રિકો અહીં સદાવ્રત લેશે, જીવનમુક્તાનું નામ સાંભળશે અને પ્રેરણા મળશે તો તેમનાં દર્શને પણ આવશે. સંસ્કાર હશે તો સાધુ પણ થશે.

પરિશિષ્ટ : ૧

સદ્‌ગુરુ મુકતાનંદ સ્વામીનો રામાનંદ સ્વામી ઉપરનો પત્ર

સ્વસ્તિશ્રી ભુજનગર મહાશુભસ્થાને કૃત નિવાસ ઉત્તમોત્તમ પરમપૂજ્ય સકલ ગુણ સંપન્ન કૃપાસાગર અધમોદ્ધારણ પતીતપાવન ભક્તવત્સલ અનેક જીવ ઉદ્ધારક અશરણ શરણ સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વામીશ્રી ૭ મહારાજના (રામાનંદ સ્વામીના) ચરણકમળમાં ગામ લોજથી લીખાવીતંગ દાસાનુદાસ સાધુ મુક્તાનંદજી તથા દાસાનુદાસ રામગલોલા વિગેરે સાધુ સમસ્તના જયસચ્ચિદાનંદ સેવામાં અંગીકાર કરશો. ઉપરાંત લખવા કારણ એ છે જે એક ખાખીને વેષે બ્રહ્મચારી હિન્દુસ્થાન પૂર્વ દેશથી ફરતા આવ્યા છે તે તમોને શોધતા આવે છે તે અમને મળ્યા ને તેમને જોઈ અમારું મન શાંત થઈ ગયું છે એવા છે. અવસ્થા નાની છે પણ જોગકળામાં ઘણા કુશળ છે. પ્રશ્ન પૂછે છે તેનો ઉત્તર જથારથ અમારાથી થાતો નથી એવા સામર્થ્યવાન છે પણ આંહીં રહેતા નથી ને કહે છે કે જીવનમુક્તા રામાનંદ સ્વામી પાસે જાવું છે એમ કહે છે. તો અમે એમ ઠેરાવ્યું જે સ્વામીને તેડાવી આપીએ એમ કરી ભટ મયારામજીને મોકલ્યા છે. માટે તમો તે ભટજી ભેળા કૃપા કરી તુરત આંહીં પધારજો નહિ તો આ બ્રહ્મચારી અમારા રાખ્યા રેશે નહિ ને એવા જોગી પાછા આપણને મળશે નહિ. આ જોગીને માથા ઉપર પીળા કેશ છે. ગળામાં તુલસીનો મોટો મણકો છે. કેડે આડબંધ બાંધ્યો છે, પાસે મૃગચર્મ છે, કઠારી, માળા, રૂમાલ, પાણી ગરણું ને પંચરત્નનો ગુટકો છે. અન્ન જમતા નથી તેથી શરીરમાં નાડીઓ નીલવર્ણ જેવી દેખાય છે. શરીરમાં રુધિર જણાતું નથી, સ્ત્રીનો છાયો પડે તો ઊલટી થાય છે. એ આદિક શુભ ગુણના ભંડાર છે તે કોઈ પત્રમાં લખાય તેટલા નથી પણ ભટજીના કહ`વાથી જાણજો. તે તમો જોશો ત્યારે માલૂમ પડશે માટે થોડું લખ્યાથી ઘણું છે એમ જાણજો. સાધુ રઘુનાથદાસજી વિગેરે તથા ભક્ત હીરજી, સુંદરજી, ગંગારામ વિગેરે સહુને જયસચ્ચિદાનંદ કહેજો. સંવત ૧૮૫૬ના ફાલ્ગુન વદી ૫ લિ. દાસાનુદાસ સાધુ મુક્તાનંદના દંડવત્ સેવામાં અંગીકાર કરશો.[૨૨૬]

---

૨૨૬. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૧, પા. ૨૦૯-૨૧૦.

પરિશિષ્ટ : ૨

સદ્ગુરુ મુકતાનંદ સ્વામી

સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૮૧૪ના પોષ વદિ ૭ને દિવસે સૌરાષ્ટ્રમાં અમરેલી પાસે અમરાપુર ગામે થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ મુકુંદ હતું. તેમના પિતાનું નામ આનંદરાય હતું. માતાનું નામ રાધા હતું. બાળપણમાં માતા-પિતાના લાડ પામ્યા. પરંતુ મોટા થયા અને અંતરમાં તીવ્ર વૈરાગ્યની વેદનાએ તેમણે ગૃહત્યાગ કર્યો અને એકાએક ચાલી નીકળ્યા.

ચાલતાં ચાલતાં તેઓ પહેલાં ધ્રાંગધ્રા ગયા. અહીં સંન્યાસી બાવા દ્વારકાદાસ પાસે રહ્યા. પરંતુ અખંડ બ્રહ્મચર્ય પાળવાના આ કિશોરના કોડ પોતાને ત્યાં પૂરા નહિ થાય તેમ વિચારી તેણે તેને કહ્યું : "વાંકાનેરમાં વૃદ્ધ અને વિદ્વાન બાવા કલ્યાણદાસ છે. તારા મનોરથ ત્યાં પૂરા થશે."

તેથી મુકુંદદાસ ત્યાંથી નીકળી વાંકાનેર ગયા. અહીં માર્ગી બાવા કલ્યાણદાસની જગ્યા હતી. તેમની બીજી જગ્યા સરધારમાં હતી. કલ્યાણદાસ તે વખતે વાંકાનેર હતા. તેમને તેઓ મળ્યા. કલ્યાણદાસે તેમને મુમુક્ષુ જાણી પોતાની જગ્યામાં રાખવા વિચાર કર્યો. પરંતુ મુકુંદે તો તેમને કહ્યું : "મારે બ્રહ્મચર્યવ્રત પાળવાની ઇચ્છા છે તો એનો ઉપાય બતાવો."

તે સાંભળી કલ્યાણદાસે કહ્યું : "છોકરા ! આવી તારી નાની ઉંમર અને રૂપાળો દેહ જોઈને મને લાગે છે કે તારે બ્રહ્મચર્ય પાળવું હશે તોપણ તારી પાછળ બૈરાંઓ પડશે અને તને છોડશે નહિ."

મુકુંદને આવી વાત ગમી નહિ. તેણે કહ્યું : "જો બ્રહ્મચર્યવ્રત નહિ પાળી શકાય, તો હું દેહ પાડી દઈશ."

પરંતુ કલ્યાણદાસ તેને છોડે તેમ ન હતા. તેણે કહ્યું : "મુકુંદ ! મને મારા ગુરુએ એક હજાર રૂપિયા તથા ગાડી, બળદ અને દસ માણસો કાશીની જાત્રાએ જવા માટે આપ્યા હતા. હું કાશીએ પહોંચ્યો. ત્યાં દર્શન કરી, બીજાં તીર્થોમાં પણ જઈ આવ્યો. પાછાં વળતાં ઉજ્જૈન આવ્યું. ત્યાં પાણીનો લોટો હાથમાં લઈ હું બહિર્ભૂમિ જતો હતો. ત્યાં કાયસ્થની એક જુવાન છોડી તેની સખીઓ સાથે ફરતી હતી. તેણે મને જોઈ કહ્યું : "બાવાજી ! ઈધર ડાલડોલ (ઝાડે ફરવા) જાવ. ઉધર મત જાવ." એમ હાથનું લટકું કરીને કહ્યું. તે લટકું આજે મારી દાઢી ધોળી થઈ છે તોપણ ભુલાતું નથી અને તે છોકરીના જ વિચારો આવ્યા કરે છે કે કેવી થઈ

હશે ? હું તો સાધુ છું જ્યારે તું તો હજુ ગૃહસ્થ છો. વળી, જુવાન છો. તો કામનું બળ કેમ રોકી શકીશ ?''

મુકુંદને આ સાંભળી કલ્યાણદાસની દયા આવી. જે ત્યાગી થયા પછી પણ સ્ત્રીઓના વિચારમાંથી મુક્ત થતો નથી અથવા એવા પ્રયત્ન પણ કરતો નથી તો તેણે શું ત્યાગ્યું ? તેણે વિચાર્યું : અહીં રહેવું નિરર્થક છે. તે ત્યાંથી નીકળી ગયા.

નિરાશ થયેલા મુકુન્દે વિચાર કર્યો કે જો બ્રહ્મચર્ય દૃઢતાપૂર્વક પાળી શકાય એવો માર્ગ બતાવનાર સમર્થ ગુરુ ન મળે, તો પછી દેહ રાખવાનો કોઈ અર્થ નથી. તેણે વિચાર કરી લીધો अर्थं साधयामि वा देहं पातयामि । બ્રહ્મચર્ય પાળવાની જે ઇચ્છા છે તે અર્થ સરે તેવું લાગતું નથી. તો હવે દેહ પાડી જ નાખવો. તેઓ આગળ ચાલ્યા, એક ઝાડ ઉપર ચડ્યા. તે ઉપરથી નીચે વહેતી નદીમાં પડતું મૂકી દેહ પાડી નાખવા તૈયાર થયા. પરંતુ એવામાં તેમને કાંઈક અવાજ સંભળાયો : ''સરધાર જા. ત્યાં સમર્થ ગુરુ મળશે અને તારા મનોરથ પાર પડશે.''

મુકુંદદાસ સરધાર આવ્યા. અહીં ચોરામાં રામજી મંદિર હતું ત્યાં ઊતર્યા. મંદિરના મહંત બાવા તુલસીદાસ આ કિશોરને ત્યાં બેઠેલો જોઈ તેમની પાસે આવ્યા. તેને તેનું મોહક વ્યક્તિત્વ, તેના મુખ ઉપરની ઋજુતા ગમ્યાં. તે શિષ્યની શોધમાં હતો. તેને થયું કે આ કિશોર જો અહીં રહે તો તેને શિષ્ય બનાવીએ અને ભવિષ્યમાં આ ગાદીનો ઉત્તરાધિકારી નીમીએ.

તે મુકુંદદાસ પાસે આવ્યો. તેણે ધીરેથી પૂછ્યું : ''ભાઈ ! ક્યાંથી આવો છો ?''

મુકુંદદાસને તેની વાણી ગમી. તેણે કહ્યું : ''ઘરનો ત્યાગ કરીને આવું છું, ત્યાગી થઈને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળવું છે.''

તુલસીદાસને આ સાંભળી નવાઈ લાગી. ઘરનો ત્યાગ તો ઘણા કરે છે, ત્યાગી, સાધુ, બાવા કે સંન્યાસી થઈ જાય છે, પણ બ્રહ્મચર્યવ્રત પાળવાની કોઈ વાત કરતું નથી. તેણે વિચાર કર્યો : હમણાં તો આને અહીં જ રાખી દેવા; જો નભી જશે, તો આપણું કામ થઈ જશે. તેણે ધીરેથી કહ્યું : ''અહીં રહો, રામજીની સેવા કરો. તમારો સંકલ્પ પૂરો થશે.''

મુકુંદદાસને આ વાત ગમી. રામજીની સેવા થશે અને તે સત્કર્મને પ્રતાપે એવા સમર્થ ગુરુ પણ મળી જશે. તેમણે કહ્યું : ''ભલે, રામજીની સેવાથી મારું કાર્ય સરશે.''

મુકુંદદાસના કોમળ અંતરમાં રામજીની ભક્તિ હતી. તે રામજીની સેવા કરતા ત્યારે રામજી જાણે જુદા જ ભાવ ધારણ કરતા. દર્શનાર્થીઓને લાગતું કે રામજી હમણાં જ મૂર્તિમાંથી પ્રગટ થશે. મૂર્તિને શણગાર ધરાવતા ત્યારે મૂર્તિમાંથી રામજી પ્રગટ થતા. મુકુંદદાસની ભક્તિથી રામજીની મૂર્તિમાં સૌને રામ દેખાવા

લાગ્યા. સરધારની ભાવિક જનતામાં ભક્તિની હેલી ચડી.

મુકુંદદાસની કથામાં પણ સૌને ભક્તિરસના ભાવ દેખાતા. તે રામાયણની કથા કરતા, રામના જીવનની ગાથા ગાતા, તેમનો સંદેશો આપતા, રામજીના જીવનનું અનુકરણ કરવાનું કહેતા. તેમની કથામાં જાણે રસ ઝરતો હોય તેમ સૌ ભાવપૂર્વક કથાનું પાન કરતા. રોજ સંધ્યાટાણે ઝાલર-નગારાં વગાડવા ગામના છોકરા ઊલટતા. તેમને તેઓ નારિયેળની શેષની પ્રસાદી આપતા. પ્રસાદીનું ચરણામૃત આપતા અને રામજીની જય બોલાવતા. પછી આવતાં ગામનાં વૃદ્ધ સ્ત્રી-પુરુષો. કથા સાંભળવા એટલા બધા માણસો આવતા કે ચોરામાં ઊભા રહેવાની જગ્યા ન રહેતી. તુલસીદાસ બાવાને તો આ બધું જોઈ આનંદ માતો ન હતો. તેને લાગ્યું કે લાયક શિષ્ય મળી ગયો છે. મુકુંદદાસને જુએ અને તેનું મન કોળે, પણ મુકુંદદાસને આવો સ્નેહ ખપતો ન હતો. તેને તો પોતાનો મનોરથ સિદ્ધ કરવો હતો.

એક દિવસ સાંજે કથામાં કોઈ ન આવ્યું. બે-ચાર ઘરડા આવ્યા. તેમને મુકુંદદાસે પૂછ્યું : "આજે કેમ કોઈ કથામાં નથી આવ્યા ?"

તેમણે કહ્યું : "આજે તો અહીં રામાનંદ સ્વામી પધાર્યા છે. મહાસમર્થ પુરુષ છે. તેમની વાતો સાંભળીએ અને જગતનો રંગ ઊતરી જાય. અમે પણ દર્શન કરીને ત્યાં જ જઈએ છીએ."

મુકુંદદાસ આ સાંભળી વિચારમાં પડી ગયા. "આખું ગામ ખેંચાયું ? જરૂર મોટાપુરુષ હોવા જોઈએ." તેમણે પણ ઠાકોરજીને પોઢાડી રામાનંદ સ્વામીની કથામાં જવાનું નક્કી કર્યું.

તેમને બધું ઉતાવળા આટોપતા જોઈ તુલસીદાસે પૂછ્યું : "મુકુંદ ! ક્યાં જવાની તૈયારી કરો છો ?"

"અહીં ગામમાં રામાનંદ સ્વામી પધાર્યા છે તેમનાં દર્શને જાઉં છું."

તુલસીદાસે કહ્યું : "ભલે, જાઓ. પણ વહેલા આવી જજો."

મુકુંદ રામાનંદ સ્વામીનાં દર્શને ગયા. રામાનંદ સ્વામીનાં દર્શનથી જ મુકુંદદાસને અંતરમાં શાંતિ થઈ ગઈ. સાધુ તો તેમણે ઘણા જોયા હતા પરંતુ આવું દિવ્ય વ્યક્તિત્વ તેમણે હજુ સુધી ક્યાંય જોયું ન હતું. તેમની સર્વ ઇન્દ્રિયો વિરામ પામી ગઈ. થોડી વારે રામાનંદ સ્વામીએ કથા શરૂ કરી. શબ્દોમાં આવો જાદુ હશે તેની તેમને આજે જ ખબર પડી. શાંતિ પથરાઈને સ્થિર થઈ ગઈ ! રામાનંદ સ્વામીની કથા પૂરી થઈ અને મુકુંદદાસ જાગ્યા. રાત ઘણી થઈ ગઈ હતી. સૌ ઊઠ્યા. મુકુન્દદાસ પણ ઊઠ્યા. રામાનંદ સ્વામીના પગમાં પડી ગયા.

સ્વામીએ તેમને માથે હાથ મૂકી પૂછ્યું : "તમે કોણ ?"

મુકુંદદાસે કહ્યું : "હું અહીંના રામજી મંદિરના મહંત બાવા તુલસીદાસનો શિષ્ય મુકુંદ છું."

આ સાંભળી રામાનંદ સ્વામી ચમક્યા. તેમણે કહ્યું : "બાવા તુલસીદાસ ! માર્ગીપંથી ! માર્ગી તો ફાટેલ દૂધ કહેવાય. પોતે બગડે ને બીજાને પણ બગાડે."

મુકુંદદાસને આ સાંભળી ધ્રાસકો પડ્યો. તેટલામાં રામાનંદ સ્વામીએ તેમને કહ્યું : "ભલા થઈને કાલથી કથામાં ન આવશો. તમારા ગુરુ અમને ઉપાધિ કરે."

મુકુંદદાસ હજુ નીચું જ જોઈ રહ્યા હતા. તેઓ આ આજ્ઞા સાંભળી નિરાશ થઈ ગયા. રામાનંદ સ્વામીને મુકુંદદાસની દયા આવી. તેમનામાં મુમુક્ષુતા હતી. એ મુમુક્ષુતાને પાંગરવા દેવી જોઈએ. તેમણે કહ્યું : "મુકુંદ ! તારા ગુરુ તને રાજી-ખુશીથી રજા આપે તો આવજે."

મુકુંદને આ શબ્દોમાં આશાનું કિરણ જડ્યું. તેઓ રામજી મંદિરે ગયા, ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. તુલસીદાસ તેની ચિંતામાં ઊંઘી શક્યો ન હતો. મુકુંદને જોઈને તે એકદમ ઊઠ્યો. મુકુંદનો હાથ પકડી તેણે પૂછ્યું : "અત્યાર સુધી ક્યાં હતો ? રામાનંદે ભૂરકી નાખી દીધી ?"

મુકુંદ કાંઈ બોલ્યા નહિ. પોતાના આસને જઈ સૂઈ ગયા.

બીજે દિવસે પણ તેમને કથામાં જવું હતું. તે તૈયાર થયા. તુલસીદાસની નજર ચુકાવીને તે નીકળી ગયા. રામાનંદ સ્વામીને પણ કદાચ નહિ ગમે એમ ધારી પોતે નવેળામાં સંતાઈ ગયા. અહીં કથા તો સંભળાતી હતી. પણ વરસાદ પડતો હતો તેથી નેવાનાં પાણીથી તે પલળતા હતા. પવન પણ ઠંડો વાતો હતો.

એટલામાં બહાર ચોકિયાતો નીકળ્યા. તેમણે નવેળામાં કોઈને સંતાયેલું જોઈ બૂમ મારી : "એલા કોણ ત્યાં સંતાયું છે ?" એમ કહી એક ચોકિયાત નવેળામાં ઉઘાડી તલવાર લઈને પેઠો.

મુકુંદ એકદમ ઊભા થઈ ગયા. તેમણે ચોકિયાતને હાથ જોડી કહ્યું : "ભલા થઈને ગોકીરો કરશો મા. હું રામજી મંદિરનો મુકુંદદાસ !"

મુકુંદદાસનો અવાજ ઓળખી ચોકિયાતે તલવાર મ્યાન કરી. પછી પૂછ્યું : "અહીં કેમ સંતાયા છો ?"

મુકુંદદાસે કહ્યું : "રામાનંદ સ્વામી મારા ગુરુની બીકે મને કથા સાંભળવા ન દે તેથી અહીં સંતાઈને કથા સાંભળું છું."

ચોકિયાતને મુકુંદદાસની દયા આવી. તેણે તેનો હાથ પકડ્યો અને અંદર લઈ ગયા. રામાનંદ સ્વામી મુકુંદદાસને ચોકિયાત સાથે આવતા જોઈ ઊભા થઈ ગયા. તેમને લાગ્યું કે નક્કી તુલસીદાસે રાજાને ફરિયાદ કરી હશે. ચોકિયાત પાસે જઈને

હાથ જોડી કહ્યું : "ભાઈ ! અમે કાલે સવારે ચાલ્યા જઈશું, પણ તમે આ તોફાન રહેવા દ્યો."

ચોકિયાત આમાં કાંઈ સમજ્યો નહિ. તેણે કહ્યું : "સ્વામી ! આ મુકુંદ નવેળામાં બેસીને તમારી કથા સાંભળતા હતા. તેને તમે કેમ કથામાં બેસવા દેતા નથી ?"

રામાનંદ સ્વામીને પરિસ્થિતિ સમજાણી. તેમણે કહ્યું : "એના ગુરુ ઉપાધિ કરે એટલા માટે."

ચોકિયાત આ સાંભળ્યું ન સાંભળ્યું કરી તેની ફરજ ઉપર ચડી ગયો.

રામાનંદ સ્વામીને મુકુંદે કહ્યું : "સ્વામી ! મારે ભગવાન મેળવવા છે. બ્રહ્મચર્યવ્રત દૃઢ પળાય તો જ ભગવાન મળે. તે માટે આપની સેવામાં આવવાની ઇચ્છા છે."

રામાનંદ સ્વામીને શુદ્ધ મુમુક્ષુતાનો પરિચય થયો. તેમણે કહ્યું : "તમારા ગુરુની રજાચિઠ્ઠી લઈને આવો તો સેવામાં રાખીએ."

મુકુંદદાસને સ્વામીના આ શબ્દોમાં આશાનું કિરણ દેખાયું. તે હાથ જોડી ત્યાંથી નીકળી ગયા.

રામાનંદ સ્વામી જાણતા હતા કે મુકુંદદાસના ગુરુ તુલસીદાસ રાજાનો માનીતો છે. જરૂર ઉપાધિ કરશે. તેથી બીજે દિવસે સવારના તેઓ ત્યાંથી નીકળી બંધિયા ચાલ્યા ગયા.

મુકુંદદાસને લાગ્યું કે તુલસીદાસ તેને સહેલાઈથી છોડશે નહિ. આ જગ્યાના ભવિષ્યના મહંત તરીકે મુકુંદદાસને તેણે નક્કી કરી રાખ્યા હતા. તેથી મુકુંદદાસે યુક્તિ કરી.

સવારથી જ તેના વર્તનમાં ફેર પડી ગયો. મંદિર સદાવ્રત પણ ચલાવતું હતું. એટલે મુકુંદદાસ તો આડેધડ લોટ, ઘી, ગોળ વગેરે અન્નાર્થીઓને આપવા લાગ્યા. કોઈને વાસણ પણ આપે. બાવા તુલસીદાસ આ જોઈ રહ્યા. તેમણે મુકુંદને કહ્યું : "મુકુન્દ ! આમ ઢગલામોઢે આપવા માંડશો તો ભંડાર ખાલી થઈ જશે. માટે રીતથી આપો."

મુકુંદે તરત જ કહ્યું : "મને છ મહિના ગાંડપણ રહે છે. તેમાં કાંઈ ભાન રહેતું નથી. પણ તમો ચિંતા શું કામ કરો છો ? ભંડાર જો નરવા થઈ જશે, તો આપણે તીરથમાં ફરવા જાશું."

તુલસીદાસને આ સાંભળી લાગ્યું કે નક્કી આ સતગાંડિયું લાગે છે. તેથી જ કોઈ તેને રાખતું નહિ હોય. તેણે કહ્યું : "ભાઈ ! આપણે ભંડાર નરવા નથી કરવા

પણ તમે જ નવરા થઈ જાઓ.''

મુકુંદને તો આ જોઈતું હતું. તેમણે કહ્યું : ''ભલે, મને રજાચિઠ્ઠી લખી આપો કે હું તમારા શિષ્ય તરીકે છૂટો થયો છું અને મારા ઉપર તમારો કોઈ હકદાવો નથી.''

તુલસીદાસને પણ થયું કે સહેલાઈથી જો આ લપ જતી હોય તો તરત કાઢવી. તેણે તરત ચિઠ્ઠી લખી આપી. મુકુંદદાસ તે લઈને ત્યાંથી નીકળી ગયા.

રામાનંદ સ્વામી જ્યાં ઊતર્યા હતા ત્યાં તેઓ ગયા ત્યારે તેમને ખબર મળી કે સ્વામી તો વહેલી સવારે નીકળી બંધિયા ગયા છે. તેમણે તરત જ ત્યાંથી બંધિયાનો માર્ગ લીધો.

બંધિયાના મૂળુભા દરબાર રામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામી આંહીં દરબારની માઢમેડીમાં ઊતરતા. થોડા દિવસે મુકુંદદાસ બંધિયા આવી પહોંચ્યા. સ્વામીને મળ્યા. દર્શન કરી અપાર શાંતિ થઈ ગઈ ! સ્વામી પણ તેમને જોઈ રાજી થયા. મકુંદદાસે તુલસીદાસે આપેલી ચિઠ્ઠી રામાનંદ સ્વામીના હાથમાં આપી. સ્વામીએ ચિઠ્ઠી વાંચી. મુકુંદદાસના તીવ્ર વેગની તેમણે મનોમન પ્રશંસા કરી. તેમણે કહ્યું : ''મુકુંદ ! તમારો સંકલ્પ પૂરો થશે. પણ અમારે તો ફરવાનું જ હોય છે. તમો અહીં રહો અને આ દરબાર મૂળુભાના ખેતરમાં હળ હાંકજો.''

મુકુંદદાસને આ આજ્ઞાથી આનંદ થયો. તેમને અંતરમાં પ્રતીતિ હતી કે સમર્થ ગુરુની આજ્ઞામાં બધી જ સિદ્ધિઓ રહી છે. અહીં મારો સંકલ્પ પૂરો થશે તેમ ગુરુએ કહ્યું છે, તો તેમની આજ્ઞામાં અવિચારીપણે વર્તવું.

મુકુંદદાસે ચોરણો પહેર્યો. ઉપર કસબંધ કેડિયું પહેર્યું, માથે ફાળિયું બાંધ્યું. મૂળુભાની સાથે ખેતરે ગયા. બળદની રાશ ઝાલી અને હળનો હાથો પકડ્યો, પણ હળ સ્થિર રહે નહિ. આ જોઈ મૂળુભા હસવા લાગ્યા.

રાત્રે તેમણે સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ કામમાં તો મુકુંદ હાથ-પગ ભાંગશે. તમારી આજ્ઞા તેણે પાળી. હવે બીજી સેવા બતાવો.''

રામાનંદ સ્વામી પણ તેમનો ખપ જોઈ રાજી થયા. તેમણે મુકુંદને કહ્યું : ''મુકુંદ ! તારે ત્યાગી થવું છે ?''

મુકુંદે તરત જ હા કહી.

''પણ લગ્ન કર્યાં છે ?''

''હા, મહારાજ !'' મુકુંદે ટૂંકો જવાબ આપ્યો.

તરત જ સ્વામીએ કહ્યું : ''તો તો બૈરાની પણ રજાચિઠ્ઠી જોઈએ.''

મુકુંદને ફરી ધ્રાસકો પડ્યો. આ વળી નવી લપ ક્યાંથી આવી ? તેમને મૌન ઊભેલા જોઈ સ્વામીએ કહ્યું : ''રજાચિઠ્ઠી લઈ આવો પછી જ અમારી ભેગા રાખીશું.''

મુકુંદે તરત જ નક્કી કરી લીધું. બંધિયાથી અમરાપરના માર્ગે તે ચડી ગયા.

મુકુંદદાસે રસ્તામાં જ વિચાર કરી લીધો. વ્યવહારનાં બંધનમાંથી છૂટવું અતિ કઠણ છે. ઘરના સંબંધીઓ જલદી રજા આપશે નહિ. તેથી જો ગાંડા થઈએ, તો સૌને આ દેહ ઉપરથી સ્વાર્થ ઊતરી જશે. તેઓ અમરાપુર પહોંચ્યા અને પાદરમાંથી જ ઉન્માદના ભાવ શરૂ કર્યા. કોપીન સિવાયનાં બધાં વસ્ત્રો કાઢીને ફેંકી દીધાં અને 'રામ કટાકટ મહુડુ ભાંગ્યું' એવા અસંબદ્ધ - ન સમજાય તેવા - શબ્દો[૨૨૭] બોલી પાદરમાં નાચવા માંડ્યા. તેમને જોઈ ગામલોકોએ ઓળખી લીધા અને પકડીને ઘેર લઈ આવ્યા.

મુકુંદદાસને ઘણા દિવસે આવેલા જોઈ ઘરના સંબંધીઓને આનંદ થયો. પરંતુ તેમનું ગાંડપણ જોઈ દુઃખ પણ થયું. મુકુંદદાસ એ દુઃખમાં વધારો કરવા ઉન્માદના ભાવ વિશેષ ને વિશેષ બતાવવા લાગ્યા. સવારના વહેલા ઊઠી પોતાના ઘરનું વાછડું છોડી બીજાના ઘેર બાંધી આવે અને બીજાના ઘરનું વાછડું છોડીને પાદરમાં જઈ ઝાડે બાંધી આવે.

થોડા દિવસમાં તો ગામમાં અને ઘરમાં તેમણે ત્રાસ વર્તાવી દીધો. ઘરના માણસો બધા કંટાળી ગયા. મુકુંદદાસની આ ચેષ્ટામાં ગામના એક વૃદ્ધને કાંઈક રહસ્ય લાગ્યું. તેણે તેમને ખાનગીમાં બોલાવી પૂછ્યું : "મુકુન્દ ! મને તારા આ ગાંડપણમાં કાંઈક ભેદ દેખાય છે. સાચું કહે, તું શા માટે હેરાન કરે છે ?"

મુકુંદને આ વૃદ્ધના ભાવમાં પોતાનો છુટકારો દેખાયો. તેણે કહ્યું : "ભાભા ! મારે સંસારમાં રહેવું નથી. સાધુ થવું છે, મને ઘરવાળા પાસેથી તમો રજાચિઠ્ઠી અપાવો."

ભાભાએ ભરમ પારખી લીધો. મુકુંદનો વૈરાગ્ય તીવ્ર હતો.

બીજે દિવસે તે વૃદ્ધે મુકુંદનાં માતા-પિતા તથા પત્નીને સમજાવ્યાં અને મુકુંદના ગાંડપણનું રહસ્ય કહ્યું. બધા જ તેમના વૈરાગ્યથી પ્રસન્ન થયા અને મુકુંદદાસને રાજીખુશીથી સાધુ થવા રજા આપી. પત્નીએ પણ ફારગતીના કાગળ ઉપર સહી કરી દીધી.

આ પત્ર લઈને મુકુંદદાસ બંધિયા આવ્યા. રામાનંદ સ્વામી તેમને જોઈ પ્રસન્ન થયા. પછી તેમને સં. ૧૮૪૨ના મહા સુદ પંચમી(વસંતપંચમી)ના દિવસે ભાગવતી દીક્ષા આપી તેમનું નામ મુક્તાનંદ પાડ્યું.

---

૨૨૭. શ્રીહરિચરિત્રચિંતામણિ(ભાગ-૩, વાર્તા ૫૦૩)માં આ પંક્તિનો અર્થ એવો કર્યો છે કે 'રામ' અર્થાત્ રામાનંદ સ્વામી, 'કટાકટ' અર્થાત્ કટાક્ષથી - દૃષ્ટિથી, 'મહુડું ભાંગ્યું' અર્થાત્ સંસારનો પાશ દૂર થયો.

પરિશિષ્ટ : ૩

સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી

દિનમણિ શર્માનું જન્મસ્થાન લખનૌ તાલુકામાં દતિયા ગામ હતું. તેમના પિતાનું નામ વિષ્ણુ શર્મા અને માતાનું નામ હતું વિરજાદેવી. આ મહાપવિત્ર દંપતીને બે પુત્રો હતા. ગોવિંદ શર્મા અને દિનમણિ શર્મા.

દિનમણિ શર્મા બાલ્યકાળથી જ શાસ્ત્રવિદ્યાના વ્યાસંગી હતા. વળી, જગત પ્રત્યે ઉદાસ હતા. વૈરાગ્ય, વિવેક, શમ-દમાદિક ગુણોથી સંપન્ન હોવાથી તેમણે નિશ્ચય કરી લીધો હતો કે સંસારની મોહજાળમાં ફસાવું નથી. તેથી તેઓ માતા-પિતા તથા કુટુંબીજનોના સ્નેહને અંતરતલ સુધી પેસવા દેતા ન હતા.

આઠ વર્ષે તેમને ઉપવીત-સંસ્કાર કર્યા. પછી વિશેષ વિદ્યાભ્યાસ માટે તેઓ કાશી ગયા. ત્યાં થોડા સમયમાં જ સમગ્ર શાસ્ત્રોનો અભ્યાસ તેમણે કરી લીધો. છતાં કેવળ શાસ્ત્ર-અભ્યાસથી તેમના અંતરમાં ન તો પ્રકાશ થયો કે ન શાંતિ થઈ. તેથી તેમણે નક્કી કર્યું કે તત્ત્વજ્ઞાનના સાક્ષાત્ અનુભવ સિવાયના કેવળ શાસ્ત્ર-જન્ય જ્ઞાનનું કાંઈ જ ફળ નથી.

પછી ત્યાંથી યાત્રાળુઓ સાથે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની શોધમાં નીકળ્યા. જગન્નાથપુરી, સેતુબંધ રામેશ્વર વગેરે તીર્થો કરતાં કરતાં દ્વારિકાપુરી જવાનું નક્કી કર્યું. માર્ગમાં વીસનગર આવ્યું. અહીં તેમણે સાંભળ્યું કે અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા આ કલિયુગમાં પ્રગટ થયા છે અને સૌરાષ્ટ્રમાં વિચરણ કરે છે. હજારો મુમુક્ષુઓને તેમના સંબંધથી સમાધિમાં તેમનાં સાક્ષાત્ દર્શન થાય છે. ત્રિવિધ તાપથી સૌની રક્ષા કરે છે અને પ્રભુપંથે ચાલવાની સૌને પ્રેરણા આપે છે.

આ સાંભળી તેમની ઉત્સુકતા વધી ગઈ અને સૌરાષ્ટ્ર તરફ જવા નીકળ્યા. સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા ત્યારથી જ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વિશે જે જે ગામે તે જતા ત્યાં પૂછતા. એમ પૂછતાં પૂછતાં તેઓ ફણેણી આવ્યા.

ફણેણીમાં તેમને શ્રીહરિના પરમહંસ - બ્રહ્મચર્યથી શોભતા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી અલંકૃત - પ્રભુતાનંદજી મળ્યા. તેમનાં દર્શન થતાં જ દિનમણિ શર્માને શાંતિ થઈ ગઈ. તેમને લાગ્યું કે જેમના પરમહંસનાં દર્શનથી આવો દિવ્ય અનુભવ થાય છે તો તે પરમાત્માનાં દર્શનથી કેવા અનિર્વચનીય આનંદ અને શાંતિનો અનુભવ થશે !

ત્યાં થોડા દિવસ રહ્યા અને પછી પ્રભુ ઊંઝા પધારવાના છે એ સમાચાર મળતાં દિનમણિ શર્મા ઊંઝા જવા નીકળ્યા.

શ્રીહરિ ઊંઝા આવી પહોંચ્યા. શ્રીહરિ ઊંઝા પધારવાના છે તે સમાચાર ગુજરાતમાં સૌ હરિભક્તોને મળતાં ગામેગામથી હરિભક્તો ઊંઝા આવી ગયા હતા. શ્રીહરિના સ્વરૂપ માટેનું આવું આકર્ષણ જોઈ દિનમણિ શર્માને પ્રતીતિ થઈ કે શ્રીહરિ જરૂર પૂર્ણ પુરુષોત્તમ નારાયણનું માનુષી સ્વરૂપ છે. હરિભક્તોની તેમના વિશેની વાતો, તેમને થયેલા દિવ્ય અનુભવો આ બધું સાંભળી દિનમણિ શર્માને અંતરમાં અત્યંત શાંતિ થઈ ગઈ.[૨૨૮]

હજારો હરિભક્તોની મેદની ભરાયેલી હોવાથી શ્રીહરિએ ગામબહાર વિશાળ સરોવર પાસે સભા ભરવાનું નક્કી કર્યું. શ્રીહરિ ત્યાં પધાર્યા. મેદનીમાં નવજીવન આવી ગયું. 'સહજાનંદ સ્વામી'ની જયઘોષણાથી દિવ્યતા પ્રસરી ગઈ.

હજુ સુધી દિનમણિ શર્મા દૂર જ ઊભા હતા. સભા જ્યારે બેઠી ત્યારે શ્રીહરિએ દૂર ઊભેલા દિનમણિ શર્માને હાથના ઇશારાથી બોલાવ્યા. દિનમણિ શર્માને આ જોઈ આશ્ચર્ય થયું. આટલા હજારો હરિભક્તોમાં મારા જેવા તદ્દન અજાણ્યા તરફ દૃષ્ટિ કરી ! તેમને આનંદ થયો અને શ્વાસભેર દોડતા, મેદનીમાંથી માર્ગ કરતા તેઓ શ્રીહરિ પાસે આવી પહોંચ્યા.

શ્રીહરિની સન્મુખ આવતાં જ તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિ પણ આસન ઉપરથી ઊઠીને તેમને ભેટી પડ્યા - જાણે પૂર્વની ઓળખાણ હોય તેમ ! દિનમણિ શર્માની આંખોમાંથી આંસુ ટપકતાં હતાં. શ્રીહરિએ તેમના તરફ દૃષ્ટિ કરી અને તરત જ તેમને સમાધિ થઈ.

સમાધિમાં તેમને અક્ષરધામમાં આ જ શ્રીહરિના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. અનંત મુક્તો શ્રીહરિની સ્તુતિ કરતા હતા. પછી તેમણે અવતારોને પણ શ્રીહરિની સ્તુતિ કરતા જોયા. શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ સ્વયં છે એ દર્શનથી તેમને એ નિશ્ચય થયો. સમાધિમાંથી જાગ્રત થયા અને શ્રીહરિના ચરણકમળ પકડી તેમણે ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી : "પ્રભુ ! મને દીક્ષા આપો."

---

૨૨૮. સંપ્રદાયના ગ્રંથો અનુસાર; ધર્મધુરા ધારણ કર્યા બાદ શ્રીહરિ આ.સં. ૧૮૬૨માં સૌ પ્રથમવાર ઊંઝા પધાર્યા હતા. જ્યારે શ્રીહરિએ દિનમણિ શર્માને મેઘપુરમાં આ.સં. ૧૮૬૦માં દીક્ષા આપી છે. (શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૧, વાર્તા ૧૬૧) એટલે દિનમણિ શર્મા શ્રીહરિને ઊંઝામાં મળે છે એ ઉલ્લેખ બંધ બેસતો લાગતો નથી. પરંતુ એવું બની શકે છે કે શ્રીહરિ અન્ય સ્વરૂપે ઊંઝા પધાર્યા હોય અથવા તો એ વિચરણની નોંધ લેવાઈ ન હોય.

શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું : "સમય આવશે ત્યારે દીક્ષા આપીશું. હમણાં તો શાસ્ત્રોનો અભ્યાસ કરો."

શ્રીહરિ જ્યારે મેઘપુર પધાર્યા, ત્યારે દિનમણિ શર્મા પણ તેમની સાથે હતા. તે વખતે શ્રીહરિએ તેમને ભાગવતી દીક્ષા આપી અને 'નિત્યાનંદ' નામાભિધાન કર્યું. આ પ્રસંગે નિત્યાનંદ મુનિની વિદ્વતાની પ્રશંસા કરતાં શ્રીહરિએ સભાજનોને કહ્યું : "આ નિત્યાનંદ મુનિ તો આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં અજોડ પુરુષ છે. સર્વ પ્રતિવાદીઓનો પરાભવ કરી તેઓ સંપ્રદાયનો દિગ્વિજય કરશે."


પરિશિષ્ટ : ૪

પાત્રસૂચિ તથા ગ્રામસૂચિ

સંતો-પરમહંસો તથા સંન્યાસી-વેરાગીઓની સૂચિ

હરિભકતો-મુમુક્ષુઓની સૂચિ

ગ્રામ સૂચિ



માતા ભક્તિદેવી અને પિતા ધર્મદેવને દિવ્ય સુખ આપતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ.



જે દિવ્ય ભૂમિ પર પરાત્પર પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે અવતાર ધારણ કર્યો
એ મહાપવિત્ર છપૈયા ગામે જન્મસ્થળ પર રચાયેલું ઘનશ્યામ ભુવન.



ભક્તિમાતાની કૂખે દિવ્ય વિગ્રહ ધારણ કરી
સાક્ષાત્ પરમાત્મા જે મહાપવિત્ર સ્થળે અવતર્યા એ દિવ્ય જન્મસ્થાન, છપૈયા.



શ્રીહરિના જન્મસ્થાને રચાયેલું તીર્થ
શ્રી સ્વામિનારાયણ મંદિર, છપૈયા.



બાળપ્રભુ ઘનશ્યામ મહારાજે જ્યાં અનેક વખત સ્નાન કરીને
દિવ્ય સ્મૃતિઓ આપી છે તે નારાયણ સરોવર, છપૈયા.

બાળપ્રભુ ઘનશ્યામ મહારાજે
જ્યાં ચકલાંઓને સમાધિ કરાવી
હતી તે ત્રિકોણિયું ખેતર.



જ્યાં મૃત માછલાંઓને સજીવન
કરીને બાળપ્રભુએ માછીમારને
અહિંસાનો બોધ આપ્યો હતો
તે મીન સરોવર.





એ પ્રાસાદિક સ્થાન,
જ્યાં બાળપ્રભુએ કાલિદત્તનો
મોક્ષ કર્યો હતો.



છપૈયા નજીક મખોડા ઘાટ,
શ્રી ઘનશ્યામ મહારાજની દિવ્ય
લીલાઓનું પ્રાસાદિક સ્થાન.



શ્રી ઘનશ્યામ પ્રભુની
ચરણરજથી અંકિત
અયોધ્યાનું પ્રાચીન તીર્થ -
સ્વર્ગદ્વાર.



અયોધ્યાનું પ્રસિદ્ધ
હનુમાન ગઢીનું મંદિર,
જ્યાં બાળપ્રભુ
શ્રી ઘનશ્યામ મહારાજ
નિત્ય દર્શન અને કથાશ્રવણ
માટે પધારતા.



અયોધ્યાનું પ્રસિદ્ધ કનકભુવન,
જ્યાં શ્રીહરિ નિત્ય દર્શનાર્થે પધારતા.

અયોધ્યામાં શ્રીહરિના ઘરની
નજીક આવેલું ચંદ્રશેખર
મહાદેવનું દેરું,
અહીં સ્વ-સ્વરૂપમાં નિમગ્ન
શ્રી ઘનશ્યામ મહારાજ
મધ્યાહ્ને વિશ્રામ કરતા.






બાળપ્રભુએ લોભી કંદોઈને
પોતાનું દિવ્ય ઐશ્વર્ય દર્શાવી
તેનો લોભ ટાળ્યો હતો
તે કંદોઈની પ્રાસાદિક હાટ,
અયોધ્યા.

સૂર્યકુંડ અયોધ્યા,
જ્યાં બાળપ્રભુએ મિત્રો સાથે
અનેકવાર જળલીલાઓ
કરી છે...



કાશીમાં ભારતના પ્રકાંડ પંડિતો વચ્ચે
દસ વર્ષના શ્રી ઘનશ્યામ મહારાજે
શાસ્ત્રાર્થ કરીને
પોતાનો દાર્શનિક સિદ્ધાંત
સમજાવ્યો હતો તે
વારાણસીમાં શ્રીહરિનું પ્રાસાદિક
શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ.






પવિત્ર સરયૂ તટે રામઘાટ અને લક્ષ્મણઘાટ, અયોધ્યા.
શ્રી નીલકંઠ વર્ણી અહીં નિત્ય સ્નાન કરીને ધ્યાનલીન રહેતા.




માત્ર ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરીને
પોતાની કલ્યાણયાત્રાનો આરંભ કરતા શ્રી નીલકંઠ વર્ણી.



શ્રી નીલકંઠ વર્ણીની કલ્યાણ યાત્રાનો પ્રારંભિક મુકામ - શ્રી લોધેશ્વર મહાદેવ.
આ પ્રાચીન તીર્થમાં આવેલ સરોવરમાં પણ શ્રી નીલકંઠે સ્નાન કર્યું હતું.



ઉત્તરાખંડ - હિમાલયનું પ્રવેશદ્વાર ગણાતા હરદ્વારમાં ગંગાતટે બ્રહ્મકુંડ અને હરકી પૈડી,
જ્યાં શ્રી નીલકંઠ વર્ણીએ સ્નાન કર્યું હતું.




ઋષિકેશમાં ગંગા નદીના તટે લક્ષ્મણ ઝુલા, અહીં લક્ષ્મણજીએ તપશ્ચર્યા કરી હતી.
શ્રી નીલકંઠે અહીં પાંચ દિવસ તપશ્ચર્યા કરી હતી.



ઉત્તરાખંડ - હિમાલયની રાજધાની શ્રીપુર(શ્રીનગર)માં આવેલું પ્રાચીન તીર્થ - કમલેશ્વર મહાદેવ.
અહીં શ્રી નીલકંઠ વર્ણીએ માનવભક્ષી સિંહને શાંત કરી અહીંના મહંતને અતિ પ્રભાવિત કર્યા હતા.



કેદારનાથ જતાં માર્ગમાં શ્રી નીલકંઠ વર્ણીએ
પ્રસાદીભૂત કરેલું પ્રાચીન તીર્થ ગુપ્તકાશી.



હિમાલયની તળેટીમાં આવેલું તીર્થ - ત્રિયુગી નારાયણ.
શ્રી નીલકંઠે આ તીર્થને પાવન કર્યું છે.



ઉત્તરાખંડના ચાર ધામ પૈકીનું એક મુખ્ય ધામ - કેદારનાથ.
શ્રી નીલકંઠ વર્ણી અડવાણે પગે પદયાત્રા કરીને હિમશિખરો ખૂંદતાં અહીંથી બદરીનાથ પધાર્યા હતા.



શ્રી બદરી વિશાલનું મંદિર, બદરીનાથ.
અહીં શ્રી નીલકંઠ વર્ણીએ દશેરાથી અન્નકૂટોત્સવ સુધીનાં પર્વો ઊજવ્યા હતાં.



હિમાલયની પ્રચંડ હિમવર્ષા અને કાતિલ ઠંડીને ઝીલતા શ્રી નીલકંઠ વર્ણી
ખુલ્લા શરીરે અને અડવાણે પગે ૧૪,૫૦૦ ફૂટની ઊંચાઇએ માનસરોવર પહોંચ્યા.



શ્રી નીલકંઠ વર્ણીએ જ્યાં સ્નાન કરીને ગંગાના તાપ હર્યા હતા
એ ગંગાના ઉદ્ભવ સ્થાન આગળ આવેલું ગંગોત્રી ધામ.



ઉત્તરપ્રદેશમાં આવેલું પુરાણપ્રસિદ્ધ નૈમિષારણ્ય ક્ષેત્ર, ચક્રતીર્થ,
જ્યાં શ્રી નીલકંઠ વર્ણીએ સ્નાન કર્યું હતું.



શ્રી નીલકંઠ વર્ણીનાં દર્શનથી કૃતાર્થ થઈને બુટોલનગર(નેપાળ)ના મહારાજાએ પોતાની કન્યાઓ અને રાજ્ય સમર્પણ કરી પોતાને ત્યાં અખંડ રહેવા વિનંતી કરી હતી એ પ્રસાદીભૂત મહેલના અવશેષો.



હિમાલયમાં ૧૨,૫૦૦ ફૂટની ઊંચાઇએ આવેલું મુક્તિનાથ ધામ, નેપાળ.
શ્રી નીલકંઠ વર્ણીએ અહીં ચાતુર્માસમાં કઠોર તપશ્ચર્યા કરી હતી.



શ્રી નીલકંઠ વર્ણીના પ્રસંગથી મહાપવિત્ર બનેલ ચક્રગંડકી નદીના કિનારે મુક્તિનાથ ધામમાં
બિરાજમાન શ્રી મુક્તિનાથ(વિષ્ણુ) તથા શ્રીદેવી અને ભૂદેવીની મૂર્તિઓ.



શ્રી નીલકંઠ વર્ણીની પધરામણીથી પ્રસાદીભૂત થયેલ પ્રાચીન રાજમહેલ, કાઠમંડુ, નેપાળ.
શ્રી નીલકંઠ વર્ણીના દિવ્ય ઐશ્વર્યથી અહીંના મહારાજા રણબહાદુર શાહનું અસહ્ય દર્દ મટ્યું હતું.




શ્રી નીલકંઠ વર્ણીના પ્રસંગથી પાવન થયેલું
પશુપતિનાથ મંદિર, કાઠમંડુ, નેપાળ.



શ્રી નીલકંઠ વર્ણીના દિવ્ય પ્રભાવથી પ્રભાવિત
નેપાળના મહારાજા રણબહાદુર શાહની છબી.

દક્ષિણ નેપાળમાં
શ્રી નીલકંઠની ચરણરજથી પ્રસાદીભૂત થયેલું
આદિવારાહ તીર્થ.






ઓરિસ્સાની રાજધાની ભુવનેશ્વરમાં આવેલું પ્રસિદ્ધ લિંગરાજ ભુવનેશ્વર મંદિર,
જ્યાં શ્રી નીલકંઠ વર્ણીએ યાત્રા કરી હતી.



શ્રી નીલકંઠ વર્ણીની ચરણરજથી અંકિત
પૂર્વ ભારતમાં આવેલું સાક્ષી ગોપાલ તીર્થ.




શ્રી નીલકંઠ વર્ણીની યાત્રાનું એક ધામ
સાક્ષી ગોપાલ-ગુરુવાયુર અપ્પન.



શ્રી ચૈતન્ય મહાપ્રભુનું જન્મસ્થાન,
નવદ્વીપ, બંગાળ.



શ્રી નીલકંઠ વર્ણીએ જ્યાં સતત છ માસ કરતાંય વધુ સમય રહીને અનેક મુમુક્ષુઓનું કલ્યાણ કર્યું હતું
એ તીર્થધામ શ્રી જગન્નાથપુરીનું પ્રસિદ્ધ જગન્નાથ મંદિર.



જગન્નાથપુરીમાં આવેલું પ્રાચીન સરોવર તીર્થ - ઈન્દ્રદ્યુમ્ન સરોવર.
શ્રી નીલકંઠ વર્ણીએ આ સરોવરના તટે નિવાસ કર્યો હતો તેની સ્મૃતિ કરાવતી દેરી.



જગન્નાથપુરી નજીક આવેલું તીર્થ - જનકપુરી.
શ્રી નીલકંઠ વર્ણીએ અહીં પણ નિવાસ કર્યો હતો.




વેંકટાદ્રિ પર્વત પર આવેલું તિરુપતિ બાલાજીનું પ્રસિદ્ધ વેંકટેશ મંદિર.
શ્રી નીલકંઠવર્ણીએ આ સ્થાનની યાત્રા કરી હતી.



દક્ષિણ ભારતનું તીર્થધામ - વિષ્ણુકાંચી.
શ્રી નીલકંઠ વર્ણીએ આ સ્થાનની યાત્રા કરીને મઠાધિપતિઓ સાથે પ્રશ્નોત્તર કર્યા હતા.



દક્ષિણ ભારતમાં કાંચીપુરીમાં જ આવેલું તીર્થ - શિવકાંચી.
શ્રી નીલકંઠ વર્ણીએ અહીં પણ મુમુક્ષુઓને લાભ આપ્યો હતો.




શ્રી રામાનુજાચાર્યની તીર્થભૂમિ શ્રીરંગક્ષેત્ર.
અહીં શ્રી નીલકંઠ વર્ણી શ્રીરંગનાથજીની ચતુર્ભુજ મૂર્તિનાં દર્શન કરતા બે માસ રોકાયા હતા.



ભગવાન શ્રી રામચંદ્રજીએ સ્થાપેલું તીર્થ - રામેશ્વરમ્.
સતત બે મહિના સુધી શ્રી નીલકંઠ વર્ણી નિત્ય સમુદ્રસ્નાન કરી જ્યોર્તિલિંગનાં દર્શન કરવા અહીં પધારતા.

રામેશ્વરમ્‌ની નિકટ આવેલું
તીર્થધામ - દર્ભશયનમ્.
શ્રી નીલકંઠ વર્ણીએ આ સ્થાનની
યાત્રા કરી હતી.





સુંદરરાજ ક્ષેત્ર, અહીં 'સુંદરબાહુ' તરીકે પ્રસિદ્ધ ચતુર્ભુજ વિષ્ણુનાં દર્શન કરીને
શ્રી નીલકંઠ વર્ણીએ મીનાક્ષી મંદિરની યાત્રા કરી હતી.



શ્રી રામાનુજાચાર્યનું જન્મસ્થાન - ભૂતપુરી (હાલ શ્રીપેરેમ્બુદુર).
શ્રી નીલકંઠ વર્ણીએ દક્ષિણથી ઉત્તર તરફનો સેંકડો માઈલનો માર્ગ કાપીને શ્રી રામાનુજાચાર્યને અંજલિ અર્પી.



શ્રી રામાનુજાચાર્યે સ્થાપેલી વિશિષ્ટાદ્વૈત મતની મૂળ પીઠ - તોતાદ્રિ.
અહીં શ્રી જિયર સ્વામી સાથે શાસ્ત્રચર્ચા કરીને શ્રી નીલકંઠ વર્ણીએ સ્ત્રી-પુરુષ મર્યાદાનું પ્રતિપાદન કર્યું હતું.



કન્યાકુમારી ક્ષેત્ર,
શ્રી નીલકંઠ વર્ણીએ અહીં નવરાત્રિનો ઉત્સવ કર્યો હતો.



કન્યાકુમારી ક્ષેત્રની નજીક આવેલું
નમ્બી-નારાયણ તીર્થ.
અપભ્રંશ થઈને 'લંબેનારાયણ' તરીકે ઓળખાતા
આ તીર્થધામની શ્રી નીલકંઠે
યાત્રા કરી હતી.



કેરાલા રાજ્યનું પ્રસિદ્ધ તીર્થ - પદ્મનાભ તીર્થ (હાલ ત્રિવેન્દ્રમ્).
અહીં શેષશાયી પદ્મનાભનાં દર્શન કરી શ્રી નીલકંઠ વર્ણીએ જનાર્દન તીર્થની યાત્રા કરી હતી.




કેરાલામાં આવેલું આદિકેશવ તીર્થ. અહીં શ્રી નીલકંઠે અસંત વૈરાગીઓને સદ્‌બુદ્ધિ આપી હતી.



શ્રી નીલકંઠ વર્ણીની પદરજથી પ્રસાદિભૂત આદિકેશવ તીર્થ(તિરુવટ્ટાર) માંપદ્મનાભ મંદિર.




મહારાષ્ટ્રનું પ્રસિદ્ધ તીર્થ ત્ર્યંબકેશ્વર.
શ્રી નીલકંઠ નાસિકમાં ગોદાવરી નદીમાં સ્નાન કરીને આ જ્યોર્તિલિંગનાં દર્શને પધાર્યા હતા.




ગુજરાતમાં નર્મદા નદીના તટ પર આવેલું શુક્લતીર્થ.
શ્રી નીલકંઠે નર્મદા તટનાં તીર્થોને પણ તીર્થત્વ અર્પ્યું.



તીર્થધામ બોચાસણમાં શ્રી નીલકંઠે આ તળાવ કાંઠે
બિરાજીને મુમુક્ષુઓને આકર્ષ્યા હતા.




સૌરાષ્ટ્રનું પ્રસિદ્ધ તીર્થ ગોપનાથ.
શ્રી નીલકંઠે અહીં પાંચ દિવસ નિવાસ કરીને મુમુક્ષુઓનો ભાવ અંગીકાર કર્યો હતો.




સૌરાષ્ટ્રનું જ્યોતિર્લિંગ તીર્થ - સોમનાથ મહાદેવ.
શ્રી નીલકંઠ વર્ણીએ પ્રભાસપાટણની યાત્રા કરીને આ તીર્થનાં પણ દર્શન કર્યાં હતાં.



ગિરનારની તળેટીમાં આવેલું ભૂતનાથ મહાદેવનું મંદિર, જૂનાગઢ. શ્રી નીલકંઠ વર્ણીએ ગિરનારનું આરોહણ કરતાં પહેલાં આ તીર્થ તથા દામોદર કુંડ, ભવેશ્વર વગેરે તીર્થોને પણ પાવન કર્યાં હતાં.



લોઢવામાં લખુ ચારણનાં આ ઘરમાં શ્રી નીલકંઠ વર્ણીએ ત્રણ માસ નિવાસ કર્યો હતો.



ગિરનારની તળેટીમાં આવેલી રાધાદેરી. શ્રી નીલકંઠે અહીં સિંહને અહિંસક કર્યો હતો.





શ્રી નીલકંઠ વર્ણીની અવિરત યાત્રાનું વિરામસ્થાન,
લોજની ઐતિહાસિક વાવ.




લોજમાં રામાનંદજીના આશ્રમમાં આ ઐતિહાસિક
ગોખલો પુરાવીને શ્રી નીલકંઠે ધર્મનું છિદ્ર પૂર્યું હતું.



લોજમાં રામાનંદ સ્વામીનો ઐતિહાસિક આશ્રમ,
જ્યાં શ્રી નીલકંઠે નવ માસ નિવાસ કર્યો હતો.



પીપલાણામાં ઓઝત નદીનો તટ,
જ્યાં શ્રી નીલકંઠની પ્રાપ્તિના આનંદમાં રામાનંદ સ્વામીએ અવભૃથ સ્નાન કર્યું હતું.



શ્રી નીલકંઠ વર્ણીનું ઐતિહાસિક દીક્ષાસ્થાન, પીપલાણા.
જ્યાં શ્રી નીલકંઠને દીક્ષા આપીને રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામી નામાભિધાન કર્યું હતું.


શ્રી સહજાનંદ સ્વામી મહારાજનું
ઐતિહાસિક પટ્ટાભિષેક સ્થાન, જેતપુર.
આ પવિત્ર સ્થાનમાં રામાનંદ સ્વામીએ
શ્રી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી ત્યારે,
બે વરદાન માંગીને
શ્રી સહજાનંદ સ્વામી મહારાજે
કરુણાનું અલૌકિક દર્શન કરાવ્યું હતું.





ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યાં પાંચસો પરમહંસોને એક સાથે દીક્ષા આપીને
ઇતિહાસ રચ્યો હતો તે પ્રાસાદિક સ્થાન, કાલવાણી.

શ્રી નીલકંઠ વર્ણીએ કરેલ વનવિચરણ નકશામાં...



નીલકંઠવર્ણીની ચરણરજથી પાવન થયેલ તીર્થો


૧. છપૈયા
૨. અયોધ્યા
૩. લોધેશ્વર
૪. જેતપુર
૫. પથેપુર
૬. નૈમિષારણ્ય
૭. સહેજાપુર
૮. બરેલી
૯. હરિદ્વાર
૧૦. શ્રીપુર
૧૧. ગુપ્તકાશી
૧૨. ઉત્તરકાશી
૧૩. ગુપ્તપ્રયાગ
૧૪. ગૌરીકુંડ
૧૫. કેદારનાથ
૧૬. બદરીનાથ
૧૭. જોષીમઠ
૧૮. માના ઘાટી
૧૯. માનસરોવર
૨૦. બદરીનાથ
૨૧. બદરીવન
૨૨. ગંગોત્રી
૨૩. લક્ષ્મણપુરા
૨૪. હરિદ્વાર
૨૫. અયોધ્યા
૨૬. વંશીપુર
૨૭. કાલાપર્વત
૨૮. શ્વેતગિરિ
૨૯. મુક્તિનાથ
૩૦. પોખરા
૩૧. બુટોલપુર
૩૨. કાઠમંડુ
૩૩. આદિવારાહ
૩૪. કામાક્ષી
૩૫. નવલખા પર્વત
૩૬. બાલવા કુંડ
૩૭. કપિલાશ્રમ
૩૮. ગંગાસાગર
૩૯. નવદ્વિપ
૪૦. શાંતિપુર
૪૧. ભુવનેશ્વર
૪૨. સાક્ષીગોપાલ
૪૩. જગન્નાથપુરી
૪૪. આદિકૂર્મ
૪૫. પન્નાનરસિંહ
૪૬. વેંકટાદ્રિ
૪૭. કાંચીપુરમ્ (વિષ્ણુકાંચી)
૪૮. મન્નારગુડી
૪૯. શ્રીરંગમ્ (ત્રિચિનાપલ્લી)
૫૦. રામેશ્વરમ્
૫૧. ધનુષ્યકોટી
૫૨. દર્ભશયનમ્
૫૩. સુંદરરાજ (મદુરાઈ પાસે)
૫૪. ભૂતપુરી (શ્રી પેરુમ્બુદુર)
૫૫. નાંગનેરી (તોતાદ્રી)
૫૬. કન્યાકુમારી
૫૭. પદ્મનાભ (ત્રિવેન્દ્રમ)
૫૮. જનાર્દન (વારક્કલાઈ)
૫૯. આદિકેશવ (તિરુવટ્ટાર)
૬૦. સાક્ષીગોપાલ (ગુરુવાયુર)
૬૧. મેલુકોટે (યાદવાદ્રિ)
૬૨. કિષ્કિંધા (હોંસપેટ)
૬૩. પંઢરપુર
૬૪. પૂણે
૬૫. બુરહાનપુર
૬૬. માલેગાંવ
૬૭. નાસિક
૬૮. ત્ર્યંબકેશ્વર
૬૯. સુરત
૭૦. ભરુચ
૭૧. વડોદરા
૭૨. બોચાસણ
૭૩. વડતાલ
૭૪. ધોલેરા
૭૫. ભાવનગર
૭૬. ગુપ્તપ્રયાગ
૭૭. પ્રભાસ
૭૮. જૂનાગઢ
૭૯. માંગરોળ
૮૦. લોજ


SATHE



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા
આધ્યાત્મિક સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને
ભારતીય સંસ્કૃતિના સનાતન વારસાને અને
ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સંદેશને
વિશ્વભરમાં પ્રસરાવતી આ સંસ્થા
એક આધ્યાત્મિક-સામાજિક સેવાસંસ્થા છે.
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં સ્થાપેલી
આ સંસ્થા ૯,૧૦૦ સત્સંગ કેન્દ્રોના
વિશ્વવ્યાપી પરિવાર દ્વારા માનવ-ઉત્કર્ષની
અવિરત ગંગા વહાવે છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં,
સંસ્થાના ૭૦૦ સુશિક્ષિત સંતો તથા
૪૦,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેક રચનાત્મક
સેવાપ્રવૃત્તિઓનું વહન કરે છે, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું
પુનર્નિમાણ હોય, અદ્યતન ભવ્ય વિદ્યાર્થી સંકુલો અને
અદ્યતન સુવિધાસજ્જ હૉસ્પિટલો કે
રોગનિદાન યજ્ઞોની સેવાઓ હોય.
આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
દિલ્હી, ગાંધીનગર, લંડન, શિકાગો, હ્યુસ્ટન અને નૈરોબીમાં
ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં અભૂતપૂર્વ
આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલોનું નિર્માણ કરી સંસ્થાએ
યુગસિદ્ધિ હાંસલ કરી છે અને
લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



પ્રેરણામૂર્તિ
પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ તરીકે પૂજતા એવા શ્રીજીના સમકાલિન સંતોએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ગદ્ય કે પદ્યમાં શ્રીજીનાં લીલાચરિત્રો યુક્ત વિપુલ સાહિત્ય સંપ્રદાયને ચરણે ધર્યું છે.
સંપ્રદાયની પુષ્ટિ પણ ઇષ્ટદેવનાં લીલાચરિત્રોના ગ્રંથોથી જ થાય છે. પરમહંસો પછી પણ આ સાહિત્ય-પ્રવૃત્તિ ચાલુ રહી છે. તેમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પુસ્તક સુમેરુ સમાન છે.
શ્રી હર્ષદભાઈ દવેએ જૂના જૂના ગ્રંથો જોઈ તપાસીને તેમાંથી પ્રમાણિત પ્રસંગો મેળવ્યા છે. વળી, તે વખતની ભૌગોલિક પરિસ્થિતિ અને રાજકીય ઇતિહાસને શોધીને અને આ કાર્ય માટે ગામોગામ ફરી સત્સંગના જૂના જૂના અનુભવીઓ પાસેથી અપ્રકાશિત સાહિત્ય એકત્રિત કરીને આ ગ્રંથરત્ન તૈયાર કર્યો છે.
આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો મૂલ્યવાન છે.
શ્રીજીની દિવ્ય અને માનુષી લીલાઓ, સર્વજીવ હિતાવહ ઉપદેશો, તેમના સમયના સંત-હરિભક્તોનાં આખ્યાનો અને તેમણે પ્રબોધેલ તત્ત્વજ્ઞાન – આ સર્વેનો ભક્તિભાવે સુગમ સમન્વય કર્યો છે.

- પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

ISBN: 81-7526-211-7